Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧, ૧૯૭૪ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## શ્રી કેસરિયાજી તીર્થ

શ્વેતામ્બર અને દિગમ્બર જૈનો વચ્ચે તીર્થોના ઝઘડા ચાલે છે તેમાં એક તીર્થ કેસરિયાજીનું છે. બીજાં તીર્થોની પેઠે, આ તીર્થમાં બહુ કોર્ટકચેરી નથી થઈ. પણ ૧૯૬૨માં શ્વેતામ્બરોએ રાજસ્થાન હાઈકોર્ટમાં એક રીટ અરજી કરી હતી. તેનો ચુકાદો ૧૯૬૬માં કોર્ટે આપ્યો હતો. તે ચુકાદા ઉપર રાજસ્થાન સરકાર અને શ્વેતામ્બરો-બન્નેએ સુપ્રીમ કોર્ટને અપીલો કરી હતી. તે અપીલોનો ચુકાદો તા. ૧૪-૧૨-૧૯૭૩ ના રોજ સુપ્રીમ કોર્ટે આપ્યો છે, જે જૈન સમાજ માટે મહત્ત્વનો છે.

આ ચુકાદાની સમીક્ષા કરું તે પહેલાં આ તીર્થનો ઇતિહાસ સંક્ષેપમાં જોઈએ.

આ તીર્થની સ્થાપના કયારે થઈ અને કોણે કરી તેનો કોઈ ઐતિહાસિક પુરાવો નથી. પણ ચૌદમી સદી પહેલાં આ તીર્થની સ્થાપના થઈ હશે એમ જણાય છે. મુખ્ય મૂર્તિ ભગવાન ઋષભદેવની દિગમ્બર મૂર્તિ છે. તેની આસપાસ અને મંદિરમાં અન્યત્ર દિગમ્બર મૂર્તિઓ છે. બાવન જિનાલયમાં શ્વેતામ્બર મૂર્તિઓ છે. દિગમ્બર ભટ્ટારકોની પ્રેરણાથી મંદિરનો વિસ્તાર, જીર્ણોદ્ધાર તથા મૂર્તિની પ્રતિષ્ઠાઓ થઈ હોય તેવા સંખ્યાબંધ શિલાલેખો છે. ઉદેપુરથી ૪૦ માઈલ દૂર તે સમયે ગાઢા જંગલમાં વિકટ રસ્તાઓ વચ્ચે તે તીર્થ હોવાથી, યાત્રીઓની બહુ સલામતી ન હતી. ભટ્ટારકોની દેખરેખ નીચે ભંડારીઓ હસ્તક મંદિરનો વહીવટ હતો. ભંડારીઓની સત્તા વધી ગઈ અને ભંડારની આવક ભંડારીઓ વાપરી નાખતા. એક ભટ્ટારકનું ખૂન થયું. તેવા સંજોગોમાં ૧૮૭૭માં મંદિરનો વહીવટ રાજ્યે પોતાના હસ્તક લીધો અને એક સલાહકારક સમિતિ નીમી. ત્યારથી અત્યાર સુધી વહીવટ રાજ્યહસ્તક રહ્યો છે. સલાહકારક સમિતિ બહુ સક્રિય ન હતી. અસરકારક વહીવટ રાજ્યના દેવસ્થાન નિધિના હાથમાં રહ્યો છે.

ઉદેપુર રાજ્યમાં શ્વેતામ્બરો સારી સંખ્યામાં અને લાગવગ ધરાવતા હતા. રાજ્યના અમલદારોમાં શ્વેતામ્બરો સારી સંખ્યામાં અને ઉચ્ચ સ્થાને હતા. તેથી મંદિરની પૂજાવિધિમાં શ્વેતામ્બર વિધિ, ખાસ કરી આંગીપૂજા વગેરેને સ્થાન મળ્યું હતું. એમ કહેવાય કે છેલ્લી લગભગ એક સદીથી શ્વેતામ્બર-દિગમ્બર ઉભયમાન્ય તીર્થ રહ્યું છે.

૧૯૨૬માં એક ઘણો કરુણ બનાવ બન્યો હતો. મંદિરનો ધ્વજાદંડ તૂટી ગયો હતો અને નવો દંડ તથા ધ્વજા ચડાવવાનાં હતાં. ત્યારે ધ્વજાદંડ ચડાવવાના અધિકાર વિષે અને તે પ્રસંગે કરવાના વિધિ સંબંધે શ્વેતામ્બર-દિગમ્બર વચ્ચે મોટી તકરાર થઈ હતી અને તોફાન થયું હતું, જેને પરિણામે ચાર વ્યક્તિઓનાં મરણ નીપજ્યાં હતાં. વાડીલાલ મોતીલાલ શાહે તે સમયે આ બાબત કેટલાક લેખો લખ્યા હતા અને ભારે ઊહાપોહ થયો હતો. ત્યાર બાદ રાજ્યે એક કમિશન નિયુક્ત કર્યું હતું. કેટલાક મહિનાઓ સુધી કમિશનની તપાસ ચાલી હતી. શ્વેતામ્બર-દિગમ્બર બન્ને પક્ષો મોટા વકીલો – સર ચીમનલાલ સેતલવડ, ઝીણા, મુનશી – વગેરે રોકયા હતા. કમિશને ૧૯૩૫માં અહેવાલ રજૂ કર્યો, પણ રાજ્યે હજી સુધી આ અહેવાલ પ્રકટ કર્યો નથી. પણ ૧૯૪૭માં રાજ્યે એક નોટિફિકેશન બહાર પાડ્યું, જેમાં એમ જણાવ્યું કે કમિશનના અહેવાલ મુજબ, આ મંદિર, મૂળ દિગમ્બર મંદિર હતું, પણ હવે બધા ફિરકાના જૈનો અને હિન્દુઓ તથા ભીલોને પૂજા કરવાનો અધિકાર છે. છ મહિના પછી આ નોટિફિકેશન રદ કરી, બીજું નોટિફિકેશન બહાર પાડ્યું, જેમાં મંદિર મૂળ દિગમ્બર હતું તે શબ્દો કાઢી નાખ્યા. ધ્વજાદંડ ફરી ચડાવવાં પડે તો શો વિધિ કરવો તેનો આ નોટિફિકેશનમાં પ્રબંધ કર્યો છે, તે સિવાય યથાવત્ સ્થિતિ ચાલુ રાખવી એવો નિર્ણય છે.

૧૯૪૭માં ઉદેપુર રાજ્યે નવું બંધારણ દાખલ કર્યું, જેમાં એવો પ્રબંધ છે કે તેમાં જણાવેલ દેવસ્થાનો – જેમાં કેસરિયાજી આવી જાય છે – રાજ્યની માલિકીનાં ગણાશે અને તેનો વહીવટ કરવાનો અધિકાર રાજ્યનો રહેશે. રાજ્યને સલાહ આપવા જુદા જુદા ધર્મોના પ્રતિનિધિઓની સલાહકારક સમિતિ નીમવામાં આવી. ત્યાર પછી રાજસ્થાન રાજ્યની રચના થઈ, જેમાં ઉદેપુર વિલીન થયું અને એ દેવસ્થાનોનો વહીવટ રાજસ્થાન સરકાર દેવસ્થાન નિધિ મારફત કરી રહી છે.

ભારતનું નવું બંધારણ થયું તેમાં ધાર્મિક બાબતો વિષે કેટલાક મૂળભૂત અધિકારો, કલમ ૨૫, ૨૬ અને ૨૭માં આપ્યા છે.

૧૯૫૫માં રાજસ્થાન સરકારે ધર્માદા ટ્રસ્ટોનો વહીવટ માટે, મહારાષ્ટ્ર રાજ્ય જેવો પબ્લિક ટ્રસ્ટ એકટ કર્યો છે.

૧૯૬૨માં શ્વેતામ્બરોએ રાજસ્થાન હાઈકોર્ટમાં રીટ અરજી કરી કે રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એકટની મુખ્ય કલમો જૈન ધર્મના સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને તેથી બંધારણની કલમ ૨૫ તથા ૨૬ મુજબ પબ્લિક ટ્રસ્ટ એકટ કેસરિયાજી તીર્થને લાગુ પડતો નથી. વિશેષમાં એ અરજીમાં કહ્યું કે આ તીર્થ શ્વેતામ્બર તીર્થ છે અને તેનો વહીવટ કરવાનો શ્વેતામ્બરોને જ અધિકાર છે. રાજ્યે ગેરકાયદેસર આ વહીવટ પચાવી પાડયો છે અને મંદિરનો વહીવટ શ્વેતામ્બરોને સુપરત કરવો.

દિગમ્બરોની માગણી છતાં આ રીટ અરજીમાં તેમને પક્ષકાર બનાવ્યા ન હતા. રાજ્યનો બચાવ એ હતો કે આ મંદિર હિન્દુ મંદિર છે અને રાણા કુમ્ભે તેની સ્થાપના કરી છે અને હિન્દુઓ, ભીલો, જૈનો બધાને તેમાં પૂજા કરવાનો અધિકાર છે.

રાજસ્થાન હાઈકોર્ટે ૧૯૬૬માં ચુકાદો આપ્યો કે આ શ્વેતામ્બર જૈન મન્દિર છે. પણ એકબે અપવાદ સિવાય, રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એકટ તેને લાગુ પડે છે. કોર્ટે વિશેષમાં રાજ્યને ફરમાવ્યું કે પબ્લિક ટ્રસ્ટ એકટની જોગવાઈ મુજબ શ્વેતામ્બર જૈનોની કમિટી નિયુક્ત કરવી અને મંદિરનો વહીવટ તે કમિટીને સુપ્રત કરવો. રાજસ્થાન હાઈકોર્ટે કેસરિયાજી તીર્થને શ્વેતામ્બર મંદિર ઠરાવ્યું, કારણ કે દિગમ્બરો પક્ષકાર નહિ હોવાથી, તેમની તરફેણની જુબાની, શ્વેતામ્બરો અને રાજસ્થાન સરકારની જાણમાં હોવા છતાં, રજૂ થઈ ન હતી. રાજસ્થાન સરકાર તેને હિન્દુ મંદિર ઠરાવવા ઈચ્છતી હતી અને શ્વેતામ્બરો તેને શ્વેતામ્બર મંદિર ઠરાવવા ઈચ્છતા હતા, એટલે બેમાંથી કોઈને પૂરી સાચી હકીકતો રજૂ કરવાનો ઈરાદો ન હતો. દિગમ્બરોને આ રીટ અરજીની જાણ હોવા છતાં, ગફલતમાં રહ્યા.

શ્વેતામ્બરોએ રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા ઉપર સુપ્રીમ કોર્ટને અપીલ કરી કે પબ્લિક ટ્રસ્ટ એકટ જૈન ધર્મના સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને મંદિરનો વહીવટ શ્વેતામ્બર જૈનો જ, જૈન ધર્મના સિદ્ધાંત મુજબ કરી શકે.

રાજસ્થાન સરકારે અપીલ કરી કે આ હિન્દુ મંદિર છે. આ રીટ અરજીમાં દિગમ્બરો પક્ષકાર ન હતા તેથી આ ચુકાદો તેમને બંધનકર્તા ન ગણાય. દિગમ્બરોએ રાજસ્થાન હાઈકોર્ટમાં રીટ અરજી કરી કે આ દિગમ્બર મંદિર છે અને દિગમ્બરોને જ તેનો વહીવટ કરવાનો અધિકાર છે અને મંદિરનો વહીવટ તેમને સુપરત કરવો. રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા સામે આ અરજીમાં મનાઈહુકમ મેળવ્યો.

સુપ્રીમ કોર્ટની અપીલોમાં દિગમ્બરોએ અરજી કરી કે તેમને પણ સાંભળવા. સુપ્રીમ કોર્ટે આ અરજી માન્ય કરી અને સાંભળ્યા.

સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં ઠરાવ્યું કે :–

(૧) આ હિન્દુ મંદિર નથી પણ જૈન મંદિર છે. આ શ્વેતામ્બર મંદિર છે કે દિગમ્બર મંદિર છે તે નક્કી કરવાની જરૂર નથી.

(૨) ભારતનું બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં, ઉદેપુર રાજ્યે આ મંદિરનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો છે અને તે કાયદેસર છે. તેથી મંદિરનો વહીવટ કરવાનો રાજ્યને અધિકાર છે. જૈનો અથવા તેના કોઈ સંપ્રદાયને વહીવટનો અધિકાર હોય તો પણ તે અધિકાર ઉદેપુર રાજ્યના બંધારણ અને હુકમને કારણે હવે રહેતો નથી અને ભારતના બંધારણની ૨૫ કે ૨૬મી કલમથી એ અધિકાર પુનઃ પ્રાપ્ત થતો નથી.

(૩) રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એકટમાં એવું કાંઈ નથી કે જેથી જૈન ધર્મના સિદ્ધાંતને બાધ આવતો હોય. તેથી જૈન મંદિરોને રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એકટ લાગુ પડે છે. બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ વિષે પણ આવો ચુકાદો પહેલાં અપાયો છે.

(૪) રાજસ્થાન હાઈકોર્ટે આ મંદિરને શ્વેતામ્બર મંદિર ઠરાવ્યું છે અને શ્વેતામ્બર જૈનોની કમિટી રચી તેને વહીવટ સુપરત કરવો તેવો હુકમ રદ કરવામાં આવે છે.

આ ચુકાદાનો આગત્યનો ભાગ અંગ્રેજીમાં આપું છું:

(1) On a consideration of all the documents admitted, which the State has not, and cannot challenge, we have no doubt that Shri Rikhabdevji temple is a Jain temple and the State of Rajasthan has produced no evidence to the contrary to show that it is a Hindu temple where Jains of all sects as well as Hindus of all sects including the Bhils are allowed to worship.

(2) (a) In our view, the question whether the temple is a Swetamber Jain Temple or a Digamber Jain Temple as contended by the Digambers, does not arise in these Appeals.

(b) As we have said earlier, in this case, we do not wish to determine the question whether the temple is a Swetamber temple or a Digamber temple.

(3) We have no hesitation in holding that the management of the temple of Rikhabdevji with its properties had validly vested in the Ruler of Udaipur, and thereafter in the successor State before the Constitution of India came into force on January 26, 1950. There can, therefore, be no doubt that any right which the Jains or any one of the two Jain denominations, namely, the Swetambers or Digambers or both, may have had in the temple or in its management was lost in the pre-Constitution period and is now vested in the State of Rajasthan.

(4) The direction given in the Writ Petition No. 501 of 1962.... that Rikhabdevji is a Swetamber temple and that the State of Rajasthan should Constitute a Committee for its management as provided under the Act is set aside.

હવે શું?

રાજસ્થાન પબ્લિક ટ્રસ્ટ એકટમાં જોગવાઈ છે કે કોઈ મંદિરના વહીવટનો અધિકાર રાજ્યને હોય ત્યાં પણ, એ વહીવટ તે તે ધર્મના સિદ્ધાંતો અને પ્રણાલિકા મુજબ થાય તે માટે, તે ધર્મની વ્યકિતઓની કમિટી રચી, વહીવટ તે કમિટીને સુપરત કરવો. આ પ્રમાણે જૈનોની કમિટી કરવા રાજ્યને આગ્રહ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જાહેર કર્યું છે કે આ જૈન મંદિર છે અને હિન્દુઓ અને ભીલોને તેમાં પૂજા કરવાનો અધિકાર છે તેવો કોઈ પુરાવો રાજ્ય રજૂ કરી શક્યું નથી. આ બહુ મોટો લાભ થયો છે. લગભગ એક સદી સુધી વહીવટ રાજ્યહસ્તક રહ્યો તેમાં જૈનોને ઘણું નુકસાન થયું છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો હિન્દુઓ અને ભીલો વધારે અધિકાર ભોગવતા થશે. શ્વેતામ્બરો અથવા દિગમ્બરો, કોઈ પણ, એવો આગ્રહ રાખશે કે આ શ્વેતામ્બર કે દિગમ્બર મંદિર જ છે અને તે સંપ્રદાયને જ વહીવટનો અધિકાર છે તો લડવામાં વરસો જશે. ઉભયમાન્ય જૈન મંદિર છે તેમ બન્ને સ્વીકારે અને સાથે મળી રાજ્યને જૈનોની કમિટી નીમવા આગ્રહ કરે તો સંભવ છે કે જૈનો વહીવટ પ્રાપ્ત કરી શકશે. સંયુકત વહીવટ અને યથાવત્ સ્થિતિ જાળવી રાખવી અને તેમાં બન્ને પક્ષની સંમતિ વિના ફેરફાર કરવા કોઈએ આગ્રહ ન રાખવો અથવા સીધી કે આડકતરી રીતે પ્રયત્ન ન કરવો એ માર્ગ જ હિતાવહ છે. ઉભયમાન્ય તીર્થો માટે આ જ માર્ગ છે. તેમાં કોઈ એક પક્ષે માલિકીની ભાવના રાખવી અથવા એકલા જ વહીવટના અધિકારનો આગ્રહ રાખવો તે અનુચિત છે. આ તીર્થમાં આવી શુભ શરૂઆત કરીશું તો બીજાં તીર્થોના ઝઘડા પતાવવાનો માર્ગ પણ સરળ થશે. આપણે આશા રાખીએ કે આવી સદ્‌બુદ્ધિ સૌને સૂઝે અને ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે એકતા અને સંગઠનને માર્ગે આપણે પ્રયાણ કરીએ.

૨૨-૧૨-'૭૩. ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## સહકાર અને સત્તા

મૂડીવાદી અર્થરચનાથી થોડી વ્યકિતઓને જ લાભ થાય છે. તેથી, વિશાળ જનસમુદાયને લાભ થાય અને થોડી વ્યકિતઓ મોટો નફો લઈ ન જાય તે માટે સહકારી ધોરણની હિમાયત થાય છે. સહકારી કારખાના મારફત ઉત્પાદન, સહકારી ખરીદ - વેચાણ સંઘો, સહકારી ભંડારો, સહકારી બૅન્કો વગેરે સંખ્યાબંધ સહકારી મંડળીઓ દરેક રાજ્યમાં થઈ છે. આવી સહકારી મંડળીઓની ગેરરીતિઓ વિષે આજ્યારે કાંઈ લખતો નથી. એક જ મુદ્દા ઉપર ધ્યાન ખેંચવું છે. આ બધી સહકારી મંડળીઓમાં બોર્ડ ઑફ ડિરેકટર્સ અથવા કાર્યવાહક સમિતિ અને અધિકારીઓની ચૂંટણી થાય છે. આ ચૂંટણીઓ કેવાં અનિષ્ટો પેદા કરે છે અને સ્થાપિત હિતો જમાવે છે તેનો કાંઈક ખ્યાલ મહારાષ્ટ્રમાં તાજેતરમાં સાકરનાં સહકારી કારખાનાઓ અને સહકારી બૅંકોમાં થયેલ ચૂંટણીઓ ઉપરથી આવે છે. મહારાષ્ટ્રમાં ૩૯ સાકરનાં સહકારી કારખાનાં છે. તેમાં ૩૧ પશ્ચિમ મહારાષ્ટ્ર – સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, અહમદનગર, વગેરે જિલ્લાઓમાં છે. કરોડો રૂપિયાનો તેનો વહીવટ છે. લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની લે - વેચ થતી હશે. ખાંડ સિવાય બીજા ધંધામાં પણ આ કારખાનાઓ પડયાં છે, ખાસ કરી દારૂ ઉત્પાદનમાં. મહારાષ્ટ્ર રાજ્યે દારૂબંધી હળવી કરી – રદ કરી – તેનું એક કારણ આ સહકારી કારખાનાઓની ડિસ્ટિલરીઓ છે. મરઘાં અને ડુક્કરઉછેર પણ કરે છે. એટલે મેફકોની જાહેરાતો મુંબઈમાં વધી પડી છે. આ કારખાનાઓને કરોડો રૂપિયાની મશીનરી છે, ઑફિસો માટે મોટાં મકાનો છે, એર કન્ડિશન્ડ ઑફિસો છે, મોટા પગારદારો છે. હજારો માણસો નોકરીમાં છે અને લાખો ખેડૂતોની જીવાદોરી તેમના હાથમાં છે. શહેરી મૂડીવાદને ભુલાવે તેવો નવો મૂડીવાદ જિલ્લાઓમાં શરૂ થયો છે. કંપની ધારાનાં બંધનો આ સહકારી મંડળીઓને નથી. તેના ડિરેકટરો અને ખાસ કરી પ્રમુખો અને અન્ય અધિકારીઓ વિશાળ સત્તા ભોગવે છે અને હજારો, લાખો માણસો ઉપર આર્થિક પકડ છે. એટલી હદ સુધી કે ધારાસભાના સભ્ય થવા કરતાં સહકારી મંડળી–ખાસ કરી મોટી મંડળી – ના પ્રમુખ થવું પસંદ કરે છે. નવી જાગીરો ઊભી થઈ છે. થોડા વખત પહેલાં આવી એક સહકારી મંડળીના પ્રમુખે, પોતાની દીકરીનાં લગ્ન વખતે એક લાખ માણસને જમાડયા હતા.

રાજદ્વારી પક્ષો અને ખાસ કરી સત્તાધારી પક્ષ, આવી મંડળીઓ અને પંચાયતો મારફત પોતાની સત્તા જમાવે છે. દરેક પ્રધાનને પોતાનું ક્ષેત્ર હોય છે, જ્યાં પોતાના માણસોને પોતાની લાગવગનો ઉપયોગ કરી, સત્તાસ્થાને રાખે છે. This establishes a chain of power links. તેથી આ ચૂંટણીઓમાં લાખો રૂપિયાનું ખર્ચ થાય છે. જીપો, મોટરો સંખ્યાબંધ દોડે છે, પેટ્રોલની ત્યાં તંગી નથી. ચૂંટણીનાં જેટલાં અનિષ્ટો છે તે બધાં આવી ચૂંટણીઓમાં છે.

પણ આવી ચૂંટણીની વિશેષતા એ છે કે તેમાં શાસક કૉંગ્રેસની અંદરઅંદરની જ સત્તાની સાઠમારી છે. કોઈ વિરોધ પક્ષની તેમાં ચાંચ બૂડે તેમ નથી. પણ શાસક કૉંગ્રેસના આગેવાનો વચ્ચે તીવ્ર ગળાકાપ સંઘર્ષ છે. યશવંતરાવ ચવ્હાણ અને નાઈકથી માંડી, શંકરરાવ ચવ્હાણ, વસંતદાદા પાટિલ, મોહિતે, શરદ પવાર અને અન્ય આગેવાનો, દરેક પોતાના માણસોને સત્તાસ્થાને મૂકવા પ્રયત્ન કરે છે. એકબીજાને પાડવા અને હરાવવાની હરીફાઈ જામે છે. સહકારમાંથી સત્તા મેળવવાની નવી રીત છે. શેરડીના ભાવ નક્કી કરવા, ખાંડના ભાવમાં હેરફેર કરાવવી, ખેતી માટે સાધનો, પાણી, ખાતર, લોન આપવાં, અનેક રીતે મતદારોને પોતાને તાબે લેવાની યુકિતઓ અજમાવાય છે.

આ સહકારે ઉપરના દસ ટકા માણસો, મોટા ખેડૂતો અને રાજદ્વારી વ્યકિતઓને જ લાભ કર્યો છે. બીજી ૯૦ ટકા પ્રજાની હાલત હતી તેવી જ રહી છે. કદાચ વધારે ગરીબ થઈ છે, આર્થિક ગુલામી વધી છે. સ્થાપિત હિતોનું વર્ચસ્વ એટલું વ્યાપક અને ઘનિષ્ટ છે કે વિરોધ પક્ષો, સીધો સામનો કરી શકે તેમ નથી. ક્યાં સાચો સહકાર અને ક્યાં આ સત્તાભૂખ્યો સહકાર?

## લોકશાહી સમાજવાદનું ભાવિ

મૂડીવાદ અને સામ્યવાદનાં અનિષ્ટોમાંથી બચવા દુનિયાના કેટલાક દેશોએ - આપણે પણ - લોકશાહી સમાજવાદ અથવા કલ્યાણ રાજ્ય–વેલફેર સ્ટેટ–નો પ્રયોગ સ્વીકાર્યો છે. આ પ્રયોગ સૌથી વધારે લાંબા સમય માટે અને મોટા પ્રમાણમાં સફળ રીતે, ત્રણ નાના દેશો, ડેન્માર્ક, સ્વીડન અને નોર્વેએ કર્યો છે. આ દેશોમાં સૌથી ઊંચું જીવનધોરણ છે. જન્મથી મરણ સુધી જીવનની બધી જરૂરિયાતો રાજ્ય પૂરી પાડે છે. ત્યાં ગરીબાઈ નથી. ત્યાં લોકશાહી છે. Scandinavia for years has been the model for democratic Socialism. આ ત્રણે દેશોમાં ઘણાં વર્ષોથી સમાજવાદી પક્ષ સત્તા પર રહ્યો છે. તાજેતરમાં આ ત્રણ દેશોમાં થયેલ ચૂંટણીઓનાં આશ્ચર્યજનક પરિણામો લોકશાહી સમાજવાદ કે કલ્યાણ રાજ્યના ભાવિ વિષે શંકા અને ચિન્તા ઊભી કરે છે. સ્વીડન અને નોર્વેમાં સમાજવાદી પક્ષની મોટી બહુમતી હતી તે રહી નથી. જ્યારે ડેન્માર્કમાં ૪૮ વર્ષ સત્તા પર રહ્યા પછી સમાજવાદી પક્ષ હારી ગયો અને ૧૭૯ સભ્યોની પાર્લામેન્ટમાં માત્ર ૪૬ બેઠક મેળવી શકયો. ડેન્માર્કમાં તો બધા વિરોધ પક્ષો પણ લગભગ ઊડી ગયા અને નવા પક્ષોએ વધુ ઓછી બેઠકો મેળવી. આ નાના દેશમાં હવે નવ રાજકીય પક્ષો છે અને કોઈને બહુમતી નથી એટલું જ નહિ પણ ત્રણચાર પક્ષો ભેગા મળીને પણ સ્થિર રાજતંત્ર કરી શકે તેમ નથી. One of Europe's strongest democracies of long standing, appeared headed for uncertain period of political instability and turmoil. ગરીબાઈ અથવા આર્થિક વિષમતાનું આ પરિણામ નથી. રાજતંત્રનો જ અવિશ્વાસ છે. No confidence in the entire political establishment and a contempt for all politicians.

આવું કેમ બન્યું? લોકશાહી સમાજવાદમાં એવું શું તત્ત્વ છે કે લોકોને તેના પ્રત્યે સખત અણગમો થયો અને કંટાળો આવ્યો? લોકશાહી સમાજવાદનું ધ્યેય, એટલે કે ગરીબાઈ અને આર્થિક અસમાનતા નાબૂદ કરવાં, તે મોટા ભાગે આ દેશોમાં સફળ થયું છે. છતાં આમ કેમ? રાજદ્વારી નિરીક્ષકો તેનાં કારણોમાં કહે છે કે આવી સફળતા મેળવવાની જે કિંમત ચૂકવવી પડે છે તે હવે પ્રજાને સ્વીકાર્ય નથી. એ કિંમત શું છે? મોટી નોકરશાહી, ભારે કરવેરાઓ અને રાજ્યના ચારે તરફના અંકુશો અને નિયંત્રણો. Enormous bureaucracies, staggering Tax Rates and loss of individual initiative. બધું જ રાજ્ય કરે, પારણામાંથી કબર સુધી. લોકોને પોતાની રીતે, સ્વતંત્રપણે જીવન જીવવું ગમે છે. Man does not live by bread alone. રાજ્ય જીવનનો ભરડો લે, પછી ભલે જીવનની બધી જરૂરિયાતો પૂરી પાડતા હોય તો પણ, માણસ એવા યાંત્રિક જીવન સામે પુકારી ઊઠે છે. ડેન્માર્કમાં એક એવો પક્ષ ઊભો થયો છે કે જે કરવેરા ઓછામાં ઓછા

કરવાનું કહે છે. લશ્કર, અમલદારી ફોજ, બધું ઓછામાં ઓછું રાખવાનું કહે છે. વિદેશ ખાતાની પણ જરૂર માનતું નથી. આ નવા પક્ષને ૨૮ બેઠક મળી. Second largest party.

ગાંધીજીને રાજતંત્રનો ભારે અણવિશ્વાસ હતો. તેની ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઈએ એમ માનતા. પણ એની શરત એ છે કે માણસ સ્વેચ્છાએ સંયમ રાખશે, પરહિત જોશે, પરિગ્રહ-મોહ છોડશે, મિલકતનો ટ્રસ્ટી બનશે, જીવનની જરૂરિયાતો ઓછી રાખશે, ટૂંકામાં માણસ થઈને રહેશે. માનવી તેને માટે તૈયાર છે?

Danish election underscored anew the troubles faced by the Social Democratic movement throughout Western Europe. મૂડીવાદ નહિ, સામ્યવાદ નહિ, લોકશાહી સમાજવાદ નહિ, તો ગાંધીનો માર્ગ સ્વીકારશું? સાચી ધર્મભાવના વિના આ માર્ગની શ્રદ્ધા અને સફળ અમલ થઈ શકે નહિ.

**મહારાષ્ટ્ર – કર્ણાટક સીમા ઝઘડો**

દેશના ભાગલા કરવાથી હિન્દુ-મુસ્લિમ પ્રશ્નનો ઉકેલ નથી થયો તેમ ભાષાકીય ધોરણે રાજ્યરચના કરવાથી કોઈ પ્રશ્ન હલ નથી થયો, બલ્કે દેશની એકતા જોખમાઈ છે. પ્રાદેશિક હિતો એટલાં ઉગ્ર થતાં જાય છે કે જાણે વિદેશી રાજ્યો હોય તેમ સીમાઓ, નદીનાં પાણી, રાજ્યમાં નોકરીઓ, વિકાસ યોજનાઓ વગેરે દરેક બાબતમાં ઝઘડા વધતા રહ્યા છે. પાકિસ્તાને પુરવાર કર્યું કે એક ધર્મના લોકો સંપ અને પ્રેમથી રહે છે તેમ નથી. તેવી રીતે એક ભાષાભાષી લોકો પણ સંપ અને પ્રેમથી રહે તેવું નથી. આન્ધ્રમાં તે જોયું. અંતે તો આર્થિક હિતો જ બળવાન છે. છતાં ભાષાને નામે શરૂઆતમાં ઝનૂન પેદા કરી શકાય છે. એક એક ગામડા માટે લડે. બહુભાષી પ્રદેશ એક અથવા બીજા રાજ્યમાં મૂક્વો જ પડે. તેથી દેશને પોતાનો માનીએ તો કોઈ ફેર પડતો નથી. દેશના બધા ભાગો, એક રીતે, થોડેઘણે અંશે બહુભાષી છે જ, મોટાં શહેરો વિશેષ. આ ઝનૂનને રોકશું નહિ તો દેશના ટુકડા થશે. પ્રાદેશિક સેનાઓ અને પક્ષો વધતા જાય છે. કોઈ મુસલમાન પાકિસ્તાનની માગણીનો વિરોધ કરી શકતો નહિ, તેમ કોઈ સ્થાનિક વ્યક્તિ આવી સેના કે પક્ષની માગણીઓનો વિરોધ કરી શકતી નથી.

મુંબઈ બંધથી બધા વિચારવંત લોકોની આંખ ખૂલવી જોઈએ. તેની 'સફળતા' ભયનું પરિણામ છે, અંતરની લાગણીનું નહિ. મહારાષ્ટ્ર સરકારે રાજ્યસત્તા શિવસેનાને સોંપી દીધી હતી. બાળ ઠાકરેની આણ પ્રવર્તતી હતી. છ કલાક વહેલા બંધ ઉઠાવી લે તો પણ તેના હુકમથી, અને તે રેડિયો ઉપર જાહેર થાય. આવાં પ્રાદેશિક તત્ત્વોને બળ મળે તે ઘાતક છે. પણ, મહારાષ્ટ્ર સરકારનો આઠકતરો ટેકો હતો અને મુંબઈ પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ શ્રી રજની પટેલે જાહેર રીતે ટેકો આપ્યો. મહારાષ્ટ્ર અને કર્ણાટક બન્ને રાજ્યોમાં કૉંગ્રેસની સત્તા છે. કર્ણાટકમાં મરાઠીભાષી લોકો ઉપર જુલમો થયા છે, તો મહારાષ્ટ્રમાં કન્નડભાષી ઉપર કયાં નથી થયા? રજની પટેલે તે વિશે કાંઈ વિરોધ કર્યો છે? મુંબઈમાં લોકસભાની પેટા-ચૂંટણી આવે છે તેમાં શિવસેનાનો ટેકો મેળવવા આવું સિદ્ધાંત-વિહોણું વર્તન કર્યું? રાજકીય આગેવાનોએ સમજી લેવું જોઈએ કે પ્રજા મૂર્ખ નથી. ખુદ શિવસેનાના આગેવાનો પણ અજાણ નહિ હોય કે આવું વલણ અંતે કોઈના હિતમાં નથી. થોડા સમય માટે એક રાજકીય પક્ષ તરીકે કદાચ બળ મળે, પણ અંતે દેશને નિર્બળ બનાવી કોઈ સબળ થતું નથી. અસામાજિક અને અરાજક તત્ત્વો જ તેનો લાભ લે છે. પ્રજા પરેશાન થાય છે અને નિરાશા તથા રાજ્ય પ્રત્યે અણગમો વધે છે. તોફાનો થાય, જાહેર મિલકતને નુકસાન થાય, નિર્દોષ માણસોને સહન કરવું પડે, ઉત્પાદન ઘટે. બંધથી શું મેળવીએ છીએ? પછી બેંગલોર બંધ થાય અને એ જ પરિણામ. વિરોધ જાહેર કરવાના બીજા કોઈ માર્ગ નથી? પ્રજાને સાચું માર્ગ-દર્શન આપવાની કોઈ હિમત નહિ કરે?

અહીં જવાબદારી કેન્દ્ર સરકારની અને કૉંગ્રેસના મોવડી-ઓની છે. ૧૫ વર્ષથી સળગતો પ્રશ્ન છે. કોઈ નિર્ણય લેવાતો નથી, લેવાની હિમત નથી. બન્ને રાજ્યના મુખ્ય મંત્રીઓ કે આગેવાનોની વારંવાર મંત્રણા કરાવી, સમાધાનનો પ્રયત્ન કરવો અર્થહીન છે, કારણકે મનમાં ગમે તે સમજતા હોય તો પણ એક તસુ પણ જતું કરવાની નૈતિક હિમત કોઈને નથી. નહિ તો, ભય છે કે ઊખડી જાય. ઈન્દિરા ગાંધીનો હજી પણ પ્રભાવ છે ત્યાં સુધીમાં નીડરતાથી દેશના હિતમાં આવા પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરી નાખવો જરૂરી છે. બાજી હાથમાંથી જશે પછી પસ્તાવું પડશે.

૨૪-૧૨-'૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

## સુખ એટલે શું?

સુખ એટલે શું? આપણે કોને સુખ કહીશું? આજે મોટા ભાગના લોકો જેને સુખ માને છે, એ ખરેખર તો બીજું કાંઈ નહિ માત્ર એમની ઈચ્છાઓની પૂર્તિ જ છે; પછી તે ઈચ્છાઓ સારી છે કે ખરાબ, માણસ માટે હિતકર છે કે અહિતકર, તેનો કોઈ જ ખ્યાલ રખાતો નથી. વાસ્તવમાં એ ખ્યાલ જરૂર રહેવો જોઈએ. માણસના સમગ્ર વિકાસની દૃષ્ટિએ જ સુખનો પણ વિચાર થવો જોઈએ. એટલે આપણે સુખને બદલે પ્રસન્નતા, આનંદ તેમ જ જીવનની સભરતાનો ખ્યાલ રાખીએ તે વધારે સારું. માણસનું જીવન સભર-સંપન્ન અને સક્રિય રીતે બને, તે આપણે જોવું જોઈએ.

બાકી, આજના જ સમાજમાં નહિ બલ્કે ગમે તેવા સારા સમાજમાં યે કોઈ પણ સંવેદનશીલ માણસ જીવનની કેટલીક અનિવાર્ય કરુણતાઓને લીધે ભારે દુઃખ અનુભવ્યા વિના રહી શકશે જ નહિ. જે માણસ જીવંત અને સંવેદનશીલ છે, તેને માટે આનંદ અને ગમગીની બંને અનિવાર્ય જ છે અને સુખ એટલે માનવ-જીવનની પૂર્ણ અનુભૂતિની અવસ્થા.

**એરિક ફ્રોમ**

## પ્રેમ અને સંવાદિતાની સૌરભ

લગભગ છ હજાર વર્ષ પહેલાં મિસરમાં, નકિવેન નામનો એક જ્ઞાની રાજા રાજ કરતો હતો. એક વખત એણે આકાશમાં દેવને પ્રસન્ન કર્યા. દેવે પ્રગટ થઈ રાજાને એક તલવાર આપતાં કહ્યું, "નકિવેન, હું તારા પર પ્રસન્ન છું. આ તલવારથી તું વિશ્વ-વિજયી થા."

નકિવેને ઉત્તર આપ્યો, "પ્રભુ, હું આ તલવાર લઈ શું કરીશ? મારે વિશ્વવિજય નથી જોઈતો."

"તો પછી આ પારસમણિ લે. એનાથી તું સંસારની બધી સંપત્તિ મેળવી શકીશ." દેવે કહ્યું.

પણ નકિવેને આથી પણ ખુશ ન થયો. નકારમાં માથું હલાવતાં એણે કહ્યું: "પ્રભુ, અપાર ધનરાશિથી મને શું મળશે?"

"તો સ્વર્ગની સુંદર અપ્સરા તારી સેવામાં મોકલી આપું." દેવે કહ્યું.

"ના, પ્રભુ! અપ્સરાને મેળવી, હું જીવનની કઈ સિદ્ધિ મેળવી શકવાનો હતો?" નકિવેને પ્રશ્ન કર્યો.

"તો, લે આ ફૂલનો છોડ. એ જ્યાં ઊગશે ત્યાં જડ-ચેતન, શત્રુ-મિત્ર, બધામાં પ્રેમ અને સંવાદિતાની સૌરભ ભરી દેશે!" દેવતાએ કહ્યું.

નકિવેને એ છોડ કૃતજ્ઞતાથી સ્વીકાર્યો. એની આ સુરુચિ અને નિર્ણય જોઈ દેવતાઓ સ્વર્ગનાં તમામ સુખો એના પર ન્યોછાવર કર્યાં.

# પ્રદૂષણ અને ઘોંઘાટ

પ્રદૂષણ વિષે તો ઘણી ચર્ચા થઈ ગઈ છે, પરંતુ પ્રદૂષણ એ કેવળ હવાનું જ કે પાણીનું જ કે ખોરાકનું નથી હોતું. એ તો, પેલી પરીકથાઓમાં આવતા રાક્ષસની માફક ઘણાં સ્વરૂપો ધારણ કરી શકે છે. આપણા શરીરની પ્રાકૃતિક રચના સહન ન કરી શકે એવો ઘોંઘાટ પણ પ્રદૂષણનું એક સ્વરૂપ જ છે.

દોઢેક મહિના પહેલાં જ આપણે દિવાળી ઊજવી. એ દિવાળીમાં આપણે ફટાકડા પણ ઘણા ફોડ્યા. એ ફટાકડાઓના અવાજને કારણે બાળકો હરખાયાં હશે કદાચ, પરંતુ આજકાલ જે ઘણો વધારે પડતો અવાજ કરનારા ફટાકડાઓ બનાવવામાં આવે છે તેનાથી ઘણાને ત્રાસ પણ થયો હશે. અને કદાચ, તત્કાળ નજરમાં ન આવે એવું શારીરિક નુકસાન પણ થયું હશે. વિજ્ઞાનીઓએ પુરવાર કરી આપ્યું છે કે વધારે પડતો અવાજ અને ઘોંઘાટ એ માનવ-શરીર માટે હાનિકારક છે અને તેથી જ આ હાનિમાંથી જનસમુદાયને બચાવવા માટે સમસ્ત સમાજે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની જરૂર છે. આ વાર્તાલાપ સાંભળીને આવી વિચારણાનાં બીજ રોપાશે તો પણ આ વાર્તાલાપ પાછળની મહેનત સાર્થક થયેલી ગણાશે.

ઘોંઘાટનું પહેલું પરિણામ એ આવે છે કે સતત ઘોંઘાટમાં કામ કરનારા માણસોની શ્રવણશક્તિ ઓછી થઈ જાય છે, અને ઘોંઘાટવિહોણા વાતાવરણમાં એમની સાથે વાત કરવી હોય તો પણ મોટા અવાજે કરવી પડે છે. ડૉ. સેમ્યુઅલ રોઝન, જેઓ અમેરિકાના કાનના રોગોના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા નિષ્ણાત છે અને જેઓ મને યાદ છે ત્યાં સુધી તો ભારતમાં આવીને ઘણા કાનના રોગીઓ પર શસ્ત્રક્રિયા કરી ગયા છે તેમણે ઉંદરો પર પ્રયોગ કરીને સિદ્ધ કર્યું છે કે ઘોંઘાટનું પ્રમાણ જેમ વધે તેમ ઉંદરોનું શરીર સંકોચાય, લોહીનું દબાણ વધે તથા જઠર, લિવર, આંતરડાં વગેરે પણ ખેંચાવા માંડે. માનવી ઉપર પણ આવી અસર જરૂર વધતાઓછા પ્રમાણમાં થાય છે અને ડૉ. રોઝન તો માને છે કે હૃદયરોગના હુમલા માટે પણ ઘોંઘાટ કારણભૂત બની શકે. કેટલાક નિષ્ણાતો તો માને છે કે માણસ ભરઊંઘમાં હોય અને તેની આજુબાજુ ઘોંઘાટ થતો હોય તો પણ એનું લોહીનું દબાણ ઊંચું ચઢે છે અને બૉંબ જેવો સ્ફોટ જો આજુબાજુમાં થયો હોય તો કાનના પડદા ફાટી જવાને તથા આત્યંતિક કિસ્સાઓમાં એનાથી મૃત્યુ નીપજવાનો પણ સંભવ છે. માનવી વાતાવરણને દૂષિત કરવા માટે જે બધી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે તેમાં ઘોંઘાટનો ફાળો નાનોસૂનો નથી. અને છતાં આપણા ઉત્સવોમાં ઘોંઘાટનું તત્ત્વ ઘણું પેસી ગયું છે. લાઉડસ્પીકરો, ફટાકડાઓ વગેરે તો જાણે આપણા ઉત્સવોનાં અનિવાર્ય અંગ બની ગયાં છે. હું તો માનું છું કે આ એક પ્રકારની માનસિક વિકૃતિ છે અને તેમાંથી જો આપણે મુક્ત થઈશું નહિ તો માનવજાતને લાંબે ગાળે ઘણું સહન કરવું પડશે, અને આવું સહન કરવામાં ખાસ કરીને શહેરના નિવાસીઓ વધારે પ્રમાણમાં હશે. શહેરોમાં ચાલતાં ઔદ્યોગિક કારખાનાઓમાં જે ઘોંઘાટ થાય છે તેને અનુલક્ષીને એક વિજ્ઞાનીએ તો એવી આગાહી કરી છે કે આ ઘોંઘાટ જો ચાલુ રહ્યો તો થોડાં હજાર વર્ષોમાં માનવી સાંભળતો જ મટી જશે. દરિયામાં બેત્રણ માઈલ ઊંડે રહેતી માછલીને એ અતલ અંધકારમાં આંખનું કામ ન હોવાથી કુદરતે આંખ જ નથી આપી. પૃથ્વી પર શ્રવણેન્દ્રિય પર અત્યાચાર કરવાનું ચાલુ રહેશે તો કુદરત શા માટે એ શ્રવણેન્દ્રિયને જીવિત રાખવાની જંજાળમાં પડે? કદાચ એનું પણ હોય કે પેલા વિજ્ઞાનીએ, ઉક્ત આગાહી કરવામાં અતિશયોક્તિ અલંકારનો પણ ઉપયોગ કર્યો હોય, છતાં એની ઉક્તિમાં ઘોંઘાટની ભયંકરતા તો પ્રતિબિંબિત થાય જ છે.

અને ઘોંઘાટ આવી શારીરિક હાનિ કરવા ઉપરાંત માનસિક હાનિ પણ પહોંચાડે છે. સતત ઘોંઘાટમાં કામ કરનાર માનવી પોતાના કામમાં મન એકાગ્ર કરી શકતો નથી અને પરિણામે એનાથી ભૂલો થયા કરે છે અને એટલા પ્રમાણમાં એની દક્ષતા ઓછી થાય છે. દિવાળી દરમિયાન ફૂટતા ફટાકડાઓની વચ્ચમાં લખવું–વાંચવું અશક્ય બની જાય છે એનો અનુભવ તો ઘણાને હશે. અને છતાં આવા હાનિકારક ઘોંઘાટ વિષે આપણે ત્યાં કોઈ ચિન્તા હોય એવું જણાતું નથી. અમેરિકામાં એક વિજ્ઞાનીએ કરેલા સંશોધન ઉપરથી એવું માલૂમ પડ્યું છે કે કે સગર્ભા સ્ત્રીના પેટમાં રહેલા બાળક ઉપર પણ આવા ઘોંઘાટની અસર થાય છે, એના જ્ઞાનતંતુઓ બરાબર વિકસતા નથી અને પરિણામે બાળક જ્યારે મોટું થાય છે ત્યારે એનામાં વિકૃતિઓ જણાવા માંડે છે. તોપની જેમ ફૂટતા ફટાકડા કે અરધા ગામને સંભળાય એટલા મોટા અવાજથી વાગતાં લાઉડ-સ્પીકરો એ હરખનું સાધન નથી, પરંતુ માનવજાતને હાનિ પહોંચાડવાનું જ સાધન છે એ આથી સિદ્ધ થતું નથી શું?

કેવળ અમેરિકામાં જ નહિ પરંતુ રશિયા, જર્મની અને બ્રિટનમાં પણ, વાતાવરણને દૂષિત કરનારી અવાજની અસરોનો અભ્યાસ થયો છે. રશિયાના નિષ્ણાતો તો કહે છે કે સતત ઘોંઘાટને કારણે માણસોને પેટમાં અલ્સર થાય છે, એને સતત બેચેની, મૂંઝવણ જેવું રહ્યા કરે છે અને માથાના દુખાવાનો રોગ પણ લાગુ પડે છે. બ્રિટનમાં હીથરો નામનું વિમાની મથક છે. આ મથક ઉપર વિમાનોની આવજા પુષ્કળ થાય છે, અને પરિણામે એ મથકના પરિસરમાં કાયમ ઘોંઘાટ રહે છે. આ ઘોંઘાટ એટલો બધો હોય છે કે એની અસર, એ મથકની આજુબાજુ રહેનારા લોકો પર પડી છે અને એ લોકોને બીજાઓની સરખામણીમાં, માનસરોગ ચિકિત્સક પાસે વધારે વાર જવું પડે છે. પેરિસના વિમાની મથકની આજુબાજુ પણ કાયમ ઘોંઘાટ થતો હોય છે અને આ ઘોંઘાટની કારમી અસરમાંથી, એ મથકની આજુબાજુ રહેનારાઓને બચવવા માટે, એ લોકોને સાઉન્ડપ્રૂફ – અવાજ અંદર ન જઈ શકે એવાં ઘર બનાવી આપવામાં આવે છે, અને આને માટે જે ખર્ચ થાય તે પ્રવાસીઓ પાસેથી વેરારૂપે વસૂલ કરવામાં આવે છે. વિમાની પ્રવાસ તો બંધ કરી શકાય નહિ એટલે ઘોંઘાટરૂપી પ્રદૂષણથી બચવા માટે ફ્રાંસે આવો ઘોંઘાટવેરો નાખ્યો છે. આપણે ત્યાં પણ ઘોંઘાટ અંગેનો આવો કોઈ અભિગમ કેળવવાની જરૂર છે.

ઘોંઘાટ માનવીની શ્રવણશક્તિ પર કેવી કારમી અસર કરે છે તેનું એક ઉદાહરણ આપવાની લાલચ રોકી શકતો નથી. પ્રયોગો પરથી માલૂમ પડ્યું છે કે આફ્રિકાના ગાઢ જંગલમાં વસતો આદિવાસી, પંચોતેર વર્ષની ઉમ્મરે પણ, ન્યુયૉર્કના ૨૫ વર્ષના યુવાન જેટલી જ શ્રવણશક્તિ ધરાવતો હોય છે. વિજ્ઞાનીઓ તો ગાઈબજાવીને કહેવા મંડ્યા છે કે દુનિયામાં જણાતી બધી બહેરાશ કાંઈ ઉમ્મરને કારણે જ આવે છે એવું નથી. એ બહેરાશમાં ઘોંઘાટનો ઘણો મોટો ફાળો છે, અને એથી જ તો ૧૯૭૨ના જૂનમાં સ્ટૉકહોમ ખાતે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ઉપક્રમે મળેલી પ્રદૂષણ પરિષદમાં ટ્રકો, મોટરો, કારખાનાઓ વગેરે દ્વારા થતા ઘોંઘાટની સામે જગતવ્યાપી ઘેરણે ઝુંબેશ ઉપાડવાની હાકલ કરવામાં આવી હતી. ઘોંઘાટનું ઘોરણ નક્કી કરવા માટે કોઈ એજન્સી નીમવાની વિચારણા પણ આ પરિષદમાં થઈ હતી. આ પરિષદમાં, ભારતમાંથી પણ કેટલાક નિષ્ણાતો ગયા

હતા. આ નિષ્ણાતોએ આપણે ત્યાં ઘોંઘાટની સામે લોકમત ઊભો કરવા માટે મોટી ઝુંબેશ ઉપાડવી જોઈએ અને પ્રજાના બધા જ સમજદાર વર્ગોએ એને સાથ આપવો જોઈએ. ખાસ કરીને શહેરોમાં વસતા માણસો માટે તો ઘોંઘાટ એ એક અગત્યનો પ્રશ્ન બની ગયો છે અને એ રીતે એને હલ કરવા મહાન નગરોની પ્રજાઓ કટિબદ્ધ થવું જોઈએ.

અમેરિકામાં તો નાગરિકોએ પોતે પોતાના ઘરણે પ્રદૂષણ સામે ઝુંબેશ શરૂ કરવા માંડી છે. રોબર્ટ બેરન નામના એક થિયેટર મેનેજર તો ઠેઠ ૧૯૬૫થી આ દિશામાં પ્રવૃત્તિ આદરી બેઠા છે અને "સિટીઝન ફોર કવાએટર સિટી"—ઘોંઘાટવિહોણા શહેરની તરફેણ કરતા નાગરિકને આવરી લેતી એક દેશવ્યાપી સંસ્થા પણ તેમણે સ્થાપી છે. આ આન્દોલન કેવું સચોટ હતું એ તો એ હકીકત પરથી જ જણાશે કે એ આન્દોલનને પરિણામે પ્રમુખ નિક્સનને ઘોંઘાટવિરોધી કાયદા પર હસ્તાક્ષર કરવા પડયા હતા. આ કાયદામાં મોટર, વિમાન, બાંધકામ વગેરે ઉદ્યોગોને ઓછામાં ઓછો અવાજ થાય એવાં સાધનો બનાવવાની અને વાપરવાની ફરજ પાડવામાં આવી છે. જેટ વિમાનો ઘણો અવાજ કરે છે. એ અવાજ ઓછો કરવાની દિશામાં પણ જોરદાર સંશોધન થઈ રહ્યું છે. બ્રિટન તથા ફ્રાન્સે અવાજના કરતાં બમણી ઝડપે ઊડતું જે કોન્કોર્ડ વિમાન તૈયાર કર્યું છે તેની સામે અમેરિકામાં જે વિરોધ ઊઠયો તે પણ મુખ્યત્વે કરીને એના અવાજને કારણે જ હતો.

અમેરિકાના ન્યુયોર્કમાં કે બ્રિટનના લંડનમાં જેટલો ઘોંઘાટ છે તેટલો ઘોંઘાટ આપણા મુંબઈ કે દિલ્હીમાં નથી. પરંતુ એનો અર્થ એ નથી કે આપણે ઘોંઘાટને કારણે જન્મ પામતા પ્રદૂષણ પ્રત્યે બેદરકાર રહી શકીએ. નવી દિલ્હીની નેશનલ ફિઝિકલ લેબોરેટરીના સંશોધક ડૉ. પંચોળીએ અવાજના પ્રદૂષણ અંગે વરસો સુધી સંશોધન કર્યું છે અને તેમણે મુંબઈ તથા દિલ્હીમાં અવાજનું પ્રદૂષણ કેવું અને કેટલા પ્રમાણમાં છે તેનું સર્વેક્ષણ પણ કર્યું છે. જેમ ગરમી માપવાનું એકમ ડિગ્રી છે તેમ ઘોંઘાટની તીવ્રતા માપવાનું એકમ ડેસીબલ છે અને ડૉ. પંચોળીએ પોતાના સર્વેક્ષણમાં જણાવ્યું છે કે મુંબઈ તથા દિલ્હીમાં ઘોંઘાટની માત્રા સરાસરી ૬૦થી ૯૦ ડેસીબલ જેટલી છે. ડૉક્ટરો કહે છે કે ઘોંઘાટનું પ્રમાણ જો ૯૦ ડેસીબલ જેટલું હોય તો તે શરીર તથા મન બન્નેને હાનિ પહોંચાડે છે. આજે આપણે ત્યાં ઔદ્યોગિક વિકાસ પર ભાર મુકાતો હોવાથી દેશનાં વધુ ને વધુ શહેરોમાં ઘોંઘાટની માત્રા ૯૦ ડેસીબલની મર્યાદા સુધી પહોંચી રહી છે; અને આ ખરેખર ચિન્તાનો વિષય છે. પ્રશ્ન એ છે કે આ ચિન્તામાં શાસકોમાંથી અને પ્રજાના વિવિધ વર્ગોમાંથી કેટલા સહભાગી છે? જરૂર તો આ ચિન્તામાં બને એટલા બધુ પ્રજાજનો સહભાગી બને એની છે. જો એમ થશે નહિ અને ઘોંઘાટના પ્રદૂષણના પ્રતિકાર માટેનાં કોઈ અસરકારક પગલાં લેવાશે નહિ તો આપણા દેશનાં મોટાં શહેરોના નિવાસીઓ પર ઘોંઘાટના પ્રદૂષણની અસર નજીકના ભવિષ્યમાં જ દેખાવા માંડશે.

આપણા વેદમંત્રોમાં 'શાન્તિ' ને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. મંત્રોચ્ચાર પૂર્ણ થયે 'ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:' એવું હમેશાં આવે છે. શાન્તિની જે પ્રતિષ્ઠા આપણા ઋષિમુનિઓએ કરી છે તેનો ફરીથી પરિચય કરવાનો સમય આપણા માટે પાકી ગયો છે.

'આકાશવાણી'ના સૌજન્યથી મનુભાઈ મહેતા

# ઝેરી ઘઉંએ કાળો કેર વર્તાવ્યો હતો

ઈરાકમાં લગભગ બે વર્ષ પહેલાં પારો (મર્કયુરી) ચઢાવેલા ઝેરી ઘઉં ખાઈને છ હજાર માણસો મરણને શરણ થયા હતા અને એક લાખ માણસો સખત બીમાર પડી ગયા હતા. આ સમાચારોને ઈરાકની સરકારે દબાવી દીધા હતા. ભારતમાં ત્રણેક મહિના પહેલાં નેશનલ સીડ્ઝ કૉર્પોરેશન પાસે રૂા. ૧ કરોડની કિંમતનું દવા છાંટેલું ઘઉંનું બિયારણ નકામું ગયું હતું અને માનવભક્ષણ માટે નકામા એવા આ ઘઉં સ્ટાર્ચ બનાવનારાને વેચવામાં આવ્યા હતા કે તેનું શું થયું એની હજી આપણને જાણ નથી. પરંતુ સસ્તામાં વેચાયેલા આ ઘઉં જો ભૂલથી કોઈ સસ્તામાં ખરીદે અને ખાય તો અવશ્ય મૃત્યુ કે રોગને નોતરે તેવા એ ઘઉં હોય છે. અર્ગટ કે ફૂગ એ તો કુદરતે આપેલો છોડનો રોગ છે; અને એ રોગ ન થાય તે માટે પશ્ચિમના દેશોએ અનાજના બિયારણને પારાનો પાસ ચઢાવવાનો ઉપાય અજમાવ્યો. પરંતુ આ ઉપાય ઈરાકના એક લાખથી વધુ માણસો માટે કેવી આપત્તિ ઊભી કરી ગયો તેની આપદ્કથા સાંભળવા જેવી છે.

કુદરતની બલિહારી કેવી છે કે ભારત, ઈરાક અને બીજા એશિયન દેશો જે એક વખત અનાજના ભંડાર સમા દેશો હતા તેને જ અમેરિકા અને બીજા દેશોમાંથી અનાજની આયાત કરવી પડે છે. ઈરાકમાં તો ૯૦૦૦ વર્ષ પહેલાં ખેતી થતી હતી, પણ ત્યાં ૧૯૭૦ની સાલથી કારમો દુષ્કાળ પડયો હતો. આ દુષ્કાળ એવો હતો કે ૧૯૭૧ની મોસમ માટે ઘઉં કે જવની વાવણી કરવા માટે ઈરાકના કોઈ ખેડૂત પાસે બિયારણ બચવા પામ્યું નહોતું. આ સ્થિતિને ધ્યાનમાં લઈને ઈરાકની સરકારે વિદેશમાંથી ઘઉં અને જવનું બિયારણ મગાવવા વ્યવસ્થા કરી અને અમેરિકાના વૈજ્ઞાનિક શ્રી નોર્મન બોરલોગ જેમણે નોબેલ પારિતોષિક જીત્યું હતું તેમણે 'મેક્સીપાક' નામનું ઘઉંનું જાદુઈ બિયારણ વિકસાવી કાઢયું હતું; અને આ બિયારણે ભારત સહિત ઘણા દેશોને ઘઉંની ખેતીમાં ન્યાલ કરી દીધા હતા. ઈરાકને બિયારણ માટે ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ ટન ઘઉંની જરૂર હતી. પરંતુ ઈરાકના અમલદારોએ કલ્પના કરી કે જો આ ઘઉં જાદુ કરવાનો હોય તો બમણું જાદુ કરીને આઢગક પાક કેમ ન ઉતારવો? એવી કલ્પના કરીને જરૂરિયાત કરતાં બમણા બિયારણની વરદી આપવામાં આવી. કુલ ૭૩,૦૦૦ ટન 'મેક્સીપાક' નામના દવા છાંટેલા ઘઉંની આયાત ગોઠવવામાં આવી. 'કારગીલ' નામની અમેરિકન કંપનીએ ઘઉંની આવડી મોટી વરદી મેળવીને ઘણો નફો કર્યો હતો. એટલે એ કંપનીનો એક અમલદાર તો ખાસ એરોપ્લેન ચાર્ટર કરીને બગદાદમાં ઈરાક સરકારનો આભાર માનવા પહોંચી ગયો હતો!

મોટા ભાગના ઘઉં મેક્સિકોના ખેડૂતો પાસેથી અડધા ભાવે ખરીદાયા હતા અને જવની ખીરીદી અમેરિકામાંથી થઈ હતી. વિધિની ક્રૂરતા પણ જોવા જેવી છે. અમેરિકન કંપનીની નફાવૃત્તિ, સરકારી અમલદારોની અમલદારશાહી અને તે પછી ઈરાકના ખેડૂતોના લોભને કારણે અભૂતપૂર્વ કરુણતા સર્જાઈ. જવ અને ઘઉંને ખરીદ્યા પછી અમેરિકન કંપનીએ એ બન્ને અનાજના છોડને ભવિષ્યમાં ફૂગનો રોગ ન લાગે તે માટે તેને પારાનો પાસ (મર્કયુરી ટ્રીટમેન્ટ) ચઢાવ્યો. ઘઉંને ગેરુ ન લાગે તે માટે ઘણાં વરસોથી પારાનો પાસ ચઢાવવામાં આવે છે. પારાનો જંતુઘ્ન ગુણ સદીઓથી જાણીતો છે. ભારતની ઘણી મહિલાઓ અનાજમાં ઈયળ ન પડે તે માટે પારાની ટીકડી વાપરે છે. ગ્રીસના ડૉક્ટરો ચામડીનાં દર્દો મટાડવા પારાનો ઉપયોગ કરતા હતા. ઈમારતી લાકડાના વેપારીઓ

કીમતી લાકડાની જાળવણી માટે પણ પારાનો ઉપયોગ કરે છે. આ પારાની ઝેરી અસર ઘણા દેશોને જણાવા માંડી છે એટલે પારાની વપરાશ બહુ સાવચેતીપૂર્વક થાય છે.

ઈરાકના બસરા બંદર ઉપર ઝેરી ઘઉં લઈને સ્ટીમર આવી પહોંચી ત્યારે ગૂણીઓ ઉપર પારાના ઝેર અંગેની ચેતવણી લખાઈ હતી, પરંતુ તે સ્પેનિશ ભાષામાં લખાઈ હતી. પરદેશથી મોટા જથ્થામાં ઘઉં આવી રહ્યા છે તે વાતની ઈરાકના ખેડૂતોને ખબર પડી એટલે પોતાની પાસે બિયારણના જે શુદ્ધ ઘઉં હતા તે પણ ખેડૂતોએ મોંઘા ભાવના લોભે વેચી નાખ્યા. સરકારે ખાતરી આપી હતી કે મેકિસકન ઘઉં ઘણા સસ્તા અને લગભગ મફતના ભાવે આપાશે. ખેડૂતોએ એવી અપેક્ષા રાખી હતી કે સરકારને પોતાની ખાલીખમ કોઠીઓ બતાવીને વધુ ને વધુ ઘઉં મેળવી શકાશે અને અમુક ઘઉં બિયારણમાં વાપરીને બીજા ઘઉં ખાવામાં વાપરી શકાશે. 'મેક્સીપાક' ઘઉં ઉપર પારો ચઢાવેલો છે અને તે ઝેરી છે તે વાતની ઈરાકના બિભણ ખેડૂતને ખબર નહોતી. સરકારને ડર હતો કે કદાચ ખેડૂતો 'મેક્સીપાક' ઘઉં ખાવામાં વાપરશે એટલે ઈરાકના ગ્રામ-વિસ્તાર ઉપર હેલિકોપ્ટર ઉડાડીને તેમાંથી ચોપાનિયાં ફેંકવામાં આવ્યાં. બિયારણ ઝેરી છે અને તે ખાવામાં ન વાપરવા તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી.

ખેડૂતોએ માની લીધું કે "સરકાર આપણને ઉલ્લુ બનાવે છે. ઓછા જથ્થામાં ઘઉંની માગણી થાય તે માટે સરકારે ટ્રીક કરી છે." લોકોના આ અજ્ઞાનને કારણે બંદરમાં ઘઉંની ગૂણીઓ ઊતરતી હતી ત્યારથી જ ગૂણીમાં બાકોરાં પાડી પાડીને મજૂરો ઘઉં ચોરવા માંડયા હતા. ઘણી લારીઓ જ ઘઉંની ગૂણીઓ સાથે ગાયબ થઈ ગઈ. સરકારી અમલ-દારોને લાંચ આપી આપીને ઘઉંના બિયારણનો વધુ જથ્થો મેળ-વવામાં આવ્યો. પારાનો પાસ ચઢાવવાને કારણે જવ અને ઘઉંનો દેખાવ પણ બહુ જ આકર્ષક બની ગયો હતો. તેની રોટી પણ સ્વાદિષ્ટ બનતી હતી. સરકારી અમલદારો ખેડૂતોને વારંવાર ચેતવતા હતા કે "બિયારણના ઘઉં ખાશો નહિ, તે ખતરનાક છે." પણ ઈરાકમાં સર-કારી અમલદારો બંદૂકને કડવા લાગે છે. જુવાન છોકરાને લશ્કરમાં ભરતી કરવા લઈ જવો હોય કે વેરો ઉઘરાવવો હોય ત્યારે જ અમલ-દારો ખેડૂતો પાસે આવે છે. ખેડૂતો હમેશાં અમલદારોને 'જૂઠા-બોલા' તરીકે જ ઓળખે છે. આમ અમલદારોની ચેતવણી એળે ગઈ અને ૭૩,૦૦૦ ટન ઘઉંનું બિયારણ ઈરાકની જમીનમાં જવાને બદલે તે ઝેરરૂપે ઈરાકના ખેડૂતોના પેટમાં જવા લાગ્યું.

પારાની ઝેરની અસર તત્કાળ જણાતી નથી. આર્ગટવાળો બાજરો ખાવાથી પણ ધીરેધીરે અસર થાય છે અને વિપરીત અસર મોડેથી જણાય છે. સ્વીડનમાં ૧૯૫૦ના દાયકામાં પારાનો પાસ ચઢાવેલ અનાજ ચણવાથી ઘણાં પંખી મરી ગયાં હતાં. જાપાનમાં પણ પારાના ઝેરથી ઘણા લોકોને હાનિ થઈ હતી. પાકિસ્તાન અને ગ્વાટેમાલાના કેટલાક લોકો પણ ઝેરી ઘઉં ખાવાને કારણે મરણ પામ્યા હતા. આને કારણે ઘણા દેશોએ અનાજ ઉપર પારાનો પાસ ચઢાવવા સામે મનાઈ ફરમાવી હતી. આવી મનાઈ છતાં ઈરાક માટે જે બિયારણ આવ્યું તેના ઉપર પારાનો પાસ ચઢી ચૂકયો હતો. ઈરાકમાં મરણોના અહેવાલો ધીરેધીરે આવવા માંડયા. કેટલાક લોકો અઠનડિયા પછી જ અંધ બની ગયા. એક કુટુંબના ૩૦ માણસો એકીસાથે ઢળી પડયા હતા. પારાની ઝેરી અસર રાષ્ટ્ર-વ્યાપી બન્યાના ખબર ઈરાકની સરકારને ૨૬મી ડિસેમ્બર ૧૯૭૧માં મળ્યા. ૧૬મી સપ્ટેમ્બર ૧૯૭૧ના રોજ બિયારણ આવી પહોંચ્યું હતું. આમ માત્ર ત્રણ મહિનામાં જ પારાએ કેર વર્તાવવો શરૂ કર્યો. પારાના ઝેરને મંદ કરવા માટે 'ડાઈમર કેપ્રોલ' (Dimer Caprol) નામનું ઔષધ વપરાય છે. તે ઔષધ ઓછું પડયું એટલે બ્રિટનથી ચાર્ટર વિમાન દ્વારા મગાવવામાં આવ્યું. તે છતાં ય છ માસમાં તો ૬૦૦૦ માણસો મરી ગયા અને ૧ લાખ જેટલા કાયમી રીતે બીમાર બની ગયા.

ઈરાકના આરોગ્ય ખાતાએ ગામડામાં ખેડૂતોને ચેતવવા શરૂ કર્યા. ઈરાકનાં શહેરોની ૧૪ હૉસ્પિટલોમાં રોજના ૬૦૦ લોકો ઝેરી ઘઉં ખાઈને પછી બીમાર પડીને આવવા લાગ્યા. બાઘી બનેલી સરકારે વર્તમાનપત્રોને ચેતાવી દીધાં કે બહુ હોહા કરશો નહિ. પણ ખેડૂતો હજી પણ ચેતવણીને ગાંઠતા નહોતા. પોલીસો 'મેક્સીપાક' ઘઉંની ગૂણીઓ કબજે કરવા લાગ્યા ત્યારે ઘણા ખેડૂતોએ જમીનમાં ગૂણીઓ દાટીને સંતાડી દેવા માંડી! ચેતવણી મળ્યા પછી પણ ઘણા ખેડૂતોએ બિયારણના આ ઝેરી ઘઉંની રોટી બનાવીને ખાધી હતી. એટલું જ નહિ પણ બેચાર દિવસમાં કોઈ મહેમાન આવવાના હોય તેને માટે પણ એ 'સ્વાદિષ્ટ' રોટીને સાચવીને રાખવા માંડી હતી! કેટલાક ખેડૂતો આ ઘઉં પોતાનાં ઢોરને ખવરાવવા લાગ્યા હતા. એ પછી જ્યારે ખેડૂતોને ખબર પડી કે ઢોર બીમાર પડયાં છે ત્યારે ઢોર મરી જાય તે પહેલાં તેના પૈસા ઉપજાવવાની ચીવટ કરીને તેમને કતલખાને લઈ જવા લાગ્યા. આ ઢોરનું માંસ પણ ઝેરી બની ગયું હતું.! ઈરાકની સરકાર આ અહેવાલ સાંભળીને ત્રાસી ગઈ. છ માસ માટે ઈરાકનાં તમામ કતલખાનાં બંધ કરી દેવામાં આવ્યાં. સમજુ લોકોએ મહિનાઓ સુધી માંસ, ઈંડાં અને દૂધ ખાવાનું છોડી દીધું. કારણ કે ઘણા ખેડૂતોએ મરઘી, ગાય, બકરી અને ભેંસોને ઝેરી ઘઉં ખવરાવ્યા હતા!

ઘણા રેસ્ટોરાંવાળાએ 'ઝેરી' માંસ ખરીદ્યું હતું તે લોકોએ રાતોરાત આ માંસને દરિયામાં પધરાવવા માંડયું. પણ તેને કારણે નવી આફત ઊભી થઈ. આ માંસ મચ્છીઓએ ખાધું અને તે મચ્છી પકડીને ખાનારા લોકોને પણ ઝેર ચડવા માંડયું! આમ ઝેરી દવાવાળા ઘઉંનું વિષચક્ર ચાલ્યું.

ઈરાકની સરકારે મરણના આંકડાઓ ગુપ્ત રાખવા માંડયા. જે લોકોને દફનાવવામાં આવતા તેમની ઉપર કબર ન ચણાય અને મરણ ગુપ્ત રહે તેવી કારવાઈ થઈ. એમ છતાં ય હાહાકાર તો ફેલાઈ ગયો હતો. ન્યુયૉર્ક સ્ટેટ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓની એક ટુકડીને ઈરાકમાં બોલાવવામાં આવી. ઝેર ચડેલા તમામ લોકોનાં લોહી તપાસીને પારાના ઝેરની અસર માપવામાં આવી. પારાના ઝેરને નાબૂદ કરનારી સચોટ ઔષધિ હજી સુધી કયાંય શોધાઈ નથી. આ વિજ્ઞાનીઓની ટુકડી તેવી દવાની શોધ માટે પ્રારંભિક પ્રયાસ કરે છે. તે દરમિયાન નૈજ્ઞાનિકોએ ચેતવણી ઉચ્ચારી છે કે ઊંચી પેદાવાર આપતાં બિયારણો ઉપર રાસાયણિક ઔષધિનો પાસ ચઢાવવામાં પારાનો ઉપયોગ ન કરવો. પરંતુ ભારતની જાહેર જનતાએ તો એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે કોઈ પણ સંવર્ધિત જાતના સરકારી બિયારણનો ખાવામાં ઉપયોગ ન કરવો જોઈએ. નૈતિક દૃષ્ટિએ પણ ઝેરી ન હોય છતાં બિયારણ માટેનું અનાજ ખાવામાં વાપરવું ન જોઈએ.

**કાંતિ ભટ્ટ**

## આવો હીનભાવ રાખશો નહિ

જે મનુષ્ય રાત-દિવસ પોતાને ભાગ્યહીન અને નિર્બળ માને છે તેનાથી કોઈ પણ મહત્ત્વનું કાર્ય થતું નથી. જે મનુષ્ય રાત-દિવસ પોતાને હીન અને નિર્બળ માને છે તેઓ જ હીન અને દુર્બળ થઈ જાય છે. જો તમે નિરંતર શક્તિની ભાવના કરશો તો તમારા હૃદય ંથી તે શક્તિઓ જાગ્રત થશે, વિકાસ પામશે અને તમારા દ્વારા મહાન કાર્ય સાધ્ય થશે, પણ જો તમે એક ક્ષણ પણ એવો વિચાર કરશો કે 'હું તુચ્છ છું, હીન છું' તો તમે 'તુચ્છ' અને 'હીન' જ થઈ જશો, એ નક્કી માનજો.

**સ્વામી વિવેકાનંદ**

# દુનિયાનાં પ્રથમ મહિલા ડૉકટર

આજે કોઈ સ્ત્રી ડૉકટર બને તેની નવાઈ નથી, પરંતુ ૧૯મી સદીના અંધકાર કાળમાં જ્યારે સ્ત્રીઓનું મુખ્ય ક્ષેત્ર ઘર જ હતું અને બહારનાં વિવિધ ક્ષેત્રોના દરવાજા તેમને માટે બંધ હતા એવા સમયમાં કોઈ સ્ત્રી, ડૉકટર બનવાની વાત છેડે એ કેટલું નૈતિક હિમત માગી લેતું પગલું હતું એની આપણે કલ્પના કરી શકીએ છીએ. ચાલુ ચીલા પર ચાલવું બહુ સહેલી વાત છે, પરંતુ આપણે પોતે નવો ચીલો પાડવો અને અનેકને માટે માર્ગ મોકળો કરી આપવો એ કોઈક જ કરી શકે છે.

તબીબી ક્ષેત્રમાં સૌપ્રથમ પ્રવેશ કરનાર બે મહિલાઓની વાત જાણવા જેવી છે. અમેરિકામાં એલિઝાબેથ બ્લેકવેલ અને ઈંગ્લેન્ડમાં એલિઝાબેથ ગેરેટે ડૉકટર બની અને એ સમયના રૂઢિચુસ્ત સમાજ સામે જબરી ચળવળ ચલાવી સ્ત્રીઓ માટે સદંતર બંધ તબીબી વિદ્યાના દરવાજા ખુલ્લા કરી દીધા. ડૉ૦ બ્લેકવેલે જો કે અમેરિકામાં અભ્યાસ કર્યો હતો, પરંતુ બ્રિટિશ મેડિકલ રજિસ્ટરમાં સર્વપ્રથમ સ્ત્રી-ડૉકટર તરીકે તેમનું નામ નોંધાયું હતું.

એ સદીની હવા એવી હતી કે સમાજને સ્ત્રીશક્તિનો કોઈ જ પરિચય નહોતો. બધાં જ ક્ષેત્રો પુરુષોએ સર કરી લીધાં હતાં. સ્ત્રીઓને બહારના કામ માટે લાયક જ ગણવામાં આવતી નહોતી. આવી દશામાં કોઈ સ્ત્રી ડૉકટરના અભ્યાસ માટે આગળ આવે એ વાત લોકો માટે ભારે ચોંકાવનારી હતી.

એ સમયે લોકો આરોગ્ય વિશે તદ્દન બેદરકાર હતા. ગામડામાં મૃત્યુનું પ્રમાણ વિશેષ હતું. લગભગ દરેક ઘરમાં નાનપણમાં જ એક-બે બાળકોનાં મૃત્યુ થતાં. નહોતો કોઈ સારો દાંતનો ડૉકટર, નહોતી બાળકોના દરદની વ્યવસ્થા, કે નહોતી કોઈ નિશાળમાં આરોગ્યવિષયક સગવડ કે યોજના. ટૂંકમાં સુખી અને તંદુરસ્ત કુટુંબો જોવા મળતાં નહિ. ગરીબોની દશા તો અત્યંત બૂરી હતી. ગીચ ઘરો, દૂષિત હવાપાણી, અયોગ્ય ખોરાક અને આ બધાં સાથે માતાનું આરોગ્યવિષયક અને બાળઉછેર અંગેનું ઘોર અજ્ઞાન-આ બધાં કારણોને લીધે બાળમૃત્યુનું પ્રમાણ આઘાતજનક હતું. ગરીબો માટે આવી સ્થિતિ આપણને સ્વાભાવિક લાગે, પરંતુ જે લોકો સુખી અને શ્રીમંત હતા તે પણ એટલા જ અંધારામાં હતા. આરોગ્ય સાથે સંબંધ ધરાવતી બાબતોનો વિચાર જાણે તેમના ક્ષેત્રબહારની જ વસ્તુ હતી. છોકરીઓને માટે શારીરિક વ્યાયામ જેવું કશું જ નહોતું. એમનો પોશાક સ્વાસ્થ્યને હાનિકારક હતો. ખૂબ ઘેરવાળા પેટીકોટ-એકથી વધુ-ઉપર એવો પોશાક પહેરવામાં આવતો, જે ઉપરથી અત્યંત તંગ અને નીચે જમીન સુધી ફેલાયેલો રહેતો. યુવાન સ્ત્રીઓ એનિમિયા, ફીટ જેવાં દરદોથી પીડાતી, અને તેમને કાયમ માટે નાજુક ગણી જવાબદારીભર્યાં કામોને માટે અશકત ગણવામાં આવતી.

એલિઝાબેથ બ્લેકવેલના સમકાલીન અને ગાઢ મિત્ર ફ્લોરેન્સ નાઈટિંગેલે પોતાની ડાયરીમાં એ સમયના બુદ્ધિશાળી પરંતુ નબળી મનોદશાના ભોગ બનેલા સ્ત્રીસમાજનો ખ્યાલ આપતાં લખ્યું છે: 'બૌદ્ધિક શકિત અને લાયકાત હોવા છતાં શ્રીમંત છોકરીઓ માની છત્રછાયામાં દીવાનખાનામાં બેસી અલકમલકની વાતો અને ગામગપાટામાં કીમતી સમય વેડફતી. બહુ બહુ તો તેઓ ભરતગૂંથણ જેવું કામ કરતી. મધ્યમ વર્ગની છોકરીઓ પણ શાળાના થોડાઘણા અભ્યાસ પછી કુટુંબમાં પોતાનાં ભાઈ-બહેનોના સંગમાં રહીને સંતોષ માની લેતી. બહાર ગોઠવાતી મિજબાનીઓમાં કોઈવાર ભાગ લેવાનું બનતું ત્યારે તેમને પુરુષોનો પરિચય થતો, પરંતુ આ પરિચયમાંથી તેઓ પોતાનું લગ્ન અંગેનું ભાવિ નક્કી કરતાં જાણે થથરી ઊઠતી હતી.'

આ તો તે કાળના સમાજની વાત થઈ. હવે તબીબી ક્ષેત્ર વિશે જાણીએ. આ ક્ષેત્ર પણ ઘણી સુધારણા માગી લે તેવી દશામાં હતું. ડૉકટરો ગંદા, એકના એક કોટ પહેરી ઓપરેશન કરતા. ઓપરેશનનાં ઓજારોને જે વૈજ્ઞાનિક પદ્ધતિથી જંતુરહિત રાખવાં જોઈએ તેની કોઈ જ કાળજી કે સમજ નહોતી. નર્સોની તાલીમ પામેલી નહોતી. નવા વિચાર કે નવી શોધોને કશું જ સ્થાન નહોતું. ઓપરેશન વખતે દરદીને અફીણ, આલ્કોહોલ કે એથી આગળ વધીને ક્લિનોટિઝમ મારફત બેભાન કરવામાં આવતો. એનેસ્થેટિસ્ટની શોધ તો પાછળથી થઈ. ઝડપથી ઓપરેશન કરે તે ડૉકટર હોંશિયાર ગણાતો. હોસ્પિટલોમાં આરોગ્ય અંગેની જે ચીવટ, વિચારણા અને જ્ઞાન જોઈએ તેનો મોટો અભાવ હતો.

આવા કાળમાં આ બંને સ્ત્રીઓએ ડૉકટર બનવાનું સાહસ તો કર્યું, પરંતુ તેમને ઘણી મુશ્કેલીઓ અને અવરોધોનો સામનો કરવો પડયો. રૂઢિચુસ્ત સમાજ તેમને નકારી કાઢે એ તો આપણને સમજાય તેવી વાત છે, પરંતુ શિક્ષિત અને સમાજમાં વગ ધરાવતા લોકો પણ સ્ત્રીશિક્ષણ અંગેના પૂર્વગ્રહથી પ્રેરાઈ આ બંને સ્ત્રીઓને પ્રોત્સાહન આપવા તૈયાર નહોતા. પ્રતિષ્ઠિત લોકોનો સાથ મેળવવા બંને એલિઝાબેથને ભારે મહેનત કરવી પડેલી. તબીબોની કમિટીએ સહાનુભૂતિ ઘણી બતાવી, પરંતુ એક સ્ત્રીને કૉલેજમાં પ્રવેશ આપતાં સૌ થરથરતા હતા. એક મેડિકલ વિદ્યાર્થી તરીકે સ્ત્રીનો પ્રવેશ એટલી તો ગંભીર અને ખળભળાવનારી વાત ગણાઈ કે બિચારાં ડૉ૦ બ્લેકવેલને તો પોતાની સ્ત્રીજાતિને છુપાવવા ગુપ્ત વેશે કૉલેજમાં પ્રવેશ મેળવવો પડે એવી કઠિન પરિસ્થિતિ સર્જાઈ હતી.

એકવાર એક મુલાકાતી ડૉકટરે વર્ગમાં એક સવાલ પૂછયો, જેનો જવાબ એલિઝાબેથ બ્લેકવેલ સિવાય કોઈ જ આપી શકયું નહિ. એક ટચૂકડી એવી છોકરી મરદ જેવા મરદને હરાવે એ સ્વમાન-ભંગના રોષથી ઉશ્કેરાઈ બધા વિદ્યાર્થીઓએ ભેગા મળી તેમને કૉલેજમાંથી દૂર કરવાની અધિકારીઓને અરજી કરેલી. સ્ત્રી થઈને તેમણે ડૉકટર બનવાનું પગલું ભર્યું હતું માટે તેમને કોઈ ઘર ભાડે આપવા પણ તૈયાર થતું નહોતું. (આ લેખમાં તો આ બંને સ્ત્રીઓની મુશ્કેલીઓનો આંશિક ચિતાર જ આપવામાં આવે છે. વિશેષ જાણવા માટે They Dared to be Doctors–By Mary St. J. Fancourt પુસ્તક ખરેખર વાંચવા જેવું છે.)

સ્ત્રી-ડૉકટરના નામથી ભડકી ઊઠતા લોકોનો ધીરે ધીરે સહકાર મળે એ હેતુથી એલિઝાબેથ ગેરેટે પોતાની ડૉકટર તરીકે બહાર ઓળખાણ ન આપવા પોતાના મિત્રોને ખાસ ભલામણ કરેલી. પ્રેકિટસ શરૂ કર્યા પછી પણ તેઓ દરદી તરીકે કેવળ સ્ત્રીઓ અને બાળકોને જ લેતાં. એકવાર એક સદ્‌ગૃહસ્થને Gout ની તકલીફ ઊભી થતાં તેમણે ડૉ. ગેરેટને પત્ર લખી વિનંતી કરી કે જો તેઓ એમના દરદની સારવાર કરી શકતાં હોય તો પોતાને તપાસવા જરૂર આવે. ડૉ. ગેરેટને જવાબ લખવાની ફરજ પડી: 'ભાઈ! મારી ગાઈનમાં તમારું દરદ તો જરૂર આવે છે, પરંતુ તમે સજ્જનો નથી આવતા માટે કૃપા કરી કોઈ બીજા ડૉકટરની સલાહ લેશો.' સ્ત્રી-બાળકોના ડૉકટર બની રહેવું એ જ્યાં કપરું કામ હતું ત્યાં પુરુષ-દરદીને સ્થાન આપવું એ તો એ સમયના સમાજ પર વીજળી પડવા જેવું હતું.

પરંતુ સમય પસાર થતાં ધીરેધીરે લોકોનો પૂર્વગ્રહ ઓછો થતો ગયો અને આ બંને સ્ત્રીઓને આવકાર મળવા લાગ્યો. પછાત લત્તામાં સ્ત્રી-ડૉકટરની ઘણી મહત્તા લેખાવા માંડી. હવે સ્ત્રીઓએ

સામે ચાલીને ડૉક્ટર પાસે જવાનું શરૂ કર્યું. પોતાના દર્દ–દુ:ખ સમજનાર એમના જેવી જ એક સ્ત્રી છે એ જાતિગૌરવથી સંતોષ અનુભવતી સ્ત્રીઓ વિનાસંકોચે ડૉક્ટરને પોતાની મુશ્કેલીઓ કહેવા લાગી.

ધીમેધીમે અનેક સ્ત્રીઓએ મેડિકલ લાઈનમાં પ્રવેશ કરવા માંડ્યો. ૧૯મી સદીની મધ્યમાં સમાજ ઘણો પછાત હતો એ સમયે સ્ત્રીઓએ શિક્ષણક્ષેત્રે આગળ આવી પોતાની શક્તિનો સુંદર પરિચય આપવા માંડ્યો.

સ્ત્રીઓના વિકાસનું આ ઊજળું ચિત્ર જોવા બંને એલિઝાબેથે દીર્ઘ આયુષ્ય ભોગવ્યું. ડૉ. ગેરેટે સ્ત્રીઓ માટે હોસ્પિટલ ઊભી કરી, જેને પાછળથી એમનું નામ આપવામાં આવ્યું. પ્રથમ સ્થપાયેલી સ્ત્રીઓની મેડિકલ સ્કૂલના ડીન તરીકેની પણ તેમણે કામગીરી સંભાળી.

ડૉ. બ્રૅકવેલ પોતાના જીવનના વચલાં વર્ષોમાં ઈંગ્લેન્ડમાં સ્થિર થયાં અને પોતાના સમયનો મોટો ભાગ લખવામાં તથા ભાષણો આપવામાં ગાળવા લાગ્યાં. જીવનનાં અનેક ક્ષેત્રોમાં પ્રવર્તતા રૂઢ વિચારોને તેમણે તોડ્યા.

તબીબી ક્ષેત્રમાં પ્રથમ સ્ત્રી તરીકે ચમકીને તેમણે એક જડ પરંપરાને તોડી જે વિજય મેળવ્યો એ એમની વૃદ્ધાવસ્થામાં ગૌરવની વાત હતી, એ કરતાં વિશેષ તો એક બીજી જ મહત્ત્વની વાત હતી. તેમણે લખ્યું છે: "ડૉક્ટર તરીકેની મારી કારકીર્દિમાં મને વધુ સંતોષ અને આનંદની વાત તો એ લાગે છે કે સંખ્યાબંધ સ્ત્રીઓને બાળ-ઉછેરનું જ્ઞાન આપી એક માતા તરીકેની જવાબદારી પ્રત્યે હું તેમને સભાન કરી શકી છું."

અનેક ઝંઝાવાતોનો સામનો કરી દુનિયાની સર્વપ્રથમ સ્ત્રી-ડૉક્ટર તરીકે આગળ આવનાર આ બંને વીર સ્ત્રીઓ આપણી પ્રશંસાની અધિકારી બની રહે છે.

('ધે ડેર્ડ ટુ બી ડૉક્ટર્સ'માંથી સાભાર) અનુ: **શારદાબેન બાબુભાઈ શાહ**

# જૈન કલા અને સ્થાપત્ય

ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિના વિકાસમાં જૈન ધર્મ, જૈન ભિક્ષુઓ–આચાર્યો અને જૈન શ્રાવકો–અનુયાયીઓનો ફાળો મૂલ્યવાન છે. જૈન કોમે સમૃદ્ધિનો પરોપકારી અને દાયીત્વપૂર્ણ દૃષ્ટિએ ઉપભોગ અને ઉપયોગ કર્યો છે. આ યોગદાનનો લાભ જૈન ધર્મ તથા જૈન પ્રજાને તો પ્રાપ્ત થયો જ છે, તે સાથે દેશ સમસ્તની સંસ્કૃતિનેય થયો છે. કન્નડ અને તમિળ ભાષાઓમાં પ્રાચીનતમ સાહિત્ય જૈન ધર્મનું છે. દેશની પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં જૈન ધર્મનું પ્રદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અભિલેખ-વિદ્યા, હસ્તપ્રત લેખનવિદ્યા વગેરેમાં પણ જૈનોનું યોગદાન પ્રશસ્ય ગણાય છે.

આવા આ વર્તમાન જૈન ધર્મના પ્રથમ સુધારક–પ્રચારક તથા તેમની ધાર્મિક પરંપરાના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરના નિર્વાણની પચીસોમી તિથિનો મહોત્સવ ઓગણીસો ચુંવોતેરના નવેમ્બરથી આરંભાય છે, જે એક વર્ષ સુધી (નવેમ્બર ૧૯૭૫ સુધી) ચાલુ રહેશે. આ માટે કેન્દ્ર સરકારે શેઠશ્રી કસ્તૂરભાઈના પ્રમુખપદે એક રાષ્ટ્રીય સમિતિની નિમણૂક કરી છે. વિશ્વવિદ્યાલય અનુદાન પંચ તરફથી પણ ભગવાન મહાવીરની પચીસમી શતાબ્દીની ઉજવણીના ઉપલક્ષ્યમાં દેશના પ્રત્યેક વિશ્વવિદ્યાલયને પરિપત્ર પાઠવી આ અંગેની યોજના તૈયાર કરવાનું સૂચન થયું છે. એટલે આવતા વર્ષના અંતથી તે, તે પછીના વર્ષના અંત સુધી દેશના ખૂણેખૂણે ભગવાન મહાવીર–પ્રબોધિત અહિંસાપૂર્ણ ધર્મની લાક્ષણિકતાઓને પ્રકાશમાં લાવતા વિવિધ પ્રકારના ઉત્સવોનું આયોજન હાથ ધરાશે.

પરંતુ એની ભૂમિકારૂપે મુંબઈની 'ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ સમિતિ' તરફથી અમદાવાદની 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર' સંસ્થાના ઉપક્રમે 'જૈન કલા અને સ્થાપત્ય' વિશેનો એક અખિલ ભારતીય પરિસંવાદ ગુજરાત વિદ્યાપીઠના સભાખંડમાં ૧૮મી નવેમ્બરથી ૨૨મી નવેમ્બર દરમિયાન યોજાઈ ગયો.

આ પરિસંવાદમાં જૈન કલાનાં વિવિધ અંગોના અભ્યાસી અને નિષ્ણાત એવા પાંત્રીસેક અધ્યેતાઓએ ભાગ લીધો હતો: ડૉ. મોતીચંદ્ર (મુંબઈ); શ્રી કે. આર. શ્રીનિવાસન (મદ્રાસ); શ્રી રામલાલ પરીખ (અમદાવાદ); ડૉ. જી. એસ. ગાઈ (માયસોર); શ્રી કૃષ્ણદેવ (આસામ); શ્રી આર. નાગસ્વામી (તામિલનાડુ); શ્રી કે. વી. સૌન્દરરાજન (મદ્રાસ); પંડિત દલસુખભાઈ માલવણિયા (અમદાવાદ); ડૉ. ઉમાકાન્ત શાહ (વડોદરા); શ્રી મધુસૂદન ઢાંકી (અમદાવાદ); પ્રો. હરિવલ્લભ ભાયાણી (અમદાવાદ); ડૉ. એન. એમ. કંસારા (અમદાવાદ); શ્રી કે. જી. કિશ્નન (બેંગલોર); શ્રી એચ. સરકાર (મદ્રાસ); ડૉ. એસ. સેટર (ધારવાડ); ડૉ. આનંદ કૃષ્ણ (મુંબઈ); શ્રી સરયૂ દોશી (મુંબઈ); શ્રી કલ્પના દેસાઈ (મુંબઈ); કુ. સુશીલા પંત (ઉજ્જૈન); ડૉ. આર. એન. મિશ્રા (સિમલા); શ્રી વી. પી. ટ્રિવેદી (દિલ્હી); શ્રી હરિહર સિંગ (વારાણસી); ડૉ. કિરીટ મંકોડી (પૂણે); ડૉ. કે. વી. રમેશ (બેંગલોર); શ્રી મણિભાઈ વોરા (પોરબંદર); શ્રી એમ. એન. ગાંધી (વડોદરા); શ્રી રાયવલ્લભ સોનાની (જયપુર); શ્રી રસેશ જમીનદાર (અમદાવાદ); ડૉ. ચંદ્રભાણ ત્રિપાઠી (જર્મની) વગેરે. આમાંના પ્રથમ સાત વિદ્વાનો સાત બેઠકોના પ્રમુખો હતા.

ચાર દિવસ ચાલેલા આ પરિસંવાદમાં ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ સહિત કુલ નવ બેઠકો થઈ હતી; ઉપરાંત એક દિવસ રાતે ડૉ. ઉમાકાન્ત શાહે 'જૈન બ્રોન્ઝીઝ' વિશે સ્લાઈડો સાથે એક લોકપ્રિય પણ માહિતીસભર વાર્તાલાપ આપ્યો હતો. ઉદ્‌ઘાટન-વિધિ કર્યો હતો ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલે. પરિસંવાદને શુભેચ્છા પાઠવતાં કુલપતિશ્રીએ જણાવ્યું કે ભારતીય કલા અને સ્થાપત્યના ઈતિહાસમાં જૈન કલા અને સ્થાપત્યનું અનોખું પ્રદાન છે. ધર્મ પ્રત્યેની વિશિષ્ટ ભક્તિ અને લાગણીનાં પરિબળો જૈન કલા અને સ્થાપત્યના પાયામાં છે. કલા એ તો માનવજીવનનું એક શૈક્ષણિક ગણું છે છતાં જૈન ધર્મનું વિશિષ્ટ તત્ત્વપ્રદાન છે સુલેખનની કલા (Calligraphy) ના વિકાસનું. આ તત્ત્વને વિશેષ પ્રકાશમાં લાવવાની જરૂર છે. પરિસંવાદના અધ્યેતાઓને આવકારતાં શેઠશ્રી કસ્તૂરભાઈએ સૂચન કર્યું કે જૈન ધર્મ અને કલાનો બૃહદ્ ભારતીય સંસ્કૃતિમાં જે વિશિષ્ટ ફાળો છે તે અંગે વિગતવાર સંશોધનના પ્રયાસો થવા જોઈએ.

આ પરિસંવાદમાં કુલ ત્રીસ નિબંધોનું વાચન થયું અને રસપૂર્ણ ચર્ચાઓ પણ થઈ. આખાય પરિસંવાદનું મહત્ત્વનું લક્ષણ હતું લગભગ પ્રત્યેક નિબંધના અનુસંધાનમાં દર્શાવાતી સ્લાઈડોનું. આથી જૈન કલા અને સ્થાપત્યનું હૂબહૂ દર્શન એક ખંડમાં બેઠા બેઠા થયું. આ પરિસંવાદનું બીજું પણ એક નોંધપાત્ર લક્ષણ હતું ભાગ લેનારાઓની બધીય બેઠકો દરમિયાનની સંપૂર્ણ હાજરી, સક્રિયતા અને ચર્ચેયતાની વૃત્તિ. આનું ત્રીજું મહત્ત્વનું લક્ષણ હતું ભાગ લેનારાઓની વિષય અંગેની અભિરુચિ અને જિજ્ઞાસા. પરિસંવાદના આયોજકોએ 'અમદાવાદદર્શન'નો કાર્યક્રમ ગોઠવ્યો ન હતો. પરિસંવાદના અધ્યેતાઓએ ઐતિહાસિક સ્થળો જોવાની ઇચ્છા દર્શાવી. આથી એક દિવસની બપોરની બેઠક મુલતવી રાખી પ્રવાસ ગોઠવ્યો અને મુલતવી રાખેલી બેઠક તે રાતે ૮ થી ૧૦ દરમિયાન મળી. પરિસંવાદના અધ્યેતાઓની નિબંધવાચન અને દિલચસ્પી અંગેની નિષ્ઠાનું આથી વિશેષ પ્રમાણપત્ર બીજું કયું હોઈ શકે?

વંચાયેલા નિબંધોના વિષયો આ પ્રમાણે હતા: (૧) દેવત્વ વિશે જૈન વિભાવના, (૨) જૈન મૂર્તિવિધાન અને પ્રતીકવાદનો

વિકાસ, (૩) કુષાણ સમયના મથુરાના જૈન શિલાલેખો, (૪) પ્રદ્યુમ્ન સૂરિના 'મૂલ શુદ્ધિ પ્રકરણ'માં નિર્દિષ્ટ જૈન મંદિરો, (૫) 'તિલક-મંજરી'માં ધનપાલ વર્ણિત જૈન મંદિર, (૬) તામિલનાડુમાંના જૈન મૂર્તિઓ અને સ્થાપના વિશેના અભિલેખિક નિર્દેશો, (૭) કાંચીના પલ્લવોના શાસન દરમિયાન જૈન કલા અને સ્થાપત્ય, (૮) તામિલનાડુમાં જૈન સ્થાપત્ય, (૯) દિગમ્બર જૈન મૂર્તિવિધાન અને કન્નડ ભાષાનું ગિરિ સાહિત્ય, (૧૦) કેરાલામાંનાં જૈન શિલ્પો, (૧૧) જૈન સ્થાપત્યકીય પ્રતીકો, (૧૨) જૈજાકત્યુકતીના ચંદેલોના સમયનાં જન સ્થાપત્ય અને કલા, (૧૩) પશ્ચિમ ભારતીય વાસ્તુશાસ્ત્ર ગ્રંથોમાં જૈન સ્થાપત્ય અને મૂર્તિવિધાન, (૧૪) ચેદિ-દેશના કલચુરિઓના સમયનાં જૈન કલા અને સ્થાપત્ય, (૧૫) ઝાંસીના રાણી મહેલમાંનાં જૈન શિલ્પો, (૧૬) ભારતીય ધાતુ મૂર્તિ-ઓના વિકાસમાં જૈન પ્રદાન, (૧૭) પૂર્વ ભારતમાં જૈન કલા અને સ્થાપત્ય, (૧૮) જૈન લક્કડ કોતરણી, (૧૯) પશ્ચિમ ભારતીય જૈન મંદિર, (૨૦) ગુજરાતમાંનું જૈન મંદિર સ્થાપત્ય, (૨૧) હલ્લૂરનું જૈન મંદિર, (૨૨) શાન્તરા સ્થાપત્ય, (૨૩) કર્ણાટકની જૈન મૂર્તિઓ અને સ્થાપના વિશેના અભિલેખિક નિર્દેશો, (૨૪) તલકાડુના ગંગ વંશના સમયનું જૈન સ્થાપત્ય, (૨૫) કલ્યાણના ચાલુક્યોના શાસન દરમિયાનનું જૈન સ્થાપત્ય, (૨૬) ગંગ વંશના સમયનાં જૈન કલા અને સ્થાપત્ય, (૨૭) દ્વાર સમુદ્રના હોયસલો હેઠળનું જૈન સ્થાપત્ય, (૨૮) તુલુનાડુમાં જૈન કલા અને સ્થાપત્ય, (૨૯) કન્નડ શિલ્પો, (૩૦) ઈસ્વી. ની પ્રથમ પાંચ સદી દરમિયાન ગુજરાતમાં જૈન ગુફાઓ વિશે થોડીક વિચારણા.

પૂર્ણાહુતિ પ્રસંગે બોલતાં અગ્રણી કલાવિદ ડૉ. મોતીચંદ્રે જણાવ્યું હતું કે માત્ર જૈન સાધનો ઉપર આધાર ના રાખતાં અન્ય ધર્મોનાં સાધનોના ઉપયોગ તરફ પણ જવું જોઈએ. આ પરિ-સંવાદના નિબંધો આમ તો અંગ્રેજીમાં વંચાયા, પરન્તુ એમાં સંસ્કૃત તત્સમ શબ્દોનો વિનિયોગ રોમન લિપિમાં ધ્યાનપાત્ર રહ્યો હતો. આ વિશે આનંદ વ્યકત કરતાં ડૉ. મોતીચંદ્રે સૂચવ્યું કે હવે પછીના પરિસંવાદોમાં સંસ્કૃત શબ્દોની સૂચિ પણ સાયકલોસ્ટાઈલ્ડ કરીને ભાગ લેનારાઓને આપવી જોઈએ. એમણે મહત્ત્વનું સૂચન કર્યું કે નિબંધવાચન વખતે માત્ર ચર્ચેય મુદ્દાઓ ટૂંકામાં રજૂ કરવા જોઈએ અને સ્લાઈડો વખતે વર્ણન કરવું જોઈએ. તુલના-ત્મક અભ્યાસ અંગે તેમણે વિશેષ ભાર મૂક્યો; કેમ કે યક્ષાયક્ષણી લગભગ બધા ધર્મોમાં જોવા મળે છે. પ્રતીકોના અભ્યાસ તરફ દુર્લક્ષ સેવાતું હોઈ એના અભ્યાસના વિકાસ વિશે પણ તેમણે ટકોર કરી. આ માટે સાહિત્યનો અભ્યાસ કરવાનું પણ સૂચન કર્યું. બધા ધર્મોના પ્રતીકોના ઈતિહાસના અભ્યાસની વાત પણ ડૉ. મોતીચંદ્રે કરી. માનવજીવનના સંદર્ભમાં સ્થાપત્યના અભ્યાસની પણ હિમાયત એમણે કરી. તેમણે એમ પણ જણાવ્યું કે સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓના અભ્યાસ માટે હસ્તપ્રત ચિત્રોનું પણ આગવું મહત્ત્વ છે.

પરિસંવાદનું સમાપન કરતાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રામલાલ પરીખે જણાવ્યું હતું કે આજે તો જરૂર છે જ્ઞાનના વિકાસની; કારણ કે જ્ઞાનનો સંગ્રહ કરવો મુશ્કેલ નથી. આથી આવા પરિસંવાદો અનિવાર્ય બની રહે છે. પરિસંવાદમાં ખૂબ અનુ-ભવી અને ઓછા અનુભવી એમ બંને પેઢીના વિદ્વાનોએ ભાગ લીધો હોઈ એ વિશે આનંદ વ્યકત કરતાં કુલનાયકશ્રીએ જણાવ્યું હતું કે જૂનાં અને નવાં સંશોધનોનો સુભગ સમન્વય આ પરિ-સંવાદનું એક મહત્ત્વનું લક્ષણ ગણાવું જોઈએ. કલાને જીવનનાં વિવિધ પાસાંઓ સાથે સાંકળવા ઉપર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. જૈનોના ગ્રંથભંડારોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જ્ઞાન તેમાં સંગૃહીત રહે તે સાથે તેને જીવંત પણ રાખવું જોઈએ. જૈનવિદ્યાનું પ્રદાન આસરકારક અને સૂચક છે.

'જૈન કલા અને સ્થાપત્ય'ના પરિસંવાદની ફલશ્રુતિ એ રહી કે તે સાચા અર્થમાં પરિસંવાદ બની રહ્યો હતો. ભાગ લેના-રાઓની પ્રામાણિકતા અને નિયમિતતા પણ પ્રશસ્ય રહી. નિબં-ધોની ગુણવત્તા ઘણી ઊંચી રહી. આ પ્રકારના પરિસંવાદો વારંવાર થતા રહે તો જ્ઞાનનું સાતત્ય રહે, વિકાસ થાય અને જૂનાં-નવાં સંશોધનોના સમન્વયથી નવનીત પ્રાપ્ત થાય.

'નિરીક્ષક'માંથી સાભાર રમેશ જમીનદાર

# જિંદગી દયાપાત્ર નથી

જે માણસ એમ માનતો હોય કે તેનાં પોતાનાં દુ:ખો ને સમસ્યાઓ જ વિશ્વનું કેન્દ્ર છે, તેના જેવું દયાપાત્ર પ્રાણી બીજું કોઈ નથી. કેટલીય વાર દાકતર પોતાના દવાખાનાના એકાંત ખૂણામાં દરદી પાસેથી આ શોકવાણી સાંભળતો હશે: "દાકતર, મારી તબિયત બરાબર નથી, હું નિરાશા અનુભવું છું, મને જીવનમાં કોઈ રસ રહ્યો નથી... હું મરવા વાંકે જીવી રહ્યો છું..." આ અનિવાર્ય 'હું' ઘવાયેલા, પોતાને માટે દયા અનુભવતા 'અહમ્'નું આક્રન્દ છે.

શંકા અને ભય, માનવપ્રગતિના આ બે મોટામાં મોટા શત્રુઓ આત્મગ્લાનિના અંધકારમાં જન્મે છે અને જે કોઈ તેમને આધીન થઈ જાય છે તે પોતાની જાતને પાછી ધકેલે છે.

આપણું ઉત્થાન, વિજય, સિદ્ધિ માત્ર ત્યારે જ શકય બની શકે, જ્યારે આપણે આપણા વિચારોને આપણી જ જાતથી જરા વિમુખ કરીએ...

કોઈ પણ સિદ્ધિ, પછી તે ગમે તે પ્રકારની હોય, તેના પરિણામનું માપ તેને માટે કરેલા નિ:સ્વાર્થ પ્રયત્નો જ છે, એવું સમજાવવાથી જ શકય બની શકે.

જ્યારે આપણે આપણા સંયોગો સામે ફરિયાદ ન કરતાં આપણી પ્રગતિ માટેના સહાયક સાધન તરીકે તેનો ઉપયોગ કરીશું ત્યારે જ આપણી અંદર રહેલી શકિતને આપણે ખોળી શકીશું.

આમ કરવાથી જ્યારે આપણી સમક્ષ ખરેખર કોઈ તકલીફ આવશે ત્યારે આપણે મુશ્કેલીને પણ આવકારજનક પરિસ્થિતિ ગણતાં, તેનો વીરતાપૂર્વક સામનો કરી, તેમાંથી લાભ લેતાં શીખીશું.

મને એક પ્રસંગ યાદ આવી જાય છે.

બીજા વિશ્વયુદ્ધ પહેલાં મારો એક ચિત્રકાર મિત્ર જે ઠીક ઠીક સફળતા મેળવી ચૂકયો હતો તે ઘવાયો. તેના બંને પગ ભાંગી ગયા ને ખોપરીમાં ઈજા થવાથી આંખનું તેજ હંમેશ માટે વિલાઈ ગયું. ઈસ્પિતાલમાં તો તે લગભગ મરવાની અણી પર હતો. પછી સારો થતાં તે ઘેર આવ્યો ત્યારે હું એને મળવા ગયો હતો. મેં તો એવી કલ્પના કરી હતી કે એ પૈડાંવાળી ખુરશીમાં બેઠેલા માણસનું છિન્નવિચ્છિન્ન થઈ ગયેલું દયાજનક દશ્ય હું જોઈશ! એને બદલે મેં જોયું કે તે એક ઊંચા ટેબલ પર લાકડાના ટુકડાઓ વડે ઉત્સાહપૂર્વક કાંઈક ગોઠવણી કરી રહ્યો હતો.

"હવે ચિત્રકામ કરી શકું તેમ નથી એટલે," તેણે હિમત કરીને મને કહ્યું, "હું મકાન બાંધવાના કાર્યમાં મારો હાથ અજમાવવા માગું છું."

અને તે, બ્રિટનના શ્રેષ્ઠ સ્થપતિઓમાંનો એક બની શકયો હતો.

હવે એક આ અદ્‌ભુત પ્રસંગ સાંભળો:

એક દિવસ ફ્રાંસમાં રજાને દિવસે હું ને મારો મિત્ર આમારી એક પ્રિય હોટેલ પર પહોંચ્યા ત્યારે બે મોટી ગાડી ભરીને પર્યટને નીકળેલા લોકો ત્યાં ઊભા હતા. તેઓ જર્મન ખેડૂતવર્ગના હતા. તે સર્વેએ ધૂમધામ મચાવી મૂકયાં હતાં. તેમને કારણે અમને અંદર જગ્યા મેળવવામાં અડધો કલાક મોડું થયું અને પાછળથી ભોજનખંડમાં અમે ગયા ત્યારે પણ આનંદ ને કોલાહલથી ભરેલા આ લોકોએ વેઈટરોના પીરસવાના કાર્યમાં પણ ભારે વિક્ષેપ કર્યો. હું આના વિરોધમાં કાંઈક કહેવા જતો હતો એ જ વખતે મારો સાથીદાર, જે ડૉકટર હતો, મારી તરફ ફરી એક સહાનુભૂતિભર્યું સ્મિત કરી બોલ્યો:

"આ લોકોએ જ હિટલરના અમલ નીચે અને યુદ્ધમાં સહન કર્યું હતું. આજે ફરી આ ભલા લોકો આનંદ માણી રહ્યા છે એ જોવાનું સુખદ નથી?"

મારા મિત્રની વિચારવાની રીત કેટલી સાચી હતી?

આપણા જ વિચારોમાં આપણને ઘડવાની ને સંહારવાની બંને શકિત છે. આપણે આપણા વિષે જરા ઓછો ને બીજા વિષે વધુ વિચાર કરવાનો, આ ફળવતી સમૃદ્ધ ભૂમિમાં આપણને મળેલી સંપત્તિ નીરખવાનો, જાત પ્રત્યેની દયાભાવનાની સામે મનને કેળવવાનો, દેહધામ અને ચિંતાના યુગમાં જિંદગીનાં શાંતિમય આશ્વાસનોને સ્વીકારવા ને પ્રશંસવાનો નિર્ણય કરીએ તો?

એ. જે. ક્રોનિન

અનુવાદક: ભારતેન્દુ

# અભણ સરસ્વતી

આલ્બર્ટ આઈન્સ્ટીને ૧૯૩૨ના જુલાઈની ૩૦મી તારીખે એક પત્ર લખેલો. કહેવાતા બુદ્ધિમાનો માત્ર છાપેલા પાન પરથી જ બચી 'સિન્થેટિક' માહિતી ભેગી કરે અને એ વાતો પર મરી પડે તે સામે પોતાનો રોષ એમણે પત્રમાં ઠાલવેલો. દુનિયા પર જે કાંઈ જાણવાનું છે તે બધું 'વાયા પુસ્તક' જ મળી રહે ખરું? આપણા દેશમાં દર સાત વ્યક્તિઓ માંડ બે વ્યક્તિ ભણેલી હોય છે. સ્ત્રીઓની વાત કરીએ તો દર અગિયાર સ્ત્રીએ માંડ બે સ્ત્રી ભણેલી હોય છે. દેશમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૦ ટકાથી પણ ઓછું છે અને પંચવર્ષીય યોજનાઓ સાથે નિરક્ષર લોકોના ટકા ઘટે છે પણ વસતિ-વધારો એવો છે કે નિરક્ષરોની સંખ્યા વધતી જ રહે છે. વળી 'સાક્ષરતા'ની આપણી વ્યાખ્યા એટલી તો ઉદાર છે કે આટલા ટકાય મોટી ફાંદવાળા માણસના વજન જેવા.

મધ્ય પ્રદેશના હોશંગાબાદ જિલ્લાના મેલખડી ગામને નર્મદાનું પૂર ઘેરી વળ્યું ત્યારે એક જગ્યાએ દોઢસો જેટલા માણસો સપડાયા. ગામના માછીમારોએ મોટી હોડી આપવાની ના પાડી. ગામની સરસ્વતી નામની એક મત્સ્યકન્યાએ પથારીવશ બાપની હોડી લઈ માણસોને સલામત સ્થળે ખસેડવા માટે અનેક ખેપો કરી. બધા જ બચી ગયા. સરસ્વતી નિરક્ષર હોય તોય એને અશિક્ષિત કહેવી એ શિક્ષણની વિડંબના કરવા જેવું છે. એ ચીલાચાલુ અર્થમાં ભણેલી હોત તો કદાચ આવી હિંમત ન પણ કરત. બે પ્રશ્નો ઊઠે છે: બધા ભણેલા શિક્ષિત હોય જ એવું ખરું? બધા અભણ અશિક્ષિત જ હોય એવું ખરું? વિચારીએ.

અક્ષરજ્ઞાન એ શિક્ષણનું એક સાધન ખરું પણ તે એકમાત્ર સાધન નથી. વળી 'શિક્ષણ' અને 'અક્ષરજ્ઞાન' એ પર્યાય શબ્દો પણ નથી. 'શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન' એવું સમીકરણ આપણા મનમાં એવો તો કબજો જમાવી બેઠું છે કે આપણે એનાથી મુક્ત થઈ શકતા નથી. નારાયણ દેસાઈનો પુત્ર એકવાર બાપને કહેતો હતો કે એના જમાનામાં લખવાનું 'આઉટ ઑફ ડેઈટ' થઈ ગયું હશે. એવું બને કે ભવિષ્યમાં ટાઈપ કરવા માટે માત્ર અક્ષરો ઓળખતાં આવડે એટલું જ પૂરતું બને. બાળકોને આંક પાકા કરાવવા મરી પડનારાં માબાપ તથા શિક્ષકોને ભવિષ્યમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર લખીને અને ગણીને કરવાની જરૂર નહીં રહે એ સમજાવવું મુશ્કેલ બને છે. આજે પણ એશિયાના ઘણા-ખરા દેશોમાં બધી દુકાનોમાં એબેકસ (મણકા ખસેડીને હિસાબ કરવાનું સાધન) વપરાય છે, જેની કિંમત માંડ એક ડોલર હોય. ગજવામાં રહી શકે એવું વિદ્યુત ગણતરીયંત્ર હવે હજાર જેટલા રૂપિયામાં મળે છે. આમ લેખન અને ગણનના 'ભાવ' ભવિષ્યમાં ઘટતા જશે.

એક રીતે જોઈએ તો 'સાક્ષરતા' (literacy) મકલૂહાનના પૈગામ પર સવાર થઈને 'માધ્યમતા' (mediacy) નો લેબાસ ધારણ કરી રહી છે. કયૂબા, નાઈજીરિયા અને આઈવરી કોસ્ટ જેવા દેશોમાં કહેવાતી સાક્ષરતાને કોરાણે મૂકી ખેડૂતોને ટેલિવિઝન પર શિક્ષણ આપવામાં આવે છે. ખેતીની નવી તરકીબોનો પ્રચાર ટેલિવિઝન પરથી થાય છે અને એ રીતે લાભેલો ખેડૂત પછી પોતાનાં બાળકોને નિશાળે મોકલવા ઉત્સુક બને છે. હરિયાણામાં ટેલિવિઝન ખરીદવા માટે ગ્રામપંચાયત તરફથી સબસીડી મળે છે. બી.બી.સી. પર 'Has Book a Future?' નામનો કાર્યક્રમ પ્રસારિત થયો હતો. બ્રિટિશ મ્યુઝિયમની વિશાળ લાયબ્રેરીની અભરાઈ દર વર્ષે પાંચ કિલોમીટર જેટલી લંબાવવી પડે છે. કામના એક જ દિવસે માત્ર ઈંગ્લાંડમાં ૧૨૬ પુસ્તકો બહાર પડે છે. કેટલું વાંચીશું? ક્યારે વાંચીશું? બધું વાંચીને પાગલ તો નહીં થઈ જઈએ?

ભારતમાં વાચન કરતાં શ્રવણનો મહિમા હતો. બે વેદ મોઢે કરનારા દ્વિવેદી (દુબેજી), ત્રણ મોઢે કરનારા ત્રિવેદી (તરવાડી) અને ચારને ચાવી જનારા ચતુર્વેદી (ચૌબેજી)ની બોલબાલા હતી. શ્રુતિ અને સ્મૃતિની જબરી પ્રતિષ્ઠા હતી. કદાચ તેથી જ ભારતમાં વિદ્વાનને માટે 'બહુશ્રુત' અને અંગ્રેજીમાં 'well read' શબ્દો પ્રચલિત થયા. કાગળની શોધ થઈ ત્યાં સુધી માણસે માટીના ચોસલા પર, ઘેટાંના ઊન પર અને ચામડા પર લખ્યું. કાગળે જ્ઞાનને 'પૅક' કરવાનું શક્ય બનાવ્યું. ત્યારથી શ્રવણનો મહિમા ઘટતો રહ્યો અને સ્મરણનો મહિમા પણ ઓસર્યો. હવે માઈક્રોફિલ્મ અને માઈક્રોફિશ દ્વારા એક લાયબ્રેરી સમાવી શકે એટલું એક કબાટમાં સમાવી શકાય છે. બે-ત્રણ વર્ષ પર એક જૈન મુનિએ ખાદીગ્રામોદ્યોગ બોર્ડ પાસે ૨૦૦૦ વર્ષ ટકી શકે એવા કાગળની માગણી કરી. બોર્ડે તેવો કાગળ પૂરો પાડ્યો પણ છે. (૨૦૦૦ વર્ષ કાગળ ન ટકે તો પૈસા પાછા એવું બોર્ડ કહી શકી હોત!)

ન ભૂલીએ કે દુનિયાનો જાણીતો બંધ બાંધનારો અને આપણો ભાકરા નાંગલ બંધ બાંધનારો હાર્વે સ્લોકમ નિશાળે નહોતો ગયો. સૌરાષ્ટ્રના એક જૈન મુનિએ આપાસરાની ડિઝાઈન જાતે (એ વિષયના ભણતર વગર જ) તૈયાર કરેલી જેને એ વિષયના જાણકારોએ ખૂબ વખાણેલી. મુંબઈના ભૂતપૂર્વ ગવર્નર સ્વ. શ્રીપ્રકાશે એક યાદ રહી જાય તેવી વાત કરેલી. એમણે ગવર્નર તરીકે પરદેશી મહાનુભાવોને જે જે ભેટો આપેલી તેમાંની એક પણ ભેટ એવી ન હતી જે 'ભણેલા' માણસે બનાવી હોય! મહાત્મા ઑગસ્ટિન કહેતા કે: 'દુનિયા એક મહાન પુસ્તક છે; જેઓ ઘરની બહાર કદી નીકળતા નથી તેઓ એ પુસ્તકનું એક જ પાનું વાંચવા પામે છે.' આ અર્થમાં સરસ્વતીને 'અભણ' કહી શકીશું ખરા? એણે દુનિયાની કિતાબનું એક જ પાનું વાંચ્યું હોત તો?

કવિના શબ્દોમાં 'જ્ઞાન, ગુમાનની ગાંસડી' કહેવાતા શિક્ષિતોના મન પરથી ઊતરે તો હળવાશ પણ એમને જ મળશે.

ડૉ. ગુણવંત શાહ

## સદાચારનું નવનિર્માણ

આજની આર્થિક, સામાજિક અને રાજકીય બધી સમસ્યાઓનું મૂળ, સમષ્ટિહિતની દૃષ્ટિએ મુખ્યપણે વિચાર કર્યા વિના, અંગત કે વૈયક્તિક હિતની દૃષ્ટિએ જ વિચાર કરવામાં અને એવા વિચારને આધારે પડેલ સંસ્કારો પ્રમાણે વર્તવામાં રહેલું છે. તો પછી પ્રશ્ન એ જ વિચારવાનો રહે છે કે એવો કયો દૃષ્ટિકોણ છે કે જેને આધારે સદાચારનું નવું નિર્માણ જરૂરી છે?

ઉત્તર જાણીતો છે અને તે જમાનાઓ પહેલાં અનેક સંતોએ વિચાર્યો પણ છે. દરેક પંથના મૂળમાં એનું બીજ પણ છે અને છેલ્લે છેલ્લે મહાત્મા ગાંધીજીએ એને જીવન દ્વારા મૂર્ત પણ કરેલ છે. એ સિદ્ધાન્ત એટલે પ્રત્યેક વ્યક્તિએ સમષ્ટિહિતની દૃષ્ટિએ જ વિચારતાં અને વર્તતા શીખવું તે. જ્યાં જ્યાં વ્યક્તિગત અને સમષ્ટિગત હિતનો વિરોધ દેખાય ત્યાં ત્યાં સમષ્ટિના લાભમાં વ્યક્તિએ અંગત લાભ જતો કરવો એ જ બધી સમસ્યાઓનો ઉકેલ છે... કુટુંબ, નાત, અને શિક્ષણ – સંસ્થાઓ બધાં મારફત આ એક જ સંસ્કાર પોષવો અને વિકસાવવો આવશ્યક છે કે સમષ્ટિનું હિત જોખમાય તે રીતે ન વિચારાય, ન વર્તાય. આ સંસ્કારને આધારે જ હવે સદાચારો યોજવામાં આવે તો જ આજની જટિલ સમસ્યાઓનો કાંઈક ઉકેલ આવી શકે, અન્યથા કદી નહિ.

પંડિત સુખલાલજી

# ટાગોર અને ગાંધીજી

એવી એક માન્યતા છે કે જાહેર જીવનમાં સાધનશુદ્ધિનો આગ્રહ રાખનાર ગાંધીજી પ્રથમ હતા. એ ખરું છે કે જાહેર જીવનમાં સાધનશુદ્ધિનો મહદ્ અંશે અમલ કરાવનાર ગાંધીજી પ્રથમ હતા. પણ ગાંધીજી ૧૯૧૫ માં ભારત આવ્યા તે પહેલાં, વર્ષોથી ટાગોરે નીડરતાપૂર્વક સાધનશુદ્ધિનો આગ્રહ રાખ્યો હતો તે બહુ થોડાને ખબર છે. તેને માટે ટાગોરને ઘણું સહન કરવું પડ્યું હતું. તેમને વિષે ભારે ગેરસમજૂતી થઈ હતી. તેમની દેશભક્તિ વિષે શંકા લાવવામાં આવતી હતી. લોકપ્રશંસા કે નિંદાની લેશ પણ પરવા કર્યા વિના ટાગોરે બુલંદ અવાજે સત્યનો પોકાર કર્યો હતો. સ્વદેશી ચળવળ ૧૯૦૬-૭ માં શરૂ થઈ ત્યારે તેમાં ખૂબ ઝનૂન, હિંસા, વેરઝેર અને અસત્યનાં તત્ત્વો દાખલ થયાં. દેશપ્રેમને નામે આ બધું ચાલતું. ટાગોરનો આત્મા કકળી ઊઠ્યો. તેમની પ્રખ્યાત નવલકથા 'ગોરા'માં આવા માનસની ઝાટકણી કાઢી. સ્વદેશી ઉપરના લેખોથી પ્રજાને ચેતવણી આપી. તે જ પ્રમાણે કૉંગ્રેસમાં મોડરેટોથી કંટાળી, બંગાળ, પંજાબ વગેરે પ્રાન્તોમાં યુવાનો ત્રાસવાદી - ટેરરિસ્ટ - પંથે વળ્યા હતા અને અંગ્રેજોનાં ખૂન કરી, શહીદ થતા. આવા શહીદો પ્રત્યે સ્વાભાવિક રીતે લોકોનો આદર અને સહાનુભૂતિ રહેતાં. ટાગોરે આવા માર્ગ પ્રત્યે પણ પોતાનો બુલંદ અવાજ ઉઠાવ્યો. માણિકતલ્લામાં બૉમ્બનું કારખાનું મળી આવ્યું અને ૧૯૦૮માં મુઝફ્ફરપુરમાં બે અંગ્રેજ સ્ત્રીઓનાં બૉમ્બથી મૃત્યુ થયાં ત્યારે કવિવરે જાહેરમાં લેખોદ્વારા અને ખાનગી રીતે, આ માર્ગ ખોટો છે તેવું ભારપૂર્વક કહ્યું. તે બાબતમાં ટાગોરના કેટલાક પત્રો હમણાં પ્રકટ થયા છે તે મનનીય છે. એક બહેન આવા શહીદોથી બહુ પ્રભાવિત થયાં હતાં. તેમને ઉદ્દેશીને લખેલ ત્રણ પત્રોનો ભાઈ નગીનદાસ પારેખે કરેલ અનુવાદ 'સંસ્કૃતિ'ના ડિસેમ્બરના અંકમાં પ્રકટ થયો છે તે અહીં આપું છું.

૨૪-૧૨-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

[૧]

ૐ જોડાસઁકો

કલ્યાણીયાસુ,

માત: એટલું નિશ્ચય યાદ રાખજે કે પોતાના કે પરિવારના કે દેશના કામ માટે ધર્મનું ઉલ્લંઘન કરીએ તો ઈશ્વર માફ નહિ કરે. મોટો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે પણ જો પાપનો આશરો લઈએ તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું જ પડે છે. વિધાતાના એ નિયમની વિરુદ્ધ બળવો કરવો વ્યર્થ છે. દેશની જે દુર્ગતિ અને દુ:ખ આપણે આજ સુધી ભોગવતા આવ્યા છીએ તેનું ઊંડું કારણ આપણી—પ્રજાની અંદર રહેલું છે - ગુપ્ત કાવતરા દ્વારા સ્ત્રીપુરુષની હત્યા કરીને આપણે તે કારણ દૂર કરી શકવાના નથી, આપણાં પાપનો બોજો સતત વધતો જ જશે.

આ મામલામાં જે કાચી ઉંમરનાં બાળકો અને વિચલિત બુદ્ધિના યુવકોને સજા થઈ છે તેમને માટે હૃદય વ્યથા પામ્યા વગર રહી શકતું નથી - પરંતુ એટલું યાદ રાખવું જોઈશે કે આ સજા આપણી બધાની સજા છે - ઈશ્વરે આપણને એ વેદના દીધી છે - કારણ, વેદના વગર પાપ ધોઈ શકાતું નથી - સહિષ્ણુતા-પૂર્વક એ બધું જ આપણે સહી લેવું પડશે—અને ધર્મના પ્રશસ્તર માર્ગનું જ અવલંબન કરવું પડશે. પાપને માર્ગે રસ્તો ટૂંકો થાય છે એવો આપણા મનમાં ભ્રમ થાય છે તેથી જ અધીરા થઈને આપણે તે તરફ દોડીએ છીએ, પરંતુ ઉતાવળ કરવા જતાં જ સફળતાને જતી કરીએ છીએ. આજે આપણો રસ્તો પહેલાં કરતાં અનેકગણો લાંબો થઈ ગયો છે - હવે ફરી આપણે અનેક દુ:ખ, અનેક બાધા, અનેક વિલંબમાં થઈને જવું પડશે. ઈશ્વરની ઇચ્છા આગળ માથું નમાવીને ફરી વાર આપણે યાત્રા શરૂ કરવી પડશે — ગમે એટલાં કષ્ટ આવે, રસ્તો ગમે એટલો લાંબો હોય તો ય અવિચલિત ચિત્તે આપણે ધર્મનું જ અનુસરણ કરીએ. બધી દુર્ઘટનામાં, બધા ચિત્ત-ક્ષોભમાં ઈશ્વર આપણને એવી શુભબુદ્ધિ આપો. એ જ.

૨૩ મી વૈશાખ ૧૩૧૫. આશીર્વાદક

**શ્રી રવીન્દ્રનાથ ઠાકુર**

*

[૨]

૧૫ મે ૧૯૦૮ ૐ જોડાસઁકો

કલ્યાણીયાસુ,

માત: તેં જે અઘરા પ્રશ્નનો ઉત્તર જાણવા માગ્યો છે, તે એક પત્રમાં વિસ્તારપૂર્વક સમજાવવું સંભવિત નથી. હું એ વિશે એક નિબંધ લખવા તૈયાર થયો છું, તેમાં મારો મત બને એટલો સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશ. ઘણે ભાગે 'ભારતી'માં એ પ્રગટ થશે અને જો એમ કરવું જોઈએ એમ લાગશે તો કોઈ સભામાં પણ તે વાંચું. ઉદાર દૃષ્ટિએ જગતની ઘટનાઓને મોટા સ્વરૂપમાં જોતી રહેજે. બધાં વિઘ્નો - વિપત્તિઓ અને અસહ્ય દુ:ખ-તાપની વચ્ચે પણ ઈશ્વરની મંગલ ઇચ્છા પ્રત્યે વિશ્વાસ દૃઢ રાખી તારું કરુણાપૂર્ણ વ્યથિત ચિત્ત સાન્ત્વના પામો, એવો હું આશીર્વાદ આપું છું. એ જ.

૨ જી જ્યેષ્ઠ ૧૩૧૫.

શુભાનુધ્યાયી

**શ્રી રવીન્દ્રનાથ ઠાકુર**

[૩]

૩૦ મે ૧૯૦૮ ૐ કલકત્તા.

કલ્યાણીયાસુ,

માત: સર્વદા ઈશ્વર તરફ મન વળેલું રાખવું, તેમના મોં તરફ જોઈ રહેવું, અને સમસ્ત કર્તવ્યને તેમનું કામ માની ધૈર્ય-પૂર્વક આનંદની સાથે કર્યે જવું, એ સિવાય સંસારમાં શાંતિનો બીજો શો ઉપાય છે એ હું જાણતો નથી. કોઈ કોઈ માણસો ઈશ્વરનું ક્ષણે ક્ષણે સ્મરણ કરાવવા માટે કોઈ કોઈ મંત્રનો આશ્રય લે છે. રામમોહનરાય બધા ચિત્તક્ષોભમાંથી પોતાને પાર ઉતારવા માટે ગાયત્રીમંત્રનું અવલંબન લેતા હતા. જ્યારે પણ તેમનું મન કોઈ કારણે ચંચળ થઈ જતું ત્યારે તેઓ એ મંત્ર મનમાં મનમાં યાદ કરતા અને ક્ષુદ્ર સંસારના બધા બંધનથી બચીને મુક્તિક્ષેત્રમાં પહોંચી જતા. હું પણ ઉપનિષદના કોઈ કોઈ શ્લોકનું એ રીતે આશ્રય તરીકે અવલંબન લઉં છું. એ રીતે કોઈ કોઈ મંત્ર તોફાનને વખતે સુકાનના જેવું કામ કરે છે.

મારો પ્રબંધ સભામાં વંચાઈ ગયો છે. પુસ્તિકાકારે છપાય છે—તને એકબે દિવસમાં જ મોકલી આપીશ. એટલું યાદ રાખજે કે પોતાને માટે શું કે દેશને માટે શું, જે સર્વોચ્ચ સત્ય છે તે જ એક-માત્ર સત્ય છે. કોઈ તાત્કાલિક ક્રોધથી, લોભથી કે કોઈ ક્ષુદ્ર વૃત્તિની ઉશ્કેરણીથી ધર્મને હલકો પાડવા જતાં કદી મંગલ થઈ શકતું નથી. પોતાના પ્રયોજન કે વૃત્તિ અનુસાર ધર્મ ઉપર હસ્તક્ષેપ કર્યા વગર મરુભૂમિના માર્ગે ધ્રુવતારાની પેઠે એકાગ્ર લક્ષ્યથી તેના તરફ નજર રાખીશું તો દુ:ખ પામીએ કે ગમે તે પામીએ છતાં રસ્તો ભૂલીને વિનાશના મુખમાં તો નહિ પડવું પડે, એ જ.

૧૭ મી જ્યેષ્ઠ ૧૩૧૫. શુભાનુધ્યાયી

**શ્રી રવીન્દ્રનાથ ઠાકુર**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧૬, ૧૯૭૪ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ સંસ્થા કૉંગ્રેસ અને શાસક કૉંગ્રેસ ☆

શ્રી કામરાજે પૉંડિચેરી અને તામિલનાડુની પેટા–ચૂંટણીઓ અંગે ઈંદિરા ગાંધી સાથે સમજૂતી કરી છે તેની ભૂમિકા સમજાવતો શ્રી મોરારજીભાઈનો એક વિગતવાર લેખ ગુજરાત સંસ્થા કૉંગ્રેસ પત્રિકામાં પ્રકટ થયો છે તે આ અંકમાં અન્યત્ર આપ્યો છે. આ સમજૂતીથી સંસ્થા કૉંગ્રસના ભાવિ વિશે શંકાઓ અને ગૂંચવાડો પેદા થયાં છે તે દૂર કરવા અને બન્ને કૉંગ્રેસના જોડાણનો કોઈ પ્રશ્ન છે જ નહિ, પણ આવું પગલું સંસ્થા કૉંગ્રેસ તથા સમગ્ર દેશ માટે આપઘાતજનક અને બદનામી કરનારું નીવડશે એમ મોરારજીભાઈએ જણાવ્યું છે.

શ્રી કામરાજે જે સમજૂતી કરી, તેનો અસ્વીકાર કરવાને સંસ્થા કૉંગ્રેસની કારોબારી અશક્તિમાન હોવાને કારણે એનો સ્વીકાર કર્યો છે. કારોબારીના મોટા ભાગના સભ્યો આવી સમજૂતીથી વિરુદ્ધ હતા, પણ કામરાજની પ્રતિષ્ઠાનો સવાલ હતો અને સભ્યો કામરાજને ગુમાવવા તૈયાર ન હતા, તેથી લાચારીપૂર્વક સ્વીકાર કર્યો છે. આ સમજૂતી કેવી રીતે થઈ અને સંસ્થા કૉંગ્રેસની કારોબારીએ તેનો સ્વીકાર કેવી રીતે કર્યો તેની હકીકતો મોરારજીભાઈએ રજૂ કરી છે તે કાંઈક આશ્ચર્યજનક છે. બેંગલોરમાં કૉંગ્રેસ કારોબારી મળી ત્યારે કામરાજ અને ઈન્દિરા ગાંધી વચ્ચે મુલાકાત થઈ ગઈ હતી, પણ કારોબારીમાં તેમણે કહ્યું કે કોઈ મહત્ત્વની વાતો થઈ નથી. બીજી મુલાકાત યોજાશે કે નહિ તે અંગે પણ તેમને માહિતી ન હતી. છતાં વડા પ્રધાન સાથે ચૂંટણી–સમજૂતી કરી હતી તે જણાવ્યું, પણ કારોબારીના મોટા ભાગના સભ્યોની અસંમતિ હોવાથી વાત દિલ્હી બેઠક ઉપર મુલતવી રહી. દિલ્હીમાં કારોબારીના મોટા ભાગના સભ્યોએ શાસક કૉંગ્રેસ સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરવાનો વિરોધ કર્યો હતો. આ અંગે નિર્ણય કરવાની સત્તા કૉંગ્રેસપ્રમુખ શ્રી અશોક મહેતા અને શ્રી કામરાજને સોંપી હતી. મોરારજીભાઈએ આ ઠરાવનો વિરોધ કર્યો હતો. સમજૂતીના વિરોધી હતા એવા સભ્યોએ આ ઠરાવને ટેકો આપ્યો, એવી આશાએ કે કામરાજ બહુમતીના મંતવ્યની અવગણના કરશે નહિ. ત્યાર બાદ કામરાજ વડા પ્રધાનને મળ્યા અને મર્યાદિત ચૂંટણી–સમજૂતી કરી. નિર્ણય કરતાં પહેલાં એમણે શ્રી અશોક મહેતાની સલાહ પણ ન લીધી, છતાં અશોક મહેતાએ આ સમજૂતીનો સ્વીકાર કર્યો.

મોરારજીભાઈ જણાવે છે કે ગેરશિસ્ત અને દગાખોરીથી શાસક કૉંગ્રેસ અસ્તિત્વમાં આવી ત્યારથી સંસ્થા કૉંગ્રેસને વેરવિખેર કરવાના પ્રયાસો સતત ચાલુ રાખ્યાં છે. તામિલનાડુમાં ૧૯૭૧માં કામરાજની નેતાગીરી ખતમ કરવા ડી. એમ. કે.ને શરણે ગઈ હતી. કામરાજ સાથે પૉંડિચેરી વિશે સમજૂતી કરવામાં પણ શાસક કૉંગ્રેસનું ધ્યેય ઉત્તર પ્રદેશમાં સંસ્થા કૉંગ્રેસને નિર્બળ કરવાનું અને સંસ્થા કૉંગ્રેસના કાર્યકરોમાં ગૂંચવાડો ઊભો કરવાનું છે. મોરારજીભાઈના જણાવવા પ્રમાણે તામિલનાડુ અને પૉંડિચેરીમાં શાસક કૉંગ્રેસને સફળતા પ્રાપ્ત થાય તો અન્ય રાજ્યોમાં સંસ્થા કૉંગ્રેસ પર પ્રતિકૂળ અસર થાય તેની કામરાજ ચિન્તા કરતા નથી. માર્ક્સવાદીઓ, અકાલીઓ, ડી. એમ. કે., મુસ્લિમ લીગ અને જમણેરી સામ્યવાદીઓની સહાય મેળવી, ગમે તે પદ્ધતિનો આશ્રય લઈ શાસક કૉંગ્રેસ સત્તા ટકાવી રાખે છે એની કામરાજ કોઈ ચિન્તા કરતા નથી. શાસક કૉંગ્રેસ કોઈબ્બતુરમાં સંસ્થા કૉંગ્રેસને સહાય ન કરે અને કામરાજ માટે ખરાબ પરિસ્થિતિ સર્જાય તેવી રીતે વર્તે તો મોરારજીભાઈને આશ્ચર્ય નહિ થાય. આ બધું છતાં કામરાજે શા માટે આવી સમજૂતી કરી? મોરારજીભાઈના કહેવા પ્રમાણે છેલ્લાં ત્રણ વર્ષથી કામરાજે તેમની પ્રવૃત્તિઓ તામિલનાડુ પૂરતી મર્યાદિત રાખી છે. તેમની તબિયત સારી રહેતી નથી. "શ્રી કામરાજને તામિલનાડુમાં પોતાની સ્થિતિ અંગે ચિન્તા હોઈ આ વસ્તુ (ઉપર જણાવેલ બધાં પરિણામો) તેઓ જોઈ શકતા નથી."

શ્રી મોરારજીભાઈ કહે છે તે ખરું હોય તો કામરાજ પોતાની સ્થિતિનો જ વિચાર કરે છે, સંસ્થા કૉંગ્રેસનો વિચાર કરતા નથી; તામિલનાડુ પૂરતો જ વિચાર કરે છે, દેશનો વિચાર કરતા નથી. પોતાના સાથીઓનો વિરોધ હોવા છતાં, આવી સમજૂતી કરી.

કામરાજના આવા પગલા પાછળ મોરારજીભાઈ જણાવે છે તેવા નહિ પણ બીજા જ કારણો હોય એમ ન બને? મોરારજીભાઈ કહે છે, "મને ખબર છે કે અત્યારના સંજોગોમાં હતાશ થયેલા ત્રણચાર કૉંગ્રેસી નેતાઓ બે કૉંગ્રેસના જોડાણને ટેકો આપે છે." ઈન્દિરા ગાંધીથી નારાજ થવાનું મોરારજીભાઈને કારણ છે તેના કરતાં કામરાજને ઓછાં કારણો નથી, કદાચ વધારે છે. મોરારજીભાઈ પોતે કહે છે: "૧૯૬૬ અને ૧૯૬૭માં ઈન્દિરાજીને વડા પ્રધાન બનાવવામાં મુખ્ય ભાગ ભજવનાર શ્રી કામરાજ હતાશ થયા કારણકે ઈન્દિરાબહેને દેશનાં વડા પ્રધાન બન્યા પછી તરત જ એમની અવગણના કરી, એમના અહંને ધક્કો માર્યો. વળી તેમની નીતિરીતિ પણ શ્રી કામરાજને પરાંદ આવી નહિ." આ બધું હોવા છતાં જો શ્રી કામરાજે વડા પ્રધાન સાથે આવી સમજૂતી કરવાનું યોગ્ય માન્યું તો તામિલનાડુમાં પોતાના સ્થાન માટે નહિ પણ ખરેખર દેશના હિતમાં કર્યું છે એમ કેમ ન માનવું? ગુજરાત અને તામિલનાડુ સિવાય અન્ય રાજ્યોમાં સંસ્થા કૉંગ્રેસ નામશેષ છે. બીજા કૉંગ્રેસી નેતાઓ પણ બે કૉંગ્રેસનું જોડાણ ઈચ્છતા હોય તો તે હતાશામાંથી નહિ પણ દેશના હિત માટે જરૂરી છે એમ કેમ ન બને? રામસુભગસિંગ, તારકેશ્વરી સિંહા, સંજીવ રેડ્ડી, નિજલિંગપ્પા એસ. કે. પાટિલ બધા હતાશામાં છે? મોરારજીભાઈએ પોતે જ સાચું કારણ આપ્યું છે કે આમ કરવાથી સામ્યવાદી પક્ષને શાસક કૉંગ્રેસથી

અળગો કરી શકાશે એમ કામરાજ માને છે. મોરારજીભાઈ જેને આપઘાતજનક અને બદનામી કરનારું પગલું માને છે તે જ કદાચ સાચું પગલું હોય તેમ ન બને? ભૂતકાળ ભૂલી જઈ, બધું ગળી જઈ, દેશના હિતનો જ વિચાર મુખ્ય રાખી, કામરાજ આ દિશામાં જતા હશે તેમ શા માટે ન માનવું? કામરાજને કોઈ સ્વાર્થી કે મૂરખ નહિ જ કહે. કામરાજ નબળા મનના માનવી નથી. દેશદાઝ તથા ગરીબો માટે હમદર્દી કોઈના કરતાં તેમની ઓછી નથી. મોરારજીભાઈએ વાજબી કહ્યું છે કે તામિલનાડુની આમજનતામાં તેમના વિશે ખૂબ જ આદર છે. મોરારજીભાઈ કહે છે કે તામિલનાડુમાં શાસક કૉંગ્રેસની કોઈ તાકાત નથી અને કામરાજની સહાયથી શાસક કૉંગ્રેસ પોતાની જાતને સ્થાપિત કરવા માગે છે. તો કામરાજને શાસક કૉંગ્રેસની ગરજ છે કે શાસક કૉંગ્રેસને કામરાજની? તામિલનાડુમાં સબળ પક્ષ કામરાજ છે કે શાસક કૉંગ્રેસ? તો શું કામરાજ પોતાની જાતને મૂરખ બનવા દે છે?

મોરારજીભાઈ કહે છે: "વડા પ્રધાન કે બીજા કોઈની પણ સાથે અમારે અંગત વેરઝેર નથી તેમ જ અંગત વેરઝેરના હિસાબો ચૂકતે કરવાનો સવાલ નથી." કામરાજ વિશે જરૂર કહી શકાય કે અંગત વેરઝેરનો હિસાબ ચૂકતે કરવા તેમણે આ પગલું ભર્યું નથી. બલ્કે પોતાની જાતને અળગી રાખી, દીર્ઘદૃષ્ટિથી ભવિષ્યનો વિચાર કર્યો છે.

ગુજરાતમાં સ્થિતિ કાંઈક જુદી છે, અને ૩-૪ મહિનાથી આ સ્થિતિએ સારો એવો પલટો લીધો છે. તેથી મોરારજીભાઈ જોરમાં હોય તે સમજી શકાય તેવું છે. ઘનશ્યામભાઈ ઓઝાની આગેવાની જે રીતે બદલવામાં આવી તેનાં પરિણામો ટૂંક સમયમાં જ દેખાયાં છે. ગુજરાતમાં સંસ્થા કૉંગ્રેસને સનિષ્ઠ કાર્યકર્તાઓનું જૂથ છે. ગુજરાતમાં આગેવાની બદલવામાં ઈન્દિરા ગાંધીએ જે વલણ લીધું તેથી શાસક કૉંગ્રેસના ઘણા કાર્યકર્તાઓ ખૂબ નારાજ થયા છે. શાસક કૉંગ્રેસનું સંગઠન ગુજરાતમાં થયું ન હતું, તેમાં આ ઘા પડ્યો. સિતમ મોંઘવારી રાને બીજાં કારણો પણ આવી મળ્યાં.

ઈન્દિરા ગાંધીએ જે પ્રતિભા ઊભી કરી હતી તેને ઘણી ઝાંખપ લાગી છે. તેમની નીતિરીતિથી શાસક કૉંગ્રેસમાં પણ ભારે અસંતોષ છે. આપેલાં વચનોનો અંશ પણ અમલ કરી શકાયાં નથી. ભ્રષ્ટાચાર વધ્યો છે. સ્થિતિ અનહદ વણસી છે. ઉપાય શો છે? ઈન્દિરા ગાંધીને હટાવવા એ એક જ માર્ગ છે કે સાથે મળી કામ કરવાનો કોઈ અવકાશ છે? દેશના હિતમાં શું છે? આ વિશે તીવ્ર મતભેદને અવકાશ છે. જનસંઘ, સ્વતંત્ર પક્ષ, ડાબેરી સામ્યવાદીઓ, ઈન્દિરા ગાંધીના પરાજય સિવાય બીજો કોઈ વિચાર ન કરે તે સમજી શકાય છે. સંસ્થા કૉંગ્રેસ માટે પણ આ જ માર્ગ છે? ભાવનગરમાં સંસ્થા કૉંગ્રેસે જનસંઘ સાથે સમજૂતી કરી. મુંબઈની લોકસભાની પેટા-ચૂંટણીમાં સંસ્થા કૉંગ્રેસ જનસંઘના ઉમેદવારને ટેકો આપે છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં સ્થળે સ્થળે જનસંઘ તોફાનો કરાવે છે. શું સંસ્થા કૉંગ્રેસને શાસક કૉંગ્રેસ કરતાં જનસંઘની નીતિરીતિ સાથે વધારે મેળ છે? કૉંગ્રેસનું વિભાજન સિદ્ધાંતભેદને કારણે ન હતું પણ વ્યક્તિઓનો સંઘર્ષ હતો. પુનર્વિચારણા કરવાનો સમય આવ્યો છે. ઈન્દિરા ગાંધીને હટાવવાં હશે તો પણ સંઘર્ષ તુમુલ હશે અને તેમાં સફળતા મળી તો ય શું? ઈન્દિરા ગાંધીને પણ આ ચાર વર્ષનો અનુભવ વ્યર્થ તો નહિ જ ગયો હોય? તેમના અનેક મહાન દોષો છતાં, એમની શક્તિનો લાભ દેશ ન જ લઈ શકે? જે સ્વાર્થી, અપ્રામાણિક વ્યક્તિઓથી તેઓ વીંટળાયાં છે તેમાંથી તેમને મુક્ત કરાવવાં હોય તો તેમનો નિતાન્ત વિરોધ કરીને તો નહિ જ થાય. અંતે તો આ લોકશાહી માળખું છે અને પ્રજામતની સંપૂર્ણ અવગણના કરવી કોઈ આગેવાન માટે શક્ય નથી. દેશની સમક્ષ ગંભીર કટોકટી ખડી થઈ છે ત્યારે વડીલ આગેવાનો અને આપણે સૌ દેશહિતનો જ વિચાર કરીએ તો કટોકટીમાં પહોંચી વળવાનું સામર્થ્ય આ પ્રજામાં હજી છે.

૮-૧-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## સૌથી મોટો ભય—અરાજકતા

મોંઘવારી અનહદ વધતી જાય છે. ઊંચા ભાવે પણ ચીજવસ્તુઓ મળતી નથી. ભાવોને કાબૂમાં રાખવા અને જીવનની જરૂરિયાતની વસ્તુઓ પ્રજાને પૂરી પાડવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. પરિસ્થિતિ સ્ફોટક હદે પહોંચી છે. વધતા જતા ભાવો અને ચીજવસ્તુની અછત માટે કેટલાંક એવાં કારણો છે કે જેને માટે સરકાર જવાબદાર ન ગણાય. કેટલાંક એવાં કારણો છે કે જે સરકારની ખોટી નીતિને આભારી છે. નીતિ બરાબર હોય ત્યાં પણ તેનો અમલ થતો નથી અથવા કરી શકાતો નથી. કેટલાંક એવાં કારણો છે કે વિરોધ પક્ષો ઈરાદાપૂર્વક પ્રજાને ઉશ્કેરી પરિસ્થિતિ વિકટ બનાવે છે. પ્રજાના કેટલાક વર્ગો—વેપારીઓ—મોટા ખેડૂતો, મજૂરો, વિદ્યાર્થીઓ, આ પરિસ્થિતિનો પૂરો લાભ લે છે અને તેને વધારે વિકટ બનાવે છે. ભ્રષ્ટાચાર અને લાંચરુશવત વધતાં જાય છે. સરકારી તંત્ર શિથિલ અને ભાંગી પડવાની સ્થિતિ પર પહોંચી ગયું છે. આર્થિક ભીંસને કારણે સરકાર ઉપર પ્રજાનો રોષ વધતો જાય છે અને જરાપણ બહાનું મળે ત્યાં ઉશ્કેરણી સહેલી થાય છે. પરસ્પર દોષારોપણથી કોઈ ઉકેલ થાય નહિ. બંધો, મોરચાઓ, તોફાનો રોજિંદા બનાવો બની ગયા છે. પરિણામે અસામાજિક અને ગુંડા તત્ત્વોને છૂટો દોર મળી ગયો છે. આર્થિક મુશ્કેલીઓ કરતાં પણ અરાજકતાનો ભય વધારે ચિન્તાજનક છે. કાયદો અને વ્યવસ્થા તૂટી પડે તો પ્રજાની હાડમારી અને યાતનાઓનો પાર નહિ રહે. તોફાનો થાય ત્યારે પોલીસ અને રિઝર્વ પોલીસતંત્ર ભારે હાથે કામ લે તેમાં વધારે પડતા બળનો ઉપયોગ થાય, નિર્દોષ માણસોને સહન કરવું પડે અને પ્રજાનો રોષ વધે. ચારે તરફ જોઈએ તો સરકારનું અને પ્રજાના બધા વર્ગોનું વર્તન સર્વથા બિનજવાબદાર લાગે.

સરકાર એકલી આવી પરિસ્થિતિને પહોંચી નહિ શકે, વધારે વણસતી રહેશે. પ્રજાના જવાબદાર આગેવાનો, જેને કોઈ રાજકીય હેતુ ન હોય તેવી વ્યક્તિઓએ, પ્રજાને સાચું માર્ગદર્શન આપવું જોઈએ અને પ્રજા અને સરકાર વચ્ચેની કડી બની, સંઘર્ષ ઓછો કરવો જોઈએ. અળખામણાં થવું પડે તો પણ પ્રજાના જે વર્ગો ખોટે માર્ગે હોય તેને સાફ કહેવું જોઈએ. બારડોલીનો ખેડૂત ૧૦ ટકા લેવી પણ ન આપે અને હિંસક આંદોલન કરે તેને ટેકો ન જ અપાય. ૧૦ ટકા આપીને ૯૦ ટકા બજારભાવે વેચવાની છૂટ મળે છે. આટલી લેવી પણ સરકારને ન મળે તો રેશનશોપમાં ગરીબોને ઓછે ભાવે અનાજ ક્યાંથી આપે? પછી પાલખીવાળા જઈને બારડોલીના ખેડૂતોને મૂળભૂત અધિકારો ઉપર ભાષણ આપે અને ઉશ્કેરણી કરે તે નિભાવી ન લેવાય. જીવંકોના સિપાઈને પણ ઓછામાં ઓછો ૪૦૪ નો અને વધીને ૭૦૬ માસિક પગાર મળે, ક્લાર્કને ૫૧૪થી ૧,૪૪૭ પગાર મળે છતાં આંદોલન કરે તેને નિભાવી ન લેવાય. વિદ્યાર્થીઓ કૉલેજના મકાનો બાળે, જાહેર મિલકતોની તોડફોડ કરે તે નિભાવી ન લેવાય, વેપારી અછતનો લાભ લઈ નફાખોરી કરે અને કાળાં બજાર કરે તે નિભાવી ન લેવાય. રાજકીય પક્ષો, સત્તાલાલસાથી પ્રજાને અવળે માર્ગે દોરે તેની સામે પ્રજાને ચેતવવી પડે. પ્રજાના દરેક વર્ગે ભોગ આપવો પડે તેમ છે. કોઈ એક વર્ગને ભોગ આપવાનું કહીએ અને બીજા વર્ગો મોટા લાભો લેતા રહે તો ત્યાગનું વાતાવરણ ઊભું ન કરી શકીએ. મોટા વકીલો, ડૉક્ટરો કે એન્જિનિયરો અથવા વેપારીઓ વાર્ષિક લાખો રૂપિયાની આવક કરે—કાળાં બજારને બાદ રાખીએ તો પણ—અને પછી બીજા વર્ગોને ભોગ આપવાનું કહીએ તો પણ ન ચાલે. સરકાર આ બધું અટકાવી નહિ

શકે. પ્રજાને વહાલા થવા સરકારના દોષો જ આગળ ધરીશું અને પ્રજાના દોષો તરફ દુર્લક્ષ કરીશું તો અરાજકતા વધવાની છે. આવા નીડર, નિઃસ્વાર્થ, પ્રમાણિક આગેવાનો પ્રજાકીય સંગઠન કરી, પ્રજાને સાચું માર્ગદર્શન આપે તો સરકારની ખોટી નીતિ હોય ત્યાં સરકારને પણ કહી શકશે. અત્યારે ઘેરી નિરાશાનું વાતાવરણ છે તેમાં કાંઈક આશાનો સંચાર થાય.

**રાષ્ટ્રીય એકતા ક્યાં રહી?**

આઝાદી પછી, પ્રાન્તવાદ, ભાષાવાદ, કોમવાદ વધતા રહ્યા છે. દેશી રાજ્યોના વિલીનીકરણથી રાજકીય એકતા થઈ પણ સાચી ભાવાત્મક એકતા થવાને બદલે વિભાજક બળો જોર કરતાં રહ્યાં છે. આર્થિક સમસ્યાઓથી નવા પ્રવાહો શરૂ થયા છે. તેમાં એક છે, "સ્થાનિક" લોકોના હક્કો અને "બહારના" લોકોને હાંકી કાઢવા અથવા સર્વસામાન્ય આર્થિક લાભોથી વંચિત રાખવાની પ્રક્રિયા. મેઘાલયે તાજેતરમાં એક કાયદો કર્યો છે. મેઘાલયમાં બહારથી આવેલ લોકો જેનો ૧૨ વર્ષથી ઓછો વસવાટ હોય તેવાઓએ મેઘાલયમાં રહેવા પરમિટ મેળવવી પડશે, જાણે વિદેશમાં રહેવાનું હોય. મૂળભૂત અધિકારોમાં ભારતના કોઈ પણ નાગરિકને દેશમાં કોઈ પણ ભાગમાં જવા–આવવાનો, વસવાટ કરવાનો, ધંધોરોજગાર કરવાનો, મિલકત ધરાવવાનો અધિકાર છે. આ કાયદો દેખીતી રીતે બિનબંધારણીય છે. કદાચ તેને રાષ્ટ્રપતિની મંજૂરી નહિ મળે. મણિપુરમાં "બહારના" લોકોને હાંકી કાઢવા ઉગ્ર આંદોલન ચાલે છે અને તોફાનો થાય છે. મુંબઈમાં શિવસેનાનું એવું જ વલણ છે. થોડા દિવસ પહેલાં આન્ધ્ર બૅન્કની એક શાખા ચેમ્બુરમાં ખોલવાની હતી. શિવસેનાએ આગ્રહ રાખ્યો કે મરાઠીભાષી કલાર્કોને નોકરી આપવી. બૅન્કે કહ્યું કે તેના ધોરણ મુજબ નોકરીની લાયકાત માટે પરીક્ષા લેવાય છે. તેમાં પાસ થાય તો નોકરીમાં રાખશે. શિવસેનાએ આગ્રહ રાખ્યો કે આવી પરીક્ષા ન લેવી અથવા પાસ ન થાય તો પણ નોકરીમાં રાખવા. અંતે શાખાનું ઉદ્‌ઘાટન મુલતવી રાખવું પડેલું. તામિલનાડુમાં ડી. એમ. કે.નું પણ કાંઈક આવું જ વલણ છે. આ રોગ ફેલાતો જાય છે.

દેશમાં રાજકીય એકતા ન હતી ત્યારે પણ સાચી સાંસ્કૃતિક એકતા હતી. રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદો, ભાગવત, દેશની સાંસ્કૃતિક એકતાના પાયામાં રહ્યાં છે. સંતપુરુષો અને ભકતજનો દેશના ચારે ખૂણે ફરીવળતા. શંકરાચાર્યે ચારે દિશામાં મઠો સ્થાપ્યા. જૈનધર્મ અને બૌદ્ધધર્મ દેશવ્યાપી હતા. ઉત્તર પ્રદેશના સહજાનંદ સ્વામીએ ગુજરાત - સૌરાષ્ટ્રમાં સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો. સૌરાષ્ટ્રના દયાનંદ સ્વામીએ, પંજાબમાં આર્ય સમાજ સ્થાપ્યો. કબીર, મીરાં, ચૈતન્ય, નરસિંહ મહેતાનાં ભજનો દેશભરમાં ભકિતભાવથી આવકાર પામ્યાં છે. મુસલમાનો આવ્યા અને સાત સદી સુધી રહ્યા અને દેશના મોટા ભાગ ઉપર રાજ્ય કર્યું, પણ વીસમી સદીમાં અચાનક ભાન થયું કે, હિન્દુ–મુસ્લિમ બે ભિન્ન પ્રજા છે અને સાથે રહી ન શકે. દેશના ભાગલા થયા અને ત્યાર પછીથી એકતાનાં બળો નિર્બળ થતાં રહ્યાં છે અને વિભાજક બળો જોર કરે છે. વિચારક પુરુષોને ભય છે કે, આવા પ્રવાહો ચાલુ રહેશે તો દેશના વધારે ટુકડા થશે. ધાર્મિક ભાવનાનો અભાવ અને માત્ર આર્થિક અને રાજકીય હિતોનો મોહ આ પરિસ્થિતિ માટે મહદ્‌ અંશે જવાબદાર છે. ચૂંટણીએ તેમાં ઉમેરો કર્યો છે. ગ્રામ પંચાયતથી સંસદ સુધીની ચૂંટણીઓએ કોમવાદને ઉત્તેજન આપ્યું છે. આર્થિક આબાદી માટે પણ દેશની એકતા અનિવાર્ય છે. તે પ્રત્યે દુર્લક્ષ કરી, દરેક રાજ્ય, ટૂંકી દૃષ્ટિથી જીવનની જરૂરિયાતવાળી વસ્તુઓની નિકાસબંધી કરે છે. શિક્ષણક્ષેત્રે કૉલેજપ્રવેશમાં ગુણવત્તાનું ધોરણ છોડી સ્થાનિક અને બહારના ભેદો કાયમ થતા જાય છે. આમાં પણ ગરીબોને અને સાધારણ સ્થિતિના લોકોને જ સહન કરવું પડે છે. સાધનસંપન્ન લોકો પોતાનો માર્ગ એક અથવા બીજી રીતે કરી લે છે. કેન્દ્ર સરકાર અસહાયપણે આ વરવી પરિસ્થિતિની સાક્ષી રહી છે.

૧૧-૧-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પોંડિચેરી પેટા–ચૂંટણીઓ અંગેની સમજૂતીની ભૂમિકા

શ્રી કામરાજે વડા પ્રધાન ઈન્દિરાજી સાથે તામિલનાડુ અને પોંડિચેરી*ની પેટા-ચૂંટણી અંગે ચૂંટણી સમજૂતી કરી છે. સંસ્થા કૉંગ્રેસની કારોબારીએ એનો અસ્વીકાર કરવાને અશકિતમાન હોવાને કારણે એનો સ્વીકાર કર્યો છે; અને તેને કારણે સંસ્થા કૉંગ્રેસના કાર્યકરો સમેત કેટલાંક વર્તુળોમાં સંસ્થા કૉંગ્રેસના ભાવિ વિશે શંકાઓ અને ગૂંચવાડો પેદા થયાં છે. સંસ્થા કૉંગ્રેસના પોતાના તેમ જ દેશના હિત ખાતર એ જરૂરી છે કે એ ગૂંચવાડો અને શંકાઓ દૂર કરવામાં આવે. આ પ્રશ્નની ચર્ચા થઈ અને નિર્ણય લેવા અંગે શ્રી કામરાજને સત્તા આપવામાં આવી ત્યારે મેં મારો વિરોધ નોંધાવ્યો હતો. મેં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે હું મારાં મંતવ્યો જાહેર રીતે વ્યકત કરીશ અને તેથી શ્રી કામરાજના નિર્ણય પાછળ શાં કારણો છે તેનું સ્પષ્ટ પૃથક્કરણ કરવું જરૂરી બને છે. એની અસરો અને પરિણામો વિશે પણ સ્પષ્ટ ખ્યાલ હોવો જરૂરી છે.

**તામિલનાડુમાં રાજરમત**

ઉચ્ચ કક્ષાએ ગેરશિસ્ત અને દગાખોરીને પરિણામે શાસક કૉંગ્રેસ અસ્તિત્વમાં આવી અને સાચી કૉંગ્રેસને સંસ્થા કૉંગ્રેસ તરીકે ઓળખાવવામાં આવી ત્યારથી શાસક કૉંગ્રેસ સરકારની સત્તાના ગેરવાજબી ઉપયોગ અને રુશવતખોરીથી સાચી કૉંગ્રેસને ખતમ કરવાના પ્રયાસો કરે છે. ૧૯૭૧ સુધીમાં ત્રણથી ચાર રાજ્યોમાં સંસ્થા કૉંગ્રેસની સરકારોને ગબડાવવામાં એને સફળતા સાંપડી છે. ગેરમાર્ગે પ્રાપ્ત થયેલ આ સફળતાથી શાસક કૉંગ્રેસને સંતોષ થયો નથી અને તેથી તે સંસ્થા કૉંગ્રેસને વેરવિખેર કરવાના પ્રયાસો સતત ચાલુ રાખે છે. તામિલનાડુમાં શ્રી કામરાજની નેતાગીરી ખતમ કરવા માટે ૧૯૭૧માં શાસક કૉંગ્રેસ ડી. એમ. કે. ને શરણે ગઈ હતી. એ કાર્ય પૂરું થતાં હવે ડી. એમ. કે.નો નાશ કરવા તે શ્રી કામરાજનો સાથ લે છે. તામિલનાડુમાં શાસક કૉંગ્રેસની કોઈ તાકાત નથી, અને તેથી ત્યાંની આમજનતામાં જેમના વિશે ખૂબ જ આદર છે તે શ્રી કામરાજની સહાયથી શાસક કૉંગ્રેસ પોતાની જાતને સ્થાપિત કરવા માગે છે.

**શ્રી કામરાજને ધક્કો માર્યો**

૧૯૬૬ અને ૧૯૬૭માં ઈન્દિરાજીને વડા પ્રધાન બનાવવામાં મુખ્ય ભાગ ભજવનાર શ્રી કામરાજ હતાશ થયા, કારણ કે ઈન્દિરાબહેને દેશનાં વડા પ્રધાન બન્યા પછી તરત જ એમની અવગણના કરી–એમના અહંને ધક્કો માર્યો. વળી એમની નીતિરીતિ પણ શ્રી કામરાજને પસંદ આવી નહીં.

૧૯૬૯માં ભારતના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે શ્રી સંજીવ રેડ્ડીની પસંદગી કરવામાં તેમ જ ૧૯૬૯ના નવેમ્બરમાં કૉંગ્રેસના સભ્યપદેથી ઈન્દિરાજીને દૂર કરવામાં શ્રી કામરાજે મુખ્ય ભાગ ભજવ્યો હતો. તામિલનાડુમાં ડી. એમ. કે. ની સરકારને દૂર કરવા તેઓ ભારે પ્રયત્ન કરે છે; વળી એ. ડી. એમ. કે. ને પણ તેઓ અનિષ્ટ તરીકે ગણે છે. ડિંડુગલની પેટાચૂંટણીમાં એ. ડી. એમ. કે.ના ઉમેદવારને નોંધપાત્ર સફળતા મળી. એ ચૂંટણી લડનારા અન્ય પક્ષોના ઉમેદવારો કરતાં અમારા પક્ષના ઉમેદવારને વધુ મત મળ્યા હતા. શ્રી કામરાજ માટે આ પરાજય અણધાર્યો હતો. તેમને આ પરિણામ ખૂબ જ ખતરનાક લાગ્યું હતું. એમને લાગે છે કે, શાસક કૉંગ્રેસ અને એ. ડી. એમ. કે. ભેગા થાય તો ડી. એમ. કે. ની સરકાર તથા શાસક કૉંગ્રેસ અને એ. ડી. એમ. કે. અને સામ્યવાદી પક્ષના સંયુકત બળને તેઓ હંફાવી શકશે નહીં. ડી. એમ. કે., એ. ડી. એમ. કે. સાથે તેઓ હાથ

* પોંડિચેરીમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે.

મિલાવી શકે તેમ નથી. તેઓ માને છે કે સંસ્થા કૉંગ્રેસ અને શાસક કૉંગ્રેસ એકસાથે રહીને પૉંડિચેરી તેમ જ કોઈમ્બતુરની લોકસભાની બેઠકો અને પ્રાદેશિક કાઉન્સિલની ચૂંટણીઓ લડે તો તેઓ ડી. એમ. કે. અને સામ્યવાદી પક્ષના ટેકાવાળી એ. ડી. એમ. કે. ને હરાવી શકે. કોઈમ્બતુરની બેઠક સામ્યવાદી પક્ષના સભ્યની હતી. આમ કરવાથી સામ્યવાદી પક્ષને શાસક કૉંગ્રેસથી અળગો કરી શકાશે, અને પૉંડિચેરીની કાઉન્સિલ તેમ જ ૧૯૭૬માં તામિલનાડુ વિધાનસભાની ચૂંટણીઓ જીતવામાં તેને મદદ મળી રહેશે.

તામિલનાડુ અને પૉંડિચેરીમાં એમને સફળતા પ્રાપ્ત થાય તો અન્ય રાજ્યોમાં સંસ્થા કૉંગ્રસ પર પડનારી પ્રતિકૂળ અસરની તેઓ ચિંતા કરતા નથી. છેલ્લાં ત્રણ વર્ષથી શ્રી કામરાજે એમની પ્રવૃત્તિઓ તામિલનાડુ પૂરતી મર્યાદિત રાખી છે. પોતાના રાજ્યમાં કૉંગ્રેસ સંગઠનને મજબૂત કરવા એમનું સમગ્ર ધ્યાન આપવાની જરૂર હોઈ એમણે અન્ય રાજ્યોમાં ઝાઝો રસ લીધો નથી. છેલ્લાં બે વર્ષથી તેમની તબિયત પણ સારી રહેતી નથી અને એને કારણે પણ એમની રાજદ્વારી પ્રવૃત્તિ મર્યાદિત બની ગઈ છે.

### શાસક કૉંગ્રેસની નેમ

માર્ક્સવાદીઓ, અકાલીઓ, ડી. એમ. કે., મુસ્લિમ લીગ અને જમણેરી સામ્યવાદીઓની સહાય મેળવી ગમે તે પદ્ધતિનો આશ્રય લઈ શાસક કૉંગ્રેસ સત્તા ટકાવી રાખે છે એની એમને કોઈ ચિંતા થતી નથી. શાસક કૉંગ્રેસની નેમ તો બીજા બધા પક્ષોને નિર્બળ અને ખતમ કરવાની છે કે જેથી કોઈ પક્ષ એમના આધિપત્યને પડકારી શકે નહીં. આમ શાસક કૉંગ્રેસ પૉંડિચેરી અને કોઈમ્બતુરમાં સંસ્થા કૉંગ્રેસ સાથે ચૂંટણી–સમજૂતી કરશે. જ્યારે ઉ. પ્રદેશ, કેરળ અને બીજા કેટલાંક રાજ્યોમાં તે જમણેરી સામ્યવાદીઓ સાથે સમજૂતી કરશે. અને તેથી શાસક કૉંગ્રેસ કોઈમ્બતુરમાં સંસ્થા કૉંગ્રેસને સહાય ન કરે અને શ્રી કામરાજ માટે ખરાબ પરિસ્થિતિ સર્જાય તેવી રીતે વર્તે તો મને આશ્ચર્ય થશે નહીં. ઈન્દિરાબહેન પોતાના હિત ખાતર ફેબ્રુઆરીમાં થનારી ઉ. પ્રદેશની ચૂંટણીઓ જીતવા માગે છે. પૉંડિચેરીમાં શ્રી કામરાજ સાથેની ચૂંટણી-સમજૂતી પાછળ એક કારણ એ પણ છે કે તેઓ કાર્યકરોના મનમાં ગૂંચવાડો અને શંકાઓ પેદા કરી ઉત્તર પ્રદેશમાં સંસ્થા કૉંગ્રેસને નિર્બળ કરવા માગે છે. તામિલનાડુમાં શાસક કૉંગ્રેસનું કોઈ વજન નથી અને તેથી ત્યાં કામરાજ સાથે ચૂંટણી–સમજૂતી કરવામાં તેમ જ શ્રી કામરાજના સહકારથી તામિલનાડુમાં પોતાનો પગદંડો જમાવવાનો એનો ઈરાદો છે, પણ ઉ. પ્રદેશમાં એને વધુ લાભ થવાની આશા છે. શ્રી કામરાજને તામિલનાડુમાં પોતાની સ્થિતિ અંગે ચિન્તા હોઈ આ વસ્તુ તેઓ જોઈ શકતા નથી.

### એવો નિર્ણય કેમ કર્યો?

આને કારણે ઘણાં વર્તુળોમાં એવી માન્યતા ફેલાઈ છે કે આ સમજૂતીને પરિણામે બન્ને કૉંગ્રેસનું આખરે જોડાણ થશે. ઈન્દિરાજીએ લખનૌમાં પોતાના પ્રવચનમાં એનો નિર્દેશ કર્યો છે, જ્યારે શ્રી કામરાજ આવી કોઈ વાત થયાનો ઈન્કાર કરે છે. એમની વાટાઘાટો અંગે એમણે કોઈ સ્પષ્ટ નિવેદન કર્યું ન હોવાથી આશંકા અને કુશંકાઓ વધુ ઘેરી બનવા લાગી છે. વળી વડા પ્રધાન સાથેની એમની મર્યાદિત સમજૂતીનો સંસ્થા કૉંગ્રેસની કારોબારીએ લાચારીપૂર્વક સ્વીકાર કર્યો હોવાથી નજીકના ભવિષ્યમાં જોડાણ અંગે કેટલાકે એનો અછડતો ઉલ્લેખ પણ કર્યો છે. સંસ્થા કૉંગ્રેસની કારોબારીએ આ નિર્ણય શા માટે કર્યો તે યોગ્ય રીતે સમજાય તે સારુ કેટલીક સ્પષ્ટતા કરવી જરૂરી છે. બેંગલોરમાં કૉંગ્રેસ કારોબારી મળી ત્યારે શ્રી કામરાજે જણાવ્યું હતું કે ઈન્દિરાજી સાથેની એમની પ્રથમ મુલાકાતમાં કોઈ મહત્ત્વની વાતો થઈ નથી. જો કે એમની વાટાઘાટો લગભગ દોઢ કલાક ચાલી હતી. એમણે એવો પણ ખુલાસો કર્યો હતો કે એમણે કોઈ દરખાસ્ત કરી નથી. આમ છતાં આગાઉ મેં જણાવ્યું તે પ્રમાણે વડા પ્રધાન સાથે એમણે શા માટે ચૂંટણી-સમજૂતી કરી તે અંગે સ્પષ્ટતા કરી હતી. વડા પ્રધાન સાથે બીજી મુલાકાત યોજાશે કે કેમ તે અંગે પણ પોતાને માહિતી નહીં હોવાનું એમણે જણાવ્યું હતું. વડા પ્રધાન એવી દરખાસ્ત કરશે તો પોતે એનો વિચાર કરશે. મોટા ભાગના સભ્યોએ પૉંડિચેરીની ચૂંટણી-સમજૂતી અંગે સંમતિ વ્યક્ત કરી હતી અને તેથી આ પ્રશ્ન દિલ્હીમાં મળનારી કારોબારી પર મુલતવી રાખવામાં આવ્યો હતો.

### ટેકો કેમ આપ્યો?

અમે દિલ્હીમાં ફરી મળ્યા ત્યારે કારોબારીના મોટા ભાગના સભ્યોએ શાસક કૉંગ્રેસ સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરવાનો વિરોધ કર્યો હતો. અખબારોમાં એવા હેવાલો પ્રસિદ્ધ થયા હતા કે કામરાજ અને ઈન્દિરાબહેન વચ્ચે બીજી મુલાકાત યોજાશે, પરંતુ શ્રી કામરાજે એ અંગે પોતાને કોઈ માહિતી હોવાનો ઈનકાર કર્યો હતો. કારોબારીએ બહુમતીના અભિપ્રાયને ધ્યાનમાં રાખી આ અંગે નિર્ણય કરવાની સત્તા કૉંગ્રેસપ્રમુખ શ્રી અશોક મહેતા અને શ્રી કામરાજને સોંપી હતી. મેં આ નિર્ણયનો વિરોધ કર્યો હતો કારણ કે એમાંથી કામરાજ - ઈન્દિરાબહેન વચ્ચે સમજૂતી થવાનો સંભવ હતો. હું એમાં ટેકો આપી શકું નહીં, એટલું જ નહીં, પણ હું મારા વિચારો વ્યક્ત પણ કરીશ. જે સભ્યો આ સમજૂતીના વિરોધી હતા તેમણે પણ ઠરાવને એટલા માટે ટેકો આપ્યો કે એમાં કામરાજની પ્રતિષ્ઠાનો સવાલ હતો. વળી તેઓ એવી પણ આશા રાખતા હતા કે શ્રી કામરાજ બહુમતીના મંતવ્યની અવગણના કરશે નહીં.

### જોડાણનો પ્રશ્ન જ નથી

ત્યાર બાદ શ્રી કામરાજ વડા પ્રધાનને બે વાર મળ્યા અને મર્યાદિત ચૂંટણી - સમજૂતી કરી. નિર્ણય કરતાં પહેલાં એમણે શ્રી અશોક મહેતાની સલાહ પણ લીધી નથી. આમ ચૂંટણી - સમજૂતી એ હકીકત બની ગઈ. કારોબારીના કેટલાક સભ્યોની હાજરીમાં શ્રી કામરાજે જણાવ્યું કે હવે ચૂંટણી-સમજૂતીમાંથી ખરી જવું, એ એમના માટે શક્ય નથી. સભ્યો શ્રી કામરાજને ગુમાવવા તૈયાર ન હતા. એમને લાગ્યું કે એમને નુકસાન તો થશે. શ્રી અશોક મહેતા અને બીજા સભ્યોએ સ્પષ્ટતા કરી કે આ સમજૂતી પૉંડિચેરી અને કોઈમ્બતુર પૂરતી મર્યાદિત રહેશે અને ઉ. પ્રદેશ તેમ જ અન્યત્ર તેઓ શાસક કૉંગ્રેસનો જોરદાર મુકાબલો કરશે. શ્રી કામરાજે પણ જણાવ્યું કે ઉ. પ્રદેશમાં શાસક કૉંગ્રેસ સામે તેરો સંસ્થા કૉંગ્રેસને ટેકો આપશે અને તે અંગે નિવેદન પણ કરશે. તેમણે એમ પણ કહ્યું કે જો તેઓ મદ્રાસ નહીં જાય તો લોકસભામાં ઈન્દિરાની સરકાર સામે રજૂ થયેલા અવિશ્વાસના ઠરાવને ટેકો આપશે. એમણે સ્પષ્ટતા કરી કે બે કૉંગ્રેસના જોડાણ કે એકતાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી.

મને ખબર છે કે અત્યારના સંજોગોમાં હતાશ થયેલા ત્રણચાર કૉંગ્રેસી નેતાઓ બે કૉંગ્રેસના જોડાણને ટેકો આપે છે. વડા પ્રધાન કે બીજા કોઈની પણ સાથે અમારે અંગત વેરઝેર નથી તેમ જ અંગત વેરઝેરના હિસાબો પણ ચૂકતે કરવાનો સવાલ નથી.] પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન કૉંગ્રેસે જે ઉચ્ચ પ્રણાલિકાઓ જાળવી છે તે જાળવવાનો અને દેશ અત્યારે જે આર્થિક બરબાદી તરફ ઘસડાઈ રહ્યો છે તેમાંથી તેને ઉગારવાનો તેમજ શાસક કૉંગ્રેસ જે ગેરરીતિઓનો ઉપયોગ કરે છે અને લોકશાહી સમાજ માટે અત્યંત ખતરનાક નીવડે એ રીતે અન્ય રાજકીય પક્ષોને ખતમ કરવા સરકારી સત્તાઓનો ઉપયોગ થાય છે, શાસક કૉંગ્રેસે વ્યાપક અને શરમજનક ભ્રષ્ટાચાર છૂટો મૂક્યો છે તેમ જ દેશની અર્ધા ભાગની વસતિ માટે ભયાનક નીવડેલી અસાધારણ મોંઘવારીમાંથી દેશને ઉગારવાનો સવાલ મહત્ત્વનો છે. જો બન્ને કૉંગ્રેસનું જોડાણ થાય તો પ્રધાનોની રુશવતખોરી સમેત સરકારનાં ગેરકૃત્યો, સ્ટેટ બૅંકની રૂ. ૬૦ લાખની ઉચાપત, મારુતિમોટર્સની ખતરનાક ઘટના અને શાસક પક્ષનાં બીજા આવાં કૃત્યોનો આપણે બચાવ કરવો પડે. સંસ્થા કૉંગ્રેસની વિશાળ બહુમતી કદીયે આવા જોડાણનો વિચાર કરી શકે નહીં, કારણ કે એના પોતાના તેમ જ સમગ્ર દેશ માટે તે આપઘાતજનક અને બદનામી કરનારું પગલું નીવડશે.

(કૉંગ્રેસ પત્રિકાઓમાંથી સાભાર) **મોરારજી દેસાઈ**

# શંકરાચાર્યનું ભજગોવિંદમ્ અને આજનો યુગધર્મ

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.]

'ભજગોવિંદમ્' અને આજના યુગધર્મ વચ્ચે સમન્વય દેખાતો નથી. ક્યાં આજનું વિજ્ઞાન અને ક્યાં 'ભજગોવિન્દમ્' બંને વચ્ચેનું અંતર વધતું જાય છે; ક્યાંય સેતુ નથી.

શંકરાચાર્યે એ લખ્યું ત્યારે એની ઉપયોગિતા હતી જ, પણ આજેય એની ઉપયોગિતા એટલી જ રહી છે.

પરંપરાગત વસ્તુ ચાલતી ન હોય ત્યારે 'ભજગોવિન્દમ્' કરો એવી ખોટી ભાવના ફેલાઈ છે; કારણ કે આપણે એ વિશે જોયું નથી, જાણ્યું નથી. શંકરના એ 'ભજગોવિન્દમ્'માં જીવનદર્શનનો નિચોડ ૩૩ શ્લોકોમાં આપ્યો છે.

શંકરાચાર્ય એમના શિષ્યો સાથે ફરતા ફરતા કાશી ગયા ત્યારની વાત છે. કાશીની સાંકડી ગલીઓમાંથી થઈને તેઓ ગંગાતટે જઈ રહ્યા હતા. રસ્તામાં એક ઘરમાંથી અવાજ સાંભળતાં જરાક થોભી ગયા તો ત્યાં વ્યાકરણની ચર્ચા થતી સંભળાઈ અને તરત જ શંકરાચાર્યથી 'ભજગોવિન્દમ્'નો પહેલો શ્લોક મોંમાંથી સરી પડ્યો.

સમયના પ્રવાહની અંદર જે આવવાનું છે—મૃત્યુ, વિકટતા, જે નિહિત છે, જેને ટાળી શકતા નથી તે આવશે ત્યારે વ્યાકરણ તમારી સહાયમાં આવશે નહીં.

આજના યુગને માટે એ શ્લોક વધુ ઉપર્યુક્ત છે. આજે આપણે વ્યાકરણની ભાષા બોલીએ છીએ. વ્યાકરણની ભાષા, ભાષાની દૃષ્ટિએ સાચી છે, પણ એમાં માનવતા નથી. આજની કમનસીબી જોઈએ. આજની મુખ્ય સમસ્યા ગરીબી, દુષ્ટતા વગેરે નથી, પણ માણસ એકમેકને જાણતા નથી એની સમસ્યા છે. અંગ્રેજ કવિએ કહ્યું છે: 'વ્યાકરણથી જ ભાષા બનતી નથી. એ ભાષા માટે જરૂરી છે એ ખરું, પણ એથી ભાષા જીવંત બનતી નથી.'

આપણે લોકોને માહિતી આપી શકીએ છીએ. અભિવ્યક્તિ, સંચારનાં સાધનો છે, અનુભૂતિ નથી. જ્યાં અનુભૂતિ નથી ત્યાં ભાષામાં જીવંત તત્ત્વ ક્યાંથી આવે? કબીરના દોહાની પેઠે શ્વાસ આવે છે, પણ પ્રાણ નથી.

કાલિદાસે રઘુવંશમાં વાક્ અને અર્થ જુદાં હોવા છતાં એક બતાવ્યાં છે, પણ આજે તે જુદાં દેખાય છે. આજે અર્થ અને વાણી વચ્ચે મોટું અંતર આવી ગયું છે. પરિણામે તેથી સંપર્ક તૂટી ગયો છે. દેશ દેશ વચ્ચેનું અંતર વિજ્ઞાને ટાળ્યું છે, પણ પડોશી પડોશી વચ્ચેનું અંતર ઘટ્યું નથી, વધ્યું છે.

છાંદોગ્ય ઉપનિષદનું એક દૃષ્ટાંત છે. સનતકુમારે નારદને પુછ્યું, તું શું શું જાણે છે? નારદે વળતાં એક લાંબી યાદી રજૂ કરી દીધી. સનતકુમારે કહ્યું: 'નારદ તારી પાસે આ છે તે જ્ઞાન નથી, પણ શબ્દોનો સંગ્રહ છે. એમાં સંકેત નથી રહ્યો, એમાં શબ્દો જ રહ્યા છે અને પરિણામે જીવંત સંપર્ક તૂટી ગયો છે.'

ગોવિંદ ગોટલે જે પરમ સત્ય છે તેની તું ખોજ કર. એને આપણે right orientation કહીએ છીએ. આજે ગતિ છે, પરંતુ ક્યાં જવું છે એની દિશાનો ખ્યાલ નથી. માનવીના જીવનમાં દિશાશૂન્યતા આવી ગઈ છે. શ્રી અરવિંદે કહ્યું છે તેમ જીવનમાં સૌથી સ્થિર વસ્તુ તો ધનુષ્યમાંથી છૂટેલું તીર છે. તીર તીવ્ર ગતિશીલતાથી જાય છે, પરંતુ એમાં દિશા નથી, એમાં સ્થિરતા છે.

સત્યની સ્થિરતા કેમ થાય એ શંકર આપણને સમજાવે છે. અને આમ ગતિશીલતાની અંદર સ્થિરતા માલૂમ પડે છે.

પતંજલિ એના 'યોગસૂત્ર'માંના ક્રિયાયોગમાં કહે છે તેમ ઈશ્વરપ્રણિધાનની તેમાં વાત છે. ટાગોરે લખ્યું છે: 'I believe in God because he gives me freedom even to deny him'. શંકરે પછીના શ્લોકમાં સત્ય તરફ પ્રયાણ કરવાની વાત કરી છે.

સત્યની પ્રતીતિ કરવી હોય તો એક જ દર્શનની આવશ્યકતા છે. આ માટે વાસ્તવિક યથાર્થ દર્શન જોઈએ. જે છે તે તું જોઈ લે. તું જીવન તરફ જોશે, અવલોકન કરશે કે જ્યાંથી જીવનની શરૂઆત થાય છે. 'to go far, begin from near.' જીવન ગતિશીલ છે, નદીના પ્રવાહ જેવું છે અને નિરંતર વહે છે. તે ક્ષણભર પણ સ્થિર નથી. વિશ્વમાં લોકો દુઃખી છે. ત્યાં સંતાપ છે, આહ છે, તે પણ તું જોઈ લે. આ જોશે તો તને સમજાશે કે જીવન અત્યંત ચપલમ્ છે અને લોકોનું જીવન દુઃખી હોય છે.

સમયના પ્રવાહની અંદર જીવનમાં જે કંઈ આવ્યું છે તે જરા જોઈ લેવાનું શંકર જણાવે છે. પર્વત-પહાડ પણ વચ્ચે આવે છે તો એનેય જોવાનું કહે છે. કર્મના, સમયના પ્રવાહમાં શું આવ્યું છે તે જોવાનું ય કહે છે. કઠોપનિષદ કહે છે તેમ જે આવ્યું છે તે જોવાનું કહે છે. ગીતામાં કહ્યું છે તેમ, યજ્ઞમાંથી આવ્યું છે તે ખાઈ લે. તારું રાંધવા બેસશે તો પાપ લાગશે.

શંકરે જીવનનું બહુ ઊંડાણથી અવલોકન કર્યું છે. આપણા પારસ્પરિક જીવન સામે જોવાનું કહીને તે કહે છે: તું જ્યાં લગી કમાતો હશે, ત્યાં લગી તારા માટે કુટુંબમાં માન છે, પછી તને કોઈ પૂછવાનું નથી. માટે પરસ્પરના સંબંધનો ઉપયોગ (relationship of usage) કરવો જોઈએ. પરસ્પર ઉપયોગનો સંબંધ થવો જોઈએ.

આપણો પ્રેમ વેપારનો છે. એ વ્યાપારનો સંબંધ છે, પ્રેમનો નહીં. વાસ્તવિકતા આ છે. તેનું યથાર્થ દર્શન થવું, કરવું જોઈએ. ગીતામાં કહ્યું છે તેમ જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ નક્કી છે તે હકીકત છે. અને તેથી તે પર આવરણ નાખવાનો પ્રયાસ નકામો છે. અને પરિણામે આપણને લાગે છે કે આ બધા સંબંધો ઉપયોગ માટેના છે.

શંકર કેટલા જબરદસ્ત ક્રાંતિકારી હતા તે અહીં સમજાય છે. એ વળી અહીં કહે છે કે 'જ્યાં સુધી તારો ઉપયોગ છે ત્યાં સુધી જ તારા પ્રત્યે સૌ જોશે; પછી તારા સામે કોઈ જોવાના નથી. તું કહે છે કે એ બધાં મારાં છે; પણ જ્યાં 'મારું' આવે છે ત્યાં પ્રેમ નથી રહેતો, પવિત્રતા રહેતી નથી. તારું કોણ છે? તું ક્યાંથી આવ્યો? તું કોણ છે? - એ પ્રશ્નો ધ્યાનમાં રાખીને જીવનને વિશે ઊંડાણથી જોતા શીખવાનું શંકર જણાવે છે. અને એમાંથી ચિંતન પ્રાપ્ત થશે, અનુભવ થશે, આનંદ પ્રાપ્ત થશે અને સંતોષપૂર્વકનું જીવન તું જીવનો થઈ શકશે.'

જીવનની હકીકતો આપણે જોવા માગતા નથી, બલ્કે એથી દૂર ભાગવા માગીએ છીએ. આ આપણી મુશ્કેલી છે. આ પલાયનવાદ છે, અને એના માટેનાં અનેક સાધનો છે. એ માટે નિરંતર પ્રયાસો કરતા જ રહીએ છીએ.

શ્રીમદ્ ભાગવતમાં ૧૧મા સ્કંધમાં શ્રીકૃષ્ણ ઉદ્ધવને ભગવત્-ધર્મ સમજાવતાં કહે છે કે સાધુની સાથે સંગ ક્યારે કરવો. એ મનનો સંગ નહીં, એ સત્સંગ નથી. સત્સંગમાં મનના વિચારોનો સંગ થવો જોઈએ. જો નિઃસંગ થઈ ગયો, મનનો સંગ છૂટી ગયો તો

મન સ્થિર થવાનું નથી. બુદ્ધનો એક પ્રસંગ છે: શિષ્યને મન સ્થિર કરવાનું ભગવાન કહે છે. પણ એ કેમ કરવું એ વિશે કશું કહેતા નથી. કહે છે: હમણાં સમય નથી, પછી કહીશ. પણ તું તારું મન અહીં મૂકી જા. તેની હું મરામત કરીશ. એ પછી બે - ત્રણ દિવસે લઈ જજે. હવે મન જુદું નથી એથી એ શિષ્ય વિચારે ચડયો.

જીવનમુક્તિ એટલે શું? જ્યાં મન શાંત–નિશ્ચિન્ત થયું એટલે બસ જીવનમુક્તિ થઈ ગઈ. એટલે મુક્તિ પ્રાપ્ત થઈ. આ માટે હિમાલય જવાની જરૂર નથી અને એ ઘણું સરળ અને સરસ છે.

સંત કબીરે એક ઠેકાણે કહ્યું છે: 'તું વાળ કેમ કપાવે છે? માથાનું મુંડન કરાવે છે તે ઠીક નથી. તારે મનનું મુંડન કરાવવું જોઈએ. શંકરે વધારે કડક રીતે કહ્યું છે કે જે જોવા છતાં જોતો નથી એ આંધ છે. એક અંગ્રેજ લેખકે પણ આવું જ કહ્યું છે:

"None is so blind who refuses to see."

સામાન્યપણે લોકો પોતાના સ્વાર્થ માટે, પેટ માટે કામ કરે છે. નરસિંહ મહેતા કહે છે તેમ તે ઉદરપોષણ માટેનું કામ છે. એમાં કહેવાતો ત્યાગ હશે, પણ ખરા અર્થમાં ત્યાગ નથી. આપણા કબાટમાં જાતજાતનાં કપડાં હોય છે અને તેનો જુદે જુદે સમયે પહેરવામાં જેવો ઉપયોગ કરીએ છીએ તેમ જાતજાતના વેશો એ માટે અંગીકાર કરીએ છીએ. આ પલાયનવાદ છે.

શંકરે ત્રણ શબ્દો - આશાવાયુ, આશાપીડન અને આશા-પિષમ - નો ઉપયોગ કર્યો છે. ઈચ્છા પ્રકટે એમાં ખોટું નથી. ઈચ્છાનું સાતત્ય કર્યું. એમાંથી તૃષ્ણા પેદા થાય છે. એક અંગ્રેજ લેખકે કહ્યું છે: "Man drinks the drink, drink drinks the drink and drink drinks the man." જેવું થાય છે. શંકર પણ આવું કહે છે. આમ જીવનની જે સમસ્યાઓ જલદી હલ થઈ શકે તેમ છે તેને આપણે વિકટ બનાવી દીધી છે.

આગળ જતાં શંકર બહારનું અવલોકન કરતાં કરતાં અંદરનું અવલોકન કરવાનું સૂચવે છે. આ યથાર્થ દર્શન પછી એ જીવનને માર્ગ લાધશે એમ શંકર કહે છે.

આજના યુગમાં યુવાનો ધર્મથી વિમુખ થયા હોય તો એ માટે આપણે સૌ જવાબદાર છીએ. કારણ કે આજે બાહ્યાચાર દેખાય છે. બહારથી સંપાદન કરેલી માહિતી નહીં, અનુભૂતિ થવી જોઈએ. આજે તો બંને વચ્ચે મોટું અંતર છે. શંકરે માયાવાદની વાત કરી છે, છતાં એમણે કહ્યું છે કે તમે રોગમાં કે ભોગમાં રત રહો, લોકોના સંગમાં રહો કે સંગ છોડી જતા રહો, મારે મન બધું સરખું છે. યોગમાં કે ભોગમાં રહેવા છતાં જેનું ચિત્ત સત્ય તરફ રહે છે, જેની ચેતના પેલા તીર જેવી છે, તે તેના આનંદમાં મસ્ત છે.

આપણું ચિત્ત શાંત થવું જોઈએ. આ કચરો સાફ થવો જોઈએ. અને એ માટે શંકરે આપણને નિરંતર આનંદ મેળવવા પ્રયાસ કરવાનું સૂચવ્યું છે.

શંકર જીવનનો મોટો પ્રશ્ન અહીં પ્રસ્તુત કરે છે. જીવનમાં કશું નવું દેખાતું નથી. એક તરફથી કંટાળો છીએ કે તે નિરંતર છે નદીની પેઠે. જીવનમાં ક્ષણે ક્ષણે નવું લાગે તો એમાં આનંદ આવે છે. એ સૌન્દર્યથી ભરપૂર છે, પણ એના પર પણ આપણે આવરણો મૂકી દીધાં છે.

અતિ પરિચયથી પણ એક પ્રકારની સમસ્યા ઊભી થાય છે. અને જાણીએ છીએ એથી પરિસ્થિતિ એવી ને એવી રહે છે. જીવન રોજે રોજ બદલાતું હોય છે તેથી તે જાણી શકાતું નથી. પુનરપિ જીવનને જાણવા પ્રયાસ કરવો જોઈએ. પરિચિતને અપરિચિત બનાવવા જોઈએ.

જીવન તો નિરંતર અપરિચિત છે. મનનો વ્યાપાર તેને પરિ-ચિત બનાવે છે. તે ક્ષણ ક્ષણ રોકાઈ જાય તો આપણને તે જીવનનો આનંદ પરખાય છે. સંકલ્પ - વિકલ્પનો વ્યાપાર પોતાની મેળે સ્થગિત થાય, તો જીવનનું અનુપમ દર્શન થાય, કે જેવું આપણે કદી જોયું પણ ન હોય!

શંકરે વધુમાં પુણ્ય અને અપુણ્યનો ત્યાગ કરવાનું કહ્યું છે. ગીતામાં પણ કહ્યું છે, શુભ અને અશુભનો ત્યાગ કર. ઈસાઈ ધર્મમાં પણ આ જ વાત છે. ઈશ્વરે માણસને પોતા જેવો બનાવ્યો, એ ડાહ્યાએ એ ઈશ્વરને માણસ જેવો - પોતા જેવો બનાવ્યો અને પછી તે આ ઈશ્વરને પૂજવા લાગ્યો! (God created man of his image, a wiser man created God of his image) કવિ અખો પણ આવું જ કહે છે કે સજીવ નિર્જીવને સર્જે છે અને પછી નિર્જીવને એ પૂજે છે. પરંતુ આ યોગ્ય નથી.

ક્ષણ ક્ષણ જીવનની અનુભૂતિનો વિસ્તાર શંકરે આમ કર્યો છે. કામ, ક્રોધ, લોભ, મોહ એ ચાર જ વસ્તુ નથી. ક્રોધનો સંઘર્ષ જવાનો નથી, કારણ કે એ કામમાંથી ઉત્પન્ન થાય છે. લોભનો સંઘર્ષ મોહમાંથી થાય છે.

પરિગ્રહ - અપરિગ્રહ એ બહારની વસ્તુ નથી પણ એ અંદરની વસ્તુ છે. જ્યાં સુધી અંદરનો અપરિગ્રહ ન થાય ત્યાં સુધી ક્રોધ જવાનો નથી. મનુષ્યના જીવનમાં સત્યની પ્રતીતિ અસંભવ બની જાય છે. આમ ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન કેમ થાય? આત્મજ્ઞાન વગર જીવનની મસ્તી, આનંદ કેમ ખબર પડે?

માણસે જે સૃષ્ટિ જોઈ છે તે પ્રભુની નથી, પણ પોતે પેદા કરેલી છે. પોતાના સર્જનની સૃષ્ટિ તે જુએ છે. આ સર્પરજજુના ન્યાય જેવી વાત થઈ. એથી એને એના મન જેવું ત્યાં દેખાય છે.

વસ્તુના જગતમાં આપણે જીવતા નથી, વિષયના જગતમાં જીવીએ છીએ. વસ્તુ પર આરોપણ થાય કે એ વિષય બની જાય છે. માટે એ વાસ્તવિક જીવન નથી. માટે તું મહદ્ અવધાન કરજે એમ શંકર કહે છે. તું જે કરે તે માટે જરા તું જોતો રહેજે. તું extensive aware રહેજે, એકાગ્ર બનજે. આવું મન પછી તને સમગ્ર બનાવશે. ભગવાન બુદ્ધ કહે છે તેમ જે ઘોડો બંધાયેલો છે તે ચંચળ છે; જે છૂટો છે તે ચંચળ નથી. મનની કથા તો Untold story - અણકથી કથા– છે. તે કથા, કબીર કહે છે તેમ, કોઈએ સાંભળી નથી. જે તેને સાંભળે છે તે કાળાતીત થઈ જાય છે. તો સમાધિ કરવી હોય તો તું મહદ્ અવધાન કરજે એવું શંકર જણાવે છે.

'ભજગોવિન્દમ્' ના છેલ્લા ૩૧મા શ્લોકમાં શંકર કહે છે: ઈન્દ્રિય અને મનને તું પોતપોતાના ક્ષેત્રમાં રાખ; એકબીજાના ક્ષેત્રમાં એ દોડી જાય છે એ અયોગ્ય છે. ઈન્દ્રિય ખરાબ નથી. એ પર દમન નહીં કરવું જોઈએ. ખુલ્લી રીતે સૌન્દર્ય જોવું જોઈએ. ટૂંકમાં ઈન્દ્રિયને ખરાબ કરનારું મન છે.

ઈન્દ્રિય ક્ષણેક્ષણનો અનુભવ કરે છે. મન ઈન્દ્રિયને રોકે છે ત્યારે એમાંથી વિષય પેદા થાય છે. ઈન્દ્રિય પોતાના ક્ષેત્રમાં રોકાઈ જાય તો સંવેદના જાગે છે. પરિણામે મનુષ્યને આનંદ પ્રાપ્ત થાય છે. એનાથી તો આધુનિક માનવ તનાવમાં પડયો છે. આ પ્રકારનો આનંદ પ્રાપ્ત થવાથી માનવીની સમસ્યા જતી રહેવાની. એ જ આજનો યુગધર્મ છે. એમાં આજના યુગ માટેનું દર્શન છે. વિજ્ઞાને આપેલી વસ્તુઓ માનવસંહાર માટે નહીં, માનવકલ્યાણ માટે વાપરવી જોઈએ એ તેનું હાર્દ.

રોહિત મહેતા અને શ્રીદેવી મહેતા

## શ્રી હરભાઈ ત્રિવેદીનો વાર્તાલાપ

દક્ષિણામૂર્તિ અને ઘરશાળાના જાણીતા કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી, ભાવનગરથી મુંબઈ આવતા હોઈ સંઘના સભ્યો સાથે તેમનો એક વાર્તાલાપ તા. ૨૧-૧-'૭૪ સોમવારના રોજ સાંજના ૬ વાગ્યે, સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪) રાખવામાં આવેલ છે. રસ ધરાવતા મિત્રોને સમયસર હાજર રહેવા સપ્રેમ નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# માનવ ઉપનિષદના ઋષિ

થોડાંક વરસ પહેલાં જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સના ચોગાનમાં કૃષ્ણમૂર્તિનાં પ્રવચનો યોજાયાં ત્યારે આ બન્યું હતું. એક વેળા પ્રવચન પૂરું થયું ત્યારે લોકોની ભીડમાંથી પોતાની ગાડી સુધીનો રસ્તો કરતાં કૃષ્ણમૂર્તિને થોડી તકલીફ નડી હતી. કોઈ ઉત્સાહી ભકતે આ જોયું અને તેમણે માઈક પરથી જાહેર કર્યું કે પ્રવચન પૂરું થયા પછી શ્રી કૃષ્ણમૂર્તિ નીકળી જાય ત્યાં સુધી લોકોએ પોતાના આસન પર બેઠા રહેવું. આ જાહેરાત ગાડીમાં બેસતાં બેસતાં કૃષ્ણમૂર્તિએ સાંભળી હશે, અથવા તો કોઈએ તેમને એ વિશે કહ્યું હશે. બીજા દહાડે પ્રવચન શરૂ થતાં પહેલાં જ જાહેરાત કરવામાં આવી: "ગઈ કાલે અહીંથી લોકોને વિનતિ કરવામાં આવી હતી કે શ્રી કૃષ્ણમૂર્તિ જાય ત્યાં સુધી સૌએ પોતપોતાના સ્થાન પર બેસી રહેવું. આજે મને એ જાહેર કરવા જણાવાયું છે કે શ્રી કૃષ્ણમૂર્તિના પ્રવચનના પ્રારંભમાં, અધવચ્ચે કે અંતે–જ્યારે પણ કોઈને જવું હોય તે જઈ શકે છે."

કૃષ્ણમૂર્તિને સમજવા માટે પુસ્તકો ઓછાં પડતાં હોય છે, ત્યારે આ જાહેરાત કદાચ પૂરતી થશે. કૃષ્ણમૂર્તિ માણસની સ્વતંત્રતામાં માને છે. પ્રત્યેક માનવી પોતાના સંશય કે શ્રદ્ધાનો ઉકેલ પોતાની રીતે જ આણી શકે એમ તેઓ કહેતા હોય, ત્યારે કોઈ પણ એક વકતા માટે આખા સમૂહને ચોક્કસ શિસ્ત જાળવવાનું કહેવામાં આવે એ તેઓ કેમ સહન કરી શકે?

કૃષ્ણમૂર્તિનું નામ લઈએ એ સાથે ઘણું બધું યાદ આવે છે. આ માણસ એકદમ સરળ રીતે જીવવા મથે છે, પણ એથી જ સમજવામાં કદાચ સૌથી વધુ મુશ્કેલ બની જાય છે. તેમના વિવિધરંગી વ્યકિતત્વમાંથી આપણા હૃદયને સ્પર્શી જાય એવી એક વાત તે તેમનો ત્યાગ છે. હેન્રી મિલરે તો ત્યાં સુધી કહ્યું છે કે "ઈસુને બાદ કરતાં એમણે કર્યો છે એવો મોટો ત્યાગ બીજા કોઈએ કર્યો નથી." આ ત્યાગ કેવળ ભૌતિક સુખનો ન હતો. માત્ર જગદ્‌ગુરુની આધ્યાત્મિક પદવીનો પણ ન હતો. આ ત્યાગ વધુ સૂક્ષ્મ પ્રકારનો હતો. પોતે બીજા કોઈ પણ માણસ કરતાં આગળ છે, કે કોઈનાયે ગુરુ બની શકે કે બોધ આપી શકે એવી વૃત્તિનો તેમણે ત્યાગ કર્યો હતો.

૧૯૦૯માં અડિયારના સાગરકિનારા પર ફરતા તેર વરસના બાળક કૃષ્ણમૂર્તિમાં સી. ડબ્લ્યુ. લીડબીટરને કોઈક અવતારનાં દર્શન થયાં. એની બીસેંટને એ બાળકમાં કોઈ મસીહાનો વાસ હોય એમ લાગ્યું. પંદર વરસની વયે તો આ બાળક 'એટ ધ ફીટ ઑફ ધ માસ્ટર' લખે છે. 'આ શબ્દો લખનાર દેહમાં નાના છે, આત્મામાં નહીં' એમ એની બીસેન્ટ એ વખતે કહે છે. તેરો વધુમાં દાવો કરે છે કે અહીં કૃષ્ણમૂર્તિ દ્વારા કોઈ પરમપુરુષ બોલી રહ્યા છે. કૃષ્ણમૂર્તિના અધિષ્ઠાતાપદે 'ધ ઓર્ડર ઑફ ધ સ્ટાર ઈન ધ ઈસ્ટ' સંસ્થા સ્થપાઈ. એની બીસેન્ટે તથા થીઓસોફી સોસાયટીના તેમના સાથીઓએ કૃષ્ણમૂર્તિની ભગવાનના પુત્ર તરીકે પૂજા શરૂ કરી. આ દેશમાં અને દુનિયામાં યુવાન તેજસ્વી કૃષ્ણમૂર્તિનાં વ્યાખ્યાનો યોજાવા લાગ્યાં. આમ જ્યારે જગતના બૌદ્ધિક આસ્થાળુઓના ભગવાનનું પદ તેમને માટે નક્કી થઈ ચૂકયું તે ક્ષણે જ તેમણે આખીયે સંસ્થાનું વિસર્જન કરી નાખ્યું. પોતે માત્ર કૃષ્ણમૂર્તિ તરીકે જ રહેવાનું પસંદ કર્યું. પોતાની આસપાસ ઊભા થયેલા આધ્યાત્મિક સામ્રાજ્યનો અને એના ગાદીપતિનાં પદનો તેમણે ત્યાગ કર્યો.

કૃષ્ણમૂર્તિએ આ ત્યાગ કર્યો એ પહેલાના અને પછીના તેમના ઉદ્‌ગારોમાં બહુ મોટો ફેર છે. ૧૯૨૯ પહેલાનાં પ્રવચનોમાં પણ તેઓ માનવીનું ગૌરવ કરતા હતા. તેઓએ ત્યારે પણ જાહેર કર્યું હતું: "સત્ય અને વિશુદ્ધિને પામેલો માનવી જ ભગવાન છે. એ સિવાય બીજો કોઈ પરમેશ્વર નથી." છતાં એ વખતે તેમની વાણીમાંથી આવા શબ્દો પણ આવતા:

"મારે આ કરવું છે. આ ઝંખના મારા હૃદયમાં સળગી રહી છે. હું શોક અને રુશવત, વેદના અને યાતના, ક્ષણજીવી ઉલ્લાસ અને ક્ષણજીવી તરંગસૃષ્ટિને જોઉં છું: એટલે જ હું જીવનને જગાડવા અને એને સંપૂર્ણતા પર લાવવા ઈચ્છું છું. તમારે... તમારી જવાબદારી સમજવી જોઈએ."

આજે કૃષ્ણમૂર્તિ આ શબ્દો સ્વપ્ને પણ વાપરી ન શકે. એ વેળા 'Path', 'Goal' વગેરે શબ્દો એમની વાણીમાં દર ચોથા વાકયે આવતા. પણ પછી એમને શબ્દો દ્વારા ઊભાં થતાં બંધનો પણ સમજાઈ ગયાં અને એટલે જ તેમણે એક નવી ભાષા નીપજાવી લીધી છે. આ નવી ભાષા નીપજાવવી એ કૃષ્ણમૂર્તિની આગવી જરૂર હતી. એ વિચારોમાં બદ્ધ માનવી મુકત બને એમ ઈચ્છતા હતા. શબ્દો એના જડ ભૂતકાળ સાથે ઊભા છે એ જાણતા હતા. છતાં આ વાત કહેવા માટે એમને શબ્દો અને વિચારોનો આશ્રય લીધા વિના છૂટકો ન હતો. પણ એમણે શબ્દ અને વિચારને એક વહેતું રૂપ આપ્યું. આ દૃષ્ટિએ કૃષ્ણમૂર્તિની ભાષા પર એક મહાનિબંધ લખી શકાય એટલી સામગ્રી પડી છે. એમને કશુંક કહેવું છે: પણ એ કથનને તેઓ ઉપદેશ બનાવવા માગતા નથી, વિચાર બનાવવા માગતા નથી, શબ્દ બનાવવા માગતા નથી. એટલે એ કહે છે: તમે મને 'સાંભળો' નહીં; તમે 'ધ્યાન' આપો. એ તમારી શ્રુતિ નહીં, તમારું ધ્યાન માગે છે. એ જે કહે છે એ તમે 'માનો' એમ નહીં, 'સમજો' એ એમની માગણી છે. એ તમે 'શીખો' એવું નથી ઈચ્છતા, 'પામો' એમ ઈચ્છે છે.

કૃષ્ણમૂર્તિને સાંભળવાવાળો અને માનવાવાળો વર્ગ ઘણો મોટો છે; પણ એમાં 'ધ્યાન આપવાવાળો' અને 'સમજવાવાળો' વર્ગ ઘણો ઓછો છે. અસંખ્ય વિરોધાભાસોમાંથી જ એ કયાંક થોડો ઝબકારો મૂકી દે છે. આ ઝબકારો એ રીતે પોતે પોતાનાં કથનોની આસપાસ નીપજાવેલો છે. તમારા વિરોધાભાસોને સમજવા કે ઉકેલવા એ ઝબકારાનો આશ્રય લેવા જશો તો એ ચિત્રમાંનો સૂરજ પુરવાર થશે. તમારે એ જ રીતે તમારો પોતાનો ઝબકારો મેળવી લેવાનો છે. એ ઉત્તરોમાં નહીં, પ્રશ્નોમાં માને છે. એ સમસ્યાઓને નહીં, એના મૂળને પામવાની વાત કરે છે. એ કહે છે: 'બધી જ સમસ્યાઓ એક જ મૂળમાંથી ઊગે છે. આ મૂળને સમજ્યા વિના સમસ્યાઓને ઉકેલવાનો કોઈ પણ પ્રયાસ વધુ સંકુલતા તરફ દોરી જશે. અને એ સમસ્યાઓનો પ્રશ્ન આ રીતે સમજે છે. એ માને છે કે જીવન હમેશાં પડકાર ફેંકે છે; અને આ પડકાર સામે સમગ્રતાથી ઊભા રહેવાની તાલીમ આપણને મળી નથી. આપણે આ પડકારનો ખંડિત પ્રતિઘાર કરીએ છીએ. હયાતીની, નસોની, દિમાગની, મનની, હૃદયની, સમગ્રતાથી આ પડકાર સામે આપણે ઊભા હોઈએ તો કોઈ સમસ્યા રહેતી નથી. આ બનતું નથી, કારણ કે આપણે વિચાર કરીએ છીએ. વિચાર એટલે વ્યવહારુ લાભાલાભનું ગણિત. અને આ ગણિતમાંથી આપણો ઉગારો આવતો જ નથી, અને એક સમસ્યામાંથી બીજી સમસ્યા તરફ આપણે દોરાતા જ જઈએ છીએ.

આપણે જ્યારે કોઈ પણ વસ્તુ જોઈએ છીએ ત્યારે એને યથાર્થ

રૂપે નથી જોતા; આપણને ટેવ પાડવામાં આવી છે એ રીતે જોઈએ છીએ. આ રીતે આપણે અભિગમની તાજગી ગુમાવી બેસીએ છીએ. એ કહે છે:

"વ્યકિતના ચહેરા પરનું, નદીનું, રસ્તામાં પડેલા પાંદડાનું, સ્મિતનું કે ઊડતાં પંખીનું સૌન્દર્ય જોવા માટે આવેગની જરૂર છે, વિરાટ લાગણીની જરૂર છે. પણ આપણને લાગણી નથી હોતી. લાગણીમાં સંભાળનો અર્થ રહેલો છે—તમારાં બાળકોની સંભાળ, તમારા પડોશીની સંભાળ, તમારી પત્નીની સંભાળ, અને આપણે સંભાળ લેતા નથી, કારણ કે આપણી પાસે આવેગની વૃત્તિ નથી એટલે સમીપતા પણ નથી, સૌન્દર્ય જોડે સંવાદ પણ નથી."

અહીં કૃષ્ણમૂર્તિ બીજો પ્રશ્ન ઊભો કરે છે: આપણને કશું પણ જોતાં આવડે છે ખરું? આપણે પત્ની કે પતિ સામે જોઈએ ત્યારે સમગ્ર ભૂતકાળ સાથે, તમામ જખમો સાથે અને તમામ ઉલ્લાસ સાથે જોતા હોઈએ છીએ. આપણે મનની ચોકીથી અલગ થઈ કશું જ જોતા નથી—અને તો પછી કંઈ પણ જોઈએ છીએ ખરા? આપણી સ્મૃતિના બોજને અલગ કરી જીવવાની તૈયારી આપણામાં છે ખરી?

જેમ શાંતિ એ કોલાહલનો વિરામ નથી, એમ પ્રેમ એ દ્વેષનો અભાવ નથી. એ બેનાથી કંઈક વિશેષ છે. દ્વેષનો અભાવ અને પ્રેમની વસંત-એ વચ્ચે કૃષ્ણમૂર્તિને કોઈક સર્જનાત્મક વિરામ દેખાયો છે. "જ્યારે સંપૂર્ણ આત્મ-વિસર્જન હોય છે ત્યારે જ પ્રેમ પાંગરે છે. પ્રેમ જ વ્યવસ્થા, નવા સંસ્કાર, નવો જીવનમાર્ગ વિકસાવી શકે છે."

કૃષ્ણમૂર્તિ આ પ્રેમના તત્ત્વ પર ભાર મૂકે છે. એ કહે છે: "જગતના આ વિશીર્ણ રણમાં પ્રેમ નથી કારણ કે સુખ અને વાસના જ મોટો ભાગ ભજવે છે અને છતાં પ્રેમ વિના તમારા નિત્ય-જીવનનો કોઈ અર્થ નથી. તમારું હૃદય અને મન પ્રેમને જાણે ત્યારે જ સૌન્દર્ય નીપજે છે. પ્રેમ વિના કેવળ વિરૂપતા અને દરિદ્રતા જ ફૂલેફાલે છે. પ્રેમ કેમ કરવો એ જો તમે જાણી શકો તો તમારી બધી જ સમસ્યાઓ ઉકેલાઈ જાય છે."

પ્રેમ એ સમગ્રતા છે: પ્રેમ સમગ્રતા સાથે પરિસ્થિતિ સામે ઊભા રહેવાની તાકાત આપે છે. અને એટલે જ કૃષ્ણમૂર્તિ એનો આ મહિમા કરે છે. પણ આ બધું જ શબ્દોરૂપે છે. કૃષ્ણમૂર્તિ આપણે શબ્દોમાં માનીએ એમ નથી ઈચ્છતા. અહીં જ વિકટ વાત આવીને ઊભી રહે છે. આપણે લાગણી, આવેગ, સૌન્દર્ય અને પ્રેમની વાતો નથી કરવાની—એ અનુભવવાનાં છે. જીવનના પ્રતિક્ષણે ઊભા થતા પડકાર સામે સમગ્રતાથી ઊભા રહેવાનું છે. વ્યકિત નહીં, માનવી બનવાનું છે. વ્યકિતમાંથી માનવી બનવાનું ઉપનિષદ કૃષ્ણમૂર્તિએ આલેખ્યું છે—પણ એ ખરા અર્થમાં ઉપનિષદ છે. એ વાંચવા માટે નથી, સમજવા માટે છે. કૃષ્ણમૂર્તિના શબ્દોમાં આવતા ઝબકારા આપણા માટે અગાઉ કહ્યું એમ ચિત્રમાંનો સૂરજ છે. આપણો પોતાનો સૂરજ કેમ પ્રગટાવવો એ જ કૃષ્ણમૂર્તિ કહેવા પ્રયત્ન કરે છે. જ્યારે તેમને સાંભળનારા અને માનનારા ઘટશે અને ધ્યાન આપનારા અને સમજનારા વધારે હશે ત્યારે કદાચ વ્યકિતમાંથી માનવી બનવાનો કીમિયો બધાને હસ્તગત થયો હશે. પ્રેમનો મર્મ સૌને સમજાયો હશે. પ્રત્યેક વ્યકિતએ માનવી બનવા માટે પોતાનો રસ્તો લેવાનો છે. એટલે જ કૃષ્ણમૂર્તિ ભગવાન તરીકે નહીં, મિત્ર તરીકે આપણી સાથે રહ્યા છે. એટલે જ એમને ગુરુ બનવામાં રસ નથી. શિષ્યો ઊભા કરવામાં આનંદ નથી. કૃષ્ણમૂર્તિ વ્યકિત નથી, માનવી છે, અને આપણે સૌ વ્યકિત મટી માનવી બની રહીએ એમ ઈચ્છે છે.

હરીન્દ્ર દવે

# અહિંસક વર્ષ

**[ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની ઉજવણી માટે નીમેલી રાષ્ટ્રીય સમિતિના અતિથિવિશેષ મુનિશ્રી યશોવિજયજીએ ગુજરાત સરકારને ઉદ્દેશીને નીચેનું નિવેદન પ્રગટ કર્યું છે.]**

ગુર્જરેશ્વર કુમારપાલે તેરમી સદીમાં પ્રચાર અને કાનૂન દ્વારા ગુજરાતની પુણ્યભૂમિ ઉપર હમેશના માટે નાનાં – મોટાં બધાં પ્રાણીઓની 'હિંસાબંધી' કરીને ગુજરાતને અહિંસક બનાવ્યું હતું. એ જ ભૂમિ ઉપર વનખાતાના પ્રધાન શ્રી ગંગારામ રાવળે ગઈ કાલે અહિંસા ધર્મના સર્વોચ્ચ ઉપદેષ્ટા શ્રમણ ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦મા નિર્વાણવર્ષ નિમિત્તે શિકારની પરવાનગી ન આપવાની જાહેરાત કરીને અહિંસાના ક્ષેત્રમાં જે ક્રિયાશીલ પગલું ભર્યું છે તે માટે પ્રધાન શ્રી રાવળ તથા પ્રધાનમંડળ સહિત ગુજરાતના માનનીય મુખ્ય પ્રધાનને ધન્યવાદ આપું છું અને અન્ય રાજ્ય સરકારો પણ તેનું અનુકરણ શીઘ્ર કરે તેવો અનુરોધ કરું છું.

ગુજરાત સરકારની આ જાહેરાતથી અહિંસાપ્રેમી જનતાને અનહદ આનંદ થયો છે. ગુજરાતની થાણી સરકારને યાદ આપું કે આપણા મહાન દેશમાં બીજા પ્રાંતોની અપેક્ષાએ વધુ અહિંસક ભાગ જો કોઈ રહ્યો હોય તો મારા ખ્યાલ મુજબ ગુજરાતનો છે. આથી ગુજરાતના મુખ્ય પ્રધાન તથા તેમના પ્રધાનમંડળને નમ્રતાના ભાવ સાથે સાદર અનુરોધ કરું છું કે કમમાં કમ ૨૫૦૦મા નિર્વાણવર્ષનો પહેલો દિવસ અને છેલ્લો દિવસ, એટલે કે તા. ૧૩-૧૧-'૭૪ અને તા. ૧૩-૧૧-'૭૫ અને તે ઉપરાંત તા. ૪-૪-'૭૫નો શ્રી મહાવીર જન્મદિવસ (મહાવીર જયંતી) આ ત્રણ દિવસોએ ગુજરાતનાં કતલખાનાં બંધ રહે, જાહેર ભોજનગૃહોમાં માંસ ન પીરસાય દુકાનો ઉપરથી જીવતાં પ્રાણીઓનું વેચાણ ન થાય, હિંસક વ્યાપારો સર્વથા બંધ રહે અને દરિયાઈ શિકાર પણ બંધ થાય એવી જાહેરાત વહેલી તકે કરીને ભગવાન શ્રી મહાવીરને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોટિની ભાવાંજલિ આપે.

આવી જાહેરાતથી ગુજરાત સરકાર મહાન પુણ્ય બાંધશે, લાખો કરોડો મૂંગાં પ્રાણીઓનાં તથા ગુજરાતની અહિંસાપ્રેમી જનતા, પ્રાણીપ્રેમીઓ, હજારો જૈન સાધુ-સાધ્વીજીઓ, લાખો જૈનો તેમ જ બીજા સાધુસંતો તથા કરોડો અહિંસાપ્રેમી લોકો આ બધાયના આશીર્વાદ અને ધન્યવાદને મેળવશે.

ભગવાન મહાવીરના અનુયાયી તરીકે આગળ વધીને એમ પણ કહું કે કુમારપાલ અને શ્રી હેમચંદ્રાચાર્યજીની ધર્મભૂમિ અને ગાંધીજીની કર્મભૂમિથી ઓળખાતા ગુજરાતની ધર્મપ્રેમી સરકાર સમગ્ર નિર્વાણવર્ષને 'અહિંસક વર્ષ' જાહેર કરવાની પહેલ શા માટે ન કરે? અનેક ક્ષેત્રમાં દેશને માર્ગદર્શક બનનાર અમારી ગુજરાત સરકાર અહિંસા કે અભયદાનના ક્ષેત્રમાં શા માટે પાછળ રહે?

ગુજરાત સરકાર ગુજરાતની પ્રજાને નિર્વાણવર્ષ દરમિયાન ભગવાન શ્રી મહાવીરના સર્વોત્તમ જીવનનો તથા તેઓશ્રીના માનવજાતનું કલ્યાણ કરનારા અહિંસા અને અપરિગ્રહના ઉદાત્ત સિદ્ધાંતો તેમ જ તેઓશ્રીના નિર્વાણલક્ષી આદેશો અને ઉપદેશોનો સર્વાંગી પ્રચાર દ્વારા શ્રેષ્ઠ પરિચય થાય એ માટેનો કાર્યક્રમ ઘડી કાઢી ગુજરાતને વધુમાં વધુ અહિંસક અને ત્યાગની ઉન્નત ભાવનાવાળું બનાવે એવી આશા રાખું છું. આ માટે યોગ્ય કરવા ધર્મસ્નેહી મુખ્ય પ્રધાન શ્રી ચીમનભાઈને સાગ્રહ અનુરોધ કરું છું.

અંતમાં પરમ વિભૂતિ વિશ્વવત્સલ કરુણાના અવતાર ભગવાન શ્રી મહાવીરની કૃપા તમારા પર ઊતરી રહો એ જ પરમાત્માને પ્રાર્થના.

મુનિશ્રી યશોવિજયજી

# પ્રાર્થનાની શક્તિ

પ્રાર્થનાની શક્તિ અમાપ છે. શરીરને જેમ અમુક સમયના અંતરે ખોરાક દ્વારા પોષણ આપી કામ કરવા માટે શક્તિમાન રાખવું પડે છે તેમ અવારનવાર પ્રાર્થનાદ્વારા મનની તાકાતને જાગૃત રાખી શકાય છે.

માનવપ્રકૃતિ એવી છે કે તે વારંવાર દોષોમાં સરી પડે છે. ચિત્ત એટલું ચંચળ છે કે તે ક્યાંનું ક્યાં દોડે છે અને અનેક મથામણોમાં રચ્યુંપચ્યું રહે છે. હર્ષ-શોકના ભાવો આપણને સતત ખળભળાવતા રહે છે. આ બધી વિપરીત બાબતોથી બચવા માટે પ્રાર્થના કરવાની ટેવ ખૂબ લાભદાયી નીવડે છે. કંઈ નહિ તો સવાર-સાંજ બે વાર તો પ્રાર્થના જરૂર કરવી જોઈએ. આમાં એકાંત સ્થળ મળે તો ઠીક છે; નહીંતર ગમે તે કામ કરતા કે કોઈ સ્થળે રહીને પણ ઈશ્વરને યાદ કરી શકાય છે.

ઊંડા શ્વાસોચ્છ્વાસ -પ્રાણાયામ-ની ટેવ પણ ચિત્તને શાંત કરવામાં ખૂબ મદદ કરે છે. આ ક્રિયા વખતે નામસ્મરણ ચાલુ રાખવાથી આંતરિક શુદ્ધિ વધે છે. શ્વાસોચ્છ્વાસમાં સ્થિરતા આવે છે અને શરીરનું આરોગ્ય જળવાય છે.

સતત પ્રવૃત્તિમાં કે દોડધામમાં રહેવું પડતું હોય, સમયનો ચાને જગ્યાનો અભાવ હોય એવા લોકો હાલતાંચાલતાં કે કોઈ પણ કામ કરતાં પણ પ્રાર્થના કરી શકે છે. પ્રાર્થના કરવા પાછળનો અંતિમ હેતુ પણ એ જ છે કે, વ્યાવહારિક જીવનમાં ઈશ્વરને પ્રગટાવવો અને આપણા સારાયે અસ્તિત્વને ઈશ્વરમય બનાવવું.

એકાંતમાં બેસી પ્રાર્થના કરવી એ તો એક મર્યાદિત તબક્કો છે. આમાંથી ધીરે ધીરે નીકળી જઈ હરકોઈ પ્રવૃત્તિ સાથે ઈશ્વરનું જોડાણ કરવું જોઈએ. હાથમાં કામ અને દિલમાં રામ—આ બે ક્રિયા વચ્ચે સંવાદિતા જાળવવી એ મુશ્કેલ તો છે, પરંતુ રોજના અભ્યાસથી, વચ્ચે નડતા માનસિક વ્યાપારો હળવા બની આખરે સદાને માટે ચાલી જાય છે.

આ પુરુષાર્થને ફળીભૂત બનાવવા માટે આપણે બે પ્રકારની ચેતનાને વિકસાવવી પડે છે. એક ચેતના મોખરે રહી બાહ્ય પ્રવૃત્તિ સંભાળે છે અને બીજી ચેતના દૈવી શક્તિ એટલે કે ઈશ્વર જોડે સંબંધમાં રહે છે. આ બંને ચેતનાનો વિકાસ જેમ જેમ તીવ્ર બનતો જાય છે તેમ તેમ માણસમાં ગંભીર અને જવાબદારીભર્યાં કામો સંભાળવાની શક્તિ ખીલે છે તથા તેના હાથે થતાં કામો પૂર્ણ અને પ્રભાવોત્પાદક બની રહે છે. આવી વ્યક્તિ બાહ્ય અને આંતરિક રીતે શિસ્તબદ્ધ, ઘણી શક્તિશાળી અને છતાંય અત્યંત શાન્ત હોય છે.

પ્રાર્થના કરવાની નાની એવી ટેવના આરંભમાંથી જીવન પ્રાર્થનામય—દિવ્યતા પ્રત્યે સતત સમર્પિત—બની રહે છે ત્યારે માણસને અંદરથી જે ખજાનો પ્રાપ્ત થાય છે તે કોઈ સંતોની વાણી કે કોઈ પુસ્તક આપી શકે તેમ નથી. આ ખજાનાની બરોબરી દુનિયાની કોઈ સંપત્તિ કરી શકે તેમ નથી.

બહારના બધા આધારો છોડી પ્રાર્થનાદ્વારા આપણા સાચા સ્વરૂપની શોધ કરવી એ જ છેતરપિંડીના આ યુગમાં સલામત માર્ગ છે.

**શારદાબેન બાબુભાઈ શાહ**

# મયૂરકલ્પના

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં આત્માસમા સ્વ. પરમાનંદભાઈનાં પુત્રી શ્રીમતી મેનાબહેને મુંબઈની કળાશાળા અને શાન્તિનિકેતનમાં શ્રી નન્દલાલ બોઝ જેવા પ્રખર કલામર્મજ્ઞ પાસેથી શિક્ષા પ્રાપ્ત કરી છે. શ્રીમતી મેનાબહેન પિતાના જેટલાં જ પ્રવાસપ્રિય છે. તેઓ તાજેતરમાં જ એમના પતિ શ્રી અજિતભાઈ સાથે અમેરિકાનો ચાર મહિનાનો પ્રવાસ કરી સ્વદેશ પાછા ફર્યાં છે. એમની રહેણીકરણી ખૂબ જ સાદી રહી છે અને જીવનભર કળાની સાધના કરી છે. આ અખંડ સાધના અને બહોળા અભ્યાસના નિચોડના પરિણામે તેઓએ 'મયૂરકલ્પના' નામનું સ્વતંત્ર અને ખૂબ જ આકર્ષક પુસ્તક બહાર પાડ્યું છે. અલબત્ત, કાકાસાહેબના જ શબ્દોમાં કહેવું હોય તો—મેનાબહેને ભગવાનની સૃષ્ટિમાંથી પોતાના કળાવિલાસ તથા કળાવિકાસ માટે પક્ષીઓને જ પસંદ કર્યાં. ચાને એમાંય આકાશનો છેડો શોધવા મથનાર પક્ષી કરતાં, પૃથ્વી ઉપર પોતાની કળાના જાતજાતના પ્રયોગો કરનાર મયૂર પક્ષી એમને વધારે વહાલું છે. મયૂર રંગ ચાને રૂપ બન્ને સૃષ્ટિમાં પ્રયોગો કરનાર પ્રયોગવીર તો છે જ, એને રંગ ચાને લાવણ્ય ચાનેક રીતે બતાવવાની ચૂઝ છે ને ગમે છે. પણ એને તો, નાચતાં ને ઊડતાં નવી નવી ચાકૃતિઓ બનાવવાનો ખાસ શોખ હોય છે. પિતા પાસેથી ચોને 'મેના' એ પક્ષીનું નામ મળ્યું. ચોમને જો પોતાનું નામ પસંદ કરવાની છૂટ ચાપી હોત, તો ચોમણે મયૂરી નામ પસંદ કર્યું હોત. આ ચોપડી જીવતા શિક્ષકનું કામ ચાપી શકે ચોમ છે.

પુસ્તકનું મુદ્રણ ચાકર્ષક છે ચાને મેનાબેને ચા પુસ્તક કળાપ્રેરક ચોમના માત-પિતાને ચર્પણ કર્યું છે.

પુસ્તકની કિંમત રૂા. ૨૦ સામાન્ય રીતે જોતાં વધારે લાગે, પરંતુ કળાની કિંમત ચર્થમાં ન જ થાય. ચા પુસ્તકને ચમે ચાવકારીએ છીએ ચાને મેનાબેનને હાર્દિક ચભિનંદન ચાપીએ છીએ. કળારસિક ભાઈબહેનોને ચા પુસ્તક ચામારા કાર્યાલયમાંથી વેચાતું મળી શકશે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના લાભાર્થે એક નાટકના ચેરીટી શોનું ચાયોજન ફેબ્રુ.ચારી માસના ચંત ભાગમાં વિચાર્યું છે, એવી જાહેરાત તા. ૧૬-૧૨-'૭૩ ના ચંકમાં કરવામાં ચાવી હતી.

ત્યાર બાદ, પંદર દિવસ પહેલા, વિસ્તૃત માહિતી સાથેનો પરિપત્ર દરેક સભ્યો-ગ્રાહકો તેમ જ શુભેચ્છકોને મોકલવામાં ચાવેલ છે. પરંતુ તેનો બહુ જ થોડે ચંશે સાનુકૂળ જવાબ મળ્યો છે. તો દરેક શુભેચ્છકો, સભ્યો તેમ જ ગ્રાહકોને ચાથી નમ્ર છતાં ચાગ્રહભરી ચાને હાર્દિક વિનંતિ કરીએ છીએ કે સૌ પોતાનો યોગ્ય ફાળો ભેટદ્વારા ચથવા તો જે સોવીનેર પ્રગટ કરવામાં ચાવનાર છે તેમાં જાહેર ખબર ચાપીને મોકલી ચાપે—કેમકે સમય ઓછો હોવાને કારણે દરેકને ચંગત રીતે મળવાનું શક્ય નથી.

ચા ચેરીટી શો માટે, જેના પ્રથમ પ્રયોગોચે ચમદાવાદમાં સારી એવી લોકપ્રિયતા મેળવી છે તે — ઈન્ડિયન નેશનલ થિયેટરનું નાટક "સંતુ રંગીલી" પસંદ કરવામાં ચાવેલ છે. તે રવિવારે તારીખ ત્રીજી માર્ચના રોજ સવારના નવ વાગ્યે ભૂલાભાઈ ચોડિટોરિયમમાં રજૂ કરવામાં ચાવશે. ટિકિટોના દરને લગતી માહિતી ચાવતા ચંકમાં પ્રકટ કરવામાં ચાવશે.

ચામને જણાવતા ચાનંદ થાય છે કે ઈન્ડસ્ટ્રીયલ ચને રેસિડેન્સિયલ કન્સ્ટ્રક્શનનું જે મોટા પાયા પર કામ કરી રહેલ છે તે "યશવંત કૉર્પોરેશન" ના પ્રોપ્રાયટર શ્રી યશવંતભાઈ ઘાદભાવાળાએ ચા સમારંભના પ્રમુખ થવાનું સ્વીકાર્યું છે.

ચા ચેરીટી શો ચંગે દરેક રીતનો સહકાર ચાપવા મિત્રોને ફરીથી વિનંતિ કરીએ છીએ.

**શાન્તિલાલ દેવજી નન્દુ**
મંત્રી, શ્રી મ. મો. શાહ, સા. વા. પુ.

# ☆ પુનર્જન્મ ☆

એક મિત્રે આગ્રહપૂર્વક મને કહ્યું છે કે પુનર્જન્મ વિષે મારા વિચારો મારે જણાવવા. પુનર્જન્મ (સાથે પૂર્વભવ)નો વિચાર ત્રણ રીતે થાય: અનુભવ, તર્ક અને શ્રદ્ધાથી. મને એવો કોઈ અનુભવ નથી જેના આધારે હું નિશ્ચિત કહી શકું કે પુનર્જન્મ અને પૂર્વભવ છે જ. પણ બીજાઓ જેને એવો અનુભવ થયો છે તેમાં શ્રીમદ્ રાજચંદ્રનાં વચનોમાં મને પૂર્ણ વિશ્વાસ છે. શ્રીમદ્‌નાં લખાણો વાંચતાં એમ જણાય છે કે પૂર્વભવનું જાતિ-સ્મરણીય જ્ઞાન તેમને થયું હતું. પૂર્વભવ અને પુનર્જન્મ વિશે અનુભવથી વિશ્વાસપૂર્વક તેમણે કહ્યું છે. આ અનુભવની હું અવ-ગણના કરી શકતો નથી.

શ્રદ્ધા અને તર્ક અથવા બુદ્ધિ વચ્ચે વિરોધ નથી. બુદ્ધિ પહોંચી શકે ત્યાં સુધી બુદ્ધિથી વિચાર કરવો. પણ જીવનનાં બધાં રહસ્યોનો ઉકેલ બુદ્ધિ કરી શકતી નથી, તેની મર્યાદા છે. બુદ્ધિથી વિચારતાં ઘણા પ્રશ્નો અણઊકલ્યા રહે છે. તેવા સંજોગોમાં મારી વિચારણા આ પ્રકારની છે. પ્રથમ પ્રશ્ન પુનર્જન્મ (પુનર્જન્મનું કહું તે સાથે પૂર્વભવ સમજી લેવો) શક્ય છે કે નહિ? બુદ્ધિથી વિચારતાં જો કોઈ વસ્તુ સર્વથા અશક્ય લાગે તો તેને વિશે શ્રદ્ધા ન હોઈ શકે. અશક્યનો અર્થ એમ છે કે તે હોય જ નહિ, શક્ય જ નથી. પુનર્જન્મને હું અશક્ય નથી માનતો, કેવી રીતે તે હવે કહીશ. બીજો પ્રશ્ન, પુનર્જન્મ અનિવાર્ય છે? એટલે કે અશક્ય નથી એટલું જ નહિ પણ હોવો જ જોઈએ. મારી માન્યતા એવી છે કે પુનર્જન્મ હોવો જ જોઈએ. તે ન હોય તો જિન્દગીનો તાળો મળતો નથી. ઘણા પ્રશ્નો અણઊકલ્યા રહે છે. પણ પુનર્જન્મ હોય તો તેનો ઉકેલ દેખાય છે, અને તે ઉકેલ સુસંગત બુદ્ધિગમ્ય લાગે છે. ત્રીજું પગલું, જે શક્ય છે અને જે અનિવાર્ય છે, તે છે: What can be, and What must be, that is–Exists. આ છેલ્લું પગલું શ્રદ્ધાનું છે, પણ તે આંધળી શ્રદ્ધા નહિ પણ બુદ્ધિગમ્ય, બુદ્ધિની પેલે પારની, જ્ઞાનમય શ્રદ્ધા છે.

હવે પુનર્જન્મ શક્ય છે અને અનિવાર્ય છે તે શા માટે? પુન-ર્જન્મ કોનો? દેહનો તો નહિ જ. પંચમહાભૂતનો આ દેહ અનિત્ય છે, પંચમહાભૂતમાં મળી જશે. આ આપણો અનુભવ છે. મૃત્યુ થતાં તેને ભસ્મીભૂત કરીએ છીએ. માટે પુનર્જન્મ કહીએ ત્યારે આત્માનો. તો પછી દેહથી ભિન્ન આત્મા છે એ પ્રતીતિ પહેલાં થવી જોઈએ.

ભારતીય દર્શનોમાં, ચાર્વાકને બાદ કરતાં, બધાં દર્શનો આત્મ-વાદી છે. બૌદ્ધદર્શન અનાત્મવાદી કહેવાય છે, છતાં પુનર્જન્મમાં માને છે. તેની ચર્ચામાં અત્યારે નહિ ઊતરું. આત્મા છે એવું પોપ-ટિયું રટણ આપણે કરીએ છીએ. આપણે બધા પરંપરાગત વારસાથી માની બેઠા છીએ કે આત્મા છે, પુનર્જન્મ છે, કર્મ છે, કર્મથી મુકિત છે. પણ વિરલ વ્યકિતઓ આ વસ્તુનો વિચાર કરે છે. આ અતિ ગહન વિષયો છે અને તેનો વિચાર કરવાની શકિત બહુ થોડી વ્યકિતઓમાં હોય છે. સંતપુરુષોએ અને શાસ્ત્રોએ વારંવાર કહ્યું છે કે આત્માને ઓળખો. આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. આત્મા જ્ઞાનસ્વરૂપ કહ્યો છે. તેનું લક્ષણ ચેતના અથવા ઉપયોગ છે. વિચાર કરતાં એમ અનુભવાય છે કે દેહથી ભિન્ન કાંઈક બીજું તત્ત્વ છે જેને ચેતન તત્ત્વ કહીએ. આત્માનું શુદ્ધ સ્વરૂપ જેણે જાણ્યું છે એવી વિરલ વ્યકિતઓનો સમાગમ અને વાણીનો યોગ પ્રાપ્ત થાય તે પરમ સદ્‌ભાગ્ય છે. પણ જીવને એવી રુચિ હોય તો જ આવો યોગ થાય. આવી રુચિ કેટલાકને સ્વાભાવિક હોય છે, કેટલાકને નિમિત્તથી થાય છે. સાંસારિક પ્રવૃત્તિઓમાં ડૂબેલ માણસ આ દિશામાં જવા પ્રયત્ન કરે ત્યારે બહુ મૂંઝવણ અનુભવવી પડે છે. આ દિશામાં જવા માટે જે ત્યાગ, વૈરાગ્ય જોઈએ તે ન હોય તો તેની વાતો કે પ્રવૃત્તિ માત્ર દંભ કે દેખાવ જ બને છે. સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર્યની રત્નત્રયી શાસ્ત્રોએ કહી છે. મારી એવી માન્યતા છે અને થોડો અનુભવ છે કે ચિત્ત-શુદ્ધિ અને કાંઈક ચારિત્ર્ય ન હોય ત્યાં સુધી જ્ઞાનદર્શનની દિશામાં પ્રગતિ થતી નથી. આ ત્રણે પરસ્પરાવલંબી છે. પણ મારે મન પ્રથમ પગથિયું ચારિત્ર્ય છે. પણ આ બધું કહેવાને હું કયાં પાત્ર છું? થોડું પ્રકટ ચિન્તન કરું છું એટલું જ. પણ મારા મનની મૂંઝવણ મારે જ સમજવાની રહે છે. એટલું જ કે સત્શાસ્ત્રોનું સતત વાચન, ચિન્તન કરીએ તો થોડો પ્રકાશ કોઈ વખત પડે. પણ આ કાંટાળો માર્ગ છે. એ દિશામાં જવાની તૈયારી ન હોય તો નહિ ઘરના, નહિ ઘાટના એવી દશા થાય.

બે ગ્રંથોએ આ ચિન્તનમાં મને સારી એવી મદદ કરી છે. એક છે પ્લેટોનો મહાન સંવાદ ફીડો અને બીજો શ્રીમદ્ રાજચંદ્રની આત્મસિદ્ધિ. બીજા પણ ગ્રંથો છે. સમય સમયે વાંચતા, કોઈ વખત કોઈક પ્રકાશ પડે છે.

જૈનદર્શન કીડી અને કિટકથી માંડી મનુષ્ય સુધીના સર્વ જીવને સત્તાએ–Potentially–સમાન માને છે. વિકાસની દૃષ્ટિએ મનુષ્ય ટોચકક્ષાએ છે. તેથી મનુષ્યભવ દુર્લભ કહ્યો છે. જીવને નિત્ય, અજર, અમર માન્યો છે. વિજ્ઞાનની દૃષ્ટિએ વિચારીએ તો જીવની ઉત્પત્તિનું મૂળ હજી વિજ્ઞાન શોધી શકયું નથી. પણ ભૌતિક પદાર્થોમાંથી ચેતનની ઉત્પત્તિ થાય એવું માની શકાતું નથી. મનુષ્યની બુદ્ધિ અને ચેતનાની અસીમ શકિતનો વિચાર કરીએ ત્યારે જીવ - આત્મા - ના અંતિમ શુદ્ધ સ્વરૂપની કાંઈક ઝાંખી થાય છે. મારા અતિ અલ્પ ચિન્તનના અનુભવે મને એમ લાગ્યું છે કે આત્મા દેહથી ભિન્ન છે, પુનર્જન્મ છે, રાગદ્વેષથી મુકત આત્મા શુદ્ધ સ્વરૂપને પામે છે. આત્મા, કર્મ, કર્મનું ફળ અને તેમાંથી મુકિત ન હોય તો જિંદગી અર્થશૂન્ય ભાસે છે. જીવનયાત્રા અને સાધના અધૂરી રહે અને સદ્‌વર્તનનો કોઈ પાયો મળે નહિ.

પણ માણસના સદ્‌વર્તનનો આધાર આવા પ્રશ્નોના ઉકેલ ઉપર અવલંબિત નથી, ન હોવો જોઈએ. અલબત્ત, આવું જ્ઞાન હોય તો તેને શ્રદ્ધાનું બળ મળે છે અને સદ્‌વર્તનને આધાર મળે છે. કેટલાક ધર્મો આત્માને માને છે, પણ પુનર્જન્મને માનતા નથી. કયામતના દિવસે બધા ખડા થશે અને ઈશ્વર તેમનો ન્યાય કરશે. છતાં બધા ધર્મોએ સદ્‌વર્તનને જીવનના સુખનો પાયો માન્યો છે અને ઉપદેશ્યો છે. દયા, ક્ષમા, કરુણા, મૈત્રી, ત્યાગ, આ ગુણોને સદ્‌વર્તનનો પાયો કહ્યો છે. પુનર્જન્મ હોય કે ન હોય તો પણ સુખની ચાવી આવા વર્તનમાં જ છે.

ભગવાન બુદ્ધ આવા અંતિમ પ્રશ્નોના વિવાદમાં ઊતર્યા નથી. છતાં દુ:ખમાંથી મુકિત મેળવવા અને સાચું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ અવૈર અને કરુણા જ બતાવ્યો છે. આવા પ્રશ્નોના વિવાદમાં ઊતરી ગૂંચવાડો ઊભો કરવાની તેમણે ના પાડી છે. એક સુંદર ઉદાહરણ આપ્યું છે. કોઈ મનુષ્યને ઝેરી બાણ વાગ્યું હોય ત્યારે વૈદ્યને બોલાવે અને તેની સારવાર શરૂ કરે તે પહેલાં જો એવો આગ્રહ રાખે કે આ બાણ કયાંથી આવ્યું, કોણે માર્યું, શા માટે માર્યું એ બધું મને સમજાવો અને પછી સારવાર કરો, તો આ બધું જ્ઞાન તેને થાય તે પહેલાં જ તે મૃત્યુને શરણ થશે. તેમ આ સંસારમાં દુ:ખ છે, તેનો ઉપાય કરવાને બદલે આત્મા, પુનર્જન્મ, કર્મ, મોક્ષ વગેરેના વિવા-દમાં પડીશું તો દુ:ખમાંથી મુકિત મેળવવાને બદલે દુ:ખ વધતું રહેશે.

છતાં મનુષ્ય આવા પ્રશ્નો પૂછતો જ રહેશે, તેનો વિચાર પણ કરશે જ, તેનો ઉકેલ પણ શોધશે. આત્મા છે, પુનર્જન્મ છે એવી માન્યતાથી ઘણા પ્રશ્નોનો મને ઉકેલ મળે છે અને સદ્‌-વર્તનનો પાયો દૃઢ થાય છે.

૯-૧-'૭૪ - ચીમનલાલ ચકુભાઈ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૭૪ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## સંસદીય લોકશાહીનું ભાવિ

સંસદીય લોકશાહી ઈંગ્લાંડની વિશેષતા છે. ઈંગ્લાંડમાં તેની ઉત્પત્તિ થઈ અને વિકાસ થયો. સાત સૌકાથી મહદ્ અંશે સફળતાથી ઈંગ્લાંડમાં તેનો અમલ થયો છે. અમેરિકાએ, કેટલાક મહત્ત્વના ફેરફારો સાથે, તેને અપનાવી. દુનિયાના બીજા દેશોમાં પણ વધતે-ઓછે અંશે તેનો સ્વીકાર થયો છે. જેને રાજાશાહી, સામંતશાહી અથવા સરમુખત્યારશાહી માન્ય નથી તેને સંસદીય લોકશાહી સ્વીકાર્ય લાગી છે. છતાં એમ કહેવાય છે કે બ્રિટિશ પ્રજાની ખાસિયતો અને વિશિષ્ટ પ્રકૃતિને કારણે આવી રાજ્યપદ્ધતિ ત્યાં સફળ થઈ છે. બીજી પ્રજાઓએ પોતાની સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રમાણે કરવું જોઈએ. ઈંગ્લાંડનું માત્ર અનુકરણ લાભદાયી ન થાય. ઈંગ્લાંડમાં પણ આ પદ્ધતિની મર્યાદાઓ અને હાનિકારક તત્ત્વો વિષે ગંભીર વિચારણા થાય છે અને તેની ઉપયોગિતા વિષે શંકા સેવાય છે. જે સંજોગોમાં આ રાજકીય પદ્ધતિનો જન્મ થયો અને વિકાસ થયો તે સંજોગોમાં આમૂલ પરિવર્તન થયું છે અને તેથી આ પદ્ધતિ પણ પાયાનો ફેરફાર માગે છે એવું કહેવામાં આવે છે.

આપણે બ્રિટિશ પદ્ધતિ સ્વીકારી છે. ૨૫ વર્ષથી તેનો પ્રયોગ કરી રહ્યા છીએ. આ અનુભવે એમ લાગે છે કે તેને વિષે પુનર્વિચારણા કરવાનો સમય આવી પહોંચ્યો છે.

કોઈ પણ રાજકીય પદ્ધતિનું ધ્યેય પ્રજાનું સુખ અને આબાદી છે. તે એક સાધન છે. આપણા દેશમાં સદીઓથી રાજાશાહી હતી. કેટલેક ઠેકાણે ગણતંત્રો હતાં એમ ઈતિહાસ કહે છે, પણ મોટે ભાગે વંશપરંપરાગત રાજાઓ રાજ્ય કરતા આવ્યા છે. રાજા પ્રજાનો સેવક છે અને પ્રજાહિત જ તેનું લક્ષ્ય હોવું જોઈએ એવો આપણો સાંસ્કૃતિક વારસો છે. રામરાજ્ય આદર્શ ગણાયું છે. સામાજિક જીવન અને મહદ્ અંશે આર્થિક વ્યવસ્થા, વર્ણાશ્રમ, જ્ઞાતિઓ, પંચાયતો, વગેરે તંત્રો મારફત, સ્વયં સંચાલિત હતાં. રાજા, રક્ષણ કરે, કાયદો અને વ્યવસ્થા જાળવે. બ્રિટિશો આવ્યા પછી તેમાં કાંઈક ફેર પડ્યો પણ એકંદરે માળખું એ જ રહ્યું.

જ્ઞાતિ અથવા પંચાયતોને લોકશાહી ભલે કહીએ પણ સંસદીય લોકશાહી સર્વથા ભિન્ન વસ્તુ છે. ચૂંટણીનું તત્ત્વ નવું છે. અતિ મર્યાદિત ક્ષેત્રે બ્રિટિશ અમલ દરમ્યાન તેનો કાંઈક અનુભવ કર્યો, પણ સ્વતંત્રતા પછીનું ચિત્ર સર્વથા ભિન્ન પ્રકારનું છે. સાર્વત્રિક પુખ્ત વય મતાધિકાર અને તેનાં પરિણામો નવો અનુભવ છે.

સાચી લોકશાહીનો પાયો માનવીનું ગૌરવ, સમાનતા અને સહકારની ભાવના છે. દરેક વ્યકિત સ્વતંત્રતા ચાહે છે પણ તેની જવાબદારીનું ભાન બધાને નથી હોતું. કેટલાક લોકો એમ માને છે કે પ્રજાનો મોટો ભાગ અજ્ઞાન હોય છે. આવી પ્રજા લોકશાહીને પાત્ર નથી.

સંસદીય લોકશાહી પ્રત્યક્ષ લોકશાહી નથી. લોકના પ્રતિનિધિઓનું તંત્ર છે. તેનું મુખ્ય અંગ ચૂંટણી છે અને રાજકીય પક્ષો છે. સંસદીય લોકશાહીની મર્યાદાઓ અને અનિષ્ટો આ બે તત્ત્વોમાંથી પેદા થાય છે. ચૂંટણી અને રાજકીય પક્ષો પ્રજાના હિતનાં સાધનો બનવાને બદલે કોઈ પણ ભોગે સત્તા અને આર્થિક લાભો મેળવવાનાં હથિયાર બને છે.

સંસદીય લોકશાહીનાં અનિષ્ટો અને મર્યાદાઓ હવે અતિ સંક્ષેપમાં જોઈએ.

ચૂંટાયેલ પ્રતિનિધિઓ પ્રજાના સાચા પ્રતિનિધિ નથી હોતા. રાજકીય પક્ષોએ ઊભા કરેલ ઉમેદવારોમાંથી પસંદગી કરવાની રહે છે. આપક્ષ ઉમેદવારો બહુ થોડા હોય છે. રાજકીય પક્ષો જે રીતે ઉમેદવારો નક્કી કરે છે તેમાં લાયકાતના ધોરણ કરતાં બીજાં કારણો વધારે હોય છે. ઉમેદવારની લાગવગ, તેની કોમ, જાતિ, ખરચ કરવાની શકિત, પક્ષમાં તેનું સ્થાન, એવાં અનેક કારણો ભેગાં થાય છે. ઉમેદવાર લાયક નથી એવું જાણતા હોય ત્યારે પણ રાજકીય આગેવાનોએ તેની પસંદગી કરવી પડે છે. સારા, લાયક માણસો રાજકીય પક્ષોની લાચારી કરવા તૈયાર નથી હોતા. આવા સારા, લાયક માણસોનો પ્રજાસંપર્ક પણ કદાચ નથી હોતો. તે બુદ્ધિશાળી હોય, પ્રમાણમાં પ્રમાણિક હોય એટલું બસ નથી, સેવાથી પ્રજાહૃદયમાં સ્થાન મેળવ્યું હોવું જોઈએ.

એક રાજકીય પક્ષનો ઉમેદવાર લાયક ન હોય પણ તે પક્ષની નીતિ એકંદરે મતદારને સ્વીકાર્ય હોય, જ્યારે બીજા રાજકીય પક્ષનો ઉમેદવાર પ્રમાણમાં લાયક હોય પણ તે પક્ષની નીતિ તેને સ્વીકાર્ય ન હોય. તેવે સમયે, નછૂટકે લાયક ન હોય તેવા ઉમેદવારને મત આપવો પડે અથવા મતદાન ન કરવું એ જ વિકલ્પ રહે.

ચૂંટાયેલ વ્યકિતએ બહુમતીના મત મેળવ્યા હોય તેમ પણ બનતું નથી. મતદાન ઓછું થાય; લોકોના પ્રમાદથી અથવા ઉદાસીનતાથી અથવા અણવિશ્વાસથી. એવા ઓછા મતદાનમાં, ચૂંટાયેલ વ્યકિતને સૌથી વધારે મત મળ્યા હોય પણ તે અલ્પસંખ્ય લઘુમતીના જ મત હોય તેવું બને. આવા મત પણ અનેક ગેરરીતિથી મેળવ્યા હોય તેમ બને છે.

ચૂંટાયેલ વ્યકિતઓનો મોટો ભાગ સામાન્ય બુદ્ધિશકિતનો અથવા તેથી પણ ઊતરતી કોટિનો હોય છે. ખરેખર બુદ્ધિશાળી, પ્રમાણિક, શકિતશાળી બહુ ઓછા હોય છે. It is a crowd of mediocrities.

વ્યકિત ચૂંટાયા પછી મતદારોનો તેના ઉપર કોઈ કાબૂ રહેતો નથી. પાંચ વર્ષ ફાવે તેમ વર્તે. પાંચ વર્ષે જવાબ આપવાનો આવે ત્યારે તે હોય કે નહિ અથવા તે જ મતદાર વિભાગમાંથી ફરી ઉમેદવારી ન કરે. પાંચ વર્ષ દરમ્યાન પક્ષાન્તર પણ કર્યું હોય.

આવાં ઘણાં કારણોએ ચૂંટાયેલ વ્યકિતઓ પ્રજાના સાચા પ્રતિનિધિ નથી હોતા. એમાં લોકશાહી નથી, તેનો માત્ર ભાસ છે.

આ પદ્ધતિ અનેક રીતે અનહદ ખરચાળ છે અને વ્યાપક ભ્રષ્ટાચારને જન્મ આપે છે.

ચૂંટણીતંત્ર અતિ ખરચાળ છે. એટલે કે સરકારને ચૂંટણી કરવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે.

સંસદીય લોકશાહી અતિ ખરચાળ છે. એટલે કે સંસદ, ધારાસભા અથવા મોટી સુધરાઈઓ પણ ગરીબ દેશ માટે મોટા બોજારૂપ છે. સંસદના એક સભ્ય પાછળ એમ કહેવાય છે કે માસિક ખર્ચ રૂપિયા પાંચ હજારનું થાય છે. તેના દરેક પ્રધાન પાછળ હજારો-લાખોનું ખર્ચ થાય છે. આ તંત્ર મોટી નોકરશાહી ખડી કરે છે. સંસદ કે ધારાસભામાં ગાંડુંઘેલું અથવા બિનજરૂરી ગમે તેવું બોલાય તે તો શબ્દસહ નોંધ થાય અને છપાય. એવું જ તેની કમિટીઓનું.

ચૂંટણીખર્ચ અનહદ વધી ગયું છે, તેને કારણે વ્યાપક ભ્રષ્ટાચાર થયો છે. આ રોગમાંથી કોઈ મુક્ત નથી. શાસક પક્ષ સૌથી વધારે જવાબદાર રહે છે. આ ભ્રષ્ટાચાર બધાં ક્ષેત્રોમાં વ્યાપ્યો છે. આ એક જ કારણે આ પદ્ધતિ ભયંકર અનિષ્ટ છે. અસામાજિક અને ગુંડા તત્ત્વોને પોષણ આપે છે. અમેરિકામાં નિક્સનના ભવાડાએ ચૂંટણીના ભ્રષ્ટાચારની ભયાનકતા ઉઘાડી પાડી છે.

આ પદ્ધતિનાં બીજાં અનેક દૂષણો છે. અહીં તેનો ઉલ્લેખ અત્યારે નથી કરતો. પણ એટલું કહેવાય કે આ પદ્ધતિમાં જે થોડું લોકશાહી તત્ત્વ છે તે પણ ઘટતું જાય છે. વડા પ્રધાન સર્વસત્તાધીશ બનતા જાય છે. પક્ષના સભ્યોને સ્વતંત્રતા રહેતી નથી. મંત્રીમંડળમાં પણ વડા પ્રધાનની સત્તા વધતી જાય છે. કોઈ પણ મંત્રીને હઠાવી શકે અથવા તેનું ખાતું બદલાવી નાખે. અલબત્ત, કોઈક અંકુશો છે. પક્ષની મોટી બહુમતી ન હોય તો સાવચેતીથી કામ લેવું પડે. શક્તિશાળી પ્રધાનો હોય તો વડા પ્રધાન તેમના અભિપ્રાયને સર્વથા અવગણી ન શકે. છતાં એકંદરે પાર્લામેન્ટ કે ધારાસભા એક વાચાળ યંત્ર બનતું જાય છે.

આ બધું વિચારતાં એમ કહેવાય કે સંસદીય લોકશાહી સાચી લોકશાહી નથી. ચૂંટાયેલ વ્યક્તિઓ પ્રજાના સાચા પ્રતિનિધિ નથી. ગરીબ દેશ માટે વિનાશક હદે ખરચાળ છે. અનૈતિકતા અને ભ્રષ્ટાચારની જનેતા છે. કોમવાદ, પ્રાન્તવાદ, ભાષાવાદને ઉત્તેજે છે.

ઉપાય શું છે? આ પદ્ધતિ સર્વથા રદ કરવી? બીજો વિકલ્પ શો છે? ચર્ચિલે એમ કહ્યું હતું કે સંસદીય લોકશાહીમાં અનેક દોષો હોવા છતાં નનૈ કરતાં વધારે સારી પદ્ધતિ ન શોધાય ત્યાં સુધી તે શ્રેષ્ઠ રાજ્યપદ્ધતિ છે, તે એટલા માટે કે બીજી રાજ્યપદ્ધતિઓના મુકાબલે આ પદ્ધતિમાં પ્રજાનો કાંઈક અવાજ છે, વિચાર અને વાણીસ્વાતંત્ર્ય છે, પાંચ વર્ષે પ્રજાને જવાબ આપવો પડે છે, સંસદમાં સતત દેખરેખ અને ટીકાને અવકાશ છે, પ્રજાને રાજ્યકર્તાઓમાં ફેરફાર કરવાની તક રહે છે. ઈંગ્લાંડ માટે કદાચ આ સાચું હશે. આપણે ત્યાં શી સ્થિતિ છે? સ્થિતિ સુધરે છે કે બગડતી જાય છે?

શ્રી જયપ્રકાશ નારાયણે હમણાં કહ્યું છે કે આના કરતાં વધારે સારી પદ્ધતિ શક્ય છે. તેને તેઓ People's Democracy કહે છે. બિનપક્ષીય લોકશાહી અને તે પાયામાંથી રચવી એવી તેમની કલ્પના છે. ગાંધીજીને નામે તેઓ આ યોજના રજૂ કરે છે. કેટલે દરજ્જે ગાંધીજીની યોજના કહેવાય તે ચર્ચામાં ઊતરવાની જરૂર નથી. પણ તેમની યોજના, જેને માટે તેમણે પ્રજાને અને ખાસ કરી યુવાનોને હાકલ કરી છે તે સંક્ષેપમાં જાણવું.

ગ્રામસભાઓ રચવી – એટલે ગામના બધા લોકો ભેગા મળે અને પ્રશ્નોની ચર્ચા કરે. શહેરોમાં મહોલ્લાસભાઓ અથવા ૧૦૦ કુટુમ્બોની સભાઓ. આ બધા મળે અને સક્રિય રીતે ગામ-[illegible] સવાલોને હલ કરવા વિચાર કરે. પછી આવી ગ્રામ અને મહોલ્લાસભાઓ મારફત પ્રતિનિધિઓ ચૂંટી પ્રતિનિધિસભા રચવી. દરેક ગ્રામસભા સર્વસંમતિથી અથવા અવિરોધપણે-By general consensus - અથવા લવાદીથી પ્રતિનિધિ નિયુક્ત કરે. કોઈ પક્ષ ન હોય, કોઈ ચૂંટણી ન થાય. કોઈ પણ રાજકીય પક્ષ સાથે જોડાયેલ વ્યક્તિ પ્રતિનિધિ તરીકે નિયુક્ત ન થાય. આવા ૩૦૦ ગ્રામપ્રતિનિધિઓની સભા Delegates Council ધારાસભા માટે ઉમેદવાર નક્કી કરે. તે પણ સર્વ સંમતિથી અથવા અવિરોધથી અથવા એવી કોઈ પદ્ધતિ કે જેથી સર્વસંમત ઉમેદવાર નક્કી થાય. આવી રીતે ધારાસભાનો ઉમેદવાર પસંદ થશે હશે તે લોકોનો પ્રતિનિધિ છે માટે જરૂર ચૂંટણીમાં સફળ થશે. પ્રતિનિધિસભા કાયમ ચાલુ રહેશે, જે એક તરફ ગ્રામસભાઓ સાથે અને બીજી બાજુ ધારાસભાના સભ્યો સાથે સતત સંપર્કમાં રહેશે. એ જ પ્રમાણે શહેરોમાં.

આવી રીતે ધારાસભા રચાય પછી તેના સભ્યો કેવી રીતે રાજ્ય ચલાવશે તે વિષે તેમણે કાંઈ કહ્યું નથી. તેમણે કહ્યું છે: આ બાબત અત્યારે કાંઈ જણાવવું જરૂરનું નથી. તેની તક આવશે ત્યારે વિચારીશું. ધારાસભાથી આગળ સંસદ વિષે તેમણે કાંઈ કહ્યું નથી. અંતે કહ્યું છે: Young Men and Women, pick up this torch and march on. Destiny beckons you. Success awaits you.

શ્રી જયપ્રકાશે જે ચિત્ર રજૂ કર્યું છે તેમાં બે મુખ્ય મુદ્દા છે. રાજકીય પક્ષો ન જોઈએ. રાજકીય પક્ષ સાથે જોડાયેલ કોઈ વ્યક્તિ ન જોઈએ. લોકો ઉમેદવારની પસંદગી કરે તે પણ સર્વસંમતિથી. ધારાસભાઓ માટે ચૂંટણી થશે તેમ સ્વીકારે છે, પણ પક્ષના ધોરણે નહિ. સંસદનું કાંઈ કહ્યું નથી, આવી બિનપક્ષીય ધારાસભા થયા પછી રાજ્ય કેમ ચલાવશે તે કાંઈ કહ્યું નથી. રાજકીય પક્ષ નથી એટલે તેની નીતિની ઘોષણા કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. દરેક ઉમેદવાર અલગ નીતિ જાહેર કરશે? લોકો કયા ધોરણે ચૂંટણી કરશે? ધારાસભ્યોના કોઈ જૂથ વચ્ચે સામાન્ય નીતિ વિના રાજ્યરચના શી રીતે થશે? યુવાનોને હાકલ તો કરી છે, પણ જ્યાં સુધી કાંઈક સ્પષ્ટ ચિત્ર રજૂ ન કરે ત્યાં સુધી યુવાનોએ શું કરવું?

શ્રી જયપ્રકાશ વધારે પ્રકાશ ન પાડે ત્યાં સુધી તેમની યોજનાની ચર્ચા કરવી અસ્થાને છે. વર્તમાન પરિસ્થિતિ સામે તેમનો તીવ્ર અસંતોષ સકારણ છે. પણ તેમની યોજનાનું વિગતવાર ચિત્ર રજૂ ન કરે ત્યાં સુધી વ્યવહારુ છે તેમ કહેવું મુશ્કેલ છે. તેમની યોજના, લોકો પોતે બિનપક્ષીય ઉમેદવારો પસંદ કરે તેટલા પૂરતી મર્યાદિત લાગે છે. ધારાસભાઓ અને સંસદ માટે બંધારણ પ્રમાણે ચૂંટણીઓ થશે તેમ તેઓ સ્વીકારતા લાગે છે.

હકીકતમાં બ્રિટિશ ન્યાયપદ્ધતિ પેઠે બ્રિટિશ રાજ્યપદ્ધતિ, આપણા જેવા ગરીબ દેશને માટે વિનાશક રીતે ખરચાળ, અનેક અનિષ્ટોથી ભરપૂર, અને આપણા દેશને પ્રતિકૂળ હોવા છતાં, તેને સ્થાને સુગમ, સહેલી અને બિનખર્ચાળ પદ્ધતિ કોઈ સૂચવી શકયું નથી. ગાંધીજીની કલ્પના સર્વથા જુદા પ્રકારની હતી એમ હું માનું છું. પૂર્ણ વિકેન્દ્રિત અર્થરચના અને રાજ્યરચના તેમની કલ્પનાનો પાયો હતો. ગાંધીજીના પાર્લામેન્ટ વિષેના વિચારો આ અંકમાં અન્યત્ર આપ્યા છે.

કોઈ નવી રાજ્યપદ્ધતિ ન શોધીએ ત્યાં સુધી વર્તમાન પદ્ધતિનાં અનિષ્ટો દૂર કરવા અથવા ઓછાં કરવા પ્રત્યે લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઈએ. તેનાં થોડાં સૂચનો અત્યારે મને સૂઝે છે તેનો નિર્દેશ કરું છું:

(૧) ચૂંટણી માટે ખર્ચની મર્યાદા નક્કી કરી છે તેનો કડક અમલ કરવો. આ મર્યાદાઓ વ્યક્તિગત ઉમેદવાર માટે છે. રાજકીય પક્ષો માટે પણ આવી મર્યાદા નક્કી કરવી. સત્તાધારી પક્ષે તેમાં પહેલ કરવી. બધાએ પાકો હિસાબ રજૂ કરવો પડે. આવા હિસાબની નિષ્પક્ષ તપાસ થાય.

(૨) ચૂંટણીખર્ચની મર્યાદાનું કડક પાલન થાય અને ચૂંટણીમાં ગેરરીતિઓ ન થાય તેની પૂરી દેખરેખ રાખવા બિનપક્ષીય નાગરિક મંડળો રચવાં. કોઈ ઉમેદવારે કે રાજકીય પક્ષે આ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય કે ચૂંટણીમાં ગેરરીતિ કરી હોય તો રાજ્યના ખરચે તેવા ઉમેદવાર કે રાજકીય પક્ષ સામે કાનૂની પગલાં લેવાનો આવાં નાગરિક મંડળોને અધિકાર હોવો જોઈએ.

(૩) આવાં બિનપક્ષીય નાગરિક મંડળોએ પ્રજામત એટલો જાગ્રત કરવો કે રાજકીય પક્ષો લાયક ઉમેદવારોની જ પસંદગી કરે અને અપ્રામાણિક વ્યક્તિઓ ઉમેદવાર તરીકે ઊભી ન રહી શકે એવું વાતાવરણ પેદા થાય.

(૪) ચૂંટાયેલ વ્યક્તિ નિષ્ઠાપૂર્વક કામ ન કરે અથવા પોતાના મતદાર વિભાગ સાથે પૂરો સંપર્ક ન રાખે તો તેને પાછી ખેંચી લેવાનો હક્ક–'રાઈટ ઑફ રિકૉલ–તે મતદાર વિભાગને હોવો જોઈએ.

(૫) પક્ષાન્તર સર્વથા બંધ થવું જોઈએ. પક્ષાન્તર કરવું હોય તો રાજીનામું આપી ફરી ચૂંટણી થાય.

(૬) એક માર્ગ છે – પાયામાંથી indirect electionનો. આ વિશે મેં બહુ વિચાર્યું નથી, પણ વિચારવા જેવું છે.

એક મોટા વિષય ઉપર અતિ સંક્ષેપમાં નિર્દેશ માત્ર કર્યો છે. અત્યારની પદ્ધતિ સર્વથા રદ કરી શકીએ એવી શક્યતા મને જણાતી નથી. તેથી ચૂંટણી બને તેટલી સ્વચ્છ થાય અને પ્રામાણિક તથા લાયક વ્યક્તિઓ ચૂંટાય તે માટે આગેવાન નાગરિકોએ લોક-જાગૃતિ કરવા સતત અને વ્યવસ્થિત ઉપાયો કરવા એ માર્ગ હિતાવહ છે.

તા. ૨૦-૧-'૧૯૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## ગુજરાતમાં તોફાનો

ગુજરાત - સૌરાષ્ટ્રમાં બે અઠવાડિયાંથી વ્યાપક તોફાનો ચાલુ રહ્યાં છે તેથી પ્રત્યેક ગુજરાતીને ઊંડી વેદના થાય અને શરમ અનુભવવી પડે એવું છે. હજી સુધી મામલો કાબૂમાં આવ્યો નથી. આ રમખાણોના મૂળમાં અનહદ મોંઘવારી અને અનાજની તંગીનાં કારણો છે. પણ આવે વખતે બને છે તેમ, બીજાં ઘણાં તત્ત્વો આવી મળ્યાં છે. ગુજરાત સરકારની આણઆવડતે આ પરિસ્થિતિ સર્જવામાં મોટો ફાળો આપ્યો છે. બાજરા અને ડાંગરની લેવીના ભાવ વધારે પડતા નીચા હતા એ પ્રમાણમાં ગૌણ કારણ છે. ખેડૂતો સાથે મળી લેવીનો અમલ કરવાની નિષ્ફળતા વધારે જવાબદાર છે. સંભવ છે કે શરૂઆતથી સમજૂતીથી કામ લીધું હોત તો મામલો આટલી હદે ન જાત. પછી કાબૂબહારની વાત થઈ ગઈ. પુરવઠાપ્રધાન સામે ગંભીર આક્ષેપો છે અને તેમના સાથીઓએ જ કર્યા છે. તેમનું ખાતું બદલાવ્યું ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. મંત્રીમંડળમાં એકરાગ નથી. તેમાંના મોટા ભાગના બિનઅનુભવી છે. મુખ્ય મંત્રી દિલ્હી હોય ત્યારે નાયબ મુખ્ય મંત્રી એમ કહે કે મને સત્તા નથી એ આશ્ચર્યજનક કહેવાય. ત્રણ મંત્રીઓ સીધા ગવર્નર પાસે ફરિયાદ કરવા જાય એ ન માની શકાય એવી વાત છે. કેટલાક મંત્રીઓ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ છે. શાસક પક્ષમાં ફાટફૂટ વધતી રહી છે. કેન્દ્ર સરકારે પુરવઠો કાપી પરિસ્થિતિ વધારે વિકટ બનાવી.

આ બધાનો લાભ રાજકીય પક્ષો લે એ સ્વાભાવિક છે. જનસંઘે તેમાં આગેવાની લીધી અને પ્રજાના તીવ્ર અસંતોષે હિંસાનો માર્ગ લીધો. વિદ્યાર્થીઓએ આગેવાની લીધી. ચારે તરફ આગ, લૂંટ, ભાંગફોડે માઝા મૂકી. સરકારે પોલીસને છૂટો દોર આપ્યો અને પોલીસના જુલમોએ નવો વળાંક લીધો. આ વિષચક્ર ચાલ્યા જ કરે છે.

જે રાજકીય પક્ષો શાસક પક્ષના વિરોધી છે અથવા શાસક પક્ષમાં પણ જેઓ વર્તમાન મંત્રીમંડળના વિરોધી છે તેમણે આ પરિસ્થિતિને બહેકાવી. આ તોફાનોનો સીધી અથવા આડકતરી રીતે બચાવ કરવો કોઈ રીતે યોગ્ય ન ગણાય. આવાં તોફાનોને વખોડી કાઢવાને બદલે સરકારના દોષો, પોલીસના જુલમો - આ બધાં યોગ્ય કારણો હોવાં છતાં–તેને આગળ ધરી આ તોફાનોને પ્રોત્સાહન મળે તેવું કરીએ તેમાં પ્રજાને અન્યાય કરીએ છીએ. આ બનાવોનું સૌથી શોચનીય તત્ત્વ વિદ્યાર્થીઓનું વર્તન છે. પ્રજાના ગરીબ અને મધ્યમ સ્થિતિના વર્ગો જેને ખરું સહન કરવું પડે છે તે તો મૂંગે મોઢે સહન જ કરે છે. આવાં તોફાનોથી તેમની યાતનાઓ વધે છે. અસામાજિક તત્ત્વો જ લાભ ઉઠાવે છે. દુર્ભાગ્યે, આવાં તોફાનોને કાબૂમાં લઈ પ્રજાની વાજબી માગણીઓ યોગ્ય માર્ગે સંતોષાય તેવાં પગલાં કોઈએ લીધાં નહિ. ભાઈ પુરુષોત્તમ માવલંકરે થોડો પ્રયત્ન કરી જોયો, પણ વિદ્યાર્થીઓએ તેમનું સાંભળ્યું નહિ. સૌથી દુઃખની વાત એ છે કે જેની પાસેથી પ્રજાને સાચું માર્ગદર્શન આપવાની અપેક્ષા રાખી શકાય એવા એક અથવા બીજે કારણે નિષ્ક્રિય થયા અથવા મૌન રહ્યા અથવા હિંમત બતાવી ન શક્યા. ગુજરાત પાસેથી વધારે સારી અપેક્ષા રાખી શકાય ત્યાં સૌથી ખરાબ પરિણામ આવ્યું.

વર્તમાન મંત્રીમંડળ સર્વથા નિષ્ફળ ગયું છે તે વિશે કોઈ શંકા નથી. કેટલાકે રાષ્ટ્રપતિ શાસનની માગણી કરી છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી સુધી ઈન્દિરા ગાંધી આવું કાંઈ કરે તેમ જણાતું નથી. અનાજની તંગી કે મોંઘવારી તાત્કાલિક નાબૂદ થાય એવા સંજોગો નથી. લેવીની માત્રા ઘટાડી છે, ઘઉંનો વેપાર છૂટો મૂક્યો છે અને જિલ્લાઓ વચ્ચે અનાજની હેરફેરની છૂટ આપી છે તેથી પરિસ્થિતિ કંઈક હળવી થશે. જેને કોઈ રાજકીય હેતુ નથી એવાં આગેવાનોએ, અને રાજકીય હેતુ હોય તેવાઓએ પણ થોડો વખત તેને અળગો રાખી પ્રજાને આ હિંસાને માર્ગેથી પાછી વાળવાની જરૂર છે. ગરીબ વર્ગને રાહત આપવા, દુષ્કાળના સમયમાં કર્યું હતું તેમ રાહતકાર્ય શરૂ કરવું જોઈએ.

## પૂરક નોંધ

અઠવાડિયા પહેલાં ઉપરની નોંધ લખ્યા પછી ગુજરાતમાં ઘણું બની ગયું. ચારે તરફ સળગ્યું છે. છેવટ અમદાવાદ શહેર લશ્કરને સુપરત કરવું પડ્યું. આવાં તોફાનોમાં છેવટ પ્રજા થાકી જાય છે અને શાન્તિ થાય છે; પણ તે ભારેલા અગ્નિ જેવી હોય છે. હકીકતમાં વર્તમાન મંત્રીમંડળ પ્રજાનો વિશ્વાસ સંપૂર્ણપણે ગુમાવી બેઠું છે. મંત્રીમંડળમાં અને શાસક કૉંગ્રેસના વિધાનસભા પક્ષમાં એટલી મોટી ફાટફૂટ છે કે આ મંત્રીમંડળ ટકી ન શકે. કેન્દ્ર સરકાર તેના પોતાના કારણે રાષ્ટ્રપતિશાસન લાવવા તૈયાર નથી. હવે પછી પરિસ્થિતિ કેવો વળાંક લે છે, તેના ઉપર આધાર છે. આ સંબંધે શ્રી. જી. એલ. મહેતા, સી. એલ. ઘીવાલા, વાડીલાલ ડગલી અને મેં એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે જે આ પ્રમાણે છે :

"ગુજરાતમાં નિર્માણ થયેલી પરિસ્થિતિ એવી છે કે લોકશાહી અને સંસ્કારી જીવનપદ્ધતિમાં શ્રદ્ધા રાખતા દરેક માણસને એથી ખેદ થાય. બે અઠવાડિયાંથી ગુજરાતના એક પછી એક શહેરમાં કરફ્યુ દાખલ કરવામાં આવ્યો છે અને એથી સામાન્ય જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે અને વાજબી ભાવની દુકાનેથી અનાજની વહેંચણી કરવાનું પણ ખોરવાઈ ગયું છે. આ બધા સમય દરમિયાન સરકારે એમ જ માનીને ચલાવ્યું છે કે અનાજના અભાવ અને ઊંચા ભાવોને લીધે લોકો જે વિરોધ દર્શાવે છે તે બળના ઉપયોગથી દબાવી દઈ શકાશે. સમાજના કોઈ પણ વિભાગ તરફથી થતાં હિંસાનાં કાર્યોને સ્પષ્ટ રીતે વખોડી કાઢવા જોઈએ, તેમ છતાં, ગુજરાતમાં જે જાતની ગંભીર અશાંતિ જોવામાં આવે છે તે ન તો, પોલીસના

લાઠીમાર કે ગોળીબારથી અટકાવી શકાય, કે ન ગુજરાત સરકારે અમદાવાદમાં ગેરકાયદેસરપણે લશ્કર બોલાવ્યું છે તેનાથી અટકાવી શકાય.

રાજ્ય સરકાર આવાં ગભરાટભર્યા પગલાંને કારણે પ્રજાથી વધારે વિમુખ થઈ ગઈ છે. શ્રી રવિશંકર મહારાજ જેવા સંતપુરુષ, જેમણે ગુજરાત રાજ્યનું મંગળાચરણ કર્યું હતું તે, જ્યારે એમ કહે કે ગુજરાત સરકારે રાજીનામું આપી દેવું જોઈએ ત્યારે પ્રજાનો આ સરકાર પ્રત્યે કેટલો ઊંડો અને સર્વવ્યાપી અવિશ્વાસ છે તે હકીકત સ્પષ્ટ થાય છે. આનો અર્થ એ પણ છે કે આ સરકારે રાજ કરવા માટેનો નૈતિક અધિકાર ગુમાવી દીધો છે. કેન્દ્ર સરકારે અત્યાર સુધી આ પરિસ્થિતિમાં દરમિયાનગીરી કરી નથી કે નથી લીધાં કોઈ એવાં પગલાં કે જેથી ગુજરાતનું સામાન્ય જીવન ફરી સ્થાપિત થાય. આ દુઃખદ હકીકત છે. કેન્દ્ર સરકારની ગુજરાત પ્રત્યેની આ બેપરવાઈથી ગુજરાતની પ્રજાને અત્યંત દુઃખ થયું છે. એક વાત સ્પષ્ટ છે કે સામાન્ય જીવન ફરી સ્થાપિત કરવા માટે ગુજરાતના અત્યારના વહીવટી તંત્રની કોઈ પહોંચ નથી. સામાન્ય જીવન ત્યારે જ પ્રસ્થાપિત થશે કે જ્યારે કેન્દ્ર સરકાર કાયદા અને વ્યવસ્થાની તથા અનાજ અને બીજી જીવનજરૂરિયાતની ચીજોની ન્યાયી વહેંચણીની સીધી જવાબદારી પોતાના હાથમાં લેશે."

**યુવાનોને આહ્વાન**

હમણાં હમણાં શ્રી જયપ્રકાશ નારાયણ યુવાનોને આહ્વાન આપી રહ્યા છે. ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓને દૂર કરવા યુવાનોએ આગળ આવવું જોઈએ એમ હાકલ કરી છે. થોડા દિવસ પહેલા પવનારમાં એક પ્રવચનમાં તેમણે કહ્યું :

"લોકશાહીની પ્રક્રિયાના જન્મકાળે જ તેનું ગળું દાબવામાં આવતું હોય ત્યારે શું આપણે યુવાન વર્ગ આળસુની જેમ માત્ર જોયા કરશે? એમને ચાંચકો આપીને પ્રેરે રોવો આનાથી વધુ મહત્ત્વનો અન્ય કોઈ પ્રશ્ન ન હોઈ શકે. આજે અને હમણાં કૂચ કરવાનો સમય છે. કઈ દિશામાં કૂચ કરવી અને શું પગલું ભરવું તે યુવકોએ જાતે નક્કી કરવાનું છે. મારી ભલામણ માત્ર એટલી જ છે કે લોકશાહીના અર્થ અને આત્માને અનુરૂપ એમનું વર્તન વિવેકપૂર્ણ, શાંતિમય અને તટસ્થ હોવું જોઈએ."

બે દિવસ પહેલાં અમદાવાદમાં વિદ્યાર્થીઓના આંદોલનને શ્રી ઉમાશંકર જોશીએ ટેકો આપ્યો. તેની આગેવાની લેવા તેમને વિનંતી કરી તેનો સ્વીકાર ન કર્યો.

આપણો અનુભવ છે કે યુવાનો કે વિદ્યાર્થીઓના આંદોલનો, પ્રભાવશાળી આગેવાની અને સાચું માર્ગદર્શન ન હોય તો અવ્યવસ્થિત, હિંસક અને આડે માર્ગે જાય છે. તેમનો દોષ નથી, પ્રજાનું કોઈ. પણ આંદોલન સાચા માર્ગદર્શન અને આગેવાની વિના સફળ થતું નથી. વિદ્યાર્થી અને યુવાનો માટે આ વધારે સાચું છે. તેમનામાં ખૂબ ઉત્સાહ હોય છે, શક્તિ હોય છે. સાચી દિશાના અભાવે આ ઉત્સાહ અને શક્તિ ચારે તરફ ઊભરાય છે, પણ નિરર્થક જાય છે, હાનિકારક થાય છે. અમદાવાદમાં વિદ્યાર્થીઓએ મ્યુનિસિપલ બસોનો કબજો લઈ, હિજેક કરી. હવે કદાચ અન્ય સ્થળોએ આવા પ્રયોગો કરશે.

યુવાનોને આહ્વાન કરવાવાળા કે ઉત્તેજન આપવાવાળા, યુવાનોને નિશ્ચિત કાર્યક્રમ ન આપે અને તે કાર્યક્રમનો અમલ કરવાની જવાબદારી લઈ આગેવાની લેવા તૈયાર ન હોય તો આવું આહ્વાન આગ સાથે રમત રમવા જેવું થાય છે. શ્રી જયપ્રકાશે કહ્યું, કઈ દિશામાં કૂચ કરવી અને શું પગલું ભરવું તે યુવકોએ જાતે નક્કી કરવું. આ અંધારામાં કૂદકો મારવા જેવું છે. શ્રી જયપ્રકાશને પોતાને પણ દિશા કે પગલાની ખબર ન હોય તો યુવકો શું નક્કી કરવાના છે? પછી એમ આશા રાખવી કે લોકશાહીના અર્થ અને આત્માને અનુરૂપ એમનું વર્તન વિવેકપૂર્ણ, શાન્તિમય અને તટસ્થ હોવું જોઈએ તે વ્યર્થ છે. યુવકશક્તિનો ઉપયોગ રાજકીય પક્ષોએ પોતાના હેતુઓ માટે કર્યો છે. યુનિવર્સિટીઓ અને કૉલેજમાં અને છાત્રપરિષદોમાં જે બનાવો બન્યા છે અને હજી બને છે તેમાંથી બોધપાઠ નહિ લઈએ તો યુવકોને માત્ર આહ્વાન આપવાથી લાભને બદલે હાનિ થવાની છે.

કેટલાક લોકો એમ માને છે કે ક્રાન્તિ કરવી હોય તે પહેલાં અરાજકતા ઊભી કરવી જોઈએ અને એવી અરાજકતામાંથી ક્રાન્તિ જન્મશે. હું ધારું છું, કે શ્રી જયપ્રકાશની આવી માન્યતા નહિ હોય, કારણકે તેઓ યુવાનો પાસેથી વિવેકપૂર્ણ, શાન્તિમય અને તટસ્થ વર્તનની આશા રાખે છે. યુવકશક્તિનો જેને સન્માર્ગે ઉપયોગ કરવો છે તેમણે આગેવાની લઈ, જવાબદારી સ્વીકારી, નિશ્ચિત કાર્યક્રમ આપવો જોઈએ.

**ઈજિપ્ત અને ઈઝરાયલ**

ઈજિપ્ત અને ઈઝરાયલે પોતાનાં દળો પાછાં ખેંચી લેવાનો કરાર કર્યો તે શાન્તિની દિશામાં એક વિશેષ પગલું છે. પ્રથમ પગલે યુદ્ધવિરામ કરી, હવે સામસામાં ઊભેલાં લશ્કરી દળોને છૂટાં કરવાનું બીજું પગલું આવકારદાયક છે. કિસિન્જરની આ એક વિશેષ સિદ્ધિ છે. અતિવિકટ સંજોગોમાં ખૂબ ધીરજ અને કુનેહથી એક એક પગલું માંડીને મધ્યપૂર્વને શાન્તિ તરફ લઈ જાય છે. આરબ રાજ્યોમાં અને ઈઝરાયલમાં ઉદ્દામવાદી તત્ત્વોની પરવા કર્યા વિના, ઈજિપ્તના સાદત અને ઈઝરાયલના ગોલ્ડા મેયર, ૨૫ વર્ષથી સળગતી આગને બુઝાવવાના પ્રયત્નો કરે છે. તેમની હિમત ખરેખર અભિનંદનને પાત્ર છે. અમેરિકામાં વિષમ પરિસ્થિતિ છે તેથી ખેંચકાયા વિના, કિસિન્જર ધૈર્યથી ખૂબ ગૂંચવાયેલ કોકડા ઉકેલે છે. આથી, આરબ રાજ્યોએ સર્જેલી તેલની કટોકટી પણ નિવારી શકાશે. આરબ રાજ્યોમાં રશિયાનું વર્ચસ્વ વધારે હતું ત્યાં પણ કિસિન્જરે ખાતરી કરાવી જણાય છે કે અમેરિકાની સહાયથી જ છેવટનો ઉકેલ લાવી શકાશે. હવે આશા બંધાય છે કે જીનિવા કોન્ફરન્સનું કામ આગળ વધશે.

**એક સંનિષ્ઠ વ્યક્તિનું યોગ્ય સન્માન**

માંગરોળમાં ૪૦ વર્ષ સુધી એકધારી તપશ્ચર્યા કરી એવા એક આચાર્ય શ્રી વીરસુતભાઈનું માંગરોળનિવાસીઓએ મુંબઈમાં સન્માન કરી રૂપિયા ચાલીસ હજારની થેલી અર્પણ કરી તે સુખદ પ્રસંગે હાજર રહેતાં મને આનંદ થયો. આમ તો શ્રી વીરસુતભાઈ એક બાળમંદિર ચલાવે છે, પણ તેમનાં વિદ્યાર્થીઓમાં સુસંસ્કાર રેડયા અને તેમના જીવનઘડતરનો પાયો નાખ્યો તે હકીકત તેમના સેંકડો વિદ્યાર્થીઓએ ગૌરવપૂર્વક સ્વીકારી તેમનું સન્માન કર્યું અને ગુરુ પ્રત્યેનું ઋણ અદા કર્યું ત્યારે ચોમ થયું કે હજી ભારતની પરંપરા સાવ લુપ્ત થઈ નથી. શ્રી વીરસુતભાઈએ દક્ષિણામૂર્તિમાં શ્રી હરભાઈ ત્રિવેદી અને શ્રી ગિજુભાઈ પાસે બાળશિક્ષણનો અભ્યાસ કરી, માંગરોળના બાળમંદિરને સંભાળ્યું. રાષ્ટ્રીય લડતમાં અને શેખના અમલ દરમિયાન અનેક સંકટો સહન કર્યા. માંગરોળના બાળમંદિરને સંસ્કારધામ બનાવ્યું. ગાંધીયુગના દીવાઓ હજી પણ ક્યાંક પ્રકાશ આપતા રહ્યા છે તે વર્તમાન સમયમાં રણમાં વીરડી જેવા લાગે છે.

**પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું અભિવાદન**

આ પ્રજાસત્તાક દિને ભારત સરકારે પંડિત સુખલાલજીને ભારતભૂષણની પદવીથી વિભૂષિત કર્યા છે તે જાણી તેમના મિત્રો અને પ્રશંસકો ઊંડા આનંદની લાગણી અનુભવે છે. આ ઉમ્મરે, પંડિતજીને પોતાને આવું માન મળે કે ન મળે તે હકીકત તેમને માટે ગૌણ છે. પણ પંડિતજીને આ પદવી અર્પી, ભારત સરકારે તે પદવીની પ્રતિષ્ઠા વધારી છે. ગુજરાત સરકારે આ માટે ભલામણ કરી હશે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર બન્ને ધન્યવાદને પાત્ર છે. મુંબઈ જૈન યુવક સંઘ માટે આ પ્રસંગ વિશેષ ગૌરવનો છે. પંડિતજીની પ્રેરણા અને માર્ગદર્શન સંઘને હમેશાં મળતાં રહ્યાં છે. વર્ષો સુધી સંઘની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સંભાળી વ્યાખ્યાનમાળાને લોકપ્રિય બનાવી છે. ૯૩ વર્ષની ઉમ્મરે પંડિતજીની બુદ્ધિપ્રતિભા એટલી જ સતેજ અને જાગ્રત છે. હું જ્યારે મળું ત્યારે પ્રસન્નતાથી, કલાક દોઢ કલાક જ્ઞાનચર્ચા થાય. હજી જિજ્ઞાસા પણ એટલી જ છે. શરીરસ્વાસ્થ્ય પ્રમાણમાં સારું છે. આ બધું દીર્ઘકાળની સાધનાનું પરિણામ છે. આ પ્રસંગે મારા તરફથી અને જૈન યુવક સંઘ વતી હું પંડિતજીનું હૃદયપૂર્વક અભિવાદન કરું છું.

૨૯-૧-'૭૪ **ચીમનલાલ ચકુભાઈ**

# ગાંધીજી અને પાર્લામેન્ટ

[હિન્દુસ્તાનને સ્વરાજ કેમ મળે, આજીજી અને અરજીઓ કરીને, હિંસાથી કે અહિંસક માર્ગે, અને તે સ્વરાજ કેવા પ્રકારનું હોય, પશ્ચિમના સુધારાનું અનુકરણ કરતું અને બ્રિટનમાં છે એવી પાર્લામેન્ટની ઢબનું કે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ, આવા બધા પ્રશ્નો વિષે પોતાના વિચારો ગાંધીજીએ, સંક્ષેપમાં, વાચક અને અધિપતિ વચ્ચે સંવાદરૂપે, 'હિન્દ સ્વરાજ' ના નાનકડા પુસ્તકમાં ૧૯૦૮ માં સૌપ્રથમ રજૂ કર્યા. ગાંધીજીના બધા વિચારો બીજરૂપે આ પુસ્તકમાં મળે છે. તેની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખ્યું છે, "જ્યારે મારાથી નથી રહેવાયું, ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું...જે મારા વિચાર છેવટના લાગ્યા તે વાંચનારની પાસે મૂકવા એ મારી ફરજ સમજ્યો."

૧૯૨૧માં આ પુસ્તકની નવી આવૃત્તિ પ્રકટ થઈ ત્યારે તેની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખ્યું: "આ પુસ્તકમાં "આધુનિક સુધારા"ની સખત ઝાટકણી છે. તે ૧૯૦૮ માં લખાયું હતું. મારી જે પ્રતીતિ એમાં પ્રકટ કરી છે તે આજે અગાઉના કરતાં વધારે દૃઢ થયેલી છે. મને લાગે છે કે જો હિન્દુસ્તાન આધુનિક સુધારાનો ત્યાગ કરશે તો તેને લાભ જ થવાનો છે."

૧૯૩૮માં આ પુસ્તક વિષે ગાંધીજીએ લખ્યું: "આ પુસ્તક મારે આજે ફરી લખવાનું હોય તો હું કયાંક કયાંક તેની ભાષા બદલું. પણ એ લખ્યા પછીનાં જે ત્રીસ વર્ષ મેં અનેક ઝંઝાવાતોમાં પસાર કર્યાં છે, તેમાં મને એ પુસ્તકમાં દર્શાવેલા વિચારોમાં ફેરફાર કરવાનું કંઈ કારણ મળતું નથી."

આ પુસ્તકમાં રેલવે, વકીલ, દાકતર, યંત્રો, કેળવણી, હિંસા-અહિંસા, સત્યાગ્રહ વગેરે અનેક વિષયો સંબંધે ગાંધીજીએ પોતાના છેવટના વિચારો દર્શાવ્યા છે. હિન્દુસ્તાને કેવા પ્રકારના સ્વરાજની ઈચ્છા રાખવી જોઈએ, તેના જવાબમાં તેમણે ભારપૂર્વક કહ્યું છે કે બ્રિટનની પાર્લામેન્ટ ઢબનું તો નહિ જ. શા માટે નહિ તેના જવાબમાં બ્રિટિશ પાર્લામેન્ટ વિષે તેમના વિચારો જણાવ્યા છે, જે અહીં આપું છું. બ્રિટિશ પાર્લામેન્ટને તેમણે વાંઝણી અને વેશ્યા કહી છે. એક અંગ્રેજ મહિલાની લાગણીને માન આપી વેશ્યા જેવો ગ્રામ્ય શબ્દ કાઢી નાખવાની ૧૯૨૧માં હા પાડી, પણ વિચારો તો એ જ રહ્યા.

બ્રિટિશ પાર્લામેન્ટના જે મહાન દોષો ગાંધીજીએ બતાવ્યા છે તે વર્તમાનમાં અનેકગણા વધ્યા છે. છતાં આપણું બંધારણ આપણે ઘડ્યું ત્યારે બ્રિટનનું અનુકરણ જ કર્યું.

૧૯૨૧માં ગાંધીજીએ કહ્યું કે આ પુસ્તકમાં જે સ્વરાજનો ચિતાર આપ્યો છે તેવા સ્વરાજની સ્થાપના માટે હું આજે પ્રયત્ન કરી રહ્યો છું એવું કોઈએ માની ન બેસવું. હિન્દુસ્તાન તેને માટે તૈયાર નથી. "આજે મારી સામુદાયિક પ્રવૃત્તિનું ધ્યેય હિન્દુસ્તાનની પ્રજાની ઈચ્છા પ્રમાણેનું પાર્લામેન્ટરી ઢબનું સ્વરાજ પ્રાપ્ત કરવાનું છે એ વિષે કશી શંકા નથી."

કેટલી કરુણતા કે જે પાર્લામેન્ટને પોતે વાંઝણી અને વેશ્યા કહી એ જ ઢબનું સ્વરાજ આપાવવા ગાંધીજીએ ૩૦ વર્ષ લડત કરી. પણ તેમણે કહ્યું છે કે "હિન્દુસ્તાનની પ્રજાની ઈચ્છા પ્રમાણે આમ કરવું પડે છે. જે સુધારાની ગાંધીજીએ સખત ઝાટકણી કાઢી છે તે ખૂબ આગળ વધ્યો છે અને હજી વેગપૂર્વક વધી રહ્યો છે. આ સુધારાનું મુખ્ય લક્ષણ, ગાંધીજીએ કહ્યું છે તેમ ધર્મ અને નીતિનો અભાવ. હિન્દુસ્તાન એ જ દિશામાં જઈ રહ્યું છે. ગાંધીજી અટકાવી શકયા હોત? ગાંધીજીનું આ પુસ્તક દરેક વ્યક્તિએ વાંચી, મનન કરવાની જરૂર છે.

૨૫ વર્ષના પાર્લામેન્ટરી ઢબના સ્વરાજના અનુભવ પછી, હજી પણ હિન્દુસ્તાનની એ જ ઈચ્છા છે?

તે સંબંધે મેં આ અંકમાં એક લેખ લખ્યો છે. તેના સંદર્ભમાં ગાંધીજીએ પાર્લામેન્ટ વિષે કહ્યું છે તે મનનીય હોઈ અહીં આપું છું. —ચીમનલાલ ચકુભાઈ]

**વાચક:** ત્યારે તમારા કહેવા ઉપરથી હું એ અનુમાન કરું છું કે ઈંગ્લૅંડ જેવું રાજ્ય ભોગવે છે તે બરોબર નથી ને આપણને તે ન ઘટે.

**અધિપતિ:** આ અનુમાન તમે બરોબર કર્યું છે. ઈંગ્લૅંડમાં જે સ્થિતિ હાલ છે તે ખરેખર દયામણી છે, અને હું તો ઈશ્વરની પાસે માગું છું કે તેવી સ્થિતિ હિન્દુસ્તાનની કદી ન થજો. જેને તમે પાર્લામેન્ટની માતા કહો છો તે પાર્લામેન્ટ તો વાંઝણી છે અને વેશ્યા છે. આ બન્ને શબ્દો આકરા છે, છતાં બરોબર લાગુ પડે છે. મેં વાંઝણી કહી, કેમ કે હજુ સુધી પાર્લામેન્ટે પોતાની મેળે એક પણ સારું કામ કર્યું નથી. જો તેની ઉપર જોર કરનાર કોઈ ન હોય તો તે કંઈ જ ન કરે એવી તેની સ્થિતિ સ્વાભાવિક રીતે છે. અને તે વેશ્યા છે, કેમ કે તેને જે પ્રધાનમંડળ રાખે તે પ્રધાનમંડળની પાસે તે રહે છે. આજે તેનો ધણી બોલ્ડવીથ, તો કાલે બાલફર, અને પરમ દિવસે ત્રીજો.

**વાચક:** આ તો તમે કંઈક વ્યંગમાં બોલ્યા છો. વાંઝણી શબ્દ હજી તમે લાગુ પાડ્યો નથી. પાર્લામેન્ટ લોકોની બનેલી છે, એટલે બેશક લોકોના દાબ નીચે જ કામ કરે છે. તે જ તેનો ગુણ છે, તેની ઉપરનો અંકુશ છે.

**અધિપતિ:** આ વાત મહા ભૂલભરેલી છે. જો પાર્લામેન્ટ વાંઝણી ન હોય તો આમ થવું જોઈએ: લોકો તેમાં સરસમાં સરસ મેમ્બરો ચૂંટીને મોકલે છે. મેમ્બરો વગરપગારે જાય છે, એટલે લોકકલ્યાણને સારુ જવા જોઈએ. લોકો પોતે કેળવાયેલા ગણાય છે એટલે ભૂલ ન કરે એમ આપણે માનવું જોઈએ. આવી પાર્લામેન્ટને અરજી ન ઘટે, તેની ઉપર દાબ ન ઘટે. તે પાર્લામેન્ટનું કામ એવું સરળ હોવું જોઈએ કે દહાડે દહાડે તેનું તેજ વધારે દેખાય ને લોકોની ઉપર તેની અસર થતી જાય. તેને બદલે આટલું તો સૌ કબૂલ કરે છે કે પાર્લામેન્ટના મેમ્બરો આડંબરિયા અને સ્વાર્થી જોવામાં આવે છે. સૌ પોતાનું ખેંચે છે. માત્ર ધાસ્તીને લીધે જ પાર્લામેન્ટ કંઈ કામ કરે છે. આજ કર્યું હોય તે કાલે રદ કરવું પડે છે. એક પણ વસ્તુ આજ સુધીમાં પાર્લામેન્ટે ટંકાણે પાડી હોય એવો દાખલો જોવામાં નથી આવતો. મોટા સવાલોની ચર્ચા જ્યારે પાર્લામેન્ટમાં ચાલતી હોય ત્યારે તેના મેમ્બરો લાંબા થઈને પડે છે અથવા બેઠાં બેઠાં ઝોલાં ખાય છે. ને પાર્લામેન્ટમાં મેમ્બરો એવા બરાડા પાડે છે કે સાંભળનારા કાયર થઈ જાય છે. તેના એક મહાન લેખકે તેને 'દુનિયાની વાનૂડી' એવું નામ આપ્યું છે. મેમ્બરો જે પક્ષના હોય તે પક્ષ તરફ પોતાનો મત વગરવિચાર્યે આપે છે, આપવા બંધાયેલા છે. તેમાં કોઈ અપવાદરૂપે નીકળી આવે તો તે મેમ્બરના ભોગ સમજજો. જેટલો વખત અને પૈસા પાર્લામેન્ટ ગાળે છે તેટલો વખત અને પૈસા જો થોડા સારા માણસોને મળે તો પ્રજાનો ઉદ્ધાર થઈ જાય. આ પાર્લામેન્ટ તો માત્ર પ્રજાનું રમકડું છે, ને તે રમકડું પ્રજાને બહુ ખરચમાં નાખે છે. આ વિચારો મારા અંગત છે

ઓમ તમે ન જાણશો. મોટા અને વિચારવાન અંગ્રેજો તેવો વિચાર કરે છે. એક મેમ્બરે તો એમ જ કહ્યું કે પાર્લામેન્ટ ધર્મિષ્ઠ માણસને લાયકની નથી રહી. બીજા મેમ્બરે કહ્યું કે પાર્લામેન્ટ તો 'બેબી' (બચ્ચું) છે. બચ્ચાંને કોઈ દહાડો તમે સદાય બચ્ચાં રહેલ જોયેલાં? આજ સાતસો વર્ષ પછી જો પાર્લામેન્ટ બચ્ચું હોય તો ક્યારે મોટી થશે?

**વાચક:** તમે મને વિચારમાં નાખ્યો. આ બધું મારે એકદમ માની લેવું એમ તો તમે નહીં જ કહો. તદ્દન જુદા વિચાર તમે મારા મનમાં પેદા કરો છો. તેને મારે પચાવવા જોઈશે. ઠીક છે; હવે 'વેશ્યા' શબ્દનું વિવેચન કરો.

**અધિપતિ:** તમારાથી મારા વિચાર એકદમ ન મનાય એ વાત બરોબર છે. તે વિષે તમારે જે વાંચવું ઘટે છે તે વાંચશો તો તમને કંઈક ખ્યાલ આવશે. પાર્લામેન્ટને વેશ્યાનું નામ આપ્યું છે એ પણ બરોબર છે. તેને કોઈ ધણી નથી. તેનો ધણી એક હોઈ ન શકે. પણ મારો કહેવાનો ભાવાર્થ એટલો જ નથી. જ્યારે તેનો ધણી કોઈ બને છે - જેમ કે મુખ્ય પ્રધાન - ત્યારે પણ તેની ચાલ એકસરખી નથી રહેતી. જેવા બેહાલ વેશ્યાના હોય છે, તેવા જ પાર્લામેન્ટના સદાય રહે છે. મુખ્ય પ્રધાનને પાર્લામેન્ટની દાઝ થોડી જ રહે છે. તે તેની સત્તાના તોરમાં ગુલતાન રહે છે. તેનો પક્ષ કેમ જીતે એ જ તેને લગની રહે છે. પાર્લામેન્ટ કેમ ખરું કરે તે વિચાર તેને થોડો જ રહે છે. પોતાના પક્ષને જોર આપવા પાર્લામેન્ટની પાસે કંઈ કંઈ કામો મુખ્ય પ્રધાન કરાવે છે એવા દાખલા જોઈએ તેટલા મળી આવે છે. આ બધું વિચારવાલાયક છે.

**વાચક:** ત્યારે તમે તો, જેઓને આજલગી આપણે દેશાભિમાની અને પ્રામાણિક માણસો ગણતા આવ્યા છીએ, તેમની ઉપર પણ હુમલો કરો છો.

**અધિપતિ:** હા, એ ખરું છે. મારે કંઈ મુખ્ય પ્રધાનોનો દ્વેષ નથી. પણ અનુભવે મેં જોયું કે તેઓ ખરા દેશાભિમાની ન ગણાય. તેઓ જાહેરમાં જેને લાંચ કહીએ છીએ તે લેતાદેતા નથી તેથી પ્રામાણિક ભલે ગણાય, પણ તેઓની પાસે વગ પહોંચી શકે છે. તેઓ બીજાની પાસેથી કામ લેવાને સારુ ઈલકાબો વગેરેની લાંચ પુષ્કળ આપે છે. શુદ્ધ ભાવ તેને શુદ્ધ પ્રામાણિકપણું એમાં નથી એમ હું હિમતથી કહી શકું છું.

**વાચક:** આમ તમારા વિચાર છે ત્યારે તો હવે અંગ્રેજ લોકો કે જેને નામે પાર્લામેન્ટ રાજ્ય કરે છે તેને વિષે પણ કંઈક કહો, એટલે તેઓના સ્વરાજનો પૂરો ખ્યાલ આવે.

**અધિપતિ:** અંગ્રેજો જેઓ 'વોટર' છે (ચૂંટણી કરે છે) તેઓનું ધર્મપુસ્તક (બાઈબલ) વર્તમાનપત્ર થઈ પડયાં છે. તેઓ તે પત્રમાંથી પોતાના વિચારો બાંધે છે. પત્રો અપ્રામાણિક છે; એક જ વાતને બે રૂપ આપે છે. એક પક્ષવાળા તે જ વાત મોટી કરી બતાવે છે, બીજા પક્ષવાળા તે જ વાત છોટી કરી નાખે છે. એક છાપાવાળો એક આગેવાન અંગ્રેજને પ્રામાણિક ગણશે, બીજો છાપાવાળો તેને અપ્રામાણિક ગણશે. આવાં જે દેશમાં છાપાં છે તે દેશના માણસોના કેવા બેહાલ હોવા જોઈએ?

**વાચક:** તે તમે જ બતાવો.

**અધિપતિ:** તે લોકો ઘડી ઘડીમાં વિચારો બદલાવે છે. એમ તો એ લોકોમાં કહેણી છે કે સાત સાત વરસે રંગ બદલાય છે. ઘડિયાળના લોલકની માફક તે લોકો આમતેમ ફર્યા કરે છે; ઠેકાણાસર બેસી શકતા નથી. કોઈ માણસ જરા છટાદાર હોય ને વાતો ભારે કરી દે અથવા તેઓને મિજલસ વગેરે આપે તો નગારચીની માફક તેની ઢોલકી વગાડવા બેસી જાય છે. તેવા માણસોની પાર્લામેન્ટ તેવી જ હોય. તેઓનામાં એક વસ્તુ છે ખરી. તે એ કે પોતાના દેશને જવા નહીં દે; ને જો કોઈ તેની ઉપર નજર કરે તો તેને ચાંધળો-ભીંત કરી મૂકશે. પણ તેથી કંઈ તે પ્રજામાં બધા ગુણ આવી ગયા અથવા તે પ્રજાની નકલ કરવી, એમ કહી શકાય નહીં. જો હિન્દુસ્તાન અંગ્રેજી પ્રજાની નકલ કરે તો હિન્દુસ્તાન પાયમાલ થઈ જાય એવો મારો તો ખાસ વિચાર છે.

**વાચક:** અંગ્રેજી પ્રજા આવી થઈ ગઈ છે તેનાં શાં કારણ માનો છો?

**અધિપતિ:** તેમાં અંગ્રેજોનો ખાસ દોષ નથી, પણ તેઓના-બલ્કે યુરોપના - આજકાલના સુધારાનો દોષ છે. તે સુધારો, કુધારો છે અને તેથી યુરોપની પ્રજા પાયમાલ થતી ચાલી છે.

—મહાત્મા ગાંધીજી

# વિદ્યાર્થી આન્દોલનની મૂળભૂત નબળાઈ

૧૯૫૬ના મહાગુજરાત આન્દોલનની જેમ આ રોટી-રમખાણની આગની જ્વાળગરી બનવાનું કામ વિદ્યાર્થી આન્દોલને કર્યું હતું. છાત્રાલયોના ભોજન માટેનો વધતો જતો ખર્ચ એ મૂળ-ભૂત રીતે સામાન્ય મોંઘવારીમાંથી ઊભો થયો હતો. હોસ્ટેલનાં રસોડાં ઉપરાંત વિદ્યાર્થીઓની અન્ય માગણીઓ પણ હતી. આ માગણીઓ પર રચાયેલા "જનતા કરફ્યુ" અને ત્યાર પછીના "અમદાવાદ બંધ" પછી રાજ્યભરમાં રોટી-રમખાણ શરૂ થઈ ગયાં છે.

શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલી માગણીઓ ઉપરાંત રાજ્યવ્યાપી મોંઘવારી તથા સરકારી તંત્રના ભ્રષ્ટાચાર જેવા પ્રશ્નો પણ વિદ્યાર્થીઓએ પોતાના આન્દોલનમાં વણી લીધાં છે. પરંતુ વિદ્યાર્થી નેતાઓએ એક ભૂલ એ કરી લાગે છે કે વર્તમાન સરકાર રાજીનામું આપીને નવી ચૂંટણી માટે માર્ગ મોકળો કરે નહિ ત્યાં સુધી શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય એમણે લીધો છે. આવી વ્યાપક માગણીઓ અંગે શાળા-કોલેજોને અચોક્કસ મુદત માટે બંધ રાખવાનું કેટલું વાજબી અથવા તો વ્યવહારુ ગણાય એ પ્રશ્નને વિદ્યાર્થી નેતાઓએ ગંભીરતાથી વિચાર્યો લાગતો નથી.

વળી શિક્ષણક્ષેત્રની માગણીઓનો ઉકેલ એ શકયતાની મર્યાદામાં આવી જાય, પણ મોંઘવારી કે રાષ્ટ્રપતિશાસન જેવી કઠિન સમસ્યાઓ શાળા-કોલેજો બંધ રાખવાથી સરકાર પાસે ઉકેલાવી શકાય એમ માનવામાં કેટલું વ્યવહારુપણું ગણાય?

વિદ્યાર્થીઓના આવા ઉદ્દામવાદી આન્દોલન સાથે "૧૪મી ઓગસ્ટ સમિતિ"ના મંચ પર ભેગાં થયેલાં કામદાર મંડળો જોડાયાં છે. પરંતુ આ કામદાર નેતાઓએ પોતાના કાર્યક્ષેત્રમાં આવતાં કારખાનાંઓ કે કચેરીઓ અનિશ્ચિત મુદત માટે બંધ રાખવાનું ઠરાવ્યું લાગતું નથી.

ઓટલે પરિસ્થિતિ એવી છે કે જનતાની કઠિન સમસ્યાઓ ઉકેલવા માટે વિદ્યાર્થીઓ કેળવણી અને વાલીઓના પૈસા બન્નેની કુરબાની આપે, પણ કામદાર ભાઈઓ પાસે તો એક જ દિવસ માટેનો ભોગ એમના નેતાઓ માગે છે

પરિણામ એ આવ્યું જણાય છે કે આ ઉદ્દામવાદી કામદાર આગેવાનો વિદ્યાર્થીઓને ભોગે જ પોતાનું ક્રાંતિકારી સ્વરૂપ બતાવશે. આમ બનવું સ્વાભાવિક છે, કારણ કે મજૂર મહાજન સિવાયનાં મોટા ભાગનાં કામદાર મંડળોના આગેવાનો પોતાના અનુયાયીઓ પાસે અનિશ્ચિત મુદતની હડતાળ પડાવી શકવાની તાકાત ધરાવતા જ નથી. એમાંનાં સંખ્યાબંધ મંડળો તો ફકત કાગળના ઘોડા જેવા છે.

આ પ્રમાણે વિદ્યાર્થીઓને જ હોળીનું નાળિયેર બનાવવાના પ્રયાસમાં રાજકીય ઉદ્દામવાદી પ્રામાણિકતા કેટલી ગણાય?

૧૭-૧-'૭૪ ('નિરીક્ષક' માંથી સાભાર) દેવેન્દ્ર ઓઝા

# વકરેલા વિદ્યાર્થીઓ

થોડાં વર્ષો પર પેરિસ, કોલમ્બિયા, ઢાકા અને દિલ્હીના વિદ્યાર્થીઓ લગભગ સાથે તોફાને ચઢ્યા હતા. હાલ ગ્રીસમાં ભારે તોફાનો થયાં અને થાઈલેન્ડમાં પણ વિદ્યાર્થીઓએ જાણે જંગ માંડ્યો. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં જે અજંપો છે તેના પર વિદ્યાર્થીઓએ જાણે સવારી કરી હોય એમ લાગે છે. ફલુની માફક વિદ્યાર્થીઓનાં તોફાનોનું પણ જાણે આંતરરાષ્ટ્રીય મોજું જ આવી ચઢે છે. એમની બેચેની સતત કોઈ બહાનાની શોધમાં જ હોય છે. કમનસીબે ભારતમાં આવાં બહાનાં વારેતહેવારે મળી જ રહે છે. કયાંક ફર્નિચર બળે છે, કયાંક બારીના કાચ તૂટે છે અને કયાંક કુલપતિને માર પડે છે. આર્લ વિલ્સને એક મમરો મૂકેલો. આપણી આઠથી જિંદગી જૂની પેઢીને સમજવામાં જાય છે અને પછીની આઠથી નવી પેઢીને સમજવામાં જાય છે. નાના હતા ત્યારે મોટેરાંને માન આપવાનું શીખ્યા. હવે મોટા થયા ત્યારે કહેવામાં આવે છે કે નાની વયના વિદ્યાર્થીઓને પણ માન આપો અને એમને સમજવા પ્રયત્ન કરો. સારું ત્યારે...એવો પ્રયત્ન કરીએ.

૧૯૭૧માં બી.એ., બી. કોમ. અને બી. એસસી. થયેલા બેકારોની સંખ્યા ૩,૮૫,૦૦૦ હતી. દેશના ૧,૬૨,૦૦૦ વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને ડોકટરો બેકાર હતા. મનુભાઈ પંચોળી કહે છે કે 'શિક્ષિત બેકાર' એ વદતોવ્યાઘાત છે. વાત સાચી છે. આજના શિક્ષણ પર આક્ષેપ તો એવો છે કે તે માત્ર નોકરી માટે વિદ્યાર્થીને તૈયાર કરે છે. નોકરી માટેનું શિક્ષણ નોકરી પણ ન અપાવે ત્યારે શું કરવું ? યાદ રહે કે એક આર્ટ્સ ગ્રેજ્યુએટ પાછળ સરકાર રૂ. ૨૦,૦૦૦ ખર્ચે છે. એક કોમર્સ્ટી ગ્રેજ્યુએટ પાછળ રૂ. ૪૦,૦૦૦ અને એક ડૉકટર પાછળ રૂ. ૮૦,૦૦૦ ખર્ચ થાય છે. જૂન ૧૯૭૨ સુધીમાં એસ. એસ. સી.થી માંડીને પીએચ. ડી. સુધીના શિક્ષિત બેકારોની સંખ્યા ૨૩ લાખથી વધારે હતી. આ કતાર ટૂંકી થાય એવી કોઈ જ શકયતા નથી. ભારતની ૯૨ જેટલી યુનિવર્સિટીઓને આંખે એક પાટિયું ચીતરવું જોઈએ: "નોકરી મળશે એવી આશાએ અહીં ભણવા આવ્યા હો તો હજુય પાછા ફરો."

કયારેક એવું લાગે છે કે જાણે વિદ્યાર્થીઓનું ખમીર જ ખૂટી ગયું ન હોય ! જ્યોર્જ બર્નાડ શૉ કહેતા : હું જુવાન હતો ત્યારે મારાં દસમાંથી નવ કામ નિષ્ફળ જતાં; પણ મારે સફળ થવું હતું એટલે હું દસગણાં વધુ કામ કરતો. યુવાનીનું ખમીર આવું હોય. ક્રાંતિકારી યુવાનનું જાણીતું સૂત્ર હતું : 'મને મુકિત આપો યા મોત.' (Give me liberty or give me death) આલ્ડસ હક્સલીએ સુખવાદી યુવાનનું નવું સૂત્ર આ પ્રમાણે ગણાવેલું, 'મને હેરબર્ગર અને ટીવી આપો; સ્વતંત્રતાની જવાબદારીની પળોજણ મારે નથી જોઈતી.' બે સૂત્રો યુવાનીની બે વિરોધાભાસી બાબતો વ્યકત કરે છે. એકમાં સરફરોશીની તમન્નાનો અંગારો છે, જયારે બીજીમાં થીજી ગયેલી નિશ્ચેષ્ટ સંવેદનશીલતાનો બરફ છે. જયપ્રકાશજી જેવા નેતા તરુણોને લોકોની સમસ્યાઓ ઉપાડી લેવાનું કહે છે ત્યારે આ થીજેલા બરફને લોકાભિમુખ બનાવવાની બાબત અભિપ્રેત છે. વિદ્યાર્થીઓનાં તોફાનો પાછળ આવો કોઈ વિચાર હોય એમ જણાતું નથી. કૉલેજ જઈ રોજરોજ ભણવાનો કંટાળો ખૂબ મોટો ભાગ ભજવે છે. શહેરના 'બંધ' ને લોકો એક શાંતિપૂર્ણ રજા તરીકે આવકારે તેવી જ કંઈક વૃત્તિ આ બાબતમાં પણ હોઈ શકે.

શિક્ષિત માબાપો એક બાબતમાં અકળાય છે. શાળા-કૉલેજોમાં પોતાનાં બાળકો સંસ્કારની દૃષ્ટિએ ઝાઝું પામતાં નથી. કયારેક એવું બને છે કે સોબત અને વાતાવરણને કારણે ત્યાંથી ઊલટા નવા ચાળા શીખતા આવે છે. ઘણી વાર આવાં માબાપને પોતાનાં બાળકો વિચિત્ર જણાયા કરે છે. આવી વિચિત્રતાથી એમને ઘણી વાર અસુખ રહે છે. તેઓ બરછટ કડકાઈ બતાવી શકતા નથી અને નિરપવાદ ઉદારતાથી જે હોય તે સહી શકતા નથી. મોટી ઉંમરનાં બાળકોને પોતાની વાતો માટે દબાણ કરવામાં 'બાંધી મૂઠી લાખની' છૂટી પડવાનો ભય રહે છે. આવી મૂંઝવણ અનુભવતા બધાંને ખૂબ જ માર્ગદર્શક થાય એવા દસ આદેશો (Ten Commandments) એક અમેરિકન જર્નલમાં જોવા મળ્યા. આદેશો નીચે પ્રમાણે છે :

(૧) વિદ્યાર્થીઓ જે વાંચે તે વાંચો અને તેમની સાથે ચર્ચો.

(૨) યુવાનોના સંસ્કાર પર પ્રહાર ન કરો. એમને માટે એ અર્થપૂર્ણ છે. તમારા પ્રતિભાવો વિધાયક રહે એમ કરો.

(૩) પ્રશ્નો વધારે પૂછો અને ઉત્તરો સાંભળો.

(૪) નાની લઘુમતીના વર્તન માટે આખા વયજૂથના બધાંને ન વગોવો અને તે માટે અભિપ્રાય ન બાંધો.

(૫) યુવાનોની બેચેનીથી બેચેન ન બનો. કંઈક મેળવવા અને કોઈ હેતુઓ માટે તમે જ તે બાબત શીખવી હતી.

(૬) લાંબા વાળ, ઉઘાડા પગ કે જુદા પ્રકારના પહેરવેશ જેવી ઉપરછલ્લી બાબતોથી હેરાન ન થાઓ.

(૭) મહત્ત્વના અંગત નિર્ણયો લાદવાનો પ્રયત્ન ન કરો.

(૮) એમનું સંગીત સાંભળો.

(૯) વિદ્યાર્થીઓને અકળાવવા માટે ભણતર બંધ કરવાની કે ફી જપ્ત કરવાની ધમકી ન આપો.

(૧૦) વિજય કે પરાજય કે પછી અપમાનની સ્થિતિમાં તમારું બાળક ઘરને આશ્રયસ્થાન સમજે એવું કરો. એને જાણવા દો કે ત્યાં એને પ્રેમ અને માન મળશે.

વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે એકલા શિક્ષકો કશું નહીં કરી શકે. માબાપે સમજવું જોઈશે કે શિક્ષકો વિદ્યાર્થીઓને કોન્ટ્રાક્ટ બેઝીસ પર નહીં પણ પાર્ટનરશિપ બેઝીસ પર શિક્ષણ આપવા માટે જવાબદાર છે. વર્કશોપમાં સર્વિસ કરાવવા માટે સ્કૂટરને આપી આવીને કામ પતે પૈસા ચૂકવવા જેવી આ બાબત નથી. સવારે અગિયાર વાગે કૉલેજ જતો અને સાંજે પાંચ વાગે પાછો ફરતો દીકરો કૉલેજમાં ગયો જ ન હોય એમ બને. અમેરિકન ટીવી પર રાતના મોડેથી એક જાહેરાત આવે છે: "તમારાં દીકરા-દીકરી હમણાં કયાં છે તે તમે જાણો છો?" પાંચેક વર્ષ પર પર્લ બકે આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

વકરેલા વિદ્યાર્થીઓની સમસ્યાઓ માટે અધ્યાપકો અને વાલીઓએ સહિયારી જવાબદારી સમજીને સક્રિય થવું પડશે. નવી પેઢીના પ્રશ્નો આવતા દાયકામાં હજામથી માંડીને રાષ્ટ્રપતિ સુધીના સૌને પરેશાન કરવાના એ અંગે દ્વિધામાં રહેવામાં ખતરો છે.

–ડૉ. ગુણવંત શાહ

## શ્રી રિષભદાસ રાંકા–અભિનંદન સમારોહ

શ્રી ભારત જૈન મહામંડળના અધ્યક્ષ શ્રી શાદીલાલજી જૈન જણાવે છે કે જૈન સમાજના સુપ્રસિદ્ધ સેવાભાવી કાર્યકર્તા અને જેમણે રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે પણ અનેકવિધ સેવાઓ આપી છે એવા વયોવૃદ્ધ નેતા શ્રી રિષભદાસજી રાંકાને અભિનન્દન આપવાને લગતો એક સમારંભ એપ્રિલ '૭૪ ના પહેલા અઠવાડિયામાં યોજવાનો નિર્ણય કર્યો છે. આ પ્રસંગે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે એક લાખ રૂપિયાનું ફંડ કરવાનું ઠરાવ્યું છે.

આજે ૭૨ વર્ષની ઉમ્મરે પણ તેઓ અનેક સેવાસંસ્થાનાં કામો સાથે પ્રવૃત્ત રહ્યા છે અને એક નવયુવક જેટલા ઉત્સાહથી કામ કરીને બધી જ પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યા છે.

આવા એક નિઃસ્વાર્થ સેવાભાવી શ્રી રાંકાજીનું અભિવાદન એ તેમની સેવા, વિચારો અને તેમનાં કાર્યોનું અભિવાદન છે. સૌ મિત્રો અને પ્રશંસકોને આ કાર્યમાં જોડાવા અને આર્થિક સહકાર આપવા વિનતિ કરવામાં આવે છે.

આ માટે મોકલવામાં આવનાર ડ્રાફ્ટ અથવા ચેક "ભારત જૈન મહામંડળ" એ નામનો મોકલવો.

# તેલનું અર્થકારણ: આંતરરાષ્ટ્રીય અસર

છેલ્લા ત્રણ મહિનામાં ખનિજ તેલના ત્રણથી ચારગણા ભાવ વધારી મૂકવાના આરબ દેશોના પગલાના ઔદ્યોગિક દેશો પર વિવિધ પ્રકારના પ્રત્યાઘાતો પડયા છે અને આરબ દેશોને યેનકેન પ્રકારેણ ખુશ કરવાની જાપાન, બ્રિટન તથા ફ્રાંસની ચાલની સામે અમેરિકાએ બીજી બાજુ આરબ દેશો સામે સખતાઈથી કામ લેવાની હિમાયત કરી છે.

છેલ્લે છેલ્લે અમેરિકન પ્રમુખ નિકસને તેલ વાપરનારા મુખ્ય દસ દેશોના વિદેશપ્રધાનોની એક પરિષદ બોલાવી છે, જેમાં તેઓ તેલનું ઉત્પાદન કરતા આરબ દેશોએ જેમ એકસરખી નીતિ અખત્યાર કરી છે તેમ તેલ વાપરનારા દેશો પણ હાલની પોતાની વિસંવાદી નીતિને સ્થાને એકસરખી નીતિ અપનાવે તેવી હિમાયત કરશે તથા આ નીતિની રૂપરેખા દોરાશે.

આરબ દેશોએ પોતાની ધરતીમાંથી નીકળતા ખનિજ તેલ અંગે જે નીતિ અખત્યાર કરી છે તેનાં બે પાસાં છે. સર્વપ્રથમ તો ખનિજ તેલનો આરબ- ઈઝરાયલ સંઘર્ષમાં એક શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાની વાત હતી. ઘણા સમયથી આરબ દેશોમાં આ વિચારણા ચાલી રહેલી હતી તથા તેને અમલમાં મૂકવા માટે છેલ્લાં બેએક વર્ષથી તો આરબ દેશો પર સતત દબાણ થયા કરતું હતું. પણ આ દબાણને આરબ દેશો વશ થતા નહોતા તથા કામધેનુ ગાય જેવી આ કુદરતી બક્ષિસને ખતરામાં મૂકવાની હિંમત કરતા નહોતા અને સલામતીની ગણતરીપૂર્વકની મર્યાદામાં રહીને આ કામધેનુનો વધુમાં વધુ લાભ મેળવી શકાય તેવા હેતુથી તેલના ભાવોમાં થોડો થોડો વધારો કર્યા કરીને સંતોષ માની રહ્યા હતા. તેલ વાપરનારા ઔદ્યોગિક દેશો અને આપણા જેવા અન્ય દેશોએ તેલના આ ભાવવધારાને, વિરોધનો એક હરફ ઉચ્ચાર્યા વગર બરદાસ્ત કર્યો. આ ભાવવધારા પાછળની આરબ દેશોની રાજકીય મકસદની તે વખતે તેલ વાપરનારા કોઈ પણ દેશને ગંધ પણ ન આવી, એ આરબ દેશોએ તેલ ખનિજની કુદરતી બક્ષિસનો કેવી સિફતથી ઉપયોગ કર્યો તેની પ્રતીતિ કરાવે છે. પણ એ બે વર્ષના સમયમાં ખનિજ તેલના ભાવોમાં થયેલો વધારો પણ કંઈ જેવો તેવો નહોતો. ૧૯૭૦થી ૧૯૭૩ના આરંભ સુધીનાં ત્રણ વર્ષના સમયમાં પણ આરબ દેશોએ તેલના ભાવો બમણાથી ત્રમણા કર્યા છે, જે નીચે આપેલા આંકડાઓ પરથી જોઈ શકાશે.

**કુડ તેલના ભાવો: ૧૯૭૦-૧૯૭૩**

| | જાન્યુઆરી ૧૯૭૦ | જાન્યુઆરી ૧૯૭૨ | જાન્યુઆરી ૧૯૭૩ | એપ્રિલ ૧૯૭૩ |
|---|---|---|---|---|
| ઈરાન | ૩૪ ૧.૭૯ | ૨.૪૬૭ | ૨.૫૭૯ | ૨.૭૨૯ |
| આરબ | ૩૪ ૧.૮૦ | ૨.૪૭૯ | ૨.૫૯૪ | ૨.૭૪૨ |
| કુવૈત | ૩૧ ૧.૫૯ | ૨.૩૭૩ | ૨.૪૮૨ | ૨.૬૨૬ |
| કતાર | ૪૦ ૧.૯૫ | ૨.૫૯૦ | ૨.૭૦૫ | ૨.૮૬૨ |
| લીબિયા | ૪૦ ૨.૨૧ | ૩.૬૪૨ | ૩.૭૭૭ | ૪.૦૨૪ |
| વેનેઝુએલા | ૩૫ ૨.૮૦ | ૩.૨૧૧૦ | ૩.૩૬૨૧ | ૩.૭૬૮૩ |
| ઈન્ડોનેશિયા | ૧.૭૦ | ૨.૬૦ | ૨.૯૬ | ૩.૭૩ |

ભાવો એક બેરલ એટલે કે પીપ માપના તેલના અમેરિકન સેન્ટોમાં છે. તેલની જાત સાથેના આંકો તેની વિશિષ્ટ ઘનતાના છે.

આ કોષ્ટક પરથી જણાશે કે ગયા વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં આરબ દેશોએ તેલના ભાવોમાં અનેકગણો વધારો કર્યો તે પહેલાં જ છેલ્લાં બે વર્ષોમાં તેઓએ તેલના ભાવો બમણા ઉપરાંત વધારી દીધેલા. આરબ દેશોને પગલે પગલે અન્ય ઉત્પાદક દેશોએ પણ તેલના ભાવોમાં એમના જેટલો જ વધારો કરેલો, પણ આ સમયે આરબ - ઇઝરાયલ વચ્ચેનો સંઘર્ષ સુષુપ્ત દશામાં હોઈ કોઈ દેશોએ તેલના ભાવવધારાને રાજકીય હેતુથી નિહાળેલો નહિ તથા બરદાસ્ત કરી લીધેલો.

ઈજિપ્ત તથા સીરિયાનાં દળોએ તા. ૬ ઠ્ઠી ઑકટોબર ૧૯૭૩ ની મધરાતે ઈઝરાયલનાં દળો પર કરેલા એકાએક આક્રમણથી શરૂ થયેલા ચોથા આરબ - ઈઝરાયલ યુદ્ધમાં આરબ દેશોએ ખનિજ તેલનો યુદ્ધના એક શસ્ત્ર તરીકે ઉપયોગ કરી એક બીજો પાસો ફેંકયો. તેઓએ એકત્ર બનીને ઈઝરાયલને સહાય આપનાર અમેરિકા તથા યુરોપના નવ ઔદ્યોગિક દેશોને આરબ દેશોમાંથી મોકલાવાતા તેલના પુરવઠામાં ૨૫ થી ૩૦ ટકાનો કાપ મૂકવાના નિર્ણયની જાહેરાત કરી તથા જ્યાં સુધી આ દેશો ઈઝરાયલને સાથ આપવો બંધ કરે નહિ, ઈઝરાયલ પોતાની જૂની સરહદ પર પોતાનાં દળો પાછાં ખેંચે નહિ અને પેલેસ્ટાઈનના અસલ આરબ વતનીઓને ન્યાય મળે નહિ, ત્યાં સુધી દર મહિને તેલના કાપમાં પાંચ પાંચ ટકાનો વધારો કરતા જવાની પણ ધમકી આપી. આ નિર્ણયો એવે સમયે આવી પડયા, જ્યારે સમશીતોષ્ણ કટિબંધમાં આવેલા યુરોપ - અમેરિકાના આ ઔદ્યોગિક દેશોમાં શિયાળાની શીત ઋતુની શરૂઆત થતી હતી અને રોજ-બ-રોજ રહેવાનાં ઘરો તથા દુકાનો, કારખાનાંઓ અને કચેરીઓને ટાઢ ઉડાડવા ગરમ રાખવા માટે બળતણનો, એટલે કે મુખ્યત્વે તેલનો ઉપયોગ અનિવાર્ય બને. એટલે આવે સમયે આરબ દેશોના તેલના પુરવઠા પર કાપ મૂકવાના નિર્ણયથી આ દેશોમાં સર્વત્ર એક ભાવિ આફતના ભયની લાગણી ફેલાઈ ગઈ અને ઔદ્યોગિક દેશોમાં વ્યાપેલા આ ગભરાટથી ઉત્તેજિત બનીને આરબ દેશોએ સાથેસાથે તેલના ભાવોમાં એકધારો અનેકગણો ઓર વધારો કરવા માંડયો અને આ ભાવવધારો એટલી હદે પહોંચ્યો છે કે ૧૯૭૦ના સરેરાશ પોણા બે ડૉલરે બેરલને ભાવે વેચાતા તેલના આજે લગભગ સાડાસત્તાર ડૉલર બોલાય છે, એટલે કે લગભગ તેના ભાવ દસગણા વધ્યા છે.

હવે તેલના આ વધેલા ભાવોની ઔદ્યોગિક દેશો પર કેવી અસર થશે તે જોઈએ.

તેલના ભાવો જ્યારે સરેરાશ એક બેરલના પીપ - માપના - પોણા બે ડૉલર જેવા હતા, તે ૧૯૭૦ના વર્ષમાં અમેરિકાના સંયુક્ત સંસ્થાનો, જાપાન, જર્મની, બ્રિટન અને ફ્રાંસ એ પાંચ મુખ્ય દેશોની તેલની આયાત, કુલ આયાત અને કુલ રાષ્ટ્રીય પેદાશના કાચી વસ્તુઓના આંકડા નીચેના કોષ્ટકમાં આપ્યાં છે. આંકડા અબજ ડૉલરમાં છે.

| | અમેરિકા | પ. જર્મની | બ્રિટન | ફ્રાંસ | જાપાન |
|---|---|---|---|---|---|
| તેલની આયાત | ૩.૧ | ૨.૬ | ૨.૩ | ૨.૩ | ૩.૯ |
| કુલ આયાત | ૪૦.૦ | ૨૯.૮ | ૨૧.૭ | ૧૮.૯ | ૧૮.૯ |
| કુલ રાષ્ટ્રીય આમદાની | ૯૮૮.૬ | ૧૮૭.૭ | ૧૨૦.૪ | ૧૪૭.૬ | ૧૯૭.૬ |

ઔદ્યોગિક વિકાસવાળા આ દેશોના અર્થકારણમાં દર વર્ષે વૃદ્ધિ થવાની અર્થશાસ્ત્રીઓ ગણતરી કરે છે, પણ એ વૃદ્ધિનો વેગ બાજુએ રાખીએ અને ૧૯૭૦માં જેટલા તેલની આયાત થયેલી તેટલા જ તેલની ૧૯૭૪માં આ દેશોને આયાત કરવી પડે એમ ગણીએ તો પણ, અને તેલના ભાવોમાં સરેરાશ પાંચગણો વધારો થયેલો લેખીએ તો પણ ઉપરના આંકડા પરથી જોઈ શકાશે કે એ ભાવે જગતના આવા વિકસેલા સમૃદ્ધ દેશોને પણ એના એ પ્રમાણમાં તેલની આયાત કરવી પરવડે નહિ. અને આરબ દેશો તેલના

ઉત્પાદનના બધા જ કાપો ઉઠાવી લે તો પણ તેઓની તેલની આયાતમાં ફરજિયાત કાપ મુકાવીને મુકાવાનો. લગભગ બધા જ દેશો બીજા તેલનો ઉપયોગ વધારવાના વિવિધ માર્ગો અપનાવી રહ્યા છે.

રવિવારની મોટરની સફરો પર પ્રતિબંધ, મોટરોની ગતિ પર અંકુશ, સ્ટેડિયમોમાં વિમાની ઉડ્યનો પર કાપ વગેરે પ્રકારના તેલ બચાવવાના માર્ગોની વિવિધ ઉદ્યોગો પર અસર થવા પણ લાગી છે. મોટી ગાડીઓ વધુ પેટ્રોલ બાળે એટલે નાની ગાડીઓ વધુ ખપે અને અમેરિકામાં મોટી ગાડીઓના વેચાણમાં એકાએક ગાબડું પડતાં મોટર ઉદ્યોગને નવેસરથી પોતાનું આયોજન કરવાની ફરજ પડી છે. ઘણી વિમાની કંપનીઓએ પોતાનાં ઉડ્યનો પર કાપ મૂકયા છે. જુદી જુદી કંપનીઓ વચ્ચેનાં સ્પર્ધાયુક્ત ઉડ્યનોને બદલે હવે સંયુક્ત ઉડ્યનો થવા લાગ્યાં છે. વીજળીની રોશનીના ઝગમગાટમાં લગભગ સાર્વત્રિક ઘટાડો કરાયો છે. અને આમ ઘણાખરા દેશોમાં "તેલ બચાવ" એ આ વર્ષનો મહામંત્ર બની ચૂકયો છે.

એટલે હવે યુરોપના દેશો આરબ દેશો સાથે તેલની આયાત સામે શસ્ત્રસરંજામની નિકાસના લાંબા ગાળાના પંદર-વીસ વર્ષની મુદતના સોદા માટે વાટાઘાટો શરૂ કરી રહ્યા છે. આવા પ્રયાસોમાં ફ્રાંસ અને બ્રિટન અગ્રસ્થાને છે, કારણકે યુરોપનો બીજો કોઈ દેશ આવી વાટાઘાટો શરૂ કરી શકે તેમ નથી. બેલ્જિયમ કે હોલાન્ડ બહુ નાના છે. શસ્ત્રસરંજામનાં ત્યાં કારખાનાં પણ નથી અને જર્મની કે ઈટાલી શસ્ત્રસરંજામ બનાવી પૂરો પાડી શકે તેમ નથી, કારણકે બીજા વિશ્વયુદ્ધની હારના ઓળાઓથી હજી આ બન્ને રાષ્ટ્રો સંપૂર્ણપણે મુક્ત થયાં નથી. સામ્યવાદી દેશોમાં રશિયા યા ચીન બન્ને શસ્ત્રો પૂરાં પાડી શકે તેમ છે, પણ લાગે છે કે આરબ દેશોને આ બન્ને દેશો સાથેની મૈત્રીના સ્વાંગ આડેનાં પડળ ઊતરી ગયાં છે.

એક રહ્યું અમેરિકા. યુરોપના દેશોને કે જાપાનને મુકાબલે અમેરિકાને આરબ દેશોના તેલ પર ઘણો ઓછો આધાર રાખવો પડે છે. કારણકે તેલની શોધ આ દેશમાં થઈ અને માત્ર બે દાયકા પહેલાં જ દેશમાંથી મળી આવતા તેલથી તેની કરોડો મોટરો અને લાખો કારખાનાંનાં ચક્રો ચાલતાં રહેતાં. હજી પણ યુરોપના દેશો કે જાપાનને મુકાબલે અમેરિકાને તેલની ખૂબ જ ઓછી આયાત કરવી પડે છે. જાપાનના સોએ સો ટકા તથા યુરોપના સિત્તેરથી એંસી ટકાની સરેરાશ સામે અમેરિકાને માત્ર દસ ટકા જેટલું જ તેલ આયાત કરવું પડે છે; અને અમેરિકારો ૧૯૮૦ સુધીનાં આવતાં છ-સાત વર્ષોમાં જ આરબ દેશોની આયાતપાંથી સંદંતર મુકત બનવાનું નક્કી કર્યું છે.

આરબ રાજ્યોએ એક થઈ તેલનો રાજકીય હેતુ માટે ઉપયોગ કરવા માંડયો અને તેમાં આરંભમાં તો આશ્ચર્યજનક સફળતા મળી ચૂકી છે, પણ આરબોની જેમ યુરોપનાં ઔદ્યોગિક રાજ્યો આ શસ્ત્રના પ્રતિકારરૂપે કોઈ એવા બીજા જ સંયુક્ત શસ્ત્રનું આયોજન કરે તો? આવું આયોજન શકય છે? તો આરબ રાજ્યો પર તેની કેવી અસર થાય? તે હજી જોવાનું રહે છે.

**મોહનલાલ પી. ગાંધી**

## આજની રાજકીય પરિસ્થિતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ–૪) શનિવાર તા. ૯–૨–૭૪ના રોજ સાંજના ૬ વાગ્યે "આજની રાજકીય પરિસ્થિતિ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવેલ છે.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# શ્રી હરભાઈ ત્રિવેદીનો વાર્તાલાપ

દક્ષિણામૂર્તિ અને ધરશાળાના જાણીતા કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીનો એક વાર્તાલાપ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૨૧-૧-'૭૪ના રોજ સાંજના સમયે યોજવામાં આવ્યો હતો.

વાર્તાલાપની શરૂઆતમાં તેમણે સ્વ. પરમાનંદભાઈનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે તેઓ એક ઊર્ધ્વગામી આત્મા હતા, કોઈ પણ પ્રવૃત્તિને ઝીણવટથી તપાસવાની તેમને ટેવ હતી. ભલે અમારા વ્યવસાયો જુદા હતા, એમ છતાં અમારી મૈત્રી ગાઢ બની તેનું કારણ આદર્શની સમાનતા હતી. માણસમાં જીવનનિષ્ઠા કેળવવાની જે વૃત્તિ હોય છે, તેમાં તેઓ અજોડ હતા. તેમનો કોઈ અમિત્ર હતો જ નહિ – ટીકા કરવાવાળા, નિંદા કરવાવાળા, બધા જ તેમના મિત્રો હતા: તેઓ ખરે ખર અજાતશત્રુ હતા. તેમની સાથે ચર્ચા કરવી તે જીવનનો એક લહાવો હતો. તેઓ સદા જાગૃત માણસ હતા. કોઈ પણ પ્રશ્ન વિશે તુલનાત્મક દૃષ્ટિએ ચિન્તન કરવાને લગતી તેમની તીવ્ર મનોદશા હતી. તેમનું જીવનચરિત્ર પ્રગટ કરવું જોઈએ, જેથી બધાં તેમને જાણી શકે.

ત્યાર બાદ કેળવણી વિશે બોલતાં તેમણે જણાવ્યું કે કેળવણી દરેક સમાજ માટે અલગ અલગ પ્રકારની હોય છે, પરંતુ શિક્ષણ આપણા દેશને અનુકૂળ અને સાચા માણસોનો ઉછેર કરી શકે એવું હોવું જોઈએ.

આપણે તરુણોની જરૂરિયાતોનો કદી વિચાર કરતા હોતા નથી. બાલ્યાવસ્થામાં તેને શું જોઈએ છે તેનો કોઈએ કદી વિચાર કર્યો નથી. આપણે બાળકો સાથે નિષેધાત્મક વ્યવહાર રાખતા હોઈએ છીએ તે બરાબર નથી. આપણો તેમની સાથેનો વ્યવહાર વિધેયાત્મક હોવો જોઈએ. બાળકોને વઢવું કે મારવું જોઈએ નહિ. તમે કહેશો કે તો બાળક કેમ સુધરે? પરંતુ મારો સામો પ્રશ્ન છે કે વઢવાથી કે મારવાથી શું બાળક સુધરે છે ખરો? આપણે તેની સાથે માનવતાભર્યો વર્તાવ રાખીએ તો અવશ્ય સુધરે.

નવું ભણાવો તે તેને ગ્રાહ્ય હોવું જોઈએ. આજે તરુણો જે તોફાનો કરી રહ્યા છે તેનું કારણ એ છે કે એમનો જે રીતે ઉછેર થયો છે તેનું આ સ્વાભાવિક પરિણામ છે.

આજની અશિસ્તનું મૂળ શોધી કાઢવું જોઈએ. તમારા વ્યવહારો અહિંસાનિર્ભર અને માનવતાભર્યા હોવા જોઈએ. આ વાત સમાજ, સરકાર કે ધર્મ કોઈ જ સ્વીકારતું નથી.

આપણે બાળકોને શિક્ષણ આપીએ છીએ તેમાં પણ તેને શાંતિ રાખવાની સૂચના, બરાડા પાડીને કે ટેબલ પર હાથ પછાડીને અશાંતિભરી રીતે આપતા હોઈએ છીએ. ઘરમાં પણ કોઈનો ફોન આવે ત્યારે બાળકની હાજરીમાં જ સૂચના આપીએ છીએ કે તેમને કહો કે શેઠ ઘરમાં નથી. આવો ખોટો વ્યવહાર આપણે ઘરઘળે કરતા હોઈએ છીએ. જ્યારે બાળકો તો ઘરમાં અને સમાજમાં જે જુએ તે રીતે જ તેમનું ઘડતર થતું હોય છે.

જીવનના દરેક ક્ષેત્રે આપણું વર્તન કેટલું બધું વિકૃત બનતું ચાલ્યું છે. આપણી વૃત્તિઓને પણ આપણે કાબૂમાં નથી રાખી શકતા.

આ બધો આપણી આજની કેળવણીનો પ્રતાપ છે. વૃત્તિઓને સંસ્કારવાનું કામ પણ કેળવણીનું જ છે. એટલે આપણા સમાજ-જીવનના ઉત્થાન માટે પ્રાયામાંથી વિચાર કરવાની જરૂર છે. સાચી કેળવણી જ સમાજને સુસંસ્કૃત બનાવી શકશે.

પ્રથમ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આવકાર આપ્યો હતો. ત્યાર બાદ મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રી હરભાઈનો પરિચય કરાવ્યો હતો અને વકતવ્યને અંતે સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી હરભાઈ વિષે અને તેમના વકતવ્ય વિષે બે શબ્દો કહ્યા હતા અને સુખડના હારથી તેમનું અભિવાદન કર્યું હતું.

સંકલન: **શાન્તિલાલ ટી. શેઠ**

# ગુજરાતી સાહિત્ય પરિષદ: ૨૭મું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭મું અધિવેશન વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૧૨, ૧૩, ૧૪મી જાન્યુઆરીએ શ્રી ગુલાબદાસ બ્રોકરના પ્રમુખપદે યોજાયું.

અધિવેશન યોજાયું એના બે દિવસ પહેલાં ગુજરાતમાં ફાટી નીકળેલાં રમખાણો અને પોલીસના ગોળીબારથી તંગ અને ક્ષુબ્ધ બનેલા વાતાવરણને કારણે અધિવેશન યોજાશે કે કેમ એવી શંકા છેલ્લી ક્ષણ સુધી રહ્યા કરી.

તા૦ ૧૨મીએ 'આણંદ બંધ'ની જાહેરાત થઈ હતી. એટલે વિદ્યાનગરમાં પ્રવેશવા માટે પણ મુશ્કેલી હતી. પરંતુ અધિવેશનમાં જનારાઓને કંઈ મુશ્કેલી નહિ પડે એવી સ્થાનિક નેતાઓ તરફથી ખાતરી આપવામાં આવી હતી. આમ છતાં સૌરાષ્ટ્ર તથા ગુજરાતનાં ઘણાં નગરોના સાહિત્યકારો આ પરિષદમાં ઉપસ્થિત રહી શક્યા નહિ. અધિવેશનના પ્રમુખ અને બે વિભાગીય પ્રમુખો મુંબઈના હતા, અને એકંદરે મુંબઈના સાહિત્યકારોની હાજરીની સંખ્યા ઘણી સારી હતી એમ કહી શકાય.

વખતોવખત જુદા જુદા વિષયોની કોન્ફરન્સો યોજવાના અનુભવને લીધે વિદ્યાનગરની અધિવેશન માટેની વ્યવસ્થા તરત ધ્યાન ખેંચે એવી હતી, વિશેષત: પરિષદના આગળનાં ત્રણેક અધિવેશનોના અનુભવ પછી ઉતારો, ચાપાણી તથા ભોજનની વ્યવસ્થા પાછળ પુખ્ત વિચારણા અને પૂર્વ-આયોજન રહેલાં હતાં, જેથી અધિવેશનના કાર્યક્રમોમાં વિક્ષેપ ન પડે, બલકે એમાં હાજરી સારી જળવાઈ રહે. સ્થાનિક વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અન્ય કાર્યકર્તાઓએ બજાવેલી કામગીરી ધન્યવાદને પાત્ર હતી.

પહેલે દિવસે ત્રણ વાગ્યે વાણિજ્ય મહાવિદ્યાલયના પટાંગણના રમ્ય વાતાવરણમાં અધિવેશનનો પ્રારંભ થયો. કેટલાક સમયથી અધિવેશનના મુખ્ય કાર્યક્રમમાં સાહિત્યેતર ક્ષેત્રના મહાનુભાવો અને સ્થાનિક નેતાઓ એટલો બધો સમય ખાઈ જતા અને એટલું બધું મોડું થઈ જતું કે પ્રમુખના પ્રવચન માટે ખાસ સમય રહેતો નહિ અને મોટા ભાગના સાહિત્યરસિક શ્રોતાઓ પણ ભોજન માટે ઊપડી જતા. વિદ્યાનગરે એવી પરિસ્થિતિ નિવારી અને મુખ્ય કાર્યક્રમનું આયોજન પરિષદને ગૌરવ આપાવે એ રીતે કર્યું.

સરદાર પટેલ તથા વિદ્યાનગરના આદ્યસ્થાપકો સ્વ. ભાઈકાકા અને સ્વ. ભીખાભાઈ પટેલની સ્મૃતિને અંજલિ આપી સ્વાગતપ્રમુખ શ્રી એચ. એમ. પટેલે પોતાના પ્રવચનમાં વિદ્યાનગરનો પરિચય કરાવ્યો અને યોગ્ય જ કહ્યું કે સ્વ. રામનારાયણ પાઠકની 'ખેમી' વાર્તા પાઠયપુસ્તકોમાં રાખવી કે નહિ તેનો આખરી નિર્ણય રાજ્યના શિક્ષણ ખાતાનો કે તેના બોર્ડનો નહિ પણ સાહિત્ય પરિષદનો હોવો જોઈએ. એવા પ્રભાવવાળી સાહિત્ય પરિષદ બનવી જોઈએ. શ્રી ઉમાશંકર જોષી તથા નિવૃત્ત થતા પ્રમુખ શ્રી સ્નેહરશ્મિએ પ્રસંગોચિત મુદ્દાસર વક્તવ્ય રજૂ કર્યું. વરાયેલા પ્રમુખ શ્રી ગુલાબદાસ બ્રોકરનો પરિચય કરાવતાં વક્તવ્યોમાં એમની સાહિત્યિક સિદ્ધિઓ કરતાં એમની વ્યવહારકુશળતા પર વિશેષ ભાર મુકાયો.

આ પ્રસંગે મહારાષ્ટ્રમાંથી પધારેલા કેટલાક મરાઠી સાહિત્યકારોના અભિવાદનનો કાર્યક્રમ પણ યોજાયો એ પણ પરિષદને ગૌરવ અપાવે એવી યોજના હતી.

પ્રમુખ શ્રી ગુલાબદાસ બ્રોકરને પોતાનું લખેલું પ્રવચન પૂરેપૂરું વાંચવાનો સમય આપાયો એ ખૂબ આનંદની વાત હતી. પરિષદના મંત્રીઓએ હવે પછીનાં અધિવેશનોમાં પ્રમુખના પ્રવચન માટે પૂરતો સમય રહે એવું આયોજન કરવા પાછળ ખાસ લક્ષ આપવું જોઈએ. શ્રી બ્રોકરે 'સાહિત્ય–તત્ત્વ અને તંત્ર' એ વિષય પરના પોતાના પ્રવચનમાં કથ્યપદાર્થ, કથનરીતિ, અનુભૂતિપિંડ, સર્જકનું ભાવવિશ્વ ઈત્યાદિ અને એની વિવેચનામાં થતાં પરિવર્તનોનાં કારણોની તથા યુગબોધ અને તે તે કાળના સાહિત્યના વાદોની છણાવટ કરી.

બીજે દિવસે સાહિત્યવિવેચનના વિભાગની બેઠક શ્રીમતી હીરાબહેન પાઠકના પ્રમુખસ્થાને યોજાઈ. આચાર્ય શ્રી યશવંત શુક્લે હીરાબહેનનો પરિચય કરાવ્યો. હીરાબહેને 'કાવ્યમાં કટોકટી (crisis)નું કલાતત્ત્વ' એ વિષય પર પોતાના અભ્યાસનિષ્ઠ વ્યાખ્યાનમાં કટોકટીના તત્ત્વનું સ્વરૂપ સમજાવ્યું અને કલાના તત્ત્વ તરીકે તેની શક્યતાઓની તથા કલાકૃતિમાં પ્રસંગ, પાત્ર ઈત્યાદિ પરના તેના પ્રભાવની ઉદાહરણો સાથે ચર્ચા કરી.

બીજે દિવસે બપોરની બેઠકમાં 'સર્જનું સાહિત્ય અને યુગપ્રશ્નો' એ વિષય પર પરિસંવાદ યોજાયો હતો. પરિસંવાદના પ્રમુખ શ્રી કરસનદાસ માણેક આવી શક્યા નહોતા, એટલે એમનું વ્યાખ્યાન ડૉ. જયંત પાઠકે વાંચ્યું અને પરિસંવાદનું સંચાલન કવિ શ્રી ઉશનસે કર્યું. પરિસંવાદમાં શ્રી દિલાવરસિંહ જાડેજા, સિતાંશુ મહેતા, શિવકુમાર જોષી, યશવંત શુક્લ, ઉમાશંકર જોષી અને ગુલાબદાસ બ્રોકરે ભાગ લીધો હતો. શ્રી સિતાંશુ મહેતાએ યુગપ્રશ્નો વિશે પોતાની સ્વતંત્ર, મૌલિક અને નીડર વિચારણા સચોટ રીતે રજૂ કરી. એમના કેટલાક મુદ્દાઓનો જવાબ શ્રી યશવંત શુકલે આપ્યો. શ્રી ઉમાશંકર જોષીએ સિતાંશુ અને યશવંત શુક્લના મુદ્દાઓને આવરી લઈને યુગપ્રશ્નો વિશે પોતાની ગહન, સઘન અને માર્મિક વિચારણા રજૂ કરી. એકંદરે પરિસંવાદ ખૂબ રસિક અને જીવંત બન્યો.

તે દિવસે રાત્રે શ્રી બકુલ ત્રિપાઠીના સંચાલન હેઠળ 'સાહિત્યિક ગોષ્ઠિ'નો કાર્યક્રમ યોજાયો. એમાં લેખક-લેખિકાઓને થોડા થોડાના જૂથમાં બોલાવીને કેટલીક પ્રશ્નોત્તરી કરવામાં આવી. શ્રી બકુલ ત્રિપાઠીની સૂક્ષ્મ, તીક્ષ્ણ અને વેધક પરિહાસશક્તિને કયારેક લેખકોના ઉપહાસમાં પરિણમતી, પરંતુ શ્રોતાઓને સારું મનોરંજન માણવા મળ્યું.

ત્રીજે દિવસે સવારે સંશોધન વિભાગની બેઠક ડૉ. પ્રબોધ પંડિતના પ્રમુખસ્થાને યોજાઈ. ડૉ. પ્રબોધ પંડિતે "પહેલી ભાષા બીજી ભાષા... અને?" એ વિષય પર પોતાનું વ્યાખ્યાન આપ્યું. માતૃભાષા અને બીજી ભાષા વિષેનું એમનું વ્યાખ્યાન અત્યંત મનનીય હતું. ડૉ. પંડિત પોતાના વિષયના નિષ્ણાત છે અને એમણે પોતાની મૌલિક પૃથક્કરણશીલ દૃષ્ટિથી વિષયનું નિરૂપણ કરી આપણામાં પ્રવર્તતા કેટલાક ખોટા ખ્યાલોનું નિરસન કર્યું.

ત્યાર પછીની પૂર્ણાહુતિની બેઠકમાં છેલ્લાં બે વર્ષમાં અવસાન પામેલા સાહિત્યકારો માટે શોકઠરાવ તથા પરિષદના મકાન માટેનો ઠરાવ રજૂ થયો. હવે પછીના અધિવેશન માટે તથા જ્ઞાનસત્ર માટે અનુક્રમે પોરબંદર તથા વ્યારા તરફથી નિમંત્રણ મળ્યાં અને ત્યાર બાદ મંત્રી શ્રી પીતાંબર પટેલે આભારવિધિ કર્યો તે સાથે કાર્યક્રમ પૂરો થયો.

સાહિત્ય પરિષદના અધિવેશનમાં મહત્ત્વનો નિર્ણય તે પરિષદની શાખાઓ સ્થાપવા અંગેનો હતો. પરિષદની વધતી જતી સભ્યસંખ્યા અને વધતી જતી પ્રવૃત્તિને લક્ષમાં લેતાં તેની શાખાઓ દ્વારા અભિવૃદ્ધિ થાય અને સંસ્થા વધુ સમૃદ્ધ બને એ સર્વ રીતે ઈષ્ટ છે.

પરિષદના પોતાના મકાન માટે વેગથી પ્રવૃત્તિ ચાલી રહી છે અને એ કાર્યમાં ઠીક ઠીક પ્રગતિ સધાઈ છે, તેમ છતાં સરકારી વહીવટી વિલંબને કારણે પરિષદનું પોતાનું મકાન થતાં ધાર્યા કરતાં વધુ વર્ષ લાગશે એમ કહી શકાય.

પરિષદના બંધારણમાં અધિવેશન વખતે કેટલાક બંધારણીય ફેરફારો થવાની સંભાવના હતી પરંતુ તે ન થયા. આ વખતે પરિષદના પ્રમુખનો નિર્ણય ચૂંટણી દ્વારા થયો. ચૂંટણીનો માર્ગ સાહિત્યકારો માટે ગૌરવભર્યો લાગતો નથી. આ પદ્ધતિમાં જો ફેરફાર નહિ થાય તો ભવિષ્યમાં પરિષદનું પ્રમુખસ્થાન ચૂંટણી લડી શકે એવા માત્ર શ્રીમંત સાહિત્યકારો અને વખત જતાં માત્ર શ્રીમંતો ઝૂંટવી જશે એવો ભય રહે છે.

એકંદરે વિદ્યાનગર ખાતે યોજાયેલી પરિષદનું અધિવેશન સારી સફળતા પામ્યું એમ કહી શકાય.

ડૉ. રમણલાલ ચી. શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે નં ૩૫૦૨૯૯ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

ગુજરાત વિશેષાંક

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૭૪ શનિવાર — શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫ — છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ પ્રાસ્તાવિક નોંધ ☆

ગુજરાતના બનાવો ગંભીર વિચારણા માગે છે; સ્વસ્થ ચિત્તે, મતાગ્રહ વિના, પ્રજાહિતને લક્ષમાં રાખી, હવે પછીનો માર્ગ નક્કી કરવાનો રહે છે. પ્રજા માનસ ખૂબ વિક્ષુબ્ધ છે ત્યારે, આવી શાન્ત વિચારણા થાય તે માટે 'પ્રબુદ્ધ જીવન'નો આ અંક ગુજરાતના બનાવો વિશે જ રાખ્યો છે. આ વિચાર મારા મિત્ર ભાઈ વાડીલાલ ડગલીએ આપ્યો અને મેં આવકાર્યો. બહુ ટૂંક સમયમાં જેટલા મિત્રોને મળી શકાય તેટલાને વિનતિ કરી, તેમના વિચારો મેળવ્યા છે જેમાં વિવિધ દૃષ્ટિબિન્દુઓ રજૂ થાય છે. વાચકો તેના ઉપર મનન કરે. અને તો દરેક વ્યક્તિએ પોતે નિર્ણય કરવાનો રહે છે.

આ અંકમાં પ્રૌઢ પત્રકારો શ્રી મોહનભાઈ (સોપાન), શ્રી રવિશંકર મહેતા, શ્રી મનુભાઈ મહેતા, અને શ્રી વાડીલાલ ડગલીના લેખો છે. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે જેમનો ગાઢ સંપર્ક છે તેવા ભાઈ ઉમાશંકર જોશી તથા ભાઈ યશવંત શુકલના લેખો છે. ગુજરાતના રાજકારણને ઊંડી રીતે જે સમજે છે અને જેના ઘડતરમાં પોતે મહત્ત્વનો ફાળો આપ્યો છે એવા શ્રી ઢેબરભાઈનો લેખ છે. મુંબઈ યુનિવર્સિટીના રાજકારણના પ્રો. ડૉ. આલુબહેન દસ્તુરે પોતાના વિચારો જણાવ્યા છે. મેં કાંઈક વિગતથી લખ્યું છે. મુખ્ય બનાવોની રોજનીશી આપી છે. માત્ર વર્તમાનપત્રો વાંચીને, બીજાનાં વિધાનોથી ન દોરવાતાં, પોતે કાંઈક ચિન્તન કરે એ હેતુથી આ બધી સામગ્રી એક અંકમાં આપી છે. છ અઠવાડિયામાં ગુજરાતે ખૂબ સહન કર્યું છે. ૫૦ વ્યક્તિના જાન ગયા છે. સેંકડો ઘાયલ થયા છે. લાખોનું નુકસાન થયું છે. કાંઈક લૂંટાયા છે. આ બધી કિંમત ચૂકવી તેને સાર્થક કરવી હોય તો, માત્ર લોકપ્રવાહમાં ન તણાતાં, દીર્ઘ-દૃષ્ટિથી ભાવિનો વિચાર કરવો પડશે.

આ આંદોલનનો એક તબક્કો પૂરો થયો છે. જે મંત્રીમંડળ સામે તીવ્ર રોષ હતો તેને જવું પડ્યું અને રાષ્ટ્રપતિ શાસનની માગણીનો સ્વીકાર થયો. હવે ધારાસભા-વિસર્જનની માગણી જોર પકડે છે. વર્તમાન સંજોગોમાં આ માગણી કેટલે દરજ્જે વાજબી છે, શક્ય છે અને તેનાં પરિણામો શું આવે, તે આ અંકના લેખોમાં બતાવ્યાં છે. તે સંબંધે મતભેદ છે, હોય તે સ્વાભાવિક છે. ખૂબ આ આંદોલન મોંઘવારી સામેનું, તેમાંથી જીવનની જરૂરિયાતોની અછત દૂર કરવા માટે, અને ભ્રષ્ટાચાર સામે, અને આ બધા માટે જેને જવાબદાર ગણ્યા તેવા મંત્રીમંડળ સામે. ધારાસભા-વિસર્જનની માગણી સ્પષ્ટ રીતે રાજકીય છે. એક રીતે તે કેન્દ્ર સામેનું આંદોલન છે. ભ્રષ્ટાચાર કે મોંઘવારી ટૂંક સમયમાં નાબૂદ થાય અથવા કોઈ કરી શકે તેમ નથી. તેની હવા બદલાય, તેને માટે અસરકારક પગલાં શરૂ થાય, તેને માટે પ્રજાના બધા વર્ગોનો પુરુષાર્થ શરૂ થાય તે આવકારદાયક છે. ધારાસભા-વિસર્જનથી જ આ પરિણામ તાત્કાલિક આવે તેમ માની શકાય નહિ. શ્રી મોહનલાલ સોપાને આ બાબતની વિશદ છણાવટ કરી છે. તે વિચારવા જેવી છે. પૂજ્ય રવિશંકર મહારાજે ધારાસભ્યોને સ્વેચ્છાએ રાજીનામાં આપવા વિનતિ કરી છે. તે માટે કોઈ દબાણ ન લાવવું એવી ભલામણ કરી છે. જે બની રહ્યું છે તે તેથી વિપરીત છે. ધારાસભ્યો ઉપર ખૂબ દબાણ લાવવામાં આવે છે, તેમને ધમકીઓ આપાય છે, ઘેરાવ થાય છે, માત્ર ધારાસભ્યો જ નહિ, પણ મ્યુનિસિપાલિટી અને પંચાયતના સભ્યો ઉપર પણ આવું દબાણ થઈ રહ્યું છે. ધારાસભ્યો રાજીનામાં આપે પછી શું? પેટા-ચૂંટણીઓ કે સામાન્ય ચૂંટણી? મહારાજ એવી આશા રાખે છે કે નવાં મૂલ્યોવાળી, સેવાભાવી, નિઃસ્વાર્થ વ્યક્તિઓ ચૂંટાય. ગુજરાતમાં આવું બનવું શક્ય છે? મહારાજે વેપારીઓ, ખેડૂતો, અમલદારો બધાને સ્વાર્થ છોડી પ્રજા-હિતમાં કામ કરવાની હાકલ કરી છે. આવું વાતાવરણ ઉત્પન્ન કરવા, શ્રી મનુભાઈ મહેતાએ બતાવ્યું છે કે ધારાસભા-વિસર્જનની જરૂર નથી.

શ્રી જયપ્રકાશ નારાયણનું વલણ સમજવું મુશ્કેલ છે. પહેલા દિવસે ધારાસભા-વિસર્જનથી કાંઈ લાભ નથી તેમ કહ્યું. બીજે દિવસે, સ્વેચ્છાએ રાજીનામાં માટે કહ્યું. ત્રીજે દિવસે વિદ્યાર્થીઓને કૉલેજો છોડો, આ માટે આંદોલન ચાલુ રાખવા કહ્યું. પોતાની

## આ અંકમાં...


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક નોંધ : | ચીમનલાલ ચકુભાઈ | ૨૧૫ |
| ૨ | ગુજરાતની લાલબત્તી | ચીમનલાલ ચકુભાઈ | ૨૧૬ |
| ૩ | ગુજરાતની કસોટીનો ઉકેલ : રચનાત્મક રાજકારણ | ઉછરંગરાય ઢેબર | ૨૧૭ |
| ૪ | અભૂતપૂર્વ લોક કાંતિ પછી શું? | મનુભાઈ મહેતા | ૨૧૮ |
| ૫ | ઉકાણે ચડ્યા છે, નવનિર્માણના તકાદા | રવિશંકર વી. મહેતા | ૨૧૯ |
| ૬ | ગુજરાતનું લોક-આંદોલન | ઉમાશંકર જોશી | ૨૨૧ |
| ૭ | રાજકારણની રીત બદલવી પડશે | વાડીલાલ ડગલી | ૨૨૨ |
| ૮ | ગુજરાતની ત્રણ તબક્કાની લોકલડત | યશવન્ત શુકલ | ૨૨૩ |
| ૯ | ગુજરાતમાં હવે શું? | મોહનલાલ મહેતા-સોપાન | ૨૨૪ |
| ૧૦ | વિધાનસભા વિસર્જનનો પ્રશ્ન | મોહનલાલ મહેતા-સોપાન | ૨૨૫ |
| ૧૧ | કોના બાપનો આ દેશ? | રજનીકાન્ત કટારિયા | ૨૨૭ |
| ૧૨ | ગુજરાત વિશે રાષ્ટ્રીય અખબારો | | ૨૨૮ |
| ૧૩ | ગુજરાતનાં તોફાનોની તવારીખી ઝાંખી | | ૨૩૦ |
| ૧૪ | ગુજરાતની લોકશાહી માટેની લડત આલુબહેન દસ્તુર | | ૨૩૨ |

પાસે કોઈ કાર્યક્રમ નથી તેમ સ્વીકારી, વિદ્યાર્થીઓએ યુવક ક્રાન્તિ કરવી એવી સલાહ આપી.

પૂજ્ય મહારાજ અને શ્રી જયપ્રકાશ નારાયણ બન્ને આગ્રહપૂર્વક કહે છે કે જે કાંઈ કરીએ તે શાન્તિમય અને અહિંસક રીતે જ થવું જોઈએ. અનુભવ બીજું જ કહે છે.

બુધ્ધારણીય દૃષ્ટિએ જોઈએ તો કેન્દ્ર સરકાર આવી માગણીને વશ થાય તો શું પરિણામ આવે? માત્ર ગુજરાતમાં જ નહિ, પણ દેશમાં, દરેક રાજ્યમાં.

મુખ્ય પ્રશ્ન એ છે કે અત્યારે શાન્તિ કરવી છે કે ઉશ્કેરાટ, આંદોલન અને પરિણામે હિંસક બનાવો ચાલુ રાખવા છે? લોકોમાં ભયનું વાતાવરણ છે પછી કાયદો અને વ્યવસ્થા જાળવવા સરકારને પગલાં લેવા પડે તો પ્રજાની હાડમારી વધશે કે ઓછી થશે? અત્યારે છ બાર મહિના રાષ્ટ્રપતિ શાસન રહે તે હિતાવહ છે કે તુરતમાં ફરી ચૂંટણીઓ કરી, કોઈ શંભુમેળાની ધારાસભા ફરી રાજતંત્ર સંભાળે તે હિતાવહ છે? રાષ્ટ્રપતિ શાસનમાં કેન્દ્રની સીધી જવાબદારી રહે છે.

સંસ્થા કૉંગ્રેસના સભ્યો રાજીનામાં આપવા તૈયાર થયા છે તે સમજી શકાય તેવું છે. ફરી ચૂંટણી થાય તો અત્યારનું વાતાવરણ જોતાં વિરોધી રાજકીય પક્ષો પોતાને લાભ થશે તેમ માને છે. અને તેમ થવા સંભવ છે. પણ તેમાં પૂજ્ય રવિશંકર મહારાજને જોઈએ છે તેવાં નવાં મૂલ્યોવાળી, સેવાભાવી, નિઃસ્વાર્થ વ્યકિતઓ હશે? આ બધી બાબતો વિશે આપણે સૌ ગંભીરતાથી વિચાર કરીએ.

૧૫-૨-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## ☆ ગુજરાતની લાલબત્તી ☆

ગુજરાતમાં જે બનાવો બન્યા છે તેનાં પરિણામો વ્યાપક, દૂરગામી અને દેશવ્યાપી છે. આ બનાવોને પરિણામે મંત્રીમંડળને રાજીનામું આપવાની ફરજ પડી તે અભૂતપૂર્વ છે. ૧૯૪૨ ની યાદ આપે એવું આ આંદોલન હતું. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચારે તરફ વ્યાપ્યું હતું. એક સરકારી કૉલેજના વિદ્યાર્થીઓનું જમવાનું ખર્ચ વધારે પડતું હતું તેના વિરોધમાંથી શરૂ થઈ, વનની આગ માફક ફેલાયું. થોડો વખત જનસંઘની આગેવાની જેવું લાગ્યું, પણ ટૂંક સમયમાં જ તેનો દોર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકોના હાથમાં ગયો. બીજાં ઘણાં તત્ત્વો આવી મળ્યાં. અનાજની અને બીજી જીવનજરૂરિયાતોની તંગી તથા મોંઘવારી શરૂઆતમાં મુખ્ય કારણ લાગ્યું. પછી ભ્રષ્ટાચાર મુખ્ય કારણ થયું. અંતે તેને પૂરું રાજકીય સ્વરૂપ મળ્યું અને ગુજરાત સરકાર સામેના બળવાના સ્વરૂપે ઉગ્ર બન્યું. જે ઝડપથી તે ફેલાયું તેમાં ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકારને વિચાર કરવાનો પણ અવકાશ ન રહ્યો. શાસક કૉંગ્રેસનાં વિરોધી બધાં બળો તેમાં જોડાયાં. શાસક કૉંગ્રેસની અંદરની ફાટફૂટે અગત્યનો ભાગ ભજવ્યો. શ્રી ચીમનભાઇ પટેલ સામેના અંગત વિરોધે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો. અસામાજિક તત્ત્વોને છૂટો દોર મળ્યો, પણ મધ્યમ વર્ગ અને શિક્ષિત સમાજ પણ મોખરે હતો. અનાજની તંગી કે મોંઘવારી ગુજરાતની વિશેષતા નથી. અનાજની તંગી અને મોંઘવારીનાં ખરેખર સાચાં કારણો હોત તો પ્રજાનો રોષ આટલો ન થાત. પણ આ માનવસર્જિત છે, કેન્દ્ર સરકારની બેદરકારીનું પરિણામ છે, સરકારની ખોટી અન્નનીતિ અને વિતરણ વ્યવસ્થાની ખામીને કારણે છે એમ પ્રજાને દૃઢપણે લાગતું હતું અને તેથી રોષ હતો. પણ સૌથી વધારે કોઇ કારણ હોય તો ભ્રષ્ટાચારનું. એક રીતે એમ કહી શકાય કે આ આંદોલન મુખ્યત્વે ભ્રષ્ટાચાર સામે હતું. ચીમનભાઇ પટેલ જે કાવાદાવા અને લાંચરુશવતથી સત્તાસ્થાને આવ્યા તે અસહ્ય હતું. તેલના વેપારીઓ પાસેથી લાખો રૂપિયા લઇ તેમને બેફામ નફો કરવા દીધો તે માન્યતા પ્રજામાં દૃઢ થઇ. પોલીસના અત્યાચારોએ બળતામાં ઘી હોમ્યું. છેવટે લશ્કર બોલાવ્યું ત્યારે સમગ્ર પ્રજાનો આત્મા ઝકળી ઊઠ્યો અને ચીમનભાઇ પટેલની સરકાર તો જવી જ જોઇએ એ નાદ બુલંદ થયો. અવ્યવસ્થિત દેખાતા આ આંદોલન પાછળ વ્યવસ્થા હતી. લૂંટફાટ અને હિંસા આનહદ હતાં પણ આ બધામાં કેટલાંક ધારેલાં નિશાનો પણ હતાં અને તે રાજકીય હેતુથી હતાં. રાજકીય વ્યકિતઓ સામે પ્રજાને પૂરી નફરત થઇ ગઇ.

આ આંદોલન નફરતનું આંદોલન હતું. પોલીસે ઘણા જુલમો કર્યા તેનો પૂરો સામનો કર્યો. ભય નહોતો રહ્યો. લશ્કરને સામેથી આવકાર્યું. થોડા વખતમાં શમી જશે એવી ગણતરી ખોટી નીવડી. વધારે ઉગ્ર થતું ગયું. આંદોલનમાં જે નવી નવી તરકીબો અને નુસખાઓ અજમાવાયા તે આશ્ચર્યજનક હતા.

કેન્દ્ર સરકાર આવાં તોફાનોને નમતું ન આપે તે સ્વાભાવિક હતું. ઉત્તર પ્રદેશની ચૂંટણી ઉપર વિપરીત પ્રત્યાઘાતો પડે તે કારણ ન હોત તો પણ સરકાર તોફાનોને નમતું આપી ન શકે. નમવું પડે ત્યારે જ નમે. આંદોલન ચાટલું લાંબું ચાલી શકે કે ચાટલું ઉગ્ર અને વ્યવસ્થિત બને તેની કલ્પના કેન્દ્રને કે ચીમનભાઈ પટેલને નહિ જ હોય.

આવું આંદોલન શાન્તિમય કે અહિંસક રહે જ નહિ. જેઓએ આ આંદોલનને સીધી કે આડકતરી રીતે ટેકો આપ્યો અને સાથે શાન્તિ અને અહિંસાનો ઉપદેશ આપતા રહ્યા તે બન્ને વિસંગત વાતો હતી. શાન્તિ જાળવવા કોઇએ આગેવાની લેવાની હિંમત પણ કરી નહિ. સેંકડો સામાન્ય સ્થિતિના દુકાનદારો લૂંટાયા, ઘરો બાળી નાખ્યાં. કોઇ અટકાવી શકયું નહિ. ન કોઇ શાન્તિસેના આવી, ન કોઈ નાગરિક સમિતિ.

ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. તેની સામે પ્રજા પોતાનો પુણ્યપ્રકોપ ઠાલવે તે જરૂરનું હતું. ચીમનભાઈ પટેલની સરકાર જવી જ જોઈતી હતી. તેને છેવટ જવાની ફરજ પાડી તે આવકારપાત્ર છે પ્રજાએ તાકાત બતાવી તે શુભચિહ્ન છે.

પણ આ આંદોલનનાં ભયસ્થાનો પૂરાં સમજી લેવાં જોઈએ. સંસદીય લોકશાહીની આંતરિક નિર્બળતાઓ—ચૂંટણી અને રાજકીય પક્ષોમાંથી ઉત્પન્ન થતી—નો ઉલ્લેખ 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં મેં કર્યો હતો. લોકશાહી માટેનો આ બીજો ભય, હિંસક તોફાનો છે. જેને સરકાર ઉથલાવી પાડવી છે, જેને સંસદીય લોકશાહીમાં શ્રદ્ધા કે વિશ્વાસ નથી તેમને માટે આ હિંસક માર્ગ બરાબર છે. પણ લોકશાહી સાચવવી હોય તો આ માર્ગ નથી. તેનું અનુકરણ દેશના બીજા ભાગોમાં થાય તો તેનું પરિણામ અરાજકતા જ હોય. જરૂર એ પ્રશ્ન થાય કે આવી ભ્રષ્ટાચારી, અનીતિમય સરકારને કેમ નિભાવી લેવાય? ગાંધીજીએ માર્ગ બતાવ્યો હતો. તેને આચરવાની કોઈની હિંમત કે શકિત નથી. હિંસક માર્ગ ખતરનાક છે રોવું જેઓ જાણે છે છતાં પોતાના કારણે, જે પરિણામ આવ્યું તે ઈચ્છતા હતા, અને તેથી તેને ઉત્તેજન આપતા હતા, તેમણે ગાંધીજીનું નામ લઈ શાન્તિ અને અહિંસાની વાતો કરવામાં ઈતિકર્તવ્યતા માની. પણ આ હથિયાર બધાની સામે ઉગામી શકાય છે એ ભૂલવું ન જોઈએ. આ દેશમાં કેટલાક રાજકીય પક્ષો એવા છે જે લોકશાહીમાં માનતા નથી અને લોહિયાળ ક્રાન્તિમાં જ માને છે. તેમને માટે માર્ગ મોકળો થાય તો આશ્ચર્ય નહિ.

આ વખતે સરકાર સામે આ હથિયાર અજમાવ્યું છે. હવે સમાજનાં બીજાં અનિષ્ટ તત્ત્વો સામે તેનો ઉપયોગ થાય તેવો સંભવ છે. ભ્રષ્ટાચાર રાજકીય વ્યકિતઓની જ ખાસિયત નથી. સમાજનો કોઈ વર્ગ તેથી મુકત નથી. સંગ્રહખોરી, નફાખોરી, કાળાં બજાર, પ્રજાની લૂંટ જેમણે ચલાવી છે, ચીજવસ્તુની અછત અને તંગીનો જેમણે બેહદ લાભ લીધો છે, મોટા ખેડૂતો હોય, વ્યાપારી હોય, વકીલ, ડૉકટર, ઈજનેર કે શિક્ષક હોય, કોઈ તેમાંથી છૂટી શકશે નહિ. દલિત પેન્થર નવું ઊગતું બળ છે. હળપતિઓનો બારડોલીના ખેડૂતો સામેનો વિરોધ, ખાનદેશમાં આદિવાસીઓનો મોટા ખેડૂતો સામે વિરોધ, આ બધાં ભૂગર્ભનાં બળો માટે ગુજરાતનું આ આંદોલન લાલબત્તી સમાન છે. સ્ફોટક પરિસ્થિતિ ઉત્પન્ન થતાં લાંબો વખત કદાચ નીકળી જાય. આવાં બળોને કેટલોક સમય દાબી દેવાય એવી પૂરી શકયતા છે. માત્ર રાજકીય વ્યકિતઓ

નહિ પણ સમાજના બધા વર્ગો આથી ચેતી પોતાના લોભ અને પરિગ્રહલાલસાને કાંઈક મર્યાદિત કરે તો આ આંદોલન સાર્થક લેખાશે. Crisis of Character–નૈતિક અધ:પતન–શબ્દો બહુ ઉચ્ચારાય છે. વર્તમાન પરિસ્થિતિથી રાકળાયેલ સમજદાર વ્યકિતઓ આકરી ભાષામાં પોતાનો રોષ ઠાલવે છે. પણ કોઈને માર્ગ સૂઝતો નથી અથવા સૂઝતો હોય તો પણ તેનો અમલ કરાવવાની શકિત નથી. અને વંધ્ય પ્રકોપ જ તેમને ભાગે રહે છે. સરકાર એકલી આવી પરિસ્થિતિને પહોંચી વળે તે શકય નથી. સમગ્ર પ્રજાનો પુરુષાર્થ જ તેમાં પલટો લાવી શકે.

ગુજરાતમાં આ આંદોલન હવે શાન્ત થશે ? કેટલાકની માગણી છે કે વિધાનસભા વિસર્જિત થવી જોઈએ અને તે ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવું. કેટલાંક વર્તમાનપત્રોએ પણ આવી માગણી કરી છે. જે રાજકીય પક્ષો સત્તાસ્થાને આવવા ઈચ્છતા હોય તે આવી માગણીને જોર આપે તે સ્વાભાવિક છે. અત્યારના ધારાસભ્યો સામે પ્રજાને પૂરી નફરત થઈ છે તેમાં શંકા નથી. પણ ધારાસભા વિસર્જિત કરીને ય શું ? ઓછામાં ઓછું છ થી બાર મહિના બીજી ચૂંટણી શકય નથી. બીજી ચૂંટણી થાય તો પણ સારા લાયક માણસો ચૂંટાશે અથવા સ્થિર રાજતંત્ર થઈ શકશે એવો સંભવ અત્યારે દેખાતો નથી. ધારાસભાનું વિસર્જન થાય એટલે નવી ચૂંટણી માટેની ખટપટ અને કાવાદાવા તુરત ચાલુ થાય. અત્યારે સૌથી મોટી જરૂર ઉશ્કેરાટને શાન્ત કરવાની છે. ઘાને રુઝવવાની છે. શાસક કૉંગ્રેસે રાજકીય હેતુથી ધારાસભાને જીવિત રાખી હશે. પણ શાન્તિ થયા પછી, સ્વસ્થ ચિત્તે વિચાર કરવાનો અવકાશ મળશે. નવી ચૂંટણી કરીને પણ મેંધવારી કે બીજી સમસ્યાઓનો ઉકેલ તુરત આવી જવાનો નથી.

અત્યારે તો રાજકારણને થોડો વખત કોરે મૂકી, ગરીબોને કોઈક રાહત આપવામાં મહાજનો, વેપારીઓ અને બીજા બધા વર્ગો કામે લાગી જાય તે હિતાવહ છે. સૌને આત્મનિરીક્ષણ કરવાની તક મળશે. ધારાસભાનું વિસર્જન કરાવવા માટે જ અત્યારે આંદોલન ચાલુ રાખવામાં આવશે તો તે માત્ર રાજકીય હેતુથી જ હશે, પ્રજાના હિતમાં નહિ.

બ્રિટનમાં કાંઈક આવી જ ગંભીર પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. કોલસાના ખાણિયાઓ અને રૂઢિચુસ્ત સરકાર વચ્ચે મોટો સંઘર્ષ થયો છે. મિ. હીથે પાર્લામેંટનું વિસર્જન કરી નવી ચૂંટણીની જાહેરાત કરી છે. Who shall rule Britain, Parliament or the Trade Unions-બ્રિટનમાં કોનું રાજ્ય ચાલશે, પાર્લામેંટનું કે મજૂર સંઘોનું, એવી હાકલ કરી છે. તે વિશે લખતાં પીટર જેન્કિન્સે, 'ગાર્ડિયન'માં કહ્યું છે:

Election cannot demonstrate that an elected Government can govern, only that it can't.

With the electorate more volatile than ever, it is possible that we are in a situation in which whoever is in power will be punished.

ચૂંટણીથી એવું પુરવાર નથી થઈ શકતું કે ચૂંટાયેલ સરકાર રાજ્ય કરી શકશે, એટલું જ (પુરવાર થઈ શકે) કે રાજ્ય કરી નહિ શકે.

મતદારનું માનસ અસ્થિર હોય તેવા સંજોગોમાં જે કોઈ સત્તા ઉપર હશે તેને માર પડવાનો.

ગુજરાતમાં અત્યારે કાંઈક આવા જ સંજોગો છે. નવી ચૂંટણીથી કોઈ તાત્કાલિક ઉકેલ થવાનો નથી. બલ્કે કદાચ વધારે ખરાબ સ્થિતિ થાય. નવી ચૂંટણીને ખરેખર સાર્થક બનાવવી હોય તો તે પહેલાં ઘણી સાફસૂફી અને તૈયારી કરવાની રહે છે.

૧૨-૨-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# ગુજરાતની કસોટીનો ઉકેલ:
## રચનાત્મક રાજકારણ

ગુજરાતના રાજકારણ અંગે ઘણું ઘણું બોલાઈ-લખાઈ રહ્યું છે. ચીમનભાઈના આગ્રહને માન આપી આજે હું પણ કંઈક લખું છું.

ગુજરાતના રાજકારણની ભૂમિકા રચનાત્મક હતી. આજે સંસ્થા તથા શાસક કૉંગ્રેસના થોડાએક સભ્યો સિવાય કોઈ રાજકીય પક્ષને રચનાત્મક કામમાં રસ રહ્યો નથી. રચનાત્મક કાર્ય નેતૃત્વ અને લોકો વચ્ચે સંપર્ક જાળવી રાખવાનું અનુપમ સાધન છે. આવો રચનાત્મક સંપર્ક પ્રજાના રચનાત્મક માનસને ઘડે છે, એટલું જ નહિ પણ લોકહૃદયનો સાચો પડઘો તે દ્વારા જ નેતૃત્વને સાંપડે છે. આવા સંબંધનો અભાવ એક બાજુથી ખંડનાત્મક બળોને આકર્ષે છે અને બીજી બાજુથી નેતૃત્વને લોકહૃદયના સાચા આવાજથી દૂર રાખે છે. આને પરિણામે નેતૃત્વ પણ સમજી શકે છે કે પોતાનું સ્થાન કેટલું ગૌણ છે. છેવટે પ્રજાબળ જ સાચી શકિત છે. પરિણામે પોતાની તાકાત ઉપર મુસ્તાક રહેવાને બદલે પ્રજાની નાડ જેના હાથમાં છે તેવી વ્યકિતઓને અનુસરવાની વૃત્તિ જન્મે છે. ખોટી સત્તાની હરીફાઈમાંથી માણસ બચી જાય છે. નહિતર કોઠા કરવાની વૃત્તિ જન્મે છે. તેની કિંમત રૂપિયા, આના, પાઈમાં નહિ પણ પ્રતિષ્ઠામાં ચૂકવવી પડે છે. આત્મબળની હાનિ થાય છે અને પરાર્થે ટકી રહેવા જતાં સાચા – ખોટા માણસોને સાચવવાના વ્યવસાયમાં વ્યકિત પડી જાય છે. તેને સાચવવામાં જે કિંમત ચૂકવવી પડે છે તે ગુલામીથી પણ બદતર છે. એક તો આવા માણસો પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું ચૂકતા નથી અને બીજું નેતૃત્વ જનહૃદયના મૂળિયામાં વહેતા વિશ્વાસના રસાયણના અભાવે ધીરે ધીરે આગર ઝડપથી સુકાય છે.

આ રસાયણને કારણે ગુજરાત, ખેડા, બારડોલી, રાજકોટ સત્યાગ્રહમાં અડીખમ ઊભાં રહ્યાં. આ રસાયણને કારણે જૂનાગઢને પાકિસ્તાનમાં ભળતું અટકાવી શકાયું. આ રસાયણને કારણે ગાયકવાડ સહિત ૩૦૦ મોટાં–નાનાં રાજ્યોને રાજદ્વારી દૃષ્ટિએ સાંકળી શકાયાં, અને તેને કારણે જમીનદારી પ્રમાણમાં ઠીક ઠીક અંશે નાબૂદ થઈ. ઘણાંયે ગરીબ રાજ્યો તેનામાં ભળ્યાં હોવા છતાં ભારતમાં ચોથે નંબરે આવે છે. છેક કચ્છથી લઈને કોસબાડ સુધી રચનાત્મક કામનાં થાણાં ગોઠવાયેલાં હતાં અને રાજદ્વારી નેતૃત્વનો તેની સાથે જીવંત સંપર્ક હતો. ગાંધીજી અને સરદારનો આ સીધો વારસો હતો. ૯૦ વર્ષના રવિશંકર મહારાજ કે ૯૬ વર્ષના નારણદાસભાઈ ગાંધીને કોઈ સ્થાનની જરૂર નથી. લોકોની વચમાં પડ્યા છે, તેના હૃદયના ધબકારા સાંભળે છે અને આપણને તે સુણાવે છે. આ લોકહૃદયનો પડઘો એ સાચું લોકશાસન છે. માથાગણતરી જરૂરી છે પણ તેની માથાફોડમાં આનું મહત્ત્વ ભુલાઈ જાય છે અને લોકશાસન ચીમળાઈ જાય છે. અને ચીમળાઈ ગયેલાં ફૂલની માફક તેમાંથી કોઈ સુગંધની આશા રાખવી નિરર્થક છે. જીવાતનું તે કારણ બને છે.

લોકહૃદયના પડઘાનું મહત્ત્વ ઓછું આંકાયું છે તે જ બતાવે છે કે તત્ત્વજ્ઞાનને કોરે મુકાયું છે અને તંત્રની ઉપાસના માત્ર તંત્રમાં બેઠેલા કરી રહ્યા છે. તંત્ર તો બ્રિટિશરોને પણ ચલાવતાં આવડતું હતું. આપણા કરતાંયે કેટલું સરસ તંત્ર ચલાવી શકતા હતા. પણ લોકહૃદયના પડઘાથી અલિપ્ત રહી દિલ્હી ને સિમલાના ઊંચા પહાડ ઉપરથી રાજ કરતાં કરતાં એક માણસના રચનાત્મક પુરુષાર્થે તેમને ભંસી નાખ્યા. એક અંગ્રેજ આઈ. સી. એસ. ચેન્ડરલ મૂને ૧૯૪૨માં એક ચોપડી લખી છે. તેમાં અંગ્રેજ વહીવટકર્તાઓને

'સ્ટ્રેઈન્જર્સ ટુ ઈન્ડિયા' નામથી ઓળખાવ્યા છે. ચોપડીનું નામ પણ 'સ્ટ્રેઈન્જર્સ ટુ ઈન્ડિયા' છે. એ જ પ્રમાણે ગુજરાત સ્થપાયા પછી તેર વર્ષના ટૂંકા ગાળામાં બળવંતભાઈના અવસાનને કારણે ફેરબદલો થયો તેને બાદ કરીએ તો પણ ચાર સરકારો બદલાઈ છે. આ આપણા રાજપુરુષો માટે એક બોધપાઠ સમાન છે.

એક બીજો સવાલ હરહંમેશ સામે આવે છે સમાજવાદનો. પંડિત જવાહરલાલ નહેરુની નસનસમાં સમાજવાદ ભર્યો હતો. પણ તેમણે મિશ્રિત અર્થવ્યવસ્થા (Mixed Economy) સ્વીકારી અને મધ્યમમાર્ગી બન્યા. લેનિન રાજસત્તા પર આવે છે. ગોખણિયા સમાજવાદીઓ એમના કાર્યક્રમનું વિશ્લેષણ કરે છે. લેનિન જવાબ આપે છે કે સમાજવાદની પહેલી શરત એ છે કે સમાજ પચાવી શકે એટલો સમાજવાદ આપતા રહેવું. ટ્રોટસ્કીના રશિયન ક્રાંતિના પુસ્તકનું શરૂઆતનું વાકય છે: "આગળ ચાલો, પણ રખે લોકોથી છૂટા પડી જતા." બાપુ ભીષણ સંગ્રામમાં પ્રજાને ઝુકાવતા પણ જ્યારે જુએ કે પ્રજા થાકી છે અગર જુદે રસ્તે જાય છે ત્યારે 'રૂક જાવ!' કહી દેતા.

સમાજવાદનો પ્રયોગ કેવળ ચીન કે રૂસે જ કર્યો છે એ હકીકત સત્યથી વેગળી છે. રશિયાથી માત્ર ૮૦ કિલોમીટર દૂર ફિન્લેન્ડ નામે દેશ છે. રૂસની આંખમાં તે કણાની માફક ખટકે છે. ત્યાં સમાજવાદની સાથેસાથે લોકશાસનને પણ ટકાવી રાખ્યું છે. આ જ રીતે નોર્વે, સ્વીડન, ડેનમાર્કને માટે પણ કહી શકાય.

ગુજરાતની શાંતિપ્રિય પ્રજાને બીજે છેડે લઈ જનાર કેવળ ગુજરાતને નહિ પણ ભારતવર્ષને નુકસાન કરે છે. ગુજરાતમાં શાંતિમય માર્ગે લોકશાસન અને સમાજવાદ સફળ ન થાય તો બીજે કયાંય થઈ શકે એ માન્યતા મિથ્યા છે. ગુજરાત પાસે ઠરેલ કાર્યકર્તાઓનું મહાજન અને મુત્સદ્દીઓનું જૂથ છે, જે વર્તમાનને પણ જુએ છે અને ભવિષ્યને પણ. ગાંધી ધાર્મિક પુરુષ હતા. એમના ધર્મમાંથી ક્રાંતિ મળી. સરદાર રાજનૈતિક પુરુષ હતા. એમની રાજનીતિને કારણે હિન્દુસ્તાનને શાંતિ મળી. ગુજરાત પાસે કળાકૌશલ્ય છે, ધનસંપત્તિ છે. મુંબઈને ઊભું કરનાર અંગ્રેજો હતા પણ ચકોર ગુજરાતી ન હોત તો આ કક્ષાએ તે પહોંચ્યું ન હોત. તુલસીદાસજીએ આનું બહુ જ સુંદર ચિત્ર આપ્યું છે. 'વિપ્ર મહાજન સચિવ' એ ત્રણેયને એક સપાટી પર મૂકયા છે ને વસિઠને ગુરુસ્થાને. વસિષ્ઠ લોકોની ઈચ્છા શું છે એ ભરતને સમજવા કહે છે. ભરત જવાબમાં વિપ્ર મહાજન સચિવની સભા બોલાવે છે અને વસિષ્ઠને તેના અધ્યક્ષ બનાવે છે. એવી જ રીતે પોતાના અભિષેકને વખને રામચંદ્રજી કહે છે: "વિમલ વંશ યહુ અનુચિત એકુ બંધ વિહાય બડેહુ અભિષેકુ." મોટાભાઈને જ એકલાને રાજ મળે ને બીજાને નહિ એ રઘુવંશને માટે અનુચિત છે. સત્તા, લોકશાસનનો વ્યવહાર ગુજરાતે રચનાત્મક દૃષ્ટિએ કેળવ્યાં. આજે પણ લોકશાસન લોકહૃદયનો સાચો પડઘો નહિ દર્શાવતું હોય તો ચાર સિંહાસન તો ડોલી ગયાં ને એક પછી એક સિંહાસન ડોલ્યા જ કરશે.

આને સમાજવાદ સંબંધમાં મારી દૃઢ માન્યતા છે કે ૮૦ ટકાને ઉદ્દેશીને કહેવું કે ઉપરના ૨૦ ટકા જેટલી ઝડપથી ચાલે છે એટલી ઝડપથી એ ચાલે. તેને બદલે એમ કહું કે ઉપરના ૨૦ ટકા ૮૦ ટકાને સમજાવીને આગળ લઈ જવા કોશિશ કરે. વર્ગવિગ્રહનો જવાબ માત્ર શબ્દમાં વર્ગમેળ નથી, પણ વર્ગવિગ્રહનો જવાબ–Persuasion–સમજણ છે.

આટલું તત્ત્વજ્ઞાનનું પાસું સ્વીકારવામાં આવે તો ગુજરાત પાસે શું નથી? દુનિયાભરનો અનુભવ પ્રાપ્ત કરેલ માનવધન છે. ગુજરાત પાસે માથાદીઠ બીજા પ્રાંતો કરતાં વિશેષ જમીન છે. Mac Murdoch કહે છે: 'જેટલું ઝરણાનું ને નદીનું પાણી ગુજરાતને ઉપલબ્ધ છે એટલું બીજા કોઈ પ્રદેશને ભાગ્યે જ હશે.' અંગ્રેજોએ આ પ્રદેશનાં નામ રેવાકાંઠા, સાબરકાંઠા, બનાસકાંઠા, મહીકાંઠા, તાપ્તીવેલી, એ રાખ્યાં એ એમની દૂરંદેશીનું ચિહ્ન છે. ગુજરાત પાસે પશુધન પણ પુષ્કળ છે. ગુજરાતની ગીર અને કાંકરેજની ગાયોએ ગુજરાતના ગામડાનાં ધંધાનાં સત્ત્વોને પોષ્યાં છે. ગુજરાત પાસે વનસંપત્તિ પણ પૂરતી છે, ખનિજ પણ પૂરતું છે. ઔરંગઝેબ જેવાએ ગુજરાતના સૈનિકોની તારીફ કરી છે. એટલું છાત્રબળ છે. સૈકડો વર્ષ પહેલાં એક ગ્રીક સોદાગર ગુજરાત વિષે લખે છે કે ગુજરાતના નાવિકો ભલભલાને હંફાવે એવા છે. ગુજરાતનો સાતસો-આઠસો માઈલનો બંદરકાંઠો મુંબઈ જેવાં અનેક બંદરો સર્જી શકે તેમ છે. સૌથી વિશેષ તો ગુજરાતમાં માનવદયા અને ઉદારતા એટલાં છે કે જ્યારે પણ સંકટ આવે છે – પછી હિન્દુસ્તાનના ગમે તે ભાગ ઉપર હોય – ત્યાર કરકસરિયો ગુજરાતી તે વખતે પોતાનો હાથ લંબાવતાં અચકાતો નથી. આમ માનવતા ને સાહસે ગુજરાતને ગાંધી અને સરદાર આપ્યા. એમની નમ્રતા અને એમનાં શિસ્ત પણ છે.

પણ આ બધું હોવા છતાં કંઈક ખૂટે છે એ શું છે ભલા? કૉંગ્રેસ બાપુ વિના કંઈ ન હતી. પણ તે એક જ વખત પ્રમુખ બન્યા. સરદારે બે વખત જવાહરલાલજીને પ્રમુખપદ માટે માર્ગ કરી આપ્યો. બાપુના એક વેણને આધારે જવાહરલાલજીના પ્રધાનમંડળના શિસ્તબદ્ધ સૈનિક સભ્ય રહ્યા. દરબારસાહેબે અલગ મતને ખાતર ગુજરાતને આંચ ન આવે એટલા માટે લગભગ નિવૃત્તિ લીધી. આ બધાને મન રાજકારણ માથાગણતરીનું શાસ્ત્ર નહોતું પણ ધર્મકારણ હતું. જ્યારે સત્તા માત્ર માથાગણતરીનો વિષય બને છે ત્યારે વિપ્ર (શિષ્ટ જ્ઞાની મહાનુભાવો), મહાજન (જેમણે ઉદારતા કેળવી છે એવા સેવાભાવી ખેડૂતો, કારીગરો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓ), સચિવ (તટસ્થ અનુભવી તંત્રસંચાલકો) ના અભિપ્રાયોનો આદર થતો નથી. આથી સમાજને પારખવાની રચનાત્મક કડીમાં કોઈક ઠેકાણે એવી આંટી પડી જાય છે કે યથાર્થ નિર્ણયો લેવાતા નથી.

ઉછરંગરાય ન. ઢેબર

# અભૂતપૂર્વ લોકક્રાંતિ પછી શું?

ગુજરાતની પ્રજાએ, જે અભૂતપૂર્વ લોકક્રાન્તિ કરી બતાવી તેનું તાત્કાલિક પરિણામ તો ચીમનભાઈ પટેલ પ્રધાનમંડળનો રાજીનામામાં અને રાષ્ટ્રપતિનું શાસન પ્રસ્થાપિત થવામાં આવ્યું, પરંતુ હવે લાંબા ગાળાનાં પરિણામોનું શું, એ પ્રશ્નનો વિચાર કરવામાં સૌએ પ્રવૃત્ત થવું જોઈએ, કારણ કે જે કેટલાક નિર્દેશો મળે છે તે ચિન્તા ઉપજે એવા છે, ક્રાન્તિને નિષ્ફળ બનાવે એવા છે.

ઉદાહરણ તરીકે, વડોદરામાંથી ચૂંટાયેલા શ્રી સનત મહેતાને ૪૮ કલાકમાં વડોદરા આવવાનો આદેશ આપવો, વિધાનસભાનું વિસર્જન ન થાય તો રાજભવનને ઘેરો ઘાલવો–આ અને આવી બીજી બાબતો, પરિપકવ વિચારણામાંથી જન્મેલી નથી લાગતી. વિધાનસભાના વિસર્જન અંગે બે મતો છે. હું અંગત રીતે તો વિધાનસભાનું વિસર્જન થવું જ જોઈએ એમ માનું છું, કારણ કે શ્રી ધનશ્યામભાઈ ઓઝાએ જણાવ્યું હતું તેમ ૧૬૮માંથી ૧૪૦ બેઠકો પ્રજાએ શાસક કૉંગ્રેસને આપ્યા પછી પણ સત્તાની ખેંચતાણ એવી સતત ચાલ્યા કરી કે ગુજરાતમાં સ્થિર, સ્વસ્થ અને સ્વચ્છ શાસન સ્થપાયું જ નહિ અને આખરે પ્રજાને પોતાને પરિસ્થિતિની સુધારણા માટેનો દોર પોતાના હાથમાં લેવો પડયો. હવે આપણે એમ કેમ માનીશું કે આ ૧૪૦ બધા શાણા થઈ ગયા છે,

પસ્તાવાના પુનિત ઝરણામાં ડૂબકી દઈને પુણ્યશાળી બનીને બહાર આવ્યા છે? સમાજ સાથેના વ્યવહારની આચારસંહિતામાં પાપપુણ્યની જે વ્યાખ્યા છે તે વ્યાખ્યાનો સરિયામ વિપર્યાસ કરનાર જૂથ પુણ્યશાળી બની જાય એવું મારા માન્યામાં આવતું નથી અને તેથી જ ધારાસભાનું વિસર્જન મને વધારે ઇચ્છનીય લાગે છે.

અને છતાં, ધારાસભાનું વિસર્જન કરીને, ચૂંટણીનું તાત્કાલિક આયોજન કરવામાં પણ કેટલાંક ભયસ્થાનો રહેલાં છે. ગુજરાતમાં, ચીમનભાઈની સરકારને ઉથલાવવામાં વિદ્યાર્થીઓનો મુખ્ય હિસ્સો હતો એ વાતની કોઈ ના પાડી શકે એમ નથી. પરંતુ ઊર્મિના ઓઘમાં તણાતા વિદ્યાર્થીઓ, તપેલી તાવડી પર પોતપોતાની ભાખરી શેકી ખાવા ઇચ્છતા વિરોધ પક્ષો, અને અનેક પ્રકારની યાતનાઓથી ત્રસ્ત બનેલી આમપ્રજા, એ બધાં, ચૂંટણી જેવી અગત્યની રાજકીય પ્રક્રિયામાં સ્વસ્થ રીતે હિસ્સેદાર કેમ બની શકે? એટલે મારું તો માનવું છે કે કેન્દ્રને જો ગુજરાતનું ભલું જોઈતું હોય તો એણે ઠીક ઠીક સમય સુધી કેન્દ્રીય શાસન ગુજરાતમાં ચાલુ રાખવું જોઈએ; એ સમય દરમિયાન બધા જ શુભનિષ્ઠ નેતાઓએ જે ઠરેલપણું યુવાન વર્ગમાં નથી દેખાતું તે ઠરેલપણું તેમનામાં આવે એ રીતની રચનાત્મક પ્રવૃત્તિ કરવી જોઈએ, નાના માણસોના ધંધા-રોજગાર, વેપાર વગેરે બરાબર ચાલે એ શાસનતંત્ર તથા પ્રજાકીય નેતાઓ એ બન્નેએ સાથે મળીને જોવું જોઈએ અને એ રીતે શાન્તિ અને સ્વસ્થતાની એક હવા સર્જવી જોઈએ. એ હવામાં હિંસાનો નામમાત્રનો પણ સંચાર ન થાય એ જોવું જોઈએ. આવું બધું ઠીક ઠીક સમય સુધી ચાલ્યા પછી જ ચૂંટણી યોજી શકાય. આવી ચૂંટણીમાં જે કોઈ જીતે તેણે સત્તાની પળોજણમાં પડ્યા સિવાય, પ્રજાને સ્વસ્થ અને સ્વચ્છ શાસન આપવાનો જ વિચાર કરવો જોઈએ.

અત્યારે શાસક કૉંગ્રેસની પ્રતિષ્ઠાનો પારો એટલો બધો નીચો ગયેલો છે કે તેમની કે બીજા વિરોધ પક્ષોની સત્તારૂઢ થવાની શક્યતા હું જોતો નથી. વિકલ્પ આપણે પાસે નવી નેતાગીરી ઊભી કરવાનો જ છે અને એ માટે આપણે યુવાન વર્ગ ઉપર જ નજર માંડવી રહેશે. ઇંગ્લેન્ડ જેવા દેશમાં એક વખત ૨૫ વર્ષનો યુવાન વડો પ્રધાન બની શક્યો હતો એ વાત આપણે ભૂલવી ન જોઈએ. શા માટે આપણે ત્યાં જે યૌવનધન છે તેમાંથી નવી નેતાગીરી ન ઊભી કરી શકીએ? ઘરડા વિના ગાડાં ન ચાલે એમ કહેવાય છે, તો શા માટે કોઈ પીઢ પ્રતિષ્ઠિત રાજપુરુષો આ યુવાનના માર્ગદર્શક ન બની શકે? શાસક કૉંગ્રેસના વર્તમાન વિધાન સભ્યોમાં પણ કેટલાક યુવાન સભ્યો એવા છે જે મારી કલ્પનાની નવી નેતાગીરીના ચોકઠામાં બેસી જાય એવા છે. શા માટે એ લોકો પણ યુગનાં ચોઘાણ ઓળખીને નવી વ્યવસ્થામાં ન જોડાય? અત્યારની ક્રાન્તિ પછી જો નવનિર્માણ કરવું હોય તો આ બધું કર્યે જ છૂટકો છે એમ મને લાગે છે.

બાકી વિદ્યાર્થીઓએ, પોતાની જે શક્તિ છે તે વિધાયક માર્ગે વાળવી જોઈએ. સનત મહેતા ૪૮ કલાકમાં પાછા ન આવે તો અમે આમ કરીશું અને વિધાનસભા જો બરખાસ્ત નહિ થાય તો તેમ કરીશું એ મનોવૃત્તિમાંથી તેમણે મુક્ત થઈ જવું જોઈએ અને રવિશંકર મહારાજે રેડિયો પરની મુલાકાતમાં સલાહ આપી હતી તેમ ભણવામાં ચિત્ત પરોવવું જોઈએ. આ ઉપરાંત પણ બીજી ઘણી વિધાયક રીતે ગુજરાતના નવનિર્માણમાં યુવાનો અને વિદ્યાર્થીઓ સહાયભૂત થઈ શકે. ઉદાહરણ તરીકે વિદ્યાર્થી આંદોલનમાં ભાગ લેનારાઓમાંના ઘણા ખેડૂતોના દીકરાઓ હશે, વેપારીઓના દીકરાઓ હશે, અને નોકરિયાતોના દીકરાઓ હશે. અનાજની જે કારમી અછત ગુજરાતમાં વરતાઈ તેમાં ખેડૂતોએ અનાજ વેચ્યું નહિ તે પણ એક રાગાત્મક મુદ્દો હતો. ગુજરાતના નવનિર્માણ માટેના આન્દોલનમાં જોડાનાર ખેડૂતોના દીકરાઓએ પોતાના પિતા પાસેનું વધારાનું અનાજ બજારમાં મોકલવા માટેનો વિધાયક પ્રયત્ન કરવો જ જોઈએ. એ જ પ્રમાણે વેપારીઓના દીકરાઓએ પોતાના પિતા પાસેનું સંગ્રહાયેલું અનાજ કે તેલ યોગ્ય ભાવે વેચવાનું પોતાના પિતાને કહેવું જોઈએ. અને એ જ પ્રમાણે સરકારી નોકરોના દીકરાઓએ પોતાના પિતાકાકીઓ પર ભ્રષ્ટાચારથી દૂર રહેવા દબાણ કરવું જોઈએ. આમ થશે તો યુવાનોએ કરેલી ક્રાન્તિને રચનાત્મક દિશા મળશે, અને પ્રજાની યાતના ઓછી થશે. જો એમ નહિ થાય અને રાષ્ટ્રપતિના શાસન દરમિયાન પણ રાજદ્વારી ખેંચતાણ ચાલુ રહેશે તો, વધુમાં વધુ એક વરસ સુધી ચાલી શકે એવો પોરો ખાવાના સમયનો પૂરો દુર્વ્યય થયેલો ગણાશે.

એક વસ્તુ એ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે ગુજરાતમાં કેન્દ્રનું શાસન હોવાને લીધે હવે જે કોઇ સરકારવિરોધી આન્દોલન ચાલશે તે કેન્દ્રની વિરુદ્ધનું હશે. આજે પણ ગુજરાતમાં ખેડૂત સમાજ જેવા વર્ગો ઇન્દિરા વિરુદ્ધ આન્દોલન કરવાની વાતો કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં, આન્દોલન અંગે કેન્દ્ર વધારે કડક નીતિ અખત્યાર કરે એ પણ બનવા સંભવ છે. આ બધું લક્ષમાં લઇને ગુજરાતનાં બધાં જ તત્ત્વોએ વિધાયક નીતિ અખત્યાર કરવી જોઇશે. દેશભરમાં આજે એક પ્રકારની કટોકટીનો અણસાર આવી રહ્યો છે, અને એના સંદર્ભમાં જો કોઇ વિધાયક વ્યવસ્થા બધા મળીને નહિ કરે તો ગુજરાતના હવે પછીના મહિનાઓ સુખના નહિ પણ યાતનાના જ હશે.

મનુભાઈ મહેતા

# ઉફાણે ચડ્યા છે, નવનિર્માણના તકાદા

વિદ્યાર્થી ઉદ્ગારને ગુજરાતનાં સામાજિક અંતઃકરણવાળાં અને જાહેર સદાચારની અપેક્ષાવાળાં તમામ તત્ત્વોએ હાર્દિક અનુમોદન અને નૈતિક પીઠબળ આપ્યું એ ગુજરાતમાં હજુ યે અવશેષ રહેલી ગાંધીજીની પુણ્યાઈનું ચિહ્ન છે. એ આંદોલનમાં તોફાની - હિંસક-અંશોનો આવિર્ભાવ થયો તેના પ્રત્યે નારાજી સહુ કોઈએ વ્યક્ત કરી, પણ હાહાકાર કોઈએ ન મચાવ્યો: લોકઆસંતોષ અને પુણ્યપ્રકોપનો જ્યારે સ્ફોટ થાય ત્યારે જ્વાલામુખીની માફક તેમાંથી રાખ અને અગ્નિરસ ઝરે જ, અથવા તો પૂર ઊમટે ત્યારે તેનાં પાણી ડહોળાં જ હોય, તેમાં કાદવ - કાંટા યે હોય, અને તેનાથી ઘણીક હાનિ પણ થાય, એમ સમજીને આંદોલનનાં અનિષ્ટ તત્ત્વોને પણ સહુ કોઈએ બરદાસ્ત કરી લીધાં અને તેનો પ્રથમ જુવાળ શમતાં એ અનિષ્ટ અંશોને અળગા કરવા-કરાવવામાં સહુ કોઈ કામે લાગી ગયાં, એને હું અવશેષ રહેલી સરદારની વ્યવહારબુદ્ધિનું લક્ષણ ગણું છું.

સ્વયંભૂ લોકઆંદોલનો સામાજિક ઇતિહાસમાં જવલ્લે જ જોવા મળતાં હોય છે. એવાં વિરલ પ્રકારનાં ગુજરાતનાં આ આંદોલનના સવિશેષ શ્રેય અને આશાસ્પદતા હું એ લેખું છું કે તેનું નેતૃત્વ પક્ષનિરપેક્ષ રીતે વિદ્યાની આલમના - વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના-હાથમાં રહ્યું. આપણા સમાજની સર્વક્ષેત્રીય વર્તમાન નેતાગીરી જીવનનાં ઉચ્ચ - નૈતિક - મૂલ્યો પ્રત્યે બેતમા બની ગઈ છે. જાહેર સદાચારના ધોરણનો વ્યતિક્રમ મંડાયો છે. પહેલાં દેશ કે પ્રજા, પછી પક્ષ કે સંઘ અને છેલ્લે કાર્યકરનું અંગત હિત એવો ક્રમ રાષ્ટ્રના પુનરુત્થાનના લગભગ બે સદીના ઇતિહાસ દરમ્યાન સ્થાપિત થયો હતો. સ્વરાજ પછીથી એ ધોરણનું ધોવાણ શરૂ થયું, અને હવે તો સ્વાર્થસાધનામાં પહેલાં પોતે, પછી પક્ષ, એસોસિયેશન કે સંઘ, અને છેલ્લે પ્રજા એવું ધોરણ જાણે કે સ્થાપિત થઈ ચૂક્યું છે.

બીજા શબ્દોમાં ત્રીસ ટકા નાગરિકો સ્વરાજ અને આર્થિક વિકાસનાં લગભગ બધાં જ ફળો બથાવી બેઠા છે. પરસ્પર સ્વાર્થ-

સાધનાના એક પ્રતિષ્ઠાન-Establishment-માં તેઓ પલટાઈ ગયા છે. તમામ પક્ષોના રાજકારણીઓ, ઉદ્યોગ - વેપારની આલમ, મોટા ખેડૂતો, સંગઠિત કામદાર વર્ગ અને એ બધાના ઉપજીવી જેવા બુદ્ધિજીવીઓ એ બધાનું એ પ્રતિષ્ઠાન બનેલું છે.-બની ગયું છે. જનતા-masses-ને નામે. વિચારસરણીઓ અને આદર્શોને નામે, કાર્યક્રમોને નામે, એ પ્રતિષ્ઠાનનાં ઘટક તત્ત્વો વચ્ચે સદાય ચાલતા તીવ્ર સંઘર્ષો અંગત કે જૂથગત સ્વાર્થસાધનાના પર્યાયરૂપ જાણે કે બની ગયા છે. આપણી લોકશાહી જાણે કે એ ત્રીસ ટકાની, તેમને માટે અને તેમના વડે જ ચાલી રહી છે. જાહેર જીવનની રમતના એ નવા ધોરણ અનુસાર વર્તવાને તૈયાર ન હોય એવાં સમાજનાં તમામ ઉદાત્ત તત્ત્વોને એ પ્રતિષ્ઠાને જાહેર જીવનના વનવાસમાં હડસેલી મૂક્યાં છે.

આ સ્થિતિમાં એ સ્વયંભૂ રીતે સ્થાપિત થયેલા પ્રતિષ્ઠાનની બહારનું કોઈક સત્ત્વ આવિષ્કાર ન પામે તો ઉગારાની કોઈ જ આશા નથી, એવો ખ્યાલ શુભેચ્છાવાળા તમામ નાગરિકોના મનમાં દૃઢ થવા લાગ્યો હતો. બરાબર એવી જ પળે આ પક્ષનિરપેક્ષ અને પ્રતિષ્ઠાનની મોહજાળમાં નહિ ફસાયેલી વિદ્યાર્થી સત્તાનો ગુજરાતમાં ઉઠાવ આવ્યો એ તેમને બધાને ખૂબ જ આશાસ્પદ લાગ્યો છે.

પરંતુ એ ઉઠાવ નવો ઉદય પણ છે કે કેમ તે હજુ જોવું રહે છે. આવાં તમામ સ્વયંભૂ લોક-આંદોલનોની બાબતમાં બનતું હોય તેમ તેનો આરંભ તો એક છેક જ મામૂલી બાબતથી થયો - એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓના છાત્રાલયના ભોજનખર્ચમાં થઈ રહેલા ગાંડા વધારા સામેના વિરોધથી. પરંતુ એ ઉઠાવે એ જ પ્રકારના લોકવ્યાપક અસંતોષને વાચા આપી હતી એટલે જોતજોતામાં એ તણખાએ ભડકાનું રૂપ ધારણ કરી લીધું. બરફના દડાની માફક આંદોલન પુષ્ટ બનતું ચાલ્યું; અને તે સાથે તેના ધ્યેયમાં પણ ફેરફાર થતા ચાલ્યા. પ્રજાને વાજબી ભાવે પોષણક્ષમ પ્રમાણમાં અનાજ-ખાદ્ય પદાર્થો-મળતું થાય, અને ગુજરાતની ભ્રષ્ટાચારી પટેલ સરકાર દૂર થાય એવી બે માગણીઓમાં પ્રથમ તબક્કે તે થોડું સ્થિર થયું.

પરંતુ આંદોલનના ક્રમ દરમ્યાન બીજી ઉદાત્ત આકાંક્ષાઓ પણ એમાં ભળી, જેને વિદ્યાની એ આલમે નવનિર્માણ એવું ભાવવાચક નામ આપ્યું. તેઓ પોતાને 'નવનિર્માણ સમિતિ'ઓ કહેવા લાગ્યા. એ નામાભિધાને આ લખનાર જેવા ઘણાની આંખો ચમકાવી. એ આકાંક્ષાને કેવળ વિદ્યાની આલમ સ્પષ્ટ ધ્યેયો, માંગો અને કાર્યક્રમોનું સ્વરૂપ નહિ આપી શકે અથવા તો પોતાની રીતે આપે તો યે તેના ગુણદોષની વિચારણા દ્વારા એ નવોદિત પાવક સત્તાને સહાયભૂત થવું જોઈએ એમ તમામ શુભેચ્છાવાળા નાગરિકોને લાગ્યું છે. આ વિશેષાંક પ્રગટ કરવામાં 'પ્રબુદ્ધ જીવન'ના ઉપક્રમને પણ એ વૃત્તિના એક આવિષ્કારરૂપ જ લેખું છું.

રાષ્ટ્રના - પ્રજાના - અર્થ - સામાજિક જીવનના નવનિર્માણની એ આકાંક્ષાને સદેહ બનાવતાં અંગોપાંગો સૂચવવાનું તત્કાળ તો કોઈને ન સૂઝે; સામૂહિક સહચિન્તનમાંથી સબક મેળવતા જવું, ભૂલો થાય તે સુધારતા જવું એ ક્રમે તેનું આગળ વધવું વધતે-ઓછે અંશે અનિવાર્ય લાગે છે. પરંતુ નવનિર્માણ સંબંધમાં આ લખનારનું ચિન્તન આજે વર્ષોથી ચાલે છે એટલે જે થોડાક ઉપાયો તત્કાલ ખ્યાલમાં આવે છે તે કેવળ સૂચનોરૂપે રજૂ કરું છું:

(૧) આ આન્દોલને પોતાનું પક્ષનિરપેક્ષ સ્વરૂપ અબાધિત રાખવું જોઈએ. તમામ રાજકીય પક્ષો તેમનાં સૂત્રો અને પૂર્વગ્રહો અને રાગદ્વેષોથી ખદબદી રહ્યા છે. એટલે નવનિર્માણ સમિતિઓ જે ધ્યેયો કે કાર્યક્રમો રજૂ કરે તેને જે તે પક્ષો ભલે અપનાવે પણ કોઈ પક્ષને આ આન્દોલને ન અપનાવવો જોઈએ.

(૨) ધારાસભાના વિસર્જન અને નવી ચૂંટણીની આળપંપાળમાં નવનિર્માણ સમિતિઓએ અટવાવા જેવું નથી, પરંતુ એમ કરે તો તેમાં કાંઈ બહુ વાંધા જેવું પણ નથી. પરંતુ નવનિર્માણ સમિતિઓનો મુખ્ય અને અટલ આગ્રહ તો ભ્રષ્ટાચારના આક્ષેપોની તટસ્થ પંચ દ્વારા તપાસનો જ હોવો જોઈએ. ભ્રષ્ટાચાર એકલા ગુજરાતનો નહિ પણ આખા રાષ્ટ્ર-શરીરનો જીવલેણ જેવો રોગ છે, એટલે ગુજરાતને નિમિત્તે તેનું વ્યાપક પગેરું પ્રકાશમાં આવે એ બેહદ જરૂરી છે.

(૩) નવનિર્માણ સમિતિઓએ આખી આયોજનપદ્ધતિનો કાયાપલટ માગવો જોઈએ. હાલની આયોજનપદ્ધતિ દ્વારા આપણા અર્થ-સામાજિક જીવનનું જે નવનિર્માણ ચાલી રહ્યું છે તે નખ્ખોદિયું છે. એનાથી રાષ્ટ્રની સંપત્તિ સાધવાના ઉપકરણોનું વિસ્તરણ અને વૈવિધ્યીકરણ નથી સધાયું એમ નહિ; હકીકતમાં આર્થિક સ્વાવલંબનની ભૂમિકા લગભગ તૈયાર થઈ છે. પણ એ બધું ઉપર્યુક્ત પ્રતિષ્ઠાનને જ આધીન રહ્યું છે. જે ગરીબી, બેકારી અને આવકોની વિષમતાના મૂળભૂત ધ્યેયની સાધનાને નામે આયોજન હાથ ધરાયું હતું તે માર્યું ગયું છે, અને ત્રણેય દૂષણો સમાજની શાન્તિ અને સ્થિરતાને ઉથલાવી નાખે એટલી હદે પ્રતિવર્ષ કરતાં ચાલ્યાં છે. એટલે એ અવળે પાટે ચડી ગયેલી ગાડીને સવળા પાટા પર મૂકવી જ જોઈએ. તે માટે નવનિર્માણ સમિતિઓએ પૂર્ણ રોજગારીના પાયા પરના આયોજનની માગ બુલંદ બનાવવી જોઈએ. તેનાથી ઉપર્યુક્ત ત્રણ મૂળભૂત ધ્યેયો આપોઆપ સિદ્ધ થવા લાગશે. પ્રા. દાંડેકર જેવા ખ્યાતનામ અર્થશાસ્ત્રીઓ એમ માને છે કે એવું આયોજન જેટલું જરૂરી છે તેટલું શક્ય પણ છે.

(૪) શાસન અને શાસક પક્ષના રાષ્ટ્રીયકરણ અને 'હાથ કરો'ના ઘાતક ધખારા તત્કાલ બંધ પડવા જોઈએ. આપણે જો ખાનગી ક્ષેત્રનું અસ્તિત્વ વિહિત માન્યું હોય - અને છે જ - તો આપ. અર્થનીતિ સર્વોદયી સમાજવાદની હોવી જોઈએ. પ્રજાના તમામ આર્થિક વર્ગો અને સ્તરોનો સ્વૈચ્છિક અને ફરજિયાત આર્થિક સદાચાર સિદ્ધ કરવાને આપણે કમર કસવી જોઈએ.

એના પેટામાં જાહેર તેમ જ ખાનગી ક્ષેત્રના તમામ ઉદ્યોગોનું, તેમ જ સમગ્ર વિતરણ વ્યવસાયનું રાષ્ટ્રીયકરણ નહિ પણ સામાજીકરણ સાધવું જોઈએ. શાસને ઉદ્યોગોને નહિ પણ ઉદ્યોગપતિઓને અને વેપારને નહિ પણ વેપારીઓને હાથ કરવા જોઈએ.

(૫) આખી ચૂંટણી પ્રથાનો કાયાકલ્પ સાધવો જોઈએ. વહેલામાં વહેલી તકે ઉમેદવારોના ચૂંટણીખર્ચની ઠગારી મર્યાદા, અને વેપારી પેઢીઓના ચૂંટણીભંડોળના ફાળા પરનો પ્રતિબંધ દૃઢ થવો જોઈએ. નવાં વ્યવહારુ નિયમનો મુકરર ન થઈ શકે ત્યાં સુધી ગમે તેને ગમે તેટલું ચૂંટણીખર્ચ અને ગમે તેટલો ચૂંટણી ફાળો આપવાની છૂટ હોવી જોઈએ, પણ તે ખુલ્લી રીતે, અને તેની હિસાબનોંધણી આવકના કે બીજા કોઈ વેરાની તપાસની ઢબે તટસ્થ તપાસને આધીન હોવી જોઈએ. ગોટાળા કરનારાઓ માટે એવું જ દંડવિધાન પણ હોવું જોઈએ.

પક્ષોના ભંડોળના હિસાબ પણ ખુલ્લા હોવા જોઈએ, અને એવી જ તપાસને આધીન હોવા જોઈએ. કોઈ પણ કારણે પક્ષાન્તર કરનાર લોકપ્રતિનિધિ પોતાનું એ પ્રતિનિધિત્વ આપોઆપ ગુમાવે એમ પણ થવું જોઈએ.

આથી જાહેર જીવનના ભ્રષ્ટાચારના પ્રમાણ અને પ્રકારો પર મહદ્ અંશે અંકુશ આવી જશે. બાકી સમાજજીવનમાં સો ટકા શુદ્ધિની અપેક્ષા આપણે રાખી શકીએ નહિ.

આવાં તો બીજાં ઘણાંક સૂચનો મગજમાં સળવળે છે, જેમ કે, લાઈસન્સ - પરમિટ - કવોટા રાજ્યનું શક્ય તેટલું નિરાકરણ અને અંગત કરવેરાઓની વ્યવહારુ સપાટી વગેરે; પણ તેમની રજૂઆત માટે આ નાના લેખમાં અવકાશ હોઈ શકે નહિ.

આવું બધું સાધવા માટે નવનિર્માણ સમિતિઓ સજાગ અને સંગઠિત રહી શકશે કે કેમ તે આપણે જાણતા નથી, રહે તેમ આપણે ઈચ્છવું અને પ્રાર્થવું જોઈએ; કેમકે ઉપર જે સર્વપક્ષીય અને સંપત્તિ-સત્તાવાન વર્ગીય પ્રતિષ્ઠાનનો ઉલ્લેખ કર્યો છે તે અથવા તેમાંના કોઈ આ બધું કરવાને તૈયાર થાય એવી આશા ને અવકાશ નહિવત્ છે. તેથી ઊલટું જો નવનિર્માણ સમિતિઓ પોતાની 'સત્તા' જાળવે અને દેશભરમાં પ્રસારે તો, એ પ્રતિષ્ઠાનમાં અવશ રીતે સલવાઈ ગયેલાં ઘણાંક સારાં તત્ત્વો પણ તેમની ઈશારતે સક્રિય બને એવો સંભવ છે જ.

તા. ૧૪-૨-'૭૪ રવિશંકર વિ. મહેતા

# ☆ ગુજરાતનું લોક–આંદોલન ☆

**૧. આંદોલનનાં કારણો**

ચીજવસ્તુઓના વધતા જતા ભાવ, જીવનજરૂરિયાતની ચીજોની અછત, એની ડારમી ભીંસમાં તો પ્રજા આવી જ હતી; પણ એ અછત વધુ તો માનવસર્જિત છે, અને એમાં રાજકર્તાઓ મદદરૂપ થઈને લાખો રૂપિયા બનાવે છે એવી પ્રતીતિ પ્રજાને થતી ગઈ અને એની ધીરજનો અંત આવ્યો.

વાત શરૂ થઈ ઈજનેરી વિદ્યાર્થીઓના છાત્રાલયના માસિક ભોજનખર્ચના વિવાદથી. તેમણે વિરોધ કર્યો. જોતજોતામાં વિદ્યાર્થીઓનો વિરોધ ગુજરાતવ્યાપી બની ગયો. એમણે આપેલા 'બંધ'ના એલાનને આખીયે પ્રજાએ સાથ આપ્યો અને એક સ્વયંભૂ વિરાટ આંદોલન જન્મ્યું.

દરેક ઠેકાણે, નાનાં ગામડાંમાં પણ, વિદ્યાર્થીઓ તો હોય જ, એટલે આંદોલન શરૂ કરનારાઓની કયાંય ખોટ ન રહી. લોકો એમાં આપોઆપ જોડાયા. ગુજરાતમાં દિવાળી પહેલાં અને ખાસ તો હમણાં, પ્રધાનોએ તેલમાં ૨૫ થી ૩૧ લાખનો ભ્રષ્ટાચાર કર્યો, એથી પ્રજાનું હૃદય સમસમી રહ્યું હતું. છેલ્લા ત્રણ-ચાર મહિનાથી સરકારી વહીવટ લગભગ થંભી ગયા જેવો હતો. રાજકર્તાઓ જાણે કે એક જ પ્રવૃત્તિમાં મશગૂલ હતા, મોટા પાયા પર ભ્રષ્ટાચાર ચલાવવામાં, તેઓ જે લાખો બનાવે તે છેવટે તો પ્રજાએ જ વપરાશની ચીજવસ્તુઓના વધેલા ભાવ દ્વારા ચૂકવવાના રહે. પ્રજાનો ધૂંધવાઈ રહેલો રોષ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો તે સાથે ભભૂકી ઊઠ્યો.

**૨. તાત્કાલિક પરિણામો**

કારણો બરાબર સમજાય તો પરિણામોનો સ્પષ્ટ અંદાજ થઈ શકે. કારણ આમુક છાત્રાલયનું વધેલું માસિક ભોજનખર્ચ માત્ર ન હતું, કારણ અનાજ પુરવઠાની મુશ્કેલી માત્ર ન હતું; મુખ્ય કારણ વિદ્યાર્થીઓની અને લોકોની તીક્ષ્ણ નજરે પકડી પાડ્યું. રાજકર્તાઓનો ભ્રષ્ટાચાર એ મુખ્ય કારણરૂપ હતો. જે આંદોલન ચાલ્યું તે છાત્રાલયનું માસિક ભોજનખર્ચ નીચું લાવવા માટે ન હતું. ગુજરાતમાં જે બધું બન્યું તે રોટી રમખાણો ન હતાં. આપણી પ્રજાને રાજકર્તાઓની દાનતમાં વિશ્વાસ હોય તો તે પુરવઠાની મુશ્કેલી બરદાસ્ત કરવામાં ઘણી ધીરજ દાખવી શકે એવી છે. પણ એણે વિશ્વાસની કટોકટી અનુભવી, કેમ કે રાજકર્તાઓએ ભ્રષ્ટાચારમાં આડો આંક વાળ્યો હતો. ગુજરાતની છેલ્લી સરકાર "પંચવટી" ફાર્મમાં લાખોની સોદાબાજીમાંથી જન્માની કહાણી તો ગુજરાતમાં ઘરઘરની બની ચૂકેલી હતી. માજી મુખ્ય પ્રધાન બહુમતી સાધવાના કોઠાયુદ્ધના ભારે નિષ્ણાત તરીકેની ખ્યાતિ તો ધરાવતા હતા જ. તેઓ સારા વહીવટકાર નહીં નીવડે એવું મારા જેવા ઘણાએ માનેલું નહીં. એમણે કાર્યક્ષમ વહીવટ આપ્યો હોત તો પ્રજા કદાચ તેમને નભાવી લેત. પણ ભ્રષ્ટાચાર એ જ એક કામકાજ એવી સ્થિતિ છતી થઇ ગઇ અને પ્રધાનમંડળના પ્રધાનો જ પોતાના સાથીઓના ભ્રષ્ટાચાર સામે છડેચોક આક્ષેપો કરવા માંડ્યા. લોક-આંદોલન પ્રગટ્યું તેનું ધ્યેય નક્કી કરવાપણું રહ્યું નહીં. આ ભ્રષ્ટાચારી સરકારને કાઢો, ભ્રષ્ટાચાર જ્યાં હોય ત્યાં તેનો પીછો પકડો અને નાબૂદ કરો, એ ધ્યેય સૌનાં દિલદિમાગમાં ઘર કરી ગયું.

ભ્રષ્ટાચારી સરકારને દૂર કરી, જે પહેલું તાત્કાલિક પરિણામ.

બીજું તાત્કાલિક પરિણામ, જે હજી સિદ્ધ થવાનું બાકી છે, તે છે વિધાનસભાનું વિસર્જન. આ પરિણામ અંગે કોઈને શંકા છે? પહેલું પરિણામ આવવું સહેલું ન હતું, એ આવ્યું; બીજું તો એની પાછળ પાછળ આવવા સર્જાયેલું છે જ.

**૩. દૂરગામી પરિણામો**

દૂરગામી પરિણામોમાં મુખ્ય છે ભ્રષ્ટાચારની નાબૂદી, ગુજરાતમાંથી જ નહીં, ભારતભરમાંથી. તાત્કાલિક પરિણામો રાજકીય છે. આ લોક-આંદોલને ક્રાન્તિની જે હવા જન્માવી છે તે ચરિતાર્થ તો ત્યારે થશે જ્યારે ભ્રષ્ટાચાર જેવો સમાજને રૂંવેરૂંવે વ્યાપેલો રોગ ઓસરશે. આ આંદોલન શુદ્ધિઆંદોલન છે. સમાજને નવો ઘાટ આપવા નિર્માયું છે. સંઘરાખોરી, નફાખોરીને નાબૂદ કરવામાં આ આંદોલનનો ઘણો પ્રભાવ પડશે.

**૪. સંસદીય લોકશાહી પર અસર**

આ આંદોલનથી સંસદીય લોકશાહી એકંદરે મજબૂત થશે. ગુજરાતમાં એક પક્ષને વિધાનસભામાં ૧૬૫ માંથી ૧૪૦ બેઠકો મળી. ૧૪૦ સભ્યોએ સ્વચ્છ કાર્યક્ષમ વહીવટ આપવાને બદલે ખુરશીજંગ ખેલ્યા. ૧૪૦ માંથી ૭૧ પોતા તરફ ખેંચી શકે તે જૂથનેતા મુખ્ય પ્રધાનની ગાદી પચાવી પાડી શકે. જો કે ૧૬૫ ની વિધાનસભામાં એક પક્ષ તરીકે હોય તો એને ટેકો જોઈએ. જૂથબાજીમાં ૮૩ને બદલે ૭૧ થી કામ પતે. જે પક્ષને ૧૪૦ સભ્યો પ્રજાએ ચૂંટી આપ્યા તેણે લોકશાહીની ભયંકર વિડંબના કરી. લોક–આંદોલનનું બળ વરતી ગયેલ પક્ષનું દિલ્હીનું મોવડીમંડળ પ્રજાનાં સીધાં પગલાં આગળ નમવામાં લોકશાહીનું દેશમાં શું થાય એની ચિન્તા કરતું હતું. પણ પ્રજાનો વિશ્વાસ સરિયામ ગુમાવી બેઠેલ સરકાર દિલ્હીથી મોકલેલી બેટેલિયનોથી કે લશ્કરનો આશરો લેવાથી લાંબો વખત ચાલી શકે એમ નથી, લોકશાહી આધાર જ એને માટે રહ્યો નથી, એ જોઈને રાષ્ટ્રપતિ શાસનને સંમતિ આપી.

વિધાનસભાનું વિસર્જન થતાં નવી ચૂંટણી દ્વારા લોકશાહીને યોગ્ય એવું તંત્ર નીપજવા શ્રદ્ધા રહે છે, કેમ કે જે બની ગયું તેનો એટલો પ્રભાવ તો અવશ્ય પડશે જ કે જેની સોદાબાજી થઈ શકે એવા ધારાસભ્યોને પ્રજા હવે ગાફેલપણામાં ચૂંટી મોકલશે નહીં.

**૫. આખા દેશ ઉપર અસર**

ગુજરાતના ઠેરઠેરના આ આંદોલનમાં આપોઆપ સ્થપાયેલી નવનિર્માણ સમિતિઓની જેમ મધ્ય પ્રદેશમાં નવનિર્માણ સમિતિ સ્થપાયાના સમાચારો છાપામાં છે. વિદ્યાર્થીઓને આખા દેશમાં સામાજિક ક્રાન્તિના કાર્યમાં જોડાવા માટે ગુજરાતના આંદોલનથી પ્રેરણા અને બળ મળશે. બધા વિચારકો, શિક્ષણશાસ્ત્રીઓ, સમાજનેતાઓ ચિંતા વ્યકત કરતા હતા કે આજના વિદ્યાર્થીના ભણતરનો દેશમાં જિવાતા જીવન સાથે મેળ નથી. એકાએક એવું બન્યું કે વિદ્યાર્થીના જીવનનો તાર જિવાતા જીવન સાથે બરોબર સંધાઈ ગયો.

વિદ્યાર્થીઓના હાથ સૌથી વધુ ચોખ્ખા છે એટલે સહેજે તેઓ ભ્રષ્ટાચાર સામે ઝૂઝી શકે એમ છે. નૈતિકતામાં તેઓ પોતાના વડેરાઓ કરતાં વડા નીવડી શકે એમ છે. ગુજરાતના, ભારતના જાગેલા વિદ્યાર્થીઓ આગળથી ભ્રષ્ટાચારે હવે ભાગવું પડશે.

ભ્રષ્ટાચારનું એક મુખ્ય કારણ ખર્ચાળ ચૂંટણીઓ છે. હવે પછીની ચૂંટણીઓમાં ગુજરાતના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકો અને સામાન્ય પ્રજાજનો એ દેખાડી આપે કે ચૂંટણી અધિકારીએ નિયત કરેલા ચૂંટણીખર્ચની મર્યાદામાં રહીને જ ચૂંટણીઓ થશે. ભારતમાં લોકશાહીને બચાવવામાં અને ભારતના રાજકીય–સામાજિક જીવનને શુદ્ધ કરવામાં આ નાનુંસૂનું અર્પણ નહીં હોય.

ગુજરાતનું લોક-આંદોલન દેશમાં આવું આવું થઈ રહેલી ક્રાન્તિને મદદરૂપ થવાનું હોય તો તે પોતે શાંતિમય માર્ગે ચાલીને જ થઈ શકશે.

નવનિર્માણ સમિતિઓ દૂરદૂરનાં નાનાં નાનાં ગામડાંમાં પણ ઊભી થઈ છે. એ બધાંનું સંગઠન થાય, બધાંને દોરવણી અને કાર્યક્રમ મળે એ જરૂરી છે.

વિધાનસભાના સભ્યોને 'હિસાબ આપો' એમ કહી શકે એવી ચોકી, એવું સંગઠન હમેશ માટે પૂરી પાડશે.

**ઉમાશંકર જોશી**

# રાજકારણની રીત બદલવી પડશે

૧૯૭૪ની શરૂઆતના મહિનાના અભૂતપૂર્વ લોકઆંદોલને ગુજરાતમાં નવી રાજકીય આબોહવા સર્જી છે. પ્રજા ભ્રષ્ટાચારના રાજકારણ સામે સફળતાપૂર્વક બળવો કરી શકી તે હકીકત ભારતની લોકશાહી માટે નરવી ઓંધાણી છે. લોકમતે મતપેટીની બહાર પોતાનો અભિપ્રાય વ્યકત કરી ભારતની લોકશાહીને નવું પરિમાણ આપ્યું છે. લોકશાહી એ કેવળ ચૂંટણીનું ક્રિયાકાંડ નથી. લોકમતની પ્રતિષ્ઠા એ લોકશાહીનો પ્રાણ છે. આપણે અત્યાર સુધી ક્રિયાકાંડી લોકશાહીમાં રચ્યાપચ્યા રહ્યાં. ગુજરાતના આંદોલને આ ક્રિયાકાંડી માળખાને છિન્નભિન્ન કરી નાખી આપણી લોકશાહીના સૂતેલા આત્માને જગાડયો છે. પણ આમ કરવામાં લગભગ ૫૧ માણસોએ ભોગ આપ્યો છે. આમ બહુ મોટી કિંમત ચૂકવીને ગુજરાતની પ્રજાએ લોકમતની સર્વોપરિતા સ્થાપી છે. ભારતનો લોકશાહી સમાજ આ બલિદાન માટે ગુજરાતની પ્રજા પ્રત્યે હંમેશાં કૃતજ્ઞતા વ્યકત કરશે.

ધારાસભામાં બહુમતી હોય, અને પ્રજાનો ટેકો ન હોય તો એ બહુમતી પત્તાના મહેલ જેવી છે. નવી દિલ્હી આજે કાળાં નાણાંના રાજકારણથી ભારત પર રાજ ચલાવે છે. આથી તેમને ચૂંટણી, બહુમતી, સમાજવાદનાં ચૂત્રો, સ્થાપિત હિતો પર પ્રહારો, વિરોધ પક્ષો પર બિનલોકશાહી અને પાયા વગરના આક્ષેપો વગેરેમાં જ રાજકારણની ઈતિશ્રી લાગે છે. આ કારણે વડા પ્રધાન અને કોંગ્રેસ મોવડીમંડળ છેવટ લગી ગુજરાતની પરિસ્થિતિ સમજી ન શકયાં. ગુજરાતનો બળવો માત્ર ચીમનભાઈ પટેલ અને તેમની સરકાર સામે ન હતો. ગુજરાતનો બળવો માત્ર મોંઘવારી અને જીવનજરૂરિયાતની ચીજોની અછત સામેનો ન હતો. ગુજરાતનો બળવો તો અત્યારે ભારતમાં પ્રવર્તતી રાજકારણની રીત (સ્ટાઈલ ઓફ પોલિટિકસ) સામે હતો.

પૈસાદારો, શ્રીમંતો, ખેડૂતો, અમલદારો અને આ બધાના શિરોમણિ રાજકીય આગેવાનો – આ ચાર વર્ગોએ મળી જઈ સત્તા અને પૈસાના જોરે આ દેશમાં લોકશાહીના નામે ધનિકશાહી (પ્લુટોકસી) સ્થાપી છે તે સામે ગુજરાતની પ્રજાએ બળવો કર્યો હતો. આજે ગુજરાતમાં શાસક કોંગ્રેસના સભ્યો પ્રત્યે તીવ્ર આક્રોશ છે. શાસક કોંગ્રેસના પ્રતિનિધિને લોકો જુએ છે ને ભુરાયા થાય છે. પણ વિરોધ પક્ષોએ આમાં બહુ રાજી થવા જેવું નથી. પ્રજાનો તિરસ્કાર બધા જ રાજકારણીઓ સામે છે. દરેક રાજકીય નેતાના ચહેરામાં ગુજરાતની પ્રજા કાળું નાણું અને ભ્રષ્ટાચાર જુએ છે. આથી જ્યાં સુધી આ ભ્રષ્ટાચારનું રાજકારણ બદલાશે નહિ ત્યાં સુધી ગુજરાતમાં વત્તાઓછા પ્રમાણમાં અશાંતિ રહેવાની છે. શાસક કોંગ્રેસના ધારાસભ્યોને પ્રજા સકારણ ભ્રષ્ટાચારના પ્રતીક સમજે છે. આ લોકો જ્યાં સુધી ધારાસભામાં હશે ત્યાં સુધી કશો ફેરફાર થવાનો નથી એની પ્રજાને ખાતરી થઈ ગઈ છે. ગુજરાત ધારાસભાના વિસર્જનની માગણી આ સંદર્ભમાં જોઈશું તો તેની યથાર્થતા સમજાશે.

એ સાચી વાત છે કે ધારાસભાનું વિસર્જન થવાથી થોડીક અસ્થિરતા આવશે, પણ અત્યારે જે પરિસ્થિતિ છે તે બે ધરતીકંપ વચ્ચેની સ્થિરતા જેવી છે. ટૂંકા ગાળાની અસ્થિરતાની આથી આપણે ચિંતા ન કરવી જોઈએ. જો આ પગલાથી રાજકારણની રીતમાં થોડા પણ ફેરફાર થશે તો ભારતની લોકશાહીમાં ગુજરાતનો બળવો એક ગૌરવપૂર્ણ સીમાચિહ્ન બની રહેશે.

ગુજરાતનું આંદોલન સ્વયંભૂ આંદોલન હતું. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બહેનોએ આ આંદોલનમાં જે ભોગ આપ્યો છે, જે વીરતા બતાવી છે તે ગુજરાતના જાહેર જીવનનું એક સ્મરણીય પ્રકરણ બની રહેશે. હવે ફરી વાર વિદ્યાર્થીઓ રાજકીય આગેવાનોને જૂની રમત રમવા દેવાના નથી. વિદ્યાર્થીઓના આગેવાનો પાસે માહિતી છે કે કયા વેપારીઓ, કયા ઉદ્યોગપતિઓ કોંગ્રેસને કેટલું કાળું નાણું આપ્યું? આપણું રાજકારણ ભ્રષ્ટાચારનું રાજકારણ એટલા માટે બન્યું છે કે રાજકીય આગેવાનો અને વેપારી-ઉદ્યોગપતિઓ વચ્ચે એક એવી મૂક સમજણ થઈ છે કે નાણાં અને સત્તાના જોરે લોકશાહીને પોતાને આંગણે પાળેલા કૂતરાની જેમ બાંધી રાખવી. ધનિક વર્ગ અને રાજકીય પુરુષોની આ સમજૂતી ભ્રષ્ટાચારી રાજકારણનો પાયો છે. જવાહરલાલ નેહરુના સમયમાં પણ આવું બનતું. તે સમયે આ વિશે શરમની લાગણી હતી. ટોચના નેતાઓ ઓછામાં ઓછા પ્રામાણિક હતા. હવે શરમ તૂટી ગઈ છે. સડો ટોચથી જ શરૂ થાય છે. હવે દરેક રાજ્યના મુખ્ય પ્રધાન કાળાં નાણાં ઉઘરાવતી વખતે કહે છે: "આ કયાં મારા માટે કરું છું? આ તો મારે વડા પ્રધાનને દેવાનાં છે." આનું પરિણામ એ આવ્યું છે કે વિદ્યાર્થીઓ, ધંધાદારીઓ અને બુદ્ધિજીવીઓએ કોંગ્રેસ સાથેની છેડાછેડી ફાડી નાખી છે.

પણ હવે પછી શું? ગુજરાતના આંદોલનનો બોધપાઠ એ છે કે આપણી રાજકીય અને આર્થિક નીતિમાં કેટલાક પાયાના ફેરફારો કરવા પડશે. ભ્રષ્ટાચારનું રાજકારણ ત્યારે જ અસરકારક રીતે દૂર થશે કે જ્યારે અર્થકારણનું વિકેન્દ્રીકરણ શરૂ થશે.

અત્યારે ભારતમાં સત્તાના વિકેન્દ્રીકરણની પણ જરૂર છે. એક જ વ્યકિતની આસપાસ ફરતું રાજકારણ નથી કેન્દ્રને મજબૂત કરતું કે નથી દેશને મજબૂત કરતું.

રાજકીય સત્તા અને અર્થકારણના વિકેન્દ્રીકરણની પ્રકિયા શરૂ કરવા માટે નીચેનાં ચાર પગલાંના અમલ માટે પ્રજાએ શાંત આંદોલન ચલાવવું પડશે:

(૧) રાજકીય પક્ષો મોટા ઉદ્યોગો અને વેપારીઓ પાસે નાણાં ચેકથી જ લેશે. કયા પક્ષને કોણે કેટલાં નાણાં આપ્યાં છે તેની જાહેરખબર કેન્દ્ર સરકાર પોતાના જ ખર્ચે છાપશે. જો અમુક રકમની આવકવાળાની નામાવલિ સરકારી ખર્ચે જાહેરખબરરૂપે છપાતી હોય તો રાજકીય પક્ષો વિશેની આ જાહેરાત કેમ ન છપાય? આ તો વચગાળાનું પગલું છે. આખરે પશ્ચિમ જર્મનીની જેમ દરેક સ્વીકૃત પક્ષને ચૂંટણી લડવા માટે કેન્દ્રનું નાણા ખાતું ગઈ ચૂંટણીમાં મળેલા મતદીઠ એક કે બે રૂપિયા આપશે. ધારો કે સમાજવાદી પક્ષને દેશમાંથી કુલ દસ લાખ મત મળ્યા. કેન્દ્ર સરકાર સમાજવાદી પક્ષને આથી તેના ચૂંટણી ફાળામાં દસ લાખ રૂપિયા આપશે. આમેય તે પ્રજા જ પક્ષોને આખરે પૈસા આપે છે. હવે ફરક એટલો રહેશે કે પ્રજા કાળા બજારિયા દ્વારા નહિ પણ નાણાપ્રધાન દ્વારા રાજકીય પક્ષોને પૈસા આપશે. આથી રાજકીય પક્ષો અને ધનિકો વચ્ચેની નાણાકીય કડી સાવ દૂર નહિ થાય તો ય તદ્દન નબળી તો પડી જશે જ.

(૨) ભારતના પ્રેસિડેન્ટ રાજકીય પક્ષો માટેના ખાસ ઑડિટરની નિમણૂક કરશે. આ ઑડિટર દર વર્ષે દરેક પ્રાદેશિક કે અખિલ ભારતીય પક્ષનો હિસાબ ઑડિટ કરી પ્રજા સમક્ષ રજૂ કરશે.

(૩) સરકારે ગરીબ પ્રજાને મદદ કરવી હોય તો ખાધાખોરાકી જેવી જીવનજરૂરિયાતની વસ્તુથી તેણે સાવ દૂર રહેવું જોઈએ. ગુજરાત અને મહારાષ્ટ્રમાં જે બન્યું તે પરથી અંકુશો વિશે એક નિયમ તારવવા જેવો છે: "સરકારને અંકુશો નાખવા જ હોય તો મોજશોખની વસ્તુ ઉપર નાખે. સામાજિક ન્યાયના નામે પણ ભગવાનને ખાતર આ અંકુશો જીવનની જરૂરિયાતની વસ્તુઓ ઉપર તે કદી ન નાખે. સરકારે અનાજનો વેપાર પોતાના હાથમાં લીધો તે પછી અનાજ લગભગ અદશ્ય થઈ ગયું છે. અંકુશો માત્ર ભાવ વધારતા નથી, ચીજવસ્તુની પણ અછત ઊભી કરે છે.

(૪) નવી દિલ્હીએ અનાજનું ઉત્પાદન અને તેનું વિતરણ હવે રાજ્યો પર છોડી દેવું જોઈએ. ભારત જેવા મોટા દેશમાં નવી

દિલ્હીથી આખા દેશમાં અનાજ સમયસર પૂરું પાડી શકાય તે વિચાર જ આર્થિક મૂર્ખતા છે. પચ્ચીસ વર્ષના અનુભવે આપણે જાણ્યું છે કે આથી પ્રજાની હાડમારી બેહદ વધી ગઈ છે. ભારતની એકતાની દૃષ્ટિએ પણ કેન્દ્ર-સંચાલિત અન્નનીતિ અનિચ્છનીય છે. વિનાકારણ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ખાધાખોરાકીની ચીજો માટે ખેંટલી તાણ પ્રવર્તે છે કે દેશની એકતા દિવસે દિવસે નબળી પડતી જાય છે. હવેથી દરેક રાજ્ય અનાજની બાબતમાં સ્વાવલંબી બને એ પ્રમાણે પાંચમી યોજનામાં સાધનોની ફાળવણી કરવી જોઈએ.

આથી પાંચમી યોજનાને આપણે અનાજ યોજના તરીકે જાહેર કરવી જોઈએ. અત્યારે દેશમાં જે ઊથલપાથલ થઈ રહી છે તેની પાછળ કેન્દ્ર-સંચાલિત અનાજનીતિની નિષ્ફળતા છે. રાજ્યોને અનાજના ઉત્પાદનમાં સ્વાવલંબી કરવાની સાથે એ પણ જાહેરાત કરવી જોઈએ કે સમગ્ર ભારત અનાજની બાબતમાં એક ઝોન છે. રાજ્યો રાજ્યો વચ્ચે અનાજનું વેચાણ અને હેરફેર પુરવઠા અને માગના નિયમ પ્રમાણે મુકતપણે થશે. આ સાથે એવો કાયદો કરવો જોઈએ કે કોઈ વેપારી જીવનજરૂરિયાતની ચીજોનાં કાળાં બજાર કરશે તો તેને એક વર્ષની સખત કેદની સજા થશે. રાજ્ય સરકાર વાજબી ભાવ બાંધે અને વેપારી મંડળો આ ભાવોની જાળવણી માટે કાયદાને મદદ કરે.

આવી અન્નનીતિનાં બે પરિણામ આવશે: ખેડૂત અનાજનો સંઘરો નહિ કરે, કેમ કે તેને ખાતરી થશે કે તેને વાજબી ભાવ મળશે. બીજું પરિણામ એ આવશે કે દરેક રાજ્ય અનાજમાં સ્વાવલંબી થવા માટે મક્કમતાથી પ્રયત્ન કરશે. વિકેન્દ્રીકરણથી સામ્યવાદી ચીને દરેક ગામડાને અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવ્યું છે. આપણે છેવટે દરેક રાજ્યને અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવીએ તો લોકશાહીનો પાયો મજબૂત કરીશું. ગુજરાતનું આંદોલન અનાજ–આંદોલન પણ હતું તે આપણે કદી ભૂલવું ન જોઈએ.

**વાડીલાલ ડગલી**

# ગુજરાતની ત્રણ તબક્કાની લોકલડત

છેલ્લા એક મહિનામાં ગુજરાતમાં જે બનાવો બન્યા તે ગાંધી-સરદારઘડ્યા ગુજરાતમાં જ બની શકે એમ જ્યારે હું કહું છું ત્યારે ગુજરાતના એક પ્રજાજન તરીકે આત્મમૌગ્ધ્યથી પીડાઈ રહ્યો છું એમ સૌ માનતા. મારી નજર સમક્ષ કેરળ, પશ્ચિમ બંગાળ, આન્ધ્ર, ઉત્તર પ્રદેશ અને વિદર્ભ પ્રદેશના દાખલા તરવરે છે. આ સર્વ સ્થળે સ્થાપિત સત્તાને વિવિધ કારણોસર પડકારવામાં આવી હતી અને વિદર્ભને બાદ કરતાં રાજબદલા પણ થયા હતા. પરંતુ ગુજરાતમાં શ્રી ચીમનભાઈ પટેલનું ૨૦૭ દિવસનું શાસન રાજકર્તા પક્ષના ધારાસભ્યોની અસાધારણ બહુમતી છતાં ઊથલી પડ્યું અને રાષ્ટ્રપતિ શાસન સ્થપાયું તેની પાછળ ગુજરાતની નિશ્ચયી, ભાવનાશીલ અને નિઃસ્પૃહી યુવાશક્તિઓ નૈતિક આવેગથી ભ્રષ્ટાચારનો ગુજરાતમાં સ્થળે સ્થળે વિરોધ કર્યો અને અધ્યાપકો તેમની પડખે આવીને ઊભા રહ્યા એ મુખ્ય કારણ પડેલું છે. શ્રીમતી ગાંધીએ ગુજરાતમાં શાન્તિ સ્થપાય તે પછી ગુજરાતનો પ્રશ્ન વિચારવાની જાહેરાત કરી હતી તે અભેરાઈ પર ચઢી ગઈ તે યુદ્ધાં વિદ્યાર્થીઓ – યુવાનો અને અધ્યાપકોએ દાખવેલી સામૂહિક શક્તિનો પ્રતાપ છે.

ભ્રષ્ટાચાર અને તેના પરિણામરૂપ માનવસર્જિત મોંઘવારીથી સમસમી રહેલી ગુજરાતની પ્રજાએ યુવાનોનું સામૂહિક અને સ્વયંભૂ નેતૃત્વ સહજ ભાવે સ્વીકારીને ભ્રષ્ટાચાર સામેની લડતમાં ઊલટભર્યો સહકાર આપ્યો એ રાજકર્તાઓની આંખ ઉઘાડનારી ઘટના છે. રાજ્યની દંડશક્તિએ છેલ્લી હદે પહોંચીને લોકો ઉપર સ્થળે સ્થળે પારવિનાના અત્યાચારો ગુજાર્યા, અનેક સ્થળે કરફ્યૂ નાખ્યા અને અમદાવાદ લશ્કરને સોંપ્યું છતાં પ્રજાએ નમતું નહીં જોખીને રાજ્ય કરતાં પ્રજા વધારે જોરાવર છે એ સિદ્ધાન્તનો વિજય પ્રવર્તાવ્યો અને ચીમનભાઈ પ્રધાનમંડળ પાસે રાજીનામું આપાવી રાષ્ટ્રપતિ શાસન મેળવ્યું એ સ્વતંત્ર ભારતની લોકશાહીના ઈતિહાસની અભૂતપૂર્વ ઘટના છે, એટલું જ નહીં, ભારતનાં બીજાં રાજ્યો અને ખુદ કેન્દ્રીય શાસન માટે ચેતવણીરૂપ છે. લોકલડતનો અને વિજયનો પહેલો તબક્કો અહીં પૂરો થાય છે.

લડતનો બીજો તબક્કો તે આટલા બધા ભ્રષ્ટાચારના મૂક સાક્ષી બની રહેલા અથવા તેનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ ઉઠાવનારા ધારાસભ્યોની બનેલી વિધાનસભા વિસર્જિત થાય અને નવી ચૂંટણીઓ દ્વારા શુદ્ધ, સ્થિર અને કાર્યક્ષમ શાસન પૂરું પાડી શકે એવી નવી વિધાનસભાની રચના થાય એ છે. પોતાના પક્ષનું વિસર્જન થવાની બીકે, તેમ જ આગામી રાજ્યસભાની અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતો ગુમાવવાની બીકે કેન્દ્રીય શાસન સહેજે વિધાનસભાનું વિસર્જન કરવાનું નહીં સ્વીકારે એટલે ઘરઆંગણે ધારાસભ્યોને નમ્રભાવે અને સરળપણે પ્રજાનો ચુકાદો માથે ચડાવી લેવા સમજાવવા પડશે. ધારાસભ્યો સાચા પ્રજાપ્રતિનિધિઓનું સ્વરૂપ દાખવીને પ્રજાની ઈચ્છાને વશ વર્તશે તો કેન્દ્રનો વિધાનસભા બરખાસ્ત કર્યા વિના અને નવી ચૂંટણીઓ યોજ્યા વિના છૂટકો નહીં થાય. અહીં લોક-આંદોલનનો બીજો તબક્કો પૂરો થશે.

આ બીજો તબક્કો ઝાઝો કષ્ટદાયક નહીં નીવડે એવી આશા રાખીએ. છતાં નીવડશે તો પણ જો ચીમનભાઈ પ્રધાનમંડળ ઊથલાવી શકાયું તો ધારાસભાનું પણ વિસર્જન કરાવી તો શકાશે જ.

આ પછી ત્રીજો તબક્કો શરૂ થતાં લોક-આંદોલનની પોતાની કસોટી શરૂ થશે. ભ્રષ્ટાચાર જેમ રાજકારણમાં વ્યાપ્યો છે તેમ જીવનનાં અનેક ક્ષેત્રોમાં વ્યાપ્યો છે. રાજકીય ભ્રષ્ટાચારના મૂળમાં હાલની ખર્ચાળ અને લોકવિમુખ ચૂંટણી–પદ્ધતિ છે. રાતોરાત બંધારણ તો બદલાવી શકાવાનું નથી એટલે છે તે બંધારણના માળખામાં રહીને આંદોલનના સૂત્રધારોએ લોકો સમક્ષ વિશુદ્ધ જાહેર જીવનનો આદર્શ વાણી અને વ્યવહાર દ્વારા રજૂ કરવો પડશે અને સાદો, શુદ્ધ અને કાર્યક્ષમ વહીવટ પ્રગટી રહે તે માટેનો કાર્યક્રમ ઘડી કાઢવો પડશે. આ કામ પુષ્કળ ધીરજ, વિચાર અને આયોજન–શક્તિ માગી લેનારું છે. જો આ કસોટીમાંથી ગુજરાતના પ્રજાજીવનના નવનિર્માતાઓ રૂડી પેરે ઉત્તીર્ણ થશે તો લોકલડતનો ત્રીજો તબક્કો પૂરો થશે જે સમગ્ર ભારતને લોકશાહીનું લોકમાન્ય સ્વરૂપ પૂરું પાડશે. ચોથો તબક્કો કદાચ ભારતના બીજા પ્રદેશોમાં અને કેન્દ્રમાં શરૂ થશે, જેમાં ગુજરાતનો અનુભવ ખપ આવશે.

પહેલા તબક્કા દરમ્યાન પ્રજાને ઘણું સહન કરવું પડ્યું છે અને રાજ્ય અને પ્રજા ઉભય પક્ષે ઠીક ઠીક હિંસા પણ થઈ છે. અલબત્ત, રાજ્યે કરેલી હિંસાથી પ્રજામાં હિંસા ઉત્તેજિત થઈ હતી છતાં પ્રતિકારની લડત પૂર્ણપણે શાન્ત હતી એમ નહીં કહી શકાય. (શાન્ત પ્રતિકારને જુલમી અને મદાંધ શાસકો ઝટ ગાંઠતા નથી એ અનુભવ પણ પ્રજા યાદ રાખતી હોય છે.) આશા રાખીએ કે હવે બાકી રહેલા બે તબક્કામાં હિંસા, ભાંગફોડ, અવિશ્વાસ, ખેંચાખેંચી અને જૂથવાદ તરી નહીં આવે અને પ્રજાકીય આંદોલનનો નૈતિક વિજય પ્રવર્તશે.

અમદાવાદ, તા. ૧૩ ફેબ્રુઆરી, ૧૯૭૪ **યશવન્ત શુકલ**

# ગુજરાતમાં હવે શું ?

ગુજરાતમાં શ્રી ચીમનભાઈ પટેલ મુખ્ય પ્રધાનપદેથી હઠી ગયા અને ત્યાં રાષ્ટ્રપતિનું શાસન આવ્યું. રાજ્યપાલે અને તેમના મુખ્ય સલાહકારે પ્રજાને વચન આપ્યું કે અનાજનો પુરવઠો વધશે ને જળવાશે, સ્વચ્છ વહીવટ મળશે ! અને કાયદો તથા વ્યવસ્થાની યોગ્ય રીતે જાળવણી થશે...પરંતુ આટલું થવા છતાં ત્યાં હજી શાંતિ સ્થપાઈ નથી, આંદોલનો અટકયાં નથી અને હિંસાનો માર્ગ - શબ્દોમાં છોડાયો છે - વ્યવહાર તથા વર્તનમાં છોડાયો નથી. સામી બાજુએ પોલીસ પણ જે રીતે સામનો કરતી હતી તે જ રીતે હજી કરે છે.

હવે આંદોલન શાને માટે ચાલે છે એવો કોઈ પ્રશ્ન પૂછે તો તેના જવાબમાં આમ તો ઘણું બધું કહી શકાય, પરંતુ તે સર્વનો સાર, અથવા તો મુખ્ય કારણ, ૧૯૭૨ના માર્ચમાં સામાન્ય સાર્વત્રિક ચૂંટણીને પરિણામે સર્જાયેલી વિધાનસભાને વિખેરી નાખી નવી ચૂંટણી યોજવાનું છે તે હવે તદ્દન સ્પષ્ટ થઈ ગયું છે. આ કારણ સૌએ સો ટકા નહિ તો મહદ્ અંશે રાજકીય જ છે તેની કોઈથી ના પાડી શકાશે નહિ. આ કારણના સમર્થનરૂપે એમ કહી શકાય ખરું કે એ ચૂંટણીને પરિણામે કૉંગ્રેસની જે બે સરકારો રચાઈ, કૉંગ્રેસની અંદર જે રાજકીય દાવો ખેલાયા, સત્તાલાલસાનાં ત્યાં જે ભૂંડાં ને શરમજનક પ્રદર્શનો થયાં તે બધામાં વિધાનસભ્યોમાંના કેટલાક સાથીદાર બન્યા હતા, કેટલાક મૂંગા સાક્ષી બન્યા હતા, કેટલાક ભય કે લાલચથી ઘડિયાળના લોલકની પેઠે એક બાજુ કે બીજી બાજુ ડોલતા રહ્યા હતા. આ કારણે તેમને હવે પ્રજાના પ્રતિનિધિ તરીકે તે સ્થાને ચાલુ રહેવાનો અધિકાર નથી, પ્રજાનો વિશ્વાસ એમણે એમનાં કૃત્યોથી ગુમાવી દીધો છે.

ગુજરાતનાં આંદોલનો અને તોફાનોને પહેલેથી 'રોટીનાં રમખાણો' તરીકે ઓળખાવવામાં આવ્યાં છે ને તેમાં તથ્ય પણ છે જ, પરંતુ પ્રથમ પહેલા દિવસથી જ કૉંગ્રેસની અંદરનાં તેમ જ બહારનાં રાજકીય તોફાનો ને દાવપેચો પણ કામ કરી ગયાં છે—હજી પણ કરી રહ્યાં છે. ચીમનભાઈના પતનમાં આ તોફાનોનો હિસ્સો ઓછો નહિ, પણ વધારે હતો એમ પણ ઊંડું નિરીક્ષણ કરતાં લાગે છે. ચીમનભાઈની ખ્યાતિ રાજકારણના ખેલાડી અને તીવ્ર સત્તાલાલસા ધરાવતી વ્યક્તિ તરીકેની તો હતી, હજી પણ છે. ભ્રષ્ટાચારના આક્ષેપોથી પણ તેઓ ખરડાયેલા છે; જો કે હજી સુધી કોઈથી તેનું પુરવાર થયું નથી, પરંતુ શંકા દૃઢ છે ને સતત અદાલતી તપાસની માગણી પણ થયા કરે છે. આમ છતાં રાજકીય રીતે પણ એમ દેખાયું છે કે ચીમનભાઈ રાજકારણના દાવપેચમાં આ વખતે ગંભીર ગોથું ખાઈ ગયા છે. આવતી કાલનાં એંધાણોને તેઓ સમયસર પારખી શક્યા નહિ તેથી જ તેમને રાજીનામું આપવું પડ્યું એમ કહીએ તો ખોટું નથી.

રોટીનાં રમખાણો અને પ્રગટ - અપ્રગટ રાજકીય તોફાનો શરૂ થયાં ત્યારે તેઓ જો સાવધ બની ગયા હોત અને શ્રી ઝાલા પાસેથી પુરવઠા ખાતું લઈ લેવાને બદલે તેમને પડતા જ મૂક્યા હોત તો ચીમનભાઈ કદાચ બચી જાત. તેઓ એટલું પણ સમજ્યા નહિ કે લોકમાનસમાં સાચી કે ખોટી રીતે એમના વિશેની અસર ઝાલા કરતાં યે મોટા ભ્રષ્ટાચારીની હતી! ખરેખર તો એમણે એ વખતે પ્રામાણિકતાની પાકી અસર અને એ નાજુક તેમ જ ગંભીર પ્રકારનું ખાતું સંભાળવાની કુશળતા ધરાવતા કોઈ સભ્યને એ ખાતું સોંપવું જોઈતું હતું અને શ્રી ઝાલાને સંપૂર્ણ વિદાય આપવી જોઈતી હતી. આવી વિદાયની સાથે જ શ્રી ઝાલા વિશે તથા પોતાને વિશે પણ, તપાસ માટેની તત્પરતા જાહેર કરવી જોઈતી હતી. આવું કંઈ કરવાની હિંમત એમણે દાખવી હોત તો જ લોકમાનસમાં તેઓ થોડોઘણો પણ વિશ્વાસ પ્રેરી શકત ... પણ તેઓ એવું કરી શક્યા નહિ ને લોકોનો એમના વિશેનો વહેમ વધુ દૃઢ થયો.

આને પરિણામે શ્રી નરેન્દ્રસિંહ ઝાલાને ઘેરી વળેલી આપત્તિમાં શ્રી ચીમનભાઈ પણ ઘેરાયા. ચીમનભાઈ ઉપર પ્રભાવ પાડનારં ત્યાંના તંત્રમાં તો કોઈ નહોતું. એક બાજુ હતી વિવિધ રાજકીય પક્ષો સહિતની જનતા અને બીજી બાજુ હતું કૉંગ્રેસનું વરિષ્ઠ મંડળ તથા કેન્દ્રીય સરકાર. કેન્દ્રીય નેતાગીરી ત્યારે સમગ્ર વસ્તુસ્થિતિને પારખી શકી નહિ, આવતી કાલનાં એંધાણો જોવા - સમજવામાં તે તદ્દન નિષ્ફળ ગઈ. ઝાલાને બચાવવા જતાં આપત્તિનાં વાદળ જેમ ચીમનભાઈને માથે ઘેરાયાં તેમ ચીમનભાઈને જાળવવાના કેન્દ્રીય નેતાગીરીના પ્રયાસથી એ વાદળો કૉંગ્રેસ પક્ષ પર તોળાઈ રહ્યાં. કૉંગ્રેસને જ જડમૂળથી ઉખેડી નાખવાનું માનસ આ રીતે સર્જાઈ ગયું અને વિકસતું રહ્યું. આજે વિધાનસભા બરખાસ્ત કરી નવી ચૂંટણી યોજવાની માગણી જોરદાર બનવા લાગી છે તેની પાછળનાં આ કારણો છે. ચીમનભાઈના રાજીનામાના સમાચારનો આ લેખકનો પહેલો પ્રત્યાઘાત એવો હતો કે 'ગુજરાતના પ્રશ્નમાં ઘણા મોડા, છતાં સર્વનાશ પહેલાં, દિલ્હીના દેવો જાગ્યા !' તેઓ સર્વનાશથી બચી શકે છે કે નહિ તે તો હવે પછીના તેમનાં પગલાંઓથી અને પ્રજાના પ્રત્યાઘાતો પરથી જણાશે. કોઈ પણ નેતાગીરીની પહેલી કસોટી આવતી કાલનાં એંધાણોને પારખવામાં થાય છે. જે તેમાં પાર ઊતરે તે જ ટકી શકે, બીજા વહેલા કે મોડા પતનને જ પામે.

કાંગ્રેસના વરિષ્ઠ શાસકોની બાબતમાં હંમેશાં એમ જોવા મળ્યું છે કે તેઓ કોઈ પણ રોગના નિવારણ માટે શસ્ત્રક્રિયાની હિંમત ત્યારે જ દાખવે છે, જ્યારે એ રોગ એમને પણ ઘેરી લેશે એવો ભય એમનામાં પેદા થાય ! બીજી રીતે વિચારીએ તો તૂટી પડતી ઈમારતને ગમે તેવા ટેકાથી ચાલે ત્યાં સુધી તેઓ મોટું સમારકામ કે નવરચના કરવા પ્રેરાતા જ નથી. ચીમનભાઇ કેન્દ્રીય નેતાગીરીના ટેકા ઉપર જ્યારે મુસ્તાક હતા ત્યારે, આજથી વીસેક દિવસ પહેલાં, આ લેખકે લખ્યું હતું : 'અખબારોમાં સમાચારો આવે છે તે પ્રમાણે ચીમનભાઈને કેન્દ્રીય નેતાગીરીએ ટેકો આપ્યો છે. આ વાત જો સાચી હોય તો કેન્દ્રીય નેતાગીરીને ગુજરાતની તેમ ગુજરાતમાંના પોતાના પક્ષની સ્થિતિનું ભાન જ નથી એમ કહેવું જોઈએ ... અને ચીમનભાઈએ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભૂતકાળમાં માત્ર ગુજરાતમાં જ નહિ, અન્ય સ્થળે પણ કેન્દ્રીય નેતાગીરીએ આવી ખાતરી કે સલાહ આપ્યા પછી જુદું જ વર્તન દાખવ્યું છે. કેન્દ્રીય નેતાગીરીના પોતાના જ હાથ જ્યારે દાઝવા લાગે છે ત્યારે જાતને બચાવવા તે ગમે તેને હોમી દે છે !... કેન્દ્રીય નેતાગીરીનો ટેકો ભરમાવનારો છે એમ ચીમનભાઈ નહિ સમજે તો પસ્તાશે એટલું કહી દેવું જોઈએ.'

પણ ચીમનભાઈને વધુ પસ્તાવાના દિવસો તો હવે આવવાના હોય એમ લાગે છે. એમણે મુખ્ય પ્રધાનપદનું રાજીનામું આપ્યું છે, કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાપદનું નહિ ! મૂર્ખ કે ભોળા લોકોથી પણ સમજાય એવું છે કે આ ચાલ ફરીને મંચ ઉપર કૂદી આવવાની છે ! પક્ષમાં તેઓ બહુમતી ધરાવે છે એવો એમનો દાવો સંગીન હતો કે પોકળ હતો તે વિશે મતભેદ હોઈ શકે, પરંતુ સત્તાસ્થાનેથી અનિચ્છાએ જેમને હઠવું પડ્યું છે તેમને પડખે હવે કોણ ઊભું રહેશે તેનો વિચાર એમણે કર્યો જણાતો નથી. ખરેખર તો એમને માટે હવે પછીની ઉગ્ર કસોટી પક્ષની નેતાગીરીની સ્પર્ધાની નથી, પરંતુ ભ્રષ્ટાચાર અને અત્યાચારની તપાસમાંથી પાર ઊતરવાની છે ! વિરોધ પક્ષો અને બીજાં સંગઠનોનું લક્ષ આજે વિધાન-

સભાને બરખાસ્ત કરી નવી ચૂંટણી માટેની જાહેરાત ઉપર કેન્દ્રિત થયું છે અને તે માટે તેઓ વિવિધ પ્રકારે આંદોલન પણ ચાલુ રાખવા માગે છે, પરંતુ ગુજરાતના કૉંગ્રેસ પક્ષનું ધ્યાન ચીમનભાઈ પર રહેશે એમ લાગે છે. કેટલાક હવે એમ પણ કહેશે કે લોકલાગણીમાં પરિવર્તન આણવા માટે પણ ભ્રષ્ટાચાર અને અત્યાચારની અદાલતી તપાસ હવે જરૂરી છે!

વિધાનસભા વિખેરી નાખી નવી ચૂંટણી યોજવાની માગણી સંબંધમાં શાંત ચિત્તે અને વ્યાપક દૃષ્ટિએ વિચારવાની જરૂર છે. મને તો એમ લાગે છે કે આ માગણી સર્વથા, અને ગુજરાતના સંયોગોમાં તો ખાસ, અયોગ્ય જ છે. જો આ માગણી સ્વીકારાય તો તેનાં દૂરગામી અનિષ્ટ અસર પહોંચાડનારાં પરિણામો આવે. લોકશાહીમાં આંદોલનનો અધિકાર છે, ગંભીર પ્રશ્નમાં અનિવાર્ય જણાય તો સત્યાગ્રહનો માર્ગ પણ લઈ શકાય. આંદોલન અને સત્યાગ્રહ ચોક્કસ અને મર્યાદિત મુદ્દા પર હોઈ શકે, સમગ્ર રચના તોડી પાડવા માટે નહિ. ભ્રષ્ટાચાર અને અત્યાચારની તપાસની માગણી, વધુ અનાજ અને વિતરણ વ્યવસ્થાના સુધારાની માગણી વગેરે સમજી શકાય, પરંતુ વિધાનસભા વિખેરી નાખવાની માગણીમાં તો આજે ગંભીર જોખમો રહેલાં છે, કારણ કે તે પછી તો ચૂંટણીઓનો કોઈ અર્થ જ રહેતો નથી. ગુજરાતની વર્તમાન પરિસ્થિતિને જોતાં આજે કે અમુક મહિનાઓ પછી ચૂંટણી થાય તો તે મુક્ત ને શાંત રહેવાનો સંભવ જ નથી. આંદોલનોમાં પ્રવેશેલી હિંસા ચૂંટણીમાં પરાકાષ્ઠાએ પહોંચવાની છે. વિધાનસભ્યોનાં રાજીનામાં માટે જો હિંસા આચરવામાં આવે છે તો ઉમેદવારોને બેસાડી દેવા - ખસી જવા માટે એવું નહિ થાય એમ કોણ કહી શકે એમ છે? પોતાની વિરુદ્ધ જાય એવા મતદારો, મતદાનમથકો, મતપેટીઓ વગેરેનું શું થાય?

– પણ એ કરતાં યે અગત્યનો મુદ્દો તો એ છે કે હિંસાત્મક કે અહિંસાત્મક આંદોલન દ્વારા ચૂંટણીનાં પરિણામોને જ અર્થહીન બનાવી દેવામાં આવે તો કઈ ચૂંટણી પર વિશ્વાસ રાખી શકાય અને કઈ વિધાનસભા સ્થિરતાનો અનુભવ કરી શકે? પક્ષો ને ઉમેદવારો ચૂંટણીમાં હાર્યા હોય તેઓ કોઈ પણ નિમિત્ત લઈ આંદોલનનો માર્ગ અપનાવી વિધાનસભા વિખેરી નાખવાની ફરજ પાડી શકે તો લોકશાહીના કેન્દ્રમાં રહેલી માત્ર ચૂંટણીઓનો જ નહિ, વિધાનસભાઓનો જ નહિ, પણ લોકશાહીનો જ મૃત્યુઘંટ વાગી જાય. ગુજરાતના સંદર્ભમાં એ ધ્યાનમાં રાખવાનું છે કે આજના આંદોલન માટેની ભૂમિકા તો ત્યાં ઘણા સમયથી રચાવા માંડી હતી. નર્મદા–યોજનાના ચુકાદા માટે પણ જાણે રાહ જોવાતી હતી! મોંઘવારી અને અછતનું કારણ સાચું, વધુ પડતા અને કયારેક અકારણ પોલીસ–દમન સામેની ફરિયાદ પણ સાચી, પરંતુ એ કારણના નિવારણ પછી પણ જો કયાંય શાંતિ ન થાય – ન થવા દેવામાં આવે તો શું સમજવું?

અત્યારના સંયોગો જોતાં અને ગુજરાતની સમસ્યાઓનો સમગ્ર દૃષ્ટિએ વિચાર કરતાં એમ લાગે છે કે –

(૧) રાષ્ટ્રપતિનું જે શાસન આવ્યું છે અને રાજ્યપાલે વધુ અનાજ અને સ્વચ્છ વહીવટની જે ખાતરી ઉચ્ચારી છે, તેને કસોટીએ ચડાવવા માટે થોડા મહિનાનો સમય આપવો જોઈએ. આ પરિવર્તનને લક્ષમાં લઈ આંદોલનો બંધ કરવાં જોઈએ. શાંત આંદોલનો ચલાવવાનો અધિકાર એથી ખૂંચવાઈ જવાનો નથી.

(૨) કેન્દ્ર સરકાર ઘણી મોડી જાગી છે, તેમાં શંકા નથી. રાષ્ટ્રપતિનું શાસન અત્યારે અનિવાર્ય બની ગયું, પરંતુ સૌના સ્મરણમાં એ રહેવું જોઈએ કે પ્રજાકીય તોફાનો ટોચે પહોંચ્યાં નહોતાં અને ચીમનભાઈનું પ્રધાનમંડળ પણ અખંડ હતું તે વખતે જ પક્ષના ગણનાપાત્ર સભ્યોએ થોડા સમય માટે રાષ્ટ્રપતિના શાસનની માગણી કરી હતી. આ માગણી તે વખતે સ્વીકારાઈ હોત તો પરિસ્થિતિએ કદાચ જુદો જ વળાંક લીધો હોત. એ વેળાએ જે અભ્યાસ અને તોલન કરવું જરૂરી હતું તે વરિષ્ઠ મંડળે હવે કરવું જોઈએ. કાયદો અને વ્યવસ્થા જાળવવાના કામની સાથે આ કામ થતું રહેવું જોઈએ.

(૩) ગુજરાતમાં તોફાનો માટે મૂળભૂત કારણ અનાજની અછત અને ભયંકર મોંઘવારીનું હતું. હજાર વચનો અપાય તો પણ પ્રજાને સંતોષ થવાનો નથી. તેમને તો વાસ્તવિક રીતે જીવનની જરૂરિયાતો સરળતાથી અને યોગ્ય ભાવે મળે તેવો પ્રબંધ વહેલામાં વહેલી તકે થવો જોઈએ.

(૪) તોફાનો દરમ્યાન સરકાર પક્ષે જે પગલાંઓ લેવાયાં અને પોલીસ તરફથી જે દમન થયું તેની તપાસની તત્પરતા આજ ને આજ જાહેર કરી દેવી જોઈએ. આ તોફાનો દરમ્યાન અને તે પહેલાં ભ્રષ્ટાચારના જે ગંભીર આક્ષેપો થયા છે અને એ આક્ષેપોએ પ્રજાના દિલમાં શાસકો પ્રત્યે તિરસ્કારની જે લાગણી ફેલાવી છે તે દૂર કરવાનું અત્યંત જરૂરી છે. આ માટેનું પહેલું પગલું ભ્રષ્ટાચારની વ્યાપક અદાલતી તથા ખુલ્લી તપાસનું જ હોઈ શકે. રાષ્ટ્રપતિના શાસન દરમ્યાન જ તે કામ પાર પાડી દેવું જોઈએ. આમાં વિલંબ થશે તો આંદોલનને ઉત્તેજન મળશે.

(૫) વિધાનસભાનું વિસર્જન, નવી ચૂંટણી દ્વારા લોકમત માટે માગવામાં આવે છે તે સમજી શકાય એવું છે, પરંતુ લોકમત નિરંતર ફરતો રહે છે તે લક્ષમાં રાખવું જોઈએ. લોકશાહીમાં સત્તાધારી પક્ષને આબાધારી અને મધ્યાવધિ ચૂંટણી યોજવાનો અધિકાર સર્વત્ર સ્વીકારાયેલો છે. વિરોધ પક્ષો જાતે જ લોકમત ચકાસવા ઈચ્છે તો પોતાના સભ્યોને રાજીનામાં અપાવીને તેઓ પેટા-ચૂંટણીઓ માટે ફરજ પાડી શકે છે. એ રીતે લોકમતનો અંદાજ મળી આવશે, પરંતુ કોઈ પણ આંદોલનના અનુસંધાનમાં નવી ચૂંટણીની માગણી થયા કરે અને એવી ચૂંટણી જો યોજાતી રહે તો શાસકોએ અને લોકોએ ચૂંટણી કરવા સિવાય કશું કામ કરવાનું રહે નહિ!

(૬) રાજકીય પક્ષો અને બીજાં સંગઠનોએ અત્યારે તો તેમના આંદોલનમાંથી હિંસાનું તત્ત્વ ગાળી નાખવા પર અને તેમની માગણીઓ લોકશાહીને અનુરૂપ રહે તેના પર જ ધ્યાન આપવું જોઈએ. અનેક અનિષ્ટો સર્જાવી શકે એવી આજની પરિસ્થિતિનો આ સિવાય ઉકેલ દેખાતો નથી.

તા. ૧૨-૨-'૭૪ મોહનલાલ મહેતા – સોપાન

# વિધાનસભા-વિસર્જનનો પ્રશ્ન

ઉપરનો લેખ લખ્યા પછી વિધાનસભા વિસર્જન, અને જો તેમ થાય તો આગામી ચૂંટણી કેવી હોય - હોવી જોઈએ તે વિષેની કલ્પના અંગે કેટલાંક વલણો અને વિચારો વધુ સ્પષ્ટ થયાં છે. ગુજરાતનાં આંદોલનોમાં પાછળથી દાખલ થઈ અગ્રદૂત બનેલી 'નવનિર્માણ સમિતિ' વિધાનસભાના વિસર્જન અંગે શું શું કરી રહી છે અને શું શું કરવા માગે છે તેની સ્પષ્ટતા પણ છેલ્લા ત્રણ દિવસોમાં વાંચવા મળી છે. અહિંસક, પરંતુ વધુ વ્યાપક અને ગંભીર પ્રકારનાં આંદોલનની જાહેરાત કરીને સંસ્થા કૉંગ્રેસે, વિધાનસભામાં પોતાના જે ૧૬ સભ્યો છે તેમનાં રાજીનામાં જાહેર કર્યાં છે. શ્રી જયપ્રકાશજી પણ પોતાનાં મંતવ્યોમાં વધુ પ્રમાણમાં સ્પષ્ટ થવા લાગ્યા છે ને પૂજ્ય રવિશંકર મહારાજે પણ સમગ્ર પરિસ્થિતિ અંગે એક ગંભીર પ્રકારનું મહત્ત્વનું નિવેદન પ્રગટ કરી વિધાનસભાના વિસર્જનની માગણી કરી છે ને તમામ વિધાનસભ્યોને રાજીનામાં આપવા અનુરોધ કર્યો છે.

વિચાર અને વલણને ક્ષેત્રે જ્યારે આ બધું બન્યું છે ત્યારે આચારને ક્ષેત્રે આંદોલનકારો જીભ ઉપર 'શાંત' અને 'અહિંસક' શબ્દો રાખીને એવા માર્ગો લઈ રહ્યા છે કે જેમાંથી વ્યાપક હિંસા અને પ્રતિહિંસા જ પેદા થાય. આ લખાય છે તે વખતે કૉંગ્રેસના ૧૧ જેટલા વિધાનસભ્યોનાં રાજીનામાંઓ બહાર આવ્યાં છે. લગભગ બધાં જ રાજીનામાં હિંસક દબાણની નીચે લખાયેલાં છે. દરેકે દરેક સભ્યની સામે આંદોલનનો માર્ગ લેવાયો છે. અમુક સ્થળે તેમની અને તેમના ઘરબારની સલામતી જોખમમાં મૂકવામાં આવી હતી.

કેટલાક કિસ્સાઓમાં પોલીસે તે સામે પગલાં લીધાં હતાં. આ આંદોલન કેવી રીતે વિકસશે તેનો અંદાજ આટલા પરથી આવી જવો જોઈએ, પરંતુ આ લખાય છે ત્યાં સુધીમાં આંદોલનને ટેકો આપનારા અને અથવા વિધાનસભાનું વિસર્જન માગનારા કોઈએ આંદોલનકારોને દબાણ અને હિંસાને માર્ગેથી પાછા વળવાનો સક્રિય પ્રયાસ કર્યાનું જાણવા મળતું નથી. આંદોલન શરૂ થયું ત્યારથી વિદ્યાર્થીઓને, શિક્ષકોને તેમ જ અન્ય વર્ગના લોકોને શાંતિ અને અહિંસાની મૌખિક અપીલ ઘણાએ કરી છે, પરંતુ કોઈ વચ્ચે જઈને ઊભું રહ્યું નથી, તેમ કોઈએ એવી ગંભીર ચેતવણી પણ ઉચ્ચારી નથી કે આ પ્રકારે હિંસક અને ભયજનક વાતાવરણ સર્જવામાં આવશે તો તેઓ આ આંદોલનને કોઈ પ્રકારનો ટેકો આપશે નહિ. ગુજરાતના આંદોલન સાથે વિવિધ રીતે સંકળાયેલાઓની આ કરુણતા છે એટલું ઓછામાં ઓછું કહેતું જોઈએ. શાંતિ અને અહિંસાના માત્ર પોપટપાઠથી શું વળવાનું છે?

હવે ધમકીઓના થોડાક નમૂનાઓ જોઈએ. જો વિધાનસભાનું વિસર્જન કરવામાં નહિ આવે અને કૉંગ્રેસી વિધાનસભ્યો સામે ચાલી રાજીનામું નહિ આપે તો–

(૧) શાળાઓ અને કોલેજો અચોક્કસ મુદત સુધી બંધ રહેશે. વિધાનસભ્યોના મતવિસ્તારમાં જે વિદ્યાર્થી ભાઈ-બહેનો રહેતાં હશે તેઓ સભ્યો પાસે રાજીનામાં માગશે અને તેમને કહેશે કે તેઓ રાજીનામાં નહિ આપે તો સમિતિએ જલદ કાર્યક્રમ આપવો પડશે!

(૨) કૉંગ્રેસી વિધાનસભ્યોને દેખતાની સાથે ઘેરો ઘાલવામાં આવશે અને તેમના સામાજિક બહિષ્કારનો કાર્યક્રમ તત્કાળ હાથ ધરવામાં આવશે. ભૂતપૂર્વ પ્રધાન અને અસંતુષ્ટ ગણાતા જૂથના એક આગેવાન સનત મહેતાને એવી ચેતવણી આપવામાં આવી છે કે તેઓ રાજીનામું નહિ આપે તો તેમને વડોદરામાં પેસવા દેવામાં આવશે નહિ!

(૩) રાજીનામું ન આપે એવા વિધાનસભ્યોનાં પાણી, વીજળી, ટેલિફોનનાં જોડાણો કાપી નાખવાં અને તેમને દૂધ વગેરે મળે નહિ તેવો બંદોબસ્ત કરવો! પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ ઝીણાભાઈ દરજીને તેમના હોદ્દાનું રાજીનામું આપી રાજકારણમાંથી નિવૃત્ત થવાની નોટિસ અપાઈ છે!

તા. ૧૪ મીએ અમદાવાદ, વલસાડ અને ધ્રાંગધ્રામાં પથ્થરમારો થતાં પોલીસે ગોળીબાર કર્યો. કયાંક દુકાનો લૂંટાઈ છે. આ કાર્યક્રમ ચાલુ રહ્યો છે! આ બધું એમ દર્શાવે છે કે આંદોલનને શાંત અને અહિંસક રાખવાનું લગભગ અશક્ય છે. ખરેખર તો તે વિષે કેવળ નિવેદન જ થાય છે, કોઈ તે વિશે ગંભીર પ્રયત્ન કરતું નથી. વિધાનસભાનું વિસર્જન થવું જોઈએ કે નહિ તે અંગે વિચારભેદ – મતભેદ હોઈ શકે, પરંતુ વિધાનસભ્યો સામેની વિવિધ પ્રકારે દબાણ લાવવાની પદ્ધતિનો સૌ કોઈએ વિરોધ જ કરવો જોઈએ તે વિષે દુભાગ્યે જ કશો વિચારભેદ-મતભેદ હોઈ શકે. આ પરિસ્થિતિ સુધારવાનું કાર્ય આંદોલનકારોએ તેમ જ આંદોલનના સમર્થકોએ કરવું ઘટે છે.

ઉપરોક્ત લેખમાં શાંત અને મુક્ત ચૂંટણી થવા વિષે જે શંકા દર્શાવાઈ છે તેનું સમર્થન છેલ્લા ત્રણ–ચાર દિવસના અનેક બનાવોમાંથી મળી રહે છે. લોકમત જાણવા વિશે ઉપરના લેખમાં એમ જણાવવામાં આવ્યું છે કે વિરોધ પક્ષના સભ્યો રાજીનામાં આપી પેટા-ચૂંટણીઓ દ્વારા તે જાણી શકે. આ સંબંધમાં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે વિધાનસભા જ્યાં સુધી સ્થગિત હોય ત્યાં સુધી પેટા-ચૂંટણીઓ પણ બંધ જ રહે. એટલે આવો પડકાર તો વિધાનસભા સજીવન થાય ત્યારે જ થઈ શકવાનો છે, પરંતુ જો શાંતિ સ્થપાય અને રાજ્યવ્યાપી પંચાયતોની ચૂંટણીઓ પાછી ઠેલવામાં ન આવે તો તે દ્વારા પણ લોકમતનું પ્રદર્શન થઈ શકે. અત્યારના ઉશ્કેરાટભર્યા વાતાવરણમાં લોકમતની અભિવ્યક્તિ માગવાનું લોકશાહી પ્રણાલિકા સાથે ભાગ્યે જ સુસંગત ગણી શકાય.

શ્રી જયપ્રકાશજીના ઉદ્‌ગારો અને પૂ. મહારાજના નિવેદન વિષે હવે સંક્ષેપમાં વિચારીએ.

જયપ્રકાશજી ગુજરાતમાં આવ્યા ત્યારથી માંડીને આ લખાય છે ત્યાં સુધીનાં એમનાં નિવેદનો અને પ્રવચનો વાંચતાં એક છાપ ઊઠે છે કે તેઓ વિધાનસભાના વિસર્જન તેમ જ નવી ચૂંટણી અંગે ધીમે ધીમે ઉગ્ર થતા ગયા છે. આરંભમાં તેઓ પોતાની મૂંઝવણને અભિવ્યક્ત આપતા હોય અથવા પ્રગટ ચિંતન કરતા હોય એવું દેખાતું હતું. નવી ચૂંટણી અંગે તો તેઓ વધુ મૂંઝાયેલા હતા. અખબારી અહેવાલો પ્રમાણે એમણે શરૂઆતમાં કહ્યું હતું કે આ વાતાવરણમાં ચૂંટણી થાય તો 'કૉંગ્રેસને ઓછી બેઠકો મળે અને સંસ્થા કૉંગ્રેસ તથા જનસંઘને વધુ મળે. આવું થાય તો તે પ્રગતિ નહિ, પણ પીછેહઠ ગણાય.' પછી કહેલું 'આવા પક્ષો વિજયી બને તો આ આંદોલનનો કોઈ અર્થ નથી.' એમના મત પ્રમાણે આ પક્ષોમાં પણ ભ્રષ્ટાચારીઓ છે, તેઓ સત્તા ઉપર આવવાથી મોંઘવારી ઘટવાની ખાતરી નથી. વિદ્યાર્થીઓને કૉલેજો છોડવાની બાબતમાં પણ તેઓ ધીમે ધીમે દૃઢ થતા ગયા છે. આંદોલન અંગે પણ શરૂઆતમાં એમને એમ લાગતું હતું કે આંદોલન લાંબો સમય ચલાવી શકાશે નહિ તેમ તેનું ક્રાંતિકારી તત્ત્વ જાળવી શકાશે નહિ. ગુજરાતમાં આવતાં જ એમણે કહ્યું હતું કે પરિસ્થિતિ સમજવા માટે ત્રણેક અઠવાડિયાંનો સમય જોઈએ, પરંતુ પોતાની પાસે માત્ર ત્રણ-ચાર દિવસ જ છે!

એ પછી એમણે નવી ચૂંટણી અંગે પોતાના જે વિચારો રજૂ કર્યા તે આકર્ષક છે, પરંતુ વ્યવહારુ નથી. આજના સંયોગોમાં સ્વપ્નવિહાર જેવા પણ લાગે છે. ચૂંટણી માટે ઉમેદવાર કેમ પસંદ થાય, ચૂંટાયા પછી તેના પર પ્રજાનો અંકુશ કેમ રખાય, ઉમેદવારો નવાં મૂલ્યોને કેમ સ્વીકારે અને કેમ અમલમાં મૂકે તે વિષે તેઓ સ્પષ્ટ થઈ શકયા નથી. શાંતિથી વિચારતાં એમની આ મૂંઝવણ સમજાઈ જાય એવી છે. 'નવાં મૂલ્યો' એટલે ખરેખર શું એ પણ એમના ઉદ્‌ગાર પરથી સમજાય એવું નથી. વિદ્યાર્થીઓની નવજાગૃતિ અને આંદોલન તરફનું જયપ્રકાશજીનું આકર્ષણ વિદ્યાર્થીઓને કે પ્રજાને બહુ આગળ લઈ જાય એવું દેખાતું નથી. વિધાનસભાના વિસર્જનની માગણીનું તેમ જ તે માટેના આંદોલનનું એમણે સમર્થન કર્યું છે, પરંતુ બધી જ વખતે એમ કહ્યું છે કે આ માટે દબાણની પદ્ધતિ અપનાવી શકાય નહિ. અફસોસ થાય એવું એ છે કે આવી દબાણની પદ્ધતિ એમની અને સૌની નજર સામે સતત ચાલી જ રહી છે.!

જયપ્રકાશજીએ ભ્રષ્ટાચાર અને પોલીસદમનના અત્યાચારની તપાસ માટે જે કહ્યું છે તે સૌ કોઈને અનિવાર્ય લાગશે. એ થવું જ જોઈએ. આ આંદોલનની એ ફલશ્રુતિ રોળાઈ ન જાય તેનું ધ્યાન રહેવું જોઈએ.

પૂ. રવિશંકર મહારાજ ભારતની મૂંગી જનતાની લાગણી અને માગણીને સહજ રીતે વાચા આપનારા છે. એમણે પણ દરેક વખતે શાંતિની વાત કરી છે, પરંતુ કોણ જાણે કેમ તે લક્ષમાં લેવામાં આવતી જ નથી. પહેલા જ નિવેદનમાં એમણે કહેલું: 'છેલ્લા થોડા દિવસથી જે લૂંટફાટ, ભાંગફોડ અને મિલકતો બાળવાના પ્રસંગો બન્યા છે તેથી હું ખૂબ વ્યથિત થયો છું... ગુજરાતની પ્રજાને હું દર્દભરી અપીલ કરું છું કે આપણે ગાંધીજીનું નામ ન લજવીએ.' એમની આ અપીલ આંદોલનકારો હજી પણ ધ્યાનમાં લે તો આંદોલન સાચી દિશાએ વળે અને તેમાંથી કંઈ શુભ પરિણામ નીપજી આવે.

વિધાનસભાના વિસર્જનની બાબતમાં તેઓ પણ ધીમે ધીમે દૃઢ થયા હોવાની છાપ પડે છે. શ્રી કૃષ્ણચંદ્ર પંત સાથે એમણે વડા પ્રધાન ઈંદિરાજીને જે પત્ર મોકલ્યો હતો તેમાં અંત ભાગે તેમણે આ પ્રકારે સૂચવ્યું હતું: 'મને પૂછો તો હું સૂચવું છું કે (૧) ગુજરાતને પૂરતા પ્રમાણમાં અનાજ મોકલવાનો પ્રબંધ કરવો, (૨) ન્યાયી તપાસપંચની નિમણૂક કરવી, (૩) રાષ્ટ્રપતિનું શાસન.' અલબત્ત, વિધાનસભાના વિસર્જનની માગણી બાબતમાં તેઓ છેલ્લે તદ્દન સ્પષ્ટ થયેલા છે. એમને એમ લાગ્યું છે કે આજની પરિસ્થિતિનો ઉકેલ 'નવાં મૂલ્યોવાળી સરકાર' સત્તા પર આવ્યા સિવાય થવાનો નથી. એમની આ માન્યતામાં લોકહૃદય બોલી રહ્યું છે એમ જરૂર કહી શકાય. વિધાનસભાના વિસર્જન વિના કોઇ પ્રકારે ચૂંટણી થઇ શકે નહિ અને 'નવાં મૂલ્યો' ધરાવતી સરકાર સત્તા પર આવી શકે નહિ તે સાચું છે, પરંતુ પ્રજાની ખરી મૂંઝવણ તો એ છે કે આવું થાય શી રીતે? નવાં મૂલ્યોવાળી સરકાર લાવવી ક્યાંથી? પૂ. મહારાજ આ બાબતમાં જયપ્રકાશજીથી વધુ સ્પષ્ટ હોય એમ જણાતું નથી.

વિધાનસભાનું વિસર્જન થાય તો આજના બંધારણ પ્રમાણે જ નવી ચૂંટણી યોજી શકાય અને તેમાં બધા રાજકીય પક્ષો અને સંખ્યાબંધ અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઊતરે એ આજની નક્કર વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતા પ્રત્યે દુર્લક્ષ કરવાનો કશો અર્થ જ નથી.

વિધાનસભાના વિસર્જનની માગણી કરનાર સૌ કોઈએ સંભવિત પરિસ્થિતિનો વિચાર કરી જ લેવો જોઈએ. આવો વિચાર કરવા જતાં ઘણાને એવી ખાતરી થશે કે આ માગણી વર્તમાન પરિસ્થિતિ પ્રત્યેના રોષમાંથી અને હતાશામાંથી પ્રગટેલી છે. નવી કોઈ રચના કે વ્યવસ્થા વિના વિધાનસભાનું માળખું હચમચાવી નાખવામાં આવે તો ઈષ્ટને બદલે અનિષ્ટ જ સર્જાવાનો ભય છે. એ પછી તો કોઈ સ્થળે સ્થિરતા જેવું રહે જ નહિ. અત્યારે ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા વગેરમાં ચૂંટણી થાય છે. એ ચૂંટણીનાં પરિણામો પછી, કોઈ પણ કારણે તેના વિસર્જનની માગણી થાય તો શું થાય? તામિલનાડુમાં એવી માગણી ઘણા સમયથી થયા જ કરે છે. વિરોધ પક્ષોનું માનસ જો ધ્યાનમાં લઈએ તો તે કોઈ એકાદ-બે રાજ્યની જ નહિ, પરંતુ કેન્દ્રની પણ તેઓ પુનર્રચના માગે છે અને તે માટે સંસદ વિખેરી નાખી નવી ચૂંટણી યોજાય એમ ઈચ્છે છે! ગુજરાતમાં આ માગણી સ્વીકારાય તો અસ્થિરતાની આંધી આખા દેશમાં વ્યાપી જાય એ વિષે કોઈ શંકા છે ખરી?

**તા. ક.: પૂજ્ય રવિશંકર મહારાજ અને ગુજરાતનો પ્રવાસ પૂરો કરી ઊપડી ગયેલા જયપ્રકાશજીએ, વિધાનસભ્યોને ધાકધમકી આપી તેમનાં રાજીનામાં મેળવવાની પદ્ધતિને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. જયપ્રકાશજીએ એમ કહ્યું છે કે આમ કરનારાઓ લોકશાહીના તેમ જ સ્વચ્છ અને પ્રામાણિક સરકાર માટેના આ આંદોલનના દુશ્મનો છે.**

**આ શબ્દોની આંદોલનકારો પર અસર થાય એમ ઈચ્છીએ.**

**—મોહનલાલ મહેતા—સોપાન**

## અંદાજપત્ર વિશે વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪.) સોમવાર, તા. ૪-૩-'૭૪ ના રોજ સાંજના ૬-૦૦ વાગ્યે 'અંદાજપત્ર' એ વિષય ઉપર પ્રા. ડી. ટી. લાકડાવાળાનું વ્યાખ્યાન રાખવામાં આવેલ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# કોના બાપનો આ દેશ?

ગુજરાતનાં સંખ્યાબંધ શહેરોમાં હમણાં રોટી – રમખાણો થયાં. પરિણામે કોને રોટી મળી? કોના મોંમાંથી ટુકડો છીનવાઈ ગયો? કોની આબરૂ ઉઘાડી પડી? કોણે કોણે પરાઈ આગમાં ટાઢ ઉડાડી? આવો, આપણે સરવૈયું કાઢીએ.

કોઈ ગાંડોઘેલો ધણી કમાઈને ન લાવે, એટલે તેની કુશળ ધણિયાણી ઘરનાં સાબૂત માટલાં ફોડી નાખે છે? તેનાં બાળકો ઘરનો ખૂણો બાળીને બાપ સામે વિરોધ નોંધાવે છે? તો પછી આખા દેશની બાબતમાં આપણે એવું ગાંડપણ શા માટે આચરીએ છીએ? આપણા વહાલસોયા બેટડાઓ બસો બાળે છે તે કોના બાપની છે? પોલીસચોકીઓ, પોલીસવાન, પોસ્ટ ઓફિસો, રેલવેના પાટા, દૂધની કેબિનો અને આ તમામ જાહેર મિલકતો કોના પરસેવે બંધાઈ છે? મહામૂલી આઝાદી હાંસલ કરવા સો સો વર્ષ સુધી જુદ્ધ ખેડ્યાં, ને મેળવ્યા પછી સત્યાવીસ વર્ષે પણ આ મહાન દેશની જનતા ઓટલું ય ન સમજી કે એ પોતે આ દેશની માલિક છે? જે અયોગ્ય માણસોને ગાદીઓથી ઉઠાડવા જનતા પોતાની સંપત્તિનો નાશ કરે છે, એ લોકો તો જનતા-સરકારના કારીન્દાઓ છે, મુનીમો છે, કામદારો છે. તેઓને તો ઘડીના છઠ્ઠા ભાગમાં જનતા કાન પકડીને કાઢી મૂકી શકે છે. એવા લોકો સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે આપણે આપણાં ગરીબીનાં હાંલ્લાં ફોડી નાખવાં?

ધીખતી ધરાની નીતિ કોણ અપનાવે? દુશ્મન જ્યારે હારતો હોય, ધરતી છોડી ભાગતો હોય ત્યારે સર્વનાશ કરીને જાય. આપણે શું આપણી માલોમના દુશ્મન છીએ? આ દેશ છોડીને ભાગી જવાના છીએ? તો પછી શા માટે આપણી જાહેર સંપત્તિનો નાશ કરી રહ્યા છીએ?

બ્રિટિશરોને ભગાડવા ગાંધીજીએ આ દેશને તોડફોડ કરવાનું કેમ ન શીખવ્યું? કારણ, આ દેશ બ્રિટિશરોના બાપનો ન હતો. એ જ રીતે આજે પણ આ દેશ વર્તમાન સત્તાધારીઓના બાપનો નથી. જે શસ્ત્ર વડે ગાંધીએ દુનિયાના મદાંધ સત્તાધારીના બિસ્તરા-પોટલાં બંધાવી દીધાં, એ શસ્ત્રે આપણે બધાં મળીને આ વામણાંઓ (જે સસ્તામાં ખરીદાય – વેચાય છે) ને નહીં ભગાડી શકીએ? આજે ગાંધીજી હોત તો તે આ નીંભર સરકારની સાન ઠેકાણે લાવવામાં જનતાને મોખરે હોત.

પણ સરકારમાં બેઠેલા બધા આવ્યા કયાંથી? ચોકલી સરકારનો દોષ શા માટે કાઢીએ? નોકરશાહીની નાગચૂડ કયાં હળવી છે? લાંચિયા, કાળા બજારિયા, ભેળસેળિયા, અસામાજિક તત્ત્વો–શું આ બધાં આપણાં (જનતા જનાર્દનનાં) અંગો નથી? આપણે આળસુ છીએ, હડતાળો પાડીને ઉત્પાદન ઘટાડીએ છીએ, દાણચોરીને પ્રોત્સાહન આપીએ છીએ, સંગ્રહખોરી કરીને ભાવ વધારવામાં મદદ કરીએ છીએ – અને છેવટે બધા જ દોષનો ટોપલો સરકાર પર ઢોળીએ છીએ!

છેવટે અકળાઈને રાજનૈતિક પક્ષોનાં મહોરાં બની આપણે 'બંધ' ઊજવીએ છીએ. વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ આજ સુધીમાં યોગ્ય દિશામાં વાળી શકાય નથી, એટલે તોડફોડમાં સહેલાઈથી વાળીએ છીએ. મેં વડોદરામાં ગોદામો અને દુકાનો લૂંટાતી નજરે જોઈ છે. એ લૂંટનારા ધંધાદારી લૂંટારા હતા. તેઓ કદી ગરીબ હતા નહીં અને રહેવાના નથી. તેમાંથી એકકેય ઈમાનદાર માણસે અનાજની મુઠ્ઠી પણ ભરી નથી. લૂંટનારા લૂંટી ગયા પછી જેનારા બાઘાઓ, ભોળા–ભલા યુવાનો ગેબીનાં નિશાન બન્યા. તેથી કયા ગરીબનું પેટ ભરાયું? પોલીસ પણ શું કરે? તોડફોડ કરવા તત્પર એવાં ટોળાં પર ફૂલ તો ન જ વરસાવાય? આ રીતે આપણે

આઝાદીની લડાઈ લડયા હોત, તો અંગ્રેજોની સંગીનોએ આજ સુધીમાં આપણાં આંતરડાંનાં તોરણોથી આ દેશને સજાવી દીધો હોત.

મને એ નથી સમજાતું કે ગાંધીજીની એક હાકલે જેલો ભરી દેનારાં, મૂઠી મીઠા માટે હાડકાં ભંગાવી નાખનારા, સવિનય કાનૂન-ભંગ કરનારા લાખો સત્યાગ્રહીઓ કયાં છુપાઈ ગયા છે? દુનિયા ઇતિહાસ ભણીને ડહાપણ શીખે છે. આપણે આપણો આસન્ન ભૂતકાળ કેમ ભૂલી બેઠા? તમામ પક્ષોના નેતાઓ, રચનાત્મક કાર્યકરો, વિદ્યાર્થી આગેવાનો, ગરીબોનું ભલું ઈચ્છતા હજારો લોકો એ ગોદામો આગળ સપરિવાર ભૂખ હડતાળ પર બેઠા હોત, ગોદા-મોના માલિકોને સંગ્રહિત અનાજ, તેલ, ઘી પડતર ભાવે સરકારને આપી દેવા સત્યાગ્રહ કર્યો હોત, તેમ ન થાય ત્યાં સુધી એવા સંઘરાખોરોનો સામાજિક બહિષ્કાર કર્યો હોત, એ જ રીતે સરકાર સામે સત્યાગ્રહ કરી, સંગ્રહિત જથ્થો કબજે કરી, સસ્તે ભાવે ગરીબો વચ્ચે વિતરણ કરાવ્યું હોત, તો એ આંદોલનનો અર્થ પણ સરત. એવા આંદોલન પર ગોળી ચલાવતાં પહેલાં શાસકો દસ વાર વિચાર કરે.

અમેરિકામાં માંસના ભાવોમાં વધારો થયો તેના વિરોધમાં આખો દેશની ગૃહિણીઓએ માંસનો બહિષ્કાર કર્યો. તેમાં પ્રમુખ નિક્સને પણ સાથ આપ્યો. છેવટે માંસના ભાવ સરકારે બાંધી આપ્યા. જનતાના સત્યાગ્રહ ! સત્તાસ્થાને બેઠેલા સાચા માણસો અવશ્ય સાથ આપશે અને સ્વાર્થસાધુઓ ઉઘાડા પડી જશે.

તેને બદલે આપણા વીરલાઓએ બતાવેલા પાણીના પ્રતાપે ચોર-લૂંટારાઓને ફાયદો થયો. વડોદરામાં સામાન્ય ગરીબો જે અનાજ – તેલ – ઘી લૂંટી ગયા હતા તે તેઓએ પોલીસના ભયથી તળાવમાં પધરાવી દીધું. સસ્તા અનાજની દુકાનોમાં માંલ નથી. નઘરોળ સરકારને હાથ ઊંચા કરી લેતાં વાર નહીં લાગે, અને જે કરોડો આદિવાસીઓ ને ગરીબો વર્ષોથી એક ટંક ખાઈને ચલાવે છે તે સદંતર ભૂખે મરી જશે. કાળા બજારમાં છે, સંઘરાયેલું છે તે બધું આ દેશનું છે. આપણે વ્યવસ્થિત રૂપે તેને ધોળા બજારમાં લાવીને ગરીબોના પેટ સુધી પહોંચાડી શકીશું. સ્વસ્થ મને ભેગા થઈને તે માટે સક્રિય, રચનાત્મક માર્ગો વિચારવા પડશે. તમામ પક્ષોના આગેવાનો પક્ષીય સ્વાર્થો તજીને દેશને જિવાડવા માટે આગળ આવે. સાથે બેસીને કાર્યક્રમ વિચારે. હવે તેઓ મોઢું કરશે તો જનતાની ભૂખ તેમને પણ ભરખી જશે. ત્યારે સૂકા સાથે ઘણું લીલું બળી જશે. તે પહેલાં તમામ બુદ્ધિજીવીઓ જાગે, સ્વાર્થ ત્યાગે, સામૂહિક રૂપે નિર્ણયો લઈને અમલમાં મૂકે. વિરાટ જનતાના સત્યાગ્રહ સામે શોષકો એક ક્ષણ નહીં ઊભા રહી શકે.

રેલવે કર્મચારીઓ દેશને ખાડામાં નાખીને પણ પોતાના સ્વાર્થ સાધવા દબાણ લાદે, મજૂર સંગઠન ઉત્પાદનનું સત્યાનાશ કાઢીને પણ વધારે વળતર મેળવવા હડતાળો પાડે, સરકારી કર્મ-ચારીઓ ઓછો સમય જનતાની સેવા કરીને પોતાની કલમ અને આક્કલના જોરે સરકારને થથરાવે. સરકાર જેમનાથી ડરે તેમની અયોગ્ય માગણીઓ માન્ય કરતી જાય, સત્તાપક્ષ વિરોધ પક્ષોની ઘોર ખોદવામાં મશગૂલ રહે, વિરોધ પક્ષો ,સત્તાધારી પક્ષનું ખરાબ દેખાય તેમાં જ રાજી રહે, જનતાને સાચી દોરવણી ન આપે, સાધુ-સંતો પરલોક સુધારવાની વાતો જ કર્યા કરે, સારસ્વતો ટયુશનોમાં આટવાઈ જાય, કોમોના આગેવાનો પોતાની કોમની જ ચિંતા કરે, સર્વોદયવાળા પોતાના સીમિત ચોકા ! રાચ્યા કરે, તો પછી આ દેશની સમસ્ત જનતાની આગેવાની કોણ કરે? અને યોગ્ય આગેવાન વગરની જનતા ગુંડા-ચોર-લૂટારાના હાથમાં રમી જાય તેમાં નવાઈ શું?

ગુણિયલ ગુજરાત રોળાઈ જાય, આખી બૌનું બંગાળ ઊભું થાય, સામ્યવાદી વિચારધારાનુસાર બધું કડડભૂસ થઈને તેઓના ખોળામાં જઈ પડે, તે પહેલાં તમામ બુદ્ધિશાળીઓ ચેતે. સામૂહિક વિચાર, સામૂહિક નિર્ણય, સામૂહિક અમલ અને સામૂહિક વિકાસ સિવાય બીજો રસ્તો નથી. રજનીકાન્ત કટારિયા

'શિશુવિહાર અને લોકમિલાપ'માંથી

# ગુજરાત વિશે રાષ્ટ્રીય અખબારો

[અત્રે દેશનાં આગેવાન પત્રોના અગ્રલેખોમાંથી અવતરણો આપ્યાં છે, જેમાંથી આપણાં રાષ્ટ્રીય અખબારોએ ગુજરાત વિશે કેવા પ્રત્યાઘાતો દાખલ્યા છે તેની ઝાંખી મળે છે.]

## ગુજરાતમાંથી ચેતવણી

ગુજરાતને રાષ્ટ્રપતિના શાસન હેઠળ મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે આપવાદ ઉઠાવી શકાય તેમ નથી ... જે સંજોગોમાં ચીમનભાઇ પટેલે રાજીનામું આપ્યું છે તે નવા મુખ્ય પ્રધાન હેઠળ એક વિકલ્પી સરકારની તાત્કાલિક રચના માટે અનુકૂળ નથી. કાયદો અને વ્યવસ્થા તૂટી પડવા ઉપરાંત વિધાનસભા કોંગ્રેસ પક્ષમાં પણ સારો એવો વિખવાદ પ્રવર્તે છે અને તે સ્પષ્ટપણે જ આત્યારે શ્રી પટેલના અનુગામીની વરણી કરવાની સ્થિતિમાં નથી. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાપદેથી રાજીનામું નહિ આપવા માટે શ્રી પટેલને ગમે તે કારણો હોય પણ રાજ્ય વિધાનસભાના વિસર્જનની ભલામણ નહિ કરવા માટેનાં તેમનાં કારણો હાલની ક્ષણે વાજબી છે. રાજ્યભરનું પ્રજાકીય આંદોલન સમગ્રતયા કોંગ્રેસ સામે અને ખાસ કરીને ચીમનભાઇના પ્રધાન-મંડળ સામે હતું એમ સ્વીકારીએ, અને ગમુક હદે એમ સ્વીકારવું જ પડે, તો પણ પટેલ સરકારનું પતન લગભગ સંપૂર્ણપણે શાસક પક્ષમાંના આંતરિક બળવાને કારણે થયું છે. વિરોધ પક્ષોનો તેમાં નહિવત્ હિસ્સો હતો અને રાજકીય પરિસ્થિતિએ વિધાનસભામાં શાસક પક્ષની બહુમતી પર કોઇ રીતે અસર કરી નથી. શ્રી પટેલને રાજીનામું આપવાની ફરજ પાડવાના વિરોધીઓના આંદોલનનો કોંગ્રેસી અસંતુષ્ટોએ બેશક લાભ લીધો છે, પણ તેઓ લાંબા સમય સુધી આંદોલનને ટકાવી રાખી શકયા એ હકીકત આવશ્યક રીતે જ વિધાનસભાનો તત્કાળ વિસર્જન માટેની દલીલ બનતી નથી.

આમ છતાં એ છાપ રહે જ છે કે નવી દિલ્હીએ કોંગ્રેસના આંતરિક વિખવાદનું નિરાકરણ સાધવા અને રાજ્યને એકવાર રાજ-કીય રીતે સલામત બનાવ્યા પછી તેને પુનઃ સત્તા પર મૂકવા માટેની એક યુકિતરૂપે બંધારણની ઉપકલમી કલમનો આશરો લીધો છે. ઉત્તર પ્રદેશમાં તેણે આમ કર્યું હતું અને સંભવતઃ ગુજરાતમાં પણ તેમ કરવા તે પ્રેરાશે. ... તંદુરસ્ત પ્રણાલીઓ અને પરંપરાના અભાવે વર્ચસ્વ ધરાવતો પક્ષ પોતાના રાજકીય ઉદ્દેશો પાર પાડવા રાષ્ટ્રપતિના શાસનનો લાભ ઉઠાવે એવો લગભગ અમર્યાદિત અવકાશ રહેલો છે. ગુજરાતમાં રાષ્ટ્રપતિનું શાસન લંબાવવાની બંધારણીય જોગવાઇઓનો આકાય લેતાં નવી દિલ્હીને અટકાવે તેવું કશું જ નથી. પણ ઉપકલમી કલમને તિરસ્કારને પાત્ર બનાવીને જ તે તેમ કરી શકશે. રાજ્ય કોંગ્રેસમાં જે જૂથગત સ્પર્ધાઓ પ્રવર્તે છે તે જોતાં સર્વ જૂથોને સ્વીકાર્ય એવા નવા નેતાની ખોજ સહેલી નહિ હોય, પણ કોંગ્રેસની આંતરિક મુશ્કેલીઓ એ લાંબા સમય સુધી લોકશાહી પ્રક્રિયાઓને સ્થગિત રાખવા માટેનું વાજબી કારણ ન ગણાય.

–સ્ટેટ્સમેન

નવી દિલ્હી: ૧૨-૨-'૭૪.

## અધૂરું પગલું

...ગુજરાતના સંકોચની સૂચકતા એ છે કે નવી ચૂંટણીઓ જ સર્જાયેલી ગૂંચને ઉકેલવામાં સહાયક બનશે. નવી ચૂંટણીઓ પછી સર્જાયેલી સરકાર જ ઉચ્ચ સ્થાનો પરના ભ્રષ્ટાચારના આક્ષે-પોમાં સર્વાંગી તપાસ યોજવા માટેની પ્રજાકીય માગણીને હાથ ધરે એવી અપેક્ષા રાખી શકાય. કેન્દ્રના નિર્ણયથી પૃથકજન એમ માનવાને જ પ્રેરાશે કે મતદારોનો મુકાબલો કરતાં કોંગ્રેસ ગભરાય છે. શ્રી જયપ્રકાશ નારાયણે કહ્યું છે તેમ નવી ચૂંટણીઓ માટેની માગણી બુલંદ બની રહી છે, અને કેન્દ્રને ગમે કે ન ગમે, ફરી-વાર કદાચ તેણે ઘટનાઓને વશવર્તી રહેવું પડશે.

–ઈન્ડિયન એકસ્પ્રેસ

મુંબઈ: ૧૫-૨-'૭૪

## નવેસરથી ઘડતર કરો

... રાષ્ટ્રપતિના શાસન સિવાય તત્કાળ બીજો કોઈ વિકલ્પ ન હતો, પણ વિધાનસભાનું વિસર્જન કરવાને બદલે પાછળથી કૉંગ્રેસને સત્તા પર પુનઃ પ્રતિષ્ઠિત કરવાના પ્રયાસમાં તેને સ્થગિત રાખવામાં આવી તે રાજકીય છેતરપિંડી છે. ચીમનભાઈના એકવારના સાથીઓએ જ તેમની સામેના ગંભીર ભ્રષ્ટાચારના આક્ષેપો - જેમાં તેલધિલરો પાસેથી રૂા. ૨૫ લાખ એકત્ર કરાયાના આક્ષેપોનો પણ સમાવેશ થાય છે – વિશે તપાસ યોજવા માગણી કરી છે. રાષ્ટ્રપતિના શાસન હેઠળ આ આક્ષેપોની અદાલતી તપાસ યોજવી જોઈએ અને પક્ષીય સાનુકૂળતાની બાબત લેખે તેને છાવરી દેવા નહિ જોઈએ. સત્યને પ્રગટ થવા દો.

રાષ્ટ્રપતિના શાસન સાથે હવે વર્તમાન આંદોલન પાછું ખેંચી લેવાવું જોઈએ જેથી રાબેતા મુજબની સ્થિતિ પુનઃ સ્થપાય, ઘા રુઝાવાં દેવો જોઈએ અને નાગરિક પુરવઠો, અનાજપ્રાપ્તિ અને વહેંચણીના તંત્રોને લોકોની જરૂરિયાતો પૂરી પાડવાને કામે લગાડવાં જોઈએ.

હિન્દુસ્તાન ટાઈમ્સ
નવી દિલ્હી: તા. ૧૦-૨-'૭૪

* * *

## રાષ્ટ્રપતિનું શાસન

... રાષ્ટ્રપતિનું શાસન ગુજરાતની મુખ્ય સમસ્યાનું નિરાકરણ સાધશે એ આશા વધુ પડતી છે. એક અપ્રિય મુખ્ય પ્રધાન રાજ્ય માટે બોજારૂપ ગણાય, પણ ચીમનભાઈ પટેલની લોકપ્રિયતા કે અપ્રિયતાનો અંદાજ માત્ર તાજેતરનાં આંદોલનોની ભૂમિકા પર આંકી શકાય નહિ. વિધાનસભા કૉંગ્રેસ પક્ષે તેમની વરણી કરી હતી અને એ હવે સ્પષ્ટ છે કે સ્પર્ધામાં પરાજિત થયેલાં બળોએ પાછળથી તેમને ટેકો આપ્યો નહિ. કટોકટીને સમયે સંગઠિત નહિ રહીને રાજ્ય કૉંગ્રેસે પોતાની નબળાઈનું જ પ્રદર્શન કર્યું છે. નાયબ મુખ્ય પ્રધાન મુખ્ય પ્રધાનની વિરુદ્ધ હતા. પ્રધાનોમાં વિખવાદ હતો અને પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખે એકતા સ્થાપવાના પ્રયાસો કરવાને બદલે વિખવાદને જ પોષણ આપ્યું હતું. કટોકટીમાં કોઈ કૉંગ્રેસી નેતાએ નહિ, રાજ્ય કૉંગ્રેસે જ ગુમાવ્યું છે.

વિરોધ પક્ષોએ રાષ્ટ્રપતિના શાસનને આવકાર્યું છે, પણ વિધાન સભાને સ્થગિત રાખવાના પગલાની ટીકા કરી છે. તેનું વિસર્જન કરાયું હોત તો સારું થાત, એ અર્થમાં કે તેમ થતાં કેન્દ્ર પર હેત્વારોપણની વિરોધ પક્ષોને તક ન મળત. રાષ્ટ્રપતિનું શાસન અનિવાર્ય બને અને પ્રજાકીય શાસનની શક્યતા નહિવત્ જણાય ત્યારે શ્રેષ્ઠ માર્ગ વિધાનસભાનું વિસર્જન કરી નવી ચૂંટણીઓ યોજવાનો છે.

અનાજ અંગેની કટોકટી ગંભીર હતી, પણ વિરોધ પક્ષોએ તેના નિરાકરણ અર્થે સત્તાવાળાઓને સહાયક થવાને બદલે પરિસ્થિતિને વણસાડવા બધું જ કર્યું. ભારતીય રાજકારણમાં વિરોધ પક્ષો દ્વારા રચનાત્મક ભાગ ભજવવામાં આવે એ જવલ્લે જ જોવા મળે છે. કૉંગ્રેસીઓ પોતે પણ કટોકટીમાં જવાબદારીપૂર્વક વર્ત્યા નહિ.

નેશનલ હેરોલ્ડ
નવી દિલ્હી: તા. ૧૨-૨-'૭૪

## નિર્ણય મોડો લેવાયો

ગુજરાતમાં રાષ્ટ્રપતિનું શાસન મૂકવાનો નિર્ણય કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે લશ્કરને બોલાવાયું તે પહેલાં જ લેવાવો જોઈતો હતો. ત્યાં સુધીમાં ચીમનભાઈ પટેલે એ સાબિત કરી આપ્યું હતું કે વિધાનસભામાં તેમની બહુમતી છતાં તેઓ એક તદ્દન બદનામ થઈ ચૂકેલા માનવી હતા. તેમની સરકાર વિભાજિત હતી અને તપાસ માગી લે તેવા કેટલાક કહેવાતા સોદાઓ સાથે તેમનું નામ ખુલ્લી રીતે સાંકળવામાં આવતું હતું.

ચીમનભાઈ પટેલ જૂથવાદી છે. મૂળ તેમની વફાદારી મોરારજી દેસાઈ પ્રત્યે હતી. કમનસીબ ઓઝા જૂથગત ચાલબાજીમાં પ્રમાણમાં બિનઅનુભવી હતા એ કારણે જ મુખ્યત્વે ચીમનભાઈ તેમને ઉથલાવી શકયા હતા. પ્રાગતિક નીતિઓના અમલને સંબંધ છે ત્યાં સુધી પટેલની રાહબરી હેઠળ ગુજરાત સરકાર એક સૌથી વધુ સ્થગિત અને ખૂબ જ અવરોધક તંત્ર બની રહી. ... ગૃહને જ નહિ, રાજ્યની પ્રજાને પણ પોતાની સાથે રાખી શકે તેવા કોઈકને વિધાનસભા કૉંગ્રેસ પક્ષમાંથી શોધવાનું કદાચ મુશ્કેલ હશે. આમ બને તો કેન્દ્ર સરકારે વિધાનસભાનું વિસર્જન કરતાં અને કૉંગ્રેસ પક્ષને ગમે તેવાં પરિણામો ભોગવવાં પડે તો પણ નવી ચૂંટણીઓ યોજતાં અચકાવું જોઈએ નહિ.

પેટ્રીઅટ
નવી દિલ્હી: ૧૧-૨-'૭૪

* * *

## મોડું થઈ ગયું ત્યારે

ગુજરાતમાં રાષ્ટ્રપતિનું શાસન મૂકવા માટે કેન્દ્ર સરકાર કોઈ યશ લઈ શકે તેમ નથી. તેણે વહેલાં પગલું લીધું હોત તો એ કમનસીબ રાજ્યમાં ઘણો રકતપાત અટકાવી શકાયો હોત ... દયાજનક સ્થિતિ એ હતી કે અનાજના પુરવઠાની બાબતમાં ગંભીર 'ગેરવ્યવસ્થા' કર્યાનો ફખરુદ્દીન અલી અહમદે મુખ્ય પ્રધાન પર જાહેર આક્ષેપ મૂક્યા છતાં પણ કેન્દ્ર સરકાર અને કૉંગ્રેસ મોવડીમંડળ ગુજરાતમાં સરજાયેલી નવી પરિસ્થિતિનો સાચો તાગ મેળવી શકયાં ન હતાં અને વિધાનસભામાં બહુમતીનો સાથ હોય ત્યાં સુધી મુખ્ય પ્રધાનને સત્તા પરથી ખસેડવા ન જોઈએ એમ વિચારવાનું ચાલુ રાખ્યું. ઘટનાઓએ દર્શાવી આપ્યું છે કે તેમનો અંદાજ ઘાતક રીતે ખોટો હતો.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા
મુંબઈ: ૧૨-૨-'૭૪

## જડતા

જડતા મારી મુજને કોરી ખાય,
મનનાં ગાઢાં તિમિરે મારાં
ઝબકારા કંઈ થાય – જડતા...
મનમાનેલા સંતોષે ના જંપ,
અજાણ કાજે હૈયે અકલિત કંપ,
મૌનથકી ભીંતું મન મારું
અવ શબ્દે અંકાય – જડતા...
હૂંફ દઈને ભરખે જડતા - આગ,
ભરડો લઈને ડંખે જડતા - નાગ,
રૂંવેરૂંવે શી જલે શીતલતા
હીમ દઝાડે લહાય ...
જડતા મારી જડ ના હવે જરાય!

ગીતા પરીખ

## શ્રી મોટાનાં પુસ્તકો

હરિ ૐ આશ્રમવાળા પૂ. શ્રી મોટાનાં પુસ્તકો વેચાણ માટે સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યાં છે, તો જેમને તે વાંચવામાં રસ હોય તેમને, રવિવાર અને રજાના દિવસો સિવાય સવારના ૧૧-૩૦ થી સાંજના ૫-૩૦ વાગ્યા સુધીના સમયમાં કાર્યાલયમાંથી વેચાતાં મળી શકશે. મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ.

# ગુજરાતનાં તોફાનોની તવારીખી ઝાંખી

**એકાદ નાની સરવાણી કોઈ મહાનદમાં પલટાઈ જાય તે રીતે ગુજરાતનો નાનો જણાતો સાંક્ષોભ જોતજોતામાં એક વિરાટ લોક-આંદોલનમાં પલટાઈ ગયો. ઐતિહાસિક બનવા નિર્માયેલી એ લડતની તવારીખી ઝાંખી આપવાનો અત્રે પ્રયાસ કર્યો છે:**

જાન્યુઆરી તા. ૨, **જેતપુર**: જનસંઘના ઓલાનથી જેતપુર બંધ રહ્યું. બેકાબૂ ટોળાંને વિખેરવા લાઠીમાર, અશ્રુવાયુ ને ગોળીબાર. ગોળીબારથી એકને ઈજા. લાઠીમારમાં ૩૯ જણા ઘવાયા.

જાન્યુઆરી તા. ૩, **બારડોલી**: ડાંગર લેવી-વિરોધી આંદોલનના સંચાલક દયારામભાઈ પટેલ અને સૂરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ વલ્લભભાઈ પટેલની આંતરિક સલામતી ધારા હેઠળ ધરપકડ થતાં લેવી આંદોલને લીધેલો હિંસક વળાંક. **અમદાવાદ**: ઓલ. ડી. ઈજનેરી કૉલેજના વિદ્યાર્થીઓ ફરી તોફાને ચઢ્યા. હૉસ્ટેલને આગ લગાડી. અશ્રુવાયુ અને ૧૪૪ મી કલમનો અમલ. આ વિદ્યાર્થીઓએ થોડા દિવસો પહેલાં ભોજનના અસાધારણ ખર્ચ સામે વિરોધમાં તોફાન કરી રેકટરના બંગલાનું ફર્નિચર બાળ્યું હતું.

જાન્યુઆરી તા. ૪, **સૂરત**: તોફાની ટોળાંઓ દુકાનો બંધ કરાવી. લોકોમાં ગભરાટ ને નંગદિલી. **વ્યારા**: તોફાનીઓએ શાળા-કૉલેજો બંધ કરાવી. એસ. ટી. બસો તથા સરકારી પ્રેસ પર હુમલા. વડા પ્રધાન અને મુખ્ય પ્રધાનની નનામીઓ બાળી.

જાન્યુઆરી તા. ૫, **અમદાવાદ**: સંસ્થા કૉંગ્રેસ દ્વારા ગોમતીપુર બંધ. ભગતસિંહ હોલ પાસે પથ્થરમારો થતાં લાઠીમાર અને અશ્રુવાયુનો ઉપયોગ.

જાન્યુઆરી તા. ૬, **વડોદરા**: પાંચ હજારથી વધુ ખેડૂતો દ્વારા બારડોલીના લેવીવિરોધી સત્યાગ્રહને ટેકો. **અમદાવાદ**: પથ્થરમારાના બનાવો, સાત સ્થળોએ છોડાયેલો અશ્રુવાયુ. **સૂરત**: બારડોલી, મોતા અને મલેકપુરમાં હિંસક બનાવો.

જાન્યુઆરી, તા. ૭, - **અમદાવાદ**: વિદ્યાર્થીઓની હાકલથી મોટા ભાગની શાળા – કૉલેજો બંધ. બસો પર પથ્થરો ફેંકાતાં લાઠીમાર. આગલી રાત્રે આગ, લૂંટ અને દુકાનો તોડવાના બનાવો. સંખ્યાબંધ ધરપકડો. **વલસાડ**: જનસંઘની હાકલથી વલસાડ સમ્પૂર્ણ બંધ. પંચાયત કચેરીઓ બંધ કરાવતા મોરચા પર લાઠીમાર.

જાન્યુઆરી તા. ૧૦, **અમદાવાદ**: સેનેટ હોલમાં જુદા જુદા વિદ્યાર્થી તથા યુવક મંડળોના પ્રતિનિધિઓની સભા. અહિંસક રીતે આંદોલન ચલાવવા માવળંકરની સલાહ. તેમના માર્ગદર્શન હેઠળ નવનિર્માણ યુવક સમિતિની રચના. ૧૪ મી ઓગસ્ટ ક્રામજીવી સમિતિ તથા ૮૦ જેટલાં કામદાર મંડળોની હાકલથી અમદાવાદ સમ્પૂર્ણ બંધ. આગ, લૂંટના સંખ્યાબંધ બનાવો. ૨૦ સ્થળોએ ૫૭ રાઉન્ડ જેટલા ગોળીબાર. વડોદરામાં અશાંતિ. કરફ્યૂનો અમલ છતાં અનાજની દુકાનો અને ગોદામોમાં લૂંટ. લશ્કરની લેવાયેલી મદદ. કેટલીક લશ્કરી ટુકડીઓ દ્વારા પેટ્રોલિંગ. સૂરતમાં શાંતિપૂર્વક પસાર થયેલો 'બંધ.' **મોડાસા**: આગ-લૂંટના બનાવો. ત્રણ વાર ગોળીબાર. બે જણનાં મરણ. **ધોરાજી**: જનસંઘયોજિત બંધ.

જાન્યુઆરી, તા. ૧૧, **વડોદરા**: બે દિવસો દરમિયાન ૫૫ દુકાનો તોડીફોડીને લૂંટવામાં આવી. ૨૦ દુકાનો બાળવામાં આવી. દૂધની સંખ્યાબંધ કેબિનો તોડાઈ. ત્રણ બસોને નુકસાન. અશ્રુવાયુના ૨૫૦ ટેટા અને ૨૫ ગ્રેનેડ ફોડાયા. લશ્કરનું પેટ્રોલિંગ ચાલુ. કુલ ૭૩ રાઉન્ડ ગોળીબાર થયા. એકંદર ચારનાં મરણ. આગના સંખ્યાબંધ બનાવો. **અમદાવાદ**: ગઈ કાલના બંધ પછી પથ્થરમારા, આગ અને લૂંટના ચાલુ બનાવો. નવ સ્થળોએ ગોળીબાર. ૩૨ સ્થળોએ છોડાયેલો અશ્રુવાયુ. સરહદ સલામતી દળની લેવાયેલી મદદ. **ઊંઝા**: તોફાની ટોળા પર ગોળીબાર. સાતને ઈજા. **વીસનગર**: જનસંઘયોજિત બંધ. તોફાની ટોળાં પર ગોળીબાર. બેનાં મરણ.

જાન્યુઆરી તા. ૧૨, **અમદાવાદ**: દુકાનો તોડવાના ચાલુ બનાવો. ગોળીબારના આઠ રાઉન્ડ. વડોદરા, મોડાસા, વીસનગર વગેરે સ્થળોએ ગોળીબારથી એકંદર બાર જણનાં મરણ. સંસદસભ્ય પ્રો. માવળંકરે ૩૦ મી સુધીમાં સત્તા છોડી દેવા રાજ્ય સરકારને આપેલી મહેતલ. **ભાવનગર**: સામ્યવાદી અને સમાજવાદી પક્ષોની હાકલથી ભાવનગર બંધ. આગેવાન સામ્યવાદીઓની ધરપકડ. **વાપી**: જનસંઘની હાકલથી ઉદ્યોગનગર સહિત વાપી બંધ. પારડી, બિલિમોરા પણ બંધ. **સૂરત**: કૉલેજોમાં હડતાળ. પેટ્રોલ પમ્પ અને બસો પર હુમલા.

જાન્યુઆરી તા. ૧૫, **અમદાવાદ**: મુખ્ય પ્રધાને નરેન્દ્રસિંહ ઝાલા પાસેથી પુરવઠા ખાતું પોતાના હસ્તક લીધું. શાળા–કૉલેજોમાં હડતાળ નહિ પરાવવાનો માવળંકરનો આગ્રહ. નવનિર્માણ સમિતિને તે માન્ય ન રહેતા રાહબર તરીકે માવળંકરે આપેલું રાજીનામું. **રાજકોટ**: સૌરાષ્ટ્રનાં સંખ્યાબંધ ગામો–સુરેન્દ્રનગર, વઢવાણ, જામ જોધપુર, ભાણવડ, ચલાલા, ધ્રાંગધ્રા, વીરપુર, બોટાદ, કોટડા સાંગાણી વગેરે બંધ. વિરમગામમાં બંધ દરમિયાન અનાજની દુકાન પર મોરચો જતાં છોડાયેલો અશ્રુવાયુ.

જાન્યુઆરી તા. ૧૬, **સુરેન્દ્રનગર**: બંધ દરમિયાન આગ, લૂંટના બનાવો. ઠેર ઠેર લાઠીમાર અને અશ્રુવાયુનો ઉપયોગ. ટોળાંએ એક ધારાસભ્યના પિતાની અનાજની દુકાન લૂંટી. પાટડી, જોરાવરનગર અને વઢવાણમાં પણ બંધ.

જાન્યુઆરી તા. ૧૭, **ગાંધીનગર**: ઘઉંનાં વેચાણ તથા જથ્થા અંગેનાં નિયંત્રણો મોકૂફ રખાયાની સરકાર દ્વારા જાહેરાત. વિદ્યાર્થીઓ દ્વારા કુલપતિની કચેરીમાં ભાંગફોડ. કુલપતિ ઈશ્વરભાઈ પટેલને ઈજા.

જાન્યુઆરી તા. ૧૮, **રાજકોટ**: સૌરાષ્ટ્રમાં જનસંઘ દ્વારા ૩૫ જેટલાં શહેરોમાં બંધ. રાજકોટમાં અભૂતપૂર્વ હિંસા અને લૂંટફાટ. સંખ્યાબંધ ગોળીબાર. પાંચનાં મરણ. કોર્પોરેટરોનાં મકાન, પોસ્ટઓફિસ, હેન્ડલૂમ હાઉસ, બેન્કો વગેરેને આગ ચાંપવાના બનાવો. દોઢસો જેટલી દુકાનો લૂંટાઈ. ૧૪૪ મી કલમનો અમલ અને કરફ્યૂ છતાં ગુંડા તત્ત્વોને મોકળું મેદાન મળ્યું.

ગોંડલમાં એક તેલની મિલ અને છ મકાનો તથા લારીઓને આગ ચાંપવાના બનાવો. મગફળીની દસ હજાર ગૂણીઓ ભસ્મીભૂત.

જાન્યુઆરી તા. ૧૯, **રાજકોટ**: અહીં તથા ધોરાજી, જેતપુરમાં ગોળીબારના બાર રાઉન્ડ. ગઈ કાલે જેતપુરમાં અનાજની છ દુકાનો લૂંટાયા પછી કરફ્યૂનો અમલ.

ભાવનગરમાં વિદ્યાર્થીઓનાં તોફાન. ટ્રેન અટકાવવા પ્રયાસ.

જામનગરમાં પથ્થરબાજી કરતા વિદ્યાર્થીઓ પર લાઠીમાર.

જાન્યુઆરી તા. ૨૦, **અમદાવાદ**: આંદોલનના અગિયારમા દિવસે અહીં ઉપરાંત રાજકોટ, જામનગર, જેતપુર, ધોરાજી, વડોદરા, મોડાસા, સંતરામપુર, ગોધરા, ધંધુકા, – એમ રાજ્યનાં દસ શહેરોમાં જુદા જુદા સમયના કરફ્યૂનો અમલ. અમદાવાદમાં ટોળાંને વિખેરવા ઠેર ઠેર અશ્રુવાયુ. રતનપોળમાં ઝવેરાતની દુકાન તોડવાનો પ્રયાસ. **બારડોલી**: લેવી આંદોલન મોકૂફ રખાતાં ખેડૂત આગેવાનોની મુક્તિ. દયારામભાઈ, વલ્લભભાઈ સહિત આઠ કાર્યકરોનો ભવ્ય સત્કાર.

જાન્યુઆરી તા. ૨૧, **જેતપુર**: વિદ્યાર્થીઓ દ્વારા પથ્થરબાજી. ૨૩ મીની સવાર સુધી કરફ્યૂ. મોરબી, ઉપલેટામાં પણ કરફ્યૂ. **સૂરત**:

સુરત બંધ. ૨૩મીની સવાર સુધી કરફ્યૂ. મધરાત પછી પણ લૂંટફાટ અને પથ્થરબાજીના બનાવો. છ વાર ગોળીબાર જેમાં બેનાં મરણ.

જાન્યુઆરી તા. ૨૨, **અમદાવાદ**: રાજ્યમાં એકંદર ૧૩ શહેરોમાં કરફ્યૂ. સૂરતમાં બીજે દિવસે ચાલુ રહેલાં તોફાનો. પોલીસ દ્વારા ગોળીબાર, અશ્રુવાયુ અને લાઠીમાર. **કડી**: મહેસાણા જતી ઉતારુ ટ્રેનને રોકવાનો ટોળાંનો પ્રયાસ. પંચાયત ઓફિસના ફરનિચરને આગ ચંપાઈ. છબિઘર પર હુમલો કરતાં ટોળાં પર પોલીસ દ્વારા ચાર રાઉન્ડ ગોળીબાર. એકનું મરણ. કલોલમાં ત્રણ વાર ગોળીબાર.

જાન્યુઆરી તા. ૨૩, **અમદાવાદ**: વિદ્યાર્થીઓનું અભૂતપૂર્વ સરઘસ. સુધરાઈની ૩૭ બસો તથા બીજી મોટરોનું અપહરણ કરી શહેરમાં છ કલાક સુધી નિરંકુશ રીતે તેઓ ઘૂમ્યા. પાલડી ખાતે છેવટે અશ્રુવાયુ છોડી તેમને વિખેરવામાં આવ્યા.

પાટણ અને ઉમરેઠમાં હિંસાખોરીના બનાવો પછી કરફ્યૂનો અમલ. તળાજામાં જનતા કરફ્યૂ.

તલોદમાં લાઠીમારમાં પંદર વિદ્યાર્થીઓને ઈજા. એક બેભાન થયો. પાછળથી તેનું મરણ. તલોદ ઉપરાંત પ્રાંતિજમાં કરફ્યૂ.

જાન્યુઆરી તા. ૨૪, **અમદાવાદ**: યુનિવર્સિટી વિસ્તારમાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે જંગ. શહેરમાં રાત્રે કરફ્યૂનો અમલ.

નડિયાદમાં લૂંટ અને આગના બનાવો. બે વાર ગોળીબાર. મિલ રોડ પર અનેક દુકાનો લૂંટાઈ.

૨૫મીના 'ગુજરાત બંધ' સામે રાજ્યના બે તૃતીયાંશ શહેરોમાં આજથી કરફ્યૂનો અમલ.

૧૦મીથી અત્યાર સુધીમાં રાજ્યમાં પોલીસે ગોળીબારના ૪૫૮ રાઉન્ડ છોડ્યા, જેમાં કુલ ૨૮ નાં મરણ.

જાન્યુઆરી તા. ૨૫, **અમદાવાદ**: રાજ્યવ્યાપી બંધ. અમદાવાદમાં સવારથી જ પોલીસ અને ટોળાં વચ્ચે શેરીયુદ્ધો. દિવસ દરમિયાન રાજ્યમાં ગોળીબારોથી વધુ છ જણાનો ભોગ લેવાયો. અમદાવાદમાં ૧૮ સ્થળોએ ૪૦ રાઉન્ડ છોડાયા, જેમાં ચાર જણા માર્યા ગયા. એક જણ દહેગામમાં તથા એક જણ લુણાવાડામાં ગોળીબારનો ભોગ બન્યો. અમદાવાદમાં રવિવાર તા. ૨૭ની સવાર સુધી કરફ્યૂ લંબાવાયો.

શહેરમાં અશ્રુવાયુના ૧૪૪ ટેટા ફોડાયા. આગ લગાડવાના અને દુકાનો લૂંટવાના કેટલાક બનાવો બન્યા. રાજ્યનાં ૪૩ શહેરોમાં કરફ્યૂનો અમલ.

રાજકોટમાં પ્રજાસત્તાક દિનના ધ્વજવંદનનો કાર્યક્રમ રદ કરાયો. ડાકોર, નડિયાદ, ખંભાતમાં દુકાનો તોડવાના ને આગ ચાંપવાના બનાવો. વડોદરામાં કરફ્યૂમુક્તિ દરમિયાન એક દુકાન લૂંટાઈ.

રાજપીપળામાં ગોળીબારમાં ત્રણ જણનાં મરણ.

કચ્છમાં તમામ શહેરો બંધ રહ્યાં.

ભૂજ - ગાંધીધામમાં પથ્થરમારાના બનાવો. માંડવીમાં અનાજનું ગોદામ લૂંટવાના પ્રયાસ થયા.

ભૂજમાં પથ્થરમારો કરતા વિદ્યાર્થીઓ પર પોલીસે લાઠીમાર કર્યો.

જાન્યુઆરી તા. ૨૭, **અમદાવાદ**: શ્રી રવિશંકર મહારાજનું દર્દભર્યું નિવેદન. પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો હોઈ સત્તા છોડી દેવા સરકારને અપીલ. દરમિયાન રાતથી અમદાવાદમાં લશ્કરનું આગમન.

જાન્યુઆરી તા. ૨૮, **અમદાવાદ**: બપોરથી લશ્કરે સંભાળી લીધેલો શહેરનો કબજો. કરફ્યૂગ્રસ્ત શહેરમાં ભેંકાર શાંતિ.

જાન્યુઆરી તા. ૨૯, **અમદાવાદ**: 'રોટી જોઈએ, ગોળી નહિ' એવા સૂરો સાથે નાગરિકો દ્વારા અફસરોનું સ્વાગત. કયાંક કયાંક પથ્થરમારાના બનાવો. દરિયાપુર વાડીગામમાં પોલીસનો ગોળીબાર. એક કિશોરનું મરણ. રાજપીપળામાં ગોળીબારમાં વધુ એક મરણ અને ચારને ઈજા. કચ્છના આદિપુરમાં તોફાને ચઢેલા વિદ્યાર્થીઓ દ્વારા બસ પર હુમલા. પોલીસનો લાઠીમાર. સંક્ષુબ્ધ ગુજરાતની પરિસ્થિતિના અભ્યાસ અર્થે પાટનગરથી કેન્દ્રીય પ્રધાન શ્રી કે. સી. પંતનું આગમન.

જાન્યુઆરી તા. ૨૯, **પાલનપુર**: લૂંટફાટ અને આગના બનાવ પછી ૩૦ મીની બપોર સુધી લદાયેલો કરફ્યૂ.

**સૂરત**: ત્રણ દિવસની શાંતિ પછી ફરી આગ ચાંપવાના અને પથ્થરબાજીના બનાવો. સાંજથી કરફ્યૂનો અમલ.

જાન્યુઆરી તા. ૩૦, **અમદાવાદ**: પંતને મળેલા શ્રી રવિશંકર મહારાજ. ભ્રષ્ટાચારી સરકારને દૂર કરી રાષ્ટ્રપતિનું શાસન મૂકવા માગણી. ઈન્દિરા ગાંધી માટે શ્રી પંત સાથે પાઠવેલો પત્ર. મહારાજની માગણીને પંડિત સુખલાલજીનો ટેકો.

ગુજરાતનું આંદોલન વર્તમાન શાસન સામેના વિદ્રોહરૂપ છે એવી શ્રી ઉમાશંકર જોશી દ્વારા શ્રી પંત સમક્ષ રજૂઆત.

રાયપુર અને ખાડિયામાં સાંજે પોલીસ ટુકડી પર હુમલો થતાં પોલીસે છોડેલો અશ્રુવાયુ. **વિરમગામ**: રાત્રે પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી પર મોટા ટોળાં દ્વારા ભારે પથ્થરમારો. પોલીસનો લાઠીમાર: **મહેમદાવાદ**: સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મકાન પર હજારેકનાં ટોળાંનો હુમલો. પોલીસનો લાઠીમાર.

જાન્યુઆરી, તા. ૩૧ **નવી દિલ્હી**: અમદાવાદથી પાછા ફરેલા પંત. ગુજરાતને તાકીદે વધુ અનાજ મોકલાશે, પણ રાષ્ટ્રપતિના શાસન માટે કોઈ વાજબી કારણ નથી તેવા અહેવાલો. **અમદાવાદ**: ગુજરાતના મામલામાં તાબડતોબ નિર્ણય લેવા મોવડીમંડળને નાયબ મુખ્ય પ્રધાન શ્રી ઘિયાની તાકીદ.

ફેબ્રુ. તા. ૧: **વડોદરા**: યુનિવર્સિટી કેમ્પસમાંથી વિદ્યાર્થીઓનો ભારે પથ્થરમારો. પોલીસ દ્વારા અશ્રુવાયુ અને લાઠીમારનો ઉપયોગ. ભાવનગરમાં શાંત બંધ

ફેબ્રુ. તા. ૨, **ગાંધીનગર**: પ્રધાનમંડળમાં વિખવાદ. ડૉ. આમૂલ અને આયેશા બેગમ વચ્ચે ચકમક.

ડૉ. આમૂલની આગેવાની હેઠળ પ્રધાનોના એક જૂથ દ્વારા ચીમનભાઇને દૂર કરવા શરૂ થયેલી ખટપટ.

ફેબ્રુ. તા. ૪, **અમદાવાદ**: ઊંઝા ગામે કૉંગ્રેસી વિધાનસભ્ય શ્રી શંકરલાલ ગુરુના નિવાસસ્થાન પર મોરચો લઈ ગયેલાં ટોળાં પર પોલીસ દ્વારા બે વાર ગોળીબાર. કલોલ અને આણંદ ખાતે પણ લાઠીચાર્જ અને અશ્રુવાયુ. અમદાવાદમાં નરોડા ચોકી પર પથ્થરમારો થતાં પોલીસનો ગોળીબાર.

ફેબ્રુ. તા. ૪, **નવી દિલ્હી**: શ્રી ઝીણાભાઈ દરજી દ્વારા કૉંગ્રેસ મોવડીઓ સમક્ષ ચીમનભાઇની સરકારને દૂર કરવા જોરદાર રજૂઆત.

ફેબ્રુ. તા. ૫, **રાજકોટ**: કોલેજો ખૂલતાં સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર તોફાનો. **અમદાવાદ**: વડોદરામાં ઠેર ઠેર ટોળાં દ્વારા પથ્થરમારો. પોલીસ દ્વારા લાઠીમાર અને અશ્રુવાયુનો આશ્રય.

અમદાવાદ, સુરત, સિદ્ધપુર, ઊંઝા, તલોદ, નવસારીમાં પોલીસના ગોળીબાર. ભાવનગરમાં લાઠીમાર.

ફેબ્રુ. તા. ૬, **અમદાવાદ**: ટોળાં અને પોલીસ વચ્ચે ઠેર ઠેર અથડામણો.

ભાવનગર, સાવરકુંડલામાં ફરી કરફ્યૂ.

ફેબ્રુ. તા. ૭, **અમદાવાદ**: મુખ્ય પ્રધાન ચીમનભાઇ પટેલે તેમને મહેતલ આપનાર ચાર પ્રધાનોને આપેલી રુખસદ. કેન્દ્રના કાયદા-પ્રધાન ગોખલેનું આગમન. અમદાવાદ, સૂરત, બોરસદમાં તોફાનો અને ગોળીબાર.

ફેબ્રુ. તા. ૮, **અમદાવાદ**: કૉંગ્રેસનાં બે જૂથો વચ્ચે સામસામાં ધૂરકિયાં. સત્તાધારી જૂથ તરફથી ઝીણાભાઈ દરજીને હઠાવવાની પ્રવૃત્તિ. ઉશ્કેરાયેલા વિદ્યાર્થીઓનું જંગી શાંત સરઘસ.

લીંબડી - ભાવનગરમાં તોફાનો. સંખ્યાબંધ ધરપકડો. જામનગર-પોરબંદરમાં નનામી બાળવાના ને ઉઠમણાના કાર્યક્રમો. મોરબીમાં કરફ્યૂ. શિક્ષણ ખાતાના રાજ્યપ્રધાન મગનભાઈ બારોટનું રાજીનામું.

ફેબ્રુ. તા. ૯, **અમદાવાદ**: નાયબ મુખ્ય પ્રધાન કાંતિલાલ ઘિયા અને અન્ય ત્રણ પ્રધાનો દ્વારા રાજીનામાં આપવાનો નિર્ણય.

શહેરમાં વણસેલી સ્થિતિ.

નવનિર્માણ સમિતિ દ્વારા મુખ્ય પ્રધાનને ૪૮ કલાકની મહેતલ. બિલિમોરામાં ગોળીબાર.

સાંજના મુખ્ય પ્રધાન ચીમનભાઇ પટેલે આપેલું રાજીનામું. રાત્રે રાષ્ટ્રપતિના શાસનની નવી દિલ્હીથી જાહેરાત.

**સંકલન: હિંમતલાલ મહેતા**

# ☆ ગુજરાતની લોકશાહી માટેની લડત ☆

છેલ્લા થોડા મહિના દરમિયાન ગુજરાત લોકશાહી શાસનનાં લુપ્ત બનેલાં તંત્રો, કાર્યો અને મૂલ્યોની પુન: સ્થાપના અર્થેના આંદોલનની મોખરે રહ્યું છે એમ કહેવું એ પરિસ્થિતિની હળવી રજૂઆત ગણાશે. તેની વિધાનસભામાં કૉંગ્રેસ પક્ષનું હમેશાં વર્ચસ્વ રહ્યું છે અને પક્ષની કેન્દ્રીય નેતાગીરીએ રાજ્યના મુખ્ય પ્રધાનો, અરે, પ્રધાનોને પણ નીમવા યા ચૂંટવાની બાબતમાં અચૂકપણે સહાય કરી છે. તાજેતરમાં આ વલણ એક અનિષ્ટ જેવું બન્યું છે. રાજ્ય વિધાનસભાના પક્ષો મુખ્ય પ્રધાનની પસંદગી વડા પ્રધાન પર છોડવા રાજી હોય છે. તેઓ એ પસંદગીને માત્ર મંજૂરીની મહોર મારે છે. બિહારના મુખ્ય પ્રધાન અબ્દુલ ગફુર બિહાર વિધાનસભા કૉંગ્રેસ પક્ષ દ્વારા નામપૂરતીય સ્વીકૃતિ વિના જ નવી દિલ્હીથી સીધા પટણાના રાજભવનમાં મુખ્ય પ્રધાન તરીકેના શપથવિધિ માટે પહોંચી ગયા હતા!

આ પ્રકારની બિનલોકશાહી કામગીરીની પાર્શ્વભૂમાં મુખ્ય પ્રધાન પક્ષ દ્વારા જ ચૂંટાવા જોઇએ એવા ચીમનભાઈ પટેલના ટેકેદારોના આગ્રહે દેશના ધૂંધળા રાજકીય વાતાવરણમાં તાજી હવાની લહર વહાવી હતી. ઘનશ્યામભાઈ ઓઝાના અનુગામી તરીકે વિધાનસભા કૉંગ્રેસ પક્ષની 'સર્વાનુમત' પસંદગી હોય એવી કોઈ વ્યક્તિને નીમવાના કેન્દ્રના સર્વ પ્રયાસો વિફળ રહ્યા; કૉંગ્રેસના મહામંત્રી તથા કેન્દ્રીય ગૃહપ્રધાનના છેલ્લી ઘડીના પ્રયાસો પણ તેમના આ આગ્રહને જરાય નરમ પાડી શક્યા ન હતા. ઓઝા પોતે 'સર્વાનુમત' પસંદગી હતા. તેમની સરકારનો આધાર તેઓએ ખેસવી લીધો હતો, પણ હવે તેઓ એમ ભારપૂર્વક અને સકારણ જણાવતા હતા કે કદાચ સ્પર્ધા થશે, પણ ચૂંટાયેલા નેતા સમગ્ર પક્ષના નેતા હશે, માત્ર તેમને ચૂંટનારાના નહિ. રસાકસીભરેલી એ ચૂંટણી-સ્પર્ધાની કટુ સ્મૃતિઓ દેખીતી રીતે જ જળવાઈ રહી અને પક્ષમાંની તિરાડોને કાગળનાં થીગડાં વડે ય ઢાવરવામાં ચીમનભાઈ સફળ થયા નહિ. લોકશાહીનાં નગારાંરૂપે જેનો આરંભ થયો હતો, તે જૂથવાદના બૂમરાણમાં તણાઈ ગયું.

બીજી બે બાબતોમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં આજે વેપારવાણિજ્ય, સરકાર કે રાજકારણ એમ ઊંચા કે નીચા સર્વ સ્તરે ભ્રષ્ટાચાર સામાન્ય બની ગયો છે. કૃત્રિમ અછત સર્જવામાં આવે, સારી ફસલ પછી તરતમાં જ અનાજ અપ્રાપ્ય બને, ભાવો કૂદકે ને ભૂસકે ઊંચા જતા જાય ત્યારે પ્રજાકીય વિરોધ સિવાય બીજો વિકલ્પ નથી. લાંબા સમયથી યાતના વેઠતા લોકોની ધીરજનો છેવટે અંત આવી શકે છે અને ઇતિહાસમાં અગાઉ બન્યું છે તેમ મોટી ઘટનાઓનો આરંભ નાની ભૂમિકા પર થયો હોય છે. ઊંચા જતા ભોજનખર્ચ સામેનો વિદ્યાર્થીઓનો વિરોધ વધતો વધતો પિકેટિંગ, સરઘસો અને બંધમાં પરિણમ્યો. વિદ્યાર્થીઓને લોકો તરફથી તરત પ્રતિભાવ સાંપડ્યો. આ સ્ફુરિત લોક-આંદોલનથી ગુજરાતબહારના લોકો અચંબામાં પડી ગયા અને ઉમાશંકર દીક્ષિતે લોકોને ઉશ્કેરવા માટે જનસંઘ અને સંસ્થા કૉંગ્રેસને જવાબદાર ગણીને પોતાની જાતને હાંસીપાત્ર બનાવી હતી. વિદ્યાર્થીઓ આંદોલનને મોખરે હતા અને તેઓ રાજકીય હેતુથી પ્રેરાયેલા ન હતા. પ્રથમ માગણી વાજબી ભાવે અનાજ માટેની હતી. પોલીસે જ્યારે પાંશવી રીતે બળનો ઉપયોગ કર્યો ત્યારે પરિસ્થિતિ વણસી અને આખું ગુજરાત ખળભળી ઊઠ્યું.

પહેલી જ વાર દેશે 'વિદ્યાર્થીશક્તિ' ના પ્રભાવનો અનુભવ કર્યો છે. ઊંચી આશાઓ અને અપેક્ષાઓ સાથે તાજેતરમાં સ્થપાયેલી એક રાજ્ય સરકારને સત્તા છોડવાની ફરજ પાડવામાં આવી. અધરા પ્રશ્નપત્રો, અંગ્રેજીમાં નિષ્ફળના સામે છૂટછાટ, હાજરી, પ્રિલિમિનરી પરીક્ષા ઇત્યાદિ પોતાની ક્ષુલ્લક મુશ્કેલીઓથી પહેલી જ વાર વિદ્યાર્થીઓ વેગળા રહ્યા. અનાજની અછત સામેના હુમલામાંથી તેઓ વેગથી રાજકીય ભ્રષ્ટાચાર સામે ધસ્યા હતા. આ પહેલાં દેશમાં દાર્ઢ્યક્ષમ વહીવટ માટે અને સરકારમાં સંભવત: ઓછામાં ઓછો ભ્રષ્ટાચાર હોવા વિશે ગુજરાતની પ્રતિષ્ઠા હતી. આ ધોરણોથી જોતાં ચીમનભાઇ પટેલની સરકારે બદબૂ ફેલાવી હતી. જાહેર નીતિમત્તાની પુનઃસ્થાપનાના પ્રયાસોમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ રાહ ચીંધ્યો છે.

અન્ય રાજ્યોમાં ભૂતકાળમાં ભ્રષ્ટાચારી સરકારો ટકી રહી હતી, કારણ કેન્દ્રનો તેમને ટેકો હતો. પણ ચીમનભાઇ પટેલને નવી દિલ્હીથી પૂરું સમર્થન મળવા છતાં, તેમની પોતાની જનતાને તેઓ કે તેમની સરકાર ખપતાં ન હતાં. પહેલાં કયારેય લોકો સમક્ષ ભ્રષ્ટાચાર આટલો ઉઘાડો પડ્યો ન હતો અને લોકો આ સામે કંઇ કરે તે પહેલાં વિદ્યાર્થીઓ સરકારના રાજીનામાની માગણીમાં આગળ વધ્યા હતા. આ પ્રક્રિયામાં તેમને બલિદાનો આપવાં પડ્યાં પણ તેમની માગણી બુલંદ બની ઊઠી હતી અને ચીમનભાઇ પટેલની સરકારને જવું પડ્યું. અને તે જાય તે વિદ્યાર્થીઓએ બરાબર જોયું.

આવી વિરલ સિદ્ધિ તેઓ કઈ રીતે પ્રાપ્ત કરી શકયા? તેમના પોતાના સંગઠિત બળ અને નિરધારથી જ. મોટેરાંઓની તેમણે મદદ માગી નહિ અને રાજકીય પક્ષો શાણપણ દાખવીને અલિપ્ત રહ્યા. વિદ્યાર્થીઓએ પોતાની નેતાગીરી ઊભી કરી લીધી. સત્તાના બળનો સામનો કરવા અને એ પ્રક્રિયામાં સહન કરવા માટેની આંતરિક શકિત તેમણે કેળવી લીધી. મહાત્માજીના સત્યાગ્રહયુગની યાદ એમાં તાજી થતી હતી. પોલીસ, ખાસ અનામત પોલીસ, સરહદ ચુરક્ષા દળ અને છેવટે સૈન્ય! કોઈ જ તેમના નિરધારને ડગાવી શકયું નહિ. પ્રજાસત્તાક દિનના અરસામાં ૬૦ થી વધુ શહેરો કરફ્યૂ હેઠળ હતાં; વહીવટી તંત્ર અને સરકારની આ કેવી નાલેશી! વિવિધ ભાગોમાંથી કરફ્યૂની અવગણનાના અહેવાલોએ સત્તાધીશો કેવા તિરસ્કૃત બની ગયા હતા તેની જ ચાડી ખાધી. શાસકો અને પ્રજા વચ્ચે એક ઊંડી ખાઈ રચાઈ ગઈ હતી.

વિદ્યાર્થીઓ મોખરે રહ્યા હોય ત્યાં શિક્ષકબંધુઓ પાછળ રહે ખરા? શિક્ષક સમાજને પણ મુખ્ય પ્રધાન સાથે કેટલોક હિસાબ પતાવી લેવાનો હતો. શૈક્ષણિક દુનિયા, ખાસ કરીને અમદાવાદની શૈક્ષણિક દુનિયા પર મુખ્ય પ્રધાન એક અનિષ્ટ વર્ગ ધરાવતા હતા. તાજેતરમાં વાઇસ-ચાન્સેલરની વરણીમાં તેમની સંડોવણીએ શિક્ષકોના એક વર્ગને વિક્ષુબ્ધ બનાવ્યો હતો.

હિંસા માટેનો ખુલાસો શો હોઈ શકે? લોકો જ્યારે અનાજ માટે પોકાર પાડી રહ્યા હોય ત્યારે પુરવઠા ખાતું મુખ્ય પ્રધાન પોતાને હસ્તક લે કે ભ્રષ્ટાચારની તપાસ અર્થે 'લોક આયુકત' નીમવાનું વચન આપે, યા વધુ અનાજ છૂટું કરવા કેન્દ્રને વિનંતિ કરવામાં આવે એ રાજકીય યુકિતપ્રયુકિતઓ કામિયાબ નીવડી શકે નહિ. નવનિર્માણ યુવક સમિતિના વિદ્યાર્થી નેતાઓએ પોતે જ કહ્યું છે તેમ, ૧૯૪૨માં પણ હિંસક કૃત્યો થયાં હતાં; અને ગાંધીજીએ જેલમાંથી વાઇસરોય પર લખેલા પત્રમાં એમ દર્શાવીને તેનો બચાવ કર્યો હતો કે બ્રિટિશ સરકારે છૂટી મૂકેલી 'રીંહી હિંસા' સામેનો લોકોનો એ માત્ર પ્રતિભાવ હતો. આપણે એ યાદ રાખીએ કે લોકશાહી અને જીવનની લોકશાહી પદ્ધતિ ક્રાંતિઓ અને હિંસાની રાખમાંથી જ પાંગરેલી છે. અંગ્રેજી લોકશાહી એક રાજાની હત્યા અને એક આંતરયુદ્ધના પાયા પર મંડાયેલી હતી. ફ્રેન્ચ લોકશાહીના મૂળમાં પણ ગિલોટીન (ફાંસીમંચ) અને લોહિયાળ ક્રાંતિ રહેલી છે. સંભવ છે ભારતીય લોકશાહી હજી પ્રસૂતિની વેદનામાંથી પસાર થઇ રહી છે. દેશમાં જાહેર જીવનમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારનો પહેલો મૃત્યુઘંટ ગુજરાતે બજાવ્યો છે. બારડોલી સત્યાગ્રહ જેમ સામુદાયિક સવિનય કાનૂનભંગના આંદોલનોના સંકેતરૂપ હતો તેમ ચીમનભાઈની સરકારને સત્તા પરથી બળપૂર્વક ખસેડવાની ઘટના પણ ભ્રષ્ટાચારી વહીવટી તંત્રના અંત અને ભલે નાના પ્રમાણમાં પણ, જાહેર નીતિમત્તાની પુન: સ્થાપનાના આરંભની સૂચક ગણાશે.

ડૉ. આલુબહેન દસ્તુર

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે ન ૩૫૦૨૯૫. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ. કોટ. મુંબઈ-૧.

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૭૪ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ મુક્તિની ઝંખના ☆

મુક્તિની ઝંખના માનવીહૃદયમાં અમર છે. માનવી, માનવી ઉપર અકથ્ય અત્યાચારો કરે છે. માનવી તે સહન પણ કરે છે. પણ તેની સહનશીલતાની મર્યાદા છે. તેનો આત્મા જાગી ઊઠે છે, મુક્તિનું ગાન ગમે તે ભોગે, બુલંદ સ્વરે પુકારે છે. સોલ્ઝેનિત્સિન આવા મુક્તાત્માઓનું એક પ્રતીક છે. અસહ્ય યાતનાઓ ભોગવ્યા પછી, નિર્ભયપણે આવો આવાજ સંભળાય છે.

સોલ્ઝેનિત્સિનને રશિયાએ હવે દેશનિકાલ કર્યો છે. મરણભય છતાં સોલ્ઝેનિત્સિનને પોતાનું વતન છોડવું ન હતું. તેને ફરી જેલમાં પૂરવાની અથવા તેના ઉપર કેસ ચલાવવાની રશિયાની હિંમત ન ચાલી. દુનિયાના વિરોધની એટલી અસર થઈ. પણ પોતાના દેશમાં તેને વધારે સમય રાખી શકાય તેમ ન હતું. સોલ્ઝેનિત્સિનને ખૂબ પ્રસિદ્ધિ મળી છે. તેના કેટલાક ગ્રંથો મેં વાંચ્યા છે. વાંચતાં રૂંવાડાં ઊભાં થઈ જાય, મગજ ભમવા માંડે એવા અમાનુષી બનાવોનાં વર્ણનો છે. 'વન ડે ઈન ધ લાઈફ ઓફ ઈવાન ડેનિસોવિચ' નાનો ગ્રંથ છે. માંડ માંડ પૂરો કર્યો. કેન્સર વૉર્ડ અરધેથી છોડી દેવો પડ્યો. આગળ વાંચી ન શક્યો. આવા જુલમો થઈ શકે તે કલ્પનામાં નથી આવતું. સાચા હોય તેમ માની શકાતું નથી. છતાં સોલ્ઝેનિત્સિને અનુભવો જ લખ્યા છે. આવા પાશવી અત્યાચારોને રાક્ષસી કહેવા તેમાં રાક્ષસી શબ્દનો દુરુપયોગ છે. રાક્ષસો પણ આવી યાતનાઓ લાદી ન શકે. આ યુગનો માનવી જ કરી શકે.

સોલ્ઝેનિત્સિનને નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે તેણે જે પ્રવચન મોકલાવ્યું, 'સત્યનો એક શબ્દ', તેમાંનાં કેટલાંક અમર વાક્યો અહીં ટાંકું છું :

"આપણી આ વીસમી સદી અગાઉની સદીઓના કરતાં વધુ ક્રૂર સાબિત થઈ છે, વળી તેના બધા ત્રાસનો તેના પૂર્વાર્ધનાં વર્ષો સાથે અંત આવતો નથી. એ જ જૂના આદિમ આવેગો – લોભ, ઈર્ષા, બેફામપણું, પરસ્પર દ્વેષ આપણા જગતને વેરવિખેર બનાવી રહ્યા છે, જો કે હવે તેઓએ લાંબાંલચક નવાં ભળતાં નામો ધારણ કર્યાં છે, જેવાં કે – 'વર્ગવિગ્રહ', 'રંગભેદના સંઘર્ષ', 'આમજનતાનું આંદોલન', 'સંગઠિત કામદારોનો જંગ' ઈત્યાદિ... સદીઓના અનુભવે ઘડાયેલી કાનૂની પદ્ધતિ દ્વારા ઓછા ને ઓછા પ્રમાણમાં નિયંત્રિત રહી શકતાં હિંસાનાં બળો જગતમાં હિંમતપૂર્વક આગળ ધપી રહ્યાં છે ને વિજયી બની રહ્યાં છે; સમગ્ર ઈતિહાસમાં હિંસાની વિફળતા વ્યાપક રીતે પ્રદર્શિત અને પુરવાર થઈ ચૂકી છે એ હકીકતની તેમને રજમાત્ર દરકાર નથી."

* * *

"વાત માત્ર એટલી જ નથી કે પાશવી બળ વિજેતા બની રહ્યું છે; તેને વાચાળ રીતે વાજબી ઠરાવવાનું પણ સફળ બની રહ્યું છે. જગતમાં છડેચોક એવી ખાતરીનાં જાણે પૂર ઊમટ્યાં છે કે બળ જ સર્વશક્તિમાન છે, જ્યારે સત્ય સામર્થ્યહીન છે."

* * *

"મ્યુનિકની (બાંધછોડની) ભાવના એ કોઈ રીતે ભૂતકાળની વાત બની ગઈ નથી, કારણ એ માત્ર એક ઝબકારા જેવી ઘટના ન હતી; હું તો એટલી હદે કહું કે મ્યુનિકની ભાવના એ વીસમી સદીની સૌથી પ્રભાવક ભાવના રહી છે. અચાનક નવપ્રાણિત બનેલી અને ધૂરકતી પાશવતાના આક્રમણ સામે સભ્ય જગતે કંપારી અનુભવી; એ પાશવતાનો સામનો કરવા સભ્ય જગતના હાથમાં કશું જ ન હતું, સિવાય કે છૂટછાટો અને સિમતો. મ્યુનિકની ભાવના એ ભદ્ર વર્ગની ઈચ્છાશક્તિની એક માંદગી છે; ઐશઆરામની લાલસાને જેઓ કોઈ પણ ભોગે વશ બની ગયા છે, પૃથ્વી પર આપણા જીવનની મુખ્ય નેમ તરીકે ભૌતિકવાદને જેઓ વશ વર્તીને રહ્યા છે તેમના માનસની એ સહજ સ્થિતિ છે. આવા લોકો – અને આજે જગતમાં એ કેટલાં બધાં છે! – રાબેતા મુજબના જીવનની સ્થિતિ થોડા વધુ સમય માટે ટકી રહે અને પાશવતાનો વિજય એક વધુ દિવસ પાછો ઠેલાય તે અર્થે નિષ્ક્રિયતા અને પીછેહઠને પસંદ કરે છે; કારણ આવતી કાલે, કોને ખબર, બધું બરાબર બની જાય! (પણ ના, એ બનવાનું નથી. કાયરતાની કિંમત ઊલટાની વધુ ચૂકવવી પડશે. હિંમત અને વિજય તો બલિદાનો માટે આપણી તૈયારી હોય ત્યારે જ આપણને વરે છે.)"

એક વાતનું મને આશ્ચર્ય રહ્યું છે તેનો અહીં ઉલ્લેખ કરું છું. સ્ટાલિને ત્રીસ વર્ષ એકચક્રે સર્વ સત્તા ભોગવી. હજારો માણસોને મારી નાખ્યા, લાખોને વર્ષો સુધી જેલમાં રાખ્યા છતાં તેની હયાતીમાં કોઈ વિરોધ કરી ન શક્યું. તેના અવસાન પછી કુશ્ચેવે ત્રણ વર્ષ બાદ કાંઈક પડદો ઊંચક્યો. જુલમો કેટલા અને ક્યાં સુધી પ્રજા સહન કરી શકે? કદાચ એમ ન હોય કે આ જુલમો સાથે એક બીજું એવું તત્ત્વ હતું જેમાં પ્રજાને આ જુલમોનો કાંઈક બચાવ લાગતો હોય અથવા કેટલેક દરજ્જે અનિવાર્ય લાગતા હોય? સામ્યવાદને જે સિદ્ધિ મેળવવી છે - સમાનતાના ધોરણે સમાજનું નવનિર્માણ - તેમાં આવો ભોગ આપવા તૈયાર રહેવું પડે એમ લાગે. જુલમો સાથે બીજાં સારાં પરિણામો ન હોય તો પ્રજા લાંબો વખત સહન ન કરે. મરણિયા થાય. ઝારના જુલમો સદીઓ સુધી સહન કર્યા પણ પહેલા વિશ્વયુદ્ધમાં તક મળી ત્યારે, રશિયાએ શરણાગતિ કરવી પડી તો પણ, ઝારને ઉખેડી નાખી, ક્રાન્તિ કરી. બીજા વિશ્વયુદ્ધમાં રશિયન પ્રજાને આવી જ તક મળી હતી. ૧૯૪૧-૪૨ નાં વર્ષોમાં જર્મનીએ રશિયા પર આક્રમણ કર્યું ત્યારે, પ્રજાનો પૂરો સાથ અને સહકાર ન હોત તો સ્ટાલિન એ યુદ્ધમાં છેવટ વિજયી ન થાત એટલું જ નહિ પણ તેને ઉખેડી નાખવાની તક હતી. છતાં લેનિન-

ગ્રાડનું રક્ષણ અને યુદ્ધમાં ભોગ આપવાની બધી તૈયારી પ્રજાએ બતાવી. નાઝીવાદ અને ફાસીવાદ–હિટલર અને મુસોલિની-નિર્ભેળ અનિષ્ટ હતા એટલે ટકી ન શક્યા. રશિયન પ્રજા હવે અજ્ઞાન કે અશિક્ષિત નથી. ૯૮ ટકા શિક્ષણ છે. વિજ્ઞાનના ક્ષેત્રે અદ્‌ભુત પ્રગતિ કરી છે. કુશ્ચેવે કાંઈક ઉદાર થઈ છૂટછાટો આપી. બારી ખોલી, કાંઈક હવા-ઉજાસ દાખલ કર્યાં. સોલ્ઝેનિત્સિનનું પહેલું પુસ્તક પ્રકટ કરવાની કુશ્ચેવે મંજૂરી આપી, સ્ટાલિનના જુલમો ઉઘાડા પડવા દીધા. છતાં કુશ્ચેવને ક્ષણ-માત્રમાં દૂર કર્યો. હંગેરી અને ચેકોસ્લોવેકિયામાં સ્ટાલિનિઝમ સામે બળવા થયા. પણ સફળતા ન મળી. યુગોસ્લાવિયામાં ટીટોએ સ્ટાલિનથી જુદા પડી, સમાજવાદને નવું સ્વરૂપ આપ્યું છતાં ત્યાં પણ સ્વતંત્રતા તો નથી જ. ચીનમાં માઓની સરમુખત્યારી, અનેક ઝંઝાવાતો અને યાતનાઓ છતાં દૃઢ છે અને ચીન ૨૫ વર્ષમાં ભાંગીને ભૂકો થયું હતું તેમાંથી એક મહાસત્તા તરીકે બહાર આવે છે. સામ્યવાદમાં માનવીનું ગૌરવ નથી, સ્વતંત્રતા નથી, અનહદ હિંસા અને જુલમો છે છતાં તેનું આકર્ષણ ઓછું થવાને બદલે વધતું જાય છે, તેનું કારણ વિચારવું જોઈએ. હું માનું છું સામ્યવાદનું બળ તેના આદર્શમાં છે. અને તે આદર્શની સિદ્ધિ માટે, જુલમો અને યાતનાઓ સહન કરવાં પડે ત્યારે, જો તે આદર્શની સિદ્ધિ થોડે અંશે પણ થતી રહે તો, પ્રજા તૈયાર રહે છે. સામ્યવાદી દેશોએ આર્થિક ક્ષેત્રે, પ્રજાની જીવનજરૂરિયાતો પૂરી પાડવામાં અને આર્થિક અસમાનતા ઓછી કરવામાં પ્રગતિ સાધી છે તે સામ્ય-વાદનું બળ છે. લોકશાહી દેશોમાં સ્વતંત્રતા છે, પણ જો તે સાથે આર્થિક પ્રગતિ ન થાય અને ખાસ કરીને વિષમ આસમાનતાઓ ઓછી ન થાય, પ્રજાને જીવનની જરૂરિયાતો ન મળે, તો તે સ્વતંત્રતા પોકળ છે અને પ્રજા હિંસાને માર્ગે જાય. ગરીબ અને વિકસતા દેશોની આ મોટામાં મોટી સમસ્યા અને કોયડો છે. એક તરફ ઔપ-ચારિક - લીગલ - ફોર્મલ - સ્વતંત્રતા પણ સાથે બેકારી, ભૂખમરો, વધતી જતી મોંઘવારી તથા આસમાનતાઓ અને બીજી તરફ સ્વતંત્ર-તાનો અભાવ, જુલમો અને સરમુખત્યારી છતાં કાંઈક આર્થિક પ્રગતિ, પ્રજાના પેટનો ખાડો પુરાય એવી સ્થિતિ, આ બે વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે પ્રજાનો મોટો ભાગ બીજી પસંદગી કરે છે એમ લાગે. પ્રજાનો નાનો વર્ગ જે સુખસમૃદ્ધિ ભોગવે છે તે સ્વતંત્રતા અને મૂળભૂત અધિકારોને નામે યથાવત સ્થિતિ ચાલુ રાખવા પ્રયત્ન કરે પણ ગરીબીની પીડા જેને ભોગવવી પડે છે તેને માટે આવી સ્વતંત્રતા કે મૂળભૂત હકકોનો કાંઈ અર્થ નથી.

છેવટ પ્રશ્ન રહે છે કે અત્યારની લોકશાહી ઢબે સાચો સમાજ-વાદ લાવી શકાય? જો તે શક્ય નહિ લાગે તો એવી લોકશાહીને લોકો વળગી રહેશે કે તેને પણ ડરીને પણ ગરીબાઈને હટાવવા બીજા માર્ગો લેશે?

૨૨-૨-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## પ્રકીર્ણ નોંધ

### ગુજરાત વિધાનસભાનું વિસર્જન

આ માગણી માટે ગુજરાતમાં હજી આંદોલન ચાલુ રહ્યું છે. ધારાસભ્યો ઉપર ધાકધમકી, સામાજિક બહિષ્કાર, ઘેરા ઘાલવા, તેમનાં ઘરો ઉપર હુમલા લઈ જવા વગેરે ચાલુ છે. 'વિસર્જ-નની માગણી' શા માટે છે? કારણ, આ ધારાસભ્યો લાયક નથી, પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા છે, ફરીથી કાવાદાવા કરી આ જ ધારાસભ્યો મંત્રીમંડળ રચી સત્તારૂઢ ન આવે, નવી ચૂંટણી થાય, સેવાભાવી, નિઃસ્વાર્થ, કોઈ રાજકીય પક્ષને વરેલા ન હોય તેવા લોકોના પ્રતિનિધિઓને ચૂંટી, સ્વચ્છ રાજતંત્ર કરવું.

ગુજરાતના રચનાત્મક કાર્યકરો અને લોકનીતિ – વિચારમાં રસ ધરાવનાર મિત્રોનું એક સંમેલન પૂજ્ય રવિશંકર મહારાજ અને શ્રી જયપ્રકાશ નારાયણના સાન્નિધ્યમાં તા. ૧૩-૨-'૭૪ ના રોજ સાબરમતી આશ્રમમાં મળ્યું. આ સંમેલને એક નિવેદન બહાર પાડ્યું છે. વિસર્જનની માગનું સમર્થન કર્યું છે. તે માટેનું આંદોલન સંપૂર્ણ શાન્તિમય હોય અને દબાણ કે બળજબરીથી મુકત હોય એ જરૂરી છે એમ ભારપૂર્વક જાહેર કર્યું છે. નવી ચૂંટણી આવે તેમાં ઉમેદવારોની પસંદગીમાં લોકોની ઈચ્છા સર્વોપરી ગણાય, તે માટે સમાજમાં સંગઠિત પરિબળ ઊભું કરવું, મતદાર મંડળોની રચના કરી લોકોમાં જાગૃતિ લાવવી અને લોકોએ પસંદ કરેલ ઉમેદવાર કોઈ રાજકીય પક્ષનો સભ્ય ન હોય તેમ કરવું.

આંદોલન સંપૂર્ણપણે શાન્તિમય નથી જ એ હકીકત છે. બલ્કે બેન્કો લૂંટવી, જાહેર મિલકત બાળવી, બંધો કરવા વગેરે ચાલુ છે. રચનાત્મક કાર્યકરો આંદોલનને શાન્તિમય રાખી શકતા ન હોય તો તેમનો કાંઈ ધર્મ ખરો કે પછી શાન્તિનો ઉપદેશ માત્ર ઔપ-ચારિક છે? ગાંધીજી હિંસક આંદોલન પાછું ખેંચી લેતા અને પ્રજામાં રચનાત્મક કાર્યથી ઠંડી તાકાત કેળવી, પછી આંદોલન શરૂ કરતા.

શ્રી જયપ્રકાશ નારાયણ પાસે નવનિર્માણ સમિતિના યુવ-કોએ પ્રેરણાદાયી માર્ગદર્શન માગ્યું. જવાબ આપ્યો, "સ્વાસ્થ્યને કારણે મજબૂર છું. મારે કોઈનું યે નેતૃત્વ કરવું નથી... તમારે તમારા બુદ્ધના નેતા બનવાનું છે." એનો અર્થ એ થયો કે આંદો-લનની જવાબદારી પોતે લેવી નથી. ચાર દિવસની ઊઠતી મુલાકાતમાં યુવકોને આહ્‌વાન કર્યું કે જોશ અને હોશ સાથે આગે બઢો. "સ્વાસ્થ્યને કારણે લાચાર છું...તમારી અપેક્ષાની પૂર્તિ ન કરી શકું તો ક્ષમા કરજો. પણ શું કરું, મારાથી રહેવાયું નહિ એટલે યુવકોને આહ્‌વાન કરું છું કે કૂદી પડો." પોતે એક વખત "યુવકહૃદય-સમ્રાટ" હતા એ વાતની યાદ દેવડાવી. "આત્યારે દિલમાં તો યુવાની છે પણ શરીર થાકી ગયું છે." કોઈ કાર્યક્રમ નહિ, કોઈ માર્ગદર્શન નહિ. આ બધાની પાછળ એક કાર્યક્રમ દેખાય છે કે આંધી ચડાવવી. એને ક્રાન્તિ કહેવી.

ધારાસભાનું વિસર્જન થાય અને નવી ચૂંટણી થાય તો તેને માટેના જે ઉમેદવારો તૈયાર કરવા હોય તેમાં કેટલી બધી પૂર્વતૈયારી કરવાની જરૂર છે. સંગઠિત લોકબળ ઊભું કરવું છે. ગ્રામસભાઓ, મોહલ્લા સભાઓ રચવી છે, જેની મારફત લોકો ઉમેદવારો પસંદ કરશે. આવો પ્રયોગ કોઈ દેશમાં થયો નથી. તો તેને માટે સ્પષ્ટ માર્ગદર્શન, કાર્યની રૂપરેખા, લોકસંપર્ક અને લોકજાગૃતિ કેટલા ખંતથી અને લાંબા સમય સુધી કરવાં પડે? શા માટે તેની શરૂઆત નથી કરતા? ભ્રષ્ટાચાર રાજદ્વારી પુરુષોમાં જ છે તેમ નથી, જીવનનાં બધાં ક્ષેત્રોમાં છે. શું કરવું છે તેને માટે? લોકોને મોંઘવારીની ભીંસમાંથી કાંઈક રાહત આપવા કાંઈ કરવાનું છે? માત્ર ધારાસભા વિસર્જનથી આ બધું થઈ જવાનું છે?

શ્રી જયપ્રકાશે કહ્યું છે કે વિસર્જન થાય તો પણ નવી ચૂંટણી કરતાં પહેલાં આ બધી તૈયારી કરવા લાંબો સમય જોઈશે. તો પછી રાષ્ટ્રપતિ શાસન એક વરસ કે બે વરસ ચાલુ રહે તેવી માગણી કરો, આ બધી તૈયારી કરો. ધારાસભા તો સ્થગિત છે. ધારાસભા વિસર્જન કરી તુરતમાં જ નવી ચૂંટણી કરવી હોય તો તે જ રાજકીય પક્ષો પાછા આવશે, જેને વિશે શ્રી જયપ્રકાશે કહ્યું છે કે ભ્રષ્ટા-ચારથી કોઈ મુકત નથી.

બિનપક્ષીય લોકશાહી વ્યવહારુ છે કે નહિ તે પ્રશ્નની ચર્ચામાં અત્યારે ન ઊતરું. હું તો એમ માનું છું કે આ બિનપક્ષીય લોકશાહી એક નવો પક્ષ ઊભો કરશે. આમે જે ઉમેદવારો પસંદ કર્યા છે તે લોકોના સાચા સેવક છે, બીજા બધા રાજકીય પક્ષોનું વિસ-

જૈન થવું જોઈએ. એક જ પક્ષ રહે તો પછી બિનપક્ષીય જ કહેવાય. સામ્યવાદમાં એક જ પક્ષ હોય છે.

આપણે સ્વીકારીએ કે ગુજરાત વિધાનસભાના વર્તમાન ધારાસભ્યો રાજ્ય કરવાને લાયક નથી. નવું મંત્રીમંડળ રચવાનો પ્રયત્ન કરે ત્યારે યોગ્ય પગલાં લેવાં. અત્યારે શાન્તિ સ્થાપી જે રચનાત્મક કાર્ય કરવાનું છે તેમાં લાગી જવું. જે વર્તમાનપત્રોએ અને આગેવાનોએ વિસર્જનની માગને ટેકો આપ્યો છે તે પણ ભારપૂર્વક કહે છે કે આ હિંસા રોકવી જોઈએ, નહિ તો તેનાં પરિણામો પ્રજા માટે ખતરનાક છે. સાબરમતી સંમેલનના નિવેદનમાં કહ્યું કે લોકજાગૃતિને રચનાત્મક માર્ગે વાળવી. પણ રચનાત્મક માર્ગ લેવો છે કોને? અમારી માગણી પહેલાં મંજૂર થવી જોઈએ એવો આગ્રહ વર્તમાન પરિસ્થિતિમાં કેટલે દરજ્જે યોગ્ય છે? એવી માગણી બળજબરીથી મંજૂર થાય તો તેના રાજકીય પરિણામો શું છે તે ભાઈ પ્રબોધ ચોકસીનો લેખ, જે આ અંકમાં પ્રકટ થાય છે, તેમાં બતાવ્યું છે. ખરી રીતે આ આંદોલન માત્ર ધારાસભા-વિસર્જન માટે જ નથી, કેન્દ્ર અને કોંગ્રેસ સામે છે એમ સ્પષ્ટ થતું જાય છે. મ્યુનિસિપાલિટીઓ અને પંચાયતોમાંથી રાજીનામાં શા માટે મગાય છે? કેન્દ્ર કે કોંગ્રેસ સહેલાઈથી નમતું મૂકશે? આ માગણી મંજૂર થાય તો બીજાં રાજ્યોમાં તેનું પુનરાવર્તન થાય. મહારાષ્ટ્રમાં શરૂઆત થઈ છે. તો પછી સંસદીય લોકશાહી કે ચૂંટણીનો કોઈ અર્થ રહેતો નથી. પૂજ્ય રવિશંકર મહારાજ આ બધાં રાજકીય પરિણામોથી કદાચ પૂરા વાકેફગાર ન હોય. શ્રી જયપ્રકાશ પૂરા પરિચિત છે અને તેમની યોજના કાંઈક જુદી જ હોવાનો સંભવ છે. વિધાનસભાના કોંગ્રેસી સભ્યો પણ, ડરથી ચાથવા પોતાનું રાજકીય સ્થાન સર્વથા ગુમાવી બેસવું ન પડે એવા સ્વાર્થથી ટપોટપ રાજીનામાં આપી રહ્યા છે. કોંગ્રેસ વિધાનસભા પક્ષ ફરી મંત્રીમંડળ રચી સત્તા પર આવે એવી કોઈ શકયતા નથી. વિસર્જન માટેનું આંદોલન નિરર્થક છે અને પ્રજાની હાડમારીઓ વધારે છે. પણ આ આંદોલન વિસર્જન પૂરતું જ છે કે તેથી વધારે એ માટે શંકા દૃઢ થતી જાય છે. સશસ્ત્ર બળવાની વાતો થવી શરૂ થઈ છે. ગુજરાત તેની પ્રયોગશાળા બને તે પહેલાં, પૂરો વિચાર કરીએ.

### બંગલાદેશને સ્વીકૃતિ

આખરે ભૂતોએ બંગલાદેશને સ્વીકૃતિ આપી છે. પણ જે રીતે તે બન્યું તે વિચારવા જેવું છે. સિમલા કરાર અનુસાર આ સ્વીકૃતિ ઘણા વખત પહેલાં આપાવી જોઈતી હતી. હવે મુસ્લિમ રાજ્યોના દબાણથી આપી છે; ભારતને તેનો કોઈ યશ ન મળે તેની કાળજી રાખવામાં આવી છે. મુસ્લિમ રાજ્યોની પરિષદ લાહોરમાં મળે છે ત્યારે બંગલાદેશ જેવું મોટું મુસ્લિમ રાજ્ય તેમાંથી અલગ રહે તો ઈસ્લામનું સંગઠન અધૂરું રહે, તેથી ઈજિપ્ત અને બીજાં રાજ્યોએ પાકિસ્તાન ઉપર દબાણ કર્યું. સ્વીકૃતિ બિનશરતી આપી છે પણ ખાનગી સમજણ થઈ લાગે છે કે પાકિસ્તાનના ૧૯૫ યુદ્ધકેદીઓ ઉપર કામ ચલાવવામાં નહિ આવે. આ સાંપ્રદાયિક સંગઠનમાં બિનસાંપ્રદાયિક બંગલાદેશનું કેવું સ્થાન રહેશે તે જોવાનું છે. ભારત અને બંગલાદેશ બિનસાંપ્રદાયિક છે. શેખ મુજીબુર રહેમાન ખરેખર બિનસાંપ્રદાયિક છે, પણ ધર્મજનૂનનું આકર્ષણ પ્રબળ છે. બંગલાદેશની પ્રજા કયારે આ ઈસ્લામના સંગઠનમાં નહિ ખેંચાય તે કહેવું મુશ્કેલ છે. ભારતની પૂર્વ તથા પશ્ચિમે મુસ્લિમ રાજ્યો, બીજાં મુસ્લિમ રાજ્યોના સહકારથી ઈસ્લામનું સંગઠન કરે છે. ભારતના મુસલમાનોને તેમાં આમંત્રણ આપવામાં આવ્યું નથી પણ તેમાંના મોટા ભાગનું વલણ ખાનગી નથી.

### પરમાગમ મન્દિર

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી શ્રીમહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિરના ઉદ્‌ઘાટન માટે, ચિત્રોથી ભરપૂર, આર્ટ પેપર ઉપર લગભગ દોઢ ફૂટ પહોળી, અઢી ફૂટ લાંબી આમંત્રણ-પત્રિકા નીકળી છે. એકની કિંમત ૮થી ૧૦ રૂપિયા થયા હશે. એવી લોકોને હજારો પત્રિકાઓ મોકલાવી છે. તેમાં લખ્યું છે, પરમાગમ સુધાપાનરસિક, અધ્યાત્મ સંત શ્રી કાનજીસ્વામીની ૮૦મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે પરમાગમ મંદિરની રચના કરવાનો નિર્ણય કર્યો. ઈટલીથી સૌથી પ્રથમ આવેલ યંત્રથી, સંગેમરમરના રમણીય મંદિરની દીવાલો પર, કુંદકુંદાચાર્યના પાંચ ગ્રન્થો સુંદર અક્ષરે કોતરવામાં આવ્યા છે, જેથી હજારો વર્ષ સુધી અનેક આત્માર્થીઓને આધ્યાત્મ જ્ઞાનની પ્રેરણા મળે. આ મહોત્સવ આઠ દિવસ – ૨૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ સુધી - ચાલશે. ઈન્દ્રપ્રતિષ્ઠા થશે, ઈન્દ્રોનું જુલુસ નીકળશે, અનેકવિધ પૂજાઓ થશે, પારણાઝૂલન, રાજ્યાભિષેક, રાજસભા, સમોવસરણ, રથયાત્રા એવા અનેક કાર્યક્રમો થશે. મુમુક્ષુ હૃદયો આવા અતિ આહ્લાદક પ્રસંગોથી પ્રમુદિત થશે.

સાંભળ્યું છે કે આ પરમાગમ મંદિરની રચનામાં વીસ લાખ રૂપિયા ખરચાયા છે. આઠ દિવસના મહોત્સવમાં હજારો માણસો હાજર રહેશે. તેમના રહેવા માટે તંબૂઓ તણાયા છે, અનેકવિધ ભોજન માટે વ્યવસ્થા થઈ છે. આઠ દિવસના મહોત્સવમાં લગભગ દસ લાખ રૂપિયાનું ખર્ચ થશે.

આ બધું થઈ રહ્યું છે તે વિશે શું કહેવું? જૈન સમાજ અને જૈન ધર્મની આથી મોટી વિડંબના કલ્પી શકાય તેમ નથી. ભગવાન મહાવીરની વાણી આગમોમાં છે. ભગવાનના એક આચાર્યના ગ્રન્થો પરમાગમ થયા. ભગવાન કરતાં પણ ચઢી ગયા કારણ કે સોનગઢના સંત પરમાગમ સુધાપાનરસિક છે. કુંદકુંદાચાર્યના બધા ગ્રન્થો છપાયા છે પણ સોનગઢના સંતની જન્મજયન્તી ઊજવવા સંગેમરમરમાં કોતરવા જોઈએ જેથી મુમુક્ષુ સોનગઢ જઈ હજારો વર્ષ સુધી આધ્યાત્મ જ્ઞાનની પ્રેરણા મેળવે. પ્રકટ થયેલ ગ્રન્થો વાંચવાથી આવી પ્રેરણા ન મળે! લોકોને ખાવા નથી મળતું ત્યારે આઠ દિવસ ચોથા આરો પ્રવર્તતો હોય તેમ મહોત્સવ થશે જેથી મુમુક્ષુઓનાં હૃદયો પ્રમુદિત થાય. શ્રી કાનજી સ્વામીએ મન્દિરો બંધાવવા સિવાય લોકકલ્યાણનાં કોઈ કાર્યો કર્યાં હોય કે કરાવ્યાં હોય તેવું જાણ્યું નથી. આત્મા અને મોક્ષના ઉપદેશની તેમની અમૃતવાણી સંસારની કોઈ બાબતને સ્પર્શતી નથી.

આ લાખો રૂપિયા આપે છે કોણ? આ શ્રીમંતોને પોતાની લક્ષ્મીનો બીજો કોઈ સદુપયોગ કરવાનું સૂઝતું નથી? કયા સમાજમાં તેઓ રહે છે? જૈન સમાજ હાંસી અને તિરસ્કારને પાત્ર થાય તેની તેમને કાંઈ પડી છે? હજી પણ સવેળા ચેતશે કે પ્રજાનો રોષ વહોરી લેશે? ૮૦ વર્ષ નિમિત્તે ૮૦ મન્દિરો બંધાવવાની યોજના છે તેમ સાંભળ્યું છે.

આ સમારંભમાં ભાગ લેવાવાળા ઘણા આગેવાનો સાથે મારે અંગત ગાઢ સંબંધ છે. સજ્જન માણસો છે. આ લખતાં દુઃખ થાય છે. દિગમ્બર સમાજ શ્રી કાનજી સ્વામી પ્રત્યે ખાસ આકર્ષાયો છે એમ માનીને કે દિગમ્બરોની સંખ્યા વધે છે, અને તેમનાં મન્દિરો વધે છે. મૂળ સ્થાનકવાસી સાધુ શ્રી કાનજી સ્વામી હવે નથી શ્વેતામ્બર, નથી દિગમ્બર, નથી જૈન મુનિ.

**ચીમનલાલ ચકુભાઈ**

## ગુજરાત વિષે મનોમંથન

ગુજરાતના બનાવોના મનોમંથનરૂપે 'પ્રબુદ્ધ જીવન' નો ગુજરાત વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો છે. આ અંકના લેખકો સર્વશ્રી ચીમનલાલ ચકુભાઈ, ઉછરંગરાય ઢેબર, મોહનલાલ મહેતા – સોપાન, મનુભાઈ મહેતા, રવિશંકર મહેતા, વાડીલાલ ડગલી, ઉમાશંકર જોશી, યશવન્ત શુકલ, આલુબહેન દસ્તુર અને રજનીકાન્ત કટારિયા છે. હવે આ વિશેષાંકની સઘળી સામગ્રી પુસ્તિકારૂપે પ્રગટ કરવામાં આવી છે અને એમાં શ્રી પ્રબોધ ચોકસીનો એક લેખ પણ સમાવવામાં આવ્યો છે. આ પુસ્તિકાની કિંમત પચાસ પૈસા છે અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪ ત્યાંથી એ મળી શકશે.

મંત્રીઓ
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# ☆ ઈશ્વર ☆

મૃત્યુ અને પુનર્જન્મ વિશે મારા વિચારો વાંચીને એક ભાઈએ સૂચવ્યું છે કે ઈશ્વર વિશે મારા વિચારો મારે જણાવવા. લાંબા સમયથી મારા મનમાં જે વિચારો ઘોળાય છે તેને ટપકાવવાની આ તક લઉં છું. જે કાંઈ લખું છું તે અનુભવનું પરિણામ નથી. એટલે કે ઈશ્વર - સાક્ષાત્કાર અથવા એવી કોઈ અનુભૂતિ થઈ નથી. આ વિચારો લજી બુદ્ધિના પ્રદેશમાં છે. વળી અત્યારે મનમાં જેમ આવે છે તેમ લખી નાખું છું. વ્યવસ્થિત લખવું હોય તો વિસ્તારથી તર્કશુદ્ધ લખવું જોઈએ. પણ એટલું કહું કે અત્યારે જે લખું છું તે દીર્ઘ મનન અને ચિન્તનનું પરિણામ છે, અત્યારે દૃઢ થયેલા વિચારો ઉપરચોટિયા નથી.

મારી સમજણમાં ઈશ્વર એટલે શું નહિ તે પહેલાં કહી દઉં. ઈશ્વર એટલે આ વિશ્વ કે બ્રહ્માંડથી ભિન્ન કોઈ વ્યકિત કે આ વિશ્વને પેદા કરનાર કોઈ સર્વશકિતમાન પરમાત્મા નહિ. જૈનો નિરીશ્વરવાદી કહેવાય છે. એટલે કે આ જગત કોઈ એક સમયે કોઈ ઈશ્વરે પેદા કર્યું એમ જૈનદર્શન માનતું નથી. જૈનદર્શન પ્રમાણે આ જગત અનાદિ અનંત છે. કોઈએ પેદા કર્યું નથી. કોઈ દિવસ તેનો સર્વથા નાશ થવાનો નથી.

ઈશ્વર આ જગતનો કર્તા નથી અને આ જગત અનાદિ, અનંત છે એમ માનીએ તો પણ એવી માન્યતા હોઈ શકે કે આ જગતથી ભિન્ન એવો કોઈ સર્વશકિતમાન, ઈશ્વર છે, જે સૌનો ન્યાયકરે છે, જેની દયાથી આપણું કલ્યાણ થાય. દાખલા તરીકે, બાઈબલનો બધો આધાર લગભગ આવી માન્યતા ઉપર હોય એવું મને લાગ્યું છે. Your father in Heaven. એને રાજી કરવા તું સત્કાર્ય કર. સત્કાર્ય નહિ કરીશ તો તે તને સજા કરશે. સંભવ છે આ બધી આલંકારિક કે લૌકિક ભાષા હોય. પણ ખ્રિસ્તી ધર્મમાં આ ભાવ દૃઢ છે એમ મને લાગ્યું છે. ઈસ્લામમાં પણ કોઈક આવો જ ભાવ છે.

બધી પ્રાર્થનામાં અને ભકિતમાં આ ભાવ રહ્યો છે. ભકિતનો આધાર દ્વૈતભાવ છે. આપણાથી ભિન્ન ઈશ્વર છે, જેની ભકિત કરવી, પ્રાર્થના કરવી, દયા યાચવી. ભકતોએ ઇશ્વરને અનેક સ્વરૂપે કલ્પ્યો છે. હનુમાન જેવી દાસભકિતમાં ઈશ્વર સ્વામી છે, કૃષ્ણ – અર્જુનની સખાભકિતમાં ઇશ્વર મિત્ર છે, રાધા-કૃષ્ણની પ્રેમભકિતમાં ઈશ્વર પ્રેમમૂર્તિ છે. તાત્ત્વિક રીતે, આ દ્વૈતભાવ, અદ્વૈતનો જ માર્ગ છે, સાધના છે, એમ સંતપુરુષોએ કહ્યું છે. પણ લોકમાનસમાં આપણાથી ભિન્ન ઈશ્વર છે એવો દૃઢ ભાવ રહે છે, પોષાય છે. આવી માન્યતાનાં પરિણામો જુદાં જ આવે છે. કેટલાંક સારાં છે, કેટલાંક હાનિકારક છે. તેની ચર્ચામાં અહીં ઊતરતો નથી.

આ બાબતમાં પણ જૈનદર્શનની માન્યતા હું સ્વીકારું છું. જિનપદ, નિજપદ એકતા ભેદભાવ નહિ કાંઈ. આત્મા તે જ પરમાત્મા. તો પછી પ્રાર્થના અને ભકિતનું સ્થાન શું? તે વિશે હવે પછી કહીશ.

આ વિશ્વથી ભિન્ન એવો કોઈ ઈશ્વર ન હોય તો ઈશ્વર એટલે શું?

હું એમ દૃઢપણે માનું છું કે આ વિશ્વમાં સર્વવ્યાપી ચેતનશકિત છે, જે આ વિશ્વને ધારણ કરે છે, તેનો આધાર છે. આ વિશ્વ માત્ર ભૌતિક પદાર્થોનો સમૂહ નથી, કોઈ અકસ્માત નથી. માત્ર ભૌતિક પદાર્થોનો સમૂહ જ હોત તો એક ક્ષણ પણ ટકે નહિ. આપણો પોતાનો અનુભવ પણ તે જ કહે છે. આ દેહમાં ચેતનશકિત છે તે તેનો આધાર છે, તેનું જીવન છે. દેહ ભૌતિક છે પણ ચેતનશકિત – આત્મા – એ જડના નિયમોને વશ નથી. તેની અગાધ, અનંત શકિત છે. જે પિંડે તે બ્રહ્માંડે. આ દેહની ચેતનશકિત, વિશ્વની અનંત ચેતનશકિતનો એક અંશ છે અને તેનું સ્વરૂપ તે જ છે. મારો આત્મા દેહવ્યાપી છે. વિશ્વની ચેતનશકિત, વિશ્વવ્યાપી છે. આ વિશ્વવ્યાપી ચેતનશકિત તે ઇશ્વર છે.

ઓશાવાસ્યમિદં સર્વમ્ યત્કિંચ જગત્યામ્ જગત્

જગતમાં જે કાંઇ જીવન છે (પદાર્થ છે), તે બધું ઈશ્વરથી વસેલું છે, આ જગત ઈશ્વરનો આવાસ, રહેઠાણ છે. બધું ઈશ્વરમય છે. આણુએ આણુમાં વ્યાપેલ છે.

જડ પ્રકૃતિ અને આત્મચેતના ભિન્ન છે છતાં એટલાં ભિન્ન નથી કે પરસ્પર સંબંધ ન હોય. હું એમ માનું છું કે ચેતન જડનો સ્વામી છે, જડ ચેતનને વશ છે, ચેતન જડને આવરી લે છે. જડ પ્રકૃતિના નિયમો માણસ શોધી કાઢે છે અને પ્રકૃતિ ઉપર કાબૂ મેળવે છે તે જ બતાવે છે કે જડ - ભૌતિક પદાર્થો-માં કોઈ તત્ત્વ એવું છે કે જેનું ચેતન સાથે સામ્ય છે. વિજ્ઞાન જડ ઉપર ચેતનનો વિજય છે. જડ તેના નિયમોને વશવર્તી છે પણ તે નિયમો માણસ શોધી કાઢે છે અને જડ ઉપર પ્રભુત્વ મેળવે છે. વિશ્વશકિતનું સકળ બ્રહ્માંડ ઉપર એવું જ પ્રભુત્વ છે.

વ્યકિતનો આત્મા અથવા જીવ અનેક આવરણોથી ઢંકાયેલ છે, કર્મમળથી આચ્છાદિત છે તેથી તેના શુદ્ધ સ્વરૂપને તે પામી શકતો નથી. પણ આ આવરણો દૂર કરવાની તેનામાં શકિત છે અને જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે ત્યારે વિશ્વજ્યોતિમાં તે વિલીન થાય છે. જન્મમરણના ફેરાનો અંત આવે છે.

છેલ્લી બે બાબતમાં જૈનદર્શન જુદું પડે છે. જૈનદર્શન એમ માને છે કે જડ ચેતન સર્વથા ભિન્ન છે. સકળ વિશ્વને આવરી લેતી એક ચેતનશકિત, મહાજ્યોતિ હોય તેવી જૈનદર્શનની માન્યતા નથી. તો જડ-ચેતનનો સંબંધ કેમ થયો અને શાથી ટકે છે, આ દેહમાં અને વિશ્વમાં? જૈનદર્શન માને છે તે સંબંધ અનાદિ છે.

વિશેષ, જનદર્શન એમ માને છે કે પ્રત્યેક જીવાત્મા ભિન્ન છે અને સદાકાળ ભિન્ન રહે છે. મુકિત મેળવે ત્યારે પણ સિદ્ધશિલા ઉપર પ્રત્યેક આત્મા અલગ રહે છે, જો કે બધાનું સ્વરૂપ સમાન છે. મને એમ લાગે છે કે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામે ત્યારે વિશ્વચેતનની મહાજ્યોતિમાં તે વિલીન થાય છે. ત્યારે આત્મા પરમાત્મા પદને પામે છે.

જિનપદ નિજપદ એકતાનો અર્થ હું એટલો જ નથી કરતો કે દરેક આત્મા કેવળ જ્ઞાન કે પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે અને છતાં ભિન્ન રહે છે. આત્મા ભિન્ન રહે ત્યાં કાંઈક અહમ્ અથવા પોતાપણું રહે છે. અંતિમ કોટિએ તે ન હોય તેમ મારું માનવું છે.

તેથી, ઈશ્વર એટલે જગતને આવરી રહેલ ચેતનતત્ત્વ અને મોક્ષ એટલે શુદ્ધ સ્વરૂપને પામી તેમાં લીન થવું.

ઈશ્વરભકિત અથવા પ્રભુપ્રાર્થના કરીએ છીએ ત્યારે આ પરમ તત્ત્વને પામવાની તાલાવેલી અથવા બીજા શબ્દોમાં આત્માનું શુદ્ધ સ્વરૂપ પામવાની ઝંખના. કોઈ બાહ્ય વસ્તુની પૂજા નથી, આત્મશોધનની પ્રક્રિયા છે.

ગાંધીજીએ કેટલેક ઠેકાણે એમ કહ્યું છે કે ઈશ્વર એટલે સત્ય અથવા સત્ય એ જ ઈશ્વર. રામનામના જપ વિષે પણ, ગાંધીજીએ કહ્યું છે કે એમનો રામ તે દશરથનો કુંવર કે સીતાનો પતિ નહિ પણ અંતર્યામી, જે સહુના અંતરમાં છે છતાં સહુથી જુદો

છે અને સહુના સ્વામી છે. જુદા છે, અથવા સ્વામી છે તે એવા અર્થમાં કે આ દેહમાં રહેલ આત્મા તે મહાજ્યોતિનો અંશ છે. અંતે તેને પામશે.

પ્રાર્થના કરીએ ત્યારે વિશ્વની એ વિરાટ શક્તિની સહાય માગીએ છીએ. આપણે દુ:ખ કે સંકટમાં બીજા મનુષ્યોની સહાય માગીએ છીએ. મહાજ્યોતિની શ્રદ્ધા હોય તો, નિર્બલ કે બલ રામ, એના શરણે જઈએ. સૌની ચિન્તા તે કરે છે. એના શરણે જાય તેને બીજું કોઈ શરણ શોધવાનું રહેતું નથી. જેવી રીતે ફેફસાના પ્રયત્નને દુનિયામાં પ્રસરેલી હવાની મદદ મળે છે, તેવી જ રીતે, દેહબદ્ધ આત્માના પ્રયત્નને દેહમુકત વિશ્વરૂપ પરમાત્માની મદદ મળે છે એવી નિ:શંક શ્રદ્ધા હોય તો પ્રાર્થના કે ભકિત સાર્થક થાય છે. જૈનદર્શન પ્રમાણે ઈશ્વર એટલે મુકત આત્માઓ. ખાસ કરી તીર્થંકર દેવ, જેમણે ધર્મમાર્ગ બતાવ્યો. તેમની સ્તુતિ – ભકિત જીવને કલ્યાણકારી છે. સંતપુરુષો, અધ્યાત્મયોગીઓનો ગુણાનુવાદ હમેશાં પાવનકારી છે.

આપણો આત્મા વિશ્વઆત્માનો જ અંશ છે એવી હોય તો એ પરમાત્મા સાથે એકતાર થવું અને તેનું સંગીત સાંભળવું એ પરમ લક્ષ્ય હોય. તેની સાથે એકતાર થઈ શકાય છે એવો સંતપુરુષોનો અનુભવ છે. રેડિયોમાં અમુક વેવ-લેંગ્થ તેમ જ ક્રિકવન્સી ઉપર રિસીવિંગ સેટ ગોઠવવાથી, અમુક ટ્રાન્સમિટરનું અનુસંધાન સાધી શકાય છે, તેવું જ અનુસંધાન આ જગતની પરમ શકિત સાથે સાધી આપવાનું કામ પ્રાર્થના કરે છે.

આ પ્રાર્થના એટલે અંતરશુદ્ધિ. અંતરના ઊંડાણમાંથી અવાજ ઊઠે :

असतो मा सद्गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर् मा अमृतम्गमय ।

વિશ્વના આણુએ આણુમાં પરમાત્માનો વાસ છે, એવી દૃઢ શ્રદ્ધા થાય તો સર્વ જીવ પ્રત્યે સમતા, પ્રેમ, કરુણા, મૈત્રીભાવના પરિણામે. આવી ભાવનાથી અંતરશુદ્ધિ વધતી જાય તેમ આ શ્રદ્ધા દૃઢ થતી જાય.

મારી અંતિમ માન્યતાઓ લખી છે. તેનાથી અનંતા જોજન દૂર છું. પણ સ્પષ્ટ માન્યતાઓ અને વિચારો દૃઢ ન હોય ત્યાં સુધી તે દિશામાં પણ જઈ ન શકીએ. ગોથાં ખાઈએ અથવા બીજાનું સાંભળી ભરમાઈએ. સાચા સદ્‌ગુરુ મળે તો માર્ગ સરળ થાય. તેના અભાવે, સ્વપુરુષાર્થ અને ચિન્તન એક ઉપાય છે. અત્યારે તો એમ લાગે છે.

એહ પરમપદ પ્રાપ્તિનું મેં ધર્યું ધ્યાન જો,
ગજા વગરના હાલ મનોરથ રૂપ જો

રવીન્દ્રનાથે ગાયું છે :

અંતર મમ વિકસિત કર અંતરતમ હે.

૩-૨-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## મયૂરકલ્પના

ઉપરના પુસ્તક વિશે તા. ૧૬-૧-'૭૪ ના અંકમાં માહિતી આપેલી, તેના અનુસંધાનમાં એનાં લેખિકા કુ. મેનાબહેન જણાવે છે કે, આ પુસ્તકનાં રેખાંકનો, અલ્પના તથા રંગોળી માટે, માટીના અને કાચના વાસણના સુશોભન માટે, લાકડાના કોતરકામ માટે, ટેકસ્ટાઇલ, વણાટ અને સ્ક્રીન પ્રિન્ટિંગના બ્લોકો તેમ જ બાટિક, ચર્મકામ, ભરત તેમ જ લાકડાના સુશોભન માટે તેમ જ આર્કિટેકટોને પણ ઉપયોગી થશે. તેમનું સરનામું આ મુજબ છે : કૈલાસ-નગર, પાંચમે માળે, બ્લોક નં. ૮૭, ભાટિયા હૉસ્પિટલ સામે, તારદેવ, મુંબઈ-૭.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ગુજરાતમાં વિદ્યાર્થી-આંદોલનનો વળાંક

ગયે વર્ષે ગુજરાતની પ્રજાએ દુષ્કાળની કુદરતી આફતમાંથી જન્મેલી હાડમારી અને યાતનાઓ સહન કરવામાં પોતાનું ખમીર બતાવ્યું હતું. આ વર્ષે મબલખ પાક હોવા છતાંયે અનાજની તંગી અને મોટો ભાવવધારો વ્યાપક બન્યાં તેને લોકો કઈ રીતે સહન કરી શકે? આનું દેખીતું કારણ ભ્રષ્ટાચાર હતું. મુખ્ય પ્રધાન ચીમનભાઈની મેલી મથરાવટીથી લોકો સુવિદિત હતા. સમગ્ર ગુજરાતમાં તીવ્ર અસંતોષ ફેલાયો હતો. રાજકારણી લોકોમાં પ્રજાને વિશ્વાસ ન રહ્યો. ઈજનેરી કૉલેજના વિદ્યાર્થીઓએ ભોજન-ખર્ચમાં કરાયેલા વધારાએ આ અસંતોષને જામગ્રી ચાંપી. ભારેલો અગ્નિ ભભૂકી ઊઠયો.

ભ્રષ્ટાચારી સરકારના મુખ્ય પ્રધાનની સામે વિદ્યાર્થીઓએ બળવો પોકાર્યો. પ્રજાએ સાથ આપ્યો. સરકારે બ્રિટિશ સરકારને યાદ કરાવે એવા ગોળીબાર વગેરે હિંસાત્મક સાધનોથી પ્રજાને કચડવાનો જુલમ કર્યો. તેનાથી પ્રજાનું ખમીર બહાર આવ્યું. દબાવાને બદલે પ્રજા મરણિયા બની સરકારની સામે લડી; ભ્રષ્ટાચારી સરકારને નમાવી. કેન્દ્ર સરકારે મોકલેલું લશ્કર પણ સરકારને બચાવી ન શકયું. વિદ્યાર્થીઓએ કરેલા આ પુરુષાર્થને સહુએ વધાવ્યો. રવિશંકર મહારાજ, પંડિત સુખલાલજીએ પણ આ સંગ્રામને બિરદાવ્યો. જાગેલી પ્રજાને અત્યાચાર પણ દબાવી શકતો નથી એ બોધપાઠ ગુજરાતે સમગ્ર દેશને શીખવ્યો. ગુજરાતમાં નવાં ચેતન અને વ્યવસ્થા આવે તેથી વિદ્યાર્થીઓએ મોખરે રહી નવનિર્માણ સમિતિનું સ્થાપન કરી સરકારને નમાવી, એટલું જ નહિ પણ હવે કોઈ પણ ભ્રષ્ટાચારી અને સત્તાલોલુપ સરકારને ગુજરાત નહીં સાંખે એવી આશા જન્માવી. એટલે વિદ્યાર્થી-આંદોલનને સહુ કોઈ બિરદાવે એ સ્વાભાવિક છે. તેમાં કોઈ નવ-ક્રાંતિનાં ચિહ્નો નિહાળે એ પણ કુદરતી છે. વિદ્યાર્થી-આંદોલનનું સફળ ને તેજસ્વી પ્રકરણ આમ પૂરું થયું.

ત્યાર પછી જે નવ-વળાંક આવી રહ્યો છે તેનું સમતોલ બુદ્ધિથી પૃથક્કરણ કરવું ઘટે છે. વિદ્યાર્થી-આંદોલને પ્રજામાં જગાવેલી નવચેતના વ્યર્થ ન જાય તે માટે પણ તેનો તટસ્થપણે ઊંડાણથી વિચાર કરવો જરૂરી છે. આ પ્રથમ તબક્કાનો ઉદ્દેશ સ્પષ્ટ-રેખ હતો : ભ્રષ્ટાચારી ને કાવાદાવાવાળી સરકાર જવી જોઈએ, જેથી પ્રજાની ખોટી યાતનાઓનો અન્ત આવે. આ ઉદ્દેશ પૂર્ણ થયો. પણ પછી? નાટકનો પહેલો અંક પૂરો થયો એટલે દશ્ય બદલાવું જોઈએ, પણ દશ્ય બદલાતું જણાતું નથી.

નવનિર્માણ સમિતિ રચાઈ છે, પણ એની એટલે નવું નિર્માણ કેવું થશે તેની ચોખ્ખવટ થઈ જાણી નથી. દેશમાં જે નવા ફેરફારો ઈચ્છીએ છીએ તે કયા છે? કઈ રીતે કરવાના છીએ? અને કોણ કરશે? તેની વિચારણાનો લોકોને ખ્યાલ આપ્યો નથી. જે આંદોલન કરતાં હોઈએ તો તેનો વિધાયક ઉદ્દેશ શું છે તેની સ્પષ્ટતા જરૂરી છે. પ્રથમ તબક્કાના અન્ત વખતે શ્રી જયપ્રકાશ નારાયણે વિદ્યાર્થીઓને આપેલું માર્ગદર્શન ચિંતાપ્રેરક છે. ગાંધીજીએ ૧૯૨૧ ના સત્યાગ્રહ આંદોલન વખતે વિદ્યાર્થીઓને કોલેજ કે શાળાઓ છોડવાનું એલાન કર્યું હતું તેનો ઉલ્લેખ કરીને શ્રી જયપ્રકાશે કહ્યું કે, "... આજની પરિસ્થિતિમાં કિનારે ન ઊભા રહો, કૂદી પડો. એક વર્ષ માટે કોલેજો છોડીને કૂદી પડો." ગાંધીજીએ કહ્યું અને જયપ્રકાશે કહ્યું તે પરિસ્થિતિનો ભેદ સમજવો જોઈએ. ગાંધીજી દેશનું સુકાન લઈ બધાની દોરવણી કરતા હતા અને આંદોલનનું ધ્યેય

પરદેશી ગુલામી દૂર કરવાનું હતું અને કાર્યક્રમની વ્યવસ્થિત યોજના હતી. વળી, આ વિદ્યાર્થીઓને માટે રાષ્ટ્રીય શાળાઓ અને ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાઓ સ્થપાઈ હતી. પણ જયપ્રકાશે અત્યારે કૉલેજો છોડીને વિદ્યાર્થીઓએ શું કરવાનું છે તેના કાર્યક્રમ કે તે અંગેની યોજના વિશે કશું કહ્યું નથી. પરિણામે, વિદ્યાર્થી-આંદોલનનો વળાંક કેવો છે કે હશે તે વિશે સામાન્યત: કોઈને ખ્યાલ નથી. વિદ્યાર્થીઓની ઊછળતી શકિતને કયે રચનાત્મક માર્ગે વાળવાની છે તેનો વિચાર કર્યા વિના હિંસાત્મક આંદોલનમાં તેમનો દોર કયાં છે એ કોણ કહી શકે? આંધળા આંદોલનમાંથી શું પરિણામ આવે?

આંદોલનની શરૂઆતમાં શ્રી પુરુષોત્તમ માવલંકર મુખ્ય નેતા થશે તેમ લાગતું હતું, પણ પછી તેમણે કેમ રાજીનામું આપ્યું? શ્રી જયપ્રકાશ કે રવિશંકર મહારાજની અહિંસાત્મક આંદોલન પદ્ધતિની સલાહ કેમ ન સ્વીકારાઈ? વિદ્યાર્થી-આંદોલનનો લાભ લઈ અનિષ્ટ કે અસામાજિક તત્ત્વો ભાંગફોડમાં, લૂંટફાટમાં, આગ ચાંપવામાં કે એવી અન્ય વિનાશક પ્રવૃત્તિમાં રાચતાં હશે. પણ આની જવાબદારી કોની? આના પરિણામે થતા ગોળીબારોથી સામાન્ય જન મૃત્યુ પામે છે ને ઘાયલ થાય છે તેની જવાબદારી કોની? આના ઉપર તેમનો અંકુશ કેમ નથી?

આ આંદોલને હિંસક સ્વરૂપ લીધું છે ને અરાજકતા ફેલાવી છે. આમાંથી 'નવું નિર્માણ' કેવું થશે? વિદ્યાર્થી-આંદોલનના સ્થાપક નવનિર્માણ સમિતિના નેતાઓના ઉદ્‌ગારો આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. સમિતિના મંત્રીએ સશસ્ત્ર બળવો કરવાની જાહેરાત પણ કરી છે. વર્તમાનપત્રના હેવાલ મુજબ, "જરૂર પડયે શસ્ત્રો પૂરાં પાડવામાં આવશે. ... ભાવિ ચળવળમાં રેલવેના પાટાઓ ઉખેડવાનો તેમ જ જરૂર પડયે સમગ્ર દેશમાં વાહન, સંદેશવ્યવહાર વેરવિખેર કરવાનો કાર્યક્રમ પણ સમાવી શકાય." શિક્ષણ વિશેના પણ તેમના ઉદ્‌ગારો સૂચક છે: "પરીક્ષા લેવાવાની હોય તો અમારી યોજના પ્રમાણે જ લેવાશે ... અત્યાર સુધી (પ્રથમ વર્ષમાં અને દ્વિતીય વર્ષમાં) પરીક્ષાનાં પરિણામો ૯૬ ટકા આવ્યાં છે ને હવે ચાર ટકા વિદ્યાર્થીઓના નામે વધી જશે. એટલે પરીક્ષાની ચિંતા કરશો નહીં." આવી 'નવનિર્માણ' થી થયેલી સમાજવ્યવસ્થામાંથી ડાકતરો, ઈજનેરો, અર્થશાસ્ત્રીઓ, શિક્ષકો, વિચારકો વગેરે કેવા ઉત્પન્ન થશે? એ ઉદ્‌ગારોમાં સરમુખત્યારી જેવા સૂર નથી?

ભ્રષ્ટાચારી અને સત્તા-ખટપટવાળી સરકારને હઠાવી અને રાષ્ટ્રપ્રમુખે રાજ્યસત્તા લીધી એ પહેલા તબક્કામાં વિદ્યાર્થીજાગૃતિનો વિજય થયો એ વખતે મુખ્ય ઉદ્દેશ પૂરો થઈ ગયો ગણાય. પછી તો નવનિર્માણ સમિતિનું કાર્ય ભ્રષ્ટાચાર, સરકારક્ષેત્રે કે અન્ય ક્ષેત્રે જ્યાં હોય ત્યાં, નહિ ચલાવી લેવાય એવી જાગૃતિનું રહે તો તે ગૌરવપ્રદ અને ઉચિત ગણાય. વિધાનસભાનું વિસર્જન એ બીજો તબક્કો થયો. તેમાં પણ અન્ય જનો કે પક્ષોની જેમ વિદ્યાર્થીઓની પણ એ જ માગણી હોય એ સ્વાભાવિક છે. તે માટે જયપ્રકાશે કે રવિશંકર મહારાજે સૂચવેલી પદ્ધતિ અખત્યાર કરી હોત તો કોઈને કશું કહેવાનું ન રહેત. ધારાસભ્યોએ પ્રજાજનોનો વિશ્વાસ ખોયો હોય તો તેમને સમજાવીને અને તેમ ન કરે તો સામાજિક અને નૈતિક દબાણ લાવીને તેઓ રાજીનામું આપે તેવી પરિસ્થિતિ સર્જવી એ એક વાત છે, ને ધાકધમકી આપીને બળજબરીથી રાજીનામું અપાવવું તે બીજી વાત છે. બીજી રીતમાં ભયંકર જોખમો રહેલાં છે. કોઈ પણ રાજ્યમાં હિંસા કે બળજબરીનું વાતાવરણ સર્જાય ત્યારે તેનો લાભ ખટપટ કે અરાજકતા ફેલાવનાર અનિષ્ટ તત્ત્વો લે એ કુદરતી છે. પછી એના ભોગ થઈ પડે છે સામાન્ય ને નિર્દોષ જનો. અત્યારે ગુજરાતમાં આવું જ થઈ રહ્યું છે તેનો ખ્યાલ રાખવો ઘટે છે. સામાન્ય માણસની દુકાન લૂંટાય, અનેક સ્થાનોને આગ ચાંપાય, બેન્કોની ભાંગફોડ થાય, જાહેર મિલકતોનો નાશ થાય ત્યારે તેને અંકુશમાં લાવવા શું કરવું જોઈએ? નવનિર્માણ સમિતિએ આ પરિસ્થિતિનો વિચાર કર્યો છે? આદરણીય જાહેર પુરુષો આમાં શું કરી શકે? ધારાસભાનું વિસર્જન થાય તે માટે બીજી પદ્ધતિઓનો વિચાર કરવો ઘટે છે. મતદાર સંઘને જાગૃત કરીને તેનો અંદાજ કાઢવાની કોઈક પદ્ધતિ વિચારવી જોઈએ. નહિતર, અનેક રાજ્યોમાં કે લોકસભામાં પણ ગુજરાતની પદ્ધતિએ ધાકધમકી કે બળજબરીથી રાજીનામું અપાવવાની હિલચાલ થાય તો લોકશાસનનું શું થાય એનો સૌએ અત્યારે સક્રિય વિચાર કરવો ઘટે છે. લોકશાહી સ્થાપવા લોકશાહીનું જ ખૂન ન થાય એ લક્ષમાં રાખવું ઘટે છે.

આ તો ક્રાન્તિ છે, ક્રાન્તિમાં સૂકા ભેગું લીલું પણ બળે, તેથી આ ક્રાન્તિની જ્વાળાને અભિનંદવી ઘટે છે, કારણ કે આવી ક્રાન્તિમાંથી જ નવસર્જન થાય છે એમ ગુજરાતના અત્યારના આંદોલન પરત્વે કેટલાક મિત્રો તેને બિરદાવતાં મને કહે છે. તેમને જવાબ આપતાં કહું છું કે ક્રાન્તિકારોનો વિધાયક ઉદ્દેશ સ્પષ્ટ હોય છે, વિનાશ કોનો કરવો એ વિશે પણ સ્પષ્ટતા હોય છે અને ઉદ્દેશ સિદ્ધ કરવાની પદ્ધતિ પણ વ્યવસ્થિત હોય છે. ગુજરાતમાં આ સ્થિતિ જણાતી નથી. ક્રાન્તિમાં વિનાશ જરૂર હોય છે, પણ કોનો? નવસર્જન કરવાની અભિલાષા ધરાવતા નેતાઓ ઓઠાઓઠ નથી પાકતા, અનેક પ્રકારની સાધના-જ્વાળાઓમાંથી તપીને તેઓ ઘડાયા હોય છે. આવેશજ્વાળાઓમાંથી ક્રાન્તિ સર્જાઈ છે ખરી? રશિયા, ચીન આદિ ક્રાન્તિઓનો ઈતિહાસ જોવાથી આ વસ્તુ બરાબર સમજાશે.

જગવિખ્યાત ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીનું એક વિધાન અત્યારની પરિસ્થિતિમાં માર્ગદર્શક થઈ પડે તેવું છે:

"... હિંસાનો આક્રોશ લઈને નિશ્ચિતપણે તેમનું (સત્તાધારીઓનું) ધ્યાન આકર્ષવાનો માર્ગ ખૂબ લોભાવનારો લાગતો હોય છે, પણ હિંસામાંથી હિંસા જ પેદા થાય છે ... આંધાધૂંધી ફાટી નીકળે ત્યારે 'કાયદો અને વ્યવસ્થા' ને અગ્રતા મળવાની અને અનિષ્ટો દૂર કરવા માટે તમે ધ્યાન ખેંચવાની આવડી મોટી તકલીફ લીધી તે ગૌણ થઈ જવાની અને અન્તે ફાસિસ્ટ શાસન ઉદય પામવાનું."

**અમૃતલાલ યાજ્ઞિક**
પ્રિન્સિપાલ, મીઠીબાઈ કૉલેજ

## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

ફૉર્મ નં. ૪.

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થળ | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૨. | પ્રસિદ્ધિક્રમ | : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ |
| ૩. | મુદ્રકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ -૪ . |
| ૪. | પ્રકાશકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૫. | તંત્રીનું નામ | : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું : | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૬. | માલિકનું નામ અને સરનામું | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |

હું ચીમનલાલ ચકુભાઈ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૭૪ **ચીમનલાલ ચકુભાઈ શાહ—તંત્રી**

# ☆ ગુજરાત પ્રકાશ પાથરશે? ☆

ગુજરાતની પરિસ્થિતિ અંગે આપણને શા માટે ચિંતા થાય છે? શું ત્યાં થતી હિંસા અંગેની ચિંતા છે? કે શું ત્યાં અત્યાર સુધી સચવાયેલી લોકશાહી પ્રણાલિકા હવે કયાં જશે તેની ચિંતા છે? કે પછી 'સ્થાપિત' નેતાગીરી તૂટી રહી છે તેની ચિંતા છે? કે પછી વિદ્યાર્થીઓનું ભણતર બગડે છે તેની ચિંતા છે? આપણા મનમાં કઈ બાબતની ચિંતા છે તે તપાસીએ ત્યારે જ ગુજરાત અંગે 'તટસ્થભાવ' કેળવવો કેટલો મુશ્કેલ છે તે સમજાશે.

શ્રી ઢેબરભાઈએ ગાંધીજી અને સરદારશ્રીની પરંપરાની અને સંસ્કારવારસાની વાત જણાવી છે. તેની પૃષ્ઠભૂમિકામાં ગુજરાતને સમજવાનો પ્રયત્ન આપણે કરીએ તેમ તેમનું કહેવું છે. આ વાત અમુક અંશે સાચી છે. શ્રી ઉમાશંકર જોષીએ ભ્રષ્ટાચાર સામેનો પ્રકોપ સાચો છે તેમ જણાવતાં આનંદ પ્રગટ કર્યો છે. તેઓ, આજન્મ શિક્ષક રહ્યા છે એટલે વિદ્યાર્થીઓનો મિજાજ અને તેમની પ્રકૃતિનો તેમને બરોબર ખ્યાલ છે. વિદ્યાર્થીઓની નેતાગીરીથી તેઓ પ્રસન્ન છે અને તેમાં તેમને ભવિષ્યની ઊજળી આશા દેખાય છે. શ્રી મનુભાઈ મહેતા અને શ્રી સોપાન જેવા પત્રકારોએ આ પરિસ્થિતિનું મૂલ્યાંકન તેમની પાસે 'લોકશાહી' ના જે ખ્યાલો બંધાયેલા છે તેને નજર સમક્ષ રાખીને અને જે માહિતી તેમને ઉપલબ્ધ છે તેને નજર સમક્ષ રાખીને તેમની 'ચિંતા' પ્રગટ કરી છે. અલબત્ત, શ્રી રવિશંકર મહેતા જેવા પત્રકારને તો ભાવિ ઘણું આશાસ્પદ લાગે છે અને નવી નેતાગીરીથી તે ખુશખુશાલ છે.

આમ ગુજરાતની આજની પરિસ્થિતિને સૌએ પોતપોતાની પ્રકૃતિ અનુસાર અને પોતે જે વિચારપરંપરાથી રંગાયેલા છે તે વડે મૂલવવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. તે બધું વાંચતાં મારા જેવાને તેમાં કંઈક ઉમેરવાની ઇચ્છા થાય છે એટલે આ લખી રહ્યો છું.

મને લાગે છે કે આજની ગુજરાતની પરિસ્થિતિનું મૂળ ફકત એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓના ખોરાકના વધુ પડતા બિલમાં જ નથી. તેઓ ફકત નિમિત્તમાત્ર જ હતા. એ ઉપરાંત કોઈ કહે કે શ્રી ચીમનભાઈ પટેલનું કાવાદાવાનું રાજકારણ એ જ કારણભૂત છે તો પણ મને તે વાજબી લાગતું નથી. આજની પરિસ્થિતિ પાછળ ઘણાં જૂનાં કારણો પણ છે, જેમાંનું એક મુખ્ય કારણ ગુજરાતના જાહેર જીવનમાં અમુક જ વ્યકિતઓની ચાલતી એકહથ્થુ નેતાગીરી અને તેમાંથી ઉત્પન્ન થતી દાદાગીરીમાં સમાયેલું છે. આવી એકહથ્થુ નેતાગીરી મારફતે સચવાતાં મુઠ્ઠીભર લોકોનાં હિતોની સામે ગુજરાતના સામાન્ય માનવીના અંતરમાં ભારોભાર નફરત ચાલી આવી છે.

ગુજરાતમાં ગાંધીજીને કારણે જે સ્વતંત્ર વિચારશકિતનો વિકાસ થયો છે તેની અભિવ્યકિત પણ કપરા સમયે થતી રહી છે. ૧૯૫૬માં રાજ્યપુનર્રચના પ્રકરણમાં ગુજરાતના સામાન્ય માનવીને લાગ્યું હતું કે ગુજરાતને જૂદું રાજ્ય મળવું જ જોઈએ અને તેમાં કોંગ્રેસની નેતાગીરીને તે સાંભળવા તૈયાર જ નહોતા. ત્યારે કોંગ્રેસ ઘણી મજબૂત હોવા છતાં લોકોએ જાહેર કરેલું કે અમારો અલગ થવાનો હક્ક અમે લઈને જ જંપીશું અને પક્ષનો કે પાર્લામેન્ટનો નિર્ણય ગમે તેટલો બંધારણીય હોય પરંતુ અમે નહીં ચલાવી લઈએ તે વાતનો અનુકૂળ અંત આવ્યો ત્યારે જ તે વાત પતી.

આવી સ્વતંત્ર વિચારશકિત ગુજરાતના જાહેર જીવનમાં વણાઈ ગઈ છે અને તેનું પ્રતિબિંબ આવારનવાર પડતું રહ્યું છે. ૧૯૬૦ માં ગુજરાત અલગ થયું ત્યારથી અત્યાર સુધી કોંગ્રેસ સત્તા પર રહી હોવા છતાં તેનાં ચારેય મંત્રીમંડળો (શ્રી બળવંતરાય મહેતાને બાદ કરતાં) પોતાની મુદત પૂરી થતાં પહેલાં વિદાય થયાં હતાં. કોંગ્રેસનો આંતરિક સંઘર્ષ ડૉ. જીવરાજ મહેતાના પ્રધાનમંડળની વિદાયથી વધુ બહાર આવ્યો અને ત્યારથી તે ઘટવાને બદલે વધતો જ ચાલ્યો છે. ગુજરાતમાં જે રચનાત્મક કાર્ય કરનારા લોકો છે અને જેમની પાસે પોતાની લોકસેવા કરનારી સંસ્થાઓ છે તેઓનું નૈતિક બળ હરહમેશ કોંગ્રેસને મળતું રહ્યું હોવા છતાં કોંગ્રેસને મૂળભૂત રીતે લોકસેવા કરીને ચાહના મેળવવાની હજુ બાકી જ રહી છે. ઊલટું કોંગ્રેસ એ તો સત્તાકાંક્ષીઓનો જ મેળો છે અને મૂળ સંસ્થાની નમ્રતા અને શિસ્ત તેમાં રહી નથી એવી લોકલાગણી દિવસે દિવસે વધુ પ્રબળ થતી રહી છે.

શાસક કોંગ્રેસના પ્રથમ મંત્રીમંડળના નેતા શ્રી ઘનશ્યામભાઈ પણ સ્થાપિત હિતોવાળાનું રક્ષણ કરનાર છે એવી છાપ વખત જતાં વધુ મજબૂત બની અને નિર્ણય લેવામાં તેઓ ઘણા ઢીલા છે એમ બહુમતી લોકોને લાગવાથી તેમને પણ જવું પડયું. શાસક કોંગ્રેસને ખૂબ મોટી બહુમતીથી લોકોએ ચૂંટી હોવા છતાં તે કોઈ નવી આર્થિક નીતિ ઊભી કરવામાં નિષ્ફળ ગઈ એટલું જ નહીં પરંતુ તેની દરેક યોજનાઓને કારણે ગરીબોની ગરીબી વધતી જ રહી એ પરિસ્થિતિનું પ્રતિબિંબ લોકોના અંદરના ગુસ્સાને વધુ ઉગ્ર કરતું રહ્યું છે.

શ્રી ઘનશ્યામભાઈ પછી શ્રી ચીમનભાઈ પટેલ અંગે ઘણું ઘણું કહેવાયું છે એટલે તેમાં ઉમેરો કરવાની ઈચ્છા નથી.

આ બધાના સારરૂપે એ વાત સ્પષ્ટ છે કે "રાજકીય ભ્રષ્ટાચાર" તો એક યા બીજી રીતે ચાલી આવતી રફતાર હતી. સામાન્ય લોકોને મનોમન એમ લાગતું કે કોંગ્રેસના રાજથી વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓને જ વધુમાં વધુ લાભ થાય છે અને તે બધું 'લોકશાહી'ના ચોકઠામાં રહીને બંધારણીય રીતે થઈ રહ્યું છે. જેઓ પોતાના અંગત લાભો લઈ ચૂકેલા હતા, અને સાધનસંપન્ન થયા હતા એવા જ લોકો લોકશાહીનાં મૂલ્યો સાચવવાં જરૂરી છે એવું વારંવાર કહેતા હતા. તેમને મન "લોકશાહીનાં મૂલ્યો" એટલે પોતાનું જે છે એથી બમણું થાય અને તેમાં કોઈ વિક્ષેપ ન આવે તે. કેટલીક 'પરંપરાની' વાતોના ઓઠા નીચે સંતપુરુષોને આગળ કરીને સેવાનો ખોટો ઢોંગ જ કરતા હતા તે વાત પણ લોકો મનોમન સમજતા હતા. આ બધું લોકશાહી સરકારની મહેરબાનીથી જ થઈ શકે છે તે વાત પણ લોકોને દીવા જેવી સ્પષ્ટ દેખાતી હતી.

આમ લોકોના મનમાં આવા અન્યાયો ઘોળાયા કરતા હતા. રોજ–બ–રોજની આર્થિક હાડમારીઓના ઉકેલ માટે તેઓ વારંવાર લાચારીપૂર્વક ઘણું બધું સહન કર્યે જતા હતા. દેશના અને વિદેશના રાજકીય નિરીક્ષકો અને આર્થિક નીતિના વિદ્વાનોએ તો કયારનીયે ભવિષ્યવાણી ભાખેલી હતી કે ભારતની સ્થિતિ ખૂબ જ સ્ફોટક છે અને એક જ ચિનગારી આડતાં તે ભભૂકી ઊઠશે.

અને એવું જ બન્યું. ગુજરાતમાં એન્જિનિયરિંગ કૉલેજના છોકરાઓએ હોસ્ટેલના ખોરાકીના બિલને કારણે રોષ પ્રકટાવ્યો. તે રોષને અધ્યાપકો અને અન્ય વિદ્યાર્થીઓએ વાચા આપી અને રાજ્યની સરકાર સામેના બંડની શરૂઆત થઈ. રાજકારણીઓ તેને સમજી ન શકયા અને જેમ જેમ તેને બળથી દબાવવાનો પ્રયત્ન કરતા ગયા તેમ તેમ તે જ્વાળા વધુ ને વધુ ઊંચી જવા લાગી. સમગ્ર પરિસ્થિતિને કોઈ સમજી શકે એ પહેલાં તો ગુજરાત આખાએ પોતાની અત્યાર સુધી સંઘરેલી સહનશકિતને છૂટી મૂકી; અને પછી જે થયું તેનો ઈતિહાસ જાણીતો છે.

એક નવી જ નેતાગીરીએ આ પરિસ્થિતિમાંથી જન્મ લીધો– તેમાં કોઈ રાજકીય આગેવાનો ન હતા, કોઈ સ્વાતંત્ર્ય સંગ્રામના વીરો ન હતા, કોઈ જૂની નેતાગીરીના વંશજો ન હતા- જે હતા તે સાવ નવા, કોલેજોમાં અભ્યાસ કરતા, તેજસ્વી વિદ્યાર્થીઓ હતા. તેઓને પરિસ્થિતિએ સંગઠિત કર્યા અને પોતાની આપસૂઝથી જ તે આગળ વધતા ગયા. શ્રી રવિશંકર મહારાજ અમદાવાદમાં જ હતા, પરંતુ તેઓ પણ ઘણા સમય સુધી અન્ય લોકો માફક પરિસ્થિતિના મૂક સાક્ષી બનીને જોયા જ કરતા હતા. છેક ૩૧મી જાન્યુઆરીએ પૂ. મહારાજે શ્રી ચીમનભાઈ પટેલ તેમની પાસે આવ્યા ત્યારે રાજીનામું આપી દો એવી સલાહ આપેલી તે ચખબારોનાં પાનાં પર ચમકી. ત્યારે જ લોકોને ખબર પડી કે પૂ. મહારાજ પણ શાંતિ માટે સરકારનું રાજીનામું માગે છે. વિદ્યાર્થીઓની નવનિર્માણ સમિતિને તેનાથી બળ મળ્યું.

પરંતુ પૂ. મહારાજના જાહેર નિવેદનથી હિંસા ઓછી ન થઈ; અને તેનો કોઈ જ ઈલાજ પૂ. મહારાજે ન કર્યો.

એક મહત્ત્વની વાત પણ પૂજ્ય મહારાજે સાથેસાથે જાહેર કરી કે વિધાનસભાના વિસર્જન માટે ધારાસભ્યોએ રાજીનામું આપવું જોઈએ. આમ કહીને પૂ. મહારાજે પોતાની નૈતિક શકિત વિદ્યાર્થીઓને અને લડતના સંચાલકોને આપી. મારે નમ્રપણે જણાવવું જોઈએ કે જે રીતે પૂ. મહારાજે આ શિખામણ આપી તે મહારાજની જિંદગીની કદાચ મોટી ભૂલ સાબિત થશે. પૂ. મહારાજ એ કર્મપરાયણ વ્યકિત છે. તેમના જીવનમાં શિખામણ કરતાં આચરણનું પાસું ઘણું મોટું છે. એટલે જ્યારે પૂ. મહારાજે એમ કહ્યું કે વિધાનસભાના સભ્યો પાસેથી શાંતિપૂર્વક રાજીનામાં મેળવવાની લડત ચાલુ રાખો ત્યારે તે ભૂલી ગયા કે એક સારો વિચાર યોગ્ય નેતાગીરીને અભાવે કદાચ દૂષિત થશે. અને થયું પણ તેમ જ. જેઓ રાજીનામાં માગવા જતા હતા તેઓ હિંસાનો આશ્રય લેતા થયા તે પરિસ્થિતિમાંથી હિંસા જન્મી; અને તેમાં સક્રિય રીતે કૂદી પડીને તે હિંસા બંધ થાય એવું પગલું ભરવાને બદલે પૂજ્ય મહારાજ જાણેઅજાણે તેના મૂક સાક્ષી બની ગયા. ભૂતપૂર્વ શિક્ષણમંત્રી શ્રી ચોખાવાળાએ પોતાના નિવેદનમાં આ વાત ઘણી જ સ્પષ્ટતાથી અને નમ્રતાથી જાહેર કરી છે.

પરિણામે આજે વિધાનસભાના વિસર્જન માટે ધારાસભ્યોનાં રાજીનામાં માગનાર આંદોલન હિંસક થતું જાય છે અને તેમ તેમ તેમાં રહેલી સચ્ચાઈની ભૂમિકા ઓછી થતી જાય છે. વિધાનસભાનું વિસર્જન એ જ એકમાત્ર વાજબી બૌદ્ધિક દલીલ છે અને તેને હું સંપૂર્ણ રીતે આવકારું છું. પરંતુ તેમાં જેટલું દબાણનું તત્ત્વ ઉમેરાતું જાય છે તેટલું તે વાતનું સ્વરૂપ ફરતું જાય છે.

ભૂતકાળમાં આવા અનેક પ્રસંગો આવ્યા છે કે જ્યારે સાચી વાતનો જોઈએ તેટલો રણકો તેની સાથે જોડાતી હિંસાને કારણે ઊઠ્યો નથી. દલીલની દૃષ્ટિએ એ વાત સાચી જ છે કે ૧૯૭૨ માં મોટી બહુમતીથી જે પક્ષને લોકોએ સત્તા આપી તે પક્ષ ફકત બે જ વર્ષમાં આંદરોઆંદરની લડાઈને કારણે બે મંત્રીમંડળ બદલી ચૂકયો છે અને અત્યારે પણ તે ઘણા ઝનૂનથી આંદરોઆંદરની સત્તા માટે લડી રહ્યો છે. આવા પક્ષને ફરીવાર સરકાર રચવાનું કહેવું તે કોઈ પણ રીતે યોગ્ય નથી એ વાત બુદ્ધિથી સમજાય એવી છે. પરંતુ આ વાતને અમલી બનાવવા માટે અહિંસક રીત સિવાયની અન્ય કોઈ રીત જો હોય તો તે બાબતનું સ્વરૂપ જ ફેરવાઈ જાય છે, અને સવાલો એવા ઊભા થાય છે કે લોકશાહીમાં સરકાર બદલવાની રીત એ પથ્થર કે ઈંટ સાબિત થશે તો સરકાર સાચવવા માટેની બંદૂકની ગોળીઓ વાજબી ઠરશે.

આ પૃષ્ઠભૂમિકામાં પૂ. મહારાજ જેવા લોકસેવકોએ ફકત નિવેદન કરીને જ નહિ પરંતુ લોકોની વચ્ચે જઈને હિંસાને રોકવી જ જોઈએ અને નેતૃત્વ કરવું જોઈએ તેમ મને લાગે છે. એટલું જ નહિ, પરંતુ ધારાસભ્યોને મળવા પૂ. મહારાજે જાતે જવું જોઈએ અને તેમની સાથે વાતચીત કરીને તેમને રાજીનામું આપવા સમજાવવા જોઈએ. જ્યાં સુધી તેઓ આવું નહિ કરે ત્યાં સુધી શાંતિની અપીલનો કોઈ અર્થ જ નથી રહેવાનો.

હું સૂચવું કે લોકોને અહિંસક આંદોલનના કાર્યક્રમો આપવા માટે પૂ. મહારાજ અને અન્ય આગેવાનોએ પદ્ધતિસરના કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ. ગાંધીજીએ જેમ નાકરની લડત ચલાવેલી એવા અન્ય માર્ગો વિચારવા જોઈએ કે જેમાં રોજિંદું કામકાજ ચાલુ રહે, લોકોને રોજી મળી રહે છતાં સરકારને અકળામણ થાય. શાસન કરનારના બધા જ કાર્યક્રમોનો બહિષ્કાર, શાંતિથી સામુદાયિક ધરપકડ વહોરવી વગેરે કાર્યક્રમો અહિંસક ગણી શકાય. સાથેસાથે નવનિર્માણ સમિતિના સ્વયંસેવકો દુકાનો ન લૂંટાવા દે તે માટેની રક્ષાસેના પણ તૈયાર કરી શકે. આમ આંદોલનનું સ્વરૂપ હકારાત્મક (Fositive) હોવું જોઈએ. તે પ્રમાણે ન જ કરી શકાય તો જાહેર રીતે પૂ. મહારાજે પોતાના આગલા આદેશને પાછો ખેંચવો જોઈએ અને જણાવવું જોઈએ કે ધારાસભ્યોનાં રાજીનામાં માગવા માટેનો સમય અનુકૂળ નથી માટે તે કાર્યક્રમ પડતો મૂકવો જરૂરી છે. જે કોઈ વ્યકિત ગુજરાતના જાહેર જીવનમાં શાંતિમય માર્ગે ક્રાંતિ કરવા ઈચ્છતી હોય તે સૌએ પૂ. મહારાજ આવું પગલું લે તો તેની સાથે પોતાની સંમતિ જાહેર કરવી જરૂરી છે.

અંતમાં ગુજરાતમાં જે નવી નેતાગીરી શરૂ થઈ છે તે છેવટ સુધી ઘડી કાઢેલી યોજના પ્રમાણે વર્તે એવી આશા રાખવી તે પણ વધુ પડતી છે. માનવસહજ નિર્બળતાઓ તેમાં રહેવાની જ. તે લોકોએ પણ વિધાનસભા વિસર્જન થાય પછી પણ ગુજરાતના ઘડતરની જવાબદારી તેમની જ છે એવું માનીને ચાલવાની જરૂર નથી. એવો વધુ પડતો બોજો લેવાથી તેઓ નિષ્ફળતા તરફ વહેલા જશે એ નિર્વિવાદ છે. નવનિર્માણ સમિતિના મિત્રોમાં ત્યાગ કરવાની કેટલી શકિત છે તેના પર જ તેમની સફળતાનો બધો આધાર છે. લોકશાહીની સડેલી બાજુ કાપીને ફેંકી દીધા પછી જો લોકશાહીની પ્રક્રિયાને જ આગળ ચલાવવી હોય તો સમાજના ડાહ્યા માણસોનો ઉપયોગ કરતાં નવનિર્માણ સમિતિએ શીખવું પડશે. હું સમજું છું કે આ બધું ઘણું અટપટું છે છતાં નવસર્જનની પ્રક્રિયા માટે તે જરૂરી છે. બીજી તરફથી ડાહ્યા માણસોએ હિંમતપૂર્વક આગળ આવીને નવી પેઢીની નેતાગીરીના સલાહકાર થવા માટે તેમનો વિશ્વાસ સંપાદન કરવાના માર્ગો વિચારવા પડશે, ફકત 'શિખામણ' આપવાનો જ 'રોલ' ભજવીને બેસી રહેવાથી કોઈનું ભલું નથી થવાનું.

મારું એવું સૂચન છે કે મુંબઈ અને દિલ્હીમાં ગુજરાતના પ્રશ્નોમાં ચિંતન કરનાર લોકોનું સંમેલન બોલાવવાની જવાબદારી 'પ્રબુદ્ધ જીવન'ના મિત્રો લે – અને તેમાં જાહેર રીતે ગુજરાતનું ભલું કેમ થઈ શકે તેવા વિચારો પ્રગટ કરે. આવું થશે તો તેની અસર કેન્દ્રના શાસન કરનારાઓ ઉપર અને દેશના વિચારકો પર પડશે અને તેનું સારું પરિણામ આવશે.

શ્રી જયપ્રકાશ નારાયણે સ્થળ પર રહીને પરિસ્થિતનો અભ્યાસ કર્યો તેમ મુંબઈના વિચારકો પણ અમદાવાદ તથા અન્ય સ્થળે જાતમાહિતી અને જાતે નિરીક્ષણ માટે જાય એ અત્યંત જરૂરી છે; કારણ કે ત્યારે જ તેમને પરિસ્થિતિનો સાચો ખ્યાલ આવશે; અને તટસ્થ વિચારણા કરવા માટે તે ઘણું ઉપયોગી સાબિત થશે એમ મને લાગે છે.

સૂર્યકાન્ત પરીખ

# ઇંદિરા પ્રત્યેની સર્વોદયવાળાની સૂગ ગુજરાતમાં સંસદીય પદ્ધતિને તોડી રહી છે

જયપ્રકાશ નારાયણ અને રવિશંકર મહારાજ ગુજરાતને માટે આદરણીય વ્યકિતઓ છે. બંને નિઃસ્પૃહ લોકસેવકો છે. જે. પી. તો પ્રધાન મંત્રી અને રાષ્ટ્રપતિપદ જેવી ઉચ્ચતમ પદવીઓનો સાવ સહજ ભાવે ઈનકાર કરી ચૂકેલા મહાપુરુષ છે. પૂજ્ય રવિશંકર મહારાજની નિઃસ્વાર્થ મૂક સેવાનો જગતમાં જોટો નથી.

આવા બે મહાનુભાવોએ અને લોકસ્વરાજ્ય સંમેલને ગુજરાતની વિધાનસભાના વિસર્જનની માગણી કરી છે. શ્રી ઉમાશંકર જોશી, સ્નેહરશ્મિ, પં. સુખલાલજી જેવા વિદ્યાપુરુષોએ પણ તે જ માગણી કરી છે. વિરોધ પક્ષો તો તે માટે જેહાદ જ ચલાવી રહ્યા છે.

ગુજરાતના વિદ્યાર્થીઓની સ્વયમેવ અસ્તિત્વમાં આવેલી નવનિર્માણ યુવક સમિતિઓ અને તેને નામે આજકાલ જોરશોરથી ધારાસભ્યોનાં રાજીનામાં મેળવાઈ રહ્યાં છે. કયાંક - કયાંક વિદ્યાર્થી મિત્રો ઉપવાસ આદરે છે, પણ મોટે ભાગે સરઘસ, ઘેરાવ, પથ્થરમારો વગેરે ઉપાયો અજમાવાય છે.

આ અઠવાડિયે બનેલા બનાવો એક વિલક્ષણ ભાત ઉપસાવી ગયા છે.

– ભાવનગરમાં બે ધારાસભ્યો પ્રતાપ શાહ અને મનુભાઈ બાસે ઉપવાસ - પ્રસિદ્ધ વૃદ્ધ સર્વોદય કાર્યકર આત્મારામભાઈ ભટ્ટ પાસે જઈને પોતાનાં રાજીનામાં સોંપી દીધાની ખબર આવે છે, પણ આ મિત્રો પાસેથી ફોન દ્વારા મળેલી ફરિયાદ એવી હકીકત રજી કરી જાય છે કે આ રાજીનામાં રાજીખુશીથી આપાયાં નથી. એમ કહે છે કે પ્રતાપભાઈના દીકરાને બાનમાં પકડવાની ધમકી એક પક્ષે પાટિયાં ચીતરીને જાહેરમાં આપી હતી અને બીજા પક્ષના નેતાઓ જાહેર સભામાં હાકલ કરી હતી કે "દેખો ત્યાંથી ઠાર કરો"ના સરકારી હુકમની જેમ આ લોકોને "દેખો ત્યાંથી કપડાં ઉતારી ગામમાં ફેરવો!"

– ગાંધીનગરમાં કેટલાક ધારાસભ્ય અને માજી મંત્રીશ્રીને સદસ્યનિવાસમાં બહારથી તાળાં મારીને પૂરી દેવાયા. નાનાં નાનાં બાળકો માટે મોટો પ્રશ્ન ખડો થયો. પાણીના નળ કાપી નાખવા, દૂધ ન મળવા દેવું વગેરે પ્રકાર ચલાવાયો.

– અમદાવાદમાં ધારાસભ્યો ડૉ. અજિત પટેલ અને નરસિંહ મકવાણા મ્યુનિસિપલ કોર્પોરેશનના પણ સભ્યો હોઈ તેની સભામાં ગયા, ત્યાં ઘેરીને રાજીનામાં લખવાની ટોળાંશો ફરજ પાડી. મકવાણા હૃદયરોગ અને રકતચાપના દરદી છે. પસીનો પસીનો થઈ ગયેલો. એમનો ચહેરો બીજે દિવસે છાપે છપાયો, પણ એમને ઘેરવા ગયેલ નાડેકલના વિદ્યાર્થીઓને પણ ખ્યાલ ન જણાયો કે તેઓ એક જાન સાથે ચેડું કરતા હતા! ડૉ. અજિત પટેલ પાછળથી નારાયણભાઈ દેસાઈને જઈને રાજીનામું આપી આવ્યા.

– નરસિંહભાઈ મકવાણા હરિજન ધારાસભ્ય છે. લાલભાઈ કુંદીવાલા લઘુમતી કોમના છે. એમનું રાજીનામું લેવા જતાં વિદ્યાર્થીઓએ કહે છે કે "ઢેડા" શબ્દનો અપમાનજનક રીતે ઉપયોગ કરતાં હરિજન જવાનોનું લોહી તપ્યું અને સામસામી પથ્થરબાજી થઈ. કુંદીવાલા તો બહારગામ ગયેલા, પણ તેમના ટેકેદારોએ સજ્જડ સામનો કર્યો. સામનો કરનારને બીજે દિવસે ગુંડા અને કોમવાદી તરીકે છાપે ખપાવાયા અને નવનિર્માણવાળાએ સત્તાવાળાઓને અખબારી યાદી દ્વારા ચેતવણી આપી કે "જો તેઓ આ રીતના હુમલાઓને નહીં રોકે તો અમારે અલાયદી વ્યવસ્થા રાખવી પડશે."

– ડૉ. અમૂલ દેસાઈ તો ચીમનભાઈના પ્રધાનમંડળને ૪૮ કલાકમાં સત્તા છોડવાની પ્રક્રિયા શરૂ કરીને કીર્તિ કમાયા હતા. પણ કહે છે કે ઘવાયેલા જૂથના જ એક કૉંગ્રેસી નેતાએ નાણું ખરચીને કેટલાક વિદ્યાર્થીઓને તેમની પાછળ લગાડી દીધા. લાંબા પીછાથી કંટાળી તેઓ ઉશ્કેરાઈ ગયા અને શારીરિક સામનો કરવા જતાં જાહેરમાં નિંદા થાય તે ઈરાદે અખબારી આજવાળે ધરી દેવાયા. કોઈ મિત્રને ત્યાં ગુપ્તવાસ લેવા ગયા તો ત્યાં સુધી મોટરમાં વિદ્યાર્થીઓને લાવીને પેલા હરીફ નેતા તેમની બોડ ચીંધી ગયા. હવે એમને મોક અદાલતમાં ફાંસીની સજા ફરમાવાઈ છે!

રોજ નવા નવા દાખલા આંખે - કાને પડે છે. રવિશંકર દાદા પાસે એક ધારાસભ્ય મિત્ર ફરિયાદ કરવા ગયા, ત્યારે તેઓશ્રીએ આશ્વાસન આપીને એટલું જ કહ્યું કે, ભાઈ, હું શું કરું? મારા શબ્દથી થોડું જ આવું થાય છે? મેં તો હિંસાબળજબરીની સાફ ના પાડી છે. ધારાસભ્ય મિત્રે દાદાને વિનંતી કરી કે દાદા આપની અપીલ છતાં આ લોકો દબાણ કરવા તો આવે જ છે. આપે વિસર્જનની માગણી કરી છે તેનો હવાલો આપે છે અને બળજબરી કરે છે. અમારા ટેકેદારોને તેડાવીએ તો મારામારી થાય. હવે અમે પણ પક્ષ વતી ટિકિટ લઈને ચૂંટાયેલા છીએ. આ પદ્ધતિ ખામીભરેલી હોય તોય ચૂંટાયેલા તે સ્વીકારીને ચાલ્યા છીએ. અમને અંદર અંદર વાતચીત કરવાની, અમારા પક્ષને પૂછવાની તક મળવી જોઈએ. અમારા બીજા મતદાતાઓ ઘણા છે. એમને પણ અમારે પૂછવું-ગાછવું નહિ? દાદા, આ લોકોની બળજબરી રોકાવો, નહિ તો અમને કહી દો કે બળજબરીનો સામનો કરો.

દાદાની આસપાસ બેઠેલામાંથી એક અંતેવાસીએ કહ્યું કે હવે દાદાને તકલીફ ના આપો. બહુવાર કહ્યું છે એમણે તો. એમના માનનીય સાથીએ કહ્યું કે સામનો કરવાનું કહે તો એ પણ હિંસા જ થાય ને!

ધારાસભ્ય મિત્રે કહ્યું, "તો પછી દાદા એટલું તો અમને કહે કે અમારે બળજબરીને તાબે ના થવું. સમજીબૂઝીને ગળે ઊતરે અને અમારી ફરજ સાથે સુસંગત થાય ત્યારે જ રાજીનામું આપવું."

એ વાત ન સ્વીકારાઈ. એ મિત્ર જબરદસ્ત ખિન્નતા લઈને પાછા ફર્યા.

સર્વોદયમાં પણ આવું થઈ શકે? એમને માટે માણસાઈનો દીવો ફડફડી ઊઠ્યો. એમને ધીરજ આપવાનું આ લેખકને માટે પણ સહેલું નહોતું. પણ એને વિશ્વાસ છે કે સહેજ વહેલો કે મોડો દાદા તેમ જ બબલભાઈ જેવા નૈષ્ઠિક માનવવાદીઓ કાંઈક રસ્તો કાઢશે. દરમ્યાનપૃથક્કરણથી પ્રશ્નને સમજવાનો પ્રયત્ન ચાલુ રાખવો રહ્યો.

સર્વોદય કાર્યકરો, સાહિત્યકારો વગેરે ગુજરાતની સજ્જનશકિત છે. એ સજ્જનશકિત વિસર્જનની માગણી કરે છે. કદાચ હવે તેઓ તરફથી ઉપવાસનું શસ્ત્ર પણ તે માટે અજમાવાય.

સામે પાસે દુર્જનશકિત હિંસાખોરી અને અયોગ્ય દબાણો દ્વારા વિસર્જનની માગણી સિદ્ધ કરવા જંગે ચડી છે.

સજ્જનો કહે છે કે હિંસા અને ધાકધમકીથી કામ કરાવવું બરાબર નથી. પણ દુર્જનશકિત સજ્જનોના અંકુશમાં નથી. અંકુશમાં લેવાનો કોઈ ગંભીર પ્રયત્ન કે વિચાર પણ કયાંય ચાલતો સંભળાતો નથી.

ટૂંકમાં, ગુજરાતની વિધાનસભા એક સાણસાવ્યૂહમાં સપડાઈ છે. હિંસાનિષ્ઠ થોડાક લોકો એક બાજુથી એની હસ્તી મિટાવી દેવા શારીરિક - માનસિક દબાણ આણી રહ્યા છે. બીજી બાજુથી "આ લોકોનો અવાજ છે" એમ કહીને થોડાક વિચારવાન સજ્જનો એમને સ્વેચ્છાએ રાજીનામું આપવા નૈતિક રીતે દબાવી રહ્યા છે.

આ સાણસા વચ્ચે પડેલી વિધાનસભા વિસર્જનને આરે

આવીને ઊભી છે.

દબાણ કરનારાં બળોમાં દેખીતાં બે તત્ત્વો છે: વિદ્યાર્થીઓ અને વિરોધ પક્ષો.

વિદ્યાર્થીઓમાં કેટલાક ઉપર વિરોધ પક્ષોની અસર છે. કેટલાક હારેલા મંત્રીગણની સીધી – આડકતરી પકડમાં છે. માજી મુખ્ય મંત્રી ચીમનભાઈ 'વિસર્જન'ને પલ્લે ખાનગી ખૂણે પોતાની વગ જોખી રહ્યા છે. તેઓ એમ બતાવી આપવા માગતા હોય કે જુઓ, પ્રજા મારી સામે નહોતી, પણ કૉંગ્રેસ પક્ષ સામે હતી, ઈન્દિરાજીની નીતિ સામે હતી, તો તે સમજી ન શકાય તેવું નથી. રાજીનામાં પહેલાં જ તેઓ એમ કહેતા ટંકાયા હતા કે હું પી નહિ શકું તો પીવા પણ નહિ દઉં. ઢોળી નાખીશ. તેઓ વહેલી તકે નર્મદા કે બીજે કોઈ લોકપ્રિય ઝંડો ઉપાડી લઈને પાછા રંગભૂમિની મધ્યમાં આવી જવા તાકે છે તેવા અસમર્થિત હેવાલો પણ આવે છે. રાજકોટવાળા વલ્લભભાઈ, ખેડૂત સમાજના નેતાઓ વગેરે સાથેના તેમના સતત ચાલુ રહેલા સંપર્કને જોતાં આ હેવાલને પાયા વગરના માની લેવાનું કોઈ કારણ નથી. અત્યારે તેમના રાજકીય અને અખબારી ટેકેદારો વિધાનસભાના વિસર્જનની આડે ઝીણાભાઈ દરજી અને ઈન્દિરા ગાંધી જ મોટો અંતરાય છે એવું દર્શાવવા પ્રયત્નશીલ છે. તેઓ હજી યે મુખ્ય મંત્રીના વિશાળ આવાસમાં જ રહે છે અને એ મકાન જાહેર બાંધકામ ખાતા પાસેથી ૪-૫ હજારથી માસિક ભાડે લેવાની તરતપાસ પણ ચાલી રહી છે એવી ઊડતી વાતો આવે છે.

વિરોધ પક્ષોએ વિસર્જન માટે પ્રાણ હોડમાં મૂક્યા છે. સંસ્થા કૉંગ્રેસ અને જનસંઘે ધારાસભ્યોનાં રાજીનામાં મૂકી દીધાં છે, પણ અંતે થઈને વિપક્ષના ૨૮ ધારાસભ્ય છે. એટલે એમનો વિસર્જનમાં શો ન્યસ્ત સ્વાર્થ છે તે દેખીતું છે. ગુજરાતમાં ફરી ચૂંટણી કરાવવી એ તેમના લાભમાં છે. તેમના ચારેક ઉદ્દેશો ફળી શકાય તેવા છે.

**(૧) ઉત્તર પ્રદેશની ચૂંટણી**

અહીં વિધાનસભાનું વિસર્જન ૨૪ મી પહેલાં કરાવી શકાય તો ઉત્તર પ્રદેશના ચૂંટણીજંગમાં જઈને લોકોને કહી શકાય કે ગુજરાતનાં લોકોએ કૉંગ્રેસને ૧૬૮માંથી ૧૪૦ બેઠકો આપી, તો યે જુઓ ત્યાં એ રાજ કરી શકયા નહિ. માટે તમે અહીં એમને રાજ સોંપવાની ભૂલ ના કરતા, અમને સોંપજો.

**(૨) રાષ્ટ્રપતિની ચૂંટણી**

ગુજરાતમાં ધારાસભા વિખેરાવી શકાય તો તેને નમૂને મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ વગેરે બીજા કૉંગ્રેસ-શાસિત રાજ્યોમાં પણ શેરીયુદ્ધથી તખ્તાપલટ કરી શકાય. તો ઑગસ્ટમાં આવી પડનારી રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં કૉંગ્રેસના વત તોડી શકાય, વિપક્ષનો રાષ્ટ્રપતિ આણી શકાય (જે. પી. એ માટે ઉમેદવાર છે એ વાત તદ્દન વાહિયાત ગપ જ છે. એની સ્પષ્ટતા જે. પી. એ ગુજરાતમાં કરી જ છે.) અને તે પછી ૧૯૭૯માં રેડ્ડીને ચૂંટાવીને ઈન્દિરાને પદભ્રષ્ટ કરવાની આવળી પહેરી બાજી પાછી માંડી શકાય.

**(૩) ગુજરાતની ચૂંટણી**

વિધાનસભાનું વિસર્જન થાય તે પછી તરત જ બ્રિટનની હીથે યોજેલી તત્કાલ ચૂંટણીનો દાખલો ચાંપીને ગુજરાતમાં પણ ઓપ્રિલમાં જ નવી ચૂંટણી કરવાની જેહાદ જગાવવી. અત્યારે ઈંડિકેટ માટે પ્રતિકૂળ હવામાન છે તેને અંકે કરી લઈને ગુજરાતમાંથી એનો પગદંડો ઉખાડી નાખવો.

**(૪) રાષ્ટ્રીય ચૂંટણી**

ઉત્તર પ્રદેશમાં ઈન્ડિકેટ હારે તો આખા દેશમાં નવેસરથી સામાન્ય ચૂંટણીને માટે શેરીયુદ્ધ શરૂ કરવું.

ગુજરાતમાં વિધાનસભાનું વિસર્જન કદાચ ઉનાળા પહેલાં જ પરિસ્થિતિવશ થઈ જશે. તેનો વાંધો પણ નહીં. પરંતુ બિનસંસદીય બળજબરી દ્વારા આ વિસર્જન સિદ્ધ થશે એ ભૂલવા જેવું નથી. તે પછીનું નવસર્જન સર્વોદયની લોકનીતિની ઢબે થશે એવું સ્વપ્ન મૃગજળ કરતાં વધુ વાસ્તવિક નથી જણાતું, કારણ કે સજ્જનો ફાસિસ્ટ પદ્ધતિના લાચાર પ્રેક્ષક જ બની રહ્યા છે. અલબત્ત સાક્ષરો તો બેતાળીસ વગેરે આઝાદીનાં આંદોલનો વગેરેના અપ્રસ્તુત હવાલા આપીને બળજબરીનો બચાવ પણ કરી રહ્યા છે.

માત્ર ડાબેરી બુદ્ધિવાદીઓને બીક પેઠી છે કે ભારતમાં પણ હિટલરના ઉદય પહેલાંના જર્મન રાષ્ટ્રમાં ભજવાયો હતો તેવો ખેલ શરૂ થયો છે કે શું? ત્યાં યહૂદીઓનું 'આર્યીકરણ' હતું, અહીં મુસલમાનોના 'ભારતીકરણ' નો નારો હાથવગો જ છે. સામ્યવાદનો હાઉ ત્યાંની જેમ અહીં પણ બતાવાઈ રહ્યો છે. પણ આવા ડાબેરીઓ પાસે વિચારપ્રચાર સિવાય બીજી ખાસ કશી તાકાત દેખાતી નથી. ભૂમિહીનો, ગરીબથી ગરીબ લોકોમાં એમનાં મૂળિયાં નખાયેલાં નથી. લોકો એમની વિલાયતી પરિભાષાને કારણે આત્મીયતા નથી અનુભવતા.

સર્વોદયના પ્રમાણમાં મૂળિયાં છે પરંતુ સર્વોદય બે ધારામાં વહેંચાઈ ગયો છે. વિનોબાજીએ હજી હમણાં જ ઈન્દિરાજીને સર્વોદય સમાજનાં સભ્ય ગણાવીને શુભેચ્છા આપી. જયપ્રકાશજી ઈન્દિરાજીના વિરોધી નથી, પણ પ્રખર ટીકાકારનું વલણ તેમનું જરૂર છે. નારાયણ દેસાઈ, જેમને ફરી ગુજરાતમાં આવીને વસવાનું સર્વોદય કાર્યકરોએ ઇજન આપ્યું છે તેઓ ઈન્દિરા વિશે તેથી પણ વધુ 'ચૂગ' (ફ્રોબિયા) ધરાવે છે તેવી છાપ તેમને મળનારા કૉંગ્રેસી મિત્રો લઈ આવે છે.

પરિણામે જાણ્યે-અજાણ્યે જે. પી. અને નારાયણના નેતૃત્વ નીચે ગુજરાતમાં સર્વોદય મંડળનું આંતરમન ઈન્દિરા – શાસનની સમાપ્તિ પ્રત્યે ઢળી ગયું છે. તેથી વિધાનસભા–વિસર્જન માટે માગણી કરવાની સાથેસાથે જ, પક્ષોને આવતી ચૂંટણી આપક્ષ રીતે થવા દેવાનો આનુરોધ કરવાનો અને રચનાત્મક કાર્યકરોને પક્ષોથી મુક્ત થઈ જવાનો આનુરોધ કરવાના સુધારા, જયપ્રકાશજીને મંજૂર હોવા છતાં સર્વોદય અગ્રણીઓએ તેની ઉપેક્ષા કરી. લોકસ્વરાજ્ય સંમેલનનું નિવેદન આવા સુધારા વિના જ અતિ બહુમતીઓ પસાર કરાવી લીધું. ચાર જણાને ઊઠીને ચાલ્યા જવું પડે તેટલી તીવ્ર અસંમતિ પણ સર્વાનુમતિનો સિદ્ધાંત સ્વીકારનારાઓ ઉપર કશી અસર ન પાડી શકી. સુધારા મૂકનારાઓનો વિસર્જન સામે વાંધો નહોતો, તેમનું કહેવું હતું કે ડોસી મરે તેનો વાંધો નહિ પણ જમ ઘર જોઈ જાય તેનો વાંધો છે. મતદાતાઓને પૂછીને ધારાસભ્ય રાજીનામાં આપે એવું કરો.

સર્વોદય મિત્રોનો એવો ખ્યાલ જણાય છે કે ફરી ચૂંટણી થાય તો ૫૦-૧૦૦ મતદાતાના ઉમેદવારોને (કે દાદાના શબ્દોમાં 'સેવકો' ને) ચૂંટાવીને ધારાસભામાં મોકલી દેવાશે. પરંતુ અત્યારે જે રીતરસમથી વિસર્જન કરાવાઈ રહ્યું છે, તે જોતાં "સાધન તેવું સાધ્ય" એવા ગાંધી-ન્યાયે તો આવતી ચૂંટણીમાં પણ તેવી જ બળજબરી ઉમેદવારીપત્રક ભરવામાં અને પાછાં ખેંચવામાં થાય તેવો સંભવ અવાસ્તવિક નથી જણાતો.

**પ્રબોધ ચોકસી**

'જનશક્તિ'માંથી સાભાર

# ગુજરાતમાં હવે શું ?

ગુજરાતમાં આ લખી રહ્યો છું ત્યારે પણ તોફાનો જારી છે. રાષ્ટ્રપતિ શાસન સ્થપાયા બાદ તેની અન્ન વગેરેની કથળેલ પરિસ્થિતિને પહોંચી વળવા માટે શાંતિથી કામ કરવા દેવાને બદલે કોઈ ઠેકાણે રાજકીય પ્રશ્નો આગળ ધરીને તો કોઈ ઠેકાણે અખિલ હિન્દની લડતનાં મંડાણ કરીને વાયુમંડળ ગરમ રાખવાના પ્રયાસો થઈ રહ્યા છે. વાયુમંડળમાં એટલી અશાંતિ ભરી છે કે નાની નાની વસ્તુઓને કારણે વારંવાર તોફાન ફાટી નીકળે છે. આશાનું કેન્દ્ર માત્ર એક જ છે. આ વિષમ પરિસ્થિતિમાં ગુજરાતને જાળવવાની જવાબદારી કેન્દ્ર સરકારે લીધી છે. કેન્દ્ર સરકારે પ્રજાનો વિશ્વાસ જીતવાને અને સુવ્યવસ્થા પુનર્સ્થાપિત કરવાને માટે ઠીક ઠીક મહેનત કરવી પડશે. પ્રજાએ પણ સમજવું પડશે કે તોફાનોની વચમાં કે જુદા જુદા પક્ષના રાજકીય બ્યૂહોની વચમાં આ કામ કપરું બનશે, અને ત્યાં સુધી સૌથી નીચેના થર સુધી જીવનજરૂરિયાતની ચીજો પહોંચાડવામાં જે તંત્રની શકિત કામમાં લાગવી જોઈએ તે તોફાનો, હિંસા, અવ્યવસ્થાનો સામનો કરવામાં રોકાઈ જશે.

મેં કહ્યું કે હવામાં અશાંતિ ભરી છે. તેને નિવારવા બીજાં પણ પગલાં જરૂરી છે. હિંસાનો ઈલાજ કાં તો વધારે શકિતશાળી હિંસાત્મક પગલામાં સમાયેલો છે કાં તો ગુજરાતની સમસ્ત રચનાત્મક શકિતને સંગઠિત કરી તેનો મુકાબલો કરવામાં સમાયેલો છે. ગુજરાતનાં રચનાત્મક બળોએ છાપરે ચઢી પોકારવું જોઈએ કે કોઈ પણ ઓઠા હેઠળ હિંસાત્મક કે તોફાનની પ્રવૃત્તિ ગુજરાતના કે દેશના કલ્યાણમાં નથી. નકારાત્મક વલણ, કે સંદિગ્ધ કે તકવાદી વલણથી હિંસાને નિવારી શકાતી નથી. ગુજરાતના તમામ પક્ષોનું નેતૃત્વ આવાં વલણ ધરાવનાર આંદોલનથી માત્ર અલિપ્ત રહે એટલું જ બસ નથી પણ તેમણે તેની સામે અવાજ ઉઠાવવો જોઈએ.

બીજી વસ્તુ, ભારત સરકારે તેમ જ ગુજરાતે પોતાના હિતને ખાતર, કહો કે દેશના હિતને ખાતર સમજવું રહ્યું કે ભારતના રાજકીય કેન્દ્રને નબળું પાડવું તે પણ આત્યારની વિષમ પરિસ્થિતિમાં પોસાય તેમ નથી તેમ જ આવી ભારતનાં ૧૭-૧૮ રાજ્યોની બનેલી નાની-મોટી કડીઓમાંથી એકે કડીને નબળી પાડવી પોસાય તેમ નથી. જેમ સાંકળની મજબૂતીનો આધાર એક એક કડી ઉપર છે તેમ એક એક કડીની મજબૂતીનો આધાર સાંકળની મજબૂતી ઉપર છે. ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં સુધી ગણતંત્ર પ્રવર્તતું થે ત્યાં સુધી અલગ અલગ પક્ષની સરકારો કોઈ કોઈ રાજ્યોમાં સ્થપાવાની સંભવિતતા છે. જેમ કેન્દ્રમાં પણ કોઈ કોઈ રાજ્યને અણગમતા પક્ષનું શાસન પણ શકય છે. પણ કેન્દ્ર તેમ જ રાજ્ય સરકારની, આવી સાંકળ કે તેની એકે કડી ઢીલી ન પડે તે જોવાની જવાબદારી છે.

જ્યારે જ્યારે ભારતની સાંકળ—કહો કે કેન્દ્રવર્તી શાસન ઢીલું પડયું છે ત્યારે હમેશાં બહારનાં બળોએ ભારત ઉપર પોતાની જાળ પાથરવાનું શરૂ કર્યું છે. આજના વિશ્વમાં પણ આવાં બળો નથી કામ કરી રહ્યાં એમ માનીને સબસલામત છે એમ માનીને ન કેન્દ્ર ચાલી શકે, ન તો રાજ્ય સરકારો. ટૂંકાણમાં આ બંને વચ્ચે સહયોગ ઉપર જ ભારતની સુદઢ ઈમારત શકય છે.

આ સંદર્ભમાં હું ભારતનું એક શકિતમાન બળ જે સંયુકત કૉંગ્રેસ હતી તેનો ફરીથી ઉલ્લેખ કરું છું. પરિસ્થિતિ જોતાં આ વિભાજિત શકિતની બંને પાંખો ભલે અલગ રહે પણ સહયોગની ભૂમિકા ઉપરથી કામ કરવા અનુકૂળ બને તો લોકોમાં નવી આશા જાગશે. બંને પાંખો અલગ અલગ રીતે ભારતની સમસ્યાઓને પહોંચી વળશે એવા ખ્યાલમાંથી બહાર નીકળી સહયોગની ભૂમિકા ઉપરથી કાંઈક ન્યાય આપી શકશે. છેવટે બહારનાં બળોના ભયમાંથી ભારત જરૂર ઊગરી જશે, અને એકબીજાને પૂરક બની દેશની સમસ્યાઓ વિશે લોકોને વિશ્વસનીય માર્ગદર્શન આપી શકશે.

તા. ૨૩-૨-'૭૪ ઉ. ન. ઢેબર

# વિશુદ્ધ પ્રેમ

વિશુદ્ધ પ્રેમ એ હરેક મનુષ્યહૃદયના અંતરતમ ભાગમાં શાશ્વત પ્રજ્વળતી જ્યોત છે. એ જ્યોત સદાય પોતાને સ્થાને સ્થિત હોય છે. એને કોઈ આશા—અપેક્ષા હોતી નથી. નિઃસ્વાર્થ ઔક્ય એ જ એનું પોતાનું આગવું લક્ષણ છે. હૃદયના ઊંડાણમાંથી નિરંતર પ્રગટતી એ જ્યોત શરૂઆતમાં મનુષ્યને ઘર તેમ જ કુટુંબ તરફ સહજ વાળે છે. ત્યાં પ્રેમ અને સંવાદિતાનું સામ્રાજ્ય ફેલાવવા એ હરહંમેશ તત્પર રહે છે.

જેમ જેમ મનુષ્યનું જીવન વધુ ને વધુ નિઃસ્વાર્થ સેવા તરફ ઢળતું જાય છે તેમ તેમ માયાવી વાસનાના બંધ આપોઆપ તૂટતા જાય છે. આ સમયે હૃદયમાં પ્રજ્વળતી પ્રેમની સ્થિત જ્યોત પણ પોતાનો વિસ્તાર કરતી કરતી એક પાવક વ્યાપક જ્વાળા બને છે. મનુષ્ય આ સમયે સમાજમાં હરકોઈને ઉપયોગી થવા પ્રયત્ન કરે છે. જો કોઈ પણ જાતની અપેક્ષા વગર આ સેવા થતી રહે છે તો પ્રેમની જ્યોત જ્વાલા બની સમસ્ત વિશ્વને અને બ્રહ્માંડને સ્પર્શવા પ્રયત્ન કરે છે.

આ માનવ હવે સાધારણ મનુષ્ય રહેતો નથી. તેનું વિચારવું, રહેવું વગેરે લક્ષણો એ વિશ્વમાનવનાં બનતાં જાય છે.

આ વિશુદ્ધ પ્રેમની જ્યોત એ જ પ્રભુની સ્વયં જ્યોત છે. એ જ સત્ ચિત્ અને આનંદને પોતાનામાં સમાવતી અને પોતાનામાંથી પ્રગટાવતી, સમસ્ત બ્રહ્માંડને વિસ્તરીને શાશ્વત જલી રહી છે.

દામિની જરીવાલા

# જૈન સાહિત્યનાં સુભાષિત

જો સહસ્સં સહસ્સાણં સંગામે દુજ્જયે જિણે ।
એગં જિણિજ્જ અપ્પાણં એસ સે પરમો જઓ ।
(ઉ૦ ૯,૩૪)

માણસ ઘોર યુદ્ધમાં લાખો માણસને હરાવે એના કરતાં તે પોતાના વિષયવિકારને હરાવે તે ઘણો મોટો વિજય ગણાય.

કરયલમલિ આસ્સવિ દમણયસ્સ મહમહઈ પેસલો ગન્ધો ।
તવિઆસ્સવિ સજ્જણ માણુસસ્સ મહુરા સમુલ્લાવા ॥
(ઉ૦ ૧૧-૧૪ નીચે)

ચન્દન ઘસાય તો યે તેમાંથી સુવાસ જ નીકળે: તેમ સજ્જનને સંતાપે તો યે એના મુખમાંથી મીઠા બોલ જ નીકળે.

તત્તામિણં સારમિણં દુવાલસંગીઈ ચોસ ભાવત્થો ।
ભવ ભ્રમણ સહાયા ઈમે કસાયા ચઈજ્જનિત ॥

જયશેખર : ઉપદેશચિન્તામણિ ૪ પર,
પાનું ૧૩૪

તત્ત્વ આ, સાર આ, બાર અંગનો ભાવાર્થ પણ આ જ, કે જેને લીધે માણસ ભવાટવીમાં ભૂલો ભમે છે તે કષાયનો ત્યાગ કરવો.

અપ્પા નઈ વેઅરણી અપ્પા મે કૂડસામલી ।
અપ્પા કામદુહા ધેણૂ, અપ્પા મે નંદણં વણં ॥

આપણો આત્મા મદુરાત્મા બને તો એ વૈતરણી નદી, અને કૂટશાલ્મલી; અને સન્માર્ગે ચાલે તો એ કામધેનુ ને નન્દનવન.

(ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦-૩૬)

દેસાઈ વાલજી ગોવિન્દજી

# દ્વન્દ્વમુક્તિની મથામણ

માનવજાતમાં સમજણનું પ્રાગટય થયું ત્યારથી સુખ-દુઃખ, સારું-નરસું, શુભ-અશુભ, પાપ-પુણ્ય, સ્વાર્થ- પરમાર્થ આદિ દ્વન્દ્વો અસ્તિત્વમાં આવ્યાં છે. આ દ્વન્દ્વો સાપેક્ષ છે. તેમની અર્થચ્છાયાઓ સ્થળ અને કાળને અનુલક્ષીને બદલાતી રહી છે, પણ સામાન્ય રીતે જેને શુભ, સારી, ભલી, ન્યાયી, પવિત્ર, ઊર્ધ્વગામી કહી શકાય તેવી ભાવનાઓ પરત્વે માણસ આકર્ષાતો રહ્યો છે અને તેમને જીવનમાં સાકાર કરવા તે સદીઓથી સફળ-નિષ્ફળ મથામણો કરતો રહ્યો છે, અને આ મથામણો દરમ્યાન સદ્ કે અસદ્ એ બેમાંની કોઈ એક જ ભાવસ્થિતિમાં તે સતત જીવી શક્યો હોય તેવું ભાગ્યે જ બન્યું છે. ઘણું ખરું, માણસ દ્વન્દ્વોના પ્રભાવ નીચે, કહો કે બંનેની સહોપસ્થિતિ હોય તેવા આંતરબાહ્ય વાતાવરણમાં રહેતો આવ્યો છે અને માનસિક તણાવોનો અનુભવ કરતો આવ્યો છે. હૃદય એક આજ્ઞા કરે અને સંયોગો ચરણને અન્ય દિશાએ વાળે એવું બનતું આવ્યું છે, અને તેને લીધે તેને અવારનવાર માનસિક સંતાપોના જંતરડામાંથી પસાર થવાનું પણ બન્યું છે.

ઈતિહાસ નોંધે છે કે માણસ પ્રકૃતિ, પરિસ્થિતિ, ભિન્ન ભિન્ન સામાજિક પરિબળો અને પોતાના વ્યક્તિત્વને વેરવિખેર કરી નાખતી આસુરી વૃત્તિઓ સામે સૌકાઓથી લડતો આવ્યો છે. ક્યારેક તે જીવન અને જનસમાજનાં અંધ અને ગૂઢ બળોને ભૂંડી રીતે વશ થતો દેખાયો છે, તો ક્યારેક એમાંથી કેડો કંડારતો તે આગળ વધ્યો છે. એટલે કે પાશવી બળોથી પરાભૂત થઈને કે જીવનસંગ્રામમાં હતભગ્ન થઈને લાચાર પરિસ્થિતિમાં મનુષ્ય જીવ્યો હોવાનું ઈતિહાસનાં પૃષ્ઠો પર નોંધાયું છે, પણ એણે કાયમ માટે પરાજય સ્વીકાર્યો નથી. ઊલટું, જગતના આર્ષદ્રષ્ટાઓએ જે જીવનમૂલ્યોને ચરમ આદર્શરૂપે સ્વીકાર્યા છે ત્યાં પહોંચવાનું એનું લક્ષ્ય રહ્યું છે. ઉચ્ચ મૂલ્યોને પોતામાં સ્થિર કરવાની વ્યક્તિ કે સમાજની મથામણને આ કારણે તો મહત્ત્વ આપાતું રહ્યું છે. વ્યક્તિને અને સમાજને દીર્ઘ અનુભવ દ્વારા પાકી ખાતરી થઈ ગઈ છે કે દ્વન્દ્વમાંનું એક શુભ છે અને બીજું અશુભ છે. શુભના આચરણમાં પોતાનું અને માનવજાતનું ભલું છે; અશુભના આચરણમાં પોતાના અને માનવજાતના વિનાશનાં બીજ પડેલાં છે. એટલે તો શુભંકર સાબિત થયેલાં મૂલ્યો મનુષ્યને અને છેવટે માનવજાતને ઘોર વિનાશમાંથી બચાવશે એવી આસ્થાનો અને તે પ્રમાણેના પુરુષાર્થનો મહિમા થતો આવ્યો છે, અને માનવ-માનવ, સમાજ-સમાજ, પ્રદેશ- પ્રદેશ અને રાષ્ટ્ર- રાષ્ટ્ર વચ્ચેના કલહો નેસ્ત-નાબૂદ થાય એવો આગ્રહ સેવાતો આવ્યો છે. વસુધૈવ કુટુમ્બકમ્ સૂત્રનું ઉદ્ભવસ્થાન આવી જ કોઈ મથામણનું પરિણામ છે.

સમાજજીવનમાં આવો વ્યાપક આદર્શ અસ્તિત્વમાં આવે તે માટે સમયે સમયે કેટકેટલી વ્યક્તિઓ જીવનસાધનામાં લાગી ગઈ હોય છે. તેમને ખ્યાલમાં હોય છે કે આચારની ભૂમિકાએ ઊતર્યા વિના વ્યક્તિને કે સમાજને આંતરિક સમાધાન આદર્શ આપી શકતો નથી. એક વખત આચારની ભૂમિકાએ આદર્શનું અવતરણ થઈ ચૂક્યું પછી વ્યક્તિ કે સમાજના સમગ્ર વ્યક્તિત્વ પર, ભલે થોડો સમય પણ, આદર્શ પોતાનો પ્રભાવ પાડયા વિના રહેતો નથી. એક વખત આદર્શ સાથે અનુસંધાન થઈ જાય પછી વ્યક્તિ કે સમાજને પોતાના અહમ્‌ના કોચલામાં ગોંધાઈ રહેવાનું અનુકૂળ આવતું નથી. પછી તેણે મોટું વર્તુળ દોરવાનું રહે છે અને એમાં પોતાના વ્યક્તિત્વને ગોઠવવાનું રહે છે. આ પ્રક્રિયા જીવનભર ચાલે એવું બને, પણ એ પ્રક્રિયામાં અજંપા સાથે એક પ્રકારની મીઠાશ રહેલી હોય છે. અસિદ્ધને સિદ્ધ કરવાની હોંશમાં અજંપો છે, તો નાનાં નિશાન છોડી બૃહત્ તરફના પ્રયાણમાં મીઠાશ છે. ઉચ્ચ આદર્શ વ્યવહારમાં ઊતરતાં માણસ અંદરથી પહોળો પડે છે અને હળવોય થાય છે પછી તો અન્યનો બોજ હળવો થાય તેમાં તેને રસ પડવા માંડે છે માણસ પ્રત્યેનું તેનું દૃષ્ટિબિંદુ બદલાવા માંડે છે. પછી શાંતિ, સંતોષ કે આનંદની ખોજ માત્ર પોતીકી ન રહેતાં વ્યાપક બની જાય છે અન્યના દુઃખે દુઃખી અને અન્યના સુખે સુખી થવાની તેનામાં સમજ આવવા માંડે છે. એકોઽહં બહુસ્યામ્ –'હું એકમાંથી અનેક થયો' એવી સુખદ લાગણીનો તે અનુભવ કરે છે. બધે પોતે ગોઠવાઈ ગયો અથવા બધાં પોતાનામાં ગોઠવાઈ ગયાં એવો ભાવ અનુભવતાં પોતે શાંત થઈ જાય છે અને જગત તેને માટે શાંત થઈ જાય છે.

સાધનાના આ જંતરડામાંથી પસાર થઈ આ કક્ષાએ પહોંચવું સહેલું હોત તો માનવજાત આદિમકાળથી યાતનાની ક્રૂર ભીંસમાંથી પસાર થતી રહી છે તે ન થાત અને પરમ શાંતિના સૂરજનો ઉદય ક્યારનોય થઈ ગયો હોત. પણ માનવજાત આજે પણ સંચિત કુકર્મોના ભારથી રહેંસાઈ રહી છે, તે સૂચવે છે કે કપરું ચઢાણ સનાતન કાળ માટે હજી સિદ્ધ થયું નથી. એ ખરું છે કે યુગેયુગે ચરમ શાંતિની અંતિમ સીમાએ પહોંચવાનો પુરુષાર્થ એક પક્ષે થતો રહ્યો છે અને બીજે પક્ષે અશાંતિનું જોર વધે તે માટેના પ્રયાસો થતા રહ્યા છે. માનવજાતે સમયે સમયે આગેકદમ ઉઠાવ્યાં હોય તેવી પ્રતીતિ તેમનાં કાર્યો દ્વારા થતી રહી છે, તો પ્રગતિના માર્ગને રૂંધવાના પ્રયત્નો પણ ઓછા નથી થયા. માણસજાતે એકીસાથે પ્રકાશ અને અંધકારનાં પરિબળો વચ્ચે જીવી સ્વ-ચેતનાને સંકોરતા રહેવાનું ચાલુ રાખ્યું છે એનો ખ્યાલ આંતરબાહ્ય ક્ષેત્રે તેણે સાધેલી પ્રગતિ પરથી આવે છે. ઈતિહાસના આ લાંબા પટ પર જ્યારે વિનાશક શક્તિની તાકાત વધુ પ્રબળ બની છે ત્યારે પ્રજાજીવનને વેદનાની ભઠ્ઠીમાંથી ઉગારવા કોઈ યુગપુરુષ પાક્યો છે અને એણે પ્રજાને સાધિયારો આપ્યો છે. પણ આ સધિયારો ચિરંજીવ રહ્યો નથી, એની ખાતરી 'સંભવામિ યુગેયુગે' કહીને 'ભગવદ્ ગીતા'એ પૂરી છે.

કાળનાં વિશાળ વહેણ ઉપર દૃષ્ટિપાત કરતાં ક્યારેક એમ લાગે કે અમુક સમાજ એક જમાનામાં પ્રગતિની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો, પણ એ પ્રગતિનાં વળતાં પાણીની શરૂઆતનાં બીજ એ ગાળામાં જ વવાઈ ચૂક્યાં હતાં એવું અભ્યાસીઓએ દર્શાવી આપ્યું છે. એટલે આ ચડ-ઊતરની મથામણનો અંત નથી. આ ધરતી, ચન્દ્ર, સૂર્ય અને અનંત તારાઓને પોતાની ગોદમાં સમાવીને ફેલાયેલા આકાશના જેવું જ પ્રગતિ - અવનતિના ચક્રનું અસ્તિત્વ છે. માણસ સુખદુઃખના વર્તુળમાં દાખલ થયો એની સાથે જ ચક્રની ગતિ-વિધિ સાથે ઉપર-નીચે થતો રહેવાનો અને એની જીવતે જીવત પરમ શાંતિની ખોજ ઠગારી નીવડવાની. આ સંપદ-વિપદના ફરકમાંથી મુક્ત થવા માટે માણસે પોતાની લિંગશુદ્ધિ-આચારશુદ્ધિ કરવી પડશે અને દશ ઈન્દ્રિયો અને એના આગેવાનરૂપ મનના વહીવટીતંત્રમાંથી બહાર નીકળી સકળ ચેતનાનો જે દોરીસંચાર કરે છે તેવા આત્મામાં સ્થિર થવું પડશે. પોતાની સાથેના આખરી સમાધાન માટે સ્વ- સ્વરૂપાનુસંધાન કર્યા વિના દ્વન્દ્વમુક્તિના અનુભવને અવકાશ નથી.

ડૉ. કાન્તિલાલ કાલાણી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. By south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૭૪ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## એક વધુ તક

છેલ્લા પંદર દિવસમાં દેશમાં કેટલાક અગત્યના બનાવો બની ગયા. ઉત્તર પ્રદેશ, ઓરિસા, પોંડિચેરી, મણિપુર અને નાગાલેન્ડમાં ચૂંટણીઓ થઈ, નવા વર્ષનું બજેટ આવી ગયું. આ બધાની શી અસર?

ઉત્તર પ્રદેશ અને ઓરિસામાં કૉંગ્રેસને સફળતા મળી તેથી કૉંગ્રેસ અને ઈન્દિરા ગાંધી સામેના વિરોધી વાતાવરણમાં કાંઈક રુકાવટ આવી. આ રાજ્યોમાં અને ખાસ કરી ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસ હારી હોત તો દેશમાં ઘણી વિપરીત અસર થાત. બન્ને રાજ્યોમાં કૉંગ્રેસ સત્તા ઉપર આવી શકી તેથી અન્ય રાજ્યોમાં પણ કૉંગ્રેસને કાંઈક સધિયારો મળ્યો. ગુજરાતના બનાવોએ આ ચૂંટણી ઉપર ઘેરો ઓળો પાડ્યો હતો. કદાચ કેટલેક દરજ્જે એવા ઈરાદે જ ગુજરાતમાં વિરોધી પક્ષો અને કેટલાંક બીજાં બળો કામ કરી રહ્યાં હતાં. આ ચૂંટણીનાં પરિણામો ઉપરથી કેટલાંક અનુમાનો તારવી શકાય છે.

સંસ્થા કૉંગ્રેસ બન્ને રાજ્યોમાં સાફ થઈ ગઈ. મહારાષ્ટ્રની પેટા-ચૂંટણીઓમાં કૉંગ્રેસ હારી ગઈ અને સાબરકાંઠામાં સંસ્થા કૉંગ્રેસ જીતી તે ઉપરથી ઉત્તર પ્રદેશમાં સંસ્થા કૉંગ્રેસને સારી તક છે એમ માની મોટી સંખ્યામાં ઉમેદવારો ઊભા રાખ્યા હતા. ત્રણસો ઉપર ઉમેદવારોમાંથી માત્ર ૧૦ ચૂંટાયા. સંસ્થા કૉંગ્રેસના આગેવાનો ચન્દ્રભાણ ગુપ્તા અને બનારસીદાસ હારી ગયા. એકે ડિપોઝિટ ગુમાવી. ઓરિસામાં એક પણ બેઠક ન મળી. ગુજરાત અને તામિલનાડુ સિવાય સંસ્થા કૉંગ્રેસ નામશેષ થઈ ગઈ. કારણ સ્પષ્ટ છે. એના જુજ્ઞ આગેવાનો પ્રત્યે આદર હોવા છતાં, તેમનો લોકસંપર્ક નથી અને તેઓ દેશની ઝડપભેર પલટાતી પરિસ્થિતિમાં કાંઈ મહત્ત્વનો અથવા અસરકારક ફાળો આપી શકે એવો લોકોને વિશ્વાસ નથી.

કોમવાદી સંસ્થાઓને જાકારો મળ્યો. ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ લીગ કે મુસ્લિમ મજલિસને કાંઈ ટેકો ન મળ્યો. જનસંઘ, જેને બહુમતી મેળવવાની આશા હતી, ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં તે ૬૧ બેઠક મેળવી શક્યો. ઓરિસામાં એક પણ નહિ.

સ્થાનિક સંસ્થાઓને બહુ સારો સાથ મળ્યો. પોંડિચેરીમાં અન્ના ડી. એમ. કે. અને ઉત્તર પ્રદેશમાં બી. કે. ડી. સારી સંખ્યામાં આવ્યા. પોંડિચેરીમાં ડી. એમ. કે. સાફ થયો, તો અન્ના ડીમ. એમ. કે. આવ્યો. આ એક નવો પ્રવાહ છે. રાષ્ટ્રીય પક્ષો નબળા પડે છે અને રાજ્યકક્ષાના પક્ષો ઠીક ઠીક સફળતા મેળવે છે.

બીજા પક્ષોમાં સામ્યવાદી પક્ષ, કૉંગ્રેસ સાથેના જોડાણને કારણે ઠીક આગળ આવ્યો. ઉત્તર પ્રદેશ અને ઓરિસા બન્ને રાજ્યોમાં તેના ધારાસભ્યોની સંખ્યા વધી. બન્ને રાજ્યોમાં કૉંગ્રેસે સામ્યવાદી પક્ષના ટેકા ઉપર આધાર રાખવો પડશે. ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસને લીધે સામ્યવાદી પક્ષને વધારે સફળતા મળી કે સામ્યવાદી પક્ષને લીધે કૉંગ્રેસને, તે કહેવું મુશ્કેલ છે. સામ્યવાદી પક્ષનું વલણ બદલાતું રહ્યું છે. પોંડિચેરીમાં અન્ના ડી. એમ. કે. ને ટેકો આપ્યો. ૧૯૭૧ થી એકંદરે કૉંગ્રેસ સાથે રહ્યો છે પણ સામ્યવાદી પક્ષમાં મતભેદ જણાય છે. બંગાળમાં હવે કૉંગ્રેસ અને સામ્યવાદી પક્ષ વચ્ચે અંતર પડતું જાય છે. મુંબઈની લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ વિરુદ્ધ પડી સફળતા મેળવી. કેન્દ્રમાં એકંદરે હજી કૉંગ્રેસને ટેકો આપે છે. પણ સામ્યવાદી પક્ષમાં એક વર્ગ એવો છે જે એમ માને છે કે હવે કૉંગ્રેસ અને ઈન્દિરા ગાંધી પડતીમાં છે અને તેની સાથે રહેવામાં લાભ નથી. રશિયા સાથેના સંબંધો સારા રહેશે ત્યાં સુધી સામ્યવાદી પક્ષ બહુ કૉંગ્રેસવિરોધી નહિ થાય.

ઓરિસામાં કૉંગ્રેસ હારી જશે એવી સામાન્ય માન્યતા હતી. બીજુ પટનાયકના પ્રગતિ દળને સફળતા મળશે એવી આશા હતી. નન્દિની સત્પથીની વ્યવસ્થાશક્તિ અથવા ઈન્દિરા ગાંધીનું પ્રચારકાર્ય કૉંગ્રેસની સફળતાનાં કારણો ગણી શકાય. પણ ખરું તો પટનાયક કે મહેતાબની મથરાવટી એટલી મેલી છે કે પ્રજા તેમની જાળમાં ફરી ફસાય નહિ તેટલી જાગ્રત છે. વળી પ્રગતિદળ જમણેરી પક્ષ છે અને કોઈ જમણેરી પક્ષને ચૂંટણીમાં સફળતા મળે એ હવે બને તેમ નથી.

ઉત્તર પ્રદેશમાં સફળતાનાં બીજાં કારણો છે. કમલાપતિ ત્રિપાઠીને સ્થાને બહુગુણાને મૂકયા તે સારું થયું. બહુગુણા યુવાન છે અને શક્તિશાળી છે. ઉમેદવારોની પસંદગીમાં પણ સારી પેઠે ફેરફાર કર્યા હતા. મોંઘવારી, કૉંગ્રેસ તંત્ર પ્રત્યેનો તીવ્ર આસંતોષ અને ભ્રષ્ટાચાર છતાં ઈન્દિરા ગાંધી પ્રત્યેનું પ્રજાનું આકર્ષણ હજી સારા પ્રમાણમાં છે, ખાસ કરી ગ્રામવિસ્તારોમાં. કૉંગ્રેસે કરોડો રૂપિયાનું ખર્ચ કર્યું, ચીજવસ્તુઓની રેલમછેલ કરી, લોકોને બીજી લાલચો આપી, સરકારી નોકરો અને શિક્ષકોના પગારવધારા કર્યા, શેરડીના ભાવ વધારી ખેડૂતોને લાભ કર્યો, સંખ્યાબંધ યોજનાઓના પાયા નાખ્યા; આ બધાં કારણોએ ભાગ ભજવ્યો. પણ મુખ્ય કારણ તો એ લાગે છે કે પ્રજાને બીજો વિકલ્પ નથી. અસ્થિર રાજતંત્ર અને પક્ષોના શંભુમેળાથી બહુ સહન કર્યું. બીજો કોઈ રાજકીય પક્ષ પ્રજાનો વિશ્વાસ સંપાદન કરી શક્યો નથી. ખરી રીતે, કૉંગ્રેસને ઉત્તર પ્રદેશમાં સ્પષ્ટ બહુમતી ૧૯૬૨ પછી પહેલી વખત જ મળી છે. છતાં ઉત્તર પ્રદેશમાં બહુમતી નજીવી છે અને ઓરિસામાં શાસકપક્ષને બહુમતી નથી તેથી કૉંગ્રેસે બહુ જાગ્રત અને સાવચેત રહેવું પડશે.

પોંડિચેરીમાં બન્ને કૉંગ્રેસ સંયુકત ચૂંટણી લડ્યા. છતાં બહુમતી ન મળી. કોઈમ્બતુરમાં સંસ્થા કૉંગ્રેસનો ઉમેદવાર હારી ગયો છતાં હીંડીગલનું પુનરાવર્તન ન કહેવાય. આ બેઠક સામ્યવાદી પક્ષની હતી અને મોહન કુમારમંગલમનાં બહેન પાર્વતી પ્રભાવશાળી વ્યક્તિ છે. પોંડિચેરીમાં બન્ને કૉંગ્રેસે સંયુકત આગેવાનની નિયુક્તિ

કરી સહકારમાં એક પગલું આગળ વધ્યા છે. રાજસભાની ચૂંટણીમાં પણ બન્ને પક્ષે સહકારથી કામ કરવાનો નિર્ણય કર્યો છે. સંસ્થા કોંગ્રેસના બીજા રાગેવાનો કામરાજ પેઠે હજી પણ સહકારની દિશામાં વિચારશે તો દેશને લાભ છે.

નાગાલેન્ડ અને મણિપુરનાં ચૂંટણી પરિણામો ચિન્તાજનક લેખાવાં જોઈએ. બંને સરહદી રાજ્યો છે ત્યાં અસ્થિરતા હાનિકારક છે. નાગાલેન્ડમાં ખાસ કરી ફીઝોનો પક્ષ અલગતાવાદી અને ચીનતરફી રહ્યો છે. તે પક્ષ સત્તા પર રાાવ્યો તે ઠીક ન થયું. નાગાલેન્ડમાં લાંબા સમય પછી ભૂગર્ભ સૈન્ય કાંઈક કાબૂમાં રાાવ્યું હતું. તેને બળ મળશે. નાગાલેન્ડ અને મણિપુરને લોકશાહી તંત્રનો આનુભવ નથી. ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાવવું પડે તો આશ્ચર્ય નહિ થાય.

ગુજરાત બે મહિનાથી આંધીમાં સપડાયું છે. ધારાસભા વિસર્જન સિદ્ધાંતનો પ્રશ્ન નથી. વિસર્જન અનિવાર્ય છે. કોઈ પક્ષે એમાં મમત્વ કરવા જેવું નથી. આંદોલનને વશ થઈ વિસર્જન કરવું પડયું એવા ભયથી અશાન્તિ ચાલુ રાખવી વાજબી નથી. પ્રતિષ્ઠાનો સવાલ બનવો ન જોઈએ. ગુજરાતમાં વિસર્જન થશે તો તેના વિપરીત પ્રત્યાઘાતો બીજાં રાજ્યોમાં પડશે એવો ભય સેવવાનું કારણ નથી. ગુજરાતની વિશિષ્ટ પરિસ્થિતિ છે. પ્રજા ત્રાસી ગઈ છે. નવનિર્માણ સમિતિમાં તીવ્ર મતભેદો છે. તેમાં જે સમજદાર યુવકો છે તેમને રાા માર્ગેથી પાછા વાળવાની જરૂર છે. કદાચ આ લખાણ પ્રકટ થાય તે પહેલાં વિસર્જન થઈ ગયું હશે. પછી કોઈ આંદોલન ચાલુ રહે એમ લાગતું નથી. મોરારજીભાઈએ શાન્તિ સ્થાપવા અને ધારાસભા વિસર્જન કરાવવા (આ બે વસ્તુઓ સાંકળી કેમ લીધી?) જલદ નૈતિક ઉપાય લેવાનું જાહેર કર્યું છે. આશા રાખીએ કે એવા કષ્ટમાંથી તેમને પસાર થવું નહિ પડે. ગુજરાતનું જાહેર જીવન છિન્નભિન્ન થઈ ગયું છે. ચીમનભાઈ પટેલ એમના માર્ગે જાય છે તે સારું છે. પોતાના સાચા સ્વરૂપે પ્રકટ થશે. ગુજરાતના સાચા હિતચિન્તકો, પક્ષ કે વ્યક્તિગત સ્વાર્થને ભૂલી, પ્રજાની હાડમારીઓ ઓછી કરવા અને જાહેર જીવનને વિશુદ્ધ કરવામાં લાગશે તો સહન કર્યું સાર્થક થશે.

ઉત્તર પ્રદેશ અને ઓરિસાનાં ચૂંટણી પરિણામોએ, રાજકારણી ક્ષેત્રે વધતી જતી અસ્થિરતાને કાંઈક રોકી છે. મોંઘવારી અને ભ્રષ્ટાચારથી ત્રાસી ગયેલી પ્રજાએ કોંગ્રેસને રોક વધુ તક આપી છે. રાા તકનો લાભ લઈ કોંગ્રેસ પોતાનું ઘર સાફ નહિ કરે તો તેને કોઈ બચાવી શકશે નહિ.

હવે થોડું બજેટ વિષે. હું અર્થતંત્રમાં બહુ સમજતો નથી. પણ આ બજેટમાં ન સમજી શકીએ એવી આંટીઘૂંટી નથી. એક રીતે કહીએ તો ચીલાચાલુ બજેટ છે. નવી નીતિ વિચારવી, શ્રી. ચવ્હાણની શકિત બહારની વાત છે. ઉપરઉપરથી જોઈએ તો આ બજેટને આવકાર મળ્યો છે શ્રી ચવ્હાણની પ્રશંસા થઈ છે. આ આવકાર અને પ્રશંસા એવા વર્ગ અને તેનાં વર્તમાનપત્રો તરફથી મળ્યા છે કે જેને આ બજેટથી સારી રાહત મળી છે, લાભ થયો છે. શ્રી ચવ્હાણે કદાચ આવું ઈરાદાપૂર્વક કર્યું હોય. જે વર્ગ લાગવગ ધરાવે છે, હોહા કરી શકે છે, વર્તમાનપત્રો ઉપર જેનો કાબૂ છે, શહેરી કોલાહલ મચાવી શકે છે એને રાજી કરી, કોંગ્રેસ હવે ઉદ્દામવાદી મટી, સાચા રાહે છે, એવી છાપ ઊભી કરવા પ્રયત્ન કર્યો હોય તેમ લાગે છે. કંપનીઓ ઉપર કોઈ નવા કરવેરા પડયા નથી અને મોટી આવકવાળાને સારી પેઠે રાહત આપી છે. (૯૭ ટકા કરવેરામાંથી ૭૭ ટકા કરીને) તે હકીકત, પૈસાવાળાની દૃષ્ટિએ આ બજેટનું જમા પાસું કહેવાય. આંકડાઓની ઈન્દ્રજાળમાં પડયા વિના એટલું કહી શકાય કે આ બજેટથી ફુગાવો ઓછો થાય, ભાવવધારો અટકે, અથવા ઓછો થાય, કાળાં નાણાં ઉપર કાંઈ અંકુશ આવે, ઉત્પાદન વધે, બેરોજગારી ઓછી થાય, એવી કોઈ આશા બંધાતી નથી. બલ્કે જાણકારો કહે છે કે ફુગાવો ઘણો વધશે, ભાવો હજી આસમાને ચડશે, કાળાં નાણાં વધતાં રહેશે. ગરીબ કે સામાન્ય માણસને કોઈ રાહત મળે એવું આ બજેટથી જણાતું નથી. મોટી આવકવાળાને રાહત આપવાથી કરચોરી ઓછી થશે અને કાળાં નાણાંનું પ્રમાણ ઘટશે એવી માન્યતા ઉપર શ્રી ચવ્હાણે વાંચ્છુ કમિટીની ભલામણ એક સપાટે સ્વીકારી છે. જાણકારો એમ કહે છે કે આ આશા એકંદરે નિરાશામાં પરિણમશે. બહુ થોડા પ્રામાણિક માણસોને બાદ કરતાં પહી દેવ તે તો ટળે કેમ ટાળી, એવું રહેશે. આવકવેરાની રાહત (૭૭ ટકા) બે લાખની આવક સુધી જ રાખી હોત અથવા આ રાહતથી બચત થાય તે માત્ર ઉપભોગમાં કે અનુત્પાદક રોકાણમાં ન જાય, પણ ફરજિયાત ઉત્પાદક રોકાણમાં જાય એવું રાખ્યું હોત તો કાંઈક લાભદાયી થાત. પણ વાંચ્છુ કમિટીની ભલામણ સ્વીકારવામાં લાંબો વિચાર કર્યો હોય તેવું જણાતું નથી.

શ્રી ચવ્હાણે વ્યવહારુપણાની છાપ ઊભી કરવા પ્રયત્ન કર્યો છે તે લાંબો વખત ટકશે નહિ. ગરીબ કે સામાન્ય માણસ એક જ માપથી આ બજેટને જોશે કે પોતાની જીવનજરૂરિયાતો વાજબી ભાવે, પૂરતા પ્રમાણમાં તેને મળે છે કે નહિ અને આ માપથી આ બજેટ તેને નિરાશ કરશે. શ્રી ચવ્હાણનો એવો પ્રયત્ન લાગે છે કે વાચાળ વર્ગના વિરોધને હળવો કરવો અને હવા બદલવી. અંતે કઠોર વાસ્તવિકતા વિકરાળ સ્વરૂપે ઊભી રહેશે.

૮-૩-'૭૪. ચીમનલાલ ચકુભાઈ

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### લોકો બિચારા શું કરે!

ગાંધી - શ્રાદ્ધ દિન નિમિત્તે ભેળા થયેલ વર્ધા જિલ્લાના નાગરિકો સમક્ષ તા. ૧૨-૨-'૭૪ના પ્રવચનમાં વિનોબાજીએ કહ્યું:

"મારપીટ કરી કે સરકાર તેના તરફ ધ્યાન આપે છે. હમણાં ગુજરાતમાં કરી ને! એકદમ ધક્કો દીધો. સરકાર કહે છે કે જ્યાં સુધી શાંતિ નહીં થાય, ત્યાં સુધી કોઈ વિચારણા કરવામાં નહીં આવે. પછીથી આમ સરકાર બોલવા માંડે છે. પણ કયારે? મારપીટ થયા પછી! પણ તે પહેલાં જો શરૂઆતથી જ શાંત રહ્યા, તો કહેશે કે લોકો સુખશાંતિમાં છે, સંતુષ્ટ છે! ગુજરાતે શાંતિપૂર્વક કર્યું હોત તો કોઈએ વિચાર્યું હોત ખરું? તેણે જોયું કે મારામારી સિવાય બીજો કોઈ ઉપાય નથી. તો હવે પંજાબમાંથી ને હરિયાણામાંથી સરકાર અનાજ મોકલવા લાગી છે. આંધ્ર રાજ્યમાં જે સમજૂતી સધાઈ તે પણ મારપીટ વિના સધાઈ હોત ખરી? શાસ્ત્ર પ્રમાણે યોગ્ય વખતે હિંસા કરવી, તે અહિંસા કહેવાય છે."

સાબરમતી આશ્રમમાં રચનાત્મક કાર્યકરોના સંમેલનમાં તા. ૧૩-૨-'૭૪ના પ્રવચનમાં જયપ્રકાશ નારાયણે કહ્યું:

"કાયદો જ્યારે ઝાઝું કરી ન શકે, ત્યારે અહિંસક માર્ગે જ આગળ વધવું પડશે. હિંસાથી તો કાંઈ સિદ્ધ થવાનું નથી. હિંસા કરે, જેને કરવી હોય તે, હું તો એ બધું કરી ચૂકયો છું. હિંસાનું આંદોલન પણ મેં ચલાવી જોયું છે. તેની બધી વિદ્યા, તેનું દર્શન હું જાણું છું. મારે માટે એ કાંઈ નવું નથી. પરંતુ બરાબર સમજીવિચારીને મેં એ હિંસાનો માર્ગ છોડયો છે. અને તે એટલા માટે છોડયો છે કે જે સામાન્ય માણસ છે, તેને માટે હિંસા છે નહીં. તે પોતે પણ તેમાં સામેલ નથી થઈ શકતો, અને તેનું પોતાનું તેમાં કલ્યાણ પણ નથી થતું. હિંસા પછી જે કોઈ શાસન આવશે, તે આવે ભલે સામાન્ય માણસના નામે, કે મજૂર ને ખેડૂતના નામે, પણ સત્તા તો એમના જ હાથમાં રહેશે જેમના હાથમાં બંદૂક છે."

વિનોબા કહે છે, શાસ્ત્ર પ્રમાણે, યોગ્ય વખતે હિંસા કરવી, તે અહિંસા કહેવાય છે. યોગ્ય વખત કયો કહેવાય? હિંસાનું કાંઈ

પ્રમાણ ખરું? જયપ્રકાશ કહે છે, બરાબર સમજી વિચારીને મેં હિંસાનો માર્ગ છોડયો છે. સાબરમતી આશ્રમ સંમેલનમાં જયપ્રકાશે લગભગ એક કલાક ઉપર પ્રવચન કર્યું હશે. પૂરું પ્રવચન 'ભૂમિપુત્ર'ના તા. ૨૬-૨-'૭૪ના અંકમાં પ્રકટ થયું છે. ઇતિહાસની ઘણી વાતો કહી છે. લેનિન, માઓ, ગાંધી, લોકશાહી, ગ્રામસભા વગેરે. સાંભળનારને શું માર્ગદર્શન મળ્યું તે કહેવું મુશ્કેલ છે. પ્રવચનને અંતે તેમણે કહ્યું:

"શું કરું! હું પોતે સ્વાસ્થ્યને કારણે લાચાર છું. મારી અંદર હિમત તો છે, પણ નાજુક તબિયતને લીધે અચકાઉં છું. નહીં તો હું વિદ્યાર્થીઓને હાકલ કરત કે એક વરસ માટે કોલેજો છોડીને નીકળી પડો! ચાલો, મારી સાથે! આપણે આ દેશમાં એક નવું લોકશાહી માળખું ઊભું કરી દઈએ!"

લોકો બિચારા શું કરે?

**મહત્ત્વ બનાવોનું છે, તેનાં કારણોનું નહિ**

શ્રી મોરારજીભાઈએ આમરણાન્ત (બિનમુદતી) ઉપવાસ શરૂ કર્યા છે. ઉપવાસનાં કારણો આપતું ત્રણ પાનાંનું નિવેદન બહાર પાડયું છે. ગુજરાત વિધાનસભાનું વિસર્જન કરવા સરકાર ઉપર નૈતિક દબાણ લાવવા ઉપવાસ આદર્યા છે. સરકાર લોકોના બહાદુર આંદોલનને કચડી નાખવા માગે છે તેને સબળ બનાવવા અને હિંસક માર્ગે જતું અટકાવવા પોતાને માટે ઉપવાસ સિવાય બીજો કોઈ માર્ગ નથી એમ કહ્યું છે. પ્રજાની સેવામાં પોતે જીવન સમર્પણ કર્યું છે તે કાર્યમાં ગુજરાતના બધા વર્ગના લોકોએ તેમને સદા ટેકો આપ્યો છે તે ઋણ મારું જીવન હોડમાં મૂકીને અદા કરવાની આ તક છે. કોંગ્રેસના મુખ્ય મંત્રી ચંદ્રજિત યાદવે કહ્યું કે મોરારજીભાઈનો માર્ગ શાન્તિનો છે, પણ પરિસ્થિતિ સુધારવામાં કાંઈ સહાયભૂત નહિ થાય. જયદીપસિંહ બારિયાએ કહ્યું કે આ ઉપવાસ મોરારજીભાઈની જાણીતી ચાલબાજી છે. (usual gimmicks of Mr. Desai) અને અસાધારણ પરિસ્થિતિનો લાભ લેવાનો એક પ્રયત્ન છે.

લોકસભામાં અને રાજ્યસભામાં ગૃહમંત્રી શ્રી ઉમાશંકર દીક્ષિતે કહ્યું કે રાબેતા મુજબની શાન્તિ ન સ્થપાય ત્યાં સુધી વિધાનસભા વિસર્જનનો વિચાર કરી ન શકાય. શ્રી દીક્ષિતે કહ્યું કે હિંસક તોફાનોને તાબે થઈ વિસર્જન કરીએ તો ખોટો દાખલો બેસાડાય અને તેને લીધે નવા બળો પેદા થાય જે લોકશાહી માટે ભયરૂપ થાય. શાન્તિ થઈ કયારે કહેવાય?

પત્રકારોએ મોરારજીભાઈને પૂછ્યું કે દબાણને વશ થઈ વિસર્જન કરવું તમે વાજબી માનો છો? મોરારજીભાઈએ જવાબ આપ્યો કે આવો એક ખોટો દાખલો (bad precedent) સરકારે આ પહેલાં કેરળની વિધાનસભાનું વિસર્જન કર્યું ત્યારે પાડયો જ છે. નેહરુ તેની વિરુદ્ધ હતા, પણ તે વખતનાં કોંગ્રેસપ્રમુખ ઈન્દિરા ગાંધીએ વિસર્જન કરાવ્યું. દબાણને વશ થઈ વિસર્જન કરવું વાજબી નથી એમ મોરારજીભાઈ માનતા લાગે છે. પણ એક વખત એવું કર્યું જ છે તો આ વખતે પણ કરવું જોઈએ.

હકીકતમાં આપણે બધા બનાવોના કેદી (Captives of events) છીએ.

મોરારજીભાઈ અને બીજા બધા જેઓ વિસર્જન માગે છે તેમણે આવું કહેવું જ જોઈએ. સરકારે આવાં કારણો આપવાં જ જોઈએ. જે સ્થાને બેઠા છે તે સ્થાન ઉપરથી વિચાર થાય છે, બીજી બાજુનો નહિ. પહેલા શાન્તિ પછી વિસર્જન; કે પહેલાં વિસર્જન પછી શાન્તિ. સૌ જાણે છે વિસર્જન અનિવાર્ય છે. ધારાસભા કયારની મરી ગઈ છે. કોણ નમતું મૂકે, કોણે કોને નમાવ્યા? કેવી કરુણાજનક સ્થિતિ છે! પ્રતિષ્ઠાનાં ભૂત કેટલાં વળગે છે! સરકારે વિસર્જન કરવું જ પડશે અને કર્યું હોત તો કાંઈ ખોટો દાખલો બેસવાનો ન હતો. આપણે સૌ સંજોગો અને પરિસ્થિતિનાં રમકડાં છીએ. Events overtake us & we are helpless. મોરારજીભાઈના ઉપવાસ આંદોલનને હિંસક માર્ગે જતું અટકાવશે કે તોફાનો વધશે તે તેમના હાથની વાત નથી. સરકારની અક્કડાઈથી શાન્તિ થશે કે તોફાનો વધશે તે સરકારના હાથની વાત નથી. ભોગ પ્રજાનો છે. રાતે વિસર્જન તો થશે જ. આંદોલન સ્થગિત કરી વિસર્જન મેળવીએ કે વિસર્જન કરાવી આંદોલન બંધ કરીએ - સત્તા અને પ્રજાનો આવો સંઘર્ષ જરૂરનો છે? કોઈ હિમત કરી સાચું પગલું નહિ ભરે? મોરારજીભાઈ કહી શકત કે આંદોલન આઠ દિવસ સ્થગિત કરો અને છતાં વિસર્જન ન થાય તો આંદોલનની આગેવાની હું પોતે લઈ શાન્તિમય માર્ગે દોરીશ અથવા મારા ઉપવાસથી હું બધી જવાબદારી લઉં છું અને આંદોલન સ્થગિત કરો. સરકાર કહી શકત કે વિસર્જન કરીએ છીએ છતાં જો તોફાનો ચાલુ રહેશે તો પ્રજાના રક્ષણાર્થે અને શાન્તિ સ્થાપવા સખત હાથે કામ લઈશું. આંદોલન બનાવ છે, ઉપવાસ બનાવ છે, હાલ વિસર્જન ન કરવું તે બનાવ છે. તેનાં સાચાં-ખોટાં કારણો ગમે તે રાખવામાં આવે, પરિણામ ભોગવવાં પડે, અને તે પણ કદાચ બનાવોના કર્તાઓએ ધાર્યાં હોય તેથી જુદાં જ. લોકશાહીને નામે બધું થાય અને તેનું જ ખૂન થાય. સામાન્ય પ્રજાજનને નામે થાય અને તે જ કચડાય. કરે એક, ભોગવે બીજા.

૧૨-૩-'૭૪

**બ્રિટિશ ચૂંટણી**

૨૮મી ફેબ્રુઆરીએ બ્રિટનમાં અભૂતપૂર્વ ચૂંટણી થઈ ગઈ. ૧૯૨૯ પછી બ્રિટને આવી આર્થિક કટોકટી અનુભવી નથી અને આવી ચૂંટણી જોઈ નથી. ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું અને તેના વિજેતા ચર્ચિલે મોટી બહુમતી મેળવવાની આશાએ ચૂંટણી કરી અને હારી ગયા ત્યારે પણ આટલો તુમુલ સંઘર્ષ ન હતો. આ વખતે બ્રિટન વર્ગવિગ્રહને આરે આવીને ઊભું હતું. બ્રિટનમાં અનહદ ફુગાવો અને ભાવવધારો થતો રહ્યો છે. તેને ખાળવા રૂઢિચુસ્ત વડા પ્રધાન હીથે પગારો અને ભાવો ઉપર નિયમન માટે કડક પગલાં લીધાં. ઘણાખરા મજૂર સંઘોએ પગાર અંકુશો સ્વીકાર્યા, પણ કોલસાના ખાણિયાઓએ મોટા પગારવધારાની માગણી કરી. ૧૬ા ટકા પગારવધારો આપવાની સરકારે તૈયારી બતાવી તેનો અસ્વીકાર કર્યો. બે લાખ ખાણિયાઓનો મજૂર સંઘ બહુ સંગઠિત છે અને તેમાં કેટલાક સામ્યવાદીઓ છે. ત્રણ મહિનાથી, વધારે સમય - ઓવરટાઈમ-કામ બંધ કર્યું. પરિણામે કોલસાનું ઉત્પાદન ઘટી ગયું. તેમાં તેલની કટોકટી આવી. શિયાળો અને તેમાં વીજળી પુરવઠો ઘટી ગયો. કારખાનાઓ માત્ર ત્રણ દિવસ ચાલે. ઘરમાં અને ઓફિસોમાં વીજળીના ઉપયોગ ઉપર આકરા અંકુશો મૂકાયા. રેલવેમજૂરોએ પણ હડતાળ કરી. પ્રજાએ શિસ્તબદ્ધ સહન કર્યું. ઘણી વાટાઘાટો થઈ પણ મડાગાંઠ પડી ગઈ અને ખાણિયાઓ સામે બહુ સખત હાથે કામ લેવું પડે એમ મિ. હીથને લાગ્યું. ખાણિયાઓએ મોટી બહુમતીથી હડતાળ પર જવાનો નિર્ણય કર્યો. મિ. હીથ એમ માનતા હતા કે ખાણિયાઓના વર્તનથી પ્રજા ત્રાસી જશે અને તેમને દબાવી દેવાના પગલામાં પોતાને પ્રજાનો ટેકો મળશે. પાર્લામેન્ટમાં સાંકડી બહુમતી હતી તેથી મોટી બહુમતી મેળવી ખાણિયાઓ સામે ખૂબ કડક પગલાં લેવા પ્રજાનો આદેશ મેળવવા, મુદત કરતાં ૧૪ મહિના વહેલી ચૂંટણી કરવાનો નિર્ણય કર્યો. ઘણા લોકોએ મિ. હીથના આ દાવને મોટો જુગાર કહ્યો. તેમના જ પક્ષના આગેવાન નેતા રોનોક પોવેલે આ ચૂંટણીને બિનજવાબદાર અને છેતરપિંડી કહી. આર્થિક કટોકટી ઘણી ઘેરી બની. ઉત્પાદન ઘટી ગયું, આયાત બહુ વધી ગઈ, નિકાસ ઘટી ગઈ અને આંતરરાષ્ટ્રીય ઉધાર પાસું મોટું થઈ ગયું. ચૂંટણીપ્રચાર માટે ઓછામાં ઓછો સમય-માત્ર ૨૦ દિવસ - આપ્યો. ૮ મી ફેબ્રુઆરીએ પાર્લામેન્ટનું વિસર્જન કરી, ૨૮ મીએ ચૂંટણી જાહેર કરી. મજૂરો પણ રણે ચડયા. ત્રણ મહિનાથી ઓવરટાઈમ ગુમાવ્યો હતો. પછી હડતાળ પર ગયા. બધી આર્થિક તંગી સહન કરવા તૈયાર થયા. Fight to finish જેવી સ્થિતિ થઈ. ચૂંટણીપ્રચાર કાતિલ હતો. મજૂર પક્ષના નેતા વિલ્સન પણ ભારે ખેલાડી છે. આગાહીરો બધી એમ કહેતી હતી કે મિ. હીથને સારી બહુમતી મળશે. મજૂર પક્ષ અને મજૂર સંઘોનો

હીથ ઉપર આક્ષેપ હતો કે ત્રણ વર્ષમાં પૈસાદારો અને મોટી કંપનીઓને જ તેમણે લાભ આપ્યો છે. કરોડો પાઉન્ડના કરવેરા ઓછા કરી ધનવાનોને વધુ ધનિક બનાવ્યા છે. આવી મોટી ઉત્તેજના છતાં ચૂંટણી દરમ્યાન, ખાણિયાઓની હડતાળ, ચૂંટણીપ્રચાર અને ચૂંટણી શાન્તિમય રહ્યાં. શિસ્તનું અનુપમ ઉદાહરણ પ્રજાએ આપ્યું. મિ. હીથનો એક જ નારો હતો - બ્રિટન પર કોણ રાજ્ય કરશે, મજૂર સંઘો કે પાર્લમેન્ટ? તેમના પ્રચારમાં પ્રજાને ભારે ચેતવણી આપતા કે સામ્યવાદીઓ ઘરમાં ઘૂસી ગયા છે. Reds under the bed. મજૂર પક્ષની નીતિમાં બે મુખ્ય મુદ્દા હતા-ઉદ્યોગોનું મોટા પાયા ઉપર રાષ્ટ્રીયકરણ અને પૈસાદાર ઉપર ભારે કરવેરા. એક બીજો પણ મોટો વિવાદનો મુદ્દો હતો. યુરોપીય મજિયારી બજારમાં બ્રિટન સભ્ય બન્યું છે. મજૂર પક્ષ તેનો વિરોધ કરે છે. ઈંગ્લાંડમાં દ્વિપક્ષીય સંસદીય લોકશાહી દૃઢ થઈ છે. એક પક્ષ હારે તો તેના જેટલો જ સબળ અને તેના જેવી જ આગેવાની પૂરી પાડી શકે એવો બીજો પક્ષ તૈયાર છે. પણ આ વખતે બન્ને રાજકીય પક્ષો ઉપર પ્રજાનો અસંતોષ હતો અને ત્રીજો પક્ષ - લિબરલ—જે નામશેષ છે, તે સારી સંખ્યામાં બેઠકો મેળવશે એવી આગાહી હતી.

પરિણામ આશ્ચર્યજનક આવ્યું અને છતાં ધારેલું પરિણામ આવ્યું એમ પણ કહેવાય. કોઈ પક્ષને બહુમતી ન મળી. કાનસોરી હરીફાઈ થઈ. રૂઢિચુસ્તને ૨૯૬, મજૂર પક્ષને ૩૦૧, લિબરલને ૧૪ અને પરચૂરણ ૨૪ - કુલ ૬૩૫. ૧૯૨૯ પછી આવું બન્યું નથી. એક અથવા બીજા પક્ષને બહુમતી મળી રહેતી. છતાં એમ કહેવાય કે પરિણામ પ્રજામતનું અને પ્રજાના અસંતોષનું પ્રતિબિંબ પાડે છે. કયો પક્ષ સત્તા પર આવે? ચાલુ વડા પ્રધાન તરીકે સત્તા પર રહેવાનો મિ. હીથને અધિકાર હતો, પાર્લમેન્ટમાં હારી ન જાય ત્યાં સુધી. મજૂર પક્ષને પાંચ જ વધારે બેઠક મળી છે. તેને પણ બહુમતી ન હોવાથી સત્તા પર આવવાનો સ્પષ્ટ અધિકાર કે આદેશ ન હતો. ઈંગ્લાંડમાં આયારામ ગયારામ નથી થતું, સાટાસોદા નથી થતા. વિલ્સને હિંમતથી તુરત જાહેર કર્યું કે મજૂર પક્ષ કોઈ બીજા પક્ષ સાથે જોડાણ નહિ કરે. લઘુમતી પક્ષ હોવા છતાં, મંત્રીમંડળ રચવા તૈયાર છે અને પાર્લમેન્ટનો વિશ્વાસ રહેશે ત્યાં સુધી રાજ્યતંત્રની જવાબદારી સ્વીકારશે. મિ. હીથે લિબરલ પક્ષ સાથે જોડાણ કરવા ઘણા પ્રયત્નો કર્યા. તો પણ સ્પષ્ટ બહુમતી તો નહોતી થતી. લિબરલ પક્ષને માત્ર ૧૪ બેઠક મળી છતાં કેબિનેટમાં સારું સ્થાન આપવાની ઓફર કરી. લિબરલ પક્ષના નેતા મિ. થોર્પ લલચાયા નહિ. દેશના હિતમાં ત્રણે પક્ષની રાષ્ટ્રીય સરકાર થવી જોઈએ એવી તેમણે માગણી કરી. મિ. હીથ અથવા મિ. વિલ્સનને આ માન્ય ન હતું. અંતે મિ. હીથે રાજીનામું આપ્યું અને વિલ્સન વડા પ્રધાન થયા.

આ સમયનાં બ્રિટિશ વર્તમાનપત્રો ખરેખર વાંચવા જેવાં છે. વડા પ્રધાન થયા પછી ત્રણ જ દિવસમાં મિ. વિલ્સને ખાણિયાઓ સાથે સમાધાન કર્યું. બે લાખ મજૂરોને વાર્ષિક દસ કરોડ પાઉન્ડ--બે અબજ રૂપિયા - નો પગારવધારો મંજૂર કર્યો. કારખાનાઓ પાંચે દિવસ ચાલતાં કર્યાં. અને બીજું હવે શું કરશે તે જોવાનું રહે છે.

બ્રિટનની આ ચૂંટણીમાંથી ઘણા બોધપાઠ લેવા જેવા છે. સંસદીય લોકશાહી કેમ ચલાવાય અને કેમ નભે તે વિષે ઘણું જાણવા જેવું છે. સખત વિરોધ હોય અને ખૂબ લડે છતાં They play the game according to the Rules of the game. સંસદીય લોકશાહીને મલ્લયુદ્ધ - બોક્સિંગ સાથે સરખાવી છે. જીવલેણ હુમલાઓ કરે, પણ રીંગમાં રહીને, નિયમ પ્રમાણે.

ભારે મોટી આર્થિક કટોકટી હતી અને ખુલ્લા વર્ગવિગ્રહનો ભય હતો તે પ્રજાએ પોતાના ફેંસલાથી નિવારી. કોઈ પક્ષને બહુમતી ન આપી. છતાં હીથ અને મજૂરો વચ્ચે એવી મડાગાંઠ પડી ગઈ હતી કે તેને કાઢયા સિવાય ઉકેલ ન હતો. બન્ને પક્ષો પ્રતિષ્ઠાનો મોટો સવાલ થઈ પડયો હતો. મોટો પગાર વધારો આપવાથી ફુગાવો વધશે અને ભાવની સપાટી પણ વધશે તેનો ભય રાખ્યા વિના વિલ્સને દસ કરોડ પાઉન્ડનો વાર્ષિક વધારો બે લાખ મજૂરોને આપી દીધો. બીજા મજૂરો પણ એવી માગણી કરશે એ નિશ્ચિત છે તેની ચિન્તા નથી કરી. પૈસાદારો ઉપર કદાચ મોટા કરવેરા નાખશે. નવું બજેટ તુરતમાં આવશે. પણ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ અથવા કોઈ બીજા પાયાના ફેરફાર કરી નહિ શકે. પ્રજાએ એવો કોઈ આદેશ આપ્યો નથી. એટલું જ કહેવાય કે મહાગાંઠ ઉકેલવા અને વર્ગવિગ્રહ ટાળવા મિ. વિલ્સનને તક આપી છે. મિ. વિલ્સન પણ આ સમજે છે અને બન્ને પક્ષ જાણે છે કે લઘુમતી સરકાર લાંબો વખત ટકે નહિ. પરિસ્થિતિ થાળે પડે એટલે છ થી બાર મહિનામાં બીજી ચૂંટણી કરવી જ પડશે અને સંસદીય લોકશાહીની રમત ચાલુ રહેશે. બ્રિટન એક જ એવો દેશ છે કે જે આવા તોડ કાઢી શકે. બીજા કોઈ દેશમાં સરમુખત્યારી આવી હોત અથવા વર્ગવિગ્રહ થયો હોત.

ચૂંટણી પદ્ધતિની એક વિચિત્રતા આ વખતે ખૂબ ઉઘાડી પડી. લિબરલ પક્ષને ૨૦ ટકા - ૬૦ લાખ - મત મળ્યા પણ માત્ર ૧૪ બેઠક મળી, મજૂર પક્ષને ૩૮.૫ ટકા મત મળ્યા અને ૩૦૧ બેઠક મળી અને રૂઢિચુસ્ત પક્ષને ૩૭ ટકા મત મળ્યા અને ૨૯૬ બેઠક મળી. લિબરલ પક્ષે આ ચૂંટણી પદ્ધતિમાં ફેરફાર કરવા જોરદાર માગણી કરી છે. આપણે ત્યાં પણ આવું બને છે. આ પદ્ધતિમાં ફેરફાર કરવા અને મતના પ્રમાણમાં બેઠક મળે તેવું કરવા, બ્રિટનમાં ગંભીર વિચારણા ચાલે છે.

**શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી**

ભાઈ ચંદુભાઈનું તા. ૨૩-૨-'૭૪ ના રોજ અચાનક અવસાન થયું તેથી તેમના બહોળા મિત્રવર્ગને અને સંબંધીઓને ખૂબ આઘાત થયો છે. હેન્ગિંગ ગાર્ડનથી ફરી મિત્રો સાથે સાંજે ઘરે આવ્યા અને બધા બહાર જમવા જવાની તૈયારી કરતા હતા તેટલામાં છાતીમાં સહેજ દુખાવો થયો. ડોકટરોને બોલાવ્યા અને કાર્ડિયોગ્રામ લેતા હતા તેટલામાં મૃત્યુ પામ્યા. હાર્ટટ્રબલ કોઈ દિવસ જાણી ન હતી.

હું જૈન યુવક સંઘમાં જોડાયો તેથી કેટલાક મિત્રો સાથે નિકટનો પરિચય થયો તેમાં ચંદુભાઈ એક હતા. પરમાનંદભાઈનો તેમની સાથે અતિ ગાઢ, સગા ભાઈ જેવો સંબંધ. ચંદુભાઈ અને તારાબહેન યુવક સંઘની બધી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતાં. વ્યાખ્યાનોમાં બન્નેની અચૂક હાજરી હોય જ. યુવક સંઘનાં ફંડોમાં તેમનો સારો ફાળો હંમેશ રહેતો. ગર્ભશ્રીમંત કુટુંબ, બધી વાતે સુખી હતા. ચંદુભાઈ અને તારાબહેન આદર્શ યુગલ હતું. તેમના એક જ પુત્રને અમેરિકામાં સંખ્યાબંધ મોટા સ્ટોર છે અને તે પણ ઘણો બહોળો વેપાર કરે છે. ચંદુભાઈના બધા ભાઈઓ એટલા જ સુખી અને તેમના કુટુંબની પાટણમાં અને અન્યત્ર લાખો રૂપિયાની સખાવતો છે. ચંદુભાઈ બહુ જિજ્ઞાસુ હતા અને છેલ્લાં બે—ત્રણ વર્ષોમાં તેમનું વલણ વધારે અધ્યાત્મ તરફ હતું. નિર્મળાદેવી શ્રીવાસ્તવના પરિચયમાં આવ્યા પછી તેમની ધ્યાનની સાધનામાં તેમને શ્રદ્ધા હતી. ૭૨ વર્ષની ઉમ્મર છતાં શરીરસ્વાસ્થ્ય બહુ સારું હતું એટલે આવા અચાનક અવસાનની કલ્પના પણ ન આવે. તારાબહેન તથા તેમનાં સંતાનોને આ વિયોગ આઘાતજનક થાય તે સ્વાભાવિક છે. પણ ચંદુભાઈના વિશાળ મિત્રસમુદાયને પણ તેમના વિના સૂનું લાગશે. જૈન યુવક સંઘ વતી અને મારા વતી તેમને હું શ્રદ્ધાંજલિ આપું છું અને તારાબહેન તથા તેમના કુટુંબના દુ:ખમાં આપણે સૌ સહભાગી છીએ.

**ચીમનલાલ ચકુભાઈ**

# * આજની પરિસ્થિતિ અને એનું નિરાકરણ *

[શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા સર્વ સેવા સંઘના પ્રમુખ છે. સર્વોદયની દૃષ્ટિથી વર્તમાન પરિસ્થિતિના નિરાકરણ માટે તેમણે ઉપાયો સૂચવ્યા છે. તેની ચર્ચા અત્યારે નથી કરતો પણ તેમના લેખમાં એક વાક્ય ખાસ ધ્યાન] ખેંચે એવું છે: "હિંસા કે અરાજકતાનો ડર બતાવીને યથાસ્થિતિ કાયમ રાખવાની કોશિશ કરવી ખતરનાક થશે." મારા ઉપર લેખ મોકલતાં તેમણે પત્ર લખ્યો છે તેમાં જણાવ્યું છે:

"એક વાત કહેવા માટે માફી ચાહું છું. આપે આપના લેખમાં અહિંસા અને શાન્તિ ઉપર જોર દીધું છે તે ઠીક છે, પણ શાન્તિ યથાસ્થિતિ કાયમ કરવાનું બહાનું બની ન જાય તે માટે થોડું જોખમ ખેડવાની તૈયારી પણ રાખવી જોઈએ. આવું આંદોલન શાન્તિમય અથવા અહિંસક રહેશે જ નહિ એમ માની લઈ ક્રાન્તિને વચમાં રોકી દેવી આગળ માટે ખતરનાક બનશે. આશા રાખું છું કે આપ મારો આશય સમજશો." તેમના લેખમાં તેમણે કહ્યું છે કે આ અર્થમાં જયપ્રકાશજીએ કહ્યું છે કે તેમને ફરીથી ક્ષિતિજ પર ૧૯૪૨ની જનક્રાન્તિનું દર્શન થાય છે.

સર્વોદય આગેવાનોની આ દૃષ્ટિ ગંભીર વિચારણા માગે છે. તેની ચર્ચામાં અહીં નથી ઊતરતો. – ચીમનલાલ]

દેશની પરિસ્થિતિ ઉત્તરોત્તર કાબૂ બહાર જઈ રહી છે. દેશના હિતને ધ્યાનમાં રાખીને આજની પરિસ્થિતિનાં કારણો અને એના ઉપાયો સંબંધમાં ગંભીરતાપૂર્વક અને વસ્તુનિષ્ઠ - ઓબ્જેક્ટિવ-વિચારણા થાય એ અત્યારના સમયમાં ખૂબ જ આવશ્યક છે.

ચારે બાજુથી મળતા સંકેતો એવી આગાહી કરી રહ્યા છે કે દેશનું વાતાવરણ અત્યારે વિસ્ફોટક સ્થિતિએ પહોંચ્યું છે. જ્યાં સુધી આ જ્વાળામુખી ફાટયો નથી ત્યાં સુધી એના ગર્ભમાં શું ચાલી રહ્યું છે, કયારે વિસ્ફોટ થશે કે જ્યારે થશે ત્યારે એ કેટલો ભયંકર હશે એનો અંદાજ બાંધી શકાય તેમ નથી. પ્રાકૃતિક જગતમાં પણ જ્યારે જ્વાળામુખી ફાટવાનો સંકેત વિસ્ફોટ પહેલાં મળવા લાગે છે ત્યારે જાણકાર તેમ જ અનુભવી લોકો એનો લાભ લઈને વિસ્ફોટનાં પરિણામોથી બચવાની કોશિશ કરે છે. પણ સામાજિક જગત ચેતન અને વિવેકશીલ લોકોએ નિર્માણ કરેલું અને સંચાલિત થયેલું હોય છે, એટલે એમાં વિસ્ફોટના સંકેત વધારે સ્પષ્ટ રીતે નજર સમક્ષ આવે છે. સંચાલકત્ત, એ જોનારની બુદ્ધિ અને વિવેક સ્વાર્થને લીધે દૂષિત થયેલાં હોવાં ન જોઈએ. ગુજરાતમાં છેલ્લા બે મહિનામાં જે બન્યું છે, અને બની રહ્યું છે એણે એ પુરવાર કરી આપ્યું છે કે ગયાં વર્ષોમાં પોતાની આશાઓ, આકાંક્ષાઓ અને આવશ્યકતાઓ પૂરી કરવાનાં સ્વપ્નોનો એક પછી એક ભાંગીને ભૂકો થતાં જનતાની ધીરજ ખૂટી ગઈ છે. જનતાની નિરાશા, લાચારી અને અસંતોષ એટલાં તીવ્ર બની ગયાં છે કે થોડી શી ઉત્તેજના મળતાં એ ફાટી નીકળે છે. ગુજરાત સિવાય બીજાં રાજ્યોમાં પણ એના સંકેત હવે મળે છે. આ 'સાંઢ' ને આપણે શિંગડાંથી પકડી શકીએ એટલે કે જનતાના આક્રોશનાં કારણોને સમજીને એના નિરાકરણના ઉપાય યોજી શકીએ તો એ શક્તિનો યોગ્ય ઉપયોગ થઈ શકશે નહિ તો વિધ્વંસલીલા અને અવ્યવસ્થાના લાચાર દર્શક બની રહેવું પડશે.

સત્તા પર બેઠેલા લોકો પોતાના સ્વાર્થ અને સત્તાના લોભને લીધે સ્પષ્ટ સંકેતોને સમજી નથી શકતા અથવા તો સમજ્યા પછી પણ એની ઉપેક્ષા કરે છે એ એક દુર્ભાગ્ય છે. પ્રારંભમાં ગુજરાતના આંદોલનને પણ વિરોધ પક્ષો અથવા તો પોતાના જ પક્ષના અસંતુષ્ટ લોકોએ ભડકાવ્યું છે એમ કહીને એને બદનામ કરવાનો પ્રયત્ન થયો, પણ આ ભ્રમ બહુ દિવસ સુધી ટકી શકયો નહિ. એક ઈજનેરી કોલેજના છાત્રાવાસમાં વધેલા ભોજનખર્ચ સામે શરૂ થયેલું આંદોલન જોતજોતામાં આગની માફક સમગ્ર ગુજરાતમાં ફેલાઈ ગયું, કેમ કે ભોજનખર્ચના વધારાની પાછળનું કારણ તો મોંઘવારી હતી અને મોંઘવારીથી વિદ્યાર્થીઓ જ નહિ પણ સમગ્ર જનતા પરેશાન છે. જનતા એ પણ સમજી ગઈ હતી કે આ મોંઘવારી સ્વાભાવિક નથી, કારણ કે પાક તો ગયા વર્ષના કરતાં બમણો મળ્યો છે. મોંઘવારીનું એકમાત્ર કારણ સરકારની ખોટી નીતિઓ અને ઉત્તર પ્રદેશની ચૂંટણી માટે પોતાના પક્ષના ખર્ચ માટે વેપારીઓ પાસેથી એકઠા કરેલા લાખો રૂપિયાના બદલામાં એમને મનમાન્યો નફો કરવાની આપવામાં આવેલી છૂટનું હતું! ગુજરાત તથા બીજા પ્રદેશોમાં થઈ રહેલાં આંદોલન એ બાબતનો સંકેત આપે છે કે જનતા હવે વસ્તુસ્થિતિ સમજી ગઈ છે અને એટલે હવે એની ધીરજ ખૂટી ગઈ છે. જયપ્રકાશજીએ એમને ક્ષિતિજ પર ૧૯૪૨ની જનક્રાંતિનાં દર્શન થઈ રહ્યાં છે, એ આ અર્થમાં જ કહ્યું હતું. આ પરિસ્થિતિ હિંસા, અવ્યવસ્થા અને અરાજકતામાં પરિણમે નહિ એ માટે દેશના બધા હિતેચ્છુઓ અને સમજદાર તત્ત્વો સમજીને એને બદલવાનો પ્રયત્ન કરે એ આવશ્યક છે. પણ હિંસા કે અરાજકતાનો ડર બતાવીને યથાસ્થિતિ-સ્ટેટ્સ-કો–ને કાયમ રાખવાની કોશિશ કરવામાં આવે તો એ ખતરનાક બનશે.

હિન્દુસ્તાનની જનતાએ વાસ્તવમાં ઘણી ધીરજ બતાવી છે. આઝાદી માટે લોકોએ ઘણી કુરબાની આપી હતી અને એને આશા હતી કે આઝાદી પછી એની તકલીફો દૂર થશે. પણ બન્યું એથી ઊલટું. ૨૫-૨૭ વર્ષો સુધી એણે સરકાર અને નેતાઓમાં વિશ્વાસ મૂકયો. નેતાઓની ઈમાનદારી પર એનો વિશ્વાસ ટકી રહેત તો કદાચ હજુયે લોકો ધીરજ રાખત. પણ એ વિશ્વાસ નષ્ટ થઈ રહ્યો છે, કેમ કે લોકોને એમના વિચાર અને આચારમાં ઘણું અંતર દેખાય છે. એમણે લોકોને ગેરમાર્ગે દોર્યા. તેઓ દિલાસો આપતા રહ્યા, વાયદા કરતા રહ્યા. આ દિલાસા અને વાયદામાં ઈમાનદારી પણ નહોતી. સારો પાક થયો તો એનું શ્રેય પોતાની નીતિઓને આપ્યું અને પાક સારો ન થયો તો એનો દોષ દુષ્કાળ અને પૂર પર નાખ્યો. મોંઘવારી, અછત અને ગરીબીનો દોષ, વિરોધ પક્ષો દ્વારા કામમાં રૂકાવટ નાખવા અને સહકાર નહિ આપવા પર, અથવા તો નફાખોરો અને સંગ્રહખોરોનું ભૂત ઊભું કરીને એના પર નાખવામાં આવ્યો. લોકોને પોતાનાં દુઃખદર્દ બરદાસ્ત કરવાનો, નકામો ખર્ચ ન કરવાનો, પેટે પાટા બાંધવાનો ઉપદેશ આપ્યા કર્યો. પણ લોકો તો આશ્ચર્યથી જોઈ રહ્યા છે કે રાજનૈતિક નેતાઓ, પ્રધાનો, ધારાસભ્યો, અને નોકરશાહીનાં વેતન, ભથ્થાં અને ઠાઠમાઠ બરાબર વધી રહ્યાં છે. એમનો ભ્રષ્ટાચાર ચરમસીમા પર પહોંચી ગયો છે. મૂડીવાદીઓ અને વેપારીઓને ગાળો તો ખૂબ આપવામાં આવે છે, પણ એમ લાગે છે કે આ બધું ઉપરનું નાટક છે. કારણ કે ગાળો દેવાવાળા લોકો એમના જ કાળા ધનના બળ પર સત્તા પર આવે છે અને કાયમ રહે છે. સંગઠિત મજદૂરો અને બુદ્ધિજીવી નોકરવર્ગ પણ પોતાના સંગઠનના બળનો બેશરમ ઉપયોગ કરી રહ્યા છે. આમજનતાની પરેશાનીઓ અને મુશ્કેલીઓની એમને જરાય ચિન્તા નથી. સત્તા, સંપત્તિ અને સંગઠનબળ મળી ગયાં છે અને એનો ઉપયોગ અસંગઠિત આમજનતાના શોષણ માટે થઈ રહ્યો છે એ હવે લોકોની સમજમાં આવી રહ્યું છે. સમાજવાદની દુહાઈ સૌ કોઈ પોતપોતાની રીતે આપે છે. પણ એ તો શોષણની નગ્નતાને છુપાવવા માટેના પડદા-રૂપ જ છે, એ સ્પષ્ટ થઈ રહ્યું છે.

આપણે જો ખરેખર અરાજકતા અને અવ્યવસ્થામાંથી દેશને ઉગારવો હશે તો પ્રથમ અને સૌથી જરૂરી વસ્તુ તો સાર્વજનિક જીવનમાં આપણે ઈમાનદારી, સચ્ચાઈ અને નૈતિકતાની પુનઃ સ્થાપના કરીએ એ છે. ગરીબી, બેકારી, મોંઘવારી અને અભાવ આદિને દૂર કરવા માટે બીજાં વ્યાવહારિક પગલાં પણ લેવાં પડશે જેની ચર્ચા આગળ કરી છે. પણ એ સાથે એટલું સમજી લેવું જોઈએ કે ઈમાનદારી અને સચ્ચાઈ વિના બધાં જ પગલાં નિરર્થક નીવડશે. આજે આમ જ થઈ રહ્યું છે. સાર્વજનિક જીવનમાં સચ્ચાઈ અને ઈમાનદારી ત્યાં સુધી આવવાનો સંભવ નથી કે જ્યાં સુધી એ પણ સારી રીતે સમજી લેવામાં ન આવે કે રાજનૈતિક પ્રવૃત્તિ સ્વાર્થ સાધવાનું સાધન તો ન જ બને, એટલું જ નહિ એમાં આવવાવાળાએ ઊલટાની ત્યાગ અને અપરિગ્રહની તૈયારી પણ રાખવી પડશે. આજના વાતાવરણમાં આ વાત કદાચ ખૂબ જ આદર્શવાદી, અવ્યાવહારિક અને પુરાણપંથી ગણવામાં આવશે, પણ આ કેટલું જરૂરી છે એનું ભાન ગાંધીજીના એક ભાષણના નીચે આપેલા ટાંચણથી સ્પષ્ટ થાય છે. જ્યારે ૧૯૩૧માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ઈંગ્લાંડ ગયા હતા ત્યારે 'ગિલ્ડ હોલ'માં ચેમના સન્માન માટે યોજાયેલી સભામાં બોલતાં ચેમણે કહ્યું હતું: "જ્યારે રાજનૈતિક જીવનના વમળમાં હું ખેંચાઈ રહ્યો છું ચેમ મને લાગ્યું ત્યારે મેં મારી જાતને પૂછ્યું કે અનૈતિકતા, અસત્ય, અને જેને રાજનૈતિક લાભ કહેવામાં આવે છે એનાથી દૂર રહેવા માટે મારે શું કરવું જોઈએ? હું નિશ્ચિત રીતે એવી માન્યતા પર આવ્યો કે જો મારે લોકોની સેવા કરવી હોય તો મારે મારી સઘળી સંપત્તિ તથા સઘળા પરિગ્રહનો ત્યાગ કરી દેવો જોઈએ." આજે તો રાજનૈતિક પદને ખુલ્લંખુલ્લા પોતાનું ઘર ભરવા માટેનું સાધન બનાવી દેવામાં આવ્યું છે અને કોઈ એની વિરુદ્ધ અવાજ પણ ઉઠાવતું નથી.

રાજનૈતિક કાર્યકર્તાઓની વફાદારીનો ક્રમ વાસ્તવમાં તો એ હોવો જોઈએ કે પહેલા દેશ અથવા જનતાનું હિત, એ પછી— પોતાના પક્ષ કે સંસ્થાનું હિત અને અંતમાં કાર્યકર્તાનું પોતાનું હિત. આઝાદી પહેલાં દેશના પુનરુત્થાનના ઈતિહાસમાં આ ક્રમ પ્રસ્થાપિત થયો હતો. પણ દુર્ભાગ્યે સ્વરાજ્ય પછી આ પરંપરાનું અવમૂલ્યન શરૂ થઈ ગયું અને આજ તો સૌથી પહેલાં પોતાનો સ્વાર્થ, એ પછી પક્ષ કે પોતાની સંસ્થાનો સ્વાર્થ, અને અંતમાં જનતાનો સ્વાર્થ એવી માન્યતા થઈ ગઈ છે.

આજના રાષ્ટ્રીય સંકટમાંથી બચવા માટે સાર્વજનિક જીવનમાં ફરી નૈતિકતા અને ત્યાગનાં મૂલ્યોનું પુનરુત્થાન કરવું જરૂરી છે. આ મૂળભૂત વાત ઉપરાંત બીજા કેટલાક ઉપાયો પણ લેવા પડશે. જેના વિશે કેટલાંક સૂચનો નીચે આપવામાં આવ્યાં છે. આમાંથી કેટલીક વાતો નવી, અટપટી અને વ્યવહારમાં મુશ્કેલ હોઈ શકે છે પણ અસાધારણ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે અસાધારણ ઉપાય લેવા પડે તો એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. અત્યારની વ્યવસ્થાને અને વિચારવાની અત્યારની પદ્ધતિને કાયમ રાખીને આજની પરિસ્થિતિનો ઉપાય શોધવામાં આવશે તો એ પ્રયત્ન નિષ્ફળ જ જશે, એ નિશ્ચિત છે. એટલે આ સૂચનોને અવ્યાવહારિક કે નવાં માનીને છોડી દેવામાં આવે તો એ ઉચિત નહિ થાય.

(૧) લોકશાહીમાં જનતાના પ્રતિનિધિઓની ચૂંટણીની પ્રક્રિયાનું ઘણું મહત્ત્વ છે. આજની ચૂંટણી પદ્ધતિ અત્યંત દોષપૂર્ણ અને ખોટી સાબિત થઈ છે. એ પ્રક્રિયામાં બુનિયાદી પરિવર્તનની જરૂર છે. આજે મતદાતા, જે લોકશાહીની બુનિયાદ છે, એ અસંગઠિત છે, પક્ષો સંગઠિત છે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયાને પક્ષોએ ભ્રષ્ટ કરી દીધી છે અને મતદાતા લાચાર પ્રેક્ષક બની રહ્યા છે. મતદાતા એટલે કે જનતા ગામેગામ ગ્રામસભા અને શહેરોમાં પડોશી ક્ષેત્રોના સમાજના રૂપમાં સંગઠિત થાય એવું બનવું જોઈએ. અને આ ગ્રામસભાઓ તથા પડોશ-સભાઓના આધાર પર જિલ્લા, પ્રદેશ તથા કેન્દ્રીય લોકસભાની રચના થવી જોઈએ. વિધાનસભામાં ક્ષેત્રના પ્રતિનિધિ કોણ બને તે એ ક્ષેત્રની ગ્રામસભાઓ નક્કી કરે. ચૂંટણીની પ્રક્રિયામાં આવશ્યક પરિવર્તન અને સંશોધન માટે રોક રાષ્ટ્રીય કમિશન-આયોગ-ની નિયુક્તિ કરવી જોઈએ.

આજની ચૂંટણી પદ્ધતિ ચાલુ રહે તો ત્યાં સુધી ચૂંટણીમાં થતા આનર્ગળ ખર્ચને રોકવા જેવા, વેપારી સંસ્થાઓને અમુક મર્યાદામાં પક્ષોને ફાળો આપવાની છૂટ, ઉમેદવારો અને પક્ષોના હિસાબનું સાર્વજનિક ઓડિટ, વગેરે જરૂરી પરિવર્તન તત્કાળ કરવું જોઈએ.

૨. રાષ્ટ્રના આર્થિક આયોજનનો આધાર અને ઉદ્દેશ તત્કાળ બદલવો જોઈએ. 'બધાને પૂરું કામ અને (નીચેના સ્તરેથી શરૂ કરીને દરેક સ્તર પર એ સ્તરની આવશ્યકતા અને ક્ષમતાને અનુકૂળ) 'સ્વાવલંબન'—આ બે સિદ્ધાન્તો પર સમગ્ર આર્થિક યોજનાની રચના થવી જોઈએ. ગરીબી, બેકારી અને વિષમતાનું નિરાકરણ આ રીતે થઈ શકશે. પૂર્ણ રોજગાર અને સ્વાવલંબનનાં તત્ત્વોને છોડીને કરાયેલું આયોજન ક્યારે ય આ સમસ્યાઓનો ઉકેલ નહિ કરી કરી શકે એ આજ સુધીની પંચવર્ષીય યોજનાઓએ પુરવાર કરી આપ્યું છે.

૩. અમે મૂડીવાદી કે સ્વચ્છંદ આર્થિક વ્યવસ્થાના પક્ષપાતી નથી. મૂડીવાદ તો ક્યારનો ય નકામો સાબિત થઈ ચૂક્યો છે. પણ મૂડીવાદનો એકમાત્ર વિકલ્પ રાષ્ટ્રીયકરણ કે રાજ્યકરણ છે એ માન્યતા ખોટી છે. ઉદ્યોગોનું અને વિતરણ વ્યવસ્થાનું રાષ્ટ્રીયકરણ નહિ બલકે સામાજીકરણ થવું જોઈએ. આવી બાબતોમાં જનતા અને ઉપભોકતાઓના સ્વાયત્ત સંગઠનોને પ્રોત્સાહન આપવું જોઈએ. આ સંગઠન પક્ષોના તત્ત્વાવધાનમાં નહિ થવાં જોઈએ.

૪. અનાજના વેપારનું જે સરકારીકરણ કરવામાં આવ્યું છે એને તત્કાળ હટાવી લેવું જોઈએ. સરકારે કેવળ એટલું જ કરવું જોઈએ કે હરસાલ પાકની સ્થિતિ અને એના ઉત્પાદનખર્ચને ધ્યાનમાં રાખીને સરકારે અનાજના ન્યૂનતમ અને અધિકતમ ભાવ બાંધી આપવા જોઈએ. ન્યૂનતમ ભાવે મળતા અનાજને ખરીદવાની સરકારે તૈયારી રાખવી જોઈએ. અધિકતમ ભાવથી વધુ ભાવે કોઈ વેપારી વેચે તો એની સામે કડક પગલાં લેવાં જોઈએ.

૫. દરેક ગામમાં અનાજના ઉત્પાદન, સંગ્રહ અને નિકાસની બાબતોમાં સમગ્ર ગામના નાગરિકોની ગ્રામસભાને જવાબદાર ગણવી જોઈએ. ઉત્પાદનખર્ચ અને ન્યૂનતમ ભાવ નક્કી કરવામાં આ ગ્રામસભાઓની પ્રતિનિધિ પ્રખંડ સભાની સલાહને માન આપવું જોઈએ. ગામના દરેક નિવાસીને બારે મહિના ગામમાં વાજબી ભાવે અનાજ મળે એની જવાબદારી ગ્રામસભાની હોવી જોઈએ. ધીરે ધીરે દરેક ગામમાં ગામની બે વરસની આવશ્કયતા જેટલું અનાજ ચોકકું કરી લેવું જોઈએ.

૬. અનાજ-ખાદ્યાન્ન બાબતમાં સમગ્ર દેશને એક ક્ષેત્ર-ઝોન ગણવો જોઈએ. દેશના એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં અનાજની હેરફેર પર કોઈ પ્રતિબંધ નહિ હોવો જોઈએ. રાષ્ટ્રીયતા અને દેશની એકતાની દૃષ્ટિએ પણ આ આવશ્યક છે.

૭. જમીનની મહેસૂલની વસૂલાત પૈસામાં નહિ પણ ખાદ્યાન્નના રૂપમાં કરવી જોઈએ.

૮. સરકારી નોકરોને વેતનમાં એક નિશ્ચિત હિસ્સામાં અનાજ આપવું જોઈએ. આ મોંઘવારી માટે કુશન-ગાદીનું કામ કરશે.

૯. શિક્ષણને તત્કાળ સ્વાયત્ત બનાવવું જોઈએ. ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા અધ્યાપક, વિદ્યાર્થીઓ અને અભિભાવકોની સંયુકત જવાબદારી હોવી જોઈએ. નોકરીઓનો ડિગ્રી સાથેના સંબંધનો તત્કાળ અંત લાવવો જોઈએ.

સિદ્ધરાજ ઢઢ્ઢા

# ❋ અહિંસાના પાવન નામ પર દંભની માયાજાળ ❋

અહિંસા માનવતાનું નવનીત છે, સાધનાનું પ્રાણતત્ત્વ છે. જેના હૃદયમાં ભગવતી અહિંસાનું કોઈ સ્થાન નથી તે માનવનું નહિ પણ કોઈ દાનવનું હૃદય હશે. અહિંસામાંથી જ મૈત્રી, કરુણા, સદ્‌ભાવના, સેવા, ઉપકાર, સહયોગ વગેરેના જે દિવ્ય ભાવનાઓનો વિકાસ થયેલ છે કે જેના ઉપર માનવ સમાજની સંસ્કૃતિ અને સભ્યતા ચિર અતીતથી ટકેલી છે. જો માનવમાં અહિંસાની ભાવનાએ જન્મ ન લીધો હોત તો માનવનો ન કોઈ પરિવાર હોત, ન રાષ્ટ્ર હોત, કે ન તે બધાથી ઉપર દીપ્તિમાન રહેવાવાળો કોઈ ધર્મ જ હોત કે ન કોઈ ધર્મસંઘ. આચાર્ય સમંતભદ્રે આના સંદર્ભમાં બરાબર જ કહેલ હતું કે એક દિવસની અહિંસા પરબ્રહ્મ છે. વિશ્વનાં પ્રાણીઓને માટે –અહિંસા ભૂતાનાં જગતિ વિદિતં બ્રહ્મ પરમમ્‌[૧]

અહિંસા જૈન સંસ્કૃતિ અને જૈન દર્શનનો તો મૂળાધાર જ છે. જો જૈન ચિંતનમાંથી અહિંસાને જરા જેટલી પણ કયાંય અહીંતહીં ખેસવવામાં આવે તો તેનામાં એક ઘણી મોટી રિકતતા આવી જશે. એક રીતથી જૈન ચિંતનની ગરિમા અને મહિમાનો અધિકતર ભાગ ભગવતી અહિંસા ઉપર જ આધારિત છે. ઘણા વખત પહેલાથી જ પ્રબુદ્ધ જનતાનાં મનમસ્તિષ્કમાં અહિંસા અને જૈન ધર્મ પરસ્પર પર્યાયવાચી સરખા શબ્દ બની ગયા છે. એ જ કારણ છે કે જૈન ધર્મનું નામ લેતાં જ અહિંસા યાદ આવી જાય છે અને અહિંસાનું નામ લેતાં જ સહસા જૈન ધર્મ સ્મૃતિમાં ઉદ્‌બુદ્ધ થઇ જાય છે.

એમાં તો બે મત નથી કે અહિંસા મહાન છે પરંતુ તે મહત્ત્વ વસ્તુતઃ અહિંસાના વિવેકમાં છે. વિવેક જ અહિંસા અને હિંસાનું સમુચિત વિશ્લેષણ કરે છે. વિવેકના અભાવમાં અહિંસા, હિંસાનું રૂપ લઇ લે છે અને વિવેકના સદ્‌ભાવમાં હિંસા પણ અહિંસાની પરિધિમાં આવી જાય છે. પ્રશ્ન, અહિંસા અને હિંસાનો એટલો નથી કે જેટલો તે બન્નેયના વિવેક અને અવિવેકનો છે. બહારમાં ન કયાંય અહિંસા છે કે ન હિંસા. એ તો અંદરની શુદ્ધ અને અશુદ્ધ બે મનોવૃત્તિઓ છે, મનોભાવનાઓ છે. બહારમાં કર્મનું, ક્રિયાનું, કોઇ હલચલનું રૂપ એક જ હોય છે પરંતુ અંદરમાં તે અધિકારી-ભેદથી વિભિન્ન રૂપોમાં પ્રતિફલિત થાય છે. એકને માટે જે શુભ હોઇ શકે છે તો બીજાને માટે તે અશુભ પણ બની શકે છે. એકને માટે તે પુણ્ય છે તો બીજાને માટે તે પાપ છે. તીર્થંકર મહાવીર કે જે વીતરાગતા અને અહિંસાના પૂર્ણાવતાર હતા તે ગણધર ગૌતમને માટે શું હતા અને ગૌશાલક માટે કેવા? ગૌતમ, તેમને દિવ્ય ચેતનાના ધણી પરમાત્મા માનતા હતા અને ગૌશાલક તેમને પોતાના પ્રતિદ્વંદ્વી માનીને ભસ્મ કરવા તેમના ઉપર તેજોલેશ્યાનો પ્રયોગ કરતા હતા. આ શું હતું, કોનો ખેલ હતો તે? આ બધો ખેલ ભગવાન મહાવીર તરફથી પ્રેરિત ન હતો. એ પ્રેરિત હતો ગૌતમ અને ગૌશાલકની પોતપોતાની મનની સ્થિતિથી, ભાવજગતથી. કર્મ-બંધનનાં બીજ બે જ છે.–રાગ અને દ્વેષ[૨] – અને તે રાગ-દ્વેષ જ વસ્તુતઃ હિંસા છે.[૩] બહારની હિંસાના મૂળમાં જો રાગદ્વેષ ન હોય તો તે હિંસા પણ અહિંસા છે અને બહારની જે અહિંસાના મૂળમાં રાગદ્વેષ હોય, તે અહિંસા પણ હિંસા જ છે, અહિંસા નહિ. જૈન દર્શન વિવેકહીન, અબોધ, મિથ્યાદૃષ્ટિ વ્યકિતની અહિંસાને પણ હિંસા જ માને છે અને તેના સત્યને પણ અસત્ય. એમ શા માટે? એનું એ માટે કે તે અહિંસા વગેરે ચારિત્ર્યની આધારભૂમિ જ્ઞાનને માને છે. ખાલી જ્ઞાનને પણ નહિ પરંતુ સમ્યગ્‌ જ્ઞાનને માને છે[૪] સમ્યગ્‌ જ્ઞાનના અભાવમાં, વિવેકજ્યોતિના આપ્રકાશમાં અહિંસા વગેરે સમગ્ર ચારિત્ર્ય તે અચારિત્ર્ય છે. અચારિત્ર્ય જ નહિ પણ કુચારિત્ર્ય છે. 'કુ' અર્થાત્‌ કુત્સિત, દૂષિત, ગંદુ ચારિત્ર્ય.

અહિંસાનું તે ચિંતન જ્યાં સુધી સમ્યગ્‌ જ્ઞાનના પ્રકાશમાં ગતિશીલ રહ્યું ત્યાં સુધી તો તે જૈન ધર્મને ગરિમા પ્રદાન કરતું રહ્યું, તેને યશસ્વી બનાવતું રહ્યું અને જ્યારથી તેના ઉપર અજ્ઞાનની કાળી છાયા પડેલ છે, જ્યારથી તે સૂક્ષ્મ ચિંતનના ક્ષેત્રથી હટીને સ્થૂલ ચિંતનના ક્ષેત્રમાં અવતરિત થયેલ છે, ત્યારથી જૈન અહિંસાનું સમગ્ર રૂપ જ વિકૃત થઇ ગયેલ છે. એક રીતે તો એ એવી ઐતિહાસિક સ્થિતિમાં પહોંચી ગયેલ છે કે કાંઈ પૂછો નહિ. વાત કોઇને કાંઇક ખરાબ લાગશે પણ મારે કહેવું પડશે કે જૈનધર્મનો હ્રાસ જ અહિંસાના ખોટા ચિંતનનું કારણ બનેલ છે. દાર્શનિક ચિંતનના અભાવમાં અહિંસાનો સ્થૂલ આચાર જડ થઇ ગયો છે, સર્વથા ગતિહીન, મતિહીન. આપણે આજ અહિંસાના નામ ઉપર અહિંસાને નહિ પણ અહિંસાના શબનું શિર ઉઠાવીને ચાલી રહેલ છીએ અને તે પ્રાણહીન મૃત અહિંસા પણ હિંસા જ છે, બીજું કાંઇ નહિ.

કૃષિ (ખેતી) એક દિવસ અહિંસા અને કરુણાના રૂપમાં અવતરિત થઈ હતી. ભૂખી જનતા ક્રૂર ન બની જાય, એકબીજાને મારીને ખાવા પ્રસ્તુત ન થઇ જાય તે હેતુસર પ્રથમ તીર્થંકર ઋષભદેવે કૃષિનું ઉદ્‌બોધન દીધું હતું અને જૈન આગમ પરંપરાએ તેના સંદર્ભમાં તેને આર્યકર્મની નિર્મળ કોટિમાં દાખલ કરેલ હતું[૫] પરંતુ દુર્ભાગ્યે છે કે તે જ આર્યકર્મ કેટલાક ધર્મ-ધુરંધરો દ્વારા મહારંભના રૂપમાં પ્રકાશિત કરવામાં આવી રહેલ છે અને આપને ખબર છે કે મહારંભ જૈનાગમો અનુસાર નરકગતિનો હેતુ છે. કયાંથી કયાં પહોંચી ગયા છે માઇના લાલ! એ લોકો કાંઇ પણ તો વિચારતા નથી કે સ્થૂલ દશ્ય હિંસા, હિંસાના કારણે કૃષિ પણ મહારંભ છે, મહાપાપ છે તો પ્રથમ તીર્થંકર ઋષભદેવ તે વખતની પ્રજાને તેનું શા માટે શિક્ષણ આપત? શું મહાપાપના ઉપદેશક મહાપાપી નથી થતા? મતિ, શ્રુત અને અવધિ નામનાં ત્રણ વિશિષ્ટ જ્ઞાનોના ધર્તા હતા ત્યારે ય ઋષભદેવજીને શું એ ખબર ન હતી કે કૃષિ મહાપાપ છે, હું શા માટે તેનો પ્રચાર - પ્રસાર કરું? આજના તેવા જ્ઞાનીઓને તો ખબર છે કે હિંસા બહુલ થવાથી કૃષિ મહાપાપ છે, પરંતુ ઋષભદેવજીને તેની કોઈ ખબર ન હતી! કેવી વિચિત્ર વિડંબણા છે આ અહિંસાના રૂપની. આગમ સાક્ષી છે કે ભગવાન ઋષભદેવે એ બધો પ્રજાના હિતને માટે ઉપદેશ દીધો હતો[૬] માનવજાતને માટે ખેડૂત, કુંભાર અને લુહાર વગેરેનાં શિલ્પ અને કર્મ બધાં હિતરૂપ હતાં ભગવાન ઋષભદેવની દૃષ્ટિમાં. અને આજના એવા નામચીન ધર્મ-ધુરંધરોની દૃષ્ટિમાં તે બધું અહિત છે તે એટલે સુધી કે તેમાં હિંસા થઇ જાય છે. ખેદ છે એવા અહિંસા ધર્મના દીવાનોને કે તેવાં કર્મો અને શિલ્પોની પૃષ્ઠભૂમિમાં રહેલી માનવહિતરૂપ અહિંસાના દર્શન જ થઇ રહેલ નથી. એક યુગ હતો જ્યારે હજારો જ નહિ પણ લાખો ખેતી કરનારા કિસાન, કુંભાર, લુહાર, સોની, માળી, ધોબી, જુલાયા, ખારવા, સૈનિક વગેરે જૈન ધર્મનું પાલન કરતા હતા. પોતપોતાનાં પરંપરાગત વિહિત કર્મો અને શિલ્પોમાં લાગ્યા રહેવા છતાં પણ અહિંસાના દૃઢ ઉપાસક હતા અને આ જ અહિંસાના ખોટા અવા-

---

૧. બૃહત્સ્વયંભૂસ્તોત્ર ।
૨. ઉત્તરાધ્યયન સૂત્ર
૩. પુરુષાર્થ સિદ્ધ્યુપાય
૪. તત્ત્વાર્થ સૂત્ર
૫. પ્રજ્ઞાપના
૬. જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ .

જેના ફળસ્વરૂપે જૈન ધર્મ, વિરાટ જનજીવનથી હટતાંહટતાં કેવળ એક નાના સરખા વ્યાપારી વર્ગમાં પરિસીમિત થઈ ગયો છે. આજે વ્યાપારમાં કેટલું જૂઠાણું અને ફરેબ ચાલે છે, કેટલાં ચોર બજાર અને શોષણ થાય છે એ બધું બનવા છતાં પણ, આજના કેટલાક મર્યાદાહીન શોષક વ્યાપારી જૈન છે અને આવતા દિવસોમાં અહિંસા - હિંસાની ઢંગધડા વગરની ફિલોસોફી ઝાડતા રહે છે, ધર્મની દુહાઇ દેતા રહે છે. તેની ધૂંધળી નજરોમાં કિસાન, કુંભાર, લુહાર બધા હિંસક છે, અહિંસક હોય તો કેવળ તે જ છે; એ કારણે કે તે લોકો બીજું બધુંય કરી શકે છે, કેવળ હિંસા નથી કરતા, હિંસા અર્થાત્ પ્રત્યક્ષમાં કોઇનાં ગળાં કાપીને હત્યા કરતા નથી. વ્યાપારી વર્ગમાં કેટલાક એવા નાસમજ છે કે જે ભૂલથી સમજદાર કહેવરાવવા લાગે છે, તેમણે તો અહિંસાના તલસ્પર્શી ચિંતનનો મોટો ખાડો કરી દીધો છે, અહિંસાના નામ ઉપર તેમની બૂમાબૂમ દેખતાં જ થાય છે. ધર્મનું દરદ તેમના દિલમાં એટલું મોટું છે કે કાંઇ કહી શકાતું નથી. કોઇ પૂછે તેમને કે આદિ પ્રસ્તાવક ભગવાન ઋષભદેવે હિંસાબહુલ મહારંભી કૃષિ વગેરેનો ઉપદેશ શા માટે દીધો? લોકો ભૂખ્યા મરી રહેલ હતા તો તેમને તેનાથી શું હતું? તેઓ તો તેમને મારી રહેલ ન હતા, સ્વયં જ મરી રહેલ હતા તેમનાં પોતાનાં કર્મોથી. ઋષભદેવજીને તેમના મરણથી કયું પાપ લાગી રહેલ હતું કે તેમને બચાવવા માટે કૃષિ વગેરેનો પ્રપંચ ખડો કરી દીધો, જે લાખો વરસોથી આજ સુધી નિરંતર ચાલ્યો આવેલ છે. તીર્થંકર મહાવીરના શ્રાવક આનંદ પણ કિસાન હતા. તેમને ત્યાં પણ ૪૦ હજાર ગાયો હતી.[૭] મહાવીરે તેમને કેમ એમ ન કહ્યું કે "અરે, આ મહાપાપ છે, છોડો તેને. ૪૦ હજાર ગાયોના પાલણપોષણ માટે ઘાસચારો વગેરે ભેગા કરવામાં કેટલી અધિક હિંસા થાય છે, તેનાં છાણ વગેરેમાં કેટલા અસંખ્ય કીડા મરે છે; છાણ ખેતરોમાં નાખવામાં આવે છે ને સડે છે ત્યારે તેમાં પણ અસંખ્ય કીડા પેદા થાય છે અને મરે છે. કેટલું ઘોર હિંસાનું ચક્ર છે, છોડો તેને જો નરકથી બચવાનું હોય તારે તો." શું કરે બિચારા આજના તે અહિંસાપ્રેમી. જો તે સમયે તેઓ હોત તો સારી રીતે ખબર લઇ નાખત મહાવીરની. ભગવાન મહાવીરના સમવસરણમાં પ્રચંડ સંવર્તક વાયુ દ્વારા ઝાડુ લગાવવામાં આવતું હતું, પાણી છાંટવામાં આવતું હતું, પુષ્પવર્ષા થતી હતી, હજારો ધ્વજા - પતાકાઓ હવામાં લહેરાતી હતી, શંખ અને દુંદુભિ વગેરે વાદ્યિંત્ર બજતાં હતાં, ચમર ઢળતાં હતાં.[૮] ખેદ છે કે ત્યારે તેઓ અહિંસાના ભાષ્યકાર ન હતા. જો તેઓ હોત તો પૂછત મહાવીરને કે એમ શા માટે બની રહેલ છે? ક્યાં છે તમારી સાધુતા? આટલી હિંસા, આટલાં સાવદ્ય કર્મ? ચૂપ કેમ છો? એ લોકોને મનાઇ કેમ કરતા નથી? મૌન તો એક જાતની સ્વીકૃતિ છે ને? 'मौनं स्वीकृतिलक्षणम्।'

ભગવાન મહાવીરે ગંગા મહાનદીને સ્વયં અનેકવાર નૌકાઓથી પાર કરી હતી,[૯] તેમના સાધુઓને પણ નદી પાર કરવાની વાત કરી છે.[૧૦] અકસ્માત કોઇ ઊંચી જગ્યાએથી પડતી વખતે આસપાસનાં વૃક્ષ, ડાળી વગેરે પકડીને પોતાના પ્રાણોની રક્ષા કરવાનું પણ કહેવામાં આવેલ છે સાધુઓને.[૧૧] શું તે હિંસા ન હતી? હિંસા હતી તો અહિંસાના તે દેવતાઓ તે હિંસાનું સ્વયં આચરણ શા માટે કર્યું અને શા માટે બીજાઓને હિંસાના આચરણનો ઉપદેશ આપ્યો? આજના એવા આલોચકોને શું ખબર છે કે હિંસા કયારે હિંસા બને છે અને કયારે નથી બનતી? હિંસા, દ્વેષ, ઘૃણા, વૈર, દુર્ભાવની વૃત્તિમાં છે, કેવળ બહારની સ્થૂલ પ્રવૃત્તિમાં નહિ. હિંસાને જોવી હોય તો પોતે પોતાના મનમાં જુઓ, પોતાના મનના વિકારોમાં જુઓ બહાર કયાં જોઈ રહેલ છો તેને? બહાર તો આ શરીરની હરેક હરકતમાં થઇ રહેલ છે, હરેક કદમમાં થઇ રહેલ છે. માઇક્રોસ્કોપથી જોઇ લ્યો તેને. ધરતી ઉપર દેખાયા વગરનાં કેટલાંયે અદ્રશ્ય કીટાણુ ભરાઇ રહેલ છે, જે અહિંસા મહાવ્રતી સાધુના હરેક કદમ નીચે મરી રહેલ છે, હરેક શ્વાસની સાથે અસંખ્ય વાયુકાયિક અને અન્ય જીવ મરી રહેલ છે. ભોજનનો જે કોળિયો ગળા નીચે ઊતરી રહેલ છે તેમાં અસંખ્ય કીટાણુ પેદા થાય છે, મરે છે. વિશ્વાસ ન હોય તો સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈ લ્યો, થોડા વખત પછી વમન (ઊલટી) કરાવીને મુનિ પુંગવોથી. માંસમાં, મજ્જામાં, લોહીમાં, મળમાં, મૂત્રમાં કેટલાંયે કીટાણુ કલબલે છે એ વાત હવે પ્રત્યક્ષમાં પ્રમાણિત થઇ ચૂકી છે. આપ કહેશો કે આ બધું જીવનને માટે, પ્રાણધારણને માટે બને છે, શું કરીએ? હું પૂછું છું અહિંસાના પૂર્ણવ્રતી સાધકને એવું જીવન જીવવાથી શો લાભ છે કે જે હિંસાના ધરાતળ ઉપર જીવવામાં આવી રહેલ હોય છે. આપ કહેશો, જીવશું ત્યારે તો સંયમ પાળશું. હું પૂછું છું, હિંસા અસંયમ છે અને આપના અસંયમી સાધુ એવા અસંયમના અવલંબનથી સંયમ પાળી રહેલ છે. ધન્ય છે, આપના સંયમીને કે જે આગથી આગને બુઝાવવાનું નાટક ખેલી રહેલ છે.

આજના પોતાને ઘોર તપસ્વી કહેવડાવવાવાળા અને ઉગ્ર સંયમી બીમાર પડે છે ત્યારે ડૉકટરોની ફોજ એકઠી કરવામાં આવે છે દૂરદૂરથી બોલાવીને. ઑપરેશન થાય છે, ચીરવાનું-ફાડવાનું થાય છે. આપને માલૂમ છે કે જૈન શાસ્ત્રાનુસાર પસ (પરુ)ના એક ટીપામાં અસંખ્ય પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ મનુષ્ય હોય છે, જે ઓપરેશનમાં મરી જાય છે. શા માટે કરવામાં આવે છે એવો ઘોર હિંસાકાંડ? અંગ્રેજી દવાઓના રૂપમાં શા માટે કરવામાં આવે છે અભક્ષ્ય ભક્ષણ? આપ કહો છો કે પછીથી પ્રાયશ્ચિત્ત લઇ લેવામાં આવે છે. જી! શ્રીમાનજી, એક શ્વાસનો તો ભરોસો નથી, શેમાંથી શું બની જાય? કલ્પના કરો, ઓપરેશનના મેજ ઉપર સહસા પ્રાણાંત થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કયાં લેશો, આગળના જન્મમાં? અને આ કેવો તુક્કો છે કે પ્રથમ જાણીબૂજીને પાપ કરવું અને પછી તેનું પ્રાયશ્ચિત્ત લેવું "प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम्' ખેદ છે કે ક્ષણભંગુર શરીરની રક્ષા માટે તો એ બધા હિંસાકાંડ થઈ શકે છે, પરંતુ ધર્મપ્રચારને માટે ધ્વનિવર્ધક જેવા સાધારણ યંત્રના પ્રયોગમાં પણ તેમને અધર્મની દુર્ગંધ આવવા લાગે છે. વિચિત્ર ઘ્રાણશક્તિ છે એવા મહાનુભાવોની.

ઉગ્ર ક્રિયાપાત્ર સાધુ તેમનાં પ્રવચન સાંભળવાની શા માટે પ્રેરણા દે છે, ગૃહસ્થોને? ગૃહસ્થથી માર્ગમાં આવતાં-જતાં અને વાહન વગેરેનો પ્રયોગ કરતાં કેટલી હિંસા થઈ જાય છે, કેટલો અસંયમ થઈ જાય છે? તે પાપ ગૃહસ્થની સાથે પ્રેરકને નહિ લાગશે શું? આપ કહેશો કે તેમની પોતાની પ્રેરણાથી આવે છે. હું પૂછું છું, સાધુ પ્રવચન ન સંભળાવે તો કેમ આવશે? ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી. ન પ્રવચન થશે, ન ગૃહસ્થ આવશે; ન આવવા-જવામાં પંથના કીડા - મંકોડા મરશે, ન હિંસા થશે. તેવી હિંસા પછી અહિંસાના ઉપદેશનો લાભ તો થાય છે એવો ઉત્તર તો આપના મતને અનુકૂળ નથી! કદી કાંઈ હોય તો જરા સ્પષ્ટતાથી કહો તે શું છે અને કઈ રીતે છે? [ક્રમશ:]

**ઉપાધ્યાય અમરમુનિ**

'અમરભારતી'માંથી સાભાર. અનુ.: જે. એલ. દોશી

૭. उपासक दशांग सूत्र
૮. राज प्रश्नीय, औपपातिक आदि
૯. आवश्यकचूर्णि, महावीर चरियं आदि.
૧૦. आचारंग
૧૧ आचारंग

# મુંબઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું આંદોલન

મુંબઈ યુનિવર્સિટીની કૉલેજોના વિદ્યાર્થીઓએ પ્રિલિમ પરીક્ષા કે હાજરીની ગણતરી કર્યા સિવાય બધાંને જ ફૉર્મ આપવાં એવું આંદોલન કર્યું અને તેમાં તેમને સફળતા મળી એનો ઊંડો વિચાર કરવો ઘટે છે, કારણ કે આના પરિણામે મુંબઈ યુનિ.ના વિદ્યાર્થીઓ ઉપર વિદ્યાકક્ષાએ તેમ જ યુનિવર્સિટી શિક્ષણના ધોરણ ઉપર મૂલગામી અસર થશે. આવી માગણી માટેનું તેમ જ આવા પ્રકારનું આંદોલન અભૂતપૂર્વ હતું તે નોંધપાત્ર છે.

આ આંદોલન કોણે યોજ્યું અને કઈ રીતે તેનું સંચાલન કર્યું તે વિશે સ્પષ્ટ હકીકતો મળતી નથી, પણ આંદોલનનો પ્રકાર અનોખો હતો. પહેલાં માગણી અને તે ન સ્વીકારાય કે તે વિશે ચર્ચા-વિચારણા કરવા સત્તાધિકારીઓ ના પાડે, તો હડતાળ પડે એ આંદોલનની સર્વમાન્ય રીત છે. પણ આ આંદોલનમાં પ્રથમ હડતાળ અને માગણી ન સ્વીકારાય તો તે અમુદત લંબાશે એવી રીત અખત્યાર કરવામાં આવી હતી. અમારા વિદ્યાર્થી સંઘના મંત્રી સાથે આ વિશે વાત કરતાં જણાયું કે તેને તેમ કરવાનો 'આદેશ' મળ્યો હતો અને તેમ ન થાય તો ભયજનક વાતાવરણ ઊભું થવાનું હતું. સામાન્ય વિદ્યાર્થીઓને તો આ વિશે ખાસ ખબર જ નહોતી. પાછળના બનાવોએ પુરવાર કર્યું કે મોટા ભાગના વિદ્યાર્થીઓ માત્ર ટોળાશાહી અને ભયના વાતાવરણને લીધે જ આંદોલનમાં સક્રિય રીતે ભળ્યા હતા ને મૂક પ્રેક્ષક બન્યા હતા.

એકબે કૉલેજોએ આવી એકાએક ઊભી થયેલી સ્થિતિમાં મારામારી અને ભાંગફોડની બીકથી પ્રથમ નમતું આપ્યું એટલે એ જ રીતે બીજી થોડી કૉલેજોએ રસ્તો લીધો-લેવો પડ્યો. યુનિવર્સિટીના ઉપકુલપતિએ આચાર્યોની અવિધિસરની સભા બોલાવી. ગુજરાતમાં વિદ્યાર્થી આંદોલનથી જે રાજકીય સ્થિતિ ઊભી થઈ હતી તેના અનુલક્ષમાં આચાર્યોની સભામાં ચર્ચા થઈ. શિક્ષણની દૃષ્ટિએ આ પગલું ખોટું અને અધોગતિજનક હતું એ વિશે બે મત નહોતા. પણ ઉગ્ર આંદોલન થાય તો તેમાંથી કેવાં પરિણામ આવે એ બીકથી પ્રાપ્ત પરિસ્થિતિમાં બધાંને ફૉર્મ આપવાનું અને હાજરીની બાબતમાં કડક નહિ રહેવાનું નક્કી થયું.

એક અર્થસૂચક વસ્તુ નોંધવી ઘટે છે. પરીક્ષા લીધા વિના પણ બધાંને ફૉર્મ આપવાનો નિર્ણય યુનિવર્સિટીના કાયદાની વિરુદ્ધ હતો. યુનિવર્સિટીનો કાયદો એવો છે કે (૧) જેણે ઓછામાં ઓછી અમુક દિવસની કૉલેજમાં હાજરી આપી હોય; અને (૨) વિદ્યાર્થીની આભ્યાસિક પ્રગતિ સંતોષકારક હોય (જે કૉલેજોને પરીક્ષા લઈને નક્કી કરવાનું સોંપાયું છે) તો તે વિદ્યાર્થીને યુનિ.ની પરીક્ષામાં બેસવાની રજા આપવી. ઉપકુલપતિએ ખરી રીતે આચાર્યોની સભા બોલાવવી જોઈતી નહોતી, કારણ કે તેમની હાજરીમાં અવિધિસર રીતે યુનિ.નો નિયમ ભંગ કરે તેવો નિર્ણય લેવાય તે દેખીતું જ અનુચિત છે. પ્રાપ્ત પરિસ્થિતિમાં આચાર્યોએ આંદોલનને વશ થઈ લીધેલા પગલાને સુધારવામાં ઉપકુલપતિ ઉપયોગી બની શકત.

આ શિક્ષણસત્ત્વવિરોધી નિર્ણયથી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે. એક તો જો હાજરીની ગણતરી ન કરવાની હોય તો કૉલેજો માત્ર ફી લેવાની ઑફિસો બની જાય એવો સંભવ છે. બીજું પરીક્ષાનું એટલે કે વિદ્યાશિસ્તનું ધોરણ કથળે એ દેખીતું છે. આ વિશેનું મારું મંતવ્ય વિદ્યાર્થીસભામાં તેમ જ આ પ્રશ્ન વિશે આંદોલનકાર વિદ્યાર્થીઓ અને આચાર્યોના સંવિવાદમાં રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓની સાથેની ચર્ચાનો સંક્ષેપ આપવાથી મારું મંતવ્ય સ્પષ્ટ થશે:

"અમે અમારું હિત જાણીએ છીએ. એસ. એસ. સી. પાસ થયા છીએ એટલે કોને પરીક્ષામાં મોકલવા ને કોને ન મોકલવા એ અત્યાર સુધી તમે શિક્ષકો નક્કી કરતા. પણ અમે અમારી જવાબદારી સમજીએ છીએ. હવે એ અમને જ નક્કી કરવા દો ને બધાંને ફૉર્મ આપો." વિદ્યાર્થી પ્રતિનિધિ બોલ્યો.

"તમે જવાબદારી સમજતા હોત તો ફૉર્મ કોને આપવું કે કોને ન આપવું એની કશીક ચર્ચા કરવાનું કહેત. તમે જ વિચાર કરો કે સાયન્સના વિદ્યાર્થીના સત્રાંત, પૂર્વ-પરીક્ષા આદિ બધામાં દસેક ટકા ગુણ પદાર્થવિજ્ઞાન, ગણિત વગેરેમાં હોય તો તેને પરીક્ષામાં મોકલવાથી તેનું કયું હિત સધાય? છેલ્લા બે મહિનામાં ચોવીસે કલાક મહેનત કરે તોયે આવા વિષયોમાં પાસ થવાય? એ યુનિ. પરીક્ષાનું પરિણામ બહાર પડે ત્યારે જૂનમાં નાપાસ થાય તેના કરતાં ફૉર્મ ન આપીને ફેબ્રુઆરીમાં નાપાસ થાય તો ઈષ્ટ નથી? ઑક્ટોબરની પરીક્ષા માટે વધુ સમય, ફૉર્મ ન મળે તો જ, મળે. તમને નથી લાગતું કે તેનું ફૉર્મ અટકાવવામાં તેનું જ હિત રહેલું છે? વળી, વિજ્ઞાન જેવો વિષય તેને અનુકૂળ ન હોય તો વિનયન કે વાણિજ્યમાં જવા માટે થોડી પૂર્વતૈયારી કરવાનો વધુ સમય મળે."

આનો જવાબ તેમની પાસે નહોતો. એક બીજા વિદ્યાર્થી-નેતાએ કહ્યું: "પરીક્ષાનો શો અર્થ છે? એમાં નસીબ પર આધાર રાખવો પડે છે." તમને કે અન્યને ખોટા ભ્રમમાં મારે ન રહેવા દેવા જોઈએ એમ કહી હું બોલ્યો:

"નસીબનો મર્યાદિત જ અર્થ છે તે કેમ નથી સમજતા? તમે અભ્યાસક્રમનો અમુક ભાગ વાંચ્યો હોય તેમાંથી બધા પ્રશ્ન પુછાય તો તમે નસીબદાર ગણાઓ અને એમાંથી પ્રશ્ન ન પુછાય તો કમનસીબ કહેવાઓ. પણ જેણે કશું જ વાંચ્યું ન હોય કે વર્ગમાં હાજર ન રહ્યો હોય તેને 'નસીબ' કેવી રીતે યારી આપે? તેમ જ પૂરી તૈયારી કરી હોય તો તેને કમનસીબ કેવુંક નડે?" તેનો કશો જવાબ નહોતો.

આ આંદોલનનાં ભયજનક ને ગંભીર પરિણામો આવે તેવો સંભવ છે. વિદ્યાર્થી સાથેની વાતચીતમાં તે હકીકત મેં અગંભીર રીતે કહી. આંદોલન પછી ચિત્ત થોડું શાન્ત બને એ દૃષ્ટિએ મેં બે દિવસ કૉલેજ બંધ રાખી હતી. હું બહાર જતો હતો ત્યારે વિદ્યાર્થીઓનું નાનું જૂથ મને સામું મળ્યું. મને પૂછ્યું, "આજે લાયબ્રેરી ખુલ્લી રહેશે કે નહિ?"

"તમને પરીક્ષા વગર બધાંને ફૉર્મ આપવાનું નક્કી થયું છે. હવે અત્યારે શું કામ વાંચવાનું વિચારી રહ્યા છો?"

"સાહેબ, યુનિ.ની પરીક્ષા માટે તો વાંચવું જોઈએ ને?"

"બધાંને યુનિ.ની પરીક્ષામાં મોકલવા માટે આંદોલન કરી તમે સફળ થયા તેમ હવે યુનિવર્સિટીમાં બધાંને પાસ કરવાનું આંદોલન કરશે ને? યુનિ.ની પદવી મળે તે માટે પણ એ જ રસ્તો લ્યો ને?" મારી ટીખળી વાતચીતથી તેઓ હસ્યા નહિ. તેમણે કહ્યું: "સાહેબ, આંદોલન દ્વારા મળ્યું છે તે સારું થયું છે એમ અમે પણ માનતા નથી. ...."

મેં સમભાવપૂર્વક મારી વેદના વ્યકત કરતાં કહ્યું, "મારે મન પરીક્ષા એ વિદ્યાશિસ્ત માટેનું પ્રેરક સાધન છે, પછી એનું સ્વરૂપ ગમે તે હો. વિદ્યાશિસ્તની સાધના સિવાય જે વિદ્યાની પ્રાપ્તિ થાય તેનું તેજ કેવું હોય? શકિત કેવી હોય? પરીક્ષા આવે ત્યારે વાંચવાની ગતિ વધે છે, દૂર હોય ત્યારે તે ધીમી બને છે. વિદ્યાશિસ્તની સાધના સિવાય મળેલા પ્રમાણપત્રનો શો અર્થ રહે? મને ગાતાં બરાબર ન આવડતું હોય અને રિયાઝ દ્વારા સંગીતસાધના કર્યા સિવાય સંગીતકાર માટેનું મને પ્રમાણપત્ર મળે તેથી મને કે અન્યને

શો ફાયદો થાય? જ્યાં વિદ્યાશિસ્તની સાધના મોળી હોય તેમાંથી કયા પ્રકારના ડાકતરો, ઈજનેરો, અર્થશાસ્ત્રીઓ, ધારાશાસ્ત્રીઓ વગેરે ઉત્પન્ન થશે? એ રાષ્ટ્રની બૌદ્ધિક સંપત્તિ કેવી હશે?... તમારી કારકિર્દીની દૃષ્ટિએ કે દેશના બુદ્ધિધનની દૃષ્ટિએ આવાં આંદોલનથી શો ફાયદો થશે? તમે વિચાર કરજો. ઉત્તર મારે નથી જોઈતો, તમારી જાતને આપજો."

હવે પ્રશ્ન એ થાય છે કે આ પરિસ્થિતિમાંથી બહાર કેમ નીકળવું? વર્તમાનપત્રોએ, શિક્ષકોએ તેમ જ અન્ય જનોએ ટીકા કરી છે, પણ કોઈ રચનાત્મક માર્ગ સૂચવ્યો નથી. એક વસ્તુ નોંધપાત્ર છે કે આવી રીતે શિથિલ થયેલી વિદ્યાશિસ્તથી શું પરિણામ આવશે ને પોતાનાં પુત્રપુત્રીનું કેવું ઘડતર થશે તેની ચિંતા માબાપ કે વાલીઓએ કરી હોય તેમ લાગતું નથી. તેઓની આ ઉદાસીનતા હશે કે લાચારી હશે એ કોણ કહી શકે? સમભાવભરી સમજાવટથી તેઓ આમાંથી ઊભી થતી ગેરશિસ્ત ઉપર થોડોક અંકુશ જરૂર લાવી શક્યા હોત.

મને એક સૂચન સૂઝે છે. ૧૯૭૫ થી શિક્ષણસૃષ્ટિમાં આખા યે દેશમાં નવો વળાંક આવે છે તેથી જૂની થઈ ગયેલી અને અનેક મર્યાદાઓ વાળી પરીક્ષાપદ્ધતિને બદલાવી નવી પદ્ધતિ દાખલ કરી શકાય. અમુક વિષયોની સત્રાંત પરીક્ષા પદ્ધતિ (સેમેસ્ટર પદ્ધતિ) તેમ જ આંતરિક કસોટીના થોડા ગુણ અંતિમ પરીક્ષામાં ગણાય તેવી રીત દાખલ કરીએ તો વિદ્યાશિસ્ત અને હાજરી બન્નેનો સુમેળ સધાય. આ આંદોલનના પૃથક્કરણ ને પરીક્ષણ દ્વારા જણાયું છે કે ૭૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને સાચું શિક્ષણ લેવામાં રસ છે. આ નવી પદ્ધતિથી તેઓ એકત્ર થશે અને શિક્ષણકક્ષા કદાચ વધારે સારી પણ થાય. જેઓને રસ ન હોય અથવા રસ હોય પણ હાજરીની મુશ્કેલી હોય તેમને માટે બાહ્ય વિદ્યાર્થી તરીકેનો પ્રબંધ કરી શકાય ને મુશ્કેલી ટાળી શકાય. આમ થાય તો પ્રાપ્ત થયેલી અનિષ્ટ સ્થિતિમાંથી ઈષ્ટ માર્ગ મળે.

**અમૃતલાલ યાજ્ઞિક**

## જૈન સુભાષિતો

**ऊचे रामोऽप्युकारं सन्तो दुधति चेतसा !**
**कदाचि दुःस्वप्नमिव नापकारं स्मरन्ति तु !!**

હે. ત્રિ. ૮-૧૧-૯૮.

**विनयः स गुणाधिराजः !**

(ભુવન ભાનુ કે કેવલિચરિત્ર, પા. ૬૯)

વિનય - નમ્રતા - ગુણમાત્રમાં શ્રેષ્ઠ છે.

**एकस्य दूषणे सर्वा तज्जातिः नैव दुष्यति !**
**अमावास्यैव रात्रित्वात् त्याज्येन्दोः पूर्णिमाऽपि किम् !!**

(ઉદય વીરગણિ: પાર્શ્વનાથચરિત્ર પા. ૧૫૩)

એક માણસનો દોષ હોય તેનું એની આખી જાત ઉપર આરોપણ ન કરવું. અમાસ એ રાત ને પૂનમે ય રાત, એમ કરીને પૂનમનો ત્યાગ કરવો તે અઘટિત લેખાય.

**अधः पश्यसि किं मातः तव किं पतितं भुवि !**
**रे रे पुत्र न जानासि गतं तारुण्यमौक्तिकम् !!**

(જ્ઞાનવિલાસ, પા – ૨૨૬)

મા, મા, નીચે કેમ જુઓ છો? કાંઈ પડી ગયું કે શું?' 'અરે દીકરા, તું જાણતો નથી કે મોતી જેવી મારી જુવાની સારાં કામ કર્યા વિના જ વીતી ગઈ?'

**दिनान्ते च पिबेत् दुग्धं निशान्ते च पिबेत् पयः !**
**भोजनान्ते पिबेत् तक्रं किं वैद्यस्य प्रयोजनम् !!**

વાળુમાં દૂધ, અને સવારે વહેલા ઊઠીને પાણી તથા જમ્યા પછી છાશ પીવી, પછી વૈદ્યનું શું કામ?

(જ્ઞા. વિ. ૨૪૧)

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય છેલ્લાં ઘણાં વર્ષોથી ખોટમાં ચાલી રહ્યું છે, તે ખોટની પુરવણી માટે અને તેના વધાર વિકાસલક્ષી ખર્ચને પહોંચી વળવા માટે ભંડોળ એકઠું કરવા અંગે ઘણા સમયથી કાર્યવાહકો વિચારતા હતા. આ વર્ષે એ વિચાર મૂર્તસ્વરૂપ પામ્યો અને એક ચેરિટી શોનું આયોજન નક્કી કરવામાં આવ્યું. એ રીતે તા. ૩-૩-'૭૪ ના રાજ ભુલાભાઈ ઓડીટોરિયમનાં, હજુ હમણાં જ મુંબઈમાં જેનો પ્રવેશ થયો છે તે, આઈ. એન. ટી. સર્જન "સંતુ રંગીલી" નાટક સંસ્થાના લાભાર્થે રજૂ કરવામાં આવ્યું અને પ્રેક્ષકોને તે ખૂબ પસંદ પડ્યું.

નાટક શરૂ થાય તે પહેલાં જ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રથમ શ્રી કે. પી. શાહે આવકાર આપ્યો હતો. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે શ્રી યશવંતભાઈને સમારંભનું પ્રમુખસ્થાન લેવાની વિનંતિ કરી હતી. ત્યાર બાદ અતિથિઓ તેમ જ પ્રમુખશ્રીને હારતોરા કર્યા બાદ વાચનાલય–પુસ્તકાલયના મંત્રી શ્રી શાંતિલાલ દેવજી નંદુએ આભારદર્શન કર્યું હતું

આ ચેરિટી શોના અનુસંધાનમાં એક સોવીનેર પ્રગટ કરવામાં આવ્યો હતો. કાર્યવાહકોની કલ્પના પ્રમાણેની જાહેરખબરો તેમાં પ્રાપ્ત થઈ અને ડોનેશનમાં પણ કલ્પના પ્રમાણેની જ રકમ પ્રાપ્ત થઈ. એકંદર એક લાખ અગિયાર હજાર રૂપિયા પ્રાપ્ત થયા. આ રીતે અમારા લક્ષ્યાંકને અમે આંબી ગયા.

યશવંત કોર્પોરેશનવાળા શ્રી યશવંતભાઈ ચંપકલાલ દાદભાવાળાએ આ સમારંભનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું અને તેઓ પ્રથમ આ વાચનાલય અને પુસ્તકાલયની મુલાકાત પણ લઈ ગયા હતા. એટલે તેની વ્યવસ્થા વિષેની ઊંચી છાપ તેમના પર પડી હતી. તેમણે સંસ્થાને રૂા. ૧૧૦૦૦ આપવાની જાહેરાત કરી, તેમ જ તેમના વકતવ્યમાં, આમજનતાને આ સંસ્થાની મુલાકાત લેવાની ખાસ ભલામણ કરી. એ રીતે અમારી આ પ્રવૃત્તિથી તેઓ ખરેખર પ્રભાવિત થયા.

આને શ્રી હીરાલાલ હસમુખલાલ ગાંધી તરફથી સંસ્થાને પાંચ હજાર રૂપિયાનું દાન, સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ મારફત સાવ અનાયાસે મળ્યું તેની વિગત પોતાના વકતવ્યમાં શ્રી ચીમનભાઈએ સમજાવી.

આ રીતે સંઘની કાર્યવાહક સમિતિ તેમ જ લાયબ્રેરી સમિતિના સભ્યોએ જે ખંતથી કામ કર્યું અને સમારંભને સફળ બનાવ્યો તે નોંધનીય બને છે.

પ્રમુખશ્રીના વકતવ્ય બાદ "સંતુ રંગીલી" નાટક શરૂ થયું હતું. લગભગ રોક વાગ્યે તે પૂરું થયું, અને આનંદિત વાતાવરણ વચ્ચે સૌ વિખરાયા હતા.

**શ્રી મ. મો. શાહ સા. વા. પુ. સમિતિ.**

## આપણો સાહિત્યવારસો (સંપુટ બીજો) ૧૯૭૪

ઉપરનાં પુસ્તકોના સેટો આવી ગયા છે, તો જેઓ રાગાઉથી પૈસા ભરીને ગ્રાહકો થયા હોય, તેમને સંઘના કાર્યાલયમાંથી, મૂળ પહોંચ રજૂ કરીને તે મેળવી લેવા વિનંતિ કરવામાં આવે છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**



ડાબેથી જમણી તરફ: શ્રી રમણીકલાલ મણિલાલ શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી ધીરજબહેન યશવંતભાઈ દાદભાવાળા, શ્રી યશવંતભાઈ ચંપકલાલ દાદભાવાળા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી કે. પી. શાહ, શ્રી દામજીભાઈ વેલજી શાહ, શ્રી શાંતિલાલ દેવજી નન્દુ, શ્રી સુબોધભાઈ એમ. શાહ.

## શ્રી મ. મો. શાહ સા. વા. પુસ્તકાલય: ચેરિટી શો દરમિયાન પ્રાપ્ત થયેલી ભેટની રકમો

| | |
|---|---|
| ૧૧,૦૦૦ | શ્રી યશવંતભાઈ ચંપકલાલ દાદભાવાળા |
| ૫,૦૦૦ | શ્રી હીરાલાલ હસમુખલાલ ગાંધી |
| ૨,૫૦૦ | મહેતા ચેરિટી ટ્રસ્ટ |
| ૨,૧૦૦ | શ્રી ખેમચંદભાઈ કોઠારી |
| ૧,૫૦૦ | શ્રીમતી હંસાબહેન અરવિંદભાઈ ભણસાલી |
| ૧,૫૦૦ | શ્રી ચીમનલાલ પેપર કું. |
| ૧,૫૦૦ | માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ |
| ૧,૦૦૧ | કોરસી હીરજી |
| ૧,૦૦૦ | એક શુભેચ્છક હ: શ્રી એન. એલ. મહેતા |
| ૧,૦૦૦ | શ્રી કે. એમ. દીવાનજી |
| ૧,૦૦૦ | લખમસી નપ્પુ સ્મારક ટ્રસ્ટ |
| ૧,૦૦૦ | શ્રી શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧,૦૦૦ | શ્રી મેઘજી પી. શાહ |
| ૧,૦૦૦ | શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ |
| ૧,૦૦૦ | શ્રી નરસી મોનજી એન્ડ જમનાબાઈ નરસી પબ્લિક ચેરિટી ટ્રસ્ટ. |
| ૧,૦૦૦ | શ્રી કેમિકલ એન્ડ એરોમેટિકલ્સ |
| ૬૨૫ | શ્રી ભૂપેન્દ્ર ડી. ઝવેરી |
| ૫૦૧ | શ્રી સ્વસ્તિક એન્જિનિયરિંગ |
| ૫૦૧ | શ્રી લખમસી એન્ડ કું. |
| ૫૦૦ | શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા. |
| ૫૦૧ | શ્રી કાનજી શામજી કોન્ટ્રાકટર |
| ૫૦૧ | શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી |
| ૫૦૧ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |
| ૫૦૦ | શ્રી ટોકરસી કે. શાહ |
| ૫૦૧ | શ્રી એ. જે. શાહ |
| ૫૦૧ | શ્રી જ્યંતીલાલ ફત્તેહચંદ શાહ |
| ૫૦૧ | શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી |
| ૫૦૧ | શ્રી જે. આર. શાહ ફાઉન્ડેશન ટ્રસ્ટ. |
| ૫૦૧ | શ્રી જયન્તીલાલ ચીમનલાલ |
| ૫૦૦ | શ્રી વિજય ફ્લેકસીબલ કોન્ટીનર્સ |
| ૫૦૦ | સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરી |
| ૫૦૦ | શ્રી છગનલાલ લધુભાઈ |
| ૫૦૦ | શ્રી ખીમજીભાઈ ભૂજપુરીઆ ટ્રસ્ટ ફંડ |
| ૫૦૦ | શ્રી મહાસુખરામ લલ્લુભાઈ ટ્રસ્ટ |
| ૫૦૧ | શ્રી બી. જી. શાહ |
| ૫૦૧ | શ્રી કેશવલાલ દલપતભાઈ |
| ૫૦૦ | શ્રી શાહ નંદુ અને દેઢિયા |
| ૫૦૦ | શ્રી નાનજી ખેતસી શાહ |
| ૫૦૦ | શ્રી મેઘજી થોભણ |
| ૫૦૦ | શ્રી મિલ સ્ટોર કું. |
| ૫૦૦ | શ્રી આર. એન્ડ એસ. નાણાવટી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦ | શ્રી તારાચંદ ધનજી |
| ૩૦૦ | શ્રી મોહનલાલ છોટાલાલ શાહ |
| ૨૫૦ | શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી |
| ૨૫૦ | શ્રી કે. પી. શાહ |
| ૨૫૦ | શ્રી લાભુભાઈ જી. મહેતા |
| ૨૫૧ | શ્રી જગજીવન પોપટલાલ શાહ |
| ૨૫૧ | શ્રી સુગંધ ટ્રેડર્સ |
| ૨૫૧ | શ્રી વાડીલાલ રાઘવજી |
| ૨૫૦ | એક સદ્‌ગૃહસ્થ |
| ૨૫૦ | શ્રી. જે. કે. ઝવેરી |
| ૨૫૦ | એક શુભેચ્છક |
| ૨૫૦ | શ્રી રતનચંદ ચુનીલાલ ઝવેરી |
| ૨૫૧ | શ્રી ધીરજલાલ એમ. ઝવેરી |
| ૨૫૦ | શ્રી ચંદુલાલ કસ્તુરચંદ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫૧ | શ્રી જોશી એન્ડ કું. |
| ૨૫૦ | શ્રી શાહ પટેલ એન્ડ કું. |
| ૨૫૦ | શ્રી ધરમદાસ ત્રિકમદાસ શાહ |
| ૨૫૦ | શ્રી ધીરજ સ્ટીલ કું. |
| ૨૫૦ | શ્રી કોન્ટીનેન્ટલ સ્ટીલ કું. |
| ૨૫૦ | શ્રી યુનાઈટેડ કલર કું. |
| ૨૫૦ | શ્રી ગણપત દેવરાજ ચેરિટેબલ ટ્રસ્ટ. |
| ૨૫૦ | શ્રી વિનોદ એસ. મહેતા |
| ૨૫૧ | શ્રી સી. કે. શાહ |
| ૨૦૦ | શ્રી કે. એન. શાહ |
| ૨૦૦ | શ્રી શાન્તિલાલ કેશવલાલ શાહ |
| ૧૫૧ | શ્રી અમર જરીવાળા |
| ૧૫૦ | શ્રી દીપજ્યોત પેઈન્ટ એન્ડ કેમિકલ કોર્પોરેશન |
| ૧૨૫ | જોસલ ટ્રેડિંગ કોર્પોરેશન |
| ૧૨૫ | ઈન્ડસ્ટ્રીઅલ ટ્રેડર્સ |
| ૧૦૧ | સ્વસ્તિક ઈન્ડસ્ટ્રીયલ મિલ સ્ટોર્સ |
| ૧૦૧ | શ્રી પોપટલાલ પ્રેમજી દેઢિયા |
| ૧૦૧ | શ્રી હીરાલાલભાઈ ઝવેરી |
| ૧૦૧ | શ્રી સુનિતાબહેન શેઠ |
| ૧૦૦ | શ્રી નેમિકુમાર વસનજીની કું. |
| ૧૦૦ | શ્રી દામજી મોણસીની કું. |
| ૧૦૧ | એક બહેન |
| ૧૦૧ | શ્રી ઠાકોરલાલ એન્ડ કું. |
| ૧૦૦ | શ્રી શાન્તિલાલ હરખચંદની કું. |
| ૧૦૦ | શ્રી અરવિંદભાઈ કેશવલાલ શાહ |
| ૧૦૦ | શ્રી બંસીલાલ કેશવલાલ શાહ |
| ૧૦૦ | શ્રી વિનોદ કેશવલાલ શાહ |
| ૧૦૦ | શ્રી શાન્તિલાલ હરજીવન શાહ |
| ૧૦૧ | શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરી |
| ૧૦૦ | શ્રી એન. જે. મહેતા ચેરિટી સ્ટ |
| ૧૦૦ | શ્રી વી. એમ. સેલ્સ એન્ડ સર્વિસ |
| ૫૫,૧૫૨ | |
| ૮,૪૫૧ | સોથી નીચેની રકમો |
| ૬૩,૬૦૩ | |

# અંદાજપત્ર ૧૯૭૪-૭૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સોમવાર તા. ૪-૩-'૭૪ના સાંજના ૬–૧૫ વાગ્યે સંઘના પરમાનંદ સભાગૃહમાં પ્રોફેસર ડી. ટી. લાકડાવાળાનું ઉપરોકત વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રોફેસર લાકડાવાળાનું સ્વાગત કર્યું હતું અને શ્રી લાકડાવાળાનો શ્રોતાઓને પરિચય કરાવતાં કહ્યું હતું કે "શ્રી લાકડાવાળા એક સુવિખ્યાત અને સમતોલ અર્થશાસ્ત્રી છે. માત્ર દેશના હિતમાં ચિંતન કરતા કેટલાકમાંના તેઓ એક છે."

ત્યાર બાદ શ્રી લાકડાવાળાએ અંદાજપત્ર વિશે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સમજાવ્યા હતા.

### અંદાજપત્ર અને એના ઉદ્દેશો

અંદાજપત્ર એ માત્ર આવક–જાવકનું સરવૈયું નથી. ખરચ કરતાં આવક ઓછી હોય તો ખાધ કેવી રીતે પૂરી કરવી એ માટે જ અંદાજપત્ર નથી, પરંતુ આપણા આર્થિક જીવનને અમુક દિશામાં વાળવું હોય તો કેવી રીતે વાળવું એ માટેનું અગત્યનું સાધન અંદાજપત્ર છે. ૧૯૭૪-૭૫નું અંદાજપત્ર એ આપણા નાણાપ્રધાનનું ચોથું અંદાજપત્ર છે. પહેલાંનાં ત્રણ વરસો માટે એમના કહેવા પ્રમાણે એમના અંદાજપત્રમાં મુખ્ય ધ્યેયોમાં ઝડપી આર્થિક પ્રગતિ, ગરીબી હટાવવાનો કાર્યક્રમ, અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન, વધુ સ્વાયત્તતા, વધુ બચત અને વધુ રોકાણ અને ભાવ-સ્થિરતા એ અંદાજપત્રના મુખ્ય ઉદ્દેશો હતા. દુર્ભાગ્યે અત્યાર સુધીનાં ત્રણ વરસોમાં આ ધ્યેયોને સાધવામાં ઘણી જ મર્યાદિત સફળતા મળી છે અને છેલ્લા વર્ષમાં તો જાણે નિષ્ફળતા જ મળી હોય એવું વાતાવરણ સર્જાયું છે.

### કરવેરા

૧૯૭૪-૭૫ના કરવેરા જોઈએ તો એનાં બે ત્રણ લક્ષણો ખાસ ધ્યાન ખેંચે છે. પહેલું લક્ષણ એ કે જે નવા કરવેરામાંથી આજે આપણે આવક અંદાજીએ છીએ એ આગલાં વર્ષોના કરવેરા કરતાં ઓછા છે. બીજું લક્ષણ એ છે કે આગલા અંદાજપત્રમાં વસ્તુઓ ઉપરના (આડકતરા) કરવેરા ઉપર વધુ ભાર મુકાયો હતો. આ વર્ષનું અંદાજપત્ર આનાથી જુદું જ તરી આવે છે. સીધા કરવેરાના માળખામાં મોટા ફેરફારો થયા છે. જે મોટી આવક પરના કરવેરા છે એમાં મોટો ઘટાડો થયો છે. ઘણીખરી આવક જકાતમાંથી મળશે.

વાંછુ તપાસ સમિતિની ભલામણને આધારે આવકવેરાનો દર જે ૯૭.૭૫ ટકા હતો એને ઘટાડીને ૭૫ ટકા કરવામાં આવ્યો છે. આથી એમ મનાય છે કે આવક છુપાવવાનું કારણ અદૃશ્ય થશે અને કાળાં બજાર પણ અદૃશ્ય થશે. પરંતુ મોટા કરવેરાને લીધે ચોરી કરતા શીખ્યા હોય તો વેરો ઘટે એટલે ચોરી ઘટશે એવું માન-વાને કોઈ સબળ કારણ નથી. પરંતુ એટલું ખરું કે આ કરઘટાડાને લીધે જે માણસો પ્રામાણિક છે એને વધુ લાંબું જીવવાનો અવકાશ મળશે.

બીજું, આપણે આવકવેરાના દર સાથે મિલકતવેરાનો દર પણ જોવો જોઈએ અને એટલું જોવું જોઈએ કે આ બંનેનો કુલ દર સો ટકાથી વધુ ન થવો જોઈએ. જો દર સો ટકાથી વધુ થાય તો માણસને પોતાની મિલકત છુપાવવા માટે એક કારણ મળી જાય. જો ખરેખર મિલકતવાળાઓની સામે જ ઝુંબેશ ઉપાડવી હોય તો એને માટે જલદ ઉપાયો શોધવા જોઈશે. ધીમું ઝેર નકામું છે.

વસ્તુઓ ઉપરના કરવેરામાં એક કાળજી લેવામાં આવી છે કે સામાન્ય માણસ વાપરતો હોય એ વસ્તુઓ કરવેરામાં ન આવે. આ વર્ષે આડકતરા કરવેરા ઉપર ભાર મૂકવામાં નથી આવ્યો.

### ખાધ ઓછી થશે ખરી?

એમ કહેવામાં આવે છે કે ૬૫૦ કરોડ રૂપિયાની ખાધ નવા કરવેરા પછી ઘણી ઓછી થઈ જશે. પરંતુ આ વર્ષે અનિવાર્ય સંજોગો–પગારવધારો, મોંઘવારી, દુષ્કાળ અને રાજ્યોની વધુ આર્થિક સહાયની માગ – નહિ ઉદ્ભવે એની તો કોઈ ખાતરી નહિ આપે, બલકે ધારેલી ખાધ વધી જાય એવી પણ રોક દહેશત રહે છે. વિશેષ કરી જ્યારે છેલ્લાં વરસોમાં મોટી મુશ્કેલી એ અનુ-ભવી છે કે આપણું ઔદ્યોગિક ઉત્પાદન લગભગ સ્થગિત થઈ ગયું છે. આપણે ત્યાં ઉત્પાદનશકિત છે, પણ એક યા બીજા કારણોને લીધે એ જોઈએ એટલી વપરાતી નથી – અને આ પૂરતી વપરાય એ માટે અંદાજપત્રમાં કોઈ ખાસ જોગવાઈ કરી હોય એવું લાગતું નથી. રેલવે, કોલસા, વીજળી માટે વધારે પૈસા વાપરવાની જોગવાઈ છે. પણ એનાં પરિણામો આવતાં ઘણો વખત લાગે.

### સામાન્ય માણસ અને અંદાજપત્ર

આ અંદાજપત્ર પછી સામાન્ય માણસનો એક જ પ્રશ્ન છે: ભાવવધારો અટકશે કે નહિ? કેટલાકે અંદાજપત્રને ફુગાવા-વિરોધી ગણાવ્યું છે છતાંય એનાથી ભાવવધારો અટકે એ આશા વધુ પડતી છે. બહુ બહુ તો એ આશા રાખી શકીએ કે જે ધાર્યા પ્રમાણે જ ખાધ થાય અને ગયા વર્ષ કરતાં આ ખાધ ઘણી ઓછી થાય અને થોડી ઉત્પાદનવૃદ્ધિ થાય તો ગયે વર્ષે જે ભાવવધારો થયો હતો એના કરતાં આ વર્ષે ભાવવધારો ઓછો થાય. ટૂંકમાં, આ અંદાજપત્ર જેટલું અપેક્ષા રાખી શકીએ એટલું ફુગાવાવિરોધી દિશામાં કે ઉત્પાદનઅનુકૂળ દિશામાં પગલાં માંડતું નથી.

* * *

શ્રી લાકડાવાળાના અભ્યાસી પ્રવચન પછી રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી. ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભારદર્શન કર્યું હતું.

સંકલન: **ચીમનલાલ જે. શાહ**

—:oo:—

## વસંત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ એપ્રિલ માસની તા. ૧૫, ૧૬, ૧૭, ૧૮, એમ ચાર દિવસ માટે તાતા ઓડિટોરિયમના એરકન્ડિશન્ડ હોલમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવનાર છે. વકતાઓ નક્કી થશે એટલે રીતસરની જાહેરાત કરવામાં આવશે.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે ન ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ–૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૭૪ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ઉપાય શો છે?

ગુજરાતનું હજી માંડ થાળે પડે છે ત્યાં બિહાર, ઉત્તર પ્રદેશ અને ઓરિસામાં તોફાનો શરૂ થયાં છે. ત્રણે રાજ્યોની વિધાનસભાઓમાં ગવર્નરો પોતાનું પ્રવચન કરી ન શકયા. ધારાસભ્યોમાં મારામારી થઈ. હવે તો આવું વર્તન બધી ધારાસભાઓમાં અને પાલમિન્ટમાં પણ સામાન્ય પડયું છે. બિહારમાં ધારાસભાના સ્ટાફે જ તોફાન કર્યું અને ધારાસભાની લોબીમાં ગોળીબાર કરવો પડયો. બિહારમાં વ્યાપક આગ, લૂંટ અને વિનાશ સર્જાયો. ગુજરાતમાં બે મહિનામાં જેટલું નુકસાન નથી થયું તેટલું બિહારમાં બે દિવસમાં થયું. જાહેર મિલકતો ઉપર મોટા પ્રમાણમાં હુમલાઓ થયા. બિહારના જાણીતા વર્તમાનપત્ર 'સર્ચ લાઈટ'નાં મકાન, મશીનરી બધું બાળી નાખ્યું. ઉત્તર પ્રદેશમાં ચૂંટણી થયાને એક મહિનો નથી થયો ત્યાં ચૂંટણીને પડકાર થયો છે. આ તોફાનો આર્થિક કરતાં રાજકીય વધારે છે.

બિહારમાં સરકાર રક્ષણ આપવામાં નિષ્ફળ ગઈ છે એમ જણાવી શ્રી જયપ્રકાશ નારાયણે તેના મુખ્ય મંત્રી અબ્દુલ ગફુરને રાજીનામું આપવાની મિત્રભાવે સલાહ આપી છે. ગફુર સામે લાંચ-રુશ્વત કે ભ્રષ્ટાચારનો કોઈ આક્ષેપ નથી. શ્રી જયપ્રકાશ કહે છે કે ગફુર સજ્જન માણસ છે, તેમ સત્તાના શોખીન પણ નથી. કોંગ્રેસ હાઈ-કમાન્ડ ગમે તે કહે તો પણ ગફુરે પોતાના અંતરાત્માની જ સલાહ લેવી એમ શ્રી જયપ્રકાશે કહ્યું છે. ગફુરે જાહેર કર્યું કે મના અંતરાત્માને રાજીનામું આપવાની કોઈ જરૂર જણાતી નથી. શ્રી જયપ્રકાશને વારંવાર કહેવું પડે છે કે પોતાને કોઈ અંગત કે રાજકીય સ્વાર્થ નથી, માત્ર પ્રજાનું ભલું ઈચ્છે છે.

છેલ્લા ત્રણ મહિનામાં દેશમાં બનેલ બનાવો ગંભીર મુદ્દાઓ ઉપસ્થિત કરે છે. ચારે તરફ હિંસા ફાટી નીકળી છે, અને લોકોનાં મન અત્યંત ઉત્તેજિત છે. શાન્તિમય અને અહિંસક માર્ગના પ્રખર હિમાયતીઓ પણ આવી હિંસા અનિવાર્ય માનતા જણાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ નથી, એમ કહી તેનો બચાવ થાય છે. વિનોબા-જીએ કહ્યું કે મારપીટ કર્યા વિના સરકાર સાંભળે તેમ નથી. જયપ્રકાશે કહ્યું આ ક્રાન્તિ છે. સર્વ સેવા સંઘના પ્રમુખ સિદ્ધરાજ ઢઢ્ઢાએ કહ્યું કે હિંસા અથવા અરાજકતા થશે એવા ભયથી વર્તમાન અસહ્ય પરિસ્થિતિ નિભાવી ન લેવાય. શ્રી મોરારજીભાઈએ કહ્યું પ્રજા બીજું શું કરે? ધારાસભ્યોનાં રાજીનામાં આપાવવા ધાકધમકી અને જોરજુલમ થાય, ધારાસભાનું વિસર્જન કરાવવા તોફાનો થાય, ધારાસભાનું કામ-કાજ બળજબરીથી થવા જ ન દેવાય, પરીક્ષા લીધા વિના ઉપલા વર્ગમાં ચડાવવા, તેમ ન કરે તો યુનિવર્સિટીને આગ લગાડાય છે. લોકમાનસમાં એટલી હિંસા પેદા થઈ છે કે નજીવી વાતમાં પણ બળજબરીનો ઉપયોગ થાય છે.

પ્રશ્ન એ થાય કે શાન્તિમય માર્ગમાંથી આપણે સંપૂર્ણપણે શ્રદ્ધા ગુમાવી બેઠા છીએ? હિંસક માર્ગે જવું શરૂ કર્યા પછી માત્ર રાજકીય ક્ષેત્રથી તે અટકવાનું નથી. જીવનનાં બધાં ક્ષેત્રોમાં એ ઝેર વ્યાપશે. બધા જાણે છે કે આ માર્ગે નુકસાન જ છે. ગરીબો, સામાન્ય સ્થિતિના માણસો, અને નિર્દોષોને જ સહન કરવું પડે છે. જાહેર મિલકતને નુકસાન થાય તે પ્રજાને જ હાનિકારક છે. રાજ્ય રાજ્ય વચ્ચે તકરાર થાય તો યુદ્ધ સિવાય કોઈ ઉપાય નથી એમ માન્યું છે. યુદ્ધથી બધાનો વિનાશ છે, અને કોઈ પ્રશ્નનો ઉકેલ થતો નથી, પણ નવા પ્રશ્નો ઊભા થાય છે, તે જાણવા છતાં યુદ્ધ થાય છે. પણ રાજ્યમાં અંતર્ગત નાગરિકો વચ્ચે તકરાર થાય તો મારામારી નથી કરતા પણ કાયદાથી કોર્ટો મારફત કે બીજા શાન્તિમય માર્ગે તેનો નિકાલ કરીએ છીએ. એ શ્રદ્ધા–Rule of Law-ની-હવે ડગી ગઈ છે. ઘોર નિરાશામાંથી મરણિયા વૃત્તિ પેદા થઈ છે એમ લાગે. આવી પરિસ્થિતિ માટે કોણ કેટલું જવાબદાર છે તે અલગ પ્રશ્ન છે.

સમજદાર વ્યકિતઓ પણ એમ કહે છે કે પ્રજા હતાશ થાય અને કોઈ સાંભળે જ નહિ તો પ્રજા શું કરે? આપણે લોકશાહી પદ્ધતિ અપનાવી છે. તેનો અર્થ એ છે કે રાજ્યકર્તા પ્રજાના પ્રતિ-નિધિ છે, પ્રજાનું હિત લક્ષમાં લેશે, તેમ ન થાય તો તેમને કાઢી મૂકી, બીજાની પસંદગી કરી શકીએ એવો અવકાશ છે. આ શ્રદ્ધા હવે રહી નથી અથવા એટલી ધીરજ રહી નથી. કહેવાય છે એમ કે, સાચી લોકશાહી સ્થાપવા આ બધું કરવું પડે છે. તેમ કરતાં લોકશાહીનો જ અંત આવે એવું બને તેની અત્યારે ચિન્તા નથી કરતા. સાધનશુદ્ધિનો આગ્રહ રાખ-વાવાળા એમ કહે છે કે સાધનશુદ્ધિ નહિ હોય તો શુદ્ધ ધ્યેયને પામી ન શકીએ. આ બધું ગાંધીજીએ શીખવ્યું હતું. હજી યે પોપટિયા રટણ તેનું થાય છે, પણ વર્તન જુદું છે. કારણ કે શ્રદ્ધા રહી નથી. ચૂંટણી મારફત કે મતપેટી મારફત - એટલે કે શાન્તિમય માર્ગે-રાજ્યકર્તાઓ બદલી શકીશું એવો વિશ્વવાસ નથી રહ્યો એમ કહેવું પડે. ચૂંટણી થયાને બીજે દિવસે જ એમ કહીએ કે તે માન્ય નથી ત્યારે ચૂંટણીનો કાંઈ અર્થ રહેતો નથી Election becomes a farce or a fraud. લોકોને ભારે અસંતોષ છે છતાં ચૂંટણીમાં સફળ થવાની આશા ન હોય તો લોકો પોતાનું હિત સમજતાં નથી અથવા તેમને સમજાવવામાં નિષ્ફળ જઈએ છીએ અથવા ચૂંટણી-પદ્ધતિ પાયામાંથી ખોટી છે.

બિહારમાં પ્રજાનું રક્ષણ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ એ કારણે મુખ્ય મંત્રીનું રાજીનામું માગવામાં આવે છે. સરકારે રક્ષણ કરવું જોઈએ એવી અપેક્ષા રાખીએ છીએ. સરકાર પોલીસ અને લશ્કરથી રક્ષણ કરી શકે. પોલીસ વધારે પડતો બળનો ઉપયોગ કરે છે, જુલમો અને અત્યાચાર કરે છે એવો સામાન્ય આક્ષેપ છે. લોકશાહી તંત્રે લશ્કરનો આશ્રય તો લેવો જ ન જોઈએ એમ કેટલાક માને છે. વ્યાપક હિંસાને સરકાર કેવી રીતે પહોંચી વળે? પોલીસ અને લશ્કરથી અથવા પ્રજાના સહકારથી. પણ પ્રજા સરકાર વિરુદ્ધ ઉશ્કેરાયેલ હોય અથવા ઉશ્કેરણી કરવામાં આવી હોય ત્યાં પ્રજાનો સહકાર મળે નહિ.

શાસક પક્ષને સત્તા ઉપરથી ઉખેડવા આંદોલન થાય ત્યારે શાસક પક્ષ બધાં સાધનોનો ઉપયોગ કરે તે સ્વાભાવિક છે. છતાં લોકશાહીમાં તેની મર્યાદા છે. આંદોલન વ્યાપક હોય ત્યાં સરકારે નમતું મૂકવું જ પડે છે. મંત્રીમંડળે રાજીનામું આપવું પડે, વિધાન-સભા વિસર્જિત કરવી પડે, પરીક્ષાઓ બંધ રાખવી પડે, હડતાળ,

મોરચાઓને કારણે ગેરવાજબી માગણીઓ પણ મંજૂર કરવી પડે, એવું બને છે.

બીજો વિકલ્પ છે કે હિંસાનો પ્રજા પોતે વિરોધ કરે. વડા પ્રધાને હમણાં કહ્યું છે કે લોકશાહી સામેની આ હિંસાનો પ્રજાએ વિરોધ કરવો જોઈએ. બિહારમાં નાગરિક સમિતિ તથા છાત્ર પરિષદની રચના કરી છે. આને પરિણામે પ્રજામાં અંદરોઅંદર સંઘર્ષ થાય. શાસક પક્ષ અને બીજા રાજકીય પક્ષો પોતાની લાગવગ વાપરી આવાં સંગઠનો ઊભાં કરે. બળજબરીથી શાસક પક્ષને હટાવવામાં આવે તો બીજા રાજકીય પક્ષોના પણ એ જ હાલ થાય.

પાયાનો સવાલ એ છે કે પ્રજાની વાજબી માગણીઓ સંતોષાય નહિ, તેની ઉપેક્ષા થાય ત્યાં શું કરવું? તેના પરિણામે હિંસક આંદોલનો થાય તેને કેમ પહોંચી વળવું? ગુજરાત અને અન્ય રાજ્યોમાં જે બન્યું છે તેમાંથી બોધપાઠ લેવાનો હોય તો એ છે કે તે બનાવોએ એક મોટો આંચકો આપ્યો છે, જે જરૂરનો હતો. પણ હવે બધાએ કાંઈક અંતરખોજ કરવી પડશે. પ્રજાનો કોઈ વર્ગ દોષ-રહિત નથી. મોંઘવારીનું કારણ માત્ર સરકાર નથી પણ સંગ્રહખોરી, કાળાં બજાર, ચીજવસ્તુની તંગીનો પૂરો લાભ લેવાની વૃત્તિ, રાજકીય હેતુઓ, પોતાનો અથવા પોતાના વર્ગનો જ સ્વાર્થ સાધવાની વૃત્તિ, આ બધાં કારણો શોધવાં પડશે, તેના ઉપાય કરવા પડશે. રાજકારણ અને રાજકીય વ્યકિતઓ પ્રત્યેની નફરત દુનિયાના બધા દેશોમાં છે. પ્રભાવશાળી, નિ:સ્વાર્થ અને પ્રામાણિક નેતૃત્વને અભાવે લોકશાહી, ભ્રષ્ટાચાર કે ટોળાંશાહીમાં પરિણમે છે, તેનો કોઈ જાદુઈ ઉપાય નથી. આગેવાનો હોવાનો જેઓ દાવો કરે છે તેમની પાસેથી પ્રજા સદાચારની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. જાણીતી ભ્રષ્ટાચારી વ્યકિતઓ સત્તાસ્થાને રહે તે અસહ્ય થઈ પડે. ઈન્દિરા ગાંધીએ અને શાસક પક્ષે ઘણી સાફસૂફી કરવી પડશે. આ બનાવોથી આપણે બધા ગંભીર ચેતવણી લઈશું તો પ્રજાએ ભોગવ્યું તે નિરર્થક નહિ જાય. તે સાથે પ્રજાના સમજદાર વર્ગે હિંસાને રોકી, અસરકારક શાન્તિમય માર્ગોની ખોજ કરવી પડશે. પ્રજાને અણગમતું હોય તેવું કહેવાની હિંમત બતાવવી પડશે. લોકશકિત સાચી શકિત છે એમ વારંવાર કહેવાય છે. એ શકિત કેળવવાના રચનાત્મક કાર્યમાં લાગવું પડશે. હિંસક ઉત્તેજના અને તોફાનો ચાલુ રહેશે તો કદાચ લોકશાહીનો અંત આવે અને જમણેરી અથવા ડાબેરી, મોટે ભાગે ડાબેરી, સરમુખત્યારીમાં સરી પડીએ તે અસંભવ નથી.

૨૭-૩-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# ભાવોનું રાજકારણ

**[ પ્રો. દાંતવાલા જાણીતા અર્થશાસ્ત્રી છે. ખાસ કરી, ખેતી ઉત્પાદનના અર્થશાસ્ત્રના અભ્યાસી છે. એગ્રિકલ્ચરલ પ્રાઈસ કમિશનના ચેરમેન હતા. આ કમિશનની ભલામણોની અવગણના કરી, સરકાર અનાજપ્રાપ્તિના ઊંચા ભાવ આપે છે તેનાં પરિણામો અને તેમાં રહેલ રાજકારણ વિષે તેમણે ગંભીર ચેતવણી આપી છે. –તંત્રી ]**

અનાજપ્રાપ્તિના ભાવો દ્વારા બજારના ભાવોનો પીછો કરવાની મોસમી રમત શરૂ થઈ ગઈ છે. અછતની સ્થિતિમાં અનાજપ્રાપ્તિના ભાવો જેટલા વધુ ઊંચા તેટલા બજારના ભાવો ઊંચા જાય એ સાદું બજારનું તર્કશાસ્ત્ર દેખીતી રીતે જ સમજાયું નથી. (બિલ્લી કદી તેની પૂંછડી પકડી શકે નહિ યા એથી ઊલટું પણ એટલું જ સાચું છે). આ છતાંય, ઊંચા પ્રાપ્તિભાવોથી વધુ પ્રમાણમાં અનાજપ્રાપ્તિ થતી હોય તો એ પ્રયોગનું કંઈક વાજબીપણું ગણાય. પણ આમ બનતું નથી એ ખરીફ મોસમમાં અનાજપ્રાપ્તિની બાબતમાં થયેલી કામગીરી પરથી સ્વયંસ્પષ્ટ છે. અને છતાં નીતિઘડવૈયાઓ આ રમતને વળગી રહેવા માગતા હોય તો તેનો બીજો કોઈ ખુલાસો હોઈ શકે નહિ, સિવાય કે છતવાળા ખેડૂતને નારાજ કરવાની તેમની અનિચ્છા–યા સંભવત: અશકિત.

ભાવોની સ્થિરતાની તેમની વિભાવના સરળ છે: ભાવો નીચા જતા હોય ત્યારે તેમને ટેકો આપો–જેમકે, ઘઉંના મુકત બજારના ભાવ ક્વિન્ટલના રૂા. ૬૦-૬૫ હોય ત્યારે રૂા. ૭૬ને ભાવે ટેકો આપવો, પણ જ્યારે ભાવો ઊંચા જતા હોય ત્યારે પણ લેવીના ભાવ ઊંચા કરીને તેને રક્ષાણ આપો અને તેને જો આ ઊંચા ભાવ પણ લાભદાયી જણાતા ન હોય તો તેનો વધારાનો જથ્થો વેચવા માટે તેને દબાણ ન કરવું! અલબત્ત, તેના પર કર નાખવાનો તો કોઈ પ્રશ્ન જ નથી, તે તેની ઊપજના મૂલ્યના માત્ર એક ટકા જેટલું સીધા કરો રૂપે ચૂકવી શકે છે. રાજ–સમિતિ રાહ જોઈ શકે છે, પણ અર્થશાસ્ત્રીનું શું? તે જો મોટાં ઈજારાવાદી (ઉદ્યોગ) ગૃહોની તીખી આલોચના કરે તો તે તંદુરસ્ત અને શાણો ગણાય છે અને યથાસમયે સંપત્તિવાન બની શકે છે, પણ તે જો મોટા ખેડૂત સામે એક શબ્દનો બબડાટ સરખોય કરે તો તેની શહેર–અભિમુખ દૃષ્ટિ માટે તેને સખત ઠપકો આપવો જોઈએ.

પ્રમાણસરની (ગ્રેડેડ) લેવી અને ઈજારાવાદી (મોનોપોલી) અનાજ-પ્રાપ્તિ વચ્ચેના તફાવત વિશે એક નાનો મુદ્દો સ્પષ્ટ કરું. પ્રમાણસરની લેવી હેઠળ, સરકાર ઉત્પાદનના સરેરાશ દસ ટકા જેટલા અથવા બજારમાં મૂકવાયોગ્ય વધારાના અનાજના ત્રીજા ભાગ જેટલા અનાજની માગણી કરે છે; બાકીનો જથ્થો ખુલ્લા બજારમાં વેચવા માટે ખેડૂત મુકત હોય છે. અલબત્ત, આમાં પ્રાપ્તિનો ખરેખરે જથ્થો ઘણો ઓછો હોય છે. ચોખામાં ૪ કરોડ ૫૦ લાખ ટનનો રેકોર્ડ પાક અને તેમાંથી પ્રાપ્તિ માટેના ૫૦ લાખ ટનના લક્ષ્યાંક સામે માત્ર ૨૮ લાખ ટન ચોખા મેળવાયા. પણ એ વાત બાજુએ રાખીએ તોય, લેવીની માત્ર જાહેરાત થતાં જ બજારભાવ ઊંચા જતા હોઈને, વધારાયેલા (વેઈટેડ) સરેરાશ ભાવ અને ખેડૂતના કુલ વેચાણની એકંદર આવક, લેવીની ગેરહાજરીમાં હોત તેના કરતાં ઓછી રહેવાની વકી નથી. સાદા શબ્દોમાં આ જ વાત કહેવી હોય તો એમ કહી શકાય કે ખેડૂત લેવી આપવામાં જે ગુમાવે છે તે ખુલ્લા બજારમાંના વેચાણમાંથી તે પ્રાપ્ત કરી લે છે.

નીતિઘડવૈયાઓની ભાવ અંગેની વિચારસરણી જેમાં પ્રગટ થાય છે તે બીજી વસ્તુ કપાસ છે. ચીજોના આસમાને જતા ભાવોમાં કપાસ અગ્રેસર રહ્યો છે. ફેબ્રુઆરી ૧૬, ૧૯૭૪ ના દિવસે કપાસના જથ્થાબંધ ભાવનો આંક, એક વર્ષ પૂર્વેના ૧૯૩ની સામે ૩૧૮નો (૧૯૬૧-૬૨=૧૦૦) હતો. અને હિત ધરાવતા પક્ષો તરફથી અંદાજ ઓછો મૂકવાના છેલ્લી ઘડીના પ્રયાસો છતાં કપાસના ઉત્તમ પાકનું આ વર્ષ છે. ફેબ્રુઆરીની પહેલી અને માર્ચની પંદરમી વચ્ચે મુંબઈના શિવરી રૂ બજારમાં દિગ્વિજય કપાસના ભાવ ગાંસડીએ રૂા. ૯૩૦ જેટલા ઊંચા ગયા, એટલે કે ગાંસડીના રૂા. ૩,૪૦૦ હતા તે વધીને રૂા. ૪,૩૦૦ થયા. સંકર-૪ કપાસના ભાવ રૂા. ૫,૭૦૦ જેટલા બોલાતા હતા, જે રૂા. ૮૦૦ નો સીધો વધારો બતાવતા હતા.

છતાં કોટન કોર્પોરેશન કપાસ ઉગાડનારને 'ટેકો આપવા' બજારમાં આવ્યું છે અને પોતાની ખરીદી માટે રાષ્ટ્રીયકૃત બેન્કો પૂરતું ધિરાણ આપતી નથી તેનો તેને રોષ છે. મોસમની શરૂઆતમાં જ તેણે હર્ષપૂર્વક જાહેર કર્યું હતું કે તે આગલા વર્ષના ભાવથી દસ ટકા ઊંચા ભાવે કપાસ ખરીદશે, જ્યારે પાકનો અંદાજ હજી ૬૫-૬૭ લાખ ગાંસડીનો હતો.

મિલમાલિકોને ઊંચા ભાવનો વાંધો નથી; તેમને કાપડની નિકાસની માગ ઘણી સારી છે અને ફુગાવાનો આભાર માનીએ કે ઘરઆંગણેની બજાર પણ તેજ છે. પણ આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધા છે એ તેઓ ભૂલી જાય છે. વિદેશી ગ્રાહકો ગમે તે ભાવે તે નહિ લે. પણ તો ખેડૂતો પર ઉપકાર કર્યા પછી, વિદેશી હૂંડિયામણ કમાવાના વ્યાપક રાષ્ટ્રીય હિતમાં નિકાસ સબસિડી મેળવવા તેઓ કદાચ દાવો કરશે; અને ખેડૂત-ચાહક રાજકારણીઓ એ રીતે બદલો વાળી આપવો રહેશે. એમ. એલ. દાંતવાલા

[ 'કોમર્સ'ના માર્ચ ૨૩, ૧૯૭૪ના અંકમાંથી સાભાર]

# ભગવાન મહાવીર

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણદિનનો મહોત્સવ આ દીપાવલી–૧૩ નવેમ્બર ૧૯૭૪–થી શરૂ થશે. એક વર્ષ સુધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ મહોત્સવ ઊજવાશે. વડા પ્રધાનના પ્રમુખપદે રાષ્ટ્રીય સમિતિ નિયુક્ત થઈ છે. તેવી જ રીતે દરેક રાજ્યમાં મુખ્ય મંત્રીના પ્રમુખપદે રાજ્ય સમિતિઓ નિયુક્ત થઈ છે. રાષ્ટ્રીય અને રાજ્ય સમિતિઓએ સ્થાયી તેમ જ વાર્ષિક કાર્યક્રમો ઘડયા છે.

મહાવીર જૈન ધર્મના ચોવીસમા અને ચરમ તીર્થંકર થઈ ગયા. બૌદ્ધ ધર્મ ભગવાન બુદ્ધે સ્થાપ્યો તેવી રીતે જૈન ધર્મ મહાવીરે સ્થાપ્યો તેમ નથી. તેમણે જૈન ધર્મનું સંસ્કરણ કર્યું. જૈન ધર્મના ચોવીસ તીર્થંકરો થઈ ગયા તેમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવનો ઉલ્લેખ વૈદિક સાહિત્યમાં પણ મળે છે. બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમી અને ત્રેવીસમા પાર્શ્વનાથ ઐતિહાસિક પુરુષો હતા તે હવે સ્વીકારવામાં આવે છે. અરિષ્ટનેમી શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ હતા. પાર્શ્વનાથ મહાવીર પૂર્વે ૨૫૦ વર્ષે નિર્વાણ પામ્યા. મહાવીરના સમયમાં પાર્શ્વ પરંપરા ચાલુ હતી. મહાવીરનાં માતાપિતા પાર્શ્વના અનુયાયીઓ હતાં. પાર્શ્વનાથની પરંપરા ચતુર્યામી, – અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહની હતી. મહાવીરે બ્રહ્મચર્યને સ્વતંત્ર વ્રત તરીકે સ્થાપ્યું. વર્તમાન જૈન ધર્મ અને તેનું સ્વરૂપ મહાવીરે નિર્માણ કર્યું તે જ છે. સંભવ છે, જૈન ધર્મ નામ મહાવીર પછી જ આ પરંપરાને આપાયું હોય. તે પૂર્વે અર્હત ધર્મ, અહિંસા ધર્મ અથવા શ્રમણ ધર્મ તરીકે વધારે જાણીતો હતો.

ભારતના ત્રણ ધર્મો : વૈદિક અથવા હિન્દુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ; તેમાં જૈન ધર્મ અથવા શ્રમણ પરંપરા વધારે પ્રાચીન અને આર્યોના આગમન પૂર્વેની મૂળ ભારતીય પરંપરા છે, તેવી ઐતિહાસિક માન્યતા હવે દૃઢ થતી જાય છે. વર્તમાન ભારતીય સંસ્કૃતિ આ ત્રણે ધર્મોનો ત્રિવેણીસંગમ છે. બૌદ્ધ ધર્મ શ્રમણ પરંપરાનું અંગ છે.વૈદિક અને શ્રમણ પરંપરાએ પરસ્પરને ગાઢ અસર કરી છે. પરિણામે ભારતીય દર્શનોમાં વિચારના તાત્ત્વિક મતભેદો અનેક હોવા છતાં આચારમાં એકસૂત્રતા રહી છે, અને તે ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતો ભારતના ત્રણે ધર્મોના પાયામાં છે.

બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા. મહાવીર બુદ્ધ કરતાં મોટા હતા. બુદ્ધે ધર્મપ્રવર્તન શરૂ કર્યું ત્યારે મહાવીર ધર્મપુરુષ તરીકે સુવિખ્યાત હતા. ઈતિહાસની એક અદ્‌ભુત ઘટના છે કે આવા બે મહાપુરુષો એક જ સમયે એક ભૂમિમાં થયા અને તેમની વિહારભૂમિ અને કાર્યક્ષેત્ર એક જ પ્રદેશ–મગધ (બિહાર)–હતું, જેનાં મુખ્ય શહેરોમાં બન્નેએ કેટલાય ચાતુર્માસો કર્યા અને છતાં બન્ને મળ્યા હોય તેવો કોઈ ઉલ્લેખ જૈન અથવા બૌદ્ધ સાહિત્યમાં નથી.

મહાવીર બુદ્ધની પેઠે ક્ષત્રિય અને રાજપુત્ર હતા. વૈભવમાં ઊછર્યા. માતાપિતાના આગ્રહથી લગ્ન કર્યાં. એક પુત્રી હતી, પણ બાળવયથી વૈરાગ્યની ભાવના તીવ્ર હતી. ૨૮ વર્ષની ઉમ્મરે માતાપિતા વિદેહ થયાં એટલે સંસારત્યાગ કરવાની તૈયારી કરી, પણ મોટાભાઈના આગ્રહથી બે વર્ષ રોકાઈ ગયા. ત્રીસ વર્ષની ઉમ્મરે મહાભિનિષ્ક્રમણ કર્યું. ત્યાર પછી સાડાબાર વર્ષ સુધી એકાકી વિચર્યા. શાંત, મૌન, કઠિન તપશ્ચર્યા કરી. મહાવીરનું એક વિશેષણ દીર્ઘ તપસ્વી છે. અતિ કઠોર સાધના કરી અનેક દુ:સહ પરિસહાં સહન કર્યા. એક વસ્ત્ર હતું તે પણ સરી ગયું. પછી દિગંબર રહ્યા. શુદ્ધ ભિક્ષાથી જીવનનિર્વાહ કરતા. સાધનાને અંતે કેવલજ્ઞાન–પૂર્ણ જ્ઞાન–પ્રાપ્ત થયું. ત્યાર પછી ત્રીસ વર્ષ ધર્મોપદેશ કરી બોત્તેર વર્ષની વયે નિર્વાણ પામ્યા.

શ્રમણ પરંપરાનું પ્રધાન લક્ષણ ત્યાગ, વૈરાગ્ય અને સંસાર પ્રત્યે ઉદાસીનતાનું છે. એ લોકોત્તર ધર્મ છે. લોકવ્યવહાર, સમાજવ્યવસ્થા વગેરે લૌકિક ધર્મને શ્રમણ પરંપરા બહુ સ્પર્શતી નથી. આધ્યાત્મિક ઉન્નતિ તેનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે. શ્રમણ પરંપરાના ધર્મો–જૈન કે બૌદ્ધ–માં સમાજરચના માટે સ્મૃતિગ્રંથો નથી. વૈદિક પરંપરામાં શરૂઆતમાં બે જ આશ્રમો – બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમ–હતા તેમ લાગે છે. ગૃહસ્થાશ્રમને સમાજસ્વાસ્થ્ય અને લોકકલ્યાણનો પાયો માન્યો છે. શ્રમણ પરંપરાની અસરથી વૈદિક પરંપરામાં ક્રમશ: વાનપ્રસ્થાશ્રમ અને છેવટ સંન્યસ્તાશ્રમ આવ્યા. બન્નેનું ધ્યેય એક જ છે–સંસારચક્રના પરિભ્રમણમાંથી આત્માની મુક્તિ. શ્રમણ પરંપરા કર્મ છોડીને–સંન્યાસ કે સંસારત્યાગથી–મુક્તિનો માર્ગ સ્વીકારે છે. વૈદિક પરંપરા કર્મ કરતાં કરતાં તેમાંથી મુક્તિ મેળવવી એમ માને છે. વૈદિક પરંપરામાં ક્રમિક વિકાસ છે. બન્ને વિચારધારાઓ ભારતમાં પ્રાચીન કાળથી ચાલી આવે છે.

જૈન ધર્મનો પાયો અહિંસા છે. અહિંસા પરમો ધર્મ: અહિંસામાંથી બીજાં બધાં વ્રતો પરિણમે છે. બીજા ધર્મોએ અહિંસા સ્વીકારી છે, પણ જૈન ધર્મે તેને પ્રાધાન્ય આપ્યું છે. અહિંસા ધર્મનો ઉદ્‌ગમ, તાત્ત્વિક વિચારણા તેમ જ અનુભવમાંથી થાય છે. તાત્ત્વિક રીતે જૈન દર્શનનો મૂળભૂત સિદ્ધાંત સર્વ જીવ સમાનતાનો, આત્મૌપમ્યનો છે. કીડી અને કીટકથી માંડી મનુષ્ય સુધીના સર્વ જીવો સત્તાએ સમાન છે, વિકાસની દૃષ્ટિએ જુદી જુદી ભૂમિકાએ છે. આ સમાનતામાંથી અહિંસા ફલિત થાય છે. બધા જીવો સમાન છે તો કોઈના પ્રત્યે પોતાના સુખ કે સ્વાર્થ માટે હિંસા આચરવી પાપ છે. સમાનતાનો સિદ્ધાંત સ્વીકારીએ તો ઉચ્ચનીચના, જાતિ-પાંતિના, સ્ત્રી-પુરુષોના કોઈ ભેદ રહેતા નથી, રહે નહિ, તેથી જૈન ધર્મ એવા કોઈ ભેદ સ્વીકારતો નથી. જૈનદર્શન સર્વ જીવ પ્રત્યે સમાન આદર અને જીવનની એકરૂપતા– 'યુનિટી ઓફ લાઈફ' –દૃઢપણે સ્વીકારે છે. એટલે મનુષ્યના સુખને માટે મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિનો ભોગ લેવાનો મનુષ્યને કોઈ અધિકાર નથી. અહિંસાની બીજી ભૂમિકા અનુભવની. સર્વ જીવ જીવવા ઈચ્છે છે, કોઈને મરવું ગમતું નથી. સૌ સુખ ઈચ્છે છે, કોઈ દુ:ખ ઈચ્છતું નથી. તેથી કોઈની હિંસા ન થાય; હિંસા પ્રતિહિંસાને જન્મ આપે.

અહિંસાની અતિ સૂક્ષ્મ વિચારણા જૈનદર્શન જેટલી બીજા કોઈ ધર્મમાં નથી થઈ. તેનું જીવશાસ્ત્ર–બાયોલોજી–એ સમયનો વિચાર કરીએ તો, આશ્ચર્યજનક વિકાસ પામ્યું છે. સકળ લોક જીવસભર છે–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ બધું જીવો અને જીવાણુઓથી ભરપૂર છે. આ બધા પદાર્થોનો ઉપયોગ વિવેકપૂર્વક–જૈન પરિભાષામાં જતનપૂર્વક–કરવાનો આદેશ જૈન ધર્મમાં ભારપૂર્વક આપેલ છે. તેથી જૈનો વિશે કહેવાય છે કે કીડી-મકોડીનું જતન જૈનો વધારે કરે છે. ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝરે મનુષ્યના આચારધર્મ–એથિકસનો પાયો, 'રેવરન્સ ફોર લાઈફ એન્ડ યુનિટી ઓફ લાઈફ' – સર્વ જીવ પ્રત્યે સમાન આદર અને જીવસૃષ્ટિની એકતાના સિદ્ધાંત ઉપર સ્થાપ્યો. સ્વતંત્ર ચિંતનથી જૈન ધર્મનું તે નિરૂપણ છે.

અહિંસામાંથી સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આપોઆપ પરિણમે છે. અસત્ય વાણી અને વર્તનમાં હિંસા છે. બીજાને આઘાત આપવો અથવા છેતરવા, એ હિંસાનો બીજો પ્રકાર છે. ગાંધીજીએ અહિંસા અને સત્યને ચકરડીની બે બાજુ કહી છે. ગાંધીજીએ સત્યમાંથી અહિંસા તારવી, જૈનદર્શન અહિંસામાંથી સત્ય તારવે છે. અસ્તેય, પારકાનું લઈ લેવું ચોરી છે, હિંસા છે. અદત્તાદાન વર્જ્ય છે. એક સળી પણ ન લેવાય. ભોગવિલાસ, મોજશોખ બધામાં હિંસા અચૂકપણે આવે છે. બ્રહ્મચર્ય સર્વતોમુખી સંયમનું બીજું નામ છે. અહિંસા ધર્મ માન્યો તો સર્વ પ્રકારનો સંયમ અનિવાર્ય

છે. અસંયમી જીવનમાં પ્રમાદ છે. પ્રમાદ હિંસાનું મૂળ છે. મહાવીરે કહ્યું : 'संयमो खलु धम्मो' – સંયમ એ જ ધર્મ છે. મા પ્રમદિતવ્ય–ક્ષણમાત્રનો પ્રમાદ ન કરવો. સદા જાગૃત રહેવું. 'થ્રેટલેસ લાઈફ ઈઝ ધ રૂટ ઓફ ઈવિલ.' પરિગ્રહ મેળવવામાં અને પ્રાપ્ત કરેલને સાચવવામાં સતત હિંસાનું આચરણ રહ્યું છે. આ રીતે અહિંસા ધર્મમાંથી બીજાં વ્રતો પાંગરે છે. સોક્રેટીસે 'યુનિટી ઓફ વર્ચ્યુ' કહ્યું છે.

જગત અને તેનો વ્યવહાર હિંસાથી ભરપૂર છે. 'જીવો જીવસ્ય જીવનમ્'. આ હિંસામય જગતમાં અહિંસક થઈને રહેવું હોય તો સતત જાગૃતિ, ત્યાગ અને સંયમથી જ તે બને.

મહાવીરના ઉપદેશને એક વાક્યમાં કહો તો અહિંસા, સંયમ અને તપ. મહાવીરે તપશ્ચર્યા ઉપર ખૂબ ભાર મૂક્યો છે. દેહની આળપંપાળ તજવી. દેહકષ્ટ વિના દેહાધ્યાસ છૂટતો નથી. બાહ્ય અને અભ્યંતર તપના અનેક પ્રકારો ખૂબ વિગતથી જૈન શાસ્ત્રોમાં બતાવ્યા છે. બુદ્ધે ઘોર તપશ્ચર્યાનો અનુભવ કરી મધ્યમ માર્ગ સ્વીકાર્યો. મહાવીરે કર્મક્ષય માટે તપશ્ચર્યાના અગ્નિને જરૂરી માન્યો છે.

અહિંસા માત્ર બાહ્ય આચરણની નહિ, પણ મન, વચન અને કાયાની ત્રિવિધ હોય તો જ કામિયાબ થાય. હિંસાનું મૂળ વિચારની હિંસામાં છે. પછી વાણીમાં અને વર્તનમાં આવે છે. ક્રોધ, માન, માયા, અને લોભ ચારિત્રદોષો છે. જૈન પરિભાષામાં આ કષાયો ઉપર વિજય મેળવ્યા વિના સમ્યક્ ચારિત્ર થતું નથી. વિચારની અહિંસા માટે મહાવીરે અનેકાન્ત અથવા સ્યાદ્વાદનો સિદ્ધાંત બતાવ્યો છે. મતાગ્રહ–હું કરું છું તે જ સાચું – જેને પરિણામે દુરાગ્રહી અને હિંસક વર્તન થાય છે, તે તજ્યા વિના સર્વ જીવ પ્રત્યે સમભાવ અને મૈત્રીભાવ થતા નથી. સત્યને હીરા પેઠે અનેક પાસાં છે. પારકાના કથનમાં સત્યનો અંશ સ્વીકારવો તે સહઅસ્તિત્વ અને વિવેકનું મૂળ છે. વિનોબાજીએ કહ્યું છે કે અનેકાન્ત જૈન ધર્મની જગતને મોટામાં મોટી દેણ છે. આઈન્સ્ટાઈને ભૌતિક જગતમાં સાપેક્ષવાદ શોધ્યો. મહાવીરે માનવ-વ્યવહારમાં સાપેક્ષ દૃષ્ટિની અનિવાર્યતા બતાવી છે.

જૈનદર્શન વાસ્તવવાદી અને બુદ્ધિગમ્ય છે. તેમાં કોઈ રહસ્યવાદ નથી, ઈશ્વરી આજ્ઞા નથી. દરેક વ્યક્તિએ પોતાની બુદ્ધિથી, સ્વપુરુષાર્થથી સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શન પ્રાપ્ત કરવાનાં છે અને પ્રાપ્ત કરી શકે છે. આત્માની અનંત શક્તિ છે, તે પોતે જ વિકસાવવાની છે. જૈનદર્શન નિરીશ્વરવાદી છે. જગતને અનાદિ, અનંત માને છે . તેનો કોઈ કર્તા નથી, તેમ કોઈ બાહ્ય ઈશ્વર આત્માને મુક્તિનું દાન આપી શકતો નથી. અવતારવાદને જૈનદર્શનમાં અવકાશ નથી. પ્રત્યેક આત્મા પોતે પૂર્ણ વિકાસને પામે એટલે પરમાત્મપદને પ્રાપ્ત કરે છે. આત્મા તે જ પરમાત્મા છે.

જૈનદર્શનનો બીજો મહાન સિદ્ધાંત કર્મનો છે. આત્મા પોતે કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, પોતે જ તેમાંથી મુક્તિ મેળવવાની છે. અરિહંત એટલે અરિને જેણે હણ્યા, અંતરના રિપુને જીત્યા. જૈન એટલે કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વગેરે કષાયોને જેણે જીત્યા. કર્મનો સિદ્ધાંત એટલે આત્મસ્વાતંત્ર્ય અને પુરુષાર્થ. જૈનદર્શન નિયતિવાદ કે પ્રારબ્ધવાદને સ્વીકારતું નથી. પૂર્વસંચિત કર્મ ભોગવવા પડે તેટલે દરજ્જે પ્રારબ્ધ કહેવાય, પણ સ્વપુરુષાર્થથી જ કર્મક્ષય થાય છે. જૈન પરિભાષામાં તેની નિર્જરા કરી શકાય છે.

શ્રમણ પરંપરા અને તેનું અંગ જૈન ધર્મનો ઝોક વ્યક્તિગત આધ્યાત્મિક વિકાસનો રહ્યો છે; અને તેથી સંન્યાસ પેઠે નિવૃત્તિલક્ષી રહ્યો છે. તેનું ધ્યેય શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં –'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો'–એવું આત્મલક્ષી રહ્યું છે. પરિણામે અહિંસાની સમજણ પણ કાંઈક અધૂરી અને એકપક્ષી રહી છે. કોઈ જીવની હિંસા ન કરવી, આ નકારાત્મક બાજુ ઉપર વધારે ભાર રહ્યો છે. તેનું વિધાયક સ્વરૂપ કરુણા અથવા બીજાના દુઃખમાં ભાગ લઈ લોકકલ્યાણનાં કાર્યો કરવા પ્રત્યે લક્ષ ઓછું રહ્યું છે. કોઈ જીવની હિંસા ન કરવી એવી વૃત્તિથી પણ સમાજનું કલ્યાણ છે જ, એવી વ્યક્તિ કોઈને હાનિ કરતી નથી અને બધાં એવું આચરણ કરે તો સૌનું કલ્યાણ જ થાય, પણ સમાજમાં એવું બનતું નથી. સ્વાર્થ, લોભ, મોહથી બીજાનું અહિત કરવામાં અને બીજાને દુઃખ દેવામાં જ મોટા ભાગના લોકો પડ્યા છે. આવી એકાકી વૃત્તિ પછવાડે એક બીજું પણ કારણ છે. આધ્યાત્મિક વિકાસનું ધ્યેય રાગદ્વેષ ઓછા કરવાનું, તેમાંથી મુક્ત થવાનું છે. તેથી રાગદ્વેષના પ્રસંગોથી જ દૂર રહેવું એ ઈચ્છનીય મનાયું. સંસાર તેમ જ સાંસારિક પ્રવૃત્તિઓ એટલે જ રાગદ્વેષ; માટે તેનાથી દૂર રહેવું. સાંસારિક પ્રવૃત્તિઓ, પછી તે પારમાર્થિક હોય તો પણ, રાગદ્વેષરહિતપણે થઈ શકે? આ પ્રશ્નની ચર્ચામાં અહીં ઊતરતા નથી.

મહાવીરે ધર્મોપદેશ કર્યો એટલું જ નહિ, પણ સંઘવ્યવસ્થા કરી, સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકા એવી ચાતુર્વિધ સંઘની રચના કરી, જે આજ સુધી જળવાઈ રહી છે. બુદ્ધ સ્ત્રીઓને ભિક્ષુણી બનાવવા રાજી ન હતા. તેમના પટ્ટશિષ્ય આનંદના આગ્રહથી સ્ત્રીને ભિક્ષુણી બનાવી ત્યારે કહ્યું કે સંઘમાં તે શિથિલતાનું કારણ થશે

મહાવીરે શરૂઆતથી જ સ્ત્રીઓનો એ અધિકાર સ્વીકાર્યો. તેમના સમયમાં હજારો સાધ્વીઓ હતી, આજે પણ છે, જેમાંની કેટલીક અત્યંત જ્ઞાની અને તેજસ્વી છે.

ધર્મનાં બે સ્વરૂપ હોય છે–શાશ્વત અને સાંપ્રદાયિક. કાળક્રમે શાશ્વતને સાંપ્રદાયિક સ્વરૂપ ઢાંકી દે છે. સાંપ્રદાયિક ધર્મ–એસ્ટાબ્લિશ્ડ ચર્ચ - મોટે ભાગે રૂઢિચુસ્ત, ક્રિયાકાંડી, સંકુચિત અને આડંબરવાળો બને છે. જૈન ધર્મ તેમાં અપવાદ નથી.

ધર્મનું સાચું સ્વરૂપ તેનાં શાશ્વત મૂલ્યોમાં રહેલું છે. મહાવીરના સંદેશનું મૂલ્ય અહિંસા, અનેકાન્ત, અપરિગ્રહ, સંયમ અને તપમાં રહ્યું છે. આ મૂલ્યો ૨૫૦૦ વર્ષ પૂર્વે જેટલાં કલ્યાણકારી હતાં તેટલાં જ અને તેથી વિશેષ વર્તમાન યુગમાં મંગળકારી છે. ધર્મનું સાચું મૂલ્ય જીવનની સમસ્યાઓના ઉકેલમાં અને માર્ગદર્શનમાં રહ્યું છે. વર્તમાન જીવનની સમસ્યાઓમાં મહાવીરના આ સિદ્ધાંતો દીવાદાંડીરૂપ ભોમિયા બને તેવા છે. સર્વ જીવ પ્રત્યે સમત્વભાવ–સમાનતા અને સમતા, જેના પાયામાં છે તે ધર્મ વિશ્વધર્મ છે. સાચો સમાજવાદ અપરિગ્રહમાં રહ્યો છે. ધર્મભાવ વિનાનો સમાજવાદ માનવના સાચા વિકાસને રૂંધનારો છે. અહિંસા આ યુગનો જીવનમંત્ર અને તરણોપાય છે. જીવનનાં બધાં ક્ષેત્રોમાં અહિંસા સુખનો માર્ગ છે તે ગાંધીજીએ બતાવ્યું છે. વિજ્ઞાને સંહારનાં શસ્ત્રો સર્જ્યાં છે, તેના વિનાશમાંથી બચવાનો એકમાત્ર માર્ગ અહિંસા છે. ભારતીય સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં જૈન ધર્મનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. વર્તમાન યુગની જટિલ સમસ્યાઓના ઉકેલમાં એટલું જ મહત્ત્વનું યોગદાન કરવાનું તેમાં સામર્થ્ય છે.

**ચીમનલાલ ચકુભાઈ**

## જૈન સુભાષિતો

**जितेन्द्रियः सर्वहितो धर्मकर्मपरायणः !**
**यत्र तिष्ठति तमैव सर्वतीर्थानि देवताः !!**

સર્વ લોકોનું હિત તથા ધર્મનાં કામ કરનારો જિતેન્દ્રિય જ્યાં ઊભો હોય ત્યાં જ તીર્થમાત્ર ને દેવમાત્ર આવીને ઊભાં રહી જાય છે.

પવન સુણે એક વાતડી, હવે હું લોઈશ છાર (રાખ)!
તિણિ દિશે તું ઊડજે, જિણ દિશે મુજ ભર્તાર
(જિનહર્ષ : રત્નશેખર રત્નવતી કથા, પા. ૬૫

બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઊભા નવ રહિયે ...
વરો ન કરિયે ઘર વેચીને ...
ઉભા કટિએ હાથ ન દીજે (વીરવિજય: શીખામણ છત્રીશી
ક્ષમા – કલહાદિ સંગ્રહ પા. ૫૪)

# વિજ્ઞાનનો અત્યાચારોના ક્ષેત્રમાં પ્રવેશ

રશિયામાં સરકારવિરોધીઓ ઉપર થતા પૈશાચી અત્યાચારોની વિગતો સોલ્ઝેનિત્સીનની "વન ડે ઈન ધી લાઈફ ઓફ આઈવાન ડેનીસોવીચ" તથા "કેન્સર વૉર્ડ" નામની, આત્મચરિત્રાત્મક કથાઓમાં વાંચીને શ્રી ચીમનલાલ ચકુભાઈનું ધર્માર્દ્ર અને સંવેદનશીલ હૈયું ભરાઈ આવ્યું અને બીજી કથાની ભયાનકતા તો એમને માટે એવી નીવડી કે તેઓ પૂરી વાંચી પણ શક્યા નહિ, એ જ્યારે મેં 'પ્રબુદ્ધ જીવન' માં વાંચ્યું ત્યારે મને, હમણાં જ 'ન્યુ સાયન્ટિસ્ટ' નામના એક પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક સાપ્તાહિકમાં અને 'વર્લ્ડ મેડિસીન' નામના એટલા જ પ્રતિષ્ઠિત તબીબી સાપ્તાહિકમાં, માનવી ઉપર પૈશાચી અત્યાચારો કરવા માટેના કેવળ રશિયામાં જ નહિ પરંતુ બ્રિટન અને અમેરિકામાં પણ થતા સંશોધનની આપેલી વિગતો યાદ આવી અને મને થયું કે માનવી જેમ 'પ્રબુદ્ધ' બની શકે છે તેમ 'પિશાચ' પણ બની શકે છે એ શ્રી ચીમનભાઈના મનોગત ભાવને વધુ સ્પષ્ટ કરવા માટે એ વિગતો 'પ્રબુદ્ધ જીવન' ના વાચકો સમક્ષ રજૂ કરી હોય તો કેમ? આ વિચારના અનુસંધાનમાં, ઉકત બન્ને સામયિકોમાંથી દોહન કરીને, આ લેખ તૈયાર કર્યો છે.

વિરોધીઓ અને કેદીઓ ઉપર અત્યાચારો કરવાની વાત ભારત માટે પણ નવી નથી. દંડા બેડી અને બીજાં એવાં કેટલાંયે અત્યાચારનાં સાધનો હજી હમણાં સુધી આપણે ત્યાં પ્રચલિત હતાં. પરંતુ આ લેખમાં તો, આપણે મુખ્યત્વે કરીને પાશ્ચાત્ય દેશોમાં અત્યાચારોની જે પાશવી લીલા ખેલાય છે તેનું જ વિવરણ કરીશું.

સ્પેનમાં ઈન્કવીઝીશનને નામે, એટલે કે વિધર્મીઓના આત્માને સ્વર્ગે પહોંચાડવાને નામે જે પૈશાચી અત્યાચારો થતા તેનો કાળ ૧૫ અને ૧૬મી સદીનો હતો અને એ કાળથી પાશ્ચાત્ય વિજ્ઞાનીઓએ, માનવી ઉપર અત્યાચારો ગુજારવાની પદ્ધતિઓને વધારે ને વધારે સફાઈદાર - સોફિસ્ટિકેટેડ - બનાવવાનો પ્રયત્ન કર્યા જ કર્યો છે. ૧૫મી સદીમાં સ્પેનિશ વિજ્ઞાનીઓએ આ અત્યાચારો કેમ કરવા તેનો, લાગતાવળગતાઓને પાઠ આપવા માટે એક પાઠયપુસ્તક પણ લખ્યું હતું. આજની પદ્ધતિઓ અંગે આવું કોઈ પાઠયપુસ્તક લખાયું હોવાનું જાણમાં નથી, છતાં એ તો હકીકત છે કે ૧૯૪૯માં પૂરી થયેલી કોરિયાની લડાઈએ આપેલા ધક્કાથી ધ્રૂજીને ઘણા અમેરિકન વિજ્ઞાનીઓ, માનવી પર અત્યાચાર ગુજારવાની પદ્ધતિઓ વધુ ને વધુ સફાઈદાર બનાવવાના સંશોધનમાં લાગી પડયા હતા. એ લોકો કદાચ એમ માનીને આ સંશોધન કરવા ધ્રૂજ્યા હશે કે વિશ્વને - ફ્રી વર્લ્ડને - ટકાવી રાખવા માટે થોડા માણસો ઉપર પૈશાચી અત્યાચારો ગુજારવા પડે તો એ કાંઈ વધારે પડતું ન કહેવાય.

પૈશાચી અત્યાચારોની પદ્ધતિમાં સફાઈ તો હંમેશાં થતી જ આવી છે, પરંતુ છેલ્લાં વીસ વર્ષમાં તો એ પદ્ધતિઓ એવી સફાઈદાર બનાવાઈ છે કે પેલાં સ્પેનિશ પાઠયપુસ્તકોના લેખકોને તો એની કલ્પના પણ નહિ આવી શકે. બ્રાઝિલ અને ટર્કીમાં કેદીઓ ઉપર થતા પૈશાચી અત્યાચારોની વાત આપણે વારંવાર સાંભળીએ છીએ પરંતુ રશિયા, અમેરિકા અને બ્રિટન એ ત્રણે દેશોમાં, પૈશાચી અત્યાચારોને વધુ ને વધુ સફાઈદાર બનાવવા માટે પાયાનું સંશોધન થઈ રહ્યું છે અને કેટલાક વિજ્ઞાનીઓએ તો એને પોતાનું જીવનકાર્ય બનાવી મૂક્યું છે.

૧૯૩૦થી ૧૯૪૦ના ગાળા દરમિયાન સ્ટેલિનના શાસનકાળમાં રશિયાની છૂપી પોલીસ દ્વારા કેદીઓ ઉપર જે અત્યાચારો થતા તે અત્યાચારોને કારણે કેદીઓ માનસિક અને શારીરિક સમતુલા ગુમાવી બેસતા, પણ આ પરિણામ સિદ્ધ કરવા માટે છૂપી પોલીસને મહિનાથી પણ વધારે સમય લાગતો. હવે અત્યાચારો ગુજારવાની પદ્ધતિ એવી સફાઈદાર બનાવવામાં આવી છે કે બહારથી, અત્યાચાર ગુજરેલો હોય એવું દેખાય નહિ છતાં, માત્ર બે-પાંચ દિવસમાં જ કેદી પોતાની માનસિક અને શારીરિક સમતુલા ગુમાવી બેસે છે. હમણાં જ ઉત્તર આયર્લેન્ડમાં જે ભયંકર નરમેધ ખેલાઈ ગયો તેના ઉપલક્ષમાં પકડાયેલા કેદીઓ ઉપર સંભવત: આવી જ કોઈ અત્યાચારની સફાઈદાર પદ્ધતિઓનો પ્રયોગ કરાયો હોવો જોઈએ. કારણ કે એ કેદીઓ બે-પાંચ દિવસમાં જ પોતાની માનસિક અને શારીરિક સમતુલા ખોઈ દેતા જણાયા હતા. ઘણા વિજ્ઞાનીઓએ લશ્કરના ઉપક્રમે કરેલા સંશોધનનું આ પરિણામ હતું. આ સંશોધનની કારમી અસરનું ભાન હજી હમણાં જ થવા માંડયું છે એમ 'વર્લ્ડ મેડિસીન' જણાવે છે. આ અસર અંગે સંશોધન કરતા કોર્ક યુનિવર્સિટીના પ્રોફેસર રૉબર્ટ હેલી જણાવે છે કે "આ પદ્ધતિઓ જેમના પર અજમાવાઈ હતી તેવા ૨૦ માણસોની ઝીણવટભરી તપાસ પછી મને માલમ પડયું છે કે આ માણસો માનસિક રીતે ખૂબ જ અસ્વસ્થ છે. તેમને સતત ચિન્તા, ભય અને ગભરાટ રહ્યા કરે છે. પંચેન્દ્રિયો વડે પરિસરનો, પ્રકૃતિનો જે આસ્વાદ માણી શકાય છે એવો આસ્વાદ આ લોકો માણી જ શકતા નથી. આ લોકોની પંચેન્દ્રિયો જાણે કામ જ કરતી નથી."

કાચબો પોતાનાં અંગોને જેમ પોતાની ઢાલમાં પાછાં ખેંચી લે તે પ્રમાણે પોતાની ઈન્દ્રિયોને પોતામાં પાછી ખેંચી લેનારની પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા કહેવાય એવું ગીતામાં કહ્યું છે અને પછી, આવી રીતે સ્થિતપ્રજ્ઞ બનેલો માનવી ઐસા બ્રાહ્મી સ્થિતિ: ને કેમ પ્રાપ્ત કરે છે તેનું વર્ણન પણ કરેલું છે. પરંતુ પંચેન્દ્રિયોના ઉપભોગથી વિમુખ થયેલા ઉકત કેદીઓને તો નથી શાન્તિ મળતી કે નથી બીજું કશું મળતું. તેમને તો મળે છે ચિરન્તન ચિન્તા, ભય અને ગભરાટ. વિજ્ઞાને વિકસાવેલી વિશિષ્ટ પદ્ધતિઓ વડે આ સ્થિતિ સિદ્ધ કરવામાં આવે છે.

અને આવી પદ્ધતિઓના ઉપયોગ અંગે છૂપી પોલીસના માણસોને તાલીમ આપવા માટેનાં ખાસ કેન્દ્રો પણ સ્થાપવામાં આવેલાં છે. આ તાલીમ કેન્દ્રોમાં "સર્વિસ પરસોનેલ" એટલે કે લશ્કરી માણસોને "આર્ટ ઓફ ઈન્ટોરોગેશન ઈન ડેથ" —રાંતઃસ્તલ સુધી પહોંચે એવા પ્રકારની 'પૂછપરછ' કરવાની કલા અંગે તાલીમ આપવામાં આવે છે. આવું એક કેન્દ્ર ઈંગ્લેન્ડના કેન્ટ પરગણામાં ઓશફોર્ડ ખાતે આવેલું છે અને એનું નામ આપવામાં આવ્યું છે "જોઈન્ટ સર્વિસીસ ઈન્ટેલિજન્સ સેન્ટર." રશિયામાં તો આવાં કેટલાંયે કેન્દ્રો હશે, પરંતુ એની માહિતી તો કોઈને મળે જ નહિ ને! લોકશાહીનો એ આશીર્વાદ છે કે આવાં કેન્દ્રોનાં નામઠામ પણ પ્રજાને જાણવા મળે છે અને આવાં કેન્દ્રોમાં ચાલતી પ્રવૃત્તિઓની તપાસ માટે સમિતિઓ પણ નિમાય છે. બ્રિટનમાં જ્યારે આયર્લેન્ડમાં ગુજારાતા પૈશાચી અત્યાચારો અંગે ઘણો ઊહાપોહ થયો ત્યારે એ અંગે તપાસ કરવા એક પાર્કર સમિતિ પણ નિમાઈ હતી. અને એ સમિતિએ બહાર પાડેલા હેવાલમાંથી જ 'વર્લ્ડ મેડિસીન' સામયિકે વિગતો મેળવી હતી.

અને એ વિગતોનો અભ્યાસ કર્યા પછી 'વર્લ્ડ મેડિસીન' સામયિકે દુનિયાભરના વિજ્ઞાનીઓને પ્રશ્ન કર્યો હતો કે "આવાં 'સર્વિસ સેન્ટર્સ'માં મનોવિજ્ઞાનશાસ્ત્રમાં પારંગત હોય એવા માણસોની સેવાની જરૂર પડવાની જ. આવી સેવા આપવા તૈયાર થતાં પહેલાં, આવા મનોવિજ્ઞાનશાસ્ત્રીઓ, સૌથી પહેલાં પોતાની જાતને એ પ્રશ્ન પૂછવો જોઈએ કે મારી સેવાની આ લોકોને શા હેતુથી જરૂર પડી

છે અને તેનો એ લોકો શો ઉપયોગ કરવાના છે? શું કોઈ મનોવિજ્ઞાનશાસ્ત્રી ખરેખર એમ માનતો હશે કે આલ્સ્ટરમાં વિજય મેળવવા માટે આસપાસ માનવીઓને ગાંડા બનાવી મૂકવા જેવી કિંમત આપવી પડે તો પણ વાંધો નહિ?"

અને વિખ્યાત વિજ્ઞાનીઓ, પૈશાચી અત્યાચારોની રીતો અંગે સંશોધન કરવામાં સંડોવાયા હોય એવો આ એક જ સેન્ટરનો કિસ્સો છે એવું પણ નથી. 'વર્લ્ડ મેડિસીન' તો જણાવે છે કે દક્ષિણ વિયેટનામમાં અમેરિકન દળોએ ગુજારેલા અત્યાચારોની અસરકારકતા નક્કી કરવા માટે રેન્ડ કોર્પોરેશને આવા લગભગ ૨૦૦૦ કિસ્સાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો એવી જુબાની અમેરિકાના કુવિખ્યાત સી. આઈ. એ.ના એક માજી સભ્ય એન્થની રૂસોએ આપી હતી. અને હવે તો યુરોપિયન દેશોમાં રાજદ્વારી ન હોય એવા સામાન્ય કેદીઓ માટે પણ ચોક્કસ પ્રકારના અત્યાચારો, દમન વગેરે વાપરવાની હિમાયત થઈ રહી છે. પશ્ચિમ જર્મનીમાં ધ્રુએન્ગેશાઈમ ખાતે જે નવી જેલ સ્થાપવામાં આવી છે તેના બાંધકામની રચના જ એવી છે—એવી વિશિષ્ટ છે કે એમાં પુરાનાર કેદી થોડા જ દિવસમાં ઈન્દ્રિયો દ્વારા થતા પરિસરનો ઉપભોગ ભૂલી જાય છે. આ જેલ અંગ્રેજીમાં જેને "સેન્સરી ડિપ્રાઈવેશન કોનવાઈરનમેન્ટ" કહે છે તેની મૂર્તિમંત ઈમારત છે. એ જેલની ચોકેચોક બારી ઉપર કોન્ક્રીટનો પડદો મૂકવામાં આવ્યો છે અને જેલની કોઈ પણ ઓરડીમાં કોઈ પણ જાતનો પ્રકાશ કે અવાજ ન પ્રવેશી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરિણામે ઓરડીમાં પુરાયેલો કેદી પરિસરથી કેવળ વિખૂટો પડી જાય છે. 'વર્લ્ડ મેડિસીન' જણાવે છે કે "ધ્રુએન્ગેશાઈમ ખાતેની જેલ (જેને ધ્રુએન્ગેશાઈમ ફેસિલિટી-ધ્રુએન્ગેશાઈમ ખાને આપવામાં આવેલી સગવડ એવું છેતરામણું નામ આપવામાં આવ્યું છે.) ખુલ્લી મુકાયા પછીના પહેલા ત્રણ દિવસમાં જ બે કેદીઓએ આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો."

હોલાન્ડના વિખ્યાત મનોવિજ્ઞાનશાસ્ત્રીએ 'વર્લ્ડ મેડિસીન' ને જણાવ્યું હતું કે "પૈશાચી અત્યાચારો ગુજારવા માટેનાં આટપટાં યંત્રોની સ્વીચો અને બટનો દબાવનાર, કેદખાનાના ચોકીદારો એ કાંઈ ખરા ગુનેગારો નથી. ખરા ગુનેગારો તો આ આટપટાં યંત્રો બનાવવા માટે જોઈતી જાણકારી, જાતજાતનાં સંશોધન વડે પૂરી પાડનાર વિજ્ઞાનીરો છે, કારણ કે તેમને આ સંશોધનનો કેવો ઉપયોગ થવાનો છે તેની ખબર હોય છે. રોસ્લોમાં દુનિયાના ૩૦ વિખ્યાત ડોકટરોની એક પરિષદ હમણાં જ મળી ગઈ. આ પરિષદમાં ડોકટરોએ પાળવાની ૧૦ મુદ્દાઓની એક આચારસંહિતા પણ નક્કી થઈ હતી. એ આચારસંહિતાના એક મુદ્દામાં ડોકટરોને એવો આદેશ આપવામાં આવ્યો હતો કે "ડોકટરોએ તેમની શકિત, તેમની બુદ્ધિ અને તેમના સંશોધનનો ઉપયોગ કેદીઓની પૂછપરછ માટે, કેદીઓને શિક્ષા કરવા માટે કે વિરોધીઓના માનસ પર અંકુશ મેળવવા માટે થાય એવું કદી પણ બનવા દેવું ન જોઈએ." ડોકટરોની આચારસંહિતાનો આ મુદ્દો, વિજ્ઞાનની બીજી શાખાઓમાં કામ કરતા વિજ્ઞાનીઓને પણ એટલો જ લાગુ પડે છે. અને જે વિજ્ઞાનીઓને આ વાત માન્ય હોય તેમણે જે વિજ્ઞાનીઓ આ માન્ય ન કરતા હોય અને જુલમગારોના હાથા તરીકે કામ કરતા હોય તેમની શાન ઠેકાણે લાવવા કટિબદ્ધ થવું જોઈએ. ('ન્યુ સાયન્ટિસ્ટ' ના લેખક જોસેફ હાનલોને તો such scientists should be smoked out એવો પ્રયોગ કર્યો છે.) પૈશાચી અત્યાચારોની વિદ્યામાં પારંગત એવા વિજ્ઞાનીઓને બાનગીમાં તેમનું સંશોધન ચલાવવા દેવાય જ નહિ. તેમને ઉઘાડા પાડવા જ જોઈએ, અને બીજા વિજ્ઞાનીઓએ તથા જગતની આમજનતાએ તેમણે કરેલાં કાર્યો અંગે જવાબ માગવો જોઈએ.

પૈશાચી અત્યાચારો અંગે સંશોધન કરતા વિજ્ઞાનીઓની વાત જ્યારે વાંચી ત્યારે મને પોતાને, એક વિજ્ઞાનપ્રેમી તરીકે વિચાર આવ્યો કે વિજ્ઞાનનો આ તે કેવો વિપર્યાસ, માનવીનું આ તે કેવું અધઃપતન! આ વિજ્ઞાનીઓ માનવીના શતમુખ વિનિપાતના કેટલામા મુખનું પ્રતિનિધિત્વ કરતા હશે?

**મનુભાઈ મહેતા**

# આધ્યાત્મિક જીવન

આધ્યાત્મિક જીવન એ શુષ્ક જીવન નથી. પલાયનવાદ નથી. એ નૈતિક કે બૌદ્ધિક જીવન નથી. એ છે એનાથી પર હરહંમેશ આત્મામાં સ્થિત એવું શાશ્વત જીવન. એ જીવન એક જીવવાની કળા છે. એ એક સહજ સ્થિતિ છે. એમાં ક્ષણેક્ષણ જીવવાનો રસ છે, કારણ કે એ પોતે જ જીવન છે. એમાં કશું માણવાનું નથી કે નથી કશું ત્યાગવાનું. જીવન જીવતાં જીવતાં જે સંજોગો આવે તેને સહજતાથી સ્વીકારવાના છે. એ એક એવી આરામભરી પરિસ્થિતિ છે, જેમાં જીવન પ્રત્યે કોઈ ખેંચતાણ નથી, દબાણ નથી, બાંધછોડ નથી.

એમાં નથી રાગ કે નથી દ્વેષ; નથી આશા કે નથી નિરાશા. એમાં કોઈ દ્વંદ્વ નથી, કોઈ સ્પર્ધા નથી—કોઈ આગ્રહ કે આસકિત નથી. ત્યાં કોઈને ખુશ કરવા માટેની કાળજી નથી, કે નથી કોઈ નાખુશ થાય તેની ચિંતા. નથી એમાં ઈન્દ્રિયોના આવેગો કે અતીન્દ્રિયની અનુભૂતિઓ. વિષયો પ્રત્યે ઊઠતી કોઈ પણ વૃત્તિ નથી.

મન-બુદ્ધિથી પર નિજાનંદમાં મસ્ત રહેતું એ અનન્ય શાંતિમય જીવન આધ્યાત્મિક જીવન છે.

મનુષ્ય ઈચ્છે કે ન ઈચ્છે પણ એ જન્મે એટલે એને જીવવા રહે જ છે. રોજિંદું જીવન ગમે તેટલું સુખમય હોય છતાં અમુક સમયે કંટાળારૂપ, બોજારૂપ બની જતું હોય છે. મનનો સ્વભાવ જ એવો છે કે એને હર ઘડીએ કંઈક નવું, કંઈક જુદું જોઈતું જ હોય છે, પછી તે સારું છે કે ખોટું, કામનું છે કે નકામું એનો વિચાર એ કરતું જ નથી. સુખ ક્યાંથી મળે છે એ માટે એનામાં તૃષ્ણા, લાલસા, અભિલાષા વગેરેનો જન્મ થાય છે. માનવી સમસ્ત જીવન આ બાહ્ય પ્રકારનાં સુખો શોધવા પાછળ ખર્ચે છે. અંતે એને ખ્યાલ આવે છે કે જે સુખ શોધવા માટે જીવનની ક્ષણેક્ષણ એણે ખર્ચી નાખી એ તો મૃગજળની જેમ હજુ ય દૂર જ છે.

મનુષ્ય ઈચ્છે તો એ આ જીવન જીવવાની કળા શીખી લઈ શકે છે. એને માટે એણે એ જીવન જીવવા માટેનો પ્રયાસ શરૂ કરવાનો રહે છે. એ માટેની જરૂરી સાધના એ સંસારમાં રહીને કરી શકે છે. આ પ્રકારની જીવનસાધના સંસારથી દૂર રહીને કરી શકાય નહીં. આ એકાંગી સાધના નથી.

આ સાધનામાં આત્માના સાક્ષાત્કારને જીવનમાં વણવો પડે છે, પચાવવો પડે છે. ગીતામાં જેને સ્થિતપ્રજ્ઞ દશા કહી છે તે પરિસ્થિતિનું અહીં નિર્માણ થાય છે. શ્રી અરવિંદના Life Divin (દિવ્ય જીવન) નાં અહીં પગરણ મંડાય છે.

આધ્યાત્મિક જીવન એ શાશ્વતતામાં જીવાતું જીવન છે. એ સમય અને સ્થળથી પર છે છતાં તેની અંદર પણ છે. જેટલું દેખાય છે એ જગત સત્ય છે તેટલું જ આ જગત, આ જીવન પણ સત્ય છે. ત્યાં જીવનની હળવાશ છે – દિવ્યતા છે. એમાં જન્મ નથી, મરણ નથી. જીવન છે, બસ ફકત જીવન જ છે.

**દામિની જરીવાળા**

## વસન્ત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ એપ્રિલ માસની તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ એમ ચાર દિવસ માટે તાતા ઓડિટોરિયમમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. વ્યાખ્યાનમાળાનો વિષય 'સંસદીય લોકશાહીનું ભાવિ' છે, અને સમય દરરોજ સાંજે ૬-૧૫ વાગ્યાનો છે. વકતાઓ નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| તા. ૧૫-૪-'૭૪ | પ્રો. હિરેન મુકરજી—લોકસભાના સભ્ય |
| ,, ૧૬-૪-'૭૪ | શ્રી સી. એસ. પંડિત—તંત્રી, ફ્રી પ્રેસ જર્નલ |
| ,, ૧૭-૪-'૭૪ | હવે પછી જાહેર થશે |
| ,, ૧૮-૪-'૭૪ | શ્રી મધુ દંડવતે— લોકસભાના સભ્ય |

**મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ**

# લોકશાહીની લાલબત્તી

થોડા દિવસ પહેલાં મુંબઈ - ગુજરાતમાં થાળીવાદન થયું, અખંડ ઘંટનાદ થયો. ઘણાંએ એને લોકશાહીના મૃત્યુઘંટ સમાન લેખાવ્યાં. આ નાદોએ લોકશાહી સામે લાલબત્તી જરૂર ધરી છે, પણ વાસ્તવમાં એ લોકશાહીના નહિ પણ ભ્રષ્ટાચારી લોકશાહીના મૃત્યુઘંટો છે; પ્રજાતંત્રની પરિસમાપ્તિનાં એલાનો નહિ પણ સડેલા શાસનતંત્રથી ત્રસ્ત પ્રજાના આર્તનાદો છે. પરંતુ સરકાર કે રાજકીય પક્ષો કે પ્રજા જો આ ઘંટનાદો સાંભળ્યા પછી પણ ગાફેલ રહ્યાં તો એ લોકશાહીનો મૃત્યુઘંટ બની રહેશે એમાં કોઈ શંકા નથી.

ગુજરાત - બિહારનાં આંદોલનોમાંથી બોધપાઠ લઈ શાસક પક્ષ અને વિરોધી દળો, સામાજિક સંસ્થાઓ અને બુદ્ધિજીવીઓ લોકશાહીને બચાવવા માટે કમર કસે એ અતિ આવશ્યક છે.

**સરકાર**

(૧) અત્યાર સુધી એમ માનવામાં આવતું કે આર્થિક પ્રગતિ માટે સ્થિર સરકાર હોવી જરૂરી છે; અને તે કોઈ પણ એક પક્ષની મોટી બહુમતી હોય તો સરકારની સ્થિરતા જાળવવી હેલી પડે છે. ૧૯૬૭ પછીનાં થોડાં વર્ષો બાદ કરતાં કૉંગ્રેસ પક્ષને સરકાર રચવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે અને એ રીતે સરકારની સ્થિરતા અને સાતત્ય સચવાયાં છે અને છતાં યે આર્થિક ક્ષેત્રે પ્રગતિ નથી થઈ એટલું જ નહિ પણ આજે આપણે એક અભૂતપૂર્વ આર્થિક કટોકટીને આરે આવી ઊભા છીએ. એ જ પ્રમાણે ગુજરાતે સાબિત કરી આપ્યું છે કે પક્ષની ગમે એટલી પ્રચંડ બહુમતી હોય તો પણ પ્રજાનો સહકાર ન હોય તો સરકાર ટકી શકે નહિ. માટે પ્રધાનો અને સરકારો એ સમજી લે કે લોકશાહીમાં પ્રતિષ્ઠા પક્ષની કે પ્રધાનોની નહિ પણ લોકોની હોય; રાજ અમલદારોનું નહિ, આમજનતાનું હોય.

(૨) સરકાર ગમે તે પક્ષની હોય પણ એ જ્યાં સુધી લોકોની આર્થિક જરૂરિયાતો ન સંતોષી શકે ત્યાં સુધી એની સલામતીની બાંયધરી કોઈ ન આપી શકે. માટે સરકારે સર્વપ્રથમ લોકોની જરૂરિયાતો- પ્રાથમિક જરૂરિયાતો અંગે પૂરું ધ્યાન આપવું જોઈએ. આમ, આર્થિક ક્ષેત્રે સરકારની કામગીરી જે હંમેશ મહત્ત્વની હતી તે હવે વધુ મહત્ત્વની બને છે.

(૩) આ માટે યોજનામાં લોકોનો અભિપ્રાય લેવામાં આવે, એમને સહભાગી બનાવવામાં આવે એ આવશ્યક છે; આર્થિક ક્ષેત્રનું વિકેન્દ્રીકરણ ખૂબ જરૂરી છે.

(૪) યોજનાઓ લોકોના સહકારથી ઘડાઈ હોય તો પણ એનો અમલ સરખી રીતે ન થાય, ઉત્પાદનનું વિતરણ યોગ્ય રીતે ન થાય તો યોજનાઓ નિષ્ફળ જ રહેવાની. આ અમલમાં સૌથી મોટું વિઘ્ન એટલે સર્વ સ્તરે પ્રવર્તતો ભારોભાર ભ્રષ્ટાચાર. સરકારે પ્રધાનોમાં તેમ જ પ્રશાસનમાં પ્રવર્તતા ભ્રષ્ટાચાર સામે સખ્ત હાથે કામ લેવાની તૈયારી રાખવી પડશે. લાંચ - રુશવત અટકાવવાની સાથે જ રાજકીય સ્તરે બીજી રીતે થતો ભ્રષ્ટાચાર પણ અટકાવવો પડશે. દા. ત. એક સત્તાવાર અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે એક પ્રધાનના આગ્રહને વશ થઈ બરૌનીમાં એક જંગી કારખાના માટે જે જગ્યા લેવામાં આવી હતી એ ગંગાનાં પાણીથી સતત ધોવાઈ જતી હોવાને કારણે એ જમીન પૂરવા માટે જ સરકારને કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો હતો. જાહેર સંપત્તિનો આવો વ્યય અક્ષમ્ય અપરાધ જ ગણાવો જોઈએ.

**સત્તાધારી પક્ષ**

(૧) પંડિત નહેરુના સમયથી જ દેશમાં એક પક્ષનું પ્રભુત્વ (One Party Dominance) રહ્યું છે. કૉંગ્રેસના વિભાજન પછી રાજકારણમાં પક્ષનું પ્રભુત્વ કાયમ રહ્યું, પણ પક્ષમાં નહેરુના સમયમાં હતું એના કરતાં પણ વધુ એક નેતાનું પ્રભુત્વ અથવા ઈંદિરાજીનું એકચક્રી શાસન ચાલ્યું. લોકશાહી માટે ગમે એટલા પ્રતિભાશાળી હોય તો પણ એક નેતાનું વર્ચસ અને પ્રભુત્વ હોવું હિતાવહ નથી. તે જ પ્રમાણે એ લાંબે ગાળે પક્ષ માટે, પક્ષના મજબૂત સંગઠન માટે અને એના ભાવિ માટે પણ હિતાવહ નથી.

નાનેથી મોટી દરેક વાતમાં આખરી નિર્ણય સર્વોચ્ચ નેતા પર છોડી દેવો એ પક્ષના સભ્યો માટે સંકલ્પશક્તિના અભાવના એલાનસમું છે, બુદ્ધિને ક્ષેત્રે નાદારી નોંધાવવા જેવું છે.

એટલે પક્ષના ઉચ્ચ નેતાઓએ બીજી હરોળના યુવાન નેતાઓ તૈયાર કરવા માટેનો કાર્યક્રમ (Cadre-building) હાથ ધરવો જોઈએ અને મધ્યમ સ્તરના નેતાઓ અને કાર્યકરોએ સમય આવે પોતાની બુદ્ધિ અને નિષ્ઠા પ્રમાણે નિર્ણયો લઈ કામ કરવું જોઈએ એટલું જ નહિ પણ જો ઉચ્ચ નેતાઓનો નિર્ણય એમને યોગ્ય ન લાગતો હોય તો એ અંગે એમનું ધ્યાન ખેંચવાની, એ સામે અવાજ ઉઠાવવાની નૈતિક હિંમત કેળવવી જોઈએ.

(૨) સ્વાતંત્ર્ય માટે લડતા પક્ષ તરીકે કૉંગ્રેસે સારીયે જનતાનું પ્રતિનિધિત્વ કરતા એક રાષ્ટ્રીય મોરચા તરીકેની કામગીરી બજાવવાની હોવાથી એણે સમાજના બધા વર્ગ અને સ્તરના લોકો માટે પોતાનાં બારણાં ખુલ્લાં રાખવાં પડતાં. એમાં સામેલ થતા જાતજાતના અને ભાતભાતના લોકોને અનુલક્ષીને આંબેડકરે એક વખત એને ધર્મશાળા સાથે સરખાવી હતી. સ્વાતંત્ર્ય મળતાં એણે ભૂતકાળની આ પ્રથા ચાલુ રાખી એક શમિયાણા માફક કામ કરવાને બદલે વિચારનિષ્ઠ રાજકીય પક્ષ તરીકે કામ કરવાનું સ્વીકાર્યું હોત તો વધુ સારું થાત. પણ કૉંગ્રેસના ભાગલા પડ્યા પછી એવી આશા બંધાઈ હતી કે હવે વિચારશ્રેણી અને કાર્યક્રમને આધારે પક્ષની નીતિઓ ઘડાશે અને એ સમાન વિચારો ધરાવતા સભ્યોનો પક્ષ બની રહેશે. આમ ન થવા પામ્યું એ દેશને માટે દુર્ભાગ્યની વાત છે. આજે પણ કૉંગ્રેસમાં અમીર, ગરીબ, મજૂર, માલિક, ભૂમિપતિ અને ભૂમિહર, સંતો અને શેતાનો બધાને જ માટે સ્થાન છે. પક્ષ જનતાનિષ્ઠ જરૂર હોય પણ એથી વૈચારિક ક્ષેત્રે વિરોધી વ્યક્તિઓ કે જૂથોને એમાં સરખું જ સ્થાન મળે એ જરૂરી નથી. વૈચારિક અને નીતિની દૃષ્ટિએ એણે વધુ સ્પષ્ટ, સુસંબદ્ધ અને સુસંગત બનવું પડશે.

(૩) જેમ સભ્યોની બાબતમાં તેમ જ કાર્યક્રમની બાબતમાં પણ એ ભલે મધ્યવર્તી (Centrist) કાર્યક્રમ અપનાવે પણ એના પરિણામરૂપે કોઈ પણ કાર્યક્રમ જ ન રહે અથવા બધા કાર્યક્રમો પોથીમાંનાં રીંગણાં કે 'કાગજી કાર્યક્રમો' જ માત્ર બની રહે, એના એલાન અને અમલમાં મોટું એવું અંતર રહે તો એ પક્ષ માટે અત્યંત ભયાવહ નીવડવાનું. પ્રગતિમૂલક અથવા ડાબેરી કાર્યક્રમની વાત થાય અને કદમે કદમે પીછેહઠ થતી જાય તો જનતાનો પક્ષ પરનો વિશ્વાસ ઊઠતો જ જાય એમાં શી નવાઈ?

**વિરોધ પક્ષો**

(૧) લોકશાહીને સબળ અને સફળ બનાવવાની જવાબદારી જેટલી શાસક પક્ષની છે એટલી જ અથવા એથીયે વધારે વિરોધ પક્ષોની છે. કારણ એમણે સાચા અર્થમાં લોકશાહીના ચોકીદારો તરીકે કામ કરવાનું છે. શાસક પક્ષની માફક વિરોધી દળોએ પણ પોતાની વિચારશ્રેણી અનુસાર એક સ્પષ્ટ કાર્યક્રમ અપનાવી એને માટે જનમત તૈયાર કરવો જોઈએ.

પંડિત નહેરુ માટે એમ કહેવાતું કે એ વડલાની છાંયમાં બીજો કોઈ છોડ પાંગરી જ શકતો નથી. જયપ્રકાશજીએ એક વખત એવું પણ વિધાન કરેલું કે વડા પ્રધાન તરીકે નહેરુજીએ વિરોધ પક્ષોને

વિકસાવવા જોઈએ. વિરોધ પક્ષો આમ બીજા ઉપર આધાર રાખીને બેસે એ લેશમાત્ર પણ આવકાર્ય નથી. એમણે પોતાના જ કાર્યક્રમને આધારે અને પોતાના જ જોર પર જનતાનો સહકાર મેળવવાની કોશિશ કરવી જોઈએ, અથવા કહો કે શાસક પક્ષ અથવા એના નેતાઓની દયા પર નહિ પણ સ્વાવલંબનને આધારે આગેકૂચ કરવી જોઈએ.

(૨) આપણે ત્યાં રાજકીય પક્ષોનો તો જાણે રાફડો જ ફાટયો છે. રાષ્ટ્રીય કક્ષાના ૭ થી ૮, પ્રાદેશિક કક્ષાના ૨૦ થી ૨૫ અને બીજા નાના નાના તો ગણ્યા ગણાય નહિ એટલા પક્ષો છે. કૉંગ્રેસની માફક ઘણાખરા વિરોધ પક્ષો–સમાજવાદી પક્ષ, સામ્યવાદી પક્ષ કે જનસંઘ બધામાં જ તડો અને વાડાઓ છે. આ બધામાંથી વિચારો અને કાર્યક્રમોને આધારે બે કે ત્રણ જ પક્ષો સારી રીતે સંગઠિત થાય તો આજે ધૂંધળું બનેલું રાજકારણનું ચિત્ર થોડું સ્પષ્ટ થાય. વસતિવધારાને અટકાવવા જેમ કુટુંબનિયોજન અપનાવવામાં આવ્યું છે એ જ પ્રમાણે રાજકીય પક્ષો માટે પણ પક્ષનિયોજનની યોજના ઘડી શકાય.

(૩) સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે આમજનતાને વૈચારિક મતભેદોમાં નહિ પણ જીવનની વાસ્તવિકતાઓમાં, એમની જરૂરિયાતો પોષાય એમાં રસ હોય છે. એટલે જો કોઈ પણ પક્ષ વિચારનિષ્ઠ કાર્યક્રમ અપનાવે તો એને લોકોનો સાથ ન મળે. આ સમસ્યામાંથી એક મધ્યમ માર્ગ એવો નીકળી શકે કે પક્ષ પોતાના સક્રિય કાર્યકરો માટે વૈચારિક શિક્ષણ (Ideological Orientation) નો કાર્યક્રમ રાખે પણ સાથેસાથે પોતાનું સાધારણ સભ્યપદ બધા માટે ખુલ્લું રાખે અને લોકસંપર્કનો કાર્યક્રમ સતત ચાલુ રાખે. એટલે વૈચારિક સ્પષ્ટતા હોવા છતાં પણ પક્ષ જનતાનો પક્ષ (Mass Party) બની શકે.

(૪) વિરોધ પક્ષો સામે એક મોટી મુશ્કેલી એ છે કે ઈંગ્લાંડ કે અમેરિકાની માફક ભારતમાં એમની સત્તા પર આવવાની–અને તે પણ નજીકના ભવિષ્યમાં–શકયતા પ્રમાણમાં ઘણી ઓછી લાગે છે. યુ. પી. માં એ આશા જાગી હતી, પણ એ ફળી નહિ. અત્યાર સુધી એવો અનુભવ થયો છે કે ચૂંટણીમાં ધારી સફળતા ન મળતાં અથવા સત્તાસ્થાનો સરી જતાં લાગતાં લગભગ બધાયે વિરોધ પક્ષો હતાશ બની જાય છે. આમ ન બને એ માટે આ પક્ષો અને એના નેતાઓએ ખાસ તકેદારી રાખવી રહી. ચૂંટણીનો કે વિધાનસભાઓનો બહિષ્કાર ભલે એ ન કરે પણ અત્યંત ધીરજ અને ખંતપૂર્વક, શાંતિ અને નિષ્ઠાપૂર્વક જનસંપર્ક અને લોકસેવાનું કામ ચાલુ રાખે તો એક દિવસ જરૂર એમને 'ધીરજનાં ફળ મીઠાં છે' કહેવતની સાર્થકતા સમજાશે.

ગાંધીજી સક્રિય આંદોલન ચાલુ ન હોય ત્યારે રચનાત્મક કામો ચાલુ રાખી, પોતાના અનુયાયીઓને એમાં રત થવાની સલાહ આપતા. એવી જ કોઈ નીતિ વિરોધ પક્ષોએ પણ અપનાવવી જોઈએ.

(૫) વિરોધ પક્ષોએ જરૂર પડયે આંદોલનનો માર્ગ અપનાવવો પડે છે. એ માટે એમણે પૂરી તૈયારી પણ રાખવી જ રહી. પણ આ આંદોલનો દેશમાં હિંસા અને અરાજકતા ફેલાવવાનાં સાધનો ન બની જાય એ પણ જોવું રહ્યું. પણ અમુક સંજોગોમાં સરકારની દમનનીતિને લીધે હિંસા થાય, સમાજનાં ગુંડા તત્ત્વો પરિસ્થિતિનો લાભ ઉઠાવી હિંસા આચરે અને એનો દોષ વિરોધ પક્ષોને માથે ચઢે તો તેથી ગભરાઈને આ પક્ષોએ આંદોલનનો માર્ગ મૂકી નિષ્ક્રિય બની જવાની જરૂર નથી. કારણ આંદોલન શાંતિમય હોવું જોઈએ એ ખરું, પણ એ આંદોલન પણ હોવું જોઈએ.

**અન્ય વ્યક્તિઓ અને વર્ગો**

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓ પણ લોકશાહીના યજ્ઞને સફળ કરવામાં પોતાનો ફાળો અનેક રીતે આપી શકે છે. ચૂંટણી દરમિયાન લોકમત કેળવવા માટે, જે સભાઓમાં નીતિ નહિ પણ વ્યકિત સામે અશ્લીલ આક્ષેપો કરવામાં આવે અને વિરોધીના ચારિત્ર્યખંડન માટે પ્રયત્નો થાય એનો બહિષ્કાર કરી શકાય. આ માટે નાગરિક સમિતિઓ કે સંગઠનો ઊભાં કરી શકાય.

(૨) બધા જ પક્ષો ચૂંટણીને મલ્લયુદ્ધ નહિ પણ લોકમત કેળવવાનું મંગળ પર્વ માની એક આચારસંહિતા અપનાવે એ માટે પણ આવી સંસ્થાઓ પ્રયત્ન કરી શકે.

(૩) પ્રધાનો માટે કોઈ પણ જાતની યોગ્યતાની, સાધારણ નોકરી માટે જોઈએ એટલી યોગ્યતાની પણ જરૂર નથી પડતી એ વાત સુવિદિત છે. આ પરિસ્થિતિને કારણે શાસનતંત્રને જડ નોકરશાહી પર અને માતેલા અમલદારો પર આધાર રાખવો પડે છે. આનાં દુષ્પરિણામો થોડાં હળવાં કરવા માટે શૈક્ષણિક તેમ જ બીજી સંસ્થાઓ તરફથી પ્રધાનો અને વિધાનસભા તથા લોકસભાના સભ્યો માટે પ્રશિક્ષણ વર્ગો ખોલી શકાય.

(૪) હમણાં દેશના થોડા અગ્રગણ્ય અર્થશાસ્ત્રીઓએ વડા પ્રધાનને એક નિવેદન મોકલી અર્થતંત્રની ખામીઓ બતાવી. એને સુધારવા માટે શું થઈ શકે એ અંગે થોડાં સૂચનો કર્યાં એ સંતોષ અને આનંદની વાત છે. આ જ પ્રમાણે આર્થિક તેમ જ રાજકીય ક્ષેત્રે થોડી આંકણીઓ (Surveys) હાથ ધરી હકીકતોને આધારે સરકારને માર્ગદર્શન આપી શકાય.

(૫) આજની ચૂંટણીપદ્ધતિ અનેક મૂળગામી ફેરફારો માગી લે છે. પરોક્ષ ચૂંટણીપદ્ધતિ, પ્રમાણસર પ્રતિનિધિત્વ, ચૂંટણીમાં થતા બેફામ ખર્ચ પર અંકુશ, રેડિયો-ટેલિવિઝન આદિ સાધનોનો બધા પક્ષો દ્વારા સમાન ઉપયોગ આદિ અનેક બાબતો અંગે વિચાર થાય એ જરૂરી છે. આ માટે સર્વ સેવા સંઘના સિદ્ધરાજજી ઢઢ્ઢાએ કરેલું, રાષ્ટ્રીય આયોગ નીમવાનું સૂચન અત્યંત આવકાર્ય છે.

(૬) આપણે સૌ ઈચ્છીએ કે ચૂંટણીપદ્ધતિ સુધરે, બુદ્ધિમાન અને સન્નિષ્ઠ લોકસેવકો આપણા પ્રધાનો અને પ્રતિનિધિઓ બને. પણ આમ ન થાય ત્યાં સુધી આપણે ભ્રષ્ટાચારી અને અનીતિમાન વ્યકિતઓ–પછી તે પ્રધાનો હોય કે ઉચ્ચ આસને બિરાજતી વ્યકિતઓ–એમનું અપમાન કે અનાદર ન કરીએ પણ આપણા સમારંભોમાં અને સભાઓમાં એમને પ્રમુખ કે મુખ્ય અતિથિ બનાવી એમનું બહુમાન તો ન જ કરીએ.

આ અનુસંધાનમાં પૂના વિશ્વવિદ્યાલયે વડા પ્રધાનને ડી. લિટ.ની પદવી પ્રદાન કરવાના લીધેલા નિર્ણયનો ઉલ્લેખ અપ્રસ્તુત નહિ લેખાય. વડા પ્રધાનનો, એમના પદનો આદર કરવો એ એક વાત છે અને એમને ડી. લિટ. ની માનાર્હ પદવી આપવી એ બીજી વાત છે. આ રીતે પદવીઓ આપવાથી વડા પ્રધાનનું માન કે મોભો વધતાં નથી પણ વિશ્વવિદ્યાલયની ઉચ્ચ પદવીનું મૂલ્ય જરૂર ઘટે છે. જો આપણે સમાજની સલામતી અને સંવૃદ્ધિ ઈચ્છતા હોઈએ તો મૂલ્યોની જાળવણી અંગે આપણે સતત સાવધ અને સચેત રહેવું પડશે.

આમ, સરકાર અને રાજકીય પક્ષો, નાગરિકો અને શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓ સૌએ સજાગ થવાની ઘડી આવી ગઈ છે. ગુજરાતના વિદ્યાર્થીઓએ ડંકો વગાડીને દેશને તંદ્રામાંથી જગાડયો છે, લોકશાહી માટે લાલબત્તી ધરી છે. જો આપણે એમાંથી બોધપાઠ લેવાનું ચૂકીશું તો લોકશાહી જળસમાધિ લઈ ક્યારે સરમુખત્યારશાહી કે સંપૂર્ણ અરાજકતામાં પરિણમશે એ કહેવું મુશ્કેલ છે.

ઉષા મહેતા

# અહિંસાના પાવન નામ પર દંભની માયાજાળ

[ ગતાંકથી ચાલુ ]

સાધુ, દીક્ષાના મુહૂર્તની તિથિ શા માટે નિશ્ચિત કરે છે? કેમ ઘોષિત કરે છે? દીક્ષાનું પણ મુહૂર્ત! કમાલ છે, વીતરાગદર્શનની. મુનિદીક્ષા ક્ષામોપશમિક ભાવ છે. ઔદયિક ભાવ નહિ કે જેને આકાશના ગ્રહ - નક્ષત્રોથી જોડવામાં આવે. દીક્ષાનું મુહૂર્ત દેખવું-બતાવવું તે સ્પષ્ટ જ મિથ્યાત્વ છે. સંયમી સાધકે તેનાથી બચવું જોઇએ. દીક્ષા સંયમ છે અને સંયમનું કોઇ મુહૂર્ત હોતું નથી. અને પછી દીક્ષાનો નિશ્ચિત દિવસ, તિથિ વગેરેના ગૃહસ્થોને ખબર દેવા તે તો ખુલ્લી હિંસાને નિમંત્રણ દેવાનું છે. હજારો લોકો રેલ-ગાડી, મોટર, બસ વગેરે હિંસાકારી સાધનોથી આવે છે, ખાવા - પીવા વગેરેનો વિકટ આરંભ - સમારંભ પણ થાય છે. અન્નની સમસ્યા હલ કરવા માટે જમણવારમાં વ્યક્તિઓની નિર્ધારિત સંખ્યા-વાળા કાનૂનની અવહેલનાથી રાજ્યવિરુદ્ધ તથા રાષ્ટ્રવિરુદ્ધ કાર્ય પણ થાય છે. એવું પાપ શા માટે કરવામાં આવે છે? શા માટે તેવા પાપકાંડમાં ઉગ્ર નામધારી કહી શકાય તેવા સાધુ સંમિલિત થાય છે? દર્શનાર્થીજનોની ભીડ કેમ આવે છે? શા માટે તેમને અહીં-તહીં આવવા - જવા અને ભોજન વગેરેના આરંભથી રોકવામાં આવતા નથી? શા માટે ચુપચાપ જંગલમાં કયાંય પણ વૈરાગીને દીક્ષા દેવામાં આવતી નથી? કેટલી મોટી અસંગતિ ચાલી રહેલ છે મૌનના નામ ઉપર કથની અને કરણીમાં.

કેટલાયે ઘોર સંયમી મુનિ પત્ર લખતા નથી, લખાવે છે. જરા બતાવો તો ખરા કે જો સ્વયં લખવામાં પાપ છે તો શું બીજાઓથી લખાવવામાં પાપ નથી? કયું એવું પાપ છે કે જે સાધુ સ્વયં તો કરે નહિ પણ બીજાઓથી કરાવે? ત્રણ કરણ ત્રણ યોગથી સાવદ્યનું? પાપાચારના ત્યાગી તો જે પાપ સ્વયં કરતા નથી તે બીજાઓથી પણ કરાવતા નથી. બીજું તો શું પણ અનુમોદન પણ કરતા નથી. અને એ પણ તો બતાવો કે પત્ર શા માટે લખાવવામાં આવે છે? સમાચાર શા માટે દેવામાં આવે છે? આપ કહેશો, ધાર્મિક પ્રશ્નોના ઉત્તર દેવામાં આવે છે, શંકા - સમાધાન થાય છે, પ્રતિબોધ મળે છે. હું પૂછું છું, પત્રને માટે કાર્ડ અને લિફાફા વગેરેના પરિગ્રહનો, પોસ્ટઓફિસની સરકારી વ્યવસ્થાનો, રાજકીય કર્મચારીઓનો ઉપયોગ કરવામાં આવ્યો, ધક્ ધક્ કરતી રાતદિવસ દોડતી રેલગાડીથી પત્રે સેકંડો - હજારો માઇલની લાંબી મુસાફરી પૂરી કરી; આગ, પાણી, વીજળી વગેરેનો ઘનઘોર પ્રયોગ થયો. છકાયના જીવોનો કૂટો થયો. એટલી ઘોર હિંસા; અને જ્ઞાનનો લાભ મળ્યો, કદાચ તે બરાબર રીતે મળવા પણ પામ્યો તો પત્ર વાંચવાવાળા બેચાર લોકોને. તે કઇ જાતનું ઊલટું ગણિત? હિંસામાં સહયોગી બનવું, સાધુમર્યાદાનો ભંગ કરવો, ધર્મ-બોધને માટે, શું આ બધું સિદ્ધાંતસંગત છે? જો સિદ્ધાંતસંગત હોય તો પછી હજારો શ્રોતાઓને ધર્મબોધ દેવા માટે પ્રયુકત કરવામાં આવેલા ધ્વનિવર્ધકના પ્રયોગ ઉપર ધર્મનાશનો શોરબકોર શા માટે— હંગામો શા માટે?

શ્રમણ ભગવાન મહાવીરની પચીસસોમી નિર્વાણતિથિના પુણ્ય પ્રસંગ ઉપર કેટલીક યોજનાઓ પ્રસ્તાવિત છે. યોજનાઓમાં શિક્ષા, ચિકિત્સા વગેરેની કલ્યાણ ભાવનાઓ છે, વૃદ્ધ તથા અપંગ-અસહાય વગેરેને માટે ધર્મસાધનાની સાથે યથોચિત સેવાશુશ્રૂષા વગેરેની વ્યવસ્થા છે, સાધના અને સત્સંગનું ભવ્ય સમાયોજન છે, ભારતીય ધર્મદર્શનોના તુલનાત્મક અધ્યયનની સાથે જૈન દર્શનનાં ઊંચા સ્તરનાં અધ્યયન - અધ્યાપનનો નિર્મળ કાર્યક્રમ છે, દેશવિદેશમાં અહિંસાના પ્રચાર-પ્રસારનો પ્રયત્ન છે, મદ્ય (દારૂ) વગેરે દુર્વ્યસનોના નિરાકરણનું પ્રાવધાન છે. હું પૂછું છું, આ કાર્યક્રમોમાં કયો એવો પાપાચાર છે કે જેને માટે હાહાકાર મચાવી રાખેલ છે. ઓછામાં ઓછી વીરાયતન યોજનાની વિસ્તૃત રૂપરેખા બધાની સમક્ષ પ્રસ્તુત છે, તેમાં એવો કયો ધર્મની બહારનો અધાર્મિક ક્રિયાકલાપ છે તે ઉદાહરણ-સ્વરૂપથી કોઇ કાંઇ બતાવે તો ખરા! સાધુનો તો ઉપદેશ છે જેવો હોય તે દાનાદિ અન્ય સેવાકાર્યોને માટે દેતા આવેલ છે. વખતોવખત તેના નામને ઘસતા રહેવું અને તેના ઉપર દોષારોપણ કરવું તે સ્પષ્ટ રીતે કોઇ પૂર્વપ્રતિબદ્ધ દુરભિનિવેશનું પરિણામ છે. લાગે છે કે દોષદર્શનની દૃષ્ટિ જ્યારે સીમાથી બહાર થઈ જાય છે ત્યારે તેને સારું પણ ખરાબ દેખાય છે, ગુણ પણ દોષ જ દેખાય છે. એવી વૈચારિક ભ્રાંતિનો પીળિયો (કમળાનો) રોગ છે ને અંદરની આંખોમાં? વિવેકભ્રષ્ટ લોકોનું એ રીતે તો શતમુખ પતન થતું રહે છે.

કેટલાક મહાનુભાવ જનકલ્યાણ યોજનાઓનો વિરોધ કરવા માટે નામચીન આચાર્યો તથા કહેવાતા સાધુઓથી લાંબીપહોળી અપીલ કરી રહેલ છે. તેવા નામચીન અનેક આચાર્યો અને સાધુ પૈસા દઈને પોતાના નામથી પુસ્તક લખાવે છે અને છપાવે છે, પ્રત્યક્ષ કે પરોક્ષ અનેક સંસ્થાઓ ચલાવે છે, અખબાર વગેરે પ્રકાશિત કરાવે છે, દીક્ષા વગેરેના હિંસામૂલક ઉત્સવોમાં ભાગ લે છે. તે બધા સાધુ જ નથી, અહિંસાના નામ ઉપર પોકાર મચાવવાવાળા જેવા મહાનુભાવોની દૃષ્ટિમાં. તેથી નિર્વાણ શતાબ્દીની શુભ કલ્યાણેચ્છાથી પ્રસ્તાવિત જનકલ્યાણી યોજનાઓના વિરોધમાં અપીલ કરતાં પહેલાં નામચીન સાધુઓનાં નામ આપીને સ્પષ્ટ શબ્દોમાં 'અસાધુ' ઘોષિત કરે, તેવા ધર્માભિમાની અહિંસાપ્રેમી સજ્જન, તેના પછી જે કાંઈ કરવું હોય તે કરે. ત્યારે ખબર પડશે જનતાને તેમની સત્યતાની અને પ્રામાણિકતાની. અન્યથા આજની જનતા એટલી ભોળી નથી કે ધર્મ અથવા ધર્મધ્વંસના ખોટા પોકાર-થી તેમને એમ ને એમ જ બુદ્ધુ બનાવી દેવામાં આવે. કેટલાક અજાણ લોકોને છોડીને, પ્રબુદ્ધ જનતા જાણે છે એ બધા કળાબાજીઓને.

અહિંસાના નામ ઉપર અર્થહીન નારેબાજીથી કાંઈ થવાનું નથી. હિંસા અને અહિંસાના મૂળગ્રાહી મર્મને સમજવો પડશે. હિંસા થવા છતાં પણ કયારેક હિંસા થતી નથી, કઈ રીતે થતી નથી તે શાંત મસ્તિષ્કથી જરા શોધે, સમજે, વિચાર કરે. હિંસા, અહિંસાનું એક સૂક્ષ્મ ગણિત છે અને તે વ્યક્તિની મનોભાવના ઉપર આધા-રિત છે. તેનું મૂળ દ્વેષમાં છે, ઘૃણામાં છે, વેરમાં છે. ગૃહસ્થ તો શું પણ અનેક કર્મ એવાં છે કે જેની પ્રવૃત્તિમાં સ્થૂલ રૂપથી સાધુ-ઓથી પણ હિંસા થાય છે, પરંતુ તે વાસ્તવિક હિંસાની કોટિમાં આવે છે જ નહિ તે તટસ્થ દૃષ્ટિથી દેખવાનું છે, પરખવાનું છે. આચાર્ય ઉમાસ્વાતિએ કહ્યું છે: 'પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા—રાગ-દ્વેષાદિના પ્રમત્ત યોગથી થવાવાળી જ પ્રાણવ્યપરોપણ હિંસા છે, કેવળ પ્રાણવ્યપરોપણ હિંસા નથી. જરા આપ ઊંડાણમાં જાઓ તો પ્રાણવ્યપરોપણ નહિ પણ કેવળ રાગદ્વેષાદિરૂપ પ્રમત્ત યોગ જ હિંસા છે. તે વિવેચનને માટે આગમના શબ્દો ઉપર ખાલી ઉપર ઉપર ઊડતા રહેવાથી કાંઈ પત્તો લાગશે નહિ. જો અહિંસા અને હિંસાના પૃથક્પણાને સમજવું હોય, તેને અનેક સાચા અર્થોમાં જાણવાનું હોય તો ભગવતી સૂત્ર, ઓઘનિર્યુક્તિ, બૃહત્કલ્પ ભાષ્ય, પુરુષાર્થ સિદ્ધ્યુપાય પ્રવચનસાર વગેરે પ્રાચીન તાત્ત્વિક શાસ્ત્રોના ચિંતન-મનનની સાથે ગંભીર અવગાહન કરવું પડશે, જૈન ઈતિહાસની પુરાતન ગાથાઓનું મોકળા મગજથી અધ્યયન કરવું પડશે. મનોવિશ્લેષણના આધાર ઉપર અંતર્વૃત્તિઓનું મંથન કરવું પડશે. તે બધું અધ્યયન, ચિંતન, મનન કર્યા વિના અહિંસાના નામ ઉપર કાંઈ પણ કહેવું, કેવળ પ્રલાપ માત્ર છે, બીજું કાંઈ નહિ.

નિર્વાણ મહોત્સવ જગન્નાથનો રથ છે. તે તો અહીંતહીંના કેટલાક દંભગ્રસ્ત અપવાદો છોડીને બરાબર દિશામાં ગતિ કરી રહેલ છે, આગળ વધી રહેલ છે. અનેક ભવ્ય યોજનાઓ જનતા સામે આવી રહેલ છે, તેના ઉપર અહીંતહીં કામ થઈ રહેલ છે. આશાથી અધિક જનસહયોગ પણ મળી રહેલ છે. કોણ રોકી શકે છે હવે તેની ગતિને? વિરોધ કરવાવાળા વિરોધ કરતા જશે અને ત્યાં કાર્ય, પ્રગતિના પંથ ઉપર આગળ વધતું જશે, દેડકાં ડૂંઉં ડૂંઉં કરતા રહેશે, ગાયો શાંત ભાવથી સરોવરમાં જળપાન કરતી રહેશે.' पिबत्येवोदकं गावो मण्डूकेषु रुवत्स्वपि ।'

(સંપૂર્ણ)

ઉપાધ્યાય અમર મુનિ

અનુવાદક :

('શ્રી અમર ભારતી'માંથી સાભાર) જે. એલ. દોશી

# લોકશાહીમાં નેતૃત્વ

'ન્યૂઝવીક'ના તા. ૧૮-૩-'૭૪ના અંકમાં એક મનનીય લેખ છે: Another Shortage: Leaders. તે મુખ્યત્વે યુરોપ-અમેરિકા વિશે છે પણ આપણા દેશને મહદંશે તેમાં કહ્યું છે કે તે લાગુ પડે છે. તેનો સારભાગ ગુજરાતીમાં અહીં આપું છું.:

"મોટા ભાગનો રાષ્ટ્રીય નેતાઓ સવિશેષ રીતે સામાન્ય સમૂહ જેવા જણાય છે, જે લોકોના ટેકા અને વ્યકિતગત પ્રેરણા ઉભયથી વંચિત છે. મોટી મંદીના અને બીજા વિશ્વયુદ્ધના ગાળા પછી પશ્ચિમમાં રાજકીય અસ્તવ્યસ્તતા કયારેય આટલી ઘેરી ન હતી.

"કોઈ પણ સરકારની લોકપ્રિયતામાં બીજા કશા કરતાં ભાવોનો જાલિમ વધારો અતિ ઝડપથી સુરંગ ચાંપે છે અને ઔદ્યોગિક જગતમાં ચલણના ફુગાવાનો વર્તમાન ઉપદ્રવ એક પેઢી જેટલા સમયમાં સૌથી દારુણ છે.

"લોકશાહીનો એક મોટો ગુણ એ છે કે વાસ્તવિકતાઓને પ્રકાશમાં લાવવાની, શાસકો પોતાના દોષો જાહેર કરે અને ન્યાયની દેવડીએ ખડા થાય તે માટે તેમને હાજર કરવાની એક પદ્ધતિ પૂરી પાડે છે. પણ પુષ્કળ વરવી વાસ્તવિકતાઓને જો કે પ્રકાશમાં લાવવામાં આવી છે તો ય થોડા સફાઈદાર શાસકો સફળતાપૂર્વક તેમને છાવરી શકતા હોય તેમ જણાય છે. પ્રતિનિધિત્વ સ્વરૂપની સરકાર આત્મ-સુધારણા માટેનાં જેમ ને ક્ષમતા ધરાવે છે કે કેમ, એ આજનો યુગપ્રશ્ન છે.

"આધુનિક સરકારનો એક શાપ એ છે કે આજના પ્રશ્નોનો વેગ ઘણી વાર, પ્રજાકીય નેતાઓની તેમને હાથ ધરવાની શકિતને અતિક્રમી જતો જણાય છે. પડકાર અને તેને હાથ ધરવામાં આવે તે વચ્ચે હંમેશાં વિલંબનો એક ગાળો રહેતો જણાય છે.

"આજની સમસ્યાઓની જટિલતા એવી છે કે જેનો ભૂતકાળના પ્રતિભાસંપન્ન નેતાઓને સામનો કરવો પડયો ન હતો. સમસ્યાઓની આ નવી સંકુલતા આંતરરાષ્ટ્રીય સહકારના એક નવા પ્રમાણની અપેક્ષા રાખે છે, પણ લાંબા ગાળાના જગતવ્યાપી આયોજનના હિતમાં, ટૂંકા ગાળાનાં રાષ્ટ્રીય હિતોનો ભોગ આપવાનું જોખમ વહોરી લેવાની બહુ ઓછાની તૈયારી છે. સંસદો અને ધારા-મંડળો જુનવાણી તંત્રવ્યવસ્થાથી પાંગળાં બન્યાં છે અને ક્ષુલ્લક ખરડાઓમાં ખૂંપેલાં છે. જગતવ્યાપી ઘેરાણે, રાજકારણની વિભાવના અને રાજકારણનો વ્યવસાય પ્રતિષ્ઠા ખોઈ બેઠાં છે.

"આમ નેતાગીરીની બૌદ્ધિક કક્ષા પહેલાં કયારેય હતી તે કરતાં આજે વધુ મહત્ત્વની બની છે, પણ રાજકારણ આજે અસાધારણ બુદ્ધિપ્રતિભાને આકર્ષી શકતું જ નથી. આ તંગી જગતવ્યાપી છે. લોકશાહી શાસનોને પીડી રહેલાં અનિષ્ટો માટે, આમ છતાં એકલા બેફામ કે વામણા રાજકારણીઓ જ પૂરેપૂરા જવાબદાર નથી. તેમને ચૂંટનારાઓ સંભવ છે કે તેમની પાસેથી વધુ પડતી અપેક્ષાઓ રાખતા હોય.

"આપણે એવી લોકશાહી પદ્ધતિઓ વિકસાવી છે જેમાં આપણા લોકો વિકાસ અને આવકના એકધારા એક વાર્ષિક વધારાની અપેક્ષા રાખતાં થયાં છે—ભલે પછી તેનાં સામાજિક પરિણામો ગમે તે હોય! એ સાથે જ નાગરિકપણું, એટલે કે, સમાજ પ્રત્યેની વફાદારીની ભાવના, પ્રસંગોપાત્ત સામૂહિક હિતોની આગળ વ્યકિતગત હિતોને ગૌણ ગણવાની ભાવના, વધુ ને વધુ અપ્રિય બની રહી છે.

"લોકશાહીઓ આજે એવી દશામાં છે જેમાં લોકોની લાગ-ણીઓને પોતાની વાકછટા વડે બહેકાવતા અને તેમના પૂર્વગ્રહોનો લાભ લઈને, તેમને ફરી કોઈક પ્રકારના ફાસીવાદને માર્ગે દોરી જવા તત્પર એવા ચળવળખોર નેતાને માટે પોતાનું વર્ચસ જમા-વવાનું ઘણું જ સહેલું બની જાય. પૃથક્જન ચલણના ફુગાવા અને બળતણની કટોકટી જેવા કેટલાક વધુ મહત્ત્વના પ્રશ્નો સંબંધમાં ખાસ કશું કહી શકે તેમ નથી. એ પ્રશ્નોને તે સમજતો નથી અને તેથી તે પ્રશ્નોને ઉકેલવાનું પોતાના આગેવાનો માટે શાથી આટલું કઠિન છે તે વસ્તુ તે જોઈ શકતો નથી. ખરેખરી જરૂર તો આધુનિક લોકશાહી શાને માટે છે તે સંબંધે પાયાની ફેર-વિચારણા કરવાની છે."

જે ચિંતા 'ન્યૂઝવીક'ને ઘેરી રહી છે તે જ ચિંતા 'ટાઈમ' મેગેઝિન પણ વ્યકત કરે છે, તેના ૧૮-૩-'૭૪ના અંકમાં Fading Will, Fading Dreams- 'ઓસરતી સંકલ્પશકિત, ઓસરતાં સ્વપ્ન' ના લેખમાં આવો જ વિલાપ છે. તેનો સારભાગ ગુજ-રાતીમાં આપું છું:

"યુરોપ - એક સ્વપ્ન, અક આદર્શ જાણે મૃત્યુ પામેલ છે અથવા મૃત:પ્રાય બની ગયેલ છે. દિવ્ય દર્શન ઝડપથી ઝાંખું થઈ રહ્યું છે. યુરોપ વિષાદ અને અસ્તવ્યસ્તતાની સ્થિતિમાં સ્થાયી બની ગયું છે. આ એવો ઘેરો વિષાદમય ભાવ છે કે કેટલાક ખૂબ જ નિષ્ઠાવાન બુહદ્ યુરોપવાદીઓ પરંપરાગત સંસદીય લોકશાહીના ભાવિ વિશે જ આશંકા સેવવા લાગ્યા છે.

"આ અસ્વસ્થતા માટેનું પાયાનું કારણ, શું ડાબેરી કે શું જમણેરી, પણ રીઢી બની ગયેલી સરકારો પ્રત્યેની પ્રજાકીય નિર્ભ્રા-ન્તિમાં રહેલું છે. આ સરકારો કટોકટીઓને હાથ ધરવા અશકિત-માન છે એટલું જ નહિ, તેઓ દેખીતી રીતે જ તેમની સમસ્યાઓ લોકોને જણાવી પણ શકતી નથી.

"ચોતરફથી તેઓ ભ્રષ્ટાચારમાં - સ્કેન્ડલોમાં - ગળાબૂડ છે; સરકારી અમલદારો લાંચ લેતા હોય છે, વિરાટ કંપનીઓ અઢળક નફા કમાતી હોય છે અને એક ચલણ-બજારમાંથી બીજા ચલણ-બજારમાં અબજો ડૉલરોની ઊથલપાથલ થતી હોય છે. યુરોપિયનો પોતાના નેતાઓને પ્રજાની નજરથી વધુ ને વધુ દૂર જઈ રહેલા જુએ છે. પ્રધાનોને એવા ફતવા બહાર પાડતા જુએ છે જે તેમની બચતને ધોઈ નાખે છે અથવા તેમનું મનવાંછિત વેકેશન ભોગ-વવાનું અશકય બનાવી દે છે.

"ફ્રાન્સના પ્રમુખ થોડા અંગત સલાહકારોથી વીંટળાઈને પોતાનો મોટા ભાગનો સમય ડાબેરીઓની વધી રહેલી આ વગ વિશે ચિંતનમાં ગાળી રહ્યા છે. વિલી બ્રાન્ટ તો ભાવિ વિશે એથીય વધુ ગમગીન છે. કટોકટીના આ વર્તમાન સમયે યુરોપી રાષ્ટ્રોના વડાઓ, લગભગ અપવાદ વિના, માત્ર ટેકનિશિયનો, મતો અને નોકરશાહીઓને ખાદાંની જેમ ગોઠવવા - ચલાવવામાં કુશળ એવા માણસો છે, પ્રજાને પ્રેરણા આપી શકે, સંગઠિત બનાવી શકે યા સ્પષ્ટીકરણ પણ કરી શકે તેવા નેતાઓ નથી.

"આજની કરુણતા એ છે કે કોઈ મહાઆફત આવી પડે તો જુદી વાત છે, પણ અત્યારે તો જેના પર યુરોપીય સમાજની પ્રતિષ્ઠા થયેલી છે તે ભવ્ય સ્વપ્નની પુન:પ્રતિષ્ઠા કરી શકે તેવાં કોઈ બળો નજરે પડતાં નથી."

નોંધ: યુરોપના અંધકારમય ભાવિ વિશે લખતાં 'ન્યૂઝવીક' જણાવે છે કે અણુબોમ્બ અને અણુશસ્ત્રોનો ભય ન હોત તો ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હોત. તેલની કટોકટીથી યુરોપ અને અમેરિકાના સંબંધોમાં ભારે તંગદિલી થઈ છે. કિસિન્જર અને નિકસને યુરોપને ગંભીર ચેતવણી આપી છે. દરેક દેશમાં સરકાર તેમ જ રાજકારણી વ્યકિતઓ અને પ્રજા વચ્ચે મોટું અંતર પડયું છે. સરકારનો અણવિશ્વાસ વધતો જાય છે. અમેરિકામાં વૉટરગેટ પ્રકરણે નૈતિક કટોકટી સર્જી છે. આવી રાજકારણી અસ્થિરતા છતાં યુરોપના દેશો અને અમેરિકા એ નિભાવી શકે છે, કારણકે તે દેશો સમૃદ્ધ છે, તેની ઉત્પાદનશકિત વિશાળ છે. આપણને રાજકીય અસ્થિરતા અને ગરીબાઈ બન્ને પીડે છે તેથી આપણી પરિસ્થિતિ વધારે સ્ફોટક છે, તે કારણે સમંજદાર વ્યકિતઓની જવાબદારી વિશેષ છે.

૨૪-૩-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
૧૪ મી, એપ્રિલ '૭૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૭૪ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## હવે બિહારનો વારો

બિહારમાં આંદોલન વેગ પકડતું જાય છે. ધારાસભામાં ફરી મારામારી થઈ અને અચોક્કસ મુદત માટે મોકૂફ રાખવી પડી. હવે આંદોલનની આગેવાની શ્રી જયપ્રકાશ નારાયણે લીધી છે. વિરોધ પક્ષના કોઈ પણ નેતા કરતાં જયપ્રકાશની પ્રતિષ્ઠા દેશમાં અને ખાસ કરી બિહારમાં વધારે છે. તેને કારણે બિહારનું આંદોલન ગુજરાતના માર્ગે જાય તો નવાઈ નહિ. જયપ્રકાશનાં નિવેદનોની ભાષામાં વધારે તીવ્રતા અને તેના ભાવમાં વધારે ઉગ્રતા આવતાં જાય છે. શરૂઆતમાં સરકારની કોઈ નીતિની ટીકા કરતું નિવેદન તેઓ બહાર પાડતા ત્યારે કાળજી લઈને ખુલાસો કરતા કે પોતે ઈન્દિરા ગાંધીના વિરોધી નથી, બલ્કે તેમને સફળતા ઈચ્છે છે. I am not anti-Indira. I wish her well. ગુજરાતમાં તેમણે જે ભાગ ભજવ્યો અને હવે બિહારમાં જે વલણ તેમણે લીધું છે તે સીધું કૉંગ્રેસ સામે છે. બિહારમાં મુખ્ય મંત્રીને મિત્રભાવે એમણે સલાહ આપી કે કૉંગ્રેસ વરિષ્ઠ મંડળની પરવા કર્યા વિના, મુખ્ય મંત્રીએ રાજીનામું આપી દેવું. થોડા દિવસ પહેલાં તેમના નિવેદનમાં તેમણે કહ્યું હતું કે શાન્ત પ્રતિકાર કરવાના પ્રજાના અધિકારને ઇનકારવામાં આવશે તો પોતાની નાદુરસ્ત તબિયત છતાં, પોતે આંદોલનની આગેવાની લેશે. આ માત્ર શરૂઆત હશે, બીજું ત્યાર પછી થશે. That shall be the beginning. The rest will follow. સાથે ઉમેર્યું હતું કે આ ધમકી નથી પણ મિત્રભાવે ચેતવણી છે. ૮ મી તારીખે તરુણ શાન્તિસેના, સર્વોદય મંડળ, ગાંધી શાન્તિ પ્રતિષ્ઠાન વગેરે સંસ્થાઓને આકાશે શાન્તિ સરઘસ નીકળ્યું, જેની પત્રિકાઓમાં મુખ્ય મંત્રીનું રાજીનામું, ધારાસભાનું વિસર્જન વગેરે માગણીઓ કરી છે. જયપ્રકાશે પોતાના નિવેદનમાં કહ્યું છે કે ભ્રષ્ટાચાર, ગેરવહીવટ, કાળાં બજાર, નફાખોરી, સંગ્રહખોરી, શિક્ષણપદ્ધતિની નવરચના અને સાચી લોકશાહી માટે લડી લેવાનો પોતે નિર્ધાર કર્યો છે. જે લોકો એમ માને છે કે સર્વોદય કાર્યકર્તાઓ ભલા માણસો છે અને અહિંસક ક્રાન્તિની વાતો જ કરવાવાળા છે તેમને આશ્ચર્ય થાય તેવું થશે. દિલ્હી, પટના અને બીજે કયાંય પણ ભ્રષ્ટાચાર કે ગેરવહીવટ વગેરેના પોતે મૂક સાક્ષી રહી શકે તેમ નથી. ગમે તે કિંમત ચૂકવવી પડે તો પણ લડી લેવાનો આખરી નિર્ણય છે.

આવું આંદોલન શાન્ત ન રહી શકે તે પોતે જાણે છે. એટલે હિંસા થાય તો તેને માટે પોતે અને આંદોલન કરનાર જવાબદાર નહિ હોય, પણ તેનાં કારણો બીજાં છે. તે માટે ચાર કારણો બતાવ્યાં છે. એક, લોકોના અંતરમાં હિંસા ભભૂકી રહી છે; બીજું, લોકોને એમ ખાતરી થઈ છે કે શાન્ત અને બંધારણીય વિરોધની સરકાર પર કાંઈ અસર થતી નથી; મોટા પાયા પર તોફાન થાય તો જ સરકાર સાંભળે છે; ત્રીજું, સરકારે પોતે પોતાની હિંસા પર અંકુશ મૂકવો જોઈએ તે મૂકતી નથી અને પોલીસ વધારે પડતા બળનો ઉપયોગ કરે છે, જેનો પ્રત્યાઘાત પડે છે; અંતમાં, અસામાજિક તત્ત્વો હિંસક તોફાન કરે છે.

ગુજરાતમાં આવા આંદોલન સામે નમતું મૂકવું પડ્યું. ત્યાર પછી રાજ્યોમાં અને કેન્દ્રમાં સરકાર અને કૉંગ્રેસે મક્કમ વલણ લીધું છે. ઈન્દિરા ગાંધી તેમનાં પ્રવચનોમાં પ્રજાને અને કૉંગ્રેસ કાર્યકરોને લોકશાહી સામેની આવી હિંસાનો પ્રતિકાર કરવા આહ્વાન આપી રહ્યાં છે. ભુવનેશ્વરના એક પ્રવચનમાં સર્વોદય આગેવાનો અને કાર્યકર્તાઓએ સર્વોદયનું રચનાત્મક કામ છોડી રાજકારણમાં પડયા તેની ટીકા કરી. હિંસાને ઉત્તેજન આપતી આવી પ્રવૃત્તિથી વિનોબાજીને ખેદ થયો છે એમ પણ કહ્યું: જયપ્રકાશ નારાયણે આ ટીકાનો સણસણતો અને રોષભર્યો જવાબ આપ્યો છે. સર્વોદય કાર્યકર્તાઓને તેમની ફરજ શીખવવાની અને તેમની જાણીતી કળા અજમાવી વિનોબાજી અને જયપ્રકાશ વચ્ચે અંતર પાડવાની ચેષ્ટા, ઈન્દિરા ગાંધીએ ન કરવી એવી ચેતવણી આપી છે. ઈન્દિરા ગાંધીની કહેવાતી પ્રતિભા અને ચૂંટણીમાં મળેલ સફળતાથી ઈન્દિરા ગાંધી એમ માનતાં હોય કે તેઓ ગમે તે કરી શકે છે — She can get away with anything—તો ઈન્દિરા ગાંધી મૂર્ખાઓની દુનિયામાં વસે છે. She is living in a fool's paradise.

શ્રી જયપ્રકાશ અને તેમના જેવા વિચાર ધરાવતા સર્વોદય કાર્યકર્તાઓ અને કૉંગ્રેસ વચ્ચે આ સીધો સંઘર્ષ છે. વિરોધ પક્ષો તેમના આંદોલનને આવકારે અને ટેકો આપે તે સ્વાભાવિક છે. પણ તેમનો આધાર વિદ્યાર્થીઓ અને ગૃહિણીઓ ઉપર વિશેષ છે.

૮ મી તારીખે પટનામાં એક ભવ્ય અને શિસ્તબદ્ધ શાન્ત સરઘસ જયપ્રકાશની આગેવાની નીચે નીકળ્યું. પોતાની મૌન તાકાતની પ્રતીતિ કરાવવા, મોરચામાં જોડાયેલ ભાઈ - બહેનોએ મુખ પર ગેરુઆ રંગના કપડાની પટ્ટીઓ બાંધી હતી અને પીઠ પાછળ બન્ને હાથ બાંધેલા હતા. લડતનો હવે પછીનો કાર્યક્રમ તેમણે જાહેર કર્યો નથી, પણ તેમની માગણીઓ જોતાં બિહારમાં મંત્રીમંડળને રાજીનામું આપવા ફરજ પાડવી અને ધારાસભાને વિસર્જિત કરાવવી તે દિશામાં પગલાં લેશે એમ જણાય છે.

આવા આંદોલનનો મુકાબલો કરવાની સરકારે અને કૉંગ્રેસે શરૂઆત કરી છે. નાગપુરમાં સભા છોડી જવી પડી અને મુંબઈની મુલાકાત રદ કરવી પડી હતી. તેવી જ પરિસ્થિતિ સર્જવા પૂનાની મુલાકાત વખતે વિરોધ પક્ષોએ પૂરી તૈયારી કરી હતી તેનો મહદ્ અંશે સફળતાથી સામનો કર્યો. બિહારમાં પણ સરકાર અને કૉંગ્રેસ પક્ષો એવી જ તૈયારીઓ થઈ રહી છે. કૉંગ્રેસે નાગરિક સમિતિઓ અને છાત્ર પરિષદો રચી છે. આંધ્રમાં ઘણાં તોફાનો પછી તાજેતરની હૈદરાબાદની મુલાકાત વખતે ઈંદિરા ગાંધીને સારો સહકાર મળ્યો. પૂનાના પ્રવચનમાં ઈન્દિરા ગાંધીએ કહ્યું કે કૉંગ્રેસ સરકારને એક પછી એક રાજ્યોમાંથી અને છેવટ કેન્દ્રમાંથી

ઊથલાવી પાડવાનું કાવતરું છે અને ઑગસ્ટમાં આવનાર રાષ્ટ્રપતિની ચૂંટણી માટેની આ બધી તૈયારી છે. લોકશાહી ઘોરણે ચૂંટાયેલ ધારાસભા સામે આવી હિંસા લોકશાહી માટે જ ભયરૂપ છે. જયપ્રકાશ કહે છે સાચી લોકશાહી સ્થાપવા આ લડત છે. વિશેષમાં જયપ્રકાશ કહે છે કે કૉંગ્રેસને હટાવી બીજા કોઈ રાજકીય પક્ષને સત્તા પર લાવવામાં તેમને રસ નથી. એ તો ભૂત મરે અને પલિત જાગે એવું થાય. These are partisan aims and their achievements will make no difference. It will be replacing Tweedledum for Tweedledee.

જયપ્રકાશ જે પ્રકારની બિનપક્ષીય લોકશાહીની વાતો કરે છે તેમાં ઘણા સર્વોદય કાર્યકર્તાઓ પણ માનતા નથી. સર્વ સેવા સંઘ તરફથી બહાર પડેલ છેલ્લા નિવેદનમાં વિનોબાજીએ એમ કહ્યું છે કે હિંસાને ઉત્તેજન મળે તેવું કોઈ પગલું ભરવું ન જોઈએ એટલું જ નહિ પણ અત્યારે જ્યાં સુધી ભારત, પાકિસ્તાન અને બંગલા-દેશ વચ્ચે સ્થાયી શાન્તિ ન થાય ત્યાં સુધી, સરકાર સામે અહિંસક આંદોલન પણ કરવું ન જોઈએ. માત્ર રચનાત્મક કાર્ય કરવું. વિનોબાજી અને જયપ્રકાશ વચ્ચે અંતર પડાવવાની બીજા કોઈને જરૂર નથી. તે અંતર ઉઘાડું છે, સર્વોદયના કાર્ય અંગે નહિ, પણ સર્વોદય કાર્યકર્તાઓએ રાજકારણમાં પડવું કે નહિ તે વિષે. બેમાંથી કોનો રાહ અને સલાહ દેશના વધારે હિતમાં છે તે વ્યક્તિગત અભિપ્રાયની વાત છે.

જયપ્રકાશ વારંવાર કહે છે કે તેમને કોઈ અંગત સ્વાર્થ નથી, સત્તા મેળવવાની કોઈ દિવસ પોતે ઈચ્છા કરી નથી. અનેક વખત તેમણે કહ્યું છે કે તેમણે ધાર્યું હોત તો પોતે રાષ્ટ્રપતિ અથવા વડા પ્રધાન થઈ શકત, પણ તેવો કોઈ પ્રયત્ન કર્યો નથી અથવા કરવા ઈચ્છતા નથી. તદ્દન અપરિગ્રહી છે અને તેમનો નિર્વાહ પણ મિત્રોએ કરવો પડે છે તે વિષે વિગવાર નિવેદન બહાર પાડ્યું હતું. માત્ર દેશના હિતમાં જ અને લોકોના કલ્યાણ માટે તેમણે આ માર્ગ લેવો પડે છે.

જયપ્રકાશનાં ત્યાગ, પારદર્શક પ્રામાણિકતા, દેશપ્રેમ અને ગરીબોની દાઝ વિષે શંકાને કોઈ સ્થાન નથી. એમના વિરોધીઓ ભલે એમ કહે કે ત્યાગ, પ્રામાણિકતા, નમ્રતા વગેરે ગુણોને પણ અતિ સૂક્ષ્મ રીતે સત્તાની વાંછના સંતોષવાનાં સાધન બનાવી શકાય છે. પણ જયપ્રકાશને જેઓ જાણે છે તેઓ આવી શંકા લાવશે નહિ.

જયપ્રકાશ કહે છે વર્તમાન પરિસ્થિતિ તેમને માટે અસહ્ય છે અને તેઓ સમગ્ર તંત્રની સમૂળી ક્રાન્તિ ઈચ્છે છે. તેઓ કહે છે કે નૈતિક ક્રાન્તિ વિના આ પરિસ્થિતિ સુધરે તેમ નથી. જયપ્રકાશના આ વિધાન સાથે ઘણા સંમત થશે. સવાલ એ છે કે આવી નૈતિક ક્રાન્તિ કેવી રીતે થઈ શકે? ભ્રષ્ટાચાર, સંગ્રહખોરી, નફાખોરી, કાળાં બજાર, ચૂંટણી પદ્ધતિ, શિક્ષણ પદ્ધતિ, આ બધાં અનિષ્ટો વ્યાપક છે. સમગ્ર પ્રજાએ પુરુષાર્થ કરી તે સામે લડવાનું છે. મોંઘવારી, બેરોજગારી, કેટલેક દરજ્જે સરકારી પગલાંથી હળવાં કરી શકાય, પણ વિશ્વપરિબળોનો તેમાં ફાળો છે. તેલની કટોકટી આપણા કાબૂબહારની છે. સરકારે આર્થિક નીતિમાં ઠીક ઠીક ફેરફારો કર્યા છે. ચોખાનો વેપાર સરકાર હસ્તક લેવાનો નિર્ણય છોડી દીધો. ઘઉંનો વેપાર ફરી મુક્ત કર્યો. બજેટ ઉત્પાદન અને બચતલક્ષી કર્યું, વિદેશી હૂંડિયામણની ભારે તંગી છતાં આયાત-નિકાસનીતિ ઉત્પાદન-લક્ષી કરી. મોંઘવારી માટે જવાબદાર બીજાં અનિષ્ટો - ભ્રષ્ટાચાર, સંગ્રહ-ખોરી, નફાખોરી - માટે સરકાર અને પ્રજાએ સાથે મળીને લડવાનું રહે છે. કામચોરી અને ભ્રષ્ટાચાર રાષ્ટ્રીય રોગો છે. રેલવે અને સરકારી કર્મ-ચારીઓ તેમ જ કારખાનાંના મજૂરો હડતાળો પાડે, મોટા પગારવધારા માગે તેની અસર મોંઘવારી ઉપર થાય છે. પ્રજાનો ઉગ્ર અસંતોષ માત્ર સરકારને ઊથલાવી પાડવાની પ્રવૃત્તિમાં જ મર્યાદિત થાય અને તે પણ મંત્રીમંડળોને રાજીનામાં આપાવવા અને ધારાસભાઓ વિસર્જિત કરા-વવી, એ જ રહે તો ઉત્તેજના આવે, પણ પરિણામ બહુ ન આવે.

શ્રી જયપ્રકાશ એમ માને છે કે એક વખત ભડકો -Flare-up થવો જોઈએ. ત્યાર પછી શું તે સવાલ અત્યારે પુછાય તેમ નથી, કોઈ તેનો જવાબ આપે તેમ નથી. ગુજરાતમાં મંત્રીમંડળે રાજીનામું આપ્યું અને ધારાસભાનું વિસર્જન થયું. એવું જ કદાચ બિહારમાં થશે, પછી બીજાં રાજ્યોનો વારો આવશે. બિજુ પટનાયક અને ચરણસિંહનું આમંત્રણ જયપ્રકાશને છે જ. જયપ્રકાશ પક્ષીય રાજકારણમાં માનતા નથી, પણ ધારાસભા અને ચૂંટણી સ્વીકારે છે. તેમના મત મુજબ ઉમેદવારો પ્રજાએ પસંદ કરવા જોઈએ, કોઈ રાજકીય પક્ષના હોવા ન જોઈએ. સેવાભાવી, પ્રામાણિક, કુશળ માણસો પસંદ કરવા જોઈએ. શ્રી જયપ્રકાશ અને તેમના સાથીઓ આ કામ કયારે અને કેવી રીતે કરશે તે અત્યારે આપણે જાણતા નથી. જયપ્રકાશ પોતે રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન થાય એવું સૂચન તેમને અપમાન-જનક લાગે છે. એક પછી એક રાજ્યોમાં ધારાસભાઓ વિસર્જિત કરાવવી એટલો જ તાત્કાલિક કાર્યક્રમ લાગે છે. તેથી સંગ્રહખોરી, નફાખોરી, ભ્રષ્ટાચાર કેમ નાબૂદ થશે અથવા મોંઘવારી કે બેરોજગારી કેમ ઘટશે તેનો અત્યારે વિચાર કરવાનો અવકાશ નથી. દેશમાં રાજકીય અને આર્થિક કટોકટી છે તેને માટે આવા સંઘર્ષ સિવાય બીજો કોઈ માર્ગ નથી?

કોઈ વખત મનને એમ થાય છે કે કાળ બળ પોતાનું કામ કરે છે. બીજાને નિમિત્ત બનાવે છે. નિમિત્ત બનવાવાળા માને છે પોતે કરે છે. પછી તે હડસેલાઈ જાય છે. અને બીજાઓ આવે છે, જે ધાર્યું હોય તેથી જુદું જ કરે છે, અને તેમ જગન્નાથજીનો રથ ચાલ્યા કરે છે.

૧૨-૪-૭૪ ચીમનલાલ ચકુભાઈ

# સાદી સીધી વાત!*

(છંદ સવૈયા)

તમે ગયા ને અમે રહ્યાં – બસ
સાદી સીધી વાત,
સાદી સીધી વાત છતાં યે
મચવે ઉલ્કાપાત.

"દુઃખનું ઓસડ દહાડા" – જાણી
ચહું કાળ વહી જાય,
ઠિગરાય પણ કાળ માહરો
વ્યથા - હીમની માંહ્ય.

ઘર આખું, પણ છત તૂટ્યું ત્યાં
કેમ કરી રહેવાય?
એક જ ભાગ નથી, પણ આને
ઘર તે કયમ કહેવાય?

ગણિત કહે છે – એક જતાં રહે
બાકીના સૌ અંક,
પણ શેં પળમાં રત્ન જતાં અમ
થયાં રાયના રંક?

"તમે ગયા ને અમે રહ્યાં" – બસ
નાનકડી એ વાત
શાંત સાગરે શેં ઉમટાવે
પ્રચંડ ઝંઝાવાત ?!

(* શ્રી પરમાનંદભાઈ
કાપડિયાની ત્રીજી પુણ્યતિથિએ) –ગીતા પરીખ

# પ્રકીર્ણ નોંધ

### ત્રણ વર્ષને અંતે

'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળ્યાને આ અંકે મને ત્રણ વર્ષ પૂરાં થશે. મારા માટે આ નવો અનુભવ રહ્યો છે. તેથી મને ઘણો લાભ થયો છે. મારા વિચારો સ્પષ્ટ કરવાની મને તક મળી છે. મારો સંકોચ હજી ગયો નથી. દર પંદર દિવસે શું લખવું તે વિચાર થાય. એક રીતે મનમાં ઘણું ભર્યું છે, ત્યારે બીજી રીતે એમ થાય છે કે મારે શું નવું કહેવાનું છે? વળી મારું લખેલું ઘણા માણસો વાંચવાના છે તેથી પણ મનમાં કાંઈક ભય અને સંકોચ રહે છે. કયાંય ભૂલ તો નથી થતી ને? કાંઈ વધારે પડતું, કોઈને વિનાકારણ દુઃખ કે ક્ષોભ થાય તેવું, લખાઈ જતું નથી ને? ભાષામાં સંયમ જાળવવા ખૂબ કાળજી રાખું છું. હાથે લખવું પડે છે તેથી સંક્ષેપ સાથે સ્પષ્ટતાનું લક્ષ્ય રહે છે. એટલું કહું કે પ્રામાણિકપણે મને જે લાગે છે અથવા માનું છું તે વિનાસંકોચ લખું છું. મિત્રો તરફથી પ્રોત્સાહન ન મળ્યું હોત તો ત્રણ વર્ષ ચલાવત નહિ. એકંદરે આ ત્રણ વર્ષ દરમ્યાન 'પ્રબુદ્ધ જીવન' ને સારો આવકાર મળ્યો છે એવી મારી છાપ છે. જાહેરમાં લખવું કે બોલવું એટલે કાંઈક ઉપદેશ જેવું લાગે, કોઈકની ટીકા કરવી પડે એવું બને, તેને માટેની લાયકાત ન હોય ત્યારે અભિમાન અથવા દંભ લાગે. હું એટલું કહું કે જે કાંઈ લખું છું તે માત્ર પ્રકટ ચિન્તન જેવું છે. મારાં લખાણો વાંચીને ઘણા મિત્રોએ મને કહ્યું છે કે જે બાબતો તેમાં આવે છે તે વાંચ્યા પછી વધારે સારી રીતે સમજાણ પડે છે. તેટલો મને સંતોષ છે. 'પ્રબુદ્ધ જીવન' ખૂબ કાળજીપૂર્વક વંચાય છે. તે મારા ઉપર આવતા પત્રો અથવા મારી સાથે થતી ચર્ચા ઉપરથી જાણ્યું છે. મારા કેટલાક વિચારો સાથે સંમત ન હોય એવા ભાઈઓ તરફથી પણ પત્રો આવે છે. તે એક સુંદર વૈચારિક પત્ર થાય તે જોવાની મારી ભાવના છે. મને બહુ સમય મળતો નથી. મારો અંગત સંપર્ક ઓછો છે. હું એટલી ખાતરી આપું કે બધા પ્રકારના વિચારો, તે જો ખરેખર ચિન્તનનું પરિણામ હશે તો, 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકટ કરવામાં જરાય સંકોચ નથી. 'પ્રબુદ્ધ જીવન' કોઈ ચોક્કસ વિચારો કે માન્યતાઓ ફેલાવવા માટે નથી. બધા વિષયો ઉપર લોકો સ્વતંત્ર વિચારતા થાય તે જ ધ્યેય છે. ઘણા લેખક-મિત્રોનો સાથ મળ્યો છે. તેમાંના કેટલાકને તો હું મળ્યો પણ નથી, તે સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. વિશેષ આભાર માનવાનો રહે છે, ભાઈ ત્र્યંબકભાઈ મહેતાનો, જેમણે મારો બોજો ઘણો હળવો કર્યો છે.

### સંતબાલનો આશ્રમ

મુનિ સંતબાલ સ્થાનકવાસી સાધુ છે. ૧૯૪૮માં ધોળકા તાલુકામાં ગુંદી ગામ નજીક, તેમણે આશ્રમ સ્થાપ્યો અને ભાલ - નળકાંઠા પ્રાયોગિક સંઘની સ્થાપના કરી. તે આશ્રમ જોવાની આ રવિવાર તા. ૭મી એપ્રિલે મને તક મળી. તેથી આનંદ થયો. ગયા વરસે ધોળકા તાલુકામાં સાબરમતીની ભારે રેલ આવી હતી, જેથી ઘણું નુકસાન થયું ત્યારે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર તરફથી તાત્કાલિક રાહત સારા પ્રમાણમાં પહોંચાડી હતી. મોટી સંખ્યામાં મકાનો પડી ગયાં છે. તેમાં ૫૦૦ મકાનોના બાંધકામ માટે કલ્યાણ કેન્દ્ર તરફથી બે લાખ રૂપિયા મંજૂર કર્યા છે. તે કામ સંતબાલની સંસ્થા અને આશ્રમના કાર્યકર્તાઓ મારફત થવાનું છે. તેના ગૃહનિર્માણ ડેપોનું ઉદ્‌ઘાટન કરવા ગુંદી ગયો હતો. તે સાથે એક બીજું કામ હતું. ખાદી બોર્ડની ભલામણથી, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા મારફત, ગુજરાતમાં નાના કારીગરોને રૂપિયા એક કરોડની લોન આપવાની યોજના મંજૂર થઈ છે. આશ્રમના મુખ્ય કાર્યકર્તા ભાઈ અંબુભાઈ, ગુજરાત સ્ટેટ ખાદી બોર્ડના પ્રમુખ છે અને તેમની ઈચ્છા હતી કે આ યોજનાની લોન વિતરણની શરૂઆત મારા હસ્તક થાય. તે માટે તે દિવસે એક સમારંભ યોજ્યો હતો, જ્યારે ફરતાં ગામડાઓમાંથી નાના કારીગરો આવ્યા હતા તેમ જ સ્ટેટ બૅન્કના ઑફિસરો આવ્યા હતા.

પણ અત્યારે હું આશ્રમ અને તેની પ્રવૃત્તિઓનો કાંઈક ખ્યાલ આપવા ઈચ્છું છું. સંતબાલ, કવિશ્રી નાનચંદ્રજી મહારાજના શિષ્ય. તેમણે દીક્ષા લીધી ત્યારથી તેમની સાથે મારો પરિચય. શ્રી નાનચંદ્રજી મહારાજ પ્રગતિશીલ વિચારના પ્રભાવશાળી વ્યકિત હતા. સંતબાલ પહેલેથી તેજસ્વી. જૈન મુનિની આચારમર્યાદાઓ તેમને અકળાવતી. કાંઈક સક્રિય સેવા કરવાની તીવ્ર ભાવના. તે કારણે ગુરુ સાથે મતભેદ થયો અને છૂટા થયા. ત્યાર પછી લગભગ દસ વર્ષ ભાલ અને નળકાંઠા પ્રદેશમાં વિચર્યા. આ પ્રદેશ ઘણો ગરીબ અને પછાત. નપાણિયો મુલક કહેવાય. પાણીની બહુ તકલીફ. અંતે ગુંદી ગામ નજીક, સાણંદના ઠાકોરે ૧૨ એકર જમીન આપી ત્યાં આશ્રમની સ્થાપના કરી, ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી. ભાલ - નળકાંઠા પ્રાયોગિક સંઘે આ વિસ્તારમાં ઘણું સુંદર કામ કર્યું છે. સન્નિષ્ઠ કાર્યકર્તાઓનું જૂથ છે.

શ્રી ગુલામ રસૂલ કુરેશી તેના પ્રમુખ છે. અત્યારે આશ્રમમાં ખાદી અને ગ્રામોદ્યોગનું કામ સારા પ્રમાણમાં થાય છે. અંબર ચરખા અને ખાદીવણાટથી ઘણાં ભાઈ - બહેનોને સારી રોજી મળે છે. તેવી જ રીતે ગ્રામોદ્યોગ મારફત સારી સંખ્યાનાં ભાઈ - બહેનોને રોજી મળે છે. હાથસાબુ, તેલની ઘાણીઓ, નાનાં ઓજારો બનાવવા વર્કશોપ, ઊનનું કામ, હાથછડના ચોખા, ગોશાળા, વગેરે કામો ચાલે છે. એક દવાખાનું છે, જેમાં કાશીબહેન ખૂબ ઉત્સાહથી કામ કરે છે, ખાસ કરી ગામડાંની સ્ત્રીઓ માટે પ્રસૂતિનું કામ. ખાદી ગ્રામોદ્યોગ ઉપરાંત શિક્ષણનું કામ બહુ સારું છે. ઉત્તર બુનિયાદી તાલીમના ધોરણે ૮ થી ૧૧ સુધીના વર્ગો ચાલે છે, જેમાં ખેતી અને ગોપાલન ઉપર ભાર મૂકયો છે. લગભગ ૭૦ વિદ્યાર્થીઓ આશ્રમમાં રહે છે. તે ઉપરાંત પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ માટે પી. ટી. સી. ના વર્ગો ચાલે છે, જેમાં ૧૨૦ શિક્ષકો બે વર્ષ સુધી આશ્રમમાં જ રહી શિક્ષણ લે છે.

ખાદી ગ્રામોદ્યોગ મારફત ગામડાંમાં ઘેરબેઠા રોજી મળવાની શકયતા અહીં જોવા મળે છે. રોજના રૂપિયા ૩ થી ૧૦ સુધી એક વ્યકિત કમાય. બીજી વિશેષતા વીજળીના ઉપયોગની. ગામડાં સુધી વીજળી પહોંચી તેનો ગ્રામોદ્યોગના કામમાં કેટલો ઉપયોગ થઈ શકે છે તે જોવા મળ્યું. તેલની ઘાણી, હાથે દળવાની ઘંટીઓ વગેરેમાં વીજળીનો ઉપયોગ થાય છે. વીજળીથી વિકેન્દ્રિત નાના ઉદ્યોગો ગામડાં સુધી પહોંચી શકે છે.

પણ પ્રત્યક્ષ કામ થાય છે તે ઉપરાંત, આ આશ્રમની સાચી કિંમત તો તે આજુબાજુના વિસ્તાર માટે કેટલું મોટું પ્રેરણાસ્થાન છે તે મુખ્ય વાત છે. ફરતા વિસ્તારમાં આ આશ્રમને લીધે સંખ્યાબંધ સહકારી મંડળીઓ થઈ છે, જે સારી રીતે ચાલે છે. પાઈપલાઈનથી આ ગામડાઓમાં પાણી પહોંચાડવાની યોજના થઈ ગઈ છે. લોકોમાં જાગૃતિ આવી છે અને આ વિસ્તારમાં કાંઈ સંકટ હોય – દુષ્કાળ, રેલ રાહત જેવું – તો આશ્રમવાસીઓની સેવા લોકોને મળે છે. આશ્રમમાંથી તૈયાર થતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો કાંઈક ભાવના લઈને ગામડાઓમાં જાય છે.

આ દેશમાં ત્યાગી પુરુષોનો આદર છે. સત્તા કે લક્ષ્મી કરતાં ત્યાગને જ આપણે ઊંચું સ્થાન આપ્યું છે. અત્યારે ભ્રષ્ટાચારની આંધી ફેલાઈ છે તે દૂર કરવાનો એક ઉપાય સાચા ત્યાગી અને પ્રામાણિક પુરુષો લોકસેવાના કામમાં લાગે તે છે. એક જૈન મુનિ ધારે તો કેટલું સમાજકલ્યાણનું કામ કરી શકે છે, તે અહીં જોવા મળે છે. આરંભ–સમારંભ અને હિંસા - અહિંસાના વમળમાં પડયા વિના, માનવ-કલ્યાણનાં કાર્યો માટે પ્રેરણાસ્રોત થઈ શકાય છે. સંતબાલે એનું ઉદાહરણ પૂરું પાડયું છે. તેમની પ્રેરણાથી મુંબઈમાં પણ માતૃસમાજ સંસ્થાઓ ચાલે છે, જેમાં ગરીબ બહેનોને રોજી મળે છે. કેટલાક સમયથી સંતબાલે પાલઘર પાસે ચીંચણીમાં આશ્રમ કર્યો છે. હવે ત્યાં રહે છે અને તે વિસ્તારમાં પણ આવું કામ આરંભ્યું છે. 'વિશ્વ-વાત્સલ્ય' સાપ્તાહિક પણ ચલાવે છે. **ચીમનલાલ ચકુભાઈ**

# કતલખાનાં, માંસાહાર અને અહિંસા

'પ્રબુદ્ધ જીવન' (૧૬-૧-'૭૪, પા. ૨૦૨)માં મુનિશ્રી યશોવિજયજીનું નિવેદન પ્રગટ થયું છે તેમાં ત્રણ દિવસ કતલખાનાં બંધ રાખવાની વિનંતી કરી છે તે ઠીક છે. એમાં કાંઈ મોટી વાત નથી.

પણ તેથી કરીને 'લાખો કરોડો મૂંગા જીવોના આશીર્વાદ' કોઈને મળી જાય એ વાતમાં માલ નથી. બહુ બહુ તો એટલું થાય કે જે જીવ એપ્રિલની ચોથીએ મરવાના હોય તે ત્રીજીએ મરે અને એવી રીતે દુર્દશાથી એક દિવસ વહેલા છૂટી જાય.

આપણે અહીંયાં કતલખાનાં અઠવાડિયામાં એક દિવસ બંધ હોય છે તો પાકિસ્તાનમાં તે બે દિવસ બંધ હોય છે. પણ તેથી ઓછા જીવ નથી મરતા; કેમ કે ઘણાખરા માંસાહારી જે દિવસે કતલખાનાં બંધ હોય તે દિવસે ખાવાની પરમાટી તેને આગલે દિવસે લઈ રાખે છે. ('ટાઇમ્સ ઑફ ઇંડિયા'ના ૨૫-૧-'૭૪ના અંકમાં વચલે પાને શ્રી ઈન્દર મલહોત્રાનો લેખ જુઓ.)

તો પછી પશુઓની હિંસા કેવી રીતે બંધ થાય? એ હિંસા બંધ થાય, જો પ્રભાવશાળી મુનિ મહારાજ તથા મહાસતીજી શ્રાવકોને બોધ કરીને એને પોતાનો ધર્મ—વીર પ્રભુના શ્રાવકો જેમ હજાર હજાર ગાયનું એક વ્રજ એવાં બે - પાંચ વ્રજ પાળતા તેમ ગાય પાળવાનો ધર્મ—પાળતા કરી મૂકે.

મુનિજીની બીજી માગણી એવી છે કે હોટેલમાં કે વીશીમાં માંસ ન પીરસાય અને જીવતા જીવ વેચાય નહિ. પણ એક પ્રજાજન જે કાંઈ ખાતો હોય તે તેને ઉપલબ્ધ ન થાય એવી માગણી કરવાનો બીજા પ્રજાજનને અધિકાર ન હોઈ શકે, કેમ કે તેમાં પહેલા પ્રજાજન ઉપર જોર-જુલમ સમાયેલો છે.

વળી મુનિજી ઇચ્છે છે કે કોઈ 'દરિયાઈ શિકાર' ન કરે. પણ ધારો કે કોઈ માછી રોજ આવો 'શિકાર' કરીને હવે કુટુંબનો નિર્વાહ કરે છે. એને કોઈ શિકાર કરતો રોકે તો એ તથા એનું કુટુંબ ખાય શું? પણ એક વાત છે. મુનિજીના શ્રાવક માછીને એક દિવસ અકતો પાળવાની વિનંતી કરે અને એ હા પાડે તો એને ચાર ટંક સાગમટે જમાડે.

વળી કહે છે કે સરકાર જૈન ધર્મનો પ્રચાર કરે. એ પ્રમાણે સૌ માગણી કરે તો આ ધર્મનો પ્રચાર કરવો અને આનો નહિ એ કેમ કરીને નક્કી કરવું?

દેસાઈ વાલજી ગોવિન્દજી

**નોંધ:** શ્રી વાલજીભાઈનું આ લખાણ મારી પાસે આવ્યું ત્યારે પ્રથમ એવો વિચાર આવ્યો કે તેને પ્રકટ નથી કરવું અને મેં તે પ્રમાણે તેમને કહેવરાવ્યું પણ ખરું. કારણ એ હતું કે ગેરસમજણથી કદાચ ખોટો વિવાદ ઊભો થાય અને ખાસ કરી નિર્વાણ મહોત્સવના સંદર્ભમાં. કતલખાનાં બંધ કરાવવાં, માંસાહાર રોકવો વગેરે બાબતમાં મુખ્યત્વે જેની અહિંસા સમાઈ જાય છે તેવા જૈનોનાં મન આ સંબંધે આળાં છે. તે વિષે બીજું દૃષ્ટિબિન્દુ રજૂ થાય તેને કદાચ અહિંસાની અશ્રદ્ધા માને અથવા નાસ્તિકતાનું લક્ષણ માને અને પ્રચારનું એક સાધન મળી જાય. પણ પછી વિચાર થયો કે આ બીજું દૃષ્ટિબિન્દુ વિચારણીય તો છે જ. તેમાં કતલખાનાં બંધ કરાવવાં કે ફરજિયાત માંસાહાર રોકવો તે વાતનો વિરોધ નથી પણ આ વસ્તુથી સાચી અહિંસાની પ્રતિષ્ઠા થતી નથી, પણ થોડો આત્મ-સંતોષ લઈ શકીએ એટલું જ થાય છે એ કહેવાનો આશય છે. સરકાર વન્ય પશુઓનો શિકાર એક વર્ષ માટે બંધ કરાવે, કતલખાનાં બેચાર દિવસ બંધ રાખે, એ આવકારપાત્ર હોવા છતાં, તેમાં જ અહિંસાનો વિજય છે એવી ભ્રમણામાં ન રહીએ તે જાણવું પણ જરૂરનું છે.

જૈનોનો અહિંસાનો ખ્યાલ મુખ્યત્વે પ્રાણીહિંસા અટકાવવા પ્રત્યે અને તે પણ બીજા પાસે શું કરાવવું, તે ઉપર રહ્યો છે. કતલખાનેથી પશુ છોડાવ્યા પછી તેની શી દશા થાય છે તે ભાગ્યે જ વિચારીએ છીએ. આવાં પશુ છોડાવતાં કસાઈને પૈસા આપીએ તેનું શું પરિણામ આવે છે તે પણ બહુ વિચારતા નથી. તાત્કાલિક અમુક પશુઓને જીવતદાન મળ્યું તે પણ ઈષ્ટ છે. પણ તે પૂરું સાર્થક કરવું હોય તો તેને માટે બીજું ઘણું કરવાનું રહે છે તે આપણે વિચારતા નથી તેમ જ કસાઈ પાસેથી પશુ છોડાવવા તે, માંસાહાર અટકાવવાનો કે પશુહિંસા રોકવાનો અસરકારક કે કાયમી ઉપાય નથી તે પણ આપણે વિચારતા નથી. આવું બધું લખતાં ઘણો સંકોચ થાય છે કારણ કે કાંઈક દયાનું કામ થતું હોય તે આવા વિચારોથી અટકી જાય તેવો ભય રહે છે તેમ જ તેને માટેનો સાચો અને અસરકારક માર્ગ અને તેને આચરી બતાવવાની શક્તિ ન હોય તો મૌન સેવવું વધારે ઉચિત છે એમ લાગે છે. છતાં આ બાબતનો મને કાંઈક અનુભવ થયો છે તેથી જ આ તકે આટલું લખ્યું છું. પાંજરાપોળો મોટે ભાગે જૈનો ચલાવે છે. તેમાં કેટલાકની અવ્યવસ્થા અને બેદરકારી, પશુઓને માટે રિબાઈને મરવાનાં સ્થાનો બને છે.

માંસાહાર છૂટે કે ઓછો થાય તો કતલખાનાં બંધ થાય. તે કામ બળજબરીથી થાય તેવું નથી. જૈન આચાર્યો અને મુનિઓ માંસાહાર છોડાવવા પ્રચાર અને બીજી પ્રવૃત્તિ કરવા તૈયાર છે? માત્ર મુસલમાનો કે ખ્રિસ્તી કે પારસી માંસાહારી છે એમ નથી. મોટા ભાગના હિન્દુઓ પણ માંસાહારી છે અને હવે જૈનોમાં પણ તે પ્રમાણ વધતું જાય છે.

પાંજરાપોળોનો ઉલ્લેખ કર્યો છે ત્યારે તે વિષે થોડું કહી દઉં. પાંજરાપોળનો મુખ્ય ઉદ્દેશ વૃદ્ધ, અપંગ, ન ધણિયાતાં પશુઓનું જતન કરવું. પાંજરાપોળ એટલે પશુઓની હૉસ્પિટલ, વૃદ્ધાશ્રમ. આમાં શુદ્ધ જીવદયાની દૃષ્ટિ છે. આ પશુઓ શાન્તિથી પોતાનું આયુષ્ય પૂરું કરે એ ભાવના છે. આમાં માત્ર ખર્ચ જ કરવાનું છે. આટલા મોટા ખર્ચને દર વર્ષે કેમ પહોંચી વળાય? કોનું ગજું છે? દેશમાં કરોડો આવાં ઢોર છે. ગરીબ, વૃદ્ધ, અપંગ મનુષ્યોની પણ આવી સારવાર કરી શકતા નથી. છતાં જેને પાંજરાપોળ ચલાવવી છે તેણે આ વિચારી લેવું. અત્યારે જે રીતે પાંજરાપોળો ચાલે છે તેમાં જીવદયાનો અંશ બહુ ઓછો છે. ભીવંડીની પાંજરાપોળમાં પશુઓના બેહાલ જોઈ એક પારસી બહેન કકળતી મારી ઑફિસે આવી અને કહ્યું કે આવી રીતે રિબાવી પશુઓને શા માટે મારો છો?

આવા ખર્ચને પહોંચી વળવાનો એક માર્ગ છે. પશુ મરી જાય ત્યારે તેનું ચામડું, હાડ, માંસ, લોહી બધું કામમાં લઈ શકાય છે. પાંજરાપોળમાં તો પશુ મરી જાય એટલે ચમારને સોંપી દે. આવું બધું કરવા આપણે તૈયાર નથી. ગાંધીજીએ ભારપૂર્વક કહ્યું હતું; મુંબઈ; કોરા કેન્દ્રમાં તે થાય પણ છે. આપણને સૂગ ચડે, ચામડાં, હાડમાંસ કોણ ચૂંથે?

આવક કરવા બીજો અક માર્ગ અપનાવવામાં આવે છે. કેટલાંક દુધાળાં પશુ પણ આવે છે. તેના દૂધના વેચાણમાંથી આવક કરવા પ્રયત્ન થાય છે. પણ તે વસૂકી જાય પછી શું? તેને નિભાવવાનું ખર્ચ કરશે? પછી દૂધ વધારવું અને આવક વધારવી તે આર્થિક દૃષ્ટિ મુખ્ય થઈ જાય છે. ડેરી બની જાય છે. આર્થિક દૃષ્ટિ વધતી જાય તેમ જીવદયાનો અંશ ઘટતો જાય. ડેરી ચલાવવાવાળા તો વસૂકી ગયેલ પશુને કસાઈખાને મોકલી દે. તેને એવું ખર્ચ પોસાય નહિ. પાંજ-

રાપોળોમાં જીવદયા અને દૂધનો વેપાર બે કામ ભેગાં થાય તેમાં બન્ને બગડે છે એવો અનુભવ થાય છે.

પાંજરાપોળ સાથે ગોસેવા પણ ભેળવી દેવાય છે. ગોસેવા અલગ અને કાંઈક સ્વતંત્ર વસ્તુ છે. તેમાં જીવદયાની દૃષ્ટિ છે પણ તે સાથે ગોવંશની સુધારણા અને આર્થિક દૃષ્ટિ પણ છે. ગાંધીજીએ આદર્શ ગોશાળાઓ માટે ઘણું કર્યું. હવે ગાંધીજીએ સ્થાપેલ અથવા તેમની પ્રેરણાથી થયેલ ગોશાળાઓમાં પણ આર્થિક દૃષ્ટિ પ્રધાન થતી જાય છે અને જીવદયા ગૌણ થતી જાય છે. કૃત્રિમ ગર્ભાધાન અને સંકર-ક્રૉસ બ્રીડ-પ્રયોગોથી દૂધનું ઉત્પાદન વધારવું એ મુખ્ય લક્ષ્ય બનતું જાય છે, એટલે હદ સુધી કે વાછડા જન્મે તો તેને ઉછેરવાનું ખર્ચ ન પોસાય તેથી કસાઈને સોંપી દેવા તેવો વિચાર અને તે પ્રમાણે વર્તન કેટલેક સ્થળે થાય છે. એમ સ્પષ્ટ કહેવામાં આવે છે કે મનુષ્યને બચાવવો હશે તો કેટલાંક પશુઓને મરવા દેવાં પડશે. પશ્ચિમમાં જે ઢબે ડેરીઓ ચાલે છે તે ધોરણ પ્રમાણે ગોશાળાઓ પણ ચલાવવી એવો મત કેટલાક ગાંધીવાદીઓનો પણ થતો જાય છે. આ વિષે ખૂબ વિવાદ ચાલે છે. વિનોબાજીએ કૃત્રિમ ગર્ભાધાન અને વાછડાને મરવા દેવા બન્ને બાબતનો સખત વિરોધ કર્યો છે. તેમનું સાંભળવા પણ તૈયાર નથી. કૃત્રિમ ગર્ભાધાનથી ગાયોને જનન મશીન બનાવી દઈએ છીએ, સંભોગની તૃપ્તિ નહિ હોય તો પ્રસૂતિની વેદના સહન કરવાનું મન કે બળ નહિ રહે, તેમાં પ્રેમનો અંશ નથી એટલે રાક્ષસી ઓલાદ પેદા થશે, એવું ઘણું તેમણે કહ્યું છે. બળદની આર્થિક દૃષ્ટિએ પણ ઉપયોગિતા છે તેથી વાછડા ઉછેરવા જરૂરનું છે. પણ એમ કહેવામાં આવે છે કે હવે ખેતી ટ્રેક્ટરથી થવાની છે માટે બળદની એટલી જરૂર નથી.

હમણાં એમ પણ ગહાર આવ્યું છે કે વિદેશી હૂંડિયામણ મેળવવા ત્રણ કરોડ વૃદ્ધ, વસૂકી ગયેલ ગાયોના માંસની નિકાસ કરવાનો સરકાર વિચાર કરે છે.

આ બધા વિચારો મારા મનમાં ઘણા સમયથી ઘોળાય છે. તેને ટપકાવવાની શ્રી વાલજીભાઈના લખાણથી આ તક લીધી છે. જૈનો અને જૈન મુનિઓ ખાસ કરી આ વિચારે એવી મારી નમ્ર વિનંતી છે. ઘણો વિશાળ અને ગહન પ્રશ્ન છે. જીવદયાને નામે જૈનો કરોડો રૂપિયા ખરચે છે. જૈન મુનિઓ કતલખાનાં બંધ કરાવવા અથવા માંસનું વેચાણ રોકવા ઉપર જ દૃષ્ટિ ન કરતાં, તેના મૂળમાં જાય – જો ખરી જીવદયા કરવી હોય તો – અને જીવદયા કર્યાના ઉપલકિયા આત્મસંતોષથી ભ્રમમાં ન પડીએ. તેનો એક દાખલો આપું.

સ્થાનકવાસી કૉન્ફરન્સના મંત્રી શ્રી આનંદરાજ સુરણા જીવદયાપ્રેમી છે. તેમને પ્રાણીમિત્રનો ઈલકાબ આપ્યો છે. ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ પ્રસંગે કતલખાનેથી ૨૫૦૦ ગાયો છોડાવવી એવો અભિયાન આદર્યો છે અને લાખો રૂપિયા તે નિમિત્તે મેળવે છે, સમાજ આપે છે. તેમની ઉંમર ૮૨ વર્ષની છે. સખત હૃદયરોગનો હુમલો થયો છે, બિલકુલ સાંભળી શકતા નથી. ૨૫૦૦ ગાયો ક્યાંથી છોડાવશે, પછી તેનું શું કરશે તે વિષે કાંઈજ માહિતી નથી છતાં નિર્વાણ મહોત્સવ ઉપર સૌથી અગત્યનું આ જ કામ હોય તેમ તેમાં લાગ્યા છે અને બીજા મહત્ત્વનાં કાર્યો પ્રત્યે ઉપેક્ષા છે. હિન્દી 'જૈન પ્રકાશ'માં આ એક જ વાત દર સપ્તાહે આવે છે અને લોકો પૈસા મોકલે છે. મોકલનાર જાણતો પણ નથી કે તેના પૈસાનો શો ઉપયોગ થવાનો છે, પણ જીવદયાનું નામ છે.

ચીમનલાલ ચકુભાઈ

# ભદ્રેશ્વરમાં વિપશ્યના સાધના શિબિર

થોડાં વર્ષો પૂર્વે પ્ર. જી.માં વિપશ્યના સાધના અંગે પ્રગટ થયેલ લેખ વાંચેલો ત્યારથી વિપશ્યના સમજવા આતુરતા રહેલી. સદ્‌ભાગ્યે ગત વર્ષે કચ્છ ભદ્રેશ્વર મુકામે તા. ૧૯-૧૧-'૭૩થી ૨૯-૧૧-'૭૩ સુધી વિપશ્યના સાધના શિબિરનું આયોજન થયું, જેમાં જૈનના ૮ સાધુ, ૧૬ સાધ્વીજી, ૬ ભા. દીક્ષિત બહેનો, ૩૪ મહિલાઓ, ૫૦ પુરુષો મળી ૧૧૪ સાધકો હતા.

વિપશ્યના સાધનાદર્શક આચાર્યશ્રી ગોએન્કાજી સાત્ત્વિક ને કરુણાશીલ છે. ૧૦ દિવસના કાર્યમાં બધા સાધકોને યોગ્યતા મુજબ ધર્મલાભ પ્રાપ્ત થયો છે. શરૂઆતના ત્રણ દિવસ સુધી સમગ્ર ચિત્ત શ્વાસોચ્છ્વાસ પર કેન્દ્રિત કરવાનું હતું. આચાર્યશ્રી કહેતા, દરેક સાધક આંખો-મોઢું બંધ કરી નાકની જમણી બાજુથી, ડાબી બાજુથી કે બંને બાજુથી, અવરજવર કરતા શ્વાસને જુઓ; અંદર જતો શ્વાસ કે બહાર આવતો શ્વાસ તમારી જાણકારી વિના ન જવો જોઈએ. આ રીતે શ્વાસોચ્છ્વાસ લેતાં નાસિકાના અગ્રભાગે હોઠ ઉપર જે કાંઈ ઉષ્ણતા થાય, શીતલતા થાય, ગણગણાટ થાય, કે ચમચમાટ થાય, કે સંવેદના થાય, દુઃખદ સંવેદના થાય કે સુખદ સંવેદના થાય, તેના પ્રત્યે રાગરંજીત ન બનો, દ્વેષદૂષિત ન બનો, મોહવિમૂઢિત ન બનો. આ બધી સંવેદનાઓ અનિત્ય છે, અનિત્ય છે, એમ સમજી શરીરના તમામ ધર્મો પ્રત્યે દ્રષ્ટા તરીકે રહો. આવી રીતે ૩ કલાક અધિષ્ઠાનની બેઠકમાં બહુ જ શાંત વાણીથી બધાંને સંબોધતા ને દરેક સાધકો શ્વાસ ઉપર મન કેન્દ્રિત કરતા; જો કદાચ મન બહારના વિષયોમાં જાય તો ઊંડા શ્વાસ લઈ મનનો નિગ્રહ કરવાનું ફરમાવતા.

ચોથા દિવસે ૧૧૪ સાધકોને વિપશ્યનાં આપી, આપણા મનને આખા શરીરમાં કેવી રીતે લઈ જવું તે હકીકત બધા સાધકોને સમજાવી; વિધિ બતાવ્યો. સાધકોને સર્વપ્રથમ મસ્તકના તાળવે મન લાવવાનું કહ્યું, ત્યાર બાદ આખા મસ્તકમાં, કપાળમાં, આંખોમાં, નાસિકા પર, હોઠ પર, દાંત પર, જીભ ઉપર, કાન પર, જમણા ખભે, હાથમાં, પાંચ આંગળીઓ ને હથેળીમાં; આવી જ રીતે ડાબા હાથમાં, ગળામાં, છાતી ને પેટ પર; વાંસામાં, જમણ પગે ઘૂંટણમાં, આંગળીઓ ને તળિયામાં; આવી જ રીતે ડાબા પગમાં ફેરવવાનું કહેતા, બધા સાધકો મૌનપણે આંખો બંધ કરી એ રીતે કરતા. (અમારા માટે આ નવું જ હતું) એ મનને ૨-૩ મિનિટ દરેક અંગો પર રાખતાં જુદા જુદા પ્રકારની સંવેદનાઓ થવા લાગી. આમાં કોઈ હિપ્નોટિઝમ કે મેસ્મેરિઝમ ન હતો, પણ બધાને પોતાના ક્રમથી મળતું. આવી રીતે માથાથી પગ સુધી, પગથી માથા સુધી, આખા શરીરમાં ચૈતન્ય જગાડવાનો માર્ગ ૭ દિવસ સુધી બતાવેલો ને ત્યાં શિબિરાર્થી ત્યાગીવર્ગને સારો લાભ મળ્યો. દરરોજ સવારે ૯-૩૦થી ૧૦-૩૦ સુધી પ્રવચન થતું. બધા સાધકો અપ્રમત્તપણે સાધના કરતા ને ૧૦મા દિવસે પૂર્ણાહુતિ વખતે આ વિપશ્યના ગૃહસ્થવર્ગને સવાર-સાંજ ૧-૧ કલાક ને ત્યાગીવર્ગને નિરંતર ચાલુ રાખવાનું સૂચન કરેલું. ૧૦ દિવસની સાધના બતાવ્યા બાદ અધિષ્ઠાનની બેઠકમાં બધાંને સંબોધતા કે સચેત રહો, સજાગ રહો, સાવધાન રહો. તમારું મન કોઈ પણ વિષયમાં ન જાય જેથી મનોનિગ્રહ માટે જ આ સાધના છે. આવી રીતે વારંવાર ભલામણ કરતા. ધ્યાનની બેઠક પછી ૬-૭ જણાને બોલાવી તેમને પૂછતા કે તમને સમજાય છે? જો સાધકને ન સમજાય તો સામે બેસાડી કંઈ પણ કંટાળો લાવ્યા વિના સમજાવતા. શિબિરની શુભ ભાવનાથી પૂર્ણાહુતિ થતાં બીજા દિવસે બધાં પોતાનાં સ્થાને ગયાં. આ શિબિરસાધના બૌદ્ધ ધર્મની છે ને જૈન સાધુ-સાધ્વીજીઓ બેઠાં જેથી આ કચ્છ દેશના ચતુર્વિધ સંઘના કોઈ કોઈ સંપ્રદાયમાં વિરોધ થયેલો. ઘણા શ્રાવકો દર્શન કરવા આવેલા તો કેટલાક

શ્રાવકો ત્યાગીવર્ગ ત્યાં શું કરે છે, ધ્યાન કેમ કરે છે વગેરે બાબતોની ચોકસાઈ કરવા આવેલા. કેટલાક શ્રાવકો માને છે કે સાધ-સાધ્વીઓએ ત્યાં શિબિરમાં જઈ બધું ગુમાવ્યું છે. પ્રતિક્રમણ પડિલેહણ કરતા નહીં. આવી વાતો પ્રચાર પામી છે. પરંતુ વિપશ્યના શિબિરમાં બેઠેલા બધા ત્યાગીઓ પોતાની એકેએક ક્રિયાઓનું વિધિસર પાલન કરીને જ ત્યાં ગયા છે ગમ બધાએ સમજવાનું છે. કોઈ કહે કે જૈનોમાં શું ધ્યાન નથી? ત્યાં અન્ય દર્શનની ક્રિયા શા માટે કરવી જોઈએ? મારું નમ્ર મંતવ્ય છે કે જૈનોમાં બધું છે, ધ્યાનના ઘણા ગ્રંથો પણ છે. ભગવાન મહાવીરે પણ શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન મેળવેલું. ત્યાર પછી થયેલા ધુરંધર આચાર્યો પણ ઉત્કૃષ્ટ કોટિનું ધ્યાન કરતા. આચાર્ય ભગવાન ભદ્રબાહુ સ્વામી મહાપ્રાણ ધ્યાન કરવા (૧૨ વર્ષ માટે) નેપાળમાં ગયાનો ઈતિહાસ છે. આચાર્ય હરિભદ્રસૂરી, માનતુંગસૂરી, હેમચંદ્રસૂરી આનંદઘન મ. ચિદાનંદજી, શાંતિવિજયજી, બુદ્ધિસાગરજી વગેરે આચાર્યો વિધિસર ધ્યાન કરતા. પરંતુ જ્યારથી ત્યાગીવર્ગને ગૃહસ્થવર્ગને પોતાના સંપ્રદાયમાં આકર્ષણ કરવાનું થયું, ગૃહસ્થોનો પરિચય વધ્યો, ત્યારથી ધ્યાન જેવી પવિત્ર વસ્તુ ઘટવા લાગી. આજે જૈનોમાં પ્રખરતા સાધુઓ છે, લેખકો છે, કવિઓ છે, પોતાનો પ્રભાવ જૈન સમાજ ઉપર પાડે એવા ધુરંધરો છે છતાં પણ ત્યાગીઓમાં અન્ય જૈન સંપ્રદાયો પ્રત્યે ઘણી વાર ધિક્કાર-તિરસ્કારની ભાવના દેખાય છે. ઉદારતા, સહિષ્ણુતા કે સમત્વ યોગ અલ્પ છે. એક જ સંપ્રદાયના જૂથમાં પણ સૌજન્ય, મૈત્રીભાવ નથી મળતો. ચિત્તનો સંક્લેશ પણ હોય છે. આ બધાંનું કારણ જેનાથી અશાંત મન શાંત બને, ઉદ્વિગ્ન થયેલું મન સમરસ બને એવું ધ્યાન નથી. જ્યારે પણ શ્રમણવર્ગમાં ધ્યાન માટે તૈયારી રહેશે ત્યારે ધ્યાન કરતાં કરતાં સ્વયં સાંપ્રદાયિક વ્યામોહ ઘટી જશે. અહં અને મનનાં તમામ બંધનો છૂટી જશે. બધાં મારાં છે, હું બધાંનો છું એવા ઉચ્ચ ઉદાત્ત પવિત્ર વિચારો તેના મસ્તકમાં સતત ઘૂમ્યા કરશે. આજે અમે ધ્યાનયોગની ઘણી વ્યાખ્યાઓ કરીએ છીએ. રાગદ્વેષ, મોહ ઘટાડવા સભાઓમાં બુલંદ સ્વરે કહીએ છીએ, અષ્ટાંગ યોગની વાતો, કે યોગની વ્યુત્પત્તિઓ સમજાવીએ છીએ, મનોનિગ્રહ માટે ઘણા બોધ આપીએ છીએ, પણ કોઈ કહે કે મનોનિગ્રહ અમને કરાવો, ઉત્તેજિત થયેલા ચિત્તને શાંત કરવાનો વિધિ બતાવો તો તે વિધિ નથી મળતો. કારણ કે ધ્યાન વસ્તુ જ અત્યારે દેખાતી નથી. આ વિપશ્યના સાધનામાં જે રીતે મનને કેન્દ્રિત કરવા, આખા શરીરમાં ચૈતન્ય જગાડવા, શરીરમાં થતી સંવેદનાઓ પકડવા જે પ્રગટ રીતે બતાવવામાં આવ્યું એવી રીતે કોઈ પણ જૈન આચાર્ય જો આવી મનોનિગ્રહની ક્રિયા બતાવશે તો જિજ્ઞાસુઓ તૈયાર જ છે, ફક્ત આ માર્ગ માટે બહાર આવનાર જોઈએ.

આ બૌદ્ધદર્શનની સાધનાનો એક ભાગ છે તે જાણવાથી કે ત્યાં જવાથી જો વિરોધ થાય છે તો અત્યારે સમગ્ર બૌદ્ધદર્શન કે ષટદર્શન જાણવા કોઈ શ્રમણ તૈયાર થાય તો આજનો જૈન સમાજ મંજૂરી આપે કે કેમ એ સવાલ છે. જૈનોમાં થયેલા પૂર્વાચાર્યો ષટ્દર્શનના જાણકાર હતા. ૨૧ મા તીર્થંકરની સ્તવનામાં યોગીરાજ આનંદઘનજીએ પણ કહ્યું છે કે –

ષટ્ દરિસણ જિન અંગ ભણીજે
ન્યાસષડંગ જો સાધે રે
નમિ જીનવરના ચરણ ઉપાસક
ષટ્ દરિસણ આરાધે રે (ષટ્) ૧.

જૈનદર્શનમાં સ્થિર થવા માટે પણ ષટ્દર્શન સમજવા જોઈએ એમ ઉપરનું પદ કહે છે. ત્યારની ઉદારતા, સહિષ્ણુતા કેવી રીતે કહી શકાય, ઉપમિતિ ભવપ્રપંચાકથાકાર સિદ્ધર્ષિ ગણી ૨૧ વાર બૌદ્ધદર્શન જાણવા ગયેલા પણ ત્યાંનો અભ્યાસ કર્યા બાદ તેઓ જૈનદર્શનમાં જ સ્થિર થયેલા.

આચાર્ય હરિભદ્રસૂરી મ. એ પોતાના હંસ ને પરમહંસ નામે બે શિષ્યોને બૌદ્ધદર્શન જાણવા અનુજ્ઞા આપેલી; શ્રાવકોમાં વસ્તુપાળ તેજપાળ સ્વધર્મમાં નિશ્ચળ છતાં અન્ય ધર્મો પ્રત્યે એટલા જ સહિષ્ણુ, ઉદાર હોવાથી મુસ્લિમોને નમાજ પઢવા ૫૧ જેટલી મસ્જિદો બંધાવી આપેલી એવું સાંભળ્યું છે. આવી ઉદારતા અત્યારે બહુ જ ઓછી જોવા મળશે.

આજે અનેક જૈનો આ વિપશ્યના સાધનામાં જાય છે, ને જવાના છે, પણ આમ કાગારોળ કરવાથી–વિરોધ કરવાથી શું થવાનું છે? આના કરતાં કોઈ પણ પૂજ્ય આચાર્ય જૈનદર્શનમાં કહેલ ધ્યાનની વિધિ બતાવે, મનોનિગ્રહનો પ્રશસ્ત પ્રત્યક્ષ માર્ગ બતાવે તો કાંઈ સત્ય પ્રાપ્ત કરવા ઈચ્છતા જૈનો એ તરફ અવશ્ય નમવાના છે.

શ્રી વિનોદચંદ્રજી મુનિ

## જૈન સુભાષિતો

**स्वस्थानात् यत् परं स्थानं प्रमादस्य वशात् गतः**
**तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते !!**

(વિજયલક્ષ્મીસૂરિજી: ઉપદેશપ્રાસાદ ૩, ૧૫૩)

પોતાને ઠેકાણેથી માણસ ભૂલથી કઠેકાણે જઈ ચડ્યો હોય ત્યાંથી પાછો ઠેકાણે આવી જાય એનું નામ પ્રતિક્રમણ; (ગોઢેથી ચોપટના જેવો પાઠ કરી જાય એનું નામ નહિ).

જં જણ કયં કમ્મં
અન્નભવે ઈહભવે અ સત્તોણ
તં તેણ વેદિઅવ્વં
નિમિત્તમત્તં પરો હોઈ

આ ભવે કે બીજે ભવે માણસે જે કામ કર્યું હોય, તેનું ફળ જ તે ભોગવે છે; બીજા માણસ તો તેમાં નિમિત્તમાત્ર જ બને છે.

(ભાવનગરનું ઉત્તરાધ્યયનસૂત્ર પા. ૨૧૨)

**यस्याराधन होमजापनियमं किं तेन दानं विना ।**
**नानारत्नसमन्वितं यदि गृहं किं तेन पुत्रं विना ।।**

(રત્નમાલા, ૨૪૦)

આરાધના, હોમ, જપ કરે, નિયમ પાળે, પણ તે દાન વિના નિરર્થક:. ઘરમાં હીરામાણેક મોતી હોય પણ પુત્રરત્ન ન હોય તો તે નકામાં.

* * *

## સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

ગયા વર્ષ ૧૯૭૩ ના ઘણા સભ્યોનાં લવાજમો હજુ બાકી છે. તો, ગયું વર્ષ અને ચાલુ વર્ષ ૧૯૭૪ – એમ બે વર્ષના લવાજમના રૂ. ૨૦/– કાર્યાલયમાં મોકલી આપવા, તેમ જ માણસ લવાજમ લેવા આવે તો તેને આપી દેવા વિનતિ કરવામાં આવે છે.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ.

## બહેનો માટે શકિતદળ આયોજિત ગ્રીષ્મ શિબિર

તા. ૧લી મેથી ૨૧ મે, ૧૯૭૪ સુધી સાપુતારામાં બહેનોની સંસ્થા 'શકિતદળ' તરફથી એક ગ્રીષ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં ૧૮ થી ૫૫ વર્ષ સુધીનાં બહેનો પ્રવેશ મેળવી શકશે.

આ શિબિરમાં શારીરિક અને આધ્યાત્મિક તાલીમ આપવામાં આવશે.

છાત્રનિવાસ તથા ભોજનખર્ચના ત્રણ સપ્તાહના રૂ. ૧૩૫ ભરવાના રહેશે, જ્યારે ટ્રેઈન - બસનો પ્રવાસ સૌ સૌનો અલગ રહેશે.

વિશેષ માહિતી: ફોન નંબર ૩૫૦૧૭૬ તથા ૩૬૪૨૫૧ માંથી મળી શકશે.

# માનવીય ક્રાંતિ

[ ગત પર્યુષણ વ્યાખ્યાનપાળામાં આપેલા વ્યાખ્યાનનો સાર ]

આ જીવનનિષ્ઠાનો વિષય છે. 'માનવીય ક્રાંતિ' વિશે કેટલાક પ્રશ્નો પૂછી લેવા જરૂરી છે. ક્રાંતિ માટે પરિસ્થિતિ કેવી હોવી જોઈએ? મુંબઈની વાત કરતા હોઈએ તો આવી પરિસ્થિતિ અહીં મોજૂદ જ છે. આજે ઠેકઠેકાણે રસ્તાઓમાં Bottlenecks જોવા મળે છે. અહીં તો નિરાંત મેળવવા માટે ઉતાવળ થતી હોય છે. વ્યક્તિગત જીવનની આવી કંઈક પરિસ્થિતિ છે. સામાજિક પરિસ્થિતિ વિશે ખૂબ સાંભળ્યું છે. એ ખૂબ વિકટ છે.

ક્રાંતિ માટે બે પ્રકારના લોકો જોવા મળે છે. એક એવા છે કે જેમને ક્રાંતિ સાથે પ્રીતિ હોય છે. એ વર્ગ ક્રાંતિનું નામ સાંભળતાં કે જોતાં જ લાગણી તે પર વારી જાય છે. જ્યારે બીજા પ્રકારના લોકોને એનું નામ સાંભળતાં કે એને જોતાં ભીતિ ઊપજે છે. પરંતુ બંનેને એનું ભાન નથી હોતું. આ માટે પરિસ્થિતિમાં ક્રાંતિ આવશ્યક દેખાતી હોય તો તે કઈ રીતે એ અંગે વિચારવું જોઈશે. એમ થાય તો ક્રાંતિ અંગે સમત્વ બુદ્ધિનો વિચાર કર્યો કહેવાશે.

ક્રાંતિ એ સૌથી પહેલાં વિજ્ઞાનયુગની વિશેષતા છે. જરાક ઈતિહાસ તપાસીએ તો છેલ્લાં એકાદ હજાર વર્ષોમાં જેટલી ક્રાંતિઓ થઈ એટલી છેલ્લાં ૨૫૦ વર્ષોમાં થવા પામી છે. આ ચાલીસો વર્ષમાં જેટલી સફળ-વિફળ ક્રાંતિઓ થઈ છે એટલી છેલ્લા ચાલી દાયકામાં થઈ છે. આ એક સૂચક Graph છે. આધુનિક યુગમાં આ Graph સીધો જાય છે.

ટેકનોલૉજી સમાજને બદલ્યા વગર રહેતી નથી, પરંતુ માનવી પોતાની જાતને એમાં ગોઠવી નથી શકતો, એ ગોઠવવા મથતો હોય છે. એને પરિણામે વધુમાં વધુ ક્રાંતિ થતી રહે છે.

માનવી સમક્ષ આજે બે સ્પષ્ટ વિકલ્પો છે. એણે ઝડપથી નવાં કદમ માંડનારાઓ અથવા બદલનારાઓ સાથે ઝડપી પ્રયાસ કરવા પડશે, નહીં તો એને આત્મહત્યા કરવાનો વારો આવશે. અને આપણને હવે આત્મહત્યા કરવાનો કોઈ રસ નથી. તો પછી યુગને યોગ્ય કરવામાં રસ રાખવો પડશે.

ક્રાંતિ કોને કહેવાય? સામાન્યપણે આપણે ક્રાંતિ એટલે કંઈક પરિવર્તન હોય એમ માનીએ છીએ. અત્યારે ઊભો છું અને શીર્ષાસન કરું તો પણ એ પરિવર્તન છે, પરંતુ એ ક્રાંતિ નથી. કદાચ એને ઉત્ક્રાંતિ કહી શકાય. ક્રાંતિ માટે બીજાં કેટલાંક તત્ત્વોની પણ જરૂર છે. આ માટે મૂલ્ય-પરિવર્તન, સમાજના માળખામાં પરિવર્તન અને માનવીની મનોવૃત્તિમાં પરિવર્તન આવવું જરૂરી છે. આ બધું ઝડપી રીતે થાય તો તેને આપણે ક્રાંતિ કહી શકીએ.

મૂલ્યોમાં પરિવર્તન લાવવું જોઈએ એ પહેલી વાત છે; સમાજના માળખામાં પરિવર્તન લાવવું એ બીજી વાત છે; અને મનોવૃત્તિમાં પરિવર્તન લાવવું એ ત્રીજી વાત છે. તો સૌ પહેલાં મૂલ્યો છે તે કયાં? એ માટે કુટુંબમાંથી પ્રારંભ થવો જોઈએ.

લાલચ, પ્રતિષ્ઠા કે ભય એને આપણે મૂલ્યો માન્યાં છે. સમાજમાં આપણને આ બધું કયાંક ને કયાંક જોવા મળે જ છે. માણસને આ ત્રણેએ આગળ ચલાવ્યો છે. એ પહેલાં શકય હતું, પણ આજે એ ચાલે તેમ નથી. આજે નવાં મૂલ્યો સ્થાપવાં જોઈએ. એવું થાય તો એનું નામ માનવીય ક્રાંતિ થઈ કહેવાય.

વિનોબાજીએ ત્રણ શબ્દો આપ્યા છે: નિર્ણય, નિષ્પક્ષ અને નિર્ભય. પેલાં મૂલ્યોના આ ત્રણ સામા ગુણો છે. હવે આને વ્યકિત માટેના ગુણ રાખવા નથી. એને સામાજિક મૂલ્યોમાં લાવવા છે. વ્યક્તિગત મૂલ્યો સામાજિક મૂલ્યોમાં બદલાઈ જવાં જોઈએ. આવું થાય ત્યારે ક્રાંતિ થાય છે

આપણા સમાજના માળખામાં ત્રણ પાયા છે. એને ય બદલવાની જરૂર છે. એમાં આજે ઊધઈ લાગી ગઈ છે. આ પાયા છે - સંપત્તિ, સત્તા અને સેના. આ ત્રણેયની ઉપર પ્રતિષ્ઠિત સમાજ ખડો છે.

સંપત્તિ માત્ર ભાઈ - ભાઈ વચ્ચે કલહ કરાવે છે એટલું જ નથી. હવે માણસ એ જાણતો થયો છે કે આ સંપત્તિથી એને જોઈતું સુખ મળી શકતું નથી. એને આની અનુભૂતિ થાય છે. સંપત્તિમાં સમાધાન નથી, ચેન નથી. અતિશ્રીમાં રહેલા સમાજને અતિશ્રીમાં સમાધાન નથી. એમાં ચોટલી મર્યાદા આવી જાય છે.

સત્તાનું ય એવું છે. એ અંગે ક્રાંતિ કરનારાઓ અને સુધારાવાળાઓ પણ વિચારતા થયા છે. આજના પાયાના કોયડામાં સત્તા જરા પણ ચાવકતી નથી.

હવે સેનાની વાત લઈએ. યુદ્ધ એક નિરર્થક પ્રક્રિયા છે એમ યુવાનોને આજે લાગતું થયું છે. એને જીવનનું મૂળતત્ત્વ મળી ગયું છે. એમાં શૌર્ય અને વીર્યનાં તત્ત્વો ઓછાં થાય છે અને ક્રૌર્યનાં તત્ત્વો વધી ગયાં છે.

જે આવતી કાલને આજની ક્રિયામાંથી સર્જવી છે એ માટે એને યોગ્ય સંસ્થા નથી.

સંપત્તિને સ્થાને શ્રમ જેવું હોવું જોઈશે એમ કહીશ તો હું માર્કસવાદી લાગીશ. એથી એને માટે હું 'સહભોગ' શબ્દ વાપરીશ. એની સાથે ઉત્પાદન કરવું છે, સાથે ઉપભોગ કરવો છે. પરંતુ અહીં એનો સંકીર્ણ અર્થ નથી. જેમાંથી સમાજ બને છે એવા કોઈક મૂલ્યોને સંપત્તિસ્થાને મૂકવાં પડશે. શ્રમ અને સહભોગ આ સ્થાન લઈ શકે. સંપત્તિ એને માટે સાધન બનવી જોઈએ.

સત્તાને માટે સેવા શબ્દ વાપરીએ તો કોઈ આપત્તિ નથી. પણ સેવાનું ગોત્ર બની જાય તો પછી આપત્તિ આવી જાય છે. સેવા proffessional બની જાય તો એ ખતરો છે.

હું જાગું, સમજું અને પોતાના પગભર બનીને આત્મનિર્ભર બનું એ જરૂરી છે. આ માટે સેવા થવી જોઈએ. સેનાને ઠેકાણે શાંતિ અને સહકારની આવશ્યકતા છે.

આજના યુગમાં યુદ્ધ દૂર કરવું હોય તો આજના સાર્વભૌમત્વમાંથી નાનો શો એક અંશ પણ છોડવો પડશે. અહીં વિશ્વસરકારની વાત છે. રાષ્ટ્રીયતાની લાગણીને પણ વધારે સ્વસ્થ બનાવવી પડશે. આજે ભારતના નકશા પર ભારતીય નાગરિક જડતો નથી. જ્યાં જુઓ ત્યાં મરાઠી, ગુજરાતી, મુસ્લિમ, હિન્દુ વગેરે જોવા મળે છે.

ભારતીય નાગરિક ન બનીએ તો એ રાષ્ટ્રીયતા શા કામની? આ સંસ્કૃતિ નથી, વિકૃતિ છે. એને સંસ્કૃતિ બનાવવી જોઈશે. મનોવૃત્તિ પણ બદલવી પડશે.

સ્વાર્થનાંથી પરાર્થ અને તેમાંથી પરમાર્થ થાય એ જરૂરી છે. આમાં ક્ષિતિજ વધારવાની વાત છે. આપણાં કુંડાળાં પહોળાં કરવાં જોઈએ. મનોવૃત્તિનો વિકાસ કરવો જોઈશે. પરંતુ આજે તો પરિસ્થિતિની આ અસહ્યતા છે.

ક્રાંતિ કેટલા વખતમાં થાય એનો ઉત્તર કદાચ એ હોઈ શકે કે આપણે-તમે અને હું-જેટલા સમયમાં ક્રાંતિ કરીએ એટલા વખતમાં ક્રાંતિ થવાની. એ બીજગણિતનો પ્રશ્ન છે. એ ગણિત કે જ્યોતિષનો પ્રશ્ન નથી. Revolution begins at home. એમ ક્રાંતિ પોતાની જાતથી કરવી જોઈશે. બીજા પર આધાર રાખવાથી નહીં ચાલે. તો પછી એ ક્રાંતિ રહેતી જ નથી. આપણે જે કુંડાળામાં છીએ તે વિષચક્રના બિન્દુ પર આપણે છીએ અને એ પર આઘાત કરવો જોઈએ. એ માટે લોકનિષ્ઠા રાખવી પડશે. મનુષ્ય પર વિશ્વાસ રાખવાથી માનવીય ક્રાંતિ આવી શકશે. જે મનોવૃત્તિને બદલવી છે તેનું કેન્દ્રબિન્દુ માણસ છે તે ખ્યાલમાં રાખીને કામ કરવું રહેશે.

નારાયણ દેસાઈ

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

## તા. ૩૧-૧૨-૧૯૭૩ ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું | રૂા. પૈ. | રૂા. પૈ. | મિલકત અને લેણું | | |
|---|---|---|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ:** | | | ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૪,૫૬૧-૦૦ | | ૭ ટકાના રાવળગાંવ સુગર ફાર્મ | | |
| **શ્રી પુસ્તક ફંડ:** | | | કું. લિ. ના ડિબેન્ચરો ૧૦૦૦૦ ના. | ૧૦,૦૦૦-૦૦ | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫,૫૦૦-૦૦ | | ૭ ૧/૨ ટકાના તાતા લોકોમોટિવ એન્જિ. કું. લિ. ના ડિબેન્ચરો રૂા. ૬,૦૦૦ના. | ૬,૧૬૩-૫૦ | |
| **શ્રી ફરનીચર ફંડ** | | | | | ૧૬,૧૬૩-૫૦ |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૪૦૦-૦૦ | | ફરનીચર (ચોપડા પ્રમાણે) | | |
| | | | ગયા સરવૈયા મુજબ બાકી | ૩,૪૬૦-૯૩ | |
| દેવું | | ૩૨૪૬૧-૦૦ | બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા | ૨,૨૬૧-૯૩ | |
| પુસ્તકો અંગે ડીપોઝીટ | ૯,૫૯૬-૦૦ | | | | ૧,૧૯૯-૦૦ |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘ | ૧૦,૩૭૬-૯૪ | | પુસ્તકો: (ખરીદ કિંમતે) | | |
| સ્ટાફ પ્રો. ફંડના | ૩,૫૯૪-૪૨ | | ગયા સરવૈયા મુજબ બાકી | ૨૨,૨૧૧-૨૨ | |
| | | ૨૩,૫૬૭-૩૬ | ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના | ૨,૧૭૩-૪૫ | |
| | | | | ૨૪,૩૮૪-૬૭ | |
| | | ૧૬,૦૨૮-૩૬ | બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા | ૧૬,૭૩૦-૬૭ | |
| | | | | | ૭,૬૫૪-૦૦ |
| | | | લેણું: | | |
| | | | ઈન્કમટેકસ રીફંડનું | ૪૨૮-૦૦ | |
| | | | ડિબેન્ચરના વ્યાજના બાકી | ૪૫૦-૦૦ | |
| | | | | | ૭૭૮-૦૦ |
| | | | રોકડ તથા બૅંક બાકી: | | |
| | | | બૅંક ઓફ ઈન્ડિયા, સેન્ડ-હર્સ્ટ રોડ (ચાલુ ખાતું) | ૧,૨૧૧-૯૮ | |
| | | | રોકડ પુરાંત | ૩૮-૬૯ | |
| | | | | | ૧,૨૫૦-૬૭ |
| | | | **શ્રી આવક-ખર્ચ ખાતું** | | |
| | | | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૦,૭૮૪-૬૮ | |
| | | | બાદ: વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો | ૧,૯૦૧-૪૯ | |
| | | | | | ૨૮,૮૮૩-૧૯ |
| | | | | | ૫૬,૦૨૮-૩૬ |

### ઑડિટર્સનો રીપોર્ટ

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૭૩ ના દિવસનું ઉપરનું સરવૈયું મજકૂર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા, ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસારના જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું,
મુંબઈ, તારીખ: ૧૦-૪-૭૪ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ - ઑડિટર્સ

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

## તા. ૩૧-૧૨-૭૩ ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | | | ખર્ચ: | | |
|---|---|---|---|---|---|
| ડિબેન્ચરોના વ્યાજના | ૧,૧૫૦-૦૦ | | ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ: | | |
| બૅંકના વ્યાજના | ૭૨-૧૩ | | કેળવણી વિષયક: | | |
| | | ૧,૨૨૨-૧૩ | પગાર તથા બોનસ | ૯,૫૨૬-૬૪ | |
| ભેટના | | ૨,૨૧૪-૦૦ | પેપર્સ લવાજમ | ૧,૬૦૯-૯૭ | |
| પુસ્તકોના લવાજમ: | | ૧,૩૨૮-૦૦ | પુસ્તક રીપેર્સ તથા બાઈન્ડિંગ ખર્ચ | ૧૧૬-૨૦ | |
| મ્યુનિસિપલ ગ્રાન્ટ: | | ૧૦,૦૦૦-૦૦ | પ્રો. ફંડના ફાળાના | ૩૫૫-૨૦ | |
| પરચુરણ આવક: | | | પ્રો. ફંડના વ્યાજના | ૧૨૮-૫૩ | |
| પસ્તી વેચાણ: | ૨૩૨-૨૦ | | | | ૧૧,૭૩૬-૫૪ |
| પાસબુક વેચાણ: | ૫૩-૬૦ | | વ્યવસ્થા ખર્ચ: | | |
| દંડના | ૭૬-૮૦ | | નવી ફાઈલો, સ્ટેશનરી છપામણી વિ. | ૩૭૦-૫૫ | |
| માસિકો અંગેની જૂની ડીપોઝીટો નહિ પરત કરવાની હોઈ માંડીવાળ્યા | ૨૧-૦૦ | | ઑડિટરોને ઓનરેરિયમના | ૧૫૧-૦૦ | |
| | | ૩૮૩-૬૦ | ઘસારાના | | |
| | | | ફરનીચર પર ૧૩૮-૦૦ | | |
| | | ૧૫,૧૪૭-૭૩ | પુસ્તકો પર ૮૫૦-૧૫ | | |
| | | | | ૯૮૮-૧૫ | |
| | | | | | ૧,૫૦૯-૭૦ |
| | | | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો | | ૧,૯૦૧-૪૯ |
| | | | | | ૧૫,૧૪૭-૭૩ |

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ: તા. ૧૦-૪-૭૪ શાહ મહેતા એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ-ઑડિટર્સ

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું ૩૧ ડિસેમ્બર ૧૯૭૩ સુધીનું સરવૈયું

| ફંડો અને દેવું | રૂ. | પૈ. | રૂ. | પૈ. |
|---|---|---|---|---|
| **રીઝર્વ ફંડ:** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૫૮,૫૮૧-૮૯ | | | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન લાઈફ – મેમ્બરશીપ ફીના | ૨૭,૩૫૯-૦૦ | | | |
| | | | ૮૫,૯૪૦-૮૯ | |
| **શ્રી સંઘ હસ્તકના ફંડો:** | | | | |
| **શ્રી મકાન ફંડ** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૪,૦૧૯-૧૯ | | | |
| **પુસ્તક પ્રકાશન ખાતું:** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૨,૨૩૦-૫૦ | | | | |
| **ઉમેરો:** વર્ષ દરમિયાન પુસ્તક વેચાણનાં ૬-૦૦ | ૨,૨૩૬-૫૦ | | | |
| **શ્રી માવજત ખાતું:** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ૧૮-૨૨ | | | | |
| **ઉમેરો:** માવજત ઘસારાનાં ૪૯-૯૮ | | | | |
| | ૬૮-૨૦ | | | |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૯૯-૭૫ | | | |
| **બાદ:** વર્ષ દરમિયાન ભેટનાં | ૩૬-૦૦ | | | |
| શ્રી આવક ખર્ચ ખાતેથી લાવ્યા | ૬૪૫-૧૬ | | | |
| | ૭૮૦-૯૧ | | | |
| **બાદ** વર્ષ દરમિયાન ખર્ચના | ૭૮૦-૯૧ | | | |
| | કાંઈ નહિ. | | | |
| **શ્રી હોમિયોપથી સારવાર રીઝર્વ ફંડ** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧,૫૦૦-૦૦ | | | |
| ઉમેરો વર્ષ દરમ્યાન ભેટ | ૧,૦૫૨-૦૦ | | | |
| વર્ષ દરમિયાન વ્યાજના | ૧૬૬-૦૦ | | | |
| | ૨,૭૧૮-૦૦ | | | |
| | | | ૨૯,૦૪૧-૮૯ | |
| સ્ટાફ પ્રોવિડન્ટ ફંડના | ૭,૪૬૬-૭૮ | | | |
| અગાઉથી આવેલા લવાજમના | ૫૧૦-૦૦ | | | |
| બીજું દેવું | ૨,૯૮૪-૪૦ | | | |
| રસધારા કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. ને આપવાના | ૬,૯૧૨-૦૦ | | | |
| | | | ૧૭,૮૭૩-૧૮ | |
| **શ્રી જનરલ ફંડ** | | | | |
| **આવકખર્ચ ખાતું:** | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૭,૯૯૮-૭૨ | | | |
| **ઉમેરો:** આવકખર્ચ ખાતેથી | ૩,૨૯૪-૨૬ | | | |
| | ૨૧,૧૯૨-૯૮ | | | |
| **બાદ:** પ્રબુદ્ધ જીવનના આવક - ખર્ચ ખાતેથી ઘટના લાવ્યા | ૧,૪૭૧-૬૪ | | | |
| | | | ૧૯,૭૨૧-૩૪ | |
| | | | ૧,૫૨,૫૭૭-૩૦ | |

| મિલકત અને લેણું: | રૂ. | પૈ. | રૂ. | પૈ. |
|---|---|---|---|---|
| **બ્લોક:** (કરાર મુજબ) રસધારા કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | | ૧૩,૬૮૦-૦૦ | |
| **ઈન્વેસ્ટમેન્ટસ:** (ચોપડા પ્રમાણે) | | | | |
| ૭ ટકાના ઈન્ડિયન હ્યુમ પાઈપ કું. લિ. નાં ડિબેન્ચરો રૂ. ૫,૦૦૦ નાં | ૫,૨૩૬-૩૯ | | | |
| રસધારા કો. ઓ. સો. લિ. નાં શેર પાંચ, દરેક રૂ. ૫૦ નો. | ૨૫૦-૦૦ | | | |
| | | | ૫,૪૮૬-૩૯ | |
| **ફરનીચર અને ફીકચર** (ચોપડા પ્રમાણે) | | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૮૪૫-૨૪ | | | |
| **બાદ:** કુલ ઘસારાનાં લખીવાળ્યાં | ૬૩૮-૨૪ | | | |
| | | | ૨૦૭-૦૦ | |
| **ડીપોઝીટ:** | | | | |
| પોસ્ટ ઓફિસમાં | ૭૫-૦૦ | | | |
| બી. ઈ. એસ. ટી. માં | ૧૩૦-૦૦ | | | |
| ટેલિફોન ડીપોઝીટ | ૩૬૦-૦૦ | | | |
| | | | ૫૬૫-૦૦ | |
| **લેણું:** (સદ્ધર) | | | | |
| શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય પાસે | ૧૦,૩૭૬-૯૪ | | | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે લેણાં | ૧૧૮-૭૫ | | | |
| સભ્ય લવાજમ અંગે (૧૯૭૩)ના | ૨,૦૨૦-૦૦ | | | |
| સ્ટાફ પાસે | ૧૧,૯૦૨-૫૮ | | | |
| બીજું લેણું | ૯૬૨-૮૮ | | | |
| | | | ૨૫,૩૮૧-૧૫ | |
| **રોકડ તથા બેંક બાકી:** | | | | |
| બેંક ઓફ ઈન્ડિયાનાં ચાલુ ખાતે | ૧૧,૭૩૦-૫૭ | | | |
| બેંક ઓફ ઈન્ડિયા ફીકસ ડીપોઝીટ ખાતે | ૮૭,૩૬૮-૨૧ | | | |
| બેંક ઑફ બરોડાના ફિકસ ડિપોઝીટ ખાતે | ૮,૦૦૦-૦૦ | | | |
| રોકડ પુરાંત (ચોપડા પ્રમાણે) | ૧૫૮-૯૮ | | | |
| | | | ૧,૦૭,૨૫૭ | |
| | | | ૧,૫૨,૫૭૭-૩૦ | |

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈનું તા. ૩૧-૧૨-૭૩ ના ઉપરનું દિવસનું સરવૈયું મજકૂર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે. અને અમારા, ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસારના જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ, ૧૧-૪-૭૪

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ–ઓડિટર્સ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

## તા. ૩૧-૧૨-૭૩ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | | | ખર્ચ | | |
|---|---|---|---|---|---|
| ભેટના | | ૧૬,૭૦૨-૫૨ | માણસોને પગાર તથા બોનસ | | ૩,૮૨૫-૦૦ |
| લવાજમનાં | ૫,૦૦૦-૦૦ | | મકાન મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ | | ૧,૯૨૦-૧૨ |
| બાદ : | | | પ્રિન્ટિંગ તથા સ્ટેશનરી | | ૩૩૩-૬૦ |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | | | ટેલિફોન ખર્ચ | | ૮૩૧-૬૦ |
| સભ્યોને પ્ર. જીવનની કોપી મફત | | | પોસ્ટેજ ખર્ચ | | ૧,૧૩૮-૧૫ |
| મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા. | | | ઓડીટર્સને ઓનરેરિયમ | | ૧૫૧-૦૦ |
| ૧૯૭૧-૭૨ ના ૩,૫૦૦-૦૦ | | | સ્ટાફ પ્રોવિડન્ટ ફંડના ફાળાના | | ૫૦૮-૮૦ |
| લવાજમો વસૂલ | | | પ્રો. ફંડ પર વ્યાજના | | ૧૬૮-૦૦ |
| થઈ શકે તેમ નથી ૫૬૦-૦૦ | | | પરચૂરણ ખર્ચ . | | |
| ૪૦૬૦-૦૦ | ૯૪૦-૦૦ | | સમારંભ તથા સભાસંમેલન ખર્ચ ૨,૭૫૨-૨૨ | | |
| | | ૧૭,૬૪૨-૫૨ | બેંક કમિશન તથા સરવૈયા ફેરના ૧૪-૦૧ | | |
| વ્યાજનાં | | | પર્યટન ખર્ચના ઘટના ૧૫૮-૬૦ | | |
| રિબેન્ચરોનાં | ૩૫૦-૦૦ | | | | ૧૧,૮૦૧-૧૩ |
| બેંકના ખાતાઓનાં | ૫,૦૪૦-૦૩ | | હોમિયોપથી રીઝર્વ ફંડના વ્યાજના | | ૧૬૬-૦૦ |
| | | ૫,૩૯૦-૦૩ | ફર્નિચર ઘસારાના | | ૨૩-૦૦ |
| શ્રી પરમાનંદ કાપડિયા | | | દેશો અંગે ખર્ચ | | |
| સભાગૃહના ભાડાના | | ૬૧૩-૦૦ | વૈદ્યકિય રાહત ખાતે ઘટના ૬૪૫-૧૬ | | |
| | | ૨૩,૬૪૫-૫૫ | વ્યાખ્યાનમાળા ખર્ચ ૭,૭૧૬-૦૦ | | |
| | | | | | ૮,૩૧૬-૧૬ |
| | | | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો | | |
| | | | વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા | | ૩,૨૯૪-૨૬ |
| | | | | | ૨૩,૬૪૫-૫૫ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

## પ્રબુદ્ધ જીવનનો તા. ૩૧-૧૨-૭૩ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક : | | | ખર્ચ : | |
|---|---|---|---|---|
| લવાજમ | ૪,૭૫૦-૭૦ | | માણસોનો પગાર તથા બોનસ | ૫,૫૫૦-૦૦ |
| ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | | | પેપરખર્ચ | ૩,૫૮૧-૮૪ |
| સભ્યોને મફત પ્રત મોકલાવામાં | | | છપામણી ખર્ચ | ૭,૮૬૮-૦૦ |
| આવે છે તેના એડજન્ટ કર્યા ૩,૫૦૦-૦૦ | | | પોસ્ટેજ ખર્ચ | ૮૬૬-૫૦ |
| | ૮,૨૫૦-૭૦ | | પુરસ્કાર તથા પરચૂરણ ખર્ચ | ૮૫૦-૦૦ |
| ભેટના : | | | | |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી ૨,૫૦૦-૦૦ | | | | |
| પરચૂરણ ભેટ ૧,૫૨૪-૦૦ | | | | |
| પરમાનંદ કાપડિયા સ્મારકનિધિમાંથી ૫,૦૦૦-૦૦ | | | | |
| | ૯,૦૨૪-૦૦ | | | |
| વર્ષ દરમિયાન આવક | | | | |
| કરતા ખર્ચનો વધારો | ૧,૪૭૧-૬૪ | | | |
| | ૧૮,૭૪૬-૩૪ | | | ૧૮,૭૪૬-૩૪ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.
મુંબઈ તા. ૧૧-૪-૭૪

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ–ઓડિટર્સ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. by South 54
licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧

# પ્રબુદ્ધ જીવન

મઇ, મે ૧, ૧૯૭૪ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## એક ભાઈની મૂંઝવણ

એક ભાઈ, જે અમારી એક સંસ્થામાં, સેવાનું બહુ સારું ય કરે છે, તે થોડા દિવસ પહેલાં મારી પાસે આવ્યા અને કહે, ણ્રચાર દિવસથી કાનજીસ્વામીના વ્યાખ્યાન સાંભળવા જાઉં છું. ાના ઉપદેશ મુજબ જપ, તપ, વ્રત, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ાઓ. બધું મિથ્યા છે. વળી સેવા, પરમાર્થનાં કાર્યો, દાન વગેરેથી ય થાય, જેથી કર્મબંધ છે પણ મોક્ષમાર્ગ નથી. માત્ર આત્માનું : સ્વરૂપ જાણવું, તે માટે સદ્‌ગુરુદેવની અમૃતવાણી સાંભળવી ો કુન્દકુન્દાચાર્યના ગ્રંથોનું સ્વાધ્યાય કરવું. આ ભાઈએ મને કે આ બધું સાંભળીને મૂંઝવણમાં પડી ગયો છું કે આટલાં વર્ષો । કરી અને ભ્રમણામાં રહ્યો?

મારે માટે આ વાત નવી ન હતી. કાનજીસ્વામીનો પ્રથમ ય મને ઘણાં વર્ષો પહેલાં થયો, જ્યારે તેઓ સ્થાનકવાસી ુ હતા. તેમનું પરિવર્તન થયું પછી ૧૯૩૯ માં મારી તબિયત માટે ગભગ દોઢ માસ સોનગઢ રહ્યો હતો અને તેમનાં વ્યાખ્યાનો ંભળ્યાં હતાં. તે સમયે તેમની સાથે કેટલીક ચર્ચાઓ પણ કરી હતી. વખતે આ જ ઉપદેશ હતો, જે ૩૫ વર્ષથી તેઓ આપી રહ્યા છે. ારે પણ મને તે સ્વીકાર્ય ન હતો અને આજે મારો મત વધારે દૃઢ યો છે કે આ ઉપદેશ એકાંતિક, અને તેથી ભ્રામક અને હાનિકારક છે.

કાનજીસ્વામીની દેહકાન્તિ આકર્ષક છે, વિદ્વાન છે અને પ્રભાશાળી વક્તૃત્વ ધરાવે છે. સામાન્ય માણસને આંજી નાખે. જીવ, જીવનું ુદ્ધ સ્વરૂપ વગેરે અધ્યાત્મની જ બધી વાતો હોય. મોટે ભાગે ' દ્રવ્યાનુયોગ કહેવાય. સાંભળનાર સમજે કે નહિ પણ બહુ ચી વાત થઈ છે એવી છાપ લઈને જાય. સ્થાનકવાસી સાધુ હતા ારે આગમોનો ઉપદેશ હતો. પરિવર્તન પછી કુન્દકુન્દાચાર્યના ન્થો, – સમયસાર, નિયમસાર વગેરે, જેને તેઓ પરમાગમ ગણાવે ે, તેનો જ ઉપદેશ છે. જૈન સાધુનો આચારધર્મ છોડી દીધો છે. વે વાહનવ્યવહાર, તેમને માટે ભક્તોને ત્યાં મોટા ભોજન સમારંભોનું આયોજન, કંકુનાં પગલાં પડાય, તેમનાં ચરણે રૂપિયા ધરાય ગેરે થાય છે. તેમના ભક્તોને ગુરુદેવની ભક્તિ ઉપરાંત દાનની એક તક ખૂલી રહી છે. સ્વાધ્યાય મંદિરો અને દિગમ્બર મંદિરો ંધાવવાં; તેવે પ્રસંગે મોટા વરઘોડા, પૂજાઓ, સમારંભો થાય. ા બધાં પાછળ લાખો રૂપિયા ખરચાય છે.

મુંબઈમાં કેટલાક દિવસથી તેમનાં વ્યાખ્યાનો થાય છે. સમયાર અને નિયમસારની ગાથાઓ અને તેના ઉપર વિવેચનો સાથેની ત્રિકાઓ વહેંચાય છે. તેમાંનો થોડો ભાગ અહીં આપું છું, જે ઉપરથી ા વ્યાખ્યાનોનો કંઈક ખ્યાલ આવશે.

> **નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી, જે એક જ્ઞાયક ભાવ છે;**
> **એ રીતે 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.**
> **વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
> **ભૂતાર્થને આશ્રિત જીવ, સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.**
> **હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
> **કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નથી અરે!**
> **પરનેન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
> **એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને.**

આત્મા, પ્રમત્ત, અપ્રમત્ત, જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાયક ભાવ, વ્યવહારનય અભૂતાર્થ (જૂઠો), નિશ્ચયનય ભૂતાર્થ (એ જ સાચો), હું શુદ્ધ જ્ઞાનદર્શનમય, પરમાણુ માત્ર મારું નથી. નિજ અને પર, જ્ઞાનમય આત્મા, કર્મનો અકારક –

આવી ઉચ્ચ તત્ત્વજ્ઞાનની જ વાતો ચાલે. એ ને એ જ, ઘૂંટી-ઘૂંટીને; રોચક ભાષાના રમઝટના પ્રવાહમાં માણસ ખેંચાય. કોઈ જુદી દુનિયામાં વિચરતા હોઈએ એવો આહ્લાદક ભાવ પેદા થાય. આ બધાંને વાસ્તવિક જગત સાથે કાંઈ સંબંધ નહિ. બહાર નીકળ્યા પછી હતા ત્યાં ને ત્યાં જ રહીએ ત્યારે નહિ ઘરના, નહિ ઘાટના. કાંઈ જ કરવાનું નહિ. અમૃતવાણી સાંભળવાની–આત્માના શુદ્ધ સ્વરૂપનું રટણ કરવું અને વ્યવહારમાં ડૂબ્યા રહેવું.

આવા ઉપદેશની મોટામાં મોટી ભૂલ એ છે કે સાધ્યના **વર્ણનમાં** ઈતિકર્તવ્યતા માની, સાધનામાર્ગ વિસારે છે. સાધ્યની પ્રાપ્તિ માટે દીર્ઘ અને કઠોર સાધના આવશ્યક છે, તેની અવગણના થાય છે. જૈન ધર્મ મુખ્યત્વે આચારધર્મ છે. **જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ** જ્ઞાન અને ક્રિયા બન્ને હોય ત્યારે મોક્ષપ્રાપ્તિ થાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવું એટલે કેવળજ્ઞાન અને મોક્ષ. જન્મજન્માન્તરની સાધનાને અન્તે વિરલ વ્યક્તિઓને આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. આત્માનો શુદ્ધ સ્વરૂપનું વર્ણન શક્ય નથી. તે અનુભવનો વિષય છે. **યતો વાચા નિર્વર્તન્તે અપ્રાપ્ય મનસા સહ** એવી એ સ્થિતિ છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે :

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહિ પણ તે શ્રી ભગવાન જો,**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે, અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

આ સ્વરૂપનું જ્ઞાન કેમ નથી થતું? આત્માના શુદ્ધ સ્વરૂપ ઉપર કર્મમલના થર જામ્યા છે. આ કર્મમલ અહિંસા, સંયમ અને તપની કઠોર સાધના વિના વિદારી શકાતો નથી. ક્રિયાઓ આવી સાધનાના આચરણની વિધિ છે. ક્રિયાનો ઉદ્દેશ ભૂલી જવાય ત્યારે તેનો પ્રાણ ઊડી જાય છે અને ક્રિયાજડતા જ રહે છે. આવી ક્રિયાજડતા અને તેની નિરર્થકતા ઉપર શુષ્ક જ્ઞાનીઓ સારી પેઠે પ્રહાર કરી શકે છે. સાચો માર્ગ, ક્રિયાનો ઉચ્છેદ નહિ પણ તેને જ્ઞાનમય બનાવવાનો છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે :

> **કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,**
> **માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.**

શુષ્ક જ્ઞાન અને ક્રિયાજડતા, બન્ને ઉપર શ્રીમદ્ ને કરુણા ઊપજે છે.

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, ઊપજે ન તેને જ્ઞાન**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.**

અંતરમાં ત્યાગ વિરાગ ન હોય તો જ્ઞાન થતું નથી. ભોગવિલાસમાં રહે, સુખશીલ જીવન ગુજારે અને એમ કહેવું કે આ બધું પુદ્‌ગલની ક્રિયા છે, આત્માને તેનો કોઈ સ્પર્શ થતો નથી, તે ખોટી આત્મવંચના છે. ત્યાગ વૈરાગ્ય આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે. એટલા માટે જ મુનિધર્મ વિકટ છે. ગૃહસ્થે પણ અણુવ્રતોથી સંયમ અને તપને માર્ગે જવાનું છે.

ભગવાન મહાવીર તીર્થંકર ગોત્ર બાંધીને જન્મ્યા હતા. છતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થાય તે પહેલાં સાડા બાર વર્ષની ઘોર તપશ્ચર્યા કરવી પડી. અસહ્ય પરિસહો સહન કરવા પડ્યા. ઈન્દ્ર અને દેવો બચાવ કરવા આવ્યા ત્યારે કહ્યું કે તમારી જરૂર નથી, મારાં કર્મ મારે જ ખપાવવાનાં છે. શ્રીમદ્ રાજચંદ્રે તપશ્ચર્યાથી શરીરને હાડપિંજર કરી નાખ્યું. દેહકષ્ટ વિનાનો સુંવાળો માર્ગ આકર્ષક છે, પણ ધર્મ નથી.

સામાન્ય માણસ સાધારણ રીતે આટલો ત્યાગ અને તપશ્ચર્યા કરી શકતો નથી. તેને માટે દયાદાનનો કાંઈક સરળ માર્ગ છે. સેવાનો માર્ગ છે. તે માર્ગે સ્વાર્થ ઓછો થાય છે, બીજા પ્રત્યે મૈત્રીભાવના થાય છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, થોડા થોડા પાતળા પડે છે. સૌ કોઈ ઓછાવત્તા અંશે આવું આચરણ કરી શકે છે. એમ કહેવું કે આવા પરમાર્થનાં કાર્યોથી પુણ્યોપાર્જન થાય છે, તેથી કર્મબંધ છે, માટે મોક્ષનો માર્ગ નથી, તે મારા નમ્ર મત મુજબ ધર્મની સાચી સમજણ નથી. જૈન પરંપરામાં આવી એક વિચારધારા છે તે હું જાણું છું. તેની ચર્ચામાં નથી ઊતરતો.

હું એમ માનું છું કે પરમાર્થનાં કાર્યો, અતિ નમ્રતાથી અને સાચી કરુણા અને મૈત્રીભાવનાથી કર્યાં હોય તો, કર્મની નિર્જરાનું કારણ બને છે. દાન, પરિગ્રહનું પ્રાયશ્ચિત્ત છે. પોતે વધારે પડતું મેળવ્યું હોય, બીજાનું લૂંટી લીધું હોય તે જેનું છે તેને આપી દેવું તેમાં અધર્મ હોય જ નહિ. અંતરમાં કરુણા હોય તો આસપાસ દુઃખનો સાગર ભર્યો છે તે પ્રત્યે, માણસ હોય તેને માટે ઉપેક્ષા શક્ય નથી. દીનદુઃખીને ભૂલી, આત્મજ્ઞાનની વાતો કરવાવાળા, ખોટી ભ્રમણામાં છે. નર્યો સ્વાર્થ છે. અંતિમ કોટિ વિરલ વ્યકિત માટે એમ સંભવે. સામાન્ય માણસ માટે, દયા, દાન અને સમસ્ત પ્રાણીસૃષ્ટિની સેવા, અધ્યાત્મવિકાસનું પહેલું પગથિયું છે. આટલું કરશે તો અંતરમાં કાંઈક પ્રકાશ પડશે, અને બે ડગલાં આગળ જઈ શકશે. શુષ્ક જ્ઞાનની વાતો જ કરશે તો હતો ત્યાં ને ત્યાં જ રહેશે, કદાચ પાછો પડશે.

સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય, આ રત્નત્રયીની આરાધના બતાવી છે. સમ્યક્ ચારિત્ર્ય ન હોય તેને સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શન પ્રાપ્ત થવાનાં નથી. સમ્યક્ જ્ઞાન અને દર્શનની દિશામાં સમ્યક્ ચારિત્ર્ય પહેલું પગથિયું છે. સમ્યક્ ચારિત્ર્ય એટલે અહિંસા, સંયમ, તપ, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. સામાન્ય પ્રામાણિકતા પણ જેના જીવનમાં નથી તેણે આત્મજ્ઞાનની વાતો કરવી દંભ છે. એક ડગલું બસ થાય, એટલું જ સામાન્ય માણસ કરી શકે છે. એક ડગલું માંડશે પછી બીજું દેખાશે. સીધા સિદ્ધશીલાએ પહોંચાતું નથી. તેથી જ ગુણસ્થાન ક્રમારોહ બતાવ્યો છે.

તર્કશાસ્ત્રમાં અનેક નય – દૃષ્ટિબિન્દુ – બતાવ્યા છે. સત્યને અનેક પાસાં છે. એક જ પાસાને પૂર્ણ સત્ય માની લઈએ તો એકાંતિકતા આવે અને મતાગ્રહ બંધાય. તેથી જૈનદર્શન અનેકાન્ત સ્વીકારે છે. આવા નયોમાં નિશ્ચયનય અને વ્યવહારનય મુખ્ય છે. માત્ર નિશ્ચયનય કે માત્ર વ્યવહારનય અપૂર્ણ છે. કુન્દકુન્દાચાર્યના ગ્રન્થો મુખ્યત્વે નિશ્ચયનયથી લખાયેલ છે. આધ્યાત્મિક વિકાસની ચરમ કોટિએ પહોંચેલ અધિકારી વ્યકિત માટે છે. શ્રીમદ્ રાજચંદ્રે 'આત્મસિદ્ધિ' ગ્રન્થમાં મોક્ષમાર્ગ બતાવ્યો છે તેમાં માત્ર નિશ્ચયદૃષ્ટિ રાખવા સામે ગંભીર ચેતવણી આપી છે, જે નીચેની ચાર ગાથાઓ ઉપરથી સમજાશે.

**અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;**
**લોપે સદ્‌વ્યવહારને, સાધનરહિત થાય.**
**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવા નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સો'ય.**
**નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.**
**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તેને આચરે, આત્માર્થી જન એહ.**

માત્ર નિશ્ચય નયની વાતો કરી, સદ્‌વ્યવહારને લોપે અને સાધન– ત્યાગ, વૈરાગ્ય, દાન, શીલ, તપ, વ્રત વગેરે – તજી દે તે આત્માર્થી નથી. નિશ્ચયવાણીના ગ્રન્થ તરીકે 'સમયસાર'નો શ્રીમદે ખાસ ઉલ્લેખ કર્યો છે.

આગમો –જેમાં ભગવાનની વાણી સચવાઈ રહી છે – સાધનામાર્ગ અને આચારધર્મ ઉપર વિશેષ ભાર મૂકે છે. આચારાંગ, દશ વૈકાલિક, વગેરે આગમો આચારધર્મનું, સાધનામાર્ગનું નિરૂપણ કરે છે.

દેહકષ્ટ વિના, ત્યાગ–વૈરાગ્ય વિના, દેહાધ્યાસ છૂટતો નથી. દેહાધ્યાસ ન છૂટે ત્યાં સુધી આત્મજ્ઞાન થતું નથી. વાસનાઓ અને કષાયો અતિ પ્રબળ છે. આત્મા પોતાનો મિત્ર છે, પોતાનો શત્રુ છે, દુર્દમ્ય છે. તેનું દમન અનિવાર્ય છે.

અપ્પા કત્તા વિકત્તા ય દુક્ખાણ ય સુહાણ ય ।
અપ્પા મિત્તમમિત્તં ચ, દુપ્પટ્ઠિ સુપટ્ઠિઓ ।।

આત્મા સુખદુઃખનો ઉત્પન્ન કરનાર તથા નાશ કરનાર છે. સન્માર્ગે ચાલતો આત્મા મિત્ર છે, કુમાર્ગે ચાલતો આત્મા શત્રુ છે.

અપ્પાચેવ દમેયવ્વો, અપ્પાહુ ખલુ દુદ્દમો ।
અપ્પા દન્તો સુહી હોઇ, અસ્સિ લોએ પરત્થચ ।।

આત્માનું (વાસના – કષાયોનું) દમન કરવું જોઈએ. આત્મા (કષાયો) ખરેખર દુર્દમ છે. દન્ત આત્મા આલોક અને પરલોકમાં સુખી થાય છે. (ઉત્તરાધ્યયન)

આ અંતરયુદ્ધ નિરંતર ચાલે છે. તેમાં વિજય મેળવવાનો છે. તેની સાધના તજી દઈ, માત્ર આત્માના સ્વરૂપની વાતો કરવાથી આત્મજ્ઞાન થતું નથી. કષ્ટ વિનાનો, ત્યાગ-વૈરાગ્ય વિનાનો, સુંવાળો માર્ગ આકર્ષક છે, પણ ખોટો છે.

કાનજીસ્વામી એમનાં વ્યાખ્યાનોમાં વારંવાર શ્રીમદ્ રાજચંદ્રનો ઉલ્લેખ કરે છે અને એવો આભાસ પેદા કરે છે કે શ્રીમદ્નો ઉપદેશ, કાનજીસ્વામી કહે છે તેવો જ છે, અને જાણે પોતે શ્રીમદ્ના અનુગામી છે. આ કારણે શ્રીમદ્ના કેટલાક અનુયાયીઓ કાનજીસ્વામી પ્રત્યે આકર્ષાયા છે. શ્રીમદ્નાં લખાણોનો જેમણે અભ્યાસ કર્યો છે, તે જોઈ શકશે કે શ્રીમદ્નો ઉપદેશ અને કાનજીસ્વામી જે કહે છે તેમાં આસમાન-જમીનનું અંતર છે. બંનેની કોટિ સર્વથા ભિન્ન છે.

કાનજીસ્વામીના અનુયાયીઓમાં મારા ઘણા મિત્રો અને પરિચિત વ્યકિતઓ છે. મારા પ્રત્યે તેમને આદર છે. બધા સજ્જન છે. તેમની લાગણી દુભાય એવું લખતાં મને સંકોચ થાય છે. પણ એક સન્નિષ્ઠ સેવાભાવી ભાઈ ભ્રમણામાં પડી, સાચો માર્ગ તજી ન દે તે માટે આ લખવાની મને ફરજ પડી છે. મારા મનને લેશ સંદેહ નથી કે કાનજીસ્વામીનો ઉપદેશ લોકોને ખોટે માર્ગે લઈ જાય છે. આ કોઈ ઉતાવળિયા વિચારો નથી. લાંબા સમયના ચિંતનનું પરિણામ છે. આમાં કોઈનો અવિનય થયો હોય તો ક્ષમા માગું છું.

૨૦-૪-'૭૪ **ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

## નિક્સનની કરચોરી

એક ભાઈએ મને ટકોર કરી કે હમણાં નિક્સન વિષે હું કંઈ લખતો નથી. ઘણું લખ્યું, નિક્સન ચીટકીને બેઠા છે. તેની આસપાસ ભીંસ વધતી જાય છે. તેના ઘણા નિકટના સાથીદારો એક પછી એક ગુનેગાર ઠરતા જાય છે. તેની સામેની તપાસ કોર્ટમાં અને કૉંગ્રેસમાં ચાલુ છે. બહુ દબાણ થાય ત્યારે સહેજ નમતું મૂકે છે અને એમ વખત ગાળે છે. તેની સામે કૉંગ્રેસમાં તહોમતનામું મુકાશે એમ લાગે છે. પણ છેવટ સુધી નિર્લજ્જપણે સ્થાનને વળગી રહી પોતાની મુદત સુધીનો સમય કાઢી નાખવો એવી ગણતરી લાગે છે. હવે એની કરચોરી પુરવાર થઈ. વૉટરગેટનું કૌભાંડ ફૂટ્યું ત્યારે તેના આવકવેરા વિષે તપાસ શરૂ થઈ. વાર્ષિક બે લાખ ડૉલરનો પગાર મળે છે, પણ બહુ ઓછી રકમનો કર ભર્યો હતો. ચાર વર્ષ - ૧૯૬૯ થી ૧૯૭૨ - એમ ચાલ્યું. પ્રમુખના પોપડા કોણ ઉખેળે? પણ હવે પ્રમુખ તરીકેની પ્રતિષ્ઠા બધી ગુમાવી છે એટલે કરવેરા ખાતાએ તપાસ શરૂ કરી, તો માલૂમ પડ્યું કે ચાર વર્ષમાં ૪૭૬૪૩૧ ડૉલરની કરચોરી કરી છે. તપાસ ઘણી ઊંડી અને બારીકાઈથી કરી છે. નિક્સનના સલાહકારોએ સલાહ આપી કે બાબત કોર્ટમાં લઈ જવી. પણ નિક્સને આ રકમ ભરી દેવાનો નિર્ણય કર્યો છે. સૌથી મોટી રકમ જેના ઉપર આ ચાર વર્ષમાં કરમુકિત મેળવી હતી તે છે રાષ્ટ્રપતિ થતા પૂર્વેના તેમના "મહત્વ"ના દસ્તાવેજો અને કાગળો જેની "ભેટ" રાષ્ટ્રીય ભંડારને આપી અને જેની કિંમત ૪૮૨૦૧૮ ડૉલર આંકી, અને ૧૯૬૯ થી '૭૨ નાં ચાર વર્ષોમાં તે રકમ વહેંચી નાખી. અમેરિકામાં એક કાયદો હતો કે અગત્યના દસ્તાવેજો કોઈ વ્યકિત રાષ્ટ્રને ભેટ આપે તો તેની જે કિંમત આંકવામાં આવે તે આવકમાંથી મજરે મળે-ડિડકશન. આ કાયદાનો દુરુપયોગ થતો તેથી કૉંગ્રેસે તેને રદ કર્યો અને તેમાં પ્રબંધ કર્યો કે ૨૫ જુલાઈ ૧૯૬૯ પહેલાં આવી ભેટ અપાઈ હોય તેને જ કરમુકિત મળે. નિક્સને આવી ભેટનો દસ્તાવેજ ૨૧ એપ્રિલ ૧૯૬૯ની તારીખનો રજૂ કર્યો. તપાસમાં પુરવાર થયું કે આ દસ્તાવેજ ૧૦મી એપ્રિલ ૧૯૭૦ પહેલાં સહી થયો ન હતો અને ખોટી તારીખ નાખી લાભ લીધો હતો. આ દસ્તાવેજોની કિંમત આંકવામાં પણ મોટી ગડબડ હતી. બીજી એક રકમ ૭૫૯૨૪ ડૉલરની જે છુપાવી હતી તે ન્યૂયોર્કનો ફ્લેટ વેચી થયેલ નફાની હતી. બીજી પણ નાની-મોટી રકમો છુપાવી અથવા ખોટી રીતે બાદ – ડિડકશન – મેળવી હતી. કરચોરી કરવા આટલો બધો ભ્રષ્ટાચાર અને તે પણ અમેરિકાનો પ્રમુખ પોતે કરે તે વિષે શું કહેવું? માણસના લોભને હદ નથી. લોભ પાપનું મૂળ છે. પણ આ બધામાં સંતોષની વાત એ છે કે એક વખત તપાસ શરૂ થઈ પછી આવકવેરા ખાતાએ નીડરપણે તપાસ કરી અને ઘણી જુબાની મેળવી. રિપોર્ટ ૯૯૪ પાનાંનો છે. શ્રેષ્ઠ નવલકથા પેઠે વંચાશે. આવા પ્રમુખને અમેરિકા કયાં સુધી નિભાવશે?

## બિહારનું આંદોલન

બિહાર બરાબર ગુજરાતને માર્ગે જઈ રહ્યું છે. શ્રી જયપ્રકાશ નારાયણને ઑપરેશન કરાવવાનું છે એટલે આંદોલન માટે પાંચ સપ્તાહનો કાર્યક્રમ તેમણે આપી દીધો છે. ચાર સર્વોદય કાર્યકર્તાઓને આંદોલનની આગેવાની સોંપી છે. મુખ્ય માગણીઓ, મંત્રીમંડળનું રાજીનામું અને વિધાનસભાનું વિસર્જન. વચ્ચે એક સદાચાર સપ્તાહ રાખ્યું છે જ્યારે પ્રધાનો, અમલદારો, વેપારીઓ અને મોટા ખેડૂતોનાં સંતાનો ૧૨ કલાક ઉપવાસ કરશે અને તેમનાં વડીલોને ભ્રષ્ટાચાર બંધ કરવા અને સમાજવિરોધી પ્રવૃત્તિઓ છોડવા જણાવશે. બિહારમાં રાજ્યનો ગેરવહીવટ, રાજકીય વ્યકિતઓનો ભ્રષ્ટાચાર, પ્રજાની ગરીબાઈ તથા કૉંગ્રેસના આંતરિક વિખવાદો, ગુજરાત કરતાં ઘણાં વધારે છે. અબ્દુલ ગફૂરે પ્રધાનમંડળની પુનર્રચના કરી તેથી કાંઈ વળવાનું નથી. મંત્રીમંડળને રાજીનામું અપાવવું અને વિધાનસભાનું વિસર્જન કરાવવું બહુ વિકટ નથી, પછી શું? ગુજરાતમાં ભ્રષ્ટાચાર ઓછો થયો નથી, મોંઘવારી વધી છે. જયપ્રકાશ બિહાર ગયા, મોરારજીભાઈ દિલ્હી ગયા, રવિશંકર મહારાજ પથારીવશ છે. નવનિર્માણ સમિતિ નિષ્ક્રિય થઈ ગઈ છે. નવનિયાનું ગુજરાત આંદોલન પછીનો થાક ખાય છે. જયપ્રકાશ પાસે બીજો કોઈ કાર્યક્રમ નથી. કોઈ પક્ષ રચી રાજ્ય કરવાની જવાબદારી લેવી નથી. સત્તાના એવા રાજકારણમાં તેમને રસ નથી. સત્તાસ્થાને બેઠા હોય તેમને ઉખેડવાની સત્તાથી વધારે જોઈતી નથી. કદાચ એમ હોય કે ક્રાન્તિ થવાની હોય તે પહેલાં આવી અંધાધૂંધી અને અરાજકતા થવી જરૂરી હશે. હકીકતમાં કોઈને આ કટોકટીમાંથી પાર થવાનો માર્ગ સૂઝતો નથી–ન શાસક પક્ષને, ન વિરોધ પક્ષોને, ન સર્વોદય કાર્યકર્તાઓને. રાજકીય વિરોધ પક્ષો અને તેના આગેવાનો પ્રતિષ્ઠા ગુમાવી બેઠા છે એટલે એક વ્યકિત, જેની પ્રતિષ્ઠા અબાધિત છે, તેમણે બધા વિરોધની આગેવાની લીધી છે. દરમ્યાન, મહારાષ્ટ્રમાં બે પેટા - ચૂંટણી, જુન્નર અને કરમાલામાં અને મલિરુર એક, ગુલબર્ગામાં થઈ. ત્યાં કૉંગ્રેસ મોટી બહુમતીથી સફળ થઈ અને વિરોધ પક્ષના ઉમેદવારોએ અનામત ગુમાવી. લોકોનું ય શું કહેવું?

## આરબ અને ઈઝરાયલ

કિસિન્જરની જાદુગીરીથી ઈજિપ્ત અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધબંધી થઈ પણ સીરિયા અને ઈઝરાયલ વચ્ચે ન થઈ અને હવે તે સરહદે વધારે આક્રમક હુમલાઓ થઈ રહ્યા છે. પેલેસ્ટાઈન ગેરીલાઓએ લેબેનોનમાંથી ઈઝરાયલના એક ગામ ઉપર અચાનક છાપો મારી ૧૮ જણને મારી નાખ્યા. ઈઝરાયલે લેબેનોન ઉપર વળતો હુમલો કર્યો. દરમ્યાન ઈઝરાયલમાં મોટી કટોકટી ઊભી થઈ છે. ઓકટોબરના યુદ્ધમાં સરકાર પૂરી તૈયાર ન હતી અને ગફલતમાં રહી એવી લાગણી પ્રજામાં તીવ્ર છે, જેની જવાબદારી સંરક્ષણમંત્રી મોશ ડાયન ઉપર નાખવામાં આવે છે. તેના રાજીનામાની માગણી થઈ. તેણે માગણીનો અસ્વીકાર કર્યો. છેવટ વડા પ્રધાન ગોલ્ડા મેયરે કંટાળીને રાજીનામું આપ્યું. ઈઝરાયલ ચારે તરફથી ઘેરાયેલ છે અને ગમે ત્યારે ફરી યુદ્ધ ફાટી નીકળે એવી સ્થિતિ છે, ત્યારે પ્રજામાં ભારે હતાશા છે. બીજી તરફ એક વર્ગ આરબો સાથે પૂરા લડી લેવાના મતનો છે. આરબોમાં પણ, સીરિયા, ઈરાક, લીબિયા, સૌદી અરેબિયા વગેરે ઈઝરાયલનું અસ્તિત્વ સ્વીકારવા તૈયાર નથી અને પેલેસ્ટાઈનના આરબો ઝનૂને ચડ્યા છે. ઈજિપ્તના સાદત સુલેહ માટે પૂરા પ્રયત્નો કરે છે અને અમેરિકા તરફ વધારે ઢળે છે, જેથી રશિયા છેઠાયું છે અને રશિયા, બીજા આરબ રાજ્યો, ઈરાક, સીરિયાને ઉશ્કેરે છે અને મદદ કરે છે. અમેરિકા અને રશિયા વચ્ચે કાંઈક સમજૂતી અને સહકારનું વાતાવરણ થતું જાય છે તેમાં મધ્યપૂર્વનો મામલો મુશ્કેલી ઊભી કરે છે. મધ્યપૂર્વની સ્ફોટક સ્થિતિ છે.

૨૫-૪-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# વિદ્યાર્થીઓની દૃષ્ટિએ વિદ્યાર્થી–આંદોલન

વિદ્યાર્થીઓની નિરાશા આંદોલનના મૂળમાં હતી. પોતાના જીવનમાં જ તેઓ ભ્રષ્ટાચાર અને મોંઘવારી અનુભવી રહ્યા હતા. પરીક્ષા-પદ્ધતિ જાતજાતના ભ્રષ્ટાચાર માટે ઉત્તમ તક આપે છે, અને એનો સારો લાભ લેવાતો હતો એ તેઓ જોતા હતા. અંદાજ કાઢીને ને પૈસા ગણીને ભણવા આવતા, પણ દર વર્ષે પૈસા ઓછા પડતાં અને ઘેરથી બીજા મંગાવવા પડતા. અને વર્ષો સુધી મહેનત કર્યા પછી ડિગ્રી મળતી ત્યારે એ લઈને નોકરી મેળવવાની ઉમેદ હતી એ નોકરી મળતી નહોતી. આમ યુવાન વર્ગે અનુભવેલાં અન્યાય, ભાવવધારા અને બેકારીને લીધે વિદ્યાર્થીઓનાં દિલમાં રોષ હતા અને પ્રસંગ આવ્યો ત્યારે એ રોષ ભભૂકી ઊઠ્યો.

પ્રસંગ નાનો હતો, એક જ કૉલેજનો હતો, પણ અસંતોષ વ્યાપક હતો. એટલું જ નહિ, પણ પ્રસંગ બન્યો ત્યારે વિદ્યાર્થીઓને એકત્રિત કરવા અને કામ લેવા ને લેવરાવવા વિદ્યાર્થી નેતાઓ મોજૂદ હતા. યુનિવર્સિટીમાં પહેલી જ વાર વિદ્યાર્થીઓ કોર્ટમાં (સેનેટમાં) અને એક્ઝીક્યુટિવમાં ચૂંટાયા હતા એ થોડા વિદ્યાર્થીઓ સ્વાભાવિકપણે મોખરે આવ્યા, એમાંના કેટલાકમાં સાચા નેતૃત્વના ગુણ હતા. એમણે કામ કુશળતાથી સંભાળી લીધું અને જે પ્રસંગ સામાન્યપણે એક કૉલેજની હડતાળ અને બીજી કૉલેજની ટૂંકી પ્રતીક અથવા સહાનુભૂતિની હડતાળથી પતી ગયો હોત એ એક મહાન આંદોલનનું બીજ બન્યો.

આંદોલનમાં સાચું ધ્યેય હતું, અને સાથેસાથે શરૂઆતમાં થોડી છોકરમત પણ હતી. મરજી પ્રમાણે બસો ચલાવ્યા પછી અથવા બેફામ તોડફોડ કરાવ્યા પછી કોઈ વાર યુવાનો બોલતા: "આજે ઘણી મઝા પડી!" અને "આવતી કાલે હજી વધારે આશ્ચર્યજનક કાર્યક્રમ અપાશે" એવી જાહેરાતો થતી. એ જોઈને થોડી ચિંતા તો થતી, પણ એ ઉપરછલ્લી લહેરની પાછળ સંગીન કાર્ય પણ હતું અને મક્કમ નિર્ણય હતો. એ સાચું કાર્ય અને નિર્ણય જોઈને આખી પ્રજા વિદ્યાર્થીઓની પડખે ઊભી રહી. વિદ્યાર્થીઓની ફરિયાદ એ જનતાની જ ફરિયાદ હતી, માટે એની સામે વ્યવસ્થિત મોરચો બંધાયો કે તરત આખી જનતા એમાં જોડાઈ ગઈ. લોકલાગણી વિદ્યાર્થીઓની સાથે જ હતી, એમાં આંદોલનની સફળતા હતી.

પછી વિજયનો કેફ આવ્યો, શક્તિનો સ્વાદ આવ્યો. પોતે ધારે તો આખું રાજ્ય ચલાવી શકે, પોતે કહે એવી શરત સ્વીકારાય, અને પોતે લખાવે એવો કાયદો લખાય એવો અનુભવ પહેલી જ વાર યુવાન વિદ્યાર્થીઓને થયો. એમાં કેટલાક જીવનમૂલ્યો જોખમમાં આવ્યાં: વડીલોને માટે માન ઓછું થયું, ચૂંટાયેલી સત્તાથી વિવેક રાખવો અઘરો બન્યો, 'સાધ્ય ઈષ્ટ અને સાધન પણ ઈષ્ટ' એ શાશ્વત સિદ્ધાંત નેવે મુકાયો.

તોય એ વખતે એ યુવાન વિદ્યાર્થીઓ ઉપર સૌની ભારે આશા બંધાઈ હતી. એનાં બે કારણ હતાં: એક એ કે યુવાનો કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાયા નહોતા, અને બીજું એ કે તેઓ ભારે લાલચની વચ્ચે પણ ભ્રષ્ટાચારી બન્યા નહોતા. એટલે હવે આ યુવાન નેતાઓ શુદ્ધ, ઉત્સાહી, ઉદ્ધારક નેતૃત્વ પૂરું પાડશે એ મંગળ આશા સૌનાં દિલમાં હતી, અને એ આશાને લીધે બીજું ઘણું દેરગુંજર કરવા સૌ તૈયાર હતા.

પૂણ એક વિઘ્ન આવ્યું: આંદોલનમાં ઈષ્ટ પરિણામ જલદી લાવવા હિંસાનો આશરો લેવાયો હતો. સાધ્ય ઈષ્ટ અને સાધન અનિષ્ટ એવું બન્યું હતું. અને એનું અનિષ્ટ પરિણામ જ આવ્યું. હિંસાથી જલદી પરિણામ આવે, પણ હિંસા તો અંધ છે, અને આજે સારા કામ માટે વપરાય અને કોઠે પડી જાય પછી કાલે ખરાબ કામ માટે વપરાય. માટે લોકો હિંસાથી ડરે છે. ગુજરાતમાં એ દિવસોમાં ઠીક હિંસા થઈ. આખા દેશને એની ખબર પડી. ભ્રષ્ટાચાર અને મોંઘવારીની લડાઈ એવી છે કે સફળ થાય તો આખા દેશમાં સફળ થાય. ગુજરાતમાં ભાવ નીચા આવે અને મહારાષ્ટ્રમાં ઊંચા રહે એ શક્ય નથી. આંદોલન સફળ થાય એ મોટે દેશવ્યાપી થાય એ જરૂરી હતું. પણ એ માટે બીજા રાજ્યોમાં પ્રયત્નો થયા ત્યારે પહેલો પ્રત્યાઘાત એ હતો કે "અહીંયાં ગુજરાતનું પુનરાવર્તન ન જોઈએ." એટલે આંદોલન અંભી ગયું.

અને હવે ખરી કસોટી આવી. યુવાનો સમાજનાં કામ કરે, બીજાઓને સુધારી આપે એ જોયું, પણ હવે પોતાનું જ કામ કેવી રીતે કરશે, પોતાની જાતને સુધારશે કે કેમ? પોતાની વાત આવી, એટલે કે પરીક્ષાઓની વાત આવી. અને એમાં જે આશા હતી એના ચૂરેચૂરા થઈ ગયા. સ્કૂલ–કૉલેજ–યુનિવર્સિટીની પરીક્ષા આપવાની વાત આવી ત્યારે બલિદાન અને ભોગ અને શહીદીના આદર્શો ભૂલી જઈને પોતાનાં સ્વાર્થ અને સગવડની ખાતર હિંસાનો ઉપયોગ હવે ભ્રષ્ટાચારની સામે નહિ પણ શિક્ષણ સંસ્થાઓની સામે કરીને પરીક્ષા રદ કરાવી, મોળી બનાવી, નાટક બનાવી. સમાજનું કાર્ય કરી આપ્યા પછી જો એ વિદ્યાર્થીઓએ પોતાનો ભોગ આપીને ગયેલા બે મહિના માટે વધારાના બે મહિના ભણીને રીતસર પરીક્ષાઓ આપવાનો આગ્રહ રાખ્યો હોત તો એમનું માન કાયમ માટે ઊંચું ને ઊંચું રહ્યું હોત, અને એમનું નેતૃત્વ સાચે જ અમર બન્યું હોત. પણ જે વિદ્યાર્થીઓએ બસો જબરદસ્તીથી ચલાવીને લહેર માણી હતી તેઓ હવે પરીક્ષા વિનાની રજાઓની લહેર માણવા તૈયાર થયા અને પરીક્ષા વિના પાસ થયા. એમાં પોતે ભ્રષ્ટાચારી બન્યા.

હવે એ વિદ્યાર્થીઓમાં પસ્તાવો છે અને ચિંતા છે. કેળવણીનું હજીય અવમૂલ્યન થયું છે. યુનિવર્સિટીનું ધોરણ હતું એથીય નીચું થઈ ગયું છે. શિક્ષણક્ષેત્રે શિસ્ત, નિયમ અને શ્રેષ્ઠતાનાં ધોરણ બાંધવાં અને એનો આગ્રહ રાખવા હાલ કોઈની સત્તા નથી. એટલામાં ચીજોના ભાવ નીચા થયા નથી, ભ્રષ્ટાચારની નાબૂદી થઈ નથી, બેકારીનો પ્રશ્ન ઊકલ્યો નથી. એટલે વિદ્યાર્થીઓમાં નિરાશા હતી તે આજ પણ છે, અને રજાઓ પછી સ્કૂલ–કૉલેજ ખૂલશે ત્યારે શું થશે એ પ્રશ્ન પણ છે.

આંદોલનમાં વિદ્યાર્થીઓના સારા ગુણો તેમ જ ઊતરતા ગુણો બહાર આવ્યા, માટે હવે એ સારા ગુણો લઈને કામ લેવાનું છે, અને એ ઊતરતા ગુણોથી ચેતીને વિવેક રાખવાનો છે. સારા ગુણોમાં રાજકારણથી અલિપ્તતા અને (પરીક્ષા પ્રકરણ સિવાય) ભ્રષ્ટાચારનો અભાવ છે. યુવાનીના જુસ્સા અને આદર્શવાદની સાથે એ ગુણો જોડાય તો દેશને માટે ઘણું કરી શકે; અને અવગુણોમાં સ્વાર્થ, હિંસા અને આંતરિક મતભેદો ને અધઃ છે. આંદોલને યુવાનોને પોતાની શક્તિનું ભાન કરાવ્યું, આંશિક વિજયનો સ્વાદ ચખાડ્યો, અંતિમ વિજય હજી દૂર છે એનો ખ્યાલ આપ્યો.

ગુજરાતનો આજનો વિદ્યાર્થી સમાજને માટે એક ભગીરથ ઉમદા કાર્ય કરી આપ્યા બદલ ગર્વ અનુભવે છે; પરીક્ષાની બાબતમાં પોતાનો સ્વાર્થ ખુલ્લી રીતે સાધ્યા બદલ શરમ અનુભવે છે; પોતાના અને દેશના નજીકના અને દૂરના ભવિષ્ય માટે ચિંતા કરે છે. એ વિદ્યાર્થીની પડખે પ્રેમથી અને શ્રદ્ધાથી ઊભા રહીએ.

ક્ષાયરા વાલેસ

# આનંદમૂર્તિ ગગનભાઈ

ભર્તૃહરિએ કહ્યું છે કે ગગનમાં વાદળાંઓ તો ઘણાં વિહાર કરતાં હોય છે પરંતુ બધાં જ એકસરખાં હોતાં નથી. કેટલાંક વૃષ્ટિ વડે ધરણીને ભીંજવીને રસાળ કરે છે, તો બીજાં કેટલાંક વૃથા ગરજીને ચાલ્યાં જાય છે. ગગનમાં વિહાર કરતાં વાદળાંનું જ જેમને નામ આપવામાં આવ્યું હતું તે શ્રી ગગનવિહારી મહેતા, ભર્તૃહરિએ વૃષ્ટિરભિદ્રયન્તિ ધરણિમ્ ના વર્ગમાં જે વાદળોને મૂક્યાં હતાં તે વાદળોના વર્ગના હતા. એમની સર્વતોમુખી પ્રતિભાએ, એવા સર્વસ્પર્શી સંસ્કારનું સિંચન, અનેક સંતાપો અને ક્લેશથી સંતપ્ત એવી આપણી આ માતૃભૂમિ પર કર્યું છે કે તેઓ આજે સદેહે આપણી વચ્ચે ન હોવા છતાં એમના સંસ્કારવારિથી જે થોડાંઘણાં પણ સમાજપુષ્પો પુષ્ટ થયાં છે તેની સુવાસ આપણને લાંબા સમય સુધી આવ્યા કરશે.

ગગનભાઈની પ્રતિભા સર્વતોમુખી હતી એમ મેં જે ઉપર કહ્યું છે તે સકારણ છે. મૂળ જીવ પત્રકારનો અને સાહિત્યકારનો, પરંતુ એ ક્ષેત્રોના સીમિત વાડાઓમાં પુરાઈ રહેવા કરતાં, એ જીવે અર્થકારણના, રાજકારણના, આયોજનના, વહીવટના, અને બીજાં એવાં સંખ્યાબંધ ક્ષેત્રોમાં પોતાની પાંખ ફેલાવી અને જે જે ક્ષેત્રોમાં એ જીવે પોતાનું ઉડ્ડયન કર્યું તે તે ક્ષેત્રોને એમણે પોતાની પ્રતિભાની આભા વડે ઉજાળ્યાં. રાષ્ટ્રપતિ શ્રી ગિરિએ, "ભારતે એક નમૂનેદાર પુત્ર ગુમાવ્યો છે" એવું જે કહ્યું તેમાં કશી અતિશયોક્તિ નહોતી; ગગનભાઈની પ્રતિભાનું એ યથાર્થ વર્ણન હતું.

સમાજ-વ્યવહારના કોઈ પણ એક ક્ષેત્રમાં પુરાઈ રહેવું જેમ કદાચ ગગનભાઈને ગમતું નહોતું તેમ જ એમને કોઈ પણ એક વાદના વાડામાં બંધાઈ રહેવું પણ ગમતું નહોતું, અને છતાં એમનું હૃદય એક નક્કર લોકશાહીવાદીનું હતું. લોકશાહી માટે એમના હૃદયમાં પ્રેમ છલકાતો અને ઊભરાતો અને તેથી જ જગતની સૌથી વધારે સમૃદ્ધ લોકશાહી અમેરિકા પ્રત્યે એમને પક્ષપાત હતો. પરંતુ આ પક્ષપાત પૂર્વગ્રહજન્ય નહોતો. એમને કદાચ પૂરી ખાતરી હતી કે અમેરિકામાં ગમે તેટલા દોષો હશે છતાં, એની મૈત્રી આપણા દેશ માટે વધારે ઈષ્ટ છે. અને આમ છતાં અમેરિકાએ જ્યારે બંગલાદેશની લડાઈ વખતે, બંગાળના ઉપસાગરમાં નૌકાદળ મોકલીને શાહીવાદી યુગની gunboat diplomacy—યુદ્ધનૌકાઓના કાફલા દ્વારા જ રાજકારણ ખેલવાની મનોવૃત્તિ દાખવી ત્યારે એમનો આત્મા કકળી ઊઠ્યો અને અમેરિકાની આ મનોવૃત્તિ સામે એમણે સક્રિય રીતે કડક વિરોધ નોંધાવ્યો. પોતાનાં મંતવ્યોને પ્રગટ કરવાની એમનામાં કેવી હિમ્મત હતી એ આ એક જ દાખલા ઉપરથી આપણે જાણી શકીએ છીએ. અને આવા તો સંખ્યાબંધ દાખલાઓ આપી શકાય એમ છે. મારી સ્મૃતિ જો મને દગો દેતી ન હોય તો એક વાર વાતચીત દરમિયાન તેમણે એવું કહેલું મને યાદ છે કે જવાહરલાલે તેમને જ્યારે નાણાપ્રધાન થવા માટે કહ્યું ત્યારે તેમણે સવિનય ના પાડી હતી. નાણાપ્રધાન બનીને સરકારી નીતિઓના વાડામાં બંધાઈ રહેવાનું પોતાને ફાવશે નહિ એવું કદાચ એમનું મંતવ્ય હશે, અને એ મંતવ્યને આચરણમાં મૂકવા માટે તેઓ જવાહરલાલને ના પાડવા સુધીની હિમ્મત દાખવી શક્યા હશે. આજે જ્યારે પ્રધાનપદાં માટે દોડાદોડ કરતા આપણા નેતાઓને આપણે જોઈએ છીએ ત્યારે જ આપણને ખ્યાલ આવે છે કે ગગનભાઈ આ બધા કરતાં કેટલા બધા ઊંચા હતા. વિરાટ પુરુષે રચેલી સૃષ્ટિનું જે વર્ણન રુદ્રાષ્ટાધ્યાયીમાં આવે છે તેમાં એ વિરાટ પુરુષ એ બધી સૃષ્ટિથી પણ દસ આંગળ ઊંચે રહ્યા હતા એમ કહેલું છે. (स भिमिं सर्वत: स्पृत्वात्यतिष्ठत् दशांगुलम्) ગગનભાઈ આજે તો દિનપ્રતિદિન વામણી થતી જણાતી આપણા દેશની જમાતના ઘણા ઊંચા પુરુષ હતા.

બ્રહ્મનો આનન્દ જેમણે માણ્યો છે તેને કશી ભીતિ લાગતી નથી એવું આપણા આદિપુરુષો કહી ગયા છે. ગગનભાઈ ઉપનિષદે નિરૂપેલા બ્રહ્મનો આનન્દ માણવાનો જીવનભર પ્રયત્ન કરતા રહેલા જણાય છે અને તેથી જ કદાચ જીવનની આધિવ્યાધિ અને ઉપાધિઓથી આકળા બનવાને બદલે એ બધાંનો તેમણે હિમ્મતથી સામનો કર્યો છે અને તેમાંથી પણ જીવનનો આનન્દ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો છે. ગગનભાઈને આનન્દમૂર્તિ કહી શકાય એવો એમનો જીવન પ્રત્યેનો ઉલ્લાસ હતો. એમના સાન્નિધ્યમાં ચાલતી ગપ્પાંગોષ્ટિ સાંભળવી એ એક અનેરું ટાણું હતું. ટોળટપ્પા, મજાકમશ્કરી એ બધાં સામાના મનનો ભાર દૂર કરવા માટેનાં ગગનભાઈનાં શસ્ત્રો હતાં.

જીવન પ્રત્યેની એમની ફિલસૂફી એમણે કઠોપનિષદને આધારે ઘડી હતી. અને એમણે જે અંતિમ ઈચ્છા વ્યકત કરી હતી તેમાં, એમણે આ ફિલસૂફી કેવી પચાવી હતી એ પ્રતિબિંબિત થતું હતું. એ અંતિમ ઈચ્છામાં જ એમણે જીવનભર સેવેલી સાદાઈ અને એમની સ્વભાવગત નમ્રતા વ્યકત થતાં હતાં. આ લખનારે ગગનભાઈને કોઈ પણ દિવસ દોરદમામથી વર્તતા જોયા નથી. પંડિતો અનેક પ્રકારનાં તરવો પ્રત્યે સમદર્શી હોય છે એવી વ્યાખ્યા સુભાષિતકારે પંડિતોની કરી છે. આ વ્યાખ્યા પ્રમાણે ગગનભાઈ સાચા પંડિત હતા.

ગગનભાઈ વિષે લખવું હોય તો તો ઘણું લખાય. એમણે છ વરસ ભારતના એલચી તરીકે અમેરિકામાં વિતાવ્યાં એ વરસોનાં એમનાં સંસ્મરણોમાંથી કે એમનાં ગણ્યાગાંઠ્યાં છતાં નગદ સોના જેવાં લખાણોમાંથી, (એમણે કેવળ સાહિત્યનું જ ક્ષેત્ર ખેડ્યું હોત તો તેઓ કેવા પ્રતિભાશાળી સાહિત્યકાર થાત એ વિચાર અત્રે સહેજે આવે છે.) એમની સાથે અલપઝલપ થતી રહેલી મુલાકાતો દરમિયાન પ્રાપ્ત થયેલી ઝળકતી કણિકાઓમાંથી અને બીજી એવી સામગ્રીમાંથી ઉદ્ધરણ કરીને આ લેખને લાંબો બનાવી શકાય, પરંતુ આજે એ પ્રસ્તુત નથી. આજે તો પ્રસ્તુત છે માત્ર ગગનભાઈની સ્મૃતિને વાગોળવાનું અને એમનાં કુટુંબીજનોના દુ:ખમાં સહભાગી થવાનું.

મનુભાઈ મહેતા

# વ્યવસ્થિત ગોટાળાનું કાવ્ય

શાકુંતલમાં કાલિદાસે વનલતા અને ઉપવનલતાની વાત કરી છે. વનલતા વંઠેલી, નિર્બંધ અને અલ્લડ, જ્યારે ઉપવનલતા ઠાવકી, વ્યવસ્થિત અને કલ્યાગરી. માળી એને કાપીકૂપીને, વાળીવાળીને ધારેલો આકાર આપે. બાગની મેંદીનું વ્યકિતમત્વ મચડીને માળી એમાંથી 'Welcome' શબ્દ ઉપસાવે. વનલતાનું સૌંદર્ય મેકઅપ વગરનું છતાંય સહેજે નિખરી આવે. વન એ જ એનું જીવન અને વનમાળી એ જ એનો માળી.

માણસે મશીનની મૂર્તિપૂજા શરૂ કરી ત્યારથી બધું વ્યવસ્થિત (Orderly) અને ટીપટોપ હોય એવી અપેક્ષા વધતી રહી છે. વાંકાચૂંકા અક્ષરોને બદલે ટાઈપ કરેલા કે છાપેલા અક્ષરોનો અભખરો વધતો જાય છે. ગારમાટીની ભીંતો અને વાંસનળિયાના છાપરાને બદલે સિમેન્ટનાં ચકતાં જેવાં મકાનોની હારમાળા સર્જાઈ ગઈ. વાંકીચૂંકી ધરડ કે કેડીને બદલે ડામર કે સિમેન્ટથી લીંપાયેલા રસ્તા આવ્યા. વાસણ, કપડાં, ઓજારો અને ખોરાકની વાનગીઓમાં પણ એકધારાપણું વધતું જ રહ્યું.

કયારેક એમ થાય કે વાદળાં ભૂમિતિની આકૃતિ જેવાં બની બેસે તો! આકાશના તારા માસડ્રિલ કરતાં બાળકોની માફક હારબંધ ગોઠવાઈ જાય તો! ડાળીઓ વૃક્ષના થડ સાથે કાટખૂણો જ બનાવે તો! ઉષા કે સંધ્યાની રંગલીલા બિલકુલ સિમેટ્રિકલ બની જાય તો!

વ્યવસ્થિતિની અતિશયતા પણ જીવનમાં અભિશાપ બની રહે એમ નથી લાગતું? વ્યવસ્થિતિ (Cosmos) સાથે થોડોક ગોટાળો (Chaos) ભલે રહ્યો. માથામાં તેલ નાખીને પટિયાં ભલે પાડીએ પણ વિખરાયેલાં ગુલ્ફાંનું સૌંદર્ય ઓછું નથી. કવિઓએ તેલની ચીકણાશથી બચીને નાસી છૂટેલી લટ પર ઓછાં કાવ્યો લખ્યાં છે! પિંગળશાસ્ત્ર ભલે ભણીએ પણ સાથે અછાંદસ કાવ્યોની મજા કાં ગુમાવવી? માણસને દરિયાની નજીક પણ સ્વિમિંગ પૂલ બાંધવાનું ઘેલું વળગેલું છે. એનું ચાલે તો કેક્ટસ ફ્લાવર્સ પણ પ્લાસ્ટિકનાં બનાવે. એનું ચાલે તો બધી ઋતુઓનું એરકન્ડિશનિંગ કરી નાખે. ધરતી પર ખાડા-ટેકરા છે, છીપ-છીપલાં છે અને કાંકરા-ખૂપરાં પણ છે. માણસનું ચાલે તો ધરતી પર બુલડોઝરથી અસ્ત્રી ફેરવી દે; પર્વતોને શંકુ આકારમાં ઢાળી દે અને પક્ષીઓને ફોનેટિકસ શીખવી દે. ધરતીનું સૌંદર્ય એની વિવિધતામાં છે. રણને પણ એનું આગવું સૌંદર્ય હોય છે. 'લોરેન્સ ઑફ અરેબિયા' નામની ફિલ્મમાં નાયકને એક આરબ પૂછે છે કે: તમને રણ કેમ ખૂબ ગમે છે? નાયક જવાબ આપે છે: મને રણ ગમે છે, કારણકે એ સ્વેચ્છ જ હોય છે.

કુદરતનો ગોટાળો પણ કેવો મનોરમ છે? આપણી રોજની ઘટમાળ કેવી કંટાળાજનક છે? આપણો ડ્રોઇંગરૂમ કેટલો જૂનો છે? વર્ષોથી આપણો અરીસો, આપણા કાંસકી, આપણું ટૂથબ્રશ બધું ત્યાંનું ત્યાં જ છે. બાળકો વગરનું ઘર કેવું સાફસૂથરું હોય છે! અને છતાંય એ આપણને કેવું વાગે છે! એક જણે કયાંક ભારે મૌલિક વાત કરી છે: A house should be clean enough to be hygienic and dirty enough to be homely. ઘણા શિક્ષકોના વર્ગમાં પણ કેવી શિસ્ત હોય છે! આદર્શ શિસ્ત આપણને કબ્રસ્તાનમાં જોવા મળે છે. કબર બળવો નથી કરતી, કબર પ્રશ્નો નથી પૂછતી અને કબર અસંમત નથી થતી.

સ્વભાવથી માણસને કુદરતથી વિખૂટા પડવાનું ગમતું નથી. ન્યૂયોર્કમાં 'અમેરિકા હાઉસ' નામની સંસ્થા ચાલે છે, જ્યાં એવી ચીજો બનાવવામાં આવે છે કે જેને મશીનનો સ્પર્શ પણ ન થયો હોય. લંડનમાં એક રેસ્ટોરાં છે જેનું નામ છે 'જંગલ રેસ્ટોરાં.' આ રેસ્ટોરાંમાં જઈએ એટલે જંગલમાં હોઈએ એવું લાગે. ગ્રાડપાન, ગુફાઓ અને વન્ય ઢબછબ દ્વારા ગ્રાહકોને વનનું વાતાવરણ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અત્યાર સુધી માણસને વાઘથી બચાવવાની વાત હતી. હવે વાઘને માણસથી બચાવવાની સમસ્યા ઊભી થઈ છે. પ્રકૃતિમાં અરાજકતા છે, પણ તોય કશું ઢંગધડાવગરનું ભાગ્યે જ હશે. વૃક્ષો ઋતુગામી છે અને પ્રાણીઓ ઋતુગામી છે. વેદમાં બ્રહ્મચારીને ઋતુગામી કહ્યો છે. વેદ વૃક્ષને બ્રહ્મચારી ગણે છે; ઊર્ધ્વરિતસ્ ગણે છે. પ્રાણીઓ સંવનનનું ટાઈમટેબલ નથી બનાવતાં, પણ તેથી તેઓ વ્યભિચારી પણ નથી હોતાં. માત્ર માણસ ઋતુઓનો અનાદર કરે છે. એ બહારથી જેટલો વ્યવસ્થિત થતો જાય છે તેટલો અંદરથી ખવાતો જાય છે. એક ચિંતકે મજાની વાત કરી છે: Two dangers constantly threaten the world; order and disorder. કહેવાય છે કે એક જમાનામાં ટાગોરનાં લખાણોમાંથી અંગ્રેજી વાકયો પસંદ કરીને બાળકોને ભૂલો સુધારવાના મનોયત્નમાં અપાતાં. ભાગ્યે જ કોઈ લોકગીત કે લોકકથા સાહિત્યના કલાવિધાનની કસોટીમાં ખરા ઊતરે.

માણસની ગણતરી વધતો જાય છે. એ બધું ગણીગણીને અને તોળીતોળીને કરે છે. એ હસે છે તેય બે નંબરનું. એના સંબંધોમાં ઋણ ગણતરી હોય છે. સહાનુભૂતિ કે આવકારના શબ્દોનું પ્રમાણ ઓછું નથી થયું પણ એ શબ્દોમાં વજન નથી રહ્યું. પ્રકૃતિથી જ માણસને કોઈક પર નિર્વ્યાજ અને નિર્ભેળ પ્રેમ ઢોળવાનું ગમે છે અને એવો જ પ્રેમ કોઈ એના પર ઢોળે તે પણ ગમે છે. માનવ-સંબંધોનાં છબછબિયાંથી એના જીવને તૃપ્તિ નથી થતી. પ્રેમની ગહરાઈમાં એ ડૂબકી મારવા ઝંખે છે. આવી ડૂબકીમાં બધી ગણતરી, બધી વ્યવસ્થિતિ અને બધી સમજદારી વિલીન થઈ જાય ત્યારે જ એ પરિતોષ પામે છે. પ્રકૃતિ અને વિકૃતિ વચ્ચેની રોજની આ કશમકશથી સંસ્કૃતિને બચાવવા માટે વનલતા અને ઉપવનલતા વચ્ચેની દોસ્તી એ જ એક તરણોપાય છે. ડૉ. ગુણવંત શાહ

# સંઘ સમાચાર

## સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

તા. ૨૨-૪-'૭૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભાએ થોડા અગત્યના નિર્ણયો કર્યા છે, તેની નોંધ લેવાની દરેક સભ્યને વિનંતી કરવામાં આવે છે, જે નીચે પ્રમાણે છે:

(૧) તા. ૧-૧-'૭૪ થી સંઘના સભ્યનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ને બદલે રૂા. ૧૨/- કરવામાં આવ્યું છે.

(૨) સભ્ય માટે આજે એવો નિયમ છે કે વર્ષના ગમે તે ગાળામાં સભ્ય થાય અને લવાજમ ભરે તો લવાજમ ડિસેમ્બર સુધીનું ગણાય છે; પરંતુ હવે એમાં એટલો સુધારો કરવામાં આવ્યો છે કે જે કોઈ વ્યકિત પર્યુષણ દરમિયાન સભ્ય થાય તેના વધારાના રૂપિયા ત્રણ લઈને તેમને આવતા આખા વર્ષના સભ્ય ગણવા. એટલે એ સવા વર્ષનું રૂા. ૧૫/- લવાજમ લેવું.

(૩) લવાજમ અંગે અત્યારે એવી પ્રથા હતી કે આખા વર્ષ સુધી સભ્ય લવાજમ ન ભરે અને બીજા વર્ષના બે-ત્રણ મહિનામાં ભરે તો પણ તેમને સભ્ય તરીકે ચાલુ રાખવામાં આવતા હતા. તેને બદલે હવે એમ કરાવવામાં આવ્યું છે કે જે સભ્યોનાં ૧૯૭૩ ના વર્ષનાં લવાજમો બાકી છે તે તાત્કાલિક વસૂલ કરી લેવાં અને મેની આખર સુધીમાં જેમનાં લવાજમો ન આવે તેમને લવાજમ નહિ આવવાના કારણે સભ્ય તરીકે રદ કરવા, અને ચાલુ વર્ષ ૧૯૭૪ નાં લવાજમો પણ જૂનની આખર સુધીમાં વસૂલ કરી લેવાં અને ત્યાર બાદ જેમનાં લવાજમો બાકી રહે તેમને 'પ્રબુદ્ધ જીવન' મોકલવાનું બંધ કરવું, અને વર્ષની આખર સુધીમાં જે સભ્યોનાં લવાજમ ન આવે તેમને લવાજમ નહિ આવવાના કારણે સભ્ય તરીકે રદ કરવા.

ઉપલા નવા નિયમો ધ્યાનમાં રાખીને જેમનું આગલા વર્ષનું લવાજમ બાકી હોય તેમને, ગયા વર્ષના રૂા. ૧૦/- અને ચાલુ વર્ષના રૂા. ૧૨/- એમ રૂા. ૨૨/- સત્વર કાર્યાલયમાં મોકલી આપવા આથી વિનંતી કરવામાં આવે છે.

આ બાબત દરેક સભ્યોના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકોને નમ્ર વિજ્ઞપ્તિ

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક લવાજમ હાલ રૂા. ૭/- લેવામાં આવે છે, પરંતુ હાલ કાગળોના ભાવ ડબલ થઈ ગયા છે. પ્રિન્ટિંગ, સ્ટેશનરી અને વ્યવસ્થાખર્ચમાં પણ ઘણો વધારો થયો છે એટલે ખૂબ વિચારણાને અંતે હવેથી (તા. ૧-૫-'૭૪ થી) 'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦/- કરવાનો તા. ૨૨-૪-'૭૪ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો છે. તો આ નિર્ણય મુજબ દરેક ગ્રાહકે વાર્ષિક લવાજમના રૂા. ૧૦/- મોકલવાના રહે છે, તેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

તા. ક. 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહક ગમે તે તારીખથી થઈ શકાય છે અને ત્યારથી જ એક વર્ષ ગણવામાં આવે છે.

વ્યવસ્થાપક, 'પ્રબુદ્ધ જીવન'

# સંસદીય લોકશાહીનું ભાવિ

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ યોજવામાં આવતી વસન્ત વ્યાખ્યાનમાળાનું આ છઠ્ઠું વર્ષ હતું. આ વર્ષે દેશ સમક્ષ ઉપસ્થિત થયેલા અત્યંત મહત્ત્વના પ્રશ્ન 'સંસદીય લોકશાહીનું ભાવિ' એ વિશે ચાર વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં. પ્રથમ વ્યાખ્યાન તા. ૧૫-૪-'૭૪ ના રોજ સેન્ટર ફોર સ્ટડીસ ઓફ ડેવલપિંગ કન્ટ્રીઝના ડિરેક્ટર શ્રી રજની કોઠારીનું, બીજું વ્યાખ્યાન તા. ૧૬-૪-'૭૪ ના રોજ સંસદસભ્ય શ્રી હિરેન મુખરજીનું, ત્રીજું વ્યાખ્યાન તા. ૧૭-૪-'૭૪ ના રોજ 'ફ્રી પ્રેસ જર્નલ' દૈનિકના તંત્રી શ્રી સી. એસ. પંડિતનું અને ચોથું વ્યાખ્યાન તા. ૧૮-૪-'૭૪ ના રોજ સંસદસભ્ય શ્રી મધુ દંડવતેનું યોજાયું હતું. પ્રમુખસ્થાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંભાળ્યું હતું. આ ચારે વ્યાખ્યાનોનો મહત્ત્વનો સારભાગ અત્રે આપવામાં આવ્યો છે.]

## (૧)

દેશમાં સર્વત્ર રોષ, નાસીપાસી અને હિંસાનાં દર્શન થાય છે. ચિહ્નો એવાં છે કે આ અરાજકનું મોજું વધુ પ્રમાણમાં પ્રસરશે. આ બધાં પાછળ શું પડેલું છે? તેનાં કારણોને ઊંડાણથી તપાસવાં જોઈએ. તેમાં કોઈ એક વ્યકિત કે રાજકીય પક્ષને દોષ દેવાથી નહિ ચાલે.

આપણે એ ભૂલવું ન જોઈએ કે સ્વરાજ પછી આપણે જે સિદ્ધિ હાંસલ કરી છે તે અનોખી છે. બીજા દેશોની સરખામણીમાં આપણે ઘણી ઝડપથી આર્થિક સિદ્ધિ હાંસલ કરી છે, પણ હજી આપણે ન્યાયી અને સમાનતાવાળો સમાજ પેદા કરવાનો છે. એ પણ લોકશાહીને માર્ગે જ હાંસલ કરવાનો છે. બીજા દેશોની પ્રગતિની પ્રક્રિયા જોઈશું તો માલૂમ પડશે કે પરાધીન દેશોએ પ્રથમ બળ એકત્રિત કર્યું, પછી રાષ્ટ્રીય એકતા સ્થાપી અને રફતે રફતે આર્થિક ઉત્થાન કર્યું. પણ ભારતમાં આપણે આ ત્રણેય બાબતો એકીસાથે કરવાની આવી. આ દૃષ્ટિએ જ આપણી સિદ્ધિને હું નિરાળી ગણું છું.

આપણે એક વાત સ્વીકારવી જોઈએ કે આપણે મૂડીવાદી માળખા ઉપર ઊભા થયા છીએ. આપણો માર્ગ હજી પણ મૂડીવાદી છે. આના કારણે આપણી સિદ્ધિની પ્રક્રિયામાં આપણે આર્થિક સત્તાના કેન્દ્રીકરણના ભોગ બન્યા છીએ. નીચલો વર્ગ એ પદ્ધતિને કારણે શોષાતો આવ્યો છે. એક બાજુ અત્યંત **સુખી** અને બીજી બાજુ અત્યંત ગરીબ એવો વર્ગ ઊભો થયો છે. જે કાંઈ સિદ્ધિઓ હાંસલ કરી છે તેમાં નીચલા વર્ગનો હિસ્સો સ્વીકારવાનું ભૂલી ગયા છીએ. પણ નીચલો વર્ગ તે વાત ભૂલી શકે નહિ. હવે આ નીચલો વર્ગ આર્થિક સિદ્ધિઓમાં પોતાના હિસ્સા અંગે દાવો કરવા માંડયો છે. પહેલાં જેમ રાજકારણમાં અને અર્થકારણમાં બ્રાહ્મણોનું વર્ચસ અને પ્રભુત્વ હતું તે પ્રકારે અત્યારે એક જુદી પ્રકારના ઉજળિયાત વર્ગનું પ્રભુત્વ આપણા રાજકારણ ઉપર પકડ જમાવી બેઠું છે. આપણને પોલાં વચનો મળે છે—એવાં વચનો કે જે આપતી વખતે જ તેનું પાલન કરવાની વચન આપનારામાં નિષ્ઠા હોતી નથી. જાણે એક વ્યવસ્થિત પ્રકારનો દંભ સમગ્ર રાજકીય માળખા ઉપર છવાઈ ગયો છે.

આ સ્થિતિમાં આપણને સર્વત્ર અંધારું દેખાય ત્યારે લોકશાહીનું ભાવિ કેવું છે તે વિષે આપણે વિવિધ પ્રવાહો અંગે આગાહી કરી શકીએ અને ભાવિ વિષે વિચાર કરતી વેળાએ આપણે પોતાની રીતે ભાવિને પેદા કરવાની તાકાત ધરાવીએ છીએ તે ખ્યાલમાં રહેવું જોઈએ. આપણામાં એ શકિત છે કે આપણે મનપસંદ ભાવિ પેદા કરી શકીએ.

હાલની કટોકટીનું ખરું નિદાન કરીએ તો પણ આપણને હાલની બીમારીઓનો ઈલાજ મળી જશે. અત્યારે જે કટોકટી છે તે હકીકતમાં કોઈ પ્રકારની રાજકીય કે આર્થિક કટોકટી નથી. હાલની સ્થિતિને હું "મોરલ ક્રાઈસિસ' કહું છું. દેશમાં નૈતિકતાનું માળખું કડડભૂસ થઈ ગયું છે. આપણે સિદ્ધાંતો અને સમાનતાની મોટી મોટી વાતો કરીએ છીએ પણ વાસ્તવમાં આપણા સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ. રાજકારણીઓ સેવા અને સમાનતાની વાતો કરીને સંતોષ માને છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓ ઊંધે રસ્તે કમાણી કરીને પછી દાન આપીને કે હૉસ્પિટલો બંધાવીને આત્મસંતોષ માને છે.

કારકુનથી માંડીને કેબિનેટ પ્રધાન સુધીની વ્યકિતઓને ભ્રષ્ટાચારનો સાપ આભડી ગયો છે, સૌએ જાણે આત્મગૌરવ ગુમાવી દીધું છે. આમાં સૌ સરખા દોષિત છે. મજૂરનેતાઓ લો, વિરોધ પક્ષો લો, શાસક પક્ષ લો કે સરકારી નોકરો લો. સૌ એક જ પ્રકારે આજના નૈતિક અધ:પતન માટે જવાબદાર છે. અત્યારે વિદ્યાર્થીઓ કે યુવાનોનું બંડ જાગ્યું છે તે આ નૈતિકતાના અધ:પતનને કારણે છે. યુવાનોની નાસીપાસી અને ઘોર નિરાશામાંથી આ બંડ જાગ્યું છે. પોતાનાં વડીલો અને સંસ્થાઓને પણ જ્યારે યુવકો ભ્રષ્ટાચારમાં રાચતાં જુએ ત્યારે યુવકોને ભયંકર ગ્લાનિ થાય છે. વડીલો અને સંસ્થા સામે જ્યારે યુવકો અવાજ ઉઠાવી શકતા નથી ત્યારે પોતાનો આક્રોષ શેરીઓમાં આવીને વ્યકત કરે છે. ઘરમાં વડીલો સામે બંડ પોકારવાને બદલે તે શેરીઓમાં આવીને તોફાનો જગાવે છે. રસ ધરાવતા વિરોધી પક્ષોને આ વસ્તુ ગમી ગઈ છે. યુવાનોની આ નાસીપાસી અને જુસ્સાને ભડકાવીને તેનો ગેરલાભ લેવાય છે. પણ તોફાનને અંતે યુવાનને ખબર પડે છે કે પોતાનો ગેરલાભ લેવાયો છે અને પોતાને છેતરવામાં આવ્યો છે ત્યારે તે વધુ નાસીપાસ થાય છે અને આખરે તે નિર્વીર્ય બની જાય છે. એ સમયે ફરીવાર તેના હાથ હેઠા પડે છે અને એક પ્રકારની Non-Solutionની સ્થિતિનો તે અનુભવ કરે છે. આ સમસ્યાનો કોઈ ઉકેલ જ નથી તેવું યુવાનોને ભાસે છે. ગુજરાત અને બિહારના બનાવો આ વાતની સાક્ષી પૂરે છે. ત્યાં આપણે ઉકેલહીનતાના ભૂતને આંટા મારતું જોઈએ છીએ.

એનો અર્થ એમ પણ થયો કે નેતાગીરીનો અભાવ હોવાથી વાજબી કારણોસર થયેલા બંડને સાચો માર્ગ મળતો નથી. એટલે એમ કહી શકાય કે નૈતિક કટોકટી ઉપરાંત આપણો દેશ નેતાગીરીની કટોકટી અર્થાત્ સાચી નેતાગીરીના અભાવથી પણ પીડાય છે.

સ્વતંત્રતા પહેલાં અને તે પછી ૧૫ થી ૨૦ વર્ષ સુધી દેશને નેતાગીરી સાંપડી હતી. સ્વતંત્રતા પહેલાંનો દેશનો તખતો સાવ જુદો હતો. ત્યારે એક નિશ્ચિત ધ્યેય હતું, નિષ્ઠા હતી, કામ કરવા માટે ધગશ હતી. હવે આખો તખતો પલટાઈ ગયો છે. જ્યાં ત્યાં તકવાદ, ભ્રષ્ટાચાર, સંકુચિતતા અને દંભ દૃષ્ટિગોચર થાય છે. જો કે આમાં થોડીક અપવાદરૂપ વ્યકિતઓ છે જ, પણ એકંદરે દેશમાં નેતાગીરીમાં 'વેકયુમ' આવી ગયું છે. એક પ્રકારના ખાલીપણાનો ભાસ થાય છે. આવે સમયે આપણને પ્રશ્ન થાય કે આ માટે કોઈ નેતાગીરીનો ઉદ્ગમ કેમ થતો નથી? જ્યાં ત્યાં આશંકા અને ભયનું વાતાવરણ કેમ દેખાય છે? આ ખાલીપણાની પાછળ શું પડયું છે?

આનો જવાબ શોધતાં જણાશે કે આપણે આર્થિક સિદ્ધિઓ હાંસલ કરી, છતાં આપણામાં ઘણી ખામીઓ રહી ગઈ છે. સ્વતંત્રતા પહેલાં આપણી સામે એક નિશ્ચિત ધ્યેય હતું. હવે એ ધ્યેય ધૂંધળું બની ગયું છે. આપણું ધ્યેય હતું કે લોકશાહી ઢબે આપણે દરેક વ્યકિતને જીવનની લઘુતમ જરૂરિયાતો પૂરી પાડવી, રોજગારી પેદા કરવી,

કૃષિ ઉત્પાદન વધારવું, ગૃહઉદ્યોગો વિકસાવવા અને ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ કરવું. પરંતુ આ ધ્યેયને ભૂલી જઈને આપણે વિદેશના આર્થિક નમૂનાને નજરમાં રાખીને આપણા દેશના અર્થતંત્રને, તે ઉછીના લીધેલા વિચારો લાગુ કર્યા. આને કારણે દેશના ૧૦ થી ૧૫ ટકા સમૃદ્ધ લોકો માટે અને શહેરીજનો માટે જ આપણું સમગ્ર અર્થતંત્ર કામ કરવા લાગ્યું. માનવની જગ્યાએ યંત્ર આવ્યાં. આપણે "કાચી રાષ્ટ્રીય પેદાશ" ના આંકડાને ભજવા લાગ્યા. વિદેશી સહયોગ અને વિદેશી મૂડીના ભક્તો બની ગયા. ઉદ્યોગો બાંધ્યા. પણ આ બધાંને કારણે આપણે સાદાસીધા અને સુખી માનવને બદલે એક ભોગપ્રધાન સમાજના જીવડા બની ગયા. એ ભોગને ટકાવી રાખવા એક પછી એક તમામ વ્યકિત ભ્રષ્ટાચારમાં ખૂંપવા લાગી. લોભવૃત્તિ વધી ગઈ. આ લોભવૃત્તિમાં નોકરશાહી ભળી અને રાજકારણીઓ પણ તેમાં ભળી ગયા ત્યારે આખો દેશ વિભાજિત વૃત્તિના એક ગાંસડા જેવો બની ગયો. નીચલો વર્ગ કચડાતો ગયો. ગરીબી, બેરોજગારી અને અસમાનતા વધી ગઈ. જેને આપણે અંગ્રેજીમાં elite –એલિટ– કહીએ છીએ તે બુદ્ધિશાળી વર્ગ આ બધી કઠણાઈઓના ઉકેલ માટે તાકાતહીન બનવા લાગ્યો. છતાંય આવી સ્થિતિનો ઉકેલ કરવો જોઈએ એટલે આ બુદ્ધિશાળીઓએ ઉત્થાન માટેના ટૂંકા રસ્તાઓ બતાવ્યા.

કેટલાંક સૂત્રો પણ પ્રચલિત થયાં. "ગરીબી હટાવો" નું સૂત્ર કામયાબ ન થયું ત્યારે "ઉત્પાદન વધારો" તેવું સૂત્ર વહેતું થયું છે. પણ ઉત્પાદન વધારવું તો શેનું વધારવું અને કઈ રીતે વધારવું? શું પ્લાસ્ટિકના માલો પેદા કરવા? આલીશાન હોટેલો ઊભી કરવી? ભવ્ય મહાલયો ખડા કરવા? નાયલોન અને ટેરીલીનના કાપડનું ઉત્પાદન વધારવું? ભોગપ્રધાન જીવનને પોષવા મોજશોખની ચીજોનું ઉત્પાદન વધારવું? આ બધા પ્રશ્નોનો જવાબ કોઈને સૂઝતો નથી. માત્ર ઉત્પાદન વધાર્યેથી જ હાલની સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. કામચલાઉ લાભો શોધનારા અંતે ફાવશે નહિ.

આ સ્થિતિમાં આપણી આર્થિક નવરચના માટેના માળખાનો અત્યારથી જ–આ ઘડીથી જ–વિચાર કરીને તેનો નિર્ણય કરવો પડશે. અત્યારે ફેરફાર નહિ કરાય તો ભવિષ્યમાં માઠાં પરિણામ આવશે. આર્થિક અને રાજકીય ક્ષેત્રે સંપૂર્ણપણે વિકેન્દ્રીકરણ કરવું પડશે. મોજશોખની ચીજોના ઉત્પાદનમાં ધરખમ કાપ મૂકવો પડશે. પરંતુ આવો ભૂળભૂત વિચાર કરવાને બદલે જેના ખીસામાં જોર છે તે લોકો લોકશાહીને ખતમ કરવાની વાતો કરે છે. તેમને "ડિકેટરશિપ" ખપે છે. એક વાત યાદ રાખવી જોઈએ કે જેનાં ખીસાં ખાલી છે તે લોકો લોકશાહીને તિલાંજલિ આપવાની વાત હરગિઝ નહિ કરે. કારણ કે લોકશાહી પદ્ધતિ હેઠળ જ સત્તાલાલચુઓ કે મોટા લોકોને પાંચ વરસે એક વખત ગરીબના ઝૂંપડા સુધી જવું પડે છે. આદિવાસીઓને લોકશાહીમાં શ્રદ્ધા છે. પરંતુ કમનસીબીની વાત એ છે કે આ લોકશાહી પૈસાવાળા લોકો માટેની લોકશાહી છે. આપણે સ્થાનિક તંત્રોની વાત કરીએ છીએ, પંચાયતરાજની વાતો કરીએ છીએ, પણ આ બધું ગ્રામસ્વરાજ સ્થગિત થઈ ગયું છે. કયાંય પંચાયતરાજ ચાલતું નથી.

ભારત એવો દેશ છે કે તેને એક જ કેન્દ્રથી ચલાવી ન શકાય. માત્ર દિલ્હીમાં જ સર્વ સત્તા કેન્દ્રિત થઈ જાય તે વાત ભારતના આર્થિક કે રાજકીય ઢાંચાને પરવડે તેમ નથી. ભારતમાં જો આપણે એકહથ્થુ સત્તાની વાત કરીશું કે "ડિકેટરશિપ"ની વાત કરીશું તો ભારત વિચ્છિન્ન થઈ જશે.

ઉપર મુજબ આપણે અંટલું નિદાન કરી શકયા છીએ કે હાલ જે સમસ્યાઓ પેદા થઈ છે તે નૈતિક અધ:પતનને કારણે થઈ છે. દેશમાં નેતાગીરીનો અભાવ પેદા થયો છે. ખોટા આર્થિક નિર્ણયોને કારણે ગરીબી પેદા થઈ છે. જો આ પ્રકારનો જ આર્થિક ઢાંચો રહેશે તો ગરીબી વધશે. અને ત્યારે ગરીબ લોકો અને ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો બંડ પોકારશે. તો પછી શું દેશ સામે કોઈ ઊજળું ભાવિ નથી? આ સમસ્યાનો કોઈ ઉકેલ નથી? ઉકેલ તો છે જ. મહાત્મા ગાંધીજીએ રાજકીય અને આર્થિક વિચારકોણી દોરી રાખી છે. દેશ માટે કેવું આર્થિક માળખું જરૂરી હતું તે વાત તેઓ ઘણાં વર્ષ પહેલાં કરી ગયા છે. એટલે હવે આર્થિક, રાજકીય અને નૈતિક ઉત્થાન માટે મધ્યમ વર્ગના બુદ્ધિશાળી લોકોએ આગેવાની લેવી પડશે. જો યુવાનો આવી પહેલ નહિ કરે તો દેશને હજી પણ નોકરશાહી ધમરોળ્યા કરશે. આપણે બધાએ દેશના પૂર્ણ પ્રકારના નવનિર્માણમાં લાગી જવું પડશે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ પણ ઉદાત્ત ધ્યેય માટે મૂડીનું રોકાણ કરવું પડશે. જો આમ થશે તો દેશની સંસદીય લોકશાહીનું ભાવિ મને ઊજળું દેખાય છે.

**ડૉ. રજની કોઠારી**

* * *

## [૨]

**અ**ત્યારે આપણને સર્વત્ર ગ્લાનિ દેખાય છે. લોકોનું જીવન ભયમાં આવી પડયું હોય તેમ લાગે છે. તમામ રાજકીય વ્યવસ્થા ભાંગીને ભુક્કો થતી હોય તેમ લાગે છે. આ બધી અંધાધૂંધીમાંથી કેમ માર્ગ કાઢવો તે સમસ્યા ખડી થઈ છે. આવી સ્થિતિમાં લોકોની લાગણીને ઉશ્કેરવી સહેલી છે, પણ તેમની ખરી સમસ્યા તેથી ઊકલતી નથી. ભારતના ૭૦ ટકા લોકો ગરીબી માટેની અર્થશાસ્ત્રીઓની રેખા કરતાં પણ નીચેની સ્થિતિમાં સબડે છે. પ્રોટીનને અભાવે બે વરસની ઉંમર થાય ત્યાં ભારતનાં ૬૦,૦૦૦ બાળકો નેત્રો ગુમાવી બેસે છે. વિશ્વનાં ૧૦ કરોડ બાળકો સાંજ પડયે ભૂખ્યાં સૂઈ જાય છે. આમ આખું ચિત્ર એવું છે કે આપણે ઘણું કરવાનું છે અને હાંસલ ઘણું ઓછું કર્યું છે.

સ્વતંત્ર થયા ત્યારે વિચાર હતો કે લોકોની લઘુતમ જરૂરિયાતો, કપડાં અને આશરો મળી જશે. પણ હજી આ બધું ય આપણે પૂરું પાડી શકયા નથી. આપણે લોકશાહીનો ઢાંચો અપનાવ્યો છે. સંસદીય લોકશાહી એ એક તૈયાર બનાવેલી પદ્ધતિ નથી કે તે અપનાવવાથી સમસ્યાઓ આપોઆપ સુલઝી જાય. જો કે સંસદીય લોકશાહી એ સેવા માટેનું એક નક્કર હથિયાર છે. તેના ભાવિ વિષે આજે મારે કહેવાનું છે. શ્રી બેનેડેટો ક્રોચે નામના મહાન રાજપુરુષે ઈટાલીનો ફાસીવાદ જોયો હતો. તેને કોઈએ સ્વતંત્રતાનું ભાવિ શું છે તેમ પૂછેલું. તેમણે જવાબ આપેલો: "Liberty has more than a future, it has an eternity." એવી જ રીતે આપણે કહી શકીએ કે લોકશાહીનું ભાવિ ઉજ્જવળ તો છે જ, પરંતુ આપણી લોકશાહી અજર અને અમર પણ છે. જ્યાં સુધી લોકશાહી અમર છે ત્યાં સુધી દુનિયાની કોઈ તાકાત ભારતની જનતાને તેના ધ્યેયને હાંસલ કરવામાં રુકાવટ નાખી શકે નહિ.

ભાવિની આટલી ઉજ્જવળતા જોયા પછી વર્તમાન તરફ નજર નાખતાં જણાય છે કે જ્યાં ત્યાં આપણને માંદલો સમાજ દેખાય છે. નીચામાં નીચા સ્તરથી માંડીને છેક ઊંચે સુધીના લોકોને કોઈ ગંભીર બીમારી કોરી રહેલી જણાય છે. સંસદના પણ એ જ હાલ છે. તમે સંસદની ગેલેરીમાં થોડી ક્ષણો ગાળો તો સ્થિતિ સ્પષ્ટ થશે. કાર્લાઈલે બ્રિટનની સંસદની મજાક કરતાં એકસો વર્ષ પહેલાં કહેલું કે "ત્યાં તમને છસ્સો જેટલા ગધેડાઓ ભૂંકતા જણાશે." એક બ્રિટિશ સંસદસભ્યે તો તેમની સંસદને સરકસનું ઉપનામ આપ્યું હતું. ભારતીય સંસદ માટે પણ આવું કહેવાનો વખત આવ્યો છે.

પંડિત જવાહરલાલ નહેરુ હતા ત્યારે જુદી વાત હતી. ત્યારે

સંસદ પ્રત્યે તેમને માન હતું. નહેરુજી પૂરો સમય સંસદમાં બેસતા હતા અને અશિસ્ત કે અશાંતિનો નિવેડો લાવતા હતા. પણ હવે દશ્ય જુદું છે. હાલનાં વડા પ્રધાન મોટે ભાગે તેમના ચેમ્બરમાં અનેક પ્રકારના લોકો સાથે બેસે છે એટલે સંસદમાં તેમની પાટલી ખાલી હોય છે. બજેટની માગ વખતે પણ પ્રધાનો હાજર રહેતાં નથી. સંસદના અધ્યક્ષને પણ તેમણે કેમ વર્તવું તેવી સલાહો આપાય છે! સંસદ બહાર જનતાની ધીરજ તૂટી ગઈ છે. લોકોનાં એ મિજાજનો જરૂર સંસદમાં પ્રતિધ્વનિ પાડી શકાય. પરંતુ આ પ્રકારે દેખાડો કરવાથી કે ધાંધલ કરવાથી નક્કર પરિણામો લાવી શકાય નહિ. પ્રધાનોના ભ્રષ્ટાચાર કે કૌભાંડો બહાર લાવવા તે એક દૃષ્ટિએ ઠીક છે, પણ માત્ર ભ્રષ્ટાચારની વાતો કે આક્ષેપો કરવાથી કંઈ વળવાનું નથી.

લોકોના મનમાં ભયંકર નાસીપાસી ઘર કરી ગઈ છે. જો આ નાસીપાસી પરાકાષ્ઠાએ પહોંચશે તો આપણે ક્યાં જઈશું? હાલની તંગદિલી એટલી હદે પહોંચી છે કે જાણે સંસદીય લોકશાહીને અભરાઈએ ચઢાવી દેવામાં આવી છે. લોકશાહીના તમામ નિયમોને નેવે મૂકવામાં આવ્યા છે. આયારામ અને ગયારામ વધી પડયા છે. અનુયાયીઓનાં ટોળાં એકઠાં કરવામાં જ સૌ પડયા છે. શું આ લોકોના હાથમાં લોકશાહી અને દેશનું સુકાન સલામત રહેશે?

લોકોની હતાશા દૂર કરવા માટે ભેગા મળીને વિચારવું પડશે. કોઈ રાજકીય પ્રક્રિયા દ્વારા ભ્રષ્ટાચાર, અસંતોષ અને ગરીબીને હટાવવી પડશે. કશુંક તંત્ર હોય કે સંગઠન હોય તો જ આપણે કોઈ વિચારનો અમલ કરી શકીએ છીએ. આ માટે આપણે સૌપ્રથમ યુવાનોને આગળ લાવવા પડશે અને તે માટે એક ચોક્કસ પ્રકારની વિચારશ્રેણી નક્કી કરવી પડશે. આપણી ઈચ્છા મુજબનો સમાજ રચવા માટે વિચારશ્રેણી નક્કી કર્યા વગર નહિ ચાલે. આ વિચારશ્રેણીને કોઈ નક્કર આર્થિક કાર્યક્રમ સાથે જોડવી પડશે. આપણી ચૂંટણીઓ જરૂર ખર્ચાળ બની છે. ચૂંટણીઓને બિનખર્ચાળ બનાવવા માટે પણ ભેગા બેસીને જ વિચારવું રહેશે.

હાલની સમસ્યાઓ માટે અન્ય દેશોની પદ્ધતિઓ તરફ નજર માંડવાથી કાંઈ નહિ ચાલે. બ્રિટનની સંસદીય પદ્ધતિ કે ફ્રાંસની રાજકીય પદ્ધતિ અપનાવવાથી આપણો દહાડો નહિ વળે. આપણે આપણા લોકો ઉપર જ મદાર રાખવો પડશે. જનતા સમક્ષ આપણી શું વિચારશ્રેણી છે તે સ્પષ્ટ કરવું પડશે. અને એ વિચારશ્રેણીને આધારે ફળદાયી કાર્યક્રમ ઘડવો જોઈશે. પરંતુ એમ કરતાં આપણા નેતાઓ ડરે છે. આજની આપણી નેતાગીરી રૂઢિઓળે ઘેરવાર થઈ છે. નેતાઓ "વ્યવહારુ" બની ગયા છે. કૉંગ્રેસ પક્ષે તો વ્યવહારુતા અપનાવીને સિદ્ધાંતોને 'રામ રામ' કરી દીધા છે. પરંતુ ઉપર કહ્યું તેમ માત્ર કૉંગ્રેસને દોષ દઈને જ બેસી રહેવાથી કંઈ વળવાનું નથી. ભ્રષ્ટાચાર અને કલુષિતતાથી કંટાળીને સોંધુ તો બની શકાનું નથી. કાળાં નાણાંની વાતો કરીનેજ ચૂપ બેસી શકાય તેમ નથી. સુંવાણી વાતો તો સૌ કરે છે. વળી સમાજવાદની વાતો પણ તમામ પક્ષો કરવા માંડયા છે. જનસંઘ અને સ્વતંત્ર પક્ષ જેવા પક્ષોને સમાજવાદની અનિવાર્યતા સમજાઈ છે. પરંતુ કાર્લ માર્ક્સના સિદ્ધાંતો કે સમાજવાદની વાતો કરીને બેસી રહેવાય નહિ. આપણે કંઈક આગળ ચાલવું પડશે.

જો એમ નહિ કરીએ તો ચીલીમાં જે સ્થિતિ થઈ તેવી સ્થિતિ ભારતમાં પણ થશે. દક્ષિણ અમેરિકાનું લશ્કર સાલસ્ક છે અને તે રાજકારણમાં દખલ ન કરે તેવી સુંવાળી વાતો સૌ કરતા હતા, પણ ત્યાં જોયું કે લશ્કરે દખલગીરી કરી છે. તેવી જ રીતે ભારતમાં પણ સૈન્યના કાન ભંભેરવામાં આવી રહ્યા છે. આ ભયની સામે આપણે અત્યારથી ચેતવું જોઈએ. તમામ રાજકીય પક્ષોએ પોતાની વિચારશ્રેણી મુજબના 'બ્લૉક' (જૂથો) બનાવવા જોઈએ અને તે વિચારશ્રેણી મુજબના કાર્યક્રમો લોકો સમક્ષ મૂકવા જોઈએ. આ કાર્યક્રમો ક્રાંતિવાળા હોવા જોઈશે. એ કાર્યક્રમોનો અમલ કરવા માટેની Political will અર્થાત્ રાજકીય હિંમત તો જરૂર હોવી જોઈએ. અહીં મને જયાં જ બર્નાર્ડ શૉની એક રમૂજભરેલી વાત ટાંકવાનું મન થાય છે. બર્નાર્ડ શૉએ કહેલું કે "હું ક્રાંતિ માટે જરૂર આધીરો બન્યો છું, પણ આ ક્રાંતિ બની શકે તેટલી હૂ ફાળી હોવી જોઈએ." આવી હૂ ફાળી ક્રાંતિની વાતો કરવાથી કંઈ નહિ વળે.

હવે પછી સંસદે પણ જુદી જ રીતે તેની કામગીરી કરવી જોઈશે, કારણ કે લોકોનાં હૃદયને આંચકો લાગ્યો છે. આજની વખત આ તમાશો જનતા સહન નહિ કરે. ૧૮ મી સદીમાં બ્રિટનમાં જ્યૉર્જ ત્રીજાએ રાજકીય પક્ષો વિષે કહેલું કે "એક બદમાશ રાજકીય પુરુષ જે ગુમાવે છે તે બીજા રાજકારણીને હાંસલ થાય છે." ભારતના લોકોમાં પણ આ લાગણી પ્રવર્તે છે. એક પક્ષના હાથમાંથી બીજા પક્ષના હાથમાં સત્તા મૂકવાથી કંઈ નહિ વળે તેવી હતાશા પ્રવર્તે છે. લોકોની આ લાગણી જોતાં જણાય છે કે રાજકારણમાં પણ નૈતિકતા મહત્ત્વની છે.

આ બધું છતાંય આપણે સાવ હાથ ખંખેરીને બેસી જઈ શકીએ નહિ. હું ફરીથી કહું છું કે લોકશાહીનું ભાવિ અંજર અને અમર છે. આપણે હાલના ઘોર અંધારામાંથી લોકશાહીની પ્રક્રિયા દ્વારા જ પ્રકાશ લાવી શકીશું. પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે લોકશાહીમાં પણ જે ક્રાંતિનું તત્ત્વ સમાયેલું છે તેને આપણે વીસરી શકીએ નહિ. હાલના ઘોર અંધારામાંથી જ નવો સમાજ રચી શકાશે, પરંતુ તે નવો સમાજ રચવા માટે કશીક ચોક્કસ વિચારશ્રેણીને આધારે આપણે ક્રાંતિકારી કાર્યક્રમો અપનાવવા પડશે. હું અત્યારે જોઈ રહ્યો છું કે જે નવા સમાજની રચના આપણે ઈચ્છીએ છીએ તે નવો સમાજ અત્યારે ક્ષિતિજ ઉપર દેખાઈ રહ્યો છે. આપણા દેશના લોકો અપૂર્વ જુસ્સો ધરાવે છે. એ જુસ્સો જોઈને મને આ દેશનું અને લોકશાહીનું ભાવિ ઉજ્જવળ દેખાય છે.

પ્રો. હિરેન મુખરજી

* * *

## [૩]

સૌ પ્રથમ હું સ્પષ્ટ કરવા માંગું છું કે દેશના ઊજળા ભાવિ વિષે હું આશાવાદી છું. દેશમાં અત્યારે થોડા પ્રમાણમાં લોકોએ નેતાગીરીમાં વિશ્વાસ ગુમાવ્યો છે. લોકશાહી નિષ્ફળ જતી હોય તેમ લાગે છે. આનું કારણ એ છે કે આપણે બધાએ જ લોકશાહીનાં નીતિનિયમોનું ઉલ્લંઘન કર્યું છે.

આપણે બીજી વ્યક્તિએ વ્યક્ત કરેલા વિચારોને માન આપતા નથી. લોકશાહીમાં વિચારોની મુક્ત ચર્ચા આવશ્યક છે. આમ થાય તો જ મુક્ત વિચારો રજૂ થાય. જો વિચારોને રૂંધવામાં આવે તો લોકશાહી પણ રૂંધાય. ઘણા લોકો ભારતમાં પુખ્ત વયનાને મતાધિકાર આપાયો છે તે વિષે રાજીપો વરતાવતા નથી. તો શું વધુ ભણેલા લોકોને જ દેશના શાસકો નક્કી કરવાનો વધુ અધિકાર આપવો? કે પૈસાવાળાને જ આ અધિકાર આપવો? આમ કરવાથી બહુ ઓછા લોકોનાં હાથમાં આપણે લોકશાહીનું ભાવિ સોંપી દઈએ છીએ.

પત્રકાર તરીકેના મારા અનુભવ ઉપરથી કહું છું કે છેલ્લી પાંચેક સામાન્ય ચૂંટણીઓએ દેશમાં એક શાંત પ્રકારની સામાજિક ક્રાંતિ સર્જી છે. પહેલાં જમીનદારો અને ઉજળિયાત વર્ગનું સમાજ અને શાસકો ઉપર પ્રભુત્વ હતું. નીચલી જ્ઞાતિવાળા હડધૂત થતા હતા. ગાંધીજીએ અસ્પૃશ્યતા દૂર કરી, પણ હડધૂત થયેલા લોકોને સામાજિક મોભો આપવામાં પુખ્ત વયના મતાધિકારની પદ્ધતિએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ચૂંટણીઓને કારણે જ કચડાયેલા વર્ગને સામાજિક દૃષ્ટિએ સ્વીકૃતિ સાંપડી છે. એક નિયમ છે કે તમારી પાસે કશીક સત્તા હોય તો જ તમને સમાજમાં સ્વીકૃતિ મળે છે. દા. ત. શ્રી જગજીવનરામ ચમાર છે અને તે ભાણીને કોઈ ધંધો કરતા હોત તો તેમની સામાજિક સ્થિતિ જુદી હોત. પણ અત્યારે તે પ્રધાન છે એટલે સમાજના ઘણા મોભાદાર લોકોએ પણ તેમને માન આપવું પડે છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં નીચલી જ્ઞાતિવાળા ઉજળિયાતની હરોળમાં બેસી શકતા નહોતા.

પણ લોકશાહીએ ઉપરની સ્થિતિમાં ધરખમ ફેરફાર કરી નાખ્યો છે અને ભારતના વિવિધ વર્ગોમાં સ્થપાયેલી સત્તાની સમતુલામાં ઈચ્છનીય પરિવર્તન આણ્યું છે. મારી દૃષ્ટિએ લોકશાહીના પચીસ વર્ષના અખત્તરામાં આ વાતને હું નક્કર સિદ્ધિ ગણું છું.

જો કે અત્યારે લોકોને ભય લાગવા માંડયો છે કે ચૂંટણીઓની હાલની પદ્ધતિથી કૉંગ્રેસ પક્ષ જ સત્તા ઉપર ચીટકી રહ્યો છે એટલે આ સ્થિતિમાં કદાચ વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી સરમુખત્યાર બની જશે. આ વાત શક્ય નથી. ભારતમાં એક જ સંસદ નથી. ભારતમાં સોળથી સત્તર સંસદો અને એટલી જ સરકારો છે.

તાત્પર્ય કે જુદાં જુદાં રાજ્યોની વિધાનસભાઓને પણ આપણે લક્ષમાં લેવી જોઈએ. અહીં એક વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે રાજ્યો જ્યાં સુધી મજબૂત હોય છે ત્યાં સુધી કેન્દ્ર સરકારનું બહુ પ્રભુત્વ રહેતું નથી. જ્યારે કેન્દ્ર સરકાર ખૂબ મજબૂત હોય છે ત્યારે રાજ્યોએ કેન્દ્રીય નેતાઓની મરજી આગળ નમતું જોખવું પડે છે. જવાહરલાલ નહેરુના વખતમાં કેન્દ્ર મજબૂત હતું. પરંતુ જ્યારે નહેરુજીને લાગ્યું કે અમુક રાજ્યોના મુખ્ય પ્રધાનો બળુકા બનવા માંડયા છે ત્યારે 'કામરાજ યોજના'ના ઓઠા હેઠળ ઘણાને સત્તા ઉપરથી ખસેડવાની તરકીબ થઈ હતી. પણ તેમના ગયા પછી ચિત્ર પલટાઈ ગયું છે. ફરી એકવાર રાજ્યોના મુખ્ય પ્રધાનો કયાંક કયાંક જોરમાં આવવા લાગ્યા છે. આ સ્થિતિમાં શ્રીમતી ગાંધી સરમુખત્યાર બની શકે નહિ. આપણી લોકશાહી બે તબક્કે કામ કરે છે: એક કેન્દ્રમાં અને બીજે રાજ્યોમાં. કેન્દ્ર પાસે બંધારણીય દૃષ્ટિએ ઘણી સત્તાઓ છે, પણ તેમાં ઘણી છટકબારીઓ છે. એટલે મજબૂત રાજ્ય પોતાને મન ફાવે તેવા લાભો કેન્દ્ર પાસેથી ખાટી શકે છે.

આપણે જોયું કે શ્રીમતી ગાંધી સરમુખત્યાર તો બની શકે તેમ નથી. હવે પ્રશ્ન એ રહે છે કે જો કૉંગ્રેસ જ સત્તા ઉપર રહેવાની હોય અને અત્યારે કૉંગ્રેસ જનતાની સમસ્યાઓ ઉકેલવામાં અસમર્થ પુરવાર થતી હોય તો બીજો કોઈ રાજકીય પક્ષ કૉંગ્રેસને કેમ ખસેડી શકતો નથી? અહીં એ વાત નોંધવી જોઈએ કે ઘણાં રાજ્યોમાં કૉંગ્રેસ માંહેનાં તત્ત્વોએ જ કૉંગ્રેસને સત્તા ઉપરથી દૂર કરી છે. કૉંગ્રેસ સિવાયના તમામ પક્ષોમાં જનસંઘને બાદ કરતાં એ પક્ષોનો ભૂતકાળમાં કૉંગ્રેસ સાથે સંબંધ રહ્યો છે. સમાજવાદીઓ, સામ્યવાદીઓ અને સ્વતંત્ર પક્ષવાળાઓ એક વખત કૉંગ્રેસના જ કાર્યકર હતા. જનસંઘ જ એવો પક્ષ છે જેને કૉંગ્રેસ સાથે ભૂતકાળમાંનું કોઈ સગપણ નથી. આ પક્ષ કૉંગ્રેસના વિકલ્પરૂપે દેશમાં ઊંચે કેમ આવતો નથી?

આનાં કારણો તપાસતાં જણાય છે કે જનસંઘ હજી વર્તમાન વહેણોને પિછાણી શકતો નથી. ભારતના ભવ્ય ભૂતકાળ તરફ એ નજર નાખ્યાં કરે છે. બીજું, જનસંઘમાં ભારતની તમામ કોમનું પ્રતિનિધિત્વ નથી. ત્રીજું, જનસંઘ પાસે કોઈ ચોક્કસ પ્રકારની રાજકીય કે આર્થિક વિચારશ્રેણી નથી. ચોથું, આ પક્ષ હજી ગામડાં સુધી પહોંચી શકયો નથી. આને કારણે કૉંગ્રેસ સામે તે રાષ્ટ્રીય ધોરણે કંઈ ગજું કરી શકતો નથી. પરંતુ કદાચ પાછળથી જનસંઘ આગળ આવી શકે. અત્યારે તેને માટે કોઈ શકયતા નથી.

હવે આપણે વર્તમાન સમસ્યા ઉપર નજર નાખીશું તો આપણને પ્રશ્ન થશે કે લોકશાહીની હાલની પદ્ધતિમાં શું ખોટકો આવી ગયો છે? આનો સીધો જવાબ એ છે કે આપણે પોતે જ લોકશાહી ઢબે વ્યક્તિગત રીતે વર્તતા નથી. આપણે નેતાઓને જાણે ઈશ્વરના અવતાર સમજીને તેમની પાસે જ પ્રામાણિકતા, નિષ્ઠા અને ત્યાગના ગુણોની અપેક્ષા રાખીએ છીએ. સ્વતંત્રતા પહેલાંના નેતાઓ જે સાદગી અને સંયમથી રહેતા હતા તેવું જ ધોરણ હાલના નેતાઓ માટે ઈચ્છીએ છીએ. પરંતુ આ અપેક્ષા વ્યવહારુ નથી. અપેક્ષા પ્રમાણેના કેટલાક ગુણો શ્રીમતી ગાંધીમાં હતા. એટલે ત્રણ વર્ષ પહેલાં કૉંગ્રેસમાં ભંગાણ પડયું ત્યારે લોકો તેમના પ્રત્યે આશાની નજરે જોતા હતા. જાણે એક પ્રેરણાનો નવો યુગ શરૂ થયો તેમ સૌએ માન્યું હતું. યુવાનોના અવાજને પ્રથમવાર સ્થાન મળ્યું હતું. શ્રીમતી ગાંધી ઉપર ત્યારે વિરોધીઓ તરફથી એવા આક્ષેપો થતા હતા કે તેમણે ન્યાયતંત્ર, વહીવટી તંત્ર અને વર્તમાનપત્રો ઉપર જબરાં દબાણો આચરવા માંડયાં છે. સંસદીય લોકશાહીનાં જે ચાર મહત્ત્વનાં અંગો છે તેમાં (૧) વહીવટી તંત્ર, (૨) વિધાનસભાઓ, (૩) ન્યાયતંત્ર, અને (૪) વર્તમાનપત્રો, એ ચારેયને ભારતમાં જેટલી સ્વતંત્રતા મળે છે તેટલી દુનિયાના ભાગ્યે જ કોઈ દેશમાં મળે છે.

એક દૃષ્ટિએ કૉંગ્રેસ એ પોતે જ એક સંસદ જેવું સ્વરૂપ ધરાવે છે, પરંતુ કૉંગ્રેસીઓ પોતે જ નિષ્ઠા અને હિમત ધરાવતા નથી. દા. ત. અમદાવાદના કૉંગ્રેસ અધિવેશનમાં ઘઉંનો વેપાર સરકાર હસ્તક લેવાની દરખાસ્ત થઈ ત્યારે કોઈ પણ કૉંગ્રેસી પ્રધાને તેની સામે વિરોધ દર્શાવ્યો નહોતો, પણ પાછળથી ઘણા પ્રધાનોએ ઘઉંનો વેપાર રાજ્યહસ્તક લેવાનું પગલું નિષ્ફળ જાય તેવી જ કારવાઈ કરી હતી! આ બતાવી આપે છે કે જે સ્વતંત્રતા આપણને મળી છે તે સ્વતંત્રતાનો આપણે લાભ લઈ શકતા નથી. વર્તમાનપત્રો ઉપર દબાણ લવાય છે તે વાતનો પણ હું અંગત અનુભવ ઉપરથી સ્વીકાર કરી શકતો નથી.

આપણા દેશમાં પૂરતું વાણીસ્વાતંત્ર્ય છે. એ સ્વાતંત્ર્ય ન હોત તો ગુજરાત અને બિહારના યુવાનો બંડ પોકારી શકયા ન હોત. જનતા અને યુવાનોની અપેક્ષા મુજબ શ્રીમતી ગાંધી આર્થિક ઢાંચામાં ફેરફાર ન કરી શકયાં ત્યારે કઠણાઈઓથી કંટાળેલી જનતાએ અને વિદ્યાર્થીઓએ બંડ પોકાર્યું. આ બંડ દરમિયાન આપણે જોયું કે લોકશાહી વધુ ફૂલીફાલી છે. એ દૃષ્ટિએ લોકશાહી ઉપર કોઈ ખતરો આવ્યો નથી, પણ લોકશાહીનો વધુ વિકાસ થયો છે.

જો કે સમસ્યાના ઉકેલ માટે હિંસા અને તોફાનો થાય છે તેનાથી જરૂર લોકશાહીને આંચ આવે છે. ગુજરાતમાં નવનિર્માણ સમિતિએ અમુક હદ સુધી સારું કામ કરી બતાવ્યું, પરંતુ જ્યારે તખતા ઉપર આવીને તેણે કશુંક રચનાત્મક કરવાનું હતું ત્યારે જ નવનિર્માણ સમિતિ ચૂપ થઈ ગઈ છે.

મને કહેતાં દુ:ખ થાય છે કે શ્રી જયપ્રકાશ નારાયણ જેવા નેતા પણ હાલના ભ્રષ્ટાચાર સામે લડત આપવા લોકોને હાકલ કરે છે, પણ સંગઠિત રીતે લોકોને દોરવા માટે આગળ આવતા નથી. ભારતમાં અત્યારે શ્રીમતી ગાંધીના નેતૃત્વને પડકારી શકે તેવી કોઈ વ્યક્તિ હોય તો તે જયપ્રકાશજી જ છે. જયપ્રકાશ પ્રતિભાવાન છે, નિષ્ઠાવાન છે અને એક આદર્શવાદી રાજપુરુષ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે જનતામાં તેમના વિષે આદર છે. શ્રીમતી ગાંધી નક્કર પરિણામો ન લાવી શકે તો તેમના પછી ભારતની નેતાગીરીમાં જે વેકયુમ અર્થાત્ ખાલીપણું આવી જાય છે તે અવકાશને જયપ્રકાશજી પૂરી શકે તેવા છે. પણ પોતે નેતા બનવાની ના પાડે છે તે દેશનું કમનસીબ છે. નવનિર્માણ સમિતિએ પણ દેશના ભ્રષ્ટાચારના સડાને દૂર કરવા અને નવી સમાજરચના માટે રાજકીય પક્ષરૂપે બહાર આવવું જોઈએ

**સી. એસ. પંડિત**

* * *

## [૪]

સંસદીય લોકશાહી હેઠળ માનવીનું વ્યક્તિત્વ વિકાસ પામે છે. આ પદ્ધતિ હેઠળ જ સંસ્થાઓનો મુકત વિકાસ થાય છે અને સંગઠનો મજબૂત બને છે. આને કારણે સંસદીય લોકશાહીને હું શિરે ચઢાવું છું. લોકશાહી ઢબે ચૂંટણીઓ થાય તે પછી દેશ સમક્ષ જે સમસ્યાઓ ઊભી થાય તેની લોકશાહી પદ્ધતિએ જ વિચારણા થાય ત્યારે લોકશાહીનું જે સ્વરૂપ નિખરે છે તેને આપણે "સંસદીય લોકશાહી" કહીએ છીએ. જો કે એવું બને કે ઘણા લોકો લોકશાહીનું આ હથિયાર પોતાને ઉપયોગી બને ત્યાં સુધી વાપરે છે અને એ હથિયાર નિરર્થક પુરવાર થાય તો તેનો ત્યાગ કરે છે.

સંસદીય લોકશાહીનો વિચાર કરતી વખતે આપણે એની સ્થિરતાનો પણ વિચાર કરવો જોઈએ. આ સ્થિરતા કયારે આવે? સમાજમાં જ્યારે ગરીબી હોય કે આર્થિક અસમાનતા હોય ત્યારે લોકશાહી ડગુમગુ થાય છે. આ બારામાં ડૉ. બી. આર. આંબેડકર જેવા નેતાઓ ૨૫મી નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણીય સભામાં જે ચેતવણી ઉચ્ચારી હતી તે અહીં ટાંકવા જેવી છે: "આપણા સામાજિક અને આર્થિક જીવનમાં આપણે બીજા લોકોને સમાનતાની કયાં સુધી ના પાડયા કરીશું? જો આપણે બીજા લોકોના આર્થિક અને સામાજિક ઉત્થાન આડે અવરોધો મૂકયા કરીશું તો આપણે આપણી લોકશાહીને ખતરામાં મૂકીશું. વહેલામાં વહેલી તકે આપણે અસમાનતાને દૂર કરવી પડશે. જો એમ નહિ કરીએ તો અસમાનતાથી પીડાતા લોકો લોકશાહીના માળખાને ફૂંકી મારશે."

ડૉ. આંબેડકરના આ શબ્દો અત્યારે ખૂબ જ પ્રાસંગિક બની જાય છે. અત્યારે દેશમાં જે રાજકીય અંધાધૂંધી ફેલાઈ છે તેના ઉપલક્ષમાં આપણે તંદુરસ્ત સંસદીય લોકશાહી કેવી હોય છે તેનાં કેટલાંક મહત્ત્વનાં પાસાં તપાસીશું તો અત્યારે શું છે અને શું હોવું જોઈએ તે વાત સ્પષ્ટ થશે. તંદુરસ્ત સંસદીય લોકશાહીનાં પાંચ મહત્ત્વનાં અંગો છે:

(૧) સ્પષ્ટ આર્થિક નીતિ અને રાજકીય હેતુના આધારે રચાયેલા સુસંગઠિત રાજકીય પક્ષનું અસ્તિત્વ જરૂરી છે. કૉંગ્રેસના ભાગલા

પડયા ત્યારે થોડો સમય એવો ભાસ થયો કે હવે રાજકીય તખતા ઉપર પક્ષોનું "પોલરાઈઝેશન" અર્થાત્ વિચારશ્રેણીને આધારે બે છેડે ઊભેલા પક્ષોની રચના થશે. ઉપરાંત સરખા વિચારો ધરાવતા લોકો આ બે અંતિમ છેડાવાળા પક્ષોમાં એકત્ર થશે. પરંતુ ધારણા પ્રમાણે આવું કાંઈ થયું નહિ. લોકશાહી સરળતાથી ચાલે તે માટે સમાન વિચારો ધરાવતા રાજકીય પક્ષોએ એકત્રિત બનવું જોઈએ. એમ થાય તો જ જનતા સમક્ષ ચોક્કસ પ્રકારનો રાજકીય અને આર્થિક કાર્યક્રમ મૂકી શકાય. કૉંગ્રેસના ભાગલા થયા ત્યારે તે કોઈ વિચારશ્રેણી અંગેના મતભેદને કારણે નહોતા થયા, પરંતુ કોને રાષ્ટ્રપતિ બનાવવા તે અંગેના ક્ષુલ્લક મતભેદને કારણે જ કૉંગ્રેસમાં ભંગાણ પડયું હતું. જો વિચારશ્રેણીના નક્કર મતભેદને લઈને કૉંગ્રેસમાં ભંગાણ પડયું હોત તો અત્યારે સ્થિતિ જુદી હોત. ભંગાણ પછી પણ જૂની કૉંગ્રેસ કે નવી કૉંગ્રેસ વચ્ચે કોઈ ખાસ તફાવત દેખાતો નહોતો. કૉંગ્રેસની ઢબછબને હું "અમ્બ્રેલા પોલિટિકસ" કહું છું. એક મોટી છત્રી હેઠળ કૉંગ્રેસમાં વિવિધ પ્રકારના વિચારો ધરાવતા લોકો એકત્રિત થયા છે. તેમાં કોમવાદીઓ છે, સમાજવાદીઓ છે, તરુણ તુર્કો છે અને મૂડીવાદીઓ તેમ જ જમીનદારો પણ છે. આ કૉંગ્રેસ કોઈ નિશ્ચિત પ્રકારનો આર્થિક કાર્યક્રમ એટલે જ ઘડી શકતી નથી.

મહાત્મા ગાંધીજીને કૉંગ્રેસના આ ભાવિની ખબર હતી એટલે તેમણે કૉંગ્રેસને વિખેરીને તેને 'લોકસેવા સંઘ' નામ આપવા આગ્રહ કર્યો હતો. સામે પક્ષે વિરોધી રાજકીય પક્ષોની સ્થિતિ પણ કૉંગ્રેસ જેવી જ છે. થોડો સમય પોતાની એકાદ વિચારશ્રેણી પ્રમાણે ચાલ્યા પછી ખાસ પરિણામ દેખાયાં નહિ એટલે ૧૯૬૭ પછી વિરોધ પક્ષોએ પોતાનો કોઈ કાર્યક્રમ રજૂ કરવાને બદલે નોન-કૉંગ્રેસિઝમ અર્થાત્ "કૉંગ્રેસ નહિ જોઈએ" તેવું સૂત્ર અપનાવ્યું. આ નકારાત્મક અભિગમને કારણે વિરોધ પક્ષો ફાવ્યા નહિ. આમ આપણે જોયું કે કોઈ ચોક્કસ વિચારશ્રેણી કે નક્કર નીતિ વગરના પક્ષો કંઈ કરી શકે નહિ.

(૨) તંદુરસ્ત લોકશાહી માટે મુકત અને ન્યાયી ચૂંટણીઓનું આયોજન થવું જોઈએ. વળી લોકોનો અવાજ રજૂ થાય તેવા ઉમેદવારો હોવા જોઈએ. આવા ઉમેદવારોને ચૂંટનારા મતદારો પણ જાગ્રત અને કેળવાયેલા હોવા જોઈએ. અત્યારે ચૂંટણીઓ બહુ જ ખર્ચાળ બની ગઈ છે. યુરોપના કેટલાક દેશોમાં ચૂંટણીનો અમુક ખર્ચ સરકાર ભોગવે છે. ભારતમાં આવી કોઈ પદ્ધતિ દાખલ કરવી જોઈએ.

ઉપરાંત ઓસ્ટ્રીઆ અને જર્મનીમાં Proportional Representationની પદ્ધતિ છે તેમ કુલ મતદાનની ટકાવારી પ્રમાણે મત હાંસલ કરનારા પક્ષને વધારાનું પ્રતિનિધિત્વ આપવું જોઈએ. છેક ૧૯૫૨થી ૧૯૭૧ સુધીની ચૂંટણીઓના આંકડા જોઈશું તો માલૂમ પડશે કે કુલ મતદાનમાં કૉંગ્રેસે લઘુમતી મેળવ્યા છતાં બેઠકોની દૃષ્ટિએ તે બહુમતીમાં હોઈને તે સત્તા ઉપર રહી છે. જો 'પ્રોપોર્શનલ રિપ્રેઝેન્ટેશન'-ની પદ્ધતિ અપનાવાય તો બીજો એક ફાયદો એ થાય કે દરેક પક્ષ પોતાના અમુક આર્થિક, વૈજ્ઞાનિક અને બીજા વિષયોના નિષ્ણાતોને પણ પ્રતિનિધિત્વ આપીને સંસદમાં મોકલી શકે. આમ કરવાથી સંસદીય લોકશાહીનું હીર-નૂર ઊજળું થાય છે અને લોકશાહી કૌવતવાન બને છે. અત્યારે તો ઉમેદવાર કેટલો કુશળ છે તે જોવાને બદલે તે કેટલા મત ખેંચી શકે છે તેના ઉપરથી જ ઉમેદવારી આપવી પડે છે. આને કારણે જ્યૉર્જ બર્નાર્ડ શૉએ કહેલું કે ""It is a rule of the fools over wise" તે કહેવત જેવો ઘાટ થાય છે.

ચૂંટણીઓમાં રાજકીય પક્ષોએ કેમ વર્તવું અને સત્તા ઉપરના પક્ષો સરકારી સાધનોનો ઉપયોગ કરવો કે નહિ તે અંગેની આચારસંહિતા ઘડવી જોઈએ. આપણે જોયું કે ઉત્તર પ્રદેશની ચૂંટણી વખતે પાંચમી યોજનામાં મંજૂર ન થયા હોય તેવા પ્રોજેકટોના પણ શિલારોપણવિધિ વડા પ્રધાને કર્યા હતા. ચૂંટણી ટાંકણે જ સત્તા ઉપરનો પક્ષ ઉદ્ઘાટનો કરે કે નવા વિકાસ પ્રોજેકટો ઊભા કરે તેને એક દૃષ્ટિએ ચૂંટણીની ગેરરીતિ જ ગણવી જોઈએ. ઓરિસાની એક ચૂંટણી અંગે આવો ખર્ચ થયેલો તે અંગે હારેલા ઉમેદવારે કેસ કર્યો હતો ત્યારે સુપ્રીમ કોર્ટે જે ટીકા કરી હતી તે શબ્દશ: અહીં આપું છું:

"Large scale development activities undertaken on the eve of elections may not constitute corrupt practices according to the present electoral law but they constitute an evil practice and is a thin line of demarcation between a corrupt practice and an evil practice."

આમ સુપ્રીમ કોર્ટે ભલે ચૂંટણીસમયના પ્રોજેકટોના સ્થાપનને ચૂંટણીના કાયદા હેઠળની ગેરરીતિ ગણી ન હોય પણ તેને એક અનિષ્ટ પ્રવૃત્તિ તો લેખી જ છે.

(૩) તંદુરસ્ત સંસદીય લોકશાહીના વિકાસ માટે સામાજિક અને રાજકીય અસમાનતા ઓછામાં ઓછી હોવી જોઈએ. જો આ અસમાનતા રહ્યા કરે તો સમાજમાં તંગદિલી રહ્યા જ કરે છે. દેશના ૪૨ ટકા લોકો ગરીબીની જે વ્યાખ્યા નક્કી થઈ છે તેના કરતાં પણ બદતર હાલતમાં જીવે છે. આદિવાસીઓ અને હરિજનો ઉપરના અત્યાચારો હજી પણ ઓછા થયા નથી. ઘણા અર્થશાસ્ત્રી એમ કહે છે કે ભૂખ્યા લોકોને રોટી આપીએ તો પણ ઘણું છે, પણ માત્ર રોટી આપીને કોઈ વ્યકિત પાસેથી તેની સ્વતંત્રતા આંચકી લો તો તે રોટીની કોઈ કિંમત નથી. હિટલરના સમયમાં લોકોને પેટપૂરતી રોટી મળતી હતી, પણ લોકોએ સ્વતંત્રતા ગુમાવી હતી. સ્વતંત્રતા ગુમાવીએ ત્યારે જ સ્વતંત્રતાની કિંમત સમજાય છે. સામાજિક અસમાનતામાં જીવતા લોકોને આપણે સ્વતંત્રતાથી વંચિત રાખીએ છીએ. આપણે ભૂખ્યા લોકોને રોટી આપીએ તે બરાબર છે, પણ રોટીની સાથોસાથ સામાજિક સમાનતા પણ આપવી જરૂરી છે.

(૪) લોકશાહીની પદ્ધતિ સ્વીકારનારા રાજકીય પક્ષોએ પછીથી ખેલદિલીપૂર્વક સંસદીય લોકશાહીના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. લોકશાહીને ક્રિકેટની રમત સાથે સરખાવી શકાય. જો ઘરઆંગણેની ટીમ હારતી હોય તો આપણે વિરોધી ટીમ ઉપર હુમલો લઈ જઈએ તો આખી રમત બંધ થઈ જાય. તે રીતે લોકશાહીમાં ચૂંટણીની પદ્ધતિ સ્વીકાર્યા પછી હારનારા પક્ષે ખેલદિલીપૂર્વક હાર સ્વીકારીને પોતે શું કામ હાર્યા તેની આત્મખોજ કરવી જોઈએ અને પોતાની કામગીરી સુધારવી જોઈએ.

અહીં હું એક નવા મુદ્દા તરફ આપ સૌનું અને સરકારનું ધ્યાન ખેંચવા માગું છું. લોકશાહીમાં લશ્કરની ફરજ અંગેની સ્પષ્ટ વ્યાખ્યા નિયત કરવી જોઈએ. જ્યાં ત્યાં લશ્કરનો ઉપયોગ કરવો જોઈએ નહિ. કુદરતી આપત્તિ સમયે, નાગરિકોના આંદોલન વખતે કે કોમી તોફાનો સમયે લશ્કરનો ઉપયોગ કરવામાં આવે છે. જો આવું થશે તો એક દિવસ આપણા ઉપર કાયમ માટે લશ્કરી શાસન આવી જશે તે ભયથી ચેતવા જેવું છે.

(૫) આપણે ત્યાંની સંસદીય લોકશાહીમાં એક તત્ત્વ ખૂટે છે. અમુક પ્રકારના સેફટી વાલ્વની ખામી છે. એટલે કે ઉમેદવાર ચૂંટાઈ જાય પછી તેને સંસદ કે વિધાનસભામાંથી પાછા બોલાવવાની કોઈ જોગવાઈ ચૂંટણીના કાયદામાં નથી. વળી સ્વિટ્ઝરલૅન્ડની માફક રેફરેન્ડમ અર્થાત્ જનમતની પણ કોઈ વ્યવસ્થા નથી. જો કે આપણે જોયું કે જે સેફટી વાલ્વ કાયદાએ પૂરો ન પાડયો તે ગુજરાતની જનતાએ જ પોતાના પગના બળે પેદા કર્યો અને ભ્રષ્ટાચારી સરકારને પાછી બોલાવી લીધી હતી.

હાલની આર્થિક અને રાજકીય બેહાલીનો ઉપાય ઉપર મુજબ ભાખેલા માર્ગોને આધારે નહિ થાય અને લોકશાહીના માળખાને તંદુરસ્ત નહિ બનાવાય તો સંસદીય લોકશાહીનું ભાવિ ડગુમગુ રહેશે. દિલ્હીના એક ટી. વી. આર્ટિસ્ટે મરતી વખતે નીચે મુજબની એક નોંધ તેના પુત્ર માટે લખીને રાખી હતી :

"For me the summer is so hot to-day, how cold will be the winter for you to-morrow."

ભારતના રાજકીય અને આર્થિક તખતા ઉપર આપણને જે ઉકળાટ અને અંધાધૂંધી દેખાય છે તે જોતાં એમ લાગે છે કે સંસદીય લોકશાહીના ભાવિ અંગે પણ ઉપર મુજબના શબ્દો જ લાગુ કરી શકાય.

મધુ દંડવતે

સંકલન : કાન્તિ ભટ્ટ

# કતલખાનાં શી રીતે અટકે?

If anybody has developed the doctrine of Non-Violence, it was Lord Mahavir.' જો કોઈએ અહિંસાધર્મને ચરમ સીમા સુધી વિકસાવ્યો હોય તો તે મોટે ભાગે ભગવાન મહાવીરને જ આભારી છે.' ઉપરોકત શબ્દો દ્વારા અહિંસાના આચાર્ય મહાત્મા ગાંધીજીએ જે પુરુષની અહિંસાને બિરદાવી છે એ પુરુષે સીંચેલા સંસ્કારોને કારણે આપણે જેનો કોઈ પણ જીવની -શારીરિક પીડાને જોઈ શકતા નથી અને તેથી કતલખાનાંને આપણે સહી શકતા નથી. આ સંસ્કારોને કારણે જીવદયા એ આપણો એક સંસ્કાર બની ગયો છે અને તેથી જીવદયાને નામે આપણે દર વર્ષે લાખો રૂપિયા જીવ છોડાવવા માટે વાપરીએ છીએ.

જેમ સમય જતાં હરેક વસ્તુ એક જડ ક્રિયાકાંડ બની જાય છે, તેમ જીવદયા એ પણ એક જડ ક્રિયાકાંડ બની ગયો છે. અને તેથી પૈસા ખરચી કસાઈઓ પાસેથી જીવ છોડાવીએ છીએ. એથી આપણે આત્મસંતોષ માનીએ છીએ, પણ એથી કસાઈઓને જે ઉત્તેજન મળે છે અને સારી એવી કમાણી થાય છે તેથી એમનો ધંધો વિકસતો જાય છે અને દિનભરદિન વિશેષ પ્રમાણમાં જીવો કપાતા જાય છે, એનો વિવેક આપણે કરી શકતા નથી.

બાકી થોડા દિવસ કતલખાનાં બંધ રહેશે એથી આપણો અહિંસાનો મોહ સંતોષાશે પણ એથી હિંસામાં કોઈ ફેર નહીં પડે. જે ઢોરો આજે કપાવાનાં હશે તે એક દિવસ આગળપાછળ કપાશે એટલું જ. શહેરોમાં અઠવાડિયે એક દિવસ દુકાનો બંધ રહે છે એથી ખરીદ-વેચાણમાં કશો જ ફેર પડતો નથી, કારણ કે લોકો આગળપાછળ ખરીદ-વેચાણ કરી નાખે છે. વળી માત્ર કાયદો કરવાથી સંસ્કારો નિર્મૂલ બની શકતા નથી. એ માટે તો પ્રજાસમૂહોને જાગૃત કરી દિલ પર લાગેલા વાસનાઓના થરને દૂર કરવા મથવું પડે છે. દારૂબંધી માટે સમગ્ર રાષ્ટ્રે કાયદો કર્યો પણ આઝાદી વહેલી આવવાથી પ્રજા-ઘડતરનું કામ થઈ શકયું નહીં. દારૂના સંસ્કારોને દૂર કરવાનું કાર્ય બની શકયું નહીં. પરિણામ એ આવ્યું કે ખાનગી રાહે દારૂનો વપરાશ વધી ગયો અને સરકારોને પણ કાયદો પાછો ખેંચી લેવો પડયો. દારૂના આ અનુભવને ધ્યાનમાં રાખી, જ્યાં સુધી પ્રજાને માંસાહારના સંસ્કારોથી મુકત કરવાનો પ્રયત્ન નહીં કરવામાં આવે ત્યાં સુધી કતલ-ખાનાં અટકશે નહીં. એટલે એ માટે તો નિષ્ઠાવાન કાર્યકર્તાઓએ, ખાસ કરી ત્યાગીવર્ગે મંદિરો-મઠો-ઉપાશ્રયો કે આશ્રમોમાંથી બહાર નીકળી આમજનતા વચ્ચે પ્રચારકાર્ય કરવા ફરવું પડશે. બાકી જો એ વર્ગ ઉત્સવો – મહોત્સવો, સમૈયા – સામૈયા કે યજ્ઞ – પૂજાપાઠો-માંથી બહાર નહીં નીકળે અને પોતાની દુનિયામાં જ ભકતોનાં વંદન-નમન ઝીલવામાં જ મહાલ્યા કરશે તો કંઈ જ અર્થ નહીં સરે અને એમનું બુમરાણ વ્યર્થ જશે.

આ અંગે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી 'જૈનધર્મનો પ્રાણ' પુસ્તકના ૧૧૯-૧૨૦ પાને લખે છે કે "અશોકના પૌત્ર સંપ્રતિએ કેવળ પોતાના આધીન પ્રદેશોમાં જ નહીં બલકે રાજ્યની સીમાની બહાર પણ જ્યાં અહિંસક જીવનવ્યવહારનું નામનિશાન પણ નહોતું ત્યાં અહિંસાની ભાવનાનો પ્રચાર કર્યો. અહિંસાની ભાવનાના એ ઝરણાને વ્યાપક રૂપ આપવાનું કાર્ય નિર્ગ્રન્થ અણગારોએ જ કર્યું. તેઓ ભારતમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં જેમ શંકરાચાર્યે ભારતના ચારે ખૂણાઓમાં મઠોની સ્થાપના કરીને બ્રહ્માદ્વૈતનો વિજયસ્થંભ રોપ્યો હતો તેમ એમણે અહિંસાદ્વૈતની ભાવનાના વિજયસ્થંભો રોપ્યા હતા. પરિણામે એકવાર સમગ્ર ભારતમાંથી માંસાહાર લગભગ નામશેષ થઈ ગયો હતો અને યજ્ઞ-હિંસા તો ત્યારથી બંધ જ પડી ગઈ છે.

આમ જો આજનો જૈન સાધુ જાગે તો જેની સંખ્યા આજે હજારોની છે એ જોતજોતામાં ભારતને માંસાહારવિમુકત કરી શકે. અને એમ થશે ત્યારે જ કતલખાનાં બંધ પડશે. બાકી કામ ઉપાડયા વિના ખાલી બુમરાણ મચાવવાથી કોઈ જ અર્થ સરે તેમ લાગતું નથી; ભલે પછી એ લાખો રૂપિયાના દિલ્હી તારો કરે કે વિરોધના ઠરાવો મોકલે.

બાકી જેનું હૃદય પવિત્ર છે, અહિંસક નિર્મળ જીવન છે એની છાપ એ એકલો હોય તો પણ હજારો પર અંકાઈ જાય છે. પણ આપણે એવી શ્રદ્ધા જ ગુમાવી છે. કારણ કે કતલખાનાંની ચરબીથી મુલાયમ બનેલી મલમલનો આપણે મોહ જ છોડી શકતા નથી ને એ રીતે કતલખાનાંને જ ઉત્તેજન આપી રહ્યા છીએ ત્યાં આપણી અસર બીજાને શું થાય? ઉપરાંત ચમરી-મોતી-ફૂમતાં જેવી અનેક હિંસક વસ્તુઓને આપણે જ આવકારીએ છીએ. પાણીના એક ટીપામાં હજારો ત્રસ્ત જીવો હોવાનું આપણે વ્યાખ્યાન કરીએ છીએ પણ બીજી બાજુ પખાળને નામે હજારો ઘડા પાણી ઢોળાય, લાખો પુષ્પોની હિંસા થાય એમાં આપણે ધર્મ માનીએ છીએ અને રેશમના ત્રણ ત્રણ ઈંચ લાંબા નેઈન્દ્રિય જીવોને ખદબદતા પાણીમાં ઉકાળ્યા પછી મળતા રેશમને આપણે પવિત્ર માની પૂજાભકિતમાં એનો જ આગ્રહ રાખીએ છીએ તેમ જ ઉત્સવો-મહોત્સવોમાં પૈસા કઢાવવા રાતદિવસ યુકિતઓ અજમાવીએ છીએ અને નીતિ–અનીતિ જોયા વિના એવું દ્રવ્ય એકઠું કરવામાં ગૌરવ ધરાવીએ છીએ ત્યાં એની અસર શું થાય? પણ આશ્ચર્યની વાત છે કે ધર્મનેતાઓએ સ્વરૂપહિંસાનો એક નવો પ્રકાર શોધી કાઢી એ બધી હિંસાત્મક કાર્યવાહીને ધર્મમાં ખપાવી દીધી છે. આમ પગ તળે શું બળે છે એનું ભાન આપણને રહેતું નથી અને કતલખાનાં માટે શોરબકોર ગજવ્યા કરીએ છીએ એ પણ કાળની એક બલિહારી જ છે ને! ભગવાને તો વિદેગેધમ્મો- વિવેકદષ્ટિમાં જ ધર્મ કહ્યો હોઈ હરેક વસ્તુ વિવેકદષ્ટિથી વિચાર્યા વિના ધર્મનું રહસ્ય નહીં સમજાય. આશા છે કે સમજુ વર્ગ આ અંગે વિચાર કરી નવું માર્ગદર્શન આપશે.

શાહ રતિલાલ મફાભાઈ

## સાભાર સ્વીકાર

"શ્રી જિનેશ્વર મહિમા" : શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ યુવાન ઉંમરના છે અને તેઓ શ્રીમદ્ રાજચંદ્રના માત્ર ભકત જ નહિ, એક જીવનસાધક પણ છે. તેમણે આ પુસ્તકમાં શ્રીમદ્‌નાં લખાણોનો સુંદર સંગ્રહ કર્યો છે. પુસ્તકની પ્રસ્તાવનામાં જૈન સાહિત્યના સંનિષ્ઠ લેખક શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ લખ્યું છે કે "શ્રીમદ્‌ના ચિંતનપૂર્ણ આંતરવૈભવનું થોડુંક પણ દર્શન કરાવવામાં આ પુસ્તક ઉપયોગી થઈ પડે એવું હોવાથી એનું હું અંતરથી સ્વાગત કરું છું." અમે પણ આ પુસ્તક વાંચી ગયા પછી આવી જ ભાવના ભાવીએ છીએ અને ભાઈ જયંતીલાલને હાર્દિક અભિનંદન આપીએ છીએ. આ પુસ્તકનું પ્રાપ્તિસ્થાન છે - શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, પંચભાઈની પોળ, અમદાવાદ. ૨૦૮ પૃષ્ઠ-વાળા આ આધ્યાત્મિક પુસ્તકની કિંમત માત્ર રૂ. ૧-૨૫ રાખી હોઈ આ પુસ્તકની માગ સારી રહેશે અને તત્ત્વજિજ્ઞાસુ પ્રેમી ભાઈ-બહેનોને ધર્મમાર્ગનું અનુસરણ કરવામાં પણ આ પુસ્તક સારું એવું સહાયરૂપ થશે.

મંત્રીઓ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

(કવિઓ, લેખકો અને સાહિત્યકારોને એમનાં પ્રકાશનો અમને અવલોકનાર્થે મોકલવા વિનંતી છે. – તંત્રી)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. by south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૭૪ ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## સેવાનો મોહ

સેવા અને મોહ શબ્દ સાથે વાપરવા વિરોધાભાસી છે. સેવામાં નિસ્વાર્થતા અને નિર્મોહિપણાનો ભાવ છે. આ ખરું છે. પણ વખત જતાં તેમાંથી સૂક્ષ્મ મોહ કેમ ડોકિયાં થાય છે તે અનુભવથી જણાય છે.

સમાજ સહકારથી નભે છે. કોઈ વ્યકિત સંપૂર્ણ સ્વાર્થી થઈ શકતી નથી. પોતાનાં માતાપિતા, સ્ત્રી અને સંતાનો, અન્ય કુટુંબીજનો, પડોશીઓ માટે દરેક વ્યકિત વત્તેઓછે અંશે કાંઈ ને કાંઈ કરે છે. દેખીતી રીતે તેમ કરવામાં તેને લાભ છે. તેમનો પણ સહકાર તેને મળે છે. આવા વર્તનને આપણે સેવા નથી ગણતાં. સેવામાં બદલાની આશા ન હોય. તેમાં માત્ર ત્યાગ છે.

સેવા ધર્મ પરમ ગહન છે; યોગીઓને પણ અગમ્ય છે, એમ કહ્યું છે. માણસ સેવા શા માટે કરે છે, શા હેતુથી કરે છે? ભૌતિક બદલાની આશા ન હોય ત્યાં પણ બીજા કોઈ બદલાની આશા છે? માણસના વર્તનના મૂળમાં જે એષણાઓ પડી છે તેમાં ધન, કીર્તિ, સત્તા, એક અથવા બીજે સ્વરૂપે ભાગ ભજવે છે. ધનનો મોહ હોય તે તરત દેખાઈ આવે. તે ભ્રષ્ટાચારમાં પરિણમે. કીર્તિ કે સત્તાનો મોહ સૂક્ષ્મ હોય છે. પોતાને એવો કોઈ મોહ નથી એવું પોતાની જાતને મનાવવા પ્રયત્ન કરે અને જાહેર રીતે એવું કહે. પણ એની કસોટી થતાં વાર લાગતી નથી. પોતે સેવા કરતા હોય તેની કાંઈ પણ કદર ન થાય અથવા પોતાને તે કારણે સમાજમાં કાંઈ પ્રતિષ્ઠા અથવા સ્થાન ન મળે તો કેટલા લોકો કહેવાતું સેવાનું કામ ચાલુ રાખશે? સામાન્ય રીતે સમાજ કદર કરે છે. કેટલીક વખત વધારે પડતી કદર કરે છે. એવી વ્યકિતને સમાજમાં પ્રતિષ્ઠા અને સ્થાન પણ મળે છે. પણ આપણે જોઈએ છીએ કે પોતાની લાયકાત કરતાં અથવા પોતે કરેલા કામની વધારે પડતી કિંમત આંકી, ઘણી પ્રતિષ્ઠા અથવા સ્થાનની ખોટી અપેક્ષા રાખે છે. પોતાના કરતાં બીજાને આવી પ્રતિષ્ઠા અથવા સ્થાન મળી જાય તો ઈર્ષા અથવા નિરાશા થાય છે. શુદ્ધ સેવાભાવ, કાંઈ પણ અપેક્ષા વિનાનો, વિરલ હોય છે. એવા સેવાભાવનો પ્રમુખ ગુણ અથવા લક્ષણ નમ્રતા છે. જેટલી નમ્રતા વધારે હોય તેટલો સેવાભાવ દીપે. તેમાં અહંકાર ભળે—અને સામાન્યપણે આવું થાય છે—ત્યારે સેવાની અસર અને પરિણામ દોષિત થાય છે. સેવાનો સાચો આશય સમજીએ તો આવી નમ્રતા કેળવી શકાય. તે અઘરું છે પણ અશકય નથી.

સેવાનું સાચું ધ્યેય વ્યકિતના આધ્યાત્મિક વિકાસનું છે. કોઈના ઉપર ઉપકાર કરીએ છીએ તે ભાવ સદંતર નીકળી જવો જોઈએ. આ કહીએ છીએ તેટલું સહેલું નથી. માણસનો સાચો વિકાસ—આંતરિક—બીજાનાં સુખદુ:ખમાં, ખાસ કરી દુ:ખમાં, ભાગીદાર થવામાં છે. પારકા લાગે છે તેને પોતાના ગણવા, એટલી હૃદયની વિશાળતા કેળવવી તેમાં સાચી માનવતા છે. તેને માટે કરવો પડતો ત્યાગ, એ ત્યાગ નથી પણ પ્રાપ્તિ છે તેવી પ્રતીતિ થાય ત્યારે આવી વૃત્તિ કેળવાય છે. આ સહેલાઈથી કે સહસા થતું નથી. દીર્ઘકાળની સાધના જોઈએ. વિરલ વ્યકિતઓ માટે સહજ છે. સામાન્ય મનુષ્યે પ્રયત્નપૂર્વક કેળવવું પડે છે. સંસારનું સૌથી મોટું અનિષ્ટ, દુ:ખ નથી પણ સ્વાર્થ છે, પરમાર્થ ભાવમાં, સેવાના માર્ગમાં ઘણું કષ્ટ વેઠવું પડે. પ્રાણ પણ આપવો પડે. પણ તેને દુ:ખ માનવાને બદલે આનંદ માનીએ એવી વૃત્તિ થાય છે. માણસ પોતાનું હૃદય કેટલું વિશાળ કરી શકે છે તે દરેક વ્યકિતની પ્રકૃતિ, સંસ્કાર અને સાધના ઉપર આધાર રાખે છે. દુ:ખનું મૂળ કષાય અને રાગદ્વેષ છે. સાચી સેવાથી રાગદ્વેષ ઓછા થવા જોઈએ. નિરંતર અંતરનો આનંદ વધતો રહેવો જોઈએ. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, કરુણા અને મૈત્રીભાવ સાચી રીતે જાગે ત્યારે ખરી સેવા થાય. બીજી કોઈ અપેક્ષા હોય ત્યાં અહંકાર રહે.

આવી સેવા કરવી સહેલી નથી. અંતરના ભાવ શુદ્ધ હોય ત્યાં પણ, સંજોગો પ્રતિકૂળ હોય, વિરોધ હોય, ઈર્ષા કે ખટપટ હોય, મતભેદો થાય અને જીવને કલેશ થાય. માનવવ્યવહાર એટલે સંઘર્ષ. ભારે ધીરજ અને સહિષ્ણુતા જોઈએ. પોતાનું ધાર્યું કરવાની વૃત્તિને ખૂબ કાબૂમાં રાખવી જોઈએ. સંસ્થામાં કે સમૂહમાં કામ કરતા હોઈએ ત્યાં સૌને સાથે રાખીને કામ કરવાની કુશળતા જોઈએ. આ ત્યારે બને કે સાથી કાર્યકર્તાઓ પ્રત્યે પોતે આદર રાખે અને પોતાનું વર્તન એવું હોય કે બીજાને પોતાના પ્રત્યે આદર થાય.

દરેક વ્યકિત મોટી થવા અથવા મોટી દેખાવા ઈચ્છા કરે છે. મોટા ભાગના માણસો ધન, કીર્તિ કે સત્તામાં મોટપ માને છે. સીધી રીતે ધન, કીર્તિ કે સત્તા પાછળ માણસ પડે તો ઉઘાડો પડી જાય. આવી પ્રાપ્તિ માટે સેવાને સૂક્ષ્મ રીતે સાધન બનાવે. સત્તા એટલે માત્ર રાજકીય સત્તા નહિ. સત્તા એટલે બીજા ઉપર પ્રભુત્વ મેળવવું, આધિપત્ય ભોગવવું, પોતાની આણ કે આજ્ઞાવર્તી બીજા થાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી. જીવનનાં બધાં ક્ષેત્રોમાં આવી સત્તા મેળવવાનો પ્રયત્ન થાય છે. ધર્મગુરુઓ, શિક્ષકો, માતાપિતા, અધિકારી, બધાં એક અથવા બીજી રીતે સત્તા ભોગવે છે. ત્યાગ, નમ્રતા અને પ્રામાણિકતાને પણ સૂક્ષ્મ રીતે સત્તા મેળવવાનાં સાધન બનાવી શકાય છે. માણસના વર્તનના હેતુ અગમ્ય હોય છે. પોતે પણ પૂરા જાણતો નથી હોતો. બીજાને બહુ ઓછું જાણવા દે છે. જાગ્રત વ્યકિતએ સતત પોતાના હેતુઓનું બારીકાઈથી પૃથક્કરણ કરતા રહેવું જોઈએ.

સમય જતાં, સેવાનો મોહ જાગે છે. મારા વિના ચાલશે નહિ, મારા સિવાય બીજું કોઈ કરી શકે તેમ નથી, મારાથી રહેવાતું

નથી, સહેવાતું નથી, આવા બધા ભાવ જાગે છે. પોતાની શકિત, શારીરિક તથા માનસિક ક્ષીણ થઈ ગઈ હોય તો પણ છોડવું ગમે નહિ. પોતાની અનિવાર્યતા માની બેસીએ. અલબત્ત, કેટલીક વ્યકિતઓ ખરેખર છેવટ સુધી જરૂરની અને ઉપયોગી હોય છે. તેમનો અનુભવ, ડહાપણ વગેરે માર્ગદર્શક બને છે. પણ ઉંમર થતાં ઉત્સાહ મંદ થાય છે. નવું કરવાની વૃત્તિ કે સાહસ બહુ થોડાને રહે છે. જે છે તે દેખીતી રીતે ઠીક ઠીક ચાલ્યા કરે અને પોતાની આબરૂ રહે એવી વૃત્તિ થતી જાય છે. ધીમે ધીમે છોડવાની તૈયારી કરવી જોઈએ. સંજોગોને અનુકૂળ થવાની વૃત્તિ કેળવવી જોઈએ. લોકોનો આદર હોય, કામ કરવાની શકિત હોય ત્યાં સુધી માણસે કરવું. દુનિયાને સુધારી દેવાનો ઈજારો કે જવાબદારી લઈને કોઈ જન્મ્યું નથી. આ અનાદિ અનંત સંસાર ચાલ્યા કરવાનો છે. આપણે નિમિત્ત માત્ર છીએ અને ઈશ્વરસમર્પણની વૃત્તિથી થાય તેટલું કરવું. તેમાં આસકિત કે મોહ ન થાય તે જોવાનું. આવી વૃત્તિ કેળવવી સહેલી નથી પણ પોતાના કલ્યાણ માટે પણ આ જ વૃત્તિ ફલદાયક છે. નહિ તો રાગદ્વેષ વધે અને પોતાનું પણ બગડે. કેટલીક વ્યકિતઓના જીવનમાં હું એવો સમય કલ્પી શકું છું કે પોતે એમ કહે કે મેં મારા કુટુંબનું, સમાજનું, દેશનું મારાથી થાય તેટલું કર્યું છે. હવે હું અને ઈશ્વર રહ્યા. આવી સ્થિતિ ન આવી હોય ત્યાં સુધી તે બહાને પોતાની ફરજ છોડવી નહિ. દરેકે પોતાનો માર્ગ નક્કી કરવાનો રહે છે.

૬-૫-'૭૪ **શ્રીમનલાલ ચકુભાઈ**

## પ્રકીર્ણ નોંધ

### રેલવે હડતાળ

આ લખું છું ત્યારે હડતાળનો નવમો દિવસ છે. આ હડતાળ સામાન્ય હડતાળ નથી. તેમાં માત્ર રેલવે કર્મચારીઓના આર્થિક લાભનો પ્રશ્ન નથી. દેશવ્યાપી રેલવે હડતાળ, દેશના સમગ્ર અર્થતંત્રને અને સમસ્ત પ્રજાના જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે. ભારતની રેલવે દુનિયામાં સૌથી મોટી છે. આ દેશના ચારે ખૂણે લગભગ ૬૦ હજાર કિલોમીટર ફેલાયેલી છે. રોજની ૮૦૦૦ માલગાડીઓ સાડા પાંચ લાખ ટનની માલની હેરફેર કરે છે. રોજની લગભગ ૩૦૦૦ ઉતારુ ગાડીઓ ૭૫ લાખ માણસોની અવરજવર કરે છે એકલા મુંબઈમાં પરાંની ગાડીઓ ૨૭ લાખ પરાંવાસીઓ લાવે છે અને લઈ જાય છે. કારખાનાઓ અને વ્યાપાર–ઉદ્યોગ સ્થંભિત થઈ જાય. જરૂરિયાતોનો માલ, કોલસો, અનાજ, કાચો માલ વગેરેની હેરફેર બંધ થાય, વીજળી પુરવઠો અટકી પડે, કરોડો રૂપિયાના નુકસાન ઉપરાંત, બીજા લાખો માણસો રોજી વિનાના થઈ જાય. હડતાળના વાજબી - ગેરવાજબીપણાનો વિચાર રાષ્ટ્રીય દૃષ્ટિએ કરવાનો રહે છે.

લગભગ ૨૦ લાખ રેલવે કર્મચારીઓ છે. વધતી જતી મોંઘવારી સૌને ભીંસે છે. પણ બીજા મજૂરોના પ્રમાણમાં રેલવે કર્મચારીઓના પગાર ઓછા નથી. તાજેતરમાં ત્રીજા પગાર પંચની ભલામણો મુજબ પગારવધારો કર્યો તેથી ૧૧૦ કરોડનો બોજો વધ્યો. મિયાભાઈ પંચની ભલામણ સ્વીકારી કામના આઠ કલાક કર્યા તેથી બીજો કરોડો રૂપિયાનો બોજો વધ્યો. પગાર ઉપરાંત રેલવે કર્મચારીઓને બીજી ઘણી સગવડો આપવામાં આવે છે. શિક્ષણ, તબીબી રાહત, રહેઠાણ, મુસાફરી વગેરે માટે કરોડો રૂપિયા ખર્ચાય છે. વર્ષો સુધી રેલવે નફો કરતી. લગભગ ૪૮૦૦ કરોડનું રેલવેમાં રોકાણ છે. તેનું વ્યાજ જ કરોડો રૂપિયા થાય. પણ છેલ્લાં ૭-૮ વર્ષથી રેલવે નુકસાન કરે છે. ભાડા અને નૂરવધારો લગભગ દર વર્ષે થાય છે. તે બધું કર્મચારીઓના પગારમાં જ હોમાઈ જાય છે. શિસ્ત ઉત્તરોત્તર બગડતી રહી છે. દેશના એક અથવા બીજા ભાગમાં રેલવેના એક અથવા બીજા વર્ગ તરફથી હડતાળ હોય જ. ૭૦૦ ઉપરાંત રેલવે કર્મચારીઓના મજૂર સંઘો છે અને તેમાં પરસ્પરની હરીફાઈ છે. રેલવેમાં લાંચરુશવત અને ચોરી તથા ભાંગફોડ મોટા પ્રમાણમાં થાય છે.

આ હડતાળ પડી તે પહેલાંની વાટાઘાટોમાં નાની મોટી માગણીઓ સ્વીકારી શકાય તેવી સરકારે સ્વીકારી છે. હવે બે મુખ્ય માગણીઓ ઉપર આ હડતાળ પડી છે–એક મહિનાનું બોનસ અને જાહેર ક્ષેત્રના કારખાનાઓની સરખામણી મુજબ પગારવધારો. આ માગણીઓ સ્વીકારવામાં આવે તો સરકારના કહેવા મુજબ વાર્ષિક ૪૫૦ કરોડનો બોજો વધે. વાત તેટલેથી જ અટકે નહિ. બીજા સરકારી કર્મચારીઓ–કેન્દ્રના અને રાજ્યોના–આવી જ માગણીઓ કરે તો પછી તેનો ઈન્કાર થઈ શકે નહિ. પરિણામે સરકારને મક્કમ વલણ લેવું પડ્યું છે. ખાનગી ક્ષેત્રે મજૂરોને ૮.૩ ટકા બોનસ મળે છે તો રેલવે ને કેમ નહિ એવી દલીલ થાય છે. નુકસાન કરતાં કારખાનાઓમાં પણ આવું બોનસ ફરજિયાત કરવાની સરકારે ભૂલ કરી છે. પગારોનું રાષ્ટ્રીય અને સમતોલ ધોરણ નક્કી કરવું બહુ અઘરું છે. એક ઠેકાણે નમતું મૂકે એટલે બધે માગણી થાય. આ પ્રશ્ન બોનસ પંચ અને વેતન પંચ વિચારી રહ્યાં છે.

પણ પ્રશ્ન માત્ર રેલવે કર્મચારીઓના બોનસ કે પગારનો જ નથી. આ હડતાળ રાજકીય હેતુપ્રેરિત છે અને સંસ્થા કોંગ્રેસ સિવાય બધા વિરોધ પક્ષો તેમાં સામેલ છે. માંદગીને બિછાનેથી જયપ્રકાશ નારાયણે ફર્નાન્ડીઝને પોતાનો સંપૂર્ણ નૈતિક ટેકો જાહેર કર્યો છે અને સમાધાન કરવા બન્ને પક્ષને ભલામણ કરી છે. સરકારને મૂંઝવણમાં મૂકવાની કોઈ તક જયપ્રકાશ નારાયણ છોડતા નથી. આ હડતાળને ટેકો આપવો એટલે પ્રજાની યાતનાઓ વધારવી. કેટલાંક ક્ષેત્રો એવાં છે જેના કર્મચારીઓની હડતાળ પ્રજાને ઘાતક બને છે. એસેન્સિયલ સર્વિસમાં હડતાળ ન હોઈ શકે.

સરકારે મક્કમ વલણ દાખવ્યું છે. ધરપકડો કરી છે, બરતરફીની ધમકી આપી છે, લશ્કરની મદદ લીધી છે, રેલવે વ્યવહાર ચાલુ રાખવા પ્રયત્ન કર્યો છે. પણ આ બધાં પગલાઓને મર્યાદા છે. પ્રજાએ અત્યાર સુધી એકંદરે હિંમતપૂર્વક હાડમારીઓનો સામનો કર્યો છે. પ્રજાનો સહકાર સરકારને બળ આપે. ઈન્દિરા ગાંધીએ કહ્યું છે કે કોણ હાર્યું અને કોણ જીત્યું એ દૃષ્ટિએ સરકાર વિચારતી જ નથી પણ પ્રજાહિત જ લક્ષમાં રાખવાનું છે. છેવટે તો એ માણસો પાસેથી જ કામ લેવાનું છે. હડતાળ લાંબી ચાલે તો કદાચ કર્મચારીઓ થાકે અથવા પ્રજા થાકે અને સરકારે નમતું મૂકવું પડે. સરકારે પોતાની જવાબદારીનો વિચાર કરવો રહે છે. માત્ર પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી ન શકે. મજૂર આગેવાનો, પ્રજાના જીવન સાથે અથવા રેલવે કર્મચારીઓના જીવન સાથે પણ, જુગાર ખેલી શકે. સરકારથી તેમ ન થાય. તેથી સમાધાન માટે ત્રણ મુદ્દાની ફોર્મ્યુલા, વિરોધ પક્ષના આગેવાનોને, સૂચવવામાં આવી હતી તે બન્ને પક્ષ માટે માનભર હતી. દુર્ભાગ્યે ફર્નાન્ડીઝે તેનો અસ્વીકાર કર્યો છે. હડતાળનો કોઈ પણ નતીજો આવે તેમાં દેશને અને પ્રજાને નુકસાન જ છે. હડતાળ લાંબી ચાલે તો ભાંગફોડ, તોફાન વગેરેનો ભય છે. સરકારને માટે અતિ વિકટ પરિસ્થિતિ છે. પ્રજાની સહનશકિતની કસોટી છે. અંતે સૌને પોતાની જવાબદારીનું ભાન થાય તો જ યોગ્ય માર્ગ નીકળે. ઈંગ્લાંડનો એક તાજો દાખલો ધ્યાનમાં લેવા જેવો છે. લીલેન્ડના કારખાનાના આઠ હજાર મજૂરોએ હડતાળ ઉપર જવાની નોટિસ આપી ત્યારે મજૂરોની પત્નીઓએ તેનો વિરોધ કર્યો અને કારખાના ઉપર પિકેટિંગ કરી મજૂરોને કામ છોડતા અટકાવ્યા. આ રાષ્ટ્રીય કટોકટીમાં, પ્રજાહિતની દૃષ્ટિ જ લક્ષમાં રાખવામાં આવે એવી અપેક્ષા, અત્યારના મજૂર નેતાઓ કે રાજકીય વિરોધ પક્ષો પાસેથી રાખવી કદાચ વધારે પડતું ગણાય. છતાં પ્રજામતનું દબાણ તેઓ સદંતર અવગણી ન શકે અને તેમાં વર્તમાનપત્રો સારો ફાળો આપી શકે.

## યુરોપનું પલટાતું ચિત્ર

યુરોપમાં તાજેતરમાં ત્રણ મહત્ત્વના બનાવો બન્યા છે. ફ્રાન્સના પ્રમુખનું અવસાન, પશ્ચિમ જર્મનીના ચાન્સેલર વિલી બ્રાન્ટનું રાજીનામું અને પોર્ટુગલમાં રાજ્યપલટો. આ ત્રણે બનાવોની અસર યુરોપ અને દુનિયા ઉપર થાય તેમ છે. ફ્રાન્સમાં દ'ગોલે વિશિષ્ટ નીતિ, ખાસ કરી વિદેશનીતિ, અપનાવી હતી. ફ્રાન્સની પ્રજા ઉપર દ'ગોલની જબ્બર અસર હતી. દ'ગોલ ખૂબ અભિમાની હતા. ખાસ કરી અમેરિકાનો વિરોધ કરવા અને યુરોપમાંથી અમેરિકાનું વર્ચસ ઓછું કરી, ફ્રાન્સને ગૌરવ આપવાની તેની નીતિ હતી તેમાં ઠીક પ્રમાણમાં તેને સફળતા મળી હતી. તેના અનુગામીએ દ'ગોલની નીતિ એકંદરે ચાલુ રાખી હતી. હવે નવા પ્રમુખની ચૂંટણીમાં ભારે રસાકસી છે. સમાજવાદી ઉમેદવાર, મીતરાં જો ચૂંટાઈ આવે – અને એવી શકયતા લાગે છે – તો ફ્રાન્સની આંતરિક અને વિદેશનીતિમાં ઠીક પલટો આવે.

પશ્ચિમ જર્મનીમાં, વિલી બ્રાન્ટને કરુણ સંજોગોમાં અચાનક રાજીનામું આપવું પડયું. વિલી બ્રાન્ટ સાચા સમાજવાદી અને શાન્તિચાહક વ્યકિત છે. તેમનામાં આદર્શ છે અને નિડરતા છે. ભૂતકાળને ભૂલી જઈ, પૂર્વ જર્મની અને પૂર્વ યુરોપના બીજા સામ્યવાદી દેશો તથા રશિયા સાથે તેમણે સારા સંબંધો બાંધ્યા. દુર્ભાગ્યે એ જ પૂર્વ જર્મનીના એક જાસૂસ, તેમની જાણ વિના, તેમના અંગત મંત્રી જેવા થયા. આ હકીકત બહાર આવી. અને તે વ્યકિતએ પોતે પૂર્વ જર્મનીના જાસૂસ છે તે કબૂલ કર્યું. તેમાં બ્રાન્ટનો કોઈ દોષ ન હતો. છતાં, શ્રેષ્ઠ પ્રણાલિકા મુજબ તેમણે તુરત રાજીનામું આપી દીધું. બ્રાન્ટની ખોટ જર્મનીને જ નહિ પણ દુનિયાને, ખાસ કરી યુરોપને લાગશે.

પોર્ટુગલમાં લગભગ અરધી સદીના ક્રૂર સરમુખત્યારી શાસન પછી બળવો થયો અને રાજ્યપલટો થયો. યુરોપના દેશોનાં સામ્રાજ્યો વિલીન થયાં. પોર્ટુગલ, એક નાનો દેશ, એક જ સામ્રાજ્યવાદી રહ્યો અને આફ્રિકાનાં સંસ્થાનો, અંગોલા અને મોઝામ્બિકને પકડી રાખ્યાં. ત્યાં અનહદ સિતમો ગુજાર્યા છે અને સત્તા ટકાવવા લશ્કર રાખી, અબજોનું ખર્ચ કર્યું છે. જનરલ સ્પિનોલા જે હવે સત્તા ઉપર આવ્યા છે તે આફ્રિકામાં લશ્કરી વડા હતા. અનુભવે તેને લાગ્યું કે લશ્કરી બળથી આફ્રિકાની પ્રજા ઉપર સત્તા ટકાવી શકાય તેમ નથી.

ગમે તેટલું લોહી રેડીએ અને ખર્ચ કરીએ તો પણ અંતે છોડવું પડશે. આવા વિચારો વ્યકત કરતું તેમણે એક પુસ્તક પ્રકટ કર્યું. તેની ઊંડી અસર થઈ. સત્તા ઉપર આવ્યા પછી, સ્પિનોલા કેટલા ઉદાર થાય છે તે જોવાનું રહે છે. તેમણે કેટલાંક ઉદાર પગલાં લીધાં છે. રાજદ્વારી કેદીઓને છોડી મૂકયા છે, વર્તમાનપત્રોને કાંઈક છૂટ મળી છે, અને વર્ષોની ગૂંગળામણ પછી પ્રજા કાંઈક મોકળાશ અનુભવે છે. આફ્રિકાનાં સંસ્થાનો પ્રત્યે કેવું વલણ લે છે તે હજી જોવાનું રહે છે. પણ આ બનાવની અસર માત્ર પોર્ટુગલની પ્રજા ઉપર પડશે એટલું જ નથી. પડોશના સ્પેન ઉપર પણ પડશે અને આફ્રિકામાં દક્ષિણ આફ્રિકા અને રહોડેશિયા ઉપર પણ પડશે.

## ભારત અને ઈરાનના સંબંધો

ઈન્દિરા ગાંધીની ઈરાનની મુલાકાત આપણા દેશને સારી પેઠે લાભદાયી થશે. ઈરાન સાથે વેપાર વધે તે એક લાભ છે પણ તેનાં કરતાં ઈરાન સાથે સારા સંબંધો હોય તો પાકિસ્તાનનો ભય ઓછો થાય. તેલને લીધે ઈરાનની સમૃદ્ધિ વધી છે. ઈરાને મોટા પ્રમાણમાં શસ્ત્રોની ખરીદી કરી છે. મધ્યપૂર્વમાં ઈરાન શકિતશાળી દેશ થતો જાય છે. પાકિસ્તાનને ઈરાનનો ટેકો છે. આપણી સાથે ઈરાનના સંબંધો સારા હોય તો આપણી સામે પાકિસ્તાનને ઈરાન તરફથી કોઈ સહાયનો સંભવ રહે નહિ. ઈન્દિરા ગાંધીની આ સફળતા માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

૧૧-૪-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# હડતાળો કેમ પડે છે?

કામ અને ખાસ કરીને પોતાને રસ પડે તેવું કામ દરેકના જીવન માટે અતિ મહત્ત્વનું છે. નિવૃત્તિ લેવી પડે, આપણે નકામા થઈ જઈએ, રોગ્ય બગડે કે અકસ્માત થાય અને બેકાર બની જઈએ ત્યારે કામનું મહત્ત્વ સમજાય છે. કામ અગર તો પ્રવૃત્તિ એ જાણે જીવન માટેનું રસાયણ છે અને એ રસાયણ ઝૂંટવાઈ જાય એટલે આપણે ખાલી ખાલી બની જઈએ છીએ. કામ ખોવાને કારણે માત્ર આવક ગુમાવી હોય તેનો અફસોસ હોતો નથી, બીજું કશુંક મૂલ્યવાન ગુમાવ્યાનો અફસોસ પણ થાય છે.

આમ છતાંય અત્યારે લોકો હડતાળ દ્વારા કે ખાસ કારણ વગર કામથી દૂર શું કામ રહેવા લાગ્યા છે? હાલના ઉદ્યોગીકરણે માનવને અર્થહીન બનાવી દીધો છે. એકનું એક કંટાળાજનક કામ કરીને તેનું સત્ત્વ અને હીર ચુસાઈ ગયું છે. ખેતીમાં કામ કરનારો મજૂર તેના કામ સાથે ઓતપ્રોત હોય છે. જે માટીમાં કામ કરે છે તે માટી સાથે એનું સગપણ બંધાઈ જાય છે. એક શેઢાનું ઘાસ કાપ્યું હોય તે તેને બીજે વરસે શિયાળામાં યાદ રહે છે અને કહે છે: "આહીંથી એક ચીભડાના વેલામાંથી હું મારા કાનિયા માટે ચીભડું - કોઠીંબું લઈ ગયો હતો."

પણ યંત્ર સાથે કામ કરતો મજૂર યંત્ર સાથે આ પ્રકારનું તાદાત્મ્ય કે સગપણ અનુભવતો નથી. પગારવધારો આપવાથી મજૂરો સારું કામ કરશે તેવો દાવો કરનારાઓ યુરોપના અનુભવને દાખલારૂપે લેવો જોઈએ.

અમુક પ્રકારનાં કામોમાં તો સ્વીડનના લોકો જતા જ નથી– ગમે તેટલો પગાર આપો તો પણ. દા.ત. વોલ્વો અને સાબ નામની મોટરગાડી બનાવતા કારખાનામાં સ્વીડનના મજૂરો આવતા જ નથી. એક ને એક ભાગ બેસાડયા કરવાથી સ્વીડનનો મજૂર કંટાળે છે એટલે વિદેશથી મજૂરો લાવવા પડે છે. અમેરિકાનાં ઘણાં નાનકડાં શહેરોમાં એક બાજુ બેકાર લોકો રખડતા હોય છે ત્યારે અમુક કારખાનાંમાં મજૂરો મળતા નથી! બ્રિટનમાં સફાઈકામ માટે વેસ્ટ ઈન્ડીઝ, પાકિસ્તાન અને ભારતના લોકોને જ રાખવા પડે છે. બ્રિટનના લોકો આ કામથી કંટાળે છે.

યુવાન લોકો પોતાની નોકરી સાથે તાદાત્મ્ય અનુભવતા નથી. તાજેતરમાં ભારતની રાષ્ટ્રીયકૃત બૅંકોમાં પહેલાં જેવી સેવા આપાતી નથી તે અંગે એક ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે ૧ લાખ જેટલા બૅંક કર્મચારીઓ એવા છે કે જે તાજા ગ્રેજ્યુએટ થઈને બૅંકમાં ભરતી થયા છે. કૉલેજમાં લહેરી જીવન જીવ્યા પછી બૅંકના જવાબદારીવાળા કામ સાથે તેમનો મેળ જામતો નથી. ભાવિ જીવનનાં ઘણાં સપનાઓ જોયાં હોય અને ટેબલ ઉપર માત્ર બૅંકનાં કંટાળાજનક ફોર્મ ઉથલાવવાનાં હોઈને તે કામથી નાસે છે! જાપાનમાં પણ આ સમસ્યા જોવામાં આવે છે.

યુરોપમાં તો શરૂમાં કારખાનામાં અને જાહેર સેવાની સંસ્થામાં કામ કરવા માટે લોકો નારાજી દર્શાવતા હતા. હવે કારકુનીમાં પણ કોઈ માથું ઘાલવા તૈયાર થતા નથી. પહેલાં કારકુનોનાં કામદાર મંડળો ઊભાં કરવામાં મુશ્કેલી ઊભી થતી હતી. હવે આ 'વ્હાઈટ - કોલર' તરીકે ઓળખાતા વર્ગના લોકો પણ ઝડપથી મંડળો રચવા માંડયા છે.

કામમાં મન ચોંટતું ન હોય અને રોજેરોજ એક કામ કરવાનું હોય તેમાંથી એકાદ દિવસનો છુટકારો મળે તેવી તક મળે તો સૌ ઝડપી લેવા ખુશી હોય છે. આને કારણે હડતાળનું એલાન બહુ ત્વરાથી સ્વીકારી લેવામાં આવે છે. કામ અગર તો પ્રવૃત્તિ એ જીવન - રસાયણ હોવા છતાં એ પ્રવૃત્તિ માંહ્યલું રસાયણ સાવ પાંગળું બની ગયું હોઈને કામથી દૂર જવાનું સૌ પસંદ કરવા લાગ્યા છે.

નૉર્વે, સ્વીડન, હોલાન્ડ, અમેરિકા અને બ્રિટનના સમાજ-શાસ્ત્રીઓ કામદારોના આ વલણથી ભડકી ગયા છે. ભારતમાં તો હજી આપણે કામદારોની હડતાળોને માત્ર 'વેતન અને જીવનધોરણ'ની દૃષ્ટિએ જ જોઈએ છીએ. હકીકતમાં હડતાળો એ આર્થિક સમસ્યા કરતાં સમાજશાસ્ત્રને લગતી સમસ્યા છે. માત્ર વેતન વધારવાથી કે જીવનધોરણ સુધારવાથી કામદારની ઉત્પાદકતા વધશે કે તેનું કામમાં મન ચોંટશે અને હડતાળ ઉપર નહિ જાય તે માનવું ભૂલભરેલું છે.

કામથી દૂર નાસવાનો જે રોગ આત્યારે સમગ્ર વિશ્વને કોરી ખાય છે તેનાથી ભારત અલિપ્ત નથી. આ રોગનાં ચિહ્નો પારખીને તે રોગ દૂર કરવો જોઈએ.

ટેકનોલોજી આગળ ધપી રહી છે તેને કારણે યંત્ર મહત્ત્વનું બની ગયું છે, માનવ ગૌણ બની ગયો છે. કામ મળે તો પણ કામદાર તે જગ્યાએ કેટલું મનોરંજન, કેટલા લાભો અને કેટલી ફુરસદ મળશે તે જોશે. જીવન વીમા કોર્પોરેશન અને બીજી ઘણી સરકારી કચેરીમાં વિશ્રાંતિના સમય દરમિયાન કામના ટેબલ ઉપર કેરમનાં બોર્ડ મૂકીને કે ગંજીપો કાઢીને રમતો રમાય છે. આથી આનો વિશ્રાંતિસમય મહત્ત્વનો બની જાય છે. કામ ગૌણ બની જાય છે.

કારખાનાઓમાં વધુ ઉત્પાદકતા લાવવા માટેનું કામ કોસ્ટ એકાઉન્ટન્ટ ઉપર છોડી દેવામાં આવે છે. કોસ્ટ એકાઉન્ટન્ટ તેના ટેબલ પર બેસીને આમુક આંકડા ઘડે છે. આંકડાને પાર પાડવા માટે ઔદ્યોગિક ઈજનેર મજૂરોની 'ચાવી ટાઈટ' કરે છે અને જાણે એ આંકડાથી અને ઈજનેરની ચાવી ટાઈટ કરવાથી જ ઉત્પાદકતા વધી જશે તેમ માની લેવામાં આવે છે. કારખાનાઓમાં મનોવૈજ્ઞાનિકોની સેવા લેવાનું પણ હવે અનિવાર્ય સમજવું જોઈએ. કામદાર મોડો આવે તો શું કામ મોડો આવે છે અને કામ પ્રત્યે અરુચિ બતાવે છે તો શા કારણે બતાવે છે તે ઈજનેર કરતાં મનોવૈજ્ઞાનિક વધુ સમજી શકે છે. કામદારોને તેમના કામમાં વૈવિધ્ય આપવું જોઈએ તે વાત કોસ્ટ એકાઉન્ટન્ટ કે અર્થશાસ્ત્રી સમજી જ ન શકે. કદાચ આડા-અવળા આંકડા ગણીને તે વેતન વધારી આપે પણ કામદારને તેના કામમાં રસ જાગે તેવી વૃત્તિને તે સંચારિત ન કરી શકે.

આત્યારે જે હડતાળો પડે છે તેને ઉપરની બાબતોને તપાસીને તેના ઉપલક્ષમાં તેનો ઈલાજ કાઢવો જોઈએ. કામથી નાસનારો કામદાર ગમે તેટલું વેતન વધારો તો પણ કામ સાથે ઓતપ્રોત થઈ શકવાનો નથી. મહાત્મા ગાંધીજીની કુટિરઉદ્યોગ પ્રત્યેની મમતા આત્યારે ઘણી સાર્થક દેખાય છે. લઘુ ઉદ્યોગોમાં એટલે જ ઓછી હડતાળો પડે છે. કૃષિ કામદારોની હડતાળો એટલે જ સાંભળવામાં આવતી નથી.

## હડતાળનો વા રાષ્ટ્રસંઘને પણ અડકી ગયો!

આમ છતાં યે હડતાળની વાત કરીએ છીએ ત્યારે આત્યારે હડતાળનો પવન એટલો જોરથી ફૂંકાય છે કે સંયુકત રાષ્ટ્ર-સંઘને પણ એપ્રિલના છેલ્લા સપ્તાહમાં હડતાળનો સામનો કરવો પડયો હતો. સંયુકત રાષ્ટ્રસંઘની સ્થાપના ૧૯૪૫ માં થઈ ત્યારથી અત્યાર સુધીનાં ૨૯ વર્ષના ઈતિહાસમાં સંયુકત રાષ્ટ્રસંઘને તેના કર્મચારી તરફથી હડતાળ પડયાના દિવસો જોવા પડયા નહોતા, પણ વિવિધ ભાષાના દુભાષિયાઓએ ૨૩મી એપ્રિલે પગારવધારાની માગણી કરીને હડતાળ પાડી ત્યારથી સંયુકત રાષ્ટ્રસંઘનો હડતાળ વગરનો ઈતિહાસ નામશેષ થઈ ગયો.

સંયુકત રાષ્ટ્રસંઘમાં જગતની છ ભાષાઓને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે. સ્થાપનાના સમયથી અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિશ, રશિયન અને ચીની ભાષાને રાષ્ટ્રસંઘના દસ્તાવેજોમાં અનુવાદિત કરવા અને ચર્ચાનો તત્ક્ષણ તરજૂમો કરવા માટે માન્યતા મળી હતી. તાજેતરમાં લીબિયાએ અરબી ભાષાને પણ રાષ્ટ્રસંઘની માન્યતા પામેલી ભાષાઓમાં સમાવિષ્ટ કરવાની ઝુંબેશ ઉપાડી તે પછી અરબી ભાષાને પણ માન્યતા મળી છે.

સંયુકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં થોકબંધ ભાષણો થાય છે અને ઢગલાબંધ દસ્તાવેજો લખવા પડે છે. તે તમામ ભાષણો અને દસ્તાવેજોનું ભાષાંતર માન્ય થયેલી છ ભાષામાં કરવું પડે છે. તે માટે રાષ્ટ્રસંઘે એક ડઝન જેટલા દુભાષિયા રાખવા પડે છે. પરંતુ અરબી ભાષાના ઉમેરા પછી દુભાષિયા ઉપર કામનો બોજો વધી પડયો અને લાંબા કલાક સુધી કામ કરવું પડયું એટલે પગાર વધારવા માટે અને વધારાના દુભાષિયા રાખવા માટે માગણી કરીને દુભાષિયા-ઓએ હડતાળ પાડી હતી. દુભાષિયાને માસિક રૂ. ૪૫૦૦ નો પગાર મળે છે તે પગાર પણ તેમને ઓછો પડયો હતો!

ભાષાની વાત થાય છે તો એ પણ જાણી લેવું જોઈએ કે સંયુકત રાષ્ટ્રસંઘમાં પોતાના દેશની ભાષાને સત્તાવાર ભાષા તરીકે સમાવિષ્ટ કરવા ઘણા દેશો કોશિશ કરતા હોય છે. અત્યારે જાપાન અને જર્મની પોતાની ભાષાઓને ઘુસાડવા માગે છે. જાપાન તો એમ કહે છે કે અમારા દેશને આંતરરાષ્ટ્રીય મોભો મળ્યો છે એટલે અમને સલામતી સમિતિમાં પણ સ્થાન મળવું જોઈએ. આમ કરવા માટે રાષ્ટ્રસંઘના ખતપત્રમાં ફેરફાર કરવો પડે. સલામતી સમિતિમાં સ્થાન મળે એટલે તુરત જાપાની ભાષાને સત્તાવાર માન્યતા મળી જાય!

જર્મનીનો દાવો છે કે જગતમાં ૧૦ કરોડ લોકો જર્મન ભાષા બોલે છે. જાપાનીઓ કહે છે કે જગતમાં ૧૧ કરોડ લોકો જાપાની ભાષા બોલે છે. ફ્રેન્ચ કરતાં જર્મન ભાષા બોલનારા લોકો દુનિયામાં વધુ છે છતાં ય ફ્રેન્ચ ભાષાને રાષ્ટ્રસંઘે સત્તાવાર માન્યતા આપી તે માટે જર્મન લોકો વિવાદ કરે છે. પરંતુ ફ્રાંસ એક મહાસત્તાનો મોભો પામેલ છે. રાષ્ટ્રસંઘના મહાસચિવ ડૉ. કર્ટ વાલ્ડહાઈમ જેઓ પોતે ઓસ્ટ્રિયાના છે છતાં તેઓ જર્મન સારું બોલે છે. અમેરિકન વિદેશસચિવ ડૉ. હેન્રી કિસિંજર પણ જર્મન ભાષા જાણે છે. તેઓ જર્મનીમાં જ જન્મ્યા હતા અને પંદર વર્ષની વય સુધી જર્મનીમાં ઊછર્યા હતા.

અત્યાર સુધી રાષ્ટ્રસંઘમાં અંગ્રેજીનું પ્રભુત્વ ઘણું હતું. જ્યાં સુધી અરબી ભાષાને છઠ્ઠી સત્તાવાર ભાષાનું સ્થાન નહોતું મળ્યું ત્યાં સુધી આરબ પ્રતિનિધિઓ અંગ્રેજીમાં બોલતા હતા, પણ હવે અરબીમાં જ ભાષણ આપે છે. કોઈ પણ દેશની ભાષાનો પ્રચાર અને પ્રભુત્વ રાજકીય મહત્ત્વની સાથોસાથ આવે છે. અઢારમી સદીમાં યુરોપમાં ફ્રાંસની બોલબાલા હતી ત્યારે યુરોપના લોકો ફ્રેન્ચ શીખવા આતુર રહેતા હતા. ૧૯મી સદીમાં અંગ્રેજીએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જ્યાં ત્યાં અડ્ડા જમાવ્યા. હવે આરબો કહે છે: "અમારી સાથે વેપાર કરવો હોય તો અરબી ભાષામાં જ વાતચીત અને પત્રવ્યવહાર કરો!" લીબિયા તો અરબી ભાષા લખેલો પાસપોર્ટ ન હોય તો લીબિયામાં વિદેશીને પ્રવેશ પણ કરવા દેતું નથી!

કાંતિ ભટ્ટ

## વૃથા શ્રમ

બે પ્રકારના માણસો વૃથા શ્રમ ઉઠાવતા હોય છે. એક તો પૈસા ભેગા કરી તેનો ઉપયોગ નહિ કરનારો ધનિક ને બીજો અન્યને શાણી સલાહ આપનાર, પણ પોતે તે પ્રમાણે નહિ કરનારો જ્ઞાની. જ્ઞાનનો ઉપયોગ નહિ કરનાર જ્ઞાની અજ્ઞાની છે. ગર્દભની પીઠ ઉપર જ્ઞાન વિજ્ઞાનનાં પુસ્તકો લાદવામાં આવે તેથી તે શાણો કે પંડિત કહેવાય નહિ.

* દુષ્ટ તરફ દયા દાખવવી એટલે દુઃખ દેવું. પાપીને ક્ષમા આપવી એટલે તેનો ભોગ બનનારને સજા કરવી. જ્યારે તમે હલકા અને અધમ માણસ તરફ સમભાવ દાખવો છો ત્યારે ખરી રીતે તો તમે તેને અધમ આચરણ કરવાનું બળ પૂરું પાડો છો ને તેમ કરીને તેના પાપમાં ભાગીદાર થાઓ છો. —'ચાદી'

# येनाहं *

પ્રમુખશ્રી, ભારતભરની પ્રતિનિધિ બહેનો,

—હાજર નથી છતાં—જેઓ આ આક્રામના પ્રાંગણથી તે અહીં, સર્વત્ર છે,

તે શ્રાધ્ધેય વિનોબાજી !

આ વ્યાખ્યાનમંચના અગ્રભાગે તોરણરૂપે એક ઉકિત ટાંકેલી છે, તે મહિલાસંમેલનનાં ધ્યેયમંત્રનું ગૌરવ ધરાવે તેવી ઉદાત્ત ભાવની છે: માટે જ મોખરારૂપ છે. બૃહદારણ્યક ઉપનિષદમાંથી એક આખ્યાયિકાની એ ઉકિત છે, જે અહીંના આક્રામની ભાવનાને અનુરૂપ છે. આપણી સંસ્કૃતિએ, ગૃહસ્થાક્રામને અને બ્રહ્મજ્ઞાનને એટલે કે ઈશ્વરજ્ઞાનને સુસંગત લેખ્યું છે: વળી સ્ત્રીને બ્રહ્મજ્ઞાન-અધિકારી લેખી છે; તેનો સાક્ષાત્ પુરાવો તે આ ઉકિત.

એ ઉકિત એક બ્રહ્મવાદિનીની છે. યાજ્ઞવલ્કય નામે જનકરાજાના કાળમાં એક મહાઋષિ થઈ ગયા. તેમને બે પત્નીઓ—કાત્યાયની અને મૈત્રેયી. કાત્યાયની દુન્યવી સુખો સ્વીકારનારી; મૈત્રેયી આધ્યાત્મિકતાની ઉપાસક. યાજ્ઞવલ્કયે પોતાના જીવનનો ઈષ્ટ ભાગ યજ્ઞયાગ વ. માં ગાળ્યો. પાછલી વયે સંન્યાસ લેવાનો નિર્ધાર કર્યો. ત્યારે તેણે બન્ને પત્નીઓને ધનસંપત્તિની સોંપણી કરી, ચાલી નીકળવાની સંમતિ માગી. કાત્યાયનીએ સંપત્તિ સ્વીકારી: જવાની સંમતિ આપી.

પણ મૈત્રેયી ! કંઈ જૂજવા વલણની એ સ્ત્રી ! એણે યાજ્ઞવલ્કયને પૂછ્યું:

**येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम् ।**

અર્થાત્

જેથી ના થાઉં અમૃતા, શું હું તેહ થકી કરું ?

*

આ બધા વૈભવથી મને આત્મજ્ઞાન લાધશે ખરું ? નહિતર એને લઈને હું શું કરું ? આમ, એણે વિત્તેષણા અને તેના દ્વારા ભોગેષણાનો અસ્વીકાર કર્યો: આત્મવાન બનવાનો બોધ માગ્યો. એના આ ઉદ્‌ગારમાં, ભોગ - સામગ્રી વિશે કેટલો મોટો સંશયપ્રશ્ન ! નિ:સ્પૃહ વૈરાગ્યની ભૂમિકારૂપ: પરમજ્ઞાન સાધનાની પૂર્વતૈયારીરૂપ.

નથી લાગતું કે સમસ્ત સ્ત્રીજાતિ તો શું—સમસ્ત માનવજાતિ સારુ આ એક ઉત્તમ આદર્શ ધરેલો છે? જેને ભૌતિક પદાર્થની નિ:સારતા સમજાય, તેને જ્ઞાનાક્ષરો આપોઆપ ઊકલે છે.

તો આપણે, આ ઉકિતના અનુલક્ષમાં, જીવનમાં વ્યવહરવા વિશે બે ત્રણ મુદ્દાઓનો વિચાર કરીએ.

આપણે સ્ત્રીઓ વધારે પડતી લાગણીશીલ—લાગણીપ્રધાન છીએ. વાતવાતમાં આપણને દુ:ખ લાગી જાય છે. ખોટું લાગી જાય છે. એથી આપણું જીવન કુંઠિત છે. અને એથી જ સંસાર વિશેના આચારવિચાર સ્વસ્થ—સુસ્થ રહી શકતા નથી. રોજ-બ-રોજના જીવનનો, એક નાનો અમથો બનાવ જ સંભારો ને ! એક જરીક અમથું દૂધ ઢળી જાય ને ! કે પછી એકાદું કાચનું વાસણ ભાંગી જાય ને ! થયું. આપણું ધૈર્ય—ચેતના ઢોળાઈ જાય ! આપણું હૃદય ભાંગી જાય ! એટલો ક્લેશ - સંતાપ આપણે કરીએ છીએ. કારણ આપણી આસકિત પારાવાર છે—પ્રમાણભાન વિનાની. બગડે કે નુકસાન થાય, તો કંઈ લાગવું જ ન જોઈએ એમ નહિ. એ તો નિર્ભરપણું—જડતા કહેવાય. પણ હદથી જ્યાદે નહિ. એવું વલણ જોઈએ. એ શી રીતે બને? જીવનનું અમુક દૃષ્ટિબિન્દુ કેળવીને. કયું ? સમગ્ર જીવનના મૂલ્યભાનથી, તે તે પ્રસંગનું મૂલ્ય આંકવાની ટેવ કેળવીને. એથી એની મેળે તે નુકસાન વિશેની તીવ્રતા ઓછી થઈ જશે. આ પ્રકારની અભ્યાસવૃત્તિમાંથી જીવનનાં ઈષ્ટ વલણો સર્જાય છે.

બીજો મુદ્દો: ભગવાન બુદ્ધે માનવજાતને બ્રહ્મવિહારના એટલે કે ઈશ્વરમાર્ગના ચાર પાયા ચીંધ્યા છે. ૧. મૈત્રી. ૨. કરુણા. ૩. ઉપેક્ષા અને ૪. મુદિતા—એ, પાયાનાં જીવનમૂલ્યો છે. જીવનઘડતરમાં અત્યંત અગત્યનાં. તે ચારેને જીવનમાં કેવી રીતે ઉતારવાં ? તે સમજાવવા માટે ભગવાને એક જ પણ ઉત્તમોત્તમ એવું માતાનું ઉદાહરણ આપ્યું છે. ઉત્તમોત્તમ એટલા માટે કે માતૃત્વ તે સ્ત્રીનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે. માનવજીવનનું ઉદાત્ત પરિબળ છે. આપણી તેમ જ જગતભરની સંસ્કૃતિએ માતાની કામગીરીને અને તેમાંની ભાવનાને બિરદાવી છે.

ભગવાન કહે છે, જીવે જીવમાત્ર પ્રત્યે માતાની જેમ 'મૈત્રી'-ભાવ રાખવો. મૈત્રી એટલે પ્રેમ, સ્નેહ, હેત. મા પોતાના બાળક પ્રતિ જે સ્વયંભૂ સાહજિક હેત રાખે છે, તેવું હેત કેળવવું જોઈએ.

એ પછી તેઓ કરુણાસંબંધી કહે છે: કરુણા એટલે દયા, અનુકંપા, સહાનુભૂતિ વગેરે. મા બાળકપ્રતિ કેવી કરુણા ધરાવે છે ? તો કહે છે: બાળક માંદું પડે, હેરાન હોય, તો માનો જીવ કળીએ કળીએ કપાઈ જાય. બરાબર એ મુજબ, આજાર—દુ:ખી માનવ પ્રત્યે જીવે મમતાપૂર્વકની સહાનુભૂતિ કેળવવી જોઈએ. સહ-અનુભૂતિનો અર્થ જ એ કે સામાની વેદનાનો જે અનુભવ તે જ પોતાનો અનુભવ બની જાય. જીવ જો અન્ય જીવની જોડે તાદાત્મ્ય સાધે—પોતે જ તે બની જાય, તો તેવી અનુકંપા નીપજી શકે.

એ પછી, ત્રીજું મૂલ્ય અને તે ઉપેક્ષાનું. ઉપેક્ષા એટલે અવગણના, ધ્યાનમાં ન લેવું તે. એકલો ઉપેક્ષા શબ્દ સાંભળીએ તો તે અવગુણ—દુર્ગુણ લાગે. પણ અહીં તે સદ્‌ગુણરૂપે છે. અલબત્ત નકારાત્મક પ્રકારનો. આ જગતમાં એવું શું છે જે ધ્યાનમાં લેવું ન ઘટે ? આ જગતનું અનિષ્ટ તત્ત્વ. અન્યનાં દૂષણો. એટલે કે માનવજીવનની ઉધારબાજુ. શા માટે તે તરફ મનને જવા ન દેવું ? કોઈનાં દૂષણોનો વિચાર કરતાં અને તેથી થયેલી હાણનો વિચાર કરતાં, તેના પ્રતિ દ્વેષ જાગે. આપણી સદ્‌ભાવના નષ્ટ થાય. વળી વેરવૃત્તિ આત્માને વણસાડે. તેથી જ દુર્લક્ષ કરવાનું કહ્યું. માની જેમ. મા પોતાનાં બાળકોના દોષોને અવગણીને નિ:સ્વાર્થભાવે પ્રેમ રાખે છે, તેમ જીવે જીવમાત્ર પ્રતિ પ્રેમ સાધવો. આપણે સમજી શકીશું કે મા જો આ વલણ ન અપનાવે તો કદી તે બાળકનું લાલનપાલન કરી જ શકે નહિ. તો વળી માતાની બાબતમાં એક બીજી વાત: જે માએ મહાકષ્ટ વેઠી બાળકને મોટું કર્યું, તે બાળક કદાચ મોટપણમાં માને વીસરી જાય. પોતાની સૃષ્ટિમાં રચ્યોપચ્યો રહે. તેમ છતાં મા તેને વીસરતી નથી. તે કહેશે, હશે: તે સુખી હોય એટલે બસ. માની એ ક્ષમાશીલ વૃત્તિ પાછળ ઉપેક્ષા છે.

અને હવે મુદિતા. મુદિતા એટલે પરમ આનંદની ભાવના. આપણા મનમાં નરવો આનંદ કયારે ઊભરાય ? મનમાં કોઈ પાપ—કિલ્મિષનું કસ્તર ન હોય ત્યારે. જેમ જળાશયમાં આપોઆપ સરવાણીઓ ફૂટે તેમ આત્મામાંથી પ્રસન્નતા આપોઆપ સ્રવ્યા કરે. કારણ આત્માનો સ્વભાવ જ આનંદનો છે. એ કયારે સંભવે ? મનની બધી જ બાધાઓ ઓસરી જાય તો. રાગદ્વેષ શમી જાય તો. મનની નિ:સ્પૃહ વૃત્તિમાંથી આનંદ જાગે. તેનો અર્થ, પદાર્થ પ્રત્યે પ્રેમનો અભાવ નહિ: પણ સ્વના કેન્દ્રમાંથી પ્રગટવાને બદલે તે અન્યની—સર્વની સાથેના અનુસંધાનમાંથી પ્રગટે.

એ વિશે માતાનું દૃષ્ટાંત જોઈએ: મા જ્યારે પોતાનું બાળક ભણીગણીને મોટું થાય, ત્યારે તેનો ઉત્કર્ષ દેખી હરખાય છે. એનો અર્થ એવો નથી કે મા કેવળ પોતાના સ્વાર્થે હરખાય છે. પોતાને બાળકના ઉત્કર્ષનો લાભ મળે યા ન મળે. એવી ખેવનાથી મા હરખાતી નથી. ઊલટો માબાપ અને બાળકનો સંબંધ જ આ જગતમાં કંઈ એવી રીતે રચાયો છે કે માતાપિતાનું ઋણ બાળક સર્વાંશે ફેડી શકે નહિ. એ એક પેઢીનો પૂર્વજ પેઢી જોડેનો સંબંધ છે. પૂર્વાપરનો સંબંધ છે. માટે જ વિષમ સંબંધ છે. તેથી એ પરસ્પર ઋણપૂર્તિના સંબંધ કરતાં વિશેષ પેઢીઉતાર ઋણપૂર્તિનો – પરંપરાનો વ્યવહારસંબંધ છે. મનુષ્ય પોતાના બાળકના લાલનપાલન વડે માતાપિતાના ઋણને પરોક્ષપણે ફેડતો હોય છે. એ દૃષ્ટિએ મા બાળકના ઉત્કર્ષમાં જે સાત્ત્વિક ભાવે આનંદ અનુભવે છે, તેવો આનંદ જીવે જીવમાત્ર જોડેના સંબંધમાંથી અનુભવવો જોઈએ.

બુદ્ધે આધ્યાત્મિક જીવનના વ્યવહારુ બોધ માટે અહીં જે માતાનું ઉદાહરણ આપ્યું તેવું બીજું કોઈ સચોટ ઉદાહરણ હોઈ શકે નહિ. માતાનું ઉદાહરણ રોજિંદા જીવનનું છે: છતાં નિત્યનું–હંમેશને માટેનું – એ અર્થમાં ચિરંતન પ્રકારનું છે. કારણ સંબંધ દૃષ્ટિએ એ અનૂઠું છે. આપણે બહેનો માટે એ કેટલું સુગમ ઉદાહરણ છે! પ્રત્યેક સ્ત્રીમાં પડેલી માતાની વૃત્તિને કારણે આ દૃષ્ટાંત નિશ્ચિત કોટિનું છે.

હવે ત્રીજો મુદ્દો: મનુષ્યદેહને આપણે અપૂર્ણ લેખ્યો છે. પરમાત્માને પૂર્ણ. તો પ્રશ્ન છે કે આ અપૂર્ણ દેહે પૂર્ણ એવા પરમાત્માનો સાક્ષાત્કાર કેવી રીતે થાય? ઉત્તર, કે આત્માવડે. એટલે તો ઉપનિષદે આત્માને અમૃતનો સેતુ કહ્યો છે. આત્મા એટલે મનુષ્યનું ચૈતન્યસ્વરૂપ. હવે મનુષ્યના સદ્‌ગુણો, ઈષ્ટ શક્તિઓનું આસન તે આત્મા. જેમ જેમ મનુષ્ય પોતાની ઈષ્ટ શક્તિઓને વિકસાવતો જાય, પૂર્ણ કરતો જાય, તેમ તેમ તે પોતાના આત્માવડે પરમાત્માને પામે છે. મનુષ્યે પોતાની શક્તિઓને અને ખાસ તો મર્યાદાઓને સમજતાં જવી, એ મર્યાદાને મિટાવતાં જવી અને શક્તિને પૂર્ણતર કરતાં જવી અને એ રીતે પૂર્ણતાવડે જ પૂર્ણ એવા પ્રભુને પામતા જવા જોઈએ.

આ જ હોઈ શકે માનવજીવનનો પરમ અને ચરમ પુરુષાર્થ. લેશપણ દિલ ચોર્યા વિના પોતાની તમામ શક્તિને ક્ષણેક્ષણે કામે લગાડતાં જવી – એ અર્થમાં 'ક્ષણજીવી' બનતાં જવું, એથી અન્ય વિશેષ ઉદ્યમ શો હોઈ શકે? ઈશોપનિષદનો 'कुर्वन्नेवेह कर्माणि...' મંત્રનો આ જ બોધ છે.

ઉપરોક્ત મૂલ્યોમાં વ્યક્તિના વિકાસનો સંભવ છે. જીવનમાં જે કંઈ મેં વિચારેલું, શ્રદ્ધેય માનેલું છે અને શક્ય સાધનાથી પ્રમાણભૂત લેખ્યું છે તે નમ્રભાવે આપ સહુ બહેનો સમક્ષ સાભાર ધરું છું.

૧૦-૪-'૭૪ હીરાબહેન ર. પાઠક

---

* ગયા મહિનાના – માર્ચ તા. ૮-૯-૧૦ ના ત્રણ દિવસોમાં શ્રી વિનોબાજીના પવનાર આશ્રમમાં ભારતીય મહિલા સંમેલન ભરાયું તેમાંથી તા. ૧૦-૩-'૭૪ ને રોજ 'બહેનો અને આધ્યાત્મિકતા' વિષયે જે કહેવાયું તે.

# ચિંતનના વિકાસમાં જૈન આચાર્યોનું યોગદાન

જૂની અને નવી પેઢીનો સંઘર્ષ ઘણો પુરાણો છે. પુરાણી વ્યક્તિ અને પુરાણી કૃતિને માન્યતા પ્રાપ્ત થાય છે. નવી વ્યક્તિ અને નવી કૃતિએ માન્યતા પ્રાપ્ત કરવાની રહે છે. મનુષ્ય સ્વભાવમાં એટલો ઉદાર નથી કે સહજમાં તે કોઈને માન્યતા દઈ દે. નવી પેઢીમાં માન્યતા પ્રાપ્ત કરાવવાનો ચટપટાટ હોય છે અને જૂની પેઢીને પોતાનો અહં હોય છે, પોતાનો માનદંડ હોય છે તે કારણે તે નવી પેઢીને, નવા માનદંડોના આધાર ઉપર માન્યતા દેવામાં સંકોચાય છે. એવો સંઘર્ષ સાહિત્ય, આયુર્વેદ અને ધર્મ–બધાંય ક્ષેત્રોમાં રહેલ છે. પુરાણું હોવા માત્રથી બધું યે સારું હોતું નથી–એવો મહાકવિ કાલિદાસનો સ્વર બે પેઢીઓના સંઘર્ષમાંથી ઉત્પન્ન થતો સ્વર છે. તેમનાં કાવ્ય અને નાટક પ્રત્યે પુરાણા વિદ્વાનોએ ઉપેક્ષાપૂર્ણ વ્યવહાર કર્યો ત્યારે તેમને એમ કહેવા ફરજ પડી–પુરાણું હોવા માત્રથી કોઈ કાવ્ય પ્રકૃષ્ટ થતું નથી કે નવું હોવા માત્રથી કોઈ કાવ્ય નિકૃષ્ટ હોતું નથી. સાધુચેતા પુરુષ પરીક્ષા પછી જ કોઈ કાવ્યને પ્રકૃષ્ટ કે નિકૃષ્ટ બતાવે છે અને જે મૂઢ હોય છે, તે વિચાર્યા - સમજ્યા વિના પુરાણતાનું ગીત ગાતા રહે છે.

આચાર્ય વાગ્‌ભટ્ટે અષ્ટાંગહૃદયનું નિર્માણ કર્યું. આયુર્વેદના ધુરંધર આચાર્યોએ તેને માન્ય ન કર્યું. વાગ્‌ભટ્ટને પણ પુરાણી પેઢીના તિરસ્કારને પાત્ર બનવું પડ્યું. તેવી મનની સ્થિતિમાં તેમણે એમ લખ્યું - વાતની શાંતિને માટે તેલ, પિત્તની શાંતિને માટે ઘી અને સળેખમની શાંતિને માટે મધ પથ્ય છે. એ વાત ચારે બ્રહ્મા કહે, ચારે બ્રહ્માના પુત્ર કહે તેમાં કોઈ ફરક પડતો નથી. તે કારણે આપ માત્સર્યને છોડી મધ્યસ્થ દૃષ્ટિનું આલંબન લ્યો.

પ્રાચીનતા અને નવીનતાના પ્રશ્ન ઉપર મહાકવિ કાલિદાસ અને વાગ્‌ભટ્ટનું ચિંતન ઘણું મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તે વિષય ઉપર આચાર્ય સિદ્ધસેનની કલમે જે ચમત્કાર દેખાડ્યો છે તે પ્રાચીન ભારતીય સાહિત્યમાં દુર્લભ છે. તેમનું ચિંતન છે કે કોઈ વ્યક્તિ નવી નથી કે કોઈ પુરાણી નથી. જેમને આપણે જૂની માનીએ છીએ તે એક દિવસ નવી હતી અને જેમને આપણે નવી માનીએ છીએ તે પણ એક દિવસ જૂની થઈ જશે. આજ જે જીવિત છે તે મર્યા પછી નવી પેઢીને માટે પુરાણાની સૂચિમાં આવી જાય છે. પુરાણના અવસ્થિત નથી તે કારણે પુરાતન વ્યક્તિની કહેલી વાત ઉપર પણ પરીક્ષા કર્યા વિના કોણ વિશ્વાસ કરશે?

આચાર્ય સિદ્ધસેને ભગવાન મહાવીરની અભયની ભાવનાને આત્મસાત્ કરી લીધી હતી. તે સત્યના પ્રકાશનમાં સંકોચાતા ન હતા. મુક્ત સમીક્ષા અને પ્રાચીનતાની યુક્તિસંગત આલોચનાને કારણે તેમનો વિરોધ વધી રહેલ હતો. તેઓ તેવી સ્થિતિથી પરિચિત હતા. પરંતુ સ્વતંત્રચેતા વ્યક્તિ એ જાતની સ્થિતિથી ગભરાતી નથી. તેમનો અભય સ્વર આવી ભાષામાં પ્રસ્ફુટિત થયો–પુરાણા પુરુષોએ જે વ્યવસ્થા નિશ્ચિત કરેલી છે, શું તે ચિંતન કરવાથી તે જ રૂપમાં સિદ્ધ થશે? નહિ પણ થઈ શકે. તેવી સ્થિતિમાં મરેલા પુરુષોની જામેલી પ્રતિષ્ઠાના કારણે તેવી અસિદ્ધ વ્યવસ્થાનું સમર્થન કરવા માટે મારો જન્મ થયો નથી. તેવા વ્યવહારથી જો વિદ્રોહી વધતા હોય તો ભલે વધે.

વ્યવસ્થાઓની મર્યાદા અનેક જાતની હોય છે, અને તે પરસ્પર વિરોધી પણ હોય છે. તેનો તરતમાં જ નિર્ણય કઈ રીતે કરી શકાય? છતાં પણ તેવી મર્યાદા છે કે તેવી નથી તે જાતનો એકપક્ષીય

નિર્ણય કરવો તે પુરાતનના પ્રેમથી જડ બનેલ વ્યક્તિને માટે જ ઉચિત હોઈ શકે, કોઈ પરીક્ષકને માટે નહિ.

પુરાતન પ્રેમના કારણે આળસુ બનેલ વ્યક્તિ જે રીતે યથાર્થનો નિશ્ચય કરવા પામતી નથી તેવી રીતે તે નિશ્ચય કરેલ વ્યક્તિની માફક પ્રસન્ન થાય છે. તે કહે છે, અમારા પૂર્વજો જ્ઞાની હતા, તેમણે જે કહ્યું તે મિથ્યા કઈ રીતે હોઈ શકે? હું મંદમતિ છું. તેમનો આશય સમજી શકતો નથી. તે મારી અલ્પતા છે. પરંતુ ગુરુજનોની કહેલી વાત અન્યથા હોઈ શકતી નથી, તેવો નિશ્ચય કરવાવાળી વ્યક્તિ આત્મનાશ તરફ દોડે છે.

શાસ્ત્રકાર આપણા જેવા જ મનુષ્ય હતા. તેઓએ મનુષ્યોને માટે જ મનુષ્યોના વ્યવહાર અને આચાર નિશ્ચિત કરેલ છે. જે લોકો પરીક્ષા કરવામાં આળસુ છે તેઓ જ એમ કહી શકે છે કે તેનો તાગ મળી શકતો નથી, તેનો પાર પામી શકાતો નથી. પરંતુ પરીક્ષક વ્યક્તિ તેને અગાધ માનીને કઈ રીતે સ્વીકાર કરશે? તે પરીક્ષાપૂર્વક જ તેનો સ્વીકાર કરી શકે છે.

એક શાસ્ત્ર અસંબદ્ધ અને અસ્તવ્યસ્ત રચેલું હોય છે છતાં પણ તે પુરાતન પુરુષો દ્વારા રચિત છે એમ કહીને તેની પ્રશંસા કરે છે. આજનું બનેલું શાસ્ત્ર સંબદ્ધ અને સંગત છે છતાં પણ નવીન હોવાના કારણે તેને વાંચતા નથી. તે માત્ર સ્મૃતિ-મોહ છે, પરીક્ષાનો વિવેક નથી.

અલ્પવય શિશુની વાત યુક્તિયુક્ત હોઈ શકે અને પુરાણા પુરુષોની કહેલી વાત દોષપૂર્ણ હોઈ શકે છે તે કારણે આપણે પરીક્ષક બનવું જોઈએ. નવીનતાની ઉપેક્ષા અને પ્રાચીનતાનો મોહ આપણા માટે ઉચિત નથી. તે વિક્રમના પાંચમા સૈકાનું ચિંતન આજના વૈજ્ઞાનિક યુગમાં વધારે અધિક મૂલ્યવાન બનાવવામાં આવે છે.

### કાળહેતુક અવરોધ અને તેનું ફલિત

ભારતીય ચિંતનનું એવું વ્યાપક રૂપ રહેલ છે કે પુરાતન કાળ સત્યુગ હતો, વર્તમાન યુગ કળિકાળ છે. તેમાં પ્રકૃષ્ટતા નિકૃષ્ટતા તરફ ચાલી જાય છે તેવા ચિંતનના આધાર ઉપર ભારતીય જનતાનો એવો વિશ્વાસ દૃઢમૂળ થઈ ગયો છે કે પ્રાચીન કાળમાં જે સારાપણું, ક્ષમતાઓ હતાં તે આ કળિકાળમાં સમાપ્ત થઈ ચૂકેલ છે અને રહ્યાંસહ્યાં સમાપ્ત થતાં જઈ રહેલ છે એવી ચિંતનધારાએ એક વિચિત્ર જાતની હીન ભાવના ઉત્પન્ન કરી દીધી. લગભગ પંદરસો વરસ પહેલાં કેટલાક જૈન મુનિ એમ માનવા લાગ્યા હતા કે વર્તમાનમાં ધર્મ નથી, વ્રત નથી અને ચારિત્ર્ય વિચ્છિન્ન થઈ ગયેલ છે. વર્તમાનમાં જે જૈન શાસન ચાલી રહેલ છે તે જ્ઞાન અને દર્શનના આધાર ઉપર ચાલી રહેલ છે. પણ આજ કોઈ સાધુ નથી. પ્રાચીન કાળમાં શરીરનું સંહનન ઉત્તમ બનતું હતું. આજ એવું નથી રહ્યું. ઉત્તમ સંહનનવાળા ધ્યાનના અધિકારી હતા. અત્યારે કોઈ ધ્યાનના અધિકારી નથી. ધ્યાન વિચ્છિન્ન થઈ ગયું. પ્રાચીન કાળમાં જિનકલ્પ મુનિ વિશિષ્ટ સાધના કરતા હતા. અત્યારે જિનકલ્પ સાધનાનો પણ વિચ્છેદ થઈ ગયો. વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાન અને વિશિષ્ટ યૌગિક લબ્ધિઓ પણ વિચ્છિન્ન થઈ ગયાં. ચિંતનની તેવી ધારાએ વિકાસનાં દ્વાર અવરુદ્ધ કરી દીધાં. મુનિજન એવું માનીને ચાલવા લાગ્યા કે આ દુષમ કાળમાં વિશિષ્ટ સાધના અને વિશિષ્ટ ઉપલબ્ધિ થઈ શકતી નથી ત્યારે તેવી ધારણાનો પ્રભાવ પણ થયો. સાધનાના પક્ષમાં અભિનવ ઉન્મેષ લાવવાની મનોવૃત્તિ શિથિલ થઈ ચૂકી ત્યારે એમ માની લેવામાં આવ્યું. આજ વિશિષ્ટતા ઉપલબ્ધ થઈ શકતી તો પછી તેને માટે પ્રયત્ન કરવાની સ્ફુરણા પણ રહેતી નથી. કેટલાક મનીષી મુનિઓનું ધ્યાન તેવી હીન ભાવનાની મનોવૃત્તિ અને તેના ફલિતો ઉપર ગયું. તેઓએ તેમનો પ્રતિવાદ કર્યો. ભાષ્યકાર સંઘદાસગણીએ કહ્યું, જે મુનિ એમ કહે છે કે વર્તમાનમાં સાધુત્વ નથી, તેને ભ્રમણા સંઘમાંથી બહિષ્કૃત કરી દેવા જોઈએ. આચાર્ય રામસેને તેનું જોરદાર સમર્થન કર્યું કે વર્તમાનમાં ધ્યાન થઈ શકે છે, તેનો વિચ્છેદ થયો નથી.

કેટલીક વિચ્છિત્તિઓના બારામાં કોઈ આચાર્યે કાંઈ ન કહ્યું તે ઘણું વિમર્શનીય છે. વિચ્છેદની ચર્ચા શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરાના આચાર્યોએ કરેલ છે. તુલનાત્મક દૃષ્ટિથી શ્વેતાંબર આચાર્યોએ અધિક કરેલ છે. દિગંબર પરંપરામાં ધ્યાન, કાયોત્સર્ગ અને પ્રતિમાના અભ્યાસની પરંપરા દીર્ઘકાળ સુધી ચાલી. દિગંબર આચાર્યોએ યોગ વિષયના અનેક ગ્રંથ રચ્યા. શ્વેતાંબર પરંપરામાં ધ્યાનનો અભ્યાસ ઘણા દૂરના ભૂતકાળમાં જ ઓછો થઈ ગયો હતો. શ્વેતાંબર આચાર્યોમાં જિન ભદ્રગણી ક્ષમાશ્રમણ, હરિભદ્રસૂરી, આચાર્ય હેમચંદ્ર, ઉપાધ્યાય યશોવિજય આદિ કેટલાક થોડાક વિદ્વાન જ યોગ ગ્રંથોના નિર્માતા બનેલ છે. આચાર્ય તુલસીએ યોગ ઉપર મનોડનું શાસન નામનો ગ્રંથ લખ્યો. તેના નિર્માણની અવધિમાં તેઓએ કહ્યું: યૌગિક ઉપલબ્ધિઓના વિચ્છેદની વાત સાધકના મનમાં પહેલેથી જ ન બેસાડવામાં આવી હોત તો આજ સુધીમાં જૈન પરંપરામાં અધિક વિકાસ થયો હોત.

સાધના કરવાવાળી વ્યક્તિઓનો અધ્યવસાય સમાન હોતો નથી, તેમની ક્ષમતા પણ સમાન હોતી નથી. ગતિમાં તારતમ્ય હોય છે પરંતુ લક્ષ્ય સમાન હોય છે. કોણ કેટલો આગળ વધી શકે તે તેના ઉપર નિર્ભર છે. પહેલાં જ આપણે તેને અવરોધ-પટ્ટો દેખાડી દઈએ છીએ કે તમે તેનાથી આગળ જઈ શકતા નથી તો તેના ચરણ આરંભમાં જ બરાબર જાય છે. આચાર્ય હેમચંદ્રે કળિકાળના નિમિત્તથી નિર્મિત કરવામાં આવેલ અવરોધોને તોડવા માટે મહત્ત્વપૂર્ણ ચિંતન પ્રસ્તુત કર્યું. તેમણે લખ્યું: સુષમ કાળમાં સાધક લાંબી તપસ્યા પછી ફળ પ્રાપ્ત કરતા હતા. આ કળિકાળ જ એવો છે કે જેમાં સાધક ટૂંકા વખતની તપસ્યાથી જ ફળ પ્રાપ્ત કરી લે છે. ત્યારે કળિકાળ શું ખરાબ છે? આપણને કૃતયુગથી શું પ્રયોજન પ્રભો! સુષમા (કૃતયુગ)ની અપેક્ષા દુષમા (કળિકાળ)માં તમારી કૃપા અધિક ફળવતી હોય છે, કલ્પતરુ મેરુની અપેક્ષા મરુ-ભૂમિમાં અધિક શ્લાઘનીય હોય છે, કલ્યાણસિદ્ધિને માટે આ કળિ-કાળ કસોટી છે. અગ્નિ વિના અગરની ગંધ પ્રસ્ફુટિત થતી નથી. હું યુગ-યુગ સુધી સંસારમાં પરિભ્રમણ કરી ચૂક્યો પણ તમારાં દર્શન ન મળ્યાં. હું આ કળિકાળને નમસ્કાર કરું છું, જેમાં દર્શન મળે. લોકો કહે છે, કળિકાળમાં લોકો ઘણા ઉચ્છૃંખલ અને દુષ્ટ હોય છે. શું કૃતયુગમાં એવા લોકો ન હતા? એ સાચું છે કે તે યુગમાં પણ એવા લોકો હતા. પછી આપણે કળિકાળ ઉપર ફોગટમાં જ શા માટે કોપિત થઈએ છીએ? કોઈ કોઈ આચાર્યોએ કાળહેતુના અવરોધોને સમાપ્ત કરવાનો પ્રયત્ન પણ કર્યો પરંતુ તેઓ એટલા સુસ્થિર થઈ ચૂક્યા હતા કે તેમનું ઉન્મૂલન થઈ શક્યું નહિ.

**મુનિશ્રી નથમલ**

('અમરભારતી'માંથી સાભાર) હિન્દીમાંથી અનુવાદક: જે. એલ. દોશી

## સજ્જનોની નબળાઈ

મેં વારંવાર જાહેર કર્યું છે કે, દુનિયા ભૂંડામાં ભૂંડા દૂષણથી ત્રાસ પામી રહી છે તેનું કારણ દુષ્ટોની તાકાત નથી, પરંતુ સજ્જ-નોની નબળાઈ છે. તે મોટે ભાગે ઈચ્છાશક્તિની સુસ્તિ, સ્વતંત્ર મતપ્રદર્શનનો ભય અને નીતિ વિષયમાં બાયલાપણું એને આભારી છે.

– રોમા રોલાં

* * *

જો માણસ કેવળ સુખી થવા ઈચ્છે તો એની એ ઈચ્છા પૂરી થઈ શકે છે. પરંતુ આપણે તો બીજાઓની અપેક્ષાએ સુખી થવા માગીએ છીએ, એટલે એ મુશ્કેલ થઈ પડે છે, કારણ કે, બીજાઓને આપણે તેઓ હોય તે કરતાં વધારે સુખી સમજીએ છીએ.

–ઈમર્સન

# ટ્રસ્ટીશિપની ગાંધીવિભાવનાનો વૈજ્ઞાનિક વિનિયોગ

[ ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સાર ]

આ વિષય ઘણો વિસ્તૃત છે. ગાંધીજીએ અનેકવાર કહ્યું હતું કે વાદ નામનો ઉપદ્રવ હું કરવા આવ્યો નથી. વાદ તળાવના બંધિયાર પાણીની પેઠે સબડે છે.

માર્ક્સમાં ફેરબદલી – revision – માટે કોઈ અવકાશ નથી. જ્યારે ગાંધીવાદ અને સર્વોદયમાં ફેરફારને અવકાશ છે. જે જૂના મૂળભૂત વિચારો છે એનો સમૂહના સ્તર પર અમલ કરવાનો ગાંધીનો પ્રયાસ હતો. આથી વધુ કશું કહેવાનું ગાંધીએ હતું નહીં.

સર્વોદય નિત્ય આગળ વધનારો છે. આપણી ગાડી હંમેશાં ચાલતી જ રહે છે. ગાંધીજીના વિચારો પણ નિત્ય આગળ વધતા રહેતા. રાજાજીએ કહ્યું હતું કે ગાંધીજીના બે વિચારો–ટ્રસ્ટીશિપ અને ગ્રામસ્વરાજ્ય - મહત્ત્વના છે. બધા વિચારોમાં તે એકમાત્ર સધનરૂપે વ્યકત થયેલા એકરૂપ વિચાર છે. વૃક્ષ પર કુદરતી રીતે ફૂલ પાંગરે એમ એમનામાં આ વિચાર સ્ફૂર્યો હતો.

ટ્રસ્ટીશિપનો પહેલો પાઠ કદાચ પોતાના પિતા ક. બા. ગાંધી પાસેથી મળ્યાનું માનું છું. એમનું સંયુકત હિન્દુ કુટુંબ હતું. ઘરના સંસ્કાર પ્રમાણે અહીં એમનામાં અસંગ્રહ અને સામૂહિકતાના પાઠો શીખવા મળ્યાનું જાણવા મળે છે.

બીજા માટે કામ કરવાની વૃત્તિથી, એવા સ્વભાવથી તદ્દન નિર્બળ વ્યકિત અસામાન્ય મહાત્મા બની શકે છે એ ગાંધીજીએ કરી બતાવ્યું છે. યુવાની દરમિયાન અને એ પછી, આરંભથી સ્વ માટે નહીં પણ બીજાં માટે કામ કરવાની વાત એમણે રાખી હતી. આમાં ટ્રસ્ટીશિપનું બીજ લાગે છે.

ઈંગ્લૅન્ડ વધુ અભ્યાસ માટે ગયા ત્યારનું એમનું ભાષણ અને દક્ષિણ આફ્રિકાના મેરિત્ઝબર્ગ સ્ટેશને સત્યાગ્રહનો સંકલ્પ કર્યો એમાં પણ આ ભાવના ડોકાયા કરે છે. દક્ષિણ આફ્રિકામાં એમને જે કંઈ ભેટસોગાદો મળી હતી તેને પોતીકી ન બનાવતાં એમણે એનાં ટ્રસ્ટ કર્યાં હતાં. પોતાનો વીમો હતો તે એમણે રદ કરાવ્યો હતો. આમ વળી અંગત માલિકીનો એમણે ત્યાગ કર્યો હતો.

ગાંધીજી ડર્બનમાં હતા ત્યારનું એમનું જીવન પણ સમજવા માટે રસપ્રદ નીવડશે. જે કોઈ એમની સાથે રહેતા તે પોતાના કુટુંબના સભ્ય જ બની જતા. નોકરને ય એ કુટુંબનો સભ્ય ગણતા. સાથે કામ કરનાર માણસને નોકર માનતા ગાંધીજીને આવડયું જ નથી. એ થોડા વખતમાં ભાગીદાર જેવા થઈ જતા. જો કે કામ લેવામાં એ સખત હતા, પરંતુ પ્રેમ અને કૌટુંબિક ભાવના એમનામાં હતી જ. દક્ષિણ આફ્રિકામાં શ્રી રિટ્ચ, કુમારી ડિક, શ્રી વેસ્ટ, શ્રી કેલન બેક એમના મિત્રો અને સહકાર્યકર બની ગયાં હતાં એ એમની આ ભાવનાને કારણે.

ગાંધીજી પર ઈવાંજલિસ્ટોનો ભારે પ્રભાવ હતો. રસ્કિન પર કાર્લાઈલની અસર હતી અને રસ્કિન પાસેથી ગાંધીજીને ખૂબ મળ્યું છે. ટ્રસ્ટીશિપમાંનો ટ્રસ્ટી શબ્દ એમને અહીંથી મળ્યો હતો.

Empire (સામ્રાજ્ય) આપણી માલિકીનું નથી પણ ઈશ્વરે આપેલું ટ્રસ્ટ છે એમ અંગ્રેજોનો એક વર્ગ માનતો. ગાંધીજીએ લખ્યું હતું કે તમે તે ટ્રસ્ટના ટ્રસ્ટી છો. Equityમાંથી ગાંધીજી ટ્રસ્ટ એકટ અહીં ટાંકી બતાવે છે.

અંગ્રેજ પ્રત્યે એમને ભારે શ્રદ્ધા હતી. એમણે બીજી ગોળમેજી પરિષદમાં પણ આ કહ્યું હતું. આનો હિસાબ પણ એમણે ત્યારે માગ્યો હતો. પરિણામે ખળભળાટ પણ ત્યાં મચી ગયો હતો.

માલિકોની માલિકીનો બચાવ કરવા ગાંધીજીએ કયાંય ટ્રસ્ટીશિપના શબ્દનો ઉપયોગ કર્યો નથી. એમણે તો સમાજને માટે, સૌને માટે વાપરવાનું કહ્યું છે. માલિકીને બીજા કોઈ નામે શાશ્વત ન કરવી જોઈએ એમ તેમણે કહેલું હતું. જેમ જેમ જીવનના પ્રસંગ આવતા તેમ તેમ એ અંગે નિર્ણય કરતા અને એ રીતે તેઓ આચરણ કરતા હતા.

આપણા ટ્રસ્ટીશિપનો પ્રાણ વાડીલાલ ખુશાલદાસની ફેકટરી છે. ખાદીના જન્મ પહેલાં સને ૧૯૧૫માં ગાંધીજીએ વાડીલાલભાઈને સંદેશો મોકલાવ્યો હતો અને મજૂરોને ભાગીદાર બનાવી–માની નફાનો મોટો ભાગ આપવાનું સૂચવ્યું હતું. ગાંધીજી માટે આ સ્વાભાવિક ક્રમપ્રાપ્ત હતું.

ટ્રસ્ટીશિપને એમણે સરળ રીતે જીવનમાં ઉતારી છે. અંગ્રેજો સામેની લડત પણ તેઓ આ ભાવના સાથે લડયા હતા. રોલેટ કાનૂન પછી ગાંધીજીની અંગ્રેજી ટ્રસ્ટીશિપમાંની શ્રદ્ધા ખતમ થઈ એ ખરું. ગાંધી પછી માનતા કે અંગ્રેજ સરકાર ટ્રસ્ટી નથી રહી, પણ એ ટેરિસ્ટ છે. અંગ્રેજો મૂળભૂત મારા મિત્ર છે. એમની સાથે મારે સંબંધ રાખવો છે, પરંતુ એ સમાનતાના સ્વરૂપે રાષ્ટ્રસમૂહના મૂળમાં આ જ ભાવના છે. પણ દેશને છોડાવવા સામ્રાજ્ય સાથે સત્યાગ્રહ કરીશ. Non–violence compels, it is not coerse. આ ફરજ અંદરથી આવે છે.

અંગ્રેજ સલ્તનતને આમાંથી તો એમણે ચાલ્યા જવાનું કહ્યું હતું. એમણે અંગ્રેજોને સેવકભાવે હિન્દમાં રહેવાનું કહ્યું હતું એય સૂચક છે.

રાજાશાહીની નાબૂદીની વાત ગાંધીજીએ કરી જ છે. રાજાઓની મિલકત પર પ્રજાનો અધિકાર છે એમ એમણે કહ્યું હતું. ઔંધના રાજવીને સંબોધતાં ગાંધીજીએ કહ્યું હતું કે રાજાઓએ રાજ છોડી દેવું જોઈએ. જમીનદારી નાબૂદીની વાત શું કે હરિજન સેવક સંઘની સ્થાપના અને એ માટેના કાર્યમાં પણ ટ્રસ્ટીશિપનો સિદ્ધાન્ત દેખાય છે. જમીનસુધારાના ખરડાઓમાં આ વિચાર સંકળાયેલો છે ખરો.

આમ ગાંધી સામ્રાજ્યના ટેકેદારોમાંથી વિરોધી બન્યા હતા. પરંતુ અંગ્રેજો સાથેના સંબંધોનો અંત આણવાની એમણે કયાંય વાત કરી નથી. પણ એ સંબંધમાંથી અસમાનતાનો અંત લાવીને સામ્રાજ્યને સ્થાને ભાગીદારીની વાત રજૂ કરી હતી.

ઉદ્યોગક્ષેત્રે, ખાનગી માલિકીમાં ટ્રસ્ટીશિપ ગાંધીજી માટે મર્યાદિત સ્વરૂપનું માળખું હતું, કેમકે ત્યારે એ અત્યંત અપરિચિત દશામાં હતું. જો કે ખાનગી માલિકીની પદ્ધતિને સમાજ માટે ફેરવી નાખવાની વાત ગાંધીજીએ કરી હતી ખરી.

સમાજવાદના પ્રશ્ને પંડિત જવાહરલાલ સાથે ચર્ચા થઈ હતી ત્યારે એમણે પ્રતિવાદ કર્યો જ હતો. એમણે સમાજ માટે, કામદારોનાં હિતો માટે કામ કરવું જોઈએ એવી રજૂઆત કરી હતી. તેઓ આવું માનતા જ હતા.

સ્વતંત્ર પક્ષ માટે રાજાજીએ રજૂ કરેલો ટ્રસ્ટીશિપનો વિચાર ગાંધીજીના વિચાર કરતાં ઘણો ભિન્ન છે. ગાંધીજી વર્ગોરહિત સમાજ ઈચ્છતા હતા. માલિકીનું વિસર્જન કરવાનું એમના વિચારમાં હતું. ગાંધીજી ઈચ્છતા કે આ પ્રક્રિયાનો આરંભ નીચેથી થવો જોઈએ. ઉત્પાદન વિના કશું ચાલતું નથી. પંચાયતો નીચેથી ધારા ઘડશે એમ તેઓ કહેતા.

આ ટ્રસ્ટીશિપના વિચારને આજે આજના સંદર્ભમાં કઈ રીતે વ્યવહારમાં મૂકવો? એને વૈજ્ઞાનિક રીતે કેમ અપનાવી શકીશું?

ખાનગી ક્ષેત્રને સમાનતા આજે જોઈતી નથી; જ્યારે જાહેર ક્ષેત્રને સમાનતા સિવાય કશું જોઈતું નથી. આમાં સંઘર્ષ છે. સમાજવાદની નિષ્ફળતા એ માત્ર ઈન્દિરાજીની નિષ્ફળતા છે એમ નહિ,

પરંતુ ઉપરથી લદાતા આવતા સમાજવાદની એમાં નિષ્ફળતા છે.

દેશમાં ગરીબો ઘણા છે. તો બીજી બાજુ ભારતની કારો વિદેશમાં નિકાસ થાય છે. આમ અસમાનતા વધતી જ જાય છે. ૧૯૫૬માં ઔદ્યોગિક આંક જે હતો એનાથી ૧૯૬૫ માં બેવડો થયો હતો. આમાં 'કેપિટલ ગેઈન્સ' વધે છે. ગાંધીના સમયમાં ઔદ્યોગિક ચિત્ર સરળ હતું, પરંતુ આજે એ જટિલ બન્યું છે. આજે રાજકીય નોકરશાહી, વહીવટી નોકરશાહી અને ઔદ્યોગિક વહીવટકારો વચ્ચે ભાગીદારી થવા પામી છે અને તેઓ મલાઈ જમી જાય છે.

આ અંગે અભાન રહેવાની જરૂર નથી. આજે આરામથી બેઠા બેઠા વાતો કરતા સમાજવાદીઓ કામ નહિ કરે. આમાં તો ભારતમાંના મોટા ભાગના ગરીબોને ગરીબ રાખવાની વાત આવે છે.

ઉત્પાદન મજૂરો માટે પણ હોવું જોઈએ, દેશમાં આજે સંપત્તિ માટે દોડ ચાલે છે, પૈસા કેમ કમાવા અને તેનો કેમ ઉપયોગ કરવો એની જ લાગી પડી છે.

આર્થિક ચોકઠું જોવા જેવું છે. આજે ગ્રાહક વર્ગ વધી રહ્યો છે અને ઉત્પાદનનો વર્ગ ઘટી રહ્યો છે. બધા જ પ્રકારનું ઉત્પાદન વધી રહ્યું છે છતાં આપણે ત્યાં અમેરિકા જેવી હાલત આવી રહી હોવાનાં એંધાણ આમાં વર્તાય છે. આપણે ત્યાં કચેરીઓમાં માંડ ત્રીજો ભાગ કામ થતું હોય છે. બાકીના બે ભાગ દરમિયાન ગપ-સપ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ કે એવું કંઈક થતું રહે છે.

ટ્રસ્ટીશિપની ભાવના પ્રમાણે મૂળ પૈસા રોકનારા સંચાલકો-માલિકો, મજૂરો, ગ્રાહકો અને સરકાર ભાગીદારો બની શકે અને એ માળખામાં બે પ્રકારનાં ટ્રસ્ટો બની શકે - કામદાર ટ્રસ્ટ અને ગ્રાહક ટ્રસ્ટ. ટૂંકમાં, જવાબદાર સમાજ પ્રતિ વધવું જોઈએ. મોટી કંપનીઓના આ બે પ્રકારના ટ્રસ્ટમાંથી કામદાર અંગેના ટ્રસ્ટને ફરજિયાત બનાવવું જોઈએ.

ટ્રસ્ટીશિપ સામાજિક ભાગીદારી તરીકે વિકાસ પામે તો આજે જે કુરુક્ષેત્ર દેખાય છે તે અટકી શકશે. આજે જે વિપરીત પરિસ્થિતિ છે એમાં પણ ફેર લાવી શકાશે. ટૂંકમાં, ખાનગી અને સરકારી ક્ષેત્ર વચ્ચેનો ગજગ્રાહ છે એ ટ્રસ્ટીશિપને કારણે નિવારી શકાય એમ છે.

**પ્રબોધ ચોકસી**

# માણસને શું મળ્યું છે?

ગ્રીષ્મની એક ખુશનુમા સવાર છે. ઉત્સાહપૂર્ણ જિજ્ઞાસાથી અત્યારે હું પુસ્તક વાંચી રહ્યો છું. પવન બારીમાંથી ઘરમાં પ્રવેશીને ધીમે ધીમે આમતેમ બધે જ પસાર થતો થતો સામેની બારીમાંથી બહાર નીકળી જાય છે. એ ફરી થોડી વારે બહાર ચાલીને આવે છે. દરમ્યાન વાતાવરણ ચૂપ રહે છે. પણ તરત જ એ બારીમાંથી ફરી પ્રવેશે છે.

મારી આંખોમાં એક પ્રકારની તાજગીનો અનુભવ થઈ રહ્યો છે: બારીની બહાર ડોલતું પીપળાનું વૃક્ષ એનાં પર્ણો સહિત હું એની તરફ જોઉં ત્યારે મારી આંખોમાં એકસામટી લીલાશ લઈને ઊતરી આવે છે. આકાશમાં ક્યાંક એકાદ વાદળી સરકતી રહી છે. કોઈ પણ દર્પણમાં જોયા વિના એ પોતાના આકારને સુંદર રીતે ગોઠવી રહી છે. સૂર્યનાં કિરણો એની કિનારને શણગારી રહ્યાં છે. દૂર સમુદ્રનો ઘુઘવાટ પણ મારા કાન સુધી ધીમે અવાજે પહોંચી રહ્યો છે. હું વાચનમાં ખલેલ પામું નહિ, એટલે એનું સંગીત અત્યંત ધીમું છતાં મધુર રીતે એ રેલાવી રહ્યો છે. પુસ્તક ઉઘાડતાં પહેલાં મેં પ્રગટાવેલી અગરબત્તીની સુવાસ પવન સાથે ભળી ગઈ છે.

એટલામાં એક શિશુ હાથમાં પાટીપેન સાથે મારી નજીક આવી બેસી જાય છે. હું જે રીતે બેઠો છું તે જ રીતે પહેલાં બેસવાનો એ પ્રયત્ન કરે છે. હું એના તરફ જોઈ સ્મિત કરું છું, પછી એ પલાંઠી મારી બેસી જાય છે અને પાટી પર પેનથી કશીક રેખાઓ આંકે છે. સૃષ્ટિકર્તાએ આટલી સહજતાથી જ સૂર્ય, ચંદ્ર, તારા, સમુદ્ર, આકાશ, ધરતી, વૃક્ષ, પર્વત, ઝરણાં, નદી, સરોવર ચીતર્યાં હશે! હું એના તરફ એક ક્ષણ જોઈ ફરી વાંચવામાં લીન થઈ જાઉં છું.

અચાનક એ પૂછે છે: 'ભાઈ!' પછી અટકી જાય છે. હું એના તરફ જોઉં છું. મૃદુતાથી એને કહું છું, 'પૂછ, શું પૂછે છે?'

'આ ઝાડને પાંદડાં કોણે આપ્યાં?' હું ઉત્તર દઉં તે પહેલાં, કહે છે, 'ભગવાને ને?'

'હા,' હું કહું છું, 'પાંદડાં પણ, ફૂલો પણ, ફળો પણ એ ઝાડને ભગવાને જ આપ્યાં છે ...'

'... અને આ આકાશને આટલું મોટું કોણે બનાવ્યું?' આ વખતે હું ઉત્તર દઉં ત્યાં સુધી એ ચૂપ રહે છે. એને શ્રદ્ધા છે કે, હવે મને જવાબ આવડી ગયો હશે. હું કહું છું, 'ભગવાને, બરાબર?'

એ હકારમાં ડોકું હલાવે છે. સ્મિત કરે છે.

હું આગળ કહું છું, 'જેમ વૃક્ષને પર્ણ, પુષ્પ ને ફળ ભગવાને આપ્યાં, આકાશને વિશાળતા આપી તેવી જ રીતે, સૂર્યને તેજસ્વિતા, ચંદ્રને શીતળતા, તારકને ચમકાર, સમુદ્રને ઊંડાણ, પર્વતને સ્થિરતા અને ઝરણાને વહેણ પ્રભુએ આપી દીધાં છે....'

'બરાબર છે,' શિશુ બોલી ઊઠે છે. પછી અધીરાઈથી પૂછે છે, 'અને માણસને?

હું વિચારમાં પડી જાઉં છું. એ કહે છે, 'માણસને પ્રભુએ કાંઈ નથી આપ્યું, બરાબર?' હું વિમાસણ અનુભવું છું. એ પણ અવાક થઈ જાય છે. થોડી વાર રહી હું કહું છું, 'આપ્યું છે.'

'શું?'

'શક્વું, કંઈક બનવું તે' હું આટલા શબ્દમાં જ બોલી જઉં છું. પછી એ શિશુને સમજાવું છું, ત્યારે મારા અંતરમાં પણ એક પ્રકારના સુખદ આશ્ચર્ય સાથે આનંદનો અનુભવ કરું છું. પરમતત્ત્વનો માનવ નામના જીવ માટે કેટલો અસીમ સ્નેહ, પક્ષપાત હશે કે આટલી અજોડ વસ્તુ એણે માનવને આપી દીધી!

વૃક્ષને પર્ણ, પુષ્પને ફળ એણે આપી દીધાં, આકાશને વિશાળતા આપી દીધી, જ્યારે માનવને એ 'પર્ણવત્ હળવું, પુષ્પવત્ સુવાસિત જીવન જીવી શકે, આકાશવત્ અંતઃકરણ રાખી શકે - અને એવો એ થઈ શકે'ની જ એક મહાન ભેટ પ્રભુએ આપી દીધી છે. સૂર્યચંદ્રોની શકિત તો અન્યએ કરેલો અનુગ્રહ છે. જ્યારે કશુંક મેળવી શકવાની, પામવાની પ્રાપ્ત થયેલી શકિતમાં માનવીની આત્મનિર્ભરતાનું ગૌરવ સમાયેલું છે.

એ શિશુ, ફરીથી પાટીમાં નવી રેખાઓ આંકવા માંડે છે. અને મને પુસ્તક વાંચતાં વાંચતાં શિશુ કયારે ઊઠીને વરંડામાં રમવા જતો રહે છે તેનું જ્ઞાન રહેતું નથી.

**મહેશ દર્શનીય**

## તમારી જાતને ચાહો

આપણે બધા વ્યકિતગત રીતે અનોખા છીએ. દરેકની ચેતનાનું સ્તર જુદું છે, દરેકની બુદ્ધિશકિત પણ ભિન્ન હોય છે. તમારો પોતાનો અનોખો એવો ઉપયોગ છે. એટલે તમે તમારી જાતને જરાય ઉતરતી ગણતા નહિ. તમને કદાચ એમ લાગે કે તમારી ઉંમર, જાતિ, રાષ્ટ્રિયતા, પૂર્વ ભૂમિકા કે વ્યવસાય તમારી વિરુદ્ધ છે. તમે આમ માનતા હો છો એટલે જ તમે મુશ્કેલીમાં મુકાઓ છો અને તમારી સામે અવરોધો ઊભા થાય છે. વસ્તુત: આ બધા પર ધ્યાન આપવાને બદલે તમારે તમારી આસ્કયામતો વિશે જ સભાન બનવું જોઈએ. બીજાઓએ તમને સૂચવ્યું છે કે બીજાઓએ તમને જે માનવા પ્રેર્યા છે એને લીધે જ તમે તમારા વિશે ઊતરતો ખ્યાલ બાંધી બેઠા છો. આટલું યાદ રાખશો તો પછી તમે તમારી જાતને જુદા પ્રકાશમાં જોવાં લાગશો. તમારી ભૂતકાળની ભૂલો અને પીડાઓનો ભવિષ્ય પર પડછાયો પડે નહિ એ તમારે જોવું જોઈએ. આજે નવો દિવસ ઉગ્યો છે એને આનંદથી અને ભરપૂરપણે જીવો. ભૂતકાળ માટે તમે તમારી જાતને ક્ષમા કરી દો. તમારી જાતનો સ્વીકાર કરો. તમારી જાતને ચાહો.

**'યાન્ત્રિક'**

# અનંતશક્તિનું અનુસંધાન : પ્રાર્થના

પ્રાર્થનાનો શાબ્દિક અર્થ છે – પ્રભુ સાથે વાતચીત, આત્મ-નિવેદન કરવું. પ્રાર્થનામાં માણસ પોતાના હૃદયને પરમેશ્વર સમક્ષ ખોલીને રાખી દે છે. પ્રાર્થના અનંત શક્તિ સાથે નિકટનો સંબંધ સ્થાપિત કરવાનું માધ્યમ છે. બીજા અર્થમાં, પ્રાર્થના એ શ્રદ્ધાળુ ભક્તના હાથમાં પરમની દયાના દિવ્ય ભંડારો ખોલવાની કૂંચી છે. ટેનિસનના શબ્દોમાં –

'More things are wrought by prayer than world dreams of.'

–જગત જેની કલ્પના કરી શકે એના કરતાં ક્યાંયે મહાન કાર્યો પ્રાર્થના દ્વારા સિદ્ધ થઈ શકે છે.

પ્રાર્થનામાં આવી અમોઘ શક્તિ છે, એક મહાન અગમ્ય બળ છે. જ્યારે પ્રાર્થના દ્વારા ભક્ત પ્રભુને આત્મસમર્પણ કરી દે છે અને પ્રભુને જ એકમાત્ર શક્તિનો આધાર માને છે, ત્યારે એનામાં આધ્યાત્મિક શક્તિ આપમેળે જાગી ઊઠે છે.

પ્રાર્થના એ માત્ર ઈચ્છા કે કોરી કર્મકાંડી ક્રિયા નથી, પણ અંતરનો પ્રબળ સંકલ્પ છે. હૃદયમાં એ વાતની ખાતરી હોવી જોઈએ કે પ્રભુ સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. જો આવો દૃઢ વિશ્વાસ ન હોય તો એ પ્રાર્થનાનો કોઈ અર્થ નથી.

પ્રાર્થનામાં હોઠ ફરકતા નથી, ત્યાં મુખની ભાષાનું કામ નથી, કે એ માટે કોઈ ધાર્મિક બાહ્યાડંબર, કર્મકાંડની જરૂર નથી; પણ તે હૃદયના ઊંડાણમાં, આત્માના અવાજમાં રહેલી છે. ત્યાં જ હૃદય હૃદયને, પ્રાણ પ્રાણને, આત્મા આત્માને પોતાની વાત કરે છે અને તે સાંભળે છે. હૃદય, આત્મા અને પરમાત્માનો પરસ્પર પ્રેમાલાપ, એ જ ખરી પ્રાર્થના.

સંતપુરુષો કહે છે કે તમારા બંધ ઓરડામાં તમારા પ્રભુને એકાંતમાં મળો, એની સાથે પ્રેમથી વાતો કરો. પણ આવું એકાંત ક્યાં? તો, એ છે–હૃદયકુંજ. એ જ પ્રિયતમનું મિલનસ્થાન છે, સંકેતસ્થાન છે.

પ્રાર્થના હૃદયની વસ્તુ છે. હૃદય સાથે હૃદયનો સંલાપ છે, અનંત સાથેનું અનુસંધાન છે. તેમાં, માણસ ભગવાનને હૃદય ધરી દે છે. હૃદય અર્પણ કરવાનું તાત્પર્ય એ છે કે આપણે પરમેશ્વરને પ્રવેશવા માટે આમંત્રીએ છીએ. જેમ, ચંદ્રનો સુધામયી પ્રકાશ ઝીલીને આપણે નેત્રો શીતળ કરીએ છીએ, તેમ પરમેશ્વરના દિવ્ય પ્રકાશનાં કિરણોને હૃદયમાં પ્રવેશ કરાવીને ભીતરની સમસ્ત કાલિમા, કલુષિતતા, કામના અને વિકારોને ભસ્મ કરી, પરમનો ઉજાશ રેલાવવાનો છે. આ રીતે ભીતરની મલિનતાને સાફસૂફ કરી ફરીથી મૂળના ચૈતન્ય પ્રવાહને વહેતો કરી દઈએ તો આપણાં જ્ઞાન, શક્તિ અને આનંદ સ્વયમેવ પ્રગટી ઊઠે.

આપણું હૃદય જેટલું પ્રિયતમના હૃદય સમીપ પહોંચે છે, તેટલું જ એ બાળકની જેમ સરળ બની જાય છે અને એ સરળતા ત્યાં સુધી લઈ ચાલે છે કે જ્યાં વાણી મૂક બની જાય છે, આંખો બિડાઈ જાય છે, મસ્તક ઝૂકી પડે છે અને અંતરનાં દ્વાર ખૂલી જાય છે. પછી જે અનુભૂતિ થાય છે, તે શબ્દાતીત છે.

પ્રાર્થના જ્યારે હૃદયમાંથી ઊઠે છે, ત્યારે અંતરના તારેતાર ઝણઝણી ઊઠે છે. રોમરોમ આર્દ્ર બની જાય છે. અંદરની પ્રાર્થના માટે બહારના કોઈ પ્રયાસ કામના નથી. એ માટે અંતરના જ પ્રયાસ આરંભવા જોઈએ. આ પ્રયાસ પછી સ્વત: સ્વભાવ બની જાય છે, ત્યારે આપણું સમસ્ત જીવન એક લયમધુર પ્રાર્થના સમું બની રહે છે. ત્યાં કોઈ માગણી નથી હોતી, પણ સહજ પ્રવાહમાં તરવાનું હોય છે. જે અનંત બ્રહ્માંડને સહજલીલાથી આકાશમાં ઘુમાવે છે એ જ્યોતિર્મય ચિન્મય શક્તિના તાલેતાલે આપણું હૃદય પણ જોડાય છે. એના પ્રકાશમાં બહારની બધી મર્યાદાઓ તૂટી પડે છે, ને પછી જે અમૃતનો આસ્વાદ મળે છે તે બતાવવાની નહીં, અનુભવવાની વસ્તુ છે.

પરંતુ આજકાલ ઘણાકને પ્રાર્થનામાં વિશ્વાસ નથી રહ્યો; તો કેટલાક પ્રાર્થનાને કેવળ મન મનાવવાનું સાધન માને છે, તો વળી કોઈ 'પ્રાર્થનાથી કશું વળ્યું નહીં' કહેનાર પણ મળે છે. પરંતુ એમને શી ખબર કે પ્રાર્થનામાં એક એવી અમોઘ શક્તિ છે કે જો તે વિશ્વાસુ હૃદયથી પુકારે તો પરમની કૃપાથી તે કદીયે વંચિત ન રહે.

અહીં આપણને સ્વાભાવિક એમ થાય કે પ્રાર્થનાની આ અદ્‌ભુત શક્તિનું રહસ્ય શું છે? પ્રાર્થના એ અવ્યક્ત મનમાંથી ઊઠતી એક ચેતના છે. મનુષ્યના ચેતન મનથી પર એવું ગુહ્ય અચેતન મન પણ છે. આ અજ્ઞાત ચેતના પરમ લીલામય છે. તેમાં એકએકથી ચઢિયાતી એવી આશ્ચર્યજનક શક્તિઓ અને સિદ્ધિઓ પડેલી છે. ઈશ્વરની આ અગાધ શક્તિનું મનુષ્ય પોતે અનન્ય ભાવ અને એકાગ્ર ચિત્તથી ચિંતન કરે, પ્રાર્થના કરે તો એ શક્તિ વૃદ્ધિ પામે છે. શક્તિની વધઘટ જાગૃતિ, પૂર્ણજાગૃતિ સંકલ્પ ઉપર આધાર રાખે છે. સંકલ્પ જેટલો પ્રબળ તેટલી શક્તિ પ્રબળ.

વાસ્તવમાં મનુષ્યનો સંકલ્પ નાશવંત નથી પણ તે ઈશ્વર સાથે જોડનારી વસ્તુ છે. આ સંકલ્પબળ વધારવું તે એક પ્રકારનો યોગ જ છે. કોઈ પ્રાર્થના દ્વારા, કોઈ તપસ્યા કે ઉપાસના દ્વારા, કોઈ ચિંતન - મનન દ્વારા તેને વિકસાવે છે. પણ સંકલ્પમાં બળ લાવવા માટે ઈશ્વરનિષ્ઠાની ઘણી જરૂર છે. એ નિષ્ઠામાં આધાર શક્તિ છે. સાધન વગર એ નિષ્ઠાની વૃદ્ધિ થતી નથી, અને નિષ્ઠા વગર સંકલ્પમાં બળ આવતું નથી. પરંતુ એ સાધન પણ એટલું જ ઉત્કટ, નિર્મળ હોવું જોઈએ, જેથી મનુષ્યના આણુએ આણુમાં ઈશ્વર-નિષ્ઠા, પરમલગન રમમાણ બની ઊઠે. આવું સાધન તે 'પ્રાર્થના' છે.

આપણને ગમે, આપણું હૃદય નિર્મળ બને અને આપણા અસ્તિત્વમાં સહેજે સંચરવા લાગે એવી પ્રાર્થનાને સાધન તરીકે પસંદ કરવી જોઈએ. એ પ્રાર્થના આપણે નિત્ય પવિત્ર બનીને એકાંતમાં શાંત અને પ્રસન્નપણે અંતર્મુખ થઈને - આપણા ચિત્ત પર શુભ, સુંદર, પવિત્ર અને ગંભીર આંદોલનો ઊઠવાં જોઈએ, હૃદય સાત્ત્વિકતાથી ભરાઈ જવું જોઈએ, અને એ પ્રેમભાવ અંતરના ચાતલ તલ સુધી પહોંચવો જોઈએ. ત્યારે તેમાં ઈશ્વરીશક્તિ પ્રગટ થાય છે. આ શક્તિ અન્ય તમામ શક્તિ કરતાં ક્યાંયે ચઢિયાતી અને વ્યાપક છે. તેનાથી અશક્ય લાગતી વસ્તુ પણ સહેજે શક્ય અને સાધ્ય બને છે. આ સંકલ્પશક્તિ જ ખરી ઈશ્વરીશક્તિ છે. જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓમાં તે જાગૃતપણે કાર્ય કરતી હોય છે. એટલે જે પ્રાર્થનાના મર્મને પામી શકે તે જીવનની ઉન્નતિ, આત્માનો ઉત્કર્ષ સાધીને સહેજે સિદ્ધિ મેળવી શકે છે.

**આનવર આગેવાન**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. by south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧, ૧૯૭૪ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## કામચોરી – આજનો પ્રાણપ્રશ્ન

મારા આજના વાર્તાલાપનો વિષય, કામચોરી, - આજનો પ્રાણ-પ્રશ્ન, આકાશવાણીએ પસંદ કર્યો છે. સામાન્ય સંજોગોમાં આ પ્રશ્ન વિષે જે કાંઈ કહીએ તેનાં કરતાં, વર્તમાન પરિસ્થિતિમાં તે વિષે કાંઈક જૂદું કહેવાનું પ્રાપ્ત થાય છે. આકાશવાણીના સંચા-લકોએ 'કામચોરી' ને આજનો પ્રાણપ્રશ્ન શા માટે ગણ્યો તે વિચા-રવા જેવું છે. અત્યારના સંજોગોમાં સૌથી વિકટ સમસ્યા મોંઘ-વારી અને ફુગાવાની છે. તેના સંદર્ભમાં કામચોરીનો વિચાર કરીએ તો તે પ્રાણપ્રશ્ન છે તે તુરત સમજાશે. એક રીતે એમ કહેવાય કે, મોંઘવારી અને ફુગાવો દૂનિયાને લાગુ પડેલ પ્લેગ છે. સમૃદ્ધ અથવા ગરીબ, કોઈ દેશ કે વ્યકિત તેની અસરમાંથી બચી શકતી નથી. પણ આવું કહેવાથી આપણી સમસ્યાનો ઉકેલ થતો નથી. મનનું સમાધાન કરવા અથવા આપણી નિર્બળતાઓ અને નિષ્ફળતા-ઓ ઢાંકવા આવું કહીએ તે જૂદી વાત છે. એ પણ ખરું છે કે મોટા અર્થશાસ્ત્રીઓની મતિ પણ મુંઝાઈ ગઈ છે. અભૂતપૂર્વ પરિ-સ્થિતિ છે. આ એક મોટી આર્થિક કટોકટી તો છે જ, પણ તેના પરિણામો ઓછા ગંભીર નથી. વ્યાપક અસંતોષ અને અશાંતિ આપણે સર્વત્ર અનુભવીએ છીએ. મનની સ્વસ્થતા જાળવી રાખવી મુશ્કેલ બની છે. ચારે તરફ ભીંસ અનુભવીએ છીએ અને મનમાં પ્રગટ અથવા દબાયેલ ઉશ્કેરાટ રહે છે. મોંઘવારી ઘોડાવેગે વધી રહી છે. હજી કયાંય આરોવારો દેખાતો નથી. કાલે શું થશે તેની અનિશ્ચિતતા મુંઝવણમાં ઉમેરો કરે છે. અજબ પરિસ્થિતિ છે. આંખો મિચીને સટ્ટો કર્યો, માલ સંગ્રહ કર્યો, ચીજવસ્તુઓ, જમીન, સોનાચાંદી, ઝવેરાત વિગેરેમાં પૈસા રોકયા, તે બધાને આણધારી કલ્પનાતીત કમાણી થઈ. ગણતરી કરવા રહ્યા તેણે માર ખાધો. આપણે કહીએ છીએ કે તવંગર વધારે તવંગર થયા અને ગરીબ વધારે ગરીબ થયા, એ કેવું વિકરાળ સત્ય છે. એનો અનુભવ જેને રોજેરોજ થાય છે એવાઓની સંખ્યા વધતી જાય છે. પરિણામે સામાજિક તંગદિલી ખૂબ વધતી જાય છે. બીજાને વગરમહેનતે પૈસાવાળા થતા જોવું અને પોતે કાળી મજૂરી કરે તો પણ પેટ ન ભરાય ત્યારે આગ જ ભભૂકે તેમાં નવાઈ નથી. માનસિક ઉત્તેજના આંધળી હિંસામાં પરિણમે છે. વાતાવરણમાં હિંસા ભરી છે અને નજીવા કારણે ખૂન કરે, લૂંટફાટ કરે, મારામારી કરે એ સામાન્ય થતું જાય છે. સંગ્રહખોરી, નફાખોરી, ભ્રષ્ટાચાર વ્યાપક બને અને નગ્ન તાંડવનું સ્વરૂપ લે છે.

બીજું પરિણામ સરકાર સામે તીવ્ર અસંતોષ જન્મે છે. મોંઘ-વારી અને ફુગાવો સરકારે રોકવા જોઈએ એમ પ્રજા માને છે. વધતા જતા ભાવો સ્થગિત કરવા જોઈએ એમ પ્રજા માને છે. સરકાર રોકી શકતી નથી અટલે સરકાર દુશ્મન લાગે છે. બધા વર્ગો પગાર વધારો માગે છે, તેને માટે હડતાળો પાડે, તોફાનો કરે, પગારવધારો થાય એટલે ફુગાવો વધે, ખરીદશકિત વધે એટલે ભાવ વધે. બીજી તરફ હડતાળ, તોફાન વિગેરેને કારણે ઉત્પાદન ઘટતું જાય. ચીજવસ્તુની તંગીનો ઉદ્યોગવાળા અને વેપારીઓ પૂરો લાભ લે. પરિણામે કાળું નાણું વધે. આ વિષચક્રમાંથી છૂટવાનો કોઈ માર્ગ ન દેખાય. લોકોનો નાણાંમાંથી વિશ્વાસ ઊઠી ગયો. સરકાર થીંગડાં મારવા પ્રયત્ન કરે છે. આજે એક નીતિ, કાલે બીજી, એવા અખતરા કરે પણ આભ ફાટયું ત્યાં થીંગડાં દીધે શું થાય? પ્રજાના પૂરા સહકાર વિના આ સમસ્યા હલ થાય તેમ નથી. પણ વર્તમાન સંજોગોમાં રાજદ્વારી વ્યકિતઓ અને રાજકીય પક્ષો પ્રત્યે પ્રજાને પૂરી નફરત છે, એટલે સરકારને એવો સહકાર મળે તેમ નથી. જે વ્યકિતઓ પ્રજાને સાચું માર્ગદર્શન આપી સન્માર્ગે દોરી શકે તેમ છે તે પણ અત્યારે ભડકો કરવામાં જ માને છે. રાજકીય વ્યકિતઓની અણઆવડત અને ભ્રષ્ટાચારથી ત્રાસી જઈ, આ પરિસ્થિતિ માટે તેમને જ માત્ર જવાબદાર માની પ્રજાની બધી શકિતઓ તેના વિરો-ધમાં વળી છે ત્યારે કાંઈક શાંત ચિત્તે, બીજી દિશામાં વિચાર કરવાની જરૂર છે.

પ્રજાની, તેના દરેક વર્ગની અને દરેક વ્યકિતની શું ફરજ છે તેની કાંઈક અંતરખોજ કરવી જોઈએ. આવી પરિસ્થિતિનું સર્જન કરવામાં આપણે કેટલા કારણભૂત છીએ, આવી વિષમ પરિસ્થિતિ ચાલુ રાખવામાં અને તેમાં ઉમેરો કરવામાં આપણો શું ફાળો છે, આ પરિસ્થિતિ અંશત: પણ હળવી કરવામાં આપણે શું કરી શકીએ, તે દરેક વ્યકિતએ નિષ્ઠાપૂર્વક વિચારવું જોઈએ. બીજાનું દોષદર્શન કરવાથી કાંઈક આત્મસંતોષ લઈએ, પણ તેથી સમાજ અને દેશ પ્રત્યેની આપણી જવાબદારી અદા કરી ન ગણાય.

આ સમસ્યા અતિ જટિલ છે અને તેના પરિબળો ઉપર આપણો કાબૂ નથી. પણ કેટલીક સાદી સીધી વાત દરેક માણસ સમજી શકે તેમ છે. પહેલો પ્રશ્ન એ થાય કે હું મારી ફરજ બજાવું છું કે નહિ? માત્ર મારા હક્કનો, મારા સ્વાર્થનો જ વિચાર કરું છું કે જવાબ-દારીનો પણ કાંઈક વિચાર કરું છું તે પોતાની જાતને પૂછવું જોઈએ. કોઈ વ્યકિત કે પ્રજા ત્યાગ અથવા બલિદાન વિના ઊંચી આવતી નથી. આવો વિચાર કરીએ ત્યારે જણાશે કે કામચોરી મોટો રાષ્ટ્રીય રોગ થયો છે. ઓછામાં ઓછું કામ કરી, વધુમાં વધુ પૈસા મેળવવા એવી વૃત્તિ વ્યાપક બની છે. પ્રજાના દરેક વર્ગને આ રોગ લાગુ પડયો છે. તેમાં ઈર્ષાભરી હરીફાઈ ચાલે છે. મહેનત કરી; પરસેવાનો રોટલો રળવો એવી પાયાની પ્રમાણિકતા રહી નથી. સરકારી નીતિ અથવા બીજા કારણોને લીધે કેટલાક વર્ગોને ખૂબ લાભ થાય છે. તેથી બીજા વર્ગોને અસંતોષ થાય છે અને વધારે માગવાની હરીફાઈ થાય છે. નિયત સમય દરમિયાન ઓછું કામ કરી, ઓવરટાઈમનો લાભ લેવો, ધીમે ધીમે કામ કરવું, બીજી રીતે સમય વ્યતીત કરી કામ ચડવા દેવું, આવું બધું નજરે નિહાળીએ છીએ. બુદ્ધિજીવી ગણાય અને પ્રમા-ણમાં જેની સારી આવક છે તેવાઓ આવા વર્તન માટે વધારે જવાબ-દાર છે. કોઈક ભોગ આપવો હોય તો એવો વર્ગ આપી શકે કે જેની આવક, બીજાના પ્રમાણમાં વધારે છે. પણ આ વર્ગ વધારે સ્વાર્થી અને લોભી બનતો જાય છે. જેને પેટપૂરતું મળતું નથી તેની પાસે ત્યાગની અપેક્ષા રાખી ન શકાય. પોતે જે કમાણી કરે છે તે પોતાની મહેનતના પ્રમાણમાં અને બીજાઓની સરખામણીમાં વધારેપડતી ન હોય તેવી સમાનતા બહુ વિરલ વ્યકિતઓને છે. બુદ્ધિજીવી

હોય કે શ્રમજીવી હોય, દરેકને તેની મહેનત અને સામાજિક કલ્યાણને લક્ષમાં રાખી, વળતર મળવું જોઈએ, તેથી વિશેષ નહિ. શ્રમ વિનાની આવક ચોરી છે, બીજાની લૂંટ છે. આમાં પ્રશ્ન એ થાય છે કે શરૂઆત કોણ કરે? દરેક વ્યકિતને એમ થાય કે બીજાઓ લૂંટ ચલાવતા હોય તો પોતે શા માટે તેથી વંચિત રહે? બધા કરે તો હું કરીશ એવી વૃત્તિ સૌની રહે છે. બીજા ન કરે તો પણ પોતે કરી બતાવે એવી વ્યકિતઓ બહુ થોડી હોય છે. આવી શરૂઆત ટોચથી થાય તો અસરકારક બને. સામાજિક દબાણ એક માર્ગ છે. હરામની વૃત્તિ પ્રત્યે નફરત થાય અને તેવી વ્યકિતઓની સમાજમાં પ્રતિષ્ઠા ન રહે તો કાંઈક ફેર પડે. અત્યારે એવું છે કે ગમે તે ભોગે પૈસો મેળવ્યો હોય તેવાઓ સમાજમાં પ્રતિષ્ઠિત ગણાય છે.

બીજી વાત જીવનની જરૂરિયાતો ઓછી કરવાની છે. જીવન-ધોરણ ઊંચું કરવાને બહાને, બિનજરૂરી વસ્તુઓની ખરીદી કે સંગ્રહ, આવક વધારવાના લોભને પ્રોત્સાહન આપે છે. આ હકીકત પ્રજાના પ્રમાણમાં સુખી વર્ગોને વધારે લાગુ પડે છે. પણ સામાન્ય વર્ગ, આવા વર્ગોનું અનુકરણ કરી પોતાની જાતને મુશ્કેલીમાં મૂકે છે. જીવનમાં સાદાઈ, કરકસર, વિ. ને આપણે તિલાંજલી આપતા જ જઈએ છીએ. સામાન્ય મજૂરી કરતો માણસ પણ કાંડાઘડિયાળનું ખર્ચ કરશે. ઝૂંપડામાં રહેવાવાળા પાસે પણ ટ્રાન્ઝીસ્ટર રેડિયો દેખાશે. પરિણામે પોતાની બીજી આવશ્યક જરૂરિયાતો ઉપર કાપ પડે એટલે ગમે તે ભોગે કમાણી કરવાનું મન થાય.

હકીકતમાં, આપણી સંસ્કૃતિના મૂળ અને જીવનના પાયાના મૂલ્યો આપણે છોડી દીધા છે. અપરિગ્રહ, સમાજવાદ, સમાનતા, વિગેરે વાતો કરીએ છીએ. તેને માટેની મૂળભૂત પ્રમાણિકતાનો અભાવ છે. વિશ્વપરિબળો, તેલની કટોકટી વિગેરે કારણો આજની પરિસ્થિતિમાં ભાગ ભજવે છે. પણ આપણા હાથની જેટલી વાત છે તેટલું પણ ન કરીએ તો બહારના કારણોને આગળ ધરવાથી આ સમસ્યાનો ઉકેલ કરી નહિ શકીએ. મુખ્ય વાત ઉત્પાદન વધારવાની છે, દુર્વ્યય અટકાવવાની છે. તેમાં કામચોરી કરીએ, સ્વાર્થી થઈએ તો સૌને ભોગવવું પડે. બીજાની રાહ જોયા વિના અને બીજાની દેખા-દેખી કર્યા વિના દરેક વ્યકિત પ્રમાણિકપણે પોતાની ફરજ બજાવે અને કામ કરે તો અત્યારે જે ભયંકર આપત્તિ લાગે છે તે પણ હળવી થાય. અન્યારનું માનસ જ ચાલુ રહેશે તો પરિસ્થિતિ હજી પણ વિષમ થશે અને આપણા જ દોષે તે બનશે.

['આકાશવાણી'ના સૌજન્યથી **ચીમનલાલ ચકુભાઈ શાહ**
વાર્તાલાપ તા. ૨૦-૫-૭૪]

## પ્રકીર્ણ નોંધ

**આણુ વિસ્ફોટ :**

૧૮ મી મેને દિને આપણે ભૂગર્ભમાં સફળતાપૂર્વક આણુ વિસ્ફોટ કર્યો તે આપણે માટે અને દુનિયા માટે અતિ મહત્ત્વનો બનાવ છે. પ્રજાએ આ સિદ્ધિને સહર્ષ આવકારી છે. દુનિયાને આશ્ચર્ય થયું છે. કેટલાક દેશોએ આકરી ટીકા કરી છે. એક સમય એવો હતો કે જ્યારે અમેરિકા પાસે જ આણુ બૉમ્બ હતો. પછી રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને છેવટ ચીને આણુ બૉમ્બ અને આણુ શસ્ત્રો બનાવ્યા. આણુ શસ્ત્રોનો વિસ્તાર અટકાવવા આ પાંચ દેશોએ કરાર કર્યા અને તેમાં બીજા દેશોની સંમતિ માગી. જે દેશો કોઈ દિવસ અથવા નજીકના ભવિષ્યમાં આણુ શસ્ત્રો બનાવી શકે તેમ નથી અથવા જેની એવી આર્થિક શકિત નથી એવા કેટલાક દેશોએ આ કરાર સ્વીકાર્યા. ભારતે આ કરાર સ્વીકારવાની ના પાડી. આણુ શસ્ત્રોનો ઈજારો પાંચ જ દેશોને આપી પાંગળા અને પરાવલંબી રહેવું આપણને માન્ય ન હતું. ચીને આણુ બૉમ્બ બનાવ્યો ત્યારે આપણા દેશ માટે મોટો ભય પેદા થયો. આપણા વૈજ્ઞાનિકો, દુનિયાના વૈજ્ઞાનિકોથી કોઈ રીતે ઊતરે તેમ નથી તેની આપણને ખાતરી હતી. આર્થિક બોજ વધારે છે જ, પણ આપણે આણુ બૉમ્બ નથી બનાવ્યો, આણુ વિસ્ફોટ ભૂગર્ભમાં કર્યો છે એટલે કે આણુશકિત પેદા કરી છે. અવકાશમાં આણુ ધડાકાનો આપણે વિરોધ કર્યો છે, કારણકે તેથી હવામાન અત્યંત દૂષિત થાય છે અને તેનાથી ઊડતી અને ફેલાતી આણુરજ લાખો માણસોને હાનિકારક થાય છે. ભૂગર્ભમાં આપણે આણુ ધડાકો કર્યો તેમાં આણુરજ નહિવત્ ઊડી છે તેમ જ હવામાન નામનું દુષિત થયું છે એમ આપણા વૈજ્ઞાનિક કહે છે. ભૂગર્ભના વિસ્ફોટો પણ હાનિકારક તો છે જ, તેથી ધરતીકંપ થવા સંભવ છે. આ બધા રાક્ષસી સાધનો છે. કોણ જાણે લાભ વધારે છે કે હાની? આ વિસ્ફોટ સંપૂર્ણપણે આપણા સાધનોથી અને આપણા વૈજ્ઞાનિકોની શકિતથી થઈ શકયો છે. આ વિસ્ફોટ એટલું પુરવાર કરે છે કે આણુ બૉમ્બ અને આણુશસ્ત્રો બનાવવા હોય તો આપણી પાસે માનવશકિત છે અને તેનાં સાધનો છે.

આપણે દ્રઢતાથી જાહેર કર્યું છે કે આણુશકિતનો ઉપયોગ શાન્તિમય હેતુ માટે જ થવાનો છે; લશ્કરી ઉપયોગ કરવાના નથી જ. આવી જાહેરાત કરનાર આપણો દેશ એક જ છે. શાન્તિમય હેતુ માટે ઉપયોગ એટલે ઔદ્યોગિક વિકાસ માટે, ખનિજ પદાર્થો ભૂગર્ભમાંથી પ્રાપ્ત કરવા માટે, વીજળી પૂરવઠો વધારવા માટે વિગેરે. આણુશકિતના ઘણા શાન્તિમય ઉપયોગો છે.

સવાલ એ છે કે આ નિર્ણયને આપણે કાયમ વળગી રહીશું? એ શકય છે? દુનિયાના દેશોએ ટીકા કરી છે, કારણકે તેમને એવો વિશ્વાસ નથી. આણુશકિત જેવું સાધન હોય ત્યારે દેશના રક્ષણ માટે તેની જરૂર પડે તો તેના ઉપયોગના લોભને રોકી શકીશું? યુદ્ધમાં કોઈ મર્યાદા રહે છે? બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ છેવટ આણુ બૉમ્બનો ઉપયોગ કર્યો. અશ્વત્થામાએ પાંડવકુળનો સંપૂર્ણ વિનાશ કરવા પાંડુ સ્ત્રીઓનો ગર્ભપાત થઈ જાય તેવા શસ્ત્રોનો ઉપયોગ કર્યો.

આણુશકિત હોય એટલે દેશની લશ્કરી તાકાત વધે છે અને તેટલે દરજ્જે તેને પ્રતિષ્ઠા મળે છે. ચીન પાસે આણુ શસ્ત્રો છે તેથી ચીન શકિતશાળી ગણાય છે. આણુ બૉમ્બ બનાવવા આપણે ત્યાં આગ્રહ ચાલુ રહેશે જ.

આણુશસ્ત્રોની દોટ અને હરીફાઈ વિનાશક છે તે સૌ કોઈ સ્વીકારે છે. તેને મર્યાદિત કરવાના પ્રયત્નોમાં સફળતા મળી નથી.

નિ:શસ્ત્રીકરણની વર્ષોથી વાતો થાય છે. તે દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી. પરસ્પરનો આણવિશ્વાસ અને હાથમાં હોય તે હથિયાર જતા કરવાની અનિચ્છા કારણભૂત છે. હજી પણ યુરોપને રશિયાનો ભય છે અને તેથી અમેરિકાનું રક્ષણ અને છત્રછાયા માગે છે. રશિયા અને અમેરિકાને પરસ્પરનો ભય છે. નવા નવા આણુશસ્ત્રોની શોધ અને ઉત્પાદન ચાલુ છે. એની વિનાશકતા અને નિરર્થકતા જાણવા છતાં તેને છોડી શકાતું નથી.

બીજા દેશો પણ આણુ શસ્ત્રો બનાવવા પ્રયત્ન કરશે જ, ખાસ કરી જાપાન, પશ્ચિમ જર્મની, ઈઝરાઈલ વિગેરે. આ હરીફાઈ કોઈ અટકાવી શકે તેમ નથી.

આપણી આકરી ટીકા થઈ છે તે કેટલેક દરજ્જે ઈર્ષાને કારણે, કેટલેક દરજ્જે ભયથી છે. અમેરિકા, કેનેડા અને જાપાન, આપણને અપાતી આર્થિક સહાય બંધ કરવાની વાત કરે છે, કેટલીક ચીજવસ્તુઓનો પુરવઠો બંધ કરવાની વાત કરે છે. આવું દબાણ આપણને ડરાવે તેમ નથી. વિદેશી સહાય બંધ થાય તે ઈષ્ટાપત્તિ બનશે. વિદેશી સહાય ઉપર આપણે બહુ આધાર રાખતા થયા છીએ અને તેથી કેટલેક દરજ્જે પાંગળા બન્યા છીએ. વિદેશી સહાય સામે તે દેશોનો માલ ઉંચા ભાવે લેવો પડે છે. હાડમારી વેઠવી પડે તો પણ આપણા પગ ઉપર ઊભા રહેતા થઈએ અને આપણી શકિત-મર્યાદા પ્રમાણે ફાળ ભરીએ તે આવકારદાયક થશે. ચીને તેમ જ કર્યું હતું. રશિયા સાથેના સંબંધો બગડયા પછી રશિયા તરફથી મળતી ટેકનિકલ અને આર્થિક સહાય બંધ થઈ. ચીને તેની પરવા ન કરી.

આ પછી પણ એક પ્રશ્ન તો રહે જ છે. આપણા જેવા ગરીબ દેશને આવું જંગી ખર્ચ પોસાય? આણુશકિતનો ખરેખર ઉત્પાદક માર્ગે ઉપયોગ થઈ શકે તો જુદી વાત છે. આણુશસ્ત્રો સર્વથા અનુત્પાદક છે અને બોજા રૂપ છે. આપણા વૈજ્ઞાનિકો આણુશકિતને કેટલે દરજ્જે ઉત્પાદક બનાવી શકે છે તે જોવાનું રહે છે.

બીજો સવાલ. શાન્તિમય માર્ગને વરેલ દેશ, ગાંધીવાદી કહેવાતો, આણુશકિતનું ઉત્પાદન કરે? આપણે ગાંધીવાદી નથી જ એ એક

જવાબ. તેમાં કોઈ દંભ કરવાની જરૂર નથી. આપણે લશ્કર છે, પોલીસ છે, બધી દંડશક્તિ છે. બીજી વાત. આજની દુનિયામાં કોઈના ઓશિયાળા રહેવું ન હોય તો લશ્કરી દૃષ્ટિએ શક્તિશાળી રહ્યા વિના છૂટકો નથી. આપણા જેવો મોટો દેશ પરાવલંબી ન જ રહી શકે. તેની મર્યાદા બાંધવી પડે. સમય પ્રમાણે કરવું પડે. ક્યાં જઈ અટકશું? અટકી શકાશે?

ધારાસભા વિસર્જન અને રાષ્ટ્રપતિની ચૂંટણી:

આપણા બંધારણ મુજબ રાષ્ટ્રપતિની ચૂંટણી પાંચ વર્ષ પૂરા થાય તે પહેલા થઈ જવી જોઈએ. રાજ્યોના ધારાસભ્યો અને પાર્લામેન્ટના સભ્યોની બનેલી ચૂંટણીસભા–ઈલેક્ટોરલ કોલેજ–રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. બંધારણમાં પ્રબંધ છે કે આ ચુંટણીસભામાં કોઈ જગ્યા ખાલી પડી હોય તેથી ચૂંટણીને બાધ આવે નહિ. તેનો સામાન્ય અર્થ એ છે કોઈ રાજ્યની ધારાસભામાં અથવા પાર્લામેન્ટમાં કોઈ જગ્યાઓ ખાલી પડી હોય તો પણ ચૂંટણી થઈ શકે. પણ કોઈ એક અથવા વિશેષ રાજ્યની ધારાસભાનું જ વિસર્જન થયું હોય તો તે માત્ર ખાલી પડેલી જગ્યા જ ગણાય કે મોટું ગાબડું પડયું ગણાય? રાષ્ટ્રપતિની ચૂંટણી જેવા મહત્ત્વના બનાવમાં કોઈ એક અથવા વિશેષ રાજ્યને ભાગ લેવાની તક જ ન મળે, તેવું કેમ નિભાવી શકાય? ગુજરાત ધારાસભાનું વિસર્જન થયું છે. કદાચ બિહારનું થાય અથવા બીજા કોઈ રાજ્યમાં પણ થાય; તો પણ રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ શકે? બંધારણ ઘડવાવાળાઓ આવી પરિસ્થિતિ કલ્પી ન હતી. ફરજિયાત ધારાસભાઓનું વિસર્જન થયું હોય એવી કલ્પના લોકશાહીમાં ન થાય. આ બંધારણીય પ્રશ્ન સંબંધે સરકારે સુપ્રિમ કોર્ટનો અભિપ્રાય લેવાનું નક્કી કર્યું તે યોગ્ય જ કર્યું છે. જેથી કોઈને ફરિયાદનું કારણ ન રહે. આમાં મતાગ્રહની જરૂર નથી. ભવિષ્ય માટે વ્યાજબી પ્રણાલિકા સ્વીકારવાની વાત છે. જો સુપ્રિમ કોર્ટ અમ ઠરાવે કે ધારાસભાનું વિસર્જન થયું હોય ત્યાં સામાન્ય જગ્યા ખાલી પડી છે તેમ ન ગણાય અને તે ધારાસભાની પુનઃરચના ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિની ચૂંટણી ન થાય તો સરકારે બંધારણમાં ફેરફાર કરવો પડશે અને રાષ્ટ્રપતિની મુદત લંબાવવી પડશે. બીજો માર્ગ એ છે કે પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલા થોડા દિવસ અગાઉ, રાષ્ટ્રપતિ રાજીનામું આપે. પછી રાષ્ટ્રપતિની ચૂંટણી થાય ત્યાં સુધી ઉપ - રાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિની કામગીરી બજાવે. આમ થાય તો બંધારણમાં કોઈ ફેરફાર કરવો ન પડે.

ધારાસભ્યનું રાજીનામું બળજબરીથી હોય તો રાજીનામું ગણાય?

બંધારણમાં પ્રબંધ છે કે કોઈ સભ્ય રાજીનામું આપે તો ધારાસભાના અધ્યક્ષે સ્વીકારવું જ જોઈએ. બીજી રીતે કહીએ તો સ્વીકારવાનો પ્રશ્ન જ નથી. રાજીનામું અધ્યક્ષને મળે અટલે અમલમાં આવે. બળજબરીથી કોઈ પાસે રાજીનામું મેળવવામાં આવશે એવી કલ્પના બંધારણ ઘડવાવાળાને ન હતી. રાજીનામાનો અર્થ જ એ છે કે તે સ્વૈચ્છિક છે. ગુજરાતમાં આ કોયડો શરૂ થયો. સુવિદિત હકીકત હતી કે ઘણા સભ્યોના રાજીનામા ધાકધમકીથી લેવાયા હતા. ગુજરાત ધારાસભાના અધ્યક્ષ મુંઝવણમાં મુકાયા હતા. તે જાણતા હતા કે આ રાજીનામા સ્વૈચ્છિક નથી તો તેનો સ્વીકાર કેમ થાય? તેમણે ધારાસભ્યોને પોતાની રૂબરૂ હાજર થઈ રાજીનામા રજૂ કરવા જણાવ્યું જેથી પોતે કાંઈક તપાસ કરી શકે. આ માટે તેમની ઘણી ટિકા થઈ હતી. આવું કરવાનો તેમને કોઈ અધિકાર નથી તેમ પણ કહેવાયું. તેમને ઘણું સહન કરવું પડયું. એ જ પ્રક્રિયા બિહારમાં શરૂ થઈ. હવે સરકારે બંધારણમાં ફેરફાર કર્યો છે. કોઈ સભ્ય રાજીનામું આપે તો તેનો સ્વીકાર કરતાં પહેલાં, અધ્યક્ષ યોગ્ય લાગે તેવી તપાસ કરે અને રાજીનામું સ્વૈચ્છિક છે તેવી ખાતરી થાય તો સ્વીકારે એવો પ્રબંધ કરવામાં આવ્યો છે. અસાધારણ સંજોગોને કારણે આ ફેરફાર કરવો પડયો છે પણ તેનાથી ઘણી ગૂંચવણ પણ ઊભી થાય. સામાન્ય કાયદો એવો છે કે કોઈ કરાર કર્યા હોય તે ધાકધમકીથી, લાલચથી, બળજબરીથી, દગાથી કે ખોટી લાગવગથી કરાવ્યા છે એવી કોર્ટને ખાતરી થાય તો એવા કરાર રદ કરી શકાય છે. પણ એવી ફરિયાદ પક્ષકારે પોતે કરવી જોઈએ. અને તેણે પુરવાર કરવું જોઈએ. સામાન્ય રીતે એમ માની લેવાય કે કોઈ કરાર ઉપર સહી થઈ હોય તો સ્વેચ્છાએ થયા છે.

બંધારણના આ ફેરફારથી અધ્યક્ષનો બોજો ઘણો વધી જાય છે અને અધ્યક્ષ ઉપર પક્ષપાતના આરોપ થવા પણ સંભવ છે. અધ્યક્ષને કોર્ટે ઘસડાવું પડે એવું પણ બને. અત્યારના બંધારણ મુજબ અધ્યક્ષના કોઈ ચુકાદા ઉપર કોર્ટને અધિકાર નથી. તે અંતિમ ગણાય છે, પણ હવે જે સત્તા અધ્યક્ષને આપવામાં આવી છે તે સર્વથા અબાધિત છે એમ કદાચ ન લેખાય. એવો કિસ્સો બને ત્યારે કોર્ટ શું વલણ લે છે તે જોવાનું. એવું પણ બને કે ધાકધમકી કે ભયથી રાજીનામું આપ્યું હોય તે એટલી હદે હોય કે ધારાસભ્ય અધ્યક્ષ સમક્ષ જઈને પણ એમ કહે કે પોતે રાજીખુશીથી રાજીનામું આપ્યું છે, છતાં અધ્યક્ષને ખાતરી હોય કે રાજીખુશીથી નથી આપેલું અને અત્યારે જે કહે છે તે પણ ધાકધમકીને કારણે છે ત્યારે અધ્યક્ષે શું કરવું?

હકીકતમાં ધારાસભ્યો ધાકધમકી કે ભયને વશ થાય અને તેમનામાં નૈતિક હિંમત ન હોય તે ખેદની વાત છે, પણ રતુભાઈ અદાણી જેવી નિડરતા અને સહનશક્તિ કેટલાની હોય?

અસાધારણ સંજોગો માટે અસાધારણ કાયદા થાય ત્યાં અસાધારણ પરિસ્થિતિ જ ઊભી થાય. પાયાની વસ્તુ એ છે કે લોકશાહીમાં આવી ધાકધમકી, ભય કે દબાણને સ્થાન હોવું જ ન જોઈએ. પણ સંતપુરુષો એવા વલણને ઉત્તેજન આપે અને લોકશાહીના રક્ષણ માટે કરે છે એમ કહે ત્યારે શું થાય?

રેલ્વે હડતાળ:

આ લખાય છે ત્યારે (સોમવાર – ૨૭ તારીખ) હડતાળ લગભગ તૂટી પડી છે. સંભવ છે બે ત્રણ દિવસમાં પાછી ખેંચાશે અથવા પૂરેપૂરી તૂટી પડશે. સરકારે ઘણું મક્કમ વલણ લીધું. આ એક મોટો દેશવ્યાપી પડકાર હતો અને તેનો સફળતાપૂર્વક સામનો કર્યો. તેમાં સરકારે નમતું મૂક્યું હોત અથવા સરકારને નિષ્ફળતા સાંપડી હોત તો પરિણામો ઘણાં ગંભીર આવત. સરકારે પોતાની બધી શક્તિ અને સાધનોનો ઉપયોગ કર્યો. ઘણાં દમનકારી પગલાં લીધાં છે. હજારોની ધરપકડ, બરતરફી, ધાકધમકી, કામદારોના રહેઠાણો ખાલી કરાવવા, તેમના કુટુમ્બીઓ ઉપર દબાણ લાવવું વિગેરે પગલાં લીધાં છે. કામદારોને પગાર ગુમાવવા ઉપરાંત ઘણું સહન કરવું પડયું છે અને હજી સહન કરવું પડશે. સરકાર કિન્નાખોરી નહિ કરે એમ આશા રાખીએ, છતાં સેંકડો બરતરફ થશે અથવા નોકરીનું સાતત્ય ગુમાવશે અથવા પગારવધારો ગુમાવશે. આ માટે ખેદ થાય, પણ સરકારને માટે બીજો કોઈ ઉપાય ન હતો. કામદાર નેતાઓ અને વિરોધી પક્ષોનો હેતુ રાજકીય હતો અને તેનો સામનો કર્યે જ છૂટકો હતો. કામદારોએ સહન કર્યું અને દેશને કરોડોનું આર્થિક નુકસાન થયું. મામલો થાળે પડતાં સારો સમય લાગશે. કામદારોમાં કડવાશ રહી જશે. સરકારે સહાનુભૂતિથી કામ લેવું પડશે. આશ્ચર્યની વાત તો એ છે કે ૨૦ લાખ કામદારોની દેશવ્યાપી હડતાળ છતાં ભાંગફોડ કે મારામારીના કિસ્સાઓ પ્રમાણમાં બહુ ઓછા થયા છે. લશ્કર અને રેલ્વે પોલીસની તકેદારીનું કારણ હોય કે કામદારોની સાદી સમજણ હોય, પણ હડતાળ ધાર્યા કરતાં લાંબી ચાલી છતાં, એકંદરે શાન્તિમય રહી છે. પ્રજાએ પણ ઘણી હાડમારી ધીરજથી સહન કરી. પરિણામે સરકારને ટેકો મળ્યો.

રેલ્વે કામદારોને પગારવધારો કે બોનસ ન આપ્યું અને તેટલે દરજ્જે ફુગાવો અટકાવ્યો તે એક બાજુ છે. પણ ચીજવસ્તુઓનો ભાવવધારો અટકાવી નહિ શકે તો પરિસ્થિતિ સ્ફોટક રહેશે. વળી પ્રજાના એક વર્ગની જ આવક અંકુશમાં રાખવાથી પ્રશ્ન ઊકલતો નથી. પ્રજાના બધા વર્ગોની આવક અંકુશમાં રાખવી જોઈએ. આ માટે અસરકારક પગલાં લેવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. આકંદરે આર્થિક પરિસ્થિતિ વણસતી રહી છે.

૨૭-૫-૭૪.

આ લખાયા પછી બીજે દિવસે જ કામદાર નેતાઓએ હડતાળ પાછી ખેંચી લીધી તે સારું કર્યું. વધારે યાતનાઓ અટકી.

**ચીમનલાલ ચકુભાઈ**

# ભારત : છઠ્ઠી અણુ-તાકાત : વૈજ્ઞાનિક સમૃદ્ધિથી શોભતી ગરીબી

ચોવીસ વર્ષ પહેલાં ભાવનગર નજીક સણોસરા ગામે એક સર્વોદય સંમેલન ભરાયું હતું. રાજેન્દ્રબાબુ અને વિનોબા ભાવે જેવા ગાંધીવાદી અને સર્વોદયી નેતાઓએ આ સંમેલનમાં હાજરી આપી હતી. વિદેશના ઘણા મહેમાનો શાંતિના ફરિસ્તા જેવા વિનોબા ભાવેને સાંભળવા ને જોવા આવ્યા હતા. ત્યારે આપણે લશ્કરી તાકાત વધારવા કોશિષ કરતા હતા અને કલકત્તાના એક કારખાનામાં બંદુક પણ બનાવવાની યોજના ઘડતા હતા. અમેરિકા અને રશિયાના ભયાનક અણુશસ્ત્રો સામે આપણી આ રાંક કક્ષાની સશસ્ત્રસજ્જતા અંગે વિનોબાએ મજાક કરી હતી. "અમેરિકાના અણુશસ્ત્રો સામે આપણાં શસ્ત્રો તો રમકડાં જેવા લાગે છે, આપણે શસ્ત્રો બનાવવાની શેખી ન કરવી જોઈએ." તેવા મતલબનું વિનોબાજી બોલ્યા હતા. આજે ચોવીસ વર્ષ પછી આપણે ૧૮ મી મેના રોજ અણુવિસ્ફોટ કર્યો ત્યારે વિનોબાજીની પ્રતિક્રિયા આ લખાય છે ત્યારે જાણવા મળી નથી પણ સર્વત્ર આનંદની લાગણી જોવા મળે છે. જમાનો પલટાઈ જાય અને સંયોગોની ભીંસમાં માનવી ભીંસાઈ જાય ત્યારે તો માનવીનું માનસ બદલાઈ જાય છે, પરંતુ સંયોગોનો શિકાર બનેલા સમગ્ર દેશનું માનસ પણ કેટલું બદલાઈ જાય છે તે અણુ - વિસ્ફોટ પછીની તમામ લોકોની એકસરખી હુલસીત પ્રતિક્રિયા ઉપરથી જણાઈ આવે છે.

આપણે યંત્રયુગમાં લપેટાઈ ગયા અને હવે અણુયુગ અને અવકાશયુગમાં પણ માથાબોળ થવા લાગ્યા છીએ, એટલે તેમાંથી નીકળવાની વાત તો હવે કોઈ કરી જ શકે નહિ. અણુ વિસ્ફોટને બીજે જ દિવસે એક નિવૃત લશ્કરી અધિકારીએ સલાહ આપેલી કે ભાકરે હવે ઈન્ટરકોન્ટીનેટલ બેલીસ્ટીક મિઝાઈલ્સ બનાવવાની દિશામાં આગળ વધવું જોઈએ. અણુવિસ્ફોટ કર્યા પછી આપણે ઠોકી ઠોકીને કહેવું પડયું છે કે, "અણુશકિતનો શાંતિમય ઉપયોગ કરવામાં જ ભારત માને છે."

ફળીયામાં મીઠો લીમડો વાવ્યો હોય પછી ઊગીને વિપુલ પ્રમાણમાં લીલાં પાંદડાં આપવા લાગે ત્યારે તેનો ઉપયોગ કરવા માટે કઢી બનાવવી પડે તેવો ઘાટ થયો છે. અણુશકિતના શરૂના વિકાસ પછી આપણને પ્લુટોનિયમ મળ્યું ત્યારે એ પ્લુટોનિયમ દ્વારા અણુવિસ્ફોટનું એક ઓજાર બનાવવાની આપણને માનસિક ફરજ પડી છે. અમેરિકાએ વિનાશક રીતે અણુશકિતનો જાપાન ઉપર આખતરો કર્યો તે પહેલાં જ ભારતમાં શ્રી હોમી ભાભાએ અણુશકિતના વિકાસ માટે પંડિત નહેરુના મગજમાં વિચાર - બીજ રોપી દીધું હતું. એ પછી અમેરિકાએ લગભગ ઑગસ્ટ ૧૯૪૬ માં અણુશકિત પંચ રચ્યું અને આપણે ત્રણ વર્ષ પછી અણુશકિત પંચ રચ્યું. ભારતે અણુશકિત પંચ રચ્યું ત્યારે પણ અમેરિકાના અખબારોએ આપણી મજાક ઉડાવી હતી. પરંતુ મઝાની વાત એ હતી કે ત્યારે આપણે અણુબોંબ બનાવવાની ક્ષમતાને આંબી જઈશું તેવો ખ્યાલ સપનામાંય અમેરિકાના લોકોને કે ભારતના લોકોને નહોતો. તે સમયે તો અણુશકિતના શાંતિમય ઉપયોગમાં વિજળીની પેદાશ કરવાનો એક માત્ર કીમિયો નજરે ચઢયો હતો. અમેરિકા અને રશિયાએ થોડાક અણુ - વિજળી પ્લાંટો નાંખ્યા હતા. કેટલાક અણુવિજળી પ્લાંટોમાં ધુમાડા થયા અને નિષ્ફળ ગયા હતા. આત્યારે વિશ્વભરના ૧૮ થી ૨૦ દેશોમાં અણુદ્વારા વિજળી પેદા થાય છે. છતાંય આ અણુવિજળી પ્લાંટો પૂર્ણકુશળતાથી કામ કરતા નથી. હજી એક મહિના પહેલાં રશિયાના 'ફાસ્ટ બ્રિડર રિએકટર' માં ધડાકો થયો હતો અને કરોડો રૂપિયાના ખર્ચે ઊભો કરેલો પ્લાંટ ભસ્મ થઈ ગયો હતો.

ભારતે ગૌરવ લેવા જેવું છે કે અણુશકિતના વિકાસમાં આપણે બહુ જાનહાનિ ભોગવી નથી. આપણી નાણાખેંચ એક દૃષ્ટિએ ઉપકારક નીવડી છે અને તેથી આપણે અણુશકિતના વિકાસમાં દસ વર્ષ પહેલાં માત્ર રૂા. ૯ કરોડ ખર્ચતા હતા તેને બદલે હવે રૂા. ૪૫ કરોડ ખર્ચીએ છીએ છતાં પણ આપણો અણુવિજ્ઞાની ખરેખર ચીંથરેહાલ હાલતમાં પણ આપણને ઓછા ખર્ચે વિજ્ઞાનના ઉત્તમ પરિણામો આપતો આવ્યો છે. અમેરિકા જે દર વર્ષે અણુશકિતના વિકાસ ઉપર રૂા. ૩૨૦ અબજ ખર્ચે છે તેની સરખામણીમાં આ ખર્ચ તો સાવ ટીપા જેવો લાગે છે. પણ આપણા મર્યાદિત સાધનો વડે તારાપુર ખાતે જે અણુ - વિજળી મથક સ્થાપ્યું તેમાં વારંવાર ખોટકા આવ્યા કરે જ છે. છતાં સરખામણીએ બીજા દેશો કરતાં આપણે અણુશકિતના વિકાસમાં બૂબ જ સાવધાનીથી વર્તીએ છીએ અને તેને કારણે આપણી સફળતા બીજાને આંજી નાંખે તેવી છે.

ટ્રોમ્બે ખાતે ૧૯૬૭ માં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર સ્થપાયું, આત્યારે ત્યાં કુલ ૧૦,૨૭૬ કર્મચારીઓ કામ કરે છે, તેમાં ૨,૫૬૦ વિજ્ઞાનીઓ અને ૪,૪૮૬ જેટલા ટેકનિશ્યનો કામ કરે છે. અમેરિકાના અણુવિકાસના ખર્ચના ભાણામાંથી જેટલો ઓઠવાડ જતો હશે તેટલા ખર્ચથી આપણું ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર ચાલે છે! તે સેન્ટરના પ્લુટોનિયમ પ્રોસેસીંગ પ્લાંટમાં આપણે જે પ્લુટોનિયમ બનાવી કાઢયું હતું તે પ્લુટોનિયમ ૧૮ મી મેના અણુવિસ્ફોટમાં વાપરવામાં આવ્યું હતું. રાજસ્થાનમાં રાણા પ્રતાપ સાગર ખાતે અને મદ્રાસમાં કલપક્કમ ખાતે જે અણુવિજળી મથકો સ્થપાશે તેમાં બળતણરૂપે આપણે યુરેનિયમ વાપરીશું, તેમાંથી જ આપણને આડપેદાશ રૂપે પ્લુટોનિયમ મળી રહેશે.

આપણે અણુવિજ્ઞાનના ક્ષેત્રે કેટલા ઊંડા પાણીમાં ઉતરી ગયા છીએ અને તેમાં કેટલી પ્રગતિ કરી છે તેનો ખ્યાલ હજી સામાન્ય જનતાને આવ્યો નથી, અહીં તેની નામાવલી જોવી પડશે :

કલપક્કમ ખાતે રિએકટર રિચર્સ સેન્ટર સ્થપાયું છે તે દુનિયામાં અતિ પ્રતિષ્ઠિત સ્થાન ભોગવે છે. ફાસ્ટ બ્રિડર રિએકટર્સમાં એવી વ્યવસ્થા હોય છે કે જે અણુઈંધણ આપણે વિજળી બનાવવામાં વાપરીએ તેટલું જ ઈંધણ આપણને પ્લુટોનિયમ રૂપે પાછું મળે છે.

ગૌરીલિદાનુર (બેંગ્લોર નજીક) ખાતે એક સેસ્મીક સ્ટેશન સ્થપાયું છે. ત્યાંથી ૧૦,૦૦૦ કીલોમીટર દૂરની તમામ ભૂગર્ભની હિલચાલ કોમ્પ્યુટર યંત્રો દ્વારા આપણને જાણવા મળે છે. ચીને એક વર્ષ પહેલાં અણુવિસ્ફોટ કરેલો તેની જાણ આપણને આ સેસ્મીક સ્ટેશન દ્વારા થઈ હતી.

પંજાબ, કોટા, વડોદરા, તુતીકોરીન, તાલચેર અને હૈદરાબાદમાં આપણે અણુવિજળી મથકોમાં જોઈતા હેવી વોટરના પ્લાંટ નાંખ્યા છે. હૈદરાબાદ ખાતે ઝીરકોનિયમ ઓકસાઈડ પ્લાંટ, ઝીરકોનિયમ સ્પોન્જ પ્લાંટ, ઝીરકલોય ફેબ્રિકેશન પ્લાંટ, યુરેનિયમ ઑકસાઈડ પ્લાંટ, સીરેમીક ફયુએલ ફેબ્રીકેશન પ્લાંટ, એનરીચ્ડ યુરેનિયમ ઑકસાઈડ પ્લાંટ, એનરીચ્ડ ફયુઅલ ફેબ્રિકેશન પ્લાંટ અને સ્પેશ્યલ મટીરીયલ પ્લાંટ સ્થપાઈ રહ્યા છે.

તારાપુર ખાતે "પાવર રિએકટર ફયુઅલ પ્રોસેસિંગ પ્લાંટ" તૈયાર થઈ રહ્યો છે. આ પ્લાંટમાં તારાપુર અણુવિજળી મથક અને રાણા પ્રતાપ અણુ - રીએકટરમાંથી મળેલા ઈંધણોનું પ્રોસેસિંગ (શુદ્ધિકરણ) કરાશે. જાપાન, ઈટાલી, કેનેડા, જર્મની, સ્પેન અને સ્વીટઝરલેન્ડ જેવા આગળપડતા દેશોને તેમના અણુ - રિએકટરોમાંથી જે ઈંધણ પ્રાપ્ત થાય છે તેનું પ્રોસેસિંગ કરવા માટે બ્રિટન ખાતે મોકલવું પડે છે. એ પ્રોસેસિંગ પછી જે પ્લુટોનિયમ મળે તેની માલિકી મોટે ભાગે બ્રિટનની જ રહે છે. જ્યારે આપણે આ પ્રકારના પ્રોસે-

સિંગ કાર્યમાં ભવિષ્યમાં કેટલાક એશિયન દેશોને અને કદાચ યુરોપના દેશોને પણ મદદ કરતા હોઈશું.

હવે વાત રહે છે: આણુવિસ્ફોટ દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે કંઈક પેદા કરવાની. અત્યારસુધીનો અમેરિકા અને રશિયાનો અનુભવ કહી જાય છે કે આણુશક્તિદ્વારા જહાજો ચલાવવાનો અખતરો ધોળા હાથી જેવો પુરવાર થયો છે. ખાણકામ માટે આણુવિસ્ફોટનો ઉપયોગ કરીને ખનિજ પેદા રવામાં અમેરિકા હજી એક ડગલું આગળ ભરી શક્યું નથી. જો કે ધડાકા દ્વારા ગેસનો ભંડાર અમેરિકાએ મેળવ્યો છે પણ એ ગેસ ઉપર આણુની ઝેરી અસર રહી જવા પામી હોવાનો ભય રહ્યો છે, એટલે તે ગેસનો વેપારીધોરણે હજી ઉપયોગ થઈ શક્યો નથી. આણુવિસ્ફોટ કરીને નહેરો, બંધ અને બંધના ધક્કા બાંધવાના કાર્યો હજી અખતરાને તબક્કે છે. મુંબઈમાં તાજેતરમાં પત્રકારોને આણુશક્તિ પંચના અધ્યક્ષે કહેલું, "આપણે હજી આણુવિસ્ફોટ કર્યો છે, સુકાઈ ગયેલા તેલના કુવાને સજીવન કરવામાં કે ખનિજ શોધવામાં આણુવિસ્ફોટ કેટલી હદે ઉપયોગી થાય છે તે હવે જોવાનું છે." અહીં પણ આપણી નાણાંખેંચ આપણા લાભમાં રહેવાની છે. રશિયા અને અમેરિકાને નાણાંની છાકમછોળ હોઈને તેમણે આણુશક્તિના શાંતિમય ઉપયોગ માટેના અખતરામાં અબજો રૂપિયાનું પાણી કર્યું છે અને બહુ જાજું ઉપજાવી શક્યા નથી. તેવે જ તબક્કે ભારત પણ એ શાંતિમય ઉપયોગ માટેના અખતરામાં ભળ્યું છે ત્યારે આપણા વિજ્ઞાનીઓ સમક્ષ એક મોટો પડકાર ઊભો થયો છે. આપણે ફળિયામાં લિમડો વાવી ચૂકયા છીએ એટલે કઢી તો કરવી જ પડશે. તે દૃષ્ટિએ આપણા લશ્કરી ખાતાના થનગનાટને માન આપીને ભવિષ્યમાં આણુબૉંબ તો બનાવીશું જ. પરંતુ આણુબૉંબ બનાવવામાં વિજ્ઞાનીઓની શક્તિને કોઈ પડકાર થભો થતો નથી. એ પડકાર તો આપણાં ગરીબીના ખિસ્સા ઉપર જ ઊભો રહેવાનો છે. આણુવિસ્ફોટ દ્વારા ખનિજસંપત્તિ શોધવા માટે અને સિંચાઈની યોજનાઓ ઊભી કરવા માટે આપણા વિજ્ઞાનીઓ કેટલું ઉપજાવી શકે છે તે હવે જોવાનું છે. અમેરિકા અને રશિયા પણ આપણી આ રચનાત્મક શક્તિને ખૂબ જ રસપૂર્વક નિહાળશે.

કાન્તિ ભટ્ટ

# એક મુમુક્ષુની મુંઝવણ

પ્રબુદ્ધ જીવનના તા. ૧-૫-'૭૪ના અંકમાં એક મુંઝવણ અનુભવતા ભાઈનું નિવેદન વાચતાં અને તેનો શ્રી ચીમનભાઈ શાહનો ખુલાસો વાંચતાં જે મને લાગ્યું તે રજૂ કરું છું, જે રજૂઆત પ્ર. જી. માં પ્રસિદ્ધ થશે, એટલે મુંઝાતા ભાઈ કાંઈક પ્રકાશ અનુભવશે.

પત્ર મોકલનાર મુંઝાતા ભાઈની ફરિયાદ યથાર્થ છે. પૂ. શ્રી કાનજી મહારાજનાં પ્રવચનોના શ્રોતાજનો પ્રથમ અનુભવે એ મુંઝવણમાં પડે છે.

કાનજી મહારાજનું સ્થાનકવાસી સંપ્રદાયમાંથી દિગંબરી પરિવર્તન થયું ત્યારથી તેઓ દિગંબરી અગ્નાયના સાહિત્ય—**સમયસાર, નિયમસાર, પ્રવચનસાર**, વગેરેની વાચનાઓ કરે છે. આ ગ્રન્થો ઉપર અમૃતચંદ્રસૂરિની સંસ્કૃત ટીકાઓ છે; તેના ગુજરાતી અનુવાદો સોનગઢ—મંડળના ભાઈ શ્રી જેઠાલાલ શાહે, ખૂબ મહેનત લઈ કર્યા છે. મહારાજ પોતે પોતાનાં સ્પષ્ટીકરણોદ્વારા નિર્દિષ્ટ શાસ્ત્રોની સમજૂતીઓ આપે છે. એ સ્પષ્ટીકરણો ટેઈપદ્વારા શ્રોતાજનો સાંભળી શકે છે. **સમયસાર** જયસેન આચાર્યની સંસ્કૃત ટીકાસહ હમણાં સોનગઢથી પ્રસિદ્ધ થયું છે. આ સાધનોદ્વારા, તથા સોનગઢી મંડળના મુખ્ય ભાઈઓદ્વારા મુંઝવણનો ખુલાસો મળી શકે.

મેં મહારાજશ્રીનાં પ્રવચનો રાજકોટ, ગોંડળ, વડોદરા, અમરેલી મુકામે સાંભળ્યાં છે. ઉપરાંત ગોંડળ—રાજકોટ, સ્વાધ્યાયમંદિરોમાં, ટેઈપ—રેકર્ડ દ્વારા, તથા મહારાજશ્રીના અનુયાયીઓ દ્વારા સાંભળ્યાં છે. આવું કેટલુંક સાહિત્ય મારી પાસે છે, જે હું વાચું છું.

મારી સમજણ મુજબ મહારાજશ્રી ક્રિયાધર્મનો, દાન-દયા, ઉપવાસ—સામયિક-પ્રતિક્રમણ આદિનો નિષેધ કરતા જ નથી; તેઓ નિષેધ તો કરી શકે જ નહિ, કારણકે ઉપર્યુકત સાહિત્યમાં જ્ઞાન, ક્રિયા, બંન્નેનો આશ્રય લેવામાં આવ્યો છે; દિગમ્બરી સમાજ કડક ક્રિયાના અનુપાલન માટે જાણીતો છે; તેના આચાર્યો-સાધુઓ તો **અ—પરિગ્રહના** સિદ્ધાંતને ઉચ્ચતમ કક્ષાએ પહોંચાડે છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહી ગયા છે તેમ દિગમ્બરી સાહિત્યમાં **દ્રવ્યાનુયોગની** ચર્ચા સારી રીતે થઈ છે. સ્થાનકવાસી સમાજમાં તો એ વિષય ઉપર એક પણ પ્રમાણભૂત ગ્રન્થ, ચારસો વર્ષોમાં થયો નથી, તે શ્રીમદ્નું કથન તદ્દન સત્ય છે; આ અભાવની જવાબદારી મુખ્યત્વે જે તે સંઘોની છે એવી મારી નમ્ર માન્યતા છે. હમણાં હમણાં સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓ અને શ્રાવકો મહારાજનાં પ્રિય પુસ્તકોનો ઉપયોગ કરતાં થયાં છે; અને તેમનાં અવતરણો પણ ટાંકે છે. (આ યુગમાં કોઈ સુજ્ઞ જૈન કહી શકે નહિ કે દિગમ્બરી સાહિત્ય મિથ્યાત્વનો ઉપદેશ કરે છે!

વાત તો એ છે કે જીવને મોક્ષ ત્યારે જ મળે, જ્યારે તે સર્વ કર્મોનો ક્ષય કરે, કોઈ કર્મનો બંધ હોય નહિ, આસ્રવદ્વારા બંધ થાય નહિ અને પાપ-પુણ્ય રૂપી કર્મોની સર્વથા નિર્જરા થઈ જાય.

શ્વેતામ્બરી આગમ-સાહિત્યમાં **વિપાક—સૂત્ર** છે, તેના બે વિભાગો છે—

(૧) પુણ્ય વિપાક (૨) પાપ-વિપાક

પાપ—કર્મમાં **નિદાન** ક્રિયાણુ સંભવે નહિ—પુણ્યકર્મમાં નિદાન-ક્રિયાણુ સંભવી શકે. **ઉત્તરાધ્યયન સૂત્રના** તેરમા અધ્યયનમાં સંભૂતિ—ચિત્ત—ના જીવનો વિવાદ છે. સંભૂતિનો જીવ હસ્તિનાપુર નગરીમાં નિદાન કરી કાંપિલ્યનગરીમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીપણે ચુલની રાણીની કૂખે અવતરેલો. સંભૂતિના જીવે પૂર્વ ભવમાં તપસ્યા કરેલી, તેણે હસ્તિનાપુરીની જાહોજલાલી જોઈ, એવી જ જાહોજલાલીનું નિદાન કરેલું—તપનું ફળ એવું મળે એવી અભિલાષા સેવેલી, તે ફલિત થઈ, એટલે જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો.

કોઈ પણ શુભ-અશુભ કાર્યનું ફલ તો મળવું જોઈએ. દયા-દાન-તપ-શુભ કર્મ છે તેનું ફળ તો મળવું જ જોઈએ, તે ફળનો ઉપભોગ તો થવો જ જોઈએ. નિર્જરા થાય તો બંધ છૂટે. પુણ્ય-પાપ બંને કર્મો છે, તેથી જીવ મુકત થાય તો તેને મોક્ષ મળે. જો નિયાણું-નિદાન બંધાય તો કાર્યનો વિપાક નિકાચિત થાય.

આ વિચાર **ગીતા**ના અઢારમાં છેલ્લા અધ્યાયમાં શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યો છે. અર્જુને પ્રશ્ન કર્યો કે—મને **સંન્યાસ** અને **ત્યાગ**—એમનો મર્મ પૃથક્-પૃથક્—સમજાવો. એટલે શ્રીકૃષ્ણે બંનેની સમજૂતી આપી. ફલ-ની આશા કર્યા વગર સત્—કર્મ થવું જોઈએ. તપ, દાન, સ્વાધ્યાય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય—અક્ષય-દાન—અ-પરિગ્રહ, વગેરે વ્રતોનું સેવન સમ્યક્જ્ઞાનથી થાય તો કર્મ છૂટે, નહિતર બંધ થાય; તે ખરો ત્યાગ છે.

શ્રીકૃષ્ણનો વિચાર જૈન વિચાર છે—સંભવ છે કે શ્રીકૃષ્ણે પોતાના ઉપદેશમાં પિત્રાઈ અરિષ્ટનેમિ—બાવીસમા તીર્થંકરના ઉપદેશને સમાવિષ્ટ કર્યો હોય—તે વિશેષ ત્યાગ-ધર્મનો ઉપદેશ છે, સન્યસ્ત વૈદિક—ઔપનિષદિક વિચાર છે—ત્યાગનો વિચાર સંન્યસ્તથી એક કદમ આગળ જાય છે, એ જૈન વિચાર છે.

સમ્યક્-જ્ઞાનથી ક્રિયા સફળ થઈ શકે; જ્ઞાન-હીન ક્રિયા બંધમાં પરિણમે, કર્મનો ક્ષય થાય નહિ.

ત્રણસો વર્ષો અગાઉ યશોવિજયજી ઉપાધ્યાય એ જ કહી ગયા છે. જ્ઞાન વગરનો ઉપવાસ માત્ર **લંઘન**-આહારનો **ત્યાગ** છે-તપ નથી જ.

અમૃતચંદ્રસૂરિ અથવા તો પૂજ્યપાદ આચાર્ય એક ટીકામાં કહી ગયા છે કે—

द्रव्यस्य सिद्धौ चरणस्य सिद्धि :।
चरणस्य सिद्धौ, द्रव्यस्य सिद्धि:।।

એટલે કે-ષડ્-દ્રવ્ય-પંચ-અસ્તિકાયનું સમ્યગ્-જ્ઞાન હોય તો ચરણ-ક્રિયાની સિદ્ધિ થાય, અને **ચરણ—ક્રીયાની** સિદ્ધિ હોય તો દ્રવ્ય-સમ્યક્-જ્ઞાનની સિદ્ધિ થાય.

ઉમાસ્વાતિ આચાર્યે કહ્યું છે તેમ જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષ—જ્ઞાન અને ક્રિયા—બંનેથી મોક્ષ થાય—માત્ર જ્ઞાનથી નહિ, તેમ એકલી

ક્રિયાઓથી પણ નહિ. ચર્ચાથી જ્ઞાનની સમજ પડે, પણ સમ્યક્ જ્ઞાનની અનુભૂતિ થાય નહિ!

શ્રી ચિમનભાઈએ પોતાના ખુલાસામાં **નિશ્ચય–નય** અને **વ્યવહાર-નય**, એમના સંદર્ભો બતાવ્યા છે. **વ્યવહાર-નય** એટલે યૂરોપીય ફિલસૂફીનું વિધાન – Pragmatism - યૂરોપીય રાજ્યશાસ્ત્ર Political Science Philosopy માં પણ આ વિષય આવી જાય છે. અંગ્રેજ રાજપુરુષ એડમન્ડ બર્કે તેને Exhedincyનું વિધાન કહ્યું છે. વિચક્ષણ જૈન તાકિકોએ **દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક**, એમ બે વિભાગો ન્યાયના મુખ્યત્વે પાડયા છે. અમૃતચંદ્રસૂરિએ **સ્યાદ્વાદ-સપ્તભંગીનયના** સુડતાળીસ ભાંગાઓ બતાવ્યા છે! શ્રીમદ્ રાજચંદ્ર એટલે સુધી કહી ગયા છે કે સ્યાદવાદના – નશ્ચિય - નય - વ્યવહાર - નયમા અનંતા ભાંગાઓ પાડી શકાય.

ટૂંકામાં, કાનજી મહારાજ–ક્રિયા ધર્મનો નિષેધ કરતા નથી, એ તેઓ કરી શકે જ નહિ. કોઈ પણ જૈન સંપ્રદાયને તે ખપે જ નહિ. એમનો ઉપદેશ મુખ્યત્વે જ્ઞાન-મૂલક છે – દ્રવ્યાનુયોગ મૂલક છે. વિશેષ ખુલાસો તો મહાવીરના ખરા સંઘનો અભિગમ સાધવાથી પામી શકાય.

આગમ-સાહિત્યમાં મુનિને અણગાર – ઘર વગરનો સાધુ – કહેવામાં આવ્યો છે. ગીતામાં **અ-નિકેતન** ઘરબાર રહિત, એવા યોગનું વર્ણન આપવામાં આવ્યું છે. ગીતામાં **અ-પરિગ્રહ** શબ્દ-પ્રયોગ કોઈ કોઈ વાર મળે છે.

ધન્ના અણગાર – તપસ્વી હતા, તેનું શરીર ખળભળી ગયું હતું. એટલે સુધી કે હાડકાં તો ખડખડતાં હતાં – આગમમાં ધન્ના અણગારના શરીરના અવયવો – આંગળીઓ પાંસળીઓ, હાથ, પગ, વગેરેનું બારીક વર્ણન આવે છે. (૧) જૈનોનો **ક્રિયાધર્મ આવો** હતો. મહાવીરને બૌદ્ધોએ ઘોર તપસ્વી કહ્યા છે. કોઈ જૈન ક્રિયાધર્મનો નિષેધ કરી શકે નહિ! **– કામદાર કેશવલાલ હિમતરામ**

ત. ૧૩-૫-૭૪.

**નોંધ :** પ્રો. કામદાર વિદ્વાન છે અને જૈન દર્શનના અભ્યાસી છે. પણ તેમનાં કેટલાક વિધાનો મને યથાર્થ લાગતા નથી. કાનજી સ્વામી ક્રિયાધર્મનો, દાન - દયા - તપ આદિનો નિષેધ કરતા જ નથી એવું તેમનું કથન હકીકતથી વેગળું છે. જૈન દર્શન પ્રમાણે આવો નિષેધ કરી જ ન શકે તે બરાબર છે, પણ કાનજી સ્વામી નિષેધ કરે છે તે હકીકત છે. તેમનું દિગમ્બરપણું, દિગમ્બર મન્દિરો બંધાવવા અને દિગમ્બર સાહિત્યને જ અગ્રતા આપવામાં સમાઈ જાય છે. દિગમ્બર સાધુની કઠિન સાધના તેમણે સ્વીકારી નથી એટલું જ નહિ પણ શ્વેતામ્બર સાધુની પ્રમાણમાં હળવી સાધના પણ તેમણે તજી છે. તેમની રહેણીકરણી મઠાધિપતિ જેવી છે.

પ્રો. કામદારનું બીજું કથન કે વ્યવહારનય યુરોપીય ફિલસૂફીનું વિધાન છે, તે પણ મને બરાબર લાગતું નથી. નિશ્ચય-નય અને વ્યવહાર–નય જૈન દર્શનનાં અંગ છે. નિરપેક્ષ અને સાપેક્ષ દ્રષ્ટિ પ્રમાણશાસ્ત્ર – લોજીક– માં આવે છે. આઈસ્ટેને ભૌતિક ક્ષેત્રે સાપેક્ષવાદ બતાવ્યો. ભગવાન મહાવીરે બૌદ્ધિક ક્ષેત્રે સાપેક્ષવાદનું નિરૂપણ કર્યું.

તેમનું છેલ્લું વિધાન શ્રીકૃષ્ણનો વિચાર જૈન વિચાર છે તે પણ બરાબર નથી. ગીતામાં શ્રીકૃષ્ણે સંન્યાસ અને કર્મયોગ, બન્ને નિષ્ઠાઓનું નિરૂપણ કર્યું છે. પણ સંન્યાસ કરતાં અનાસકત કર્મયોગને અસંદિગ્ધપણે ચડીયાતો બતાવ્યો છે. સંન્યાસ અને કર્મયોગ વિષે ૧૮ માં અધ્યાયમાં કહ્યું છે :

દોષરૂપ બધાં કર્મો, – ત્યજે તે મુનિ કો કહે;
'યજ્ઞ - દાન - તપો કયારે ન ત્યજે,' અન્ય તો કહે.
યજ્ઞ - દાન - તપો કેરાં કર્મો ન ત્યજવાં ઘટે;
અવશ્ય કરવાં તે તો કરે પાવન સુજ્ઞને.
કરવાં તેય કર્મોને, આસકિત – ફળને ત્યજી;
આ ઉત્તમ અભિપ્રાય મારો નિશ્ચિત આ વિષે.

સંન્યાસ એટલે સર્વ કર્મોનો ત્યાગ, કારણકે બધા કર્મો દોષરૂપ છે. કર્મયોગ એટલે કર્મફળનો ત્યાગ, પણ નિયત કર્મો કરવાં જોઈએ. જૈન ધર્મનું વલણ એકંદરે સંસારત્યાગ, સંન્યાસ તરફ રહ્યું છે.

કાનજીસ્વામી નથી સંન્યાસનો ઉપદેશ કરતાં, નથી કર્મયોગનો. તેઓ માત્ર દ્રવ્યાનુયોગની ચર્ચા કરે છે. પ્રો. કામદારે યથાર્થ કહ્યું છે કે ચર્ચાથી જ્ઞાનની સમજ પડે, પણ સમ્યક્જ્ઞાનની અનુભૂતિ થાય નહિ. અમ્રતચંદ્રસૂરિની ગાથા તેમણે આપી છે તેમાં જ્ઞાન અને ક્રિયા - ચરણ - બન્નેને પરસ્પરાવલંબી યોગ્ય રીતે બતાવ્યા છે.

૨૨-૫-'૭૪. **–ચીમનલાલ ચકુભાઈ.**

# ડૉ. પ્રાણજીવન એમ. મહેતાનો પત્ર

[ પ્રબુદ્ધજીવનના લખાણો વિષે પોતાનો અભિપ્રાય વ્યકત કરતો ડૉ. પ્રાણજીવન મહેતાનો આવેલો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી ]

પરમ સ્નેહીવર્ય ભાઈશ્રી,

**રા. ચીમનલાલભાઈ શાહ,**

આપ સહુની કુશળતા ચાહું છું; 'પ્રબુદ્ધ જીવન'માં આપનો 'સેવાનો મોહ' એ નામનો લેખ વાંચી આનંદ થયો; તેમાં આપે આ વિષયનું અતિ સૂક્ષ્મ તેમ જ સ્થૂલ દૃષ્ટિએ બુદ્ધિપૂર્વક વિશ્લેષણ કરી, તેમાં સંકળાયેલ છાનાં અને છતાં ગુણ–દોષ તરફ લક્ષ દોરી, સેવાના સાચા આદેશનો નિદેશ કર્યો છે. આ ભાવનાને લગભગ મળતું વાગ્ભટનું એક સૂત્રાત્મક પદ 'સ્વાર્થબુધ્ધિઃપરાર્થષુ' યાદ આવતાં આપને તે લખી મોકલવા મન થયું અને આ પત્ર લખાણો છે.

ભારતની વિદ્વાન, બુદ્ધિશાળી અને સેવાભાવી; વ્યકિતઓમાં આપની ગણના ઘણા સમય પહેલાં થયેલ છે; તેમાંયે પ્રબુદ્ધ જીવનના તંત્રીપદે આવ્યા પછી માનવજીવનના અનેકવિધ ગૂઢ પ્રશ્નો પર આપ અભ્યાસપૂર્ણ તંત્રીલેખો અને નોંધો નિયમિત લખતા રહો છો તેથી સાક્ષરી જગતમાં પણ આપનું સ્થાન ઉચ્ચતર અને અનેરું બનતું જાય છે. વિચારપ્રેરક તેમજ વિચારવિનિમય પદ્ધતિએ આપના લેખોની ખાસ વિશિષ્ટતા છે. આપની પ્રતિભાની આ રીતે દિનપ્રતિદિન અભિવૃદ્ધિ થતી જોઈ આનંદ થાય છે અને તે માટે મારાં સહૃદય અભિનંદન પાઠવું છું.

અષ્ટાંગ હૃદયના કર્તા વાગ્ભટે કહેલ છે કે :–

**આર્દ્રસન્તાનતા ત્યાગઃ કાયવાક્ચેત્તસાંદમઃ ।**
**સ્વાર્થબુધ્ધિઃ પરાર્થેષુ પર્યાપ્તમિતિસદ્વૃત્તમ્ ।।૪૬।।**

અ. હૃ સૂ. અ. ૨.

પ્રાણીમાત્ર માટે સદા દયાની પરંપરા, દાનવૃત્તિ, મન વચન અને શરીરની પ્રવૃત્તિનો સંયમ અને પરકાર્યમાં સ્વકાર્ય જેટલો ભાવપ્રેમ અને આદર; આ ચારમાં સમગ્ર સદ્વૃત્તનો સમાવેશ થઈ થઈ જાય છે.

આયુર્વેદનો મૌલિક ઉદ્દેશ મનુષ્યને સાત્ત્વિક ઉચ્ચતર શ્રેણી પર કે ગુણસ્થાન પર લઈ જવાનો છે. સદ્વૃત્ત એ માટે મુખ્ય સોપાન છે અને સેવાભાવ એ સદ્વૃત્તનું એક આવશ્યક અંગ છે. આ માર્ગે જ્ઞાનપૂર્વક પ્રગતિ કરનાર માનવી જન્મ-મરણના ચકરાવામાંથી, ભવરોગ કે આયુષ્યના બંધનમાંથી હંમેશ માટે મુકિત પ્રાપ્ત કરે છે.

લિ. સ્નેહાધીન

**પ્રાણજીવન મા. મહેતાના**

સ્નેહ વંદન.

# જરૂર છે: 'મૂળે પ્રહાર' ક્રાંતિની

[તા. ૨૬-૪-'૭૪ના 'ભૂમિપુત્ર'માં શ્રી જયપ્રકાશજી ઉપર લખાયેલા શ્રી પ્રબોધ ચોકસીના હિન્દી પત્રનો અનુવાદ પ્રકટ થયો છે, તે સાભાર નીચે પ્રકટ કરવામાં આવે છે. –તંત્રી.]

આદરણિય જયપ્રકાશજી

સાદર વંદન,

તમારા પ્રત્યે મારો કેવો કેટલો ભાવ છે, તમે ઘણું કરીને જાણો જ છો. શરૂથી મારો વિચાર રહ્યો છે કે પ્રેમ અને આદરનું મૂલ્ય કાંઈ નથી, જ્યારે તે કટુતમ સત્ય રજૂ કરી દેવાનું સામર્થ્ય ખોઈ બેસે. આ વિચારને કારણે મેં કેટલોયે સ્નેહ ગુમાવ્યો છે. તેમ છતાં તમારો સ્નેહ ગુમાવવાની બીકને જ કારણે જેને હું સાચું માનું છું તેને જવા દઉં, ત્યારે તો તમારી - મારી વચ્ચેના સંબંધનો આધાર જ શો રહે?

તમારું વર્તમાન અભિયાન મને ખોટું લાગે છે. સત્યનો એકાધિકાર કોઈનો નથી, ત્યારે તે મારો પણ કેવી રીતે હોઈ શકે? છતાં મને જે સત્યની પ્રતીતિ થાય છે, તે તમારી અને સાથીઓની સમક્ષ સકારણ પ્રગટ કરી દઉં છું.

ભ્રષ્ટાચારથી તમે વ્યાકુળ છો. પરંતુ તેમાં યે "ઉચ્ચ સ્થાનો" પર જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, તેની સામે અભિયાન ચલાવવું તમને સૌથી પહેલું જરૂરી લાગે છે. મારા ખ્યાલથી આ વિવેક સાચો નથી. લાંચરુશ્વતનું મૂળ નફાખોરી અને કાળાં બજાર છે. લાંચ આપી આપીને નફાખોરી બેશુમાર વધારનારા લોકો અને એમના બોલકા પ્રતિનિધિઓ જ તમને કેન્દ્રમાં રાખીને આજની સરકારોને ભ્રષ્ટ ઠેરવી ઉથલાવી પાડવા માગે છે. શાસનની શકિતને નબળી બનાવી તે લોકો હજી વધુ નફો કમાવાની અને રાખવાની સ્વતંત્રતા ઈચ્છે છે. તમારું નખશિખ સમાજવાદી વ્યકિતત્વ કઈ રીતે આવા લોકોની સાથે થઈ ગયું, મારી સમજમાં નથી આવતું.

તમે આને '૪૨ ના "કરેંગે યા મરેંગે" વાળા ઝનૂનથી ઉપાડ્યું છે. અર્થાત્ આ વ્યવસ્થાનો કોઈ વિકલ્પ હોય કે ન હોય, તમે એને ધરાશાયી કરવા પ્રતિજ્ઞાબદ્ધ છો. ગાંધીજીએ આવો અંતિમવાદ 'કિવટ ઈન્ડિયા' કહીને બતાવ્યો હતો. પરંતુ એ એવા અંગ્રેજો પ્રત્યે કે જેમનો ભારત ઉપર રાજ કરવાનો કોઈ જાતનો નૈતિક અધિકાર નહોતો, જ્યારે આજની ઈંદિરા - સરકારો બાબત ગમે તે કહેવામાં આવે, એ ચૂંટાયેલી સરકારો છે.

ચૂંટણી પદ્ધતિ દોષયુકત છે, તો શું તે એમની બનાવેલી છે? અને તેનો કોઈ જાણીતો અને અજમાવાયેલો વિકલ્પ છે પણ ખરો? તમે સહુએ આ જ પદ્ધતિને ૨૭ વરસ સુધી ન કેવળ માન્ય રાખી છે, વિરોધ પક્ષો વચ્ચે જોડાણ કરાવીને એમની મિશ્ર સરકારો પણ બનાવી છે. ઉત્તર પ્રદેશમાં પણ ફેબ્રુઆરીમાં વિરોધ પક્ષો બધા જો ભેળા થઈ જાત, તો ૩૨ ટકા વોટથી ઈંદિરાજી ૫૦ ટકાથી વધારે બેઠકો કદાચ ન જીતી શકત. વિરોધ પક્ષોની દુરંદેશીના અભાવનો યા અકલની કમીનો બદલો કોંગ્રેસ પાસેથી લેવો કયાં સુધી ઉચિત છે?

તમારી નિષ્ઠા તો નિષ્પક્ષ લોકનીતિમાં છે. પરંતુ તમારું આંદોલન વિરોધ પક્ષોની રાજનીતિના પરિપોષમાં ચાલી રહ્યું છે. વિરોધ પક્ષો તમારો ઉપયોગ કરી રહ્યા છે, એ એટલું સ્પષ્ટ છે કે દલીલની કોઈ જરૂર જ નથી. બિહાર ધારાસભાનું વિસર્જન થતાંવેંત તમારા અભિયાનમાંથી એમનો રસ ઊડી જશે, જેવું ગુજરાતમાં થયું. અહીં વિસર્જન પહેલાં જેટલી મોંઘવારી હતી, તેનાથી હવે દોઢી થઈ છે. અને ભ્રષ્ટાચાર શું ખતમ થયો છે? સરકારો જેટલી કમજોર, તેટલો જ ભ્રષ્ટાચાર અને નફાખોરી માટે મોકો વધારે, એ વેપારીઓ અને મોટા ખેડૂતો સારી પેઠે જાણી ગયા છે. તમારો ઉપયોગ સરકારોને ઉથલાવવામાં કે કમજોર કરવામાં તે લોકો કરી રહ્યા છે. તમે તમારા પુણ્યપ્રકોપના ભાવાવેશમાં આંધીરા થઈને આ દીવા જેવી સ્પષ્ટ વાત જોઈ નથી શકતા, એવું મને લાગે છે.

અહિંસાની રાજનીતિ અથવા લોકનીતિમાં રચનાત્મક કે ભાવાત્મક વિચાર મૂળભૂત છે, એવું વરસોના ગાંધી–વિનોબાના વિચારોના અધ્યયનથી હું સમજ્યો છું. સારો રચનાત્મક વિકલ્પ એવો ખડો કરીએ કે ખરાબ નકારાત્મક તંત્ર આપોઆપ દૂર થઈ જાય. પ્રકાશ ફેલાવીએ જેથી અંધકાર આપોઆપ અલોપ થઈ જાય, એવો એનો બીજરૂપ વિચાર છે. એ ધર્મવિચાર છે, કેમકે એ સમાજના ધારણપોષણ તેમ જ વિકાસ પ્રત્યે જવાબદાર છે. પરિણામ ગમે તે આવે, આ વ્યવસ્થાને તોડી નાખીશ, સ્થગિત કરી દઈશ, એમ જ્યારે તમે કરેહો છો, ત્યારે તેમાં સમાજને વ્યવસ્થાને ટકાવનારો કયો જવાબદાર ધર્મવિચાર છે, મારી સમજમાં નથી આવતું. તમે તોડી તો શકો છો, તમે સમર્થ છે. પરંતુ તમે શું નિર્માણ કરવા માગો છો? કોની મારફત? તમારું કામ એ લોકો કરી રહ્યા છે કે તમે એમનું કામ કરી રહ્યા છો?

તમે આજીવન મૂડીવાદ સામે લડ્યા. અને આજે? સમાજવાદનાં થોડાંક સૂત્રોથી જ જેઓ ભયભીત થઈ ઉઠ્યા છે એવા મૂડીવાદીઓના તારણહારના રૂપમાં તમે કેવી રીતે જઈ બેઠા? માફ કરજો, ભારતના ઐતિહાસિક સંદર્ભમાં તમારા વર્તમાન પાઠનો બીજો અર્થ કોઈ શો કરી શકે?

મૂડીવાદને બાપુના માર્ગે શાંતિમય આત્મ - પરિવર્તન મારફત સમાપ્ત કરવા માટે ટ્રસ્ટીશિપના વિચારને તમે આગળ વધાર્યો. અત્યારે તમારું સમર્થન કરનારા મોટા મોટા ઉદ્યોગપતિઓમાંથી એક પણ, નામમાત્રનો પણ તૈયાર થયો છે શું – મજૂરો અને જનતાને પોતાના ઉદ્યોગની માલિકી સમર્પિત કરવા માટે? તો પછી કઈ મોટી ક્રાંતિ દેખાઈ ગઈ છે તમને આ આંદોલનમાં, જે એ ઉદ્યોગપતિઓ ઉપર ઓછોવત્તો અંકુશ જમાવવાની કમજોર કોશિશ કરનારી સરકારોને ઉથલાવી નાખવા માગે છે?

તમે ભૂમિહીન ખેડૂતોને ભૂમિ અપાવવા ભૂદાન - ગ્રામદાન આંદોલન ચલાવ્યા. અમુક હદથી આંગળ એ વધી ન શકયાં. કાયદા મારફત ઈન્દિરાવાળાઓએ ટોચમર્યાદા નીચી કરવાનું હજી નામ લીધું ત્યાં તો મોટા ખેડૂતો તેના વિરોધમાં ખડા થઈ ગયા. એમની નજરમાં ઈંદિરાનું પતન એટલે ટોચમર્યાદાના વિચારનું દફન. શું તમે તમારા એ બધા અનુયાયીઓને કહ્યું પણ છે કે ભૂમિહીનોને જમીન આપવી પડશે? નહીં તો સમાજના સડા અને રૂંધામણનું એક મૂળ કારણ કયારેય દૂર નહીં થાય. કહી જુઓ! માંગો! એકદમ દૂર થઈ જશે એ બધા તમારાથી.

હમણાં રંગપુરમાં ખેત - પરિષદ થઈ. તેમાં એક માંગ એ હતી કે જેમની પાસે આજીવિકાનું અન્ય સાધન હોય, એમની પાસેથી જમીન છોડાવવી. એ ખેત - પરિષદમાં મેં કહ્યું કે, ઈંદિરાજીથી શરુ કરો માગવાનું. શા માટે એમણે પાંચ એકર જમીન રાખી છે? પહેલાં પોતે છોડે, પોતાના પક્ષવાળાઓ પાસે છોડાવે, નોકરશાહી પાસે છોડાવે, ત્યારે દેશભરમાંથી પાંચેક કરોડ એકર જમીન એવા લોકોના હાથમાંથી છૂટી થઈ શકશે, જેમની પાસે આજીવિકાના અન્ય સાધન પૂરતાં છે.

તમને મારો અનુરોધ છે કે તમે ઉપાડતા હો તો આવું કોઈ આંદોલન ઉપાડો, કે જેથી ભારતના અર્થતંત્ર અને રાજનીતિની બુનિયાદો જ બદલે. બાકી આજે તો શું છે? જમીનની માલિકી

ભ્રષ્ટતાથી ભરેલી, અનૈતિક, ઉદ્યોગ - વેપારનો ઢાંચો પગથી તે માથા સુધી શોષણમૂલક, નફાખોર. અને અહીં તમે એવા જ લોકોના કણસાટને કારણે ઈંદિરાને ઉથલાવી કોઈ ચરણ - બીજુને મોકો આપનારા આંદોલનનું તાંડવ મચાવી બેઠા છો !

તમે કહો છો કે તમારે બાહ્ય પરિવર્તન નથી જોઈતું, કેવળ સરકારો નથી ઉથલાવવી. પરંતુ તમે જે કરી રહ્યા છો તેનાથી તો સરકારો ઉથલાવવા સિવાય બીજું થઈ પણ શું શકે તેમ છે? કોણ છે આ વિદ્યાર્થીઓ? વેપારી, મોટા ખેડૂત, ધંધાદારીઓ, અમલદારોના બેટા - બેટી. હા, જુવાન છે, આદર્શવાદ હજી એમનાં દિલોમાં સૂકાઈ નથી ગયો. પરંતુ તેઓ નફાખોરીની જ બુનિયાદ પર ઊભેલા વેપાર–ઉદ્યોગ અને કાળાં બજારને નાબૂદ કરવા આવા જ ઉત્સાહથી આટલી સંખ્યામાં તમારી સાથે થશે કે? સમૂળી ક્રાંતિના તમે અમારા ઝંડાધારી હતા, હવે આ કઈ પાયા વિનાની ક્રાંતિના નેતા તમે બની રહ્યા છો?

તમારો ખ્યાલ કદાચ એવો હશે કે તમે એક સાંસ્કૃતિક ક્રાંતિથી આરંભ કરીને પછી તેને આર્થિક ક્રાંતિમાં વાળી દેશો. માર્કસને છોડો, પણ ગાંધી - વિનોબામાં યે આનો આધાર ક્યાંય જોયો છે તમે? અને આ જો તમારું પોતાનું મૌલિક દર્શન હોય, તો કયારેય સાંગોપાંગ સમજાવ્યું છે તમે? ગાંધીએ સાંસ્કૃતિક ક્રાંતિ અવશ્ય કરી, પરંતુ એમના આંદોલનનું કલેવર હતું, સ્પષ્ટપણે આર્થિક-રાજકીય. અંગ્રેજી રાજ શોષણ કરે છે, ખાદી - ગ્રામોદ્યોગ મારફત શોષણનો પાયો ખતમ કરો, સામ્રાજ્ય આખું બેસી પડશે, એ જ હતુંને એમનું આહ્વાન? શું તમારું આહવાન એ ન હોઈ શકે કે 'હે સાધન - સંપત્તિવાન લોકો! જમીનો ગરીબ કિસાનો અને ખેતમજૂરો માટે છોડી દો! વેપારઉદ્યોગમાં મજૂરોને અને ગ્રાહક જનતાને કાયદેસર ભાગીદાર બનાવો! ચૂંટાયેલા પ્રતિનિધિને મતદારો પ્રત્યે નિયમિત રીતે ઉતરદાયી બનાવો!' તો આપોઆપ જ ભ્રષ્ટાચાર સમાજમાંથી નાબૂદ થઈ જશે, સરકારોની સત્તાધારીઓની હિંમત નહીં રહે ભ્રષ્ટાચરણ કરવાની.

મારું એમ માનવું છે કે આજની સરખામણીમાં બહુ ઓછા લોકો કદાચ એકદમ તમારા આવા આહ્વાન પર આગળ આવશે. પરંતુ જે આવશે તે સાચા અર્થમાં ક્રાંતિકારી હશે. ૭૫ ટકા ખેડૂત અને લાખો મજૂરો સુધી તમારો અવાજ પહોંચશે. હા, ક્રાંતિ કદાચ ૧૯૭૪ કે ૧૯૭૫ માં નહીં થાય, પરંતુ તમને યશ મળશે, આવનારી ક્રાંતિનું બીજારોપણ કરવાનો.

આ પ્રક્રિયામાં ઈંદિરાજી સાથ આપતી હોય તો આપે, ન આપે તો બેઠી રહે. વિરોધ કરતી હોય તો એની સાથે ય મુકાબલો થઈ જાય. મુકાબલા અને સંઘર્ષ સામે મારો વિરોધ નથી. ઈંદિરાજી રહે કે જાય તે વિશે ય મને કોઈ હરખ - શોક નથી, મારું નમ્ર અથવા કહો કે અનમ્ર નિવેદન એટલું જ છે કે તમે કરતા હો તો સમૂળી ક્રાંતિનું આહ્વાન કરો, ભ્રષ્ટાચારના વિષવૃક્ષનાં ડાળાં–પાંખડાં તોડવામાં તે શી ક્રાંતિ છે! પ્રહાર જ કરવો હોય તો મૂળ ઉપર જ કાં ન કરવો? વિનોબાજી કહી શકે છે: 'ખંડન નહીં, મંડન જ મંડન. અવિરોધને સર્વે ધામ્ - કોઈનો યે વિરોધ કર્યા વિના ક્રાંતિ કરો.' પરંતુ તમોગુણમાં પડેલા આ દેશમાં મૂળમાં પડેલા વિષનો વિરોધ કરવા જેટલો રજોગુણ જો તમે તીવ્ર સંઘર્ષ છોડીને પેદા કરી આપો, તો હું તમને વિનોબાજી કરતાં યે વધારે સમયાનુરૂપ ક્રાંતિકારી માનવા તૈયાર છું. સતોગુણી વિનોબા તો સમય - નિરપેક્ષ જ છે.

તમારા બેની વચ્ચે ફૂટ પાડનારી વાત આ નથી. ઈંદિરાજીએ પણ ફૂટ પાડવા માગી એવું તમારું કથન પણ બરાબર નહોતું. 'પ્રબુદ્ધ જીવન' ના સંપાદકે જેમ લખ્યું છે, કે તમારી બેઉની વચ્ચે અત્યારે આંદોલન કરવા બાબત મત - ભિન્નતા છે જ. પરંતુ સૂક્ષ્મ-પ્રવેશી અનારંભી વિનોબા મૌન રહેશે, તમારો પ્રગટ વિરોધ નહીં કરે. તેના પરથી તમારા બેઉના અભિગમ (એપ્રોચ) માં જે મૂળભૂત ભેદ છે, તે થોડો જ સમાપ્ત થઈ જવાનો છે? ભેદ ભલે રહે પદ્ધતિમાં, રીતિમાં. તમે યોદ્ધા છો, એટલે લડશો જ. વિનોબા ઋષિ છે, એટલે દર્શન કેવળ સમજાવી દઈને ખામોશ થઈ જશે.

પરંતુ ક્રાંતિ તો બેઉને એક જ જોઈએ છે ને? અને ઈંદિરાજીને પણ જમીનદારી અને મૂડીવાદ થોડા જ જોઈએ છે? અને રાજ્ય-પૂંજીવાદની પણ એણે થોડી જ પ્રતિજ્ઞા લીધી છે? તો શા માટે એક રાષ્ટ્રીય આંદોલન બલ્કે સંઘર્ષ ન છોડી દેવામાં આવે? ભ્રષ્ટાચારના મા - બાપ જેવા કાળાં નાણાંને, રુશ્વતખોરીને, નફાખોરી અને સંઘરાખોરીને ઉઘાડા પાડવામાં આવે અને જમીનો વહેંચવામાં આવે, ખાનગી - સરકારી મિલ - કારખાનાંઓ ઉપર મજૂરોની અને ગામોની પંચાયતોનો કબજો કરવામાં આવે. બાપુએ ક્રાંતિનું આવું દર્શન કર્યું હતું. તમે પણ એ જ ઈચ્છો છો ને?'

આગામી સર્વોદય સંમેલન કલકત્તાને બદલે સેવાગ્રામમાં કરાવશો? બોલાવો ઈંદિરાજીને પણ અને બીજા નેતાઓને પણ, અને વિનોબાજી સાથે મળીને તમે એક મૂળગામી ક્રાંતિનું આહવાન આપો દેશને. ત્યારે હું હાર કબૂલીશ, તમારાં ગાણાં ગાઈશ. દુનિયા માનશે કે જયપ્રકાશે જે આશા આપેલી તેવું કાંઈક કરીને બતાવ્યું. ત્યાં સુધી કૃપા કરીને છોડો આ નાની નાની છોકરા - છોકરીની લડાઈઓ!

ક્ષમા શી માગું? જે પ્રેમ અને આદર હૃદયમાં વરસોથી અનુભવતો આવ્યો છું, તેને જો તમે માન્યો હોય, ત્યારે તો આ શબ્દોમાં અને વાતોમાં ક્ષમા માગવા જેવું છે જ શું? અને જો ન માન્યો હોય, તો પછી અક્ષમ્યને માટે ક્ષમા - પ્રાર્થના કરવી વ્યર્થ ચેષ્ટા માત્ર જ બની રહેશે.

તમારો

**પ્રબોધ ચોકસી**

# સંઘ સમાચાર

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

### —વાર્ષિક સભા—

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની ૧૫ મી તારીખ શનિવારે સાંજના સાડા પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે. જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબને મંજૂરી આપવી.

(૨) નવા વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવાં

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટરોની નિમણૂંક કરવી.

ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે, ઉપર જણાવેલો સંઘનો વૃત્તાંત સંઘના તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ, સંઘના કાર્યાલયમાં ખુલ્લા રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૫ વાગ્યા સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતી છે.

## "ચિન્તન યાત્રા"

સ્વ. શ્રી પરમાનંદભાઈ કાપડિયાનાં આજસુધીના પ્રગટ-અપ્રગટ લખાણોમાંથી સંકલન કરેલા લેખોનું પુસ્તક "ચિન્તન યાત્રા" હવે છપાઈને તૈયાર થઈ ગયું છે અને આગામી જૂન માસની ૧૮ મી તારીખે પ્રિન્સિપાલ શ્રી અમૃતલાલ યાજ્ઞિકના શુભહસ્તે તે પુસ્તકનું ઉદ્ઘાટન, સંઘનું કાર્યાલય, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સાંજના ૬ વાગે કરવાનું આયોજન કરેલ છે, આ પ્રસંગે સૌ મિત્રોને સમયસર ઉપસ્થિત થવા વિનંતી છે.

લિ.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
મંત્રીઓ મુંબઈ જૈન યુવક સંઘ,

**સભા સ્થળ : સંઘનું કાર્યાલય :**
૩૮૫, સરદાર વી. પી. રોડ,
વનિતા વિશ્રામ, સામે,
**મુંબઈ - ૪.**

# વાત વિચારની .... ....

વિચાર એ કોઈ વસ્તુ નથી - કારણકે એ અદશ્ય છે. મારા મતાનુસાર, જે અદશ્ય છે, છતાં આચારમાં વિદ્યમાન છે એ દેવ-તુલ્ય છે. વિચારો દેવતુલ્ય છે; પણ એ કયા વિચારો એ સમજવું પડશે!

વિચારો એ માણસના જીવનની બહુમૂલ્ય મૂડી છે: કોઈ માણસ એને વેડફી નાખે છે, ને કોઈ વિચારોને મૂલ્યવાન સમજી, બીજાને પ્રેરણારૂપ બનાવે એવી રીતે સાચવે પણ છે.

વિચાર એ વાયુ છે, એટલે એને બંધનયુકત કરવા અતિ મુશ્કેલ છે. ડાહ્યાઓ વિચારોને વશ રાખે છે અને જે ડાહ્યાઓ નથી છતાં મૂર્ખ કે ગાંડા નથી - ઉત્સાહી છે, એ વિચારોને વશ છે.

બાહ્યથી માણસ રૂપાળો ન હોય તો કાંઈ બહુ જરૂરની વાત નથી - પણ વિચારોથી માણસ સુંદર હોય તો એનું રૂપ દિશાઓને આંજી શકે છે!

જગતગુરુ શંકરાચાર્ય, ભગવાન મહાવીર, તથાગત બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, ગાંધીજી વગેરેના વિચારો આજે એમના અસ્તિત્વ જેટલા જ વિદ્યમાન છે.

વિચારોમાં ભેદ ઘણીવાર સર્જાતા હોય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ નિકટના સ્ત્રી - પુરુષ (પતિ - પત્ની) વચ્ચે સંબંધોના ઉદયકાળે વિચા-રોનો ઘેરો સમન્વય રહે છે; કાળક્રમે વિચારોમાં ભેદ સર્જાતો જાય છે. આ વિચારોનો વિનિપાત છે, પણ પરસ્પરના ભાવમૂલ્યાંકન કર્યા વગર વિચારોનું જીવન એ સુખી સંસાર છે.

વિચારોને પણ જીવન છે: વિચારો યૌવનમાં વધુ પડતો તરફડાટ અનુભવે છે - આ કાળના વિચારો ગરજતા વાદળોને પણ ગણ-કારતા નથી, પણ એ વિચારો ઠોકરો ખાઈને થોડા પીઢ બને છે, વિચારોમાં સજાગતા આવતી જાય છે - વિચારો વૃદ્ધ બને છે, ત્યારે જ એને સાચું જીવન મળે છે. વૃદ્ધાવસ્થા એ વિચારોનું સ્થિતપ્રજ્ઞ ને સુંદર જીવન છે.

વિચારોને વાણી સાથે નિકટનો સંબંધ છે. વાણી વગર પણ વિચારોને ગતિ સાંપડે છે. વહાણ પાણીમાં જ ચાલી શકે તેમ વિચાર-વાણીદ્વારા જ ચાલે છે એવું નથી, વિચારોની ગતિ અન્ય અંગો-દ્વારા પણ વ્યકત થઈ શકે છે. આંખથી, હાથથી, આંગળીઓથી, મોં પરના ભાવથી. પણ સાવ મૂંગા અને પ્રજ્ઞાચક્ષુઓના વિચારોની ગતિ વાચાળ કરતાં જુદી છે, પણ ભાવતત્ત્વ એક છે.

માણસ મરે છે, પણ એના વિચારો મરતા નથી. પિતા કે માતા એના સંતાનોને હંમેશા એના વિચારોનો વારસો આપતા જાય છે - બેશક, એ વિચારોમાં મહદ્ અંશે નહીં તો થોડે અંશે સમયાનુલક્ષી પરિવર્તન આવે છે, પણ વિચારોનો અંતર્ગત ભાવ છે એ કદી પલટાતો નથી.

સ્વપ્નવત્ વિચારો એ માણસને આભાસના જગતમાં મંત્ર-મુગ્ધ કરી દે છે - આ આભાસ માણસને અગમ્ય ભાવાવેશમાં ખેંચી જાય છે: માણસ પણ અગમ્યમય બનીને, પોતાની જાતથી જુદો થઈને, કોઈ નવી અવસ્થા ભોગવે છે. બેશક, માણસ માટે ઘણી વખત આ ઉત્તમ કાળ પુરવાર થાય છે, પણ માણસની આ અવસ્થાને વિચારો વધુ કાળ ચિરંજીવ રહેવા દેતા નથી.

વિચારો માણસને ભગ્નાવસ્થામાં પણ દોરી જાય છે: અહીં આભાસને સ્થાન નથી. બહુ જ સચેતકાળમાં ભગ્નાવસ્થા ભોગવે છે - પણ આ અવસ્થા માણસ માટે ઘણો કપરો કાળ છે.

માણસને વલોપાત તરફ પણ વિચારો જ દોરી જાય છે. વલોપાત એ માણસ માટે અતિ ખરાબ અવસ્થા છે. વિચારોને મારીનાખ-વાની માનવીમાં નૈતિક શકિત હોય તો આ અવસ્થા હળવી અનિવાર્ય છે.

માણસ વિચારોને વશ થાય તો આ બધી સુખદુ:ખની અવસ્થા અનિવાર્યપણે જીવનને વેદનાની ગર્તામાં ધકેલી દે છે!

"મને બૂબ વિચારો આવે છે." એવું કહીને વિચારોને વશ થવા કરતાં, એ ગતિમય વિચારોને મનના કોઈ અગમ્ય ઊંડાણમાં દાટી દેવા જેટલું ધૈર્યવાન બનવા વિચારો કરવા જરૂરી નથી! વિચા-રોને મારવા માટે નૈતિક શકિતનું અસીમ સામર્થ્ય હોવું જોઈએ.

વિચારોમાંય ભેદ છે: મનની ગતિ સાથે વિચારોને સગપણ છે અને આત્મા સાથે વિચારોને આધ્યાત્મિક ભાવ છે.

ઘણી વખત વિચારો માણસના લક્ષણનું પોત ખુલ્લું કરી દે છે, તો ઘણી વખત માણસ વિચારથી વધુ સ્પષ્ટ – નિખાલસ અને નિર્દોષ પુરવાર થાય છે.

ઘણા માણસો બીજા ઉપર પોતાની છાપ ઊભી કરવા, નિષ્ઠા-હીન વિચારોનો વ્યાપાર કરે છે, પરંતુ એ માત્ર વ્યકિતત્વનું પ્રદર્શન કરવાનો ચોખ્ખો તલસાટ છે.

સર્જકો વિચારોના સંનિષ્ઠ વિતરક છે: અંતરના સમદરને વલોવી વલોવીને 'વિચાર' નામનું અમૃત સર્જનાર સર્જક, વિચારોનો ઋણી પણ છે.

વિચારો જેટલા વાણીના દ્યોતક છે, એટલી જ રીતે વાણી વિચારોની દ્યોતક નથી, કારણ કે મૂંગાઓ વિચારી શકે છે, વદી શકતા નથી.

કયાંય પણ ભાવાત્મક એકતા સર્જવા માટે વિચારોનું ચણતર ઘણુ અગત્યનું છે. વિચારો બંધનમુકત હોય છે. એ ચારે દિશાઓમાં, આકાશમાં, સર્વ જગ્યાએ વિચરી શકે છે.

માણસ જ્યારે વિચારોના વર્તુળમાં અટવાઈ જાય છે, ત્યારે વિચારો જ એની જિંદગી બની જાય છે: આ શૂન્યમનસ્ક દશામાં માણસ વિચારલક્ષી બની જતો હોય છે.

વિચારોનું આવાગમન માણસના જીવનની એક અગત્યની ભૂમિકા સર્જે છે. આ ભૂમિકા માણસના જીવનને ઘડે છે. વધુ વિચારો એમ માણસનું જીવન વધુ ગતિમય - અહીં ખરાબ વિચારો અપવાદ છે.

માણસ વિચારોના શૂન્યાવકાશમાં ભમતો હોય છે ત્યારે એના અસ્તિત્વનું એને ભાન રહેતું નથી ...

ગંભીર વિચારોની અવસ્થા એ માણસના જીવનની સ્થિતપ્રજ્ઞ દશા કહી શકાય ખરી, પણ એ વિષય - વસ્તુ પર અવલંબે છે.

વિચારોની કોઈ પૂર્વભૂમિકા હોતી નથી, કારણકે માણસ વિચારોનો સર્જક છે, પણ જ્યારે વિચારો પરિપકવ બની જાય છે, ત્યારે વિચારો જ માણસના સર્જક બની જાય છે.

વિચારોનું સામર્થ્ય પ્રબળ હોય છે, માણસમાત્રે આ સામર્થ્યને સ્વીકારવું પડે છે.

– ગુણવંત ભટ્ટ

## રીટાયર્ડ

મોં ફાડીને ઊભો રહે છે આખો દિવસ
સવારની છાપાની કંઠસ્થ થઈ ગઈ લાખ્ખો લીટીઓ.
"Engagement" કોલમમાંથી શોધી શકું એકાદ પ્રવૃત્તિ –
તો કદાચ કલાક એક પસાર થાય!
નેતરની ખુરશી પર બેઠાં બેઠાં જ આવી જાય પ્રલંબ નિદ્રા,
રેડિયો પર નાટક, 'વિવિધ ભારતી' ની એકવિધતા,
સ્વીચ ઓફ, સ્વીચ ઓન ...
દરિયા કાંઠે - સાંજે - સાગરની સામે જ અર્થહીન 'ગોસીપ'
તડકે બેસી બેસી સ્વપ્નાંઓનાં પણ ઊડી ગયા છે રંગ.
સોમ, મંગળ, શનિ, રવિ ...
અઠવાડિયાના કેટલા દિવસ ?–
કોઈ માનીતો નહીં, કોઈ અણમાનીતો નહીં ...

–વિપિન પરીખ

# ગુજરાત અને બિહારના વિદ્યાર્થી આંદોલન પછી શું ?

મણિભવન ગાંધી અભ્યાસ વર્તુળના અક્રાયે મુંબઈમાં શ્રી એમ. હેરીસના અધ્યક્ષપણા હેઠળ "ગુજરાત અને બિહારના વિદ્યાર્થી આંદોલન" એ વિષય પર ૪થી મે ૧૯૭૪ને દિને એક પરિસંવાદ યોજાયો હતો. શ્રી વિ. સ. પાગે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રીમતી અનિમા બોઝ, શ્રીમતી દેવીબેન દલાલ, શ્રીમતી જેઠી સિપાહીમલાની, શ્રી વ્યાસ, પ્રો. સિંઘ અને શ્રી સાઠેજી તથા અન્ય અગ્રણીઓએ એમાં ભાગ લીધો હતો.

શ્રી હેરીસે શરૂઆતમાં કહ્યું કે સ્વાતંત્ર્ય સંગ્રામનો સમય અને આ બંન્ને આંદોલનોના સમયના સંજોગોમાં ઘણો જ ફરક છે. ખેદની વાત તો એ છે કે રેડિયો, વર્તમાનપત્ર અને ટેલિવિઝન જેવાં જાહેર સંપર્કના સાધનો પણ આ આંદોલનો વિષે તટસ્થ અભિપ્રાય કે તે વિષેનો યથાર્થ હેવાલ આપતાં નથી. તેમણે બન્ને આંદોલનોમાં હિસ્સો લેનારા વિદ્યાર્થીઓને તેમના કામની કદર કરતાં આગ્રહપૂર્વક કહ્યું કે હવે તેમણે હિંદુસ્તાનની યુવાશક્તિને સુદૃઢ બનાવવાના પગલાંઓ વિષે તીવ્રતાથી વિચારવું પડશે અને સાથે સાથે આંદોલનને પણ રચનાત્મક વળાંક આપવો પડશે.

આ અંગેની ચર્ચાનો પહેલો મુદ્દો હતો, 'પક્ષવિહીન લોકશાહી'. પક્ષવિહીન લોકશાહીની કલ્પનાનો ખ્યાલ આપતાં મુંબઈ સર્વોદય મંડળના શ્રીરંગ દેશપાંડેએ કહ્યું કે પક્ષોનું વલણ પક્ષપાતી હોય છે તેથી સમાજનું હિત પક્ષવિહીન લોકશાહી પદ્ધતિમાં જ જાળવી શકાય. આ મુદ્દાની તરફેણમાં અમેરિકામાં ન્યુજર્સીમાં પક્ષવિહીન સરકારના આધાર પર રાજ્ય ચલાવવાના પ્રયોગનો દાખલો પુરાવા તરીકે ટાંકવામાં આવ્યો. અંતે તો સર્વાનુમત એ જ રહ્યો કે નાનાં રાજ્યોમાં પક્ષવિહીન સરકાર સફળ નીવડી શકે પણ ભારત જેવા વિશાળ અને અતિવસ્તીવાળા રાષ્ટ્રમાં પક્ષવિહીન સરકાર રચવાનું શક્ય નથી. જો આવો પ્રયોગ આપણે કરીએ તો પણ પરિણામે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કદાચ ચૂંટણી બાદ પોતાનો જ એક પક્ષ રચે.

શ્રી પાગેજીએ એકપક્ષી લોકશાહી સરકાર રચવાની શક્યતા દર્શાવતાં આફ્રિકાખંડના કેટલાક દેશોના દાખલા ટાંકતા કહ્યું કે પક્ષો કે ચૂંટણીઓ કરતાં ઐક્યની ભાવના અને મતભેદો વ્યકત કરવાની સ્વતંત્રતાને જ લોકશાહીનું અનિવાર્ય લક્ષણ ગણવું જોઈએ. તેમણે અને પ્રોફેસર સિંગે નિર્દેશ કર્યો કે પશ્ચિમના દેશના તેમજ ઈંગ્લેન્ડના લોકો દ્વિપક્ષી સરકારરચનાથી કંટાળી ગયા છે, અને તે વિષે ફરી વિચારણા કરી રહ્યા છે.

શ્રીમતી અનિમા બોઝ અને શ્રી સાઠેએ કહ્યું કે આજે આપણા દેશમાં જે શાસન છે તે લોકશાહી નથી પણ એકપક્ષી સરમુખત્યારી છે.

ચર્ચા દરમિયાન બીજો અગત્યનો મુદ્દો હતો ચૂંટણી પદ્ધતિમાં સુધારણા કરવાનો અથવા તો તેમાં રહેલા દોષો દૂર કરવાનો.

ભારત જેવા દેશમાં જ્યાં અસંખ્ય મતદાતાઓ નિરક્ષર છે ત્યાં પુખ્તવયના નાગરિકને મતાધિકાર આપવાથી અવશ્ય અનિષ્ટ પરિણામ ઉપજે જ, તેવી ટીકાનો જવાબ આપતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પોતે જ્યારે સદસ્ય હતા ત્યારની બંધારણસભાની ચર્ચાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ચૂંટણીમાં મતદાન એ મતદારના શિક્ષણનું એક અંગ જ છે.

પુખ્તવયના માનવીને મતાધિકાર આપવો તે તો નેતાની પ્રજા ઉપરની શ્રદ્ધાનો પુરાવો છે. અક્ષરજ્ઞાન મતદારની રાજકીય સભાનતાનો માપદંડ નથી. તેમણે પોતાનું મંતવ્ય રજૂ કરતાં કહ્યું કે અત્યારની પદ્ધતિનાં દૂષણોની સંશુદ્ધિ કરવાનો એકમાત્ર સારામાં સારો ઉપાય નેહરૂના જમાનામાં કોંગ્રેસપક્ષમાં જીવંત હતી તેવી પક્ષમાં શુદ્ધ લોકશાહી કાર્યપદ્ધતિ વિકસાવવાનો છે.

ચર્ચા દરમ્યાન ચૂંટણી પદ્ધતિમાં સૂચિત કરાયેલા થોડા મુખ્ય સુધારાઓ નીચે મુજબ છે.

૧ ચૂંટણીખર્ચમાં ઘટાડો. શ્રી વ્યાસ, શ્રીમતી દેવીબેન દલાલ અને બીજાઓએ આ મંતવ્ય રજૂ કર્યું હતું. મતદારોને વહેંચવામાં આવતાં કાર્ડ ચૂંટણી ઉમેદવાર તરફથી નહિ પણ સરકાર તરફથી આપવામાં આવે એવો પણ એક ઉપાય સૂચવાયો હતો.

ચૂંટણી બાદ ચૂંટણીખર્ચ માટે હાલની જેમ ઉમેદવારને બદલે પક્ષને જ સર્વ રીતે જવાબદાર ગણવામાં આવવો જોઈએ, વ્યક્તિગત રીતે દરેક ઉમેદવારને તે અંગે જવાબદાર ગણવો જોઈએ. સર્વાનુમતે એમ સૂચન કરવામાં આવ્યું કે આ ફેરફાર કરવા માટે આપણા બંધારણમાં યોગ્ય સુધારો કરી શકાય.

૨ શ્રી ઉષા મહેતા અને બીજાઓએ સૂચવ્યું કે સત્તાધારી પક્ષ સહિત બધાજ રાજકીય પક્ષોએ એક સમાન આચારસંહિતાનો સ્વીકાર કરવો જરૂરી છે.

૩ સભાપતિ શ્રી હેરિસ, શ્રી પાગેજી અને બીજાઓએ કહ્યું કે જર્મની અને બીજા થોડાક દેશોની જેમ ૫૦ ટકા બેઠકો બહુમતી મેળવનાર ઉમેદવારો માટે રાખવી જોઈએ અને બાકીની ૫૦ ટકા બેઠકો મતદાનના આધારે રાજકીય પક્ષો માટે અનામત રાખવી જોઈએ. આમ કરવાથી હાલની પદ્ધતિમાં દૂષણરૂપ લાગતી, મળેલા મત અને જીતાયેલી બેઠકો વચ્ચેની વિષમતા ઘટાડી શકાય.

૪ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અને બીજાઓએ સૂચવ્યું કે વિધાન સભા માટે સીધી મતદાનની પદ્ધતિને ચાલુ રાખી શકાય પણ પાર્લામેન્ટ માટે પરોક્ષ મતદાન પદ્ધતિનો પ્રયોગ કરવા જેવો છે. સાથે જ એ વાત ખ્યાલમાં રાખવી જોઈએ કે પાકિસ્તાનમાં આ પદ્ધતિનો પ્રયોગ નિષ્ફળ ગયો છે.

૫ શ્રી બટ્રીભાઈ, શ્રી સાઠેજી અને બીજા ઘણાઓએ એવું મંતવ્ય રજૂ કર્યું કે ઉમેદવારને સીધો ઉપરથી મતદારો પર લાદવામાં આવવો ન જોઈએ પણ તેની પસંદગીનું કામ ઈંગ્લેંડ અને અન્ય દેશોની જેમ સ્થાનિક સમિતિઓ પર છોડી દેવું જોઈએ. શ્રી ચીમનલાલ શાહે ભારપૂર્વક કહ્યું કે સારા યોગ્ય ઉમેદવારની પસંદગી એ લોકશાહીનું સૌથી મહત્વનું અંગ છે.

૬ શ્રી ઉષા મહેતાએ કહ્યું કે ચૂંટાયેલા ઉમેદવારોની અધિકારપદ માટેની યોગ્યતા અને લાયકાત નક્કી કરવાની અને ખાસ કરીને સંભવિત પ્રધાનોને એમના કામ માટે તાલીમ આપવાની ખૂબ જરૂર છે. ચૂંટાયેલા ઉમેદવારો અને અપેક્ષિત પ્રધાનો માટે વિધાનસભાની કાર્યવાહી પદ્ધતિનું જ્ઞાન લોકશાહીના કાર્યક્રમ સંચાલન માટે અત્યંત આવશ્યક છે.

૭ ચર્ચામાં ભાગ લેનારાઓમાંથી થોડાક લોકોના મનમાં ચૂંટાયેલા ઉમેદવારોને પાછા બોલાવી લેવા અંગે મનમાં સંશય હોવા છતાં સર્વસામાન્ય અભિપ્રાય એવો હતો કે મતદારોને, ઉમેદવારોને પાછા બોલાવવાનો હક્ક Right to Recall મળવો જોઈએ.

પરિસંવાદને અંતે આભારવિધિ થતાં ચર્ચામાં ભાગ લેનારાઓની ખાસ ઈચ્છા હતી કે, કેળવણી પદ્ધતિમાં સુધારા, નાગરિક સમિતિઓની રચના, ફૂગાવો અને ભાવવધારાને રોકવા માટેના પ્રત્યક્ષ વ્યવહારિક પગલાં, જીવનના દરેક ક્ષેત્રમાંથી ભ્રષ્ટાચાર મૂળમાંથી નાબૂદ કરવા માટેનાં બંધારણીય અને ગેરબંધારણીય આંદોલનોની યોગ્યતા તેમજ મર્યાદાઓ અંગે પણ આવા વધુ પરિસંવાદો યોજવા જોઈએ.

સંકલન: ઉષા ત્રિવેદી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. By south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જૂન ૧૬, ૧૯૭૪ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## બિહારના બેહાલ

શ્રી જયપ્રકાશ નારાયણે, ઓપરેશન કરાવી પાછા આવ્યા પછી, બિહારના આંદોલનને વેગ આપ્યો છે. પાંચમી જૂને પાંચ લાખ માણસોના શાન્ત સરઘસની આગેવાની લઈ, બે લાખ સહીઓનું નિવેદન, ધારાસભા વિસર્જનની માગણી કરતું, રાજ્યપાલને સુપરત કર્યું. ત્યાર પછી વિરાટ સભામાં આંદોલનનો કાર્યક્રમ જાહેર કર્યો. ૭ મી તારીખથી ધારાસભાનું પિકેટિંગ કરવું; ૧૨ તારીખ સુધીમાં બધા સભ્યો રાજીનામાં ન આપે તો તેમનાં ઘરોને ઘેરો ઘાલવો; વિદ્યાર્થીઓએ એક વર્ષ કૉલેજ છોડી આંદોલનમાં જોડાઈ જવું; પોલીસે ઉપરીઅધિકારીના હુકમ માનવા નહિ; પ્રજાએ કરવેરા ભરવા નહિ, કારણ કે સરકાર પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠી છે. સ્વાતંત્ર્ય સંગ્રામની યાદ આપે એવો કાંઈક કાર્યક્રમ છે.

બે દિવસ પહેલાં, ત્રીજી તારીખે, સામ્યવાદી પક્ષો એક લાખ માણસનું સરઘસ કાઢી, ધારાસભા વિસર્જનનો વિરોધ કર્યો.

એમ કહેવાય છે કે સરકારે દેહાતોમાંથી લોકોને પાંચમી તારીખે આવતા અટકાવવા ટ્રેનો અને બસો રોકી રાખી.

પાંચમી તારીખના શાંત સરઘસ ઉપર એક કૉંગ્રેસી ધારાસભ્યના ફ્લેટમાંથી ઈન્દિરા બ્રિગેડને નામે ગોળીબાર થયો અને બાર માણસો ઘાયલ થયા. એ ધારાસભ્ય લાપત્તા છે. કૉંગ્રેસપ્રમુખે જાહેર કર્યું કે ઈન્દિરા બ્રિગેડ સાથે કૉંગ્રેસને કોઈ સંબંધ નથી.

આ આંદોલનમાં વિરોધ પક્ષો પૂરો સાથ આપશે એવી ગણતરી હતી પણ વિરોધ પક્ષોના ધારાસભ્યોમાં તીવ્ર મતભેદ છે. જનસંઘના કેટલાક ધારાસભ્યોએ રાજીનામાં આપ્યાં. બીજાઓએ રાજીનામાં આપવાનો ઈનકાર કર્યો અને પક્ષમાંથી છૂટા થયા. જનસંઘે તેમને બરતરફ કર્યા. તેવું જ સમાજવાદી પક્ષ અને સંસ્થા કૉંગ્રેસમાં થયું છે. તારકેશ્વરી સિંહાએ રાજીનામાનો સખત વિરોધ કર્યો છે. સંસ્થા કૉંગ્રેસ પોતાના સભ્યોને કોઈ આદેશ આપી શકી નથી.

સાતમી તારીખે ધારાસભાનું પિકેટિંગ થયું. ૫૩ વ્યક્તિઓની ધરપકડ થઈ. આ "સત્યાગ્રહ" ચાલુ રહેશે.

બિહાર સરકાર આ પરિસ્થિતિનો સામનો કરવા પૂરી તૈયાર છે. કૉંગ્રેસમાં વિખવાદ હતો તે હાલપૂરતો શમાવી દીધો છે અને અબ્દુલ ગફુર મુખ્ય મંત્રીપદે ચાલુ રહે છે.

હવે શું? શ્રી જયપ્રકાશનો શો ઈરાદો છે? શું પરિણામ લાવવા તે ઈચ્છે છે? શું પરિણામ આવશે?

શ્રી જયપ્રકાશ પ્રત્યે જેમને આદર છે તેવાઓ પણ તેમની આ પ્રવૃત્તિ પ્રત્યે પૂરા સાશંક છે અને તેની ઉપયોગિતા કે અસરકારક પરિણામ વિષે વિશ્વાસ નથી. વિનોબાજીએ હવે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે આ પગલાં ભૂલભરેલાં છે અને હાનિકારક છે.

ગુજરાત અને બિહારની પરિસ્થિતિમાં બહુ ફેર છે. ગુજરાતમાં અને દેશમાં આવું આંદોલન પહેલું હતું. યુવકશક્તિનો આવિર્ભાવ આટલા વ્યાપક પ્રમાણમાં પ્રથમ હતો. પ્રજાનો પૂરો સાથ હતો. કૉંગ્રેસમાં ફાટફૂટ જબરી હતી. ચીમનભાઈ પટેલ પ્રત્યેનો રોષ ઊંડો હતો. ઉત્તર પ્રદેશની ચૂંટણી માથે હતી અને કેન્દ્ર ચિન્તામાં હતું અને જોખમ ખેડવા તૈયાર ન હતું. રવિશંકર મહારાજ જેવાનો સાથ હતો.

બિહારમાં જયપ્રકાશનો પ્રભાવ છે છતાં વિરોધ પણ છે. સામ્યવાદી પક્ષનો વિરોધ છે અને અન્ય વિરોધ પક્ષો આંદોલન માટે ઉત્સાહી નથી. વિરોધ પક્ષના ધારાસભ્યો પણ રાજીનામાં આપવા તૈયાર નથી. આમજનતાને કદાચ જયપ્રકાશ પ્રત્યે આકર્ષણ રહેશે અને કેટલોક વખત આંદોલન ચાલશે. કાંઈક વિકટ પરિસ્થિતિ પણ ઊભી થાય. પણ ગુજરાતના અનુભવે બુદ્ધિશાળી વર્ગની આંખ ઉઘાડી નાખી છે. ગુજરાતના આંદોલનનું કાંઈ જ પરિણામ આવ્યું નથી એટલું જ નહિ પણ વધારે વિષમ પરિસ્થિતિ પેદા થઈ છે. મોંઘવારી વધી છે, ભ્રષ્ટાચાર, સંગ્રહખોરી, નફાખોરી વગેરે અનિષ્ટોને કાંઈ અસર થઈ નથી. વિદ્યાર્થીઓમાં ઊંડી નિરાશા જાગી છે. નવનિર્માણ સમિતિ લગભગ વિસર્જિત થઈ છે. ગુજરાતના અનુભવ પછી બિહારમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વધારે તૈયાર છે. રેલવે હડતાળનો સફળતાથી સામનો કર્યા પછી અને આણ્વિસ્ફોટ કરીને, ઈન્દિરા ગાંધી વધારે દૃઢતાથી અને વિશ્વાસથી બિહારના આંદોલનનો સામનો કરવાની સ્થિતિમાં છે.

પણ સૌથી સબળ કારણ બીજું છે. હવે લોકો પૂછે છે કે જયપ્રકાશ પાસે કાર્યક્રમ શો છે? મંત્રીમંડળ અને ધારાસભા વિસર્જન કરાવ્યા પછી શું? જયપ્રકાશ કોઈ કાર્યક્રમ બતાવી શક્યા નથી. તેમની પક્ષરહિત લોકશાહીની હવાઈ વાતોમાં કોઈને વિશ્વાસ નથી. જયપ્રકાશ કહે છે કે તેઓ નૈતિક ક્રાંતિ કરવા ઈચ્છે છે. એક રાજકીય પક્ષને હટાવી બીજાને સ્થાપવામાં તેમને રસ નથી. તેમના કહેવા પ્રમાણે, એ તો ભૂત મરે અને પલિત જાગે એવું થાય. પોતે આગેવાની અથવા જવાબદારી લેવા તૈયાર નથી. રાજકારણ ખેલવું છે, પણ રાજકારણમાં દાખલ થવું નથી. તેમણે ઘણી વાતો કરી છે. ભ્રષ્ટાચાર નાબૂદ કરવો છે, શિક્ષણપદ્ધતિ પાયામાંથી બદલવી છે, ચૂંટણીપદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર કરવો છે. એવી કાંઈક મોટી મોટી વાતો કરી છે. કોઈનો પાયો નથી. અંતે, મંત્રીમંડળ હટાવવું અને ધારાસભા વિસર્જન કરાવવી ત્યાં અટકી પડે છે. ગુજરાતમાં તે થયું. તો પછી ત્યાં રહી, નવસર્જન કરવું જોઈતું હતું. તે કાંઈ જ ન કર્યું અને બિહારમાં શરૂ કર્યું. ફરીફરીને જયપ્રકાશ કહે છે કે તેમનું શરીર ભાંગી ગયું છે. તેઓ માર્ગદર્શન આપી શકે તેમ નથી, આગેવાની લઈ શકે તેમ નથી. તમે પોતે કાર્યક્રમ ઘડો અને તમારા પોતાના આગેવાન થાવ એમ કહે છે. પોતે ભડકો કરી આપશે પછી બીજાએ બધું કરવાનું. કોઈ પ્રજાકીય આંદોલન આવી રીતે સફળ થાય

નહિ. તેને સ્પષ્ટ માર્ગદર્શન અને દૃઢ આગેવાની જોઈએ.

જયપ્રકાશના સાથીદારો કોણ છે? એક તરફથી જનસંઘ અને સ્વતંત્ર પક્ષના કેટલાક આગેવાનો, શ્રી પાલખીવાળા અને શ્રી મીનુ મસાણી, તો બીજી તરફથી સમાજવાદી પક્ષના મધુ લિમયે અને રાજનારાયણ – આ બેમાં મેળ કેમ ખાય? એક સ્થાપિત હિતોના રક્ષણ માટે લોકશાહી અને મૂળભૂત હકોની વાત કરે, બીજો સ્થાપિત હિતોને ઉચ્છેદવા સમાજવાદની વાત કરે. આ બધા જયપ્રકાશનો ઉપયોગ કરે છે એમ લાગે.

જયપ્રકાશની પારદર્શક પ્રામાણિકતા, બુદ્ધિમત્તા, દેશદાઝ, ત્યાગ, ગરીબો માટેની ઊંડી હમદર્દી, આ વિષે કોઈ મત ભેદ નથી. તેથી જ તેમના પ્રત્યે ઊંડો આદર છે. પણ ઘણાને એમ પણ લાગે છે કે તેમનામાં સ્થિરતા નથી. માર્ક્સથી શરૂઆત કરી, ગાંધીના અનુયાયી થયા. પછી રાજકારણ છોડી ભૂદાનમાં ગયા અને તેને માટે જીવનદાન કર્યું. હવે ફરી રાજકારણમાં આવે છે પણ ઉચ્ચ કોટિનું રાજકારણ - હાયર પોલિટિકસ - પક્ષીય ગંદું રાજકારણ નહિ. પણ આગેવાની કે જવાબદારી લેવી નથી. કારણ કે તેમને સત્તાનો મોહ નથી. પણ સત્તાસ્થાને હોય તેવાને ઉખેડી નાખવાની નૈતિક સત્તા પ્રાપ્ત કરવી છે. મિત્રભાવે અબ્દુલ ગફુરને સલાહ આપે કે કૉંગ્રેસ વરિષ્ઠ મંડળની પરવા કર્યા વિના તેમણે રાજીનામું આપી દેવું. એવી સલાહ ન માને તો રાજીનામું આપવાની ફરજ પાડવા આંદોલન જગાવવું. કેટલેક દરજજે આ બધી ગાંધીજીની ભાષા છે. ગાંધીજી પણ અંગ્રેજોને મિત્રભાવે સલાહ આપતા કે હિન્દ છોડી જાવ. બે પરિસ્થિતિ વચ્ચે આસમાન–જમીનનો ફરક છે તે સમજવું જોઈએ.

આ બધું લખતાં સંકોચ થાય છે. જયપ્રકાશજી વિષે મને ઘણો આદર છે. હું નાનો માણસ છું, પણ જેમ જેમ વિચાર કરું છું તેમ લાગે છે કે અત્યારે જે બિહારમાં થઈ રહ્યું છે તેમાં બિહારની પ્રજાની બેહાલી વધવાની જ છે. બિહાર ખૂબ ગરીબ અને પછાત પ્રદેશ છે. દુર્ભાગ્યે બિહારમાં રાજકીય ભ્રષ્ટાચાર અને કાર્યક્ષમ રાજ-તંત્રનો અભાવ સતત રહ્યો છે.

રાજકીય, આર્થિક, સામાજિક, નૈતિક, બધી રીતે દેશની અતિ વિષમ અને કરુણ સ્થિતિ છે. રાજકીય અને બીજાં બધાં ક્ષેત્રે ભ્રષ્ટા-ચાર પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. સજ્જન અને બુદ્ધિશાળી વ્યકિતઓએ ઘણું કરવાનું છે. જયપ્રકાશ તે કરી શકે તેમ છે. આ આંદોલનનું કોઈ લાભદાયી પરિણામ નહિ આવે તો પ્રજામાં વ્યાપક નિરાશા થશે, જયપ્રકાશ જેવા પણ નિષ્ફળ ગયા એમ થશે. પરિણામે વિરોધ પક્ષો, જે કોઈ છે તે પણ નિર્બળ થશે. જયપ્રકાશજી આ બધું ફરી વિચારે અને વિનોબાજી જેવાને મળી, પ્રજાને સાચું માર્ગદર્શન આપે એમ સૌ કોઈ પ્રાર્થે છે.

૧૦-૬-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## રાષ્ટ્રપતિની ચૂંટણી

સુપ્રીમ કોર્ટના સાત જજોએ સર્વાનુમતિ અભિપ્રાય આપ્યો છે કે ગુજરાત વિધાનસભાનું વિસર્જન થયું હોવા છતાં, રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ શકે છે અને શ્રી ગિરિની પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં, આ ચૂંટણી થવી જોઈએ. જનસંઘ તરફથી રજૂઆત થઈ હતી કે રાષ્ટ્રપતિની ચૂંટણી થાય તે પહેલાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી થવી જોઈએ અને થઈ શકે છે, પણ ઈરાદાપૂર્વક તે ચૂંટણી કરવામાં આવતી નથી. સરકાર તરફથી અને ચૂંટણીપંચ તરફથી રજૂઆત થઈ હતી કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૧૯૭૧ની વસતિગણતરી પ્રમાણે થવી જોઈએ. વસતિનો વધારો થતાં, ધારાસભાના સભ્યોની સંખ્યા વધે છે. તે પ્રમાણે નવા મતવિસ્તારો નક્કી કરવાના રહે છે અને નવાં મતપત્રકો તૈયાર કરવાનાં છે. તે બધું કામ રાષ્ટ્ર-પતિની ચૂંટણી થાય તે પહેલાં થઈ શકે તેમ નથી. સુપ્રીમ કોર્ટે આ હકીકતો માન્ય રાખી છે. જનસંઘે કહ્યું કે ૧૯૬૧ની વસતિ-ગણતરી પ્રમાણે ચૂંટણી કરે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે બંધારણ મુજબ ૧૯૭૧ની વસતિગણતરી પ્રમાણે જ ચૂંટણી થાય.

સુપ્રીમ કોર્ટે બે બાબતોમાં અભિપ્રાય આપ્યો નથી. અત્યારે એક ગુજરાતની જ ધારાસભા અસ્તિત્વમાં નથી, પણ જો સારી એવી સંખ્યાની ધારાસભાઓ અથવા લોકસભાનું અસ્તિત્વ ન હોય તો રાષ્ટ્રપતિની ચૂંટણી થાય કે નહિ તે સંબંધે અભિપ્રાય આપ્યો નથી. સારી સંખ્યા કોને ગણવી તેનું કોઈ સ્પષ્ટીકરણ કર્યું નથી. સંજોગો પ્રમાણે તે નક્કી કરવાનું રહે. આજે એવી પરિસ્થિતિ નથી અને કલ્પિત અથવા સંભવિત પરિસ્થિતિ સંબંધે અભિપ્રાય આપવાની જરૂર નથી. તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે તેનો નિર્ણય કરવાનો રહે. સુપ્રીમ કોર્ટનો આ અભિપ્રાય સમજવા રાષ્ટ્રપતિની ચૂંટણી કેવી રીતે થાય છે તે જોઈએ. બધાં રાજ્યોની વિધાનસભાઓ અને સંસદના લોકસભા અને રાજ્યસભાના સભ્યો મળીને ચૂંટણી-સભા - ઈલેકટોરલ કૉલેજ – બને છે, જેના સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. આ દરેક સભ્યને સરખો મતાધિકાર નથી. કુલ સભ્યોની સંખ્યા અને દેશની કુલ વસતિ અને દરેક રાજ્યની વસતિ લક્ષમાં લઈ, દરેક રાજ્યની વિધાનસભા અને સંસદના સભ્યોના પ્રત્યેક મતને ચોક્કસ આંક આપવામાં આવે છે અને તેવી કુલ મતગણતરી પ્રમાણે ચૂંટણી થાય છે. ૧૯૬૯ની ચૂંટણી ૧૯૬૧ની વસતિગણતરીને આધારે થઈ હતી. આ ચૂંટણી ૧૯૭૧ની વસતિગણતરીને આધારે થશે. વળી ૧૯૬૯ પછી ચાર નવાં રાજ્યો – હિમાચલ પ્રદેશ, મેઘાલય, મણિપુર અને ત્રિપુરા–અસ્તિત્વમાં આવ્યાં છે. આ બધી હકીકતો લક્ષમાં લઈ ચૂંટણીપંચ ચૂંટણીસભાના દરેક મતનો આંક નક્કી કરે છે. આ વખતે, ચૂંટણીસભાના કુલ ૪,૪૦૫ સભ્યો છે. તે દરેકના મતનો આંક લક્ષમાં લઈએ તો કુલ મત ૧૦,૮૨,૮૮૬ થાય છે. તેમાં ગુજ-રાતના ૧૮૨ સભ્યો (હાલ ૧૭૦ છે) ગણ્યા છે અને દરેકના મતને ૧૪૭ નો આંક આપ્યો છે. એટલે ગુજરાતના કુલ મત ૨૬,૭૫૪ (૧૮૨ × ૧૪૭) થાય છે. સંસદના દરેક સભ્યના (૫૨૧ લોક-સભાના અને ૨૩૦ રાજ્યસભાના) મતને ૭૨૧ નો આંક છે એટલે સંસદના સભ્યોના કુલ મત ૫,૪૧,૪૧૫ થાય છે. તેમાં ગુજરાતના સભ્યો પણ આવી જાય. ઉત્તર પ્રદેશની વિધાનસભાના ૪૨૫ સભ્યો છે અને દરેકના મતનો આંક ૨૦૮ છે જેથી તેના કુલ મત ૮૮,૪૦૦ થાય છે.

બંધારણમાં એવો પ્રબંધ છે કે ચૂંટણીસભામાં કોઈ જગ્યા ખાલી પડી હોય તો પણ રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ શકે. આખી વિધાન-સભા વિસર્જિત હોય એવો આ પહેલો પ્રસંગ છે. સુપ્રીમ કોર્ટે એમ ગણ્યું લાગે છે કે કુલ ૧૦,૮૨,૮૮૬ મતોમાં ગુજરાત વિધાનસભાના ૨૬,૭૫૪ મત ન હોય તો પણ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નોંધપાત્ર ફેર પડતો નથી અને ચૂંટણીસભાની એટલી જગ્યાઓ ખાલી છે એમ ગણાય. પણ ધારો કે ૮ વિધાનસભાઓ અથવા લોકસભા વિસ-ર્જિત હોય તો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મહત્ત્વનો ફેર પડે અને તેવા સંજોગોમાં ચૂંટણી થાય કે નહિ તે સંબંધે અત્યારે વાજબી રીતે સુપ્રીમ કોર્ટે અભિપ્રાય આપ્યો નથી. તેણે મધ્યમ માર્ગ લીધો છે.

બીજી બાબત જેમાં અભિપ્રાય નથી આપ્યો તે એ છે કે ધારો કે સત્તાધારી પક્ષ રાષ્ટ્રપતિની ચૂંટણી સમયે બદદાનતથી એક અથવા વિશેષ ધારાસભાનું વિસર્જન કરે અથવા એક અથવા વિશેષ ધારાસભા વિસર્જિત થઈ હોય ત્યાં ઈરાદાપૂર્વક બદદાનતથી, સમય

હોવા છતાં, ચૂંટણી ન કરે તો, એક જ ધારાસભા વિસર્જિત હોય તો પણ રાષ્ટ્રપતિની ચૂંટણી બંધારણ મુજબ થાય કે નહિ તે સંબંધે અભિપ્રાય આપ્યો નથી. અત્યારે એવી કોઈ પરિસ્થિતિ નથી તેથી કલ્પિત અથવા સંભવિત હકીકતો ઉપર અભિપ્રાય આપવાની જરૂર નથી, યોગ્ય પણ નથી. દાખલા તરીકે, સુપ્રીમ કોર્ટને જો ખાતરી થઈ હોત કે ગુજરાત વિધાનસભાનું બદદાનતથી વિસર્જન કર્યું છે અથવા સમય હોવા છતાં, સરકાર કે ચૂંટણીપંચ ગુજરાત વિધાનસભાની ચૂંટણી કરતાં નથી તો રાષ્ટ્રપતિની ચૂંટણી કદાચ ન થઈ શકત.

સુપ્રીમ કોર્ટના સાત જજોનો અભિપ્રાય સર્વાનુમત છે અને તે અભિપ્રાય સર્વથા યોગ્ય છે. સરકારે આ અભિપ્રાય મેળવ્યો તે સારું કર્યું છે. શંકાને સ્થાન રહેવા દીધું નથી. રાષ્ટ્રપતિની ચૂંટણી જેવી મહત્ત્વની બાબતમાં નિશ્ચિતતા હોય તે બહુ જરૂરનું છે.

**સીરિયા અને ઈઝરાયલ**

ડૉ. કિસિન્જરને એક વિશેષ યશકલગી પ્રાપ્ત થઈ છે. સીરિયા અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામના કરાર કરાવ્યા છે. ૩૪ દિવસની અવિરત મંત્રણાઓમાં કિસિન્જરની ધીરજ અને કુનેહની કસોટી થઈ. ઈઝરાયલ – ઈજિપ્ત યુદ્ધવિરામમાં લશ્કરો છૂટાં પાડવાની એટલી મુસીબત ન હતી, કારણ કે સિનાઈ રણ વચ્ચે છે. સીરિયા-ઈઝરાયલની સરહદ ગાઢપણે સંકળાયેલી છે અને એક એક ફર્લાંગ વિષે તકરાર થાય તેવું હતું. ગોલન ટેકરીઓ અને ૧૯૬૭ માં ઈઝરાયલે કબજે કરેલ અને તેમાં વસાહત કરેલ પ્રદેશ, બન્ને માટે અગત્યનો છે. મંત્રણાઓ છેલ્લા તબક્કામાં હતી ત્યારે દારુણ હત્યાકાંડ થયો. પેલેસ્ટાઈનના ગેરીલાઓએ હુમલો કરી લગભગ ૩૦ ઈઝરાયલી યુવક-યુવતીઓનાં ખૂન કર્યાં. ઈઝરાયલે તુરત વળતો હુમલો કરી લગભગ ૫૦ આરબોને મારી નાખ્યા. વાતાવરણ અત્યંત તંગ બન્યું અને મંત્રણાઓ તૂટી પડશે એવો ભય પેદા થયો. પણ આ ભયંકર બનાવે જ બન્નેની સાન ઠેકાણે લાવવાનું કામ કર્યું. આ વાટાઘાટોમાં કિસિન્જરે એક બીજું પણ ડહાપણનું પગલું ભર્યું. રશિયાનો સાથ લીધો. આરબ રાજ્યોમાં રશિયાની લાગવગ વધારે રહી છે. પણ હવે આરબ રાજ્યોને પ્રતીતિ થઈ છે કે અમેરિકાના સહકાર વિના મધ્યપૂર્વમાં શાન્તિ થાય તેમ નથી. આ યુદ્ધવિરામ પછી ઘણા વિકટ પ્રશ્નો બાકી રહે છે, ખાસ કરી પેલેસ્ટાઈન અને જેરુસેલામના. પણ શાન્તિ મંત્રણાઓ માટે હવે માર્ગ મોકળો થયો છે. ૨૫ વર્ષના સતત સંઘર્ષ પછી દુનિયાના એક સ્ફોટક વિસ્તારમાં શાન્તિની સ્થાપનાની આશા જન્મી છે. વિયેટનામમાં યુદ્ધવિરામના કરાર કર્યાને એક વરસ થયું પણ ઈન્ડો-ચાઈનામાં હજી શાન્તિ થઈ નથી. આપણે આશા રાખીએ કે આરબ–ઈઝરાયલની યાતનાઓનો હવે અંત આવશે.

**ઈંગ્લાન્ડમાં રાજકીય ભ્રષ્ટાચાર**

આપણે ત્યાં રાજકીય વ્યક્તિઓના ભ્રષ્ટાચારની ખૂબ ચર્ચા થાય છે. અમેરિકા અને બીજા કેટલાક દેશોમાં રાજકીય ભ્રષ્ટાચાર આપણા કરતાં કાંઈ ઓછો નથી. પણ ઈંગ્લાંડમાં પ્રમાણમાં સારું ગણાતું. ત્યાં પણ બે–ત્રણ વર્ષથી આ વિષયે સારો ઊહાપોહ જાગ્યો છે. એક પોલ્સન નામના આર્કિટેક્ટનું વિશાળ પાયા ઉપર બાંધકામનું કામકાજ હતું. તે નાદાર થયો. નાદારીમાં તેની તપાસમાં કેટલાક પાર્લામેન્ટના અને મ્યુનિસિપલ કોર્પોરેશનના આગેવાન સભ્યોને તેણે લાંચરુશવત આપી મોટા કોન્ટ્રાક્ટો મેળવ્યા હતા તેની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. હમણાં પાર્લામેન્ટમાં રેસના બુકીઓ સંબંધે કડક કાયદો થયો. એક સભ્ય તે કાયદાનો સતત વિરોધ કરતો હતો. પછી હકીકત બહાર આવી કે બુકીઓ વતી તેમનાં હિતોનું રક્ષણ કરવા તેને રોકયો હતો અને પાંચ વર્ષ સુધી દર વર્ષે પાંચ હજાર પાઉન્ડ તેને આપવા તેવો તેમની વચ્ચે કરાર થયો હતો. મોટી કંપનીઓ, ઉદ્યોગપતિઓ, મોટા કોન્ટ્રાક્ટરો, વેપારી એસોસિયેશનો પોતાનાં હિતોના રક્ષણ માટે પાર્લામેન્ટના સભ્યોને આવી લાંચરુશવત આપે છે. આપણે ત્યાં પણ એમ કહેવાય છે કે કોઈ મોટા ઉદ્યોગપતિ વતી કેબિનેટમાં કોઈ ચર્ચા થાય કે તુરત તે વાત તેને પહોંચી જાય. આવી લાંચ આપવાની અનેક રીતો, સીધી અને આડકતરી હોય છે. મોરારજીભાઈએ એમની આત્મકથામાં એક દાખલો આપ્યો છે. તેમના પુત્ર કાન્તિલાલ ઈન્ટર સાયન્સમાં નાપાસ થયા. પછી ગ્રાઉન્ડ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા હતા. એક દિવસ આર. ડી. બિરલા મોરારજીભાઈને મળવા આવ્યા. મોરારજીભાઈ કામમાં હતા તેથી બિરલા બહાર બેઠા હતા ત્યાં કાન્તિલાલ આવ્યા. બિરલાએ પૂછ્યું, શું કરો છો? કાન્તિલાલે કહ્યું, ગ્રાઉન્ડ એન્જિનિયરિંગ. બિરલાએ કહ્યું, અહીં શીખવાને બદલે અમેરિકા જાવ. કાન્તિલાલે કહ્યું, પૈસા નથી. બિરલાએ કહ્યું, અમે આપીશું. પછી મોરારજીભાઈને ખબર પડી. કાન્તિલાલને કહ્યું, ના કેમ ન પાડી. પછી બિરલાજીને ઠપકો આપ્યો. બિરલાજીએ કહ્યું, મેં તો સાદે ભાવે કહ્યું હતું, બીજો કોઈ હેતુ ન હતો. મોરારજીભાઈએ કાન્તિલાલ સંબંધે આવા બીજા દાખલાઓ પણ આપ્યા છે. મોરારજીભાઈ કહે છે, આ બાબતમાં તેઓ ઘણી તકેદારી રાખતા. બિરલાએ અથવા બીજા ઉદ્યોગપતિઓએ કેટલી સ્કોલરશિપો કોને આપી છે, કોને નોકરીઓ અને એજન્સીઓ આપી છે અથવા બીજી સહાય કરી છે તે તપાસીએ તો ભ્રષ્ટાચારનું મૂળ કયાં છે તે ખબર પડે. આવી લાલચ રોકવી બહુ અઘરું છે. લાગવગવાળા સ્થાને બેઠેલ વ્યક્તિઓએ પોતે શુદ્ધ રહેવું એટલું જ નહિ પણ તેમનાં કુટુમ્બીજનોએ પણ કોઈ લાભ ઉઠાવવા ન જોઈએ. એમ કહેવું કે મારો પુત્ર ધંધો કરે એ તેનો અધિકાર છે તે પણ કાંઈક આત્મવંચના છે. ઈન્દિરા ગાંધીનું મારુતિ બાબતમાં એવું જ બન્યું છે. લાલચ બૂરી ચીજ છે. પ્રતિષ્ઠા ખરડાયા વિના રહે જ નહિ. ઉચ્ચ સ્થાને બેઠેલ વ્યક્તિઓનાં નિકટનાં કુટુમ્બીજનોએ આવો ભોગ આપવો જ રહ્યો. પાર્લામેન્ટના કેટલાયે સભ્યોને આવી નિયમિત આવક છે.

હવે ઈંગ્લાન્ડમાં એમ વિચારવામાં આવે છે કે દરેક સભ્યે પોતાની મિલકત અને આવકનાં સાધનો જાહેર કરવાં – ડિસ્કલોઝર ઓફ ઈન્ટરેસ્ટ. કંપનીના ડાયરેક્ટરોએ આમ કરવું જ પડે છે. પોતાનાં હિતોની આવી જાહેરાત કેટલે દરજ્જે કરવી, પોતા પૂરતી કે કુટુમ્બીજનોની પણ; કેટલાં અને કોણ કુટુમ્બીજનો વગેરેની તીવ્ર ચર્ચા ઈંગ્લાન્ડમાં ચાલી છે. કંપની કાયદામાં કુટુમ્બીજનોની વ્યાપક વ્યાખ્યા આપી છે. અલબત્ત, ત્યાં પણ સાવ રોકી શકયા નથી પણ મર્યાદા બંધાઈ છે. અંતે તો માણસના ચારિત્ર્ય ઉપર જ આધાર રાખવો રહ્યો. પણ લલચામણી પરિસ્થિતિમાંથી તેને બચાવવો પણ જોઈએ.

**શ્રી રિખવદાસ રાંકાનું સન્માન**

ભારત જૈન મહામંડળ અને અન્ય સંસ્થાઓ વતી જૂનની ૯મી તારીખે, મહારાષ્ટ્ર રાજ્યના શિક્ષણમંત્રી શ્રી નામજોશીના પ્રમુખપદે શ્રી રિખવદાસ રાંકાનું સન્માન કર્યું અને લગભગ રૂપિયા એક લાખ પાંચ હજારની થેલી તેમને અર્પણ કરી. તે પ્રસંગે જૈન જગત, હિન્દી અને અને ગુજરાતીના વિશેષાંકો બહાર પડયા, જેમાં અનેક વ્યક્તિઓએ શ્રી રાંકાજીને અંજલિ અર્પી છે. રાંકાજી સાથે મારે લગભગ પંદર વર્ષથી નિકટનો પરિચય છે. તેઓ સાત્ત્વિક વૃત્તિના છે. ગાંધીજી, વિનોબાજી, કેદારનાથજી અને ખાસ કરીને શેઠ જમનાલાલ બજાજના નિકટ સાન્નિધ્યથી તેમની આધ્યાત્મિક વૃત્તિને ઉત્તેજન મળ્યું છે. તેઓ સ્વભાવે નરમ છે. કોઈ સાથે સંઘર્ષ તો શું પણ મતભેદથી પણ ડરે. હાડોહાડ સેવાભાવ છે. સારા લેખક છે. જૈન સમાજની એકતા માટે તનતોડ મહેનત કરે છે. વર્ષોથી ભારત જૈન મહામંડળના પ્રાણસમા છે. ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રનું કામ તેમને બહુ ગમે છે અને છોટુભાઈ કામદાર સાથે, દેશના કોઈ પણ ભાગમાં આ કામ માટે, ગમે તેવા પરિશ્રામનું હોય તો પણ, ઉત્સાહથી ભ્રમણ કરે છે. ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવના કામમાં બે વર્ષથી ખંતપૂર્વક જોડાયા છે. ભારત જૈન મહામંડળની પ્રેરણા અને પ્રયત્નનું જ આ પરિણામ છે. બધા ફિરકાઓને સાથે રાખી, આ કામ ઉપાડયું છે. ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશ સંબંધે શ્રી રાંકાજીએ હમણાં એક પુસ્તક પ્રકટ કર્યું છે તેને સારો આવકાર મળ્યો છે. હવે તેનું નવસંસ્કરણ કરી બીજી આવૃત્તિ પ્રકટ કરવાના કામમાં પડયા છે. તેમની પ્રકૃતિ નિવૃત્તિની ઝંખનાવાળી છે પણ જે કામો ઉપાડયાં છે તે હાલ ન છોડવા અમે તેમને બાંધી રાખ્યા છે. આ ત્રણે સંસ્થાઓ માટે મને શ્રી રાંકાજી જેવા સહકાર્યકર મળ્યા છે તે મારું સદ્‌ભાગ્ય છે.

૧૧-૬-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# કાગળની નોટોના સામ્રાજ્યનો અંત લાવી શકાય ?

આંતરરાષ્ટ્રીય નાણાં પદ્ધતિમાં સુધારા કરવાની વાતો છેલ્લાં ચારેક વર્ષથી ચાલ્યા કરે છે. તાજેતરમાં વધુ એક પરિષદમાં ભાગ લેવા ભારતના નાણાપ્રધાન શ્રી વાય. બી. ચવ્હાણ વૉશિંગ્ટન ગયા છે. જે સ્થિતિ છે તેમાં રજભાર પણ સુધારો કર્યા વગર વાટાઘાટ કરનારા દેશોના પ્રતિનિધિઓ વિખરાઈ જશે. અમેરિકાના પ્રતિનિધિએ તો ચોખ્ખું કહી દીધું છે કે "ફુગાવો કોરી ખાતો હોય ત્યાં સુધી નાણાં પદ્ધતિમાં સુધારા કરવાની વાતો વ્યર્થ છે."

આંતરરાષ્ટ્રીય નાણાં પદ્ધતિની વાત સામાન્ય માનવીને રસ પડે તેવી નથી. કાગળની નોટો છપાયા કરે અને એ નોટોનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મૂલ્ય ન રહે ત્યારે જ એ માનવીને ખબર પડે કે નાણાં વ્યવસ્થામાં કશુંક કાચું કપાય છે. તાજેતરમાં રેલવેના નોકરોની પગાર-વધારાની માગણીને ઠુકરાવી દેવાઈ છે ત્યારે સંરક્ષણ ખાતાના કર્મચારીના પગારો ચૂપચાપ વધારી દેવામાં આવ્યા છે. કોઈ પણ દેશનું ચલણ તેનું આંતરિક મૂલ્ય ગુમાવે ત્યારે તે ચલણ વડે ઓછામાં ઓછા માલો ખરીદાય ત્યારે નિયત પગારદારો નાખુશ રહે છે અને જો તેના કાંડામાં જોર હોય તો બળવો પણ કરે છે.

૧૫મી સપ્ટેમ્બર, ૧૯૩૧ ના રોજ બ્રિટનના નૌકાદળમાં એક ચોંકાવનારો પ્રસંગ બન્યો હતો. તે સમયે સ્ટર્લિંગ પૌંડની કાગળની નોટોનું મૂલ્ય ઘટી રહ્યું હતું અને નૌકાદળના કર્મચારીઓના પગાર કાપવામાં આવતા હતા. "આટલાન્ટિક ફ્લીટ" તરીકે ઓળખાતા નૌકાદળના કર્મચારીઓએ જોયું કે એક બાજુ કાગળની નોટોનું બહુ મૂલ્ય નથી અને બીજી બાજુ તેમના પગાર કપાય છે એટલે તેઓ બળવો કરવાની તૈયારીમાં હતા. બ્રિટિશ સરકાર ચેતી ગઈ અને પગાર-કાપ કરવાને બદલે પગારવધારો કરી આપ્યો હતો.

જો કે આ પ્રસંગ તો એક આડપેદાશ તરીકે બની ગયો. પણ ત્યારે બૅંક ઓફ ઈંગ્લાંડને પૌંડના આંતરિક મૂલ્ય ઉપરાંત તેના આંતરરાષ્ટ્રીય મૂલ્યની પણ ફિકર પેઠી હતી. ૧૯૩૧ સુધી પૌંડની નોટમાં વચન અપાતું હતું કે "આ પૌંડની નોટ સામે તેટલા મૂલ્યનું સોનું અપાશે." ભારતીય નોટોમાં પણ (રૂા. ૨ થી ૧૦૦૦ અને ઉપરની નોટો) વચન અપાય છે કે "આ નોટ રિઝર્વ બૅંકને ધરવાથી તેનું મૂલ્ય નોટ ધારણ કરનારને પાછું અપાશે." તેનો મતલબ એમ થાય છે કે તેટલા મૂલ્યનું સોનું આપવા નોટ ઈસ્યુ કરનાર તંત્ર બંધાય છે. હવે તો આ વચન માત્ર કાગળ ઉપર રહે છે. પણ ૧૯૩૧ સુધી તો ચલણી નોટો ઉપરનું વચન હકીકતમાં સોનું મેળવવા માટે અકબદ્ધ રહેતું હતું. પણ બૅંક ઓફ ઈંગ્લાંડનું એ વચન ૧૯૩૧ પછી માત્ર કાગળ ઉપર રહ્યું. અર્થશાસ્ત્રની ભાષામાં તે સમયે બ્રિટને ગોલ્ડ સ્ટાન્ડર્ડ ત્યજી દીધું હતું. જેટલી ચલણી નોટો બહાર પડે તેને અમુક સોનાની અનામતોનો ટેકો રહેતો હતો. આ પ્રકારનો ટેકો રખાય તેને ગોલ્ડ સ્ટાન્ડર્ડ કહે છે. આ ગોલ્ડ સ્ટાન્ડર્ડ વિશ્વના તમામ દેશોએ ત્યજી દીધું અને તે પછી "ગોલ્ડ એક્સચેન્જ સ્ટાન્ડર્ડ" અસ્તિત્વમાં આવ્યું. અમેરિકન ડૉલર સશકત હોઈને અમેરિકન ડૉલરની સામે તેટલા જ મૂલ્યનું સોનું આપવા અમેરિકન સરકાર બંધાયેલી રહી અને વિશ્વનાં બીજાં ચલણો અમેરિકન ડૉલર સાથે સંકળાયેલાં રહ્યાં. એ પછી ૧૯૬૮ માં અમેરિકન ડૉલર નબળો પડયો એટલે ડૉલરની નોટ સામે સોનું આપવાની અમેરિકન સરકારની બાંયધરી પણ હવે માત્ર કાગળ ઉપર જ રહી છે અને વિશ્વમાં અત્યારે કાગળની નોટોનું પૂરેપૂરું સામ્રાજ્ય વ્યાપી ગયું છે.

૧૯૨૫ના જાન્યુઆરી માસમાં બૅંક ઑફ ઈંગ્લાંડના ગવર્નર શ્રી મોન્ટેગ્યુ નોર્મને એક આગાહી કરેલી તે અત્યારે લગભગ ૫૦ વર્ષે કદાચ સાચી ઠરે છે. તે આગાહી શું હતી તે જોઈએ. શ્રી નોર્મને કહેલું કે "જ્યારે વિવિધ ચલણોના આંતરરાષ્ટ્રીય દરોને અસ્થિર (ફ્લોટિંગ) રાખવામાં આવે ત્યારે તમામ દેશોની સરકારોને કાગળોની નોટો છાપીને પોતાની સમસ્યાઓ ઉકેલવાની લાલચ થશે. તેમ કરવાથી ફુગાવો વધશે. તે પછી સરકારો ધિરાણો અને ભાવો ઉપર અમુક પ્રકારનો અંકુશ લાવવાનો (વ્યર્થ) પ્રયાસ કરશે અને અંતે રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નાણાકીય અંધાધૂંધી ફેલાશે. આમ થતાં જગતના અર્થશાસ્ત્રીઓએ ફરી પાછું ગોલ્ડ સ્ટાન્ડર્ડ અર્થાત્ ચલણોને સોનાની અનામતોનો ટેકો આપવાની પદ્ધતિ અપનાવવા અંગે વિચારવું પડશે." પરંતુ આ પ્રકારે ગોલ્ડ સ્ટાન્ડર્ડ અપનાવવાનું ઘણી સરકારોને ગળે ઊતરશે નહિ અને ત્યારે સામાજિક અને રાજકીય ક્ષેત્રે અરાજકતા ફેલાતાં સરકારોએ સોનાના સ્થાનને પુનઃ સ્થાપિત કરવું પડશે.

આર્થિક ઉત્થાન માટે લોકશાહી સરકારોના હાથમાં જ્યારે કાગળની ચલણી નોટોનું હથિયાર આવે છે ત્યારે તેનો દુરુપયોગ થવાનો તકો ઘણી રહે છે. સોનાનો આધાર સ્વીકાર્યા વગર ચલણી નોટો વડે જ અર્થતંત્ર ચલાવવું હોય ત્યારે નાણાંના પુરવઠાને લાંબે ગાળે મર્યાદિત રાખીને ભાવોને વશમાં રાખવા જોઈએ. પણ જે સરકારને ચૂંટણીઓ લડવાની હોય છે તે લાંબા ગાળાના ઉપાયો ઉપર મદાર રાખી શકતી નથી.

કુશળ આર્થિક સંચાલનને બદલે ચૂંટણીની સફળતાને અગ્રતા અપાય છે. એટલે કે ટૂંકા ગાળાનાં પગલાં દ્વારા અર્થતંત્રને ધમધમતું રાખવું પડે છે. એટલે કે નાણાંનો પુરવઠો વધારવો પડે છે. ભારતમાં છેલ્લાં ૨૫ વર્ષમાં નાણાંનો પુરવઠો લગભગ સવા પાંચગણો વધી ગયો છે. તેની સાથે ભાવ તો વધે જ છે અને સરકારે દેખાવ કરવો પડે છે—ભાવને ડામવાનો! સરકારે વ્યાજના દર પણ નીચા રાખવા પડે છે, પણ નાણાંનો પુરવઠો વધારવા માટે તેના ઉપર કોઈ અંકુશ નહિ હોઈને નોટો છાપ્યે રાખે છે અને તેને કારણે ભાવ, વ્યાજ, વેતન અને એમ અંતે ફુગાવો વધ્યા કરે છે.

હવે આપણે શરૂમાં જોયું કે અમેરિકન પ્રતિનિધિ કહે છે કે "જ્યાં સુધી ફુગાવો હોય ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય નાણાં પદ્ધતિમાં સુધારાની વાતો ફોગટ છે." ત્યારે બ્રિટનના એક અર્થશાસ્ત્રી તો કહે છે કે ફુગાવાને વશમાં કરવો હશે તો આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય નાણાં વ્યવસ્થામાં સુધારા કરવા પડશે! આમ અર્થશાસ્ત્રીઓ જ આપણને ઊલટાસૂલટી વાત કહે છે. બ્રિટિશ અર્થશાસ્ત્રી શ્રી વિલિયમ રિઝ-મોગના કહેવા પ્રમાણે: "Paper money is only as good as the men who control it, and they are under consistent pressure to print more of it" કાગળની નોટો છાપવામાં માત્ર કાગળ અને શાહીની જરૂર રહે છે. (જો કે હવે તો ભારતમાં ચલણી નોટોના કાગળની પણ તંગી રહે છે!) જો સોનાના સિક્કા હોય અગર તો કાગળની નોટોને સોનાની અનામતોનો ટેકો હોય તો નોટો છાપનારી સરકાર ઉપર એક પ્રકારનો અંકુશ રહે છે. શ્રી વિલિયમ રિઝ-મોગ સ્પષ્ટપણે ગોલ્ડ સ્ટાન્ડર્ડને ફરીથી આપનાવવાની હિમાયત કરતા નથી, પરંતુ ગોલ્ડ સ્ટાન્ડર્ડને અપનાવવાથી ચૂંટણી ઉપર નજર રાખતી લોકશાહી સરકારો ઉડાઉપણે ખર્ચ કરે છે તેના ઉપર અંકુશ લાવી શકાય છે તેટલી વાતનો અંગુલિનિર્દેશ તો કરે જ છે. તેમના કહેવા મુજબ કાગળની માફક સોનું વિપુલ પ્રમાણમાં પેદા થતું નથી. તે મર્યાદિત પ્રમાણમાં મળે છે. એટલે સોનાના સિક્કાનું ચલણ હોય કે ચલણી નોટોને સોનાનો ટેકો (ગોલ્ડ સ્ટાન્ડર્ડ) હોય તો નાણાંનો પુરવઠો મર્યાદિત રહે અને તે રીતે ભાવ અને ફુગાવાને વશમાં રાખી શકાય. પોતાની વાતને શ્રી વિલિયમ રિઝ-મોગ બહુ જ કટાક્ષપૂર્ણ ભાષામાં કહે છે: "The value of paper money is therefore precisely the value of a Politician's promise, as high or as low as you put that. But the value of gold is protected by the inability of politicians to manufacture it."

વિકસતા અર્થતંત્રમાં મર્યાદિત પ્રમાણ ધરાવતા સોનાને નાણાં માટેના આધારરૂપે રાખી શકાય નહિ તેમ ઘણા અર્થશાસ્ત્રીઓ કહે છે તે સાચું હશે. કાગળની નોટોને આધારે ઊભા થયેલા અર્થતંત્રમાં વિશાળ ક્ષેત્ર મળે છે. સોનાના આધારે રચેલા નાણાતંત્રમાં મર્યાદિત ક્ષેત્ર હોય છે તેની સાથે ત્યાં શિસ્ત કડક રહે છે. પણ કાગળની નોટોવાળા નાણાતંત્રમાં ક્ષેત્ર વિશાળ થાય છે, પણ શિસ્ત ઢીલી થાય છે. આ શિસ્ત બહુ ઢીલી થાય છે ત્યારે ચલણી નોટોનું મૂલ્ય રહેતું નથી. અમેરિકાએ વિદેશી ખર્ચને પહોંચી વળવા ડૉલરની નોટો છાપ્યે રાખી ત્યારે આરબોએ ડૉલર ઉપરનો વિશ્વાસ ગુમાવ્યો હતો અને તેલના ભાવ વધારી દીધા હતા. આ પ્રકારે જગતના બીજા કાચા માલોના ભાવો પણ વધ્યે જ જશે.

ચલણી નોટોનું આ સામ્રાજ્ય જો વધી જશે તો એક દિવસ જરૂર રાજકીય અંધાધૂંધી ફેલાશે તેવી આગાહી શ્રી વિલિયમ રિઝ-મોગ પણ કરે છે. તેઓએ તારણ કાઢયું છે કે "When the paper system collapses the survivors will dig in the rubble and they will find gold."

કાન્તિ ભટ્ટ

# 'પાની તો બહતા ભલા....'

ભારતીય દાર્શનિકોએ સંસારને વહેતા જળ સાથે સરખાવ્યો છે. વહેતા જળમાં કોઈ એક સ્થળે આંગળી મૂકી કહે કે મેં આંગળી મૂકી છે તે જ પાણીમાં મને રસ છે, બીજામાં નહીં, તો એને કહી શકાય કે તને જે પાણીમાં રસ હતો તે તો તારી આંગળી નીચેથી ક્યારનું ય વહી ગયું. આંગળી નીચેનું જળ સ્થિર નથી. ત્યાં તો સતત નવું જળ આવ્યા કરે છે. જગતમાં પણ કશું સનાતન કાળ સુધી એના એ સ્વરૂપે ટકી રહેતું નથી. અહીં જે કંઈ છે તેમાં ધીમી ગતિએ કે ત્વરિત ગતિએ ફેરફારી મુકાઈ રહી છે. એ ફેરફાર અથવા પરિવર્તનને લીધે જગતમાં સૌંદર્ય અને સમતુલા જળવાઈ રહેલાં લાગે છે. એટલે વિશ્વમાં પ્રવર્તતા પરિવર્તનના ક્રમમાં ડખલ કરવી હિતાવહ નથી. ફેરફારને સ્વાભાવિક ક્રમમાં સ્વીકારી લેવો ઈષ્ટ લાગે છે. એમાં પરાણે કશું કરવા જેવું નથી. જે પરાણે થાય છે અથવા કરવામાં આવે છે તેમાં ભલીવાર નથી આવતો. સહેજે–સહેજે આવે છે તે ઘણું ખરું ઉત્તમ પુરવાર થતું હોય છે. કબીરે ઉચિત રીતે જ કહ્યું છે :

**સહજ મિલે સો દૂધ સમ માંગ મિલે સો પાનિ,**
**કહ કબીર વહ રક્ત સમ જામેં ઐંચાતાનિ.**

સહેજે મળે તે દૂધ જેવું, માગીને મળે તે પાણી, કબીર કહે છે કે જેને મેળવવામાં ખેંચતાણ કરવી પડે તે તો લોહી સમાન.

કુદરતમાં પરિવર્તનની પ્રક્રિયા સહજ રીતે ચાલ્યા કરે છે, અથવા કોઈ જ્ઞાત અથવા અજ્ઞાત નિયમને અનુસરી પ્રકૃતિમાં નિરંતર ફેરફાર થતા રહે છે. માણસ કુદરતની જેમ સહજ ભાવે કોઈ પ્રવૃત્તિ નથી કરતો. એની એમાં સંકળામણ હોય છે. આ સંકળામણને કારણે કર્તૃત્વનું પરિણામ પોતાની ગણતરી મુજબનું આવવું જોઈએ, એવો એનો આગ્રહ રહે છે. કેટલીક વાર પોતાના આગ્રહમાં એ સફળ થાય છે તો કેટલીક વાર નિષ્ફળ. સફળતા મળતાં માણસનો મનોવેગ વધે છે, નિષ્ફળતામાં એ ઢીલો પડી જાય છે

લોખંડનો સળિયો ઊલટીસૂલટી બાજુ વારંવાર વાળવાથી છેવટે તૂટી જાય છે, તેમ કાર્યના પરિણામમાંથી જન્મતી અનુકૂળતા અને પ્રતિકૂળતા વચ્ચે આમતેમ ફંગોળાતો માણસ છેવટે મરણાસન્ન બને છે. તે વખતે એને લાગે છે કે પોતે વિરોધી ભાવોની ખેંચતાણથી બેવડ વળી ગયો છે અને ઊભો થઈ શકે તેમ નથી. આવું ભાન થતાં પોતાની પ્રવૃત્તિઓ એને નિરર્થક લાગે છે. ક્ષણભંગુર અને નજીવી બાબતો માટે પોતે કરેલી હુંસાતુંસી તેની આંખ આગળ તરવા માંડે છે. પોતે ક્ષુલ્લક જીવન જીવ્યો તેનો તેને પસ્તાવો થાય છે. એમ પણ થાય છે કે ખોટો વેગ કરતાં પહેલાં પાછું વાળી જોયું હોત તો વસવસો કરવો પડે એવા દિવસો ન આવત. ખેર, જીવનના અસ્તાચળે ક્ષુલ્લક જીવન પ્રત્યે અભાવો કેળવાય એનો કેટલો અર્થ ? માણસ ભરજુવાનીમાં અસંખ્ય માનવીઓને પસ્તાવો કરતા જોતો હશે, છતાં એમાંથી બોધપાઠ લેવાનું કેમ નહીં વિચારતો હોય ? શા માટે એ આંખો મીંચીને દોડયો જતો હશે? એને જીવન વિશે વિચાર કરતાં નહીં આવડતું હોય ? વિવેકદૃષ્ટિથી જીવનમાં કરેલાં કર્મોનાં સરવાળા-બાદબાકી કરવાનું એને નહીં ગમતું હોય ? કે પછી એ પોતાની રોજબરોજની ગડમથલમાંથી નવરો નહીં જ તો હોય અથવા એ ઈરાદાપૂર્વક જીવન પ્રત્યે આંખમીંચામણાં કરતો હશે ? માણસ વિશે આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત કરી શકાય.

આવા અનેક પ્રશ્નોના ભાર નીચે કચડાતો અને દ્વન્દ્વસભર જગતમાં પોતાની કેડી કંડારવાનો અભરખો સેવતો માણસ ખરેખર આશાવાદી પ્રાણી છે. એને થાય છે હારવાથી કામ નહીં થાય. ચાલ્યા કરવા દે. ચાલતાં ચાલતાં કયારેક ધારેલા લક્ષ્યે પહોંચી જવાશે. પથ્થરની માફક એક સ્થળે ચીટકી રહીશ તો સેવાળ બાઝી જશે. આગળ ને આગળ ગબડતા રહેવામાં લાભ છે. આજે નહીં તો આવતી કાલે પોતાની કલ્પના મુજબની પરિસ્થિતિ નિર્માણ થશે એવી આશાએ તે કપરામાં કપરી પરિસ્થિતિમાં ટકી રહેવા મથામણ કરે છે. માણસની જિજીવિષા જબરી છે. એ મૃત્યુથી ચારે બાજુ ઘેરાયેલો હોય તો પણ જીવવા માટે તલસે છે. કયાંક એક દષ્ટાંત વાંચ્યાનું સ્મરણ છે. એક વ્યકિત ભરજંગલમાં ભૂલી પડેલી. ગીચ ઝાડીને લીધે એને દિશા સૂઝતી નહોતી. આકાશ વાદળાંઓથી ઘેરાયેલું હતું. વીજળીના કડાકા-ભડાકા થતા હતા. માણસને કકડીને ભૂખ લાગી હતી અને તરસ લાગવાથી બેબાકળો બની ગયો હતો. થોડો સમય એમ ને એમ વીતશે તો પોતે બેભાન થઈ જમીન ઉપર ઢળી પડશે એવો એને ભય હતો. સદ્‌ભાગ્યે એક વૃક્ષની ડાળી પર તેણે મધનું મોટું પોઠું જોયું. વૃક્ષ કૂવાને કાંઠે ઊગ્યું હતું. કૂવો ઘણાં વર્ષોનો અવડ હતો અને ઘણોખરો પુરાઈ ગયો હતો. એમાં પડેલી કચરપટ્ટીમાં અને ઝાંખરામાં સર્પ અને વીંછીઓ આંટા મારતા હતા. વૃક્ષ ઉપર જંગલી વાંદરાં ચીચકારીઓ કરતા હતા. સિંહની ગર્જનાઓ અને વાઘની ત્રાડો માણસના હૃદયને ગભરાવી મૂકતી હતી. આમ ચારેબાજુ કાળ ભમતો હતો, છતાં માણસ મરણનો વિચાર કરવાને બદલે પથ્થર શોધતો હતો. એની ઈચ્છા પથ્થર મારી મધનું પોઠું તોડવાની હતી, જેથી તેને થોડું મધ મળી શકે. એક વખત મધ ખાવાનું મળી જાય તો ભૂખ–તરસ થોડો સમય જીરવાય. પછીની વાત પછી. પથ્થર હાથમાં આવતાં તેણે મધપૂડાને તાકીને ઘા કર્યો. પોઠું તૂટયું. મધમાખીઓનું ટોળું માણસને ઘેરી વળ્યું. એ મૂઠીઓ વાળીને ભાગવા જાય છે પણ સામે અજગર મોં ફાડીને ઊભેલો છે. એ મરણિયો થઈ ઊભો રહે છે, અને ટપકતા મધને જીભ ઉપર ઝીલે છે. પછી એનું શું થાય છે તે ખબર નથી.

આવી આકરી તાવણીમાં ટકી રહેવાનું બળ માનવીમાં છે ખરું. લીધેલા કામને પાર પાડયા વિના જંપ ન વળે એવા માણસો પણ આ જગતમાં જોવા મળે છે. માણસ કામમાં રચ્યોપચ્યો રહે એમાં કશું ખોટું નથી. વ્યકિતગત કે સામાજિક કર્તવ્ય શિરે આવ્યું હોય તેને નિષ્ઠાપૂર્વક પાર પાડવું જ જોઈએ; એમાં દિલ - દગડાઈ કે બેદરકારી ન રહે તે ઉચિત છે. પણ ભગવદ્‌ગીતા કહે છે તેમ માણસે ફળની અપેક્ષા રાખ્યા વિના કે અન્ય કોઈ આસકિત સેવ્યા વિના પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ.

આપણે ત્યાં અનાસકત કર્મનો ભારે મહિમા છે. નિષ્કામ ભાવે કરેલું કર્મ વ્યકિત અને સમાજને ભારરૂપ બનતું નથી. પણ પોતાની જાતને કાર્ય સાથે પૂરેપૂરી સાંકળવી અને સાથેસાથે એના પરિણામ વિશે ઉદાસીનતા સેવવી તે ખૂબ અઘરું છે. એને માટે જીવનમાં સહજતા કેળવવી પડે છે, મનને રાગદ્વેષ અને તૃષ્ણાથી પર કરવું પડે છે, આસકિતનાં મૂળિયાં ખોદી કાઢવાં પડે છે. મન જો રાગ-દ્વેષથી છવાયેલું હોય તો પરિસ્થિતિનું યથાતથ દર્શન થતું નથી. અહીં એક દષ્ટાંત નોંધવા જેવું છે. સ્વામી રામદાસ રામચરિત લખતા હતા ત્યારનો પ્રસંગ છે. તેઓ જાનકીજી અશોકવાટિકામાં હતાં ત્યારનું વર્ણન કરે છે. જાનકીજી બેઠાં હતાં ત્યાંથી થોડે દૂર એક સુંદર સરોવર હતું, અને સરોવરમાં મનોહર કમળનાં ફૂલ ખીલ્યાં હતાં. સ્વામી રામદાસે શ્વેત રંગનાં પુષ્પોનું અરછું વર્ણન લખ્યું. રામદાસનો નિયમ એવો હતો કે રામચરિતનું જેટલું લખાણ કરે તે રોજરોજ હનુમાનજીને સંભળાવે અને એના ઉપર તેમની મહોર મેળવે. તે દિવસનું સ્વામીનું લખાણ સાંભળી હનુમાનજી કમળના રંગ સાથે સંમત ન થયા. તેમણે કહ્યું કે અશોકવાટિકાના સરોવરમાં જે કમળ ખીલ્યાં હતાં, તે શ્વેત વર્ણનાં નહીં પણ રકતવર્ણનાં હતાં. રામદાસને એ શ્વેત લાગેલાં અને હનુમાનજીને લાલ. બંનેને લાગતું હતું કે પોતે કરેલ નિરીક્ષણ સાચું છે. વાત વટે ચડે તે પહેલાં બંનેએ નક્કી કર્યું કે આપણે આપસમાં અસંમત થઈએ તે કરતાં

ઉચિત એ છે કે સીતાજીને જ કમળના રંગ વિશે પૂછી જોવું, કારણ કે તેઓ દરરોજ કમળોને નિહાળતાં હતાં. બંને સીતાજી પાસે પહોંચી ગયા. પ્રણામ કરી પ્રશ્ન રજૂ કર્યો. સીતાજીએ કહ્યું કે કમળનો રંગ શ્વેત હતો. સીતાજીના ઉત્તરથી હનુમાનજીને મૂંઝવણ થઈ, કારણ કે તેમણે પણ સરોવરનાં કમળો જોયાં હતાં. હનુમાનજીની મૂંઝવણ સીતાજી સમજી ગયાં. તેમણે કહ્યું: હનુમાનજી, કમળો શ્વેત રંગનાં જ હતાં, પણ તમારી આંખોમાં રામજી પ્રત્યેના અને મારા પ્રત્યેના અતિ અનુરાગને લીધે રાક્ષસો પ્રત્યે ભારે દ્વેષ હતો. રાવણના દુષ્કૃત્યથી તમારી આંખો રકતવર્ણી બની ગઈ હતી. એટલે શ્વેત કમળો તમને લાલ રંગનાં લાગતાં હતાં. માણસનું મન રાગ-દ્વેષથી સભર હોય છે ત્યારે તે નિરામય કે અનાસકત રહી શકતો નથી. હનુમાનજીને સીતાજીનો ખુલાસો વાજબી લાગ્યો અને તેમણે સ્વામી રામદાસે કરેલ કમળોનું વર્ણન માન્ય રાખ્યું!

માણસમાં કેટલી બધી આસકિત, રાગદ્વેષનું કેટલું બધું મોટું પ્રમાણ અને પરસ્પર વિરોધી લાગણીઓનો શંભુમેળો અસ્તિત્વ ધરાવતાં હોય છે! આ અને આવાં અન્ય તત્ત્વોની ખેંચ-તાણથી માણસ તૂટતો જતો હોય છે. જીવનને આમ ટુકડે ટુકડે તૂટતું જવા દેવું? ના. લાચારી, બેદરકારી, મૂઢતા, અવહેલના આદિ ભાવો સેવવાથી જીવનને નહીં પામી શકાય, એ જીવન વિશે વિચાર કરનાર માણસ સમજે છે. એ જાણે છે કે અહંતાને નિઃશેષ કર્યા વિના, અનાસકત ભાવ કેળવ્યા વિના, નિર્મળતા પચાવ્યા વિના અને સહજપણાને પામ્યા વિના જીવનને સાંગોપાંગ પામી શકાશે નહીં. મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ કવિ બાળકૃષ્ણ ભ. બોરકરે આ વાત ઉત્તમ રીતે કહી છે:

જીવન ત્યાંના કળલે હો
પક્વ ફળાપરિ મીપણ જ્યાંચે સહજપણાને ગળલે હો
જળાપરિ મન નિર્મળ જ્યાંચે ગેલે તેથે મિળલે હો
નક્ષત્રાંચે વૈભવ જ્યાંની આત્મદળાને તુળલે હો
જીવન ત્યાંના કળલે હો.

પક્વ ફળની માફક જેની અહંતા સહજપણે ખરી પડી છે, જળની માફક જેનું નિર્મળ મન જ્યાં જાય ત્યાં મળી જાય છે, નક્ષત્રોનો વૈભવ જેણે આત્મદળથી તોળ્યો છે, તેમને જીવન સમજાયું છે. અહીં આત્મદળ શબ્દ દ્વારા કવિ આપણી એક વિશિષ્ટ કથાને વણી લે છે. રુકમણીએ કૃષ્ણને એક તુલસીદળથી તોળ્યાની વાત પ્રચલિત છે. કવિ અહીં તુલસીદળને બદલે આત્મદળ અને કૃષ્ણને બદલે સમગ્ર બ્રહ્માંડના વૈભવને નિરૂપી વિશેષ પરિમાણ આપે છે.

જીવનના આંતર-બાહ્ય વૈભવને સમજવાની મથામણ માણસ આદિકાળથી કરતો આવ્યો છે. પણ માણસનું વ્યકિતત્વ એટલું સંકુલ છે, એની મનની ગતિવિધિ એટલી નિરાળી છે, એનું સંવેદનતંત્ર એટલું સૂક્ષ્મ છે કે એ બધાંને પૂરેપૂરી રીતે પામવાનું દુર્લભ છે. છતાં જીવનના દરવાજા સરખી રીતે ખખડાવ્યા પહેલાં જીવન સંકેલાઈ ન જાય તેટલું આપણે ન કરી શકીએ?

**કાન્તિલાલ કાલાણી**

## "ચિન્તનયાત્રા"

સ્વ. પરમાનંદભાઈનાં પ્રગટ - અપ્રગટ લખાણોમાંથી ચૂંટીને તારવેલા લેખોનું પુસ્તક "ચિન્તનયાત્રા" સંઘ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે.

૩૦૪ પાનાંના આ પુસ્તકની કિંમત રૂા. ૭-૦૦ રાખવામાં આવી છે. સંઘના આજીવન સભ્યો–ચાલુ સભ્યો તેમ જ 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકોને રૂા. ૫/– ની કિંમતથી આ પુસ્તક મળશે. તો જેમને આ પુસ્તક ખરીદવું હોય તેઓને કાર્યાલયનો સંપર્ક સાધવા વિનતિ છે.

**–મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

### શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનું કાર્યાલય હવેથી 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના કાર્યાલયમાં રાખવામાં આવેલ છે તેની નોંધ લેવાનું ગૃહના મંત્રીઓ જણાવે છે.

# * નિશ્ચય અને વ્યવહાર: પુણ્ય અને પાપ *

શ્રી ચીમનભાઈએ 'એક ભાઈની મૂંઝવણ' નામે લેખ 'પ્રબુદ્ધ જીવન'માં લખ્યો છે. તે વાંચી કેટલાક વિચારો આવ્યા તે લખવા પ્રેરાયો છું.

આચાર્ય કુન્દકુન્દે અનેક ગ્રન્થો લખ્યા છે તેમાં સમયસારમાં જે ઉપદેશ છે તે નિશ્ચયપ્રધાન છે અને તેમાં વ્યવહારનયને અભૂતાર્થ અને નિશ્ચયનયને ભૂતાર્થ કહ્યો છે. આચાર્ય કુન્દકુન્દનું આ વિશ્લેષણ માત્ર અદ્વૈતી વેદાન્ત અથવા તો શૂન્યવાદીનું અનુસરણ છે. જૈન નયવાદમાં નયો અભૂતાર્થ = મિથ્યા હોઈ શકે નહિ. હોય તો તે નયાભાસ ગણાય. નિશ્ચય હોય કે વ્યવહાર બન્ને સાપેક્ષ સત્ય છે. જ્યાં સુધી સાપેક્ષ હોય ત્યાં સુધી જ તે નયો ગણાય અને નિરપેક્ષ બને તો નયાભાસ કોટિમાં ગણાય. ભગવતીમાં નિશ્ચય અને વ્યવહારનાં ઉદાહરણો છે. ભમરાને કાળો કહેવો એ વ્યવહારનય અને પાંચે ય વર્ણવાળો કહેવો તે નિશ્ચય છે. આમાં વ્યવહારનયનું દર્શન આંશિક સત્ય છે–સ્થૂલ છે–પણ અસત્ય નથી, મિથ્યા નથી. મિથ્યા તો થાય જો એમ કહ્યું હોય કે ભમરો કાળો જ છે. ભગવતીના ઉદાહરણથી બીજી એક વાત એ પણ સિદ્ધ થાય છે કે તે કાળમાં વ્યવહાર - નિશ્ચયનો અર્થ આંશિક - સ્થૂલજ્ઞાન એ વ્યવહાર અને સૂક્ષ્મ અથવા નિશ્ચિત જ્ઞાન નિશ્ચય. પણ નયવાદમાં એક વાત તો નક્કી જ કે તે અમુક અપેક્ષાએ સત્ય છે. પરંતુ મિથ્યા તો નથી જ. પરંતુ આચાર્ય કુન્દકુન્દે વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો ત્યાં તેમના ઉપર અદ્વૈતવાદની અસર છે. પરંતુ એ અસર છતાં સંપૂર્ણપણે અને સંગત રીતે તેઓ એ વાદને અનુસરી શકયા નથી. આથી જ વ્યવહારનયને અભૂતાર્થ કહ્યા છતાં અને નિશ્ચયનયને ભૂતાર્થ કહ્યા છતાં છેવટે તો એ બન્ને પક્ષોના ત્યાગની જ વાત કરી છે. તેઓએ સ્પષ્ટ કહ્યું છે કે જે સમયપ્રતિબદ્ધ છે, એટલે કે આત્મતત્ત્વમાં રત છે તે આ બન્ને નયોના મન્તવ્યને જાણે તો છે, પરંતુ તેનું ગ્રહણ કરતો નથી–એ મન્તવ્યોને પકડી રાખતો નથી. કારણ એ તો નયોના જે પક્ષો છે તેથી અતીત થઈ ગયેલ છે. સારાંશ કે જૈન-પક્ષ એવો છે કે નયો, પછી તે નિશ્ચય હોય કે વ્યવહાર, આંશિક સત્ય છે, એટલે કે સાપેક્ષ સત્ય છે. પરંતુ પ્રમાણ જ એવું જ્ઞાન છે જે સંપૂર્ણ સત્યનું ગ્રહણ કરે છે. આથી આચાર્ય કુન્દકુન્દે નિશ્ચય હોય કે વ્યવહાર, એ બન્નેથી ઉપર જઈને આત્મજ્ઞાનની વાત કરી છે. ઉદાહરણ તરીકે તેમણે જણાવ્યું છે કે વ્યવહારથી એમ કહેવાય છે કે જીવે કર્મ બાંધ્યું છે અને નિશ્ચયથી એમ કહેવાય છે કે બાંધ્યું નથી. પણ ખરી વાત એવી છે કે બંધન અને અબંધન એ સાપેક્ષ છે. જો બંધન હોય તો અબંધન ઘટે અને અબંધન હોય તો બંધન ઘટે. પણ તાત્ત્વિક રીતે તો એ બન્ને પક્ષોનું નિરાકરણ કરીને પક્ષાતિકાંત થવું એ જ પરમ સત્ય છે, તે નથી બદ્ધ કે નથી અબદ્ધ.

અહીં બૌદ્ધ આચાર્ય નાગાર્જુનની ભાષામાં જ આચાર્ય કુન્દ-કુન્દ વાત કરી રહ્યા છે. નાગાર્જુને કહ્યું છે કે બધી જ દૃષ્ટિ અથવા તો પક્ષોના નિરાકરણ માટે શૂન્યદૃષ્ટિ છે. પણ જો કોઈ શૂન્યદૃષ્ટિમાં જ બંધાઈ રહે તો તેને ભગવાને અસાધ્ય કહ્યા છે–એટલે કે તેનો નિસ્તાર તો થાય જ નહિ. માટે શૂન્યદૃષ્ટિથી પણ અતીત થવું. તે જ પ્રમાણે વ્યવહારના નિરાકરણ માટે નિશ્ચયદૃષ્ટિ છે, પરંતુ તેમાં જ કોઈ ફસાઈ પડે તો તેનો ઉદ્ધાર નથી. આત્મજ્ઞાનીએ તો વ્યવહારની જેમ નિશ્ચય પણ છોડવાનો જ છે અને પક્ષાતિકાંત થવાનું છે.

વળી નાગાર્જુને કહ્યું છે કે જેમ મ્લેચ્છને કોઈ વાત સમજાવવી હોય

તો તેની મ્લેચ્છ ભાષાથી જ તેને સમજાવી શકાય છે. તેમ લૌકિક પુરુષોને લૌકિક વ્યવહારનો આશ્રય લઈને જ પરમાર્થ સમજાવી શકાય છે. આ જ રીતે આચાર્ય કુન્દકુન્દે પણ સ્પષ્ટીકરણ કર્યું છે કે વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશકય છે; જેમ અનાર્યને સમજાવવો હોય તો અનાર્ય ભાષાનો જ ઉપયોગ કરી સમજાવી શકાય છે. આમ આચાર્ય કુન્દકુન્દ વ્યવહારનો સર્વથા લોપ કરે છે એમ કહેવું બરાબર નથી. અમુક સમય સુધી વ્યવહારનો ઉપયોગ સાધનાકાળમાં છે જ.

શ્રી કાનજીસ્વામીએ જપ, તપ, સામાયિક, પ્રતિક્રમણ ઈત્યાદિ ક્રિયાની નિરર્થકતા બતાવી હોય તો તેનો અર્થ પણ એટલો જ સમજવો જોઈએ કે જ્યાં સુધી વાસ્તવિક સમ્યક્‌દર્શન ન હોય ત્યાં સુધી એ ક્રિયાઓ નિરર્થક છે; તેમાંથી જે લાભ થવો જોઈએ તે થતો નથી, કારણ કે સાચી સમજણ વિના તે ક્રિયાઓ થઈ રહી છે. એટલે ખરી રીતે શ્રી કાનજીસ્વામી તે તે ક્રિયાનો નિષેધ કરે છે ત્યારે તાત્પર્ય એટલું જ છે કે પ્રથમ સમ્યક્‌દર્શન અને પછી જ સમ્યક્‌ચારિત્ર - એ ક્રમ શાસ્ત્રમાન્ય છે. સાચી સમજણ વિનાની ક્રિયા સફળ થતી નથી. અત્યારે સમાજમાં જે રીતે ક્રિયાઓ થઈ રહી છે, તેમાં સાચી સમજણ નથી એ તો માનવું જ પડે છે. અન્યથા વર્ષીતપ જેવું મહાતપ કર્યા પછી પણ જીવનમાં વાસ્તવિક જે પરિવર્તન અપેક્ષિત છે તે ઘણામાં જોવા મળતું નથી. એમ કેમ બને? એટલે શ્રી કાનજીસ્વામી ક્રિયાનો નિષેધ કરે છે એમ કહેવા કરતાં કહેવું એમ જોઈએ કે સાચી સમજણ વિનાની ક્રિયાનો નિષેધ કરે છે અને સમ્યક્ ક્રિયાની પ્રાપ્તિ માટે ભાર સમ્યક્‌દર્શન ઉપર આપે છે. પ્રથમ સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરો પછી જે થશે તે બધું જ સમ્યક્ હશે, લાભદાયી હશે. તેમનાં વ્યાખ્યાનોમાં આ દૃષ્ટિનો અતિરેક થાય છે અને તેથી છાપ એવી ઊભી થાય છે કે તેઓ ચારિત્રનો નિષેધ કરી રહ્યા છે. પણ આવું તો હરેક ઉપદેશક માટે બને છે. એક અન્તના નિરાકરણ માટે બીજો અન્ત જ્યાં સુધી ઊભો ન થાય ત્યાં સુધી નિરાકરણ થતું નથી. એટલે શ્રી કાનજીસ્વામીની વાણીમાં અનેકાંતને બદલે એકાંતનો ભાસ થવા પૂરો સંભવ છે. અને સાંભળનાર તો એ જ છાપ લઈને જાય છે કે ક્રિયાકાંડો નિરર્થક છે. તેથી તે જે કાંઈ ક્રિયાકાંડ કરતો હોય તે તો છોડી જ દે છે અને સમ્યક્‌દર્શન માટે જરૂરી જે સાધન છે તે પણ આચરતો નથી. એટલે કે સમ્યક્‌દર્શનની જે શરતો છે - અનુકમ્પા, પ્રશમ - સંવેગ આદિ તે પણ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતો નથી. જે હતું તે છૂટી ગયું તેમાં કાંઈ નુકસાન નથી પણ નવું કશું જીવનમાં આવ્યું નહિ તે જ નુકસાન છે. જીવનમાં, વ્યાપારમાં જે કાવાદાવા ચાલતા હોય તેમાં તો કશો જ ભેદ પડતો નથી. પૈસા વધ્યે જ જાય છે અને પછી મંદિર વગેરેમાં વાપરી સત્કાર્ય કર્યાનો સંતોષ લઈ ધર્મકાર્ય કર્યાનો આનંદ માને છે. પરંતુ 'ન્યાયસંપન્નવિભવ:' જે માર્ગાનુસારી માટે અનિવાર્ય શરત છે તેનું તો પાલન થતું જ નથી. અને સોનગઢમાં ઠાઠમાઠ વધારી ધર્મોદ્યોત થયાનું માની જીવનની સાર્થકતા સમજતો થઈ જાય છે. આ કાળે જ્યારે લોકોને મોંઘવારીની ભીંસ નડી રહી છે ત્યારે સોનગઢમાં તો ચોથો આરો જ પ્રવર્તે છે. કારણ પૈસા છે. તે ગમે તે રીતે ભેગા કરવા છે અને પછી કોઈ તથાકથિત ધર્મકાર્યમાં વાપરી પાપનું પ્રાયશ્ચિત્ત થયાનું માને છે. એટલે એમ કહેવું કે શ્રી કાનજીસ્વામી વ્યવહારનો નિષેધ કરે છે એ વાજબી નથી. તેમણે જે નવા વ્યવહારો જૈન ધાર્મિક સમાજમાં ઊભા કર્યા છે તે અત્યાર સુધીના ચાલતા વ્યવહારોને ટપી જાય તેવા છે. માત્ર તે વ્યવહારો ચાલુ વ્યવહારોથી થોડા જુદા પડે છે એટલું જ. ઉપદેશમાં વ્યવહારનો નિષેધ છે જ પણ આચરણમાં તો તેની વૃદ્ધિ જ દેખાઈ આવે છે. તેમની વ્યવહાર - નિશ્ચયની અને ઉપાદાન-નિમિત્તની જે વ્યાખ્યા છે તેનો કેટલાક સુબુદ્ધ દિગંબર વિદ્વાનો પણ સ્વીકાર કરતા નથી પણ ગુજરાત - કાઠિયાવાડમાં દિગંબર ધર્મના પ્રચારનું કાર્ય તો તેમના દ્વારા થઈ જ રહ્યું છે. તો તેમનો પ્રકટ વિરોધ ન કરવો એવી દિગંબર વિદ્વત્ સમાજની માન્યતા છે. એટલે સોનગઢ ના સંતની વાહવાહ થઈ રહી છે. ભગવાન મહાવીરનો ઉપદેશ જે ગ્રન્થોમાં ઉપલબ્ધ છે તે તો માત્ર આગમ છે. પણ આચાર્ય કુન્દકુન્દનો ઉપદેશ તો પરમાગમ છે અને તેને પથ્થરમાં કોતરાવી મંદિર બનાવી પચીસ લાખથી પણ વધારે ખર્ચ કરવું તે પરમ વ્યવહાર નથી તો બીજું શું છે? કલ્યાણક ઉત્સવોમાં દેવદેવીઓનો નાટારંભ એ વ્યવહાર નથી તો શું છે? આત્મજ્ઞાનીઓનું સંમેલન અને તેમાં આણંદજી કલ્યાણજીની પેઢી જેવી પેઢીની સ્થાપના, જે દિગંબર તીર્થરક્ષા માટે પ્રયત્ન કરે, તે માટે શ્રી કાનજીસ્વામીના નામે ફંડ થાય, આ તો વ્યવહારની પરાકાષ્ઠા છે. સંપ્રદાયોમાં સમન્વયને બદલે સદૈવ લડત ચાલુ રહે એ જ તો પરમ વ્યવહાર છે. શરીર ભલે મારું ન હોય પણ મંદિર તો મારું છે, ભગવાન મારા છે, એને માટે હું લડી લઈશ, લાખો ખર્ચ કરીશ આથી ઊંચો અધ્યાત્મવાદ હવે કયો હોઈ શકે? આ બધું અધ્યાત્મને નામે વ્યવહારનું જ સમર્થન છે. એટલે વ્યવહારનો લોપ થઈ રહ્યો છે એવી બીક રાખવાની જરૂર નથી. તે તો ફૂલીફાલી રહ્યો છે. આ બધું જ જે થઈ રહ્યું છે તેના તટસ્થ દર્શક શ્રી કાનજીસ્વામી છે. તેમને તો આ સાથે કાંઈ લેવાદેવા નથી એમ ભક્તો કહી શકે છે. પણ તેમની સમક્ષ જ આ બધું થઈ રહ્યું છે એ હકીકત છે. એટલે આ તો બાવાજીની લંગોટીમાંથી સકળ સંસાર ઊભો થાય છતાં બાવાજી તો તટસ્થ એવો ઘાટ છે.

હવે થોડું પુણ્ય વિષે પણ વિચારી લઈએ. પ્રાચીન જૈન આગમોમાં કર્મના પુણ્ય કે પાપ અથવા તો શુભ - અશુભ એવા કોઈ ભેદો હતા નહિ. જે કાંઈ કર્મ છે તે અશુભ જ છે, અહિતકર છે, મોક્ષમાં બાધક છે, માટે કર્મથી છુટકારો મેળવો અને મોક્ષ પામો- આ સામાન્ય માન્યતા હતી અને કર્મના શુભ - અશુભ, પુણ્ય - પાપ એવા ભેદ પડયા પછી પણ એ બંધન છે એ વાત તો સ્વીકૃત જ છે. પાપ એ લોઢાની બેડી હોય તો પુણ્ય એ સુવર્ણની સાંકળ છે. પણ બંધન તો બન્નેય છે અને મોક્ષાર્થીએ તો એ બંધનનો ત્યાગ જ કરવો જરૂરી છે. આ માન્યતામાં તો કશો ભેદ પડયો નથી. જૈન ધર્મની પ્રાથમિક ભૂમિકામાં શ્રામણ્યનું જ મહત્ત્વ હતું. શ્રામણોમાં સુભિક્ષુ અને કુભિક્ષુ એવા ભેદ પડતા હતા પણ ગૃહસ્થાશ્રમ તો પાપની ખાણ જ છે– આ ઉપદેશ ઉપર ભાર હતો. ગૃહસ્થોમાં સારા - નરસાની ચર્ચા હતી નહિ. ગૃહસ્થ તો દુર્ગતિ જ પામે અને શ્રમણ - સુશ્રમણ મોક્ષે જાય - આવી સામાન્ય માન્યતા હતી. જેમ જેમ જૈન સંઘની વ્યવસ્થા થતી ગઈ તેમ તેમ ગૃહસ્થોમાં પણ સારા-નરસાનો ભેદ થવા લાગ્યો અને શ્રમણોપાસક વર્ગ ઊભો થયો એટલે એના આચાર-વિચારની આવશ્યકતા ઊભી થઈ. આમ અણગાર ધર્મ અને સાગારધર્મ એમ ધર્મના બે પ્રકાર ઊભા થયા. હવે જો ભિક્ષુ શ્રમણ કે અણગાર જ મોક્ષે જાય અને તેનો તો માર્ગ નિવૃત્તિમાર્ગ જ છે તો પછી ઉપાસકોની શી ગતિ? તેમના માટે આંશિક નિવૃત્તિ એટલે કે અણુવ્રતો આદિ બાર વ્રતો અને અન્ય શુભ પ્રવૃત્તિનો માર્ગ નક્કી કરવામાં આવ્યો અને એ આચારના પરિણામે સ્વર્ગમાં તેમની મૃત્યુ પછી ગતિ થાય એમ નક્કી કરવામાં આવ્યું. ઉપાસકદશામાં વર્ણિત દશે શ્રાવકો સ્વર્ગે ગયા છે અને અન્યત્ર ભગવતી આદિમાં વર્ણિત શ્રાવકો પણ સ્વર્ગે ગયા છે. પણ એક વાત ધ્યાન દેવા જેવી છે કે ઉપાસકદશામાં શ્રાવકોનાં કર્તવ્યોમાં આંશિક વ્રતોની જ વાત છે, શુભ પ્રવૃત્તિની કોઈ ચર્ચા જ નથી. માત્ર અતિથિસંવિભાગવ્રતમાં શુભ પ્રવૃત્તિનો સંકેત મળે છે. પણ પછીના કાળે વ્રતો ઉપરાંત શુભ પ્રવૃત્તિ ઉપર ભાર આપવામાં આવ્યો છે અને

તેને જ પરિણામે કર્મના શુભ - અશુભ, પુણ્ય–પાપ એવા ભેદોની વિચારણા થઈ છે. આ પ્રવૃત્તિ નવી હતી એ એટલા માટે કહી શકાય છે કે પુણ્યકર્મ કોને કહેવું અને કોને પાપ કહેવું એમાં ઠીકઠીક મતભેદ પ્રાચીન કાળમાં પણ જોવા મળે છે.

વળી પુણ્યકાર્ય કે સત્કાર્ય કે શુભ પ્રવૃત્તિને વેગ આપવાનું બીજું પણ એક વિશેષ કારણ એ ઊભું થયું કે આચાર્ય જંબૂ પછી મોક્ષનો સંભવ તો મટી જ ગયો એમ મનાયું. એટલે હવે શ્રમણ-ભિક્ષુ પણ મોક્ષે તો જઈ શકે જ નહિ, તો પછી તેને માટે સ્વર્ગનો રસ્તો ખોલ્યા સિવાય બીજો માર્ગ હતો નહિ. એટલે શુભ કર્મનું ફળ સ્વર્ગ એ માન્યતા દૃઢ બનતી ગઈ અને મનાયું કે સ્વર્ગમાંથી ફરી જ્યારે તે મનુષ્યલોકમાં જન્મે છે ત્યારે વિદેહમાં જન્મ લઈ સંપત્તિ વગેરે પામે છે. આમ શુભ કર્મનું ફળ સ્વર્ગ અને મનુષ્યલોકની સંપત્તિ એમ સ્વીકારવું પડ્યું અને પછી જ એ સંપત્તિનો ત્યાગ કરી એ મોક્ષે જાય છે. આવી માન્યતા સ્થિર થઈ. આમાંથી એમ ફલિત થયું કે પુણ્યકર્મથી કે શુભ કર્મથી મનુષ્યભવમાં સંપત્તિ-સુખ અને સ્વર્ગનાં બધાં જ સુખો મળે છે. આમ કર્મ માત્ર દુઃખનું જ કારણ છે, તેને સ્થાને સુખ - સંપત્તિનું પણ કારણ તે બની શકે છે, જો તે શુભ હોય અને આમ શુભ - અશુભ કર્મ એવા ભેદો દૃઢ થયા. અશુભથી નારકનાં દુઃખો અને શુભથી સંપત્તિનું સુખ.

ખરી વાત એવી છે કે સુખ સંપત્તિમાં નથી પણ આત્મામાં છે. તે સંપત્તિને નિમિત્ત બનાવી લઈ શકે છે અને ધારે તો તેના ત્યાગમાં પણ સુખ લઈ શકે છે. અને સંપત્તિધારી સુખી થવાને બદલે દુઃખી પણ થઈ શકે છે. આ પરમાર્થની વાત ગૌણ બની ગઈ અને સંપત્તિ એ સુખનું કારણ છે અને તેનું કારણ શુભ કર્મ છે એવી વિકૃત માન્યતાએ જૈનોમાં જડ જમાવી.

જૈન શ્રાવક સંઘ જેમ જેમ વ્યવસ્થિત થતો ગયો તેમ તેમ મંદિર–ઉપાશ્રય જેવાં સાધનો પણ ઊભાં થવા લાગ્યાં અને પ્રચાર-પ્રસારનાં એ ઉત્તમ સાધનો મનાવા લાગ્યાં એટલે તે કામોમાં શ્રાવકો પોતાની સંપત્તિનો ઉપયોગ કરે તે માટેની પ્રેરણા આપવી તે અનિવાર્ય હતું. અને સાધુઓની સંખ્યા વધવા સાથે તેમની ભિક્ષાના પ્રશ્ને પણ મહત્ત્વ લઈ લીધું હતું. આથી દાનનું મહત્ત્વ ગાવું પણ અનિવાર્ય થઈ પડ્યું હતું. આથી સર્વપ્રથમ તો શ્રમણોને આહાર–દાન એ મુખ્ય પુણ્યકાર્ય મનાયું અને કાળક્રમે શ્રાવકોને સહાય કરવી એ વિષે પણ લક્ષ ગયું છે અને સાધાર્મિક વાત્સલ્યને નામે તે પ્રચલિત થયું છે. તેરાપંથીઓ જે એમ કહે છે કે અસંયતીને દાન દેવું તે પાપ છે એ બતાવી આપે છે કે સર્વપ્રથમ દાનનો વ્યવહાર સાધુથી થયો છે અને પછીના કાળે શ્રાવકને અને બીજાને સહાયતા કરવાનો માર્ગ મોકળો થયો છે. આમ ક્રમે કરી પુણ્યક્ષેત્ર વિસ્તરતું ગયું છે. સર્વભૂત પ્રત્યે કરુણા કરવી એટલે તેમની હિંસા ન કરવી એ પ્રથમ ભૂમિકા હતી. પણ તેમને કષ્ટમાંથી બચાવવાની પ્રવૃત્તિ શ્રમણો કરી શકતા નહિ અને અસંયતીને બચાવવામાં પાપ છે એવી જે તેરાપંથી માન્યતા છે તેના મૂળમાં પણ આ ઈતિહાસ પડેલો છે. પણ ક્રમે કરી બચાવવામાં પણ ધર્મ છે એવી માન્યતા પ્રબળ બની છે. અને આજે તેરાપંથી સાથે બધા જ સંપ્રદાયોને જે વિવાદ છે તે આ જ છે. અને આપણે જોઈએ છીએ કે તેરાપંથી હવે અણુવ્રતની વાત કરે છે, પણ અસંયતીને બચાવવામાં પાપની ચર્ચા કરતા નથી. આ સમયબળ છે. દાનના ક્ષેત્રમાં પણ ઉપાશ્રય કે મંદિરનિર્માણ એ પ્રાથમિક ભૂમિકામાં હતાં નહિ કારણ શ્રમણો એવી કોઈ તેમના માટે નિર્મિત જગ્યામાં રહેતા નહિ. પણ પછીના કાળે એ પણ દાનના ક્ષેત્રમાં આવી ગયા. આપણે જોઈએ છીએ કે હજી કાલ સુધી જે તેરાપંથીઓ ઉપાશ્રયનો વિરોધ કરતા હતા તે આજે અણુવ્રતવિહારના નામે મકાનો બંધાવી તેમાં રહેવા લાગ્યા છે. ઉપાશ્રય બાંધવો એ પાપની પ્રવૃત્તિ માનનાર આજે અણુવ્રતવિહારમાં રહે છે અને શ્રાવકો પુણ્યાર્જન માટે તે બાંધી આપે છે. આ સમયનો ફેર છે.

મંદિરો માટેના દાનની પ્રવૃત્તિ તો વળી વધારે જોરદાર છે. તેથી તે તીર્થંકરનામ બંધાય છે અને તીર્થંકર થવાય છે ત્યાં સુધીનો ઉપદેશ આપાયો છે. જીર્ણ મંદિરના ઉદ્ધારને મહત્ત્વ ઓછું નથી છતાં નવાં નવાં મંદિરો જે ઊભાં થઈ રહ્યાં છે તે આ જ ઉપદેશનો પ્રતાપ છે.

આ બધા પુણ્યના પ્રકારોની ચર્ચા પ્રાચીન આગમોમાં જોવા મળતી નથી. છતાં ક્રમે કરી એ પુણ્યકામો મનાયાં છે, એ વિચારણાનો ક્રમે કરી વિકાસ સૂચવે છે.

સમ્યક્‌દર્શનનું મહત્ત્વ ખરું અને તે જો હોય તો આત્માની બધી જ પ્રવૃત્તિ બદલાઈ જાય, એમાં સંદેહ નથી. પણ તે પ્રાપ્ત કરવા માટેનો જે પ્રયત્ન છે તે જો હોય નહીં તો અત્યારે જે શ્રી કાનજી-સ્વામીના ભક્તોમાં બની રહ્યું છે તે જ બને. અને સમ્યક્‌દર્શન વિના જ ધાર્મિક ક્રિયાઓ કરવા જતાં તેનું તાત્પર્ય હાથ લાગતું નથી અને જેને ક્રિયાજડતા શ્રીમદ્ કહે છે તેવું બને તેમાં સંદેહ નથી. એટલે અન્ય સંપ્રદાયોમાં ક્રિયાજડતા અને માત્ર રૂઢ ક્રિયા કરવા તરફનું વલણ દેખાતું હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

ખરી વાત એવી છે કે આપણને અભિમાન તો છે કે અમે જૈન છીએ, પણ તેમાં સ્વપ્રયત્ન જેવું કશું જ નથી. માત્ર પરંપરા-પ્રાપ્ત નિયમોનું જડ પાલન છે. જૈન તો થવાય જો ક્રમે કરી સ્વપ્રયત્ને આત્માના વિકાસનો માર્ગ સ્વયં નક્કી કરી તે પ્રમાણે જીવન ઘડવાનો પ્રયત્ન થાય. અને એ માર્ગ એટલે ક્રમિક ઉત્થાનનો માર્ગ. અને એમાં કાંઈ ઠેકડો નથી મરાતો, એ તો ક્રમે કરી પગથિયાં ચડવાં પડે છે. તેમ બને તો જ ખરો માર્ગ હાથ આવે. એટલે નિશ્ચયનયની વાત સાચી હોય તો પણ ક્રમિક વિકાસના સાધનમાં વ્યવહાર અત્યંત જરૂરી છે જ. વ્યવહારમાં મૂર્છાત્યાગ અત્યંત જરૂરી છે. એ ક્રમે કરી બને. પ્રથમ ધનદોલત જે કૌટુંબિક પરંપરાથી મળ્યાં હોય તેની મૂર્છા જાય, પછી સ્વોપાર્જિતની અને તેમાં પણ સ્વોપાર્જનની મર્યાદા સ્વીકારવી. પછી શરીરનાં ઉપકરણોની મર્યાદા કરવાનું બને, પછી શરીરની આસક્તિ ક્રમે ઘટાડવાનું બને. આ બધો વ્યવહારમાર્ગ છે અને આ માર્ગ સ્વીકાર્યો હોય તો જીવનમાં અનુકંપા આદિ ગુણો અનિવાર્ય રીતે આવે જ, દાનાદિની પ્રવૃત્તિ વધે જ, બીજાનું ભલું કરવાની પ્રવૃત્તિ વધે જ. અને છેવટે જ્યારે શરીરની પણ આસક્તિ છૂટી જાય અને માત્ર આત્મધ્યાનમાં જ લીન થવાય ત્યારે જ પ્રવૃત્તિમાત્રનો ત્યાગ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય. એટલે તેને પ્રતિક્રમણ આદિ કરવાની આવશ્યકતા ન રહે અને નિશ્ચયકોટિને પ્રાપ્ત થાય.

આદર્શ નિશ્ચયદૃષ્ટિનો હોય એ જરૂરી, પણ ત્યાં પહોંચવાનો માર્ગ છે તે જ વ્યવહાર છે. તે છોડી દેવામાં આવે તો નિશ્ચયદૃષ્ટિની ઉપલબ્ધિ થતી નથી, પોપટરટણ જરૂર થાય. અને એ અત્યારે થઈ રહ્યું છે, પછી તે શ્રી કાનજીસ્વામીના ભક્તો હોય કે અન્ય સંપ્રદાયના. તેમાં ભેદ માત્ર એટલો જ છે કે એક પક્ષમાં બાહ્ય ક્રિયાકાંડો નથી થતા તો બીજામાં થાય છે. એક માને છે કે આત્મધ્યાનથી જ બધું થાય છે અને બીજો માને છે કે ક્રિયાકાંડથી જ બધું થાય છે. પણ આત્મધ્યાન માટેની જે યોગ્યતા તે એકમાં નથી તો બીજામાં ક્રિયાજડતા છે. આમ બન્ને ખોટે માર્ગે જ છે. એક જ્ઞાનજડ છે તો બીજા ક્રિયાજડ. એટલે એકબીજાના દોષ જોવાનો કશો અર્થ નથી. બન્નેએ સુમાર્ગે આવવાની જરૂર છે.

૩૧-૫-'૭૪ દલસુખ માલવણિયા

# યહૂદીઓ અને યહૂદી ધર્મ

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સાર]

યહૂદીઓ મારી દૃષ્ટિએ જગતનું આશ્ચર્ય છે. યહૂદીઓનો આખો ઈતિહાસ કોઈ કાયદાકાનૂનમાં બંધ બેસતો નથી, માટે એનું આશ્ચર્ય છે. ઈઝરાયલમાં ૨૨ લાખની વસતિ છે. એની ચોતરફ આશરે ૧૩ લાખ આરબો છે. પણ હજુ સુધી આરબો સમ ખાવાને ય જીત્યા નથી. યહૂદીઓ બળવાન, બુદ્ધિવાન હોવા છતાં, અલ્પ સંખ્યામાં હોવા છતાં ફોજદારી ગુનાઓ કરવામાં જગતમાં સૌથી છેવાડે આવે છે. ટૂંકમાં તેઓ શાંતિપ્રિય લોકો છે.

ઈઝરાયલ ગયો હતો ત્યાં મેં જોયું કે એ દેશ પોતાને સો ટકા Secular (બિનમઝહબી) રાજ્ય ગણાવતું નથી અને છતાં Secular કરતાં સારો વર્તાવ મેં ત્યાં અનુભવ્યો હતો. પરધર્મીઓ સાથેનો સારો વર્તાવ દીઠો હતો.

ત્યાંના સિક્કાઓ જુઓ તો હિબ્રૂ અને અરબી એમ બે ભાષા છપાયેલી જોવા મળે. ત્યાંની સંસદમાં બંને ભાષાઓના તરજૂમાઓ થાય છે. શાળામાં બે ય ભાષાઓનું ચલણ છે. અરે! બંને ભાષી શાળાઓને સો ટકા અનુદાન અપાય છે.

માત્ર ૮,૦૦૦ ચોરસ માઈલની ભૌગોલિક મર્યાદા ઈઝરાયલની છે. કદમાં કાઠિયાવાડથી ય નાનું રાજ્ય થયું. ચોતરફ સીમાડે આરબો ઊભા છે, છતાં અંદરના આરબો સાથે સારો વર્તાવ છે. આ આશ્ચર્યકારક ઘટના છે.

આ ધર્મ ૨-૩ હજાર વર્ષ જૂનો છે. મોઝેઝને બાળપણમાં નાઈલ નદીમાં વહાવી દીધો હતો. એ એક રાજકુમારીના હાથમાં જઈ ચડે છે. એ એનો ઉછેર કરે છે. મોટો થતાં એ એકાદ ખૂનમાં ફસાય છે અને ભાગી છૂટે છે. રસ્તામાં ઈશ્વરે આજ્ઞા આપી કે જા, તું ભાઈને છોડાવી લાવ. એ જાય છે. પણ એ reluctant prophet નીવડે છે. મોઝેઝ અને સહધર્મીઓને પેલેસ્ટાઈન તરફ ભાગવું પડે છે.

રોમન સામ્રાજ્ય સામે થયેલી ટકરામણમાં ઈરાની સમ્રાટે જેરુસલામ તોડી નાખ્યાનું પણ જાણીતું છે. આ યુદ્ધ ત્રણ વર્ષ ચાલ્યું હતું. પેલેસ્ટાઈનમાં અનેક લડાઈઓ થતી રહી હતી. પરિણામે યહૂદીઓ દુનિયા આખીમાં વેરવિખેર-આશરે બે'ક હજાર વર્ષથી થઈ ગયા હતા. સામાન્યપણે તો આવી પરિસ્થિતિમાં અન્ય પ્રજા ખલાસ થઈ જાય. નાની લઘુમતીમાં હોય તો હળીભળી જાય; કોણ જાણે પણ ઈઝરાયલનું રાજ સ્થપાયું ત્યાં પોતાનું વતન યાદ કરીને યહૂદીઓ ફરી પાછા ઊભા થયા. જગતના ખૂણેખૂણામાંથી બધા ઈઝરાયલમાં એકત્ર થઈ ગયા.

અંતિમ ફેંસલો લાવવા જર્મનીના હિટલરે સાઠથી સિત્તેર લાખ યહૂદીઓનું નિકંદન કાઢી નાખ્યું હતું. પણ યહૂદીઓ તો રહેવા પામ્યા અને હિટલરનો જ અંતિમ ફેંસલો થઈ ગયો!

જેરુસલામમાં પયગમ્બરનું નિવાસસ્થાન છે એને પ્રાર્થી, એના સોગંદ લઈ યહૂદીઓ એના માટે જીવવા અને મરવા તૈયાર હોય છે.

એ પ્રજામાં એક પ્રકારની વિશેષતા છે. ધર્મે શું કરવાનું છે? આફત આવે ત્યારે હિંમત એ આપે, ચડતી વખતે ચેતવણી આપે, પણ બધા ધર્મ આવું કહેતા નથી. ઉન્નતિ વખતે ધર્મ એવું કંઈક આપે કે જેથી નશો ન ચડે.

યહોવા(ઈશ્વર)એ એક જગ્યાએ કહ્યું છે કે તમને લોકોને મેં પસંદ કર્યા છે, કેમકે મેં તમારી નમ્રતા જોઈ છે. તમે લોકો તમારી ઉન્નતિ વખતે પણ પોતાની જાતને રજમાત્ર ગણો છો માટે હું તમને પસંદ કરું છું; જ્યારે બીજા લોકો મને ઉપર ચડાવી દે છે એટલું જ.

સામાન્યપણે બધા યહૂદીઓમાં સમજણ છે, અને એથી જ આરબો એમની વચ્ચે રહી શકે છે. આ યહૂદીઓનો ધર્મ છે.

ધર્મ બે પ્રકારના છે. એક છે પરલોકવાદી ધર્મ. એ પરલોકની ચિન્તા કરે છે. પરિણામે આલોક અને પરલોક વચ્ચે ખાઈ ઊભી થાય છે; અને બીજા વ્યક્તિગત ધર્મ એવા છે કે જે સેતુ થવા માગે છે.

યહૂદીઓના ધર્મમાં આલોક અને પરલોકના ધર્મ વચ્ચે, સમાજ અને ધર્મ વચ્ચે સેતુ બાંધવાનો પ્રયાસ છે. એમનો તો સાદો, સીધો, સરળ ધર્મ છે. ભક્તિ, સાધના એ ધર્મમાં છે. એમાં ઈઝરાયલીઓને જ સંબોધન છે. સમાજને ઊંચે લાવવાની વાત છે. સામૂહિક સાધનાની વાત છે. જે કંઈ સ્વીકાર્ય એ બધી વસ્તુ માટે આવી સાધનાની વાત છે. સામર્થ્ય પ્રાપ્ત થયું એ માટેની પણ એમાં વાત છે. એ પ્રજા એમ માને છે કે એમનો ભગવાન સાથે કરાર થયો છે.

યહૂદીઓએ નક્કી કર્યું કે ભગવાનને કોઈ આકાર નહીં, ભગવાન સિવાય બીજો કોઈ નહીં. Abstract thinking કરવાનો એમણે લાભ આપ્યો છે. આના કારણે તો મોટા મોટા વિચારકો, તત્ત્વવેત્તાઓ, વિજ્ઞાનીઓ યહૂદીઓમાં થયા છે. આનો વિકાસ પેઢીદરપેઢી થતો રહ્યો છે. યહૂદીઓનો પોતાના યહોવા માટે બીજો પાયો એ છે કે તે નીતિમત્તાથી બંધાયો છે. God is just. એ થયેલા કરાર અન્વયે ભગવાન આનાથી આઘોપાછો થઈ શકતો નથી.

યહૂદી માને છે કે ઈશ્વરે કરાર કર્યા છે, તો એ પાળવાને હું બંધાયેલો છું. હું તમને ટેકો આપીશ.

કોઈનો ય ડગલો સવારે લીધો હોય તો સાંજે પાછા આપવાની વાત પણ ધર્મના કરારમાં છે! ધર્મ કોઈ કિતાબી, પરલોકની ચીજ નથી. એ આ લોકની વાત છે. દયા ન કરો તો ઠીક પણ ન્યાય કરો. આ Just ધર્મ છે.

વળી આ ધર્મ યહૂદીઓને કહે છે કે તું તારા છોકરાને ભણાવજે અને ધંધે વળગાડજે, નહીં તો ચોર પેદા કર્યાનું પાપ તારે માથે આવશે. આવું કોઈ પણ ધર્મમાં જોવા ય પામવાના નથી.

તમારે તમારા પોતાના પૈસાથી જ કામ પાર પાડવાં. સામાજિક કાર્યો માટે રાજ પાસે જવું નહીં. આવું કંઈ કેટલુંય આ ધર્મમાં નિરૂપવામાં આવ્યું છે.

આ દેશમાં ભણ્યા વગરનાં છોકરાં જોવા મળશે નહીં. કોઈ પણ સાયનેગોગ (ધાર્મિક સ્થળ) શાળા વગરના જોવાય નહીં મળે. આટલી ભણેલી પ્રજા યુરોપમાં ય ક્યાંય નથી.

એમને ત્યાં ધર્મગુરુઓનું ચલણ નથી, માત્ર પૂજારીઓ જ છે. વળી ધર્મની વાત માત્ર પયગમ્બરને કરવાનો અધિકાર છે. આ એક ભારે મોટી વાત છે. જ્યારે આપણે ત્યાં ભારે વિપરીત પરિસ્થિતિ છે. અનેક દોષો પણ છે.

નાની ક્ષુદ્ર લઘુમતી હોવા છતાં અતિશય ઉદારચરિત વર્તાવ એમણે પરંપરાથી રાખ્યો છે.

મનુભાઈ પંચોળી–દર્શક

# વર્તમાન પેઢી–સમસ્યા

નીચેનાં ચાર અવતરણો જોઈએ:

૧. "આપણી યુવાન પેઢી મોજશોખમાં રાચે છે. તેમનામાં નથી શિસ્ત કે નથી વડીલો પ્રત્યે માન કે સદ્‌ભાવ. માબાપ સામા તેઓ થાય છે અને તેમને ગણકારતા નથી. આજની પ્રજા તો ખરી છે!" (ઈ. સ. પૂર્વે ૪૫૦ વર્ષ)

૨. "આજના યુવાનો જો આવતી કાલના નેતા બનવાના હોય તો મને આપણા દેશના ઉજ્જવળ ભાવિનાં કોઈ એંધાણ દેખાતાં નથી. ચલાવી ન લેવાય એવી આજનાં છોકરાંઓની વાતો ને રીતભાત છે." (ઈ. સ. પૂર્વે ૭૨૦ વર્ષ)

૩. "દુનિયાનું હવે ખરેખર આવી બન્યું છે. છોકરાંઓ માબાપના જરા પણ કહ્યામાં નથી. દુનિયાનો અંત હવે આઘો નથી." (ઈ. સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ)

૪. "તદ્દન આળસુ, અંદરથી મેલા અને ઊંડા આજકાલનાં છોકરાંઓ પહેલાંનાં છોકરાંઓ જેવાં કદી નહિ બની શકે! આ પ્રજા તે શું આપણી સંસ્કૃતિની રક્ષા કરી શકવાની? તોબા એમનાથી! (ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ)

આમાંના પહેલા ઉદ્‌ગાર સોક્રેટિસના છે; બીજા હેસિઓડના છે, ત્રીજા એક ઈજિપ્શિયન ધર્મગુરુના, અને છેલ્લા જૂના બેબિલોનમાંથી મળી આવેલા એક માટીના વાસણ પર કોતરાયેલા છે. ત્રણ હજાર વર્ષ જૂની આ વાણી છે.

આ ટીકાની સામે એમ કહી શકાય કે છેલ્લાં ત્રણ હજાર વર્ષો પર દૃષ્ટિપાત કરીએ તો જુવાન પેઢીએ કે સામાન્ય રીતે કોઈએ

એવી કશી જ વિશિષ્ટ સિદ્ધિને જાળવી રાખી નથી. આજે કોઈને પણ લાગ્યા સિવાય રહેતું નથી કે અત્યારની સંસ્કૃતિ અસહ્ય એવી વિકૃતિની હદે પહોંચી ગઈ છે; અને છતાંય આશા છે કે એટલું બગડી પણ ગયું નથી.

બીજી વાત એ ધ્યાનમાં લેવા જેવી છે કે વર્તમાન પેઢીના દોષો અને વિચિત્ર રીતભાત અંગે કંઈ પણ બળાપો કે ઊતરતા અભિપ્રાયો વ્યક્ત કરતા પહેલાં કોઈએ પણ થોડા થોભીને વિચાર કરવો ઘટે.

ત્રીજો મુદ્દો એ છે કે આ બધી ટીકા તે સમયનાં માબાપોની છે વીસમી સદીના મધ્યકાળે આ ટીકાને અજુગતી અને અર્થહીન સાબિત કરી આપી છે.

આ ટીકાના સંદર્ભમાં વિચાર કરતાં એમ કહી શકાય કે માણસ પાસે આજે વિપુલ રાક્ષસી સાધનસામગ્રી હોવા છતાં નૈતિક પતનને કારણે માનવતા જોખમમાં મુકાઈ ગઈ છે. વિજ્ઞાન વિષયક આપણી ચતુરાઈ અને જાણકારીએ ખરેખર આમાંથી બહાર આવવા આપણને અશકત કરી મૂકયા છે. આપણી પાસે વિજ્ઞાનના જાણકારો ભરપૂર છે, પરંતુ પ્રભુ સમીપ પહોંચેલા ઓલિયાઓ નહિવત્ છે. એટમ બૉમ્બેનાં રહસ્યો આપણે ઉકેલ્યાં છે પરંતુ અધ્યાત્મના ઉપદેશને તદ્દન નકારી કાઢયો છે. જન્મ-મરણના ભેદ ઉકેલવાના ખોટા ફાંફાં ને ફિકરમાં દિશાશૂન્ય બની આપણે અંધકારમાં અટવાયા કરીએ છીએ. માણસે ઊંડી સમજણ વગરની બુદ્ધિ અને મનોબળ વિનાની સત્તા જરૂર હાંસલ કરી છે. ભૌતિક સાધન-સગવડો ખડકીને વર્તમાન જગતને આપણે કદાવર બનાવ્યું છે, પરંતુ નીતિમત્તાની દૃષ્ટિએ આ દુનિયા હજી પારણામાં પોઢેલા બાળક જેવી જ છે! શાન્તિ કરતાં લડવા-ઝઘડવાની વાતો આપણે વધુ જાણીએ છીએ; જીવન કરતાં મરવાનું આપણને વધુ ફાવે છે. આ છે વીસમી સદીની પ્રગતિ, વિશિષ્ટતા!

આ ટીકા કઠે એવી તો છે, પરંતુ આવા ઝેરી વાતાવરણમાં આજની પ્રજાનો જન્મ થયો છે, અને આ પરિસ્થિતિને નજર સામે રાખી તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો છે.

બાળકોના જીવનમાં જેમનો મહત્ત્વનો હિસ્સો અને પ્રભાવ છે તે માબાપોની પ્રથમ વાત કરીએ. મોટા ભાગનાં માતાપિતા પોતે એટલાં શિક્ષિત કે અનુભવી ભલે ન હોય તો પણ સંતાનો પ્રત્યેની લાગણીના બળે તેમને સમજવા અને તેમના પ્રશ્નોનો ઉકેલ લાવવા ઉત્સુક દેખાય છે. એક પિતા અને શાળાના ડૉકટર તરીકે હું અનુભવ પરથી માનું છું કે છોકરાંઓ જે પ્રકારનું વર્તન કરે છે તેનું ઉદ્‌ભવસ્થાન ઘર છે. આ વાતને બીજી રીતે મૂકીને કહીશ: "છોકરાંઓમાં દેખાતી વાતો તેમનું પોતાનું સર્જન નથી, પરંતુ મોટેરાંઓનો પડઘો અને પ્રતિબિંબ છે. છાપાંઓની કૉલમમાં અને ટી. વી. પર રજૂઆત પામતી વાતો આખરે શું છે?' હું કરું છું તે તમે ન કરો, હું કહું છું તે તમે કરો' ના ઉપદેશપટ પર ઊપસેલી આ બધી ભાતો છે, વિવિધ આકારો છે. જો એમ ન હોય તો પરણીને છૂટાછેડા લેતાં, જાતીયતામાં રાચતાં, વચનો આપીને મોડે સુધી ઘરબહાર રહેનારાં વડીલો કઈ રીતે ઊછરતી પેઢીની ટીકા કરી શકશે? જાતીયતાનું અભદ્ર, અશ્લીલ પ્રદર્શન એ કેવળ યુવાનોની બદી નથી. વડીલો પણ કંઈ ઓછા જવાબદાર નથી. વર્તમાન સંસ્કૃતિને આ જોઈએ છે અને તે એણે મેળવ્યું છે. આલ્કોહોલ, ધ્રૂમ્રપાન, પીણાંઓની લત, નાચવું અને કૂદવું, એ વડીલોની પણ લીલા છે! જુવાનોને વગોવતાં પહેલાં થોભવું પડશે!

બાળકોની યોગ્ય સંભાળ માટે માબાપોમાં સમજણ હોવી એ અગત્યની બાબત છે. સંતાનોને પ્યારાં એવાં માતાપિતા છૂટાછેડા લે છે ત્યારે સંતાનો સાથેનો તેમનો સંબંધ નષ્ટ પામે છે. સુખી ઘરસંસાર આમાં રોળાઈ જાય ત્યારે બાળકોનું કોણ? તેમના ભવિષ્યનું શું? છૂટાછેડા મોટેરાંઓનું એક વિનાશક કદરૂપું પગલું છે અને છતાં ય આ વાત આજે સામાન્ય થઈ ગઈ છે અને તેના વધતા પ્રમાણને લીધે સંતાનોને માતાપિતાની સંયુકત હૂંફ મળી શકતી નથી. કૌટુમ્બિક ઐકય છિન્નભિન્ન થઈ જાય ત્યારે કોણ કોનું? સાથે હોઈએ તો જ કોઈ પણ સવાલનું નિરાકરણ આવી શકે છે.

કેટલાંક માબાપો એવાં છે જે પોતાનાં સંતાનો ખાતર સાથે રહે છે; કેટલાંક વળી એક જ ઘરમાં રહી શકવા અસમર્થ હોય છે, તો કેટલાંક તદ્દન ધડા વગરનું પોતામાં જ રાચતું જીવન ગાળતાં હોય છે. આનાથી તો બહેતર છે કે તેઓ સંતાનોના સુખને ખાતર અલગ થઈ જાય.

યુવાનોને ઘરમાં સંતોષ મળે એ જાતનું વાતાવરણ હોવું જોઈએ. સુખસગવડનાં સાધનો, મનોરંજન, ખાનપાન આદિ દરેક બાબતમાં નાનાં-મોટાં સૌની લાગણીનો વિચાર થવો ઘટે.

યુવાકાળ એ સાહસ અને અખતરાઓનો કાળ છે એ ઘણીવાર આપણે ભૂલી જઈએ છીએ. પરિણામે બદલાતી દુનિયા તરફ આપણે મોં મરડીએ છીએ. અમુક પ્રકારના પોશાકો પહેરવા, અમુક ઢબે વાળ હોળવા જોઈએ—આ બધી નવી પેઢીની – વડીલોની પણ – જે દુનિયા આપણને દેખાય છે તે આ જમાનાની જ નવાઈભરી વાત નથી; ફેશનમાં હેરફેર થતી જ આવી છે.

કેટલાક કિસ્સામાં યુવકોના લાંબા જાંઘરા જેવા લૂખાસૂખા વાળ, અસુઘડ દેખાવ, લઘરવઘર કપડાં એ બધું તેમના અજ્ઞાત મનમાં છુપાયેલા અસંતોષનું પણ પરિણામ હોય છે. તેમને ઠેકાણે લાવવા ઉતાવળા ન થતાં થોડો સમય એમની રીતે રહેવા દો. સમજણ આવતાં આપોઆપ તેઓ પોતાની કઢંગી રીતભાત છોડી સંસ્કારિતાને જરૂર અપનાવશે. બાળકોના જીવનઘડતરમાં માબાપની સહિષ્ણુતા ઘણો મોટો ભાગ ભજવે છે.

માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધો સુમેળભર્યા બને એ આ લખાણનો ઉદ્દેશ છે. તમારાં લાડકવાયાં તમારી જ સામે પીઠ ફેરવી બેસે ત્યારે એવું તે તમે શું એમનું બગાડયું છે એ નિરાશા તમને જરૂર કોરી ખાય છે. પરંતુ ઉદાસ ન બનતાં મક્કમ અને સ્નેહાળ બની રહી આ આંધીમાંથી પસાર થઈ જાવ. છોકરાંઓને તમારી જરૂર નથી એમ તમને લાગે છે ત્યારે જ તેમને તમારી ખરેખર જરૂર હોય છે. તેમના લાંબા વાળ અને કાબર-ચીતરાં કપડાંનો બહુ વિચાર ન કરો. વિશ્વાસ કેળવો કે ઊછરતી પેઢીમાં જે બધું તમને દેખાય છે તે તો મર્યાદિત તબક્કા પૂરતી તેમની માનસિક અવસ્થા છે.

આટલી સમજણ કેળવશો તો તમારાથી દૂર થઈ ગયેલાં સંતાનો પાછાં તમારાં જ બની રહેશે. પરંતુ ત્યાં સુધી બંને પક્ષે કટોકટી રહેવાની. મારી વાત કેટલાકને ન પણ ગમે, પરંતુ વીસ વર્ષથી સંખ્યાબંધ માબાપો અને તેમનાં સંતાનો વચ્ચે હું રહ્યો છું અને બંનેને માર્ગદર્શન આપતો આવ્યો છું.

ખલિલ જિબ્રાને 'પ્રોફેટ' માં કહ્યું છે:

તમારાં બાળકો એ કેવળ તમારાં જ નથી.

ભાવિએ પોતે આંકેલી તેઓ આશા છે, યોજના છે. તમે તેમના જન્મદાતા છો, સર્વ કંઈ નથી.

સાથે રહેવા છતાં તેમના સમગ્ર અસ્તિત્વ પર તમારું આધિપત્ય નથી.

તમારો પ્રેમ તેમને આપો, વિચારો નહિ.

કારણ કે, તેમને પણ તેમના વિચારો અને દૃષ્ટિબિંદુઓ છે. તેમના બાહ્ય અસ્તિત્વ પર તમારી હકૂમત હોઈ શકે, આંતરિક અવસ્થા પર હરગિઝ નહિ.

કારણ કે ભાવિના ગર્ભમાં તેમનો આત્મા વિલસતો હોય છે, જેને તમે સ્વપ્ને પણ નહિ આંબી શકો.

તમારા જેવાં તેઓ નહિ બની શકે, કારણ કે જિંદગીને ગઈ કાલ સાથે કશી જ લેવાદેવા નથી.

અંતમાં જી. કે. ચેસ્ટરટનના શબ્દો ટાંકીશ: "મને ખરેખર જો કોઈ સમજી શકયું હોય તો તે કેવળ મારો દરજી છે. દરેક વખતે તેણે મારું નવેસરથી માપ લીધું છે. જુવાનો સાથે કામ લેતાં પણ હું સૌને ભલામણ કરીશ કે પુત્રો, પુત્રી, વિદ્યાર્થી, દરદી કે કોઈ પણ સ્વરૂપે તેઓ તમારી પાસે આવે ત્યારે દરેક વખતે તેમને નવેસરથી સમજવા કોશિશ કરો."

અનુવાદક: શારદાબહેન બાબુભાઈ શાહ

મૂળ અંગ્રેજી: રોનાલ્ડ ગિબ્સન

['બ્રિટિશ મેડિકલ જર્નલ'માંથી સાભાર]

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧, ૧૯૭૪ સોમવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ધર્મ અને પુણ્ય

જૈન ધર્મની આ અદ્‌ભુત ચિંતનપ્રણાલીને સારી રીતે સમજી લો તો તમને ધર્મ અને પુણ્યનું અંતર સ્પષ્ટ રીતે સમજાઈ જશે. બહારની જેટલી પણ ક્રિયાઓ છે તેમાં–ધર્મ અને પુણ્યમાં–કાંઈ ફેર નથી. સ્થૂલ દૃષ્ટિવાળાને ધર્મની ક્રિયાઓ અને પુણ્યની ક્રિયાઓ જુદી જુદી લાગે છે, પરંતુ ખરેખર તે જુદી જુદી નથી જ. જે ક્રિયા દાનની છે, જે શીલની છે, જે તપ અને ત્યાગની છે, જે સામાયિક, વ્રતાચરણ, પ્રત્યાખ્યાન વગેરેની જે ક્રિયાઓ ધર્મની છે, એ બધી જ ક્રિયાઓ પુણ્યની પણ છે. ભાવાર્થ એ છે કે જેટલી પણ બહારની ક્રિયાઓ છે, તે ધર્મ અને પુણ્યની એક્સરખી જ છે. ફરક માત્ર ભાવનાનો જ છે. બાહ્ય ક્રિયાઓ કે સાધના કરતાં કરતાં જો આત્મા નિષ્કામ થઈ રહ્યો હોય, અથવા તેમાં વીતરાગભાવ જાગ્રત થઈ રહ્યો હોય, જે કોઈ ક્રિયા અથવા સાધના સાધક કરી રહ્યો હોય, તેની પાછળ સંસારની કોઈ પણ કામના અથવા બીજી કોઈ સૂક્ષ્મ વાસના તેના મનમાં રહી ન હોય અને નિષ્કામભાવથી બધી જ ક્રિયાઓ કે સાધના ચાલી રહી હોય, તો તે સઘળું ધર્મના ડાયરામાં ચાલી જશે. આ સાધના અથવા ક્રિયાથી કર્મબંધન તૂટશે, નિર્જરા થશે અને તે મુક્તિનું કારણ બનશે. પરન્તુ જ્યારે કોઈ પણ પવિત્ર ધર્મકરણી અથવા બાહ્ય ક્રિયામાં કે સાધનામાં સંસારની કોઈ લૌકિક કામના હોય, અહમ્ ભાવના હોય–પછી ભલે ને તે સૂક્ષ્મ રૂપની જ કેમ ન હોય–તેને સારી રીતે સાફ કરવામાં ન આવે તો તે જે કંઈ પણ રાગ વગેરેનો વિકારનો અંશ છે તે પુણ્ય બનશે. નિષ્કર્ષ એ છે કે જો તમે દાન, શીલ, તપ અને વ્રતનું આચરણ તથા ધાર્મિક ક્રિયાકાંડ વગેરે કોઈ પણ કામના, ઈચ્છા, તમન્ના કે નામનાની દૃષ્ટિએ નહીં, પરન્તુ નિષ્કામભાવથી કરતા હો, તમારી ભીતરમાં–તમારામાં–એક જ લક્ષ્ય હોય કે આ આત્મામાં પરમાત્મશક્તિ જગાડીએ, આત્મશુદ્ધિદ્વારા આત્મકલ્યાણ કરીએ, અને કોઈ ભૌતિક વસ્તુ આપણા મનના કોઈ ખૂણેખાંચરે ન હોય તો તે આચરણ કે ક્રિયાકાંડ એ ધર્મનું જ રૂપ લેશે, તે જ આપણી બંધનમુક્તિનું કારણ બનશે. સંસારનાં બંધનોથી આપણે મુક્ત થઈ એક દિવસ પરમાત્માસ્વરૂપને પ્રાપ્ત કરી લેશું. પરન્તુ જો તમારા મનમાં એ જ દાન વગેરેનાં આચરણો અથવા ક્રિયાકાંડોની પાછળ જરા અંશે પણ રાગ હોય, કોઈ ઈચ્છા કે તમન્ના મનના ખૂણામાં ભરાઈ રહી હોય તો તે સઘળું ધર્મનો અંશ ન બનતાં પુણ્યનો અંશ બનશે. પુણ્યનો અંશ બનશે–એનો અર્થ એ જ છે કે તે ક્રિયા અથવા દાન, શીલ, તપ વગેરેનું આચરણ આપણને ભૌતિક ઐશ્વર્યની તરફ લઈ જશે. પછી ભલે તે સ્વર્ગમાં લઈ જાય, ચક્રવર્તીપદ પર લઈ જાય, પરન્તુ તે પદ શુદ્ધ નહીં હોય, તે નિર્મલ કે નિષ્કલંક નહીં હોય, તેની અંદર ભારોભાર મેલ હશે. કદાચ એ મેલ તમને એક દિવસ પાપની ગર્તામાં લઈ જશે કે ભટકાવશે અથવા તમને તે જ પદ પર લઈ જઈને સંસારમાં ભટકાવશે.

**"ધર્મનો નિર્ધૂમ દીવો આત્મામાં પ્રગટાવો"**

આ દૃષ્ટિએ ધર્મક્રિયા અથવા વ્રતાચરણ કરતાં સંયમ–સાધકે ભૌતિક ઐશ્વર્ય કે કામનાઓને કોઈ પણ સ્થાન ન આપવું જોઈએ. તે ન મળે અથવા મળવાની સંભાવના હોવા છતાં તેનાથી પીઠ ફેરવીને તેને બાજુ પર ખસેડી દેતાં તે બધું તુચ્છ થતું જશે. આચાર્યોએ આ દિશામાં સુંદર સંકેત કર્યો છે કે જ્યારે સાધક પોતાના અંતરાત્મામાં ધર્મના નિર્મળ ભાવ જગાડશે ત્યારે તેને સંસારના ભૌતિક પદાર્થ કે ઐશ્વર્ય નિતાંત તુચ્છ લાગશે. આ અદ્‌ભુત ધર્મકલાને પ્રાપ્ત કરવા માટે તમને કોઈ ભૌતિક સાધન, ધનવૈભવ કે ઐશ્વર્યની જરૂર નહીં પડે. જરૂર છે એક માત્ર ધર્મનો ધૂમ્ર વગરનો - નિર્ધૂમ–દીવો, જે અખંડિત રીતે પ્રગટાવેલો છે. એવો દીવો, જેના માટે ન જોઈએ વાટો, ન જોઈએ તેલ કે ન દીવાસળી, અને ન જોઈએ માટી કે સોનું, જેમાંથી એનો ઘાટ બનાવી શકાય. માટી કે અન્ય ધાતુના દીવાથી જ્યોત જરૂર ઉત્પન્ન થશે, પણ તેમાંથી નીકળશે માત્ર ધુમાડો અને ફેલાશે કાલિમા. જ્યારે આત્મામાં ધર્મનો દીવો પ્રગટાવવાથી પ્રકાશ જ પ્રકાશ થશે. તેમાંથી વાસના - કામનાનો ધુમાડો નહીં નીકળે, તે ક્યારેય ઓલવાશે જ નહીં. માટે જ આત્મામાં ધર્મનો નિર્ધૂમ - ધુમાડા વગરનો - દીવો પ્રગટાવો અને તેનાથી જ કલ્યાણ થશે.

મૂળ હિંદી
**ઉપાધ્યાય કવિ અમરમુનિ**

અનુવાદક:
**શ્રીમતી રંજન હેમેન્દ્ર નંદુ**

☆

**નોંધ :** ઉપાધ્યાય કવિ અમરમુનિના જે લેખમાંથી ઉપરનો ભાગ લીધો છે તેમાં તેમણે પ્રથમ ધર્મ અને પુણ્યના સ્વરૂપનું અંતર સમજાવ્યું છે. આત્માની દૃષ્ટિ બહિર્મુખી અને અન્તર્મુખી હોય છે. બહિર્મુખી દૃષ્ટિ પાપની હોય કે પુણ્યની હોય, વાસનાઓ અને કામનાઓ-હિંસા કોધ, વૈર વગેરે-પાપનો વિકલ્પ છે; યશ, પ્રતિષ્ઠા, ઐશ્વર્ય, સ્વસ્થ શરીર, સુબુદ્ધિ પુણ્યનો વિકલ્પ છે. અન્તર્મુખી દૃષ્ટિમાં આત્માના શુદ્ધ સ્વરૂપને પામવાનું છે. કવિશ્રી અમરમુનિ કહે છે, ધર્મ આત્માની શુદ્ધ મૂલ સ્થિતિ છે, પુણ્ય આત્માની બાહ્ય વિકૃત સ્થિતિ છે, પાપનું પરિણામ નરક અથવા તેનાં દુ:ખો છે, તો પુણ્યનું પરિણામ સ્વર્ગ, સંપત્તિ અથવા તેનાં સુખો છે. પણ બન્ને કર્મ-બંધ છે, ધર્મ નથી. ધર્મ આત્માને બંધનથી મુક્તિ આપે છે, આત્માના સ્વરૂપને વિકૃત કરવાવાળા રાગ - દ્વેષ, કામ - કોધથી મુક્તિ આપે છે, નિષ્કામ અને વીતરાગી બનાવે છે. પુણ્ય, સુખ - સંપત્તિ આપે પણ કર્મથી મુક્તિ નહિ. બધી શુભ પ્રવૃત્તિથી પુણ્ય છે.

આવો ભેદ બતાવ્યા પછી કહે છે (લેખના ઉપર આપેલ

ભાગમાં) કે બહારની જેટલી ક્રિયાઓ છે તેમાં ધર્મ અને પુણ્યમાં કાંઈ અંતર નથી. સ્થૂલ દૃષ્ટિવાળાને ધર્મની ક્રિયાઓ અને પુણ્યની ક્રિયાઓ અલગ અલગ લાગે છે, પણ તે અલગ અલગ નથી, ફરક માત્ર ભાવનાનો છે. દાન, શીલ, તપ, વ્રત વગેરે ક્રિયાઓ કરતાં કરતાં આત્મા નિષ્કામ થતો જાય, વીતરાગભાવ કેળવાય, તો કર્મબંધ તૂટે છે, નિર્જરા થાય છે, મુક્તિનું કારણ બને છે.

આ બન્ને વાતો કેટલેક દરજ્જે પરસ્પરવિરોધી છે. પહેલી દૃષ્ટિ હું સમજું છું ત્યાં સુધી મૂલ જૈન દર્શનની છે. બીજી દૃષ્ટિ કવિ અમરમુનિના મતે વર્તમાન યુગમાં જૈન ધર્મનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે છે. જૈન દર્શનની મૂલ દૃષ્ટિનો આવી રીતે વિકાસ થવો જોઈએ એવી ભાવના તેમાં અંતર્ગત છે. બીજી દૃષ્ટિ ખરી રીતે ગીતાના કર્મયોગની છે.

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬ જૂનના અંકમાં શ્રી દલસુખભાઈ માલવણિયાનો નિશ્ચય અને વ્યવહાર, પુણ્ય અને પાપ વિષે લેખ છે. તેમાં જૈન દર્શનમાં ક્રમિક વિકાસ કેમ થયો છે અને કયાં અટકી પડયો છે તે સરસ રીતે બતાવ્યું છે. મારી વિનંતિથી તેમણે તે લેખ લખ્યો છે. તેમાં જૈન દર્શનની મૂળ માન્યતા બતાવી છે. જૈન આગમોમાં કર્મના પુણ્ય કે પાપ અથવા શુભ - અશુભ એવા કોઈ ભેદો હતા નહિ. જે કાંઈ કર્મ છે - પ્રવૃત્તિ છે - તે અશુભ જ છે, અહિતકર છે, મોક્ષમાં બાધક છે. માટે કર્મથી છુટકારો મેળવો અને મોક્ષ પામો. જૈન ધર્મની પ્રથમ ભૂમિકામાં શ્રામણ્યનું જ મહત્ત્વ હતું, ગૃહસ્થાશ્રમ તો પાપની ખાણ જ છે – આ ઉપદેશ ઉપર ભાર હતો. ક્રમે કરી અણગાર અને સાગાર ધર્મ એમ ધર્મના બે પ્રકાર ઊભા થયા, તે સાથે શ્રમણો અને શ્રમણોપાસક વર્ગો સ્વીકાર્યા, મહાવ્રતો અને અણુવ્રતો થયા. પણ અણુવ્રત આંશિક વ્રત જ છે, તેમાં શુભ પ્રવૃત્તિની વાત નથી. ત્યાં પણ આંશિક નિવૃત્તિની જ વાત છે. પછીના કાળે વ્રતો ઉપરાંત શુભ પ્રવૃત્તિ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં દાન અને બીજાં પારમાર્થિક કાર્યોનો સમાવેશ થાય છે. ત્યાં પણ, મંદિરો અને ઉપાશ્રયો, શ્રમણોની ઉપાસના, વગેરે ઉપર ભાર છે. તેથી તેરાપંથમાં અસંયતી ને દાન, પાપ મનાયું છે. ગૃહસ્થો અસંયતી છે. અમુક વર્ગમાં શ્રાવકોને સહાય અથવા સાધર્મિક વાત્સલ્યને આગળ કરવામાં આવ્યું. પણ સામાજિક કલ્યાણની બધી પ્રવૃત્તિઓ, લોકસંગ્રહ, ત્યાં સુધી પહોંચ્યાં નહિ. તેવું જ અહિંસા વિષે. સર્વભૂત પ્રત્યે કરુણા કરવી એટલે તેમની હિંસા ન કરવી એ પ્રથમ ભૂમિકા હતી. તેરાપંથની અને બીજા જૈન ફિરકાઓમાં પણ કેટલેક અંશે હજી આ જ ભૂમિકા છે. અહિંસા એટલે કષ્ટમાંથી બચાવવા, સક્રિય કરુણા, શ્રમણો કરી શકતા નથી એટલે શ્રાવકને તેનો ઉપદેશ કયાંથી આપે? માટે આવી પારમાર્થિક પ્રવૃત્તિઓથી પુણ્ય છે, તે કર્મબંધ છે, સોનાની બેડી છે, તે મૂલ ભાવ ગયો નથી. તેરાપંથ આ ભાવની અંતિમ કોટિ છે. પણ જૈનોના બધા સાધુ - સાધ્વીઓમાં વધતેઓછે અંશે આ ભાવ અને ઉપદેશ ચાલુ છે.

કાનજી સ્વામી જેવા જપ, તપ, વ્રતની ક્રિયાઓની નિરર્થકતા બતાવે અને શુભ પ્રવૃત્તિઓથી પુણ્ય અને કર્મબંધ છે એમ કહે, તેરાપંથ, રામવિજયસૂરિ અને બીજા સાધુઓ–સાધ્વીઓ જપ, તપ, વ્રતની ક્રિયાઓનું સમર્થન કરે, પણ પારમાર્થિક સમાજ-કલ્યાણની પ્રવૃત્તિઓને બંધનું કારણ બતાવે - ભલે સોનાની બેડી કહે, – જ્યારે કવિ અમરમુનિ કહે કે ધર્મ અને પુણ્યની બાહ્ય ક્રિયાઓમાં કાંઈ ફરક નથી, ફરક માત્ર ભાવનાનો છે, ત્યારે જૈન દર્શનની સાચી સમજણ અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે તેમાં પરિવર્તન કે વિકાસનો વિચાર કરવો જોઈએ. મારા એક મિત્ર છે. દર વર્ષે લાખો રૂપિયાનું દાન આપે છે. એક દિવસ મને કહે, ચીમનભાઈ, આ બધી સોનાની બેડી જ છે ને? મેં કહ્યું, દાન પરિગ્રહનું પ્રાયશ્ચિત્ત છે, નિર્જરાનું કારણ થઈ શકે, ત્યારે તેમને આનંદ અને આશ્ચર્ય થયું.

શ્રી દલસુખભાઈએ તેમના લેખના અંત ભાગમાં ક્રમિક આધ્યાત્મિક વિકાસનો ઉલ્લેખ કર્યો છે. ક્રમિક વિકાસની સાધનામાં વ્યવહાર અત્યંત જરૂરી છે. વ્યવહારમાં મૂર્છાત્યાગ અત્યંત જરૂરી છે. એ ક્રમે કરી બને. ઠેકડો મારવાથી બનતું નથી. તેમ કરતાં બન્ને બગડે. મોક્ષધર્મ અને વ્યવહારધર્મ, ધર્મ અને પુણ્ય આ બધાના એવા ભેદ પાડીએ કે રેલવેના સમાન્તર પાટા પેઠે કયાંય ભેગા જ ન થાય તો બેમાંથી એક પણ પ્રાપ્ત ન થાય. વ્યવહારની પ્રત્યેક ક્રિયામાં ધર્મ ગૂંથાઈ જવો જોઈએ.

આપણે માનીએ છીએ કે સમ્યક્ દર્શન વિના સમ્યક્ જ્ઞાન કે સમ્યક્ ચારિત્ર ન આવે. પણ સમ્યક્ દર્શનની સાધના શું? અનુકંપા, પ્રશમ, સંવેગ, સમ્યક્ દર્શન માટે જરૂરી છે. આ માત્ર કહેવાથી આવતાં નથી, તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. એટલે કે સમ્યક્ ચારિત્રના માર્ગે જવાનો પ્રયત્ન કરવો જોઈએ. પારમાર્થિક પ્રવૃત્તિ એક એવો માર્ગ છે. તેમાં સ્વાર્થ, અહંભાવ, રાગદ્વેષ, પરિગ્રહમૂર્છા, કાંઈક ઓછાં થાય છે. આ દીર્ઘકાલની સાધના છે. આમ સદ્પ્રવૃત્તિથી પુણ્ય થાય, માટે કર્મબંધ છે એમ કહી તેનો નિષેધ સાચો માર્ગ નથી. કવિ અમરમુનિએ કહ્યું છે કે, ધર્મ અને પુણ્યની બાહ્ય ક્રિયાઓમાં ફરક માત્ર ભાવનાનો છે. આવી નિષ્કામ ભાવના કેળવવા એવાં કાર્ય કરવાં જોઈએ, તો ક્રમે ક્રમે એવી ભાવના કેળવાય. સાગરકાંઠે ઊભો રહી માણસ કહે, પોતે તરતા શીખી ગયો છે, એમ કહો, સાગર તરાતો નથી. સંસારસાગરનું પણ એમ જ છે.

મારી એવી નમ્ર માન્યતા છે કે કેટલીક સદીઓથી જૈન દર્શનનો વિકાસ અટકી પડયો છે, સ્થગિત થયો છે. એનું એક કારણ એ પણ હોય કે આગમો - શાસ્ત્રો - ને સર્વજ્ઞની વાણી કહી એટલે તે અંતિમ છે અને તેને વિષે કાંઈ વિશેષ કે સ્વતંત્ર વિચાર કરવો તે મિથ્યાત્વ માન્યું. શાસ્ત્રોને નામે કાંઈક ચાલે છે. ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ આવે છે. શાસ્ત્રોને નામે તેનો વિરોધ થાય છે. તે મોક્ષમાર્ગ નથી. છાપાંઓમાં પાનાંઓ ભરી જાહેરખબરો આવે છે. તેનો જવાબ આપીએ તો તે છાપાંઓ, જાહેરખબર રૂપે ન આપો તો છાપતાં નથી. પોતે સ્વતંત્રપણે વિચાર કર્યો ન હોય તો, શાસ્ત્રને નામે સાધુ કહે તે સ્વીકારવા સિવાય કોઈ માર્ગ ન રહે.

સામાન્ય માણસે, અંતિમ સાધ્ય શું છે, તેના કરતાં તે સાધ્યને પહોંચવાની સાધનાનો મુખ્યપણે વિચાર કરવો જોઈએ. કેવલજ્ઞાન, મોક્ષ, આત્માનો શુદ્ધ સ્વભાવ, આવી સ્થિતિનો જેને અનુભવ નથી તેણે, એવી સ્થિતિ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ તેમાં જ લક્ષ રાખવું એ મુમુક્ષુનું લક્ષણ છે.

મોક્ષ અથવા કેવળજ્ઞાન એટલે આત્માના શુદ્ધ સ્વરૂપને પામવું. આત્મા કર્મમલના થરોથી આચ્છાદિત છે. કર્મમલનું કારણ રાગદ્વેષ અને કષાયો છે. તેથી કષાય કેમ ઓછા થાય કે પાતળા પડે એની પ્રતિક્ષણ જાગૃતિ આધ્યાત્મિક સાધના છે. આ સાધના અતિ કઠિન છે અને દીર્ઘકાલ કરવી પડે છે. જીવનના વ્યવહારમાં ડગલેપગલે તે દેખાવી જોઈએ. માણસ જેટલે દરજ્જે અહંભાવ ઓછો કરે, બીજા સાથે તાદાત્મ્ય સાધે, બીજાના દુઃખનું સંવેદન કરે, તેટલો આ માર્ગે આગળ વધે છે. ધર્મ અને વ્યવહાર જુદા પાડવાથી આ બનતું નથી. દરેક પ્રવૃત્તિમાં ઓછેવત્તે અંશે હિંસા અને રાગદ્વેષ રહેલાં જ છે. પ્રવૃત્તિથી ભાગી જવાથી અંતરના કષાય ઘટતા નથી. તેને વિશુદ્ધ કરવામાં સાધનાની કસોટી છે.

તા. ૨૩-૬-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

### પ્રેસિડેન્ટ નિક્સન અને ડૉ. કિસિન્જર

પ્રેસિડન્ટ નિક્સનના સડેલા તંત્રને ટકાવી રાખવામાં કોઈ એક વ્યકિતએ સૌથી વધારે ફાળો આપ્યો હોય તો તે ડૉ. કિસિન્જર છે. વિદેશ-નીતિમાં તેમને અદ્‌ભુત સફળતા મળી છે. પ્રેસિડન્ટ નિક્સને કોઈ એક સારું કામ કર્યું હોય તો તે ડૉ. કિસિન્જરની વિદેશમંત્રી તરીકેની નિમણૂકનું છે. અમેરિકાની વિદેશનીતિમાં ધરમૂળનો ફેરફાર તેમને આભારી છે. ચીન અને પછી રશિયા સાથે, વર્ષોના વેર પછી, સહકારનું વાતાવરણ ઊભું કર્યું. રશિયા અને ચીનના પરસ્પર વિરોધ છતાં, બન્ને સાથે સંબંધો સારા કર્યા. વિયેટનામમાંથી અમેરિકાને છોડાવ્યું; મધ્યપૂર્વમાં ઈજિપ્ત, સીરિયા અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ-વિરામ કરાવ્યો અને કદાચ આ પ્રદેશમાં કાયમની શાંતિ સ્થપાય તેવી આશા બંધાઈ. આવી વ્યકિત સામે અચાનક અમેરિકામાં વિરોધનો વંટોળ જાગે, એટલી હદ સુધી કે કિસિન્જર જેવી વ્યકિત, ખૂબ અકળાઈને, રાજીનામું આપવાની ધમકી આપે ત્યારે આપણને આશ્ચર્ય થાય. વૉટરગેટ પ્રકરણે અમેરિકાના જાહેર જીવનમાં એટલું બધું ઝેર પ્રસરાવ્યું છે કે તેની સાથે જરા પણ જેને સંબંધ હોય તેવી વ્યકિત, ગમે તેવી મહાન હોય તો પણ, અમેરિકન પ્રજાને અસ્વીકાર્ય છે. નિક્સનના નિકટના બધા સાથીઓ તેના ભોગ બન્યા છે. એક કિસિન્જર તેમાંથી બચ્યા હતા. વાયરટેપિંગ અથવા જાસૂસી સાથે તેમને કોઈ સંબંધ ન હતો એવી જુબાની, વિદેશમંત્રી તરીકે તેમની નિમણૂક મંજૂર થઈ ત્યારે, તેમણે સેનેટ કમિટી સમક્ષ આપી હતી. હવે કેટલીક માહિતી બહાર આવી છે, જે પરથી એમ કહેવામાં આવે છે કે કેટલુંક વાયરટેપિંગ અને જાસૂસી તેમની સૂચનાથી થયું હતું. આ માહિતીથી અમેરિકન પ્રેસ ડૉ. કિસિન્જર ઉપર તૂટી પડયું છે. પણ આશ્ચર્યજનક ઘટના તો એ છે કે આવી અફવાઓ નિક્સનના નજીકના માણસોએ ઈરાદાપૂર્વક પ્રસરાવી છે એમ વહેમ જાય છે. ડૉ. કિસિન્જરે સેનેટ કમિટીને વિનતિ કરી છે કે કમિટી ફરી તેમની જુબાની લે અને જે કાંઈ તપાસ કરવી હોય તે કરે અને તેમના ઉપર આરોપ મૂકવામાં આવે છે તેનો નિર્ણય કરે. સેનેટ કમિટીએ આ વિનતિ માન્ય રાખી છે.

આ ઘટનાનાં સારાં અને નરસાં બન્ને પાસાં છે. નરસું પાસું એ છે કે અમેરિકાનું જાહેર જીવન એટલું નીચી કક્ષાએ ઊતર્યું છે કે કોઈની પ્રામાણિકતામાં વિશ્વાસ રહ્યો નથી. પોતાની અત્યંત નિકટની વ્યકિતઓ સાથે વાતચીત થાય તે બધાનું વાયર-ટેપિંગ થાય તે બતાવે છે કે કોઈને પરસ્પરનો વિશ્વાસ નથી. એવા સંજોગોમાં મુકત મને વાત પણ કેમ થાય?

બીજી બાજુ, અમેરિકન પ્રેસની નીડરતા છે. કોઈ પણ વ્યકિતની શેહમાં તણાયા વિના, અનિષ્ટો ઉઘાડાં પાડવાં એ મોટું કામ છે. આમાં કાંઈક વધારે પડતું થાય છે એવું કોઈ વખત લાગે. પણ આવી બાબતમાં ભયથી દબાઈ જાય તેના કરતાં કાંઈક અતિરેક થતો હોય તે સહી લેવા જેવો છે. ઉચ્ચ સ્થાને બેઠેલી અને ખાસ કરીને રાજદ્વારી વ્યકિતઓ સતત ચેતતી રહે તે જરૂરનું છે.

### કૉંગ્રેસ અને સામ્યવાદી પક્ષ

૧૯૬૯માં કૉંગ્રેસમાં ફૂટ પડી અને ઈંદિરા ગાંધીની લોક-સભામાં પાતળી બહુમતી રહી ત્યારથી સામ્યવાદી પક્ષ કેન્દ્રમાં અને રાજ્યોમાં કૉંગ્રેસને ટેકો આપતો રહ્યો છે. એટલી હદ સુધી કે સામ્ય-વાદીઓ સારી સંખ્યામાં કૉંગ્રેસમાં દાખલ થયા અને કૉંગ્રેસને ડાબી બાજુ ખેંચવામાં સારી લાગવગ ધરાવતા થયા. કેરળમાં અને પશ્ચિમ બંગાળમાં કૉંગ્રેસ અને સામ્યવાદીઓનાં સંયુકત મંત્રી-મંડળો થયાં. ઉત્તર પ્રદેશ અને ઓરિસાની તાજેતરની ચૂંટણીઓ પછી, સામ્યવાદી પક્ષના ટેકાથી કૉંગ્રેસ સત્તા પર છે. બિહારમાં જયપ્રકાશના આંદોલનના વિરોધની આગેવાની સામ્યવાદી પક્ષે લીધી. રેલવે હડતાળમાં, મજૂરો ઉપરનો પોતાનો કાબૂ ન જાય તે માટે તેમાં સામેલ થયા, પણ હડતાળને તોડવામાં કૉંગ્રેસ સરકારને મદદ કરી. ભારતનો સામ્યવાદી પક્ષ રશિયાના આદેશ મુજબ વર્તે છે તે સુવિદિત હકીકત છે. ઈન્દિરા ગાંધીની આગેવાની નીચે કૉંગ્રેસ સત્તા પર રહે તેમ રશિયા ઈચ્છે છે. પણ હવે કાંઈક પવન બદલાતો હોય તેમ લાગે છે. છેલ્લા ૯ મહિનામાં ઈન્દિરા ગાંધીએ આર્થિક નીતિ બદલાવી છે. ચોખાનો વેપાર સરકાર હસ્તક લેવાનું છોડી દીધું. ઘઉંનો વેપાર વેપારીઓને પાછો સોંપ્યો. મજૂરો અને અન્ય કર્મચારીઓ સાથે સખત હાથે કામ લેવું શરૂ કર્યું. ખાનગી ક્ષેત્રને એકંદરે વધારે છૂટછાટ મળતી થઈ છે. રાષ્ટ્રીયકરણ સ્થંભિત કર્યું છે. એકંદરે ડાબેરી ઉદ્‌ામ વલણ ઓછું કરી, મધ્યમમાર્ગી અથવા જમણેરી વલણ લેતા જાય છે. આ બધું સામ્યવાદી પક્ષને પોસાય તેવું નથી. તેથી તેના વલણમાં પણ ફેરફાર થતો જણાય છે. પશ્ચિમ બંગાળમાં સંયુકત મંત્રીમંડળમાંથી છૂટા થયા. કૉંગ્રેસ સાથે છૂટા-છેડા કરશે? હજી તેવું લાગતું નથી. રશિયાની એવી ઈચ્છા નથી એટલે સામ્યવાદી પક્ષનું સંદિગ્ધ વલણ રહેશે એમ જણાય છે. ઈન્દિરા ગાંધી સામ્યવાદી નથી અને તે પક્ષના ટેકા વિના સત્તા પર રહી શકાતું હોય તો તે પક્ષને ખંખેરી નાખવા તૈયાર છે એમ લાગે. આર્થિક કટોકટી એટલી ગંભીર છે કે તેને હળવી કરવા, જે કાંઈ પગલાં લેવાં પડે તે લેશે. તેમાં કોઈ સિદ્ધાંતને વળગી રહે તેમ નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# વાત વિચારની....

મનુષ્યનું અન્ય જીવસૃષ્ટિ કરતાં ઉચ્ચ સ્થાન માત્ર તેની વિચાર શકિતને કારણે જ છે.

વિચારથી તે બ્રહ્માંડના પ્રત્યેક અંશ સાથે જોડાયેલો રહે છે. જુદી જુદી જગ્યાએ રહેતી વ્યકિતઓ, પરસ્પર પ્રત્યક્ષ પરિચય ન હોવા છતાં, પોતપોતાના વિષયના વિચારોની આપ-લેથી ભાઈચારો અનુભવી શકે છે.

વિચારની પણ જવલંત ક્ષણો હોય છે. ટબમાં વસ્ત્રહીન બનીને નાહતા આર્કિમિડીઝે, મસ્તક પર સફરજન પડયું ત્યારે ન્યુટને, કે લેબો-રેટરીમાં પ્રયોગ કરતાં માદામ કયૂરીએ અનુભવેલી વિચારની આવી જવલંત ક્ષણો ઐતિહાસિક બની ગઈ છે.

વિચારને પગ પણ હોય છે! કેટલીક વાર બે વ્યકિતઓને એક સરખા વિચારો આવે છે અને જ્યારે બન્નેને ખબર પડે ત્યારે તેઓ આશ્ચર્ય અનુભવે છે! નેપ્ચ્યુન ગ્રહની શોધનો વિચાર ફ્રેન્ચ વૈજ્ઞાનિક લાવેરિયર અને અંગ્રેજ વૈજ્ઞાનિક એડમને લગભગ એક જ વખતે જુદા જુદા દેશોમાં આવેલો.

વિચાર ઈશ્વરનું જ સ્વરૂપ છે. નરી આંખે તે દેખાતો નથી પણ તેની શકિત મોટામાં મોટા આણુબૉમ્બ કે હાઈડ્રોજન બૉમ્બથી વધારે છે. તેની બુદ્ધિ રાક્ષસી કોમ્પ્યુટર કરતાં વધુ તીવ્ર છે અને તેની ઝડપ રૉકેટ તો ઠીક, પ્રકાશ કરતાંય વધુ છે. સકળ બ્રહ્માંડમાં તે પલક-માત્રમાં પહોંચી શકે છે.

ભયંકરમાં ભયંકર શસ્ત્રયુદ્ધ કરતાંય વિચારયુદ્ધ ભયંકર નીવડી શકે છે.

તમે વ્યકિતનું સર્વસ્વ છીનવી લો છતાં તેના વિચારો પર કાબૂ ન મેળવી શકો તો કશું જ છીનવી શકતા નથી. પણ જો તમે તમારી ઈચ્છા મુજબ તેને વિચારતા કરી શકો તો દેખીતું કશું જ ન છીનવ્યા છતાં તમે તેનું જીવન છીનવી શકવા સમર્થ છો.

ભયંકર અંધકારમાં પણ યથાર્થ દૃષ્ટિએ વિચારનાર તેજકિરણ રેલાવી શકે છે.

સંતો અને મહાત્માઓ દેહસ્વરૂપે તો ક્ષણિક જ જીવે છે, વિચારસ્વરૂપે તેઓ અનંતકાળ જીવન જીવતા હોય છે.

બ્રહ્માંડનો પ્રત્યેક જીવ સર્જન અને વિચારનું કેન્દ્ર છે. આ બે શકિતઓની અભિવ્યકિત પ્રમાણે જીવની કક્ષા ગણવી.

**ધીરુભાઈ એન. શાહ**

# "ચિન્તનયાત્રા"નું પ્રકાશન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપકમાંના એક અને "પ્રબુદ્ધ જીવન"ના ભૂતપૂર્વ તંત્રી સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાના પ્રગટ-અપ્રગટ લખાણોમાંથી સંકલિત કરેલા લેખોનું પુસ્તક "ચિન્તનયાત્રા" શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. તેના પ્રકાશનને લગતો એક સમારંભ સંઘના કાર્યાલયમાં તા. ૧૭-૬-૭૪ ના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો અને તેનું પ્રકાશન પ્રિન્સિપાલ શ્રી અમૃતલાલ યાજ્ઞિકના શુભહસ્તે કરવામાં આવ્યું હતું.

આ સમારંભના પ્રારંભમાં શ્રી સૂર્યકાન્ત પરીખે પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ શ્રી ચીમનલાલ જે. શાહે આવકાર આપતાં જણાવ્યું કે, આજે પરમાનંદભાઈનો પરિવાર એકઠો થયો છે. આવા સમારંભના ઉદ્‌ઘાટન માટે જેમનું જીવન ઉચ્ચ કોટિનું હોય એવી વ્યક્તિ જ અધિકારી ગણાય. એ રીતે જોતાં આપણને યાજ્ઞિકસાહેબ જેવી યોગ્ય વ્યક્તિ મળી ગઈ એ માટે હું મારો આનંદ વ્યક્ત કરું છું. આમેય, યાજ્ઞિકસાહેબને સાંભળવા એ એક લહાવો છે, તેમણે આપણું નિમંત્રણ સ્વીકાર્યું તે બદલ હું તેમનો આભાર માનું છું.

ત્યાર બાદ આ પુસ્તક તૈયાર કરવા માટે જે સમિતિ નીમવામાં આવી હતી તેના કન્વીનર પ્રો. રમણલાલ શાહે આ પુસ્તક આટલું મોડું કેમ પ્રગટ થયું તેને લગતી વિગતો રજૂ કરી હતી અને જણાવ્યું કે સ્વ. પરમાનંદભાઈના પરિવારના એક સભ્ય તરીકે હું ઊભો થયો છું. મારો અને તેમનો સંબંધ પિતા-પુત્રનો હતો, તેઓ મને પુત્ર તરીકે ગણતા અને અમારો વિચારવિનિમય પણ આ દૃષ્ટિએ જ થતો હતો.

સંઘના સૂત્રધાર તરીકે પા સદી જેટલા સમય માટે તેમણે સેવા આપી.

તેમણે સંઘ ઉપર ઉપકાર કર્યો છે. તેનું ઋણ ચૂકવવાનો આ અવસર છે.

કૉલેજજીવનમાં પણ તેઓ વિદ્વત્તાપૂર્ણ લેખો લખતા. તેમના વિચારોને પ્રગટ કરવા માટેનું "પ્રબુદ્ધ જીવન" તેમને સારું માધ્યમ મળ્યું. તેઓ સંસ્કારશીલ અને ચિન્તનશીલ વ્યક્તિ હતા, એટલે આ પુસ્તકનું નામ "ચિન્તનયાત્રા" રાખ્યું છે.

તેમણે હમેશાં પ્રામાણિકપણે વિચારો વ્યક્ત કર્યા છે–સામા પક્ષે ગમે તેવી વ્યક્તિ હોય.

પ્રવાસ એમના જીવન સાથે વણાયેલો હતો. એ કારણે પ્રવાસને લગતું સાહિત્ય પણ આ પુસ્તકમાં લીધું છે.

આજે સ્વ. પરમાનંદભાઈના જન્મદિવસે આ પુસ્તકનું પ્રકાશન થાય છે તે પણ ધન્ય ગણાય.

"પ્રબુદ્ધ જીવન"નું સંચાલન છેલ્લાં ત્રણ વર્ષથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ કરે છે, અને જો એમનાં લખાણોનું પણ એક પુસ્તક પ્રગટ થાય તો શ્રી ચીમનલાલ પી. શાહે એ પ્રકાશનનાં ખર્ચ અંગે રૂા. ૧૫૦૦ ભેટ આપવાની જાહેરાત કરવા મને કહ્યું છે.

ત્યાર બાદ "ચિન્તનયાત્રા"નું પ્રકાશન કરતાં શ્રી યાજ્ઞિકસાહેબે જણાવ્યું કે, સ્વ. પરમાનંદભાઈ જેવા પુરુષની વંદના કરવાની તક મળી એટલે તેમના પ્રત્યેની મારી કૃતજ્ઞતા રજૂ કરવાના આશયથી મેં આજનું નિમંત્રણ સ્વીકાર્યું છે.

"ચિન્તનયાત્રા"માં વ્યક્તિચિત્રો સુંદર છે. યાત્રાનો વિભાગ વાંચતાં આપણે પોતે યાત્રાનો ભાવ અનુભવીએ છીએ. સંપાદકોએ આ પુસ્તક તૈયાર કરવામાં સારી મહેનત કરી છે તે દેખાય છે. આ પુસ્તકને એક સારામાં સારું તર્પણ ગણી શકાય.

પરમાનંદભાઈ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે, જ્યારે લોકોને ન ગમે તેવી વાત કહેવી એ ભારે મુશ્કેલ હતું, એવા સમયે પણ તેઓ સાચી વાત નિર્ભયતાથી સમાજ સમક્ષ રજૂ કરતાં અચકાતા નહોતા. તેમનામાં કુદરતી સૌન્દર્યની અભિરુચિ બીજરૂપે હતી. તે તેમના પરિવારને વારસારૂપે મળી છે.

સ્વ. પરમાનંદભાઈનો જન્મ ભલે જૈન કુટુંબમાં થયો, પરંતુ તેઓ એક સાચા બ્રાહ્મણ હતા. તેઓ ભલે ઝવેરાતનો ધંધો કરતા, પરંતુ શુદ્ધ વિચાર મુજબનું સદાચરણ કરવું હોય તેને ધંધો ફાવે જ નહિ. અને તેમનો ધંધો ન જામ્યો તે આપણા સૌભાગ્યની વાત હતી, કારણકે સામાજિક ક્ષેત્રે અને સાહિત્યિક ક્ષેત્રે તેઓ ઘણું પ્રદાન કરી શક્યા.

તેમણે "પ્રબુદ્ધ જૈન"નું "પ્રબુદ્ધ જીવન" કરાવ્યું તેમાં જ તેમના જીવનનું પ્રતિબિંબ દેખાય છે. યુવક સંઘની સ્થાપના પછી તેમનું મોટામાં મોટું પ્રદાન હોય તો એ "પર્યુષણ વ્યાખ્યાનમાળા" છે. તેમણે રોપેલા એ બીજમાંથી આજે અનેક શાખાઓ ફૂટી છે. આ રીતે વ્યાખ્યાનમાળાની નવી દૃષ્ટિ સ્વ. પરમાનંદભાઈએ આપી. પરમાનંદભાઈના પરિવારના એક સભ્ય તરીકે હું તેમને વંદન કરું છું.

ત્યાર બાદ શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહે બોલતા જણાવ્યું કે આ પુસ્તકના પ્રકાશનના કારણે સંઘ અને શ્રી પરમાનંદભાઈ કાપડિયા સ્મારક નિધિ પોતાને ધન્ય માને છે. આ પુસ્તક તૈયાર કરનાર સંપાદકમંડળનો અને વિશેષે પ્રા. રમણલાલ શાહનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શ્રી યાજ્ઞિકસાહેબનો પણ હું આભાર માનું છું.

સ્વ. પરમાનંદભાઈ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે સમાજને આંચકો લાગે એવું કાંઈક કરવું જોઈએ એવી એમની દૃષ્ટિ હતી. નવું જાણવાની તીવ્ર જિજ્ઞાસુવૃત્તિ તેઓ ધરાવતા. તેમનો સંપર્ક ખૂબ જ હતો, એ એમનો મોટો ગુણ હતો. પોતાની મર્યાદાઓનું તેમને ખૂબ જ ભાન હતું. તેમનું ક્ષેત્ર સામાજિક હતું. સમાજની પ્રગતિ માટે સતત કામ કરતા. એવા કામને જ તેમણે પોતાનું જીવનકાર્ય બનાવી દીધું હતું.

"પ્રબુદ્ધ જીવન"ની પરંપરા જાળવી રાખવાનું મારા માટે અઘરું હતું, છતાં એ કામ હું કરી શક્યો છું તે મારા માટે આનંદનો વિષય છે.

"વ્યાખ્યાનમાળા" અને "પ્રબુદ્ધ જીવન" ચાલુ રહ્યાં છે તે જ પરમાનંદભાઈનું મોટું સ્મારક છે અને અંજલિ છે.

શ્રી વાડીલાલ ડગલીએ કહ્યું કે પરમાનંદભાઈમાં કુતૂહલ-વૃત્તિ મોટી હતી. ઉંમરના ફેરના કારણે તેમાં ફરક નહોતો પડતો. તેઓ ભલે જીવ્યા જૈન તરીકે, પરંતુ સાચા બ્રાહ્મણ હતા, કેમકે વિદ્યા સાથે જ તેમનો સંબંધ હતો.

આજે ચીમનભાઈ "પ્રબુદ્ધ જીવન" અને વ્યાખ્યાનમાળા ચલાવે છે તે તેમણે જોયું હોત તો તેમને ખૂબ આનંદ થાત.

"પ્રબુદ્ધ જીવન"માં કલાતત્ત્વ ખૂટે છે, પરંતુ વિચારતત્ત્વ વધ્યું છે. આજે "પ્રબુદ્ધ જીવન"ને બૌદ્ધિક પરિમાણ મળ્યું છે.

શ્રી ગીતાબહેને જણાવ્યું કે ભાઈ ૧૬ વર્ષના હતા ત્યારથી પત્રો સાચવી રાખતા હતા. એમના પત્રોનો વિશાળ ખજાનો મારી પાસે છે.

"ચિન્તનયાત્રા" એ યાત્રાનું પણ ચિંતન છે. મારાં પૂજ્ય બાના સ્વાર્પણ અને સમર્થન વગર ભાઈ આટલા આગળ ન વધી શક્યા હોત એ વાત મારે આજે કહેવી જોઈએ. આ પુસ્તકને યાત્રાનો પ્રસાદ પણ કહી શકાય.

શ્રી કે. પી. શાહે આભારવિધિ કરતાં જણાવ્યું કે યાજ્ઞિક-સાહેબે તેમના વકતવ્યથી આપણને રસતરબોળ કર્યા છે, તે માટે આપણે તેમના આભારી છીએ.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ શ્રી યાજ્ઞિકસાહેબને સુખડનો હાર પહેરાવ્યો હતો અને સભા વિસર્જિત થઈ હતી.

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત: વર્ષ ૧૯૭૩

સમયની રફતારમાં પાછું એક વર્ષ પૂરું થયું, અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ગત વર્ષનો, એટલે કે ૧૯૭૩ના વર્ષનો વાર્ષિક વૃત્તાંત આપની સમક્ષ, રજૂ કરતાં અમારે આનંદ અને ગૌરવ લેવાના રહે છે.

આ વૃત્તાંત રજૂ કરીએ એ પહેલાં આપણે સખેદ નોંધ લેવાની રહે છે કે સંઘની પાયાની બે વ્યક્તિઓની ચિરવિદાયથી સંઘને ન પુરાય એવી ખોટ પડી છે. એક તો શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ અને બીજા શ્રી ચંદુભાઈ ઝવેરી. શ્રી દીપચંદભાઈનો સંઘના વિકાસમાં શરૂઆતથી એમના જીવનના અંત સુધી–ઘણો મોટો ફાળો રહ્યો ઘણાં વર્ષો સુધી તેઓ કારોબારીમાં હતા તેમ જ સંઘના મંત્રીપદે પણ હતા; અને શ્રી ચંદુભાઈ ઝવેરી સંઘના મુરબ્બી–શુભેચ્છક અને સંઘની નાની–મોટી બધી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા, એટલું જ નહિ, તન–મન–ધનથી ભોગ આપવા હમેશાં તત્પર રહેતા.

આ બન્ને સદ્‌ગત આત્માને આપણી ભાવભરી શ્રદ્ધાંજલિ આપી, અમે હવે ગત વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરીએ છીએ.

આ અહેવાલ વહીવટી દૃષ્ટિએ તા. ૧–૧–૭૩ થી ૩૧–૧૨–'૭૩ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૨૩–૬–'૭૩ના રોજ મળી હતી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૧૫–૬–'૭૪ સુધીનો છે.

### "પ્રબુદ્ધ જીવન"

આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના તંત્રીપણા નીચે તે છેલ્લાં ત્રણ વર્ષથી ચાલે છે અને સતત પ્રગતિ કરતું રહ્યું છે. હજુ તેનો ખૂબ જ વિકાસ થાય એવી આપણા સૌની તીવ્ર ઈચ્છા છે. "પ્રબુદ્ધ જીવન" એક વૈચારિક પત્ર તરીકે જે રીતે પ્રગટ થઈ રહ્યું છે, તેના ઉચ્ચ ધોરણની પ્રશંસા કરતા અનેક પત્રો કાર્યાલયને મળતા જ રહે છે, અને તેની ગ્રાહકસંખ્યામાં પણ વધારો થતો રહ્યો છે, પણ સાથે ખર્ચમાં પણ વધારો થતો જાય છે. એટલે આજે આપણા ૭૪૭ ગ્રાહકો છે, તેથી સંતોષ ન લેતાં ગ્રાહકોની સંખ્યા વધીને ૩૦૦૦ સુધી પહોંચે એ માટે આપણે સૌએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

ગત વર્ષ દરમિયાન "પ્રબુદ્ધ જીવન" ને રૂા. ૧૭૨૭૪–૭૦ની આવક થઈ છે, જ્યારે રૂા. ૧૮૭૪૬–૩૪નો ખર્ચ થયો છે. પરિણામે રૂા. ૧૪૭૧–૬૪ની ખોટ આવી છે. આપણા આ પ્રકાશનને શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી રૂા. ૫૦૦૦ અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી રૂા. ૨૫૦૦ તેમ જ શ્રી બી. જી. શાહ તરફથી રૂા. ૫૦૦ અને ડૉ૦ મનુભાઈ તરફથી રૂા. ૫૧ દર વર્ષે ભેટ મળે છે, તે માટે આપણે ખરેખર તેમના આભારી છીએ. અને આ ઉપરાંત શ્રી બી.જી. શાહે તેમનાં સુપુત્રીના સગપણના અનુસંધાનમાં રૂા. ૧૦૧ અને લગ્નના અનુસંધાનમાં રૂા. ૧૦૦૧ વધારાના ભેટ તરીકે આપ્યા હતા. આમ કરીને તેમણે એક નવી પ્રથા શરૂ કરી ગણાય, જે ખૂબ જ આવકાર્ય છે, તે માટે તેમને અમારાં અભિનંદન ઘટે છે. અન્ય સભ્યો તેમ જ શુભેચ્છકો પણ આ પ્રથાને અનુસરે એવી અપેક્ષા રાખીએ.

### શ્રી મ. મો. શાહ સા. વા. અને પુસ્તકાલય

ગત વર્ષ દરમિયાન રૂા. ૨૧૭૩–૪૫નાં નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૧૫૧૪૭–૭૩નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૧૩૨૪૬–૨૪ની થઈ છે. (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૧૦૦૦૦-૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૧૯૦૧-૪૯નો નફો રહ્યો છે. આગલાં વર્ષોની ખોટ રૂા. ૩૦૭૮૪–૬૮ ઊભી છે, તેમાંથી આ રકમ બાદ કરતાં વર્ષની આખરે રૂા. ૨૮૮૮૩–૧૯ની ખોટ ઊભી રહે છે.

નવા વર્ષમાં આપણે નવાં પુસ્તકો વસાવ્યાં છે અને અંગ્રેજી સામયિકોનાં મોટાં લવાજમો પણ ભર્યાં છે અને એવી પ્રથા શરૂ કરી છે કે વાચકોની માગણીને અનુલક્ષીને વધારાના યોગ્ય પુસ્તકો પણ વસાવવાં. આ માટે વાચકોનાં સૂચનો માગવામાં આવે છે.

મ્યુનિસિપાલિટીની ગ્રાન્ટના આ વર્ષે રૂા. ૧૦,૦૦૦ મળ્યા હોવાના કારણે આ વર્ષે આપણે ખોટમાંથી બહાર નીકળી ગયા છીએ, પરન્તુ આ પ્રવૃત્તિને વધારે વેગવાન અને સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ કર્યો છે; એ કારણે સ્ટાફમાં પણ વધારો કરવો પડે, જૂનાં અને નકામાં થઈ ગયેલાં પુસ્તકોની પુરવણી કરવી પડે અને અદ્યતન પુસ્તકો પણ મોટા પ્રમાણમાં વસાવવાં પડે. આ કારણે નાણાંની મોટી જરૂરિયાત ઊભી થાય. આ લક્ષમાં રાખીને લાયબ્રેરીના લાભાર્થે તા. ૩–૩–'૭૪ના રોજ આઈ. એન. ટી.નું પ્રસિદ્ધ નાટક "સંતુ રંગીલી"નો એક ચેરિટી શો રાખેલ હતો અને આ સમારંભના પ્રમુખ તરીકે જાણીતા બિલ્ડર્સ, યશવંત કૅપિટલિશનવાળા શ્રી યશવંતભાઈ દાદભાવાળાને આપણે મેળવી શકયા હતા અને આના અનુસંધાનમાં એક સુવેનિર પણ પ્રગટ કરવામાં આવ્યું હતું. અને જણાવતાં હર્ષ થાય છે કે સુવેનિરમાં જાહેરખબર આપીને તેમ જ ડોનેશનરૂપે રકમો આપીને મિત્રો તેમ જ પ્રશંસકોએ અમારા લક્ષ્યાંકને પહોંચી વળવામાં અમને સરળતા કરી આપી હતી. આ માટે અમે એ સૌનો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ અને તેમના ઋણી છીએ.

અત્યારે પુસ્તકાલયના ચાલુ સભ્યો ૪૫૦ છે. પુસ્તકાલય પાસે એકંદરે ૭૪૭૫ પુસ્તકો છે. પુસ્તક ઘેર લઈ જનાર પાસેથી રૂા. ૧૦ ડિપોઝિટ લેવામાં આવે છે અને વાર્ષિક લવાજમ રૂા. ૫ લેવામાં આવે છે.

આપણા વાચનાલયમાં એકંદરે ૧૦૮ સામયિકો આવે છે. તેમાં ૫ દૈનિક, ૨૬ સાપ્તાહિક, ૧૧ પાક્ષિક, ૬૦ માસિક અને ૫ વાર્ષિક આવે છે; અને ભાષાની દૃષ્ટિએ ગણીએ તો ૭૮ ગુજરાતી, ૬૬ હિન્દી, ૧૩ અંગ્રેજી અને ૧ મરાઠી આવે છે. આ વાચનાલયનો લાભ લેવા માટે કોઈ પણ જાતની પ્રવેશ – ફી કે લવાજમ રાખવામાં આવેલ નથી અને કોઈ પણ પ્રકારના નાતજાતના ભેદ વગર ગમે તે વ્યક્તિ સવારના સાડા આઠથી સાંજના સાત વાગ્યા સુધી વાચનાલય અને પુસ્તકાલયનો લાભ લઈ શકે છે.

આ વાચનાલય અને પુસ્તકાલયનો લોકો વધારે લાભ લેતા થાય એ દૃષ્ટિએ તેની માહિતીને લગતાં ચાર હજાર કાર્ડો છપાવીને નજીકની સ્કૂલોના પ્રિન્સિપાલોને આપ્યાં છે, જે વિદ્યાર્થીઓના વાર્ષિક રિઝલ્ટની સાથે મોકલવામાં આવશે. આ કારણે સભ્યોમાં વધારો થાય એવી આશા રહે છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૪ ઓગસ્ટથી ૧લી સપ્ટેમ્બર સુધી, એમ નવ દિવસ માટે, ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવી હતી. આ વખતની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન

ડૉ૦ રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું અને ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં નીચે મુજબના વકતાઓને નિમંત્રવામાં આવ્યા હતા:

ડૉ૦ ભગવાનદાસ મહેતા, પ્રા. શ્રીમતી ધૈર્યબાળાબહેન વોરા, શ્રી કાંતિલાલ કાલાણી, ફાધર વાલેસ, શ્રી પ્રબોધ ચોકસી, શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર, પ્રા. રમેશ ભટ્ટ, શ્રી નવલભાઈ શાહ, ડૉ. રમણલાલ શાહ, શ્રીમતી મૃણાલિની દેસાઈ, વૈદ્ય પ્રાગજીભાઈ રાઠોડ, શ્રી દલસુખભાઈ માલવણિયા, શ્રી ભંવરમલ સિંધી, શ્રી મનુભાઈ પંચોલી (દર્શક), શ્રી રોહિત મહેતા, શ્રીમતી શ્રીદેવી મહેતા, શ્રી નારાયણ દેસાઈ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ.

આ વખતે બહારગામથી ૧૨ વકતાઓને બોલાવવામાં આવ્યા હતા. નવે દિવસ શ્રોતાઓની સારી હાજરી રહી હતી અને ધાર્યા પ્રમાણે કાર્યક્રમ સાંગોપાંગ પાર પડયો હતો.

### વસંત વ્યાખ્યાનમાળા

છેલ્લાં છ વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ વસંત વ્યાખ્યાનમાળા, આ છઠ્ઠા વર્ષે પણ ફલોરા ફાઉન્ટન ઉપર આવેલા ન્યાતા ઓડિટોરિયમમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એપ્રિલ માસની તા. ૧૫–૧૬–૧૭–૧૮ એમ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી. તેમાં "સંસદીય લોકશાહીનું ભાવિ" એ વિષય પર નીચેના ચાર વકતાઓ બોલ્યા હતા: ડૉ૦ રજની કોઠારી (ડિરેકટર, સેન્ટર સ્ટડીઝ ઓફ ડેવલપિંગ સોસાયટી), પ્રો. હિરેન મુખરજી (એમ. પી.), શ્રી સી. એસ. પંડિત (તંત્રી, ફ્રી પ્રેસ જર્નલ), શ્રી મધુ દંડવતે (એમ. પી.). આ ચારે વ્યાખ્યાનો ખૂબ જ રસપ્રદ રહ્યાં હતા અને શ્રોતાઓની ચિક્કાર હાજરી વચ્ચે આ પ્રવચનો લોકપ્રિય થયાં હતાં અને સૌને વિચાર કરતા કર્યા હતા, અને આ પ્રવચનોની ટૂંકી નોંધો 'જન્મભૂમિ'માં વ્યાખ્યાનના બીજે જ દિવસે પ્રગટ કરવામાં આવતી હતી, તે માટે તેના તંત્રી શ્રી મનુભાઈ મહેતાના અમે આભારી છીએ.

### વૈદ્યકીય રાહત

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળાં ભાઈબહેનોને કશો પણ ભેદભાવ રાખ્યા વિના વૈદ્યકીય રાહત માટે પેટન્ટ દવાઓ તેમ જ ઈન્જેકશનો આપવામાં આવે છે. જૈન કલિનિકના ડૉ. સાંઘાણીને આ કામ સોંપવામાં આવ્યું છે. તેઓ ખૂબ જ જરૂરિયાતવાળા દર્દીઓની ચકાસણી કરીને ચિઠ્ઠી આપે તેમને મફત દવા મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગોઠવણના પરિણામે આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલી રહી છે. આ કાર્યમાં સહકાર આપવા માટે અમે ડૉ૦ સાંઘાણીસાહેબના આભારી છીએ.

વૈદ્યકીય સારવાર માટેનાં સાધનો પણ જરૂરિયાતવાળાં ભાઈબહેનોને મફત આપવામાં આવે છે. આ ખાતામાં આગલા વર્ષની રૂ. ૯૯–૭૫ની પુરાંત હતી, અને રૂ. ૩૬ ભેટના મળ્યા હતા. આમ એકંદર રૂપિયા ૧૩૫–૭૫ થયા. વર્ષ દરમિયાન આ ખાતામાં રૂ. ૭૮૦–૯૧નું ખર્ચ થયું. એટલે વૈદ્યકીય રાહત ખાતે રૂ. ૬૪૫–૧૬ આ વર્ષે સંઘના આવક–જાવક ખાતામાંથી ઉપાડવા પડયા છે. આ પ્રસંગે, વૈદ્યકીય રાહત ફંડમાં મિત્રો નાણાં મેળવી આપે એવો અમે અનુરોધ કરીએ છીએ.

### હોમિયોપથી સારવાર રિઝર્વ ફંડ

આપણા જૂના અને વયોવૃદ્ધ સભ્ય શ્રીયુત મંગળજી ઝવેરચંદ મહેતાના પ્રયત્નથી આ ખાતામાં આગલા વર્ષે રૂ. ૧૫૦૦-૦૦ની રકમ મળી હતી અને આ વર્ષે પણ તેમના જ પ્રયત્નથી રૂ. ૧૦૫૨–૦૦નો તેમાં ઉમેરો થયો અને આખી રકમના વર્ષ દરમિયાન વ્યાજના રૂ. ૧૬૬–૦૦ મળ્યા. એટલે વર્ષની આખરે આ ખાતામાં રૂ. ૨૭૧૮–૦૦ જમા રહે છે. શ્રી મંગળજીકાકાની સંઘને ઉપયોગી થવાની વૃત્તિ માટે આપણે ખરેખર તેમના આભારી છીએ.

### ગુજરાત–રાજસ્થાન રેલરાહત ફંડ

ગુજરાત અને રાજસ્થાનમાં અભૂતપૂર્વ રેલસંકટ આવ્યું તેના અનુસંધાનમાં ઑકટોબર ૧૯૭૩માં સંઘે ગુજરાત–રાજસ્થાન રેલરાહત ફંડ શરૂ કર્યું હતું, અને તેમાં પ્રાપ્ત થયેલી રકમ રૂ. ૧૮૧૪૬ ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને સોંપી હતી.

### વર્ષ દરમિયાન સંઘના કાર્યાલયમાં યોજાયેલાં સંમેલનો

**૧૯૭૩ ઑગસ્ટ–૬ :** બંગાળી સંગીતના જાણીતા કલાકાર શ્રીમતી તાપોતી મુખરજીનો રવીન્દ્રનાથ ટાગોરનાં બંગાળી ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**સપ્ટેમ્બર–૯ :** શ્રી મેઘાણીભાઈનું "જીવન અને કવન"–એ વિષય ઉપર શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)નું એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

**૧૯૭૪**

**જાન્યુઆરી–૨૧ :** દક્ષિણામૂર્તિ અને ધરશાળાના જાણીતા કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીનો સંઘના સભ્યો સાથે એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

**ફેબ્રુઆરી – ૨ :** "આજની રાજકીય પરિસ્થિતિ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

**માર્ચ–૪ :** "અંદાજપત્ર" એ વિષય ઉપર પ્રા. ડી. ટી. લાકડાવાળાનું એક જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું.

### શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

ગયા વર્ષે આપણું સભાગૃહ સંઘના નિયમ પ્રમાણે જરૂરિયાતવાળી સંસ્થાઓને વાપરવા માટે આપ્યું હતું. એની કુલ આવક રૂ. ૬૧૩–૦૦ થઈ હતી. ગયા વર્ષ કરતાં આ પ્રમાણ વધ્યું ગણાય. આજ સુધી આપણે લગ્ન કે સગપણ સિવાયના સમારંભો કે મીટિંગો માટે ત્રણ કલાકના (માઈક સાથે) રૂ. ૪૩ ઘસારાના લઈને અને (માઈક વગર) રૂ. ૩૩ લઈને વાપરવા આપતા હતા, પરન્તુ હવે આપણે ચાંદલા – સગપણ માટે પણ રૂ. ૧૦૧ લઈને સભાગૃહ વાપરવા આપવાનું નક્કી કર્યું છે. તો સંઘના સભ્યો–મિત્રોને જરૂર હોય ત્યારે કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતિ છે.

### સંઘના આજીવન સભ્યો અંગે

સંઘના ૫૦૦ આજીવન સભ્યો બનાવવાનો આપણો સંકલ્પ હતો અને છે. આજ સુધીમાં ૨૫૦ આજીવન સભ્યો થયા છે. તો ચાલુ સભ્યોને આજીવન સભ્ય થવા તેમ જ મિત્રોને આજીવન સભ્ય બનવા માટે કહેવા વિનંતિ કરવામાં આવે છે.

### સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૯ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં રૂ. ૨૩૬૪૫–૫૫નો આવક થઈ હતી અને ખર્ચ રૂ. ૨૦૩૫૧–૨૯નો થયો હતો. સરવાળે રૂ. ૩૨૯૪–૨૬નો વધારો રહ્યો છે.

આપણું જનરલ ફંડ રૂ. ૧૭૮૯૮–૭૨નું ગયા વર્ષે હતું. તેમાં સંઘના આવકજાવકના વધારાની રકમ રૂ. ૩૨૯૪–૨૬ ઉમેરતાં તે રૂ. ૨૧૨૯૨–૯૮નું થાય છે અને તેમાંથી "પ્રભુ : જીવન"ની ખોટ રૂ. ૧૪૭૧–૬૪ બાદ કરતાં, વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂ. ૧૯૭૨૧–૩૪નું રહે છે.

આપણું મકાન ફંડ રૂ. ૨૪૦૧૯–૧૯નું હતું, તે તેટલું જ રહે છે. આપણું રિઝર્વ ફંડ રૂ. ૮૫૯૪૦–૮૯નું રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂ. ૨૨૩૦–૫૦નું હતું, તેમાં પુસ્તક વેચાણના રૂ. ૬–૦૦ આ વર્ષે આવ્યા તે ઉમેરતાં વર્ષની આખરે પુસ્તક પ્રકાશન ફંડ રૂ. ૨૨૩૬–૫૦નું રહે છે.

અંતમાં વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો અને અન્ય મિત્રોએ જે સહકાર આપ્યો છે તે માટે અમે તે સૌના ઋણી છીએ અને અમારા કાર્યક્રમોને સારી એવી પ્રસિદ્ધિ આપવા માટે ગુજરાતી દૈનિકોનો પણ ખાસ આભાર માનીએ છીએ.

આપણી પ્રવૃત્તિઓને વધારે વેગ મળે અને તે વધારે વિસ્તરે એવી અમારી અંતઃકરણની ભાવના છે.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૫–૬–'૭૪ શનિવારના રોજ સાંજના સાડા પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભા તા. ૨૪–૬–'૭૩નો વૃત્તાંત વાંચવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે મંજૂર રહ્યા બાદ નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સંઘનો વાર્ષિક વૃત્તાંત અને સંઘ તેમ જ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ૧૯૭૩ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા, અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

ત્યાર બાદ સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટરો તરીકે મે. શાહ મહેતા ઍન્ડ કું.ને ૧૯૭૪ના વર્ષ માટે ચાલુ રાખવા એમ ઠરાવવામાં આવ્યું, અને ૧૯૭૩ના વર્ષના હિસાબો ઑડિટ કરી આપવા માટે તેમનો આભાર માનવામાં આવ્યો.

ત્યાર બાદ ચાલુ વર્ષ ૧૯૭૪ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. શરૂઆતમાં પાંચ અધિકારીઓ સર્વાનુમતે ચૂંટાયા બાદ ઉપસ્થિત સભ્યોને મતપત્રકો વહેંચવામાં આવ્યાં હતાં અને કારોબારીના પંદર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

ચૂંટણીની વ્યવસ્થા તથા મતગણતરીનું કામ સંઘના ઑડિટર શ્રી શાહ તથા સંઘના સભ્ય શ્રી રમણલાલ લાકડાવાળાને સોંપવામાં આવ્યું હતું.

સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહ આ વર્ષે પોતાની અનિચ્છાથી મંત્રી તરીકે ચાલુ રહ્યા નથી. એટલે તેમણે વર્ષો સુધી સંઘની જે સુંદર સેવા બજાવી તેની પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પ્રશંસા કરી હતી અને તે માટે તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ બોલતાં જણાવ્યું હતું કે આપણા પ્રમુખ શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહે "પ્રબુદ્ધ જીવન"ની નૌકા કુશળતાપૂર્વક ચલાવી છે અને યુવક સંઘને સદ્ધર કર્યો છે તે માટે આપણે તેમના ઋણી છીએ.

નવા મંત્રી તરીકે ચૂંટાયેલા શ્રી કે. પી. શાહે પોતાને સહમંત્રી તરીકે ચૂંટવા માટે આભાર માન્યો હતો અને શ્રી સુબોધભાઈની શકિતની પ્રશંસા કરી હતી અને પોતે પોતાથી બનતી વધુમાં વધુ સેવા સંઘને આપશે એવી ખાતરી આપી હતી.

શ્રી ચીમનલાલ જે. શાહે સુબોધભાઈને એક સુંદર સાથી-કાર્યકર તરીકે વર્ણવ્યા હતા અને કહ્યું હતું કે "ભલે તેઓ આજે મંત્રીના સ્થાન પરથી નિવૃત્ત થાય છે, પરન્તુ એમની સેવાઓ સંઘને પૂર્વવત્ મળતી જ રહેશે એવી મને શ્રદ્ધા છે.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ જણાવ્યું કે, "પ્રમુખ માટે તેમ જ "પ્રબુદ્ધ જીવન"ના સંચાલન માટે હવે બીજા સાથીઓને તૈયાર કરવા જોઈએ, કેમ કે મારા શરીર પર હવે કામના બોજાની અસર જણાવા લાગી છે."

ત્યાર બાદ શ્રી ચીમનલાલ પી. શાહે સંઘનું કાર્ય જે રીતે વ્યવસ્થિત અને એકધારું ચાલી રહ્યું છે તેની મુકતકંઠે પ્રશંસા કરી હતી અને તેમણે જણાવ્યું હતું કે આ સંસ્થાનું કામ હું જોઉં છું ત્યારે મારા મન ઉપર એવી છાપ પડે છે કે તે કુટુંબભાવનાથી ચાલી રહ્યું છે.

શ્રી વસંતલાલ નરસિંગપુરાએ જણાવ્યું કે આજે જૈન સમાજના યુવાનોને આ સંઘ અને તેના પ્રમુખ પ્રેરણારૂપ બન્યા છે.

શ્રી રમણલાલ લાકડાવાળાએ સંઘની પ્રવૃત્તિઓ માટે શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

૧૯૭૩ના વર્ષનો વૃત્તાંત વંચાયો તેમાં વૈદ્યકીય રાહત ખાતામાંની એ વર્ષની ખોટ રૂા. ૬૪૫–૧૬ સંઘના જનરલ ફંડમાંથી માંડી વાળી એમ ઉલ્લેખ આવ્યો–તેના અનુસંધાનમાં, કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયાએ આ ખાતામાં રૂા. ૬૫૦ ભેટ આપવાની જાહેરાત કરી, તેને સાભાર સહર્ષ સ્વીકારી લેવામાં આવી હતી.

તા. ૨૨–૪–'૭૪ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના સભ્યોના લવાજમના રૂા. ૧૦ને બદલે રૂા. ૧૨, ૧૯૭૪ના વર્ષથી લેવાનું ઠરાવ્યું છે અને "પ્રબુદ્ધ જીવન"ના ગ્રાહકોના તા. ૧–૫–'૭૪ થી રૂા. ૭ને બદલે રૂા. ૧૦ લેવાનું ઠરાવ્યું છે અને સભ્યોનાં લવાજમો વર્ષના પહેલા છ મહિનાની અંદર વસૂલ ન આવે તો તેમને "પ્રબુદ્ધ જીવન" મોકલવાનું બંધ કરવાનું અને વર્ષની આખર સુધીમાં જે સભ્યનું લવાજમ ન આવે તેમને લવાજમ નહિ આવવાના કારણે સભ્ય તરીકે કમી કરવાનું ઠરાવ્યું છે. આ બધા ફેરફારોને આ વાર્ષિક સભા મંજૂરી આપે છે એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

## ચૂંટણીનું પરિણામ

**૧૯૭૪ના વર્ષ માટે સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું :**

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ – પ્રમુખ
(૨) " રતિલાલ ચી. કોઠારી – ઉપપ્રમુખ
(૩) " દામજીભાઈ વેલજી શાહ – કોષાધ્યક્ષ
(૪) " ચીમનલાલ જે. શાહ – મંત્રી
(૫) " કે. પી. શાહ – મંત્રી
(૬) " પ્રવીણભાઈ મંગળદાસ શાહ – સભ્ય
(૭) " સુબોધભાઈ એમ. શાહ "
(૮) " પ્રો. રમણલાલ ચી. શાહ "
(૯) " રસિકલાલ એમ. ઝવેરી "
(૧૦) " નિરુબહેન એસ. શાહ "
(૧૧) " શાંતિલાલ દેવજી નન્દુ "
(૧૨) " રમણીકલાલ મણિલાલ શાહ "
(૧૩) " હરિલાલ ગુલાબચંદ શાહ "
(૧૪) " અમર જરીવાળા "
(૧૫) " એ. જે. શાહ "
(૧૬) " મનુભાઈ ગુલાબચંદ કાપડિયા "
(૧૭) " ટોકરસી કે. શાહ "
(૧૮) " દામિનીબહેન જરીવાળા "
(૧૯) " જયંતીલાલ ફત્તેહચંદ શાહ "
(૨૦) " મફતલાલ ભીખાચંદ શાહ "

## કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી

તા. ૧૮–૬–'૭૪ના રોજ, સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા મળી હતી ત્યારે તેણે નીચે મુજબના ચાર સભ્યોની કાર્યવાહક સમિતિમાં પુરવણી કરી હતી.

(૧) શ્રી ચીમનલાલ પી. શાહ
(૨) " જગજીવન પી. શાહ
(૩) " દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૪) " નગીનદાસ કલ્યાણજી શાહ

### શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

આ સમિતિના પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચેના પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ સભ્યો ગણાય છે :

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) " રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) " મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
(૪) " ચીમનલાલ જે. શાહ
(૫) " સુબોધભાઈ એમ. શાહ

આ ઉપરાંત કાર્યવાહક સમિતિમાંથી ગયે વર્ષે હતા એ જ–નીચેના ચાર સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

(૧) શ્રી શાંતિલાલ દેવજી નન્દુ
(૨) " હરિલાલ ગુલાબચંદ શાહ
(૩) " કે. પી. શાહ
(૪) " પ્રવીણભાઈ મંગળદાસ શાહ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને શ્રી શાંતિલાલ દેવજી નન્દુની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# સંઘ સમાચાર

## સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

અતિ અગત્યનું

**"જે સભ્યોનાં લવાજમ વર્ષના પહેલા છ માસની અંદર વસૂલ ન આવે તેમને "પ્રબુદ્ધ જીવન" મોકલવાનું બંધ કરવું.**

**જે સભ્યોનાં લવાજમો વર્ષ પૂરું થવા સુધીમાં ન આવે તેમને, લવાજમ નહિ આવવાના કારણે વર્ષાન્તે સભ્ય તરીકે કમી કરવા."**

ઉપરના બન્ને નવા ઠરાવો પર દરેક સભ્યનું આથી ધ્યાન દોરવાની રજા લઈએ છીએ, અને જેમનું લવાજમ બાકી હોય તેમને લવાજમના રૂા. ૧૨, સત્વર કાર્યાલય પર પહોંચતા કરવા વિનંતિ કરીએ છીએ.

જે સભ્યોનાં લવાજમ જુલાઈની ૧૫ તારીખ સુધીમાં નહિ આવે તેમને ૧લી ઓગસ્ટથી "પ્રબુદ્ધ જીવન" મોકલવાનું બંધ કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતિ છે.

૧૯૭૪ના ચાલુ વર્ષના લવાજમના રૂા. ૧૦; જે સભ્યોએ અત્યાર સુધીમાં ભરી દીધા છે, તેમને બાકીના રૂા. ૨, અનુકૂળતાએ મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

## શ્રી બચુભાઈ રાવતને સુવર્ણચન્દ્રક એનાયત કરવાનો સમારંભ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા મે. ચીમનલાલ પેપર કું.ના સંયુક્ત ઉપક્રમે, 'કુમાર' માસિકના સુવર્ણ જયંતીના શુભપ્રસંગે મે. ચીમનલાલ પેપર કું. તરફથી 'કુમાર' માસિકના તંત્રી શ્રી બચુભાઈ રાવતને સુવર્ણચન્દ્રક અર્પણ કરવાનો એક સમારંભ રવિવાર તા. ૧૪–૭–૭૪ના રોજ સવારના નવ વાગ્યે તેજપાલ ઓડિટોરિયમમાં યોજવામાં આવ્યો છે.

આ સમારંભ પછી એ જ સ્થળે એક કવિ–સંમેલનનું પણ આયોજન કરવામાં આવેલ છે, જેનું સંચાલન શ્રી સુરેશ દલાલ કરવાના છે.

આ સમારંભમાં સંઘના જે સભ્યોને ભાગ લેવો હોય એમણે સંઘના કાર્યાલયમાંથી તા. ૮–૭–૭૪ થી ૧૧–૭–૭૪ સુધીમાં પ્રવેશપત્ર મેળવી લેવું.

એક સભ્યને એક જ પ્રવેશપત્ર–હશે ત્યાં સુધી મળશે

## "ચિન્તનયાત્રા"

સ્વ. પરમાનંદભાઈનાં લખાણોનું પુસ્તક "ચિન્તનયાત્રા" જેની કિંમત રૂા. ૭–સાત રાખવામાં આવી છે, તે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિમાં જેમણે જેમણે ભેટની રકમો આપી છે, તે બધા ડોનરોને વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે; તો વિનંતિ છે કે તેમણે પોતાની નકલ કાર્યાલયમાંથી મગાવી લેવી.

સંઘના આજીવન સભ્યો, ચાલુ સભ્યો અને "પ્રબુદ્ધ જીવન"ના ગ્રાહકોને તે રૂા. ૫,ની કિંમતથી મળી શકશે, તે પણ કાર્યાલયમાંથી મંગાવવાની રહેશે.

## આપણો સાહિત્ય વારસો સંપુટ – ૩

લોકમિલાપ ટ્રસ્ટ – ભાવનગર તરફથી આવતા જાન્યુઆરીમા પ્રગટ થનાર ત્રીજો સેટ–જેમાં નીચેનાં પુસ્તકો છે :

(૧) માણસાઈના દીવા [સંક્ષેપ]–(ઝવેરચંદ મેઘાણી)
(૨) ઉમાશંકરના કાવ્યો
(૩) ટોલ્સટોયની વાર્તાઓ
(૪) અલગારી રખડપટ્ટી (રસિક ઝવેરી)
(૫) જન્મટીપ (ઈશ્વર પેટલીકર)

એકંદર પાંચ પુસ્તકોના ૭૫૦ થી ૮૦૦ પાનાં થશે અને પ્રકાશન પછી રૂા. ૧૫ની કિંમતે વેચાનારો સંપુટ ૧૫મી ઓગસ્ટ સુધીમાં આગોતરી વરદી નોંધાવનારને માત્ર રૂપિયા નવમાં મળશે. સંઘના કાર્યાલયમાં રૂપિયા નવ મોકલી આપી ઉપરોકત પુસ્તકોનો ઓર્ડર નોંધાવી શકાશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ઋતંભરા અભ્યાસક્રમ

શ્રી ઋતંભરા વિશ્વવિદ્યાપીઠના મંત્રીઓ જણાવે છે કે તા. ૪ થી જુલાઈ, ગુરુવારના દિવસથી ઉપર્યુકત ૧૧મો અભ્યાસક્રમ શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાને નિવાસસ્થાને ત્રણ માસ માટે શરૂ થશે. આ વર્ગ દર ગુરુવારે બપોરના ત્રણ થી પાંચ વાગ્યા સુધી ચાલશે, જેમાં બહેનોને આધ્યાત્મિકવિજ્ઞાન, ધ્યાન, એકાગ્રતા – આદિનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

**પ્રવેશપત્ર મળવાનું સ્થાન :** મંત્રી શ્રી ઋતંભરા કાર્યાલય. ૨૯, ડુંગરસી રોડ, ૩ માળે, મલબાર હીલ, મુંબઈ–૬

## આનંદમયનો અનુભવ

પરમેશ્વર એક ઉત્તમ કલાકાર છે. તે કોઈ દિવસ રદીચિત્ર દોરતો નથી. ઉત્તમ કારીગર ઉપરાંત તે આપણો પરમપિતા પણ છે. તો શું કોઈ પણ બાપ પોતાના બાળક માટે દુ:ખમય સૃષ્ટિ પેદા કરે કે ? એક સાધારણ બાપ પણ એવું ન કરે તો પરમ પિતા પ્રભુ એવું શી રીતે કરે ? તેણે તો આપણે માટે આનંદમય સૃષ્ટિ નિર્માણ કરી છે. પણ આપણું સામર્થ્ય અદ્‌ભુત છે. આપણે આનંદમાંથી પણ દુ:ખ પેદા કરી લઈએ છીએ. આનાથી વધારે બહાદુરી અને કૌશલ્ય બીજા કયાં ગણી શકાય ?

સામે આ આનંદમય વૃક્ષ ડોલી રહ્યું છે.એનો સઘળો આનંદ આપવામાં રહેલો છે. ફૂલ, પાંદડાં, ફળ, છાંયડો અને કોઈ કાપવા માટે આવે તો અંગ પણ કાપીને આપી દે છે. તે સદાસર્વદા ત્યાગ કરે છે. આને કારણે લોકો પ્રેમથી વૃક્ષ રોપે છે. એને ઉછેરવા માટે પ્રયત્ન કરે છે. આનંદ રહસ્ય છે, આપતા રહો, આપતા રહેશો, તો મળતું રહેશે. સૃષ્ટિ ઉદાર છે. તે ગણિત પણ જાણે છે એક બી વાવશો તો હજાર આવશે. પણ શૂન્ય વાવશો તો એનાથી હજારગણું શૂન્ય જ રહેશે. થોડોક પણ ત્યાગ કરવા તૈયાર ન થાવ, તો સૃષ્ટિના આનંદનો અનુભવ શી રીતે મળશે ?

–વિનોબા

# વણજોઈતાં નાણાંને નાથીને ફુગાવો ડામવાનો રામબાણ ઈલાજ

નાણાપ્રધાન તેમનું બજેટ લગભગ તૈયાર કરી રહ્યા હતા ત્યારે દેશના ૧૪૦ જેટલા પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓએ વડા પ્રધાનને ફુગાવો ડામવા માટેનો એક સર્વગ્રાહી ઈલાજ ચુમાલીસ પાનાંના એક નિવેદનરૂપે સૂચવ્યો હતો. એ ઈલાજની વિગતો જ્યારે પ્રો૦ સી. એન. વકીલ અને ડૉ. પી. આર. બ્રહ્માનંદે મુંબઈ યુનિવર્સિટીના હોલમાં પત્રકારોને આપી ત્યારે ટેલિવિઝન કેન્દ્રના કેમેરાનો ઝગમગાટ હતો. તમામ વર્તમાનપત્રોએ, ટી. વી.એ અને આકાશવાણીએ અર્થશાસ્ત્રીઓના ઈલાજને સારી રીતે પ્રકાશમાં આણ્યો હતો. પરન્તુ દિલ્હી પહોંચ્યા પછી એ ઈલાજની શી હાલત થઈ તે જાણવા મળ્યું નહોતું. બે મહિના પછી નાણાપ્રધાને કલકત્તામાં અછડતો ઉલ્લેખ કર્યો હતો કે "અર્થશાસ્ત્રીઓએ સૂચવેલા ઈલાજો અવ્યવહારુ હોઈને સરકાર તે પ્રમાણે પગલાં ભરી શકે નહિ."

એ પછી હાલમાં, એટલે કે ૧૪મી મે, ૧૯૭૪ના રોજ આ બધા અર્થશાસ્ત્રીઓએ આગલા નિવેદનના પૂરક ઈલાજરૂપે બીજી યોજના સૂચવી છે. પ્રથમ નિવેદનને "ફુગાવાને નાથવાને લગતી નીતિ" એવું નામ અપાયું હતું, તો બીજા નિવેદનને "સેમી બોમ્બલા" એવું અંગ્રેજી ટૂંકું નામ આપ્યું છે. Scheme of the Economists for Monetary Immobilisation through Bond Medallions and Blocked Assets એવા લાંબા નામને "સેમી બોમ્બલા"નું ટૂંકું સ્વરૂપ આપ્યું છે. તેનો મતલબ એમ થાય છે કે અર્થશાસ્ત્રીઓએ કેટલાંક વણજોઈતાં કે વધારાનાં નાણાંના પુરવઠાને સ્થગિત કરવા માટે બૉન્ડ આપવાની અને અસ્કયામતોને થીજાવી દેવાની યોજના રજૂ કરી છે.

આ પૂરક યોજના થોડી ભાગ્યશાળી છે કે તાજેતરમાં કેન્દ્રીય પ્રધાનમંડળની રાજકીય બાબતોની સમિતિ મળી હતી ત્યારે "સેમી બોમ્બલા" તરીકે ઓળખાતી અર્થશાસ્ત્રીઓની વાત ઉપર નાણાપ્રધાને થોડો વિચાર કર્યો હતો, પણ કાંઈ નિર્ણય કરી શકયા નહોતા. ફુગાવો નાથવાની તેમ જ વણજોઈતાં નાણાંના પુરવઠાને સ્થગિત કરવાની આ બન્ને યોજનાઓ શું છે તેની વિગતો આપણે અહીં જોઈએ.

અર્થશાસ્ત્રીઓએ ફુગાવો નાથવા માટે એક સંપૂર્ણ નીતિવિષયક માળખું જ સરકાર સામે ધરી દીધું હતું. તેમાં ફુગાવાને માત્ર ઉપરથી જ ડામવાની વાત નહોતી, પણ ફુગાવાનું જ્યાંથી નિર્માણ થાય છે તે માર્ગને જ રૂંધી દેવાનો ઈલાજ બતાવાયો હતો. એટલે અર્થશાસ્ત્રીઓએ સૂચવેલા ઈલાજોનો સરકારે સંપૂર્ણપણે—એક પૅકેજરૂપે—જ અમલ કરવો જોઈએ તેવો અર્થશાસ્ત્રીઓનો આગ્રહ હતો. આ નીતિવિષયક માળખું આ પ્રમાણે હતું :

(૧) સૂચવેલી નીતિનો હેતુ એવો હોવો જોઈએ કે ભાવોની ચપાટીને ફરીથી નીચે લાવવી અને કાળાં નાણાંની અસરને નહિવત્ બનાવી દેવી. આમ કરવા માટે નાણાંના પુરવઠામાંથી ૩૦ ટકાના હિસ્સાને થીજાવી દેવો જોઈએ. તેમ કરવા માટે અમુક પ્રમાણમાં નાણાંનું નવીનીકરણ કરવું જોઈએ. બૅન્કનાં ખાતાઓને સ્થગિત કરવાં જોઈએ અને રોકડ નાણાં સામે ૨૦ વર્ષની મુદતનાં બચત સર્ટિફિકેટો આપવાં જોઈએ.

(૨) પાંચમી યોજના દરમિયાન નાણાંના પુરવઠાની વૃદ્ધિ ૫ ટકાથી વધુ ન થાય તેવી મર્યાદા મૂકી દેવી.

(૩) પાંચમી યોજનાનાં બે વરસ સુધી બૅન્કો પાસેથી સરકારે નાણાં લેવાનું ટાળવું. પાંચમી યોજના દરમિયાન ફુગાવો ન વધે તેવાં સાધનો દ્વારા નાણાં ઊભાં કરવાં. ઔદ્યોગિક ધિરાણો તેમ જ વેપારી ધિરાણોની વૃદ્ધિ દર વર્ષે પાંચ ટકાથી વધુ ન થવી જોઈએ. બૅન્કો દ્વારા માલ ઉપર અપાતા ધિરાણનું પ્રમાણ ૩૩ ટકા કરી નાખવું જોઈએ.

(૪) સરકારે ખર્ચમાં કરકસર કરવી જોઈએ. ઉચ્ચ વર્ગ, મધ્યમ વર્ગ અને સંગઠિત કામદાર વર્ગને જ લાભ મળે તેવા રેવન્યુ ખર્ચમાં કાપ મૂકવો જોઈએ.

(૫) પ્રોજેક્ટોની પસંદગી એવી રીતે કરવી કે તેમાંથી ઓછામાં ઓછું ૧૨૫ ટકાને હિસાબે વળતર મળે. અમુક પ્રોજેક્ટોને જલદી ફળદાયી બનાવવા સંરક્ષણ દળનો ઉપયોગ થઈ શકે તેની શકયતા વિચારવી અને ખાસ કરીને ખાદ્ય ચીજોના ઉત્પાદનના તાકીદના કાર્યક્રમો હાથ ધરવા.

(૬) વિવિધ પ્રકારની સબસીડીઓ આપવાની વ્યવહારુતા અંગે ફેરવિચારણા કરવી. અમુક કક્ષાના ઉપભોગકર્તા વર્ગ અને સરકારી કર્મચારીઓને માલ, નાણાં, રહેણાક, પ્રવાસ વગેરેમાં અપાતી છૂટછાટોની યોગ્યાયોગ્યતા તપાસવી.

(૭) મોજશોખની ચીજોનો વપરાશ ઘટાડવા કરવેરાનું હથિયાર વાપરવું. નિકાસને પ્રોત્સાહન આપવું. કૃષિક્ષેત્રની ચોખ્ખી પેદાશ ઉપર ૩ ટકાની આવક થાય તે પ્રકારે વેરા નાખવા.

(૮) વાર્ષિક આયાતની અડધી જરૂરિયાત જેટલા હૂંડિયામણની અનામત અગાઉથી રાખવી. નિકાસની જકાતનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો.

(૯) અનાજ, કાગળ, તેલ, વીજળી, વાહનવ્યવહાર વગેરેની ચાલુ તંગી રહેવાની છે તેમ માનીને બીજા વિશ્વયુદ્ધની માફક એના વપરાશમાં કરકસર કરવી. ખાસ કરીને અનાજનું ઉત્પાદન વધારીને વપરાશમાં કરકસર કરવી. બની શકે ત્યાં વેડફાટ ઘટાડવો.

(૧૦) જાહેર ક્ષેત્રનાં એકમો સમાજ પ્રત્યેની જવાબદારીનો ખ્યાલ કરીને નફાકારક બને તેવી ઝુંબેશ ઉપાડવી. એકમદીઠ પાંચ વરસમાં કશીક પુરાંતો ઊભી કરવાના લક્ષ્યાંકો નક્કી કરવા.

**(૧૧) ઔદ્યોગિક ક્ષેત્રે કામદારોની શાંતિ કાયમી રીતે જળવાય તેવા કરાર કરવા. વેતનો, નફા અને ડિવિડન્ડને બે વર્ષ સુધી તો સ્થગિત કરી જ દેવાં. આવકનો ભેદ નક્કી કરવા એક પાંચ નીમવું.**

(૧૨) મૂડીરોકાણ માટે ફાળવણીની અગ્રતા નક્કી કરીને રોકાણને ઉત્પાદનલક્ષી બનાવવું. ઔદ્યોગિક શકિતના ઓછા ઉપયોગ માટે એક તપાસ સમિતિ નીમવી. વધારાની મૂડી રોકયા વગર વર્તમાન ઉત્પાદનશકિતના મહત્તમ ઉપયોગ માટે કારવાઈ કરવી.

ફુગાવાને નાથવાના ઉપર મુજબના ઈલાજો પૈકી ભારત સરકારે એક પણ ઈલાજ હાથ ધર્યો નથી. છતાંય ૧૪૦ અર્થશાસ્ત્રીઓએ હિંમત હાર્યા વગર ફરીથી અગાઉના નિવેદન કરતાં લગભગ બમણા કદનું નિવેદન સરકારને રજૂ કર્યું છે અને તેમાં નાણાં પુરવઠામાંથી ૩૦ ટકા નાણાંને ચલણમાંથી કેવી રીતે સ્થગિત કરી દેવાં તેની નક્કર અને ક્રાંતિકારી યોજના રજૂ કરી છે. અમુક મુદતના બૉન્ડ દ્વારા અને અસ્કયામતોને થીજાવી દઈને દેશમાં બેફામ રીતે ઘૂમતા નાણાંના પુરવઠાને કેમ ઓછો કરી શકાય તેની આ ચોટદુક સ્કીમને અર્થશાસ્ત્રીઓએ "સેમી બોમ્બલા" નામ આપ્યું છે તે પણ તેના ધ્વનિ પ્રમાણે સૂચક છે. કાળાં નાણાં ધરાવનારા લોકો જ નહિ પણ સફેદ નાણાંનો વધુ પડતો કબજો ધરાવનારા લોકો માટે તો આ સ્કીમ અમલમાં મુકાય તો એક બૉમ્બ જેવી જ પુરવાર થાય તેમ છે!

અર્થશાસ્ત્રીઓએ સૂચવ્યું છે કે એક સરકારી વટહુકમ દ્વારા જૂની ચલણી નોટોને ચલણમાંથી પાછી ખેંચી લેવાનું તેમ જ બેન્કની અનામતો સ્થગિત કરવાનું પગલું ભરવું જોઈએ. તે માટે અર્થશાસ્ત્રીઓએ ચલણી નોટોને પાછી ખેંચવાની વિગતપૂર્ણ પદ્ધતિ પણ તેમના નિવેદનમાં આલેખી છે.

ચલણની મોટી નોટોનું મૂલ્ય વટહુકમ દ્વારા ૩૦ ટકા જેટલું ઘટાડી નાખવું. એટલે કે રૂપિયા એકસોની નોટ રૂા. ૭૦ની થઈ જાય, રૂા. ૫૦૦ની નોટ રૂા. ૩૫૦ની, રૂા. ૧૦૦૦ની નોટ રૂા. ૭૦૦ની અને રૂા. ૧૦,૦૦૦ની નોટને રૂા. ૭૦૦૦ના મૂલ્યની બનાવી દેવી.

આ મોટી રકમની ચલણી નોટોના માલિકોએ વટહુકમની તારીખથી બેન્કો, સહકારી બેન્કો, ટપાલ ખાતાઓ અને બીજી નિર્દિષ્ટ નાણાંસંસ્થાઓ જે અનામતો સ્વીકારતી હોય તે આ ડિપોઝિટનાં ખાતાઓનું રૂપાંતર બ્લોક્ડ ડિપોઝિટ ખાતાઓમાં કરી નાખશે. આ નવાં ખાતાઓમાં નીચે પ્રમાણેની રકમો જૂના ખાતામાંથી બદલવામાં આવશે :

(૧) કરન્ટ ડિપોઝિટની ૩૦ ટકા રકમને સ્થગિત કરીને નવા બ્લોક એકાઉન્ટમાં રખાશે; (૨) બચત ડિપોઝિટની ૨૫ ટકા રકમને; અને (૩) ફિક્સ્ડ ડિપોઝિટ, જેની મુદત બે કે ઓછા વર્ષમાં પાકતી હોય તેની ૨૦ ટકા રકમને નવા બ્લોક એકાઉન્ટમાં રખાશે.

આ નવા ખાતામાંથી દસ વર્ષ સુધી ચેકો દ્વારા રકમ ખેંચી શકાશે નહિ કે નિર્દિષ્ટ કરી હોય તેવી પદ્ધતિ સિવાયની પદ્ધતિ દ્વારા તે રકમને ટ્રાન્સફર કરી શકાશે નહિ. બ્લોક એકાઉન્ટ ધરાવનારાઓને સરકાર તરફથી દસ વર્ષની મુદતનાં ખાસ બચત સર્ટિફિકેટો આપાશે. આ પ્રકારનાં સર્ટિફિકેટો ધરાવનારને બે છ માસિક હપ્તામાં ૯ ટકા વ્યાજ આપવાનો વિકલ્પ આપાશે.

ઉપર મુજબનાં તમામ સર્ટિફિકેટો ઉપર દસ વર્ષને અંતે લગભગ ૨.૬ ગણી રકમો મળે તેવી ગણતરી છે. એટલા માટે જીવનનિર્વાહ આંક સાથે જ વળતરવાળાં સર્ટિફિકેટોને સાંકળવાનું સૂચન "સેમી બોમ્બલા"માં કરવામાં આવ્યું છે. હુકમની તારીખથી મહિનાની અંદર અથવા તો સરકાર નક્કી કરે તે મુદતની અંદર બેન્ક, સહકારી બેન્ક, ટ્રેઝરી કે બીજી માન્ય કરેલી સંસ્થામાં પોતાની ચલણી નોટો ઉપર છાપ મરાવી જવી. પછી એ છાપવાળી જૂની નોટોના બદલામાં ઘટાડેલી કિંમત મુજબનાં ખાસ બચત સર્ટિફિકેટો આપવાં. જે જૂની નોટો વટહુકમની તારીખ પછી ત્રણ મહિનાની અંદર છાપ લગાવવા માટે ન રજૂ થાય તે નોટોને રદ સમજવી. આ બચત સર્ટિફિકેટો દસ વર્ષની મુદતે પાકે તેવાં આપવાં.

રૂા. ૧૦,૦૦૦થી ઓછી કિંમતવાળી નોટો રજૂ કરનારાનાં નામ, સરનામું, વ્યવસાય વગેરેની નોંધ લેવી; પરન્તુ રૂા. ૧૦,૦૦૦-વાળી નોટો રજૂ કરનારને બચત સર્ટિફિકેટો આપતાં પહેલાં ખાસ કક્ષાના આવકવેરા અમલદારને તે વ્યક્તિ પાસે વધુ પડતાં નાણાં કેમ આવ્યાં તે અંગે પૂછી લેવું.

રૂા. ૧, ૨, ૫, ૧૦, ૨૦ અને ૫૦ની કિંમતની નોટોના માલિકોએ એક મહિનાની અંદર અથવા વટહુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખની અંદર પોતાની નોટો "સ્પેશ્યલ બોન્ડ મેડેલિયન"ના બદલામાં સરકારને પાછી સોંપી દેવાનો વિકલ્પ રાખવો. સોનાથી મઢેલા આ સિક્કાને મહત્તમ ૧૦ વર્ષ પછી જ વટાવી શકાય તેવી જોગવાઈ રાખવી.

વળતરરૂપે જે ખાસ સર્ટિફિકેટો આપાય કે સોનાના ચન્દ્રકો (મેડેલિયન) આપાય તેના ઉપર માલિકને ૧૦ ટકા ચક્રવૃદ્ધિ વ્યાજ મળે તેવી જોગવાઈ રાખવી. આમ મોટી નોટોનું ચલણ ૩૦ ટકા જેટલું ઘટી જાય અને નાની નોટોનું અમુક પ્રમાણ દસ વર્ષ સુધી ચલણમાંથી સ્થગિત રહેશે.

રૂા. ૧૦૦ની નોટોને બદલવા અંગે કેટલીક કક્ષાની વ્યક્તિઓને ખાસ સગવડો આપવાની જોગવાઈઓ પણ અર્થશાસ્ત્રીઓની યોજનામાં છે. ગ્રેચ્યુઈટી, પેન્શન, વીમાની પોલિસીના પૈસા કે મનીઓર્ડરના પૈસા મેળવનાર વ્યક્તિઓને અમુક સંયોગોમાં વટહુકમની જોગવાઈમાંથી બાકાત રાખવાનું સૂચવાયું છે.

અર્થશાસ્ત્રીઓએ વટહુકમ અંગેની બંધારણીય યોગ્યાયોગ્યતા વિચારી છે અને વટહુકમનો તૈયાર મુસદ્દો સરકારને આપ્યો છે. આ વટહુકમ આપતાં પહેલાં બેન્કો સહિતની તમામ નાણાં સંસ્થાઓ પાસે કેટલી રોકડ રકમો છે તેનો ગુપ્ત અહેવાલ મેળવી લેવો જોઈએ.

વટહુકમ લાગુ થાય તે પછી ત્રણ દિવસ સુધી બેન્કો, શેરબજારો વગેરે નાણાંબજારો બંધ રહેવાં જોઈએ. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સહિતની તમામ નાણાં સંસ્થાઓ અને તાલુકા કક્ષાના વહીવટી તંત્રે વટહુકમના અમલ માટે તૈયાર રહેવું. જરૂર પડયે સ્કૂલો બંધ રાખીને શિક્ષકોની પણ સેવા લેવી.

અર્થશાસ્ત્રીઓ પોતાની ઉપરની યોજનાને "ડિમોનેટાઈઝેશન"થી ભિન્ન ગણાવે છે. "ડિમોનેટાઈઝેશન"માં ઘણી વખત સમાન મૂલ્યની નવી નોટો, જૂની નોટોના બદલામાં અપાય છે. "ડિમોનેટાઈઝેશન"ના પગલામાં ૩થી ૫ દિવસ સુધી બજારો બંધ રહે છે અને નવી નોટો આપાઈ જાય એટલે વ્યવહાર ચાલુ થાય છે. આને કારણે કામચલાઉ રીતે ભાવો નીચા જાય છે.

૧૯૪૬માં ભારત સરકારે "ડિમોનેટાઈઝેશન" કર્યું ત્યારે ધારી અસર થઈ નહોતી. સિલોનનો પણ આવો અનુભવ હતો. "સેમી બોમ્બલા"ની નવા પ્રકારની સ્કીમ દ્વારા ભાવોની સપાટીને ઓછામાં ઓછી ૨૫ ટકા જેટલી નીચી લાવવાનો ઈરાદો છે. વળી રૂા. ૧૦૦ અને તેના ઉપરની નોટોની માલિકી ધરાવનારાઓ જૂની નોટો ઉપર છાપ લગાવવા માટે તમામ નોટો બહાર નહિ લાવે, કારણ કે તેમાં આવકવેરા ખાતાની તપાસનો ડર રહે છે. આને કારણે અમુક નોટોનું મૂલ્ય–કાયમ માટે ચલણ બહાર ચાલ્યું જશે.

નાણાંના પુરવઠામાં કાપ મૂકીને અમુક ચલણને સ્થગિત કરવાની પદ્ધતિ યુરોપના દેશોમાં ભૂતકાળમાં અપનાવાઈ છે. આ પ્રકારના નાણાં સુધારાનો અમલ ગ્રીસ, હંગેરી, ઑસ્ટ્રિયા, રશિયા, પોલાન્ડ, રુમાનિયા વગેરે દેશોએ કર્યો છે. તેમાં બેલ્જિયમ, ડેનમાર્ક, નોર્વે, નેધરલેન્ડ અને ચેકોસ્લોવેકિયામાં આ નાણાં સુધારા સારી રીતે સફળ થયા છે. બેલ્જિયમે "સેમી બોમ્બલા"ને મળતી આવે તેવી નાણાકીય સુધારાની પદ્ધતિ અપનાવી હતી અને તે પછી બાર દેશોએ એ પદ્ધતિ અનુસરી હતી.

સ્વરાજ પછી કરવેરાના માળખામાં મૂળભૂત ફેરફાર કરવા ભારત સરકારે શ્રી કાલડોર નામના બ્રિટિશ અર્થશાસ્ત્રીને ભારત બોલાવ્યા હતા. તેમણે સૂચવેલા સર્વગ્રાહી સુધારાને ઉપરછલ્લા અપનાવ્યા પછી તેની તૈયાર રાંધેલી સ્કીમને અભરાઈએ ચડાવી દેવાઈ હતી. રાજકારણીઓ કે નોકરશાહીનું માનસ ધરાવતા ઉચ્ચ અધિકારીઓ અર્થશાસ્ત્રીઓએ તૈયાર ભોજનરૂપે આપેલી આ સ્કીમને અપનાવવામાં કદાચ નાનમ સમજે તો અત્યંત ઉપયોગી એવી "સેમી બોમ્બલા"ની સ્કીમ અભરાઈએ ચડવાનો ડર રહે છે. ભારત સરકારે વાંછુ સમિતિ દ્વારા "ડિમોનેટાઈઝેશન"ની થયેલી ભલામણને ફગાવી દીધી હતી, પરન્તુ "ડિમોનેટાઈઝેશન"ની પદ્ધતિનું બિલકુલ નવીનીકરણ કરીને તેને આપત્તિવિહીન બનાવનારી "સેમી બોમ્બલા"ની યોજનાનો અમલ થાય તો કાળાં નાણાંનું જે દૂષણ છે તે તત્કાળ તો ઓછું થશે તેમાં શંકા નથી. અર્થશાસ્ત્રીઓની યોજના વ્યવહારુ પણ છે અને નોટોની ફેરબદલી અને નવા સોનાના ચન્દ્રકો વગેરેમાં સરકારને શરૂઆતના વર્ષમાં રૂા. ૧૫૦ કરોડ અને પછી રૂા. ૫૦ કરોડથી રૂા. ૧૦૦ કરોડનો ખર્ચ થશે, પણ તેને કારણે ફુગાવાના સમગ્ર બળને નાથી શકાશે તેનો લાભ તો અગણિત છે.

કાન્તિ ભટ્ટ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪, ટે. નં. ૩૫૦૨૯૯. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૯ : અંક : ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૭૪ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## શ્રી મોરારજીભાઈનું જીવનવૃત્તાંત

શ્રી મોરારજીભાઈના જીવનવૃત્તાંતના બે ગ્રન્થો – લગભગ ૭૫૦ પાનાં વાંચતાં જે વિચારો સ્ફુર્યા તે રજૂ કરું છું. આ લખાણ અવલોકન નથી.

ગરીબાઈમાં ઊછરી, અભ્યાસ કર્યો. પછી બાર વરસ સરકારી નોકરી કરી એમાં દેશની કુસેવા કરી એવું ભાન થતાં, નોકરી છોડી. તેના પ્રાયશ્ચિત્ત તરીકે, બહોળું કુટુમ્બ હોવા છતાં, બાકીનું જીવન જનસેવા અને દેશસેવામાં જ ગાળવું અને પોતાના સ્વાર્થ માટે કોઈ પણ કામ ન કરવું એવો સંકલ્પ કર્યો.

૧૯૩૦માં, ૩૪ વર્ષની વયે, નોકરી છોડ્યા પછી, ૪૪ વર્ષ સતત દેશની સેવામાં ગાળ્યાં છે. આઝાદીની લડતમાં અનેક વખત જેલ ભોગવી, ઉચ્ચ સ્થાનો – નાયબ વડા પ્રધાન સુધીનાં – પ્રાપ્ત કર્યાં અને છોડ્યાં.

મોરારજીભાઈ સદા વિવાદાસ્પદ વ્યક્તિ રહ્યા છે. કોઈ વખત એમ લાગે કે વિવાદ નોતરે છે. સત્યના આગ્રહી અને સ્પષ્ટવક્તા તેમ જ મક્કમ મનના એટલે ઘણા સંઘર્ષોનો સામનો કરવો પડ્યો. કેટલાક એમ માને છે અને મોરારજીભાઈ એમાંના એક હતા (છે?) કે સત્ય કડવું હોય તેથી કહેતા ડરવું ન જોઈએ. પણ મોરારજીભાઈએ કહ્યું છે કે ૧૯૫૨ પછી, સત્યમપિ પ્રિયં બ્રૂયાત્, ન બ્રૂયાત્ સત્યમપ્રિયમ્ એ ઋષિમુનિઓની સલાહ વિચારવા જેવી છે અને તે પ્રમાણે વર્તવું શરૂ કર્યું. તેમાં કેટલે દરજ્જે તેમને સફળતા મળી છે તે, જેમને મોરારજીભાઈનો અનુભવ છે તે કહી શકે.

આત્મકથા લખવી વિકટ કાર્ય છે. તેમાં પોતાના વિશે અને પોતે જેના સંબંધમાં આવ્યા હોય તેવા બીજાઓને વિશે લખવાનું હોય છે. પોતાના ગુણદોષ યથાર્થ રીતે વિરલ વ્યક્તિઓ જ રજૂ કરી શકે. માનવસહજ નિર્બળતાથી પોતાના ગુણ વધારે દેખાય, દોષ ઓછા દેખાય. પોતે કર્યું છે તે યોગ્ય હતું તેવું બતાવવાની વૃત્તિ રહે. જેના તરફથી સહાય કે સહાનુભૂતિ મળ્યાં હોય તેના ગુણ લાગે. જેની સાથે કોઈ કારણસર વિરોધ થયો હોય તેના અવગુણ લાગે. કોઈ માણસ બીજાને પૂરી રીતે ઓળખી શકતો નથી. તેના જે અંગનો અનુભવ થયો હોય – સારો કે નરસો – તે ઉપરથી તેના સમગ્ર વ્યક્તિત્વને માપતાં તેને અન્યાય થવા સંભવ રહે. બીજાના વિશે અભિપ્રાયો આપવામાં આવાં જોખમ છે.

આત્મકથા શા માટે લખવી? અમર થવા? પોતે કર્યું છે તે વાજબી હતું તે બતાવવા? મોરારજીભાઈ કહે છે તેમના જીવનના પ્રસંગોમાંથી વાંચનારને એની કોઈ મૂંઝવણમાં કદાચ કાંઈ ઉપયોગી તત્ત્વ મળી શકે એવું માનીને તેમ જ એને એ આપવાનો મારો ધર્મ છે એમ સમજીને પોતાનું જીવનવૃત્તાંત લખવાનું તેમણે સાહસ કર્યું છે. ભારતીય પરંપરામાં આત્મકથાને બહુ સ્થાન નથી. આપણા મહાન લેખકો પોતાની શ્રેષ્ઠ કૃતિઓમાં પોતાના નામનો પણ ઉલ્લેખ નથી કરતા. મહત્ત્વ કૃતિનું છે, વ્યક્તિનું નહિ.

આત્મકથા બે પ્રકારની હોય છે. એક, જેમાં વ્યક્તિના આંતરિક વિકાસનું વર્ણન હોય અને બનાવો તેના ઉદાહરણ તરીકે આવે. ગાંધીજીએ આત્મકથા પોતાના સત્યના પ્રયોગો આલેખવા લખી. તે બતાવવા જરૂરી હોય તેટલા પૂરતા બનાવો નોંધ્યા. બીજી આત્મકથા બહારના બનાવોની જ કથા હોય અને તેમાં પોતે શું ભાગ ભજવ્યો તે આવે. પહેલા પ્રકારની આત્મકથા જ ઉપયોગી છે. બીજા પ્રકારની માત્ર ઈતિહાસ છે, તે પણ ઘણો અપૂર્ણ.

આત્મકથાના લેખક માટે બે મોટાં ભયસ્થાનો છે. તેના ઉપર સહેજે અહંભાવ અને દંભનો આરોપ આવે. પોતાના વિશે લખવાનું એટલે હુંપણું તો આવવાનું જ. નમ્રતા હોય તો મર્યાદિત રહે. દંભ એટલે મનમાં એક હોય અને કહેવું અથવા કરવું બીજું. વિચાર, વાણી અને વર્તનની એકતાનો અભાવ. આવો અભાવ ઈરાદાપૂર્વકનો હોય, તો દંભ છે. પણ તે અજાણતા અથવા અસહાયપણે કે નિર્બળતાથી હોય, તો દંભ નથી. માણસને ભાવના અને આદર્શ હોય છે. તે પ્રમાણે વર્તન કરી શકાતું નથી. આદર્શ અને વ્યવહાર વચ્ચે સદા અંતર રહે છે. આ અંતર ઓછું કરવાનો સતત પ્રામાણિક પ્રયત્ન હોય તો એવું અંતર દંભ ન કહેવાય. પોતાના આદર્શને જોરશોરથી પોકારતો રહે અને તે પ્રમાણે પોતે વર્તન કરે છે એવો દાવો કરે છતાં આદર્શ વ્યવહારથી ઘણો દૂર હોય તો બીજાઓને દંભ લાગે તેમાં નવાઈ નહિ. આવી છાપ નિવારવાનો સરળ માર્ગ હૃદયની નમ્રતા, પોતાની અપૂર્ણતાઓની સતત જાગૃતિ અને સચ્ચાઈ.

મોરારજીભાઈની આત્મકથામાં સૌથી વધારે વખત જે શબ્દો આવે છે તે છે, સત્ય, ઈશ્વર, સ્પષ્ટતા, મક્કમતા, નિડરતા–આ પાંચ શબ્દો તેમના ધ્રુવતારક છે એમ કહેવાય. સત્યના આગ્રહી વ્યક્તિએ સદા લક્ષમાં રાખવું જોઈએ કે સંપૂર્ણ સત્ય કોઈને લાધ્યું નથી. તેથી બીજાના વિચારો પ્રત્યે અંતરની ઉદારતા અને પોતા વિષે સાચી નમ્રતા ન હોય તો સત્યનો આગ્રહ અને મક્કમતા દુરાગ્રહમાં પરિણમે અને તે બીજા ઉપર એક પ્રકારનો જુલ્મ થઈ જાય. મોરારજીભાઈની આત્મકથા વાંચતાં આવા ઘણા વિચારો આવે છે.

તેમના દીર્ઘકાળના જાહેર જીવનમાં તેમણે ઘણાં મહાન કાર્યો કર્યાં છે. કુશળ વહીવટકર્તા તરીકે તેમણે નામના મેળવી છે. પોતે જ્યાં અગત્યનો ભાગ ભજવ્યો છે એવા બનાવોની હકીકતો તેમણે આપી છે. બીજાઓ, જેના નિકટના સમાગમમાં તેઓ આવ્યા – ગાંધીજી, સરદાર, નહેરુ, ઈન્દિરા ગાંધી – વગેરે વિશે પણ તેમણે લખ્યું છે. મહત્ત્વની વસ્તુ બનાવો નથી પણ તેની પાછળ મોરારજીભાઈની શું ભાવનાઓ અને આદર્શ હતા તે છે. આ ભાવનાઓ અને

આદર્શ, તેમના શબ્દોમાં, કેટલાક પ્રસંગો લઈ, હવે આપું છું.

ડેપ્યુટી કલેક્ટર હતા ત્યારે અધિકારીઓની ખુશામતનું વાતાવરણ હતું. મોરારજીભાઈ કેવી રીતે વર્તતા ?

"હું આ વાતાવરણથી રંગાવા માગતો નહોતો. શરૂઆતથી જ ખુશામત ન કરવી, ખોટું ન બોલવું કે કરવું અને કોઈથી ગભરાવું કે ડરવું નહિ એ મારો સંકલ્પ હતો અને એ સંકલ્પ પાળવા માટે નોકરી જાય તો ભલે જાય એવી મનમાં નિરાંત રાખી હતી."

ડેપ્યુટી કલેક્ટર હતા ત્યારે એક કેસમાં જુબાની આપવાની આવી. પોતે જ આરોપીને દોષિત માની સેશન્સ કમિટ કર્યો હતો. જે સાચી વાત લક્ષમાં આવેલી તે બધી જેમ બની તેમ કોર્ટમાં કહી. આરોપીને તેનો લાભ મળ્યો અને છૂટી ગયો. મોરારજીભાઈ લખે છે :

"એ આરોપીને સજા થાય એ રીતે હું જુબાની આપી શકયો હોત– જો હું ખોટું બોલવા માટે તૈયાર હોત અને મારા મનમાં કોઈ દ્વેષ-ભાવ હોત તો. પણ દ્વેષભાવ કોઈને વિશે પણ રાખવો ન જોઈએ અને કોઈપણ કારણસર ખોટું ન બોલવું જોઈએ એવો મારો નિયમ હોવાથી આરોપીને જે સાચી હકીકત હું કહું છું એથી ફાયદો થશે એ જાણતો હતો તે છતાં જે સાચી વાત મારી જાણમાં હતી એ મેં કોર્ટને સ્પષ્ટતાથી કહી."

ડેપ્યુટી કલેક્ટર તરીકે કોઈ સિફારસ કરવા આવે તો શું કરતા ?

"સરકારી કામમાં કોઈની પણ સિફારસ હું સાંભળતો નહોતો અને કોઈ સિફારસ કરવા આવે તો એને કહેતો હતો કે એની સિફારસ લઈને એની વિરુદ્ધ જ હું ચુકાદો આપીશ....તેથી મારી પાસે ભાગ્યે જ કોઈ સિફારસ આવતી."

ડેપ્યુટી કલેક્ટર તરીકે મેજિસ્ટ્રેટનું કામ પણ કરવાનું હતું. એક કેસમાં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સાથે ઝઘડામાં ઊતરવું પડે તેમ હતું અને તેમ ન કરવા મિત્રોએ સમજાવવા પ્રયત્ન કર્યો. મોરારજીભાઈએ શું કહ્યું ?

"મેં હમેશાં સંકલ્પ કર્યો છે કે મને જે સાચું લાગે એ જ પ્રમાણે મારે ન્યાય આપવો જોઈએ. નહિ તો મેજિસ્ટ્રેટ તરીકે હું અપ્રામાણિક બનું અને ઈશ્વરનો ગુનેગાર થાઉં. નોકરી જતી હોય અથવા બીજું કોઈ જોખમ વહોરવું પડે તેમ હોય તો તે વેઠીને પણ સાચો ન્યાય મારે આપવો જોઈએ ઓમાં મને શંકા નથી અને તેમ કરવામાં જ મારું કલ્યાણ છે એમ હું માનું છું."

૧૯૩૭માં મુંબઈમાં, પહેલું મંત્રીમંડળ થયું ત્યારે સરદારે મંત્રીઓનો નિર્ણય કરવાનો હતો. સરદારને મળવા જવાનું હતું ત્યારે મિત્રોએ સમજાવ્યું કે મંત્રી થવાની ના પાડશો નહિ. મોરારજીભાઈએ શું કહ્યું ?

"મારા જીવનમાં મેં કોઈ સ્થાનની અપેક્ષા કરી નથી અને જે સ્થાન સ્વાભાવિક રીતે જ મળ્યું હોય ત્યાં કામ કરવાનું મારું કર્તવ્ય હું સમજ્યો છું એટલે એ વિશે પણ આ નીતિથી બીજું વલણ હું આખ્તયાર નહીં કરી શકું."

મુનશી વારંવાર સરદારને મળતા અને મંત્રીમંડળની ઘણી વાતો કોઈ જ જરૂર વગર કરતા તેથી ખેરસાહેબને ખોટું લાગતું. મોરારજીભાઈ મંત્રી બન્યા ત્યારે સરદારને શું કહ્યું હતું ?

"મારી વફાદારી મુખ્ય મંત્રી પ્રત્યે રહેશે અને પછી તમારા પ્રત્યે રહેશે. એ જો સ્વીકાર્ય હોય તો જ આ કામ કરી શકીશ, નહિ તો એમાંથી ગેરસમજ થવાનો સંભવ છે. સરદારસાહેબે એ વાત માન્ય રાખી હતી."

૧૯૪૬નાં કોમી રમખાણો સમયે બાપુએ મોરારજીભાઈને સલાહ આપી કે અમદાવાદ જઈ બે લડતાં બળોની વચ્ચે ઘૂમવું જોઈએ. પોલીસ અને ફોજની મદદ ન લેવી જોઈએ અને જરૂર પડે તો બલિદાન દઈને એ આગને ઠંડી કરવી જોઈએ. મોરારજીભાઈ આ સલાહ સ્વીકારી ન શકયા. કારણ ?

"મારી જાતને ટટોળતાં એવી રીતે બલિદાન આપવામાં મને કોઈ આનંદ દેખાયો નહીં. મૃત્યુની મને કોઈ દિવસ બીક રહી નથી...એટલે એવી રીતે બલિદાન આપવામાં મને મૃત્યુનો ભય ન હતો...પણ જીવન આનંદમય ન બને તો બલિદાન નથી, જબરજસ્તીથી કરેલું કર્તવ્યપાલન છે." મોરારજીભાઈ અને ખેરસાહેબનો સંબંધ કેવો હતો ?

"ખેરસાહેબ લોકપ્રિયતા ચાહતા હતા તેથી લોકો નારાજ થાય એવું કોઈ કામ કરતાં ખચકાતા હતા. તેથી અમે બન્નેએ વિચાર કરી નક્કી કર્યું કે જ્યારે જ્યારે લોકોની નારાજી વહોરવાનો પ્રસંગ આવે ત્યારે ત્યારે એની જવાબદારી મારે લેવી અને એમને એવા પ્રસંગની મુસીબતમાંથી મુકત રાખવા."

૧૯૫૨ની ચૂંટણીમાં ખેરસાહેબ ઊભા રહ્યા ન હતા. મોરારજીભાઈ મુખ્ય મંત્રી થવાનો સંભવ હતો. મોરારજીભાઈ કહે છે: "એ વખતે મને એમ હતું કે રાજકારણમાં રહેવાથી સત્યની ખોજ મુશ્કેલ બનશે." સત્યની ખોજ એમના જીવનનું ધ્યેય રહ્યું છે. છતાં ઊભા રહ્યા. અણધારી રીતે હારી ગયા. આથી મોરારજીભાઈને શું લાગ્યું ?

"ઈશ્વરે મારી હારની મારફત મને સમજાવ્યો હતો કે મારે ભાગવાનો વિચાર કરવો જોઈતો ન હતો. જે જવાબદારી સ્વાભાવિક રીતે મારી સામે આવી પડે તે અદા કરવાથી જ ઈશ્વર મળી શકે છે અથવા તો સત્ય સાધી શકાય છે એ વિશે મારા મનમાં કોઈ શંકા રહી ન હતી. રાજકારણમાં રહી સામાન્ય રીતે માણસ સત્યની સાધના કરતો નથી એ તો સામાન્ય અનુભવ છે. પણ એમાં રહીને પણ સત્યની સાધના થઈ શકે છે એમ આપણે માનવું જોઈએ. કારણ કે જનક રાજાનું દૃષ્ટાંત આપણી સામે રહેલું છે. માણસ પોતે ઈશ્વરનું સ્મરણ કરીને, કર્તવ્યભાવે કોઈપણ જાતના અંગત સ્વાર્થ કે લાભની વૃત્તિ સિવાય જીવન જીવવાનો જો પ્રયાસ કરે અને એ રીતે જ જો પોતાની જવાબદારી અદા કરે તો રાજય ચલાવતાં ચલાવતાં પણ સત્યની સાધના એ કરી શકે છે એમ તે વખતે મને સમજાયું હતું."

આ લાંબું અવતરણ મેં આપ્યું છે કારણ કે તેમાં મોરારજીભાઈની જીવનદૃષ્ટિ જોવા મળે છે. હારી ગયા તેથી ઈશ્વરે રાજકારણમાંથી છૂટા થવાને બદલે ભાગી ન જવા સમજાવ્યા એ કદાચ સમજતાં મુશ્કેલ પડે તેવું છે. પણ જનક વિદેહી પેઠે અનાસકત ભાવે રાજકારણમાં પણ સત્યની સાધના થઈ શકે તે મહત્ત્વની વાત છે.

મોરારજીભાઈને ૬૦ વર્ષ પૂરાં થયાં ત્યારે કેટલાક મિત્રોએ હીરક જયંતી ઊજવવાનો વિચાર કર્યો અને જાહેર સભા ગોઠવી. મોરારજી-ભાઈએ ના પાડી અને સભા રદ કરવી પડી. થેલી ઘરે આવી અર્પણ કરી તે રકમ સેવાના કામમાં આપી દીધી. કોઈ સંસ્થા, માર્ગ કે સ્થાન સાથે પોતાનું નામ ન જોડવું એવો એમનો નિયમ છે. કારણ ?

"આ નિયમો કરવા પાછળ મારો એક જ હેતુ રહ્યો છે અને તે એ કે અહંભાવને છોડવો. માણસ અહંભાવ ન છોડે ત્યાં સુધી સત્ય-દર્શન થઈ શકતું નથી, એમ હું માનું છું અને સત્યદર્શન સિવાય બીજી કોઈ અભિલાષા મેં જીવનમાં પોષી નથી."

ચૂંટણી માટે ફંડ એકઠું કરવાનું હતું ત્યારે ઉદ્યોગપતિઓને બોલાવીને કહ્યું, "કોઈ પૈસા આપે કે ન આપે એ સૌની સાથે મારો એકસરખો અને સમાન વ્યવહાર રહેશે. જે પૈસા આપશે તેને કોઈ વધારે સગવડ હું આપી શકીશ નહીં અને જે નહીં આપે એને કોઈ ઓછી સગવડ પણ હું આપી ન શકું." જે રકમ આવી તે બધી બૅન્કમાં જમા કરાવી હતી.

૧૯૫૬માં કેન્દ્રમાં મંત્રી થયા પછી, તેમનું કાર્યક્ષેત્ર ઘણું વધ્યું. વિદેશયાત્રાઓ ઘણી થઈ અને મોટા આગેવાનોના સંબંધમાં આવ્યા. પણ દરેકની સાથે સ્પષ્ટતાથી અને મક્કમતાથી જ વાત કરતા. કોઈની શેહમાં તણાતા નહિ. ક્રુશ્ચેવને મળ્યા ત્યારે ક્રુશ્ચેવે કહ્યું કે આમારી સાથે સારુ રાખે તેની સાથે અમે

સારા અને ખરાબ રાખે તેની સાથે ખરાબ. મોરારજીભાઈએ કહ્યું, અમારી નીતિ જુદી છે. સારાની સાથે સારા થવું સ્વાભાવિક અને સહેલું છે. તેનું કાંઈ મહત્ત્વ નથી. ખરાબની સાથે સારા રહીએ તો સારાપણું છે. આ વાત કુશ્ચેવને બહુ ગમી નહીં. બીજી વખત કુશ્ચેવને રશિયામાં મળ્યા ત્યારે કુશ્ચેવે શરૂઆતમાં કહ્યું, મિ. દેસાઈ, તમે તો સામ્યવાદના દુશ્મન છો. મોરારજીભાઈએ જવાબ આપ્યો, મિ. કુશ્ચેવ, હું કોઈ માણસ કે વાદનો દુશ્મન નથી અને મને એવી કોઈ દુશ્મનીમાં રસ નથી. હું એવી કોઈ દુશ્મનીમાં માનતો પણ નથી. મારા દુશ્મનની સાથે પણ હું દુશ્મની રાખતો નથી.

વર્લ્ડ બેન્કના પ્રમુખ મિ. બ્લેકને મળવાનું થયું. ભારત-પાકિસ્તાન વચ્ચે કેટલાક મુદ્દાઓની વાત કરવાની હતી. બ્લેકને શરૂઆતમાં જ એમણે કહ્યું કે હું સ્પષ્ટ કહું તેથી ખોટું ન લગાડજો. પછી સ્પષ્ટતાથી બધી વાત કહી એટલે બ્લેકને ખોટું લાગ્યું. મોરારજીભાઈએ કહ્યું, તમે વચન આપ્યું હતું કે ખોટું નહિ લગાડો છતાં નારાજ થયા છો. પછી બ્લેક શાંત થયા અને પોતાની ભૂલ સ્વીકારી.

આવા ઘણા પ્રસંગો છે. દરેકમાં મોરારજીભાઈ ખૂબ સ્પષ્ટ જ વાત કહે. છેવટ સામાને તેની ભૂલ સમજાય અથવા મોરારજીભાઈને જવાબ આપી ન શકે. મોરારજીભાઈ સિદ્ધાંતની બાબતમાં કોઈ દિવસ નમતું ન મૂકે. જવાહરલાલ પણ આ હકીકતથી વાકેફ હતા એટલે મોરારજીભાઈને કોઈ દિવસ આગ્રહ ન કરે. મોરારજીભાઈ કહે છે :

"જવાહરલાલ ઈશ્વરમાં માનતા ન હતા અને તેથી સત્યને સામાન્ય રીતે પસંદ કરવા છતાં અસત્યના અવલંબનને એમણે છેક છોડી દીધું ન હતું. પરંતુ અસત્યનો દોષ પોતાને માથે ન આવે એટલા માટે પોતાના સાથીઓ પાસે એવો વ્યવહાર કરાવતા હતા અથવા સાથીઓ એમના મનમાં સમજીને એ જાતનો વ્યવહાર કરતા હતા. હું આ જાતના વ્યવહારમાં ઉપયોગી ન હતો એની મારા દિલ્હીમાં આવ્યા પછી એમને ખાતરી થઈ."

હવે એક છેલ્લો પ્રસંગ લઈએ.

કેન્દ્રના મંત્રીમંડળમાં મોરારજીભાઈનું ચોથું સ્થાન હતું. બીજું અને ત્રીજું, મૌલાના આઝાદ અને પંતજીનું. તેઓ બન્ને અનુક્રમે પક્ષના ઉપનેતા થયા હતા. પંતજીના અવસાન પછી મોરારજીભાઈ ઉપનેતા થવા જોઈતા હતા અને પરિણામે નહેરુ પછી તેઓ વડા પ્રધાન થાય એવી સ્વાભાવિક અપેક્ષા હતી. પણ નહેરુની ઈચ્છા કાંઈક જુદી જ હતી. તેથી મોરારજીભાઈને ઉપનેતા ન થવા દીધા અને ઉપનેતાપદનું મહત્ત્વ ઘટાડી નાખ્યું. નહેરુના અવસાન પછી મોરારજીભાઈએ વડા પ્રધાન-પદની અપેક્ષા રાખી. પણ લાલબહાદુર શાસ્ત્રી થયા. શાસ્ત્રીના અવસાન પછી, રીતસર ચૂંટણી થઈ તેમાં સફળતા ન મળી. મોરારજીભાઈને સ્થાનનો કોઈ મોહ નથી પણ સ્વમાનનો સવાલ હતો તથા શાસ્ત્રી કે ઈન્દિરા ગાંધી કરતાં પોતે વધારે અનુભવી છે તેવી એમની માન્યતા છે. ૧૯૬૭ની ચૂંટણી પછી ફરી ઉમેદવારી જાહેર કરી. ચૂંટણીમાં કોંગ્રેસે ખૂબ માર ખાધો હતો અને કામરાજને ચિંતા હતી કે હરીફાઈ થાય તો કોંગ્રેસ વધારે નબળી થાય. કામરાજે એકરાર કર્યો કે મોરારજીભાઈને પોતે અન્યાય કર્યો હતો. છતાં કોંગ્રેસ તૂટી ન જાય તે ખાતર પોતે ચૂંટણીમાંથી ખસી ગયા પણ મંત્રીમંડળમાં નહિ જોડાય એમ કહ્યું. મોરારજીભાઈ કહે છે, "ઈન્દિરાબહેન ૧૯૬૨થી મારી સામે પૂર્વગ્રહ રાખતાં હતાં અને મને એમનો દુશ્મન માનતાં હતાં એમ મને લાગતું હતું." પછી નાયબ વડા પ્રધાન થવા તેમને કામરાજે આગ્રહ કર્યો. તેની વાટાઘાટમાં બહુ અપમાનજનક અને કફોડી સ્થિતિમાં મુકાયા. તેમને ગૃહ ખાતું જોઈતું હતું, તે ચવ્હાણને આપ્યું અને તેમને નહોતું જોઈતું તે નાણા ખાતું તેમને મળશે એમ કહ્યું. નાયબ વડા પ્રધાનનું, બીજા મંત્રીઓ કરતાં ઊંચું સ્થાન ગણાય, જેમ સરદાર પટેલનું હતું, એવો મોરારજી-ભાઈનો આગ્રહ હતો. ચવ્હાણ અને જગજીવનરામે ઈનકાર કર્યો અને નાયબ વડા પ્રધાન એટલે કેબિનેટમાં બીજા નંબર સિવાય વિશેષ કાંઈ નહિ એમ સાફ કહ્યું. આવી કફોડી સ્થિતિ છતાં, કામરાજની વાત તેમણે સ્વીકારી. પરિણામ આપણે જાણીએ છીએ. ઈર્ષાળુ લોકો ગમે તે કહે, મોરારજીભાઈએ કોંગ્રેસના હિત માટે જ આ પદ સ્વીકાર્યું હતું. કામરાજ યોજનામાં પણ તેમને અન્યાય થયો હતો. તેમને ખસેડવા જ તે યોજના થઈ હતી. આવું ઘણું મોરારજીભાઈએ સહન કર્યું છે. તે માટે તેમની જીવનશ્રદ્ધા સમજવી જોઈએ.

તેમને ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા છે. કર્મનો સિદ્ધાંત દૃઢપણે તેઓ માને છે. સંચિત કર્મોનાં સુખ યા દુઃખ માણસ ટાળી શકતો નથી. નિઃસ્વાર્થ જનસેવાની મારફત જ ઈશ્વરદર્શન થાય છે એવી એમની દૃઢ માન્યતા છે તેથી એવો વ્યવહાર એમણે સૌની સાથે રાખ્યો છે. એમને દુશ્મન માનનારા કેટલાક હશે, પણ પોતે જીવનમાં કોઈને દુશ્મન માન્યો નથી. જીવનમાં સત્ય શોધવાનું માણસનું મુખ્ય કર્તવ્ય છે અને એ જીવનતત્ત્વ શોધવા માટે જ જીવનની બધી પ્રવૃત્તિ થવી જોઈએ. આવી શ્રદ્ધાથી તેમને કોઈ દિવસ નિરાશા સાંપડી નથી અને સદા નિર્ભય રહ્યા છે.

મોરારજીભાઈના જીવનવૃત્તાંતના કેટલાક અવલોકનકારોને તેમાં અહંભાવ અને દંભ દેખાયો છે. અહંભાવથી ઈશ્વરદર્શન કે સત્યદર્શન ન થાય તે મોરારજીભાઈ સારી રીતે જાણે છે. દંભ અને અસત્યના તો તેઓ દુશ્મન છે, જો કોઈ ચીજ સાથે તેમને દુશ્મની હોય તો. છતાં તેમનામાં અહંભાવ કે દંભ કોઈને લાગતો હોય તો તેવી વ્યક્તિ મોરારજીભાઈને પૂરી સમજી નથી એમ મોરારજીભાઈને લાગશે. તેમના આદર્શો બહુ ઊંચા છે. ગીતા તેમને કંઠસ્થ છે અને જેલમાં તેનો નિત્ય પાઠ કરતા, છતાં તેમના ઉચ્ચ આદર્શ અને જીવનવ્યવહારમાં કોઈ અંતર દેખાતું હોય તો તે પ્રકૃતિ-દોષ લેખવો જોઈએ, ભાવનાદોષ નહિ. મોરારજીભાઈએ પ્રયત્ન-પૂર્વક પોતાનું જીવનઘડતર કર્યું છે. પોતાની પ્રકૃતિ ઉપર કોઈ માણસ પૂરો વિજય મેળવી શકતો નથી. તે જ જીવનની સાધના છે. આદર્શ અને વ્યવહાર વચ્ચેનું અંતર ઓછું કરવું એ જ પુરુષાર્થ છે. એ અંતર ઓછું ન થાય અને આદર્શની વાત કરનારનો વ્યવહાર જોઈ, બીજાને અહમ્ અને દંભ લાગે, તેમાં જીવનની કરુણતા છે. મોરારજીભાઈના જીવનમાં આવી કરુણતા સારી પેઠે દેખાય છે.

૫-૭-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## પૈસો વધ્યો અને તેની કિંમત ઘટી

ફુગાવાને કારણે નાણાંનો પુરવઠો વધતો જાય છે. તે સાથે ચીજવસ્તુઓના ભાવ વધતા જાય છે અને નાણાંની કિંમત ઘટતી જાય છે. નાણાંને બચાવવા માટે લોકો ચીજવસ્તુઓમાં રોકાણ કરે છે અને તેને વેચે ત્યારે વધારે કિંમત મેળવે છે. ખૂબ પૈસાદાર લોકો ઝવેરાત કે મિલકતમાં રોકે તેમ પ્રાચીન કળાકૃતિઓ અને અવ-શેષોમાં રોકે છે. લંડનમાં વખતોવખત આવી કળાકૃતિઓ – ચિત્રો, ચાઈનીઝ માટીની રંગીન વસ્તુઓ – વગેરેનું લિલામ થાય છે. આવું એક લિલામ થોડા દિવસ પહેલાં થયું તેમાં એક ચીની માટીનો ઘડો જે ૧૯૫૨માં ૩૧૧ પાઉન્ડમાં વેચાયો હતો તે આ વખતે ૨,૩૧,૦૦૦ પાઉન્ડમાં વેચાયો. એક ચીની ધૂપદાની જે ૧૯૫૩માં ૨૮ પાઉન્ડમાં વેચાઈ હતી તે ૯૯,૭૫૦ પાઉન્ડમાં વેચાઈ. બાર ચાંદીના ચમચા–મહાપુરુષોનાં ચિત્રોવાળા, ૧૫૯૨માં બનાવેલા, જે ૧૮૫૮માં ૪૩૦ પાઉન્ડમાં અને ૧૯૧૪માં ૨,૦૦૦ પાઉન્ડમાં વેચાયા હતા તે આ લિલામમાં ૭૦,૦૦૦ પાઉન્ડમાં વેચાયા. ૧૭૨૦માં બનાવેલી તપકીર સૂંઘવાની સોનાની એક નાની ડબી જે ૧૯૭૧માં

૫૬,૧૩૭ પાઉન્ડમાં વેચાઈ હતી તે આ લિલામમાં ૮૯,૨૫૦ પાઉન્ડમાં વેચાઈ.

આમાં કળાની કિંમત કે કદર નથી. માત્ર પૈસો ખૂબ વધ્યો છે અને વધારાનું નાણું ગમે તેમ રોકવું અને તેમ કરતાં બહુ લાભ થાય છે એટલું જ છે. આ એક મોટો વેપાર થઈ પડયો છે.

**રાષ્ટ્રપતિની ચૂંટણી**

રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૭મી ઑગસ્ટે નક્કી થઈ છે. શાસક પક્ષે શ્રી ફખરુદ્દીન અહમદને પોતાના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. આ પસંદગી ઈન્દિરા ગાંધીની છે. તેને પાલમેન્ટરી બોર્ડની સર્વાનુમતે મંજૂરી મળી છે. ૧૯૬૯ના ઝંઝાવાત પછી, આ ચૂંટણીનું પરિણામ લગભગ નક્કી છે.

વિરોધ પક્ષો કોઈ ઉમેદવાર ઊભા રાખી શકશે કે નહિ તે વિશે શંકા છે. શ્રી ગિરિ બીજી વખત ચાલુ રહેવા ઈચ્છે છે એવી વાત બહાર આવી હતી. કોણ નથી ઈચ્છતું? રાજેનબાબુ અને રાધાકૃષ્ણન્ બન્ને આવું ઈચ્છતા હતા. રાજેનબાબુએ તેમના અંગત મંત્રી જ્ઞાનદેવીને લખેલ પત્રો હમણાં પ્રકટ થયા છે. કેટલાક પત્રોમાં આ વાતનો ઉલ્લેખ છે. દેખીતા નિર્મોહમાં રહેલ મોહ છુપાતો નથી. મારે આવું પદ નથી જોઈતું પણ આગ્રહ કરે તો ના કેમ પડાય? રાધાકૃષ્ણન્ બીજી વખત રાષ્ટ્રપતિ થવા ઈચ્છતા હતા તે જાણીતી હકીકત છે. પણ શ્રી ગિરિ, ઈન્દિરા ગાંધીની મરજી વિરુદ્ધ ઉમેદવારી નહિ કરે, ન કરી શકે, એ પણ હકીકત છે. સામાન્ય રીતે, રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન વચ્ચે મનમેળ જોઈએ. નહિ તો તંત્રનું કામ મુશ્કેલ થાય. રાષ્ટ્રપતિ માત્ર રબરસ્ટેમ્પ ન હોય. સલાહ આપે, પણ છેવટ બંધારણીય વડા છે. કેબિનેટનો નિર્ણય સ્વીકારવો જ પડે. રાજેનબાબુ અને નહેરુ વચ્ચે સારા એવા મતભેદ હતા. રાજાજી રાષ્ટ્રપતિ બને એમ નહેરુ ઈચ્છતા હતા. પણ સરદાર પટેલ અને બીજાઓના આગ્રહ પાસે નમતું મૂકવું પડયું. ગિરિએ પણ રેલવે હડતાળમાં કંઈક સ્વતંત્ર વલણ બતાવ્યું. પણ ગિરિ બીજી ટર્મનો મોહ રાખે તે વાજબી ન હતું. તેમની ઉંમર ૮૦ વર્ષની થઈ અને ગમે તે કહે, તેમની તબિયત સારી નથી. ફખરુદ્દીન અહમદ, કસાયેલ કોંગ્રેસી છે, રાષ્ટ્રવાદી છે, અનુભવી છે અને ઈન્દિરા ગાંધીના વિશ્વાસુ છે. તેમના કરતાં વધારે યોગ્ય વ્યક્તિઓ નથી એમ નથી, પણ તેઓ મુસ્લિમ છે તે એક વિશેષ કારણ છે. ઝાકીરસાહેબનું બે વર્ષમાં અવસાન થયું એટલે આ વખતે કોઈ મુસલમાન રાષ્ટ્રપતિ થાય તે યોગ્ય છે. બંગ્લાદેશ, પાકિસ્તાન તથા આરબ રાજ્યો સાથેના સંબંધોનો વિચાર કરતાં પણ આ પસંદગી યોગ્ય લાગે છે.

**હરિજનો પર અત્યાચાર**

ધ્રાંગધ્રા નજીક રણમલપુર ગામે બે હરિજનોનાં ખૂન થયાં, અનેકને ઈજા થઈ, તેમનાં ઘરબાર લૂંટી લીધાં, એ કરુણ ઘટના, ગુજરાત માટે શરમજનક છે. ૫૦૦ સવર્ણોએ હરિજનો પર હુમલો કર્યો તેમાં બૈરાંઓ પણ જોડાયાં અને સરપંચની પત્નીએ આગેવાની લીધી એ માની ન શકાય એવો બનાવ છે. હરિજનોનો એટલો જ ગુનો કે તેમના કૂવામાં પાણી ખૂટી ગયું તેથી સવર્ણોના કૂવામાંથી પાણી ભરવાનું કર્યું. હરિજનો હવે આવા જુલમો સહન કરે તેમ નથી, તેઓ જાગ્રત છે, એ હકીકત સવર્ણો ક્યારે સમજશે? એ ખરું છે કે હરિજનો સવર્ણોના પ્રમાણમાં ઘણા ગરીબ છે, સવર્ણોને ત્યાં મજૂરી કરવી પડે છે, સંખ્યામાં ઓછા છે તેથી દબાયેલા રહે છે. અસ્પૃશ્યતાનું કલંક અને જ્ઞાતિવાદ હિન્દુ સમાજને કોરી ખાય છે, પણ સદીઓનું પાપ ધોવાતું નથી. કાયદાથી કે પોલીસથી આ પ્રશ્ન હલ થાય તેવો નથી. સવર્ણોને ખરેખર પ્રાયશ્ચિત્ત થાય, તેમની માનવતા જાગે તો જ આ કલંક જાય. ગુજરાત અને સૌરાષ્ટ્રના હરિજન સેવક સંઘના કાર્યકર્તાઓ શિથિલ હોય એવું જણાય છે. રાજ્યપાલ પોતે આ ગામની મુલાકાતે જઈ આવ્યા તે સારું છે. પણ ખરી શાન્તિ કરવી હોય તો કેટલાક કાર્યકર્તાઓએ થાણું નાખી ત્યાં રહેવું પડશે; નહિ તો ભારેલા અગ્નિ પેઠે, ધૂંધવાતું રહેશે. હુમલો કરનારા પર કેસ થયો છે તેનો નિકાલ નહિ થાય ત્યાં સુધી ઉશ્કેરાટ રહેશે. કેટલાકને સજા થશે તો વેર બંધાશે. પોલીસ કોઈ ઉપર જુલમ કે જબરજસ્તી ન કરે તેની કાળજી રાખવી જરૂરનું છે.

**ભોજનાલય અને વસાહત**

સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી વણિક ભોજનાલય લગભગ ૧૮ વર્ષ પહેલાં શરૂ કર્યું. શ્રી રામજી શામજી વીરાણીના સારી રકમના દાનથી શરૂઆત થઈ. માસિક માત્ર રૂપિયા ૧૫ લઈ, સામાન્ય સ્થિતિના ભાઈઓને માટે સારા ભોજનનો પ્રબંધ થયો છે. બે વર્ષથી અતિ મોંઘવારીને કારણે માસિક રૂ. ૨૫/- લેવાય છે. મુંબઈમાં જેને રહેવા ઘર ન હોય તેવાઓને લાભ અપાય છે. નોકરી કરતા હોય તેમણે ફરજિયાત દેશમાં પોતાનાં માબાપ કે બીજાં સગાંઓને માસિક રૂ. ૨૫/- ઓછામાં ઓછા મોકલવા જોઈએ અને મનીઓર્ડર કર્યાની રસીદ બતાવવી જોઈએ. માનવતાની આ પ્રવૃત્તિ પ્રત્યે લોકોને બહુ આકર્ષણ છે. એટલે સંસ્થાને લાખો રૂપિયાનું દાન મળી રહે છે. ત્રણચાર વર્ષ પહેલાં ચીરાબજારમાં મોટું મકાન લીધું છે, જ્યાં શ્રી રામજી હંસરાજ કમાણીના રૂપિયા બે લાખના દાનથી મોટી વાડી પણ કરી છે. અત્યારે લગભગ ૫૫૦ ભાઈઓ ભોજનાલયનો લાભ લે છે. સંસ્થાને મોટાં દાન મળવાથી, સામાન્ય સ્થિતિના ભાઈઓ માટે રહેવાની સગવડ કરવાનું વિચાર્યું. મલાડમાં દસ હજાર વાર જમીન લઈ તેના ઉપર ત્રણ ચાલી – દરેકમાં ૫૦ ડબલ રૂમ બાંધી. ત્યાર પછી બીજી દસ હજાર વાર જમીન લઈ બીજી એવી ત્રણ ચાલી બાંધી, જેનું ઉદ્ ઘાટન તા. ૭-૭-'૭૪ના રોજ થયું. ત્રણસો કુટુમ્બોની મોટી વસાહત થઈ છે. ત્યાં બાળમન્દિર, જૈન ભવન, દવાખાનું વગેરે પ્રબંધ થયો છે. હવે સ્કૂલ કરવાની વિચારણા ચાલે છે. આ ઉદ્ઘાટન પ્રસંગે એક એવું સૂચન થયું કે ભોજનાલયમાં જે ભાઈઓ જમે છે તેમાંના મોટા ભાગને રહેવાની કોઈ સગવડ હોતી નથી અને ગમે ત્યાં સૂઈ રહે છે. તેમને માટે ભોજનાલયના મકાનમાં રહેવાની સગવડ – ડોરમિટરી જેવી – કરવી. ઘણી જગ્યા છે તેથી સંસ્થાના કાર્યકર્તાઓ આ વિચારી રહ્યા છે. આ ભોજનાલય અને વસાહત મોટા આશીર્વાદરૂપ છે. સારું અને વ્યવસ્થિત કામ થતું હોય તો લાખો રૂપિયા કેમ મળી રહે છે તેનું આ સંસ્થા ઉત્તમ ઉદાહરણ છે. સન્નિષ્ઠ કાર્યકર્તાઓનું જૂથ છે.

૭-૭-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# નવી મોસમ, નવી બહાર

**['ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના તા. ૪-૭-'૭૪ ના અંકમાં આવેલ શ્રી શામલાલના લેખનો ઉલ્લેખ મેં અન્યત્ર કર્યો છે. તેના પરથી ટૂંકાવીને અનુવાદ ભાઈ મહેન્દ્ર મેઘાણીએ મોકલાવ્યો છે, જે અહીં આપવામાં આવે છે. – તંત્રી]**

સમય રૂઝ લાવવાની અદ્ભુત ક્રિયા કરતો હશે, પરંતુ મહાવિનાશનું કાર્ય પણ એ જ કાળ કરતો હોય છે. અને અન્યત્ર કરતાં આ દેશમાં એ વધુ વેગભેર કામ કરે છે. બીજી ભૂમિમાં જે તેજસ્વી વિચારોને ફૂલતાંફાલતાં ને કરમાઈ જતાં દાયકાઓ લાગે, તે ઘણી વાર થોડાક મહિનામાં જ અહીં પોતાની પાંખડીઓ ખેરવી નાખે છે. એક કાળે જે 'દાન' - પુષ્પો આટલી બધી વિપુલતામાં ખીલેલાં હતાં તે સહુ

આજે ક્યાં ગયાં છે?

એ બધાંનો આરંભ થયો ભૂમિદાનના વિચારથી. ઘણા લોકોને સાવ નિર્દોષપણે એવું લાગ્યું કે ગામડાંની તમામ અસમાનતાઓનો જાદુઈ ઉકેલ આખરે એમને ભૂદાનમાં સાંપડી ગયો હતો. થોડા વખતમાં જ કોઈક ધનના દાનનો વિચાર લઈને આવ્યું. સંપત્તિ-દાનની શક્યતાઓ તો વળી ઓર આકર્ષક હતી. સ્વપ્નોનું આંજણ આંજેલા સર્વોદયવાદીઓ કહેવા લાગ્યા કે હવે શ્રીમંતો પોતાના ધનમાંથી સ્વેચ્છાએ ગરીબોને હિસ્સો આપશે એટલે તેમની પર કરવેરા નાખવાની જરૂર નહિ રહે. વાત ત્યાં અટકી નહિ. કોઈએ કહ્યું કે જો સંપત્તિનું દાન થઈ શકે તો પછી ખુદ જીવનનું પણ કેમ નહિ? અને ત્યાં તો, બસ, જીવનદાનના વિચારે એક અવનવા પુષ્પની માફક આકાર લીધો. જીવનદાનનો પયગામ ફેલાતાંની સાથે જ આત્મસમર્પણ કરનારા માનવીઓની એક આખી સેનાની સેવાઓ દેશને સાંપડી જશે. આ બધા વિરાટ ખ્યાલો આજે ક્યાં છે? સમયે એમને ઝાંખી સ્મૃતિઓમાં પલટાવી નાખ્યા છે.

પરંતુ આ દેશના સુજ્ઞ જનો તો હમેશાં લોકોને સલાહ આપતા આવ્યા છે કે જેનો નાશ થયો હોય તેનો શોક કરવો નહિ. આ પૃથ્વી પર જે કાંઈ છે તે બધું નાશવંત છે, અને શાણા લોકો તો ક્ષણભંગુરને છોડીને જે શાશ્વત છે તેની પાછળ જાય છે. ભૂદાન, સંપત્તિદાન અને જીવનદાનનાં ફૂલો બધાં કરમાઈ ગયાં હોય તો હરકત નહિ; બીજી અનેક અવનવી બહારો છે જેને ખીલવી શકાય. અને પૂરતી મહેનત કરી હોય તો તો કદાચ રાજકીય જીવનનો બદબો મારતો ઉકરડો સુદ્ધાં કમળ-તળાવડીમાં પલટાવી શકાય. હાલ બિહારમાં ચાલી રહેલું નાટક બધું આ અંગેનું જ છે. એના પહેલા અંકની થીમ રાજ્યની વિધાનસભાના વિસર્જનની છે. એમાં મુશ્કેલી એક જ છે કે મોટા ભાગના સભ્યો હઠ પકડીને બેઠા છે. પણ તેથી કાંઈ નિરાશ થવાનું કારણ નથી. પોતાના વિરોધીઓને મહાત કરવા માટે, આ નાટકના સૂત્રધારોએ હજી તો પહેલો અંક પૂરો થાય તે પહેલાં જ બીજો અંક ચાલુ કરી દીધો છે. તેઓ દલીલ કરે છે કે, સભ્યોને જો રાજીનામાં આપીને વિધાનસભાની આવરદા ટૂંકાવી નાખવાનું ગળે ઉતરાવી ન શકાય, તો વિદ્યાર્થીઓને તો પોતાના વર્ગો છોડીને તમામ કૉલેજોને એક વરસ માટે બંધ રખાવવાનું જરૂર સમજાવી શકાય. તે પછી નૈતિક ક્રાંતિ અને શૈક્ષણિક ક્રાંતિ પડખોપડખ ચાલી શકે.

પણ શું એ શકય છે? શાંતિમય પરિવર્તનની મજલમાં ક્યાંક, દેખીતી રીતે જ, બહુ મોટો ગોટાળો થઈ ગયો છે. કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે ભ્રષ્ટાચાર સામેના એક વ્યાપક સંગ્રામનો સમય ક્યારનો યે પાકી ગયો હતો, અને બિહાર તેના આરંભ માટેનું શ્રેષ્ઠ સ્થળ છે, કારણ કે રાજકીય જીવન ત્યાં જેટલી બદબો મારે છે તેનાથી અરધી યે બીજા કોઈ રાજ્યમાં નથી મારતું. પણ એ સંગ્રામ ચલાવવાનો છે કઈ રીતે? અને તેના ચોક્કસ ઉદ્દેશો શા છે? શું એની થીમ એટલી જ છે કે હાલની વિધાનસભાને વિખેરી નાખીને તેને સ્થાને બીજીને ચૂંટવી? જો એમ જ હોય તો, નવો ચૂંટણીપ્રચાર પણ એ જ ભાષણખોરીથી અને કાળાં નાણાંના એ જ વ્યયથી ખરડાશે નહિ તેની શી ખાતરી? જેમ ખોટાં વચનો ભ્રષ્ટ કરે છે તેમ ખોટી આકાંક્ષાઓ પણ ભ્રષ્ટ કરનારી જ નીવડે છે, તે ભૂલી જવું પાલવશે નહિ. કે પછી ઈરાદો જ ચૂંટણીઓને નેવે મૂકીને આખી રચનામાં પલટો લાવવાનો છે? જો એવું હોય તો, બધા સૂત્રધારો એ નવી રચનાના આકાર અને વાંકાચૂંકા અંગે સંમત છે? હાલની ચળવળ ચલાવવાનાં સાધનો અંગે પણ જે લોકો એકમતી સાધી શકતા નથી, તે સમસ્ત રાજકીય જીવનને સર્વસંમતિને ધોરણે ચલાવવાની આશા કઈ રીતે રાખે છે?

રાજકર્તા પક્ષનાં સૂત્રો અને તેના ખરા ઉદ્દેશોની વચ્ચે ભેદ પાડતાં પ્રજાએ જો શીખવાનું હોય તો, ક્રાંતિકારીઓનાં ઘોષિત ધ્યેયોને તેમનાં કાર્યોનાં સંભવિત પરિણામો માની લેવાની ગફલત સામે પણ તેમણે ચેતતા રહેવાનું છે. જે દેશમાં ઉદ્દામવાદીઓ ને મવાળોએ, રૂઢિપૂજકો ને રૂઢિભંજકોએ, ઉદ્યોગપતિઓ ને કામદારોએ પ્રસંગોપાત્ત ભેગા મળીને 'ઈન્કિલાબ ઝિંદાબાદ'નું સૂત્ર પોકારેલું છે ત્યાં, ભાષાની ઈમાનદારી વિશે જેમને થોડી પણ ખેવના હોય તેવા લોકોએ પોતાની જાતને ક્રાંતિકારી ગણાવનારાઓના ઉદ્દેશોની તુલના કરતી વેળા બેવડી તકેદારી રાખવી પડે તેમ છે.

આ ચેતવણી આજે સવિશેષ તાકીદની બની છે કારણ કે બિહારના લોકોમાં શ્રી જયપ્રકાશ નારાયણ એવી માન્યતા પ્રેરી રહ્યા છે કે કેળવણીમાં ક્રાંતિની ભૂમિકા તૈયાર કરવા માટે રાજ્યની બધી કૉલેજોને તે એક વરસ માટે બંધ કરાવી દેવા માગે છે. વિચિત્રતા એ છે કે એમની નજર શેની ઉપર છે તે તો એમણે પ્રજાને કહ્યું નથી. હકીકતમાં તો, એ ક્રાંતિ કેવી જાતની હોવી જોઈએ તે બાબત, એમને જ્યારે બીજું કશું કરવાનું નહિ હોય તે બાર મહિના દરમિયાન, શિક્ષકો ને વિદ્યાર્થીઓ વિચાર કરે એવું તે માગે છે. કોઈ પણ પ્રકારની ક્રાંતિના કરતાં પોતાના હવે પછીના 'પ્રમોશન' અંગે જેમને વધારે ચિન્તા છે તેવા મધ્યમ વયના માનવીઓ, તથા શિક્ષણનું માળખું બદલવા કરતાં યેનકેન પ્રકારે ડિગ્રી મેળવી લેવા જેઓ વધુ આતુર છે એવા મોટા ભાગના જુવાનીઆઓ માટે એ બહુ મોટી વાત છે. શિક્ષણમાં ક્રાંતિએ શો આકાર લેવો જોઈએ તે ઠરાવવાનું શ્રી જયપ્રકાશ નારાયણ જો બિહારના શિક્ષકો ને વિદ્યાર્થીઓ પર છોડી શકતા હોય, તો તો પછી રાજ્યમાં નૈતિક ક્રાંતિ લાવવાનો શ્રેષ્ઠ તરીકો શોધવાનું પણ તે વિધાનસભાના સભ્યો પર છોડી શકે. આજે યુનિવર્સિટીઓમાં જે શિક્ષણ મોટા ભાગના યુવાનો મેળવે છે તેને તેમની પોતાની જરૂરિયાતો સાથે તેમ જ જે સમાજમાં એ જીવે છે તેની જરૂરિયાતો સાથે કશો નાતો નથી, તે જોવા માટે બહુ તીક્ષ્ણ દૃષ્ટિની જરૂર નથી, પણ યુવાન કૉલેજિયનો જ્યારે શિક્ષણપ્રવૃત્તિની કંગાલિયતને વખોડતા હોય છે ત્યારે તેનો અર્થ તેમને મન તો એટલો જ થતો હોય છે કે હવે ડિગ્રી એ નોકરી મેળવવાનું કોઈ ચમત્કારિક તાવીજ નથી રહી. દરેક ગ્રેજ્યુએટને માટે, બલકે દરેક મેટ્રિકયુલેટને માટે, નોકરી ઊભી કરવી તે કેળવણીમાં એટલી નહિ જેટલી અર્થતંત્રમાં ક્રાંતિને જરૂરી બનાવે છે. દર વરસે પૂરતી મોટી સંખ્યામાં કારખાનાં, ઑફિસો, દવાખાનાં, હોટલો ઊભાં થાય ત્યારે જ સહુ કોઈને નોકરી મળી રહેશે. વિદ્યાર્થીઓની અવળચંડાઈ તો એ છે કે, પરીક્ષાનાં પેપરો એમનામાંથી મોટો ભાગ ગમે તેવાં ખરાબ લખે તે છતાં અમુક પરીક્ષામાં પાસ થનારાઓનું પ્રમાણ ૪૦ને બદલે ૭૦ ટકા હોવું જોઈએ, એટલી જ એમની માગણી છે. અર્થતંત્ર વધુ સારી રીતે કેમ ચાલી શકે, ને જ્યાં અનાજનું એક જ ડૂંડું આજે ઊગે છે ત્યાં બે કેવી રીતે ઉગાડી શકાય તેવો સવાલ પૂછતાં તો હજી તેમણે શીખવાનું છે. જેઓ અર્થશાસ્ત્રનું શિક્ષણ આપે છે તેમને ખુદને પણ એ બાબત વિશે બહુ બહુ તો ધૂંધળા ખ્યાલો છે કે જે ભણેલા ને અભણ લોકો દર વરસે વસતિમાં ઉમેરાતા જાય છે તેમને માટે અર્થતંત્ર પૂરતી નોકરીઓ શી રીતે પેદા કરી શકે. શ્રી જયપ્રકાશ નારાયણને જો કોઈ નવો ને તેજસ્વી વિચાર આવ્યો હોય તો તે એમણે ગુપ્ત રાખ્યો છે.

આ રીતે જોતાં, કૉલેજોને એક વરસ બંધ રાખવાની માગણી પણ એ કૉલેજોમાં અપાતા શિક્ષણના જેટલી જ અપ્રસ્તુત છે. અલબત્ત, ઘણીખરી કૉલેજોને સમૂળગી બંધ કરી દેવાના પક્ષમાં મજબૂત દલીલો થઈ શકે તેમ છે, પણ તે તો એવા કારણે કે આજે તેમાં દાખલ થનારાઓનો મોટો ભાગ ઉચ્ચ શિક્ષણમાંથી કશો લાભ

મેળવી શકે તેમ નથી, અને યુનિવર્સિટીઓના આડેધડ વિકાસને પરિણામે ઉચ્ચ શિક્ષણનું ધોરણ સતતપણે કથળતું જ રહ્યું છે અને વિફલતાની લાગણીમાં ચોંકાવનારી હદે વધારો થયો છે. પરંતુ શ્રી જયપ્રકાશ નારાયણના ને તેમના ટેકેદારોના મગજમાં આ વાત હોય તો તે તેમણે સાફ શબ્દોમાં કહેવી ઘટે.

તદુપરાંત, પોતાનાં સંતાનોને કૉલેજમાં મોકલવાની નિરર્થકતા માબાપોને ગળે તેમણે ઉતરાવવી જોઈએ તથા કૉલેજ - પ્રવેશ માટેના ધસારાને ખાળવા માટે કશુંક કરવું જોઈએ. તેઓ જો એમ કરશે તો તેમને એ જ બળોનો સામનો કરવાનો આવશે, જે યુનિવર્સિટી - શિક્ષણના વિચારહીન વિસ્તરણ માટે જવાબદાર છે.

આનો અર્થ એ નહિ કે બધું જેમ છે તેમ ચાલવા દઈ શકાય. ભ્રષ્ટાચાર, મોંઘવારી, સંપત્તિનું ભૂંડું પ્રદર્શન, જીવનદશાની અવનતિ, અને જુવાનોની વિફલતાની લાગણીના સ્વરૂપે આજે ચોમેર ઉશ્કેરાટ માટે એટલાં બધાં કારણો છે કે, જેનામાં સહેજ પણ નૈતિક સંવેદનશીલતા હોય તેવી કોઈ વ્યકિતને રોષ વ્યાપે. પણ જે અત્યુકિતભરેલી ભાષાએ જ પ્રથમ તેમને પોષ્યાં હતાં તેના વડે જ આ દૂષણો સામે લડી શકાશે નહિ. એમને દૂર કરવા માટે એકલા નૈતિક પુણ્યપ્રકોપની જ નહિ પણ રાજકીય અને આર્થિક ધ્યેયો વિશેની એક નવી સ્પષ્ટતાની તથા એવાં સાધનોની આવશ્યકતા છે કે જેનો આધાર લોકમતને ભરમાવવા ઉપર નહિ પણ સમસ્યાઓના લાભાલાભ પર મંડાયેલી સૌમ્ય કેળવણી ઉપર રહેલો હોય. આ ઘણું વિકટ કામ છે. પરંતુ ચૂંટણી - ઝુંબેશ ચલાવવાથી કે બનાવોએ પોતાના ચિત્ત પર કરેલા જખમોનું પ્રદર્શન કરવાથી કાંઈ નૈતિક ક્રાંતિ થતી નથી.

**લે. : શામલાલ** **અનુ. : મહેન્દ્ર મેઘાણી**

# શ્રી જયપ્રકાશજીનો અગ્નિપથ

'પ્રબુદ્ધ જીવન' ના ૧૬ જૂન ૧૯૭૪ના અંકમાં શ્રી ચીમનલાલ ચકુભાઈએ 'બિહારના બેહાલ' એ લેખમાં શ્રી જયપ્રકાશનાં વ્યકિતત્વ, જીવન અને કાર્યપ્રણાલી અંગે જે શંકાઓ અને વિધાન કરેલ છે તે સમાજના અમુક વર્ગમાં પ્રચલિત સંશયનાં દ્યોતક છે. શ્રી મકરન્દ દવેએ પૂજ્ય ગાંધીજી માટે લખેલ તે જ આજે શ્રી જયપ્રકાશજી માટે કેટલું સાચું છે?

"કોણ આવશે? કોણ આવશે? તુજ પંથે હે બાગી! હે અગ્નિપથ અનુરાગી!"

પીઢ, દુન્યવી દૃષ્ટિએ સફળ અને સલામતીપ્રેમી સજ્જનોને મૌલિક અને ક્રાન્તિશીલ પ્રતિભાની કદી ગડ બેસતી નથી. ક્રાન્તિની પ્રક્રિયા અંગે "તેથી શું?" અને "પછી શું?" એવા પ્રશ્ન ઉપલક દૃષ્ટિએ તાર્કિક અને બૌદ્ધિક દેખાય છે પણ એની ભીતરમાં બુઝવા મનનો ભય સમાયેલ હોય છે – જે અજ્ઞાત મનમાં હોવાથી વ્યકિતને પોતાને પણ તેનો ખ્યાલ હોતો નથી. આજે ભ્રષ્ટાચાર એટલો વ્યાપક બન્યો છે કે જાણે એ સૌકોઈને કોઠે પડી ગયો છે. પૂજ્ય વિનોબાજીએ પણ એમની લાક્ષણિક મર્માળી શૈલીમાં ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણી લેવા કહ્યું છે! આ કેવો વેધક કટાક્ષ છે? કારણકે લાંચ આપીને પણ કામ તો થાય છે ને એવો સંતોષ ધરાવતો એક મૂઠીભર વર્ગ જ આજે માલેતુજાર અને સત્તાધીશ થઈ પડેલ છે. આ વર્ગની પાસે સાધન - સગવડ અને વગ છે. ભ્રષ્ટાચાર-વિરોધી આંદોલનથી આપણી સમાજવ્યવસ્થાનો નાશ થશે એવી વાત આ વર્ગ જ વહેતી કરે છે. એક કરુણતા પણ વિસરાઈ જાય છે કે રોજિંદા જીવનવ્યવહારમાં પ્રામાણિક, ભાવનાશીલ અને શકિતશાળી વ્યકિતની તો વિડંબના જ થઈ રહેલ છે. આ ભ્રષ્ટાચાર અને તેનો વ્યાપક સ્વીકાર રાષ્ટ્રની અસ્મિતાને ભરખી ન જાય તે માટે શ્રી જયપ્રકાશજીનું આંદોલન ઐતિહાસિક રાષ્ટ્રશિક્ષણની પ્રક્રિયા છે. રાષ્ટ્રની જનતા આ માટે શ્રી જયપ્રકાશજીની ઋણી છે. ગુજરાતની ક્રાન્તિ - લહરોના નિમંત્રણની મઝધારમાં ઝુકાવનાર આ નિત્યયુવા નેતૃત્વ રાજકારણથી અત્યંત વ્યાપક જનકારણની અગ્નિશિખામાં સમગ્ર જીવનનું સ્નેહ પૂરી રહ્યા છે. આપણે સૌ આ ઘટનાની એટલા નજીક છીએ કે કાળના પ્રવાહમાં આનું ભવિષ્યમાં શું મૂલ્યાંકન થશે તે કલ્પવું મુશ્કેલ છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈને વાંધો છે કે શ્રી જયપ્રકાશજી રાજકારણમાં નેતૃત્વ લેવા તૈયાર નથી અને તેઓ તો ભડકો કરી આપશે, પછી બીજાએ બધું કરવાનું રહેશે. આને શ્રી જયપ્રકાશજીની તેઓ ખામી ગણે છે. વાસ્તવમાં શ્રી જયપ્રકાશજીના જીવનની આ મોટી ખૂબી છે. ગાંધીજી અને વિનોબાજીએ પણ સત્તા સ્વીકારી નહોતી. સત્તાના રાજકારણમાં ભાગ ન લેવાથી તો શ્રી જયપ્રકાશજી આજે કરોડો લોકોના લાડીલા બન્યા છે. ભારતની શ્રેષ્ઠ સાંસ્કૃતિક પરંપરાને તેઓ અનુસરે છે. બીજું, શ્રી જયપ્રકાશજી લોકોના પુરુષાર્થ પર ભાર મૂકે છે તે આનંદની વાત છે. નેતૃત્વનો મહિમા નેતાની પોતીકી તાકાતમાં નથી, પરંતુ પ્રજાના સુષુપ્ત પુરુષાર્થને જાગ્રત કરવાની શકિતમાં નિહિત છે. પૂજ્ય વિનોબાજીએ પણ આ વાત અનેક વાર કરી છે કે તમે જ બધું કરશો તો લોકો શું કરશે? શ્રી જયપ્રકાશજીની ચિનગારી માત્ર પૂરતી થાય એવો રાષ્ટ્રવ્યાપી અસંતોષ આજે ચોમેર દેખાય છે. પાંચ લાખ માનવી ધોમ તડકે શાન્તિમય સરઘસ કાઢે અને ગોળીબાર થતાં પણ ટોળાંવાદ ન ઉદ્‌ભવે એ કેવી ઐતિહાસિક ઘટના છે? આ આંદોલનને નહીં પિછાણીએ તો ક્રાન્તિ સાથે કદમ નહીં મિલાવી શકીએ. તીરે ઊભા માત્ર તમાશાની ચિન્તા જ કરીશું?

શ્રી જયપ્રકાશજી જવાબદારી લેવા તૈયાર નથી એવું વિધાન શ્રી ચીમનલાલ ચકુભાઈએ કર્યું છે એ દુ:ખદ વાત છે. 'પ્રોસ્ટેટ'ની મેજર સર્જરી પછી, હૃદયની નાદુરસ્ત હાલતમાં અને જીવનના જોખમે આવા વ્યાપક આંદોલનની જવાબદારી લીધી તે કંઈ ખેલ નથી. સમગ્ર જીવન – શ્રી જયપ્રકાશજીનું – જોઈશું તો વ્યાપક પ્રશ્નો અંગે સક્રિય જવાબદારીની પરંપરા જણાશે. પ્રધાનપદું લેવું એ જ જવાબદારીની માપશીશી હોય તો ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ ઈ. બધા જ નાપાસ થશે. રાજકારણ જ જીવનનું, સમાજનું કેન્દ્ર બની જાય તે સંસ્કૃતિના સ્વાસ્થ્ય માટે ખતરનાક વાત છે.

શ્રી જયપ્રકાશજીમાં સ્થિરતા નથી એમ ઘણાને લાગે છે, એ વિધાનદ્વારા તો શ્રી ચીમનલાલ ચકુભાઈએ એક મનોવૈજ્ઞાનિક સમસ્યા ખડી કરી છે. એક વાત પકડીને જીવનભર તેને જ વળગી રહેવામાં એક માનસિક સલામતી છે – ગતિશીલતા તો નથી જ. પૂજ્ય ગાંધીજીને કોઈએ પૂછેલ કે તમે પહેલાં અને પાછળથી કહેલ બે વાતમાં વિરોધાભાસ હોય તો સાચું શું માનવું? પૂજ્ય ગાંધીજીએ કહ્યું, "જીવન પરિવર્તનશીલ છે અને હું શીખતો જ રહું છું. એ જે વાત પાછળથી કહી હોય તે સાચી માનવી." અંતરાત્માનો આવિર્ભાવ જેમ જેમ થતો જાય અને જીવનના પ્રશ્ન અને ઉકેલ માટેનો પ્રયત્ન સરાણે ચડતો જાય તેમ તેમ જાગ્રત વ્યકિત પરિવર્તનશીલ બનતી જ જાય. એ જ ચૈતન્યની, આત્માની પ્રતીતિ છે. શ્રી જયપ્રકાશજીની પરિવર્તનશીલતા એ મનની ચંચળતા નથી, સતત શીખવાની તત્પરતા છે–ચૈતન્ય છે.

શ્રી જયપ્રકાશજી પાસે કોઈ નિશ્ચિત કાર્યક્રમ નથી એનું પણ શ્રી ચીમનલાલ ચકુભાઈને દુ:ખ છે. આ વિધાન અનાવશ્યક છે. વર્તમાનપત્રનાં નિવેદનોદ્વારા પણ જાણવા મળે છે કે શ્રી જયપ્રકાશજી સ્પષ્ટ કાર્યક્રમ આપી રહ્યા છે. જે અસ્પષ્ટતા એમાં દેખાય તે કદાચ આપણી દૃષ્ટિની આગળનાં ભયનાં ઝાંઝવાં હોઈ શકે. શ્રી જયપ્રકાશજીએ

એક, બે અને ત્રણ જેવી નિશ્ચિત વાત કરી છે:

(૧) બિહાર વિધાનસભાનું વિસર્જન થવું જરૂરી છે. લોકોનો વિશ્વાસ ગુમાવી બેઠેલ વ્યક્તિઓ પ્રતિનિધિત્વ ચાલુ ન જ રાખી શકે એ નિયમનું આ કાર્યક્રમમાં સમર્થન છે. અંગ્રેજ કરતા તેમ જ ગોળી અને ટીઅરગેસ દ્વારા કાયદો અને વ્યવસ્થા, જનતાની ચૂંટેલી સરકારે, જાળવવાં પડે તો મૂળભૂત ચૂંટણીની પ્રથામાં કંઈક ખામી છે, જે દૂર કરવી રહી.

(૨) વ્યાપક ભ્રષ્ટાચાર અંગે તાકીદનાં પગલાં લેવાની જરૂર છે. ભ્રષ્ટાચાર મહત્ત્વાકાંક્ષી આયોજન અને ઉદાત્ત હેતુઓને ભરખી જાય છે. ભ્રષ્ટાચાર પર ઘણનો ઘા પડે તો કાર્યક્ષમતા અવશ્ય વધે અને લોકકલ્યાણની વાતો માત્ર "ગરીબી હઠાવ" જેવા સૂત્ર પૂરતી મર્યાદિત ન રહે અને વાસ્તવિક બની શકે. ભ્રષ્ટાચારનાં ચોક્કસ ઉદાહરણ - સાબિતી સાથે – સરકારને ન મળતાં હોય એ તો દંભ અને લોકોની હાંસી કરવાની વાત થઈ! જનસામાન્યને જાણ છે તે શું સી. બી. આઈ.ને ખબર નથી?

(૩) વિદ્યાર્થીઓ અને જનતાની શકિત જાગ્રત કરવાની જરૂર છે, જે એક નૈતિક પરિબળ બની રહે અને રાજકારણ પર ચાંપતી નજર રાખી શકે. આ નવો જનકારણનો પ્રયોગ છે. આમાંથી ખરી લોકશાહી જન્મશે.

આવો કાર્યક્રમ તો કેવળ સ્થાપિત હિતોને જ અસ્વીકાર્ય હોઈ શકે. અને આજે છાશવારે આર્થિક સ્થાપિત હિતોને જ બધા દોષ માટે જવાબદાર ગણાવતા રાજકારણીઓનું સ્થાપિત હિત સૌથી વધારે ભયંકર છે. ચૂંટણીમાં થતા ધૂમ ખર્ચમાં કાળાં નાણાંનો ઉપયોગ નથી થતો શું? આ વ્યાપક ભ્રષ્ટાચારને ઉત્તેજન આપતી પ્રક્રિયા રાજકારણીઓની છે. શ્રી ઈન્દિરાજીએ અને બીજા મોવડીઓએ તો શ્રી જયપ્રકાશજીનો આભાર માનવો જોઈએ કે તેમણે આજે ભ્રષ્ટાચાર સામે જનતાનો પુણ્યપ્રકોપ જાગૃત કર્યો છે. શ્રી ઈન્દિરાજી ધારે તો ભષ્ટાચારને ડાંભી શકે છે એમ જનતાને વિશ્વાસ છે. પરંતુ તેઓ ભ્રષ્ટાચારને ડાંભવા માગે છે કે નહીં તેની લોકોને પ્રતીતિ નથી. એમની પાસે આજે જે એકહથ્થુ સત્તા છે, બધાં ઉપકરણ છે તેનાથી ભ્રષ્ટાચારીઓને વીણી વીણીને સાફ કરી શકે છે, માત્ર એમના અભિગમનો જ પ્રશ્ન છે.

અંતમાં, શ્રી ચીમનલાલ ચકુભાઈએ લખેલ છે કે વિનોબાજીએ હવે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે આ પગલાં ભૂલભરેલાં છે અને હાનિકારક છે. આવું વિધાન પૂ. વિનોબાજીએ ક્યું તેનો પુરાવો કયાં છે? 'ભૂમિપુત્ર' વાંચનારને તો ખ્યાલ હશે કે એક વાર પૂ. વિનોબાજીએ તો કહેલું કે થોડી મારપીટ પણ કરવી. એ વિના સરકાર કયાં ધ્યાન આપે છે? આ વિધાન શ્રી ચીમનલાલ ચકુભાઈએ અવશ્ય વાંચ્યું હશે. પરંતુ એક બીજો મુદ્દો પણ છે. પૂ. વિનોબાજી અનેકવાર કહે છે કે ગાંધીજી કરતાં મને વિશેષ દેખાય છે, કારણ કે હું એમના ખભા પર ઊભો છું. આ જ ન્યાયે શ્રી જયપ્રકાશજી વિનોબાજીના ખભા પર ઊભા છે અને તેમને પણ વિશેષ દેખાય છે. પૂ. વિનોબાજી, સૂક્ષ્મમાં પ્રવેશ સાથે, પાપ - પુણ્યથી પર એવી બ્રહ્મનિષ્ઠામાં રત છે. શ્રી જયપ્રકાશજી, પાપ અને દુરાચાર પ્રત્યે પુણ્યપ્રકોપ અને સદાચાર માટે પ્રસન્નતા એ સમાજ માટે અત્યંત આવશ્યક સાપેક્ષ મૂલ્યનું પુનઃ પ્રતિષ્ઠાપન કરવા પ્રયત્ન કરે છે. સૌ બુદ્ધિશાળી અને પ્રામાણિક વ્યક્તિઓ એમનું સમર્થન કરે એવી કાળની માગ છે. એ વિના ભારત - ઉદ્ધાર શકય નથી.

–ડૉ. અશોક બી. વૈદ્ય

**નોંધ :** શ્રી જયપ્રકાશની આગેવાની નીચે, પ્રથમ ગુજરાતમાં અને હવે બિહારમાં જે આંદોલન ચાલે છે તેનાં સ્વરૂપ અને પરિણામ વિશે, તીવ્ર મતભેદ છે. કેટલાક લોકો, આ આંદોલનમાં મહાન ક્રાન્તિ જુએ છે. જયપ્રકાશ પણ કહે છે કે આ આંદોલન સમૂળી ક્રાન્તિ છે. એક રાજકીય પક્ષને હટાવી બીજા પક્ષને લાવવાનું આ આંદોલન નથી, પણ નૈતિક ક્રાન્તિ માટે છે. કેટલાક એમ માને છે કે આ આંદોલનનું બીજું કાંઈ પરિણામ ન આવે તો પણ, પ્રજાનું લડાયક ખમીર જાગ્રત થાય અને ટકી રહે તે પણ આવકારદાયક છે. જેઓ આવા અભિપ્રાય સાથે સંમત નથી થઈ શકતા તેમના ઉપર એવો આક્ષેપ મુકાય છે કે તેઓ શાસક પક્ષના ટેકેદાર છે અથવા સ્થાપિત હિતોના સમર્થક છે અને ક્રાન્તિથી ડરે છે. આચાર્ય કૃપલાનીએ સચોટ રીતે બતાવ્યું છે કે આ આંદોલનમાં ક્રાન્તિનાં કોઈ બીજ નથી. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના તંત્રી શામલાલે આ આંદોલનની ત્રુટીઓ સરસ રીતે નિરૂપી છે. ઈલસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી ખુશવંતસિંગે ધારાસભા વિસર્જનની માંગણીને બિનલોકશાહી કહી છે. આમાંથી કોઈ શાસક પક્ષના ટેકેદાર નથી અથવા સ્થાપિત હિતોના સમર્થક નથી. પ્રજાનું લડાયક ખમીર આવા આંદોલનથી જળવાતું નથી. ઊભરાથી લડાયક ખમીર પેદા થતું નથી. આ આંદોલનનાં અસરકારક પરિણામ ન આવે તો વધારે નિરાશા આવે. સ્વરાજની લડત સાથે આ આંદોલનને સરખાવી શકાય નહિ. બિનપક્ષીય લોકશાહીની વાત શ્રી જયપ્રકાશે હાલ તુરત છોડી દીધી છે. તે અંતિમ ધ્યેય છે, તાત્કાલિક ઉદ્દેશ નથી એમ કહ્યું છે. ધારાસભા વિસર્જન પછી, ફરી ચૂંટણી જ કરવી એમ જાહેર કર્યું છે. સમાજમાં શું એવી નૈતિક ક્રાંતિ થઈ ગઈ છે કે તુરતમાં ચૂંટણી થાય તો એવી પ્રામાણિક અને કુશળ વ્યક્તિઓ ચૂંટાશે, જેથી સમાજની કાયાપલટ થશે? ગુજરાતમાં હાલ ચૂંટણી થાય તો કુશળ અને પ્રામાણિક માણસો ચૂંટાશે? તેને માટે કાંઈ તૈયારી થઈ છે? બિહારમાં તેથી પણ બૂરા હાલ થવા સંભવ છે. આવી નૈતિક ક્રાન્તિ માટે અને પ્રામાણિક અને કુશળ વ્યક્તિઓની પસંદગી માટે દીર્ઘ તૈયારી અને ભગીરથ પુરુષાર્થ કરવો પડે. તેમાંનું કાંઈ થયું છે? વર્તમાન રાજકીય વ્યક્તિઓને આંચકો આપવો અને ચેતવણી આપવી એટલું જ પરિણામ આવવાનું હોય તો તેને માટે મોટી કિંમત ચૂકવીએ છીએ. ભ્રષ્ટાચાર સમાજવ્યાપી રોગ છે, દરેક વર્ગને લાગુ પડેલો છે. જયપ્રકાશ પ્રત્યે પૂરો આદર હોવા છતાં, તેમનાથી જેનો મતભેદ છે તેઓ માને છે કે તેમનો આ પુણ્યપ્રકોપ, સકારણ હોવા છતાં, તેમણે જે પ્રકારનું આંદોલન શરૂ કર્યું છે તે, જે અનિષ્ટોનો સામનો કરવો છે તેને માટે, અસરકારક માર્ગ નથી.

શ્રી જયપ્રકાશ જે સંસ્થાઓ સાથે જોડાયેલ છે તેની ગ્રાન્ટ બંધ કરી બિહાર સરકારે મોટી ભૂલ કરી છે અને કિન્નાખોરી બતાવી છે. આ અક્ષમ્ય છે.

૭-૭-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## ભગવાન મહાવીર ચિત્રમય જીવન ગ્રંથનું પ્રકાશન

મુનિશ્રી યશોવિજયજી મહારાજના નિર્દેશનમાં તૈયાર કરવામાં આવેલા 'ભગવાન મહાવીર ચિત્રમય જીવનગ્રંથ'નો પ્રકાશનવિધિ મહારાષ્ટ્રના શિક્ષણપ્રધાન શ્રી. નામજોશીના વરદ હસ્તે ગઈ તા. ૧૬મી જૂને કરવામાં આવ્યો હતો. બિરલા માતુશ્રી સભાગારમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ ગ્રંથમાં ભગવાન મહાવીરના જીવનપ્રસંગો તેમ જ ગૌતમ સ્વામીના કૈવલ્યજ્ઞાનપ્રાપ્તિની મુદ્રા સહિત ૩૫ બહુરંગી ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ચિત્રો આર્ટ પેપર પર ચાર રંગમાં છાપવામાં આવ્યાં છે. દરેક ચિત્રની નીચે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં એનો પરિચય આપવામાં આવ્યો છે. આ સાથે ચિત્રના પ્રસંગની માહિતી પણ આપવામાં આવી છે. આ ગ્રંથમાં મુનિશ્રી યશોવિજયજીની પ્રતિભા અને સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી ગોકુળદાસ કાપડિયાની ચિત્રકલાનો સુભગ સંયોગ થયો છે. જૈન ચિત્રકલા નિદર્શન સમિતિ દ્વારા આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે અને એની કિંમત ૬૧ રૂપિયા છે.

આ ગ્રંથના પ્રકાશનવિધિ પ્રસંગે આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી, આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી, મુનિશ્રી યશોવિજયજી અને અન્ય સાધુ-સાધ્વીઓ તેમ જ જૈન સમાજના ચારે ફિરકાઓના અગ્રણીઓ હાજર હતા. આ પ્રસંગે વકતાઓએ કરેલાં પ્રવચનોમાં મુનિશ્રી યશોવિજયજીની કલાસાધનાનો નિર્દેશ કરીને ભગવાન મહાવીરની ૨૫મી નિર્વાણશતાબ્દીના વર્ષમાં આ ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે એને આવકાર આપ્યો હતો. ગ્રંથનો પ્રકાશન વિધિ કરતાં શ્રી નામજોશીએ કહ્યું હતું કે ભગવાન મહાવીરનો ઉપદેશ વર્તમાન યુગ માટે અત્યંત ઉપયોગી છે. એમણે આવો સુંદર ગ્રંથ પ્રગટ કરવા માટે આનંદ વ્યકત કર્યો હતો.

# શ્રી બચુભાઈ રાવતને સુવર્ણચંદ્રક અર્પણ સમારંભ

"કુમાર" માસિકના સુવર્ણ જયંતીના શુભ પ્રસંગને અનુલક્ષીને "કુમાર"ની શરૂઆતના કાળથી–પચાસ વર્ષથી જેઓ સેવા કરી રહ્યા છે, એ કાર્યને જ જેમણે પોતાના જીવનનું મિશન બનાવ્યું છે એવા શ્રી બચુભાઈ રાવતનું સન્માન કરવાને લગતો એક સમારંભ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને મેસર્સ ચીમનલાલ પેપર કું. ના સંયુક્ત ઉપક્રમે ગોવાલિયા ટેન્ક ઉપર આવેલા તેજપાલ ઓડિટોરિયમમાં તા. ૧૪-૭-'૭૪ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. આ સમારંભના અતિથિવિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના હાલના પ્રમુખ શ્રી ગુલાબદાસ બ્રોકર હતા.

આ પ્રસંગને અનુલક્ષીને "ગુલછડી" નામની એક પુસ્તિકા પણ પ્રગટ કરવામાં આવી હતી, જેનું સંપાદન શ્રી સુરેશ દલાલે કર્યું હતું. તેમાં, "કુમાર"નું જ્યારે પ્રકાશન શરૂ થયું તેના પ્રથમ પાનાનું લખાણ તેમ જ જાણીતા તેર કવિઓની તેર કવિતા પ્રગટ કરવામાં આવી હતી. આ પુસ્તિકા "કુમાર"ના આદ્ય તંત્રી શ્રી રવિભાઈ રાવળને તેમ જ તંત્રી શ્રી બચુભાઈ રાવતને અર્પણ કરવામાં આવી હતી.

સમારંભની શરૂઆતમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આ સમારંભને સફળતા ઈચ્છતા આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા, અને આ પ્રસંગને અનુરૂપ સ્વરચિત કાવ્ય પણ વાંચી સંભળાવ્યું હતું.

ત્યાર બાદ શ્રી ચીમનલાલ પી. શાહે પોતાનું આવકાર-પ્રવચન વાંચી સંભળાવ્યું હતું, તેમાં "કુમાર"ના સ્થાપક શ્રી રવિશંકર રાવળને અને તેના તંત્રી શ્રી બચુભાઈ રાવતને અભિનંદન આપ્યાં હતાં અને તેઓ બન્નેનું તેમ જ "કુમાર"નું દીર્ઘાયુ ઈચ્છયું હતું.

ત્યાર બાદ શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહે જણાવ્યું હતું કે સ્વ. પરમાનંદભાઈનો, શ્રી રવિશંકર રાવળ અને શ્રી બચુભાઈ રાવત સાથેનો ગાઢ સંબંધ હતો અને એ કારણે પણ આ પ્રસંગમાં યુવક સંઘ જોડાય તે ખૂબ ઉચિત ગણાય. "કુમાર"ને અંજલિ આપતાં તેમણે જણાવ્યું કે "કુમાર" જેવું માસિક પચાસ વર્ષ સુધી તેનું ધોરણ સાચવીને ચાલુ રહે એ જ એની મહત્તા, લોકપ્રિયતા અને ઉપયોગિતા સિદ્ધ કરે છે.

આ જગતમાં આજે અશુભ તત્ત્વોનો એટલો વ્યાપક ફેલાવો થયો છે કે કયારેક માણસને પ્રશ્ન થાય છે કે આ જગતમાં કોઈ શુભ તત્ત્વની હયાતી રહી છે કે નહિ ?

પરંતુ રવિભાઈ અને બચુભાઈ જેવા માણસો પચાસ પચાસ વર્ષથી ધૂણી ધખાવીને "કુમાર" જેવા માસિક દ્વારા એવો સતત પ્રયત્ન કરતા રહ્યા છે કે માનવીના મનમાં શુભ તત્ત્વોનો કેવી રીતે આવિર્ભાવ થાય, તે કેમ ટકી રહે, કેમ તેની વૃદ્ધિ થાય. આવાં શુભ તત્ત્વોના આધારે જ આજની દુનિયા ટકી રહી છે. માટે બચુભાઈના સન્માનને લગતું જે આયોજન આપણે કર્યું છે તે કેટલું બધું ઉચિત છે તે આના પરથી સમજાય છે.

તેમણે શ્રી બચુભાઈને માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી અને તેમનું દીર્ઘાયુ ઈચ્છયું હતું.

ત્યાર બાદ જાણીતા કવિ શ્રી રાજેન્દ્ર શાહે જણાવ્યું કે "કુમાર" પચાસ પચાસ વર્ષો સુધી યૌવનનું તેજ જાળવી શક્યું છે. એ તેજને પોષણ શ્રી બચુભાઈએ આપ્યું. કેટલાયે યુવાનોનાં જીવનવહેણ શ્રી બચુભાઈએ બદલી નાખ્યાં છે. તેઓ દીર્ઘ જીવન પ્રાપ્ત કરે એવી મારી પ્રાર્થના છે.

ત્યાર બાદ શ્રીયુત્ શાન્તિલાલ હરજીવનદાસ શાહે બોલતાં જણાવ્યું કે આપણે એ ગૌરવ લેવા જેવી વાત છે કે દૈનિકોમાં "મુંબઈ સમાચાર" અને માસિકોમાં "કુમાર", તેમની સ્થાપનાથી આજ સુધીની લાંબી મજલ કાપનાર ગુજરાતી પત્રો આજ સુધી જીવંત રહ્યાં છે. "કુમાર" જેવા ઉચ્ચ આદર્શને વરેલા માસિકને પચાસ વર્ષ સુધી ટકાવવું એ ખૂબ જ મોટી વાત છે. આવાં પત્રો દીર્ઘકાળ સુધી ટકી રહે તે માટે આપણે સૌએ સક્રિય રહેવું જોઈએ. "કુમાર" મેં વાંચ્યું, મારા પુત્રે વાંચ્યું અને મારો પૌત્ર વાંચે છે. "કુમાર"ની પરંપરાનું આ જવલંત ઉદાહરણ છે. શ્રી બચુભાઈનું એમણે દીર્ઘાયુ ઈચ્છયું હતું. ત્યાર બાદ અતિથિવિશેષ શ્રી ગુલાબદાસ બ્રોકરે શ્રી બચુભાઈની લોકપ્રિયતાનો ઉલ્લેખ કરીને બચુભાઈ કવિઓમાં કેટલા પ્રિય થઈ પડયા છે તે જણાવ્યું હતું. શ્રી સુંદરમ્, શ્રી ઉમાશંકર જોષી અને ત્યાર પછી આજના ઊછરતા કવિઓ સુધી શ્રી બચુભાઈએ પ્રેરણા આપી છે, કવિઓના ઘડતરમાં ફાળો આપ્યો છે. શ્રી બચુભાઈએ ગુજરાતને કવિતા વાંચતુ-ગાતું કર્યું છે. અને "કુમાર" તેમ જ બચુભાઈ બન્ને લાંબું જીવન ભોગવે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી અને "ગુલછડી" પુસ્તિકા તેમને અર્પણ કરી હતી.

ત્યાર બાદ મે. ચીમનલાલ પેપર કું. તરફથી તૈયાર કરવામાં આવેલ સુવર્ણચન્દ્રક શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રીયુત્ બચુભાઈને અર્પણ કર્યો હતો. શ્રી ચીમનલાલ પી. શાહે સુવર્ણ-ચંદ્રક શ્રી બચુભાઈને પહેરાવ્યો હતો અને પછી પોતાના પ્રવચનમાં "કુમાર" સામયિક, તેના આદ્યતંત્રી શ્રી રવિશંકર રાવળ અને હાલના તંત્રી શ્રી બચુભાઈ રાવત સાથેના ગાઢ સંબંધો તથા "કુમારે" ગુજરાતી જનતાની કરેલી સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો.

ત્યાર બાદ શ્રી બચુભાઈ રાવતે બોલતાં જણાવ્યું કે ચન્દ્રક-દ્વારા મને જે માન આપવામાં આવ્યું છે તેના માટે "કુમાર"ના આદ્ય સ્થાપક અને તંત્રી શ્રી રવિશંકર રાવળ અધિકારી છે.

આ પ્રસંગે મને મારા પુરોગામીઓનું સ્મરણ થઈ આવે છે. ગુજરાતી સાહિત્યના વિકાસમાં જે માસિકો વગેરેએ પોતાનો અનન્ય ફાળો આપ્યો છે તેમને અંજલિ આપવાની મારી ફરજ સમજું છું. ત્યાર બાદ તેમણે "બુદ્ધિપ્રકાશ," "વીસમી સદી"થી માંડી છેક "કુમાર"ની સ્થાપના થઈ ત્યાં સુધીનાં બધાં સામયિકો તેમ જ તેમના સંપાદકો-તંત્રીઓને યાદ કર્યા હતા. તેમ કરતાં પોતાના અંગત જીવનનો ઘણો મોટો ગાળો "કુમાર"ના વિકાસાર્થે ગાળ્યો છે તથા તે અંગે તેઓ વિવિધ જાતના સમર્થ સાહિત્યિક પુરુષોના પરિચયમાં કેમ આવ્યા તેનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે પોતાના બાળપણથી જ જે એક વાક્ય તેમના જીવનમાં માર્ગદર્શક બની રહ્યું હતું તે ટાંક્યું હતું કે 'Every man cannot be a great man, but every man can be a gentleman.' "કુમાર"ની જ્યારે શરૂઆત થઈ ત્યારે તે ગાળામાં કુમારો–કિશોરોની ભૂખ ભાંગે એવું કોઈ સામયિક નીકળતું ન હતું એ કારણે "કુમાર" શરૂ કરવાની શ્રી રવિશંકરભાઈને પ્રેરણા મળી હતી ને તેઓ પણ તેમાં જોડાયા હતા.

ત્યાર બાદ શ્રી ચીમનલાલ પી. શાહે સભાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને, શ્રી બચુભાઈ રાવતને તથા શ્રી ગુલાબદાસ બ્રોકરને ફૂલહાર અર્પણ કર્યા હતા. છેલ્લે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સૌનો આભાર માન્યો હતો.

સમારંભનું કામ પૂર્ણ થયા પછી જાણીતા કવિ શ્રી સુરેશ દલાલના સંચાલન હેઠળ કવિસંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં શ્રી અનિલ જોશી, શ્રી જગદીશ જોશી, શ્રી નીતિન મહેતા, શ્રી પ્રબોધ પરીખ, શ્રી બરકત વીરાણી, શ્રી યશવંત ત્રિવેદી, શ્રી રમેશ જાની, શ્રી રાજેન્દ્ર શાહ, શ્રી વિપિન પરીખ, શ્રી વેણીભાઈ પુરોહિત, શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર, શ્રી સુરેશ દલાલ તથા શ્રી હરીન્દ્ર દવેએ ભાગ લીધો હતો. શ્રોતાઓથી તેજપાલ હોલ સંપૂર્ણ ભરાઈ ગયો હતો અને પ્રસન્નતાના વાતાવરણમાં સાડા બાર વાગે સૌ વિખરાયાં હતાં.

**સંકલન: શાન્તિલાલ ટી. શેઠ**

# બ્લૅકઆઉટ—વણસેલા સંબંધની નિશાની

માળીને શુંયે સૂઝ્યું કે એણે ઘર પાસેના ભરચક આસોપાલવને પાંખો કરી મૂક્યો છે. અચાનક ધંધામાં ખોટ ગઈ હોય અને પછી કુટુંબમાં વાતે વાતે અને વર્તને હાથ ખેંચાતો રહે એવો આસોપાલવ દરિદ્ર લાગે છે. એક જ આસોપાલવમાં આટલો ફુગાવો શાને?- એવા ઈરાદાથી પણ માળીએ આસોપાલવ ખંખેર્યો હોય તો તે જાણે. પાંદડાં ખરી પડે છે પછી કોઈ સગપણ રહેતું નથી. ખરી પડેલાં પાંદડાંમાં દેખાય છે અનાથ આશ્રમનાં બાળકોની લાચારી.

આપણો સંબંધ જ આપણાં સુખદુઃખનું કારણ હોય છે. આસોપાલવ સાથે આટલો આંખનો સંબંધ બાંધ્યો તો એને જોતાંની સાથે પ્રતિભાવ કે પ્રત્યાઘાતની પરંપરા શરૂ થઈ ગઈ. એક એક પાંદડાના જીવનમાં પણ લીલાશ એમ ને એમ નથી પ્રકટતી. અંધકારનો મુકાબલો તો બીજ કરે છે, પણ ડાળ પર ફૂટવાની મથામણનો અનુભવ શું હોય છે એનો આપણે આપણી ભાષામાં કઈ રીતે અનુવાદ કરશું? પવનના સ્પર્શનો રોમાંચ, પંખીના ટહુકાનું રેશમ, રાતના અંધકારનો આસવ, અને કિરણને નાતે નાતે બંધાતો સૂરજ અને ચન્દ્ર સાથેનો એમનો સંબંધ. આ બધાંની લાગણીઓની લીલા ન હોત તો પાંદડામાં કોઈ લીલાશ હોત ખરી?

કોઈક વાર થાય છે કે બધા જ સંબંધો કાપી નાખું. ગણિતથી બંધાયેલા-સંધાયેલા સંબંધો તો આપમેળે ખરી પડે છે. આ બધી જાણકારી આપણી પાસે હોય કે ન હોય પણ સમય નામના માળી પાસે તો હોય જ છે. પણ અનાયાસે બંધાયેલા—જનમજનમની છાયા ઓઢીને લોહીની જેમ વહેતા સંબંધનું શું કરશું?

સંબંધોમાં કવિતા છે. પણ અંતે તો બધા જ સંબંધો કરુણ કવિતા છે. જ્ઞાની માણસ પોતાના સંબંધો વિશે ડંફાસ મારતો નથી હોતો. કારણ કે કઈ ઘડીએ વળગેલાં પાંદડાઓ ખરી પડશે એની ખુદને જ ખબર નથી હોતી. સંબંધોના ગૌરવને નંદવાઈ જતાં વાર નથી લાગતી અને બે વ્યક્તિઓ વચ્ચેનું Communication સાવ ભૂંસાઈ જાય છે.

આ લખું છું ત્યારે મને યાદ આવે છે ક્યાંક વાંચેલો અક પ્રસંગ. એક ગામ હતું. ગામમાં એક ફકીર હતો. બધાંને મદદ કરી છૂટતો. કેટલાક માણસો કામ કરીને જ વાતો કરી શકે છે, તો કેટલાકની વાત જ કર્મનો લય જાળવી લે છે. ફકીરની વાતમાં જીવનનો મર્મ હતો અને પોતે જે કરી છૂટતો એમાં જીવનનો ધર્મ હતો.

એક દિવસ એક ડોશી એની પાસે આવી અને એણે ફકીરને કહ્યું કે મારે એક કાગળ લખવો છે અને બીજે ગામ મોકલવો છે.

ફકીરે કાગળ લખવાની ના પાડી. ડોશીએ કહ્યું: "ઓશિયાળીનું આટલું કામ પણ ફકીર થઈને નહીં કરો?"

ફકીરે કહ્યું: "મારો પગનો અંગૂઠો ખૂબ જ દુઃખે છે. ખૂબ વેદનાથી પીડાઉં છું."

ડોશીએ કહ્યું: "અભણ છું તો પણ એટલી તો ખબર છે કે પગના અંગૂઠાથી કાગળ લખાતા નથી હોતા."

અને પછી ફકીરે જે ઉત્તર આંખો તે આપણને નિરુત્તર કરી મૂકે એવો છે. ફકીર કહે કે "માજી! તમને કાગળ તો હું લખી આપું, પણ તમે જે ગામમાં કાગળ મોકલો છો—તે પણ સાવ અભણ છે અને એ વાંચવા માટે મારે જ જવું પડશે."

સંબંધ વણસે છે ત્યારે બે વ્યક્તિની સ્થિતિ પેલાં બે ગામ

## ઝીણી તરડ

ખર્યાં પણે, બિન્દુ ઝરમર ઝર્યું: એ કરુણ ના!
પૂછી જોયું ધીમે કદિ પવનને કેમ તૃણના
સુકાયેલા હૈયે રણઝણ નહીં: સ્પંદન નહીં?
વ્યથા એની કેવી અરવ ઉરના ક્રંદનમહીં?

કિનારાને ઝંખી જળવમળમાં નાવ ગરતી.
ચિરાયેલા મેલા સઢ પવનને જય ભરખી.
હવે તો આ આંખો અગર અમથા હોઠ હરખી
પડે તો જ્હીએ છે: શીતળ તળિયે આગ બળતી!

કપાયેલી પાંખે વિહગ ધરતીને નભ કહે:
દિલાસાઓ જુઠ્ઠા હૃદયમનને રહે રહી દહે:
અહીં દૃષ્ટિ સામે અગનઝરતાં વાદળ સરે:
પડી કેવી ઝીણી તરડ ફૂલ ને ઝાકળ પરે!

બધા સંબંધોનું સ્વરૂપ કથળી જાય ગરવું:
ક્ષણોના ભાંગેલા પરિચય લઈને રઝળવું!

જેવી થઈ જાય છે. આપમેળે લખાતું પણ નથી અને લખાયેલું વંચાતું પણ હોતું નથી. આ બે ગામમાં જે બ્લૅકઆઉટ પ્રવર્તે છે તે વણસેલા સંબંધની નિશાની છે. બન્ને વચ્ચે Communication સ્થાપી આપે એવો ફકીર ક્યાં?

સુરેશ દલાલ

# નૂતન ચેતનાનો દિવ્ય સંચાર

સરિતાને કાંઠે, ઝરણાની ગોદમાં, ઘાસના મેદાનમાં અને જંગલની વનરાજિમાં અદ્‌ભુત એકાંત મળી રહે છે. સેંકડો ટેકરીઓની ટોચેથી હું દૂરદૂરના માનવીઓની સંસ્કૃતિનાં દર્શન કરી શકું છું.

વિષમ સંજોગોમાં અંતરાત્માની તાબેદારી અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાનો જે ભારેખમ ઉપદેશ આપાય છે એનું આખરી પરિણામ તો માણસને અંતર્મુખ અને આત્મનિર્ભર બનાવવામાં જ આવે છે.

હું મારી જાતમાં સ્વયં પર્યાપ્ત અનુભવું છું. મારી જાત સિવાય મારો બીજો કોઈ સાથી નથી. વૃક્ષની ડાળીને મારે એકલે હાથે હું બેવડી વાળી દઉં છું, એમ શયતાન અને એના ફિરસ્તાઓને પણ હું એકલે હાથે ભગાડી શકું છું.

આપણી નબળાઈને સમયે ઈશ્વરને આપણે મદદગાર ન ગણવો જોઈએ. ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાથી તમારી તાકાતનો રજમાત્ર અંશ પણ ઓછો થઈ જતો હોય તો ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાનું માંડી વાળો.

પ્રાર્થના અને ભક્તિને બદલે માણસની ટચલી આંગળીમાં વધારે પ્રમાણમાં ઈશ્વરી અંશ છે.

દેવોને કોઈ સંપ્રદાય હોતો નથી. તેઓ કોઈ માણસનો પક્ષ લેતા નથી. મને લાગે છે કે કુદરત અમુક ગણ્યાગાંઠ્યા સાચદિલ અને શ્રદ્ધાળુ આત્માઓ પ્રત્યે જ પ્રેમ ધરાવે છે. હું ટેકરીની તળેટીમાં રહેતા કોઈ અજાણ્યા માણસને જોવા જાઉં છું, એને દેવદેવલાંની કે માણસની પડી નથી; છતાં એની વાડીમાં પણ સ્ટ્રોબેરી અને ટમાટાં તો ઊગે જ છે. એની ટેકરી પર પણ સૂરજ ઉદારતાથી પ્રકાશ

તો ફેંકે જ છે. આવું દશ્ય જોઉં છું ત્યારે દેવોની અસીમ અનિયંત્રિત ઉદારતાની કબૂલાત કરવાની મને ફરજ પડે છે.

આરોગ્યનાં દર્શન કરવા માટે સમાજ તરફ નહિ પણ નિસર્ગ તરફ નજર કરવી પડશે. શરીર માટે જેવા આરોગ્યની અપેક્ષા રાખીએ છીએ એવું જ આરોગ્ય મનમાં અને આત્મામાં મેળવવા માટે તમારે ખેતરો અને જંગલો સાથે ગોષ્ઠિ કરવી જોઈએ.

ઉત્તમોત્તમ સમાજ અત્યંત રોગિષ્ટ સમજવો. એ સમાજમાંથી પાઈનવૃક્ષોના જેવી નિરોગી સુગંધ નહીં સાંપડે. હરિયાળા બીડમાં જે ફોરમનો માદક મધમધાટ છે એ સમાજમાં સાંપડવો દુર્લભ છે.

નિસર્ગશાસ્ત્રનું કોઈક પુસ્તક અમૃતના કુંભની જેમ મારી સાથે ને સાથે રાખવું મને ગમે છે. એના પરિશીલન વડે મારી તબિયત અને મિજાજ જળવાઈ રહે છે અને જીવનમાં રમણીય દશ્યોનાં દર્શન થતાં રહે છે.

મારી જ્ઞાનપિપાસા અસ્ખલિત કે અખંડ નથી પણ સૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધવાની, કહો કે એ દિવ્ય સુધારસના ફીણનો નશો કરવાની, અગમ્ય વાતાવરણો અને ઊંડાણોમાં ઘૂમી વળવાની મારી તૃષા તો શાશ્વત છે.

ઠંડકને લીધે વાતાવરણમાં ઝાકળબિંદુ જામે છે. શાંતિ વધારે પ્રગાઢ અને અર્થસૂચક બની રહે છે. નિસર્ગે કેમ જાણે કોઈ વિશિષ્ટ મનઃસ્થિતિ ધારણ કરી હોય એમ હરેક સ્વર નિસર્ગની વધારે વિચારશીલતામાંથી સંભળાય છે. ઘાસ ઉપર કૂદતી ખડમાકડી, ઝરણાંનો કલરવ, વૃક્ષરાજિમાંથી સૂસવતા પવનના સુસવાટા - બધું આવી આવીને મારા કાનમાં વિશ્વની આગેકૂચની વાત કહી જાય છે. વનરાજિમાં વાયરો ફૂંકાય છે ને મારું હૃદય ઉછાળો અનુભવે છે. હજી ગઈ કાલ સુધી તો મારું જીવન વિસંવાદી અને છીછરું હતું, પણ આજે એમાં એકાએક નૂતન ચેતનાનો સંચાર થયો છે.

મારા જીવનમાં બેચેનીની એક પણ ક્ષણ ન આવે એવી રીતે હું જીવી શકું તો કેવું સારું ! મોસમમાં જ્યારે નાનાં નાનાં ફળો પરિપકવ બને ત્યારે મારાં ફળો પણ પરિપકવ થતાં રહે તો કેવું સારું !

નિસર્ગના પલટાતા મિજાજ સાથે મારો પોતાનો મિજાજ પલટાતો રહે તો કેવું સારું ! મોસમે મોસમે કુદરત ફળવતી બને ત્યારે હું પણ એટલો જ સમૃદ્ધ બનતો રહું તો કેવું સારું !

ઝરણાને કાંઠે ચાલતાં ચાલતાં, પક્ષીઓના સુમધુર કલરવની જેમ હું પણ પ્રાર્થના કરી શકું તો કેવું સારું !

આનંદનો પરમ અનુભવ કરવા માટે હું પૃથ્વીને પ્રગાઢ આલિંગન કરી શકું છું. એમાં દટાઈ જવામાં પણ હું પરમ પરિતોષ અનુભવીશ.

મારા પર જીવનનાં જે ધસમસતાં પૂર આવી રહ્યાં છે એ બદલ હું કૃતજ્ઞતા અનુભવું છું. હવે હું અકિંચન નથી. પકવ બનતાં ફળોની સુગંધ હું માણી શકું છું. પાનખરનાં પુષ્પો મારા આત્માને સભર કરી દે છે. હું ધરતીને પ્યાર કરી શકું છું. ભલા ભગવાન, તારો પાડ માનું છું. હું તો આ બધાં વરદાનને લાયક નથી. આટલી બધી ઉદારતાને હું પાત્ર નથી. હું અપવિત્ર છું, અપાત્ર છું અને છતાં મારા જીવનપથ પર ફૂલની બિછાત પથરાઈ ગઈ છે.

પણ આ બધું વરદાન આપનાર ઈશ્વરનો હું આભાર માની શકતો નથી. મારાં કૃત્યો કરતાં પણ મારી અપેક્ષાઓનું મને વળતર મળ્યું લાગે છે.

ગ્રીષ્મનાં પાંદડાં સુકાઈ રહ્યાં છે અને હજારો વૃક્ષોમાંથી એ ખરી રહ્યાં છે. આ બધી તડકીછાંયડી દરમિયાન મેં તારી સાચી ઓળખ-પિછાણ ન કરી હોય તો હવે તો હું એ શાનો કરી શકું ? અરે, આ ઝરણાં પણ પડછાયાથી સભર બની ગયાં છે ! છીછરાપાં છીછરું ઝરણું પણ અતલ ઊંડાણવાળું બની ગયું છે ! એમાં માણસ જ્યારે પોતાના જ પડછાયાનાં દર્શન કરે ત્યારે એના અતલ ઊંડાણનો તાગ શી રીતે લઈ શકે ?

કુદરત સાથેના મારા તાદાત્મ્યને કારણે મેં માનવીઓની સંગત અને સહવાસ છોડી દીધાં છે. સૂર્ય અને ચંદ્ર, પ્રભાત અને સંધ્યાની સોબતમાં મને એકાંત સેવવાની ફરજ પડી છે.

જે ચિત્તને કુદરતી સૌન્દર્યની અનુભૂતિ થાય છે એ માનવ-સમાજથી વિખૂટું પડી જાય છે. સમાજ માટેની મારી ઝંખના બેહદ તીવ્ર બની ગઈ છે. પણ, ખરેખરા કોઈ સમાજ માટેની મારી પાત્રતા ઘટી ગઈ છે.

ઘણા માણસોના સમાજમાં – અથવા જેને સફળતા ગણવામાં આવે છે એવા સમાજમાં – મારા જીવનની કિંમત કોડીની પણ નથી. એક વેળા જ્યાં બેબિલોન વસેલું હતું એવું ગંધકવાળું રણ બનવાને બદલે હું તો ખાલી પડી રહેલ બીડ બનવાનું પસંદ કરું. ઓક વૃક્ષનાં પાંદડાંનો ખડખડાટ સંભળાય કે પક્ષીનો ટહુકાર કાને પડે, ત્યારે જીવનમાં અસીમ માધુર્ય અને તૃપ્તિ હું અનુભવું છું. દુનિયાના લોકો તરફથી માન – અકરામ ને ચંદ્રકો મેળવવા કરતાં હું વૃક્ષોનો મર્મર ધ્વનિ સાંભળવાનું વધારે પસંદ કરું છું.

તમને લાગશે કે હું માનવીઓથી દૂર જઈને કંગાળ બની રહ્યો છું. પણ સાચી વાત એ છે કે મારા એકાંતના સામ્રાજ્યમાં મેં રેશમનો કોશેટો વણી નાખ્યો છે અને થોડી વારમાં જ એમાંથી હું જલપરીની જેમ બહાર નીકળીશ. વધારે સંપૂર્ણ પ્રાણી બનીને ઉચ્ચ સમાજ માટે વધારે પાત્રતા પ્રાપ્ત કરીને બહાર આવીશ.

આપણા પરિચિત પાત્રના અનંત વિયોગ કરતાં વધારે ભવ્ય ઘટના બીજી કોઈ નથી. 'શાંત' અને 'અનંત'ના સાચા અર્થભેદનો મને અનુભવ થયો છે. 'કદી નહીં' એ શબ્દોમાં કેવું ભવ્ય અર્થ-ગૌરવ ભરેલું છે ! જે વ્યકિત સાથે આપણે ઉચ્ચ ભૂમિકાએ વ્યવહાર કર્યો હોય એની સાથે પછી કદી નીચી ભૂમિકાએ વરતી શકતાં નથી. આપણે એકબીજાના અમર વિનિયોગ માટે અનેક વરસોથી પ્રયત્ન કર્યો છે, પણ એમાં નિષ્ફળતા જ સાંપડી છે. આજ સુધી આપણે એકબીજાને ઉચ્ચોચ્ચ શિરપાવ અને શાબાશી આપ્યાં છે. આપણે એકબીજાને દિવ્ય તરીકે ઓળખ્યા છે અને હવે કોઈક ન સમજી શકાય એવા કારણે આ પારસ્પરિક સહાય બંધ કરી દેવાની ઘડી આવી પહોંચી છે.

સંજોગવશાત આપણને દેવ તરીકે ઓળખનારું અહીં કોઈ નથી. તેમ, આપણે કોઈને દેવ તરીકે ઓળખતા નથી. દરેક પુરુષ અને સ્ત્રી દેવ કે દેવી હોય છે, પણ પોતાના જાતભાઈઓ સમક્ષ તેઓ અંચળો ઓઢી રાખે છે. દરેક કિસ્સામાં કેવળ એક જ વ્યકિત આ અંચળાની આરપાર જોઈ શકે છે. પોતાનામાં રહેલી દિવ્યતાનાં દર્શન ન કરી શકે એ માણસ ખરેખર એકાકી છે.

તમારી પાસેથી વિદાય થતાં મને ભારે ગ્લાનિ થાય છે. પણ, મારા ચિત્તમાંથી તમારી યાદ ભૂંસાઈ જાય એના કરતાં તો મારા પગ તળેની ધરતી ભૂંસાઈ જાય એ બહેતર છે.

લે. હેન્રી ડેવિડ થોરો : અનુ. : ગુણવંત ભટ્ટ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪, ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. By south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઓગસ્ટ ૧, ૧૯૭૪ ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ★ સનાતન પ્રશ્નો ★

વિખ્યાત રશિયન લેખક સોલ્ઝેનિત્સીનનું છેલ્લું પુસ્તક 'ગુલાગ આર્કિપેલેગો' અનેક સનાતન પ્રશ્નો ફરી જગાવે છે. આ પુસ્તકમાં તેમણે, રશિયામાં ૧૯૧૭ થી ૧૯૫૬ સુધી, ખાસ કરી સ્ટેલિનના ૩૦ વર્ષના શાસનકાળ દરમ્યાન, થયેલ ભયંકર અત્યાચારોનાં કમકમાટીભર્યાં વર્ણનો આપ્યાં છે. પોતાના સ્વાનુભવ અને આવા જુલમોના ભોગ બનેલ બીજી સંખ્યાબંધ વ્યક્તિઓના અનુભવો ઉપરથી આ પુસ્તક લખાયું છે. આ હજી પહેલો ભાગ છે. બીજા બે ભાગ પ્રકટ થવાના છે. લાખો માણસોને રિબાવીને મારી નાખ્યા, લાખોને નિરાધાર કર્યા, અપંગ, અને જીવતા મૂએલા જેવા કર્યા. આવા જ અત્યાચારો હિટલરે જર્મનીમાં કર્યા, મુસોલિનીએ ઈટલીમાં કર્યા. આજે પણ દરેક દેશમાં, ઓછાવત્તા પ્રમાણમાં, સરકાર, પોલીસ, અને સમાજ તરફથી આવા અત્યાચારો થઈ રહ્યા છે. માનવસમાજમાં સદાકાળ આવા જુલમો થતા આવ્યા છે. પણ વીસમી સદીમાં તેની વ્યાપકતા અને અમાનુષીતા પરાકાષ્ઠાએ પહોંચ્યાં છે એમ લાગે

માણસની આ ક્રૂરતા બે પ્રકારની છે. એક પોતાના સ્વાર્થ ખાતર બીજાઓ ઉપર જુલમ કરે તે. આ ઉઘાડો જુલમ છે. બીજો, સમાજને નામે, ધર્મને નામે, દેશને નામે, જુલમ કરી તેનો બચાવ કરે અને સમાજકલ્યાણ માટે જરૂરી છે એમ મનાવે. વ્યકિત પોતાના સ્વાર્થ માટે અન્યાય કરે તેને મર્યાદા હોય છે. સમાજ તેમ જ કાયદાનાં બંધન હોય છે. સમાજ, ધર્મ કે દેશને નામે જુલમ થાય તે અમર્યાદિત થઈ જાય છે. તે જુલમ લેખાતો નથી. તેને ભાવનાનો ઓપ આપવામાં આવે છે. તેમાં વ્યકિતની ગણના નથી. સમાજ, ધર્મ કે દેશ માટે વ્યકિતનો ભોગ આવકારપાત્ર લેખાય છે. વ્યકિતનું ગૌરવ, તેની સ્વતંત્રતા, કોઈ કલિપત સમષ્ટિમાં ડૂબી જાય છે. માનવ એક જીવંત વ્યકિત મટી, કોઈ આદર્શની સિદ્ધિનું સાધન બને છે. આર્યજાતિની શુદ્ધતા જાળવવાના બહાને હિટલરે ૬૦ લાખ યહૂદીઓનો વિનાશ કર્યો. સામ્યવાદના સ્વપ્નને સાકાર કરવા સ્ટેલિને લાખોને મરણશરણ કર્યા. ધર્મને નામે એવા જ અત્યાચારો અને જુલમો થયા છે. અહીં ધર્મ એટલે સ્થાપિત ધર્મ-સંપ્રદાય-એસ્ટાબ્લિશ્ડ ચર્ચ - 'ધર્મ' વિરુદ્ધ કે તેની માન્યતા વિરુદ્ધ વર્તન કરનારને જીવતા દાટી દે અથવા બાળી નાખે. સ્ટાર ચેમ્બરના અત્યાચારો સુવિદિત છે. ધર્મના પ્રચાર માટે જેહાદ થાય. ધર્માન્તર કરાવવા બળાત્કારો થાય. દેશને નામે યુદ્ધમાં ભયંકર સંહાર થાય.

સોલ્ઝેનિત્સીનનાં પુસ્તકો વાંચતાં મૌલિક સવાલ એ થાય છે કે માણસ એટલો ક્રૂર કેમ થઈ શકે? મનુષ્યના સ્વભાવમાં કે તેની પ્રકૃતિમાં આવી ક્રૂરતા જ છે? એક વ્યકિતના આદેશથી કે ભયથી હજારો માણસો, પોતાની માનવતા વિસારી, પિશાચી કૃત્યો કેમ કરે છે? આવાં વિનાશક અને અનિષ્ટ તત્ત્વોના સદા ભોગ બનવું એ જ માનવીનું નસીબ છે?

એ યાદ રાખવું ઘટે કે જે વ્યકિતઓ આવા જુલમો કરવામાં સાધન બને છે, પોલીસ કે લશ્કરના માણસો અથવા તોફાને ચડેલ જનસમુદાય, આ બધા પોતાના ખાનગી અથવા ગૃહજીવનમાં સામાન્ય માનવી હોય છે, જેને માનવીની લાગણીઓ હોય છે. તેને પણ પત્ની છે, પુત્ર છે. પણ સમાજ, દેશ કે ધર્મને નામે તે આવાં કૃત્યોમાં પ્રેરાય છે ત્યારે તેને ઘેન ચડે છે, માનવતા ભૂલી જાય છે. ત્યારે માણસ મટી મશીન થાય છે.

કોઈ વાદ કે ભાવના - આઈડિયોલોજી-ના કેફમાં તેની વિચારશકિત ડૂબી જાય છે. માનવતાનો ઉંબરો વટાવી જાય છે. મુખ્ય માણસો, સ્ટેલિન કે હિટલર જેવા, કુદરતનો પ્રકોપ છે, આગ અને વિનાશ ફેલાવવા માટે. માનવીમૂલ્યોથી જાણે પર હોય.

એક બીજો પણ સવાલ થાય છે: જેના ઉપર આવા જુલમો થાય છે તેઓ મોટે ભાગે તેને શરણે થાય છે, વિરોધશકિત જાણે ગુમાવી બેઠા હોય. તે બધા કાયર નથી હોતા પણ એક પ્રકારની અસહાયતા અથવા નિરાધારતા અનુભવે છે. સ્ટેલિન અને હિટલરે જેના ઉપર જુલમો કર્યા તેમાંના કેટલાય મોટા લશ્કરી અમલદારો હતા, જેમણે યુદ્ધમાં વીરતા બતાવી હોય. પણ જે શકિત કે ઝંઝાવાત તેમને ઘેરી વળે છે તેની વિનાશકતા આગળ પ્રતિકાર કરવાની કોઈ શકયતા નથી અથવા લાભ નથી એમ અનુભવે છે.

પણ પ્રતિકાર નથી થતો તેમ નથી. માણસ નિરાધારતા અનુભવે છે તેમ આત્મિક શકિતનો મહાન પ્રાદુર્ભાવ પણ અનુભવે છે. ત્યારે અદ્‌ભુત સહનશકિત અને ધૈર્ય ખીલે છે. સોક્રેટિસ સ્વહસ્તે ઝેરનો પ્યાલો પી લે, ક્રાઈસ્ટ ક્રોસ ઉપર ચડે, ગાંધી હસતે મુખે મરણને ભેટે. મહાપુરુષોની પ્રેરણાથી સામાન્ય માણસો પણ આવી શકિત બતાવે છે અને અન્યાય અને અનિષ્ટનો સામનો કરે છે. આ બળ કયાંથી આવે છે? દેહભાન ભૂલી દેહકષ્ટને આશીર્વાદ માને છે. આવા શહીદોની શહાદત, તેમનાં ત્યાગ અને બલિદાન, જગતનો આધાર છે.

સોલ્ઝેનિત્સીનનાં અને તેના જેવાં બીજાં પુસ્તકો વાંચતાં કોઈ વખત ઘોર નિરાશા થાય છે, માણસનું ભાવિ અંધકારમય લાગે છે. આવા અત્યાચારો અને જુલમો ઉપરાંત સમાજમાં વ્યાપક દુ:ખ અને દર્દનો સાગર ભર્યો છે તેથી પણ નિરાશા થાય છે. આવું બધું શા માટે? આ સંસાર અનિષ્ટ તત્ત્વોના હાથમાં જ છે કે કોઈ મંગલમય દૈવીશકિત છે? આ સનાતન પ્રશ્ન છે, વિચારવંત વ્યકિતને ઉદાસીનતાથી ઘેરી લે તેવો.

આ વિષયે, ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરનો અનુભવ વિચારવા જેવો છે. તેઓ તત્ત્વજ્ઞાની હતા અને જીવનનાં રહસ્યો જાણવા ઊંડું

ચિંતન કર્યું હતું. તેઓ કર્મયોગી હતા અને જીવનની કઠોર વાસ્તવિકતાનો પૂરો અનુભવ કર્યો હતો. ૧૯૩૧ માં પોતાની આત્મ-કથા લખી તેમાં પોતાનાં ચિંતન અને અનુભવનો નિચોડ આપ્યો છે:

Two perceptions cast their shadows over my existance. One consists in my realization that the world is inexplicably mysterious and full of suffering; the other is the fact that I have been born in a period of spiritual decadence in mankind.

I am pessimistic in that I experience in its full weight what we conceive to be the absence of purpose in the course of world happenings. only at rare moments have I felt really glad to be alive. I could not but feel with a sympathy, full of regret, all the pain that I saw around me, not only of men but of the whole creation. From this community of suffering, I have never tried to withdraw myself. It seemed to me a matter of course that we should all take our share of burden of pain which lies upon the world. Ever as a boy at school it was clear to me that no explanation of the evil in this world could ever satisfy me: all explanations, I felt ended in sophistries and at bottom had no other object than to make it possible for man to stare in the misery around them, with less keen feelings.

In my own life, anxiety, trouble and & sorrow have been allotted to me in such abundant measure that had my nerves not been so strong, I must have broken down under the weight.

'મારા અસ્તિત્વ પર બે સભાનતાઓની છાયા પડેલી રહી છે. એક એ કે મને મનમાં એમ વસી ગયું છે કે આ જગત અકળ રીતે ગૂઢ અને યાતનાથી ભરેલું છે; અને બીજી એ હકીકતની સમજ-દારી કે મારો જન્મ માનવજાતની આધ્યાત્મિક અવદશાના એક ગાળા દરમિયાન થયો છે.

'હું નિરાશાવાદી છું, એ અર્થમાં કે જગતની ઘટનાઓમાં જેને આપણે હેતુશૂન્યતા માનીએ છીએ તેનો પૂરો ભાર મેં અનુભવ્યો છે. જીવનનો આનંદ ખરેખર અનુભવ્યો હોય એવી ક્ષણો વિરલ રહી છે. મારી ચોપાસ માત્ર માનવજાતિમાં જ નહિ, સકળ સજીવ સૃષ્ટિમાં મેં જે દુ:ખ-દર્દ જોયાં છે તે બધાં હું વિષાદ-પૂર્ણ સહાનુકંપા સાથે અનુભવ્યા વગર રહી શકયો નથી. યાતનાની આ સમસંવેદનામાંથી મારી જાતને ખસેડી લેવાનો મેં કદી પ્રયાસ કર્યો નથી. દુનિયા પર દર્દનો જે બોજ ખડકાયેલો છે તેમાં આપણે બધાએ ફાળે આવતો હિસ્સો લેવો જોઈએ એ મને એક સ્વાભાવિક બાબત લાગી છે. શાળામાં હતો ત્યારથી મને એ સ્પષ્ટ જણાઈ આવ્યું હતું કે આ જગતમાં અનિષ્ટના અસ્તિત્વ વિશેનો કોઈ ખુલાસો મને કયારેય સંતોષ આપી શકશે નહિ; મને લાગતું હતું કે બધા ખુલાસાઓ અંતે તો સુફિયાણી વાતોમાં પરિણમતા હતા અને તેના પાયામાં, માનવીને તેની આસપાસનાં દુ:ખો તરફ ઓછી તીવ્ર સંવે-દનાથી નિહાળવાનું શકય બનાવવા સિવાય બીજો કોઈ ઉદ્દેશ નહોતો.

'મારા પોતાના જીવનમાં ચિંતા, મુશ્કેલી અને વિષાદ એટલા બહોળા પ્રમાણમાં મારે ફાળે આવ્યાં છે કે મારાં જ્ઞાનતંતુઓ એટલાં મજબૂત ન હોત તો હું કયારનો એ બોજા હેઠળ તૂટી પડયો હોત.'

૧૮ વર્ષ હબ્સીઓની ગરીબાઈ અને યાતનાઓ અને પ્રથમ વિશ્વયુદ્ધનો આઘાત અનુભવ્યા પછી આ વેદનાપૂર્ણ લખ્યું. પણ સાચા કર્મયોગી હતા. પોતાનું સેવાનું ક્ષેત્ર છોડી ભાગી ન ગયા. પણ ત્યાર પછી ૩૪ વર્ષ એ યજ્ઞ ચાલુ રાખ્યો.

આ સાથે ગાંધીજીનો અનુભવ સરખાવો. જીવનની કઠોર વાસ્તવિકતાનો આથી પણ વધારે દુ:ખદ અનુભવ તેમણે કર્યો. પણ વિશ્વની મંગલમય રચનામાં અને ઈશ્વરમાં એમની શ્રદ્ધા કોઈ દિવસ ડગી નહિ. ૧૯૪૬-૪૭ માં હિંસાનો દાવાનળ ફાટી નીકળ્યો અને જીવતર ભારે થયું. કોઈ વખત કહેતા કે આવું જ જોવું લખ્યું હોય તો ઈશ્વર દોરી ખેંચી લે તો સારું. ત્યારે પણ સત્ય અને અહિંસામાં – ઈશ્વરમાં – શ્રદ્ધા અડગ રહી.

જગતમાં દુ:ખ, અન્યાય અને અનિષ્ટ છે તેથી ઘણા સંવેદન-શીલ આત્માઓ કકળી ઊઠે છે. કોઈ અવિચળ શ્રદ્ધાનું બળ ન હોય તો ભાંગી પડે.

વર્તમાન ગુજરાતી કવિઓની કવિતા અને બીજાં પુસ્તકો વાંચું છું ત્યારે તેમાં રહેલ ઊંડો વિષાદ, ચિત્કાર અને નિરાશા, ચિન્તા કરાવે છે. વધારે ઊંડું ચિન્તન હોય તો મનમાં ઉદાસીનતા રહે પણ શ્રદ્ધાનું બળ તૂટે નહિ.

સોલ્ઝેનિત્સીનનાં પુસ્તકો વાંચતાં, રુંવાડાં ઊભાં થઈ જાય છે, વાંચી શકાતાં નથી. આ બધું સાચું હશે કે નહિ એવી કોઈક વખત તો શંકા થાય છે. માનવી આટલો ક્રૂર થઈ શકે? પણ આપણી આસપાસ જોઈએ છીએ ત્યાં પણ જે ઠંડી ક્રૂરતા છે તે અંતરનાં દ્વાર ખુલ્લાં હોય તેને જંપીને સૂવા ન દે.

માણસમાં અસદ્‌વૃત્તિઓ છે તે સાથે સદ્‌વૃત્તિઓ પણ છે અને તે જ જીવનનો આધાર છે. ડૉ. સ્વાઈત્ઝરને આટલી વેદના હતી તો પણ નિરાશ ન થયા. તેમણે લખ્યું છે:

Our humanity is by no means as materialistic as foolish talk is continually asserting it to be. Judging by what I have learnt about men and women, I am convinced that there is far more in them of idealist than ever comes to the surface of the world. Just as the water of the streams we see is small in amount compared to that which flows underground, so the idealist in men becomes visible in small amount compared with what men and women bear locked in their hearts, unreleased or scarcely released. To unbound what is bound, to bring the underground waters to surface; mankind is waiting and longing for such, as can do that.

'આપણો માનવસમાજ ભૌતિકવાદી છે એમ મૂર્ખાઈભરી વાત સતત ચલાવ્યે રાખીને દઢાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, કિન્તુ વસ્તુત: આપણો માનવસમાજ કોઈ પણ રીતે ભૌતિકવાદી નથી જ. પુરુષો અને સ્ત્રીઓ વિશે મને જે જાણવા મળ્યું છે તેના પરથી તોલ કરતાં મને એવી પ્રતીતિ થઈ છે કે તેમનામાં જે આદર્શવાદી વસે છે તે આ જગતની બાહ્ય સપાટી ઉપર પ્રગટ થતો હશે તેના કરતાં કયાંય અધિક પ્રમાણમાં તે તેમની ભીતરમાં રહ્યો જ છે. જેમ ઝરા-ઓનો જે જળરાશિ ભૂતલ ઉપર આપણને જણાય છે તે, ધરતીની અંદર વહેતાં જળના પ્રમાણમાં અલ્પાંશે હોય છે તે જ પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓનાં હૃદયની અંદર વસતો આદર્શવાદી જે અપ્રકટ રહે છે અથવા ભાગ્યે જ પ્રકટ થતો હોય છે તે અલ્પાંશે જ દષ્ટિગમ્ય થાય છે. જે જળરાશિ ભૂતલમાં નિબદ્ધ છે તેને નિર્બન્ધ કરવા અને સપાટી ઉપર આણવાનો પુરુષાર્થ કરી શકે તેવા માનવીની માનવજાત પ્રતીક્ષા કરી રહી છે અને ઝંખી રહી છે.'

દરેક માણસે વિચારવાનું કે તેણે આ સંસારમાં રહી, બીજાના દુ:ખમાં ઉમેરો કર્યો છે કે કાંઈ ઓછું કર્યું છે? દરેક વ્યકિત, નાનામાં નાની પણ, કાંઈક સારું કરી શકે છે, પ્રેમથી, કરુણાથી.

૨૪-૭-'૭૪. ચીમનલાલ ચકુભાઈ

# ઐતિહાસિક ચુકાદો

અમેરિકાના ઈતિહાસમાં સૌથી મહત્ત્વના કેસનો ચુકાદો ત્યાંની સુપ્રીમ કોર્ટે ગઈ કાલે આપ્યો. વૉટરગેટ પ્રકરણે અમેરિકાના રાજકારણમાં અને જાહેર જીવનમાં અભૂતપૂર્વ પરિસ્થિતિ સર્જી છે. મુખ્ય મુદ્દો તેમાં એ છે કે પ્રમુખ નિક્સન અને તેના સાથીદારોએ ન્યાયના કામમાં અવરોધ કર્યો, તેના પુરાવાઓનો નાશ કર્યો અથવા કોર્ટમાં રજૂ કરવા ઈનકાર કર્યો અને ગુનેગારોને બચાવવા અથવા ફોડવા અને ગુનાઓ ઉપર ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કર્યો. આ આરોપ સાચો ઠરે તો તે ગંભીર ગુનો છે અને નિક્સને પ્રમુખપદ છોડવું પડે. નિક્સને એક એક ઈંચની ભૂમિકા માટે લડત આપી છે. છેલ્લી ઘડી સુધી ખેંચે, પછી અશક્ય બને ત્યારે શોકું નમતું મૂકે અને કેટલાક સમયની રાહત મેળવે, વળી ભીંસ આવે અને આવા વર્તનનું પુનરાવર્તન થાય. ધીમે ધીમે તેની આસપાસનો ભરડો ઘેરો થતો જાય છે. એક પછી એક તેના નિકટના સાથીઓ ગુનાઓ કબૂલ કરતા જાય છે અને વધુ હકીકતો બહાર આવે છે. પોતાના સાથીઓ સાથેની વાતચીતની કેટલીક ટેપરેકોર્ડો ખૂબ દબાણ થતાં, કોર્ટમાં રજૂ કરી, પણ કેટલાક ભાગો કાઢી નાખીને. પણ આ ભાંડો ફૂટી ગયો. બીજી ૬૪ ટેપરેકોર્ડો ન આપી એટલે એટર્ની જનરલ અને સ્પેશિયલ પ્રોસિક્યુટરની અરજીથી ડિસ્ટ્રિક્ટ જજ સિરિકાએ આ રેકોર્ડો રજૂ કરવા હુકમ કર્યો. નિક્સને સુપ્રીમ કોર્ટને અપીલ કરી. આ વિચિત્ર મુકદ્દમો હતો. અમેરિકા વિરુદ્ધ તેનો પ્રમુખ એવું મથાળું હતું. પ્રમુખની બંધારણીય સત્તા વિશેના અગત્યના મુદ્દાઓ તેમાં સમાયેલા હતા. નિક્સનનો એવો દાવો હતો કે અમુક દસ્તાવેજો રજૂ કરવા કે નહિ તેનો નિર્ણય કરવાનો પ્રમુખનો જ અધિકાર છે અને આવો અધિકાર બંધારણમાં છે. બે મુદ્દા હતા. બંધારણમાં હકીકતમાં આવો અધિકાર છે કે નહિ; અને હોય તો પણ તેનો નિર્ણય કોણ કરે, પ્રમુખ પોતે કે કોર્ટ?

Who has the right to define the President's Constitutional powers and duties—himself or the Supreme Court?

સ્પેશિયલ પ્રોસિક્યુટરે કોર્ટને કહ્યું: In our view, this nation's Constitutional form of Government is in serious jeopardy if the President, any President, is to say that the Constitution means what he says it does and that there is no one, not even the Supreme Court to tell him otherwise.

નિક્સન તરફથી એમ કહેવામાં આવ્યું કે પ્રમુખની અબાધિત સત્તા છે અને બંધારણ મુજબ જાહેર હિતમાં શું કરવું તેનો નિર્ણય કરવાનો તેનો જ અધિકાર છે અને તેની ફરજ છે. The President has an obligation to carry out his Constitutional duties. પ્રમુખ ખોટો નિર્ણય કરે તો શું થાય? નિક્સનના વકીલે કહ્યું કે કૉંગ્રેસ (પાર્લામેન્ટ) તેની સામે પગલાં લે, પણ કોર્ટને અધિકાર નથી. કોર્ટના એક જજે પૂછ્યું:

If you know the President is doing some wrong, you can impeach him, but the only way you can find out is this way, (to know the evidence which he withholds); you can't impeach him (without knowing the evidence); so you don't impeach him!

બીજો મુદ્દો એમ હતો કે પ્રમુખ અને તેના નિકટના સાથીદારો વચ્ચે ખાનગી વાતચીત થાય તેને જાહેર કરવાની ફરજ પડે તો કોઈ ખાનગી વાતચીત થઈ ન શકે અને તેમ કરવું, જાહેર હિતમાં નથી. એક જજે કહ્યું: What public interest is there in preserving secrecy with respect to a criminal conspiracy? ગુનાઓને ઢાંકવામાં જાહેર હિત શું છે?

એક વિશેષ મુદ્દો એ હતો કે એટર્ની જનરલની સ્પેશિયલ પ્રોસિક્યુટર તરીકે પ્રમુખે નિમણૂક કરી છે, પ્રમુખના તાબેના અધિકારી છે અને તેવા અધિકારી પ્રમુખને હુકમ કરી ન શકે.

The President did not deligate to the special prosecutor the right to tell him whether or not his confidential communications should be made available in evidence... The Attorney General is nothing but a surrogate to the President. The Executive power is vested in one man and that is the President.

આવા બંધારણીય મુદ્દાઓ અમેરિકાના ઈતિહાસમાં પૂર્વે રજૂ થયા ન હતા.

કોર્ટે સર્વાનુમતે નિક્સનના વકીલની બધી દલીલો રદ કરી, નિક્સને ટેપરેકોર્ડો રજૂ કરવી જોઈએ એવો અભિપ્રાય આપ્યો છે.

નિર્ણય સર્વાનુમતિ છે એ અતિ મહત્ત્વની વસ્તુ છે. છૂટથી એમ કહેવાતું કે ૮ જજમાંથી ત્રણ નિક્સને નિયુક્ત કરેલ છે અને તેઓ તેની તરફેણ કરશે. જજ તરીકે કોઈ વ્યક્તિની નિમણૂક સરકાર કરે તેથી પોતાનો આત્મા સરકારને વેચી દેતો નથી. આપણે ત્યાં પણ જજોની નિમણૂકનો વિવાદ ચાલ્યો છે તેમાં આ હકીકત લક્ષમાં રાખવાની છે. કમિટેડ જજની બહુ અર્થહીન વાતો થાય છે અને લોકોને ભરમાવવામાં આવે છે.

નિક્સન હવે શું કરશે? કોર્ટના નિર્ણયની અવગણના કરશે? તો મોટી કટોકટી ઊભી થાય. ટેપરેકોર્ડો આપે તો પોતાના વિરુદ્ધની જુબાની પૂરી પાડે છે. ન આપે તો તેને કાઢી મૂકવાનું સબળ કારણ પૂરું પાડે છે. નિક્સન સત્તા માટે જેટલું લડયો છે તેટલું કદાચ કોઈ વ્યક્તિએ કર્યું નહિ હોય. પણ છેવટ લોકશાહી તંત્ર છે, સ્વતંત્ર પ્રેસ છે, સ્વતંત્ર ન્યાયાલય છે, સ્વતંત્ર પાર્લામેન્ટ છે. પ્રમુખ સરમુખત્યાર નથી. નિક્સન કદાચ ટેપરેકોર્ડો આપશે અને છતાં પોતે ગુનેગાર નથી તેવી લડત ચાલુ રાખી, બને તેટલો સમય સત્તા પર રહેશે. ભૂંડે હાલે નીકળવું ન પડે એવો કદાચ ભય લાગે તો રાજીનામું આપે. પણ નિક્સનની ચામડી ગેંડા કરતાં પણ જાડી છે. પોચી માટીનો માનવી નથી. તેની અનૈતિકતા અને બેશરમપણામાં દાનવનું બળ છે.

અમેરિકા માટે અને બધાં લોકશાહી તંત્રો માટે આ ચુકાદો અટેખર ઐતિહાસિક છે.

૨૫-૭-'૭૪ ચીમનલાલ ચકુભાઈ શાહ

નોંધ: આ લખ્યા પછી જાહેર થયું કે નિક્સને ટેપ રેકોર્ડો આપવા કબૂલ કર્યું છે. લડત બને તેટલી લંબાવી, બને તેટલા વધારે સમય સત્તા પર ટકી રહેવું એવી ધારણા લાગે છે.

# સંઘ સમાચાર

## રવીન્દ્ર સંગીત–સંધ્યા

બુધવાર, તા. ૭ મી ઓગસ્ટે ગુરુદેવ ટાગોરની પુણ્ય તિથિ નિમિત્તે સંઘના કાર્યાલયમાં નીચે મુજબ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સાંજે ૬-૧૫ થી ૭-૦૦ : પ્રો. યશવંત ત્રિવેદીનો વાર્તાલાપ – ગુરુદેવ ટાગોરનાં જીવન અને કવન ઉપર

સાંજે ૭-૦૦ થી ૮-૦૦ : શ્રી બળવંત મડગાંવકર તથા તેમનાં પત્ની શ્રીમતી નલિનીબહેન બંગાળીમાં રવીન્દ્ર સંગીત (ગુજરાતી ભાવાનુવાદ સાથે) રજૂ કરશે.

સૌને સમયસર હાજર રહેવા વિનંતી છે.

## સ્વાતંત્ર્યના ૨૭ વર્ષ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૪-૮-૭૪ના બુધવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "સ્વાતંત્ર્યના ૨૭ વર્ષ" એ વિષય ઉપર શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે. રસ ધરાવતા ભાઈબહેનોને સમયસર ઉપસ્થિત થતા વિનંતી છે.

—ચીમનલાલ જે. શાહ
—કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# પ્રકીર્ણ નોંધ

## શ્રી જયપ્રકાશનું સર્વોદયી રાજકારણ

થોડા દિવસ પહેલાં વર્ધામાં સર્વોદય સંમેલન થઈ ગયું તેમાં જયપ્રકાશના આંદોલન અંગે સર્વોદય કાર્યકર્તાઓમાં રહેલ તીવ્ર મતભેદ ઉઘાડો પડ્યો. તેની કારોબારીની બેઠકમાં જયપ્રકાશના આંદોલનને આવકાર અને ટેકો આપવા પ્રસ્તાવ રજૂ થયો, જેનું મોટા ભાગના સભ્યોએ સમર્થન કર્યું. બે સભ્યોએ વિરોધ કર્યો. સર્વ સેવા સંઘનો નિયમ છે કે સર્વાનુમત હોય તો જ ઠરાવ થાય એટલે વાત અટકી પડી. સંઘના પ્રમુખ સિદ્ધરાજજી ઢઢ્ઢા અને બીજા આગેવાન સભ્યોએ રાજીનામાં આપ્યાં. એક જાણકાર સભ્યે હળવેથી કહ્યું કે આ વિરોધ વિનોબાને લીધે છે. એટલે સૌ વિનોબા પાસે ગયા. વિનોબાને માર્ગ કાઢ્યા વિના છૂટકો જ ન હતો. ગાંધીજીના વિરોધ છતાં, નેહરુ અને સરદારે દેશના ભાગલા કરવાનું કબૂલ કર્યું, તે ઝેરની પ્યાલી પી જઈ, મહાસમિતિમાં ગાંધીજીને જ તેમનો બચાવ કરવો પડ્યો. વિનોબાએ કહ્યું, કાંઈ ઠરાવ કરવાની જરૂર નથી. જેને આંદોલનમાં જોડાવું હોય તે જાય, એક જ શરત કે અહિંસા, સત્ય અને સંયમ જાળવવાં. આ આંદોલનમાં જોડાય તે સર્વોદય કાર્યકર્તાઓ આ શરતનું કેટલું પાલન કરે છે તે હવે જોવાનું રહ્યું.

જયપ્રકાશે સાફ કહ્યું છે કે તેઓ ગાંધીની અહિંસા–વિરોધી પ્રત્યે પણ પ્રેમ રાખવો – તેમાં માનતા નથી. જયપ્રકાશે કહ્યું છે કે તેમનું આંદોલન શાન્તિમય હશે – અહિંસક શબ્દ તેઓ વાપરતા નથી. શાન્તિમય એટલા માટે કે જયપ્રકાશ જાણે છે કે હિંસક ક્રાન્તિ શક્ય નથી. સરકારી પ્રતિહિંસા અનેકગણી વધારે હોય. તેથી શાન્તિમય માર્ગ સિદ્ધાંત નથી પણ વ્યવહારુ માર્ગ છે.

જયપ્રકાશ અને ઈન્દિરા ગાંધી બન્ને કહે છે કે તેમની વચ્ચે સંઘર્ષ – કન્ફ્રન્ટેશન – નથી. પણ હવે જે પરસ્પર પ્રહારો થાય છે તેમાં કોઈ મર્યાદા રહી નથી. વિનોબાજીને પણ જયપ્રકાશે સણસણતો જવાબ આપ્યો હતો. જયપ્રકાશના ટેકેદારો વિનોબાને સરકારી સંત કહી બિરદાવે છે. હકીકતમાં શાસક પક્ષ અને જયપ્રકાશ વચ્ચેનો આ એક મોટો સંઘર્ષ છે. બન્ને પક્ષો પૂરો સામનો કરી લેવાનો નિરધાર કર્યો છે. શાસક પક્ષનાં જેટલાં વિરોધી બળો છે તે બધાં આ આંદોલનને ટેકો આપશે. સંસ્થા કૉંગ્રેસના ૨૧ સભ્યોને બિહાર વિધાનસભામાંથી રાજીનામું આપવા મોરારજીભાઈએ ખૂબ સમજાવ્યા. કોઈ માન્યા નહિ. હવે તેમની સામે શિસ્તનાં પગલાં લેવાશે એમ કહેવાય છે. અંતે મોરારજીભાઈ અને અશોક મહેતા પૂરતી સંસ્થા કૉંગ્રેસ રહેશે. જનસંઘ, રાષ્ટ્રીય સેવક સંઘ, સમાજવાદીઓ આ આંદોલનમાં પૂરો સાથ આપશે. કેટલે દરજ્જે શાન્તિમય રહેશે તે હવે પછી ખબર પડશે. પણ જયપ્રકાશે પાણી પહેલાં પાળ બાંધી દીધી છે. હિંસા થાય તો તેનો દોષ સરકારને શિરે રહેશે એમ કહ્યું છે.

આ આંદોલનનું ખરું બળ સર્વોદય કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ રહેશે. સર્વોદય કાર્યકર્તાઓ કસાયેલા, અનુભવી છે. તેથી જ જયપ્રકાશે તેમને ખેંચ્યા છે. વિદ્યાર્થીઓ આ આંદોલનનું ઈંધણ છે. તેમના વિના આંદોલનને વેગ ન મળે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં પડી જાય તો આંદોલન કેમ ચાલે? માટે એક વર્ષ કૉલેજ છોડવાનો આદેશ આપ્યો છે. શિક્ષણમાં કોઈ ક્રાન્તિ કરવા આ આદેશ અપાયો નથી. શિક્ષણના ક્ષેત્રે જયપ્રકાશને કોઈ ક્રાન્તિકારી વિચારો હોય – ગાંધીને બુનિયાદી તાલીમ હતી – એવું જાણ્યું નથી.

ખરી રીતે, જયપ્રકાશે પુરજોશથી રાજકારણમાં ઝંપલાવ્યું છે, જે તેમનું અસલી સ્વરૂપ છે. માર્ક્સથી શરૂ કરી, ગાંધીમાં આવ્યા, પછી વિનોબાને ભૂદાન માટે જીવનદાન આપ્યું, હવે ફરીથી મૂળ સ્થાને આવે છે. જયપ્રકાશનું જીવન ધૂમકેતુ જેવું રહ્યું છે. ભારેલો અગ્નિ છે. તેમનું લોહી ઊકળી આવ્યું છે. આવું આંદોલન કરવાનો તેમને પૂરો અધિકાર છે. પણ આ આંદોલનને જેઓ ભૂલભરેલું માનતા હોય તેવાઓ તેનો વિરોધ કરે, અને સરકાર તેનો પ્રતિકાર કરે તો ફરિયાદ કરવા જેવું નથી.

સ્વરાજ મળ્યા પછી, કૉંગ્રેસનું વિસર્જન કરી તેને લોકસેવક સંઘ બનાવવો એમ ગાંધીજીએ કહ્યું હતું. સર્વ સેવા સંઘ કાંઈક એવી સંસ્થા છે. જયપ્રકાશે હવે તેને રાજકારણી સ્વરૂપ આપ્યું છે. જયપ્રકાશ કહે છે હૃદયપલટામાં તેમને શ્રદ્ધા નથી રહી. આંદોલનના દબાણ વિના વર્તમાન પરિસ્થિતિ પલટાવી શકાય તેમ નથી. આ આંદોલનમાં નાકરની લડત છે, સરકારને સ્થંભિત – પેરેલાઈઝ – કરવી છે. જયપ્રકાશે કહ્યું છે કે ત્યાર પછી શું તે અત્યારે વિચારવાનું નથી. એક ડગલું બસ થાય. તે કહે છે બધા સવાલોના મારી પાસે અત્યારે જવાબ નથી.

વિદ્યાર્થી આંદોલનથી ક્યાંય રચનાત્મક પરિણામ આવ્યું હોય તેવું જાણ્યું નથી. વિદ્યાર્થીશકિત ઝંઝાવાત છે. ભલભલા સત્તાધીશોને હલબલાવી નાખે. ફ્રાન્સમાં દ'ગોલ જેવાને હચમચાવ્યા, થાઈલૅન્ડમાં સત્તાપલટો કર્યો, ગુજરાતમાં ચીમનભાઈ પટેલને ઉખેડી નાખ્યા, બિહારમાં કદાચ ગફુરને ઉખેડી નાખશે. પણ પછી બધું સૂમસામ થઈ જાય છે. દેશની વર્તમાન પરિસ્થિતિ ખરેખર અસહ્ય છે, પણ તેના નિવારણ માટે આવું આંદોલન એક જ માર્ગ છે એવું જે ન માનતા હોય, અથવા આ આંદોલન વધારે વિષમ પરિસ્થિતિ પેદા કરશે એવું માનતા હોય, તેમની પ્રમાણિકતામાં શંકા લાવવાની જરૂર નથી. આર્થિક આંધીને પહોંચી વળવા સરકાર, ભાંગ્યુંતૂટ્યું પણ સાચા માર્ગે કાંઈક પગલાં લઈ રહી છે, ત્યારે, તેનો માર્ગ વધારે વિકટ બનાવવા કરતાં, તેને તે માર્ગે વધારે આગળ લઈ જવામાં પ્રેરણા આપવી એ કદાચ વધારે હિતાવહ ગણાય. જયપ્રકાશ કહે છે હિંસા અને અરાજકતા અટકાવવા આ આંદોલન તેમણે શરૂ કર્યું છે. તેનાથી હિંસા અને અરાજકતા અટકશે કે વધશે તે વિશે પ્રમાણિક મતભેદને પૂરો અવકાશ છે.

## ભારત – પાકિસ્તાન – બંગ્લાદેશ

આ ઉપખંડમાં શાન્તિ સ્થાપવા આપણે સિમલા કરાર કર્યા. પાકિસ્તાનનો બધો પ્રદેશ પાછો સોંપ્યો, યુદ્ધકેદીઓને છૂટા કર્યા, બંગ્લાદેશે યુદ્ધના ગુનેગારો સામે મુકદ્દમો ચલાવવાનું બંધ રાખ્યું. ભુટ્ટોને બંગ્લાદેશની મુલાકાત માટે આમંત્રણ આપ્યું. પહેલે દિવસે ભાવભર્યું સ્વાગત થયું ત્યારે ભુટ્ટોને લાગ્યું કે બંગ્લાદેશ અને પાકિસ્તાન બે મુસ્લિમ રાજ્યો ફરી સાથે મળશે અને ભારત અને બંગ્લાદેશ વચ્ચે અંતર પડાવી શકાશે. ભુટ્ટોની આ મુરાદ સફળ ન થઈ. શેખ મુજીબુર રહેમાન વાસ્તવિકતાને અવગણી ન શકે. સંયુકત પાકિસ્તાનની મિલકતની વહેંચણી અને ત્રણ લાખ બિહારીઓના પ્રશ્નો અણઉકેલ્યા રહ્યા અને ભુટ્ટોને ખાલી હાથે પાછા જવું પડ્યું. બંગ્લાદેશમાં ભારતવિરોધી કેટલાંક તત્ત્વો છે. બંગ્લાદેશની આર્થિક સ્થિતિ અતિ વિષમ છે. ભ્રષ્ટાચાર અને બેંધારી આપણા કરતાં પણ વધારે છે. ભારત તરફથી ખૂબ મદદની આશા રખાય છે અને અસંતોષ આપણા ઉપર ઠલવાય છે. પણ શેખ મુજીબુર રહેમાન છે ત્યાં સુધી ભારત સાથેના સંબંધો વણસશે નહિ. ઈસ્લામિક પરિષદમાં આણુપ્રયોગને નિમિત્તે ભારતવિરોધી વાતાવરણ ઉત્પન્ન કરવા પાકિસ્તાને પ્રયત્ન કરી જોયો, પણ સફળતા ન મળી. પાકિસ્તાનમાં ભુટ્ટોની સ્થિતિ કફોડી છે. બલૂચિસ્તાનમાં બળવા જેવું છે. સરહદ પ્રાન્તમાં ભારે અસંતોષ છે. અહમદિયા મુસલમાનો સામે પંજાબમાં તોફાનો થયાં. આ બધાં સામેથી પ્રજાનું લક્ષ

બીજી તરફ ખેંચી જવા ભારતવિરોધી પ્રચારને ખૂબ વેગ આપ્યો છે. સરહદ ઉપર લશ્કરી હિલચાલ થઈ રહી છે. અમેરિકા પાસે સારા પ્રમાણમાં લશ્કરી સહાય માગી છે. ઈન્દિરા ગાંધીને પણ કહેવું પડયું છે કે આપણે પૂરા સાવચેત રહેવાની જરૂર છે. ચીનનું વલણ હજી ભારતવિરોધી રહ્યું છે અને પાકિસ્તાન તેનું હથિયાર છે. પરિણામે લશ્કરી ખર્ચનો બોજો વધતો રાખવો પડે છે. તંગ વાતાવરણ રાખી આપણા ઉપર આર્થિક ભીંસ ચાલુ રાખવા ચીન – પાકિસ્તાનની મુરાદ છે. પાકિસ્તાનમાં ભુટ્ટોનું સ્થાન લઈ શકે એવું કોઈ છે નહિ અને તેથી અસ્થિરતા અને તંગ વાતાવરણ ચાલુ રહેશે.

**ફુગાવો અને મોંઘવારી સામેનાં સરકારી પગલાં**

ફુગાવો અને મોંઘવારી ભયજનક સપાટીએ પહોંચ્યાં છે તેનું સરકારને હવે ભાન થયું હોય તેમ લાગે છે. ત્રણ વટહુકમો કાઢયા છે. આ ત્રણેનું એક જ ધ્યેય છે–નાણાંનો પુરવઠો ઓછો કરવો અને ખરીદશકિત ઘટાડવી. ફુગાવા અને મોંઘવારીનાં સાચાં કારણો પૂરાં કોઈ સમજતું નથી. અર્થશાસ્ત્રીઓ પણ મૂંઝાયા છે. નાણાંનો વધારે પડતો પુરવઠો એક કારણ હોય. એટલે બેન્કધિરાણ પર પણ અંકુશો મૂક્યા છે અને વ્યાજના દર વધાર્યા છે. આમ કરી વેપારીઓની સંગ્રહશકિત ઓછી કરવાનું ધ્યેય છે. સરકાર તરફથી ભારપૂર્વક કહેવામાં આવે છે કે આ પગલાં શરૂઆત છે અને વધારે કડક અને આણગમતાં પગલાં તુરતમાં લેવાશે. વધારાનું બજેટ આ લખાણ પ્રકટ થાય તે પહેલાં જાહેર થયું હશે. ૨૫૦ કરોડના નવા કરવેરા આવશે એમ કહેવાય છે. રાજ્ય સરકારોને પણ વધારાનાં બજેટો લાવવા આદેશ અપાયો છે, ખાસ કરી મોટા ખેડૂતો ઉપર કોઈક કરવેરા નાખવા. સાદી બુદ્ધિથી સૌ સમજે છે કે સાચો ઉપાય ઉત્પાદન વધારવું, દુર્વ્યય બંધ કરવો અને કાળું નાણું અટકાવવું એ છે. કાળાં નાણાંનો વ્યાપ બધાં પગલાંઓને નિરર્થક બનાવે એટલો છે. સરકારી ભ્રષ્ટાચાર, અમલદારોનો અને રાજદ્વારી વ્યકિતઓનો, કાળાં નાણાંને ઉત્તેજન આપે છે. સરકાર ધાડો પાડે છે, બજારોમાં, વેપારીઓ અને કોન્ટ્રાકટરો ઉપર, દાણચોરો ઉપર. મોટા ભાગના છૂટી જાય છે અથવા કાંઈ અસરકારક પરિણામ આવતું નથી. ચૂંટણીના ફંડ માટેના ભ્રષ્ટાચારે માઝા મૂકી છે અને વેપારીઓ અને ઉદ્યોગવાળાઓને બહાનું મળે છે. કંપનીઓ પાસેથી ચૂંટણી ફંડમાં રાજકીય પક્ષોએ નાણાં ન લેવાં એવો ચોખલિયો કાયદો કરી, ભ્રષ્ટાચારને વધાર્યો. કન્ટ્રોલો નાખી વેપારીઓને કાળાં નાણાં મેળવવા માર્ગ મોકળો કરી આપ્યો. વેપારીઓ અને ઉદ્યોગવાળા ગમે તેટલી ફરિયાદો કરે પણ સરકારી (ખોટી) નીતિથી જ અઢળક કમાણી કરે છે. સરકાર સાચી રીતે અસરકારક પગલાં લેવા માગે છે એવી કોઈને પ્રતીતિ નથી. પણ આ વખતે હવા થોડીક જુદી લાગે છે. જે વર્ગોને આજ સુધી પંપાળ્યા છે, મજૂરો, સંગઠિત ટ્રેડ યુનિયનો, મોટા ખેડૂતો, તેમના ઉપર પગલાં લેવાની શરૂઆત કરી છે. ઈન્દિરા ગાંધી સ્પષ્ટ કહે છે કે ચૂંટણીમાં હારી જઈએ તો પણ રાષ્ટ્રના હિતમાં જરૂરી હશે તેવાં પગલાં લઈશું. કાયદાઓ તો અત્યારે પણ ઘણા છે પણ તેનો અમલ થતો નથી, કદાચ કરવો નથી. અમલદારો કસ્ટમના, ઈન્કમટેક્ષના, એકસાઈઝના, વિદેશી હૂંડિયામણના, ઘણી ધાડો પાડે છે અને બધું પતી જાય છે. કાયદાની આંટીઘૂંટીઓ એવી છે કે વર્ષો સુધી તપાસ ચાલે, પછી કેસ ચાલે, પછી સુપ્રીમ કોર્ટ સુધી અપીલો થાય અને પછી બધું ભૂલી જવાય. આ બે મહિનામાં ખૂબ અફવાઓ ફેલાઈ છે. પણ ગાજ્યા મેઘ વરસે નહિ એવું થાય. બધાને વગેસગે કરવાનો પૂરો સમય અને ચેતવણી મળ્યાં. ૧૦૦ અને તેની ઉપરની નોટો ચલણમાંથી રદ થશે, અથવા ૧૦૦ ના ૭૦ થશે, બેંન્કનાં લોકરો ઉપર સીલ મરાશે, સંગ્રહ થયેલ માલો જપ્ત થશે – આવું કાંઈ થાય તે પહેલાં, બધું થાળે પડી જાય. પ્રમાણિક માણસો અથવા જેની ખુલ્લી આવક છે એવા દંડાય અને ગરીબો પીસાય. જો કોઈ અસરકારક પગલાં નહિ લેવાય તો આ અસહ્ય પરિસ્થિતિ હવે લાંબો વખત નિભાવી લેવાશે નહિ. એ ખરું છે કે પ્રજાના સહકાર વિના અથવા લોકમાનસ બદલાય નહિ, તો માત્ર કાયદાથી કે દંડથી, આ પરિસ્થિતિ પલટાવી શકાય તેવું નથી. થોડી પણ નૈતિકતા અથવા સામાજિક જવાબદારીનું ભાન અનિવાર્ય છે. જયપ્રકાશ જેવા આવા રચનાત્મક કાર્યમાં મદદ કરી શકે. એમને પણ નૈતિક ક્રાન્તિ કરવી છે; પણ તેમને આ સરકાર ઉથલાવી નાખવી છે એટલે આવી મદદથી સરકાર ટકે અથવા તેની સ્થિતિ સુધરે એવું તેઓ ઈચ્છતા નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# શ્રી ગૌતમસ્વામીનું ચિત્ર

હમણાં હમણાં ભગવાન મહાવીરના જીવનપ્રસંગોનાં ચિત્રો પ્રકાશિત થયાં છે એમ મેં સાંભળેલ છે અને 'જિનસંદેશ' પત્રમાં છપાયેલ ભગવાન મહાવીરનું ચિત્ર તથા શ્રી ગૌતમસ્વામીનું ચિત્ર એ બન્ને એ છપાયેલ ચિત્રોમાંનાં ચિત્રો છે એમ એ પત્રના સમાચાર ઉપરથી સમજાય છે.

ભગવાન મહાવીરનું ચિત્ર અચેલકરૂપે છે એટલે સર્વથા ચેલક–વસ્ત્ર – વિનાનું છે ત્યારે શ્રી ગૌતમસ્વામીનું ચિત્ર આખી પલોંઠી ઢંકાય એ રીતે વસ્ત્રવાળું છે એટલું જ નહીં પણ તેમનો જે હાથ મુખ પાસે છે તે હાથમાં મુહપત્તી ન મૂકતાં જે હાથ નીચે ઝૂકેલ છે તે હાથમાં મુહપત્તી આપેલ છે અને રજોહરણ – ઓઘો – તે ચિત્રમાં બરાબર સ્પષ્ટ કળાયો નહીં, પણ છેક નીચેના ભાગમાં ઓઘા જેવું કાંઈ રાખ્યું હોય એમ મને જણાયું.

અસલ ચિત્ર તો મેં જોયેલ નથી પણ 'જિનસંદેશ'માં શ્રી ગૌતમસ્વામીનું જે ચિત્ર છપાયેલ છે તેને આધારે મારે તે ચિત્ર વિશે થોડુંક જણાવવું છે તે આ પ્રમાણે છે:

જૈન શાસ્ત્રમાં શ્રી ગૌતમસ્વામીના સંબંધમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી કેશીગણધર તથા શ્રી ગૌતમસ્વામી એ બન્ને વચ્ચે શ્રી પાર્શ્વનાથની પરંપરાના અને ભગવાન મહાવીરની પરંપરાના મુનિઓના વેશ વિશે ચર્ચા થયેલ છે એ ઉપરથી સાફ માલૂમ પડે છે કે શ્રી કેશીગણધર પાર્શ્વનાથજીની પરંપરાના હોવાથી સચેલક–સવસ્ત્ર–હતા અને શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ ગણધર શ્રી મહાવીરસ્વામીની પરંપરાના હોવાથી અચેલક - વસ્ત્રરહિત - હતા. જો શ્રી ગૌતમસ્વામી અચેલક હોય તો પછી તેમને સવસ્ત્ર ચીતરવા એ, તો શાસ્ત્રની હકીકતનું અતિક્રમણ જ કહેવાય અને તેમાં વળી મુહપત્તીને હાથમાં રાખેલ બતાવવી એ વળી વિશેષરૂપે ઈતિહાસનું અતિક્રમણ કહેવાય. આચારાંગસૂત્રમાં જ્યાં ઉપકરણોનો ઉલ્લેખ આવે છે ત્યાં મુહપત્તીનો નિર્દેશ જોવામાં આવતો નથી. આ રીતે જોતાં શ્રી ગૌતમસ્વામીનું ચિત્ર તેમના સમયની અપેક્ષાએ બરાબર ન ગણાય. મને તો એ છપાયેલ ચિત્ર જોઈને એક માથે વાળ ઓળેલા ધોળા કપડાવાળા કોઈ યતિનું ચિત્ર હોય એવો ભાસ થાય છે.

આપણને પોતાને અચેલક ચિત્ર જોવું ન ગમતું હોય એટલા માટે સચેલક તે પણ આખી પલોંઠી ઢંકાય એવાં વસ્ત્રસહિત ચિત્ર બનાવવામાં તો શાસ્ત્ર અને ઈતિહાસ બન્નેનું ઉલ્લંઘન જણાય છે. વળી શ્રી ગૌતમસ્વામીનું ચિત્ર પદ્માસનસ્થ હોવાથી જો સવસ્ત્ર ન હોત અને મુહપત્તી વગરનું જ હોત તો જોનારને ગમે તેવું જ બનત. પદ્માસનમાં નગ્નતા પ્રકટરૂપે દેખાતી હોતી નથી.

આપણી ઈચ્છા પ્રમાણે અને આપણને ગમે તેવાં પ્રાચીન પુરુષોનાં ચિત્રો દોરવામાં તો કાળનું, શાસ્ત્રનું અને ઈતિહાસનું પણ અતિક્રમણ જણાય છે એ વાત ચિત્રોને કરાવનાર મહાશયના મનમાં કેમ નહીં આવી હોય?

**પંડિત બેચરદાસ દોશી**

# નવા વ્યાકરણની જરૂર

... મારી અને વ્યાકરણની પ્રથમ ઓળખાણ થઈ ત્યારે એની સામે મારી ઘણી ફરિયાદો હતી. 'ભૂત'નો ઉચ્ચાર થતાંની સાથે મારા પેટમાં ધ્રાસકો પડતો. આવી સ્થિતિમાં કાળ સમજાવતી વખતે માસ્તર જ્યારે 'ભૂત, ભૂત' કરીને બૂમો પાડતા, ત્યારે વર્ગમાંથી અગિયારા ગણવાનું જ મન થતું. પેંડાનું એકવચન અને તમાચાનું બહુવચન મને મંજૂર નહોતું. ભાત કરતાં ભાખરીમાં વધારે શકિત હોય છે એમ કહેનારા લોકો પહેલો શબ્દ નરજાતિનો છે અને બીજો નારીજાતિનો છે એમ કહેવા માંડે, એટલે 'શારદા' નાટકનું એક ગીત મને યાદ આવતું – 'જન ખુળાવલે। સકળ ઉલટ ચાલલે। (લોકો ગાંડા થયા છે; બધા ઊંધે રસ્તે ચાલવા લાગ્યા છે.)

આપણે શીખીએ છીએ એ વ્યાકરણ જીવનના અનુભવ સાથે સાવ વિસંગત છે, એ વાત આવી રીતે બાળપણમાં જ હું જાણી ગયો હતો. પણ એની સામે બળવો જગાડવાની ઇચ્છા માત્ર કાલે જ મારા મનમાં પેદા થઈ. દરેક વાતનો સમય હોય છે, એમ જે કહેવાય છે એ તદન સાચું છે!

થયું એમ કે એક મિત્રની સાથે તેના માંદા સ્નેહીને સહેજે મળવા ગયો. એ ભાઈ હતા વકીલ. વાતમાંથી વાત નીકળી. ડૉકટર પોતાને રોજ કેટલાં ઈંજેકશનો આપે છે, તેઓ બતાવે છે એ દવાઓ કેટલી મોંઘી હોય છે, પહેલી તારીખે તેમનું બિલ આવે એટલે તે જોવાની પણ પોતાની હિંમત ચાલતી નથી, વગેરે વર્ણન વકીલસાહેબ બહુ જ રસપૂર્વક કરતા હતા. સારું થયું કે એ જ વખતે તેમને તપાસવા ડૉકટર આવી પહોંચ્યા, નહીં તો તેમના વર્ણન પરથી મજકૂર ડૉકટર જબરા ડાકુ હશે એવી અમારી ખાતરી જ થઈ જાત.

ડૉકટરસાહેબના આગ્રહને વશ થઈ અમે તેમની ગાડીમાં ઘેર પાછા આવવા નીકળ્યા. ગાડી ચાલવા માંડી કે ડૉકટરસાહેબ રંગમાં આવીને ઘર અને દવાખાના માટે પોતાને કેટલું ભાડું આપવું પડે છે એ કહેવા લાગ્યા. તેમના ઘરમાલિકની એક સિનેમા કંપની હતી. એના જેવો લખપતિ પણ પોતાને આવી રીતે લૂંટે છે તેથી ડૉકટરને બહુ જ દુ:ખ થતું હતું. 'લુચ્ચો', 'ચોર' એમ કહીને તેના પર ગાળોનો વરસાદ એ વરસાવવા લાગ્યા. એ ભાઈને કોણ જાણે સો વરસની આવરદા પ્રભુએ બક્ષી હશે કે શું, તેની ગાડી બરાબર આ જ ટાણે સામેથી આવી ચડી. ઘણા દિવસથી અમે તેને મળ્યા ન હતા, તેથી તેનું ચાપાણીનું આમંત્રણ સ્વીકાર્યા સિવાય છૂટકો જ નહોતો!

તેમને બંગલે ફાંકડી ચા અને મસાલેદાર ચેવડાને ન્યાય આપતાં આપતાં તે પોતાનાં રોદણાં રડવા લાગ્યા. ચિત્રપટનાં નટ અને નટી-ઓનો ભાવ કેટલો વધી ગયો છે, નટીઓ ગમે તેટલી ગોરી હોય તો પણ કાળાં બજાર કેવી રીતે કરે છે, ખંદર હજારનો મોઢે કરાર થયો હોય તો તેમાંના દસ હજાર શરૂઆતમાં જ ચૂપચાપ કેવી રીતે આપવા પડે છે, આવડી મોટી રકમો હિસાબમાં બીજે કયાંક ઉધારતાં કેવી મુશ્કેલી પડે છે, આટલા પૈસા આપ્યા છતાં રૂપાળા ચહેરા સિવાય બીજી કોઈ જાતની મૂડી આ લોકો પાસે નથી હોતી, છતાં તેઓ કામને કેવી રીતે ખોટી કરે છે, એ બધું તેમણે અમને આદિથી અંત સુધી વિગતવાર સંભળાવ્યું.

તેમની રજા લઈને અમે તેમના ઘર બહાર નીકળ્યા. બે ડગલાં માંડ ભર્યાં હશે એટલામાં પાછળથી આવનાર ગાડીમાંથી કોકે અમને બૂમ પાડી. પાછા વળીને જોઈએ છીએ તો એ જ કંપનીના એક પ્રખ્યાત નટ! અમે તેમની ગાડીમાં બેઠા કે તરત તેમણે પોતાની કથની શરૂ કરી. કોર્ટમાં તેમનો કોઈ કેસ હતો. એ કેસમાં તેમના વકીલે એમને એવા નિચોવી કાઢયા હતા કે –

એ વકીલ બીજા કોઈ નહીં, પણ જેમની અમે ખબર કાઢવા ગયા હતા તે જ!

હસવું કે રડવું કશી ખબર નથી પડતી. વકીલ કહે કે મને દવા આપનાર ડૉકટર લુચ્ચો; ડૉકટર કહે, મારો ઘરવાળો લબાડ; એ ઘરવાળો કહે કે મારી કંપનીમાં કામ કરનારા નટ ચોર; અને પેલા નટવર્ય કહે કે મારો કેસ ચલાવનારો વકીલ બદમાસ! આમાંનો દરેક જણ સાચું બોલતો હતો. પણ એ સાચું બોલવામાં એક ભેદ હતો. આ બધા સજ્જનો ફકત પોતાના વહેવારની દષ્ટિથી સાચું બોલતા હતા. વહેવારની દષ્ટિ હમેશ એકાંગી હોય છે. તે પોતા પૂરતું જુએ છે. 'બીજાઓ તારી સાથે જેવી રીતે વર્તવું જોઈએ એમ તને લાગે છે, તેવી રીતે તું બીજાની સાથે વર્તન કર' એમ કહેનાર ઈશુની દષ્ટિ સાચી જીવનદષ્ટિ કહેવાય. પણ આવી દષ્ટિ હજારોમાં એકાદ માણસની હોય છે. બાકીના બધા – પણ તેમનું વર્ણન કરવાની જરૂર જ શી? સવારથી એ બધાંનાં પ્રત્યક્ષ દર્શન તો હું કરી જ રહ્યો હતો ને!

આમ શાથી થાય છે એનો હું વિચાર કરવા લાગ્યો અને મને એકદમ એક વિચાર સૂઝી આવ્યો – આનો આખો ટોપલો વ્યાકરણને માથે ઓઢાડવો જોઈએ. આ વ્યાકરણે ત્રણ પુરુષોની ત્રણ નોખી દુનિયા શા માટે નિર્માણ કરી? તેણે જો એકલો પ્રથમ પુરુષ રાખ્યો હોત તો એના બાપનું શું જાત? પણ પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવા માટે તેણે બીજા અને ત્રીજા પુરુષની શોધ કરી. એટલે સહેજે જ જે ઊઠયો તે 'સાચું બોલો', 'પરોપકાર કરો', 'બાળકોએ માબાપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ,' 'મૂંગાં પ્રાણીઓ પર દયા કરો' એમ ઉપદેશ કરવા લાગ્યો. 'હું સાચું બોલું,' 'હું યોગ્ય કામ કરું' એમ કહેવાની જરૂર કોઈને જ જણાતી નથી. બોજો વહેંચી લેવાનો વખત આવ્યે તેમાંનો ભારે હોય તે હિસ્સો બીજાને માથે લાદવાનો મનુષ્યસ્વભાવ જ છે! વ્યાકરણે ત્રણ પુરુષ કલ્પીને બરાબર આ જ વાતને ઉત્તેજન આપ્યું. પરિણામે દુનિયાને સુધારવાની જવાબદારી બીજા ને ત્રીજા પુરુષને સોંપી દઈને પ્રથમ પુરુષ સાવ આઝાદ રહ્યો! અને તેથી જ માનવજીવનમાં અનેક દુ:ખો નિર્માણ થયાં.

તેથી ગઈ કાલથી મને લાગ્યા કરે છે કે ગમે તેમ કરીને નવું વ્યાકરણ તૈયાર કરવું જ જોઈએ. આ વ્યાકરણમાં બીજા ને ત્રીજા પુરુષને બંધી હશે. આવું વ્યાકરણ તૈયાર થાય તો જ નવા સમાજ અને નવા માનવીનાં તમને - અમને જે ઝાંખાં સ્વપ્નાં આવે છે તે કયારેક પણ સ્પષ્ટ દેખાવા માંડશે – અંશત: ભલે, પણ સત્ય સૃષ્ટિમાં અવતરશે.

વિ. સ. ખાંડેકર

('મહારાષ્ટ્ર સાહિત્ય પત્રિકા', જૂન ૧૯૫૩, મરાઠી પરથી)

## સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

**હજુ ૧૯૭૩ ના સભ્યોનાં થોડા લવાજમો બાકી છે, અને ૧૯૭૪ ના જે સભ્યોનાં લવાજમો બાકી છે, તે બધા સભ્યોને અંગત રીતે કાર્ડો લખવામાં આવ્યા છે. તો જે સભ્યોનાં લવાજમો બાકી છે તેમણે પોતાનાં લવાજમો સત્વર મોકલી આપવા વિનંતિ છે.**

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,**

# આરાધના

[તા. ૨૩-૬-'૭૪ ના રોજ વલસાડમાં શ્રી ચુનીલાલ નારણદાસ વોરા-આરાધના હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી દલસુખ માલવણિયાએ 'આરાધના' વિશે આપેલું વ્યાખ્યાન અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.]

આરાધના એટલે સાધના. કોઈ પણ વસ્તુ સિદ્ધ કરવી હોય તો તે માટે જે સાધના કે પ્રયત્ન કરવો પડે તે જ તે બાબતની આરાધના છે. એટલે કે આરાધના એ સિદ્ધિ માટે કે કોઈ બાબતની નિષ્પત્તિ માટે જે સાધના કે સાધન કે કારણ તે તેની આરાધના છે, અને તે સાધ્ય પણ છે. જ્યારે કાર્ય નિષ્પન્ન થાય ત્યારે તેની આરાધના થઈ એમ કહેવાય. એટલે આરાધના માત્ર સાધન કે પ્રયત્ન છે એમ નહિ પણ તે સિદ્ધિ પણ છે, નિષ્પત્તિ પણ છે. આમ આરાધનામાં સાધ્ય-સાધનનો ભેદ રહેતો નથી. જ્યાં સુધી વાંછિત ફળપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે સાધના છે અને ફળપ્રાપ્તિ થઈ એટલે સાધના સિદ્ધિ બની જાય છે. પછી સાધ્ય-સાધનનો ભેદ ટળી જાય છે. આને બીજી રીતે કહેવું હોય તો એમ કહેવાય કે સીડીનાં ક્રમિક પગથિયાં ચડવાં એ સાધના છે – આરાધના છે અને છેલ્લે પગથિયે પહોંચ્યા એટલે સીડી પૂરી થાય છે – સાધના મટી સિદ્ધિ થઈ જાય છે. અને તે પણ આરાધના તો છે જ, કારણ જે કાંઈ પ્રયત્ન કર્યો તેની ચરમ સીમા એ જ છે. એટલે કે આરાધનાની ચરમ સીમા એ પણ આરાધના અને આરાધનાનો પ્રારંભ એ પણ આરાધના, અને વચ્ચેનાં સોપાનો એ પણ આરાધના. એમ કહી શકાય કે આરાધનાના ક્રમિક અનેક પ્રકારો હોય. આને જ લક્ષમાં રાખીને જૈનશાસ્ત્રોમાં ગુણસ્થાનોની વિચારણા છે. આધ્યાત્મિક વિકાસનો એક ક્રમ છે, તેનાં અનેક પગથિયાં છે. એટલે કે આધ્યાત્મિક વિકાસમાં ક્રમિક પગથિયાં માંડવાં પડે છે, કોઈ ધારે કે એક કૂદકે બધું પાર કરી દઉં તો એ બને નહિ. ક્રમે કરી બધું થાય. જ્યાં ક્રમ ન દેખાય અથવા ન જણાય ત્યાં પણ ક્રમ તો હોય જ પણ તેમાં કાળક્ષેપ સૂક્ષ્મ હોવાથી જણાય નહિ એમ બને.

હવે વિચારીએ કે આરાધનાં શાની કરવાની છે, શી કરવાની છે, અથવા તો કહો કે આપણે જીવનમાં શું સિદ્ધ કરવું છે અને તેનો માર્ગ શો છે?

ઉત્તરાધ્યયનમાં કહ્યું છે –

चत्तारि परमंगाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ।।

સાંસારિક જીવો માટે ચાર વસ્તુ દુર્લભ છે: મનુષ્યજન્મ, શાસ્ત્રનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં શકિત. આ ચારમાંથી આપણે મનુષ્યજન્મ તો પામ્યા એટલે એ આપણે માટે દુર્લભ મટી ગયો એમ માનવામાં આવે તો ભૂલ થશે. કારણ જો પ્રમાદી થઈ આ મનુષ્યભવ, જે એકમાત્ર મોક્ષ માટેનો ભવ મનાય છે, તે જો ઓળે જાય તો પછી ફરી એ મળવો દુર્લભ જ છે. માટે આ મનુષ્યભવમાં જ જે કોઈ લાભ લઈ લેવો હોય તે લઈ લેવા પ્રયત્નશીલ થવું જોઈએ. જે કાંઈ આરાધના કરવાની હોય તે કરવા સુસજ્જ થવું જરૂરી છે. આરાધનાનો આ અપૂર્વ અવસર છે, તે જો ગુમાવીશ તો ફરી આવો અમૂલ્ય અવસર મળવા સંભવ ઓછો જ છે. માટે જ મનુષ્યભવની દુર્લભતા જાણી આરાધનામાં લાગી જવું હિતાવહ છે.

શ્રુતદુર્લભ છે એમ કહ્યું તે લૌકિક શ્રુતની અપેક્ષાએ નહિ પણ અલૌકિક એટલે કે પારમાર્થિક શ્રુતની અપેક્ષાએ. લૌકિક અને પારમાર્થિક શ્રુતનો એ ભેદ છે કે જે શ્રુત સંસાર વધારવાનો માર્ગ દર્શાવે તે લૌકિક અને જે શ્રુત મોક્ષનો માર્ગ દેખાડે તે અલૌકિક. સત્પુરુષની વાણી સાંભળવાનો લાભ – તેમના સંપર્કમાં આવવાનો લાભ એ દુર્લભ છે. સામાન્ય રીતે આપણા ભણતર કે અભ્યાસમાં અલૌકિક શ્રુતને સ્થાન જ રહ્યું નથી. પરિણામ એ છે કે જીવનમાંથી નૈતિક મૂલ્યોનો પણ લોપ થયો છે ત્યાં આધ્યાત્મિક માર્ગ કે મૂલ્યોની વિચારણાનો તો અવસર જ નથી રહ્યો. આ પરિસ્થિતિમાં આપણું સામાજિક જીવન કેવળ સ્વાર્થપરાયણ બની જાય તેમાં નવાઈ શી? અને એનું જ પરિણામ છે કે આજે સામાજિક–વ્યાવહારિક જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. આપણે કેવળ સ્વાર્થાન્ધ બની ગયા છીએ. અર્થની અવ્યવસ્થા, રાજનીતિની અવ્યવસ્થા અને સમાજની અવ્યવસ્થા – આ બધા જ સ્વાર્થાન્ધ સમાજનાં સીધાં પરિણામો છે. સુવ્યવસ્થિત સમાજ કે જેને આપણે સંઘની સંજ્ઞા આપી છે તેનું અસ્તિત્વ તો ત્યારે જ બને જ્યારે સમાજમાંથી સ્વાર્થાન્ધતા દૂર થાય; અને તે ત્યારે દૂર થાય જ્યારે આપણે સતશાસ્ત્રનું શ્રવણ કરીએ. આરાધના–સફળ આરાધનાનો આ પાયો છે. આ પાયામાં જેટલી મજબૂતી તેટલી જ આપણા ધર્મજીવનની મજબૂતી. એમાં જેટલી શિથિલતા એટલું આપણું ધાર્મિક જીવન શિથિલ. આ શિથિલતા છે તે જ બતાવે છે કે શાસ્ત્રશ્રવણ દુર્લભ છે. તે જો હોત તો આજે આ સ્થિતિ હોત નહિ.

શ્રવણ પછી પણ તેથી જે માર્ગદર્શન મળે છે તે અનુસાર આચરણ કરવું એ સહજ નથી. આ કાને સાંભળી બીજે કાને કાઢી નાખવાનું સામાન્ય બનતું હોય છે. તેથી કહ્યું છે કે સાંભળ્યા છતાં સંયમમાં શકિત દાખવવી એ દુર્લભ છે. આજકાલ ઉપદેશકોની કમી નથી, સાહિત્યની પણ કમી નથી, વાચનની પણ કચાશ નથી, પણ આચરણને નામે શૂન્ય છે તે જ બતાવે છે કે સન્માર્ગે ચાલવું કેટલું દુર્લભ છે.

આચારાંગમાં ભગવાન મહાવીરે કહ્યું છે કે ઘણા શ્રમણ થઈ જાય છે પણ તેમને શ્રમણના મૌલિક આચાર વિષે ભાન જ નથી. આ વસ્તુસ્થિતિ આપણી નજર સમક્ષ પણ છે. એટલે આચરણ-સદાચરણ કેટલું કઠિન છે તે સમજાય છે. સદાચરણમાં ભગવાને સંયમને જ મુખ્ય માન્યો છે. બધી બાબતમાં ફેલાવ નહિ પણ સંકોચ– આ આનું રહસ્ય છે. દુનિયામાં અનંત વસ્તુઓ પડેલી છે તેને આપણે મનથી પોતાની માનીએ તો કોણ ના પાડે છે? પણ એ માનવા પાછળ જે કર્તવ્ય ઊભું થાય છે તેની સૂઝ બહુ ઓછાને હોય છે. અને બધી વસ્તુને પોતાની ન માનીએ એથી પણ બધું પતી જતું નથી. પોતાની માનો કે ન માનો પણ તે પછીની જે જાગૃતિ જોઈએ– આત્મજાગૃતિ જોઈએ તે જો ન હોય તો સંયમમાં શકિત આવતી નથી. શ્રમણો બધું જ છોડીને સંસારત્યાગી થાય છે – અપરિગ્રહી બને છે અને ગૃહસ્થો કશો પણ ત્યાગ કરતા નથી અને તેથી જો આપણે એ ભ્રમમાં રહીએ કે એકે સંયમ સાધ્યો છે અને બીજાએ વિરાધ્યો છે તો તે એક મોટો ભ્રમ થશે. બાહ્ય દૃષ્ટિએ બધું જ છોડનારમાં પણ જો મૂર્છા ઓછી ન થઇ હોય તો ઘર છોડીને ઉપાશ્રયમાં મમત્વ બાંધશે અને મારા – તારાનો ઝઘડો ત્યાં લઈ જશે. ઘરમાં તો કુટુંબ માટે માત્ર કુટુંબીઓ સાથે જ કલેશનું કારણ હતું પણ અહીં તો સકલ સંઘમાં કલેશનું કારણ ઊભું થશે. ઘર છોડ્યું નથી અને કમાણી ધૂમ કરે છે છતાં ગૃહસ્થમાં જો ગાંધીજીના ટ્રસ્ટીપણાનો સિદ્ધાન્ત હોય તો તેણે સંયમની વિરાધના જ કરી છે એમ કહેવાય નહિ. ન છોડ્યા છતાં તેણે બધું છોડ્યું છે એમ બની શકે. આમ સંયમનો આધાર બાહ્ય છોડવા ન છોડવા ઉપર નથી પણ માનસિક મૂર્છાના ત્યાગ ઉપર છે. આથી જ ભગવાને કહ્યું છે કે કેટલાક શ્રમણો કરતાં તો ગૃહસ્થો સારા છે. આમ સંયમની આરાધના એ જો આપણું ધ્યેય હોય તો ખરો સંયમ શામાં છે એ પ્રથમ સમજવું જરૂરી છે.

દલસુખ માલવણિયા

# ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સાર]

આજે આપણે કદાચ વધુ વ્યાપક બન્યા છીએ. આપણા જીવનની, વિચારણાની સંકુચિતતાની અસરમાં આવ્યા વગર ફેલાવો કરીએ છીએ.

આ ચિંતનના ક્રમમાં આ વિષયનો ભારતીય પરંપરાના એકથી વધુ ગ્રન્થોમાં ઉલ્લેખ છે. આ ચારેય પુરુષાર્થ–તપ સમગ્ર જીવનના વિકાસ માટે મૂલ્યવાન છે અને તેનું મહત્ત્વનું સ્થાન પણ છે.

સ્ત્રી–પુરુષના જીવનમાં જ્યારે અંતર હતું ત્યારે એને પુરુષાર્થ કહ્યો હશે; કેમકે સ્ત્રીને સંપત્તિ મનાતી હતી. જો કે આજે ય આવું માનનારાઓ ક્યાંક હોય છે. એના દાખલાઓ મળી આવે છે.

મનુષ્યને પોતાનું જીવન છે. પોતાના પારસ્પરિક સમાજ, રાષ્ટ્રના ગૌરવમાં એને પોતાને આજે શોધવો છે. પરિણામ શું આવે છે એની શોધ કરવી છે. ત્યારે વિચાર થાય છે કે આ તપમાં ધર્મને પહેલાં સ્થાન કેમ આપ્યું? બાકીના ત્રણ શબ્દો છે એની સાથે સામાન્યપણે ધર્મ કેમ લીધો?

કામનાથી અર્થ તરફ અને અર્થથી ધર્મ તરફ જવાય છે. આપણે સામાન્ય અર્થમાં લઈએ છીએ એવો અર્થ ધર્મનો અહીં થતો નથી. અહીં એનો અન્ય અર્થ છે. તપમાં સ્થાન છે તેથી સમુચિત ઢંગથી તેનો અર્થ જોવો જોઈએ.

જીવનના વિકાસનો ક્રમ બુદ્ધિથી થાય છે. બુદ્ધિ–વિવેક માનવઈતિહાસ માટે જરૂરી છે. હવે એ માટે કયો માર્ગ સફળતાનો છે એ સમજીએ. સહજ સ્વાભાવિક ઢંગથી વિકાસ કરીએ. આવું નથી થતું તો ભ્રષ્ટાચાર થાય છે. માટે જ ધર્મથી આરંભ કરવાનું પંડિતોએ–વિદ્વાનોએ નક્કી કર્યું છે.

એક બાજુ ધર્મ અને સામી બાજુ મોક્ષ અને વચ્ચે અર્થ અને કામ છે; અને તેથી સહજ ગભરાટ ઊપજે છે કે આને તે વળી કેવો સંબંધ?

જીવનની ક્રિયા–પ્રક્રિયા તરફ જોઈએ તો આના વગર ચાલતું નથી. એનાથી જીવનને પોષણ મળે છે. ચારેયને સાથે રાખવાનું એ જ કારણ છે કે એમાં સુસંગતિ છે, સમન્વય છે. એ ચારેય તત્ત્વોને આપણા જીવન સાથે સંબંધ છે. આ વિશે પુનર્પરીક્ષણ કરવું જોઈએ.

Thought is very cruel – કેમકે તે કોઈની પરવા નથી કરતા. વિવેક–બુદ્ધિનો ક્રમ બંધનમાં નથી અને એ કોઈને બાંધતા નથી.

ધર્મ વિશે આપણે જે કંઈ સમજીએ છીએ તેનાથી એટલું જાણવા મળે છે કે આપણે હકીકતે ધર્મથી બહુ જ દૂર છીએ. "સૃષ્ટિથી ધર્મને જુઓ"–એવા વિચારવાળા આજે છે. પણ આજના અનેકવિધ પ્રશ્નો વચ્ચે તેનું સમાધાન લેવું જોઈએ.

અર્થ વિશે સમજીએ તો તે આપણી મહેનતનું ફળ છે. પણ વિશ્વના બધા પ્રશ્નો એમાં સંકળાયેલા છે. જીવનમાં કેટલીય ગૂંચવણો ઊભી થઈ શકે છે. અર્થોપાર્જન આપણા માટે મહત્ત્વનું અંગ છે એય ખરું.

વ્યકિત જે કંઈ કરે તેને સમાજ સાથે સંબંધ છે. સમાજ પ્રત્યેની જવાબદારીની આમાં વાત છે. જો કે થોડાં વર્ષ પહેલાં આવું મનાતું કે સ્વીકારાતું નહિ. કામનાના આધાર પર માનવી આગળ વધે છે; એ અર્થની હોય, કામનાની હોય, મોક્ષની પણ હોય. એ તત્ત્વોને સાથે લઈને આગળ વધવું જોઈએ.

પરન્તુ આ માટે જે વિસંગતિઓ હોય તે દૂર કરવી જોઈએ. આ ચારેયને એવી તે કઈ રીતે લઈએ કે છેવટે હું કામ, અર્થનું જીવન જીવ્યો છું, મેં જીવનમાં પૂર્ણતા મેળવવાનું રાખ્યું છે એવો સંતોષ રહે. આ પ્રકારનું સમાધાન થાય છે ત્યારે મોક્ષ તરફ પ્રયાણ થાય છે. પરન્તુ આજે આને બદલે તો ચોપાસ ગરબડ દેખાય છે.

પણ ત્યારે શું દેખાય છે? ખુલ્લા સમાજમાં બંધનવાળા ધર્મ સાથે લઈ ચાલીએ તો આ ફરક પડવાનો છે, કેમકે આપણે અહીં કે તહીં જોતા જ નથી!

આ ચારેય તત્ત્વોની પરીક્ષા આપણે કેવી રીતે કરી શકીએ? અથવા કરી શકીએ છીએ ખરા? કામનો ઈનકાર કરીએ છીએ, અર્થથી ધર્મની સાધના કરીએ છીએ અને પછી તેને ધર્મ માનીએ છીએ. એની સામાજિક પ્રતિષ્ઠા બતાવીએ છીએ. હકીકતમાં આમાં ધર્મની ઉપેક્ષા થાય છે, તેની તરફેણ નથી થતી.

રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે તેમ આપણી યાત્રા એ માટે છે કે જેથી આપણે એક પછી એક પડદા દૂર કરતા જઈએ. આવું જ કંઈક આ ધર્મ–તપ વિશેનું છે.

આજે પણ આપણે એમ કહીએ છીએ કે આ એની મર્યાદા છે. અહમ્ ને સમષ્ટિની સાથે એકરૂપ કરવું જોઈએ. પોતાને ન્યોછાવર કરી દેવું જોઈએ. પણ આવું થતું નથી.

પશ્ચિમમાં ભાંગ, ચરસ, ગાંજો પીવાથી એક પ્રકારની 'trip' થાય છે એવી માન્યતા અમુક ચોક્કસ વર્ગમાં છે.

ભૂતકાળમાં એક લેખમાં લખ્યું હતું કે તે દેશોમાંથી અર્થ–કામ લાવો અને ધર્મ–મોક્ષની નિકાસ કરો! આ વિશે સરકારને પણ કશો વાંધો ન જ હોઈ શકે! પરન્તુ આનો અર્થ એ થયો કે તે લોકોએ મોક્ષને અર્થ બનાવ્યો છે.

ચોપાસ સાફસૂફી કરવાનું કઠિન છે. તેથી તો લોકો દૂર જવાનું રાખે છે અને પછી કહેશે કે ધર્મ અને મોક્ષની સીડીઓ પર રહેશો. આવો પ્રવાહ મોટો છે. આજે એક નહિ, નવ ભગવાનની વાત કરીએ છીએ અને છતાં ગ્લાનિ ઓછી થતી નથી. આનો એક પ્રકારનો ધૂમ વેપાર ચાલે છે, સોદો થાય છે. પરન્તુ આ બધું ઊલટું છે. તેને તપ સાથે સુસંગતતા નથી. એ ઠીક નથી.

આ તપનો સ્વાભાવિક ઢંગથી વિકાસ થવો જોઈએ. અને આવું થાય છે ત્યારે તેનું સંપૂર્ણ વ્યકિતત્વ ઊંચું ઊઠે છે અને તે આગળ વધે છે. તેથી નૈસર્ગિક અનુભવને સહારો આપીને વિકાસ સાધવો જોઈએ, પરન્તુ આજે આવું બહુ ઓછું થાય છે.

કામની જ વાત જુઓ. એ વિશે નવી રીતે વિચારવું જોઈએ. એ વિશે છુપાવીને વાત કરીએ છીએ અને પરિણામે વિકાર વધતો જ જાય છે. માનીએ છીએ કે એ વિશે બહાર બોલીશું તો વિકાર વધશે, એ ખોટું છે.

વ્યકિતત્વના વિકાસ માટે જે કંઈ જોઈએ એને આથી બાધા આવે છે. એથી જીવન ખંડિત થાય છે. આવરણમાં જીવનનું સ્વાસ્થ્ય હોતું નથી. સીધી વાત કરવી જોઈએ. સમજવાની વાત કરવી જોઈએ. નહિ તો નુકસાન થતું રહે છે.

આજે આપણી દૃષ્ટિ એવી થવા પામી છે કે જીવનમાં જે થવું આવશ્યક છે તે સમજતા નથી. એ આપણા મનનો વિકાર છે. આ પાસું બદલવું પડશે; નહિ તો સ્વાસ્થ્ય સુધરવાનું નથી.

અર્થની પરિસ્થિતિ પણ એવી થઈ ગઈ છે. આજનું જીવન સ્થિતિસંકુલ થઈ ગયું છે.

ક્રિયા એક જગ્યાએ થાય છે, એની પ્રક્રિયા બીજી જગ્યાએ થાય છે. માટે જ તો એને રોકવું જોઈશે.

જે કંઈ થઈ રહ્યું છે તેને અંદરથી ચોપાસથી જોઈએ. સમાજપરિવર્તનના વિચારથી જોઈએ, સમન્વયની દૃષ્ટિથી જોઈએ. કોશિશ એવી કરીએ કે તારતમ્ય કાઢીને, સમજીને ગ્રહણ કરીએ. આવશ્યક હોય તો નવો અર્થ બેસાડીએ અને પછી એનો સમાહાર કરીએ. આવું થશે તો જીવનના અનેકવિધ પ્રશ્નોને હલ કરવામાં ખૂબ સરળતા પ્રાપ્ત થશે; એ પ્રશ્નોનું નિવારણ પણ કરી શકીશું.

**ભંવરમલ સિંઘી**

# પંથડો નિહાળું રે....

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે
અજિત અજિત ગુણધામ,
જે તેં જિત્યા રે તેણે
હું જિતીયો રે, પુરુષ કિસ્યું મુજ નામ!
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે
વાટડી નિહાળું રે બીજા જિનતણી રે!

ઉપર લખેલ મથાળું ઉત્તમોત્તમ સાધક, સતત જાગરૂક અને લક્ષ્યદર્શી મહાત્મા યોગીરાજ આનંદઘનજી મુનિપુંગવના વચનરૂપ છે. તેમણે આ વાક્ય વીતરાગ ભગવાન શ્રી અજિતનાથજીના સ્તવનમાં કહેલ છે. સ્તવનની શરૂઆત કરતાં તેઓ કહે છે કે 'પંથડો નિહાળું રે બીજા જિનતણો રે.' બીજા વીતરાગ મહાત્મા શ્રી અજિતનાથનો માર્ગ મારે જોવો છે – સમજવો છે અને આત્મસાત્ કરવો છે. એ દૃષ્ટિએ બીજા જ્ઞાની અનુભવી પુરુષ શ્રી અજિતનાથજીનો માર્ગ નિહાળવા તત્પર થાઉં છું. આ કહેવા સાથે માત્ર બે જ શબ્દમાં શ્રી અજિતનાથજી અને માર્ગ નિહાળવાની તત્પરતા દાખવનાર પોતા વચ્ચે કેટલું બધું અંતર છે તે પ્રારંભમાં જ જણાવી દે છે. કહે છે કે, તેં એટલે શ્રી અજિતનાથજીએ જે ભયંકર રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, મત્સર અને કામ, મોહ વગેરેની વાસનાઓને પોતાને તાબે કરેલ છે એટલે એ બધી અશાંતિ જગવનારી વાસનાઓ ઉપર તેં જે અસાધારણ કાબૂ મેળવેલ છે જેથી એ બૂરા સંસ્કારો હવે તને પછાડી શકતા નથી ત્યારે પંથ નિહાળનાર એવી મારી સ્થિતિ તો એ કરતાં તદ્દન ઊલટી છે–ઊંધી છે. એટલે હું તો એ અશાંતિના અસાધારણ કારણરૂપ વિવિધ બૂરી વાસનાઓથી જિતાઈ ગયેલ છું. એ વાસનાઓનું - એ બૂરા સંસ્કારોનું વર્ચસ્વ મારા ઉપર જામેલ છે, એ વર્ચસ્વને ભેદવા સારુ, એ વર્ચસ્વની પકડમાંથી નીકળી જવા સારુ તો મેં આ તારો માર્ગ નિહાળવાનું પણ લીધેલ છે. આ સાથે કવિ પોતે એકરાર કરે છે કે હું પુરુષ છું, મારામાં પુરુષત્વનું અભિમાન છે અને મારી જાતને પુરુષાતનવાળો માનતો આવેલ છું, પણ હે ગુરુ, તેં જેમના ઉપર ભારે પરિશ્રમ કરીને જીત મેળવેલ છે તે જ બૂરા ક્રોધાદિકના દૃઢ સંસ્કારો દ્વારા હું જકડાઈ ગયેલ છું, તો મને મારી જાતને પુરુષ હોવાની ભોંઠપ આવે છે. એટલે હું એક એવો પુરુષાતની છું કે મારું તમામ પુરુષાતન દટાઈ ગયેલ છે. એટલે મારી જાતને હું શી રીતે પુરુષાતનવાળી માનું? મને સમજાઈ ગયેલ છે કે પોતાની જાતને પુરુષ કહેવડાવવી એ કેવું અને કેટલું કપરું છે. હા, કષાયોને આધીન રહીને પુરુષાતન બતાવવું હોય તો જરૂર બતાવી શકું છું અને એ અખાડામાં મને કોઈ જીતી શકે એમ નથી. પણ એ મારો પોતાનો પુરુષાર્થ નથી, એ તો મને તાબે કરનાર મહાસુભટ કષાયોનો પુરુષાર્થ છે, અર્થાત્ બીજાના બળને વશ થઈને હું જરૂર પુરુષ હોવાનું અભિમાન કરી શકું છું.પણ મેં જોયું - અનુભવ્યું કે આ બીજાને બળે પ્રાપ્ત કરેલું પુરુષાતન તો ભારે અશાંતિકર છે, અનેક દુઃખોનું મૂળ છે અને આ બીજાના બાવડાથી મળેલ પુરુષાતન મને ઊંધે માર્ગે લઈ જાય છે–ભક્તિમાર્ગથી ચ્યુત કરી નાખે છે. આવું પરબળે મળેલ પુરુષાતન ગુણોનો દ્રોહ કરાવે છે અને ભક્તિમાર્ગના પ્રથમ પગથિયારૂપ માતાપિતાની ભક્તિથી વિમુખ કરે છે, ન્યાયમાર્ગથી દૂર રાખે છે, સજ્જનોના સમાગમથી છેટે રાખે છે, અને વાત્સલ્ય, કરુણા, આપભોગ અને જાણપણું વગેરે જીવનવિકાસના પાયાનાં સાધનો છોડાવી દે છે. આ પરિસ્થિતિથી ભારે અકળામણ થવાથી હવે હું હે ગુરુ! તારો માર્ગ જોવા તત્પર થયેલ છું.

કવિ શરૂઆતમાં જ પોતાની જાતને તપાસવાનો, બરાબર ઓળખ લેવાનો જે એકરાર તદ્દન સ્પષ્ટ રીતે કરે છે તેનું કારણ વિશેષ સમજવા જેવું છે. કોઈ પણ સાધક જે નવી સાધના માટે તત્પર થાય છે તેને કવિ ચેતવણી આપે છે કે ભાઈ! તું નવી સાધના માટે તત્પર તો થયેલ છે, પણ તે પહેલાં તું તારું ઘર સંભાળી જો–તું કેવો છે અને આ નવી સાધના માટે તને શા માટે તમન્ના થયેલ છે? તારી પરિસ્થિતિ આ નવી સાધનાને કોઈ રીતે અનુરૂપ છે ખરી? વર્તમાનમાં તારી જે દશા છે તે તને અકળાવે છે ખરી? વર્તમાનમાં જે તારી સ્થિતિ પ્રવર્તે છે તેમાંથી છૂટી જવાનો તેં વિચાર કરેલ છે ખરો? એવું છૂટી જવું તને ગમે છે ખરું? ટૂંકામાં વર્તમાનમાં તું પોતે ખાઈપીને તાજોમાજો રહે છે અને એમ રહેવા માટે ભરચક પ્રયત્ન કરે છે અને સામે રહેનારાં લાંઘણો ઉપર લાંઘણો ખેંચી રહ્યાં છે, ટાઢને લીધે થરથરે છે, તાપને લીધે બળી રહ્યાં છે અને વરસાદને લીધે સતત પલળી રહ્યાં છે, એ બધું તું જોઈ રહ્યો છે એટલું જ નહીં, કષાય જાણપણા વિના એ સામે રહેલા અજ્ઞાનમાં સબડી રહ્યાં છે અને સદા રોગગ્રસ્ત રહેતાં આવેલ છે એટલું જ નહીં પણ તેઓ રોગગ્રસ્ત સ્થિતિને પોતાનો સ્વભાવ સમજી બેઠાં છે. આ બધું તારે નવી સાધનાના પ્રારંભમાં જ જોવું પડશે અને ભારે સાવધાનીથી વિચારવું પડશે એટલું જ નહીં, નવી સાધનાના પ્રથમ પગથિયારૂપ આપભોગની પ્રક્રિયાનો તારે આશરો લેવો પડશે. એટલે અત્યાર સુધી તેં જે ખા–ખા જ કરેલ છે તેને પડતું મૂકીને હવે તારે ખા–ખાની વૃત્તિ છોડીને સામાં નાગાંભૂખ્યાં માંદલાને ખવરાવવું પડશે, તારે ભૂખ્યા રહેવું પડશે અને એ મુડદાંમાં તારું બળ પૂરવું પડશે, અને ચોકવાર તો તારે તેમની દશાનો અનુભવ લેવો પડશે. તારી આ તૈયારી હોય તો નવી સાધના તરફનું તારું પ્રયાણ શોભશે, પણ તું પોતે જ ખા–ખા કરીને નવી સાધના તરફ વળતો હો તો તું ભીંત ભૂલે છે. આ જાતની ચેતવણી કવિ 'પુરુષ કિસ્યું મુજ નામ' કહીને આપણને સાવચેત કરે છે.

જે લોકો પોતે જ સુખ માણે છે, ભાતભાતની મોજો માણે છે, મોજો માણવા સારુ ન્યાય - અન્યાયનો તેમને વિચારસરખો આવતો નથી, અનેક કાળાંધોળાં કરે છે, દવાઓમાં એવી ભેળસેળ કરે છે જેથી દવા ખાનાર દરદી મોતને પણ શરણે થાય તેની એ શેાજીલાને પરવા નથી. અરે! બનાવટી બિયારણ બનાવીને પૈસા બનાવતાં એ બિયારણથી જમીનમાં કાંઈ ઊગશે કે કેમ એનો પણ વિચારસરખો નથી, ખાવાની ચીજોમાં ભેળસેળ કરીને માલામાલ થનારા લોકોને આમપ્રજાના જીવનમરણની કશી પડી નથી. આમ અનેક પ્રકારે માણસ પોતે પોતાને જ રાતોમાતો કરવાના પ્રયાસમાં ગળાબૂડ છે તેને માટે નવી સાધના દેવદર્શન, દેવપૂજન, કથાવાર્તા, વ્યાખ્યાનવાણીનું શ્રવણ વગેરે છે. હવે એ દેવદર્શન કે દેવપૂજન કરતાં રોજ બોલે છે કે–

પ્રભુદરશન સુખસંપદા
પ્રભુદરશન નવનિધ
પ્રભુદરશનથી પામીએ
સકળ પદારથ સિધ

બોલનાર સાધક આનો અર્થ જો એમ સમજતો હોય કે પ્રભુનાં દરશનથી હું તો માલામાલ થઈ રહ્યો છું તો તે તદ્દન ગલત વાત છે અને એમ માનનારો નવી સાધનાનો એકડો પણ સમજેલ નથી.

ઉપરની પ્રભુદરશનના મહિમાની કડી બોલનાર એ કડીઓમાં જે પામીએ ક્રિયાપદ આવેલ છે તેના ઉપર ધ્યાન આપ્યા વિના જ

એ કડીઓ માત્ર પોપટની પેઠે રટી જાય છે. પામીએ એ પહેલા પુરુષના બહુવચનનું ક્રિયાપદ છે. એનો અર્થ 'આપણે સૌ પામીએ' એવો થાય છે અને એ અર્થ તદ્દન સુસ્પષ્ટ છે. આપણે સૌ પામીએ એટલે આપણે બધા જ–જગત આખાના લોકો માટે પ્રભુ-દરશન સુખસંપદારૂપ છે, નવનિધિરૂપ છે અને જગત આખાના લોકો માટે સકલ પદારથ સિદ્ધ કરનારું એ સાધન છે. આવો અર્થ સમજાય તો પ્રભુદરશનરૂપ નવી સાધના કરનાર કદી પણ પોતે એકલો જ રાતોમાતો થવાનો પ્રયાસ ન કરે, પણ જગત આખાના તમામ લોકો રાતામાતા થાય એનું બરાબર ધ્યાન રાખે; અને પ્રભુ-દરશન કરનારને જગત આખાની જનતા રાતીમાતી થવા સાથે જ પોતાને રાતામાતા થવાનો અધિકાર છે, એ થયા વિના પોતે એક-લાને રાતુંમાતું થવાની વૃત્તિ એ તો પ્રભુને ઠગવાની જ વાત છે, એ હકીકત ધ્યાનમાં આવવી જોઈએ.

પંથ નિહાળવા નીકળનાર કવિ આનંદઘનજી ભગવાન અજિત-નાથજીના સ્તવનમાં શરૂઆતમાં જ પોતાની જાતને ઓળખવાનો અને જાતને ઓળખીને પંથ નિહાળવાની જે વાત કરે છે તેનો અર્થ એ છે કે પ્રભુદરશનરૂપ નવી સાધના કરનાર સૌ કોઈ પામીએ એ ક્રિયાપદનો મૂળ અર્થ સમજે. પ્રભુદરશન પદમાં રહેલો પ્રભુ શબ્દનો અર્થ ઘણો જ વ્યાપક છે. પ્રભુ એટલે શ્રી અજિતનાથ વગેરે તીર્થંકરો, પ્રભુ એટલે શ્રી રામચંદ્રજી, શ્રી કૃષ્ણચંદ્રજી, શ્રી હનુમાનજી, શ્રીભદ્રકાળી વગેરે માતાઓ, શ્રી જરથોસ્તસાહેબ, શ્રી પેગંબર-સાહેબ, શ્રી ઈશુ ખ્રિસ્તસાહેબ, શ્રી યાહોવાસાહેબ એમ અનેક નામો વડે હિંદુસ્તાનમાં કે બીજા દેશોમાં જે નામો પ્રભુ માટે પ્રસિદ્ધ છે અને પ્રચલિત છે તે બધાં નામો અહીં સમજી લેવાનાં છે અને તે દરેક પ્રભુના દરશન કરનારે યા પૂજન કરનારે પામીએ ક્રિયાપદનો ભાવ પૂરી રીતે બરાબર સમજવાનો છે એમ કવિ આ સ્તવનની શરૂઆત કરતાં આપણને સૌને જાગ્રત કરી રહ્યા છે.

પંડિત બેચરદાસ દોશી

# કામ, થાક અને કંટાળો

"મલ્ટિપરપઝ મેન" નામનું એક પુસ્તક બ્રિટનના એક સમાજશાસ્ત્રી અને મનોવૈજ્ઞાનિક શ્રી પેટ્રીક ગોલ્ડરિંગે હમણાં જ પ્રગટ કર્યું છે. એનો અર્થ થાય છે – અનેક ઉદ્દેશવાળો માનવ. આ મલ્ટિપરપઝ મેનને સમજવા આપણે થોડાક સાચા દેશી દાખલા લઈએ:

એક મોટી આયાત - નિકાસની પેઢીના લક્ષાધિપતિ માલિક છે. તેમની કેબિનમાં બેસીને નિકાસના લાખ્ખો રૂપિયાના સોદા કરે છે. મહત્ત્વના વ્યાપારી નિર્ણયો લે છે. બીજી રકઝક કરે છે. પણ સાંજે કેબિન બહાર આવીને જ્યાં રવાનગી કારકુન ટપાલ માટેના કાગળો બીડતો હોય છે ત્યાં શેઠ પોતે જ કાગળનું વજન કરીને કવરને ટિકિટો ચોંટાડે છે અને પરબીડિયાને ગુંદર લગાવીને બીડે છે. આ કામમાં શેઠને મઝા પડે છે. તેમનો થાક પણ ઊતરે છે!

બીજી એક વ્યકિત મોટી સોલિસિટરની પેઢીમાં ભાગીદાર છે. અનેક ટ્રસ્ટો સાથે સંકળાયેલ છે. એક વર્તમાનપત્રની માલિકી ધરાવતા ટ્રસ્ટમાં પણ ઉચ્ચ સ્થાને કામ કરે છે. ઉદ્યોગો સાથે સંકળાયેલ છે. આવી અનેકવિધ પ્રવૃત્તિમાં દિવસના બારથી સોળ કલાક વીતે છે છતાં તેમને થાક લાગતો નથી.

એક છાપખાનામાં આખો દિવસ બીબાં ગોઠવનારો કમ્પોઝિટર સાંજે બીજું કામ શોધે છે. કાગળનાં ખોખાંને લેબલ લગાવે છે. સાંજે બીબાં ગોઠવવામાં તે થાકી જાય છે, પણ ખોખાંને લેબલ લગા-વવાનું કામ સવાર જેવી તાજગીથી કરે છે!

પશ્ચિમની સમૃદ્ધ દુનિયામાં કામદારો 'બોરડમ'થી (કંટાળા-ભરેલું જીવન) ગળે આવી ગયા છે. એકનું એક કામ કરીને તે સાંજે થાકીને લોથ થઈ જાય છે. એવાં ઘણાં કામો છે જેમાં કામ કર-નારને થાક અને કંટાળો વધુ જણાય છે અને કામનો સંતોષ ઓછો જણાય છે. આવી સમસ્યા માટે શ્રી પેટ્રિક ગોલ્ડરિંગે એક ઉપાય શોધ્યો છે. દરેક માણસે માત્ર વૈવિધ્ય ખાતર જ નહિ પણ શરીરની કુશળતા જાળવી રાખવા બેથી ત્રણ પ્રકારનાં કામ શોધવાં જોઈએ. પાર્ટ - ટાઈમ કામ કરનારા લોકો, બીજા લોકો જે એક જ પ્રકારની નોકરી કરતા હોય તેના કરતાં વધુ કમાણી કરતા તો હશે જ, પરંતુ પાર્ટ–ટાઈમ કામ કરનારાને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ કામનું વૈવિધ્ય મળતાં તેનો થાક અને કંટાળો દૂર થાય છે અને એકધારું કામ કરનારા કરતાં તે મન અને શરીરનું આરોગ્ય વધુ સારી રીતે જાળવી શકે છે તેમ શ્રી ગોલ્ડરિંગ પ્રતિપાદિત કરવા મથે છે.

શ્રી ગોલ્ડરિંગના જ શબ્દોમાં કહીએ તો, "Variety is a prime need for a healthy balanced life." – માણસના આરોગ્યમય અને સમતોલ જીવન માટે વિવિધતા એ પ્રાથમિક જરૂરિયાત છે. આપણે ખોરાક, કપડાં, ફૂલની સજાવટ, ઘરની શોભા, અને બીજી ઘણી બાબતોમાં વૈવિધ્યને ચાહીએ છીએ, તો કામની બાબતમાં પણ વૈવિધ્યને સ્થાન હોવું જોઈએ. શ્રી ગોલ્ડરિંગ તો બેધડક રીતે કહે છે કે દરેક વ્યકિતએ ઓછામાં ઓછાં બે કામ (Jobs) હાથ ધરવાં જોઈએ. આને કારણે કામદાર પ્રફુલ્લિત રહી શકે છે. આમ કરવાથી કારખાનામાં માત્ર ખોખાં પેક કરવાનું કંટાળાભરેલું કામ કરનારો પણ બીજું કામ રસપૂર્વક કરી શકશે.

મોટરના કારખાનામાં, રેડિયો કે ટી. વી. બનાવતી મોટી કંપ-નીઓમાં અને બીજા ઈજનેરી ઉદ્યોગોમાં જ્યાં એસેમ્બ્લી વર્ક (અમુક ભાગોને સતત ભેગા કરવાનું કાર્ય) હોય છે ત્યાં સાંજ પડે ત્યાં કામ-દાર એટલો થાકી જાય છે કે તે પછી તેની વિચાર કરવાની શકિત ક્ષીણ થઈ જાય છે અને શરીર પણ લોથ થઈ જાય છે. દા. ત. આવો કામદાર ૪૦ કલાક એસેમ્બ્લીનું કામ કરવાને બદલે સપ્તાહમાં ૨૦ કલાક આ કામ કરે અને બાકીના ૨૦ કલાક બીજું કામ કરે તો તેની તાજગી એવી ને એવી રહેશે.

ઓફિસમાં કારકુની કામ કરનારા લોકો માટે પણ ઉપરનો સિદ્ધાંત કામ લાગે છે. કોઈ પેઢીના સંચાલકને તેનો સેક્રેટરી કે કાર-કુન થાક લાગ્યાની ફરિયાદ કરે છે ત્યારે સંચાલક તો તેને પાછો પાડી દે છે: "જુઓ, હું દિવસના બાર કલાક કામ કરું છું. મને કંઈ જ થતું નથી. તમે તો માત્ર ૭ થી ૮ કલાક જ કામ કરો છો." પણ સંચાલકને જાણ નથી કે શ્રી ગોલ્ડરિંગની વ્યાખ્યા મુજબ તે પોતાની જાણ વગર એક "મલ્ટીપરપઝ મેન" તરીકે કામ કરે છે. તેના કામમાં વૈવિધ્ય હોય છે. ઘણા મેનેજરો ઑફિસનું કામ સતત દસથી બાર કલાક કરીને હાથે મોટર ચલાવી શકે છે, કારણ કે મોટર ચલાવવાનું કામ તેને વિવિધતા બક્ષે છે. શ્રી ગોલ્ડરિંગ કહે છે કે જે માણસ કામમાં થાક અને કંટાળાની ફરિયાદ કર્યા કરે છે તે માણસ સામાજિક જીવનમાં પણ અસંતોષી અને અસહકારી બને છે. તેનું વ્યકિતત્વ ખીલતું નથી. તંદુરસ્ત અને પ્રફુલ્લિત સમાજ રચવા માટે તે મલ્ટિપરપઝ માનવ પેદા કરવાની જોરદાર હિમાયત કરે છે.

કાન્તિ ભટ્ટ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. By south 54
Licence No.: 37

"પ્રબુદ્ધ જૈન"નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ ઓગસ્ટ ૧૯૭૪ શુક્રવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ★ આઝાદીનાં ૨૭ વર્ષ ★

૧૫મી ઓગસ્ટે સ્વતંત્રતાનાં ૨૭ વર્ષ પૂરાં થશે. ૨૮ મા વર્ષના પ્રભાતે લોકોના મનોભાવ કેવા છે? સ્વાતંત્ર્ય સંગ્રામ મોટી આશાઓથી લડ્યા હતા. વિદેશી શાસનમાંથી મુકિત મેળવવી એ તો અંતિમ ધ્યેયનું પહેલું પગથિયું હતું. અંતિમ ધ્યેય તો પ્રજાની આબાદી છે. સ્વશાસન હોય તો જ આ ધ્યેય હાંસલ થઈ શકે એવી દૃઢ માન્યતા ઉપર સ્વતંત્રતા માટે લડ્યા. વિદેશી શાસન પ્રજાના ચતુર્વિધ-રાજકીય, આર્થિક, સામાજિક અને નૈતિક–પતનનું કારણ હતું. સ્વરાજ કોઈ એક વર્ગનાં આર્થિક હિતો મેળવવા માટે ન હતું. આપણું સ્વપ્ન – જેને બંધારણના આમુખમાં આકાર આપ્યો છે – સમસ્ત પ્રજામાં સમાનતા, ભ્રાતૃભાવ, ન્યાય, રાજકીય, સામાજિક અને આર્થિક, – વ્યકિતનું ગૌરવ અને સ્વતંત્રતા, સૌને પોતાના વિકાસની સમાન તક અને અવકાશ, આવા એક સમાજની નવરચના કરવાનું છે. ૨૭ વર્ષ પછી તેનાથી લાખો જોજન દૂર છીએ. આ નિષ્ફળતાનો દોષ હવે કોઈ વિદેશીઓને શિરે નાખી શકીએ તેમ નથી. એ જવાબદારી આપણી જ છે. આપણી ચોટલે કોની? કોઈ એક જ વર્ગની કે સૌ કોઈની? વિચારીશું તો જણાશે કે દરેક વર્ગ કે વ્યકિત આ દોષ બીજાના ઉપર નાખવા પ્રયત્ન કરે છે. આપણી નિષ્ફળતાનું મૂળ આ નિર્બળતામાં રહ્યું છે.

વર્તમાન પરિસ્થિતિનું વર્ણન કરવું અઘરું નથી. ફુગાવો, મોંઘવારી, બેરોજગારી, સંગ્રહખોરી, નફાખોરી, ભ્રષ્ટાચાર, સ્વાર્થ, સત્તાલોલુપતા, શોષણ, વધતી જતી અસામાનતા; આ ચિત્રમાં ઘણા રંગ પૂરી શકાય તેમ છે. તેને જેટલું ઘેરું અને કાળું કરવું હોય તેટલું થઈ શકે તેમ છે. ચતુર્વિધ પતનની કોઈ દિશામાં પ્રગતિ કરી હોય તેવું ન લાગે. તેમાં આશાનાં કિરણો નથી એમ નથી. ૨૭ વર્ષમાં સારું એવું કામ થયું છે. એથી વધારે સારુ થઈ શકે તેમ છે પણ અત્યારે નિરાશાનાં વાદળોરો આપણને ઘેરી લીધા છે.

આવી પરિસ્થિતિ છે તેમ સૌ કોઈ સ્વીકારે છે પણ તેનાં કારણો તપાસીએ ત્યારે ઊંડો મતભેદ દેખાશે. દરેક વર્ગ અને વ્યકિત, પોતાના સ્વાર્થની દૃષ્ટિ રાખી, પોતાના સિવાય, બીજાના વર્તનમાં કારણો શોધશે. સામાન્ય વલણ, શાસક પક્ષ અથવા રાજદ્વારી પક્ષો અને રાજદ્વારી વ્યકિતઓ ઉપર બધો દોષ ઢોળવાનું છે. રાજદ્વારી પક્ષો પણ એકબીજાનો દોષ જોશે. ડાબેરી પક્ષો, જમણેરી ઉપર, અને જમણેરી ડાબેરી ઉપર. આમાં કેટલેક દરજ્જે નીતિવિષયક પાયાનો ભેદ હોય છે. જનસંઘ અને સામ્યવાદી બન્નેની નીતિ સર્વથા ભિન્ન છે. કૉંગ્રેસ એકંદરે મધ્યમમાર્ગી છે. સર્વોદયવાદીઓ બધા રાજકીય પક્ષો અને રાજદ્વારી વ્યકિતઓનો દોષ જોશે. બધા પ્રજાહિતની જ વાત કરશે. વેપારી અને ઉદ્યોગવાળા સરકારની, (તેમના હિસાબે ખોટી) નીતિનો દોષ કાઢશે. લાઈસન્સ, પરમિટ, કન્ટ્રોલ, વધારે પડતા કરવેરા વગેરે કારણો આપશે. વેપારી અને ઉદ્યોગવાળાનું સામાન્ય વલણ ખાનગી ક્ષેત્રને બને તેટલું અંકુશરહિત, વિકાસનો પૂરો અવકાશ માગવાનું રહે છે. તેમના તરફથી એમ કહેવાય છે કે આમ કરવાથી ઉત્પાદન વધશે, ભ્રષ્ટાચાર ઓછો થશે, પ્રજાને ચીજ-વસ્તુ વાજબી ભાવે મળશે. બીજે પક્ષે, વેપારી અને ઉદ્યોગ-વાળાનો પૂરો અણવિશ્વાસ, તેમનો જ સ્વાર્થ જુએ છે; સંગ્રહખોરી, નફાખોરી, કાળાં બજાર, અછતનો પૂરો લાભ લેવો, ઉત્પાદન પ્રજાહિતમાં નહિ પણ પોતાને ફાયદો થાય તેવું અને તેટલું કરવું, કરચોરી, દાણચોરી વગેરે. લાઈસન્સ, પરમિટ અને અંકુશોને કારણે જ મોટા નફા કરે અને લાંચરુશવતથી જ કામ લે. પરિણામે, ઉદ્યમવાદીઓ તરફથી વેપાર ઉદ્યોગો સરકાર હસ્તક કરવા, જાહેર ક્ષેત્ર બને તેટલું વિસ્તારવું અને ખાનગી ક્ષેત્ર ઉપરના અંકુશો વધારવા, એવી માગણીઓ વધતી જાય છે. જાહેર ક્ષેત્રમાં કાર્યક્ષમતાનો અભાવ અને કામદારોની લાપરવાહીને કારણે ઉત્પાદનનું પ્રમાણ ઘટતું રહે છે અને મોટી નુકસાની કરે છે.

મોટા ખેડૂતો, ખાતર, નહેરનાં પાણી, બિયારણ, વીજળી, સરકારની નવી ધિરાણનીતિ વગેરેનો પૂરો લાભ ઉઠાવે છે. સહકારી મંડળીઓમાં સ્થાપિત હિતો જામ્યાં છે અને ઉપલા વર્ગને જ તેનો ફાયદો મળે છે. જમીનની ટોચમર્યાદાઓ બાંધી પણ તેવા કાયદાનો અમલ પૂરો થયો નથી. ખેતમજૂરો સંગઠનવિહોણા હોઈ તેનું શોષણ થાય છે. ગ્રામપંચાયતથી માંડી જિલ્લા પંચાયત અને મોટાં શહેરોનાં મ્યુનિસિપલ કોરપોરેશન બધે ચૂંટણીના ભ્રષ્ટાચાર અને લાગવગશાહી છે. શહેરો અને કારખાનાઓમાં સંગઠિત મજૂરો અને કામદારો પ્રમાણમાં ઊંચાં વેતન મેળવે છતાં પૂરું કામ આપતા નથી. બેન્કો, વીમા કંપનીઓ, વાહન - વ્યવહાર, તાર-ટપાલ, રેલવે, સરકારી ખાતાઓ, બધે અશિસ્ત, કામચોરી અને લાંચ-રુશવત છે. ગરીબોની બેહાલીનો પાર નથી. પરિણામે પ્રજામાનસમાં સતત ઉત્તેજના અને હિંસાનું વાતાવરણ રહે છે. રાજકીય પક્ષો આ પરિસ્થિતિનો પૂરો લાભ લેવા પ્રયત્ન કરે છે. આંતરરાષ્ટ્રીય કારણો–તેલની કટોકટી, યુદ્ધનો ભય–પરિસ્થિતિની વિકટતામાં ઉમેરો કરે છે.

આ બધાનો ઉપાય શું? દરેક વર્ગ અને વ્યકિત પોતાના સ્વાર્થની દૃષ્ટિએ ઉપાય બતાવશે. કોઈ રાજમાર્ગ નથી.

પ્રથમ તો ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંના અનિષ્ટને ડામવું, જે પ્રજાજીવનને કોરી ખાય છે. સરકારે કાયદા ઘણા કર્યા છે. તેનો અમલ નથી થતો. જાહેર વિડંબના થાય છે. સરકારી અમલદારો અને ઉચ્ચ સત્તાસ્થાને બેઠેલ વ્યકિતઓ સંડોવાયેલ હોય ત્યાં સફળતા મળવી મુશ્કેલ છે. પૈસાની પ્રતિષ્ઠા તોડવી જોઈએ. માત્ર કાયદાથી આ બને તેમ નથી. સામાજિક દબાણ અને જાગ્રત લોકમત જરૂરી છે.

કાયદાના ખરેખર સખત પગલાં લેવાય તો થોડી અસર થાય. પણ કાયદાની વિધિમાં બહુ વિલંબ અને ઘણી છટકબારીઓ છે. સખત પગલાં લેવાં હોય તો કાયદાની વિધિમાં સારો એવો ફેરફાર કરવો પડશે. આ સરકાર ખરેખર એવાં સખત પગલાં લે તેમ માનવામાં આવતું નથી. સરકારે અને શાસક પક્ષે પોતાની ઘણી સાફસૂફી કરવાની છે.

પાયાની વસ્તુ પ્રજાનો માનસપલટો છે. દેશહિતની લાગણી અને રાષ્ટ્રીય ભાવનાનો સર્વથા અભાવ છે. સંકુચિત સ્વાર્થ, વ્યક્તિગત અથવા કોમ, પ્રદેશ કે ભાષાનો આપણને ઘેરી વળ્યો છે. પ્રજાનો કોઈ વર્ગ આમાંથી મુક્ત નથી. અત્યારે બધું માનસ સંઘર્ષનું છે, વર્ગ - વર્ગ વચ્ચે અને પ્રજા અને સરકાર વચ્ચે. તેનું એક કારણ વધતી જતી અસમાનતા, મિલકત અને આવકની, સામાજિક વ્યવહારની. મિલ્કત અને આવકની મર્યાદા બાંધવી જ જોઈએ. વર્તમાન પરિસ્થિતિ સ્ફોટક અને અસહ્ય છે. અસ્પૃશ્યતા કાયદાથી નાબૂદ કરી, પણ હરિજનો ઉપરના અત્યાચારો ઓછા થયા નથી. કાયદાની મર્યાદા છે. સૌ કહે છે તેમ નૈતિક ક્રાન્તિ–સમૂળી ક્રાન્તિ–ની જરૂર છે. પણ સમગ્ર પ્રજાના ભગીરથ પુરુષાર્થ વિના તે શક્ય નથી. સૌ કોઈ માટે અંતરનિરીક્ષણની ઘડી છે.

૧૪-૮-૭૪ ચીમનલાલ ચકુભાઈ

# અમેરિકન પ્રજાની અગ્નિપરીક્ષા

છેવટ, નિક્સનને જવું પડ્યું. તેને માટે બીજો કોઈ માર્ગ ન હતો...નહિ તો બરતરફી નિશ્ચિત હતી. નિક્સને વારંવાર ભારપૂર્વક જાહેર કર્યું હતું કે કોઈ સંજોગોમાં પોતે રાજીનામું નહિ આપે. છેવટ સુધી લડી લેવાનો નિર્ણય જાહેર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ટેપરેકોર્ડો સોંપી દેવાનો હુકમ કર્યો અને તે હુકમ સ્વીકાર્યો ત્યારે પણ જાહેર કર્યું હતું કે આ ટેપોથી પણ તેનો કોઈ ગુનો સાબિત થવાનો નથી. ત્યાર પછી ચાર દિવસમાં જ પોતાનો ગુનો કબૂલ કરતું નિવેદન બહાર પાડ્યું. નિક્સને આવી કબૂલાત શા માટે કરી તે વિશે કેટલીક અટકળો થાય છે. કેટલાક એમ માને છે કે નિક્સનની એવી ગણતરી હશે કે આવી કબૂલાત કરવાથી તેના પ્રત્યે રહેમ બતાવવામાં આવશે અને બરતરફીની કાર્યવાહી છોડી દેવાશે અથવા પોતાને વધારે ટેકો મળશે અને અંતે છૂટી જવાશે. પરિણામ વિપરીત આવ્યું. આ કબૂલાતથી પ્રજાને મોટો આઘાત થયો. આટલો સમય ગુનાનો ભારપૂર્વક ઈનકાર કરનાર, સાવ જુઠ્ઠો હતો એટલું જ નહિ પણ આ નિવેદનમાં નિક્સને એટલે સુધી કહ્યું કે આ ટેપો ઉપરથી જે હકીકતો પુરવાર થાય છે તે પોતાના વકીલથી પણ તેણે છુપાવી હતી. કેટલાક લોકો એમ માને છે કે નિક્સનને એમ લાગ્યું હશે કે ટેપો સોંપ્યા પછી જે હકીકત છૂપી રહેવાની નથી તે પોતે જ જાહેર કરી દે તે વધારે સારું, જેથી આઘાતની માત્રા ઓછી થાય. આમાંની ત્રણ ટેપો ઉપરથી નિઃશંક પુરવાર થતું હતું કે વૉટરગેટ જાસૂસીની નિક્સનને ખબર હતી એટલું જ નહિ પણ તેના ઉપર ઢાંકપિછોડો કરવા તેણે પોતે આદેશ આપ્યો હતો. આ બન્ને હકીકતોનો નિક્સન ઈનકાર કરતો હતો. તેનાં જુઠ્ઠાણાં આવી રીતે ખુલ્લાં પડી ગયા પછી રિપબ્લિકન પક્ષના જે સભ્યોનો તેને ટેકો હતો તે પણ ગુમાવ્યો. નિક્સનનો બચાવ કરવાનું કોઈ પણ વ્યકિત માટે શક્ય ન રહ્યું. રિપબ્લિકન પક્ષના આગેવાનોએ રાજીનામું આપવાની સલાહ આપી. નિક્સને તે સ્વીકારી તેમાં પણ તેની ચાલબાજી હશે એમ લાગે છે. વાર્ષિક ૧,૫૬,૦૦૦ ડૉલરનું પેન્શન અને બીજા લાભો ગુમાવવા ન પડે અને સંભવત : ગુનાઓ માટે ફોજદારી કેસ તેની સામે ન થાય.

રાજીનામું જાહેર કરતાં વાગ્પ્રવચનમાં કોઈ નમ્રતા, પશ્ચાત્તાપ કે નિખાલસતા નથી. કૉંગ્રેસમાં હવે કોઈ ટેકો રહ્યો નથી એવી મને ખાતરી થઈ છે તેથી રાજીનામું આપું છું, જો કે મારાં કુટુંબીજનોએ છેવટ સુધી લડી લેવાની મને સલાહ આપી છે. પણ આવી લડત ચાલુ રાખવી દેશના હિતમાં નથી તેથી હું રાજીનામું આપું છું, અને પછી સાડા પાંચ વર્ષ પોતાના પ્રમુખપદના સમય દરમિયાન વિશ્વ શાન્તિ માટે પોતે કેવાં પગલાં લીધાં છે અને અમેરિકાની વિદેશનીતિને નવું સ્વરૂપ આપ્યું છે તે બધું નિવેદનમાં જણાવ્યું છે.

અમેરિકાની પ્રજા માટે આ બનાવ ભારે આઘાતજનક અને પ્રજાના આત્માને મૂર્છા લાવે તેવો છે. તેના ૨૦૦ વરસના ઈતિહાસમાં કોઈ પ્રમુખને રાજીનામું આપવું પડ્યું હોય તેવું બન્યું નથી. વધારે શરમજનક તો એ છે કે પ્રમુખ અને ઉપ-પ્રમુખ બન્ને અપ્રામાણિક અને દગાબાજ નીકળ્યા, સૌથી સમૃદ્ધ અને શકિતશાળી દેશને દુનિયાભરમાં નામોશી વહોરવી પડી. અમેરિકન પ્રજાની બધી ઉચ્ચ ભાવનાઓ અને આદર્શો જાણે ધૂળમાં મેળવ્યા. આશ્ચર્યજનક તો એ હકીકત છે કે નિક્સને પોતાની આસપાસ જાણે એક માફીઆ મંડળી ભેગી કરી. એક પછી એક બધા પડ્યા. આવો અંજામ આવશે તેની કલ્પના પણ તેમાંના કોઈને નહિ હોય. નિક્સન લોકપ્રિયતાના શિખરે હતો. મોટી બહુમતીથી ચૂંટાઈ આવશે તે નિશ્ચિત હતું. છતાં ડેમોક્રેટિક પક્ષની આવી જાસૂસી શા માટે કરવી પડી? સત્તાલાલસા અને સાધન પ્રત્યે પૂરી નફરત સિવાય બીજાં કારણો જણાતાં નથી. જાસૂસી પકડાઈ ત્યારે તદ્દન નિર્દોષતાનો દેખાવ કર્યો અને સાધારણ ગુનો હોય તેમ હસી કાઢ્યો. નિક્સનના દુર્ભાગ્યે આ બધું કાવતરું ધીમે ધીમે ફૂટ્યું. મેકોડ, પછી જૅન ડીન, ભાંગી પડ્યા અને ટેપરેકોર્ડોની વાત બહાર આવી. ચારે તરફ ખદબદતો ભ્રષ્ટાચાર જેમ જેમ બહાર પડ્યો તેમ તપાસ ઊંડી ઊતરી. સૌથી અગત્યની ટેપરેકોર્ડો છેવટ સુધી છુપાવી હતી. પણ તપાસ, કુશળ અને પ્રમાણિક વ્યકિતઓના હાથમાં હતી. ઊંડી તપાસ કરતાં અટકાવવા નિક્સને સ્પેશિયલ પ્રોસિકયુટર આર્કિબાલ્ડ કોક્સને છૂટા કર્યા. તે સાથે એટર્ની જનરલ રિચાર્ડસને પણ રાજીનામું આપ્યું. નવા એટર્ની જનરલ સેક્સબી અને સ્પેશિયલ પ્રોસિકયુટર જાવોરસ્કી એટલા જ કુશળ અને નીડર નીકળ્યા. સેનેટ કમિટીના ચેરમેન ઈરવીન, હાઉસ જ્યુડિશિયરી કમિટીના ચેરમેન રોડીન, જજ સિરિકા-બધાએ ઉચ્ચ પ્રણાલિકાઓ જાળવી. રિપબ્લિકન પક્ષના કેટલાક સભ્યોએ પણ, પક્ષના હિત કરતાં દેશના હિતને અગ્રતા આપી. પણ સૌથી મોટો યશ નીડર પત્રકારિત્વ અને નીડર ન્યાયતંત્રને જાય છે. અમેરિકન જાહેર જીવનની આ ગૌરવગાથા છે અને ઊજળી બાજુ છે.

અમેરિકાની પ્રજા માટે અંતરનિરીક્ષણની આ ઘડી છે. આ પ્રકરણથી ઘણા પાયાના પ્રશ્નો જાગે છે અને ઉકેલ માગે છે. પ્રમુખની વિશાળ સત્તાઓ, કૉંગ્રેસ અને પ્રમુખ વચ્ચેના સંબંધો, સુપ્રીમ કોર્ટનું સ્થાન, ચૂંટણીપદ્ધતિ અને ચૂંટણી ફંડોનો ભ્રષ્ટાચાર, જે તંત્રમાં વૉટરગેટ જેવા બનાવો બની શકે તેની શુદ્ધિ, એવા પાયાના પ્રશ્નો ઊંડી વિચારણા માગે છે. આ બધા પ્રશ્નો પ્રજાના સમગ્ર જીવનને સ્પર્શે છે. જે સડો બહાર આવ્યો છે તેનાં કારણો અલપાંશે પણ દૂર નહિ થાય તો આ બધી વ્યથા ભોગવી તે નિરર્થક જશે.

હવે નિક્સનનું શું? તેની સામે ફોજદારી કેસ થશે? જાવોરસ્કીએ સ્પષ્ટ કહ્યું છે કે તેમણે આ બાબતમાં નિક્સન સાથે કોઈ સમજૂતી કરી નથી. ઉપ-પ્રમુખ એગન્યુએ રાજીનામું આપ્યું ત્યારે સમજૂતી કરી હતી કે તેમની સામે કોઈ ફોજદારી પગલાં નહિ લેવાય. નિક્સનને છોડી દેશે? છોડી દેવાય? તેના બધા સાથીઓ જેલમાં જાય અને સૌથી મોટો ગુનેગાર છૂટી જાય? સેનેટમાં એવો ઠરાવ રજૂ થયો છે કે નિક્સન સામે ફોજદારી પગલાં ન લેવાં. સેનેટને આવો કોઈ ઠરાવ કરવાનો અધિકાર નથી એમ કહેવાયું છે. આવો કોઈ ઠરાવ એટર્ની જનરલ કે સ્પેશિયલ પ્રોસિકયુટરને બંધનકર્તા ન થાય

એમ પણ કહેવાયું છે. કાયદાના બંધનમાંથી કોઈ મુકત નથી, ન હોઈ શકે. નિક્સનના ગુનાઓ જેવાતેવા નથી. કેટલાક એમ કહે છે કે જે બન્યું છે તેથી પ્રજાહૃદય ઉપર ઊઝરડા પડયા છે. તે ઘા રુઝાવવા, હવે આ બાબત ભૂલી જવી. તો બીજા કહે છે, અંતરશુદ્ધિ માટે કાયદાની પ્રક્રિયાના પ્રક્ષાલનની જરૂર છે. જોઈએ શું થાય છે. નવા પ્રમુખ નિક્સનને માફી આપી શકે, પણ ફોર્ડ તેમ કરશે નહિ.

એક નોંધપાત્ર હકીકત એ પણ છે કે આટલો ભ્રષ્ટાચાર છતાં નિક્સન સામે કોઈ દેખાવો થયા નથી, તેને કાઢવા કોઈ ઘેરાઓ થયા નથી, કોઈ આંદોલન થયું નથી, કોઈ તોફાનો થયાં નથી. બધી બંધારણીય રીતે, ન્યાયપુરઃસર તપાસ થઈ છે અને છેવટ યોગ્ય પરિણામ આવ્યું છે. પ્રજાની તાકાતનો આમાં પરિચય મળે છે. સાચી લોકશાહીનો વિજય છે. સારી પેઠે સમય લાગ્યો પણ ધીરજ ગુમાવી નહિ. તંત્રને જરા પણ આંચ આવ્યા વિના, એક પ્રમુખને કાઢી બીજા પ્રમુખે હોદ્દો સંભાળ્યો તે મહાન સિદ્ધિ છે.

અમેરિકાના આ બનાવમાંથી બધા લોકશાહી દેશોએ બોધપાઠ લેવા જેવો છે. અને એક બોધપાઠ સૌએ લેવા જેવો છે, ગમે તેવી સમર્થ વ્યકિત હોય પણ નૈતિક મૂલ્યોની સર્વથા અવગણના કરે તો પતન નિશ્ચિત છે. નિક્સનને વિદેશનીતિમાં સારી સફળતા મળી. વિયેટનામ યુદ્ધમાંથી અમેરિકાને છોડાવ્યું. ચીન અને રશિયા સાથેના સંબંધો સુધાર્યા, મધ્યપૂર્વમાં આરબો સાથે સુમેળ કર્યો અને વિશ્વશાંતિમાં ઠીક ફાળો આપ્યો. છતાં એમ લાગે કે નિક્સન એક નિમિત્ત હતો. કિસિન્જર ન હોત તો નિક્સનને આટલી સફળતા ન મળત. પણ સૌથી મોટી વાત કે ચારિત્ર્ય વિનાની હોશિયારી, અંતે બોજારૂપ થાય છે અને વ્યર્થ છે.

૧૦-૮-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## પ્રકીર્ણ નોંધ

### રાજદ્વારી કેદીઓ ઉપર જેલમાં અત્યાચારો

પશ્ચિમ બંગાળમાં સિદ્ધાર્થ શંકર રેની આગેવાની નીચે કૉંગ્રેસ સત્તા પર આવી તે પૂર્વે, નકસલવાદીઓનું સારું જોર હતું. નકસલવાદીઓએ ઘણાં હિંસક કૃત્યો કર્યાં હતાં. રાજકીય વિરોધીઓનાં ખૂન પણ કર્યાં હતાં. સિદ્ધાર્થ શંકર રેની સરકારે કડક પગલાં લઈ નકસલવાદીઓને દબાવી દીધા અને કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં એનો યશ લેવાય છે. આવાં કડક પગલાંમાં હજારોને જેલમાં પૂરી દીધા. એમ કહેવાય છે કે કેટલાયનાં ખૂન પણ થઈ ગયાં. પશ્ચિમ બંગાળની જેલો આવા કેદીઓથી ઊભરાઈ રહી છે. તેમની સામે નથી કોઈ મુકદ્દમો ચાલતો, નથી કોઈ તપાસ થતી. રોલેટ એકટ સામે ગાંધીજીએ અસહકારની ચળવળ ઉપાડી. તેને અનેક રીતે ટપી જાય તેવો મિઝા એકટ છે. પણ આપણને કોઠે પડી ગયું. ડિફેન્સ ઓફ ઈન્ડિયા એકટનો પણ એવો ઉપયોગ થાય છે. પકડાયેલાનો મોટો ભાગ યુવક – યુવતીઓનો છે. લાંબા સમય સુધી જેલમાં સડે છે. કેટલાય રિબાઈને મરી જાય છે. કેટલીક વખત જેલમાં તોફાનો થયાં અને કેટલાક કેદીઓ મરી ગયા અથવા ઘાયલ થયાનું સાંભળીએ છીએ ત્યારે રાબેતા મુજબની સરકારી યાદી બહાર પડે છે કે કેદીઓએ તોફાન કર્યું અથવા નાસી છૂટવા પ્રયત્ન કર્યો અને પોલીસને ગોળીબાર અથવા લાઠીમાર કરવો પડયો. સાચી વિગતો બહાર આવતી જ નથી. હમણાં 'ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી'માં એક સમાચાર આવ્યા છે જે કમકમાટી ઉપજાવે તેવા છે અને તેથી આ લખવા પ્રેરાયો છું.

ઓલ ઈન્ડિયા વીમેન્સ એસોસીએશનની કેટલીક બહેનોએ મોંઘવારીવિરોધી આંદોલનમાં ભાગ લીધો અને તા. ૩-૫-'૭૪ ના રોજ તેમાંથી કેટલાંક બહેનો પકડાયાં અને તેમને જેલમાં લઈ ગયાં, ત્યાં કહેવાતી નકસલવાદી સ્ત્રી-કેદીઓ - મોટે ભાગે યુવતીઓને મળવાનું થયું અને તેમના પર થતા અત્યાચારો જાણ્યા, જેનો અહેવાલ એસોસીએશને બહાર પાડયો છે. સામાન્ય સતામણી તો છે જ, ઊલટ તપાસ કલાકો સુધી ચાલે વગેરે. પણ ધાર્યા જવાબો ન મળે ત્યારે કેવા આમાનુષી જુલ્મો થાય છે તેની દિલ કંપાવનારી કથા તેમાં મળે છે. આ યુવતીઓને નગ્ન કરી ટેબલ ઉપર સુવડાવે, સળગતી સિગારેટોથી તેમનાં સ્તન, ગરદન કે, ગુહ્ય ભાગો ઉપર ડામ લગાડે, પૂંઠમાં લોખંડના સળિયા વારંવાર ભેરવે, બેભાન થઈ જાય. આવું ફરી ફરીને થાય–કાંઈ દાદફરિયાદ નહિ.

વિદેશી રાજ્યમાં આવું થતું ત્યારે આપણે હોહા કરી મૂકતા. અત્યારે કોઈ સાંભળનાર નથી. બીજાં રાજ્યોમાં પણ વધતાઓછા પ્રમાણમાં રાજદ્વારી કેદીઓ પ્રત્યે આવું જ વર્તન થાય છે. કોઈ ઉપાય નહિ થાય?

### આપણા ધારાસભ્યો

મહારાષ્ટ્ર વિધાનસભાની બેઠક પાંચમી ઑગસ્ટે શરૂ થઈ ત્યારથી, બન્ને ગૃહોમાં વિરોધ પક્ષના સભ્યો તરફથી ધાંધલ અને તોફાન મચાવી, કાંઈ કામ થવા દીધું નથી. પહેલા બે દિવસ, બન્ને ગૃહોની બેઠકો મુલતવી રાખવી પડી. છેવટ, બન્ને અધ્યક્ષોએ ૩૫ સભ્યોને એક સપ્તાહ માટે સસ્પેન્ડ કર્યા ત્યારથી, સસ્પેન્ડ થયેલ સભ્યો તરફથી બન્ને ગૃહો ઉપર ઘેરાવો, બીજા સભ્યો અને પ્રધાનોને ગૃહમાં જતા અટકાવવા, મોટર આગળ સૂઈ જવું, વગેરે પ્રકારના 'સત્યાગ્રહો' ચાલે છે. સભ્યોને ઊંચકીને ગૃહની બહાર લઈ જવા પડે અથવા પોલીસ ઊંચકીને પોલીસ વાનમાં લઈ જાય. તેમાં મોંઘવારીવિરોધી મોરચાની બહેનો અને પછી કોર્પોરેશનના વિરોધ પક્ષના સભ્યો જોડાયા. આ સભ્યોની માગણી છે કે ધારાસભામાં કાંઈ કામકાજ થાય તે પહેલાં સરકારે ખાતરી આપવી કે પ્રજાને અનાજ, કેરોસીન પૂરતા પ્રમાણમાં પૂરાં પાડવામાં આવશે. ઘોર નિરાશામાંથી લોકપ્રિય થવાનો આ એક જ માર્ગ રહ્યો છે. બીજાં રાજ્યોમાં અને પાર્લામેન્ટમાં પણ એ જ દશા છે. વિરોધ પક્ષો નિષ્ફળતા અનુભવે છે. કોઈ માર્ગ સૂઝતો નથી. કોઈ વખત મનમાં એમ થાય છે કે હજી આપણે લોકશાહીને લાયક છીએ? હમણાં પંજાબના ભૂતપૂર્વ ગવર્નર ડૉ. ડી. જી. પવાટેએ પોતાનાં પાંચ વર્ષ - ૧૯૬૭થી ૧૯૭૨ - ના ગવર્નરપદના સમયના અનુભવો આપતું પુસ્તક બહાર પાડયું છે. આ પાંચ વર્ષમાં છ વખત તંત્રો બદલાયાં. ચાર પ્રધાનમંડળો થયાં, બે વખત રાષ્ટ્રપતિશાસન થયું. રાજકીય પક્ષો અને રાજદ્વારી વ્યકિતઓની શરમજનક કથાનું વર્ણન છે. પક્ષપલટાઓ, કાવાદાવા, લાંચરુશવત, સત્તાલાલસા, આ બધામાં પ્રજાહિત કયાંય દેખાય નહિ. કોઈ પ્રમાણિક નહિ. બીજાં રાજ્યોમાં પણ એ જ સ્થિતિ છે. પવાટે લખે છે કે આ રાજદ્વારી ખટપટોનું નાટક ચાલતું હતું. ત્યારે પંજાબી ખેડૂત, ઘઉં, જવ અને બીજાં ધાન્યનું વાવેતર, ટ્રેકટર, ટયુબવેલ, ખાતર વગેરે સાધનોથી, વધારવાની મહેનતમાં પડયો છે.

That was the agony and the ecstasy of the Punjab. The agony was entirely the contribution of the upper classes; the rich, the educated, the ambitious and the unscrupulous; the ecstacy was the making of the lower classes; the poor, the illiterate, the contented and the honest.

'ખંજબની એ શરમ અને ગૌરવ પણ હતું. આ શરમ પૂર્ણપણે ઉચ્ચ વર્ગોએ – ધનિકો, શિક્ષકો, મહત્ત્વાકાંક્ષીઓ અને વિવેકહીનોએ સર્જેલી હતી. ત્યારે ગૌરવગાથા નીચલા થરના વર્ગો – ગરીબો, અશિક્ષિતો, સંતુષ્ટો અને પ્રમાણિક લોકોનું પ્રદાન હતું.'

ગુરનામસિંગ, ગુરુમુખસિંગ મુસાફિર, રારેવાલા, પ્રકાશ બાદલ, લક્ષ્મણસિંગ ગિલ, માસ્તર તારાસિંગ, સંત ફતેસિંગ, આ બધા દેશ-ભક્તો આવા 'પ્રજાહિત'ના કાર્યમાં પડયા હતા. એવા જ પ્રજા-સેવકો દરેક રાજ્યમાં પડયા છે. પ્રજાને આ દેશભક્તોમાંથી કયારે છોડાવી શકીશું?

**શ્રી મોતીલાલ સેતલવડ**

શ્રી મોતીલાલ સેતલવડનું, ૮૯ વર્ષની ઉંમરે, મુંબઈમાં તા. ૧-૮-'૭૪ના રોજ અવસાન થયું. એક સોલિસિટર તરીકે, ૪૫ વર્ષ સુધી મને શ્રી મોતીલાલનો પરિચય હતો. ૧૯૩૮માં પહેલી કૉંગ્રેસ સરકાર મુંબઈમાં રચાઈ ત્યારે હું સરકારી સોલિસિટર નિમાયો અને મોતીલાલ એડવોકેટ જનરલ હતા. હિન્દ છોડોની લડત શરૂ થઈ ત્યારે મેં તુરત રાજીનામું આપ્યું. મોતીલાલ થોડો સંકોચ અનુ-ભવતા, પણ પછી રાજીનામું આપ્યું.

તેમના વ્યવસાયમાં મોતીલાલ સર્વોચ્ચ શિખરે પહોંચ્યા. ભારતના પ્રથમ ઓટર્ની જનરલ થયા. દરેક વકીલને શરૂઆતનાં વર્ષોમાં મુસીબત હોય છે તેવી મોતીલાલે પણ અનુભવી અને પ્રેકિટસ જામી નહિ એટલે નોકરી લેવા તૈયાર થયા હતા. મોતીલાલ ઘણા બુદ્ધિશાળી અને મહેનતુ હતા. તેમનું કામ બરાબર વ્યવસ્થિત. કેસ ગમે તેટલો આટપટો હોય અથવા હકીકતોથી ભરપૂર હોય પણ મુખ્ય મુદ્દાઓ પકડી લઈ, તેનું વિશ્લેષણ કરી, તર્કપુર:સરની રજૂઆત કરે. તેમની રજૂઆત સાદી અને સીધી. તેમાં ચતુરાઈ કે ચમકારા નહિ. મોતીલાલમાં મુનશીની બહુમુખી પ્રતિભા કે ભુલા-ભાઈ દેસાઈના બુદ્ધિવૈભવ અને વકતૃત્વ ન હતાં. મોતીલાલ ખૂબ પ્રામાણિક અને નીડર હતા. કોર્ટને પૂરો વિશ્વાસ કે મોતી-લાલ કોઈ હકીકત છુપાવશે નહિ અથવા કોર્ટને ગેરમાર્ગે દોરશે નહિ. ૧૨ વર્ષ સુધી દેશના પ્રથમ ઓટની-જનરલ તરીકે, નવા બંધારણના અર્થઘટનમાં અને શ્રેષ્ઠ પ્રણાલિકાઓ પાડવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે. લૉ-કમિશનના ચેરમેન તરીકે અથવા યુનાઈટેડ નેશન્સમાં આપણા વતી કાશ્મીરનો કેસ અથવા ઈન્ટરનેશનલ કોર્ટમાં પોર્ટુગલ સામે આપણો કેસ રજૂ કરવામાં તેમણે સફળતાથી કામ કર્યું હતું. રાજ્યસભાના સભ્ય નિયુકત થયા ત્યારે પોતાના સ્વતંત્ર વિચારો આપતા. મોતીલાલ કોઈની શેહમાં તણાય તેવા ન હતા.

તેમના પિતાશ્રી સર ચીમનલાલ પેઠે, મોતીલાલે પોતાના વ્યવસાય સિવાય જીવનનાં બીજાં ક્ષેત્રોમાં બહુ પ્રવેશ કર્યો ન હતો. તેમનું વાચન વિશાળ હતું. મહત્ત્વાકાંક્ષા ન હતી. પોતાના સ્થાનથી સંતોષ હતો.

તેમનું જીવન એકધારી રીતે સુખી અને સમૃદ્ધ હતું. તેનું મુખ્ય કારણ સંયમ અને નિયમિતતા. ગૃહજીવન એટલું જ સુખી હતું. મોતીલાલ પ્રકૃતિથી સ્વલક્ષી હતા, પણ અહંભાવ ન હતો. ઘર અને કોર્ટ સિવાય બહુ બહાર જવાનું નહિ. ઉંમરના પ્રમાણમાં શરીરસ્વાસ્થ્ય બહુ સારું. અંત સુધી પ્રેકિટસ ચાલુ હતી. ચાર મહિના પહેલાં જ નિવૃત્તિ લઈ દિલ્હીથી મુંબઈ આવ્યા હતા. મૃત્યુ પણ એવું જ ધન્ય થયું. કાંઈ માંદવાડ નહિ–અચાનક દસ મિનિ-ટમાં જીવનદીપ બુઝાઈ ગયો.

૧૧-૮-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# સલામતી અને શાન્તિ

**[સોલ્ઝેનિત્સીનને રશિયામાંથી દેશનિકાલ કર્યા તે પહેલાં, ૯ ઓગસ્ટ ૧૯૭૩ને દિવસે એક પત્રકારને તેમણે મુલાકાત આપી હતી. તેમાં, રશિયામાં સ્વતંત્ર વિચારકો, સાહિત્યકારો અને વૈજ્ઞાનિકોને જે યાતનાઓ ભોગવવી પડે છે તેનું બયાન કર્યું છે. સંખ્યાબંધ એવા વિચારકોએ સત્યને તિલાંજલિ આપવા કરતાં પોતાની જાતનો ભોગ આપવાનું પસંદ કર્યું છે તેના દાખલા આપ્યા છે. પણ બધામાં આવી યાતનાઓ સહન કરવાની શકિત નથી હોતી તે પણ કહ્યું છે. મુલાકાતના અંત ભાગમાં, માણસમાં રહેલી આ બન્ને પ્રકા-રની વૃત્તિઓ, તાત્કાલિક સુખ અને સલામતીની અને બીજી તરફ સાચી અંતિમ શાન્તિ, આત્માની, અને તેને માટે પ્રાણનું પણ બલિદાન આપવાની ઋણમ વૃત્તિ અને તૈયારી, બન્ને વૃત્તિઓનું નિરૂપણ કર્યું છે. અંતે કહ્યું છે કે સત્ય માટેની આવી નીડર વૃત્તિથી જ સાચી શાન્તિ મળે છે. મુલાકાતના આ અંત ભાગનો અનુવાદ અહીં આપવામાં આવે છે. –ચીમનલાલ]**

માણસજાતમાં એક મનોવૈજ્ઞાનિક વિચિત્રતા રહેલી છે જે હમેશાં આપણું ધ્યાન ખેંચે છે: તે છે, સુખના દિવસોમાં માણસ જ્યારે નિશ્ચિંત હોય છે ત્યારે, પોતાના અસ્તિત્વના બાહ્ય છેડા પર પણ મુશ્કેલીનાં જરાસરખાં ચિહ્નોને ટાળવાં; બીજાઓની યાતનાઓ વિશે (અને પોતાની તેમ જ બીજા લોકોની ભાવિ યાતનાઓ વિશે પણ) અજાણ રહેવાનો પ્રયાસ કરવો; ઘણા સંજોગોમાં, મહત્ત્વના, મૂળભૂત અને આધ્યાત્મિક સંજોગોમાં પણ, નમતું મૂકવું - જો એમ કરવાથી પોતાના સુખના દિવસો લંબાતા હોય તો.

અને અચાનક, માણસ જ્યારે દરિદ્રતા અને નગ્નતાની અવ-દશા પામ્યો હોય અને જીવન માટે શોભારૂપ ગણાય એવું સર્વ કાંઈ ગુમાવી બેઠો હોય, તેવી છેલ્લી અવસ્થા પર તે પહોંચે છે ત્યારે, અંતિમ પળે, સ્વસ્થતા જાળવવાનું, તેમ જ પ્રાણ ભલે જાય પણ પોતાના સિદ્ધાંતો સંબંધમાં મચક નહિ આપવાનું જરૂરી આત્મબળ તેનામાં પ્રગટી ઊઠતું તે અનુભવે છે.

પહેલા ગુણને લઈને, માણસ તેણે સિદ્ધ કરેલી એક ચોક્કસ ઉચ્ચ ભૂમિકાને કદી વળગી રહી શકતો નથી. બીજા ગુણના બળે માનવજાત સર્વ પ્રકારનાં અતલ ઊંડાણોમાંથી પોતાની જાતને બહાર ખેંચી કાઢી શકે છે.

અલબત્ત, એ કંઈ ખોટું ન ગણાય જો, માણસ સુખમાં હોય ત્યારે જ પોતાના ભાવિ પતનની અને આવી રહેલી આફતની ઝાંખી મેળવી લે, અને કટોકટીની ઘડી આવે તેના થોડા સમય પહેલાં જ અમુક સહનશકિત અને ધૈર્ય દાખવે–પરિણામે, ઓછો ભોગ આપવો, પણ થોડો વહેલો આપી દેવો.

ઈતિહાસના વિનાશકારી પ્રવાહને સુલટાવવાનું અશકય છે એવી વાત, તેમ જ, આત્મશ્રદ્ધાવાન વ્યકિત જગતની સૌથી બળ-વાન સત્તા પર અસર કરી શકે નહિ એવી વાત, કદી સ્વીકારી શકાય નહિ.

છેલ્લી કેટલીક પેઢીઓના અનુભવ પરથી મને એમ લાગે છે કે, માત્ર માનવ આત્માની અડગતા, જે હિંસાના આક્રમણ સામે, બલિદાન આપવાની અને મૃત્યુને ભેટવાની તૈયારી સાથે, પોતાની જાતને દૃઢતાપૂર્વક અગ્રિમ હરોળમાં મૂકે છે, અને જાહેર કરે છે: "આથી એક ડગલું પણ આગળ નહિ"–આત્માની આ અણ-નમતા જ વ્યકિતની શાંતિના, જગતની શાંતિના અને સકળ માનવ-જાતના સાચા રક્ષણની બાંયધરી બની રહેશે એમ પૂરી રીતે સાબિત થયેલું છે.

સોલ્ઝેનિત્સીન

# ★ શ્રદ્ધાનું બળ - આત્મશક્તિ ★

અપંગતા જીવનને તીવ્રતા અર્પે છે. એક અપંગ વ્યક્તિની સમસ્યાઓ એ મોટા અક્ષરે લખેલા દરેક માણસનાં પ્રશ્નો છે. અપંગતાથી ચાર લાભ થાય છે: આપણે સૌને એકબીજાની ઘણી બધી ભિન્ન રીતે જરૂર પડે છે એવી સભાનતા; શેષ શક્તિઓની વધુ સારી કદર; અગાઉ અજ્ઞાત એવી શક્તિનો નવો સ્રોત અને વધુ વિશદ દર્શન.

અપંગતા આત્મનિર્ભરતા પર ભાર મૂકે છે. મારી મુશ્કેલી એ છે કે હું જન્મજાત અપંગ ન હતી. હું એક સમ્પૂર્ણપણે કાર્યકુશળ, સંપન્ન દેહ ધરાવતી મહિલા છું, જેને અચાનક એક અદશ્ય પણ અનિવાર્ય એવી અપંગતાના ખ્યાનમાં પૂરી દેવામાં આવી છે. હું તેની ઘૃણા અનુભવું છું. હું તેની સામે લડું છું. મારાથી બને તેટલી શક્તિશાળી બનવાના મારા પ્રયાસોમાં હું એક ઈંચ જેટલુંય નમતું આપતી નથી. બીજાં અપંગ મનુષ્યોને સક્રિય અને શક્તિશાળી બનવા માટે વધુ સખત રીતે મથવા હું પ્રોત્સાહન આપું છું.

બાળલકવાથી અંગ ખોટાં પડી જતાં હું માત્ર યાંત્રિક સાધનોની મદદથી જ શ્વાસોચ્છ્વાસ લઈ શકતી હતી. શારીરિક રીતે આવી લાચાર સ્થિતિમાં મુકાતાં હું ભયભીત બની ગઈ હતી. મારી જાતનું રક્ષણ કરવા હું સંરક્ષણની ક્રિયા પણ કરી શકતી નહિ. લોકો મારે માટે ભય અને પીડાનાં સાધન બની ગયાં. વસ્તુઓ જાણે દુશ્મન બની ગઈ. મારી પાંપણો પણ આંખમાં પડીને ખટકતી. તે કાઢવા કોઈકને બોલાવી શકું ત્યારે જ તેમાંથી છૂટતી.

પણ અપંગતા આપણી શક્તિને પણ આગળ આણે છે. તમારું મન સક્રિય રહેવું જોઈએ અને એમ કરવામાં તમે એવી શોધ કરો છો કે તમારું મન તમારા દેહનો એક ભાગ હોવા છતાં તેનાથી તદ્દન અલગ છે.

તમારી ઉપરની સાદી શ્વેત છતમાં તાકતા રહીને પડયા રહેવાના કલાકો દરમિયાન તમે તમારા મનને સારી રીતે ઓળખતા થાવ છો. તમારા માથાની પાછળ ટાલ પડી જાય છે, તમારો દેહ ખસવા માટે, ફરવા માટે કષ્ટાતો રહે છે અને અસહાયતાનાં મૂક આંસુ અવશપણે તમારા ચહેરાની બાજુઓથી વહેતાં રહી તમારા કાનમાં પ્રવેશે છે.

અપંગતા શક્તિના છૂપા તોનેઓ શોધી આપે છે. ભીતરમાં નાનું કોઈક ડૂસકાં લેતું હોય એવું તમે અનુભવો છો. એ નાનું કોઈક ઉપર-નીચે દોડાદોડી કરતું રહે છે અને દેહના એક ભાગને જરા ચેતનવંતો બનાવવા કે બીજા ભાગને થોડો વધુ આરામ આપવા મથતું રહે છે.

ડૂસકાં શમે છે ત્યારે ક્રમશ: તમે આ લઘુક કોઈકને તમારા મનના એક સાથીદારરૂપે ઓળખતા થાવ છો. આંતઃસ્ફુરણાથી ભરેલું અને ટકી રહેવાની અકલ્પ્ય શક્તિવાળું એ એક સ્વતંત્ર તત્ત્વ છે. ગણતરી કરતા તર્કશીલ મગજથી બદ્ધ એવા મન કરતાં એ કેટલું જુદું છે!

ક્રમશ: તમે એવી પ્રચંડ શક્તિ અનુભવો છો જેને તમારી દૈહિક યા માનસિક અવસ્થાઓ સાથે કશો જ સંબંધ નથી. એ અવસ્થાઓ ક્યારેક ઘણી ખરાબ હોય છે. તમે જોઈ શકો છો કે મન અને દેહને તેની સ્વાયત્ત પ્રવૃત્તિઓ તેમ જ તમે જેને સભાનપણે દોરો છો તેવી આ પ્રવૃત્તિઓ હોય છે.

તમારી આ નવપ્રાપ્ત શક્તિનો તમે આધાર લેતા થાવ છો ત્યારે લોકો કહેવા લાગે છે: 'તમને ફરી નવા તરવરાટ સાથે જોતાં કેટલું સુન્દર લાગે છે?' તમે આશ્ચર્ય અનુભવો છો. 'હું જેનો આધાર લઈ રહી છું તે શું આ છે-મારું પ્રાણતત્ત્વ?' આ પ્રાણતત્ત્વ, આ ચેતના શું છે? કોઈક મૃત્યુ પામે છે ત્યારે આપણે જોઈએ છીએ કે તેનામાંથી કશુંક ચાલ્યું ગયું છે. એ કશુંક એ જ તેનું પ્રાણતત્ત્વ-તેની ચેતના? એ પ્રાણતત્ત્વની વ્યાખ્યા આપણે કઈ રીતે બાંધી શકીએ, જે એક જ એક જીવંત યા મૃત દેહની વચ્ચેનો તફાવત સર્જે છે? મને પ્રેરક બની રહેલા આ પ્રાણતત્ત્વ અને મારા આધારરૂપ 'આયર્ન લંગ' - લોહનું ફેફસું - વચ્ચે શો સંબંધ છે?

ધર્મ અને લાગણીની વાત બાજુએ રાખીને પૂછું તો મને કઈ શક્તિઓ સંચેતના અર્પી રહી છે? 'આયર્ન લંગ' પૂરું પાડતી સામાજિક ભાવનાનું આમાં કયું સ્થાન છે? વીજળીશક્તિ યંત્રોને ધબકતાં બનાવે છે. આધ્યાત્મિક બળ એ વીજળી છે એમ કહેવાનો આશય નથી; પણ મારાં મન અને દેહ જ્યારે નિષ્ક્રિય-નિશ્ચેતન થયાં હતાં ત્યારે કઈ શક્તિઓએ મને ટકાવી રાખી?

આ ખોજનો આનંદ મારી એ શોધમાં રહ્યો છે કે હું એક વ્યક્તિરૂપે એકસાથે સંબદ્ધ ત્રણ વ્યક્તિઓ છું: ભૌતિક દેહ, મનોમય કોષ અને આધ્યાત્મિક તત્ત્વ. મને એમ લાગે છે કે બધા માનવજીવો આવી સુન્દર ત્રિમૂર્તિ છે. ગમે તેમ, આ બોધપાઠથી મને એક પરમ સુખની લાગણી ઊપજી છે. એ લાગણી એવી છે જે તમને શ્રદ્ધાની પ્રત્યક્ષ સન્મુખે મૂકી દે છે.

મૂળ લેખક : આન આર્મસ્ટ્રોંગ

અનુવાદ : હિમતલાલ મહેતા

નોંધ :

'ગાર્ડિયન'માં, શ્રદ્ધાની સન્મુખે, – ફેઈસ ટુ ફેઈથ – નામે લખાણ અવારનવાર આવે છે. સોલ્ઝેનિત્સીનના 'ગુલાગ આર્કિપેલેગો' વિષે એવા એક લખાણ ઉપરથી મેં 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં 'સનાતન પ્રશ્નો' વિષે લખ્યું છે. એવું જ એક લખાણ એક અપંગ બહેનનું વાંચી મને આનંદ થયો. તેનો અનુવાદ ઉપર આપ્યો છે. શારીરિક અપંગતા હોય કે આવે ત્યારે ભાંગી ન પડતાં, આંતરિક બળ કેળવાય અને અંતરખોજને પરિણામે દેહથી ભિન્ન કોઈ આત્મતત્ત્વ છે એવી સભાનતા થાય અને ટકી રહેવાનું બળ મળે એ અનુભવ પ્રેરણાદાયક છે. શરીર ઉપર મન અને આત્મબળની અદ્‌ભુત અસર, સારી અને નરસી બન્ને પ્રકારની થાય છે તેવો અનુભવ વિચારવંત મનુષ્યોને થાય છે. મન અન્તરમુખ થાય અને એ અગાધ સાગરમાં ડૂબકી મારી, આત્મતત્ત્વ સુધી પહોંચીએ, તે બધા ધર્મોનો સાર છે. આવા પ્રસંગે મને પંડિત સુખલાલજી વારંવાર યાદ આવે છે. ૧૬ વર્ષની ઉંમરે બન્ને ચક્ષુ ગુમાવ્યાં પણ આંતરિક શક્તિનો પ્રબળ સ્રોત વહ્યો. મેં કોઈ દિવસ તેમને નિરાશ અથવા કાંઈ પણ ફરિયાદ કરતા જોયા નથી. આત્યારે ૯૨ વર્ષની ઉંમરે પણ પૂર્ણજાગ્રત ચેતના, સ્વસ્થ દેહ અને મનપૂર્વક લાંબો સમય વાતચીત કરે એ આશ્ચર્યજનક સ્થિતિનું બળ આધ્યાત્મિક છે. રૂઝવેલ્ટને બાળલકવો થયો અને બન્ને પગે અપંગ થયા છતાં ૧૩ વર્ષ સુધી, બીજા વિશ્વયુદ્ધ જેવા વિકટ સમય દરમ્યાન, અમેરિકાના પ્રેસિડન્ટ રહ્યા. આ બહેનનો અનુભવ એવા પ્રકારનો જ છે. આપણને સૌને પ્રેરણા અને બળ આપે છે. મને પણ આવો અલ્પ અનુભવ છે.

ચીમનલાલ ચકુભાઈ

# સમુદ્રમંથન દ્વારા સમૃદ્ધિ

તાજેતરમાં વેનેઝુએલાના કારાકાસ ખાતે મળેલી આંતરરાષ્ટ્રીય દરિયાઈ પરિષદ સમુદ્ર-સંશોધન વિષે કોઈ મહત્ત્વનો નિર્ણય લઈ ન શકી એ બનાવ ખેદજનક છે. આ પરિષદમાં ભાગ લેનારા આપણા કાયદાપ્રધાન શ્રી એચ. આર. ગોખલેએ પણ આ સંબંધમાં ખેદ વ્યક્ત કર્યો છે. દરિયામાં દેશની હદ કેટલા માઈલ હોવી જોઈએ એ પ્રશ્ન વિષે પ્રતિનિધિઓ આથડી પડયા. દરિયામાં દેશની હદ આમ તો બાર માઈલ ગણાય છે, પણ ચીલી જેવા દેશો પોતાના કાંઠાથી ૨૦૦ માઈલ સુધીના જળવિસ્તાર પર પોતાનો દાવો કરે છે! જાપાનીઓ તો ક્યારેક ઑસ્ટ્રેલિયાના કાંઠા પાસેથી કાલુ માછલીઓ પણ પકડી જાય છે. અંગ્રેજો છાશવારે આઈસલૅન્ડના કાંઠા પાસેથી માછલાં પકડી જાય છે. પાકિસ્તાન આપણી સાથે સારા સંબંધ રાખશે જ એવી ખાતરી હજી આપણને મળી નથી. આથી જો તેની નજીકમાં આવેલા આપણા જળવિસ્તારમાંથી ખનિજસમૃદ્ધિ નીકળે તો તે તેની પર પોતાનો દાવો કરે ખરું.

બધા દેશોના આગેવાનોએ હવે એ વાત સમજી લેવી જોઈએ કે માનવજાતના ભવિષ્યનો આધાર હવે સમુદ્રની સમૃદ્ધિ પર છે; કેમકે ધરતી પર ખોરાકનો પ્રશ્ન વિકટ બની રહ્યો છે અને ખાણોમાં ખનિજો ખૂટી રહ્યાં છે. બીજી બાજુ, દુનિયાની વસતિ એટલી બધી ઝડપથી વધી રહી છે કે ઈ. સ. ૨૦૦૦માં તો તે બે અબજ થઈ જશે. ભારતની વસતિ તો ૨૮ વર્ષમાં જ બમણી થઈ જશે. નિષ્ણાતોના કહેવા મુજબ હાલ દુનિયાના ૨/૩ લોકોને પૂરતો ખોરાક મળતો નથી. આજે જો આવી વિકટ પરિસ્થિતિ હોય તો ભવિષ્ય કેટલું અંધકારમય છે તેની કલ્પના કરી લો.

આ પૃથ્વી પર પ્રથમ જીવન દરિયામાં પ્રગટયું હતું અને હવે જ્યારે ખોરાકનો પ્રશ્ન આટલો વિકટ બન્યો છે ત્યારે નિર્વાહ માટે માણસે દરિયા પર આધાર રાખવા સિવાય છૂટકો નથી. રત્નાકરના નામે ગવાયેલો સમુદ્ર ખરેખર રત્નોનો અને બીજી સમૃદ્ધિઓનો ભંડાર છે. આ સમૃદ્ધિ એટલા વિપુલ પ્રમાણમાં છે કે તમે કલ્પના પણ ન કરી શકો. ભાગવત પુરાણમાં સમુદ્રમંથનની વાર્તા મુજબ દાનવો અને દેવતાઓએ સમુદ્રમંથન કર્યું હતું. આમ તો આ કવિની કલ્પના છે, પણ સમુદ્રમંથન કરવું એટલે દરિયો ખેડવો, તેની સમૃદ્ધિઓનો તાગ મેળવી તેને માનવકલ્યાણમાં વાપરવી, વહાણવટા દ્વારા આયાત - નિકાસ વડે દેશની સમૃદ્ધિ વિકસાવવી.

સમુદ્રમાં કેવી સમૃદ્ધિ પડેલી છે તેનો ચિતાર કોઈ પણ વિચારશીલને ચકિત કરી દે. અમેરિકી ડૉ. લામોન્ટ કોલનું કહેવું છે કે જો દરિયાની બધી સમૃદ્ધિ બધાને સરખે ભાગે વહેંચી શકાય તો દુનિયામાંથી કાયમ માટે ગરીબાઈ હટી જાય.

આપણે ખોરાકની જ વાત કરીએ. દુનિયાની વસતિ બ્રેક વિનાની ધસી જતી મોટરની જેમ વધી રહી છે! રશિયા અને અમેરિકાને પણ ઘણી વાર ખોરાકનો પ્રશ્ન મૂંઝવે છે. ભારત તો બે દાયકાથી અનાજની આયાત વિના ચલાવી શકતું નથી. ત્યારે સમુદ્ર જ ખોરાકનો એક એવો ભંડાર છે, જે શાકાહારી અને માંસાહારી બંનેને પોષણયુક્ત ખોરાક જોઈએ તેટલા પ્રમાણમાં આપી શકે તેમ છે. જરૂર છે માત્ર 'દરિયાઈ ખેતી' અને મત્સ્ય ઉદ્યોગને વિકસાવવાની. હાલ દુનિયામાં ખોરાકની જરૂરિયાતના ત્રણ ટકા દરિયા પાસેથી મેળવવામાં આવે છે. અને જે દેશો માછલાં પકડે છે તે એવા વૈજ્ઞાનિક આયોજન વગર લૂંટ ચલાવે છે કે માછલાંની કેટલીક જાતો પર નિકંદનનો ભય તોળાઈ રહ્યો છે! વ્હેલની બાબતમાં આવું વિશેષ કરીને બન્યું છે. જીવસમાજશાસ્ત્રીઓએ તેની સામે પોકાર ઉઠાવ્યો છે. શિકારી દેશો થોડા સમય પહેલાં એવી સમજૂતી પર આવ્યા હતા કે વર્ષે ૫૦,૦૦૦ થી વધુ વ્હેલ મારવી નહીં. પણ હજી તેનું પાલન નથી થતું. ૧૯૩૮માં ભૂરી વ્હેલની સંખ્યા ૧ લાખ હતી, જે હવે ઘટીને માત્ર ૧૦૦ થઈ ગઈ છે! માછલાં વિષે પણ આવું છે. દર વર્ષે પાંચ કરોડ મેટ્રિક ટન માછલાં માણસના પેટમાં હોમાઈ જાય છે. આથી જો વૈજ્ઞાનિક આયોજન વડે દરિયાના જીવોને ઉછેરવામાં આવે તો દુનિયાના બધા માંસાહારીઓ માટે ખોરાકનો અખૂટ ભંડાર મળે. દરિયાની વનસ્પતિસૃષ્ટિ પણ આ રીતે બધા શાકાહારીઓનાં પેટ ભરી શકે એમ છે.

ખનિજોમાં તો સમુદ્ર એટલો સમૃદ્ધ છે કે ન પૂછો વાત! ઉદ્યોગો માટે જરૂરી એવાં મેંગેનીઝ, તાંબું, નિકલ, કોબાલ્ટ, મેગ્નેશિયમ, લોઢું, હીરા, ફોસ્ફરસ, એલ્યુમિનિયમ વગેરેના અખૂટ ભંડાર આ રત્નાકર પાસે છે. ઑગસ્ટની ૧લી તારીખે જ ફ્રાંસ અને અમેરિકાના સમુદ્રવિજ્ઞાનીઓએ એટલાંટિક મહાસાગરમાં 'રિફ્ટ વેલી' પાસે ૨,૭૦૦ મીટર ઊંડે મેંગેનીઝના ગઠ્ઠાથી પથરાયેલો વિસ્તાર શોધી કાઢયો હતો! દરિયાના પાણીમાં દર ઘન માઈલ દીઠ ૯.૪ ટન મેંગેનીઝ છે, ૬૧,૨૫,૦૦૦ ટન મેગ્નેશિયમ છે, ૧૮,૮૦,૦૦૦ ટન કેલ્શિયમ અને બીજાં ખનિજો છે. દરિયાના પાણીમાંથી સોનું કાઢવાના પ્રયાસ જર્મનીએ પહેલા વિશ્વવિગ્રહમાં કર્યા હતા! રાસાયણિક પ્રક્રિયા વડે તેણે પાણીમાંથી કેટલુંક સોનું છૂટું પાડયું હતું. પણ પછી યોજના સોના કરતાં વધુ ખર્ચાળ નીવડી. પૃથ્વી પર દરિયાનાં પાણીના જથ્થાનો સરવાળો કરો તો ૩૦૦,૦૦૦,૦૦૦ ઘન માઈલ થાય. આથી કોઈ વિજ્ઞાની દરિયાનાં પાણીમાંથી સોનું મેળવવાની સરળ રીત શોધી શકે તો તે દુનિયાનો સૌથી ધનવાન માણસ થઈ જાય!

નિર્વાહ માટે ખોરાક અને ઉદ્યોગો માટે ખનિજ નહીં, બલ્કે પીવા માટે મીઠું પાણી પણ દરિયા પાસેથી મેળવી શકાય એમ છે. આ દિશામાં ઘણા દેશોએ સારી પ્રગતિ કરી છે. ભારતમાં દર વર્ષે મીઠા પાણીનો દુકાળ પડે છે. ભારતમાં દર વર્ષે વરસાદ દ્વારા જે એક અબજ, ૩૫ કરોડ, ૬૦ લાખ એકર - ફૂટ પાણી પડે છે તે પૂરતું નથી. વળી, તે બધે સરખા પ્રમાણમાં પણ નથી પડતું. આથી ભારતે દરિયામાંથી મીઠું પાણી મેળવવા કારખાનાં નાખવા જરૂરી છે. દુનિયાની વાત કરીએ તો પૃથ્વીની સપાટી પર જે ૩૬ અબજ એકર ધરતી છે તેની પર સરેરાશ ૨૬ ઈંચ પડતો વરસાદ પૂરતું મીઠું પાણી આપી શકતો નથી; કેમકે તેમાંથી ૬૧ ટકા પાણી તો ધરતીમાંથી, વનસ્પતિમાંથી અને મીઠા પાણીનાં જળાશયોમાંથી બાષ્પીભવન પડે શોષાઈને પાછું હવામાં ઊડી જાય છે. બાકીનું ૩૯ ટકા પાણી સપાટી પર નદીઓરૂપે અથવા ભૂગર્ભના ઝરણોરૂપે સમુદ્રમાં જતું રહે છે! દેખીતી રીતે જ મીઠા પાણીનો પ્રશ્ન હવે બધા માટે પ્રાણપ્રશ્ન બની રહ્યો છે અને તેનો ઉકેલ હવે સમુદ્ર છે. ઈઝરાયલે દરિયા પાસેથી મીઠું પાણી લઈ વેરાન ધરતી પર નંદનવન ઊભું કર્યું છે.

માત્ર ખનિજ, ખોરાક અને પાણી જ શું કામ, દરિયા પાસેથી તો ઉપયોગી પ્રાણવાયુ અને બળતણ બાળવા માટે હાઈડ્રોજન વાયુ પણ મળે એમ છે, કેમકે પાણી પોતે જ એક ભાગ પ્રાણવાયુ અને બે ભાગ હાઈડ્રોજનનું બનેલું છે.

દુનિયાની તમામ સ્ત્રીઓને ભપકાદાર શણગારથી સજ્જ દે અને ઉદ્યોગોની માગને પણ સંતોષી શકે એટલા હીરા અને મોતી દરિયાલાલના પેટાળમાં છે! આ રત્નાકર પાસેથી અમેરિકાએ

૧૯૬૨ના ઑગસ્ટમાં આફ્રિકાના પશ્ચિમ કાંઠે તૂળિયેથી ૧૦૦,૮૦૦ ડૉલરની કિંમતના હીરા બહાર કાઢયા હતા! એ માટે છીછરા દરિયાને તળિયે ખોદકામ કરાયું હતું. ભારતની આસપાસનો દરિયો તો પ્રાચીન કાળથી મોતી આંચવા માટે પ્રખ્યાત છે. તામિલનાડુના તુતિકોરિન પાસેના દરિયામાં દર વર્ષે એપ્રિલ માસમાં મોતી મેળવવા માટે મરજીવાઓનો કાફલો હંકારે છે. કચ્છના અખાતમાં અને મુંબઈમાં કોંકણ નજીક નીકળતા મોતીનો ઉપયોગ ઘણા વૈદ્યો ઔષધ તરીકે પણ કરે છે. ઈ.સ. ૧૮૭૨ માં કેલિફોર્નિયાના દરિયામાંથી ૩૫ કેરેટનું મોતી મળી આવ્યું હતું અને સ્પેનના રાજા ફિલિપ બીજા પાસે ઈ.સ. ૧૫૭૯માં જે મોતી આવ્યું એ તો ૨૫૦ કેરેટનું હતું! આવા તો અસંખ્ય પાણીદાર મોતી આ રત્નાકરના પેટાળમાં પડયાં છે.

જાપાનના સમુદ્રશાસ્ત્રીઓ તો હવે દરિયામાંથી તેલ મેળવવાની શક્યતા તપાસવા લાગ્યા છે. અવારનવાર ધરતીકંપના આંચકા સહન કરતી જાપાનની ધરતીમાંથી કશું મળતું નથી. ખનિજો અને કાચો માલ તેણે આયાત કરવો પડે છે. આથી તેને સમુદ્રમંથન કરવાની ફરજ પડી છે. જળકૃત ખડકોવાળા છીછરા વિસ્તારમાંથી તે તેલ મેળવશે એમ લાગે છે. તેલનો દુષ્કાળ પણ હવે વિશ્વવ્યાપી છે. વિશ્વનો કારભાર તેલ પર એટલી હદે નભે છે કે ધરતી પરના તેલકૂવામાંથી તેલ ખૂટી જશે ત્યારે શું થશે તેની કલ્પના નથી થઈ શકતી. સર્વેક્ષણ મુજબ બિન-સામ્યવાદી દેશોમાં ૪૬૪ અબજ બેરલ તેલ છે, જે માત્ર ૩૫ વર્ષ ચાલશે. થોડાં વર્ષ પહેલાં એમ મનાતું હતું કે કુવૈતની ધરતીમાં તેલનો એટલો બધો ભંડાર છે કે તે ઈ.સ. ૨૦૨૬ સુધી નહીં ખૂટે. પરંતુ હવે નિષ્ણાતો સર્વેક્ષણ કરી એકમત થયા છે કે ૧૩ વર્ષ પછી કુવૈતની ધરતીમાંથી તેલનો બધો જથ્થો ખલાસ થઈ જશે.

અમેરિકાએ તેલનો એવો બગાડ કર્યો છે કે ન પૂછો વાત! એકલા અમેરિકામાં જ રોજ રાતે ૮૪,૦૦,૦૦૦ ગેલન પેટ્રોલ ખતમ થઈ જાય છે! આરબ દેશોની સમૃદ્ધિ તેમના તેલકૂવાઓને આભારી છે. પણ આગામી થોડાં વર્ષોમાં જ આ ભંડાર ઘટીને ભયજનક સપાટી પર આવી જશે. આથી માણસે ભવિષ્યમાં તેલ અને બીજા બળતણ માટે સમુદ્ર પર જ આધાર રાખવો પડશે.

દરિયાઈ સમૃદ્ધિનો આ ચિતાર એક નવો આશાવાદ પ્રેરે એમ છે. પણ એથી હાથ જોડી બેસી રહેવું નહીં પાલવે, કેમકે સમુદ્ર પોતાની સમૃદ્ધિ કંઈ સામે ચાલીને કાંઠે ઠાલવશે નહીં. એ માટે તો કપરું સમુદ્રમંથન કરવું પડશે. તીરે ઊભા રહી તમાશો જોનાર શી રીતે કોડી પણ મેળવી શકે?

ભરદ્વાજ વિજય

# ચિંતનકણિકા

★ માણસની શકિત પ્રમાણે એની પાસેથી કામ લેવું અને એની જરૂરિયાત પ્રમાણે એને વળતર આપવું. –બાકુનિન.

☆ ગીત રચવાં તે ઉત્તમ ધંધો છે, એનાથી ઊતરતો ધંધો ગીત ગાવાનો. –બેલોક.

★ એક નિર્દોષ માણસ દુઃખી થાય તેના કરતાં દસ અપરાધી છૂટી જાય તે વધારે સારું. –બ્લેકસ્ટન.

☆ ચાર શબ્દ હું લખું ને તેમાંથી ત્રણ ભૂંસી નાખું. –બ્વાલો.

★ તત્ત્વ તો આપણા અંતરમાં જ રહેલું છે, અને આપણે તેને બહાર ગોતાગોત કરીએ છીએ. –સર ટોમસ બ્રાઉન.

☆ દીકરો ગાળ કાઢે તો ડાયોજિનિસ બાપને લપાટ મારતો.–બર્ટન

★ એકેએક વસ્તુમાં અનન્ત અર્થ ભર્યો હોય છે તે ઝીણી આંખે દેખાય છે. –કાર્લાઈલ.

☆ કાલ ઓનાથી થાય તે કરી લ્યે, કેમ કે મેં આજ જીવી લીધું છે. –હોરેસ.

☆ જંગલી જનાવર રમત રમવા બીજાને મારતાં નથી. માણસ જ એક એવું જનાવર છે જેને બીજાને પીડવામાં ને મારવામાં જ મજા આવે છે. –જે. એ. ફ્રાઉડ.

☆ ભગવાન મળે તો એને હું પ્રાર્થના કરું 'હે પ્રભુ, મારા હૃદયને અયાચકવ્રત પાળવાની શકિત આપો.' –ગાલ્સવર્થી

☆ ઈંગ્લિસ્તાન એક એવો દેશ છે, જ્યાંની હવા એવી શુદ્ધ હોય છે કે તેમાં ગુલામ શ્વાસ લઈ શકતા નથી.
–ફ્રાન્સિસ હારગ્રેઈવ.

☆ મને રોવરાવવો હોય તો પહેલાં તમારે પીડા ભોગવવી જોઈએ. –હોરેસ.

☆ જે દિવસ ઊગે તે તમારો છેલ્લો દિવસ છે એમ જાણો.
–હોરેસ.

☆ સૌન્દર્ય જોનારની આંખમાં રહેલું છે. –માર્ગરેટ હંગરફૂર્ડ.

☆ એકેએક પ્રજાને એની યોગ્યતા પ્રમાણે રાજ્યકર્તા મળે છે.
–જોસફ દ મૈત્ર.

☆ ધર્મોપદેશક કહે છે કે 'હું કહું તેમ કરો, હું કરું એમ નહિ.'
–સેલ્ડન.

☆ એક માણસને મારે તે લફંગો; લાખને મારે તે મહારાજા. –ઈ. પોર્ટર.

★ પાણીનાં ટીપાં પથ્થરમાં ખાડો પાડે. –ઓવિદ.

☆ પ્રેમ વિશ્વનો વિજય કરે છે. –વર્જિલ.

☆ સાત વર્ષે એક વાર મારાં પ્રવચનમાત્ર હું બાળી નાખું છું. આજ વધારે સારું પ્રવચન ન રચી શકું તો હું લાજી મરું.
–જોન વેસ્લી.

☆ જીવન નિર્જન વનવગડા જેવું છે; મૃત્યુ આપણને મહાજનમંડળમાં પહોંચાડે છે. –એડવર્ડ યંગ.

સંકલન : દેસાઈ વાલજી ગોવિંદજી

# સારપમાં સુખ

જીવન પાસેથી હું એ શીખ્યો છું કે માણસનું સૌથી મોટું સુખ તેની પોતાની સારપમાં છે, એટલે કે કષ્ટ અને દુઃખ હોવા છતાં તે નૈતિક નિયમોનું પાલન કરે તેમાં છે. જીવનમાં મેં એમ અનુભવ્યું છે કે સારાપણાની વ્યાખ્યા કરવાનો દરેક પ્રયત્ન નિરર્થક છે, કારણકે દરેક કાર્યનાં વિવિધ પરિણામો આવતાં હોય છે. એક માણસનું હિત મોટે ભાગે બીજા માણસનું અહિત બની જતું હોય છે. સારપનું કે હિતનું નિર્ધારણ સાપેક્ષ રીતે જ કરી શકાય. આ વિશે ગીતાએ સર્વશ્રેષ્ઠ માર્ગ સુઝાડયો છે. એમાં કહ્યું છે કે માણસે પોતાનાં તાત્કાલિક કર્તવ્યોનું પાલન નિષ્કામભાવે, ઈશ્વર પ્રત્યેની સમર્પણવૃત્તિથી કરવું જોઈએ. દરેક મનુષ્યનું કર્તવ્ય, તેનો સ્વધર્મ અલગ અલગ હોય છે. એક વખતે એક કાર્ય હિતકર હોય તે જ કાર્ય બીજા કોઈ સમયે, અનુચિત હોઈ શકે.

નિઃસ્વાર્થભાવ, ઈશ્વર પર અખંડ આસ્થા તેમ જ વિવેકશકિતનો પ્રમાણિક રીતે ઉપયોગ કરીએ તો જાહેર તથા અંગત જીવનમાં પ્રસંગે પ્રસંગે પોતાનું કર્તવ્ય શું તે નક્કી કરવાનું સુગમ બની જાય છે. આ હિન્દુધર્મ કે ગીતાનો જ સંદેશ નથી, દરેક મહાન ધર્મનો ઉપદેશ છે.

રાજજી

# ☆ શરીરવિજ્ઞાન : અણઉકલ્યાં રહસ્યો ☆

વિજ્ઞાનની વાતોના એક લેખકે એક સ્થળે લખ્યું છે કે માણસના શરીરની રચના એવી અદ્‌ભુત છે કે વૈજ્ઞાનિકોએ પોતાની તમામ સિદ્ધિના પરિપાકરૂપે તૈયાર કરેલું "વીજાણુ મગજ" (Electronic Brain) શરીરની એક સામાન્યમાં સામાન્ય ક્રિયાની પાસે પણ બાળકના ખેલ જેવું છે. છેલ્લાં પચાસ વર્ષમાં યુરોપ-અમેરિકાના વૈજ્ઞાનિકો માનવશરીરની તાજુબીભરેલી અનેક ક્રિયા-પ્રક્રિયાઓનો તાગ મેળવવાની મથામણ કરી રહ્યા છે અને તેમાં તેઓને કંઈક સફળતા મળી છે. શરીરવિજ્ઞાનનો તાગ પામવા તેઓએ ઘણી મજલ કાપી છે પણ હજી તેઓ જ્ઞાનકૂપના કૂવાનો તાગ પામી શક્યા નથી. તથા ડગલે ને પગલે જીવનવિજ્ઞાનની પ્રક્રિયાઓનું એક રહસ્ય મેળવે ત્યાં તો તેને સ્થાને બીજાં નવાં નવાં રહસ્યો તેઓની સામે ખડાં થઈ જાય છે.

વૈજ્ઞાનિકોને જીવનવિજ્ઞાનનાં જે રહસ્યોનો હજુ તાગ પામવાનો છે તે એક પછી એક ગણાવવા બેસીએ તો તેનો આરો આવે તેમ નથી. નિર્જીવ સૃષ્ટિમાંથી જીવસૃષ્ટિનું સર્જન કેમ થવા પામ્યું? એવાં કયાં બળો ઉત્પન્ન થયાં કે એકાએક નિર્જીવ તત્ત્વો સજીવ બન્યાં તથા તેની વૃદ્ધિ થવા લાગી? અને નિર્જીવ સૃષ્ટિ જીવસૃષ્ટિ બની તો જીવસૃષ્ટિમાં આજે આપણને જે અનેકવિધ વૈવિધ્ય જોવા મળે છે તે વૈવિધ્યનું કઈ રીતે સર્જન થયું? શા માટે એકના એક જીવાણુઓ જ અનંત વૃદ્ધિ ન પામતા રહ્યા અને જંતુઓ, કીટકો, જળચરો, પશુઓ, પક્ષીઓ અને અંતે માનવજાત સુધી તેનો વિકાસ થવા પામ્યો?

નિર્જીવ સૃષ્ટિ અને જીવ સૃષ્ટિમાં જે ભેદ છે તે મુખ્યત્વે એ છે કે નિર્જીવ સૃષ્ટિમાં કોઈ પણ પદાર્થ આપમેળે વૃદ્ધિ પામતો નથી, જ્યારે જીવસૃષ્ટિ આપમેળે વૃદ્ધિ પામે છે. આ વૃદ્ધિની ક્રિયા કેવી છે? કઈ રીતે જીવકણો એકમાંથી બે અને બેમાંથી ચાર, અને ચારમાંથી આઠ એ રીતે વધતા જ રહે છે? અને આમ કરોડો-અબજોને હિસાબે વધવા છતાં જીવકણો એની એ રીતે કેમ વધ્યા કરે છે? જો જીવકણો એક ને એક રીતે વધ્યા કરતાં હોય તો જીવ-સૃષ્ટિમાં જે વૈવિધ્ય છે, જે કરોડો જાતનાં પશુપક્ષીઓ અને જીવ-જંતુઓ છે તથા વનસ્પતિ અને જળચરો છે તે કેમ સર્જાવા પામ્યાં?

આંખે પણ માંડ દેખાય તેવાં એક સૂક્ષ્મ જીવકણના એક બીજા સૂક્ષ્મ જીવકણના સંયોજનથી સર્જાતા જીવમાં અનેક પ્રકારના પદાર્થોના બનેલા વિવિધ અંગો બંધાય છે તે માટેના વિવિધ પ્રકારના પિંડો કઈ રીતે સર્જાવા પામ્યા?

નિર્જીવ સૃષ્ટિમાં જે પદાર્થો પ્રવર્તમાન છે તેમાં મુખ્યત્વે પાણી, હાઈડ્રોજન, ઓક્સિજન, નાઈટ્રોજન, કાર્બન એમ બહુ ઓછાં મૂળ તત્ત્વો છે. તેના પરમાણુઓ બહુ સાદા છે. જ્યારે જીવંત સૃષ્ટિમાં અત્યંત સાદામાં સાદા જીવપિંડમાં એક જ પિંડના બનેલા જીવોમાં પણ જીવનક્રિયાને ટકાવી રાખવાના આધારરૂપ મનાતા પદાર્થના પરમાણુઓ મહાકાય હોય છે. પાણી, ઓક્સિજન, નાઈટ્રોજન, કાર્બન, હાઈડ્રોજન વગેરેના પરમાણુઓ તથા તેના મિશ્ર પદાર્થોના પરમાણુઓ ભાગ્યે જ દસથી બાર કરતાં વધુ આણુઓના બનેલા હોય છે. જ્યારે જીવપિંડમાં રહેલા સાદામાં સાદા પ્રોટીનમાં એક હજાર કરતાં વધુ આણુઓ ગોઠવાયેલ હોય છે અને તેના ઘણા પ્રકારોમાં સાઠ-સિત્તેર હજાર જેટલા આણુઓ પોતપોતાની વિશિષ્ટ રીતે એકબીજાની સાથે સંકલિત બનીને રહેલા હોય છે. આ બધું કેમ બનવા પામે છે?

છેલ્લાં ચારસો વર્ષમાં પશ્ચાત્ય વિજ્ઞાનનો વિકાસ સધાયો ત્યારથી વૈજ્ઞાનિકોનો એક મોટો વર્ગ જીવાણુ દ્રવ્યોમાં રહેલા આ આણુકણોનાં વિવિધ સંમિશ્રણોને હવામાનના અને ઉષ્ણતામાનના નિરનિરાળા સંજોગોમાં નિરનિરાળી પ્રક્રિયાઓમાંથી પસાર કરવાના પ્રયોગો કરી રહ્યા છે તથા નિર્જીવ આણુકણોમાં જીવક્રિયાનો સંચાર થાય તેવા સંજોગો શોધવાના ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે. ગરમ વાયુના ગોળા જેવી પૃથ્વીનો સાડા ચાર અબજ વર્ષ પહેલાં આવિર્ભાવ થયો ત્યારે તેના પર કોઈ પણ પ્રકારના જીવનની શક્યતા હોય જ નહિ, અને એટલે આ ધગધગતાં દ્રવ્યો ઠરતાં ગયાં તથા પૃથ્વી પર નક્કર પડ બંધાવા લાગ્યું ત્યાર પછી જ જીવસૃષ્ટિ સર્જાવા પામી. વૈજ્ઞાનિકોનો આ વર્ગ માને છે કે કોઈ આકસ્મિક સંજોગોમાં જ કાર્બન, પ્રાણવાયુ, નત્રવાયુ, વગેરેના સંમિશ્રણમાં એકાએક જીવનક્રિયાનો આવિર્ભાવ થયો તથા પછી તેનો ધીરે ધીરે વિસ્તાર થવા લાગ્યો. ભૂસ્તરવિદ્યાને આધારે બે અબજ વર્ષના સમયમાં જીવસૃષ્ટિનો જે રીતે વિકાસ થયો છે તે એવો છે કે સર્વપ્રથમ અતિ સૂક્ષ્મ એવાં જીવકણોનું સર્જન થયું. પછી તેમાંથી વીરસો, બેક્ટેરિયા, જંતુ, મચ્છર, માંકડ, વાંદા, પતંગિયાં, કીડી, મંકોડા વગેરે વિકસ્યાં. એ પછી ગોચર અને અગોચર પક્ષીઓ અને પશુઓ બન્યાં તથા છેલ્લાં દસ લાખ વર્ષમાં માનવીનો વિકાસ થયો. એટલે બે અબજ વર્ષ પહેલાં પૃથ્વીના પડ પર ઊકળી રહેલા મહાસાગરના ચરુમાં પ્રાણવાયુહીન કાર્બનયુક્ત મિથેન વાયુના વાતાવરણમાં અબજોના હિસાબે અફળાતા રહેલા આણુકણોને જે અંગણિત રીતે સંમિશ્રિત થવાના સંજોગો ઉપસ્થિત થયા તેમાંથી એકાદી પ્રક્રિયા જીવનક્રિયાના સર્જન માટે અનુકૂળ નીવડી અને આ ક્રિયાને પ્રયોગ-શાળામાં ફરી મૂર્ત કરવાના સતત અખતરાઓ ચાલી રહ્યા છે.

ક્યારેક અખબારોનાં પાનાંમાં સમાચાર ચમકી જાય છે કે કોઈ વૈજ્ઞાનિકે જીવસૃષ્ટિનું સર્જન કરી બતાવ્યું છે, પણ બહુધા આવા ઘણાખરા અહેવાલો વધુ ચકાસણીમાં નાપાયાદાર નીવડ્યા છે.

તો વળી કોઈ બીજા વૈજ્ઞાનિકો એવી માન્યતા આગળ ધરે છે કે જો આકસ્મિક રીતે જ જીવનક્રિયાનો આવિર્ભાવ થયો હોય તો આટલા અબજો વર્ષના સમયમાં મહાવિશાળ મહોદધિમાં આવો કેવળ એક જ અકસ્માત કેમ થાય? અને એ પછી એવા ને એવા બીજા અકસ્માતો કેમ સર્જાય નહિ? પૃથ્વી પર જીવસૃષ્ટિનો જે રીતે વિકાસ થયો છે તે જોતાં તો એમ જ લાગે કે તેના સર્જનનો એક અકસ્માત બની ગયો અને એ પછી કેવળ એના જ પરિપાકને પરિણામે આજે આવી મહાવિશાળ વૈવિધ્યપરિપૂર્ણ જીવસૃષ્ટિ વિસ્તરવા પામી છે. એટલે આકાશમાંથી કોઈ કાળે આવો જીવકણ પૃથ્વીના પટ પર ખરી પડ્યો હોય અને વાતાવરણ તથા હવામાનના સાનુકૂળ સંજોગોમાં તેમાંથી જીવસૃષ્ટિનું સર્જન થવા લાગ્યું હોય.

અને આ બેમાંથી કઈ પ્રક્રિયાથી જીવનક્રિયાનો ઊગમ થયો હશે તેના વિશે વૈજ્ઞાનિકો હજી કોઈ પણ પ્રકારનો નિર્ણય લઈ શક્યા નથી. અને આમ હજી સુધી તો તેઓ જીવનક્રિયાનાં મૂળભૂત રહસ્યોનો તાગ મેળવી શક્યા નથી.

**મોહનલાલ પી. ગાંધી**

# રવીન્દ્ર સંગીત-સંધ્યા

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ૪૧મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે તા. ૭-૮-'૭૪ બુધવારના રોજ સાંજના ૬॥ વાગ્યે "રવીન્દ્ર સંગીત - સંધ્યા" નું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે ટાગોરપ્રેમી શ્રોતાઓથી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું.

પ્રથમ, સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે પ્રા. યશવંત ત્રિવેદીનો પરિચય કરાવ્યો હતો અને સૌને આવકાર આપ્યો હતો.

ત્યાર બાદ પ્રા. યશવંત ત્રિવેદીએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું હતું.

તેમણે કહ્યું કે, "એક માણસ કેટલી બધી સંસ્કૃતિઓ લઈને જન્મે છે? આવા માણસની ઉંમર દસ - વીસ હજાર વર્ષની હોય છે. એક જ માણસમાં વિરાટ યુગ પ્રગટ થાય તેને, મોટી ઘટના ગણાય.

"આ યુગની ત્રિમૂર્તિમાં ગાંધીજીએ 'સત્ય'નો, શ્રી અરવિંદે 'શિવ'નો અને શ્રી ટાગોરે સુંદરતાનો સંદેશો આપ્યો. એ રીતે 'સત્યં, શિવં, સુન્દરમ્' ના સૂત્રને જીવનમાં ઉતારીને, એનો લોકોને સંદેશો આપનાર આ ત્રણે વિભૂતિઓ એક જ યુગમાં પ્રગટી."

ગુરુવર્ય ટાગોર વિષે બોલતાં તેમણે જણાવ્યું કે "જ્યારે મોટું ચેતનાતત્ત્વ પ્રગટ થવા માગે છે ત્યારે તે ટાગોર જેવામાં જન્મે છે.

"એક માણસ એંસી વર્ષ સુધી સતત કાવ્યો લખતો રહે છે—જેણે એક હજાર કાવ્યો અને ચારેક હજાર ગીતો લખ્યાં છે. ગુરુવર્ય ટાગોરે પોતાનાં કાવ્યો અને લખાણો દ્વારા જે પ્રતિભા સંપાદન કરી છે, એના અનુસંધાનમાં એમ કહી શકાય કે, "રવીન્દ્રનાથે જે ન લખ્યું હોય તે બીજે ક્યાંય ન હોય. એકેએક કવિમાં ટાગોરનો પ્રાણ પ્રગટ થયેલો જોવા મળે છે. કવિ જ્યારે લખતો હોય છે ત્યારે કોઈ દેશની સીમાઓ એની સીમા બની શકતી નથી. કવિ શાન્તિ અને મૌનના સાગરને ડોલાયમાન કરી શકે છે. જ્યાં નિરવતા છે—જ્યાં શબ્દ નથી, તેની પેલે પાર જવાની ટાગોરના કવિ—હૃદયની તીવ્ર ઉત્કંઠા જોવા - જાણવા મળે છે. આવી વ્યક્તિ વિષે બીજા જન્મની સંભાવના રહેતી નથી, કેમકે તેણે સમગ્ર સાથે એકરૂપતા સાધી લીધી હોય છે, તે જીવનના અંતે સમગ્રમાં સમાઈ જાય છે.

"ટાગોરે તેમનાં છેલ્લાં કાવ્યોમાં એમ કહ્યું છે કે "હું માટીમાંથી આવ્યો છું અને માટીમાં ભળી જવાનો છું. અંતિમ સમયે મારે એટલું જ કહેવાનું છે કે લોકો પાસેથી મારી અપેક્ષા છે, થોડા સ્નેહની અને થોડી ક્ષમાની". તેમના આ ઉદ્‌ગારોને માનવજાત માટેનું વસિયતનામું ગણાવી શકાય. આપણે એમને ન ક્ષમા આપી શક્યા, ન સંપૂર્ણ સ્નેહ આપી શક્યા."

શ્રી યશવંતભાઈનું વક્તવ્ય પૂરું થયા બાદ સભાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી યશવંતભાઈને ધન્યવાદ આપ્યા હતા અને ટાગોરની મહાનતા વિષે અને તેમના વિશાળ વ્યક્તિત્વ વિષે તેમ જ તેમણે લખેલાં પુસ્તકો અને તેમાં દર્શાવેલા અને ગવાયેલા વિચારોની ઉત્તમતા વિષે અંતરના ઊંડાણના મુગ્ધ ભાવપૂર્વક પ્રશંસા કરી હતી અને ટાગોર—સાહિત્ય વાંચીને તેનો આનંદ માણવાની શ્રોતાઓને ભલામણ કરી હતી.

શ્રી યશવંતભાઈએ ટાગોરના જીવનનો અને તેમના વ્યક્તિત્વનો ખ્યાલ આપવાનો જે પ્રયત્ન કર્યો તે એવો હતો કે એક વિશાળ સમુદ્રમાં નાનકડી હોડી લઈને એક પ્રવાસી તેને પાર કરી જવાનો જાણે પ્રયત્ન કરતો ન હોય! કારણ કે તેઓ સારી એવી તૈયારી કરીને આવેલા પણ સમયનું બંધન તેમની સામે હતું. તેમની વિષયની રજૂઆત કરવાની છટા, તેમનો ભાવવાહી ટોન અને વિશાળ ફલકને આવરી લેતું જ્ઞાન શ્રોતાઓને પ્રભાવિત કરતું હતું. મને તો હમેશાં એમ લાગ્યા જ કર્યું છે કે શ્રી યશવંતભાઈને કોઈ પણ વિષય પર બોલતા સાંભળવા એ એક લહાવો છે.

શ્રી યશવંતભાઈના પ્રવચન બાદ સભાનો ઉત્તરાર્ધ સાડા સાતે શરૂ થયો હતો. ગુરુદેવનાં ગીતો સંભળાવનાર ગાયક યુગલ શ્રીમતી નલિનીબેન તથા શ્રી બળવંતભાઈ માડગાંવકર સમયસર આવી ગયાં હતાં. તેઓ તથા તેમની સાથે સમૂહગાનમાં ભાગ લેનારાં ભાઈ-બહેનો મંચ પર ગોઠવાઈ ગયા બાદ શ્રી સુબોધભાઈએ આપણા આજના મહેમાન કલાકારોને આવકાર આપવા સાથે ટૂંકમાં તેમનો પરિચય કરાવ્યો હતો; ત્યાર બાદ સંગીતનો કાર્યક્રમ શરૂ થયો હતો.

આયોજન શ્રી ઉપેન્દ્ર શાહે કર્યું હતું, જેમાં દરેક ગીતોના શબ્દો તથા તેનો ટૂંકો ભાવાર્થ શરૂમાં જ કુ. ભારતી શાહ કહેતાં હતાં. દરેક બે ગીત બાદ ત્રીજું ગીત સમૂહગાન આવનું હતું. એ રીતે એક કલાકના ગાળામાં કુલ ૧૧ થી ૧૨ ગીતો સંભળાવીને શ્રોતાઓને તેઓએ મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. ગુરુદેવનાં ભક્તિ-ગીતો સાથે વર્ષાગાન, પૂજાગીતો વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમને અંતે છેલ્લે મંત્રી શ્રી કે. પી. શાહે સૌનો આભાર માન્યો હતો અને સૌ પ્રસન્ન વાતાવરણમાં વિખરાયાં હતાં.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

# આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની ૧૨મી તારીખથી ૨૦મી તારીખ સુધી એમ નવ દિવસની ગોઠવવામાં આવી છે. તેના વ્યાખ્યાતાઓ નક્કી કરવાને લગતો પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. તેમાં મોટા ભાગના વ્યાખ્યાતાઓનાં નામો નક્કી થઈ ગયાં છે.

શ્રી રોહિત મહેતા, શ્રી ક્રીદેવી મહેતા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, ફાધર વાલેસ, શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર, શ્રી યશવંત શુક્લ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી ગોવિંદરાવ દેશપાંડે, શ્રી હરિભાઈ કોઠારી, પ્રા. રમણલાલ ચી. શાહ, પ્રા. તારાબહેન રમણલાલ શાહ, શ્રી રામુ પંડિત, શ્રી જયેન્દ્ર ત્રિવેદી વગેરેની સંમતિ આવી ગઈ છે.

આ નવે દિવસની વ્યાખ્યાન—સભાઓનું પ્રમુખસ્થાન પ્રા. રમણલાલ ચી. શાહ શોભાવશે.

વ્યાખ્યાનમાળાના આખા કાર્યક્રમની જાહેરાત આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતિ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## જૈન લોગ પ્લે અને કેસેટ રેકર્ડો (નવી આવૃત્તિ)

પરમ પવિત્ર "શ્રી ભક્તામર સ્તોત્ર (નવકારમંત્ર, માંગલિક સહ) શ્રીમદ્ રાજચંદ્રજી કૃત 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' અને 'અપૂર્વ અવસર' શીઘ્ર મેળવવા સંપર્ક સાધો: મુંબઈમાં રૂબરૂ: શ્રી પ્રભુદાસ સંઘાણી, મહેશ્વર કૃપા, ૧૪/૧૨૬, આર. બી. મહેતા રોડ, ઘાટકોપર, ફોન. ૧૨૨૯૧૭ (સવારના ૧૦-૦૦ સુધી; બપોરે ૩-૦૦ થી ૫-૦૦)

# ત્યારે વિક્ટર હ્યુગોને યાદ કરીએ

ઉનાળાના એક દિવસે, જર્સીના ટાપુ પર, જ્યાંથી રળિયામણું બંદર દૃષ્ટિગોચર થાય છે એવી એક ટેકરી ઉપર હું ઊભો હતો. તે સ્થળે મેં એક જીર્ણશીર્ણ અને સેવાળથી લથબથતો બાંકડો જોયો.

આજથી લગભગ સો વર્ષ પૂર્વે, વિક્ટર હ્યુગો દેશવટો ભોગવતો હતો, પોતાના પ્રાણપ્રિય ફ્રાન્સ દેશ વડે હડધૂત થયેલો ને બીમારી ભોગવતો ત્યારે એ રોજ સાંજે આ ટેકરી પર આવતો અને સંધ્યાકાળના આથમતા સૂર્ય સામે નીરખતાં ઊંડા ચિંતનમાં ડૂબી જતો...

જ્યારે એ સમાધિ-અવસ્થામાંથી જાગ્રત બનતો ત્યારે એ ઊભો થઈ નાના-મોટા પથ્થરો એકઠા કરી, નીચે વહેતા પાણીમાં ફેંકતો અને સંતોષ અનુભવતો.

આ સમયે, એની આજુબાજુ રમતાં બાળકો કાંઈક આશ્ચર્યભાવે એને નીરખતાં. અને આવી જ એક સાંજે, બધાં કરતાં એક હિંમતવાળી બાળકી એની આગળ આવી અને પૂછી બેઠી :

"મહાશય હ્યુગો, તમે અહીં આવીને પથરા શા માટે ફેંકો છો ?"

મહાન સર્જક નાની બાળકીનો આ પ્રશ્ન સાંભળી થોડીક પળો મૌન રહ્યો; પછી પોતાના હાથમાંનો પથ્થર એ બાળકીને બતાવી બોલ્યો :

"...આ પથરો નથી, દીકરી ! હું તો મારી જાત પરની દયાભાવનાને દરિયામાં ફેંકું છું..."

આ અર્થપૂર્ણ ક્રિયામાં આજના સમગ્ર વિશ્વ માટે એક પ્રાણવાન સંદેશો રહેલો છે. આપણને વિવિધ પ્રકારના કેટલાય લાભો મળવા છતાં, આપણામાંના ઘણા લોકોએ આપણી પોતાની જાતની દયા ખાવાની શક્તિને અસામાન્ય હદ સુધી વિકસિત કરી છે. આપણી સામાજિક, આર્થિક, રાજકીય વ્યવસ્થાના સંચાલનમાં, આપણાં વ્યક્તિગત દુઃખોનું કારણ શોધવા માટે આપણે હમેશ અતિજાગૃત રહીએ છીએ.

સવારની મોડી પડતી ગાડી, આણથી થનારા વિનાશની દહેશત, આ બંને વસ્તુઓ સરખી જ રીતે આપણને દુઃખદાયક લાગે છે.

આપણે આધુનિક જીવનની ગૂંચવણો ને તંગદિલીઓ, મુશ્કેલીઓ અને ભયો ઉપર જ જીવીએ છીએ.

મને અહીં એક વિચારક સેનેકાના શબ્દો ટાંકવાનું મન થઈ આવે છે. એણે કહ્યું છે :

"પોતાને દુઃખી બનાવતા વિચારોથી માણસને કશો ફાયદો થતો નથી; ઊલટાનું એ દુઃખકર જ હોય છે. આવું બનતાં પોતાના અન્ય બાંધવો તરફ તેની ઉદાસીનતા વધતી જાય છે. ટૂંકમાં, પોતાની જાતની દયા ખાવાની ભાવનાના મૂળમાં સ્વાર્થવૃત્તિ જ છે. જે વારંવાર પોતાને માટે જ દિલગીર થયા કરતા હોય તેઓ બીજા લોકો માટે સાચેસાચ દિલગીર થઈ શકે નહિ."

વેલ્સના ખાણવિસ્તારમાં એક જિલ્લામાં હું ડૉક્ટર હતો ત્યારે એક ખાણ મેનેજરની પત્નીને જોવા ગયો. મેનેજર સ્થૂળદેહી વાતોડિયો માણસ હતો. રવિવારે દેવળમાં તે પ્રવચનો આપતો અને ગામડાના ધાર્મિક નેતા જેવો ગણાતો. તેની પત્ની શાંત, દબાયેલી અને આદર્શ ઘરરખ્ખુ ગૃહિણી હતી અને તે પતિ તરફ નિષ્ઠાવાન સ્ત્રી હતી. તેને તપાસતાં મને ખબર પડી કે તેનું ગર્ભાશયનું દર્દ ઘણી આગળની, ઑપરેશન પણ ન કરી શકાય તે સ્થિતિમાં પહોંચી ગયું છે. દુઃખી હૃદયે મેં તેના પતિને એ સમાચાર આપ્યા કે તેની પત્ની હવે થોડા દિવસ જ જીવે તેમ છે- ત્યારે અવિશ્વાસ અને ભય વ્યક્ત કરતા તેના શબ્દો હું કદી ભૂલી શકીશ નહીં. આઘાત પામી, મારો હાથ જોરથી દબાવી એ એકદમ બોલી ઊઠ્યો : "ઓ ભગવાન ! ડૉક્ટર, તે ચાલી જશે તો મારું શું થશે ?"

અને આવો જ એક બીજો પ્રસંગ મને યાદ આવે છે :

મારા વતન સ્કોટલૅન્ડની એક સ્ત્રી ૨૬ મે વર્ષે વિધવા બની ત્યારે તેને પાંચ સંતાનો હતાં. એ ઓસી વર્ષની આયુએ પહોંચી એ દરમિયાન તો એનાં સંતાનો યુનિવર્સિટીનું શિક્ષણ પ્રાપ્ત કરી, વ્યવસાયોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યાં હતાં. જ્યારે મેં એક વખત, એમને આ સિદ્ધિ માટે પૂછ્યું તો એણે નિરાભિમાનથી કહ્યું :

"ખૂણામાં બેસી, મારી પોતાની સ્થિતિ વિશે દુઃખ અનુભવ્યા કરવાની મને આદત નહોતી." - આ સ્ત્રી મારી દાદી હતી.

રૉબર્ટ લૂઈ સ્ટીવન્સને ક્ષયરોગથી પીડાવા છતાં કેવું મહત્ સાહિત્ય સર્જ્યું છે ?

રક્તપિત્તના રોગથી લગભગ ખલાસ થઈ ગયેલા ફાધર ડેમિયને આ ભયંકર રોગથી પીડાતાં દરદીઓમાં પોતાનું અદ્‌ભુત કાર્ય કેવું ચાલું રાખ્યું હતું ?

આપણા વિચારોમાં આપણી જાતને ઘડવાની અને મૃત્યુ તરફ દોરી જવાની બંને શક્તિઓ હોય જ છે- અને એમ છતાં, આપણને આપણાં અંગત દુઃખો ઘેરી વળવાનો ડર જ લાગે તો ચૅલ્સી ભેખડ પર રાંધ્યાકાળે બેસતા વૃદ્ધ વિક્ટર હ્યુગોને આપણે યાદ કરીશું. એવું કરવા માટે, આપણે આપણાં બધાં દુઃખોને એકઠાં કરી, તેમને પથ્થરના રૂપમાં કલ્પી, આપણામાં હોય તેટલી શક્તિ વાપરીને તેમને દૂર ફેંકી દેવાનું જ રહે છે. નિઃશંક એથી મન ઘણે અંશે આશ્વા અનુભવશે ! ...

લેખક : એ. જે. ક્રોનિન અનુ. : ગુણવંત ભટ્ટ

## નથી !

તારા વિનાનું કોઈ નામ શ્વાસમાં નથી;
મારા વિના મુજના કોઈ આવાસમાં નથી.

દમ ઘૂંટવાથી શું કદી વસંત ચૂપ રહે ?
ચૈતન્ય પાનખરના કો ઈતિહાસમાં નથી.

પારસમણિ છે સ્પર્શવાને આજ પણ અધીર;
લોખંડની દીવાલો આસપાસમાં નથી.

પરોઢિયે રણરેત શીત હોય એથી શું ?
લૂ આગ સમી ઓસભીના ઘાસમાં નથી.

એ સૂર્યના પ્રકાશની પ્રતીતિ આપણી;
છો ધ્રુવડ કહે તેજ અંજવાસમાં નથી.

મૃગની તૃષા લઈને મૃગજળને માપીએ;
ન કહીં થકો પછી કે મઝા પ્યાસમાં નથી.

સંસ્પર્શ સત્યનો કદી થયો નહીં જ હોય;
કયમ કહો મૂળ દર્પણી આભાસમાં નથી.

-સુશીલા ઝવેરી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. by south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ સપ્ટેમ્બર ૧૯૭૪ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ત્યારે કરીશું શું?

જેમ જેમ રાજકીય અને ખાસ કરીને આર્થિક આંધી ઘેરી થતી જાય છે તેમ તેમ પ્રજાનો વિરોધ અને અસંતોષની જ્વાળાઓ-આસમાને ચડતી જાય છે. પરિસ્થિતિ સ્ફોટક અને અસહ્ય બનતી જાય છે. સરકાર કાંઈક પગલા લે છે. પણ આભ ફાટ્યું ત્યાં થીગડાં માર્યે શું થાય? પ્રજાની હાડમારીઓ વધતી જાય છે તેમ સરકાર સામેનો રોષ વધતો જાય છે. મોરચાઓ, ઘેરાઓ આંદોલનો, રોજિંદો ક્રમ થઈ ગયો છે. બિહારમાં વ્યાપક આંદોલન ચાલે છે. મંત્રીમંડળને હટાવવું, ધારાસભા વિસર્જન કરાવવી, તે માટે નોકરની લડત કરવી, સરકારનું બધું કામ થંભાવી દેવું. બિહારમાં વિનાશક પૂર આવ્યાં છે. લાખો માણસો સપડાયાં છે. શીતળાનો રોગ ફાટી નિકળ્યો છે. પ્રજા અને સરકારની શકિત પરસ્પર વિરોધમાં ખરચાઈ રહી છે. અત્યારે આ આંદોલન સ્થગિત કરી, પૂરના સંકટમાં સપડાયેલ લોકોને સહાય આપવામાં પ્રજાસેવકોની શકિત લગાડવા વિનંતિ થઈ, તેનો અસ્વીકાર થયો છે. હવે ઉત્તર પ્રદેશમાં એવું આંદોલન શરૂ કરવા હાકલ થઈ છે. દેશના કેટલાક ભાગમાં વિનાશક પૂર આવ્યાં છે તો બીજા કેટલાક ભાગમાં દુષ્કાળના ઓળા ઊતર્યા છે. લોકોમાં ભય, ચિન્તા, નિરાશા, વધતાં જાય છે. તે સાથે લોકમાનસમાં ઉત્તેજના અને હિંસા વધતાં જાય છે. એવી એક માન્યતા છે કે આ બધા પાપનું મૂળ વર્તમાન સરકાર છે. તેને હટાવવી એ જ એક પુરુષાર્થ છે. સરકારમાં બેઠેલા માણસો અને બીજી રાજકીય વ્યકિતઓ ઘણે દરજજે જવાબદાર છે તે નિર્વિવાદ છે. આ સ્થાને બેસવાને તેમાંના ઘણાં લાયક નથી એ પણ સાચું છે. પણ આ રોગ વધારે વ્યાપક છે. તે નહિ સમજીએ તો અત્યારે જે કરીએ છીએ તેથી બહુ લાભ થશે નહિ. એ હકીકત પ્રત્યે દુર્લક્ષ થવું ન જોઈએ. આ રોગના મૂળ ઊંડા અને વ્યાપક છે.

હમણાં ત્રણ પુસ્તકો ફરી વાંચવાની તક મળી - ટૉલ્સ્ટોયનું, 'ત્યારે શું કરીશું', રસ્કિનના અન્ટુ ધીસ લાસ્ટ' નો ગાંધીજીએ સર્વોદયને નામે કહેલ સાર અને ગાંધીજીનું હિન્દ સ્વરાજ. ત્રણે પુસ્તકો જુદી જુદી પરિસ્થિતિ લક્ષમાં રાખી લખાયેલા છે. છતાં ત્રણેમાં એક-સૂત્રતા છે. ટૉલ્સ્ટોય મોટા ઉમરાવ, ઝારના નજીકના સગા અને સમૃદ્ધ જમીનદાર હતા અને પોતાની જમીનદારીમાં રહેતા. મોસ્કો આવ્યા અને મોસ્કો શહેરમાં ગરીબોના હાલ જોઈ તેનો આત્મા કકળી ઊઠ્યો. ગામડાની ગરીબાઈ જોઈ હતી પણ શહેરની ગરીબાઈથી હેબતાઈ ગયા. એ સમભાવી હૃદયના વલોપાતમાંથી 'ત્યારે કરીશું શું'? નો આક્રંદ નીકળ્યો. ઝારશાહીના જુલમો, અમીર - ઉમરાવોના ભોગવિલાસ, પ્રજાની પરાધીનતા, આ બધું હતું. પણ બાહ્ય ચિહ્નો જોઈ ઉપર ઉપરના ઉપાયો શોધવામાં ટૉલ્સ્ટોય ન પડ્યા. એ તો પડ્યા જીવનશુદ્ધિની રહસ્યભેદી શોધમાં. પોતાનું જીવનપરિવર્તન કર્યું અને બધી વિષમતાઓના રોગના મૂળમાં ઘા કર્યો. કાકાસાહેબ કાલેલકર આ ગ્રન્થની પ્રસ્તાવનામાં લખે છે:

"આ બહુ ખરાબ ચોપડી છે. એ આપણને જાગ્રત કરે છે, અસ્વસ્થ કરે છે, ધર્મભીરુ કરે છે. આ ચોપડી વાંચ્યા પછી એશઆરામ અને મોજમજાના દૂધમાં પશ્ચાતાપનો ખારો કાંકરો પડે છે. જ્યારે પોતાનું જીવન કાંઈક સુધારીએ ત્યારે જ મનોવ્યથા ઓછી થાય. માણસાઈને જ સાવ ગૂંગળાવી મારીએ તો તો સવાલ જ નથી."

રસ્કિને અન્ટુ ધીસ લાસ્ટ લખ્યું, ઈંગ્લાંડના ઔદ્યોગિક પરિવર્તનથી સમાજમાં અસમાનતાઓ પેદા થઈ અને મજૂરોનું ભીષણ શોષણ થયું, તેનું સાચું નિદાન કરવા તે. પણ રોગના મૂળમાં ગયા. સરકાર અથવા કોઈ એક વર્ગને દોષ દેવાને બદલે સમગ્ર જીવન-દષ્ટિ ખોટી હતી, અર્થશાસ્ત્ર ખોટું હતું, નીતિનિયમવિહોણું હતું, માત્ર ધનદોલતની પાછળ ગાંડી દોટ જ હતી, તે બતાવવા.

'હિંદ સ્વરાજ'માં ગાંધીજીએ પોતાની કલ્પનાના સ્વરાજનું ચિત્ર આપ્યું છે. પશ્ચિમના સુધારાની સખત ઝાટકણી કાઢી છે. તેનો સાર એ છે કે અંગ્રેજોને હાંકીકાઢવા એટલું જ સ્વરાજ નથી. સ્વરાજ્ય એટલે મનનું રાજ્ય-જીવન પરિવર્તન.

આજે આપણે ત્યાં કાંઈક આવી જ પરિસ્થિતિ છે. કેટલીય વખત કહેવાયું છે કે વર્તમાન કટોકટી પ્રજાજીવનની નૈતિક કટોકટી છે. જેનો આપણે સામનો કરવો છે - ભ્રષ્ટાચાર, સંગ્રહખોરી, નફાખોરી, મોંઘવારી, કોઈ એક વર્ગના દોષનું પરિણામ નથી. બધા વર્ગોને લાગુ પડેલ રોગ છે. એક પક્ષને સત્તા-સ્થાનેથી કાઢશું તો બીજા કોઈક આવશે. ભૂત જશે ને પલિત જાગશે. અત્યારે સત્તાસ્થાને બેઠા છે તેમને હટાવી શકીશું. તેમને હટાવવાના ઘણાં માર્ગો છે. બિહાર મંત્રીમંડળ અને ધારા-સભાનું વિસર્જન કરવામાં શાસક પક્ષને મોટી આફત નથી. રાષ્ટ્રપતિ-શાસન થશે, પણ પ્રજાનો રોગ, પૈસા પાછળની આંધળી દોટ, કામ-ચોરી, નૈતિક ધોરણની સર્વથા અવગણના, બીજાના દોષ કાઢવાની જ વૃત્તિ-આ બધું નીવારવા શું કરવું? બહાના કાઢી આ બધાનો બચાવ જ કરીશું કે પોતાનાથી કાંઈક શરૂઆત કરીશું?

ચીજવસ્તુઓની અછત અને મોંઘવારી, ઘણે દરજજે માનવ-સર્જિત છે. સંગ્રહખોરી અને નફાખોરી અને તેને પરિણામે કાળું નાણું, કેટલેક દરજજે સરકારની ખોટી નીતિને આભારી છે તો મોટે ભાગે અનહદ લોભનું પરિણામ છે. વેપારીમંડળો સ્વેચ્છાએ કાંઈક આચારસંહિતા ન રચે? કોઈ સામાજિક દબાણ ન લવાય? કરચોરી, દાણચોરીની કોઈ હદ હોય કે નહિ? ભેળસેળ, ખોટા તોલમાપ, માત્ર કાયદાથી અટકાવી શકાય? સરકાર શું કરવાની? ગમે તેટલું કરે તો પણ પ્રજાનો સહકાર નહિ હોય તો નિષ્ફળતા મળવાની.

આડંબર અને ખોટા ખરચા, પ્રજામતના દબાણથી ઓછા કરાવવા જોઈએ. આવી વિષમ પરિસ્થિતિમાં ધન-દોલતનું પ્રદર્શન કરતાં શરમ લાગવી જોઈએ.

પ્રજાના બધા વર્ગોએ સાદાઈ અપનાવવી, આગેવાનો અને પૈસાવાળાઓ શરૂઆત કરવી.

જીવનની જરૂરિયાતો ઓછી કરી, ચીજવસ્તુની ખરીદી ઘટાડવી. શિવસેનાની લૂંટફાટ કે મોરચાઓ અને ઘેરાવથી ભાવો નહિ ઘટે.

ભ્રષ્ટાચારનું એક મુખ્ય કારણ ચૂંટણીના આનહદ ખરચાઓ છે. લાયક માણસો ચૂંટાય અને પૈસાનું જોર ન રહે એટલી પ્રજાજાગૃતિ લાવવી. ચૂંટણી ફંડોમાં કંપનીઓ તરફથી ફાળો ન આપાય એવો ચોખલીયો કાયદો રદ કરાવવો. તે માટે બધા રાજકીય પક્ષોને તૈયાર કરવા. કાગ્રેસમાં પણ ઘણા સંમતિ આપશે. ચૂંટણીઓમાં ગેરરીતિઓ અટકાવવા ચૂંટણી ધારામાં ફેરફાર કરવા હોય અને વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવા હોય તેને માટે વિચારપૂર્વકના યોગ્ય સુધારા સૂચવવામાં આવે તો સરકાર તે નહિ સ્વીકારે એમ માનવાને કારણ નથી. કોઈ પક્ષને વર્તમાન ચૂંટણી પદ્ધતિ કે શિક્ષણ પદ્ધતિમાં એનું સ્થાપિત હિત નથી કે તેમાં યોગ્ય સુધારા કરવા આંદોલન કરવું પડે.

મજૂર સંઘો રાજકીય પક્ષોના હાથા બને છે. તેમનામાં કામ-ચોરી અટકે અને પોતાનો જ સ્વાર્થ ન જોતાં દેશનું હિત પણ લક્ષમાં લે.

રાજકીય પક્ષો વિદ્યાર્થીઓનો ભયંકર દુરુપયોગ કરે છે. યુવક શક્તિને સાચી દિશા મળે. હમણાં દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થી સંઘના અધિકારીઓની ચૂંટણીઓ થઈ તેમાં રાજકીય પક્ષો કુદી પડયા અને લાખો રૂપિયાનું ખર્ચ કર્યું. શાસક પક્ષે યુવકો પોતાની સાથે છે તે બતાવવા દિલ્હીમાં સંમેલન કર્યું. અને દેશમાંથી રેલવે, બસ દ્વારા હજારો યુવક-યુવતિઓ ખડા કર્યા અને કહેવાય છે કે ૨૦ લાખ રૂપિયાનું ખર્ચ કર્યું. પાછા ફરતા આશિસ્તનું પ્રદર્શન કર્યું. આવું કરવાવાળા આગેવાનો સત્તા ઉપર રહે તે શરમજનક છે. યુવક શક્તિને ઉત્તેજવી એ આગ સાથે રમવા જેવું છે.

બધા ક્ષેત્રોમાં ઘણું રચનાત્મક કામ કરવાનું છે. અને પ્રજાને સાચું માર્ગદર્શન આપવાનું છે. પ્રજાની શક્તિ કેળવવાની છે, લોઢાના ચણા ચાવવા જેટલું અઘરું છે. પ્રજાનો માનસપલટો કરવાનો છે. ટૉલ્સ્ટોય, રસ્કિન અને ગાંધીજી આ સંદર્ભમાં યાદ આવ્યા. ખરી પ્રજાસેવા કરવી હોય તેને માટે મોટું આહ્વાન છે.

૨૮-૮-૭૪ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## બિહારની જેલોમાં

બિહારમાં આંદોલન ચાલે છે તેમાં હજારો સત્યાગ્રહીઓ પકડાયા છે. તેમના ઉપર જેલમાં કેવા જુલમો થાય છે તેનો એક કિસ્સો 'ભૂમિપુત્ર' માં શ્રી નારાયણ દેસાઈનો પત્ર તા. ૨૬-૭-૭૪ ના અંકમાં પ્રગટ થયો છે તે વાંચતાં કંપારી છૂટે છે. એક સત્યાગ્રહી અશ્વિન ચોબે ઉપર અત્યાચારો થયા તે ચોબેના શબ્દોમાં નારાયણ દેસાઈના પત્રમાં આપ્યા છે. જેલમાં ખૂબ ભ્રષ્ટાચાર ચાલે છે. કેદીઓ માટે કાંઈ માલસામાન આવે તે જેલર અને બીજાઓ પરબારો ઉપાડી જાય. તે અટકાવવા સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો. જેલરના દલાલોએ ધમકી આપી, પછી જે બન્યું તે ચોબેના શબ્દોમાં આ પ્રમાણે છે:

"તે દિવસે સત્યાગ્રહ સારુ ગેટ પર આવેલા કેદીઓને લઈને થોડી ધાંધલ થઈ. હું એક બીજી ખોલીમાં બેઠો હતો. એટલામાં અચાનક જેલની પગલી ઘંટી વાગી. બધાને અંદર પૂરવામાં આવ્યા. હું જ્યાં હતો ત્યાં પોલીસનું ટોળું આવતું જોઈને અમારા કેટલાક સાથીઓએ બારણું અંદરથી બંધ કરી દીધું. પણ પોલીસના ધક્કાથી બારણું ખૂલી ગયું. મને ખેંચીને બહાર કાઢયો. ત્યાં મને માર્યો, મારવામાં બળતણનાં લાકડાં, લોઢાના છડ, કડછી વગેરે સાધનોનો ઉપયોગ થયો હતો. મે ત્યાંથી નાસવા પ્રયત્ન કર્યો. પણ એક પોલીસે મને પગમાં માર્યું એટલે હું પડી ગયો. આ આખા પ્રસંગે જેલર સાથે જ હતા. પોલીસો મારી છાતી પર ચડી ગયા અને જોડાવાળા પગે લાતો મારી. હું જ્યાં પડયો હતો તે જગા રસોડાની નજીક હતી. એક બે જણ ત્યાંથી લોઢાના બે છડ ધખધખાવી લાવ્યા. મારી આંખમાં એ ખોસવા જતા હતા, પણ મેં આંખોને ખૂબ જોરથી મારા બે હાથ વડે દાબી રાખી. તેથી ગળા, કપાળ, છાતી અને બીજા ભાગોમા ડામ દીધા. એક બે જણ ગરમ તવો જ ઘસડી લાવતા હતા. તે વખતે જેલર ત્યાં નહોતા અને એની જગા એસિસ્ટટ જેલર શ્રી તેજનારાયણે લીધી હતી. મારી છાતી પર તવો મૂકતા શ્રી તેજ-નારાયણે એમને રોક્યા. આ વખતે બીજા સત્યાગ્રહીઓ દૂરથી આ કાંડ જોઈ શકતા હતા. એ લોકો ધારત તો ઢેફાં તો મારી શકત. પણ એ લોકો જાણે છે કે આ જયપ્રકાશજીનું આન્દોલન છે. એમણે પોકારો કર્યા: "હમલા ચાહે જૈસા હોગા, હાથ હમારા નહી ઉઠેગા" મારા માથામાં એટલું મારેલું હતું કે હું બેભાન થઈ ગયો.

"જ્યારે ભાનમાં આવ્યો ત્યારે જેલરની ઓરડીમાં સૂતો હતો. મેં પાણી માગ્યું. જેલરે કહ્યું કે "તારે લીડરી કરવી છે ને હવે પાણી માગે છે?" હું વચવચમાં ભાનમાં આવતો ત્યારે ચીસો પાડતો અને પછી બેભાન થઈ જતો. મારી ચીસો સાંભળી કોઈકે સુપરિન્ટેન્ડન્ટને ખબર આપી.

"મારવાની ઘટના લગભગ સવારે સાડા દશ વાગે બની. બે વાગે પ્રાથમિક સારવાર કરવામાં આવી. પાંચેક વાગે આચાર્ય રામમૂર્તિ મારી હાલત જોવા આવ્યા. સાત વાગે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ત્યારે મારાં શરીર પર કુલ પર ઘા હતા. ત્યાં રાતે એક વાગે હુકમ આવ્યો કે એને બેડી પહેરાવો. ડાકતરોએ કહ્યું કે કેદી મરણતોલ માર ખાઈને પડયો છે ને તમારે એને બેડી પહેરાવવી છે? ડાકતરે જવાબદારી લેવા ઈનકાર કર્યો ત્યારે જ બેડી પહેરાવવાનો વિચાર પડતો મૂકાયો. બીજે દિવસે મારી કિડનીમાં ખૂબ લોહી કેથીટર વડે કાઢવામાં આવ્યું."

શ્રી નારાયણ દેસાઈએ યોગ્ય કહ્યું છે, કે સરકારે નાગો નાચ માંડયો છે. આંદોલનનો સામનો કરવા કાયદેસર પગલાં લેવાનો સર-કારનો અધિકાર છે. પણ આવા અમાનુષી કૃત્યોનો કોઈ અધિકાર નથી, તેમ કરવા, સરકાર પોતાની ઘોર ખોદી રહી છે.

## દારૂબંધી – રેસબંધી

તામિલનાડુ સરકારે ફરીથી સંપૂર્ણ દારૂબંધી દાખલ કરી છે અને ઘોડાદોડની રેસ બંધ કરી છે. આ આવકારદાયક પગલાંઓ કોઈ રાજકીય હેતુથી લીધા કે સમાજકલ્યાણ માટે તે અત્યારે કહેવું મુશ્કેલ છે. તામિલનાડુ સરકારને અચાનક નૈતિકતાનું ભાન થયું હોય તેમ માનવાને કારણ નથી. દારૂબંધી કૉંગ્રેસની પાયાની નીતિ છે. ગુજરાત સિવાય લગભગ બધા રાજ્યોએ એને તિલાંજલિ આપી છે. મહારાષ્ટ્ર તેમાં સૌથી મોખરે છે. ત્યારે તામિલનાડુ સરકાર ફરીથી દારૂબંધી દાખલ કરે તે આશ્ચર્યજનક અને આવકારદાયક છે.

કૉંગ્રેસની મહાસમિતિની છેલ્લી બેઠકમાં કૉંગ્રેસ સભ્યોએ ખાદી પહેરવી અને માદક પીણાં ત્યજવા વિશે સૂચક ચર્ચા થઈ હતી. બન્નેનો ઉપહાસ થયો હતો. કૉંગ્રેસના ઘણાં આગેવાનો છડેચોક દારૂ પીવે છે, તે સુવિદિત હકીકત છે. તેમને દૂર કરવાની હિમત નથી. ઘોડ-દોડ જુગાર છે અને ઘણાં ખુવાર થાય છે. ઘોડાની ઓલાદ સુધારવી એ બહાનું છે. કહેવાતા ઉપલા અને શિક્ષિત વર્ગનું વ્યસન છે. ઉચ્ચસ્થાને બેઠેલ વ્યક્તિઓએ તેને પ્રતિષ્ઠા આપી છે. તામિલનાડુ સરકારને આ બન્ને પગલાંથી આર્થિક નુકસાન થશે. પણ જો તેનો બરાબર અમલ થાય તો પ્રજાને અને ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગને તેથી અનેકગણો લાભ થશે. મહારાષ્ટ્ર સરકાર અને અન્ય રાજ્યો પ્રજાની જુગારવૃત્તિને બહેકાવી રહ્યાં છે અને મીની લોટરી કાઢી ગરીબ માણસોને પણ જુગારમાં ખેંચી રહ્યા છે અને હરામનું મેળવવાની વૃત્તિને ઉત્તેજે છે. ત્યારે તામિલનાડુ સરકારનું આ પગલું સ્તુત્ય છે. આ બન્ને બાબતમાં મહારાષ્ટ્ર સરકારે માઠા મૂકી છે.

## સાયપ્રસ

ભૂમધ્ય સમુદ્રનો આ ટાપુ સદીઓથી મહાસત્તાઓના આક્રમણનો ભોગ બનતો આવ્યો છે. ૧૯૬૦ પહેલાં લગભગ એક સદી બ્રિટિશ હકૂમત નીચે હતો. ૧૯૬૦ માં આ પ્રદેશ સ્વતંત્ર થયો. ટર્કીની નજીક છે. ગ્રીસ થોડે દૂર છે. પણ સાડા છ લાખની વસતિમાં ૨/૩ ગ્રીક છે. અને ૧/૩ ટર્કી છે. બન્ને પ્રજા અમુક વિભાગોમાં વહેંચાયેલી છે છતાં અમુક પ્રમાણમાં મિશ્ર પણ છે. ૧૯૬૦માં સ્વતંત્રતા મળી ત્યારથી આર્કબિશપ મકારીઓસ શાસનના વડા રહ્યા પણ બન્ને પ્રજા વચ્ચે સંઘર્ષ ચાલુ હતો. ગ્રીસમાં ૧૯૬૭થી લશ્કરી અમલ હતો. આ લશ્કરી વડાઓએ સાયપ્રસનો કબજો મેળવવા બળવો કરાવ્યો અને મકારીઓસને સાયપ્રસ છોડી જવું પડયું. પણ ટર્કી માટે ગ્રીસ સાયપ્રસનો કબજો મેળવે તે અસહ્ય હતું. તેથી ટર્કીએ આક્રમણ કર્યું. બન્ને દેશોને અમેરિકાની વિપુલ સહાય મળે છે અને બન્ને દેશોની સરકારોને અમેરિકાનો મોટો ટેકો રહ્યો છે. બ્રિટનને પણ સાયપ્રસમાં મોટું હિત છે. સાયપ્રસના આ આંતરવિગ્રહમાં અને ટર્કી આક્રમણથી જાનમાલની મોટી ખુવારી થઈ. રાષ્ટ્રસંઘે યુદ્ધવિરામ કરાવ્યો અને જીનિવામાં વાટાઘાટો શરૂ કરી પણ નિષ્ફળ ગઈ. અને ટર્કીએ ફરી આક્રમણ કર્યું. ગ્રીસના લશ્કરી વડાઓના

આ દુ:સાહસને કારણે લશ્કરી આમલનો અંત આવ્યો. એ એક શુભ-પરિણામ આવ્યું. પણ ગ્રીસમાં આ રાજપલટો થયો તેથી ગ્રીસ ટર્કીનો સામનો કરવા અસમર્થ રહ્યું અને ટર્કીએ સાયપ્રસના ટર્કી વિભાગનો કબજો કરી લગભગ ટાપુના ભાગલા કર્યા. હજારો કુટુંબોને સ્થળાન્તર કરવું પડશે. બ્રિટન અને અમેરિકાને બન્ને પ્રજાને સાથે રાખવાના પ્રયત્નમાં નિષ્ફળતા મળી. ટર્કીએ લંબાણ મંત્રણાઓની રાહ જોયા વિના પોતાનું ધાર્યું કર્યું. બન્ને દેશો નાટોના સભ્ય છે. અને પરસ્પર આક્રમણ ન થાય તેથી વિરોધ રૂપે ગ્રીસે નાટોનો ત્યાગ કર્યો.

બીજા વિશ્વયુદ્ધ પછી દેશોના ભાગલા થવા એક ક્રમ થઈ પડયો છે. ભારતવર્ષ, જર્મની, કોરિયા, વિયેટનામ અને હવે સાયપ્રસ બધે આ ક્રિયા ચાલે છે. ઉત્તર આયર્લેન્ડમાં પણ કદાચ એમ જ થાય. એક જ ધર્મના હોય, એક જ પ્રજા હોય તો પણ ભાગલા પડે, માનવજાત સહિષ્ણુતા ગુમાવી બેઠી છે. મારે તેનું જોર. તેમાં મહા-સત્તાઓ પોતાના સ્વાર્થે એક અથવા બીજા પક્ષે રહે છે અથવા બન્ને શસ્ત્રસામગ્રી પૂરી પાડી લડાવે છે.

**અમેરિકાનો બોધપાઠ**

અમેરિકાની પ્રજા એક ભયંકર દુ:સ્વપ્નમાંથી પસાર થઈ. નવા પ્રમુખે કહ્યું. The night mare is over. નવા પ્રમુખ પ્રતિભાશાળી વ્યકિત તરીકે જાણીતા નથી. તે પ્રજાના ચૂંટાયેલા પ્રમુખ નથી. ચૂંટાયેલા ઉપપ્રમુખ પણ ન હતા. પ્રમુખપદને મોટું લાંછન લાગ્યું છે. દેશમાં અને દુનિયામાં હવે તેની ફરી પ્રતિષ્ઠા કરવા પ્રજા કટિબદ્ધ થઈ છે. વર્તમાનપત્રો, આગેવાનો, સેનેટરો, બધા પ્રમુખનાં ન ધારેલા ગુણો જોઈ તેમનો આદર અને સન્માન કરવામાં પડયાં છે. આ પ્રમુખ સાદા છે. પ્રમાણિક છે, નિખાલસ છે, પ્રજાના માણસ છે. એવા તેમના અનેક ગુણોની મુકતકંઠે પ્રશંસા થઈ રહી છે. વ્હાઈટ હાઉસ - રાજભવન - માં જાણે હવે નવી હવાનો સંચાર થયો છે એમ કહેવામાં આવે છે. ફોર્ડ ઉપ-પ્રમુખ થયા ત્યારે જાહેર કર્યું હતું કે ૧૯૭૬ માં પ્રમુખપદ માટે ઉમેદવારી નહિ કરે. હવે હિમત આવી છે અને કહ્યું છે કે ૧૯૭૬ માં ઉમેદવારી કરશે. રૉકફેલરની ઉપ-પ્રમુખ તરીકે પસંદગી કરી, પ્રમુખે પોતા માટે અને રીપબ્લિકન પક્ષ માટે સારો ટેકો મેળવ્યો છે. ભગીરથ પ્રયત્ને પ્રજા નવચેતન લાવે છે. સાચી લોકશાહીનું આ એક લક્ષણ છે. અનિષ્ટ હોય ત્યાં સામનો કરે અને જરૂર હોય ત્યારે સત્તાસ્થાને બેઠેલાનો આદર કરે. બન્ને વસ્તુ પ્રજાહિત માટે જ. એકાન્ત તોડીપાડવાની વૃત્તિ નહિ. એકાન્ત તાબે થઈ નિરાધારતા અનુભવે નહિ. લોકશકિત બન્ને દિશામાં યોગ્ય રીતે અને યોગ્ય સમયે વહે - આ બોધપાઠ લેવા જેવો છે.

૨૬-૮-૭૪ ચીમનલાલ ચકુભાઈ

# ચરમ નયણ કરી મારગ જોવતો રે ભૂલો સયલ સંસાર

**(માર્ગાનુસારિતાના માર્ગ ઉપર ચાલતા કે તે માર્ગના ખરા ઉમેદવાર ભાઈબહેનો માટે આ લખાણ છે.)**

**ચરમ નયણ કરી મારગ જોવતો રે**
**ભૂલો સયલ સંસાર**
**(શ્રી અજિતનાથજીના સ્તવનની બીજી કડીનું પ્રથમ ચરણ)**

જેમનો એકેએક આત્મપ્રદેશ અહિંસામય શ્રી જિનશાસનની ભકિતથી રંગાયેલ છે એવા યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજે પોતાની સાધના કરતાં કરતાં જિન ભગવાનના શાસનનો માર્ગ નિહાળવાનો સંકલ્પ કર્યો અને સાથે જ પોતે કઈ ભૂમિકા ઉપર છે એ તેમને બરાબર ધ્યાનમાં આવ્યું, એ હકીકતને તેમણે 'પુરુષ કિશું મુજ નામ' એમ કહીને સ્તવનની પહેલી જ કડીમાં સ્પષ્ટ કરેલ છે. અને સાથે જ શ્રી જિનશાસનના પ્રત્યેક આરાધક સાધકને પૂરેપૂરા જાગૃત પણ કરી દીધેલ છે.

યોગીરાજ પોતે તો શ્રી જિનશાસનના મર્મજ્ઞ ભકત સાધક છે એથી તેઓ પોતાની ચાલુ ભૂમિકાને વિશેષ ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ બનાવવાની કોશિશ કરતા રહ્યા છે, તે દરમિયાન તેમની તીક્ષ્ણ નજર પોતાના સમયના જૈન મુનિસંઘો તથા શ્રાવક સંઘો ઉપર ગઈ અને તે યોગીરાજે તે સંઘોને સ્થૂલ ધાર્મિક કર્મકાંડની પ્રવૃત્તિઓને 'ખરો મારગ' માનીને તેમાં રાચતા જોયા તેથી જ તેઓ કહી ઊઠયા કે ભૂલ્યો સયલ સંસાર. આ ઉપરાંત તેમણે વૈદિક બ્રાહ્મણધર્મના અનુયાયીઓ સંઘોને પણ તેવી જ વેધક નજરે દીઠા તો તેમને માલૂમ પડયું કે એ સંઘો પણ ધર્મને નામે ચાલતી સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ પ્રવૃત્તિઓના પ્રવાહમાં તણાયે જાય છે, તે જ રીતે તેમના સમયના ઈસ્લામી સંઘને પણ તેઓએ પૂર્વોકત સંઘોની જેવો જ જોયો એથી પણ એમનો ભૂલ્યો સયલ સંસારનો ઉદ્ગાર ખરા અર્થમાં સરી પડયો.

જૈન સંઘો માટે તો એમણે સ્પષ્ટ જાહેર કરી દીધું કે—

"ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણાદિ નિજકાજ કરતા થકી મોહ નડિયાં કલિકાલ રાજે."
"વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફલ સાંભળી આદરી કાંઈ રાચો"
"દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે." ઈત્યાદિ—કડી ૩-૪-૫
(શ્રી આનંદઘનજીનું શ્રી અનંતનાથનું સ્તવન)

અને વૈદિક બ્રાહ્મણ માર્ગાનુસારી સંઘોને તથા ઈસ્લામિક સંઘને તેમણે

"રામ કહો રહેમાન કહો, કોઉ કાન કહો મહાદેવરી" આ ભજનદ્વારા જ ઘણા સંક્ષેપથી પણ સ્પષ્ટ વાત સુણાવી દીધેલ છે. જૈન સંઘોને પણ આ ભજન ખરી હકીકતને અનુસરવાની ભલામણ કરે જ છે.

ઉપર જણાવેલા જૈન—અજૈન તમામ સંઘોની એની કઈ રીત-ભાતો શ્રી યોગીરાજના ધ્યાન ઉપર આવી જેથી તેમને સમગ્ર સંસારને ભુલાવા પડયાની જલદ ઘોષણા કરવી પડી તે બાબત હવે આ નીચે ક્રમથી જોઈએ

શ્રી આનંતનાથજીના સ્તવનમાં તેમણે કહેલ છે કે સંઘની આખંડતાને બાધ કરનારા એવા ઘણા ગચ્છો ઊભા થયા છે, એટલું જ નહીં, દરેક ગચ્છ પોતાની માન્યતા માટે ખેંચાતાણી કરી રહ્યો છે તથા પારમાર્થિક દૃષ્ટિએ અનુપયોગી એવી નવી નવી પ્રરૂપણા બતાવી રહ્યા છે એટલું જ નહીં, પોતપોતાની માન્યતાને સાચી ઠરાવવા સારું આગમવચનથી નિરપેક્ષ વ્યવહાર ચલાવી રહ્યો છે. વળી, એવી એવી ધર્મક્રિયાઓ બતાવી રહ્યા છે કે તે ક્રિયાઓ જોના-રાને એમ સ્પષ્ટ લાગે કે આ પ્રવૃત્તિઓ તો પેટ ભરવાની કેમ જાણે જુદી જુદી યુકિતઓ ન હોય. પેટ ભરવાની ઓટલે પ્રતિષ્ઠા મેળવવાની, સ્વચ્છંદને પોષવાની તથા પુસ્તકો વગેરેને લખાવવા સારુ ધનને મેળવવાની પ્રવૃત્તિઓ તથા વરઘોડાઓની, સામૈયાની અને પગલાં કરાવવાની વિશેષ આડંબરવાળી ધામધૂમો, વળી, પ્રતિષ્ઠાઓની વિધિઓ કે જેમાં પ્રધાનપણે દેખાવ અને આડંબર જ પ્રધાન હોય છે— તેમાં કોઈ ઈંદ્ર બને છે, કોઈ ઈંદ્રાણી બને છે, કોઈ ભગવાનનો પિતા બને છે, તો કોઈ ભગવાનની માતા બને છે તો કોઈ દિક્કુમારિકાઓનો સ્વાંગ સજે છે. આ નાટક પૂરું થયા પછી ભગવાનના પિતા બનેલા ગૃહસ્થનો અન્યાયયુકત વ્યવહાર જોઈને લોકો ભગવાનના પિતાની હાંસી પણ ઉડાવે છે તથા ભગવાનની માતાની પોતાની પુત્રવધૂઓ તરફ કષાયભરેલી કટુ પ્રવૃત્તિઓ જોઈને લોકો તેમના તરફ આંગળી ચીંધીને કહે છે કે જુઓ, આ તમારો ભગવાનની માતા. આ સ્તવનમાં શ્રી યોગીરાજ આ ધામધૂમ-પ્રિય મુનિજનોને તથા શ્રાવકસંઘને પૂછે છે કે ભાઈઓ ! તમે જ કહો કે આ રીતે દેવની, ગુરુની અને ધર્મની શુદ્ધિ કઈ રીતે રહી શકશે ?

વર્તમાનકાળમાં પણ આ અંગે કોઈ સુધારો થયો જણાતો નથી, જે સ્થિતિ તેમના સમયમાં હતી તેની તે સ્થિતિ ઘણે ભાગે યથાવત્ ચાલી રહેલ છે. ગુરુઓ પોતાની પૂજા અને આરતીમાં પડયા છે. આ સિવાય એવી જ બીજી પ્રવૃત્તિઓ પણ ચાલી રહેલ છે, જેમનો જીવનની શુદ્ધિ તથા શુદ્ધ વ્યવહાર સાથે નહીં જેવો સંબંધ છે. જેમકે (૧) મૂર્તિઓ તેમ જ શ્રાવકો તથા સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ પોતે પોતાની રાત્રિક તથા પોતપોતાની દૈનિક પાપ-કરણીઓ માટે પ્રાયશ્ચિત સારું રોજ રાઈપડિક્કમણું કરે છે અને

દૈનિક-દૈવસિક પડિક્કમણું કરે છે અને તેમાં વખતો વખત મિચ્છામિ દુક્કડં વચન બોલતા રહે છે, એ મિચ્છામિ દુક્કડં ને બોલનારા મુનિઓ,સાધ્વીજીઓ, શ્રાવકો તથા શ્રાવિકાઓને વિનયથી પૂછવાનો પ્રયત્ન કરીએ કે હે મહાનુભાવો! જે ક્રિયા તમે રોજ કરતા રહો છો તેમાંના કેટલાં સૂત્રોનાં અર્થ તમે સમજી શકો છો? અને અર્થ સમજીને તમારી પોતપોતાની કરણીઓને કેવી રીતે યાદ કરી શકો છો? અને તે બાબતનું પ્રાયશ્ચિત લેતાં તમે તરત જ શુદ્ધ કેવી રીતે થઈ જાઓ છો? 'જે કરણીઓ માટે પ્રાયશ્ચિત કરો છો તે કરણીઓને ફરી પાછી તો નહિ જ કરતા હશોને? જેમ કે, કુટુંબ-ક્લેશની પ્રવૃત્તિઓ, ખોટું બોલવાની પ્રવૃત્તિ, ચોરીની પ્રવૃત્તિ, અનાચારની પ્રવૃત્તિ, છળકપટ કે છેતરામણ કરવાની પ્રવૃત્તિ તથા ખાવાપીવાની ચીજોમાં કે દવાદારુની ચીજોમાં તથા બીજી પણ જીવનોપયોગી વસ્તુઓની અંદર ભેળસેળ કરવાની પ્રવૃત્તિ – આ બધાનું પ્રાયશ્ચિત તમે રોજ સવારે અને રોજ સાંજે કરતા જ રહો છો ને? આ બધું પોપટપંડિત જેવું તો નથી ચાલતું?

(૨) મોટાં મોટાં મહાપૂજનો કરો છો અને કરાવો છો, એમાં જે હોમહવન થાય છે એનો કોઈ અર્થ છે? ગ્રહોની પૂજા થાય છે, એ પણ કઈ જાતની ક્રિયા છે? એ બધી ક્રિયાઓમાં બોલાતાં વચનોનો કોઈ અર્થ સમજાય છે ખરો? આપ સૌના જીવન-વ્યવહાર સાથે એ બધી ક્રિયાઓનો કોઈ મેળ મળે છે ખરો? સંઘને કે સંઘની કોઈ વ્યક્તિને આવી ક્રિયાઓદ્વારા કોઈ લાભ થાય છે ખરો? એક નંબરમાં અને આ બે નંબરમાં જે પ્રવૃત્તિઓ જણાવેલ છે તે ન્યાયમાર્ગે પ્રાપ્ત કરેલા ધનથી થાય છે કે અન્યાયમાર્ગે આવેલા ધનથી થાય છે? એ માટે કોઈ વાર વિચાર થાય છે ખરો?

(૩) તમે અહિંસાની દૃષ્ટિએ ઉનું પાણી પીવાનો નિયમ પાળતા હો અને સાથોસાથ મિલો ચલાવવાનો વ્યવસાય કરતા હો તો એ બે ક્રિયાઓ વચ્ચે કોઈ મેળ મળે છે ખરો?

(૪) તિથિને દિવસે લીલું શાકપાંદડું તમે ન ખાતા હો પણ તે જ દિવસે ઘી, શિખંડ, દૂધપાક કે ભજીયાં વગેરે જમતાં તો એમ માનીને જ જમતા હશો કે ઘી, શિખંડ કે દૂધપાક વગેરેમાં તો કોઈ વનસ્પતિકાયનો જીવ મરતો નથી અને શાકપાંદાંડમાં વનસ્પતિકાયનો જીવ મરી જાય છે. વળી, તમારી એવી પણ એક સમજ છે કે તિથિને દિવસે આયુષ્યનો બંધ પ્રાયઃ પડે છે એટલે શાકપાંદડાંના જીવની હિંસા કરીએ તો ખરાબ બંધ પડે અને ઘી, શિખંડ, દૂધપાક વગેરે જમવામાં તો કોઈ સ્થાવરકાયનો જીવ મરતો નથી એટલે આયુષ્યનો સારો બંધ પડવામાં કાંઈ બાધક નથી.

૫. ઉપધાન નામનું તપ આપણા સંઘમાં ખૂબ પ્રસિદ્ધ છે અને તે વરસોવરસ વસાણું ખાવાની મોસમ શિયાળામાં પ્રાયઃ ચાલતું હોય છે. આ તપમાં આશરે ૨૦-૨૫ પકવાનો બને છે (કદાચ વધારે પણ બનતાં હશે) તો તપમાં પકવાન ખાવાનો વાંધો નહિ જ હોય? આ તપ માટે હજારો રૂપિયાનો ખર્ચ પણ થાય છે. તપ માટે ક્યાંય ખર્ચ કરવાનું સાંભળ્યું નથી, તપમાં તો ખાવા-પીવાનો તથા બીજી ભોગવૃત્તિનો ત્યાગ આવે છે, એટલે આ તપ છે કે ભોગપ્રવૃત્તિ છે? કેટલાક લોકો તો આ ઉપધાન તપને જોઈને એને ભોગતપ માનવા લાગેલ છે. વળી ગુરુમહારાજો તપ માટે જે ખર્ચ કરવાનો ઉપદેશ આપે છે તે ખર્ચ માટે ન્યાયમાર્ગે પેદા કરેલું જ ધન જોઈએ એમ નહિ કહેતા હોય? કે અન્યાય માર્ગે જે ધન પેદા કરેલ હોય તે પણ તપ માટે વાપરી શકાય એમ કહે છે? એ અંગે તમારી પાસે કોઈ ખુલાસો છે ખરો?

(૬) સંઘ કાઢવાથી કે તીર્થંકરની પ્રતિમાઓ બનાવરાવવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે એ વાત ખરી છે? નીતિને માર્ગે ધન મેળવીને સંઘ કાઢવાથી કે પ્રતિમાઓ ઘડાવવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે કે અનીતિને માર્ગે ધન મેળવીને સંઘ કાઢવાથી કે પ્રતિમાઓ ભરાવવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે?

(૭) મંદિરમાં સ્તવન કરતી વખતે જુદા જુદા અનેક ભક્ત-જનો જુદા જુદા રાગમાં સ્તવનો ગાય છે, એક બાજુ ઘંટાનાદ થાય છે અને વળી બીજી બાજુ ભક્તજનોનો ઘોંઘાટ પણ ચાલુ હોય છે તથા પૂજા વગેરેની ઉછામણીના હોકારા પણ ગાજતા હોય છે. આવી સ્થિતિમાં સ્તવનો ગાનારા એ સ્તવનો ભગવાનને સંભ-ળાવવા ગાય છે? કે એ સ્તવનોદ્વારા એ ભક્તજનોને પણ કાંઈ સમજવા વિચારવા જેવું છે ખરું?

(૮) પજોસણપર્વમાં મંદિરના અધિકારીઓ ભગવાનની માતાને આવેલાં સ્વપ્નોને કેમ જાણે ગગનમાંથી ઊતરતાં હોય તે રીતે સૌ લોકોને દેખાડે છે એ તો જાણે સૌને મનોરંજન આપે છે પણ જ્યારે એ સ્વપ્નોની પૂજાની બાબત આવે છે અને એ માટે ઘીની કે રૂપિયાની ઉછામણી બોલાય છે એ બધું ભગવાનની ભક્તિ માટે થાય છે કે પૈસા ઉપજાવવા થાય છે? કોઈ પણ ધર્મસંપ્ર-દાયમાં આવી જાતની સ્વપ્નપૂજા થતી હોય તે જાણું કે સાંભળ્યું નથી. તો શું જૈનોની ખાસ કોઈ આ નવી શોધ છે?

(૯) હાલ તો જૈન ગુરુઓના કહેવા પ્રમાણે મોક્ષનગરના બારણાં બંધ છે એટલે જે જે ધર્મ ક્રિયાઓ, પચ્ચકખાણો, ત્યાગનાં વ્રતો, મહાપૂજનો ઉપધાનો અને દીક્ષા લેવાની પ્રવૃત્તિ–આ બધી ક્રિયાઓ જીવનમાં તો કોઈ લાભકારક ફળ આપતી જણાતી નથી પણ મર્યા પછી સ્વર્ગના ફળને આપે છે. હવે સ્વર્ગમાં તો ભોગ, ભોગ ને ભોગ જ હોય છે. એક તરફ ભોગોને બંધનરૂપ માનીને વ્રત–પચ્ચક-ખાણો ચાલે છે અને બીજી તરફ તમામ ધર્મક્રિયાઓનાં ફળરૂપે સ્વર્ગ મળે છે એટલે જે માનવી તુચ્છભોગો પણ બંધનરૂપ છે તેના કરતાં અસંખ્ય ગુણ ચડિયાતા સ્વર્ગીય ભોગો મેળવવા પડે છે એમાં કાંઈ અસંગતિ તો નથી લાગતી? એક તરફ ધર્મ, બંધન-કર્તા ભોગોના ત્યાગની વાત કરે છે અને એ જ ધર્મ, બીજી બાજુ સ્વર્ગીય ભોગોને મેળવવાનું મોટું સાધન છે એમ સંભળાવ્યા કરે છે. એટલે સ્વર્ગીય ભોગોમાં હિંસા વગેરે દોષ ન લાગતાં હોવાથી એ ભોગો બંધનકર્તા નથી એવું તો નથીને?

ઉપર જણાવેલ નવ નંબરોમાં બતાવેલ સ્થૂલકર્મકાંડની પ્રવૃત્તિ પવિત્ર ધર્મને નામે આજ ઘણા સમયથી ચાલતી આવે છે અને એવી જ પ્રવૃત્તિઓ યોગીરાજના વખતમાં પણ ચાલતી હતી. માત્ર કાળભેદને લીધે સ્વરૂપમાં થોડો ઘણો ફેર હોય પણ તમામ ક્રિયાઓનું કાઠું તો એક જ ગણાય.

આ બધી પ્રવૃત્તિને તે વખતના મુનિસંઘો અને શ્રાવક-સંઘો ધરમના માર્ગરૂપ માનતા અને તે જ રીતે બહુ હોંશથી નીતિ–અનીતિનો વિચાર આણ્યા સિવાય તથા વિવેક કે માનસિક પરિસ્થિતિનો ખ્યાલ કર્યા વિના એ બધી પ્રવૃત્તિઓ જિનશાસનના માર્ગરૂપ છે, જે માર્ગે જવાથી માનવ સ્વર્ગના સુખ ઉપર આવીને પોતાના જીવનને નિર્મળ બનાવી શકે છે એમ પણ માનતા અને વર્તમાનમાં પણ લગભગ એ બધી પ્રવૃત્તિઓને ચલાવનારા એમને ધર્મનો માર્ગ માને છે અને એ તમામ પ્રવૃત્તિઓ સુંદર સ્વર્ગીય સુખનું ફળ આપનારી છે એમ સમજે છે.

[ઉપર જણાવેલ પ્રવૃત્તિઓમાં લાખો રૂપિયા ખરચાય છે ત્યારે ધર્મના આધારરૂપ સાધર્મિક જૈન ભાઈ–બહેનો બેકારીમાં સબડે છે, નિરક્ષરતાને લીધે પૂરું પોષણ મેળવી શકતાં નથી અને ભૂખના દુઃખને લીધે કેટલીક વાર પોતાના ધર્મનો પણ ત્યાગ કરે છે એ બાબત પણ એ પ્રવૃત્તિના પ્રવર્તકો કોઈ વાર વિચારે છે ખરા?]

આ બધું નિહાળીને જ યોગીશ્રી આનંદઘનજીએ કહ્યું કે દેવની, ગુરુની કે ધર્મની શુદ્ધિ કેમ રહેશે? જ્યાં નીતિનો સુદ્ધાં વિચાર નથી એને ધર્મનો માર્ગ શી રીતે કહેવાય? ભલે, આ પૂર્વોકત બધી પ્રવૃત્તિઓ તેમના પ્રવર્તાવનારોને અથવા તે પ્રવૃત્તિ-ઓને આચરનારાઓને મોજ આપતી હોય–આનંદ આપતી હોય અથવા પ્રતિષ્ઠા આપતી હોય પણ એ પ્રવૃત્તિઓને ધરમનો માર્ગ કહીને તો શી રીતે ઓળખાવી શકાય? એમ વિચારીને શ્રી આનંદઘનજીએ નિર્ભીકપણે ઘોષણા કરેલ છે કે 'ભૂલ્યો સયલ સંસાર' એમાં જૈનસંઘ પણ ભૂલ્યો છે એ વાત આવી જ જાય છે.

કમશ

**ભોગીલાલ દોશી**

# ચીનનો સમાજવાદ કેવો છે?

**['જન્મભૂમિ - પ્રવાસી' માં આ લેખકે લખેલા એક લેખમાં "વાસિલી લિયોન્ટીએફના ચીનના પ્રવાસ અંગેના મંતવ્યો જાણવા નથી મળ્યાં." એવું વિધાન ડૉ. ગેલબ્રેથનાં વિધાનોનાં ઉપલક્ષમાં કરવામાં આવ્યું હતું. એ વાંચીને એક મિત્રે 'આટલાંટિક મન્થલી'માં લિયોન્ટીએફે લખેલો એક લેખ મોકલી આપ્યો હતો. લિયોન્ટીએફ અમેરિકાના અર્થશાસ્ત્રોના મંડળના એક સમયે પ્રમુખ હતા અને ૧૯૭૩નું, અર્થશાસ્ત્ર માટેનું નોબેલ પારિતોષિક પણ એમને મળ્યું હતું. એ દૃષ્ટિએ લિયોન્ટીએફનાં મંતવ્યો જાણવા જેવાં હોવાથી, એ મંતવ્યોને આધારે "પ્રબુદ્ધ જીવન" માટેનો આ લેખ તૈયાર કર્યો છે.]**

હા, ચીનના ૮૦ કરોડ માણસો - કદાચ એથી પણ વધારે—સ્વસ્થ, હેતુલક્ષી, વ્યવસ્થિત જીવન જીવી રહ્યા છે એ સાચું છે. ત્યાં દોલતની વહેંચણી ન્યાયી રીતે થાય છે અને હાલ તરત તો બધા સામાજિક સમન્વય સાધીને, શાન્તિમાં જીવી રહ્યા છે.

બીજા કહેવાતા અર્ધવિકસિત દેશોમાં બધે જ નજરે ચઢી જાય એવી સમૃદ્ધિ અને નાણાંની છાકમ-છોળનાં નાનાં નાનાં બિન્દુઓની આસપાસ કાશ્મી વેદના રાને નિર્ભેળ ગરીબાઈના જે દરિયો ફેલાયેલો છે તે જોતાં તો ચીન અને એ બીજા દેશો વચ્ચે આટલો બધો ભેદ હોઈ શકે એ માન્યામાં પણ નથી આવતું.

હોંગકોંગની સત્તા હેઠળના પ્રદેશમાં, જે કાશ્મો ગંદવાડ, ગરીબી વગેરેનાં દર્શન થાય છે એ પ્રદેશ પૂરો થતાં જ અદશ્ય થઈ જાય છે. હોંગકોંગ - કાઉલુનથી ઊપડેલી ટ્રેન ચીની પ્રદેશમાં પ્રવેશે કે તરત જ સ્વચ્છતા અને નૈસર્ગિક સુંદરતાનાં દર્શન થાય છે. ખેતી મોટા પ્રમાણમાં થતી દેખાય છે. કેવળ હોંગકોંગ પછીના પ્રદેશમાં જ નહિ પરંતુ પેકિંગ અને નાનકિંગમાં પણ તેમ જ હેંગચાવ અને શાંઘાઈમાં પણ જાણે એકે એક માણસ કામે લાગેલું હોય એવું જણાય છે. કોઈ હળ ફેરવતું હોય તો કોઈ કાપણી કરતું હોય તો કોઈ નિંદણ કરતું હોય તો વળી નાનાં બાળકો ઢોરની સાર-સંભાળ લેતાં હોય તો માછીઓ માછી મારતા હોય એવું બધું ઠેકઠેકાણે જોવા મળે. આપણા ભારતમાં આપણને જોવા મળે છે તેવા હાથગાડી-વાળાઓ, ગધેડાંગાડીવાળાઓ અથવા તો પાડાગાડીવાળારો પણ ત્યાં પુષ્કળ છે; બાંધકામ માટેના પથ્થરથી માંડીને, ઈંટ, શેરડી અનાજ વગેરે બધુ આવી ગાડીઓમાં ખસેડાય છે. જ્યાં જુઓ ત્યાં પ્રવૃત્તિને પ્રવૃત્તિ જ દેખાય છે. એક પણ આળસુ માણસ ત્યાં નજરે પડતો નથી.

ચીન ૮૦ ટકા ખેતીવાડી પ્રધાન દેશ છે અને ત્યાંની ખેતી મધ્યયુગી નહિ તો પણ પ્રણાલિકાગત તો છે જ. પાણી સિંચવા માટે મોટરથી ચાલતો પંપ તો કોઈક ઠેકાણે જ જોવા મળે છે. ઘણાં ખરાં કામો તો બુદ્ધિપૂર્વક બનેલાં અને હાથપગ વડે ચલાવી શકાય એવાં લાકડાંના ઓજારો વડે જ થાય છે. (અને એથી જ, કદાચ બીજા બધા દેશોને નડી રહે છે એવી 'એનર્જી કાઈસીસ' ચીનને નહિ નડી રહી હોય.) હકીકતમાં તો સિનેમાનું પ્રોજેક્ટર પણ સાઈકલની જેમ પગથી પેડલ મારીને ચલાવાતું ડો. લિયોન્ટીએફે જોયું હતું.

આલબત્ત, ૧૦ થી ૬૦ હજાર માણસોનાં બનેલાં જે ખેતીવાડીના કોમ્યુનો છે તેમાં ટ્રેક્ટરો, ટ્રકો, રાસાયણિક ખાતર, બીજા યંત્રો વગેરે નજરે પડે છે, પરંતુ એનાથી પ્રણાલિકાગત કૃષિ પદ્ધતિઓ ઉપર કોઈ મોટી અસર પડી નથી. હજી સુધી ઘણાખરા ગ્રામવિસ્તારોમાં વીજળી પહોંચી નથી - જો કે આ અંગેની કોઈ સત્તાવાર માહિતી પણ પ્રાપ્ત થતી નથી.

પ્રજાનું ખમીર પ્રજાના ટોળાંનું નિરીક્ષણ કરવાથી માલમ પડે છે અને ચીની પ્રજાનાં જે ટોળાં લિયોન્ટીએફે જોયાં તેમાં તેમને આનન્દ, ઉલ્લાસ, સ્વચ્છતા અને કામ કરવાની તમન્ના જણાઈ હતી. પ્રોફેસરથી માંડીને નિશાળમાં ભણતાં બધાં છોકરા છોકરીઓને શારીરિક પરિશ્રમ કરવો જ પડે એવી ચીનની સમાજવ્યવસ્થા છે અને પરિણામે લિયોન્ટીએફે, નિષ્ણાત કહિયે જે દક્ષતાથી ભીંત બાંધે તે દક્ષતાથી ભીંત બાંધતી હાઈસ્કૂલની બાળાઓ પણ જોઈ હતી અને નિષ્ણાત ઈજનેરોથી દક્ષતાપૂર્વક રેલવેના પાટાઓ બાંધતા રંગરૂટો પણ જોયા હતા. ચીનમાં, લશ્કરી સેવા ફરજિયાત છે છતાં એ લશ્કર પાસે બધું જ કામ કરાવવામાં આવે છે. કોઈ કામ ન હોય તો લશ્કરનાં માણસો કે હાઈસ્કૂલના નિશાળિયાઓ, બગીચામાંનું ઘાસ કાપવા પણ મંડી જાય છે. એને કારણે જ કદાચ આખા ચીનમાં બગીચાઓની સાફસફાઈ આંખને ઠારે એવી હોય છે.

સમાનતાવાદની ચીનની ભાવનાનું સૌથી વધારે નજરે ચઢી આવતું તત્ત્વ હોય તો તે સ્ત્રીઓ અને પુરુષોનો એકસરખો પોષાક. ઢીલું શર્ટ અને પાટલુન જ ત્યાં બધા પહેરે છે. પણ એ પોષાક બધાને જ સોંઘે ભાવે મળી રહે છે. કોઈ ચીંથરેહાલ માણસ તમને ત્યાં નહિ દેખાય, કોઈ ભૂખ્યો માણસ નહિ દેખાય, કોઈ માંદો માણસ નહિ દેખાય. એશિયા, આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને ખુદ યુનાઈટેડ સ્ટેટ્સના ખૂબ દક્ષિણમાં આવેલા કેટલાક પ્રદેશોમાં તો પ્રવાસીઓને આવું ઘણું જોવા મળે છે.

ચીનની માથાદીઠ વાર્ષિક આવક અમેરિકાની માથાદીઠ વાર્ષિક આવકના વીસમા ભાગ કરતાં પણ ઓછી છે છતાં અમેરિકા વગેરે દેશોમાં ખોરાક, કપડાં વગેરે પાછળ જે ખર્ચ થાય છે તેનો એક નાનો ગાંશ જ, આ પ્રાથમિક જરૂરિયાતો પાછળ ચીનમાં ખર્ચવો પડે છે, એટલે ચોમ જરૂર કહી શકાય કે અમેરિકાના નીચલા થરના વર્ગો કરતાં ચીનના સામાન્ય નાગરિકનું જીવનનું સ્તર ઊંચું છે. આ સામાન્ય શબ્દમાં બધું જ આવી જાય છે - એ લગભગ ચીનના બધા જ નાગરિકોને લાગુ પડે છે.

અમેરિકામાં ખાનગી મોટરગાડી જે ભાગ ભજવે છે તે જ ભાગ ચીનમાં બાઈસિકલ ભજવે છે. ચીની કામદાર બાઈસિકલ પર બેસીને કામે જાય છે તો પિકનિક પર પણ જાય છે અને બાઈસિકલ સાથે જોડેલાં ટ્રેલરમાં ભાર મૂકીને એની હેરફેર પણ કરે છે. ચીનમાં મિ. વાંગ પાસે મોટર હોય અને મિ. વોંગ પાસે બાઈસિકલ હોય તો સંભવતઃ માનસિક સંતાપ ઊભો થાય પણ મિ. વાંગ અને મિ. વોંગના જીવન ધોરણ વચ્ચે કોઈ મોટો ભેદ ન હોય તો પછી સંતાપનું કારણ જ ન રહે. આ અને, જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં મળી રહે એવી વહેંચણીની વ્યવસ્થા એ ચીની પ્રજાના સંતોષના મૂળમાં છે એવો નિષ્કર્ષ ડૉ. લિયોન્ટીએફનાં વિવરણ પરથી નીકળી શકે.

ચીનમાં, ચોખા તથા બીજું અનાજ, ખાવાનું તેલ અને સુતરાઉ કાપડ એ ત્રણનું રેશન છે. અનાજનું રેશન તો ભર પટ્ટે મળે છે. દરેક માણસને રોજના એકથી દોઢ રતલ ચોખા મળે છે. સુતરાઉ કાપડ ઓછું મળે છે - બે કોટ, બે શર્ટ અથવા બે બ્લાઉઝ અને બે પાટલૂન જેટલું જ પણ રેયોન, ઊની કાપડ અને બીજાં કૃત્રિમ રેષાઓનાં કાપડ ઉપર કશું રેશન નથી. વળી દરેક માણસ કામ પર જાય ત્યારે પહેરવાનાં જુદાં કપડાં આપવામાં આવે છે. (આપણે અત્રે એ યાદ રાખવાની જરૂર છે કે મુંબઈમાં દર માણસે દર મહિને બે કિલો ચોખા અને ચાર કિલો ઘઉં અપાય છે. આના કરતાં ચીનનું રેશન બેવડું છે.)

ચીનમાં આર્થિક આયોજનમાં વિકેન્દ્રીકરણના સિદ્ધાન્તને મુખ્ય ગણવામાં આવ્યો છે અને એથી જ એ મોટા દેશનાં વાહનવ્યવહારના

સાધનો પરની તાણ ઓછી થઈ છે. સ્થાનિક પરિશ્રમ અને સ્થાનિક પહેલને ત્યાં વધુમાં વધુ ઉત્તેજન અપાય છે.

ચીનમાં ઈન્કમ ટેક્સ નથી પરંતુ એગ્રીકલ્ચરલ ટેક્સ છે. આ ટેક્સ ખેતીવાડીની ઉપજ પર નખાય છે અને વરસો પહેલાં જેટલો હતો તેટલો જ આજે છે. એટલે કે વર્ષો પહેલાં ખેતીવાડીની નીપજનો જે ભાગ સરકારને આપવાનો રહેતો એટલો જ આજે પણ આપવાનો રહે છે. આનો અર્થ એ થયો કે ઉત્પાદન વધે તેની સાથે આ ટેક્સ ઘટતો જાય. આની સાથે સરકાર પોતાને મળતાં ખેતીનાં ઉત્પાદનોની પણ વધારે કિંમત આપવા મંડી છે એટલે ખેતીવાડી ઉપરનો ટેક્સ પહેલાનાં કરતાં અરધો થઈ ગયો છે. પ્રજાને આપાતી ખેતીવાડીની ચીજોના ભાવ આલબત્ત સ્થિર રહ્યા છે. આ ઉપરાંત ચીનમાં યુનિવર્સલ સેલ્સ ટેક્સ જેવું પણ કાંઈ છે જે બધી કારખાનાઓમાં બનતી ચીજો પર લેવાય છે. મોજશોખની ચીજો પર જાચીમ કર લેવાય છે.

વળી ચીનની એક ખાસિયત એ છે કે શહેરોમાંથી યુવાનોની રોતસરની હેરફેર કરીને તેમને ગામડાંમાં લઈ જવામાં આવે છે. હાઈ-સ્કૂલમાંથી પાસ થયા પછી છોકરા-છોકરીઓને બેથી ત્રણ વર્ષ સુધી ગામડાંઓના ખેતીવાડીના કોમ્યુનોમાં મોકલી આપવામાં આવે છે. આને માટેની પૂર્વ તૈયારી રૂપે, અઠવાડિયાના છ દિવસમાંથી એક દિવસ કોઈ વર્કશોપમાં કે બીજી એવી ઉત્પાદક પ્રવૃત્તિમાં કિશોર કિશોરીઓને રોકી રાખવામાં આવે છે. આવાં કિશોર-કિશોરીઓને સાઈકલનાં પૈડાં બનાવતાં ડૉ. લિયોન્ટીએફે જોયાં હતાં તો કેટલાકને ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મરોનાં બીબાં બનાવતાં જોયાં હતાં. વળી ૧૦-૧૧ વર્ષનાં બાળકોને લાકડાંનાં સુંદર ખોખાં બનાવતાં પણ તેમણે જોયાં હતાં. કૉલેજના છોકરાઓ તો, અદ્યતન પ્રકારનાં સફાઈદાર ગણાય એવાં વિજાણુ સાધનો બનાવતા પણ તેમણે જોયા હતા. આમાં આઈ.સી. (ઈન્ટિગ્રેટેડ સરકિટ) ઈન્ડસ્ટ્રિયલ લેઝર જેવાં સાધનોનો પણ સમાવેશ થતો હતો.

ડૉ. લિયોન્ટીએફ તો કહે છે કે અમેરિકામાં પણ જે સામાજિક સેવાઓ મર્યાદિત પ્રમાણમાં મળે છે તેવી સેવાઓની ત્યાં પૂરતા પ્રમાણમાં જોગવાઈ છે. કામ પર જતી બાળકોવાળી માતાઓને તો ખૂબ છૂટ અપાય છે.

ડૉ. લિયોન્ટીએફની સાથે દુભાષિયા તરીકે કામ કરતી યુવતી અને તેના પતિને, પૅકિંગમાંના તેમના નાના ફ્લેટ માટે વરસે-હા વરસે દહાડે માત્ર રૂા. ૧૦૦ જેટલું જ ભાડું આપવું પડતું હતું. રોજી, રોટી અને રહેઠાણ એ માનવીની ત્રણ પ્રાથમિક જરૂરતો કેટલા સોંઘા ભાવે ચીનમાં પૂરી પાડવામાં આવે છે તે આના પરથી જણાય છે.

ચીનમાં ઘરડાં માબાપોને પાળવાની જવાબદારી આપણે ત્યાં છે તેમ રોમનાં બાળકોની છે. જો કોઈને બાળકો ન હોય તો, કોમ્યુનો એ જવાબદારી ઉઠાવી લે છે. એમને એક જુદું ઘર આપવામાં આવે છે અને વૃદ્ધો બબ્બે ચાર ચાર દિવસ કોમ્યુનોના સભ્યોને ત્યાં જમી આવે છે. આ વ્યવસ્થામાં પૌરત્ય માનસનાં દર્શન નથી થતાં શું?

ચીનનો વસતિનો પ્રશ્ન આપણા કરતાં પણ વિકટ છે અને તેથી ત્યાં સંતતિનિયમન ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. સંતતિ-નિયમનની ગોળીઓ મફત અપાય છે અને ગર્ભપાત માટેની ફી માત્ર ત્રણ રૂપિયા છે.

લિયોન્ટીએફે પોતાના લેખના અંતે ચીનના અર્થકારણની પણ વાત કરી છે. ઘણા સમાજવાદી અને બિનસમાજવાદી દેશોએ વિકાસનાં જે પગલાંઓને અગ્રક્રમ આપ્યો છે તેના કરતાં ઊંધો જ અગ્રક્રમ ચીનમાં આપવામાં આવ્યો છે. ચીનમાં સૌથી પહેલી અગત્ય ખેતીવાડીને આપવામાં આવી છે. એ પછી નાના ઉદ્યોગોને અગત્ય અપાય છે અને એ પછી છેલ્લે મોટા ઉદ્યોગોને સ્થાન અપાયું છે. આનો અર્થ એ થયો, કે ઉદ્યોગોમાં જંગી રોકાણ કરવાને બદલે વપરાશની સપાટી ઊંચી લાવવામાં તેઓ માને છે. આનો અર્થ આલબત્ત, એ નથી થતો કે ત્યાં ઔદ્યોગિક વિકાસ નથી થતો. ત્યાં ૭ ટકાથી પણ વધારે વિકાસનો વેગ છે.

ઉદ્યોગોમાં થતું રોકાણ સરકારી નાણાં ઉપરાંત લોકોની બચતના નાણામાંથી પણ થાય છે. બચતનો દર ૧૦ ટકા જેટલો ઊંચો છે.

ચીનમાં આલબત્ત, શિક્ષણ સિવાયની બીજી સામાજિક સેવાઓ તદ્દન મફત નથી મળતી. ડૉક્ટરને કન્સલ્ટ કરવાની ફી લગભગ ૭૫ પૈસા જેટલી છે. હૉસ્પિટલમાં એક દિવસ રહેવાના ચાર રૂા. અને દવા દારૂના રૂા. અઢી જેટલો ખર્ચ થાય છે. જો કે આ ખર્ચ કર્મચારી જે કારખાનાં કે કોમ્યુન કે બીજે ક્યાંય કામ કરતો હોય તે ભોગવે છે. એટલે કર્મચારીને તો કશું આપવાનું રહેતું નથી.

ડૉ. લિયોન્ટીએફે ચીનના ઉદ્યોગોની સ્થિતિ વિશે વિગતવાર વર્ણન કર્યું છે પણ એનું નિરીક્ષણ કોઈક બીજા વખતે કરવાનું રાખીને એક છેલ્લી વાત પર નજર ફેંકીને આજનો લેખ પૂરો કરીશું.

ડૉ. લિયોન્ટીએફ કહે છે કે દુનિયાના ઘણા દેશો એવા છે કે જે પોતાને ત્યાં ચીનના કરતાં માથાદીઠ આવક ઘણી વધારે છે એવી બડાશ મારે છે અને સાથોસાથ પોતાને ત્યાં વિકાસનો વેગ પણ ઘણો મોટો છે એવું કહે છે; પરંતુ આ બધા દેશોમાં ગરીબો અને ધનવાનો વચ્ચેનો ગાળો સાગર જેટલો વિશાળ છે; પરંતુ આ બધા દેશોનું મૂલ્યાંકન આપણે સરેરાશ માથાદીઠ આવકના ધોરણે ન કરીએ અને એ દેશોની સરેરાશ વસતિના ૫ થી ૧૦ ટકા જેટલા સૌથી વધારે ગરીબ વર્ગને કેટલી માથાદીઠ આવક મળે છે એ ધોરણે જો મૂલ્યાંકન કરીએ તો ચીનનો નંબર ઘણો ઊંચો આવે એમ છે. સમાજ-વાદી ચીનની એ એક આગવી સિદ્ધિ છે કે એની સરેરાશ માથાદીઠ આવક ઘણી ઓછી હોવા છતાં ત્યાં કોઈ કારમી ગરીબીમાં સબડતું નથી. કામના પ્રમાણમાં પગાર આપાતો ન હોવા છતાં કામ કરી શકે એવા બધા માણસોને કામ આપવામાં આવે છે અને સૌથી અગત્યનું તો એ છે કે જેને જેને જે જે કામ સોંપવામાં આવે છે તે ખંતથી અને આનન્દથી કરતા જણાય છે.

ચીનની સરકારની નીતિ જેટલું આપી શકાય તેટલા અંશેનું જ વચન આપવાની જણાય છે. ઘણી ખરી ઘરવપરાશની ચીજોના ભાવ વરસોથી એક જ સપાટીએ બાંધી રખાયા છે. એ શા માટે એવું જ્યારે ડૉ. લિયોન્ટીએફે ચીનાઈ અર્થશાસ્ત્રીઓને પૂછ્યું ત્યારે તેમણે પ્રસંગોપાત્ત ઊભા થતા આઘાત પ્રત્યાઘાતોને ઝીરવવાની શક્તિ આ જડ નીતિમાં નથી એ વાતનો સ્વીકાર કર્યો હતો. પરંતુ તેમણે જણાવ્યું હતું કે ભાવો જો ઊંચા નીચા થતા રહે તો પ્રજાનું ધ્યાન બીજે દોરવાઈ જાય અને એ થતું અટકાવવા જ આવી જડ નીતિ અપનાવવામાં આવી છે.

ડૉ. લિયોન્ટીએફ અંતમાં આલબત્ત એવો અભિપ્રાય વ્યક્ત કરે છે કે ચીની પ્રજા જ્યારે વધારે સમૃદ્ધ થશે ત્યારે તેમનામાં સ્વાતંત્ર્યની ભૂખ જાગશે જ કારણ કે એ ભૂખ પણ અન્ન માટેની ભૂખ જેવી એક મૂળગત ભૂખ છે. આજે તો ચીનમાં વાણીસ્વાતંત્ર્ય જેવું કાંઈ છે જ નહિ. વિચારસ્વાતંત્ર્ય પણ નથી કારણ કે નેતાઓને કદાચ એવું લાગે છે કે આવા શોખ એક જ ધ્યેયને અનુસરતી ચીની પ્રજાને પોષાય નહિ; પરંતુ આ કાંઈ અંતનો છેડો નથી. ખોરાકની જેમ સ્વતંત્રતા એ પણ અંગત સંતોષનો એક વિષય છે. એ સંતોષ જો ન મળે તો સમાજનું સ્વાસ્થ્ય જોખમાય. ચીનમાં થયેલી સાંસ્કૃતિક ક્રાન્તિ જેવી પ્રક્રિયાઓ આ સ્વાસ્થ્યને ટકાવી રાખવામાં થોડો વખત સહાયભૂત થાય પણ ખરી-અને ન પણ થાય.

**મનુભાઈ મહેતા**

# નિરંજન ભગત

## તજ જેવી તીખી મીઠાશનું વ્યક્તિત્વ અને તરવરતું, તટસ્થ તથા તલસ્પર્શી કવિત્વ

કદાચ ૧૯૪૦-૪૧નું વર્ષ હશે. અમદાવાદમાં "કુમાર" કાર્યાલયની દર બુધવારે યોજાતી કવિ સભામાં કોઈ એક બુધવારે અમે થોડાક કવિમિત્રો બેઠા હતા. જગ્યા નાની અને તે દિવસે સંખ્યા વધી ગઈ. ત્યારે એક પાતળો યુવાન આવ્યો અને કમ્પોઝીટરના ઊંચા સ્ટૂલ પર પાછળ બેસી ગયો હતો. બુધ કવિસભામાં તાજી લખેલી અમારી કવિતા, અમારામાંના બે-પાંચ જણાની કવિતાનું અથવા બહારગામથી "કુમાર" માટે આવેલી કવિતાનું જાહેર વાચન થતું અને ત્યાં ને ત્યાં તેના પર ચર્ચા થતી, ટીકા થતી. એ ચર્ચા દરમિયાન આ યુવાન જે નિર્ભેળ, નિખાલસ અને નિર્ભીક વાણી ઉચ્ચારતો... પોતે ભલે ઊછરતો કવિ હતો, પણ તે કોઈની શેહમાં તણાયા વગર કટાક્ષ કરી લેતો, બચાવની દલીલ કરતો, બધાથી જુદો પડીને પ્રશંસા પણ કરતો. ત્યારથી મને એનું આકર્ષણ થયેલું અને પછી તો એની પ્રતિભાએ ઉત્તરોત્તર શિખરો સર કરવા માંડ્યાં.

એ પાતળિયો પ્રતિભાશાળી યુવાન તે નિરંજન ભગત...જગત આખાના સાહિત્યિક પ્રવાહોને પી જવાની ધગશ... છતાં પોતાને પ્રતીતિ થાય નહિ ત્યાં સુધી અચ્છા અચ્છાની વાત અધશ્રદ્ધાથી સ્વીકારવાનો ઈનકાર...પણ ઈનકાર પાછળ સત્યને પામવાની તેની નિષ્ઠા...

એવા આ નિરંજન ભગતને ૧૯૬૯નો રણજિતરામ સુવર્ણ ચન્દ્રક અર્પણ કરવાનો સમારંભ હમણાં અમદાવાદમાં યોજાઈ ગયો. સમગ્ર ગુજરાતી સાહિત્ય જગતે આ ચન્દ્રકની સાર્થકતાને અને તેને સ્વીકારનારની પાત્રતાને સર્વાનુમતે વધાવી લીધી. ચન્દ્રકની અર્પણવિધિના સમારંભમાં નિરંજન ભગતે "યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા" વિશે કહ્યું.

મુગ્ધ અને તરવરિયા કવિ નિરંજનથી માંડીને આજના પરિપક્વ, સ્વસ્થ છતાં સંવેદનશીલ નિરંજનની નિરાળી અને ફકીરી પ્રતિભાને મેં નિહાળી છે.

જમાનાની અસરને ઓળખે અને જમાના પર પોતાની અસર પાડે એવી પ્રતિભા નિરંજન ભગતની છે. આ વાત એમના કાવ્યસંગ્રહો, વિવેચન લેખો, ઉદ્‌ગારો વગેરે આપોઆપ સિદ્ધ કરે છે. જમાનાનાં અને જીવનનાં ભાતીગળ પ્રતિબિમ્બો તેમણે ઝીલ્યાં છે, જોગવ્યાં છે અને વ્યક્ત કર્યાં છે. નિરંજનની કવિતામાં અને વિવેચનમાં એક ભાવિક બેઠો છે, ભાવુક બેઠો છે, વિચારક બેઠો છે, નાસ્તિક બેઠો છે, આસ્તિક બેઠો છે, અભ્યાસી બેઠો છે, ન્યાયાધીશ બેઠો છે, અને એ બધા ઉપર એક ચિંતક બેઠો છે. આ ચિંતક પણ પાછો ચીલાચાલુ નથી, પ્રગતિશીલ ચિંતક છે. તે પ્રગતિમાં, પ્રગલ્ભતામાં અને પરિવર્તનમાં માને છે. નિરંજને જે કંઈ લખ્યું છે તે મંથનમાંથી બહાર આવ્યું છે, પ્રેરાઈને પ્રગટ થયું છે. તેમની ઋજુતા અને રોષ ઓતપ્રોત થઈને બાહ્યાભ્યંતર વહ્યાં છે.

નિરંજનના સર્જનની સાહિત્યિક મૂલવણી કરનારાઓએ તેમને "ગાંધી યુગની કવિતા પછી વિશિષ્ટ કવિતા વળાંકનાં દર્શન કરાવનાર" કહ્યા છે. કારણ કે મુગ્ધતામાં, સંક્ષુબ્ધતામાં અને સર્વતોભદ્ર સ્વસ્થતામાં તેમણે નવી દિશા ભણી જ સતત મીટ માંડી છે અને કદમ ઉપાડ્યા છે. આજે પણ એ જ દૃષ્ટિપૂત, ભાવપૂત અને વિચારપૂત નિરંજન કંઈ નવા જ ચિંતન સાથે સંલગ્ન છે. તે પોતાની સાથે ઝઘડે છે અને સાંપ્રત પ્રવાહો સામે ઝૂઝે છે. તેમનું મૌન પોતે જ મુખરિત છે, પણ બીજાઓને પણ મુખરિત કરે છે.

તેમના પ્રથમ કાવ્ય સંગ્રહનું નામ "છંદોલય" છે. આ નામ પોતે જ નિરંજનની કવિ-પ્રતિભાનો પરિચય આપી દે છે. છંદની શિસ્ત અને લયની મસ્તી એ બન્નેને ચાહનારો આ કવિ છે, સાહિત્યકાર છે, વિવેચક છે, વિચારક છે. પોતે વાસ્તવિકતાથી વિમુખ નથી અને ભાવુકતાથી ઉપરામ નથી. નિરંજનમાં રહેલો ઊર્મિકવિ પોતે વિચારક છે અને વિચારક પોતે સંવેદનશીલ કવિ છે.

નિરંજનની બાની દુર્બોધતાથી દૂર છે. સરળતા, સાહજિકતા, સ્વસ્થતા, સંવેદનશીલતા, તલસ્પર્શિતા અને સચ્ચાઈ નિરંજનની કવિતામાં અને વિવેચનમાં વાસો કરે છે. એમની કટાક્ષવાણી બુદ્ધિવિવેકી ભદ્રતા ભણી અંગુલિનિર્દેશ કરવા જ પ્રગટે છે, પૂર્વગ્રહમાંથી નહિ.

એવા આ નિરંજન ભગતનો વ્યાવહારિક પરિચય મેળવીએ. તેમનો જન્મ ૧૯૨૬ના ૧૮મી મેએ અમદાવાદમાં થયો. ઈન્ટર સુધી અમદાવાદમાં શિક્ષણ લીધું. પછી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા અને ત્યાંથી ૧૯૪૮માં બી. એ. થયા. ફરી અમદાવાદ આવીને એમ. એ. થયા. પછી કૉલેજમાં અધ્યાપનનો વ્યવસાય સ્વીકાર્યો. કવિવર રવીન્દ્રનાથ, કવિ કાંત, કવિ-વિવેચક બળવંતરાય ઠાકોર, રામનારાયણ પાઠક, ઉમાશંકર જોષી, પ્રહલાદ પારેખ વગેરે ભિન્ન ભિન્ન બાનીના સર્જકોમાંથી પ્રેરણા તેમણે મેળવી છે. તે વિગત પોતે જ દર્શાવી આપે છે કે નિરંજન માત્ર ઊર્મિકવિ નથી, માત્ર વિચારપ્રધાન કવિ નથી; તેમની સર્જન-પ્રતિભા તો વિવિધ ધારાના સંગમ સમી છે, અને છતાં આગવી છે, અપનાવેલી નથી.

સોનેટ પ્રકાર, ગીતો, મુકતકો, લાંબાં ચિંતનાત્મક કાવ્યો અને "નવા આંક" જેવી કવિતા દ્વારા આજની વાસ્તવિક માર્મિકતા

### નવા આંક

એકડે એકો
પરમેશ્વરને નામે પહેલો મૂકો છેકો!
બગડે બેય
પ્રેય જે જે લાગે તેને માની લેવું શ્રેય.
ત્રગડે ત્રણ
કીડીને તો મણ આપો, હાથીને દો કણ!
ચોગડે ચાર
ફૂલનું શું મૂલ? હવે પથ્થરને તાર!
પાંચડે પાંચ
સાચને ય આંચ, એથી ભલી મારી લાંચ.
છગડે છય
ગાડી ગીર્વાણની ને જોડી દેવો 'હય'
સાતડે સાત
બોબડા ને તોતડાની નવી કરો નાત!'
આઠડે આઠ
ત્રણ છોડો ત્યારે નવી તેર બાંધો ગાંઠ!
નવડે નવ
આટઆટલું કરીને આહીં ગુજારો જો ભવ—
એકડે મીંડે દશ
દાનવ ન માનવથી થશે તો યે વશ?

નિરંજન ભગત

નિરંજન ભગતે મહોરાવી છે. "છંદોલય" પછી "કિન્નરી" પછી 'અલ્પવિરામ', ત્યાર બાદ "છંદોલય, કિન્નરી અને અલ્પવિરામ" માંથી ચૂંટેલા કાવ્યો અને બીજાં કાવ્યોનો સંગ્રહ "છંદોલય" અને ત્યાર બાદ "૩૩ કાવ્યો" નામક કવિતા સંગ્રહ પ્રગટ થયા છે. નગરજીવનની કૃત્રિમતાને વ્યક્ત કરતો "પ્રવાલદ્વીપ" નામક ૧૬ કૃતિઓનો કાવ્ય સમુચ્ચય તત્કાલીન જીવનમાં ડોકિયું કરવાનો સાર્થ અને સૂચક પ્રયોગ છે.

વ્યવસાયે તેઓ પ્રાધ્યાપક છે, પણ પ્રતિભા ઉદ્‌બોધકની છે. નિરંજનની ક્ષિતિજ ક્લાસ રૂમ અને પાઠ્ય પુસ્તકની બહાર ઘણી વ્યાપક વિસ્તરી છે. એમની વાગ્ધારાના ઘોષમાંથી પ્રગટતો પ્રતિઘોષ દૂર દૂરની દિશાઓને આવરી લે છે. રિલ્કે, બોદલેર અને એલિયટ જેવા કેટલાક મૂર્ધન્ય કવિઓની વાણીનું તેમણે આકંઠ પાન કર્યું છે. વિદેશી સાહિત્યના સતત સંપર્કથી આ કવિ સમૃદ્ધ છે. ઘણા વખતથી તેમણે કાવ્ય સર્જનમાં ઈત્યલમ્ કર્યું છે. એવો કોઈ ઝબકારો આવશે કે જ્યારે લખ્યા વિના રહી જ નહિ શકાય ત્યારની વાત ત્યારે, અત્યારે તો કવિતા સર્જનના વહેણને કવિએ પોતે જ થંભાવી દીધું છે. કેવા આત્મમંથન પછીનો આ નિર્ણય હશે તે તો નિરંજન નિરાકાર જાણે! પણ નિરંજનમાં કોઈ સમદૃષ્ટ અધ્યાત્મરંગી ફિલસૂફ તો છેક ૧૯૪૮થી બેઠો હતો. હવે તે વર્તાવા માંડયો છે. ૧૯૪૮માં તેમણે "ઉદાસ" નામનું એક ગીત લખ્યું છે. તેમાં "નહીં અશ્રુ : નહીં હાસ, મુજ ઉર એવું ઉદાસ"..."નહીં તૃપ્તિ : નહીં પ્યાસ" ઉદ્‌બોધક ઉદાસીનતાનું આવું ગીત જે તેમને ત્યારે સ્ફૂર્યું તેવું સ્વરૂપ અત્યારે જોવા મળે છે. પ્રકૃતિએ બોલકણા એવા માણસનું આ સર્જનમૌન પણ શું સર્જનાત્મક નથી લાગતું? કવિતામાંથી ફોળેલો કવિ કવિતાને કોડભર રીતે કોળાવીને જ રહેશે એવું મને તો લાગ્યા કરે છે. કારણ કે નિરંજન ભગતમાં તજ જેવી તીખી મીઠાશનું વ્યક્તિત્વ છે, અને તરવરતું, તટસ્થ અને તલસ્પર્શી કવિત્વ છે.

વેણીભાઈ પુરોહિત

# જગતભરમાં અન્નસંકટના ઓળા

લાગલગાટ ત્રીજે વર્ષે ભારતમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મહારાષ્ટ્રના મોટા ભાગના પ્રદેશો અનાવૃષ્ટિથી પીડાઈ રહ્યા છે; જ્યારે પૂર્વ ભારતના કેટલાક ભાગો નદીનાં પૂરને કારણે રૂા. ૨૫૦ કરોડના ઊભા પાકથી હાથ ધોઈ રહ્યા છે. નવાઈની વાત એ છે કે જગતના ૫૭ જેટલા વિકસતા દેશોની સ્થિતિ ભારત જેવી જ છે અને એક દૃષ્ટિએ અન્નસંકટની આ સ્થિતિ આંતરરાષ્ટ્રીય સ્વરૂપની બની રહી છે.

જગતમાં અત્યારે ૪૦૦ કરોડ લોકોની વસતિ છે. આમાંના દસ લોકોમાંથી એક માણસને દિવસની ૧૯૦૦ કેલરી જેટલી શકિત પણ મળતી નથી. (લઘુતમ જરૂરિયાત 3000 કેલરી), દક્ષિણપૂર્વ એશિયાનાં ૧,૦૦,૦૦૦ બાળકો દર વર્ષે વિટામિન 'એ' અને બીજા પોષણને અભાવે આંધળા બની જાય છે. આંકડાઓને હજી વધુ જોઈએ તો ધ્રુજારી છૂટે તેવું દશ્ય ઊભું થાય તેમ છે. છેલ્લે આપણે ૧૯૭૧ની સાલમાં "મબલખ પાક" જેવા શબ્દો સાંભળ્યા હતા. તે સમયે પૂરા જગતમાં મબલખ પાક થયો હતો. ત્યારે જગતભરમાં કુલ ૧૨૦ કરોડ ટન અનાજ પાકયું હતું અને જગતના માનવીને માથાદીઠ વરસનું ૭૩૦ રતલ અનાજ મળતું થયું હતું. પરંતુ પછીનાં વરસો કારમા આવવા લાગ્યાં અને માથાદીઠ ૪૨૦ રતલ અનાજ પ્રાપ્ય થાય તેટલી પેદાશ થઈ હતી.

અસમાનતાની વાત જોઈએ તો ગરીબ દેશના લોકો વરસે ૪૨૦ રતલ અનાજથી ચલાવે છે ત્યારે અમેરિકા અને બીજા સમૃદ્ધ દેશો વરસનું માથાદીઠ ૨૦૦૦ રતલ અનાજ આરોગી જાય છે. જો કે અમેરિકનો અને કેનેડાના લોકો સીધી રીતે તો દર વર્ષે માત્ર ૧૫૦ રતલ અનાજ ખાય છે, પણ બાકીનું અનાજ ગાય, ભેંસ અને મરઘાં-બતકાંને ખવડાવીને તેમાંથી માંસ અને ઈંડાં વગેરે આરોગે છે. બીજી રીતે લખીએ તો એમ કહી શકાય કે ભારત અને ચીન એ બે દેશોના ૧૪૦ કરોડ લોકો જેટલું અનાજ વરસભરમાં ખાય છે તેનાથી વધુ અનાજ અમેરિકા અને બીજા સમૃદ્ધ દેશોના ઢોર ખાણરૂપે ખાઈ જાય છે!

૧૯૭૨ની સાલથી જ અનાજના ઉત્પાદનની દુર્ગતિ શરૂ થઈ છે. જગતભરની વધતી વસતિને પહોંચી વળવા જગતના ખેડૂતોએ દર વર્ષે ૩ કરોડ ટન વધુ અનાજ ઉગાડવું જોઈએ તેને બદલે ૧૯૭૨માં ૨૫ કરોડ ટન ઓછું અનાજ પેદા થયું હતું.

અનાજની પેદાશની વાત અમેરિકા, કેનેડા અને આર્જેન્ટીના માટે બહુ ગંભીર નથી. પરંતુ અનાજના ભાવને વશમાં રાખવાનું અમેરિકન વેપારીને પોસાય નહિ. ૧૯૭૨માં અમેરિકાના ઘઉંના ભાવ ટને રૂા. ૪૮૦ હતા તે ૧૯૭૪માં વધીને રૂા. ૧૭૬૦ થઈ ગયા. એટલે કે ચારગણા ભાવ વધ્યા. મકાઈના ભાવ રૂા. ૪૦૦થી વધીને રૂા. ૧૦૪૦ થઈ ગયા છે. બેંગકોક (થાઈલેન્ડ)ના ચોખાના ભાવ ટને રૂા. ૧૦૫૦ હતા તે વધીને રૂા. ૪૮૦૦ થઈ ગયા છે! અમેરિકાની આગલી મોસમમાં ઘઉંનો પાક સારો થવાનો છે છતાં પણ શિકાગોની અનાજની બજારના વાયદાના સોદા ઘઉં માટે ટનદીઠ રૂા. ૧૩૬૦ના થાય છે.

ઉપર મુજબના આંકડા ગરીબ દેશો માટે ખરેખર ખતરનાક છે. એ ભાવવધારાની ગંભીરતા સમજવા માટે આપણે બીજી રીતે આંકડા મૂકીએ. ભારત સહિતના ગરીબ દેશો જે અનાજ આયાત કરે છે તેમને પોતાનો ખાડો પૂરવા લગભગ ૬ કરોડ ટન અનાજ આયાત કરવું પડે છે. ત્રણ વર્ષ પહેલાં આટલા અનાજ માટે ગરીબ દેશોએ રૂા. ૨૪૦૦ કરોડની રકમ કાઢવી પડતી હતી. હવે આનાથી ઓછા અનાજ માટે રૂા. ૮૮૦૦ કરોડની રકમ તાણીતૂસીને અને પોતાની જનતાને કરવેરાથી ત્રસ્ત કરીને કાઢવી પડે છે. ઓસ્ટ્રેલિયામાં ઘઉંના ભાવ ઉપર સરકારનો અંકુશ છે છતાં ત્યાંનું ઓસ્ટ્રેલિયન વ્હીટ બોર્ડ કહે છે કે જે ભાવવધારો અમે ગરીબ દેશો માટે કર્યો છે તે "વાજબી" છે!

ગરીબ દેશો પોતાના ઘરઆંગણે ખેતીવાડીને ક્ષેત્રે ઝુંબેશના કાર્યક્રમો સિવાય બીજું કાંઈ આપી શકતા નથી અને પછી પરદેશી વેપારીઓને મનમાન્યા ભાવ આપે છે. ઘઉંને અમેરિકાથી ભારત સુધી લાવવાનું સ્ટીમરનું ભાડું જ એક કિલોદીઠ ૬૦ પૈસા જેટલું છે. થોડાં વર્ષ પહેલાં તો ભારત સરકાર ઘઉંના પ્રાપ્તિભાવ જ આટલા રાખતી હતી!

ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (ફાઓ) નામે ઓળખાતા સંયુક્ત રાષ્ટ્રસંઘના તંત્રે અંદાજ કાઢયો છે કે આવતાં ૨૭ વરસમાં જગતની વસતિ બમણી થઈ જશે. તે વસતિને અનાજ ખવડાવવા માટે **દર વર્ષે તમામ દેશોમાં મબલખ પાક (વિક્રમ પાક) થવો જોઈએ.** ગરીબ દેશોમાં મબલખ પાકની તો શું પણ સાધારણ પાકની આશા પણ ત્રણ કારણોને લઈને આકાશકુસુમવત્ જેવી બની ગઈ છે:

(૧) વિશ્વના કેટલાક અગ્રગણ્ય હવામાનશાસ્ત્રીઓએ કહ્યું છે કે છેલ્લાં ૫૦ વરસમાં જગતના મોટા ભાગના દેશોએ વરસાદ અને અનાજની પેદાશમાં સરેરાશ કરતાં વધુ સારી સિદ્ધિ હાંસલ કરી છે. પણ હવે ૧૯૭૨થી આ ચક્રમાં પરિવર્તન આવ્યું છે અને આવતાં ૫૦ વર્ષમાં જગતનું હવામાન ખેતી માટે પહેલાં જેટલું અનુકૂળ નહિ રહે. આફ્રિકા અને એશિયાના મોટા ભાગમાં અનાવૃષ્ટિની સ્થિતિ સતત ચાલુ રહેશે. એટલે આ બધા દેશોએ ઓછા વરસાદથી ચાલી શકે તેવા પાક લેવાની ટેકનોલોજી વિકસાવવી પડશે.

(૨) આમ, એક બાજુ પ્રતિકૂળ હવામાન છે. બીજી બાજુ

યાંત્રિક ખેતીમાં ટ્રેક્ટર, કૂવાના પંપ અને વીજળી માટે જોઈતા કૂડતેલના ભાવ આઠગણા વધી ગયા છે. ભાવો વધવા ઉપરાંત તે ચીજોની તંગી રહે છે. ભારતના ગામડાંના કૂવા ઉપરના ઘણા પંપ કેરોસીનથી ચાલે છે. કેરોસીન અને ડીઝલની તંગી તો છે જ.

(૩) નવી જાતનાં બિયારણો અને ઊંચી પેદાવાર આપતા બિયારણો માટે જોઈતા ખાતરની તંગી જગતભરમાં છે. એક વિચિત્ર વિરોધાભાસ પણ જોવા જેવો છે. યુરોપનો એક ખેડૂત તેની જમીનમાં એક ટન ખાતર વાપરીને વધારાનું ત્રણ ટન અનાજ પેદા કરી શકે છે, ત્યારે ભારતની જમીનમાં ભારતનો ખેડૂત ચોક ટન ખાતર વાપરીને વધારાનું છ ટન અનાજ પેદા કરી શકે છે. આ આંકડો ટાંકવાનું તાત્પર્ય એ જ કે યુરોપ અને અમેરિકામાં ખાતરનું વળતર ઓછું થાય છે છતાં ત્યાં વિપુલ પ્રમાણમાં ખાતર મળે છે અને ભારતના ખેડૂતને ત્યાંના ખેડૂત કરતાં બમણી પેદાશ મળે છે છતાં એ બિચારા પાસે ખાતરનાં સાંસા છે !

અમેરિકા જે અત્યાર સુધી તેના ખેડૂતોને અમુક જમીનમાં ઘઉં નહિ વાવવા માટે સબસીડી આપતું હતું તે હવે જગતની અન્નસમસ્યા જોઈને ખેડૂતોને વધુ જમીનમાં ઘઉં વાવવા પ્રેરી રહી છે. આને કારણે અમેરિકન ખેડૂતોની ખાતરની માગ પણ વધી છે. શ્રી જ્યોર્જ એલન નામના એબરડન યુનિવર્સિટીના પ્રોફેસર કહે છે કે ૧૯૭૪ અને ૧૯૭૫માં ખાતરની જે તંગી પડવાની છે તેને કારણે જગતને ૩.૬ કરોડ ટન અનાજ ચોછું મળશે. નવેમ્બર ૧૯૭૪માં રોમ ખાતે વિશ્વ અન્ન પરિષદ મળવાની છે. તેની સામે એક જ સમસ્યા ખડી છે કે ગરીબ દેશોની વસતિ દર વર્ષે ૩.૭ ટકાના દરે વધે છે અને તેનું અનાજનું ઉત્પાદન માત્ર ૨.૬ ટકાના દર વધે છે. આ ખાડો પૂરવા બધા જ દેશો અમેરિકા અને કેનેડા પાસે દોડે છે. હરિયાળી ક્રાંતિના જનક અને નોબેલ પારિતોષિકવિજેતા ડૉ નોર્મન બોરલોગ કહે છે કે "આવતાં બે વર્ષમાં જો અમેરિકામાં કુદરત રૂઠે અને પાક નિષ્ફળ જાય તો જગતના ૧૦ કરોડ લોકો ભૂખમરાથી સાફ થઈ જાય."

ભારતે ઉપરના બધા આંકડા જોઈને ચેતવા જેવું છે. ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ કરવાના ધખારાને કારણે આપણે ખેતીવાડી ક્ષેત્રે ઘણું દુર્લક્ષ કર્યું છે. ભારતના ખાતરના પ્લાન્ટ તેની ૬૫ ટકા જેટલી શક્તિ જ વાપરે છે. લુધિયાણામાં જ્યાં ચાર વર્ષ પહેલાં એકરદીઠ ૧.૮ ટન ઘઉં પેદા થતા હતા ત્યાં હવે માત્ર ૧.૪ ટન ઘઉં પેદા થાય છે. ભારતે રશિયા પાસેથી ૨૦ લાખ ટન ઘઉં લેવા પડ્યા છે.

ડૉ. એમ. એસ. સ્વામીનાથન જે ભારતની કૃષિ સંશોધન સંસ્થાના વડા છે તેમણે કહ્યું છે કે ભારતનું અનાજનું વાર્ષિક ઉત્પાદન ૧૦.૫ કરોડ ટન છે. તે આવતા ૧૫ વર્ષમાં વધારીને વાર્ષિક ૨૨ કરોડ ટન કરી શકાય છે. પણ **"અમેરિકાની મદદ વગર આટલું ઉત્પાદન વધારી શકાય નહિ."** આમ ભારતના વૈજ્ઞાનિકો પણ અમેરિકા ઉપરના આવલંબનને છોડતા નથી. જુલાઈ માસમાં વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ભારતનાં તમામ રાજ્યોનો પ્રવાસ રાષ્ટ્રપતિની ચૂંટણીનો પ્રચાર કરવા માટે કર્યો હતો પણ કૃષિ ઉત્પાદન વધારવા રાજ્યોને પ્રવૃત્ત કરવા માટે આ પ્રવાસ કરાયો છે તેવું બહાનું બતાવવામાં આવ્યું હતું. જો કે પ્રવાસ દરમિયાન તેમણે એવો પ્રચાર કર્યો તેમાં કાંઈ ખોટું નથી, પરંતુ રાજ્યોના મુખ્ય પ્રધાનો કૃષિ ઉત્પાદન અને અન્નસંકટની ગંભીરતા સમજવાને બદલે વડા પ્રધાનના પ્રવાસના મુખ્ય હેતુનું હાર્દ પકડે છે અને તેથી મૂળ હેતુ માર્યો જાય છે.

કાન્તિ ભટ્ટ

# ☆ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : અપીલ અને અભ્યર્થના ☆

માણસ કેવળ રોટીથી જીવતો નથી. રોટી એક પાયાની જરૂરિયાત છે એ સાચું, પણ સભ્ય સમાજના એક ઘટક તરીકે તેણે દેશના જાગ્રત નાગરિક બની રહેવાનું છે અને તે માટેની સજ્જતા અર્થે રોટીના જેટલું જ વિચારનું અને ભાવનાનું ભાથું એને માટે આવશ્યક ગણાયું છે.

'મંડળી રચવાથી થતા લાભ' એ કવિ નર્મદના નિબંધ સાથે આપણા દેશમાં સામાજિક જીવનના પ્રબોધકાળનો આરંભ થયેલો લેખાય છે. એ જ પરંપરાના પરિપ્રેક્ષ્યમાં આપણે જેની સાથે સક્રિય રીતે સંકળાયેલાં રહ્યાં છીએ તે 'મુંબઈ જૈન યુવક સંઘ'ની વિવિધ પ્રવૃત્તિઓને મૂલવવી જોઈએ. એ સુવિદિત છે કે સંઘની સ્થાપના સામાજિક ઉત્થાનના ઉચ્ચ આદર્શને નજર સમક્ષ રાખીને કરવામાં આવી હતી અને પછી ઉત્તરોત્તર તેનું કાર્યક્ષેત્ર વધુ ને વધુ વ્યાપક ફલક પર વિસ્તરતું રહ્યું છે.

મુંબઈ મહાનગર છે. અનેક કોમો અને જાતિઓનો માનવ-સાગર અહીં ઘૂઘવે છે. ધાર્મિક, સામ્પ્રદાયિક, સામાજિક, રાજકીય, અને વૈચારિક પ્રવૃત્તિઓ ચલાવતાં નાનાંમોટાં મંડળોનો અહીં પાર નથી. જ્ઞાતિ-સંગઠનો, યુવક મંડળો, સેવા-સંસ્થાઓ ઈત્યાદિદ્વારા સામાજિક સેવાની, કલ્યાણની, સામૂહિક ભાવનાની યા રાજકીય સ્વરૂપની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ સર્વમાં આપને નથી લાગતું કે આપણા મંડળનું કંઈક વિશિષ્ટ ગણાય તેવું સ્થાન છે? તેની પ્રવૃત્તિઓનું વ્યાપક ફલક અનોખું અને નોંધપાત્ર નથી શું? અન્ય મંડળોની સામાન્ય સ્તરની એકાંગી પ્રવૃત્તિઓથી આપ પરિચિત હશો તો આપણા સંઘની વિશેષતા શાને આભારી છે તે આપને પ્રતીત થયા વિના રહેશે નહિ.

સંઘની આજ સુધીની યશસ્વી કારકિર્દી અને સક્રિયતાનું રહસ્ય સમાજના બહોળા વર્ગના અને ખાસ કરીને આપના જેવા સદ્‌ભાવી અને સજાગ સખી ગૃહસ્થના ઉત્સાહપ્રેરક સાથ ને સહકારને આભારી છે. વળી, સંઘનુ એ એક વિરલ સદ્‌ભાગ્ય રહ્યું છે કે એણે જ્યારે પણ હાકલ કરી છે ત્યારે આપણા સમાજે એને નિઃસંકોચ જરૂરી ભંડોળ કરી આપ્યું છે. નાણાંને અભાવે તેની કોઈ પ્રવૃત્તિને સંકોચવી પડી હોય તેવું હજી સુધી બન્યું નથી. આ પ્રકારની ઉદારતા માટે સંઘ તેના સર્વ દાતાઓનો ભારે ઋણી છે. સંઘની ભાવના તો એ જ છે કે સમાજ તેને નાણાંરૂપે જે આપે છે તેને પોતાની પ્રવૃત્તિઓદ્વારા વૈચારિક અને ભાવનાનાં ભાથારૂપે સત્ત્વશીલ બનાવીને-અનેકગણું કરીને સમાજને પાછું આપવું.

આજ સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળાને સમયે આર્થિક સહાય માટે ઝોળી લંબાવવાની કાર્યકરોએ પ્રણાલી રાખી હતી. અને સહજ રીતે જ સંઘને તેની વર્ષભરની જરૂરિયાત પ્રાપ્ત થઈ જતી. અલબત્ત, પર્યુષણ પર્વના ધાર્મિક દિવસોમાં આ પ્રકારની ભૌતિક બાબત તરફ સૌનું લક્ષ ખેંચવાનું કાર્યકરોને કયારેય યોગ્ય લાગ્યું ન હતું, પણ એ એક અણગમતી ફરજ હતી અને તે બજાવ્યે જ છૂટકો એમ તેઓએ માન્યું હતું. હવે આ વર્ષથી સંઘે એવી નવી યોજના વિચારી છે કે સંઘ માટે જરૂરી ભંડોળ પર્યુષણ પર્વ પૂર્વે જ એકત્ર કરી લેવું, જેથી ધાર્મિક ને આધ્યાત્મિક ચિંતન-મનનના દિવસો દરમિયાન કોઈને વિક્ષેપ કરવો ન પડે. અમારો આ નિર્ણય આપને ઔચિત્ય-

(અનુસંધાન ૯૨ મા પાને)

# ✻ પર્યુષણ વ્યાખ્યાનમાળા ✻

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૧૯૭૪ના ૧૨ મી સપ્ટેમ્બર ગુરુવારથી, ૨૦મી સપ્ટેમ્બર શુક્રવાર સુધી–એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવે ય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. આ વ્યાખ્યાનસભાઓ "ભારતીય વિદ્યાભવન"માં ભરવામાં આવશે. દરેક સભા સવારે ૮-૩૦ વાગ્યે સમયસર શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

| તારીખ | | વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|---|
| ગુરુ | ૧૨–૯–૭૪ | શ્રી મૃણાલિની દેસાઇ | સંત જ્ઞાનેશ્વર અને જ્ઞાનેશ્વરી |
| ,, | ,, | પ્રો. જયેન્દ્ર ત્રિવેદી | સંત કબીર |
| શુક્ર | ૧૩–૯–૭૪ | શ્રી જમુભાઇ દાણી | અલ્પ જીવનમાંથી મહા જીવન તરફ |
| ,, | ,, | શ્રી વસુબહેન ભટ્ટ | માતા આનંદમયી |
| શનિ | ૧૪–૯–૭૪ | શ્રી નર્મદાશંકર શાસ્ત્રી | ઉપનિષદો |
| ,, | ,, | પ્રો. તારાબહેન શાહ | અનેકાંતવાદ |
| રવિ | ૧૫–૯–૭૪ | ડૉ. રમણલાલ શાહ | ગણધરવાદ |
| ,, | ,, | શ્રી ફ્રાધર વાલેસ | મારી વિહારયાત્રા |
| સોમ | ૧૬–૯–૭૪ | પ્રો. હરિભાઇ કોઠારી | ગીત અનોખું એક ગાવું છે. |
| ,, | ,, | ઉપકુલપતિ શ્રી યશવંત શુકૂલ | સંઘર્ષ અને સમન્વય |
| મંગળ | ૧૭-૯-૭૪ | શ્રી રામુ પંડિત | સીમા વિનાનું વિશ્વ |
| ,, | ,, | શ્રી ગોવિંદરાવ દેશપાંડે | વર્તમાન પરિસ્થિતિમાં લોકશાહી |
| બુધ | ૧૮–૯–૭૪ | પ્રા. રઘુવીર ચૌધરી | ધર્મ અને સાહિત્યકાર |
| ,, | ,, | શ્રી પુરૂષોત્તમ ગણેશ માવળંકર | જાહેર જીવનનાં કથળતાં ધોરણો |
| ગુરુ | ૧૯–૯–૭૪ | શ્રી રોહિત મહેતા અને શ્રી શ્રીદેવી મહેતા | સંત તુલસીદાસનું જીવનદર્શન (સંગીત સાથે) |
| ,, | ,, | | |
| શુક્ર | ૨૦–૯–૭૪ | શ્રી કાન્તિભાઇ પાટણવાળા | ભજનો અને સ્તવનો |
| ,, | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ | ભગવાન મહાવીર |

આ દરેક વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને અમારું પ્રેમભર્યું નિમંત્રણ છે.

તા. ૧૨–૯–૭૪ થી તા. ૨૦–૯–૭૪
સવારના ૮–૩૦ થી ૧૦–૩૦

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ

## અપીલ અને અભ્યર્થના

( ૯૧ મા પાનાથી ચાલુ)

ભરેલો જણાશે તે વિશે અમને શક નથી, અને આ નિર્ણયને સાકાર કરવામાં આપ સહાયક બનશો એવી અમારી અંતરની આશા છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં અઢાર વ્યાખ્યાનો, વસંત વ્યાખ્યાનમાળાનાં ચાર વ્યાખ્યાનો, 'પ્રબુદ્ધ જીવન', વૈદકીય રાહત, વાચનાલય–પુસ્તકાલય તેમ જ સંઘના કાર્યાલયમાં યોજાતા વાર્તાલાપો ઈત્યાદિ સંઘની પ્રવૃત્તિઓથી આપ સુમાહિતગાર છો જ. તેમાં સહાયરૂપે આપ જે યત્કિંચિત ફાળો આપવા ઈચ્છતા હો તે રકમ સત્વરે અમને જણાવશો તો આભારી થઈશું. ચેક લખો તો Bombay Jain Yuvak Sangh એ નામે લખશો. આપના ફાળા વિશે પત્રદ્વારા જાણ કરશો તો તે રકમ મંગાવી લેવાની અમે વ્યવસ્થા કરશું.

અમારી ઈચ્છા તો એવી છે કે આપ સંઘના આજીવન સભ્ય બનીને સંઘની પ્રવૃત્તિઓ સાથે વધુ આત્મીયતા દાખવો અને એ રીતે અમને વધુ પ્રોત્સાહિત કરો. અત્યાર સુધીમાં ૨૬૫ આજીવન સભ્યો થયા છે. તે માટેનું લવાજમ રૂા. ૨૫૧ છે. આ યોજના બે વર્ષથી શરૂ થઈ છે. તેમાં ચોકકદર પાંચસો સભ્યો થઈ જાય તો સંઘને પછી તેના ખર્ચ બાબત ખાસ તકલીફ જેવું રહે નહિ અને તે નિશ્ચિન્તપણે પોતાની પ્રવૃત્તિઓ વધુ સદ્ધર ભૂમિકા પર ચલાવી શકે. અમારો આ વિચાર આપને ગમી જશે એવી શ્રદ્ધા સાથે આપના ઉદાર ફાળાની અપેક્ષા રાખીએ છીએ.

આપના આજ સુધીના સદ્‌ભાવ માટે આપના અત્યંત આભારી છીએ.

આપના સહૃદયી,
ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
–મંત્રીઓ
મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. by south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ સપ્ટેમ્બર ૧૯૭૪ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## મહાવીરવાણી

**[સંવત્સરીના પવિત્ર પર્વ પ્રસંગે ભગવાન મહાવીરના ઉપદેશનું ચિન્તન અને મનન થાય તે હેતુથી તેમનાં કેટલાંક વચનામૃતો અહીં આપ્યાં છે. આ અનુભવની વાણી છે, આચરશે તે પામશે. –ચીમનલાલ]**

૧. હે પુરુષ, તું જ તારો મિત્ર છે. બહારના મિત્રની શોધ છોડી તું તારા જ આત્માને નિગ્રહમાં રાખ. તે રીતે તું દુઃખથી મુક્ત થઈ શકીશ.

૨. આત્મા પોતે પોતાના સુખદુઃખનો કર્તા અને વિકર્તા (નાશ કરવાવાળો) છે. સન્માર્ગગામી આત્મા પોતાનો મિત્ર છે. દુર્માર્ગગામી આત્મા પોતાનો શત્રુ છે.

૩. આત્માનું જ (સંયમ અને તપથી) દમન કરવું જોઈએ. ખરેખર, આત્મા દુર્દમ છે. દન્ત આત્મા આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

૪. દુર્જય સંગ્રામમાં જે લાખો યોદ્ધાઓને જીતે છે તેના કરતાં એકમાત્ર પોતાના આત્માને જીતે તે ખરેખર પરમ વિજય છે.

૫. શિર કાટવાવાળો શત્રુ જેટલો અનર્થ નથી કરી શકતો તેટલો દુરાચારી આત્મા (પોતાનો અનર્થ) કરે છે. દુષ્કર્મમાં પ્રવૃત્ત દયાવિહીન મનુષ્યને, તે મૃત્યુના મુખમાં પહોંચે ત્યારે, પશ્ચાત્તાપ સાથે આ સત્યનું ભાન થાય છે.

(ઉપરની ગાથાઓમાં આત્મા શબ્દ બે અર્થમાં વપરાયો છે: એક શુદ્ધ સ્વરૂપ આત્મા અને બીજો કષાયયુક્ત આત્મા.)

૬. જેમ કોઈ ગાડાખેડુ જાણીજોઈને સપાટ રાજમાર્ગ છોડી વિષમ વાંકાચૂંકા માર્ગે વાહનને ઉતારે અને ધરી તૂટી જાય ત્યારે શોક કરવા બેસે તેમ મનુષ્ય જાણીજોઈને ધર્મમાર્ગને છોડી દઈને અધર્મ-માર્ગને પકડે અને અંતે મૃત્યુના મુખમાં સપડાતાં જીવનની ધરી તૂટી જાય ત્યારે શોક કરવા બેસે છે.

૭. જે પથિક પાથેય લીધા વિના લાંબી યાત્રા પર નીકળે તે આગળ જતાં ભૂખતરસથી પીડાય તેમ જે મનુષ્ય ધર્માચરણ કર્યા વિના પરલોકયાત્રા કરે તે અનેક આધિવ્યાધિથી પીડાય અને અત્યંત દુઃખી થાય.

૮. વાસનાઓ - તૃષ્ણાઓ ભારે શલ્યરૂપ છે, ઝેર જેવી છે, ભયંકર સર્પ જેવી છે. કામભોગોને ઝંખ્યા કરતો છતાં તેને પામી ન શકતો મનુષ્ય દુર્ગતિને પામે છે.

૯. કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા છે અને લાંબા સમય સુધી દુઃખ આપનારા છે. કામભોગોને મેળવતાં અને ભોગવતાંય દુઃખ વધારેમાં વધારે છે, સુખ નજીવું છે. કામભોગો આત્માની પૂર્ણ સ્વતંત્રતાના ભારે શત્રુઓ છે અને અનર્થોની ખાણ છે.

૧૦. સર્વ જીવો જીવવા ઈચ્છે છે, કોઈ જીવ મરવા ઈચ્છતો નથી તેથી નિર્ગ્રંથો ભયંકર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

૧૧. જેમ મને દુઃખ પ્રિય નથી તેમ સર્વ જીવોને દુઃખ પ્રિય નથી એમ સમજીને જે પોતે હિંસા કરે નહિ અને બીજા પાસે કરાવે નહિ એ સાચો શ્રમણ છે.

૧૨. કોઈ પણ પ્રાણીને પીડા ન કરવી એ ખરેખર જ્ઞાની હોવાના સારરૂપ છે. અહિંસાનું એટલું જ તાત્પર્ય સમજાય તો ઘણું છે.

૧૩. જગતમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે - શત્રુ હોય કે મિત્ર-સમભાવે વર્તવું તે અહિંસા છે. પ્રાણીઓને પીડા કરવાવાળી સર્વ પ્રવૃત્તિઓનો જિન્દગીપર્યંત ત્યાગ કરવો દુષ્કર છે.

૧૪. સદા અપ્રમત્ત અને સાવધાન રહીને, અસત્યને ત્યાગી, હિતકારી સત્ય વચન જ બોલવું જોઈએ. આવી રીતે સત્ય બોલવું બહુ કઠિન છે.

૧૫. સત્યમાં દૃઢ રહો. સત્યરત મેધાવી વ્યક્તિ બધાં પાપોનો નાશ કરે છે.

૧૬. જે ભાષા કઠોર છે, બીજાને દુઃખ પહોંચાડનારી છે, પછી ભલે સત્ય કેમ ન હોય, તે બોલવી નહિ. કારણ કે તેથી પાપ લાગે છે.

૧૭. કેવળ માથું મૂંડાવ્યે શ્રમણ થવાતું નથી; કેવળ 'ઓમ' નો જાપ કરવાથી બ્રાહ્મણ થવાતું નથી; કેવળ વનમાં વાસ કરવાથી મુનિ થવાતું નથી; કેવળ ઘાસનાં વસ્ત્રો પહેરવાથી તાપસ થવાતું નથી.

૧૮. સમતાથી શ્રમણ થવાય છે; બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ થવાય છે, જ્ઞાનની ઉપાસનાથી મુનિ અને તપથી તપસ્વી થવાય છે.

૧૯. મનુષ્ય કર્મથી બ્રાહ્મણ, કર્મથી ક્ષત્રિય, કર્મથી વૈશ્ય અને કર્મથી શૂદ્ર થાય છે.

૨૦. જે રીતે કુશના અગ્રભાગ ઉપર ઠરેલ ઝાકળના બિંદુનું આયુષ્ય અલ્પ છે, એવી રીતે મનુષ્યજીવનની અસ્થિર ગતિ છે. માટે હે ગૌતમ, તું એક ક્ષણનો પણ પ્રમાદ ન કર.

૨૧. હે ભગવાન્, કેમ ચાલવું, કેમ ઊભા રહેવું, કેમ બેસવું, કેમ સૂવું, કેમ ખાવું, કેમ બોલવું જેથી પાપકર્મનું બંધન ન થાય?

૨૨. હે આયુષ્યમન્, જતના (વિવેક) થી ચાલવું, જતનાથી ઊભા રહેવું, જતનાથી બેસવું, જતનાથી સૂવું, જતનાથી ખાવું, જતનાથી બોલવું, તો પાપકર્મનું બંધન થતું નથી.

૨૩. સંસારમાં ચાર સાધન મળવાં દુર્લભ છે - મનુષ્યત્વ, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ.

૨૪. જે માણસ દર મહિને લાખો ગાયોનું દાન આપે છે તેના કરતાં કાંઈ ન આપવાવાળો પણ સંયમનું આચરણ કરે તે શ્રેષ્ઠ છે.

૨૫. જૈન શાસનનું મૂળ વિનય છે. વિનીત સાધક સાચા સંયમી બની શકે છે. જે વિનયહીન છે તેને ધર્મ અથવા તપ ક્યાંથી હોય?

૨૬. જે તમામ જીવોને પોતાના આત્મા સમાન માને છે, જેને મારા-તારાનો ભેદભાવ મૂલ નથી, જે ઈન્દ્રિયનિગ્રહી અને દાન્ત છે તેને પાપકર્મનું બંધન થતું નથી.

૨૭. હું તમામ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માગું છું. તમામ જીવો મારા અપરાધોની મને ક્ષમા આપો. તમામ જીવો પ્રત્યે મારે મૈત્રીભાવ છે. કોઈ પણ જીવ પ્રત્યે મને વૈરભાવ નથી.

૨૮. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. ધર્મ એટલે અહિંસા, સંયમ અને તપ. આવો ધર્મ જેના મનમાં વસ્યો છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

# ★ પ્રકીર્ણ નોંધ ★

**લાયસન્સ કૌભાંડ**

હમણાં બહાર આવેલ લાયસન્સ કૌભાંડ ઘણી રીતે અભૂતપૂર્વ છે. ભ્રષ્ટાચારમાં એક નવો પ્રકાર ઉમેરાય છે. નવેમ્બર ૧૯૭૨માં લોકસભાના ૨૧ સભ્યોની સહીથી તે વખતના વિદેશવ્યાપારમંત્રી શ્રી એચ. એન. મિશ્રાને પોંડિચેરીમાં કેટલાક વ્યાપારીઓને આયાત લાયસન્સો આપવા ભલામણપત્ર મળ્યું. મિશ્રો તે પત્ર લાગતાં-વળગતાં ખાતાં ઉપર મોકલી આપ્યો. ત્યાર પછી મિશ્રાના ખાતાની બદલી થઈ. તેઓ રેલવેમંત્રી થયા. આ બદલી પછી દસ દિવસમાં લગભગ ૩૦ લાખનાં લાયસન્સો વ્યાપારીઓને આપવામાં આવ્યાં. મે મહિનામાં આ પ્રકરણ 'બ્લિટ્ઝ'માં ઝળક્યું. સરકારી અહેવાલ મુજબ તપાસ માટે સી.બી.આઈ. ને સોંપવામાં આવ્યું. પાર્લમેન્ટની ચાલુ બેઠકમાં એક પ્રશ્નના જવાબમાં રાજ્યમંત્રી શ્રી ચટ્ટોપાધ્યાયે ૨૧ સભ્યોનાં નામો જાહેર કર્યાં. શાસક પક્ષમાં હોહા થઈ ગઈ. તુરત જ ૨૦ સભ્યોએ પોતાની સહી હોવાનો ઈનકાર કર્યો. મામલો ગંભીર બન્યો. વિરોધ પક્ષો ખૂબ જાગ્રત થયા. લોકસભાના સભ્યો સંડોવાયેલ હોવાથી, લોકસભાની વિશિષ્ટ અધિકાર સમિતિને તપાસ માટે આ પ્રકરણ સોંપવા પીલુ મોદીએ દરખાસ્ત રજૂ કરી. સરકારે તેનો વિરોધ કર્યો. સ્પીકરે દરખાસ્ત દાખલ ન કરી. સરકારે જાહેર કર્યું કે આ બાબત કોર્ટમાં કેસ દાખલ કર્યો છે એટલે કોર્ટના અધિકારની વાત છે. વિરોધ પક્ષોએ કહ્યું કે લોકસભાની સમિતિ મારફત તપાસ થતી અટકાવવા ઉતાવળે કેસ દાખલ કરવાની યુક્તિ કરી છે. બેત્રણ દિવસ ખૂબ ધાંધલ થઈ. સ્પીકરને બેઠક મુલતવી રાખવી પડી. સ્પીકરનું અપમાન કરવામાં આવ્યું. વિરોધ પક્ષો ઝનૂને ચડ્યા. દરમ્યાન જ્યોર્જ ફર્નાન્ડીઝના ચોક છાપા–'પ્રતિપક્ષ'માં લોકસભાના સભ્યો ઉપર ગંદા આક્ષેપો કરતો લેખ પ્રકટ થયો. સ્પષ્ટ રીતે આ લેખ લોકસભાનું અપમાન હતું. તેથી તંત્રી સામે પગલાં લેવા વિશિષ્ટાધિકાર સમિતિને કામ સોંપવાની દરખાસ્ત વિરોધ પક્ષો તરફથી દાખલ થઈ. આશ્ચર્યજનક રીતે સરકારે આ દરખાસ્તનો વિરોધ કર્યો. કારણ સ્પષ્ટ હતું. દરખાસ્ત મંજૂર રહે તો વિરોધ પક્ષોને લોકસભાની સમિતિ મારફત લાયસન્સ કૌભાંડની જે તપાસ જોઈતી હતી તે આડકતરી રીતે મળી રહે. સરકારે 'પ્રતિપક્ષ'ના તંત્રી ઉપર ઠપકાની દરખાસ્ત ઉતાવળમાં દાખલ કરી, બહુમતીના જોરે મંજૂર કરાવી એટલે વિરોધ પક્ષો વધારે વીફર્યા, છેવટે પીલુ મોદીની મૂળ દરખાસ્ત સ્પીકરે દાખલ કરી તેના ઉપર ચર્ચા કરવાની તક આપી. વિરોધ પક્ષોનો વિજય થયો. સરકારની નામોશી થઈ. લોકસભામાં આ ચર્ચા થઈ પણ સરકારનું વલણ બોદું રહ્યું અને પીલુ મોદીની દરખાસ્ત ઊડી ગઈ. હવે કોર્ટ મારફત આ કેસ ચાલશે.

આ બનાવમાં કેટલીક વિસ્મયકારક હકીકતો છે. બિહાર અને ઉત્તર પ્રદેશના સભ્યોને ચોટલી શું તાલાવેલી લાગી કે પોંડિચેરીના વેપારીઓને ન્યાય કરવા તેમને ભલામણ કરવી પડી? ચટોપાધ્યાય એમ કહે છે કે લાયસન્સો ગુણવત્તાના ધોરણે આપ્યા છે. ભલામણપત્રની લાગવગથી કાંઈ અસર ન હતી. તો આવું તકકટ કોણે ઉભું કર્યું અને શા માટે? એલ. એન. મિશ્રા અને બિહારનો સંબંધ જાણીતો છે. હવે ૨૦ સભ્યો સહી કર્યાનો જ ઈનકાર કરે છે. કાં તો આ સભ્યો હવે ખોટું બોલે છે અથવા બનાવટી સહીઓ કરી આ કૌભાંડ રચાયું છે. કોઈ પણ દૃષ્ટિએ શરમજનક બાબત છે. શ્રી મિશ્ર સામે ગંભીર આક્ષેપો છે. તેમણે જ આ કાવતરું રચ્યું એમ કહેવાય છે. વડા પ્રધાન મિશ્રાનો બચાવ કરે છે તેથી વધારે ગૂંચવાડો ઊભો થાય છે. આવા ગંભીર આક્ષેપો હોય ત્યારે ઓછામાં ઓછું એટલું થવું જોઈએ કે શ્રી મિશ્રે રાજીનામું આપવું જોઈએ અને મુક્ત તપાસનો માર્ગ મોકળો કરવો જોઈએ. લોકસભામાં વિરોધ પક્ષોના સભ્યોનું વર્તન લોકસભાના ગૌરવને છાજે તેવું ન હતું. પણ સરકારનું અક્કડ વલણ તે માટે કારણભૂત હતું. લોકસભાનું ગૌરવ જાળવવા વડા પ્રધાને અપીલ કરી તેનો શ્રી મધુ લિમયેએ સારો જવાબ આપ્યો. સી. બી. આઈ.ની તપાસ અને પછી કોર્ટમાં કેસમાં સમય નીકળી જશે. આપણે આશા રાખીએ કે ૬૦ લાખના કિસ્સામાં બન્યું તેવું આમાં ન બને. જે ૨૦ સભ્યોની સહીઓ બનાવટી હોવાનું કહેવાય છે તેનો તાગ લેવામાં આવશે અને ગુનેગારોને વહેલી તકે ઉઘાડા પાડવામાં આવશે.

**સિક્કીમ:**

નેપાળ, ભુતાન અને સિક્કિમ સરહદી રાજ્યો છે. ચીન સાથેનો આપણો સંઘર્ષ જોતાં, આ ત્રણ રાજ્યો સાથેના આપણા સંબંધોનું મહત્ત્વ છે. નેપાળ સર્વથા સ્વતંત્ર રાજ્ય છે. તેની સાથે આપણા સંબંધો સદીઓ જૂનો અને ગાઢ છે. પણ નેપાળ ચીન સાથે પણ સારા સંબંધો રાખવા ઈચ્છે છે. ભુતાન પ્રમાણમાં નાનું રાજ્ય છે, પણ સર્વથા સ્વતંત્ર હોવાનો દાવો કરે છે. આપણી સાથે સંબંધો સારા રાખ્યા છે. સિક્કિમ સૌથી નાનું રાજ્ય છે. બ્રિટિશના સમયથી સિક્કિમ ભારતના આશ્રય નીચે છે. ૧૯૫૦માં ભારત અને સિક્કિમ વચ્ચે નવા કરાર થયા, જે મુજબ સિક્કિમની વિદેશનીતિ, સંરક્ષણ વગેરે બાબતોની જવાબદારી ભારતે લીધી અને સિક્કિમમાં રહેતા ભારતના પ્રતિનિધિને કેટલીક વિશેષ સત્તાઓ અને જવાબદારી પ્રાપ્ત થઈ. ૧૯૪૭માં આપણને સ્વતંત્રતા મળી ત્યારે બીજા દેશી રાજ્યો પેઠે સિક્કિમ પણ ભારતમાં વિલીન થાય એવી એક દરખાસ્ત હતી. પણ કેટલાંક કારણોસર નેહરુએ તે સ્વીકારી નહિ. છેલ્લાં પાંચ-સાત વર્ષમાં લોકતંત્ર માટે સિક્કિમની પ્રજાની માગણી વધતી રહી અને તેના રાજા-ચોગ્યાલ-સામે પ્રજાનો વિરોધ તીવ્ર બન્યો. થોડા મહિના પહેલાં સિક્કિમમાં ચૂંટણી થઈ તેમાં સિક્કિમ કૉંગ્રેસે ૩૨માંથી ૩૧ બેઠકો મેળવી. તેની ધારાસભાએ નવું બંધારણ ઘડ્યું અને તેના રાજાની સત્તા નામની રહી. સિક્કિમ કૉંગ્રેસ રાજવીપદ નાબૂદ કરવા ઈચ્છતી હતી, પણ આપણી દરમ્યાનગીરીથી આવું અંતિમ પગલું ન લીધું. સિક્કિમના નવા બંધારણમાં ભારત સાથેના સંબંધો વધારે ગાઢ બનાવવાનો પ્રબંધ છે. સિક્કિમની ધારાસભાએ ભારતની પાર્લમેન્ટમાં પ્રતિનિધિત્વ માટે માગણી કરી. સરકારે તે માગણી સ્વીકારી બંધારણમાં ફેરફાર કર્યો અને સિક્કિમના બે પ્રતિનિધિઓને, એક લોકસભામાં અને એક રાજ્યસભામાં, સ્થાન આપ્યું. આ બંધારણીય ફેરફાર સર્વથા નવા પ્રકારનો છે. સિક્કિમનો નાગરિક ભારતનો નાગરિક નહિ ગણાય. ભારતનો નાગરિક ન હોય એવી વ્યક્તિ ભારતની પાર્લમેન્ટનો સભ્ય થાય તે વિચિત્ર છે, સાવ નવા પ્રકારનો સંબંધ છે. સિક્કિમ રાજ્ય તરીકે ભારતમાં વિલીન થતું નથી. તેને એસોસીએટ (સહયોગી) રાજ્યનો દરજ્જો આપ્યો છે. આવો મહત્ત્વનો બંધારણીય ફેરફાર સરકારે કાંઈક ઉતાવળથી કર્યો છે. સરકાર પક્ષે એટલું જ કહેવામાં આવ્યું કે સિક્કિમની પ્રજાની માગણી છે અને ભારતે તે સંતોષવી જોઈએ. સ્વર્ણસિંઘે વિશેષમાં કહ્યું કે આ બંધારણીય પ્રશ્ન નથી, પણ રાજકીય છે. મોટે ભાગે આ ફેરફારને આવકાર મળ્યો છે, પણ કેટલાક લોકોએ તેનાં પરિણામો વિશે શંકાઓ વ્યક્ત કરી છે તે પાયા વિનાની નથી. આપણા બંધારણમાં કાશ્મીર એક જ એવું રાજ્ય છે જેને કાંઈક વિશિષ્ટ દરજ્જો આપ્યો છે. ધીમે ધીમે તે પણ દૂર કરવાની પ્રક્રિયા ૧૯૫૩થી શરૂ કરી છે. જો કે હમણાં કેટલાક વખતથી વળી બીજી દિશાના પ્રયત્નો શરૂ થયા છે. સિક્કિમ વિષે બે પ્રકારની શંકાઓ વ્યક્ત થઈ છે. ચીન તરફથી ભારતના આ સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ સામે વિરોધ ઉઠાવાયો છે. પડોશી રાજ્યોને ભારત ગળી જવા માગે છે એવો આક્ષેપ કર્યો છે.

ચીનનું આ વલણ સમજાય તેવું છે. નેપાળમાં કાંઈક વિરોધ થયો પણ પછી શાન્ત પડયો છે. પાકિસ્તાન, સિલોન વગેરે પડોશી રાજ્યોએ મૌન સેવ્યું છે. રશિયાએ ટેકો આપ્યો છે. દુનિયાના બીજા દેશો એકંદરે મૌન રહ્યા છે. આપણા દેશમાં એવી શંકા ઉઠાવી છે. કે સિક્કિમને આવો વિશિષ્ટ દરજ્જો આપવાથી બીજાં રાજ્યો આવો દરજ્જો માગવા પ્રેરાશે અને દેશની એકતા જોખમાશે. તામિલનાડુ સ્વાયત્તતા માગે જ છે. કાશ્મીરનું કોકડું હજુ ઊભું છે અને કાશ્મીર પણ આવો દરજ્જો માગવા લલચાય. સરકારે ગણતરીપૂર્વકનું જોખમ ખેડયું છે. સંભવ છે કે અંતે સિક્કિમ પૂર્ણપણે ભારતમાં વિલીન થશે. સરહદી રક્ષણની દૃષ્ટિએ આ પગલું આવકારદાયક છે.

**વૉટરગેટ ઉપર અંતિમ પડદો**

પ્રમુખ ફૉર્ડે વૉટરગેટ પ્રકરણ ઉપર અંતિમ પડદો પાડયો છે. પ્રમુખ તરીકેની પોતાની સત્તાથી નિક્સનને તેમના બધા ગુનાઓ માટે સંપૂર્ણ માફી બક્ષી છે. આ ભારે હિમતભર્યું અને દીર્ઘદૃષ્ટિનું પગલું છે. ફૉર્ડે કહ્યું છે કે આવું પગલું તેઓ જ લઈ શકે તેમ છે અને પોતાના અંતરઆત્માને પૂછી આવું પગલું લેવાનો તેમણે નિર્ણય કર્યો છે. નિક્સનના ગંભીર ગુનાઓ છે તે સૌ જાણે છે. તેમની સામે કેસ થાય તો જેલમાં જ જવું પડે. પણ ફૉર્ડે કહ્યું કે આ ઘા વહેતો રાખવો પ્રજાના હિતમાં નથી અને લાંબા સમય ચાલે એવી યાતનાઓમાંથી પ્રજાને બચાવી લેવી જોઈએ. ફૉર્ડે કહ્યું છે કે અંતે તો ન્યાય કરવાવાળો ઈશ્વર છે. નિક્સન અને તેનાં કુટુમ્બીજનોએ ઘણું સહન કર્યું છે. તેમના ઉપર વધારે પગલાં લેવાથી તેમની તબિયત ઉપર અસર થાય તેમ છે અને એટલી હદે જવાની જરૂર નથી. અમેરિકાના પ્રમુખપદની પુનઃપ્રતિષ્ઠા કરવાની જે પ્રક્રિયા નિક્સનના રાજીનામાથી શરૂ થઈ તેને ફૉર્ડના આ પગલાથી ક્ળથ ચડે છે. વેરભાવ રાખી, નિક્સનને પાયમાલ કરવાથી પ્રજાને લાભ થવાને બદલે હાનિ થાય એવી માન્યતાથી આ પગલું લેવાયું છે. ફૉર્ડનો આ પગલા માટે તીવ્ર મતભેદ રહેશે. તેમના જ એક મિત્ર અને પ્રેસ સેક્રેટરીએ તુરત રાજીનામું આપ્યું છે. 'ન્યુયૉર્ક ટાઈમ્સે' સખત વિરોધ કર્યો છે. નિક્સનના બધા સાથીઓ જેલ જાય અને નિક્સન કેમ છૂટી જાય? કેસ ચાલે અને નિક્સનને સજા થાય પછી માફી આપવી કે નહિ તેનો વિચાર કરવો જોઈએ એમ પણ દલીલ થાય. પણ આવી પ્રક્રિયા જ રોકવી છે એ હેતુથી ફૉર્ડે આ પગલું લીધું છે. નિક્સનને બચાવવાના ઈરાદા કરતાં પ્રજાની અને પ્રમુખપદની પ્રતિષ્ઠા જાળવવાનો હેતુ મુખ્ય છે એમ લાગે છે. અને રોમ લાગે છે કે અંતે નિક્સનના બધા સાથીદારોને આવી માફી આપવી પડશે. નહિ તો કોઈ કેસમાં નિક્સનને જુબાની માટે બોલાવે તો તેણે જવું જ પડે અને બધું કહેવું પડે. ફૉર્ડે પ્રજાને પૂરી તૈયાર કર્યા વિના આચાનક અને તેની પૂર્વેની જાહેરાતો બીજી હોવા છતાં આવું પગલું લીધું છે એટલે ફૉર્ડ સામે સારો એવો વિરોધ થશે. પણ અંતે શમી જશે એમ લાગે છે.

૧૦-૯-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# ચરમ નયણ કરી મારગ જોવતો રે ભૂલ્યો સયલ સંસાર

[ ગતાંકથી ચાલુ ]

હવે અજૈન સંઘો તથા જૈન સંઘને પણ ધ્યાનમાં રાખીને મૂર્તિપૂજાના ઉપયોગની દૃષ્ટિએ અજૈન હિંદુ સંઘો ભૂલ્યા છે અને જૈન સંઘ પણ ભૂલ્યો છે એવા મુદ્દાને છણીને લખાણ ખૂટું થશે. મૂર્તિપૂજા એક સત્સંગની ગરજ સારે છે. જીવંત સંતપુરુષો દેહધારક મનુષ્યરૂપે હોવાથી ઘણીવાર તેઓમાં ખાંખાખોળિયા લોકો કાંઈ ને કાંઈ દૂષણ શોધી શકે છે. એટલે જ પ્રાચીન અનુભવી જ્ઞાની પુરુષોએ વિદેહી સંતપુરુષોની છબીઓ, ચિત્રો કે પ્રતિમાઓના દર્શનરૂપ સહવાસની હિમાયત કરેલ છે. એ સહવાસથી વિદેહી પુરુષોના જીવનમાં રહેલા ગુણો સંબંધે વારંવાર ચિંતન-મનન થાય છે અને એ રીતે દર્શન કરનાર પોતાનાં દૂષણોને ઓછાં કરવા પ્રયત્ન કરી શકે છે અને પરિણામે પ્રત્યક્ષ જીવનમાં સાદાઈ, સંતોષ વગેરે ગુણો કેળવી શાંતિ અનુભવી શકે છે અને બીજા માનવો વગેરે માટે પણ શાંતિનું નિમિત્ત બની શકે છે. આ મૂર્તિપૂજાને સફળ કરવી હોય તો તે પૂજા માટેનાં ઉપકરણો ઘણાં સાદાં અને ઓછામાં ઓછાં ખરચાળ હોવાં જોઈએ તથા ન્યાયમાર્ગે જ મેળવેલ ધન દ્વારા પ્રાપ્ત કરેલાં હોવાનો આગ્રહ સેવવો જોઈએ. એ તો સહજમાં જ સમજાય એવું છે. મૂર્તિદ્વારા સત્સંગ મેળવનાર વિશેષ મનન-ચિંતન કરતો રહે એ માટે કોઈ ઉપકરણ બાધક ન હોય એનું બરાબર ધ્યાન રાખવું જરૂરી છે. પણ જો ઉપકરણોમાં આડંબર વધારે હોય, દેખાવનું તત્ત્વ અધિક હોય તો ચિંતન-મનન કરનારને તે ઓછું ઉપયોગી નીવડે છે.

છબી કે ચિત્ર વા મૂર્તિ દ્વારા વિદેહી કે જીવંત વ્યક્તિનો સત્સંગ કરનાર બરાબર જાગરૂક રહીને ચિંતન-મનન કરે અને એ સાથે જોઈતો ત્યાગ તપરૂપ શ્રમ કરે તો જરૂર પોતાની જીવનશુદ્ધિરૂપ કે જીવનવિકાસરૂપ ધાર્યું ફળ મેળવી શકે છે. એ માટે મૂર્તિ ઉપર કોઈ ઘરેણાંગાંઠાં ચડાવવાની જરૂર નથી તેમ અત્તર વગેરેના લેપનની જરૂર નથી તેમ જ પુષ્પોના ઠઠારાની પણ જરૂર નથી તેમ મૂર્તિ સામે વિવિધ ખાદ્ય-ભોજ્ય પદાર્થોની વાનીઓ ધરાવવાની પણ જરૂર નથી તથા રોજરોજ મૂર્તિને નવરાવવાની પણ જરૂર નથી. પણ એટલું તો ધ્યાનમાં રાખવાનું જરૂરી છે કે મૂર્તિ કે ચિત્ર વા છબી ચોખ્ખી તો હોવી જ જોઈએ.

મૂર્તિદ્વારા સત્સંગ કરનાર બહુ બહુ તો મૂર્તિ પાસે બેપાંચ ફૂલ રાખે ઓટલું બસ છે, સુગંધધૂપનું વાતાવરણ રાખે એ પણ ઠીક છે. કેમ કે મૂર્તિ પાસે અનેક લોકોનું ગમનાગમન થતું રહે છે ઓટલે વાતાવરણને ચોખ્ખું રાખવા જણાવેલ રીતે પુષ્પધૂપની મર્યાદા પૂરતી છે.

આવો સત્સંગ કરતાં આડંબર વધ્યો કે ઘરેણાં વગેરેનો ઠઠારો વધ્યો કે અત્તર વગેરેના લેપના રગડા વધ્યા તો મનન-ચિંતન કરીને સાધના દ્વારા પોતાની જીવનશુદ્ધિ કરનાર કે વિકસાવનારને માટે એ પ્રાયઃ નકામું છે એ યાદ રાખવાની જરૂર છે. વળી, એવી ઘરેણાં કે પુષ્પો વગેરેના ઠઠારાવાળી મૂર્તિ તેની વિદેહી વીતરાગ દશાને સૂચવી શકતી નથી. માત્ર એ જોનારના મનનું રંજન કરવા સિવાય બીજા રૂપમાં નથી આવતી. મૂર્તિ દ્વારા વિદેહી કે જીવંત સંતનો સત્સંગ કરનાર સાધકનો ઉદ્દેશ એ હોય છે કે જેની મૂર્તિ હોય તે વ્યક્તિની જેવી દશા મેળવવી. આ માટે આચાર્ય ભિલ્લપુત્ર એકલવ્યનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. જ્યારે દ્રોણાચાર્યે આચાર્ય પુત્રને ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી ત્યારે તે હિમત ન હાર્યો પણ પોતાના વનના આવાસમાં એક સારી જગ્યાએ ઓટલો બનાવીને તે ઉપર શ્રી દ્રોણાચાર્યની માટીની જ પ્રતિમા બનાવીને બેસાડી અને તેની પાસે પુષ્પધૂપ વગેરે રાખવા જેવી સાદી જરૂરી સામગ્રી રાખી અને ગુરુની પ્રતિમા ઉપર શ્રદ્ધા રાખીને ધનુર્વિદ્યા શીખવાનો સતત પ્રયાસ કરવા માંડયો ત્યારે એકલવ્યને અર્જુન કરતાં સવાઈ ધનુર્વિદ્યા આવડી ગઈ. એકલવ્ય ગુરુભક્ત પણ એવો જ અસાધારણ હતો જ્યારે દ્રોણાચાર્યે તેના જમણા અંગૂઠાને કાપીને આપવાની માગણી કરી કે તરત જ તેણે પોતાનો અંગૂઠો કાપીને શ્રી ગુરુને સોંપી દીધો અને ત્યાર પછી ડાબા હાથે પણ તે જ ગુરુ ઉપરની શ્રદ્ધા અને ભક્તિ વડે અસાધારણ ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી શક્યો. આમ એકલવ્યે જે સફળતા મેળવી તેમાં તેની અસાધારણ ગુરુશ્રદ્ધા સાથે અનન્ય ઉત્સાહપૂર્વક કરેલો પરિશ્રમ પણ કારણ છે. એકલવ્ય જો ગુરુની પ્રતિમા પાસે પુષ્પોનો ઠઠારો કરવામાં અને ગુરુમૂર્તિ ઉપર ભાતભાતનાં ઘરેણાંગાંઠાં ચડાવવામાં તથા અત્તર વગેરેના

લેપોમાં રોકાયો હોત અને મુખથી એમ બોલ્યા કરતો હોત કે 'હે ગુરો! મને ધનુર્વિદ્યા શીખવી દો' 'ધનુર્વિદ્યા શીખવી દો' ? તો તેને સો વરસ તો શું પણ લાખો વરસે પણ ધનુર્વિદ્યા ન મળી શકત. એટલે જે સાધકો મૂર્તિના સત્સમાગમ દ્વારા જેમની મૂર્તિ છે તે વ્યક્તિની જેવી દશા પ્રાપ્ત કરવા ચાહતા હોય તેમણે પોતાની સામે એક્લવ્યની પ્રવૃત્તિને આદર્શરૂપ રાખવી જરૂરી છે; પણ જે લોકોનો હેતુ માત્ર મનોરંજન પામવાનો અને આયાસ વિનાના ધરમને કરવાનો હોય તેઓ માટે તો પૂર્વોક્ત ઠઠારાવાળી મૂર્તિ જ ખપ લાગે. વૈદિક હિંદુ પરંપરામાં પણ શ્રી હનુમાનજી, શ્રી રામચંદ્રજી શ્રીકૃષ્ણ પરમાત્મા વગેરે વિદેહી વીતરાગ સંતોની પ્રતિમાઓનો સત્સંગ કરવાની જે પ્રથા છે તે પણ એક્લવ્યની જેવી સાધના કરી, શ્રી હનુમાનજી જેવી ભક્તિનો, વિનયનો, બ્રહ્મચર્યનો, વીરતાનો અને નિર્ભયતા વગેરેનો ગુણ મેળવવા સારુ જ છે. એ માટે જ હનુમાનજીનાં મંદિરો બંધાયેલાં છે અને તેમાં ઉક્ત ગુણોને સૂચવનારી શ્રી હનુમાનજીની મૂર્તિને પધરાવવામાં આવે છે અને તેનાં દર્શન, વંદન, પૂજન વગેરે દ્વારા મનન-ચિંતન કરી તેમના ગુણોને હૃદયમાં સ્થિર કરવા સારુ પ્રયત્ન કરવામાં આવે છે, પરિક્રામ કરવામાં આવે છે અને તે અંગે આવશ્યક ત્યાગ અને તપ પણ કરવામાં કચાશ રખાતી ન હોય એ જોવું જરૂરી છે. પણ વર્તમાનમાં તો હનુમાનજીનાં જે મંદિરો છે તેમાં શ્રી હનુમાનજીની મુદ્રા આવી પ્રેરક ભાગ્યે જ જોવામાં આવે છે અને ભક્ત લોકો દર શનિવારે હનુમાનજીની મૂર્તિ ઉપર તેલ ચડાવીને વા હનુમાનજી ચાલીશાનો પાઠ કરીને સંતોષ માને છે અને પોતાને કોઈ જાતનો તપત્યાગરૂપ પરિક્રામ કરવાની જરૂર હોય તેમ કોઈ ભક્ત માનતો લાગતો નથી. માત્ર હનુમાનજી પોતાનું ભલું કરે એવી ઈચ્છાને મનમાં રાખીને તેલ ચડાવતો રહે છે. પોતાનું ભલું થાય તે માટે ભક્તે પોતે શું કરવું જોઈએ, કેવો સદાચાર પાળવો જોઈએ અને એ અંગે કેવો કઠોર પરિક્રામ કરવો જોઈએ એ બાબત કોઈ વિચાર કરતું હોય એમ જણાતું નથી. હવે તો શ્રી હનુમાનજીને લોકોના મનોરંજન માટે માખણના પણ બનાવવામાં આવે છે અને એવા હનુમાનજીનાં દર્શન માટે છાપામાં જાહેરાતો પણ અપાય છે. આ સ્થિતિ હિંદુ વૈદિક ધરમના મારગરૂપ નથી અને જે સ્થિતિ આજે છે તેવી યા તેને મળતી સ્થિતિ યોગીરાજના વખતમાં પણ પ્રવર્તતી હોય એ અસંભવિત તો નથી જ. એ જોઈને યોગીરાજ શ્રી આનંદઘને કહ્યું કે ધરમનો મારગ શોધવા માટે સકલ સંસાર ભૂલમાં જ પડેલ છે.

શ્રી રામચંદ્રજીના મંદિરમાં તેમની પ્રતિમાનાં દર્શન-વંદન-પૂજન દ્વારા તેમના જીવનનું ચિંતન-મનન કરવાનું છે, અને તે દ્વારા તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને, ભારે અહોભાવ દ્વારા તે ગુણોનું વિશેષ ભક્તિ સાથે ચિંતન કરીને ગુણાર્થી ભક્તજને રામના ગુણોનું-પિતૃભક્તિનું, માતૃભક્તિનું, ભ્રાતૃસ્નેહનું, ન્યાયપરાયણતાનું, એકપત્નીવ્રતનું, લોકપ્રિયતાનું, શૂરવીરતાનું, ઉદારતાનું વગેરે અનેક ગુણોનું વા એ ગુણોમાંના ગમે તે એક ગુણનું પોતાના હૃદયમાં એવી રીતે સ્થાપન કરવું જોઈએ કે તે ગુણ વ્યવહારમાં સદા દેખાઈ શકે તથા એ એક ગુણદ્વારા બીજા પણ ગુણો ભક્ત – સાધકમાં ધીરે ધીરે વિકસી શકે. વર્તમાનમાં તો આ દૃષ્ટિએ કોઈ પૂજન-ભજન વગેરે કરતું હોય એ પ્રાયઃ ઓછું દેખાય છે અને રામભક્તિના ઉપદેશકો પણ ભક્તજનોને શ્રી રામચંદ્રજીના ગુણો મેળવવાની દૃષ્ટિએ તેમની ભક્તિ-સેવા-આરાધના કરવાનું જણાવતા નહીં હોય એવું તો પ્રાયઃ નહીં હોય છતાં ગાડરિયો પ્રવાહ તો ચાલતો રહે છે. એટલે શ્રી આનંદઘનજી મહારાજે પોતાના સમયમાં પૂર્વોક્ત ગુણની પ્રાપ્તિની દૃષ્ટિએ શ્રી રામની ભક્તિ કરવાની પ્રથાનો પ્રચાર નહીં જોઈને, તથા 'શ્રી રામજી ભલું કરે' એવી સ્થૂલ ભાવનાથી રામભક્તિ થતી જોઈ તથા પોતાના ભલા માટે પણ ભક્તે કેમ કરવું કે જીવનમાં કયા ગુણો કેળવવા વા તેમણે કેવા તપ-ત્યાગ કરવા એ વિશે શ્રી રામાનુયાયી ઉપદેશકોની ઉદાસીનતા જોઈને તથા રામભક્તિ અંગે ચાલતા ગતાનુગતિક પ્રવાહને ધરમનો માર્ગ સમજવાની ભૂલમાં પડેલા લોકોને જોઈને કહ્યું કે 'ભુલ સયલ સંસાર'એ બરાબર વાજબી જ કહેવાય.

શ્રી રામચંદ્રજીની પેઠે જ શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રતિમા અંગે પણ એ જ રીતે સમજી શકાય એમ છે. શ્રી કૃષ્ણચંદ્રજીની અનાસક્તિ, નિસ્પૃહતા, મિત્રભક્તિ, ઉદારતા, શૂરવીરતા, ગ્રામજન ગોપાલો સાથેનો સ્નેહ, પરદુઃખભંજનતા, કર્મપરાયણતા, વીતરાગતા, ભક્તવત્સલતા વગેરે ગુણોનો ભક્તસાધકે તેમની પૂજા કરતી વખતે વિશેષ વિચાર કરવો જોઈએ અને તેમાંનો કોઈ એક ગુણ પોતામાં આવીને સ્થિર થાય તેમ પ્રયત્ન કરવો જોઈએ અને તે માટે પૂરતાં તપ, ત્યાગ, સાદાઈ, સંતોષ વગેરે જીવનમાં કેળવવા પ્રયાસ કરવો જોઈએ. વર્તમાનમાં તો એમ થતું હોય એમ જણાતું નથી પણ શ્રીકૃષ્ણ પરમાત્માને નામે છપ્પન ભોગો ધરવામાં આવે છે ત્યારે તેમના અનુયાયી ગ્રામીણો અન્ન વિના ટળવળતા રહે છે તથા ઋતુ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનનાં કપડાં બદલવામાં આવે છે ત્યારે ભારતની પ્રજા વસ્ત્ર વગર અનેક દુઃખો ભોગવી રહી છે. અત્યારે જેમ ચાલે છે તેમ શ્રી આનંદઘનજીના વખતમાં ચાલતું હોઈ તેઓને કહેવું પડ્યું કે ધરમમારગ માટે **'ભૂલ્યો સયલ સંસાર.'**

ઈસ્લામી લોકોને તો શ્રી આનંદઘનજીએ સંક્ષેપમાં 'રામ કહો રહેમાન કહો' એમ ખરી રીતે સમજીને રામના અનુયાયી અને રહેમાનના અનુયાયી વચ્ચે કશો ભેદ ન રાખવાનું અને પોતપોતાનો ધર્મ ખરા અર્થમાં સમજીને પાળવાની વાત કરેલી છે. અને એમ કરવામાં જ ધરમનો સાચો મારગ છે. પણ સંભવ છે કે એમના જમાનામાં મુસ્લિમ લોકોની ઝનૂનીવૃત્તિને જોઈએ અને એ વૃત્તિને ધરમનો મારગ માનતા લોકોને જોઈને તેમને એક પિતા એક પરિવારનો ઉપદેશ આપેલ છે તથા એમ નહીં કરવાથી તેઓ પણ ભૂલ્યા છે. એટલે શ્રી યોગીરાજનું કથન 'ભૂલ્યો સયલ સંસાર' એ તમામ લોકો માટે સાર્થક નીવડે છે.

**બેચરદાસ દોશી**

## શ્રી ઝાલાવાડ સભાનો પ્લેટીનમ જ્યુબિલી મહોત્સવ

મુંબઈની શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાને ૭૦ વર્ષ પૂરાં થાય છે ત્યારે એ પ્રસંગે તા. ૧, ૨ અને ૩ નવેમ્બરના રોજ હોકી ગ્રાઉન્ડ (ચર્ચગેટ 'ડી' રોડ) પર મહોત્સવ ઊજવવામાં આવનાર છે.

મહોત્સવની ઉજવણી પાછળ સભાની શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓના વિકાસનું ખાસ લક્ષ્ય છે. ખાસ કરીને બંને સત્રની પૂરી ફી મળે તે માટે શિષ્યવૃત્તિ લોન, સ્કોલર યોજના, એસ. એસ. સી. તથા સ્નાતકો માટેનાં શિલ્ડ વગેરે નવી યોજના છે.

નવેમ્બર તા. ૧, ૨ અને ૩ ના દિવસોએ સભ્યોનાં કુટુંબોમાંથી તૈયાર કરેલ મનોરંજન કાર્યક્રમ રાસ - ગરબા હરીફાઈ વકતૃત્વ સ્પર્ધા, બહેનોનો સેમિનાર, મહિલા સંગઠન, યુવા મેળો, ડાયરો અને ખાસ સભા વગેરે કાર્યક્રમ યોજાયો છે.

વિશેષ માહિતી માટે ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, ૧ લા માળે, કાલબાદેવી રોડ, મુંબઈ-૨ (ફોન: ૩૧૨૮૭૦) નો સંપર્ક સાધવાનું જણાવવામાં આવ્યું છે.

# બિહાર આંદોલન

**[બિહાર આંદોલન સંબંધે ખાદી કમિશનના અધ્યક્ષ શ્રી રામચંદ્રનનો 'ગાંધીમાર્ગ'માં આવેલ તંત્રીલેખ તથા 'ભૂમિપુત્ર'માં સ્વામી આનંદનો લેખ, બન્ને અહીં આપ્યા છે. શ્રી રામચંદ્રનનો લેખ વર્ધામાં સર્વોદય સંમેલન ચાલતું હતું ત્યારે લખાયેલ છે. સંમેલનને અંતે, જે સર્વોદય કાર્યકરને આંદોલનમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેને વિનોબાજીએ છૂટ આપી છે, એક શરતે કે આંદોલનમાં સત્ય, અહિંસા અને સંયમ સચવાઈ રહેવાં જોઈએ. આ શરતનું કેટલે દરજ્જે પાલન થશે અથવા પાલન કરવાની ભાવના છે તે હવે પછીના બનાવો બતાવશે. —તંત્રી ]**

[ ૧ ]

જયપ્રકાશ નારાયણ બહાર પડે એ અનિવાર્ય ગણાતું હતું. કારણ દેશની પરિસ્થિતિ હતાશાજનક અને પડકારરૂપ બની ગઈ છે. જે. પી. આજનમ નિરધાર અને દૃઢ પ્રતીતિ સાથે આજે મેદાનમાં ઊતર્યા છે તેનું નહિ, પણ તેમણે આટલો લાંબો સમય રાહ જોઈ તેનું જ અમને આશ્ચર્ય છે. ઈન્દિરા ગાંધી સત્તા પર આવ્યાં તેની પણ પહેલાંથી આ અનિષ્ટો સામે જે. પી. ઉકળાટ અનુભવતા હતા. આગાઉ લગભગ બે દાયકા સુધી પંડિત નહેરુ સત્તા પર હતા. જે. પી સ્પષ્ટપણે એમ માનતા હતા કે પંડિત નહેરુ ગેરદોરવણી આપી રહ્યા હતા અને દેશને રાજકીય અને આર્થિક વિનાશ તરફ ધકેલી રહ્યા હતા. પોતાની આ માન્યતાને તેમણે કદી ગુપ્ત રાખી ન હતી, જો કે તે સમયે તેમણે આવાં કોઈ જાહેર નિવેદનો કર્યાં ન હતાં. ઘણાં વર્ષો પૂર્વે આ લેખક સાથે એક વાતચીત દરમિયાન જે. પી.ને જ્યારે એમ દર્શાવવામાં આવ્યું કે પંડિત નહેરુને લોકોનો ધરખમ ટેકો છે ત્યારે તેમણે ચોવો ત્વરિત અને સાસંદિગ્ધ પ્રતિભાવ દાખવ્યો હતો કે લોકો ક્યારેક ભોટ બની જઈ શકે છે. કોલબર્ત્તા, એ સંવાદ પર ત્યાં જ પૂર્ણવિરામ મુકાયું હતું! પણ જે. પી.ના દિલમાં પંડિત નહેરુ વિશે હમેશાં ઊંડા સ્નેહની લાગણી રહી હતી અને પંડિત નહેરુનો વ્યક્તિગત રીતે પણ તેઓ ભારે આદર કરતા હતા. વર્તમાન કટોકટીમાં જે. પી. જ્યારે ભારત સરકાર સાથે ફેંસલો કરી લેવા માટેના યુદ્ધમાં કમર કસી રહ્યા છે અને બિહારને પોતાના જંગનું આરંભબિન્દુ બનાવી રહ્યા છે ત્યારે તેમને ઈન્દિરા ગાંધી માટેના સ્નેહ કે આદરનો આવો કોઈ સંકોચ નડી રહ્યો નથી. વ્યક્તિગત સમીકરણોનું કોઈ પણ યથાર્થ પૃથક્કરણ એમ દર્શાવી આપશે કે જે. પી. ઈન્દિરા ગાંધી તરફ સખત આક્રમણ ધરાવે છે એ વિશે કોઈ શક નથી. પણ ભારતમાં આજે જયપ્રકાશ નારાયણ જે નવો પાઠ ભજવી રહ્યા છે તેના આ વર્તમાન અભ્યાસમાં આ આક્રમણના સ્વીકારની વાત આપણા માટે જરા પણ પ્રસ્તુત નથી. જે. પી. ની નૈતિક અને રાજકીય વ્યક્તિમત્તાને ક્ષણભર માટે પણ કોઈ વીસરી શકે નહિ. આપણે હમેશાં એમ માન્યું છે કે ગાંધીજી પછી ભારતના રાજકારણમાં તેઓ સૌથી પ્રભાવક નૈતિક બળ બની રહ્યા છે. બલિદાન, ધૈર્ય અને લોકસેવાની લગભગ ચાટ્ટિતીય કોવી કોમની કારકિર્દી રહી છે. કોમની કોઈ પણ ટીકા આથી કોમનાં ચારિત્ર્ય અને વ્યક્તિત્વ માટેના ઊંડા આદરની ભૂમિકા પરથી જ માત્ર હોઈ શકે. કોઈએ હળવાશથી તેમના તરફ પથરો ફેંકવો જોઈએ નહિ. કોમનાથી જુદો મત ધરાવતા હોઈએ ત્યારે પણ આવશ્યક રીતે શ્રેષ્ઠ આદર અને સંકોચસહ આપણો મતભેદ વ્યક્ત કરવો જોઈએ. અંતે, કોમના જેવી વ્યક્તિમત્તા અને દરજ્જાના માનવી, સંભવ છે કે સાચા હોઈ શકે. આપણો મતભેદ સાચો હોવાની શક્યતા આથી ભૂંસાઈ જતી નથી. એક સત્યાગ્રહી સામસામાં અંતિમોમાં સત્ય રહેલું હોવાની સંભવિતતા સ્વીકારે છે. સર્વોચ્ચ નૈતિક સપાટી પર ઉત્કટ લાગણીઓ ઉભય પક્ષે સંડોવાયેલી રહેશે અને તેથી જ આપણી અને જે. પી.ની વચ્ચેના વૈચારિક અને અભિગમોના સંઘર્ષ-ક્ષેત્રમાં આપણે ખૂબ સાવધપણે અને ઘણા વિનમ્ર ભાવે ચાલવું જોઈશે.

આપણા દેશની બાબતોમાં જે. પી.ના વર્તમાન પાઠના કોઈપણ પૃથક્કરણમાં નૈતિક અને રાજકીય ઉભયવિધ પ્રશ્નો સંડોવાયેલા રહ્યા છે. ઘણાં વર્ષો થયાં જે. પી.એ નૈતિક સપાટી પરથી કાર્ય કર્યું છે અને ભારતના ચાંત.કરણના પ્રવેશદ્વારે ચોકીદાર બનીને ઊભા રહ્યા છે. રાજકીય નેતાઓએ તેમની વાત કાને ધરી ન હોય તો પણ વખતોવખત જે. પી. તરફથી જે નૈતિક પડકારો થતા રહ્યા છે તે ઘણીવાર લોકોના મનમાં ઊંડે ઊતરી ગયા છે, અને લોકો એ વિશે રોમાંચ અને આભારની લાગણી દર્શાવે છે કે ગાંધીજી અને વિનોબાજીએ આપણા જાહેર જીવનમાં જે શાશ્વત મૂલ્યોની પ્રતિષ્ઠા કરી છે તે મૂલ્યો માટે જે. પી. હિમાયત કરી રહ્યા છે. એક સાચા અર્થમાં જે. પી. વિનોબાજી માટે એવું ઉદાત્ત બળ બની રહ્યા છે, જેવું પંડિત નહેરુ ગાંધીજી માટે હતા. ગાંધીજી ઊર્મિલતાથી પર હતા અને પંડિત નહેરુને એમણે જ્યારે પોતાના રાજકીય વારસ તરીકે પસંદ કર્યા ત્યારે એક પ્રખર વાસ્તવવાદી તરીકે જ તેમણે એમ કર્યું હતું. પોતાની અને નહેરુની વચ્ચેના મતભેદોને પૂરી રીતે જાણતા હોવા છતાં ગાંધીજીએ આમ કર્યું હતું. જે. પી.એ પોતાનાં ચારિત્ર્ય અને વ્યક્તિત્વના પૂરા ઓજસપૂર્વક વિનોબાજીના ભૂદાન-ગ્રામદાન આંદોલનમાં ઝંપલાવ્યું અને એ ઝુંબેશમાં વિપુલ બળ પૂર્યું. વિનોબાજીની રાહબરી હેઠળ તેઓ જીવનદાની બન્યા અને વારંવાર કહ્યું કે સર્વપક્ષીય રાજકારણથી તેઓ વિમુખ થઈ રહ્યા છે. તેમણે જે એકમાત્ર રાજકારણ સ્વીકાર્યું તે લોકશક્તિ પેદા કરવાનું રાજકારણ હતું. પણ હવે પોતાના નવા પાઠમાં જે. પી. એ સીધાં રાજકીય પગલાંની સાથે નૈતિક મૂલ્યોને સંયોજવાનો ઉપક્રમ આદર્યો છે. જેમાં લાંબા સમયથી તેઓ ઉદાત્ત બળ બની રહ્યા હતા તે નીતિમત્તાના ક્ષેત્ર દ્વારા રાજકારણ પર પ્રભાવ પાડવાની વાતથી હવે તેમને સંતોષ નથી. દેખીતી રીતે જ તેઓ એવા તારણ પર આવ્યા છે કે નૈતિક નેતૃત્વ દ્વારા રાજકારણ પર પ્રભાવ પાડવો એ એક ખૂબ જ લાંબી અને થકવી નાખનારી પ્રક્રિયા છે. આથી એમણે ટૂંકો માર્ગ ગ્રહણ કર્યો છે અને સીધી ને સ્પષ્ટ રીતે રાજકીય અખાડામાં ઊતરી આવ્યા છે. એમ કરવાનો એમને પૂરો અધિકાર છે. એ માટે એમનાથી વિશેષ અધિકાર સંભવતઃ કોઈનો નથી. આમ છતાં પરિણામો ઘણાં ખતરનાક હશે અને તેમણે જે ઉદ્દેશ સેવ્યો છે તેવાં નહિ હોય. ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે લોકશક્તિની તાકાત અને ભવ્યતા પ્રગટાવવી એ એક વસ્તુ છે અને યોગ્ય રીતે ચૂંટાયેલી બિહાર વિધાનસભાના વિસર્જન માટે તથા યોગ્ય રીતે રચાયેલી બિહાર સરકારના રાજીનામા માટે આગ્રહ રાખવો એ તદ્દન જુદી બાબત છે. આ માગણી જે. પી. ને નૈતિક સપાટી પરથી તત્કાળ, ભલે આડકતરી રીતે પણ, પક્ષીય રાજકારણના સ્તર પર ઉતારી દે છે; અને તેમના નૈતિક આદર્શવાદમાં કે પક્ષનિરપેક્ષ લોકશાહી વિશેની તેમની લગનીમાં સહયોગી નહિ તેવા રાજકીય પક્ષો પર મહદ્ અંશે જ્યારે તેઓ આધાર રાખી રહ્યા છે ત્યારે તો સવિશેષપણે આમ બને છે. જે. પી.ના નવા પાઠને આપણે, ભારતના નૈતિક અંતઃકરણના ચોકીદારના-આપણા રાજકારણના શુદ્ધિકરણ અને ઊર્ધ્વીકરણ માટે એ અંતઃકરણની જાગૃતિ પર આધાર રાખતા ચોકીદારના રૂપમાં નહિ, પણ તાત્કાલિક રાજકીય લક્ષ્યોને તાકતા એક રાજકારણીના રૂપમાં નિહાળવો પડશે. સંભવ છે કે તેમના તાત્કાલિક ઉદ્દેશો

મહાન નૈતિક વિચારોને સમાવિષ્ટ કરતી બહુ દૂરની શક્યતાઓ સાથે સંકળાયેલા હશે; પણ તે વસ્તુ આપણા દેશની પરિસ્થિતિના વર્તમાન સંદર્ભમાં, તાત્કાલિક ઉદ્દેશો પાછળ વિપરીત પક્ષીય રાજકારણની ગંધ રહેલી છે એ હકીકતને છાવરી શકે તેમ નથી. કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રવર્તમાન માળખાને તોડી પાડવા અર્થે એક રાજકીય ક્રાંતિના અગ્રેસર થવા જે. પી. કૃતનિશ્ચયી જણાય છે. ફરી એકવાર આપણે એ સ્પષ્ટ કરીએ છીએ કે તેમની સાથે આપણે સહમત થતા ન હોઈએ તો પણ પોતાના રાજકીય ઉદ્દેશો ધરાવવાનો તેમને પૂરો અધિકાર છે. આપણા પૂરા બળ સાથે આપણે એ વસ્તુ ભારપૂર્વક દર્શાવવા માગીએ છીએ કે પોતાના વિચારો ધરાવવાનો તેમને પૂરો અધિકાર છે એટલું જ નહિ, એ વિચારો ધરાવવાના તેમના અધિકારને આપણે આપણી પૂરી તાકાતથી ટેકો આપીશું. ગાંધીજી અને નહેરુએ નિર્માણ કરેલા ભારતમાં લોકશાહીનો એ જ અર્થ છે.

પણ જે. પી. જ્યારે પોતાના તાત્કાલિક રાજકીય ઉદ્દેશોને પોતાની વિશિષ્ટ અહિંસા સાથે સાંકળે છે ત્યારે આપણે ભારતની રાજકીય સમસ્યાઓ પરત્વેના તેમના વર્તમાન અભિગમની યથાર્થતાને પડકારવી જ જોઈએ. ક્ષણભર માટે તેમની અહિંસા અને તેમની નૈતિક ભૂમિકાને બાજુ પર રાખીને, તેમના રાજકારણને રાજકીય ભૂમિકા પર મૂલવવાનો હવે શું આપણને અધિકાર નથી? આપણે તરત જ એમ કહેવા ઈચ્છીએ છીએ કે તેમનાં તાત્કાલિક રાજકીય લક્ષ્યો ભારતમાં લોકશાહી માટેના જોખમથી ભરેલાં હોવાનું અને લડતનો તેમનો કાર્યક્રમ અહિંસા માટેના એવા જ જોખમથી ભરેલો હોવાનું આપણે માનીએ છીએ.

એવો અચૂક પુરાવો મળી ચૂક્યો છે કે બિહાર વિધાનસભાના વિસર્જનની કે બિહારના પ્રધાનમંડળના સત્તાત્યાગની જે. પી. ની તેમને પાર પડવા દઈ શકાય નહિ અને પાર પડવા દેવાશે નહિ. બિહાર વિધાનસભાનું વિસર્જન થવું જોઈએ અને બિહાર સરકારે સત્તા પરથી હઠી જવું જોઈએ એવી માગણી દ્વારા તેઓ બિહારના કરોડો મતદારોનું અસહ્ય અપમાન કરી રહ્યા છે. ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ નાબૂદ કરવામાં સહાયક બને તેવા યોગ્ય ઉમેદવારોને જ ચૂંટવા માટે મતદારોને કેળવવાનું તેમના માટે બેશક ખુલ્લું છે. ઉમેદવારો પસંદ કરવા માટે પ્રજાકીય સમિતિઓ નીમવાનો અને પછી આવા ઉમેદવારોને ચૂંટવા માટે મતદારોને અપીલ કરવાનો તેમનો કાર્યક્રમ સર્વ વિતંડાથી પર છે, પણ ચૂંટાયેલા ધારાસભ્યો અને પ્રધાનોને સત્તાત્યાગ કરવાની ફરજ પાડવા શારીરિક દબાણનો ટૂંકો માર્ગ લેવો એ જે. પી.ની અહિંસા છે અને નહિ કે ગાંધીજીની અહિંસા. તેઓ સફળ થશે તો તે માત્ર ધારાસભા કે પ્રધાનમંડળનો જ પરાજય નહિ હોય, અહિંસા અને રાજકીય નીતિમત્તાનો પણ એ પરાજય ગણાશે. આમ ન બને એમ ઈચ્છીએ. આમ બનવા દેવામાં ન આવે એમ ઈચ્છીએ. કરોડો લોકોનાં દિલદિમાગમાં રાજકીય પક્ષોએ ઊંડું સ્થાન જમાવ્યું છે તેવી ભારતની વર્તમાન પરિસ્થિતિમાં પક્ષનિરપેક્ષ લોકશાહીનો પોકાર એ નિર્ભેળ આત્મપ્રતારણા જ છે. ભારતમાં આજે એક રાષ્ટ્રીય લોકમતમાં જે. પી. ભલે પોતાની પક્ષનિરપેક્ષ લોકશાહી માટે ટેકો મેળવવા પ્રયાસ કરે અને પછી પોતે ક્યાં ઊભા છે તે તેઓ જાણી શકશે. પક્ષનિરપેક્ષ લોકશાહીના પોતાના વિચારને લોકપ્રિય બનાવવા તેમણે પોતાના ઉત્કૃષ્ટ બુદ્ધિ-કૌશલના પૂરા બળ સાથે પ્રયાસ કર્યો છે અને નિષ્ફળ ગયા છે. આપણે ઈચ્છીએ છીએ કે તેઓ સફળ થાય, પણ આપણે જાણીએ છીએ કે આગામી દાયકાઓ સુધી એ એક વ્યર્થ આશા છે. આ તબક્કે જે. પી. પર દેખીતી જ અવાસ્તવિકતાનો આરોપ મૂકતાં આપણે અચકાતા નથી.

જે. પી. ની અહિંસા વિશે આપણે પૂરી વિનમ્રતા સાથે બે શબ્દો કહીએ? તેમની અહિંસા એ ગાંધીજીની અહિંસા નથી એમ કહેવું એ સંભવત: એમ કહેવા સમાન છે કે ભારતમાં આજે કોઈની પણ અહિંસા એ ગાંધીજીની અહિંસા નથી – આમાં એકમાત્ર અપવાદ વિનોબાજી છે. જે. પી.ની અહિંસા કંઈક આ પ્રકારની જણાય છે : અહિંસા સારી છે અને હિંસા કરતાં હમેશાં વધુ પસંદ કરવા યોગ્ય છે. તેઓ અહિંસાને માર્ગે રહેશે, જ્યાં સુધી લોકો અહિંસક રહેશે. પણ કોઈક તબક્કે જો હિંસાનું વર્ચસ્ જાય તો તેઓ તેનાથી પીઠ નહિ ફેરવી જાય. અત્રે પ્રશ્નોનો પ્રશ્ન એ છે કે લોકોને અહિંસા અપનાવતા કરવા માટે તેઓ શક્તિમાન છે કે કેમ; અને તેઓ નિષ્ફળ જાય તો એ નિષ્ફળતા માટે તેઓ કઈ કિંમત ચૂકવશે? ગાંધીજીએ લોકોને અહિંસક બનાવ્યા અને પોતાના જીવનમાં અહિંસાને ઉતારીને તેમણે તેમ કર્યું. અને જ્યારે તેમાં તેઓ નિષ્ફળ જતા ત્યારે પોતાની જાતને અગ્નિમાં હોમી દેવા તેઓ તૈયાર રહેતા; અને આવી તેમની તત્પરતાને કારણે લોકોને પોતાની સાથે રાખવામાં તેમને લગભગ કદી નિષ્ફળતા મળી નહોતી. લોકો સ્વાંત:સ્ફુરણાથી અહિંસા વિશેની તેમની ઊંડી નિષ્ઠા પામી જતા. પણ જે. પી.ના તાજેતરનાં કેટલાંક ઉચ્ચારણો એવી છાપ પાડશે કે અહિંસક ક્રાંતિને તેઓ આવકારશે અને તે માટે કાર્ય કરશે, પણ કોઈક તબક્કે હિંસાનાં બળો સૂત્રો સંભાળી લે એવી શક્યતા તેઓ જુએ છે અને તેનો સ્વીકાર કરે છે. આ રીતે આ વસ્તુ અહિંસા માટેના તેમના સમગ્ર દાવાને ખુલ્લો કરી દે છે. આમ આપણે આ મહત્ત્વના પ્રશ્નો વિશે ઊંડી અને દુ:ખદાયક ચિંતા સેવીએ છીએ. આપણા મનમાં જરા પણ શક વિના આપણે એ વિશે સ્પષ્ટ હોવાં જોઈએ કે જે. પી. જનસમૂહની લોકશક્તિને જગાડવાના આગ્રહી રહે અને તેમાં સફળ થાય તો આવી લોકશક્તિ હિંસાના જ્વાળામુખીમાં ભભૂકી ઊઠવાની ખરેખરી શક્યતાને તેઓ અંકુશમાં રાખી શકશે નહિ. આમ બનશે ત્યારે આજે જે. પી. જે માટે ખડા છે તે સર્વ કાંઈ નષ્ટ પામશે. આમ છતાં આપણને એ વિશે ખાતરી છે કે ભારતની પ્રાણશક્તિમાં હજી પ્રબળ રીતે ધબકી રહેલા ગાંધીજીનો આત્મા આમ બનવા નહિ દે અને વિનોબાજીનું માનસ પણ ભારતના ભવિતવ્યની એવી જ ચોકી કરતું રહેશે.

આ વાક્યો લખાઈ રહ્યાં છે ત્યારે જ આપણને એવા સમાચાર મળી રહ્યા છે કે વિનોબાજી અને જે. પી. મસલત ચલાવી રહ્યા છે. તેમનું આ મિલન શાણા અને વાસ્તવવાદી નિર્ણયો લેવામાં પરિણમો. સાથે મળીને વિચારવિનિમય ચલાવી રહેલા આ ઉભય મહાનુભાવો આપણા દેશની સર્વોચ્ચ વ્યક્તિઓમાં સ્થાન ધરાવે છે. યથાર્થ શાણપણ અને વાસ્તવવાદિતા પ્રવર્તી રહો.

જે. પી. સંબંધમાં આપણે એવો પૂરો વિશ્વાસ રાખી શકીએ કે ભારતના વર્તમાન અને ભાવિને હાનિ પહોંચાડે તેવો કોઈ માર્ગ તેઓ અપનાવશે નહિ, અને વિનોબાજીમાં આત્યારના સમયે આપણને જેમનામાં સત્ય અને અહિંસાનો આવિષ્કાર થયો છે તેવા આપણા યુગના પુરુષોત્તમ સાંપડ્યા છે. વિનોબારૂપી ગંગા અને જયપ્રકાશરૂપી બ્રહ્મપુત્રનો આ સંગમ માત્ર એવા નિર્ણયોમાં જ પરિણમી શકે, જે ગાંધીજી અને નહેરુની આશા અને આકાંક્ષાઓને અનુરૂપ રીતે ભારતને ઉદાત્ત બનાવે અને તેનું નવઘડતર કરે. આમ બને તે માટે ઈશ્વરની કૃપા વરસી રહો.

'ગાંધીમાર્ગ'ના
જુલાઈ, ૧૯૭૪ના
અંકનો અગ્રલેખ

જી. રામચન્દ્રન્
અનુ: હિંમતલાલ મહેતા

## [૨]

શ્રી જેપ્રકાશ નારાયણના બિહારના શાંતિમય આંદોલનને પૂજ્ય રવિશંકરદાદાએ આશીર્વાદ મોકલ્યા તે પત્ર મને વાંચી સંભળાવવામાં આવ્યો. તેનાથી મને ઘણી ખુશી થઈ. પણ સાથે જ વિચાર એ આવ્યો કે બીજા બધા કેમ ચૂપ છે? આજે દેશ આખામાં ફેલાયેલા ગાંધીવાળાઓ તમામ એક કે બીજે નિમિત્તે વર્ષોથી સરકારી મદદના ઓશિયાળા થઈને સાવ નિસ્તેજ બની ગયા છે. નીકર આવા દીવા જેવા મુદ્દા પર જેપ્રકાશજીએ માંડેલા આંદોલન વિશે તેમનામાં શંકા કે બેમત હોઈ જ કેમ શકે? દેશભરના ગાંધીવાળા ચૂપ બેઠા છે એ બિના સજ્જનોને અકળાવી મૂકે એટલી કરુણ છે.

રાજકર્તા વર્ગ તેમ જ શાસક કૉંગ્રેસનાં વર્તુળોમાં ચોમેર ફફડાટ પેઠો છે અને ભાતભાતનાં વિરોધી નિવેદનો અને પ્રચાર જેપ્રકાશજી સામે ચાલી રહ્યો છે, તે જોવા છતાં ઘણાખરા

ગાંધીવાળાઓના પેટનું પાણી હાલતું નથી એ ભારે ખેદજનક બિના છે. પ્રચારનાં બધાં સાધનો શાસક કૉંગ્રેસીઓના હાથમાં હોવાથી શાસક વર્ગોનો પ્રચાર રાતદિવસ છાપાં, રેડિયો, ભાષણો ઈત્યાદિ વાટે દેશમાં જેપ્રકાશજી તથા તેમના આંદોલન સામે ધોધમાર ચાલી રહ્યો છે.

'જેપ્રકાશજી રાજકારણમાં પડ્યા', 'હિંસાને માર્ગે ચઢ્યા', 'લોકશાહીની ઘોર ખોદવા નીકળ્યા' વગેરે જાતનો પ્રચાર કરી તેમને દેશદુનિયામાં વગોવવાનો અને આમજનતાની આંખે પાટા બાંધવાનો પ્રયત્ન શાસક કૉંગ્રેસવાળા કરવા મંડી પડ્યા છે. જૂને કાળે એકપણ નીચલા કહેવાતા થરનો પ્રજાજન તપ કરવા મંડે તો અધિકારની મોનોપોલી ધરાવનારા બ્રાહ્મણો ફફડી ઊઠતા અને ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલવા લાગતું એવી કથાઓ પુરાણોમાં આપણે વાંચીએ છીએ. તે પ્રમાણે આજે ઈતિહાસની પુનરાવૃત્તિ થઈ રહેલી જણાય છે.

જેપ્રકાશજીના આંદોલનમાં હિંસા નથી, બલકે શક્ય તેટલી તમામ જોગવાઈઓ હિંસા ન થવા દેવા માટે છે, એ બિના જગજાહેર છે. અને જેપ્રકાશજીને જાણનાર આ દેશના લાખો-કરોડો પ્રજાજનો એ હકીકત બહુ સારી રીતે જાણે છે. ખુદ બિહાર સરકારે પોતે એ વસ્તુ કબૂલ કરી છે કે 'જેપ્રકાશજી પ્રજાને હિંસાને રસ્તે જતી અટકાવનારું મોટામાં મોટું બળ છે. એ ન હોત તો બિહારમાં ભયાનક હિંસા ફાટી નીકળી હોત.' તા. પમી જૂને પટણામાં જેપ્રકાશજી તરફથી ગોઠવવામાં આવેલું લોકસરઘસ નીકળતું અટકાવવા બિહાર સરકારના શાસક વર્ગે વાહનવ્યવહાર, ગાડીઓ, સ્ટીમરો, ટ્રકો કલાકો સુધી બંધ કરી અને પટણા ભણી જનારા લોકોને ઘેરે ઘેરે કરીને અટકાવ્યા, આગલે દિવસે શહેર આખામાં શસ્ત્રાસ્ત્રોનો દેખાવ તેમ જ લશ્કરીઓની કૂચ ફેરવીને, ધાક ઉપજાવવાની પેરવીઓ કરી અને તેમ છતાં સવારને બદલે બપોરે નીકળેલા લોકસરઘસમાં જ્યારે હજારો-લાખો લોક સામેલ થયા ત્યારે ગોળીબાર કરવામાં આવ્યા. અનેક જુવાનો જખમી થયા. છતાં સરઘસ પછીની જાહેર સભા થઈ જ, જ્યાં જખમી જુવાનો હાજર થયા હતા. આ બધું લોકોના પુણ્યપ્રકોપનો એવો ભડકો કરે એમ હતું કે પટનાના સેંકડો મકાનો અને સરકારી મિલકતો મોટી સંખ્યામાં ભસ્મીભૂત થાત અને મારામારી, ખૂનામરકી, આગ અને લૂંટફાટને હદ ન રહેત. પણ આ બધું પેલી જંગી જાહેર સભામાં બે કલાક સુધી શાંતિ તેમ જ સંયમની તરફેણમાં પોતાની વાણીનો ધોધ વહેવરાવીને જેપ્રકાશજીએ થતું અટકાવ્યું.

આ પમી જૂનના બનાવની અગાઉ પણ પટણાના જૂના "સર્ચલાઈટ" છાપાએ જેપ્રકાશજીના આંદોલન અંગે સરકારના વલણની ટીકા કરેલી તે કારણે શાસક વર્ગોના મળતિયા કે ભાડૂતી ટોળાએ "સર્ચલાઈટ"ના મકાન ઉપર હુમલો કરી આગ ચાંપી મોટું નુકસાન કરેલું. તે પ્રસંગે જેપ્રકાશજીએ થોડાક યુનંદા જુવાનોને પસંદ કરી તેમની પાસે અહિંસક તેમ જ સંયમી રહેવાનાં પ્રતિજ્ઞાપત્રો પર સહીઓ લઈ સ્વેચ્છાપૂર્વક મોઢા પર પટ્ટીઓ બાંધીને, તેમ જ બન્ને હાથ પછવાડે બાંધી લઈને ખભે

"હમલા ચાહે જિતના હોગા
"હાથ હમારા નહીં ઉઠેગા"

ના સૂત્રનાં પાટિયાં બાંધી એક નાનકડું સરઘસ કાઢેલું. આ સરઘસ ઉપર હજારો લોકોએ પટણાના રસ્તા ઉપર ફૂલોનો વરસાદ વરસાવેલો અને હજારો બહેનોએ એ વીરોનાં ઓવારણાં લીધેલાં!

આગાઉ વર્ણવેલા લોકસરઘસ ઉપર ગોળીબાર થયો ત્યારે પણ "હમલા ચાહે જિતના હોગા, હાથ હમારા નહીં ઉઠેગા"-વાળાં સૂત્ર સેંકડો લોકોએ ઉચ્ચાર્યાં હતાં અને ૨૨ જુવાનો ગોળીબારથી જખમી થયા છતાં કોઈ પણ જાતની હિંસાના બનાવ વગર લાખો લોકોનું સરઘસ સભાસ્થાને પહોંચ્યું હતું.

ત્રીજો તેવો જ પ્રજાકીય અહિંસાનો સુંદર પ્રસંગ જેલમાં બન્યો. છાત્રસંઘની સંઘર્ષ સમિતિના એક આગેવાન જુવાન—શ્રી ચોબેને મરણતોલ માર જેલની અંદર મારવામાં આવ્યો. સોળ—સત્તર જગ્યાએ ડામ દેવામાં આવ્યા. ફરી ફરી બેશુદ્ધ થતા પોતાના આગેવાનને આવો કારમો માર પડતો હોવા છતાં બેરેકમાંના સાથી જુવાનોએ તેની ચીસો સાંભળતાં એ જ શૌર્યના નારા પોકાર્યા હતા—

"હમલા ચાહે જિતના હોગા
હાથ હમારા નહીં ઉઠેગા"

આ બધા બનાવોને પરિણામે જ બિહાર સરકારને જેપ્રકાશજી હિંસક બળોને રોકનારા મોટામાં મોટા શાંતિમય બળ છે એવી પાછળ જણાવી ગયો તે કબૂલાત કરવી પડેલી.

આજે હવે વિનોબાજીએ પણ જેપ્રકાશજીના આંદોલનને—મારે મતે મોળી છતાં—અસંદિગ્ધ સંમતિ આપી છે. તેથી હવે જેપ્રકાશજીના આ આંદોલન અંગે શાસક વર્ગોમાં તેમ જ કૉંગ્રેસીઓમાં પ્રવર્તતો ફફડાટ અનેકગણો વધી ગયો છે. અને તેમના મોવડીઓ તેમ જ ખાંધિયાઓ જેપ્રકાશજીના આંદોલન વિરુદ્ધનો પ્રચાર બમણા જોરથી કરવા લાગ્યા છે.

આ સ્થિતિમાં ગાંધીજીનાં મૂલ્યોને માનનારા તેમ જ તેને યોગ્ય અવસરે અમલી બનાવવાનું કર્તવ્ય સમજનારા આ દેશના એકેએક ગાંધીવાળાનો ધર્મ છે કે જયપ્રકાશજીના આંદોલનને દેશ આખામાં ઉપાડી લેવું અને બારડોલીની લડત વેળાએ જેમ દેશ આખાએ પોતાનો તમામ ટેકો એક બારડોલીની જ લડતના મુદ્દા ઉપર કેન્દ્રિત કરીને સરદાર વલ્લભભાઈને જનજાગરથી આપ્યો હતો તેવો જ ટેકો જેપ્રકાશજીના બિહારના પ્રસ્તુત આંદોલનને આપવો.

જે જેપ્રકાશજીનાં વ્યક્તિત્વ અને વિભૂતિમત્ત્વની સામે આ બધા પોતપોતાના સ્વાર્થના માર્યા આજે આમ છાંટા ઉડાડી રહ્યા છે, તે જેપ્રકાશજી માટે અલબત્ત, ગૌરવરૂપ છે. કેમ કે પ્રજા જેપ્રકાશજીને પૂરી પિછાને છે.

અહીં દાદા ધર્માધિકારી જેવા મહાન વિચારકે સર્વ સેવા સંઘની તાજેતરની પવનાર ખાતેની બેઠકમાં નીચેની મતલબના જે ઉદ્‌ગારો જેપ્રકાશજી માટે કાઢ્યા હતા એ તરફ ધ્યાન ખેંચવાનું પ્રસ્તુત ગણું છું: ગાંધીજી એમના ઘણાખરા આંદોલનમાં મોટે ભાગે અંતઃપ્રેરણાથી કામ કરતા, જે તેમના સાથીઓને ઘણી વાર ગળે ન ઊતરતી. દાખલા તરીકે ચપટી મીઠું ઉપાડીને બ્રિટિશ સલ્તનતનો સામનો કરવાની દરખાસ્ત. આ અંતઃપ્રેરણા એ માણસની શુદ્ધ હોય છે, જેનો પોતાનો કોઈ પ્રકારનો સ્વાર્થ નથી હોતો. જેપ્રકાશજી પણ ગાંધીજીની જેમ જ પ્રસંગોપાત્ત નરી અંતઃપ્રેરણાથી કામ કરતા હોય છે. કોઈએ એમને કહ્યું કે અમુક જગ્યાએ નકસલવાદીઓ આપણા બે કાર્યકરોને મારી નાખવાના છે. જેપ્રકાશજીએ એક ક્ષણ માટે પણ વિચાર ન કર્યો, ન શાસ્ત્રચર્ચા કરી, અને તત્કાળ તે જગ્યાએ દોડી ગયા. થોડા વરસની વાત પર દુષ્કાળ વખતે બિહારમાં જ્યારે લોકો ભૂખથી મરવા લાગ્યા ત્યારે પણ his pity gave before charity began—સખાવત શરૂ થાય તે પહેલાં તેમની કરુણાએ દોટ મૂકી, એમનું હૃદય દોડી ગયું. આ રીતની પ્રેરણા, એક શુદ્ધ હૃદયની પ્રેરણા આ માણસની છે. તેથી તેની સાથે ભૂલ કરવામાંથે હું મારી જાતને ધન્ય માનું છું.

બીજા તેવી જ મોટી યોગ્યતા ધરાવનારા સર્વોદયે આગેવાન શ્રી મનમોહન ચૌધરીએ એ જ બેઠકમાં આમ કહ્યું: 'જે. પી.એ આ કામ ન ઉપાડ્યું હોત તો ત્યાં બિહારમાં કરોડોની સંપત્તિની બરબાદી થઈ હોત, સેંકડોના જાન ગયા હોત અને યુવાન પેઢીની પરિવર્તનની ભાવના કચડી નાખવામાં આવી હોત...તટસ્થ ચિંતન પરથી મને એમ લાગ્યું છે કે જે. પી.ના આ કામનું સમર્થન કરીને આપણે આપણી પોતાની જ શોભા વધારીશું.'

કોસબાડ હિલ, ૮-૮-'૭૪ સ્વામી આનંદ

'ભૂમિપુત્ર'માંથી સાભાર

# ☆ આભાસના આકાશમાં થીજેલું અસ્તિત્વ....! ☆

વિસ્મરાઈ ગયેલી સ્મૃતિઓના પહાડ નીચે હું યુગોથી લદાઈ ગયો છું–હવે, હું, હું નથી રહ્યો.....

ક્યારેક સ્મૃતિઓના એ પહાડો અચાનક ધરતીકંપથી સળવળે છે–ને ત્યારે હું જાગ્રતાવસ્થા અનુભવું છું. મને મારા અસ્તિત્વનું ભાન થાય છે, છતાં કોઈ ચોવીસ અનુભૂતિમાં જીવું છું કે જાણે હું આભાસના વિશાળ આકાશમાં એકાદ વાદળામાં તરતો હોઉં!

હું એટલું સમજું છું કે હું જીવું છું–ભૂતકાળની વહી ગયેલી અને દૂર દૂર સ્થિર થઈ ગયેલી પળો મને મૃગજળ ભાસે છે! વર્તમાનકાળ જીવ વિનાના શબ જેવો મારી આંખોના ખૂણામાં લપાઈને બેઠો છે; ભવિષ્યકાળ ઊંચી ઊંચી ધુમ્મસની દીવાલો જેવો લાગે છે–એ ક્યારે તૂટી પડશે એની મને ખબર નથી અને પડશે તો કેવો વિનાશ સર્જાઈ જશે એ હું જાણતો નથી!

હું જાણે હવાના શ્વાસો લઈ રહ્યો છું અને મારી જાતને ઓળખવાનો પળે પળે વિચાર કરું છું પણ હું એ જ વિચારું છું કે હું કોણ છું?

મેં જ્યારે જાતને આવો સવાલ કર્યો છે ત્યારે મારી સામે મૌન નગ્ન દેહે નર્તન કરે છે: મૌન અને વાણી વચ્ચે મારી જાતને હું ભીંસાતી જોઈ રહ્યો છું.....

કોઈ અગમ્ય શક્તિની વચ્ચે મારું અસ્તિત્વ ગૂંગળાઈ રહ્યું છે. યુગોથી હું એનાથી મુક્ત બનવા ધારું છું - પણ એ વિચારથી જ હું વધારે ઘેરાયેલો રહું છું ... ...

હું દેવોથી તિરસ્કારાયેલો છું–માનવીઓ વચ્ચેના અસ્તિત્વના ખપ્પરમાં હું ખોડાઈ ગયેલા થાંભલા જેવો લાગું છું ...

રાત અને દિવસ વચ્ચે–અંધકાર અને અજવાળા વચ્ચેના ભેદને હું પામી શકતો નથી. હું સચેત બની, ચારે દિશાઓમાં જોઉં છું–ધૂંધળું ધૂંધળું વાતાવરણ મને દૃષ્ટિગોચર થાય છે!

મને મારા જીવનની પ્રત્યેક ક્ષણ જીવવા જેવી લાગે છે: હું પળોમાં પ્રાણાર્પણ કરી, મારા અસ્તિત્વને સ્મૃતિઓના પહાડ નીચેથી કાઢીને, જીવનના લક્ષ્યસ્થાને આવવા માગું છું. ...

મને ઘણા વિચારો આવે છે, પણ વિચારોની ઊંડી ગહેરાઈમાં ગૂંગળાઈ જાઉં છું. ...

આશા અને અરમાનોથી છલકાતા મારા મન આડે ન જાણે કેવાય પિરામિડો ચણાઈ ગયા છે. મારી તરસી તરસી પાંપણોમાં કોઈ અગમ્ય સુખની ઝાંખી તરવરે છે, પણ કિનારા વિનાના ઘૂઘવતા સાગરમાં અટવાયેલા એક લાચાર તણખલાની જેમ હું અહીંથી તહીં ફંગોળાતો જાઉં છું–હું મારી જાતને પ્રશ્ન કરી બેસું છું: હું ક્યા છું- હું ક્યાં છું?

હું ભુલાઈ ગયેલા પથનો રોક ભૂલથી અસ્તિત્વમાં ખોવાઈ ગયેલો મૂક મુસાફર છું!

હું ઘણી વખત સ્વરૂપવાન સ્ત્રી જોઉં છું–અને મારામાંનો કામભાવ આળસ મરડીને ઊભો થાય છે, મારા શરીરમાંની પ્રત્યેક ગ્રંથિઓમાં કોઈ અગમ્ય સંચાર વ્યાપી જાય છે, પણ હું, હું નથી રહેતો. મારી જાતને વીસરી જવાનું મને ગમતું નથી. પણ વિસ્મૃતિની પળોમાં વિખરાઈ ગયેલો હું–અસ્તિત્વ વિનાના ધબકતા જીવનમાં લપાઈને બેઠેલો કામદેવ જાણે ઋતુ વિનાના વૃક્ષના પીળા પડી ગયેલા પાંદડાની જેમ ખરી પડવાની તૈયારીમાં હોય એવું લાગે છે!

હું ઈશ્વરમાં માનું છું–પણ મંદિરોના ઘંટારવમાં કે શંખના ધ્વનિમાં, આરતીની જલતી જ્યોતમાં અને ધૂપના ધુમાડામાંની પાંગરતી પવિત્રતાથી જ હું વંચિત બની ગયો છું. મારા અગમ્ય અસ્તિત્વને ઈશ્વરની ગહનતા સાથે ગાઢ સંબંધ છે: મારી અને ઈશ્વર વચ્ચે હું ન સમજાય એવાં વાદળાંઓની કાળાશથી છવાઈ ગયેલું આકાશ જોઉં છું..... હું ક્યાં છું? એવો પ્રશ્ન કરી બેસું છું તેમ, ઈશ્વર તું ક્યાં છો? એવો પ્રશ્ન થઈ જાય છે!

દશે દિશાઓમાં ખીલેલી પ્રકૃતિને પોંખવા મારું મન થનગને છે.....

ખળખળ વહેતા ઝરણાંઓના ધ્વનિમાં મને શ્વાસ લેવાનું મન થાય છે .....

દરિયાનાં પાણી અને કિનારા વચ્ચે સર્જાતા ધુઘવાટમાં મને તરવાનું મન થાય છે .....

વાયરાઓથી ડાળી-ડાળી વચ્ચેના અને પાંદડાઓના સ્પંદનમાંથી ઊપજતા સંગીતના ઝીણા ઝીણા સ્વરમાં મને સમાઈ જવાનું મન થાય છે .....

શ્વેત આકાશની વચ્ચે તરતાં ઘટાટોપ વાદળાઓમાં બેસીને આકાશગમન કરવાનું દિલ થાય છે .....

ઉપવનમાં ખીલેલાં ફૂલોની મધુર ખુશ્બોમાં ખુશ્બો બનીને મહાલવાની અભિલાષા હજી અધૂરી છે .....

કોઈ નિર્મળ તળાવનાં પારદર્શક પાણીમાં રમતી માછલીઓ સાથે રમવાનું મન થાય છે–

પણ જીવવા માટે ટળવળતું મારું અસ્તિત્વ .....

કોઈ અગમ્ય ભાવોમાં ઘોળાઈ ગયેલો હું ... માનવી ...!

મારી આંખોના ખૂણામાં આંસુ નીતરી આવે છે, પણ મારી તરસી પાંપણો, મારાં એ આંસુઓને પી જાય છે!

મારી આંખોના આંસુઓના આકારમાંથી કોઈ શિલ્પ સર્જાય એ પૂર્વે જ એ આંસુનું અસ્તિત્વ છિન્નભિન્ન બની જાય છે.....!

મારા આંસુમાં જ જાણે મારું ય અસ્તિત્વ ઓગળી ગયું છે–

–ને હું, આભાસના આકાશમાં થીજી ગયેલો પિંડ થઈને, યુગોના યુગોથી મારું અસ્તિત્વ ખોઈ બેઠો છું!

ગુણવંત ભટ્ટ

# અન્યત્ર યોજાયેલી વ્યાખ્યાનમાળાઓ

## શ્રી જૈન યુવક મંડળ - વિલેપાર્લે નિયોજિત

### જાહેર વ્યાખ્યાનમાળા

**પ્રમુખ: શ્રી કરસનદાસ માણેક**

| સપ્ટેમ્બર-'૭૪ | વક્તા | વિષય |
|---|---|---|
| ૧૨ ગુરુ | પ્રો. જયેન્દ્ર ત્રિવેદી | સંત કબીર |
| ૧૩ શુક્ર | શ્રી ગુલાબદાસ બ્રોકર | 'સેવા અને શોષણ' |
| ૧૪ શનિ | શ્રી કરસનદાસ માણેક | મા વિષાદ (વાલ્મીકિ) |
| ૧૫ રવિ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | 'ભગવાન મહાવીર' |
| ૧૬ સોમ | શ્રી યશવંત શુકલ | 'સંઘર્ષ અને સમન્વય' |
| ૧૭ મંગળ | શ્રી અમૃતલાલ ચાફિક | 'ધર્મ અને સંસ્કાર' |
| ૧૮ બુધ | શ્રી પુરુષોત્તમ માવલંકર | 'મતદારો અને લોક-પ્રતિનિધિઓ' |

## શ્રી ઘાટકોપર વ્યાખ્યાનમાળા સમિતિ યોજિત

### વર્ષા વ્યાખ્યાનમાળા (૧૯૭૪)

| સપ્ટેમ્બર-'૭૪ | વક્તા | વિષય |
|---|---|---|
| ૧૨ ગુરુ | પ્રા. યશવંત ત્રિવેદી | જીવન અને સાહિત્યમાં સત્ય અને સૌંદર્યની ખોજ |
| ૧૩ શુક્ર | શ્રી મધુ મહેતા | ભારત કૈસે બચાએ |
| ૧૪ શનિ | શ્રી પી. એન. બરાઈ (બબુભાઈ) | ગીતો અને ગઝલો |
| ૧૫ રવિ | પ્રા. સી. એન. વકીલ | ફુગાવો રોકવાના ઉપાયો |
| ૧૬ સોમ | પ્રા. હરિભાઈ કોઠારી | પ્રેમપંથની પાવકજ્વાળા |
| ૧૭ મંગળ | શ્રી ગોવિંદરાવ દેશપાંડે | વર્તમાન પરિસ્થિતિમાં લોકશાહી |
| ૧૮ બુધ | ડૉ. વી. એન. બગડિયા | માનસિક તાણ અને આરોગ્ય |

## શ્રી ગુજરાતી કેળવણી મંડળ

### વ્યાખ્યાનમાળા–માટુંગા

| સપ્ટેમ્બર-'૭૪ | વક્તા | વિષય |
|---|---|---|
| ૧૨ ગુરુ | પ્રો. હરિભાઈ કોઠારી | જન જાગે તો જ સવાર |
| ૧૩ શુક્ર | પ્રા. તારાબહેન શાહ | અનેકાન્તવાદ |
| ૧૪ શનિ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | ભગવાન મહાવીર |
| ૧૫ રવિ | શ્રી યશવંત શુકલ (કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) | અદ્યતન વિદ્યાર્થી – માનસ અને માર્ગદર્શન |
| ૧૬ સોમ | શ્રી મૃણાલિની દેસાઈ | સંત મીરા |
| ૧૭ મંગળ | શ્રી રોહિતભાઈ મહેતા | ધ્યાનનો માર્ગ - ૧ |
| ૧૮ બુધ | શ્રી રોહિતભાઈ મહેતા | ધ્યાનનો માર્ગ - ૨ |
| ૧૯ ગુરુ | શ્રી રોહિતભાઈ મહેતા | ધ્યાનનો માર્ગ - ૩ |

# સદીઓ જૂના વેરનો ભોગ બનેલું સાયપ્રસ

બ્રિટન અને આયરલૅન્ડ, ભારત અને પાકિસ્તાન, ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે જે વૈમનસ્ય છે તેનાથી પણ વધુ ઉત્કટ અને ઝનૂની વેર તુર્કી અને ગ્રીસ વચ્ચે છે. સદીઓ જૂના આ વેરને કારણે સાયપ્રસમાં અત્યારે અશાંતિ છે અને તે ભવિષ્યમાં પણ રહેવાની છે. ગરીબી માટે બે દેશો લડતા હોય તો ઠીક છે, પણ ધર્મના અંચળા હેઠળ બે દેશો દુશ્મનાવટ રાખે છે તેમાં નાહકના નિર્દોષ નાગરિકો રહેંસાય છે તે વાત આપણને આયરલૅન્ડ, ઈઝરાયલ, પાકિસ્તાન અને સાયપ્રસના રાજકારણમાંથી જાણવા મળે છે.

સાયપ્રસ તો સદીઓથી વિદેશીઓના પગ નીચે રહેંસાતું આવ્યું છે. પર્શિયા, સિકંદર અને રોમન બાદશાહોએ સાયપ્રસ એક નાનકડી મિલકત હોય તેમ સાયપ્રસનો ભોગવટો કર્યો હતો. એક રાજા તો જેરુસલેમની યાત્રાએ ગયો ત્યાં વાટખર્ચી ખૂટી ત્યારે ત્યાં એક ફ્રેન્ચ બાદશાહને સાયપ્રસ ટાપુ તેણે વેચી માર્યો હતો.

તુર્કીમાં જ્યારે રોમન સામ્રાજ્ય હતું ત્યારે સાયપ્રસના એક ધર્મગુરુએ રોમન બાદશાહ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આવા બલિદાન બદલ સાયપ્રસમાં રોમન સામ્રાજ્ય વતી ધર્મગુરુને શાસન કરવાનો અધિકાર અપાયો હતો. આ ધર્મગુરુઓ લાલ શાહીથી જ સહી કરતા હતા. આર્કબિશપ મકારિયોસ પણ સાયપ્રસ છોડ્યું ત્યાં સુધી લાલ શાહીથી સહી કરતા હતા.

સાયપ્રસ ઉપર ગ્રીસના શાસકો પોતાનો હક્ક જમાવવા માગે છે, પણ ભૂતકાળમાં સાયપ્રસને કદી જ ભૌગોલિક કે રાજકીય દૃષ્ટિએ ગ્રીસ સાથે કોઈ સંબંધ રહ્યો નહોતો. છતાં પણ યુરોપ અને અમેરિકાના લોકો આંતરિક રીતે સાયપ્રસ અંગેના ગ્રીસ અને તુર્કીના ઝઘડામાં હમેશાં ગ્રીસનો જ પક્ષ લે છે તેની પાછળ પણ ઐતિહાસિક કારણ છે.

ગ્રીસ એ ખ્રિસ્તી ધર્મી દેશ છે. ઈસ્લામના ધસારા સામે ગ્રીસના શાસકોએ પ્રતિકાર કર્યો હતો. ગ્રીસની ધર્મકથાઓ આ વાતની સાક્ષી પૂરે છે. બ્રિટિશરો પણ ગ્રીસની તરફદારી એટલા માટે કરે છે કે ભૂતકાળમાં બ્રિટને તુર્કી પાસેથી સારો એવો મેથીપાક ચાખ્યો છે. પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કોએ બ્રિટનને દાદનિલસના યુદ્ધક્ષેત્રે સારી પેઠે ભોંયચાટતું કર્યું હતું.

અત્યારે તુર્કીનું પાટનગર ઈસ્તંબુલ છે તેનું નામ કોન્સ્ટંટીનોપલ હતું. ગ્રીસના રાજા કોન્સ્ટંટાઈને તે ૩૩૦ની સાલમાં સ્થાપ્યું હતું અને તેના ઉપર ૭૦૦ વર્ષ શાસન કર્યું હતું. એક ઈસ્લામી દેશમાં મોટામાં મોટું ખ્રિસ્તી દેવળ રાખવાનું કામ ગ્રીકના લોકોએ કર્યું હતું. તુર્કસ્તાનની લડાયક કોમ સેલ્જક તુર્કો અને ઓટોમન તુર્કોએ સંગઠન જમાવીને ૧૪૫૩ની સાલમાં ખ્રિસ્તીઓને નસાડીને કોન્સ્ટંટીનોપલ શહેરનો કબજો પાછો મેળવ્યો હતો, એટલું જ નહિ પણ ગ્રીસ અને સાયપ્રસ ઉપર પણ તુર્કોનું સામ્રાજ્ય ફેલાઈ ગયું હતું. તુર્કોના શાસન વખતે ગ્રીસમાં ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો હતો અને ખ્રિસ્તી ધર્મગુરુઓ બળવાન બની ગયા હતા. ગ્રીસના લોકોએ તુર્કોના શાસન સામે ૧૮૨૧માં બળવો કર્યો અને દક્ષિણ ગ્રીસમાં રહેનારા તુર્કી લોકોના આખાં ને આખાં ગામડાં બાળી નાંખ્યા હતાં. આનું વેર લેવા માટે ઈસ્તંબુલમાં ગ્રીસના એક ખ્રિસ્તી ધર્મગુરુને ફાંસીએ લટકાવવામાં આવ્યો. તેના કેટલાક અનુયાયીઓને પણ ધર્મગુરુના પેલેસનો દરવાજા પાસે જ ફાંસીને માંચડે લટકાવી દેવામાં આવ્યા હતા. તે સમયે સાયપ્રસ ઉપર પણ તુર્કોનો કબજો હતો એટલે ત્યાં પણ ઘણા ધર્મગુરુઓની કતલ કરી નાખવામાં આવી. નિકોસિયામાં એક આર્કબિશપને બજાર વચ્ચેના ઝાડ ઉપર લટકાવીને મારી નાખ્યો હતો.

ગ્રીસના લોકોએ હિંમત અને બહાદુરીથી તેમ જ યુરોપના દેશોની મદદથી તુર્કો પાસેથી સ્વાતંત્ર્ય મેળવ્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કોએ જર્મનીનો પક્ષ લીધો હતો, જ્યારે ગ્રીસ, અમેરિકા અને મિત્ર રાજ્યોના પક્ષે જ રહ્યું હતું. ગ્રીસના લોકોનો ડોળો તો ત્યારે પણ ઈસ્તંબુલ ઉપર હતો અને એ લડાઈમાં તુર્કીના એક બંદર, ઈઝમીર શહેર અને બીજા પ્રદેશનો કબજો ગ્રીસે મેળવ્યો હતો. ૧૯૧૯માં ગ્રીક લશ્કરે તુર્કીના બંદરમાં પ્રવેશીને લૂંટ અને કતલ ચલાવી હતી. ૧૯૨૧માં ગ્રીક લશ્કરને હટાવવા ફરીથી ગ્રીસ અને તુર્કી વચ્ચે ખૂનખાર યુદ્ધ ચાલ્યું. આ યુદ્ધમાં ગ્રીસના લશ્કરની કરુણ હાર થઈ. મુસ્તફા કમાલ પાશાના નેતૃત્વ હેઠળ ગ્રીસના અડધોઅડધ લશ્કરને ખતમ કરી નાખવામાં આવ્યું. બાકીના નાસી ગયા. ગ્રીસે જીતેલા તુર્કીના પ્રદેશમાં જ્યાં ગ્રીકના લોકો વસતા હતા તે બધાને ઢોરની માફક એકઠા કરીને જીવતા દરિયામાં ફેંકી દેવાયા હતા.

એ સમયે ગ્રીસમાં ઘણા તુર્કો રહેતા હતા અને તુર્કીમાં ઘણા ગ્રીક લોકો વસતા હતા. ભારત–પાકિસ્તાનના ભાગલા વખતે જેવી દશા આપણી હતી તેવી દશા ગ્રીસ અને તુર્કીની હતી. યુદ્ધ પૂરું થયા પછી ૧૦ લાખ ગ્રીક લોકો તુર્કીની ભૂમિ છોડીને ગ્રીસ આવતા રહ્યા. એવી જ રીતે પાંચ લાખ તુર્કોએ ગ્રીસની ભૂમિ છોડી.

આ બધા સમય દરમિયાન સાયપ્રસની ભૂમિ ઉપર સરખામણીએ શાંતિ હતી. ૧૫૭૧માં જ્યારે તુર્કોના હાથમાં સાયપ્રસ ટાપુ હતો ત્યારે ગ્રીક ધર્મગુરુને મારી નાખીને પછી તેની ચામડી ઊતરડીને તેના મડદામાં ઘાસ ભરવામાં આવ્યું હતું. ૧૮૭૮માં બ્રિટનના પ્રધાન ડિઝરાયલી અને તુર્કીના સુલતાન વચ્ચે થયેલી સંધિ અનુસાર સાયપ્રસ બ્રિટિશ રક્ષણ હેઠળ આવ્યું. એ પછી ૧૯૧૪માં સાયપ્રસને બ્રિટનના સંસ્થાન તરીકે ગણવામાં આવતું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટને બળતું ઘર કૃષ્ણાર્પણ કરતું હોય તેમ સાયપ્રસનો હવાલો ગ્રીસને સોંપવા ઑફર કરી, પણ ગ્રીસને સાયપ્રસમાં રસ નહોતો.

બીજા વિશ્વયુદ્ધ પછી તો એક વખત ગળામાંથી કાંઠલાની જેમ સાયપ્રસને કાઢી નાખવા ઈચ્છતા બ્રિટનને સાયપ્રસ ગળ્યું લાગવા માંડ્યું હતું, કારણ કે સુએઝ નહેર ઉપરનું પ્રભુત્વ ચાલ્યું ગયું હતું. એટલા માટે સાયપ્રસ સ્વતંત્ર થાય કે ગ્રીસ સાથે જોડી દેવાય તેવી માગણીને બ્રિટન સ્વીકારતું નહોતું. જો કે પછીની ઘટનાઓ એવી બની કે બ્રિટને સાયપ્રસને છોડવું પડ્યું અને ૧૯૬૦માં આર્કબિશપ મકારિયોસના વડપણવાળી સરકારને સાયપ્રસ સોંપી દેવાયું. ભારત અને પાકિસ્તાનમાં હિન્દુ-મુસ્લિમનું વૈમનસ્ય ઊભું કરવામાં બ્રિટને જેટલો ફાળો આપ્યો તેટલો ફાળો સાયપ્રસમાં વસતી ગ્રીક અને તુર્કી પ્રજા વચ્ચેના વૈમનસ્યને ઉગ્ર બનાવવામાં બ્રિટને આપ્યો નથી. પરંતુ સાયપ્રસ છોડ્યું નહોતું ત્યારે બ્રિટને તુર્કોની લઘુમતી કોમની ફિકર કરી હતી ખરી !

સદીઓ જૂનો ઉપરનો ઈતિહાસ સાયપ્રસની ગ્રીક અને તુર્કી પ્રજા જાણે છે અને જે જાણતા નથી તેમણે ગ્રીક સૈનિકો દ્વારા થયેલી તુર્કોની કતલ અને તુર્કી સૈનિકો દ્વારા થયેલી ગ્રીક લોકોની કતલ હમણાં જ થઈ ગયેલા યુદ્ધમાં જોઈ છે એટલે સાયપ્રસમાં ગ્રીક-તુર્કોની સદીઓથી ચાલતી વૈરભાવના શમવાને બદલે વધુ ઉગ્ર બની છે.

કાન્તિ ભટ્ટ

## જીવમાત્ર સાથે આત્મીયતા

માણસોને નામે ઓળખાય છે તે જીવો સાથે જ નહીં, જીવમાત્ર સાથે, ભોંય પર પેટે ચાલનારા તુચ્છ મનાતા જીવો સાથે પણ મારે આત્મીયતા અથવા અભેદ અનુભવવો છે. તમને આઘાત લાગે તો ય મારે કહેવું જોઈએ કે ભોંય પર પેટ ઘસડીને ચાલનારા જીવો સાથે પણ હું આત્મિયતા અથવા અભેદ ઝંખું છું કેમ કે એક જ ઈશ્વરમાંથી ઊતરી આવ્યાની આપણે વાત કરીએ છીએ અને તેથી દરકોઈ સ્વરૂપે દેખાતું ચેતનમાત્ર તત્ત્વતઃ એક જ હોવું જોઈએ.

ગાંધીજી

# 卐 ધર્મનો મર્મ 卐

જીવમાત્ર સુખને જ ઈચ્છે છે. દુઃખ કોઈનેય ગમતું નથી. જીવમાત્રની દોડધામ પણ એ અર્થે જ હોય છે. છતાં જીવને સાચું સુખ મળતું નથી અને આમ છતાં જે કંઈ ભૌતિક સુખ મળે છે એ ટકતું પણ નથી. કારણ કે અજ્ઞાન-મિથ્યાત્વને કારણે જીવની દોડ જ ઊંધી હોય છે, ને તેથી એ શોધે છે સુખ પણ એથી ઊલટાં અશાંતિ અને અજંપો જ પ્રાપ્ત થાય છે. કારણ એ છે કે કોઈ પણ ભૌતિક સુખ હિંસા વિના પ્રાપ્ત થતું જ નથી. જેમ ભીંત પર અફાળેલો દડો જેટલા જોરથી અથડાય છે એટલા જ પ્રમાણમાં એ પ્રત્યાઘાત પામી પાછો આપણા જ હાથમાં આવે છે તે જ પ્રકારે હિંસાનું ફળ પ્રત્યાઘાત પામી પ્રતિહિંસારૂપે આપણી સામે ઊઠ્યા વિના રહેતું જ નથી. પરિણામે એથી ક્લેશ-સંઘર્ષ-ભય કે પ્રસંગે યુદ્ધ આવી પડતાં માનવ અશાંતિ અને અજંપો નોતરી બેસે છે. કદાચ એ સંઘર્ષમાં વિજય મેળવે છે તો પણ એથી એને હમેશાં વિરોધીઓથી સજાગ રહેવું જ પડે છે. આમ માનવ હમેશાં ક્રિયા-પ્રતિક્રિયા, આઘાત-પ્રત્યાઘાતના વમળમાં ઘેરાયેલો જ રહે છે અને આઘાત-પ્રત્યાઘાતના વમળો એટલે જ સંસાર. એટલે જ્યાં સુધી એ વમળમાં ઘેરાયેલો રહે છે ત્યાં સુધી એને સુખ કે ચેન પ્રાપ્ત થતાં જ નથી. એટલે સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય તો એ વમળોમાંથી છૂટવાનો છે; અને એ ત્યારે જ શક્ય બને કે આઘાત-પ્રત્યાઘાતને ઝીલી લઈ એ નવો આઘાત ઊભો ન કરે. એવો આઘાત ઊભો ન થવા દેવો એનું નામ જ અહિંસા છે.

આમ જ્યાં અહિંસા છે-પ્રેમ છે, બીજા અર્થે ઘસાવાની વૃત્તિ છે અને અન્યને ઉપકારી થવાની ભાવના છે ત્યાં જીવમાત્ર પ્રત્યે એકાત્મભાવ પ્રગટવા લાગે છે. અને એવો એકાત્મભાવ પ્રગટ થતાં 'અહં'ની વૃત્તિ સૂક્ષ્મ બની જીવમાત્ર સાથે તાદાત્મ્ય ભાવરૂપે પથરાઈ જાય છે ત્યારે એ માનવને કે માનવેતર સૃષ્ટિને ભેદભાવ ઉત્પન્ન કરનારા દેહો દ્વારા નહીં પણ એમાં વિલસી રહેલા ચૈતન્ય-રૂપે જ જોવા મથે છે, ને આમ બાહ્ય ભેદ નાશ પામતાં એને સર્વત્ર એક જ ચૈતન્ય તત્ત્વ ધબકતું દેખાય છે. પરિણામે એથી એને પોતાના સ્વરૂપનું પણ ભાન થાય છે, જેને આત્મદર્શન કહેવામાં આવે છે. પરિણામે આથી શાશ્વત સુખશાંતિના કારણરૂપ નિર્વાણ-મોક્ષનો માર્ગ ઊઘડી જાય છે. આમ અહિંસા એ તો જીવનનું નવનીત છે, તત્ત્વોનો સાર છે. પણ માનવ એક યા બીજા પ્રકારના પરિગ્રહ- મૂર્છાને કારણે અહિંસાની શક્તિનો નથી પરિચય કરી શકતો, નથી એનો લાભ ઉઠાવી શકતો. ભગવાને પણ આ જ કારણે કહ્યું છે, કે નત્થિ એરિસો પાસો પડિબંધો અત્થિ સવ્વ જીવાણં'-સંસારના જીવોને જકડનાર પરિગ્રહ જેવું કોઈ બંધન જ નથી. આમ જીવ પરિગ્રહ-મૂર્છાને કારણે મોહ-મમત્વના બંધન-માંથી છૂટી શકતો નથી અને તેથી એ મમત્વને કારણે પરિગ્રહ વધારવા ઉપરથી હિંસા આચરતો રહે છે ને એ રીતે અહિંસા ધર્મને આચરવાની ભાવના હોવા છતાં એથી એ દૂર જ રહે છે.

આમ પરિગ્રહ-મૂર્છા માત્ર ધનસંપત્તિ વધારવામાં જ નથી, પણ પોતાના વિચારોનો-માન્યતાઓનો દુરાગ્રહ એ પણ મૂર્છા જ છે. માનવ ધનસંપત્તિનો ત્યાગ કરી શકે છે, પુત્રાદિ કુટુંબનો પણ ત્યાગ કરી શકે છે, પણ ધર્મેષણા અને લોકેષણાનો ત્યાગ પ્રબળ પરાક્રમ વિના કરી શકતો નથી. પરિણામે લોકેષણાને કારણે હું કંઈક છું એવો અહંભાવ છૂટી શકતો નથી અને તેથી જે કોઈ એના માર્ગમાં આડો આવે છે એની સાથે એ ત્યાગી હોવા છતાં પણ ક્રોધથી જલી ઊઠે છે ને પોતાનું વર્ચસ્ જમાવવા માયા-જાળો પણ ઊભી કરે છે, તો બીજી બાજુ ધર્મેષણાને કારણે પોતાનું જ મંતવ્ય સાચું હોવાનો-પોતાના જ વિચારો સાચા હોવાનો દુરાગ્રહ પકડી બીજા પર સરસાઈ ભોગવવા કે કંઈ પ્રકારના કૌભાંડો પણ રચે છે. આમ ભૌતિક વસ્તુ ઉપરાંત આચારવિચારના પરિગ્રહને કારણે એ કષાયોની હોળીઓ સળગાવી મૂકે છે. ભગવાને આવા જ કારણે સ્યાદ્વાદ-અનેકાંતવાદનો સિદ્ધાંત શોધી કાઢ્યો-જેટલું આપણું મંતવ્ય સાચું છે તેટલું જ વિરોધીનું પણ સાચું હોવાનો સંભવ છે એવી અનાગ્રહ બુદ્ધિથી સત્ય શોધવાની વાત કરી છે. અને તેથી માત્ર આપણું જ મંતવ્ય સાચું છે એમ ન માનતાં, જ્યાંથી મળે ત્યાંથી સત્ય આપનાવવાની વાત કરી કહ્યું છે કે -જે મારું છે તે જ સત્ય છે 'यद् मदीयं सत्यं' એમ નહીં માનતાં જે સત્ય છે એ જ મારું લો 'यत् सत्यं तत् मदीयं' એવી ન્યાયભરી ઉદાર બુદ્ધિને આપનાવવાથી જ સત્યના ઊંડાણમાં પહોંચી શકાય છે.

આવાં બધાં કારણોએ ભગવાને અહિંસાનો પાયો અપરિગ્રહ-ત્યાગ છે એમ કહ્યું છે. પણ આવો ત્યાગ અને તેમાં પણ ખાસ કરી ભૌતિક સુખનો ત્યાગ-નિષ્કુલાનંદના શબ્દોમાં કહીએ તો 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' -વૈરાગ્ય વિના ટકતો જ નથી. તેમ જ જો જીવનને ખડતલ-કઠોર ન બનાવ્યું હોય તો સુખશીલિયા પ્રકૃતિને કારણે પણ એ ટકી શકતો નથી. એટલે પરિગ્રહનો પાયો વૈરાગ્ય અને કઠોર જીવનની સાધના છે, જેમાંથી વૈરાગ્યને વિચાર-વિષયક અને કઠોર જીવનને આચારવિષયક તપશ્ચર્યા કહી શકાય. વસ્તુની ક્ષણભંગુરતાનો-એની નાશવંતતાનો-એની ક્ષુલ્લકતાનો વિચાર કરવાથી તેમ જ આ સંસારમાં જે જે કંઈ લોભામણાં ઉચ્ચ સ્થાનો છે, તેમ જ જેમનાં ખૂબ આદરમાન થતાં રહે છે, ટૂંકમાં કહીએ તો માનવજીવનમાં કે માનવેતર જીવનમાં જે જે કંઈ સંકલ્પ-વિકલ્પો ઊઠ્યા કરે છે એને અનુરૂપ હું આજ સુધીમાં અનેકવાર આવી રમતો રમી ચૂક્યો છું, અનેક ખેલ ખેલી ચૂક્યો છું તો હવે એમાં મોહાવાનું શું? આવા વિચારો સતત કર્યા કરવાથી જેમ વૈરાગ્ય પોષાય છે તેમ જીવનને ખડતલ બનાવવાના, ગમે તે વસ્તુથી ચલાવી લેવાના અભ્યાસથી કઠોર જીવનનું ઘડતર પણ થાય છે. આમ ત્યાગ-અપરિગ્રહનો પાયો તપશ્ચર્યા છે, જે જીવનને ઘડનારી એક સાધના બને છે.

પણ એ તપશ્ચર્યા ઓછી વસ્તુથી ચલાવી લેવા પર તેમ જ ખાનપાન પર આધારિત છે. કારણ કે સ્વાદેંદ્રિયને જીતવી ભારે કઠિન છે. આમ તપશ્ચર્યાનો પાયો ખાનપાન અર્થાત્ સ્વાદેંદ્રિય પર અવલંબિત છે અને ખાનપાન સંયમ પર આધારિત છે. સંયમ વિના સ્વાદવૃત્તિ કે આરામ-ભોગની વૃત્તિ વશ થતી જ નથી. આ કારણે સંયમ પર જ સાધનાની ઈમારત ખડી થઈ શકે છે. પણ એવા સંયમ માટે, મનને જીતવા માટે પણ પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. આ કારણે અહિંસાની મંઝિલ સુધીનાં બધાં જ પગથિયાંઓ ઠેઠ નીચેના પુરુષાર્થ પર જ અવલંબિત હોઈ જૈન ધર્મ એ પુરુષાર્થવાદી પંથ કહેવાય છે અને સર્વોચ્ચ શિખરના પ્રાપ્ત ધ્યેય અંગે એ અહિંસા ધર્મ પણ કહેવાય છે. આમ પુરુષાર્થથી માંડી અહિંસાની મંઝિલ સુધીની જે એક ઈમારત ઊભી થઈ શકે છે એનું નામ જ ધર્મ છે, જેને આપનાવ્યા વિના નથી જીવને સુખ પ્રાપ્ત થતું કે નથી શાશ્વત શાંતિ પ્રાપ્ત થતી.

ફરી ટૂંકમાં કહીએ તો આઘાત-પ્રત્યાઘાતને ઊઠવા ન દેવામાં જ યા એમાંથી છૂટવાના પ્રયત્નમાં જે આંતરિક અનુભવો થાય છે એથી સંસાર તુચ્છ લાગે છે અને ભીતરમાં આનંદ-શાંતિનો મહા-સાગર ઘૂઘવતો નજરે પડે છે. એના સ્નાનની મજા ચાખવી એ જ ધર્મ સમજવાનો મર્મ છે.

શાહ રતિલાલ મફાભાઈ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. by south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ ઑક્ટોબર ૧૯૭૪ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## સ્વેચ્છાએ નિવૃત્તિ

ફ્રૅન્કલીન રૂઝવેલ્ટ ૧૩ વર્ષ અમેરિકાના પ્રમુખ રહ્યા. ચાર-વખત પ્રમુખ ચૂંટાયા, જે વિક્રમ છે. ૧૯૩૨માં પહેલા પ્રમુખ ચૂંટાયા ત્યારે અમેરિકા મોટી મંદીમાં ફસાયું હતું. ઘણાં નવીન અને હિંમત-ભર્યા પગલાંથી આ કટોકટીને પાર કરી. બીજા વિશ્વયુદ્ધમાં હિટલર સામે મિત્રરાજ્યોને ખૂબ સહાય કરી. નવેમ્બર ૧૯૪૪માં ચોથી વખત પ્રમુખ ચૂંટાયા તે વર્ષમાં તેઓ બહુ માંદા હતા. માર્ચ ૧૯૪૪ માં ગંભીર માંદગીમાં સપડાયા હતા. પ્રજાને એમ જ કહેવામાં આવતું કે તેમની તબિયત ઘણી સારી છે. તે બતાવવા, ખુલ્લી મોટરમાં તેમને ફેરવવામાં આવતા, પણ થોડા વખતમાં થાકી જતા અને તુરત તેમની જગ્યાએ તેમના જેવી બીજી વ્યક્તિને બેસાડી, તેમને સારવાર માટે લઈ જતા અને વળી થોડો વખત પછી મોટરમાં લઈ આવતા. બીજું વિશ્વયુદ્ધ છેલ્લા તબક્કામાં હતું અને ઘણાં અગત્યના નિર્ણયો લેવાના હતા. જાન્યુઆરી ૧૯૪૫માં યાલ્ટામાં રૂઝવેલ્ટ, ચર્ચિલ અને સ્ટેલિનની મહત્ત્વની મંત્રણાઓ થઈ ત્યારે રૂઝવેલ્ટ બહુ માંદા હતા. મગજ ભમતું, બોલી શકાતું નહિ, અસંબદ્ધ વાતો કરે. એવી શારીરિક સ્થિતિ છતાં ચોથી વખત પ્રમુખપદ માટે ઊભા રહ્યા અને મોટી બહુમતીથી ચૂંટાયા. તાજે-તરમાં "રૂઝવેલ્ટનું છેલ્લું વર્ષ" નામનું પુસ્તક બહાર પડ્યું છે. તેમાં આ બધી હકીકતો આપીને લેખકે એ પ્રશ્નની ચર્ચા કરી છે કે આવી પરિસ્થિતિ હોવા છતાં ચોથી વખત પ્રમુખ થવાનો આગ્રહ (મોહ) રાખી રૂઝવેલ્ટે પ્રજાની સેવા કરી કે હાનિ ? એમના ખાનગી જીવનની બીજી વિગતો, તેમના કહેવાતા પ્રણયસંબંધો, તેમની પત્ની એલિનોર સાથેનો સંઘર્ષ અને તેનાં માનસિક પરિણામો વગેરે બીજી ઘણી હકીકતો પણ આપી છે. ૧૨ એપ્રિલ ૧૯૪૫ને દિને તેમનું અવસાન થયું.

રૂઝવેલ્ટ મહાન શક્તિશાળી વ્યક્તિ હતા તે વિષે કોઈ સંદેહ નથી. વ્યક્તિઓ પોતાની શારીરિક, માનસિક અને બીજી મર્યાદાઓ સમજી સ્વેચ્છાએ નિવૃત્તિ લેવી એ પ્રશ્ન ઘણી વ્યક્તિઓને લાગુ પડે છે. પોતાના કૌટુમ્બિક અથવા વ્યવસાયી જીવનમાં આ પ્રશ્ન જેટલો અગત્યનો છે તેના કરતાં જાહેર જીવનમાં પડેલ વ્યક્તિઓ માટે વધારે અગત્યનો છે. તેમના વર્તનથી મોટા સમુદાયને લાભ-હાનિ થવાનો સંભવ છે. દરેક પ્રજામાં વ્યક્તિપૂજા હોય છે, અને તેનો લાભ લેવાય છે અને દુરુપયોગ થાય છે. આવી વ્યક્તિઓને પણ ભ્રમ પેદા થાય છે કે તેમના વિના ચાલશે નહિ. પ્રજામાં માન્યતા થાય છે કે તેમનું સ્થાન લઈ શકે એવું કોઈ નથી. અમુક સ્થાન પ્રાપ્ત કર્યા પછી તેમની શક્તિ હોય તો પણ, તેમને દૂર કરવાનું અઘરું થઈ પડે છે.

વર્તમાન જીવનમાં આવા ઘણા દાખલા મળે છે, માઓ, ચાઉ, ટીટો, ફ્રાન્કો, ચાંગ કેઈ શેક–બધા ૮૦ ની ઉંમર વટાવી ગયા છે. સમ્રાટ હેલ સેલાસી જે એક વખત પ્રજાના દેવ હતા તેને પદભ્રષ્ટ કરવા પડ્યા. સ્ટેલિનનાં છેલ્લાં વર્ષોમાં એમની એવી ભ્રમણા હતી કે ઘણા એમના દુશ્મન છે; અને તે બહાને હજારોને મારી-નાખ્યા. નહેરુને ભુવનેશ્વરમાં આંચકો લાગ્યો ત્યાર પછીનાં બે વર્ષ બહુ કામ કરી ન શક્યા અને એ વર્ષો પ્રજા માટે નબળાં ગયાં. આવી વ્યક્તિઓ આસપાસ મુગ્ધ દરબાર જેવું વાતાવરણ જામે છે; ખટપટ વધી પડે છે. રાજકારણ સિવાયનાં અન્ય ક્ષેત્રોમાં પણ આવા દાખલા મળે છે. સેવાના ક્ષેત્રમાં પણ એવું બને છે. વિનોબાજીએ એક વખત કાંઈક મજાકમાં અને કાંઈક ગંભીર-તાથી એમ કહ્યું હતું કે ચંદ્રલોકમાં દુષ્કાળ પડે તો ત્યાં પણ રવિશંકર મહારાજ કદાચ દોડી જશે. કેટલીક વખત એમ લાગે કે વૃદ્ધો સમાજ ઉપર ભારરૂપ થઈ, દાબીને બેસી જાય છે, જૂની–નવી પેઢી વચ્ચેના અંતરનું આ એક મોટું કારણ છે.

આપણામાં જીવનની ચાર આશ્રમવ્યવસ્થા બતાવી છે, તે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ હિતકારી છે. વૃદ્ધાવસ્થામાં કદાચ અનુભવનું ડહાપણ વધતું હશે. જો કે સાઠે બુદ્ધિ નાઠી એ કહેવતમાં સત્યનો અંશ છે. પણ ડહાપણ વધે કે ઘટે, ઉત્સાહ જરૂર મંદ પડે છે અને પલટાતી પરિસ્થિતિ સાથે તાલ મેળવવો બહુ અઘરો થાય છે. રઘુવંશમાં કાલિદાસે રઘુરાજાઓ વિષે કહ્યું છે :

शैशवेऽभ्यस्त विद्यानाम्, यौवने विषयैषिणाम्
वार्धक्ये वानप्रस्थानाम्, योगेनान्ते तनु त्यजाम्

શૈશવમાં વિદ્યાભ્યાસ કરે, યૌવનમાં ગૃહસ્થાશ્રમ ભોગવે, વાર્ધક્યમાં વાનપ્રસ્થ થાય, અને અંતે યોગમાં દેહ તજે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં નમિ રાજર્ષિનું પ્રકરણ છે. મિથિલાના રાજા હતા. પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ઈન્દ્ર તેમને સમજાવવા આવે છે કે, તેમના વિના મિથિલાની પ્રજા ટળવળે છે. પ્રજાના કલ્યાણ અને રક્ષણ માટે તેમણે રાજ્યધુરા સંભાળવી જોઈએ. નમિ રાજર્ષિએ કહ્યું, મિથિલા સળગતી હોય તો પણ મારું કાંઈ સળગતું નથી. આ કથનમાં કરુણહીનતા નથી પણ પૂર્ણ અનાસક્તિભાવ છે.

જેઓ રાજ્યની, સમાજની, કુટુંબની અથવા બીજી કોઈ પ્રકારની જવાબદારી લઈ બેઠા હોય છે તેમને બીજાનું ભલું કરી નાખવાની ઉત્કંઠા જાગે અને સંસારને સુધારી દેવાની ઉત્કંઠા જાગે છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે ૧૮૯૪ માં શ્રીમદ્ રાજચંદ્રને ૨૭ પ્રશ્નો પૂછ્યા હતા, તેમાં એક પ્રશ્ન હતો : આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી ? ગાંધીજી તે વખતે ખ્રિસ્તી મિશનરીઓના સંપર્કમાં હતા અને બાઈબલ પ્રમાણે ક્રાઈસ્ટના મતે આ દુનિયામાં ઈશ્વરનું રાજ્ય થશે એ કથનના આધારે આ પ્રશ્ન પૂછ્યો જણાય છે. શ્રીમદે તેનો બહુ માર્મિક જવાબ આપ્યો છે :

"આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઈચ્છે છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ

અનાદિ છે. નીતિ, અનીતિ; તથાપિ તમે–અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ તો તે સ્વીકારી શકાય તેવું છે અને એ જ આત્મા તે કર્તવ્ય છે; અને સર્વ જીવઆકાંક્ષી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.''

જેઓ વૃદ્ધાવસ્થા અને અશકિત છતાં સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારતા નથી તેનું એક કારણ એ હોય છે કે નિવૃત્ત થઈને કરવું શું, સમય કેમ વ્યતીત કરવો તે મૂંઝવણ હોય, છે. આપણી દષ્ટિ સામાન્યતયા બહિર્મુખ હોય છે. દુનિયાનો બધો કચરો મનમાં ભરીએ છીએ. તેને કાઢી નાખી, અંતર્મુખ દષ્ટિ થયા વિના નિવૃત્તિ ભારરૂપ થાય છે. મોતીલાલ સેતલવડ કે ચાગલાની આત્મકથા વાંચીએ તો જણાય છે કે એકલતા તેમને સાલે અને કામ (બહારનું) વિના જીવી ન શકે. બહારનું જગત મનનો કબજો લઈને બેઠું છે. તેમાંથી તેને મુકત ન કરીએ ત્યાં સુધી અંતરનું તેજ પ્રકટતું નથી. આવી માનસિક સ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો બહારનું કામ ચાલુ રાખે તો પણ મમતા કે અહંતા રહેતાં નથી. નિવૃત્તિ એટલે પ્રમાદ કે જડતા નહિ પણ વધારે પુરુષાર્થ અને તેજસ્વિતા–અંતરનાં. તેને માટે સારી પેઠે પૂર્વતૈયારી કરવી પડે.

સરકારી અને બીજી નોકરીમાં ફરજિયાત નિવૃત્તિ છે તેનો હેતુ યુવાન વર્ગને તક આપવાનો અને સંઘર્ષ ટાળવાનો. વ્યવસાયમાં અથવા અન્ય ક્ષેત્રોમાં ફરજિયાત નિવૃત્તિ નથી ત્યાં પણ સ્વૈચ્છિક મર્યાદા સ્વીકારાય તો હિતાવહ છે. કુટુમ્બના વડા હોય તે પણ ક્રમશ: પોતાની જવાબદારી ઓછી કરી પુત્રો ઉપર બોજો નાખતા જાય તે યોગ્ય છે. પરાણે કાઢવા પડે અથવા અળખામણા થઈ પડે તેટલી હદે મમતા રાખવી ન જોઈએ. વ્યાવહારિક અને આધ્યાત્મિક બન્ને દષ્ટિએ ક્રમિક નિવૃત્તિ આવકારદાયક છે. પણ રાગદ્વેષ પાતળા ન પડે ત્યાં સુધી આવી વૃત્તિ સહેજે આવતી નથી. રાગદ્વેષથી કામમાં વેગ આવે છે અને પોતાના કાર્યને નિ:સ્વાર્થ માનતા હોઈએ ત્યાં પણ રાગદ્વેષ તીવ્ર હોય છે. ખરી રીતે તો વૃદ્ધાવસ્થા થાય એટલે કાંઈક તુરત કરી જવાની તાલાવેલીથી અધીરાઈ આવે છે અને ચીડિયાપણું થાય છે. આવા પ્રસંગોમાં, નિ:સ્વાર્થતા એટલે દેખીતી રીતે પૈસો અથવા સત્તા મેળવવાની લાલસા નથી એટલું બસ નથી. સૂક્ષ્મ રીતે બીજા રાગદ્વેષો પ્રબળ હોય છે, માનસિક શાન્તિનો અભાવ હોય છે, જુદા પ્રકારનો સ્વાર્થ હોય છે. તેમાંથી મુકત થવું સહેલું નથી.

૨૭-૮-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## પ્રકીર્ણ નોંધ

### બ્રિટનમાં સામાન્ય ચૂંટણી

વડા પ્રધાન શ્રી વિલ્સને પાર્લામેંટ વિસર્જન કરાવી ૧૦ મી ઓકટોબરે સામાન્ય ચૂંટણી રાખી છે. છ મહિનાના ગાળામાં બ્રિટનમાં બીજી વખત સામાન્ય ચૂંટણી થાય છે. ગયા ફેબ્રુઆરીમાં ચૂંટણી થઈ તેમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળી ત્યારે જ લાગતું હતું કે ટૂંક સમયમાં બીજી ચૂંટણી કરવી પડશે. આવતી ચૂંટણીમાં પણ કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળે તેવી ખાતરી નથી અને તેમ ન થાય તો અનિશ્ચિતના ચાલુ રહેશે. ઈંગ્લાંડમાં ફુગાવો અને મોંઘવારી ખૂબ વધી રહ્યાં છે. મજૂર સંઘો જે બહુ બળવાન છે તેમની પગારવધારાની માગણીઓ જોરદાર છે. ઈંગ્લાંડ વર્ગવિગ્રહ તરફ ધસી રહ્યું હોય તેમ લાગે. મજૂર પક્ષે ચૂંટણીઢંઢેરો બહાર પાડયો છે તેમાં ભારે કરવેરા, ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ અને સરકારી અંકુશોની વ્યાપકતા ઉપર ભાર મૂકયો છે. અત્યારે એમ લાગે છે કે મજૂર પક્ષને બહુમતી – પાતળી પણ – મળશે. ફુગાવા અને મોંઘવારીને પહોંચીવળવા મજૂર પક્ષ સમાજવાદ તરફ જવા ઈચ્છે છે. ઈંગ્લાંડમાં અત્યારે એવી ગંભીર પરિસ્થિતિ છે કે સંસદીય લોકશાહીના ભાવિ વિષે શંકા સેવાય છે અને લશ્કરી અમલ લાવવો જોઈએ એવી વાતો થાય છે. અલબત્ત, ઈંગ્લાંડમાં વર્તમાનમાં આવું બને તેમ નથી, પણ કેટલું તંગ વાતાવરણ છે તેનો આ ઉપરથી ખ્યાલ આવે છે. આર્થિક આંધી છે, તેને પહોંચીવળવાનું સંસદીય લોકશાહી પદ્ધતિ માટે શકય નથી એવી માન્યતા થતી જાય છે. એ પણ એક નોંધપાત્ર હકીકત છે કે જ્યારે દુનિયાના ઘણા દેશો ફુગાવો અને મોંઘવારીની ભીંસમાં સપડાયા છે ત્યારે સામ્યવાદી દેશો – ચીન, રશિયા, પૂર્વ જર્મની વગેરે – આ સંકટથી મોટે ભાગે બચી ગયા છે. આ દેશોમાં જીવનની જરૂરિયાતોની વસ્તુઓ પ્રમાણમાં વ્યાજબી ભાવે આમજનતાને મળી રહે છે. તેનું કારણ એમ મનાય છે કે, અર્થતંત્ર ઉપર રાજ્યનો પૂરો અંકુશ છે. એટલે સંગ્રહખોરી, નફાખોરી, દાણચોરી વગેરેને અવકાશ નથી. અલબત્ત, સ્વતંત્રતાને ભોગે આવી સલામતી મેળવી છે. આમજનતા બે ટંક ખાવાનું મળે તે પસંદ કરશે કે નામની સ્વતંત્રતાને વધારે કીંમતી માનશે? મૂડીવાદી અર્થતંત્ર અથવા મિશ્ર અર્થતંત્ર પણ નિષ્ફળ ગયું છે અને ઈંગ્લાંડ જેવા દેશમાં પણ મજૂર પક્ષ બને તેટલા વધારે સરકારી અંકુશ ઉપર જ આધાર રાખે છે. સરકારી અંકુશોનાં અનિષ્ટો સુવિદિત છે, વિશાળ નોકરશાહી, લાંચરુશવત વગેરે. પણ અર્થતંત્ર જ્યાં સુધી કેન્દ્રિત રહેવાનું છે. – અને વિજ્ઞાનનાં સાધનોને કારણે કેન્દ્રીકરણ વધતું જાય છે. - ત્યાં ખાનગી ક્ષેત્રને મોકળું મેદાન આપવાથી પોતાના લોભ ઉપર સ્વેચ્છાએ કોઈ મર્યાદા મૂકે તે શકય જણાતું નથી. વિકેન્દ્રિત અર્થતંત્રની બહુ શકયતા અત્યારે જણાતી નથી ત્યારે સમાજવાદ તરફ વધારે આગળ વધવું એ જ માર્ગ રહ્યો છે. મજૂર પક્ષ સત્તા ઉપર આવીને કેટલે દરજ્જે એ દિશામાં જાય છે તે જોવાનું અથવા બ્રિટિશ પ્રજા કેટલે દરજ્જે તે દિશામાં જવા ઈચ્છે છે તે આ ચૂંટણી ઉપરથી ખબર પડશે.

### બિહારનું આંદોલન

બીજી ઓકટોબરથી બિહારનું આંદોલન નવા તબક્કામાં પ્રવેશ કરે છે. તેને વધારે ઉગ્ર બનાવવાનો જયપ્રકાશ નારાયણે નિર્ધાર જાહેર કર્યો છે. સરકારી કામ બધું સ્થંભિત કરી દેવું, કરવેરા ભરવા નહિ, સરકારી કચેરીઓનો કબજો લેવો, જે ધારાસભ્યો રાજીનામાં ન આપે તેમને ઘેરવા, તમાચા મારવા, કોઈ પણ ભોગે મંત્રીમંડળ અને ધારાસભાનું વિસર્જન કરાવવું, તેને માટે વ્યાપક કાર્યક્રમ જાહેર કર્યો છે. પણ તેથી વિશેષ આ આંદોલન હવે બિહાર પૂરતું મર્યાદિત નથી પણ દેશવ્યાપી બનાવવું એવી જાહેરાત કરી છે. ક્રમેક્રમે આંદોલનને જયપ્રકાશ વિસ્તારતા રહ્યા છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓની ૧૨ માગણીઓ પૂરતું આંદોલન હતું, જેમાં મંત્રીમંડળ કે ધારાસભા વિસર્જનની વાત ન હતી. વિદ્યાર્થીઓની વિનતિથી જયપ્રકાશે આગેવાની લીધી. આ આંદોલન પોતે શરૂ કરેલ નથી એવું ભારપૂર્વક વખતોવખત તેઓ જાહેર કરતા. ત્યાર પછી કેટલાક બનાવોને કારણે મંત્રીમંડળ અને ધારાસભા વિસર્જનની માગણી કરી ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે આ આંદોલન બિહાર પૂરતું મર્યાદિત છે અને તેને વિસ્તારવાની તેમની કોઈ ઈચ્છા કે શકિત નથી.

હવે તેમણે સ્પષ્ટ કહ્યું છે કે આ આંદોલન બિહાર મંત્રીમંડળ કે ધારાસભા સામે નહિ પણ દિલ્હી સામે છે. તેથી બીજી ઓકટોબરે (હવે છઠ્ઠી ઓકટોબરે) આચાર્ય કૃપલાનીની આગેવાની નીચે દિલ્હીમાં મોટો મોરચો વડા પ્રધાનના નિવાસસ્થાને અથવા કચેરી ઉપર લઈ જવાની ઘોષણા થઈ છે. અને બધાં રાજ્યોમાંથી સ્વયંસેવકોની ભરતી માગી છે. તેમના પત્ર 'એવરીમેન'નાં તંત્રીલેખમાં જયપ્રકાશે લખ્યું છે : The Bihar struggle is no longer a state issue. It has acquired an all-India importance and the country's fate has come to be bound up

with its success or failure. જયપ્રકાશ નારાયણે એમ કહ્યું છે કે આ આંદોલન સમૂળી ક્રાન્તિ છે - સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક - પણ તેનું તુરતનું ધ્યેય બિહાર વિધાનસભા અને મંત્રીમંડળનું વિસર્જન છે. તેમણે વિશેષમાં કહ્યું છે કે ગાંધીજીના ખૂનથી જે ક્રાન્તિ અધૂરી રહી અને છેલ્લાં ૨૭ વર્ષમાં સત્તાધારી પક્ષ આ ક્રાન્તિથી વધુ ને વધુ દૂર જતો રહ્યો છે તે ક્રાન્તિ હવે પૂરી કરવી છે. તે માટે પહેલા સત્તાપલટો કરવો અને સત્તા ઉપર જે પક્ષ છે તેને હટાવવો.

આ બાબતમાં ગાંધીજીનું નામ લાવવું કેટલું ઉચિત છે તેની ચર્ચામાં ન પડીએ. ગાંધીજીના મનમાં કેવા પ્રકારની ક્રાન્તિ હતી અને તે માટે આવા આંદોલનનો તેમણે આકાર લીધો હોત કે નહિ તે વિવાદ નિરર્થક છે. પણ એક સૂચક હકીકતું લક્ષમાં લેવા જેવી છે. થોડા દિવસ પહેલાં એક પત્રકાર પરિષદમાં મોરારજીભાઈએ કહ્યું કે પોતે જયપ્રકાશના રસ્તે જવા માગતા નથી. સરકારના પલટા માટે આંદોલનનો માર્ગ મારે નથી લેવો. લોકતંત્રમાં તંત્રવાહકોને ભાન આવવું જોઈએ કે પ્રજા નારાજ થાય તો તેમને ઉખાડીને ફેંકી દઈ શકે છે. તેમણે કહ્યું, પ્રજામાં ગાંધીજીના યુગની સત્યાગ્રહની ભાવના પ્રગટાવવી જોઈએ, ભાંગફોડવાળા આંદોલનની નહિ.

આવા આંદોલન પ્રત્યે વિનોબાનો વિરોધ જાણીતો છે. સર્વોદય કાર્યકર્તાઓને તેમણે ન છૂટકે ભાગ લેવાની છૂટ આપી છે, પણ એક શરતે કે અહિંસા, સત્ય અને સંયમ જાળવવાં. જયપ્રકાશનું આંદોલન આ દિશાથી ઘણું દૂર છે એ કહેવાની જરૂર નથી.

જયપ્રકાશે કહ્યું છે કે ઈન્દિરા ગાંધીએ બિહારને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો છે. કોઈ એમ પણ કહી શકે કે જયપ્રકાશે આ આંદોલનને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો છે. દેશ એક મોટી આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. દુષ્કાળ અને પૂરમાં દેશનો મોટો ભાગ સપડાયો છે. ત્યારે રાજ્યની શક્તિ સંકટગ્રસ્તોને સહાય કરવામાં ખરચવા કરતાં આવા આંદોલનનો વિરોધ કરવામાં ખરચવી પડે તે કેટલું યોગ્ય છે તે વિચારણીય છે. સામ્યવાદી વિચારસરણી એવી છે કે સત્તાપલટો કરવો હોય તો પ્રજાની હાડમારી વધારવી, જેથી પ્રજાનો અસંતોષ વધે અને તેનો વિરોધ ઉગ્ર થાય. જયપ્રકાશ આ પદ્ધતિથી અપરિચિત નથી. આ આંદોલન પાછળ તેમની બધી શક્તિ અને નૈતિક બળ તેમણે રેડ્યાં છે.

જયપ્રકાશના આંદોલન વિષે મારે વખતોવખત લખવું પડે છે તેનું મને દુઃખ છે. જયપ્રકાશ વિષે મને ઘણો આદર છે. પણ મારી જાતને મારે વફાદાર રહેવું જોઈએ. ખૂબ વિચાર કરતાં પણ, મને આ આંદોલન પ્રજાને માટે હિતકારી લાગતું નથી. આ આંદોલન સાથે સંમત ન થઈ શકે તેઓ આ સરકારના ટેકેદાર છે તેમ માનવાનું કોઈ કારણ નથી. સત્તાધારી પક્ષને હટાવવો હોય તો પણ આ માર્ગની યોગ્યતા વિષે મતભેદ પ્રામાણિકપણે હોઈ શકે.

**દાણચોરોની ધરપકડો**

સરકારે મોટા પાયા ઉપર દેશભરમાં દાણચોરો અને કરચોરોની ધરપકડો કરી છે અને સંખ્યાબંધ ધાડો પાડી છે. જે રીતે આ બધું થાય છે તે ઉપરથી લાગે કે ઠીક લાંબા સમયથી બધી તૈયારી કરી હશે. આવા ગુનાઓમાં સંડોવાયેલ વ્યક્તિઓ વિષે સરકાર પાસે સારી માહિતી છે. પ્રશ્ન એ થાય કે આવી માહિતી છતાં આટલો સમય આસરકારક પગલાં ન લીધાં અને આત્યારે કેમ એકદમ ધડાકા કરવા લાગ્યા? કેટલી વ્યાપક દાણચોરી, કરચોરી અને વિદેશી હૂંડિયામણની ચોરી છે તે જાણી આશ્ચર્ય અને ખેદ થાય. હજી જે બહાર આવ્યું છે તે એક અંશ છે. દેશના અર્થતંત્રને ખાડે નાખવામાં આ કૌભાંડો કારણભૂત છે. આવી વ્યક્તિઓ સામે જેટલા સખત પગલાં લેવાય એટલાં ઓછાં છે. પૂરતી માહિતી હોય છતાં કોર્ટમાં પુરવાર કરવું મુશ્કેલ બને અને લાંબો સમય કેસો ચાલે. તેમાં લાખો રૂપિયા બરબાદ થાય તે ઉપરાંત અસર ભૂંસાઈ જાય. આવા ગુનાઓની તપાસ માટે સ્પેશિયલ કોર્ટો રચવી એવી સૂચના થઈ છે. સ્પેશિયલ કોર્ટને વિશેષ સત્તાઓ આપવી પડે અને અપીલો બંધ કરવી પડે. ન્યાયનો એક સિદ્ધાંત છે કે નવ ગુનેગાર ભલે છૂટી જાય, પણ એક નિર્દોષ દંડાવો ન જોઈએ. સામાન્ય ગુનાઓ માટે આ સિદ્ધાંત ઠીક છે, પણ આવા ભયંકર ગુનાઓ માટે બીજી રીતે વિચારવું પડે. આ બાબતમાં કોઈ નિર્દોષ ખોટી રીતે દંડાવાનો સંભવ નજીવો છે. જેટલા પકડાયા છે તેમાં કોઈને વિષે એમ સાંભળ્યું નથી કે તે નિર્દોષ છે. દરેક જાણીતા ગુનેગારો છે એમ કહેવાય છે. મિઝાના કાયદા નીચે તેમની ધરપકડો કરવી પડી. આ કાયદો સરકારને વિશાળ સત્તા આપે છે. તેના દુરુપયોગનો પૂરો સંભવ છે. પણ બે અનિષ્ટો વચ્ચે પસંદગી કરવાની રહી. સ્પેશિયલ કોર્ટોને વિશાળ સત્તા આપવામાં આવે ત્યાં પણ ભૂલથી યે કોઈક કેસમાં અન્યાયનો સંભવ છે. એવા કેસો થયા છે કે જેમાં જજ સ્પષ્ટપણે કહે કે મને નૈતિક ખાતરી થઈ છે કે આરોપી ગુનેગાર છે, પણ કાયદેસરના પુરાવાઓ ન હોવાથી મારે આરોપીને ખેદ સાથે છોડી મૂકવો પડે છે. સાક્ષીઓ ફોડી નાખ્યા હોય, દસ્તાવેજોનો નાશ કર્યો હોય, બધી કડીઓ મળતી ન હોય છતાં પ્રાપ્ત હકીકતો ઉપરથી ગુનાની ખાતરી થઈ હોય એવું બને છે. અલબત્ત, આવી કોર્ટોમાં જજો ઉચ્ચ કોટિના અને ન્યાયદૃષ્ટિવાળા હોવા જોઈએ. એવી વ્યક્તિઓ આપણા દેશમાં જરૂર મળી રહે. પણ આ સડાને સાફ કરવો જ જોઈએ. અને આવા લોકોએ જાણવું જોઈએ કે આવો ભ્રષ્ટાચાર હવે સહન નહિ થાય. સરકાર આટલી હદે જવા તૈયાર છે? સરકારની નિષ્ઠા વિષે લોકોને સકારણ શંકા છે. આવા મોટા છડેચોક ભ્રષ્ટાચારમાં ઉચ્ચ અમલદારો અને સત્તાસ્થાને બેઠેલ અધિકારી વ્યક્તિઓ સંડોવાયેલી ન હોય તો તે શક્ય નથી. આટલી હદે સાફસૂફી કરવા સરકાર તૈયાર છે? નહિ કરે તો સરકાર પોતે જ સાફ થઈ જશે. એવું પણ બને, અને આપણે આશા રાખીએ કે તેમ થાય, કે પકડાયેલામાંના કેટલાક હિંમત કરી સાચી હકીકતો બહાર પાડે. વૉટરગેટમાં એમ જ થયું. સૌ પ્રથમ એક જ વ્યક્તિ– મેકોર્ડ - કબૂલાત કરી અને ધીમે ધીમે બધું બહાર આવ્યું. ગુનેગારોની નૈતિક હિંમત તૂટી જાય છે અને અંદર અંદર ફાટફૂટ પડે છે. કેટલાકને કોર્ટોએ માફી આપી કબૂલાતો લેવી જોઈએ. દેશના અર્થતંત્રને ખેદાનમેદાન કરી નાખનાર આ ષડ્યંત્રનો ભાંડો પૂરો ફૂટે એ જરૂરનું છે.

**દુષ્કાળ**

દેશના કેટલાક ભાગોમાં દુષ્કાળ છે, જ્યારે બીજા કેટલાક પ્રદેશોમાં વિનાશકારી પૂરો આવ્યાં છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ત્રીજે વરસે દુષ્કાળમાં સપડાયા છે. પશુધન અને મનુષ્ય બન્ને માટે મોટું સંકટ છે. ભાદરવા મહિનાથી દુષ્કાળની અસર દેખાય એવું ભાગ્યે જ બને છે. સામાન્યપણે ફાગણ - ચૈત્ર માસથી અસર જણાય આ વખતે પીવાનાં પાણી, ઘાસ અને અનાજ ત્રણે બાબતમાં મુસીબતો છે. મોંઘવારી આ સંકટમાં ઉમેરો કરે છે. ઘાસ અને અનાજના ભાવ ખૂબ વધી ગયા છે. માલધારીઓ, ખેડૂતો પોતાનાં સારાં પશુ પણ છોડી મૂકે છે અને પાંજરાપોળોમાં ઢોર ઊભરાય છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સેવાભાવી ભાઈઓ અને સંસ્થાઓ જાગ્રત છે. પણ દરેક પોતાના ગામ કે તાલુકાનું જુએ છે. એ પણ ઠીક છે. આવી મમતા સ્વાભાવિક છે. પણ વ્યવસ્થિત કામ એક - બે મધ્યવર્તી સંસ્થાઓ મારફત કરવાથી સરકારી મદદનો લાભ વિશેષ મળે તેમ છે. હજી દસ મહિના ખેંચવા છે. આપણી બધી શક્તિનો સંચય કરવો પડશે. ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્ર, જે આવી કુદરતી આફતો સમયે વર્ષોથી કામ કરતું આવ્યું છે તેના તરફથી કામ ઉપાડી લેવાયું છે. સૌ ભાઈઓ, સંસ્થાઓ અને એસોસિયેશનોને મારી વિનંતિ છે કે કલ્યાણકેન્દ્રને આ કામમાં સહાય કરે. તેને આપાતાં દાન કરમુક્ત છે.

૨૮-૯-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# ★ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ શાહનું સન્માન ★

તા. ૨૬-૯-'૭૪ ગુરૂવારના રોજ સાંજના, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતા અંગે આનંદ વ્યકત કરવા તેમજ તેના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહનું સન્માન કરવા, સંઘના એક અગ્રગણ્ય સભ્ય શ્રી ગુણપતલાલ મગનલાલ ઝવેરીના પ્રેમભર્યા નિમંત્રણને માન આપીને ભુલાભાઈ દેસાઈ રોડ પર આવેલા તેમના નિવાસસ્થાનના "દિવાને ખાસ" જેવા હોલમાં સીમિત આકારનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું.

પ્રથમ શ્રી દામિનીબહેન જરીવાળાએ "મૈંતો પ્રેમ દીવાની" એ મીરાંનું ભકિતગીત ગાયું હતું. ત્યારે વાતાવરણ નિરવ સ્તબ્ધતાસભર બની ગયું હતું. કારણકે તેમનો સ્વર અંતરના ઊંડાણમાંથી પ્રગટ થઈને શ્રોતાઓના અંતરને સ્પર્શતો હતો—જાણે એક દીવો બીજા દીવાઓને પ્રગટાવી રહ્યો ન હોય! એ બે મિનિટ સ્મૃતિપટ પરથી જલદી ભૂંસાશે નહિ.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે બોલતાં જણાવ્યું કે, સંઘની પ્રવૃત્તિઓનો વિકાસ થાય એ માટે અમો સતત ચિન્તનશીલ રહીએ છીએ અને કાર્યકરોના સહકારથી સંઘની પ્રવૃત્તિઓનો વિકાસ સાધી રહ્યા છીએ.

વ્યાખ્યાનમાળાને ડૉ. રમણલાલ શાહ જેવા યોગ્ય પ્રમુખ સાંપડયા છે તે સંઘનું સૌભાગ્ય છે. આ વ્યાખ્યાનમાળા સાંગોપાંગ સફળ નીવડી તે માટે ડૉ. રમણલાલ શાહનું હું અભિવાદન કરું છું અને સંગીતજ્ઞ બહેનો વગેરેએ જેમણે જેમણે અમને સહકાર આપ્યો છે તે સૌનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

ત્યાર બાદ યજમાન શ્રી ગુણપતભાઈ ઝવેરીએ, સંઘના સંચાલકોએ તેમનું નિમંત્રણ સ્વીકાર્યું તે બદલ પોતાની ખુશી વ્યકત કરી હતી અને આભાર માન્યો હતો તેમ જ સૌને આવકાર આપ્યો હતો અને જ્યારે વિચાર થાય ત્યારે તેમને ત્યાં સંઘને લગતી સભા બોલાવવાનું તેમણે નિમંત્રણ આપ્યું હતું અને નવેય દિવસનાં અઢાર વ્યાખ્યાનોના તેમના મન પર પડેલા પ્રત્યાઘાતો વાંચીસંભળાવ્યા હતા.

ત્યાર બાદ શ્રી હીરાબહેન પાઠકે સંઘ આયોજિત આ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને એક વિશિષ્ટ તેમ જ ખૂબ જ ઉચ્ચકોટિની તેમ જ પ્રતિષ્ઠિત વ્યાખ્યાનમાળા ગણાવી હતી. તેમણે કહ્યું કે આ વ્યાખ્યાનમાળા ખરેખર સાત્ત્વિક વાતાવરણ ઊભું કરે છે અને આ અસર શ્રોતાઓનાં દિલ પર લાંબા સમય સુધી ટકી રહે છે.

ત્યાર બાદ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહે પણ આ વ્યાખ્યાનમાળાની ગુણવત્તા બાબત પોતાના વિચારો જણાવ્યા હતા, અને તેમણે જણાવ્યું કે વ્યાખ્યાનમાળાને પ્રો. રમણલાલ શાહ જેવા વિદ્વાન પ્રમુખ સાંપડયા છે તે ખરેખર સંઘના ધન્યભાગ્ય છે. અને પ્રો. રમણભાઈનો તેમણે અંત:કરણપૂર્વક આભાર માન્યો હતો.

ત્યાર બાદ શ્રી સુબોધભાઈ એમ. શાહે વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં થોડાંક સૂચનો કર્યા હતાં.

ત્યાર બાદ પ્રો. રમણલાલ શાહે બોલતા જણાવ્યું કે આપ સૌ વડીલોએ મારી જે પ્રશંસા કરી છે તે માટે હું કેટલો લાયક છું તે હું બરાબર સમજું છું, પરંતુ આપ સૌનો મારા પર આટલો બધો સદ્‌ભાવ છે તેનું મારે મન મોટું ગૌરવ છે. અને તેમણે કહ્યું કે આપણી વ્યાખ્યાનમાળા ખરેખર વિશિષ્ટ કોટિની છે. તેનો શ્રોતાવર્ગ, વકતાઓ અને કાર્યકરો સૌમાં વિશિષ્ટતા જોવા મળે છે, અને મુંબઈ બહારથી પણ થોડા શ્રોતાઓ આવ્યાખ્યાનો સાંભળવા માટે નવ દિવસ માટે ખાસ મુંબઈ આવે છે. વ્યાખ્યાનમાળાના વકતાઓ નક્કી કરતાં પહેલાં કેટલાં પાસાંઓ તપાસવાં પડતાં હોય છે તેનો વિગતથી તેમણે ખ્યાલ આપ્યો હતો, અને વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન નવ દિવસ સંભાળવામાં તેમને પોતાને પણ ઘણું બધું જાણવાનું મળે છે એમ કહીને તેમણે પોતાની ખુશી વ્યકત કરી હતી.

અને છેલ્લે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે જણાવ્યું કે થોડાક જ પ્રયત્નથી આ વખતે આપણે સંઘના ૧૦૬ આજીવન સભ્યો મેળવી શકયા છીએ. આપણા લક્ષ્યાંકમાં હવે ફકત ૧૫૦ આજીવન સભ્યો ૧૯૭૪ના અંત સુધીમાં મેળવવાના બાકી રહે છે. તે માટે સૌ સભ્યો સકિય બને એ માટે વિનંતિ કરી હતી અને સંઘના અને વ્યાખ્યાનમાળાના પ્રમુખશ્રીનું અભિવાદન કર્યું હતું આ ને સંઘની પ્રવૃત્તિનો ખૂબ ખૂબ વિકાસ કરવાને લગતી તેમની લાગણી તેમણે વ્યકત કરીહતી, અને આજના યજમાન શ્રી ગુણપતભાઈ ઝવેરીએ નિમંત્રણ આપીને જે સરભરા કરી તે માટે તેમનો આભાર માન્યો હતો.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

## પ્રસન્ન વાતાવરણમાં પૂરી થયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા એક નાનકડા ફેરફાર સિવાય સળંગ રીતે પાર પડી હતી. બુધવાર તા. ૧૮મીએ પ્રથમ પ્રવચન શ્રી રઘુવીર ચૌધરીનું નક્કી હતું, પરંતુ સંજોગવશાત તેમનું ઉપસ્થિત થવું શકય બન્યું નહિ. આથી એમની જગ્યાએ શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે પ્રવચન આપી એક મિત્રધર્મ બજાવ્યો હતો. નવેય દિવસ, નિશ્ચિત સમયે કાર્યક્રમની શરૂઆત ભજનથી થઈ હતી. ભજનિકોમાં શ્રી અજિત શેઠ, શ્રીમતી નિરૂપમા શેઠ, શ્રીમતી પૂર્ણિમા પકવાસા, શ્રી સુશાંતો બેનરજી, શ્રીમતી શારદાબેન, શ્રીમતી કમલિની શેટ્ટી, શ્રી ઉપેન શાહ, શ્રીમતી નિરુબેન શાહ, શ્રી રાજુ શાહ, શ્રીમતી મંદાકિનીબેન અને શ્રીમતી રમાબેન ઝવેરી હતાં. બહારગામથી આવનારા વકતાઓમાં શ્રી જયેન્દ્ર ત્રિવેદી ભાવનગરથી, ફાધર વાલેસ, શ્રી પુરુષોત્તમ માવળંકર તથા શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અમદાવાદથી, શ્રી યશવંત શુકલ રાજકોટથી અને શ્રી રોહિત મહેતા અને શ્રી શ્રીદેવી મહેતા બનારસથી અમારા નિમંત્રણને માન આપીને પધાર્યા હતાં.

દરેક વકતાઓએ એમના વિષયોને પૂરોપૂરો ન્યાય આપ્યો હતો. વ્યાખ્યાનમાળાનું સંચાલન ડૉ. રમણલાલ ચી. શાહે સુંદર રીતે કર્યું હતું. વ્યાખ્યાનમાળાની સમગ્ર આલોચના હવે પછીના અંકમાં તેઓશ્રી કરશે.

શ્રોતાઓનો સહકાર, શાંતિ અને શિસ્ત, વકતાઓની મુકત તારીફ પામ્યાં હતાં.

શ્રી રોહિત મહેતાએ પર્યુષણ વ્યાખ્યાનમાળાને સંસ્કારઘડતર કરતી સંસ્કાર વ્યાખ્યાનમાળા કહી હતી. જ્યારે સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈએ કહ્યું હતું કે, વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ છે જ્ઞાન માટે જિજ્ઞાસા પેદા કરવાનો. આમ નવે દિવસનું જ્ઞાનપર્વ પ્રસન્ન વાતાવરણમાં પૂરું થયું હતું.

મંત્રીઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## "પ્રબુદ્ધ જીવન" અંગે પત્ર

"પ્રબુદ્ધ જીવન', વાચકો માટે ખૂબ જ પ્રિય પત્ર બની રહ્યું છે. તેને લગતા પત્રો અવારનવાર આવતા જ રહે છે. આવા પત્રોને "પ્રબુદ્ધજીવન"માં પ્રસિદ્ધિ આપવી જોઈએ એવો અમારો આગ્રહ હોય છે, જ્યારે તંત્રીશ્રી તેમ કરવાની ચોકખી ના પાડતા હોય છે. એમ છતાં ક્યારેક કોઈ વિશિષ્ટ વ્યકિતનો અભિપ્રાય પત્રદ્વારા આવે ત્યારે તે તો પ્રગટ કરવો જ જોઈએ એમ સમજીને શ્રી. ભોગીલાલ સાંડેસરાનો આવેલો પત્ર નીચે પ્રગટ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ.
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સ્ને. શ્રી ચિમનભાઈ,
કુશળ હશો.

'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચુ છું. એ વિષે ઘણીવાર મિત્રો સાથે વાત કરતે હતો અને તમને પત્ર લખવાનો વિચાર કરતો હતો, પણ એ વિચારનો અમલ હમણાં જ કરી શકું છું.

એક વૈચારિક પત્ર તરીકે "પ્રબુદ્ધ જીવને" પોતાનું સત્ત્વ જાળવી રાખ્યું છે એટલું જ નહિ, પણ એમાં વૃદ્ધિ કરી છે. એમાંની તમારી 'પ્રકીર્ણ નોંધ' વર્ષો પહેલાંની રામાનંદ ચેટરજીના 'મોડર્ન રિવ્યુ'ની નોંધોની યાદ આપે છે. પણ તમારી નોંધોએ ગુજરાતી ભાષાના પત્રકારત્વમાં સમતોલ લોકહિતકારી અભિગમ તથા સરલ વિશદ અને આવેશરહિત છતાં પ્રસંગાનુસાર વેગવંતી શૈલીની એક વિશિષ્ટ પરંપરા ઊભી કરી છે એ એનું આગવું પ્રદાન છે. વિચારક અને અભ્યાસી પત્રકાર ચિમનભાઈનાં લખાણો અમને 'પ્રબુદ્ધ જીવન"ના પ્રત્યેક અંકમાં વાંચવા મળે એ જોવા કાર્યવસ્ત વ્યવસાયી ચિમનભાઈને આમારી વિનંતી છે.

લિ. સ્નેહાંકિત
ભોગીલાલ સાંડેસરાના નમસ્કાર

# માનવ–અસ્તિત્વની વિરાટ સ્મશાનયાત્રા

ચર્ચગેટ પર ટ્રેન આવે એટલે ડબામાંથી વેરાતા મગના દાણાની માફક માણસો ઊતરી પડે છે. રોજરોજ વધતી જતી ગિરદીમાં માણસનું અસ્તિત્વ ચગદાતું રહે છે. ક્યારેક લાગે છે કે ભીડમાં ચાલતો માણસ પોતાની જ સ્મશાનયાત્રામાં શરીક થતો હોય છે. બે સ્મશાન-યાત્રીઓ વચ્ચે ઉલ્કૃતનો કે વાતચીતનો સંબંધ હોય છે પણ ભીડમાં ભચડાતાં માણસો ભારે અનાસકત હોય છે. સ્મશાનયાત્રા જેમ જેમ લાંબી થતી જાય તેમ શહેરનો વિકાસ ઝડપી છે એવું ચતુર-સુજાણોને લાગ્યા કરે છે. માણસના અસ્તિત્વનો રકાસ એના વિકાસનો પર્યાય બની રહે છે.

માઓના પ્રખ્યાત કાવ્યમાં સો સો કુસુમોને એકસાથે ખીલવા દેવાની વાત હતી. પુષ્પોને એક પેટીમાં આપણે ઠાંસીઠાંસીને ભરીશું ખરા ? આવું આપણે નથી કરતા, કારણ કે પુષ્પનું પુષ્પત્વ આપણને આદરણીય લાગે છે. એક વેગનમાં છ કે આઠથી વધારે ભેંસો ન જઈ શકે એવો નિયમ છે. બે ભેંસોનાં શિંગડાં એકબીજામાં ભેરવાઈ ન જાય તે માટે દોરડાં બાંધી ગાળો રાખવામાં આવે છે અને બેસવા માટે ઘાસ પાથરવામાં આવે છે. એક રેફ્રિજરેટર એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાનું હોય ત્યારે ગોદરેજવાળા રૂા. ૧૧૦/- એને પેક કરવાના લે છે અને એ પેકિંગ દૂર કરવાના પણ રૂા. ૫૦/- લે છે. રેફ્રિજરેટરને ક્યાંય ગોબો ન પડે, અરે, ક્યાંય નાનો કાતરો ન પડે તેની સંભાળ લેવામાં આવે છે. વીમો ઉતરાવવામાં આવે છે. જરા અમથો ડાઘ પડે ત્યારે ગૃહિણીનો તો જીવ બળી જાય છે. ટૂંકમાં રેફ્રિજરેટરના અસ્તિત્વ ( being )નો આપણે આદર કરીએ છીએ.

માત્ર માણસ જ એવું પ્રાણી છે જે ગમે તે સ્થિતિમાં મુસાફરી કરતું રહે છે. ખેડૂતો બે ચાસ વચ્ચે અમુક જગ્યા છોડે છે અને બે છોડવા વચ્ચે પણ થોડુંક અંતર રહે એવો આગ્રહ રાખે છે, જેથી છોડનું વ્યકિતત્વ જોખમાય નહીં. બારડોલીથી કેળાં સ્ટીમર દ્વારા છેક રશિયા મોકલવામાં આવે છે ત્યારે કેળાનું કેળાપણું (banananess) અકબંધ રહે તેની ભારે દરકાર રાખવામાં આવે છે. પ્રશ્ન થાય કે માનવનું માનવ્ય જ આટલું સસ્તું કાં ? ડાર્વિને ઉત્ક્રાંતિના વિચાર દ્વારા આપણા અસ્તિત્વની સર્વોચ્ચતા પ્રતિપાદિત કરી આપી, પણ આપણે તે જાળવી શકયા છીએ ખરા ? ઉત્ક્રાંતિવાદે માણસને એક પ્રકારનું કુલાભિમાન આપ્યું, પણ પુરુષાર્થ વગરનું કુલાભિમાન કયાં સુધી ટકે ?

ફલાણો માણસ અમુક માણસનો ચમચો છે એવું હમણાં વારંવાર સાંભળવા મળે છે. એક સ્વયંપૂર્ણ અસ્તિત્વને જાણે ગિરવે મૂકવામાં આવે છે. માણસ પોતાની હસ્તી ( being )ના આવા ખંડિત ટુકડાઓ જ્યાં ત્યાં વેરતો રહે છે અને એટલે અંશે એ મરતો રહે છે. શોષણ કરનારો અને શોષિત એમ બંને જણા પોતાની હસ્તીની રાખોડી કરતા રહે છે. એક વડીલે આશીર્વાદ આપતાં લખ્યું : તમે મરો ત્યાં સુધી જીવો. જબરી વાત કરી દીધી. સ્મશાનમાં જે બળે છે તે તો નિકૃષ્ટ જીવનનું ખંડેર માત્ર છે. આપણી જીવનલતાનો કેટલો ભાગ લાકડું બની ચૂકયો છે તે વાત મહત્ત્વની છે. ડાળી અને લાકડામાં પાયાનો તફાવત એટલો જ કે એકમાંથી જીવનરસ વહે છે જ્યારે બીજામાંથી એનું વહન અટકી ગયું છે. હું કોઈકની અદેખાઈ કરું ત્યારે મારા મરી પરવારેલા અસ્તિત્વની રાખોડી બીજા પર ચોપડતો હોઉં છું. કહે છે કે અદેખાઈ કરનારને પિત્ત થાય છે. સાચો પ્રેમ અનસૂયા છે, કારણ કે એમાં અસ્તિત્વ માત્રનું અભિવાદન છે. કોયલનો ટહુકો અને આંબે આવેલા મ્હોર વચ્ચે અદેખાઈ હોઈ શકે ? ટહુકાનું, મ્હોરનું અને વસંતના વાયરાનું અસ્તિત્વ વિસંવાદી નથી હોતું.

વિનોબાજીએ સૂક્ષ્મપ્રવેશનો મહિમા વધાર્યો છે. પરમાણુની શકિતનો પરચો મેળવીને માણસે ભૌતિક પર્યાવરણમાં સૂક્ષ્મપ્રવેશ કર્યો છે. આવો એકતરફી સૂક્ષ્મપ્રવેશ ખતરનાક નીવડે તેમ છે. જીવશાસ્ત્રીય પર્યાવરણમાં બેકટેરિયા અને વાઈરસ સુધી પહોંચવાથી સૂક્ષ્મપ્રવેશની ભૂમિકા જરૂર થઈ છે. આલ્બર્ટ શ્વાઈટ્ઝર જ્યારે જીવમાત્ર પ્રત્યેના આદરની વાત કરે છે ત્યારે અણુશકિતને સમાંતર એવી ભદ્ર બાજુ ખૂલે છે એમ પણ લાગે. અણુની શકિત ત્યારે જ પચે જ્યારે બેકિટરિયાના અસ્તિત્વનો પણ આપણે આદર કરીએ. આવા વિરાટ આદરને, આવા સૂક્ષ્મ અભિવાદનને સંતોએ પ્રેમ કહ્યો છે. આજે જગતને આવા "માઈક્રોફ્રાઈન્ડ" પ્રેમની જરૂર ખાસ પડી છે, કારણ કે પરમાણુને એ પહેચાનતો થયો છે. આપણા અસ્તિત્વને રાખોડી બનતું અટકાવવાનો આ જ એક ઉપાય છે. દ. ચાદિતની પંકિતઓ બાકીની વાત કહી દેશે :

**એક દ્રિ'**
**પવન, મોજાં, ભરતી અને ગુરુત્વાકર્ષણને નાથ્યા પછી**
**આપણે પ્રભુ માટે પ્રેમની શકિત જોતરીશું.**
**પછી**
**ઈતિહાસમાં બીજી વાર**
**માણસ અગ્નિની શોધ કરશે.**

ડૉ. ગુણવંત શાહ

# જાપાનના હિંસાવાદી વિદ્યાર્થી–ક્રાંતિવીરો

તાજેતરમાં જાપાનના 'રેડ આર્મી' તરીકે ઓળખાતા વિદ્યાર્થીઓના એક દળના ત્રણ ઉદ્દામવાદીઓએ હેગમાં (હોલાન્ડ) રહેલા એક ફ્રેન્ચ રાજદૂતને બાનમાં પકડયા હતા. ફ્રાંસમાં 'રેડ આર્મી'ના એક જાપાની ગેરીલાને પકડયો હતો તેને છોડાવવા માટે ફ્રેન્ચ રાજદૂત ઉપર આ હથિયારધારી ઉદ્દામ-વાદી ત્રાટકયા હતા.

જાપાનનું આ 'રેડ આર્મી' શું છે? જાપાનમાં માત્ર આ એક જ ઉદ્દામવાદી દળ નથી. (૧) અમેરિકા અને જાપાન વચ્ચેના સલામતી અંગેના કરારનો વિરોધ કરતું એક દળ છે તેને 'આમ્પો કેઈહીન' કહે છે. (૨) ઉદ્દામવાદી વિદ્યાર્થીઓના બીજા દળને 'સેકીગુન્હા' કહે છે. અંગ્રેજીમાં તેને 'રેડ આર્મી' પણ કહે છે. (૩) ત્રીજું દળ ઓછું ઉદ્દામવાદી છે. તેનું નામ 'ચુકાકહા' છે.

જાપાની વિદ્યાર્થીઓ પોતાના રાજકીય મંતવ્ય અંગે બહુ જ ઝનૂની બની શકે છે. તેના કેટલાક દાખલા જોવા જેવા છે.

આ વરસની શરૂઆતમાં બે જાપાની વિદ્યાર્થીનું ટોકિયો યુનિ-વર્સિટીના કમ્પાઉન્ડમાં જ ખૂન થઈ ગયું. પોલીસે કહ્યું કે આ બે વિદ્યાર્થીઓ 'રેડ આર્મી'ના સભ્યો ઉપર જાસૂસી કરતા હતા એટલે 'રેડ આર્મી'ના વિદ્યાર્થીઓ તેમને હુલાવી દીધા. જાપાનમાં આ પ્રકા-રનાં ખૂન સામાન્ય થઈ પડયાં છે. જો કે જ્યારે ઈઝરાયલના તેલ અવીવ ખાતેના એરપોર્ટ ઉપર જાપાની યુવાનોએ નિર્દોષ મુસા-ફરોની કતલ કરી ત્યારે જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'રેડ આર્મી' પ્રખ્યાત થઈ ગયું હતું.

'રેડ આર્મી' અને બીજા ઉદ્દામવાદી વિદ્યાર્થીઓની ખૂનની પ્રવૃત્તિ વ્યાપક છે. પોલીસ, સરકારી અમલદારો, પ્રોફેસરો અને

પોતાના જ સાથીદાર હોય તેવા ત્રાસવાદીઓને આ લોકો મારી નાખે છે. ટોકિયો ખાતે નવું આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બંધાતું હતું ત્યારે 'રેડ આર્મી'ના વિદ્યાર્થીઓએ તેનો વિરોધ કર્યો. પોલીસે વિદ્યાર્થીઓને હટાવવા કોશિશ કરી ત્યારે વિદ્યાર્થીઓ પોલીસ સામે સીધી ઝપાઝપીમાં આવી ગયા અને વહેલી સવારે પોલીસની આખી ટુકડીને હથિયારધારી વિદ્યાર્થીઓએ ઘેરી લીધી હતી અને સાફ કરી નાખી હતી.

અઠવાડિયા પછી પોલીસે બદલો લીધો ત્યારે બીજે દિવસે એક પોલીસ અફસરની પત્ની ઉપર બીડેલો કાગળ ટપાલમાં આવ્યો. તે કાગળ ફોડ્યો તો તેમાંથી 'બૉમ્બ' ફાટ્યો અને પોલીસની પત્ની અને બાજુમાં ઊભેલો તેનો બાળક મરી ગયાં. એ પછી પોલીસના સ્ટાફ ક્વાર્ટરમાં સંતાડેલા મોલોટોવ નામના બૉમ્બ ફાટ્યા અને ઘણા પોલીસ મરાઈ ગયા. આટલી હિંસાવાદી પ્રવૃત્તિ પછી પોલીસે જાપાનભરમાંથી 'રેડ આર્મી' અને બીજાં બે ઉદ્દામવાદી જૂથના નેતાઓને પકડવા ઝુંબેશ ઉપાડી, પણ વ્યર્થ ગઈ.

એક મોટી ટેકરી ઉપર એક જૂથના ઉદ્દામવાદીઓ ભરાઈ ગયા હતા. પોલીસે તે ટેકરી આસપાસ ઘેરો ઘાલ્યો. આ ટેકરી ઉપરની હોટેલ એક પોલીસ અફસરની સગી મહિલા ચલાવતી હતી. વિદ્યાર્થીઓએ તેને બાનમાં રાખી. "પોલીસ ગોળીબાર કરશે તો તે મહિલાને મારી નાખશે" તેવી ધમકી ઉચ્ચારાઈ. દસ ઉદ્દામવાદીઓને પકડવા ૧૦૦૦ જેટલી પોલીસ શિયાળાની ઠંડીમાં ધ્રૂજતી ઊભી હતી. આ આખું દશ્ય જાપાનના ટેલિવિઝન ઉપર પણ બતાવાયું હતું. એ પછી પોલીસ ટેકરીના મકાનમાં દોડી ગયા અને બે પોલીસને તો વિદ્યાર્થીઓએ મારી નાખ્યા. એ પછી વિદ્યાર્થીઓ પકડાઈ ગયા. પોલીસે જોયું કે એ મકાનમાં ચૌદ મડદાં હતાં. આ ચૌદ મડદાંમાં એક ગર્ભવતી વિદ્યાર્થિની હતી. પોલીસને પછીથી માલૂમ પડ્યું કે ઉદ્દામવાદમાંથી સરકી જતા વિદ્યાર્થીઓ ઉપર ત્રાસ ગુજારીને અને તેમણે કરેલા મતપરિવર્તનની શિક્ષારૂપે એમને ખતમ કરવામાં આવ્યા હતા. આમ પાટલી બદલનારાઓને વિદ્યાર્થીઓ આકરી શિક્ષા કરે છે.

વિદ્યાર્થીઓ હિંસા ખાતર હિંસા કરતા નથી. તે સમજી ગયા છે કે બળ વગર સિદ્ધિ થતી નથી એટલે જ્યારે કોઈ પણ રાજકીય નેતા પોતાનાથી ભિન્ન મત ધરાવીને તેનો દુરાગ્રહ ચાલુ રાખે ત્યારે તે નેતાને ખોખરો કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનાં વિરોધી જૂથોમાં પણ લડાઈ થાય ત્યારે વિદ્યાર્થી નેતાને સ્ટીલના પાઈપ કે જે હથિયાર હાથમાં આવે તેનાથી ઢીબી નાખવામાં આવે છે.

આ પ્રકારનું હિંસાવાદી વલણ વિદ્યાર્થીમાં ક્યાંથી ઘૂસી ગયું? માનસશાસ્ત્રના એક અમેરિકન પ્રોફેસર શ્રી બેન્જામિન સી. ડ્યૂકે ટોકિયોમાં રહીને અભ્યાસ કરતાં તેમને માલૂમ પડ્યું કે જગતની કેળવણી પદ્ધતિ જ વિદ્યાર્થીના માનસમાં પલટો લાવી રહી છે. ખાસ કરીને જાપાની યુનિવર્સિટીઓની સંખ્યા વધવાની સાથે દૂષણો વધ્યાં છે.

જાપાનમાં ૧૯૩૭ની સાલથી વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીની સંખ્યા કૂદકે ને ભૂસકે વધવા માંડી છે. ત્યારે જાપાનમાં માત્ર ૪૫ યુનિવર્સિટીમાં ૭૩,૦૦૦ વિદ્યાર્થી હતા. અત્યારે જાપાનમાં ચાર વર્ષના ડિગ્રી કોર્સવાળી ૩૯૮ યુનિવર્સિટી છે અને બે વર્ષમાં કૉલેજનો ડિપ્લોમા આપતી ૪૯૧ કૉલેજો છે. વિદ્યાર્થીની સંખ્યા ૧૫ લાખની ઉપર થઈ ગઈ છે. બે વર્ષના કોર્સવાળી કૉલેજોમાં ૩ લાખ વિદ્યાર્થી છે તે જુદા. ૬ા૦ લાખ વિદ્યાર્થી એકલા ટોકિયો શહેરમાં છે. એટલે કુલ વિદ્યાર્થીના લગભગ અડધોઅડધ વિદ્યાર્થી ટોકિયોમાં ખડકાયેલા છે. એક નિહોન યુનિવર્સિટી છે તેમાં જ ૮૩,૦૦૦ વિદ્યાર્થી છે અને તેમાં અવારનવાર હિંસાત્મક તોફાનો થયા કરે છે.

સંખ્યા વધવાને કારણે શિક્ષણની ગુણવત્તા નબળી થઈ છે. વધુ ને વધુ વિદ્યાર્થીને દાખલ કરવા માટે શિક્ષણનાં જે કડક ધોરણો હતાં તે નબળાં કરવા પડ્યાં છે. વિદ્યાર્થી નાપાસ થતો હોય તો પણ આગળ ધકેલવો પડે છે. આને કારણે ભારતની માફક જાપાનમાં ડિગ્રીનું મૂલ્ય રહ્યું નથી. શિક્ષણમાં આંકડાઓ અને માહિતી ઉપર વધુ વજન અપાય છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ હવે ગોખણપટ્ટી કરતા હોય છે. કડક શિસ્તવાળી સ્કૂલોમાંથી પાસ થયેલો વિદ્યાર્થી કોલેજમાં આવે છે ત્યારે વિદ્વાન પ્રોફેસરો પાસેથી પ્રેરણાત્મક પ્રવચનો અને ઉચ્ચ કક્ષાના શિક્ષણની અપેક્ષા રાખે છે. તેમાં તેને નિરાશા મળે છે. પ્રોફેસરો ઉદાસીન હોય છે અને ક્લાસરૂમ કરતા હોય તેવા લાગે છે. જાપાનની તમામ યુનિવર્સિટીના ક્લાસમાં માઈક્રોફોન ઉપર પ્રોફેસરને બોલવું પડે છે, કારણ કે મોટા વર્ગને ઊંચા અવાજે સંબોધી શકાતો નથી. આને કારણે વર્ગમાં વિદ્યાર્થીને રસ રહેતો નથી અને ત્યારે ઉદ્દામવાદી ચળવળવાળા જૂથમાં વિદ્યાર્થીને રસ જાગે છે.

પણ જાપાનમાં એક બીજી નવી વાત જોવા મળે છે. જાપાનની યુનિવર્સિટીના મોટા ભાગના શિક્ષકો પણ ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા હોય છે. ગુજરાતમાં આપણે જોયું કે વિદ્યાર્થીઓ રાજકીય ચળવળ કરતા હતા, પણ બહુ જોમ આવ્યું નહિ. જ્યારે પ્રોફેસરો પણ ગુજરાતના મુખ્ય પ્રધાન વિષે ખરાબ બોલવા માંડ્યા ત્યારે વિદ્યાર્થીઓમાં બમણું જોર આવ્યું. પ્રોફેસરોને પોતાની આ તાકાતનો પરચો હોતો નથી. જાપાનમાં ઉદ્દામવાદી માનસને બળ આપનારા કેટલાક પ્રોફેસરો છે. આવા પ્રોફેસરો પોતાને "એજ્યુકેશનલ લેબરર્સ" કહે છે. મોટા ભાગના પ્રોફેસરો સરકારવિરોધી હોય છે. જાપાનમાં અમેરિકન લશ્કરના થાણા સામે આ પ્રોફેસરો જબરો વિરોધ કરે છે. ઘણા પ્રોફેસરો વ્યક્તિગત સંશોધન પ્રવૃત્તિમાં પડ્યા હોય છે અને વર્ગમાં પૂરતું ધ્યાન આપી શકતા નથી. આવી નિષ્કાળજી માટે પણ પ્રોફેસરો બડાઈ મારે છે! "હું તો સંશોધન કરું છું; ક્લાસની કોને પડી છે!"

આ બધાં કારણોને લઈ વિદ્યાર્થીઓ જે રોમાંચક અનુભવો અને સાહસની અપેક્ષા રાખતા હોય છે તેઓ ઉદ્દામવાદ તરફ આકર્ષાય છે. પણ ઉપરનું આંતરિક કારણ થયું—એટલે શિક્ષણ સંસ્થાનું આંતરિક કારણ થયું. બીજું બાહ્ય કારણ પણ છે. ભારતની માફક જાપાનમાં જે રૂઢિચુસ્ત પક્ષ સત્તા ઉપર છે તે સામ્યવાદનો વિરોધ કરનારો છે. આ મૂડીવાદી ગણાતા પક્ષને વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને માલદાર ખેડૂતો તરફથી અઢળક નાણાં મળે છે. લઘુમતીવાળો સમાજવાદી પક્ષ સત્તાધારી પક્ષ સામે છાતી કૂટ્યા કરે છે, પણ કંઈ વળતું નથી ત્યારે વિદ્યાર્થીઓનો સહકાર માગે છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ માઓ સામ્યવાદી પક્ષ સાથે સંલગ્ન હોય છે. ઘણી વખત જાપાનમાં કાંઈ ન કરવાનું હોય ત્યારે ઉદ્દામવાદી સાહસ કરવા માટે પેલેસ્ટાઈન ગેરીલા જેવાં દળો સાથેના સહયોગમાં કામ કરવા કે દક્ષિણ કોરિયામાં સ્થાપિત હિતોને ઉખેડવા આ 'રેડ આર્મી'ના વિદ્યાર્થીઓ જાય છે. એ જાણવું રસપ્રદ થશે કે ભારતમાંનું કોઈ ઉદ્દામવાદી જૂથ જાપાનના 'રેડ આર્મી'નો સંપર્ક સાધે તો ભારત આવીને કોઈ પણ પ્રધાનનું ખૂન કરવાનું કામ આ જૂથ ખુશીથી ઉપાડી લે. આ પ્રકારનું ખુલ્લું આમંત્રણ 'રેડ આર્મી'એ જગતનાં તમામ ઉદ્દામવાદી વિદ્યાર્થી દળોને આપ્યું છે. પરંતુ મોસ્કોના સામ્યવાદી પક્ષ સાથે જોડાયેલું દળ મોસ્કોતરફી સરકારોને બહુ આડકતું નથી!

જાપાની યુવાનો કતલ કરવા સુધી અને કોઈ ધ્યેય માટે આત્મસમર્પણ આપવા માટે કેમ તૈયાર થઈ જાય છે તેની પણ આપણને નવાઈ લાગતી હોય. પરંતુ ૧૨૦૦ થી ૧૮૦૦ ની સાલ સુધી જાપાનમાં 'સમુરાઈ'ની જે પ્રથા હતી તે હજી પણ જીવી રહી છે. યુકીઓ મિશિમા જેવા વિદ્વાન લેખક અને કવિએ પણ તલવાર વડે પોતાનું મસ્તક કપાવી નાખ્યું હતું. વિદ્યાર્થીઓમાં ૨ા૦ સમુરાઈ (આત્મસમર્પણ) ની પ્રથા જાગ્રત કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીને ત્યાગ અને બલિદાનના પાઠ શીખવાય તો તેના જેવું બલિદાન બીજું કોઈ કરી શકે નહિ. **કાંતિ ભટ્ટ**

# માતા આનંદમયી

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં "માતા આનંદમયી" વિશે શ્રીમતી વસુબહેન ભટ્ટે આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.]

મા આનંદમયી ખૂબ સ્વરૂપવાન છે. એમની મુખમુદ્રા ભવ્ય, તેજસ્વી અને અલૌકિક છે. જે રીતે બંગાળી ભાવે શ્વેત વસ્ત્રો પરિધાન કરે છે એમાં એમનું વ્યક્તિત્વ ખૂબ જ આકર્ષક લાગે છે. અસાધારણ તેજ એમના પર વિલસી રહ્યું છે. તેજપુંજસમી આંખોમાં ભારોભાર કારુણ્ય જોવા મળે.

આનંદ પરસ્પર હોય છે. એમની સાથે વાત કરતા હોઈએ ત્યારેય જાણ્યા વગર રહેવાય જ નહીં કે એમાંય સામાને કશુંક આપવાની વૃત્તિ જ દેખાય, જાણે કે પ્રેમની લહાણી કરતાં ન હોય. એમની યાદશક્તિ પણ અદ્‌ભૂત છે.

આવી આ વ્યક્તિ છે. એમના વ્યક્તિત્વથી, સૌમ્યત્વથી અને એમના ચિત્તથી હું પ્રભાવિત થઈ છું. અનેક સાધુઓ-સંતોને મળી છું, પણ એ સૌમાં માનું એક અનોખું સ્વરૂપ જોવા સાંપડ્યું છે. દર્શનાર્થીઓનાં ટોળાં વચ્ચેય માના બાહ્ય સૌન્દર્યની સાથે આંતરસૌન્દર્યની, સૌમ્યત્વની, સ્નેહ - સાદાઈની અને સદ્‌ભાવની ઝાંખી થયા વગર રહે જ નહીં.

ઈશ્વરની આ દુનિયામાં પ્રભુએ એને સમજી શકે એવા અને ન સમજી શકે એવા બન્નેનું સર્જન કર્યું છે. સર્જનહારના સર્જનને સંતોષે તેવા સ્નેહથી રમકડાં આપવાં જરૂરી છે.

એમની સાધનામાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણીસંગમ જોવા મળે છે. માની મુખ્ય વિભાવના છે વેદના તત્ત્વજ્ઞાન મુજબ "એકં એવ અદ્વિતીયમ્ નાસિત." પરમાત્મા એક જ છે. માણસનું બાહ્ય કલેવર એ તો ખોળિયું છે; મુખ્ય છે તેનો આત્મા. માની આ દૃષ્ટિ છે. એ સહુમાં સમાનતા ભાળે છે. ધર્મ, જાતિ, વર્ગ તરફ એક જ ભાવ છે. ઝરણું સાગર તરફ પ્રયાણ કરે છે—બસ એમ જ. દ્વૈતનો ભાવ એમાં ક્યાંય જોવા મળતો નથી. સત્યની અનુભૂતિ એમાં સ્પષ્ટ છે.

તેઓ ફૂલ જેવાં કોમળ છે. તેની તાજગી, સુગંધ પણ એમનામાં સાથે છે જ. આવાં આનંદમયીનો જન્મ ૩૦મી એપ્રિલ ૧૮૯૬માં ત્રિપુરામાં થયો હતો. મૂળ નામ નિર્મળાસુંદરી. પિતાનું નામ વિપિનવિહારી ભટ્ટાચાર્ય અને માતાનું નામ મક્ષિસુંદરી. બાર વર્ષની વયે વિક્રમપુરના રમણીમોહન સાથે એમનાં લગ્ન થયાં હતાં.

નાનપણથી તેઓ ભાવાવેશમાં આવી જતાં. લગ્ન પછી પણ આવું થતું જ. સાસરામાં થયું કે આ કંઈક ભૂત-ચૂડેલ છે. ભૂવા બોલાવ્યા, મોટા ડાકતર પાસે ચિકિત્સા કરાવી, પરંતુ સૌને એમાં ઉચ્ચ આધ્યાત્મિકતાનો વિકાસ જ થતો દેખાયો. આવી અવસ્થાનો અનુભવ ડૉ. મહેન્દ્ર નંદીનેય થયો હતો. ત્યાર પછી એમના પતિ એમના પ્રથમ શિષ્ય બન્યા અને ભોળાનાથ નામે વિખ્યાત થયા.

આનંદમયી નામ તો પછી કેવી રીતે આવ્યું? એક વખત એ સિદ્ધ સ્થર આશ્રમે સપરિવાર જાય છે, સમાધિ લગાડે છે. તેમના સ્વરૂપમાં સૌન્દર્ય, સ્ફૂર્તિ, લાવણ્ય હતાં જ. એમની ચેતનામાં માંગલ્ય, આનંદ, કારુણ્ય હતાં, અને એમને સર્વત્ર આનંદ થવા લાગ્યો એની અનુભૂતિ થઈ. ત્યારથી એ આનંદમયી થયાં.

વાણીના સંયમ પર મા ખૂબ ભાર મૂકે છે. ૧૯૨૪થી તો એમણે પોતે સ્વહસ્તે ખાવાનું છોડી દીધું છે. છતાં અન્યને જમાડવામાં એ સાચા અર્થમાં અન્નપૂર્ણા છે. માત્ર ભોજન પીરસવું, આપી દેવું, એ જમાડવું નથી. એમાં સ્વચ્છતા જોઈએ, કાળજી જોઈએ, પ્રેમ જોઈએ.

સમાધિ અંગે પૂછતાં મા પોતે કહે છે: "સર્વ ક્રિયાઓ અને વૃત્તિઓનો લય તે જ સમાધિ કહેવાઈ શકે.એ એક એવી અવસ્થા છે કે જેમાં જ્ઞાન-અજ્ઞાનનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એમાં અમુક કક્ષાએ પહોંચતાં સાધક પોતાના ધ્યેય સાથે એકાકાર દશા અનુભવે છે. એ દશામાંથી એ ધારે તો પાછો સ્વભાનના સામાન્ય સ્તર પર આવી શકે. પરંતુ આ જાતની સમાધિનું પણ અતિક્રમણ થવું જોઈએ ..... અદ્વિતીયતાની આ ઉચ્ચતમ સ્થિતિ કોઈ પણ ભાષાથી સમજાવી કે વર્ણવી શકાય તેમ નથી. એ તો કેવળ એક અનોખી અનુભૂતિ જ છે." મા કહે છે તેમ આવી પરમ શાંતિને પામવા અંતરદેવાને જગાડવો જોઈએ. એને શોધવા બહાર ફાંફાં ન મારો. વારંવાર સ્મરણ કરવાથી એની શ્રદ્ધા જન્મે છે. એથી સત્સંગ, મૌન, પરમતત્ત્વનું ધ્યાન કેળવી સ્થિર બેસવું જોઈએ; અને વિચારોને દેશવટો દીધા બાદ સમાધિસ્થ થવાય છે.

માને ચીજવસ્તુ આપી દેવામાં ય આનંદ છે. એ ખૂબ ઉદાર છે. કહે છે કે દઈને તો દેવત્વ મળે છે. આંતરિક સ્વચ્છતાનો પડઘો એમના બાહ્ય શરીર પર પડે છે.

માતાજીને પ્રવાસનો ખૂબ શોખ છે, અને જે તે સ્થળને માનવીથી ઓળખે છે. એમને કલામાં રસ છે, જનસંપર્કમાં રસ છે. આ કારણે પ્રવાસ વધુ કરે છે. કહે છે તેમ: "ભવ્ય બગીચો વિશ્વમાં પથરાયો છે. ઝાડ, પાન, ફળ, ફૂલ, પશુપંખી અને માનવ આ બગીચામાં અનેક રીતે રમે છે. દરેકને એનું આગવું સૌન્દર્ય છે. દરેક એની ભવ્યતામાં ઉમેરો કરે છે. આ શરીર ફરે છે, કારણ એને એની વિવિધતામાં અનેરો આનંદ આવે છે."

એમનામાં અહંકારનો અભાવ છે. હમેશાં દર્શનાર્થીઓ સાથે માનવતાભર્યો, તટસ્થ, નિર્લેપ વર્તાવ કરે છે—જાણે કે supreme unconcerned ન હોય!

મા કહે છે કે સારું-ખોટું એ તમારા વિચાર પર આધાર રાખે છે. કૃત્ય એના વિચાર કે વ્યક્તિગત લાગણી પર આધાર રાખતું નથી. માનવના અહંકાર વિશે કહે છે કે જે ક્ષણે આ અહમ્ અટકી જાય છે ત્યાં જ પરમ તત્ત્વ તેનું સ્થાન લે છે. આ પ્રભુનો પંથ છે.

આ 'અહમ્' શું છે? માનો જવાબ જોવા જેવો છે: "તમે એમ માની લો કે તમારા કાર્યના કર્તા તમે છો એ જ ક્ષણે તમારામાં અહમ્નો આવાસ થાય છે. દુનિયાનો અર્થ જ દુનિયા. બે. અહીં જ સંઘર્ષનું મૂળ છે ..... અપૂર્ણતામાં અહમ્ હાજર છે. જ્યારે સત્યજ્ઞાનના સાક્ષાત્કારમાં 'હું' એટલે આત્મા સંપૂર્ણ છે. અપૂર્ણતામાં 'હું' અહમ્ છે. અજ્ઞાનતાનું પરિણામ અંધકાર છે. ભૌતિક જીવનમાં મનના પડોમાં દ્વૈતનો ભાવ દુઃખ ઊભાં કરે છે. અપવાદ વગર દરેક વસ્તુમાં ઈશ્વરનો જ આકાર છે. જ્યાં ઈશ્વરનો વિચાર નથી ત્યાં દુઃખ છે."

માની બીજી લાક્ષણિકતા છે તેમનું અણિશુદ્ધ પવિત્ર જીવન. શુદ્ધ ફૂલ જ ઈશ્વરના ચરણમાં સ્થાન લે છે. માટે ઈશ્વર પાસે જવા માટે આવું અણિશુદ્ધ પવિત્ર જીવન જીવવું જોઈએ; એના અધિકારી બનવું જોઈએ.

મા જ્ઞાન સાથે ભક્તિને પણ પ્રાધાન્ય આપે છે. અંતરથી ઈશ્વરને બોલાવીએ તો એને આવ્યા વગર છૂટકો થતો જ નથી.

તેથી તો દરેક સમારંભને અંતે માતાજી એ ભિક્ષા માગે છે કે તમે તમારા જીવનમાં ભક્તિ માટે નિશ્ચિત સમય નક્કી કરો અને તેનું પાલન કરો. કોઈ પણ નામ લો. સ્વજાગૃતિ માટે "તમારી બુદ્ધિ, તર્ક અને શક્તિને પરમતત્ત્વની પ્રાર્થનામાં" લગાડવાનું એ કહે છે. "બુદ્ધિથી પામી ન શકાય એવી પરમ કૃપા અવતરે છે. એ એની

મેળે અવતરે છે." માતાનો રમતો બાળક સતત ખ્યાલ રાખે છે. માટે એના પર ભરોસો રાખવાનું મા કહે છે. સતત સંપર્ક હોવો જરૂરી છે.

મન અને અંતર સ્વચ્છ કરીને પ્રાર્થના કરવી જોઈએ. એમ થાય તો જ ભાવાવેશ સમાધિ લાવે છે. માટે મનને ભણાવવાની જરૂર છે. મન શાંતિ ઝંખે છે. એ સ્થિર થઈ શકે છે. મૌનની આ માટે ખૂબ જ જરૂર છે. મા પણ મૌન પર ખૂબ ભાર મૂકે છે. એક અંગ્રેજ વિચારકે કહેલું : I have regreted often for my speech, but never for my silence. (મારી વાણી માટે હું ઘણી વખત પસ્તાયો છું, પણ મારા મૌન માટે કદી પણ નહીં.).

એમનામાં વિનોદવૃત્તિ પણ અજબની છે. એ આપણને સ્પર્શી જાય છે. ગૂઢ રહસ્યોને સરળતાથી સમજાવે છે અને પછી તે મનમાં સોંસરવું ઊતરી જાય છે. નિશાળમાં ભૂગોળ શીખવે છે અને બધાં સ્થાનો વિશે શીખવાય છે એ રીતે જીવનની ભૂગોળ એ સરળતાથી શીખવતાં રહે છે.

સાધુસંતો માટે મુશ્કેલ માર્ગ લોકેષણા છે. માએ એ પર વિજય મેળવ્યો છે. દેશપરદેશથી અનેક નામાંકિત કે અનામી, અજાણી વ્યક્તિઓ આવે છે. કોઈનો મોહ નથી. બધાં સાથે એકસરખો વ્યવહાર કરે છે.

૧૯૨૯માં ઢાકામાં ઈન્ડિયન ફિલોસોફિકલ કૉંગ્રેસ મળી હતી. ત્યાં પ્રતિનિધિઓ સાથેની મુલાકાતમાં કોઈકે પૂછ્યું : ".....તો પછી વિશ્વ પૂર્ણ થઈ જાય ?" અનુભવની એરણ પરથી એમણે જવાબ આપ્યો :" હા, અત્યારે પણ એવું જ છે." એમના આવા જવાબથી પ્રતિનિધિઓ પ્રભાવિત થયા હતા.

સુભાષચંદ્ર બોઝ સાથે વાતો કરતાં જે પ્રશ્નોત્તરી થઈ એ સમજવા જેવી છે :

"મા, દેશસેવાથી ભગવતપ્રાપ્તિ થાય છે ?"

"ખરી રીતે તો સેવાનો ભાવ જાગૃત થવાથી ભગવાન પ્રાપ્ત થાય." ત્યાર બાદ હસીને સામો પ્રશ્ન કર્યો : "અચ્છા બાબા, તુમ જો દેશસેવા કર રહે હો, કયોં કર રહે હો ?"

એમણે કહ્યું, "મને આનંદ આવે છે."

માએ ફરી પૂછ્યું , "ઠીક ; આ નિત્ય આનંદ છે ? અખંડ આનંદ છે?"

"એ તો હું કહી શકતો નથી."

માએ કહ્યું, "બાબા, જે કામ અંગે એમ કહેવામાં આવે કે એ બીજા માટે કરું છું, પરંતુ એ બધું પોતા માટે છે. સહુ અખંડ આનંદને ચાહે છે. કેમ ચાહે છે એને ? તમે એમ પણ કહી શકો કે આ બધું જાણીને શું ? પરંતુ જો આ બાજુ ધ્યાન અપાય તો મનુષ્ય પોતે પોતાને જાણી શકે."

છેવટે માએ હસીને કહ્યું, " અરે ! તમે તો ઠેર ઠેર ભાષણો કરો એમ છો. એને હું શું કહું. મને કંઈ કહો, સાંભળું."

"હું કયાં સાંભળાવવા આવ્યો છું, હું તો સાંભળવા આવ્યો છું."

"જુઓ, કેવળ બહાર જોવાને બદલે જરા અંતરમાં ડોકિયું કરો. તમારામાં તો એ શકિત પણ છે."

મા સાચું કહે છે કે આ વિશ્વ તમારું જ છે. તમારી જાત પણ તમારી છે. આ વાજિંત્ર જેવું વગાડશો તેવું સાંભળશો. રોજિંદા જીવનમાં જ્યારે માનસિક તનાવ છે ત્યારે આ જ્ઞાન ઉપકારક છે.

વસુબહેન ભટ્ટ

## ☆ વર્ષાની સાક્ષી ☆

એક નવયુવક એક મઠની પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે જ જોરદાર વરસાદ આવ્યો અને તે દોડીને વિશ્રામગૃહમાં ઘૂસી ગયો. તે જ સમયે એક ભિક્ષુ અને એક સ્ત્રી દોડતાં એ વિશ્રામગૃહ તરફ આવી રહ્યાં હતાં.

નવયુવક તમાકુ કાઢી કેળના પાંદડા પર રાખી સિગરેટ બનાવીને આરામથી તે પીવા લાગ્યો. ભિક્ષુ બોલ્યો : 'આવો ક્રોસમનો વરસાદ કદી જોયો—સાંભળ્યો નથી.'

સ્ત્રી કહેવા લાગી : 'આ અમારાં ભાગ્ય અને પૂર્વ-જન્મનાં કર્મોનું ફળ છે કે હું મોતના મોંમાંથી એમને બચાવવા આપને બોલાવવા આવી અને આ વરસાદ પડવા લાગ્યો. આપણે ત્યાં નહિ પહોંચી શકીએ.'

આ વાત સાંભળી ભિક્ષુને તે સ્ત્રી પર બહુ દયા આવી. એણે પોતાનો થેલો ખભે લટકાવ્યો અને વરસાદમાં જ બહાર નીકળવા તૈયાર થઈ ગયો. એણે સ્ત્રીને કહ્યું, 'જો તારી એવી જ ઈચ્છા છે કે હું જલદી કુંગ-સી આયુથ્યા (થાઈલૅન્ડની રાજધાની ) પહોંચી જાઉં, તો વરસાદ સહન કરવાની શકિત તો મારા શરીરમાં છે.'

સ્ત્રીએ માત્ર એટલું જ કહ્યું, 'આ ભારે વરસાદમાં બહાર નીકળવાનું કષ્ટ ન કરશો, નહિતર મારે માથે પાપનો એક અન્ય દોષ લાગશે. જો આપણે મારા પતિને ફાંસી આપતાં પહેલાં રાજધાની નહિ પહોંચી શકીએ તો હું માનીશ કે એ અમારાં પૂર્વજન્મનાં કર્મોનું ફળ છે.'

એની વાત સાંભળી ભિક્ષુએ એક ઊંડો શ્વાસ લીધો. એના મનમાં એ સ્ત્રી પ્રત્યેની શ્રાદ્ધા વિશેષ વધી. એ બોલ્યો : 'તું પૂર્વજન્મનાં કર્મોના ફળની વાત કરી રહી છે એટલે લાગે છે કે તને ભગવાનના ઉપદેશોનું જ્ઞાન છે. આ જન્મમાં મનુષ્ય દુ:ખોથી દૂર ભાગી નથી શકતો. એમાંથી છુટકારો મેળવી પોતાની ઈચ્છાનુસાર સુખની શોધ કરવા માટે પણ તે સ્વતંત્ર નથી. આ બધું તેના પૂર્વ-જન્મનાં કર્મોના ફળ પર નિર્ભર હોય છે. આઈ પૌંગ જેવો ભયાનક અપરાધી, જેને ફાંસીની સજા કરાઈ હતી તે ભાગી ગયો. એ સજામાંથી બચી ગયો. તારો પતિ ખુન -સારવોન બિચારો આખી જિંદગી રાજાનો વફાદાર નોકર રહ્યો. એ દુ:ખદ વાત છે કે એને આઈ પૌંગની ચોકી કરવાની જવાબદારી ઉઠાવવી પડી હતી. મને પૂર્ણ વિશ્વાસ છે કે તમે લોકોએ આઈ પૌંગને ભગાડવાના ષડયંત્રમાં ભાગ નથી લીધો છતાં જજે તમનેદોષિત ગણ્યાં છે. શું આ બધું પૂર્વજન્મનાં કર્મોનું ફળ નથી- જેને કારણે આ બધું થયું ? આઈ પૌંગ જેલમાંથી ભાગી ગયો... અને એને બદલે ખુન- સારવોનને ફાંસીની સજા ભોગવવી પડશે. એનો અર્થ એવો થયો કે આઈ પૌંગે ગયા જન્મમાં અવશ્ય કોઈ સદ્કર્મ કર્યું હશે એટલે જ એ સજામાંથી બચી ગયો.'

ભિક્ષુ કહેતો જ રહ્યો : 'તેં મને ત્યાં લઈ જઈ મારા મંત્રોના પ્રભાવથી તારા પતિની રક્ષા કરવા માટે પ્રેર્યો છે. હું ભિક્ષુ છું, અને મારે તારી વાત માનવી જ પડી. પરંતુ મારા મંત્રો અને એ પવિત્ર દિવ્ય શકિત, જે મેં ભગવાનના ઉપદેશોમાંથી પ્રાપ્ત કરી છે તેનાથી તારા પતિનાં પૂર્વજન્મનાં કર્મો નષ્ટ નહિ થઈ શકે. પ્રત્યેક પુરુષનાં સારાં અને ખરાબ કર્મોનો ભંડાર હોય છે. છતાં તારી સાંત્વના માટે વરસાદમાં ભીંજાઈને પણ હું ત્યાં જઈશ અને તારી ઈચ્છા છે તે મુજબ મારી પ્રાર્થનાના પ્રભાવથી તારા પતિની રક્ષા કરવાનો પ્રયત્ન કરીશ.'

આટલું કહી ભિક્ષુ વરસાદમાં ભીંજાતો બહાર નીકળ્યો. પેલો નવયુવક જે આરામથી સિગરેટ પીતો પીતો બંનેની વાતો સાંભળતો હતો તે અચાનક ઊભો થયો અને સ્ત્રી તરફ ફરીને બોલ્યો : 'ઓ ભિક્ષુને વરસાદમાં જતો રોક. હું જ આઈ પૌંગ છું. મને રાજધાનીમાં લઈ જાઓ અને તારા પતિને બદલે મને અધિકારીઓને હવાલે કરી દો. ભિક્ષુએ કહ્યું તેમ, બધું જ આગળનાં કર્મોનું ફળ નથી ? નહિતર આવી રીતે ક્રોસમનો વરસાદ કેમ આવ્યો અને આપણે ત્રણે એકસાથે જ આ વિશ્રામગૃહનું શરણ શા માટે લીધું ? સાંભળ, મેં એ ભિક્ષુની વાતો સાંભળી ભાગી છૂટવાનો ઈરાદો બદલ્યો છે.'

અને યુવકે આકાશ તરફ જોયું તો તડકો નીકળ્યો હતો અને વાદળાંનું ક્યાંય નામનિશાન નહોતું.

[થાઈલૅન્ડની કથા ]

મૂળ લેખક : વૈતાલ
અનુ: જિતેન્દ્ર ઠાકર

# આજીવન સભ્યોનો અમારો લક્ષ્યાંક ૫૦૦નો છે

અગર પ્રેરણા થાય તો – સંઘના આજીવન સભ્ય થવા માટે અમે સૌ સભ્યોને એક અપીલ મોકલી આપેલી. ત્યારબાદ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન પણ અપીલ કરેલી. જો કે પાંચસો સભ્યો કરવા માટેની અમારી મંઝિલ હજુ દૂર છે. આમ છતાં ય અમારી અપીલ પછી ૧૦૬ નવા આજીવન સભ્યો થયા છે અને અત્યારે હવે આજીવન સભ્યોની સંખ્યા ૩૫૦ જેટલી થાય છે.

જણાવતાં આનંદ થાય છે કે શ્રી ફાધર વાલેસ, શ્રી રામુ પંડિત તથા શ્રી હીરાબેન પાઠક પણ સંઘના આજીવન સભ્યો બન્યા છે. સંસદસભ્ય શ્રી પુરુષોત્તમ માવલંકર, ડૉ. એમ.એમ. ભમગરા તો ગયા વર્ષે જ આજીવન સભ્ય થયેલા.

આ ઉપરાંત આ વ્યાખ્યાનમાળા દરમિયાન એક મિત્રે આજીવન સભ્ય થતાં એક પ્રેરક પત્ર અમને લખ્યો છે, જે અમે નીચે પ્રકટ કરીએ છીએ અને આશા રાખીએ કે સંઘના શુભેચ્છકોને આજીવન સભ્ય થવા માટે એ પ્રેરણા આપશે.

**મંત્રીઓ પર આવેલો પ્રેરક પત્રક**

મંત્રીશ્રી,
**શ્રી જૈન યુવક સંઘ, મુંબઈ**
મહાશય,

છેલ્લાં ચારેક વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં કેટલાંક વ્યાખ્યાનો સાંભળવાની અને આ વર્ષે સંપૂર્ણ વ્યાખ્યાન-માળા સાંભળવાની તક મળી. 'પ્રબુદ્ધ જીવન'નો ગ્રાહક તો છું જ, પણ એક વાત ખટક્યા કરતી કે આ જે વ્યાખ્યાનો, જેનું મૂલ્ય અનેકગણું છે તે તદ્દન મફત જ સાંભળું છુ. પરંતુ એવા સંજોગો નહોતા - પોતાનો વ્યવસાય કરવા છતાં - કે કાંઈક સારી એવી રકમ આપી શકું. આ વર્ષે ગત મહિનામાં પર્યુષણ દરમિયાન મારી ધર્મપત્નીએ અઠાઈની તપશ્ચર્યા કરી હતી. મેં એ વખતે એને કહ્યું હતું કે આ પ્રસંગે કીકળ પ્રથા કે પ્રભાવના વગેરે કોઈ જ 'વ્યવહાર' કરવા નથી. અને આથી જે બચત થશે તે બીજા કોઈ પણ સદ્‌માર્ગે વાપરશું. જે કાંઈ બની શક્યું એટલું અમુક માર્ગે વપરાશ કર્યો અને ત્યાં આ વ્યાખ્યાનમાળા શરૂ થઈ ત્યારથી એમ થતું હતું કે આપનો કોઈ હિસ્સો (ભાગ) પણ એમાં કાંઈ ન હોય તો અયોગ્ય થશે. આમ હેતુરહિત અનુરાગ તો નથી જ, પણ કાંઈક ભક્તિ કરવાની - સંસ્કારતીર્થની ભક્તિ કરવાની ઈચ્છા થઈ. એટલે આજીવન સભ્યપદનું ફોર્મ ભર્યું છે. આમાં બે પ્રકારનો સંતોષ છે: એક તો સંસ્થાનું ઋણ જે વ્યાખ્યાનમાળાદ્વારા છે તે પૂરું થશે અને બીજું ભવિષ્યમાં જે કાંઈ પ્રવૃત્તિઓ થશે તેમાં મારો પણ યત્કિંચિત ફાળો હશે. ફોર્મમાં લખ્યું છે કે બંધારણ મેં વાચ્યું છે, પણ મેં જોયું પણ નથી અને જોવાની જરૂર પણ નથી. એટલો વિશ્વાસ છે કે આ સંસ્થામાં જે પણ કાર્ય થશે તે શુભ જ હશે. પહોંચ નિરાંતે મોકલશો તો ચાલશે.

આ જ્ઞાનયાત્રા, સંસ્કારયાત્રા પેઢી દર પેઢી ચાલતી જ રહે અને સૌના જીવનમાં પ્રકાશ પાથરે એવી શુભેચ્છાઓ સાથે.

હવે આપનો જ,
**નેમચંદ છેડા**

વિશેષમાં જણાવવાનું કે આ ઉપરાંત બીજા ભાઈબહેનોએ જે પ્રેમાળ સક્રિય સહકાર આપી પોતાના વર્તુળમાંથી પાંચ–પાંચ, સાત-સાત આજીવન સભ્યો મેળવી આપ્યા એ આપણા સૌ માટે આનંદપ્રદ બીના છે.

આપણી મંઝિલ ૫૦૦ આજીવન સભ્યોની છે, માટે હજી પણ આપ સૌ મિત્રો આ દિશામાં મક્કમ પ્રયાસ કરવાનું સતત ચાલુ રાખો એવી અમારી આગ્રહભરી વિનંતિ છે.

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોનાં ૨૩૯ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે:

૨૪૦ શ્રી જયેન્દ્ર વ્યાસ
૨૪૧ ,, મણિબહેન સવચંદ કાપડિયા
૨૪૨ ,, પ્રવીણચન્દ્ર કાળીદાસ શાહ
૨૪૩ ,, સુધાબહેન દોશી
૨૪૪ ,, કલ્યાણભાઈ ત્રિકમલાલ શાહ
૨૪૫ ,, લાલજી વેલજી નીસર
૨૪૬ ,, હરિલાલ શામજી વેલજી
૨૪૩ ,, અશોકકુમાર અમૃતલાલ મહેતા
૨૪૮ ,, જાદવજી સોમચંદ મહેતા
૨૪૯ ,, જયંતિલાલ જેસંગભાઈ
૨૫૦ ,, વીણાબહેન કે. દાદભાવાળા
૨૫૧ ,, પોપટલાલ હીરજી
૨૫૨ ,, વસનજી લખમસી
૨૫૩ ,, શાદીલાલજી જૈન
૨૫૪ ,, શ્યામ નેણસી વોરા
૨૫૫ ,, લીલાધર પી. શાહ
૨૫૬ ,, રજનીકાન્ત હીરાલાલ મહેતા
૨૫૭ ,, માધવલાલ ચુનીલાલ વોરા
૨૫૮ ,, બિપિનચન્દ્ર તારાચંદ
૨૫૯ ,, હીરાલાલ હરગોવિંદદાસ ગાંધી
૨૬૦ ,, હીરજી શિવજી
૨૬૧ ,, અરવિંદ એચ. દેસાઈ
૨૬૨ ,, ઈન્દ્રવદન અભેચંદ ગાંધી
૨૬૩ ,, રામુ પંડિત
૨૬૪ ,, ચંપકલાલ મૂળચંદ લાખાણી
૨૬૫ ,, ઈન્દુલાલ ભોગીલાલ મહેતા
૨૬૬ ,, ઓધવજી ધનજી શાહ
૨૬૭ ,, નગીનદાસ કલ્યાણજી શાહ
૨૬૮ શ્રી સરલા વ. મહેતા
૨૬૯ ,, વીરેન્દ્ર હિમતલાલ શાહ
૨૭૦ ,, ભરત એમ. શાહ
૨૭૧ ,, હસમુખલાલ ચી. કુવાડિયા
૨૭૨ ,, કોકિલાબહેન જ. શાહ
૨૭૩ ,, પ્રીતમલાલ મોહનલાલ દફ્તરી
૨૭૪ ,, રાઘવજી દેવજી
૨૭૫ ,, મહેન્દ્ર કલ્યાણજી તલસાણિયા
૨૭૬ ,, શાન્તિલાલ ભાઈલાલ પટેલ
૨૭૭ પ્રો૦ હીરાબહેન રા. પાઠક.
૨૭૮ શ્રી એ. એચ. નાણાવટી
૨૭૯ શ્રી ટોકરસી ભુલાભાઈ વીરા
૨૮૦ ડૉ. મહેરવાન ભમગરા
૨૮૧ શ્રી ગુલાબરાય ડો. દડિયા
૨૮૨ ,, નરેન્દ્ર શિવલાલ ગુપ્તા.
૨૮૩ ,, શૈલેશ શાન્તિલાલ મહેતા
૨૮૪ ,, કુમુદબહેન શનિભાઈ શેઠ
૨૮૫ ,, પ્રભુદાસ રાયચંદ સંઘાણી
૨૮૬ ,, મહેન્દ્ર હીરાલાલ શાહ
૨૮૭ ,, શ્રીકાંત પ્રમોદચન્દ્ર શાહ
૨૮૮ ,, ચન્દ્રકાંત સી. આનંદપરા
૨૮૯ ,, મહેન્દ્ર એસ. શાહ
૨૯૦ ,, રસિક ભણશાલી
૨૯૧ ,, રમણીકલાલ એસ. ગોસલીયા
૨૯૨ ,, મૂળરાજ જમનાદાસ શાહ
૨૯૩ ,, પ્રાણલાલ ફૂલચંદ વોરા
૨૯૪ ,, દિનકર એન. પારેખ
૨૯૫ ,, રસિક તુરખિયા
૨૯૬ ,, ધનજીભાઈ પી. શાહ
૨૯૭ ,, ફાધર વાલેસ
૨૯૮ ,, મહેન્દ્ર શાન્તિલાલ શાહ
૨૯૯ શ્રી લલિતભાઈ શેઠ
૩૦૦ ,, રસિક ડી. જુઠાણી
૩૦૧ ,, કુસુમબહેન શરદભાઈ દેસાઈ
૩૦૨ ,, હર્ષદરાય નરોત્તમદાસ કાપડિયા
૩૦૩ ,, જીવણલાલ કેશવલાલ મહેતા
૩૦૪ ,, રમેશચન્દ્ર પોપટલાલ શાહ
૩૦૫ ,, કરસનદાસ લધુભાઈ નીસર
૩૦૬ ,, જમનાદાસ હીરાચંદ વોરા
૩૦૭ ,, એમ. જી. સચદે
૩૦૮ ,, મંજુલાબહેન મહેતા
૩૦૯ ,, જગસી ખીમજી
૩૧૦ ,, નેમજી વિસનજી
૩૧૧ ,, કસ્તુરલાલ એચ. ગાંધી
૩૧૨ ,, ભાઈલાલ છોટાલાલ શેઠ
૩૧૩ ,, કાંતાબહેન પ્રાણજીવનદાસ શાહ
૩૧૪ ,, ઈન્દુમતીબહેન ર. શાહ
૩૧૫ ,, મનહર પ્રેમજી
૩૧૬ ,, વિમળચન્દ્ર વાલજીભાઈ દેસાઈ
૩૧૭ ,, જયંતિલાલ અંબાલાલ શાહ
૩૧૮ ,, પ્રભાવતીબહેન મુ. પરીખ
૩૧૯ ,, હંસાબહેન બાલકૃષ્ણ મહેતા
૩૨૦ ,, મદનલાલ ઠાકોરદાસ શાહ
૩૨૧ ,, દર્શનાબહેન દફ્તરી
૩૨૨ ,, ભગવાનદાસ ફત્તેહચંદ શાહ
૩૨૩ ,, જયંતિલાલ અમૃતલાલ ઝવેરી
૩૨૪ ,, મહાસુખલાલ જે. શાહ
૩૨૫ ,, શાન્તાબહેન મનુભાઈ શેઠ
૩૨૬ ,, કિશોરચંદ્ર રમણલાલ શાહ
૩૨૭ ,, જયસુખલાલ ડી. પારેખ
૩૨૮ ,, નેમચંદ હીરજી છેડા
૩૨૯ ,, શિરીષભાઈ અમૃતલાલ શાહ

૩૩૦ શ્રી સુશીલાબહેન ઝવેરી
૩૩૧ ,, વસુમતીબહેન મહેતા
૩૩૨ ,, રમેશચન્દ્ર તેજસી છેડા
૩૩૩ ,, અંજનાબહેન પ્રવીણભાઈ ઝવેરી
૩૩૪ ,, જયંત ચ. શાહ
૩૩૫ ,, પ્રવીણચંદ્ર ટી. શાહ
૩૩૬ ,, બાબુભાઈ વી. મોદી
૩૩૭ શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ
૩૩૮ ,, લીલીબહેન પંડ્યા
૩૩૯ ,, નાનચંદ જે. મહેતા
૩૪૦ ,, મનહરલાલ પ્રભુદાસ શાહ
૩૪૧ ,, નગીનદાસ મહેતા
૩૪૨ ,, ધીરજલાલ મોરારજી અજમેરા
૩૪૩ ,, અનિલ વકીલ
૩૪૪ શ્રી રમણલાલ મણિલાલ પટ્ટણી
૩૪૫ ,, કંચનબહેન ઓલિવર દેસાઈ
૩૪૬ ,, સી. એચ. મલબારી
૩૪૭ ,, તારાબહેન માણેકલાલ પ્રેમચંદ
૩૪૮ ,, કાંતાબહેન ચંદુલાલ શાહ
૩૪૯ ,, પ્રસન્ન મોહનલાલ શાહ
૩૫૦ ,, ભોગીલાલ પ્રભુદાસ શાહ

## સંઘને મળેલી ભેટની રકમોની યાદી

૧૦૦૧ એક બહેન તરફથી. સ્વ. વિમળા બહેનની સ્મૃતિમાં
૫૦૧ શ્રી દેવેન્દ્ર શાહ
૩૦૧ ,, ચીમનલાલ ચકુભાઈ શાહ
૩૦૧ ,, એ. જે. શાહ
૩૦૧ ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૩૦૧ ,, ગણપતલાલ મગનલાલ ઝવેરી
૩૦૧ ,, જયશ્રીબહેન વિનોદચન્દ્ર દોશી
૨૫૧ ,, ચીમનલાલ જે. શાહ
૨૫૧ ,, કે. પી. શાહ
૨૫૧ ,, વીશા પ્રિન્ટરી (વા. પુ.)
૨૫૧ ,, રસિકલાલ એમ. ઝવેરી
૨૫૧ ,, ટોકરસી કે. શાહ
૨૫૧ ,, ચીમનલાલ પી. શાહ.
૨૫૧ ,, દેવેન્દ્રવિજયજી (માનવમંદિર) (વા. પુ.)
૨૫૧ ,, ચીમનલાલ નગીનદાસ ભાખરીઆ ટ્રસ્ટ (વા. પુ.)
૨૫૧ ,, ટોકરસી વેરસી શાહ
૨૦૧ ,, ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ
૨૦૦ ,, હીરાલક્ષ્મીબહેન દીપચંદ શાહ
૧૫૧ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી (વા. પુ.)
૧૫૧ ,, સુબોધભાઈ એમ. શાહ
૧૫૧ ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૧૫૧ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૧ ,, જગજીવન પોપટલાલ શાહ
૧૫૧ ,, નગીનદાસ કલ્યાણજી શાહ
૧૫૦ ,, શ્રી ખીમજી માણુ ભુજપુરિયા
૧૫૧ ,, હસમુખભાઈ દોઢીવાળા
૧૫૧ ,, એન. જે. મહેતા
૧૫૧ ,, લલિતાબહેન લાલભાઈ શાહ
૧૫૦ ,, ડૉ. સી. એન. શ્રોફ
૧૨૫ ,, કે. ડી. ઝવેરી
૧૦૧ ,, શાન્તિલાલ દેવજી નન્દુ
૧૦૧ ,, અમર જરીવાળા
૧૦૧ ,, મહાલક્ષ્મીબહેન મણિલાલ ઝવેરી
૧૦૧ ,, શશિકાંત ચીમનલાલ શેઠ.
૧૦૦ ,, ચીમનલાલ નગીનદાસ ભાખરિયા
૧૦૧ ,, લાભુભાઈ જી. મહેતા
૧૦૧ ,, દેવચંદ રવજી ગાલા
૧૦૧ ,, રમાબહેન હીરાલાલ ઝવેરી
૧૦૦ ,, કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦ ,, એસ. એમ. કોઠારી
૧૦૧ ,, ભગવાનદાસ સી. શાહ
૧૦૧ ,, નીરુ એન્ડ કું.
૧૦૧ ,, મહાસુખલાલ ભાઈચંદ શાહ
૧૦૧ ,, મંગળજી ઝવેરચંદ મહેતા
૧૦૧ ,, ચંદ્રકાંત તારાચંદ દોશી
૧૦૦ શ્રી હરિચંદભાઈ કોલ્હાપુરવાળા
૧૦૦ ,, દલપતલાલ કેશવલાલ
૧૦૧ ,, સુધાબેન અરુણભાઈ ઝવેરી (વૈદકીય રાહત)
૧૦૧ ,, મુકતાબહેન સંઘવી
૧૦૧ ,, રમેશચન્દ્ર તેજસી છેડા
૧૦૦ ,, એક સદગૃહસ્થ (વૈદકીય રાહત).
૧૦૧ ,, મણિબેન અમીચંદ શાહ
૧૦૧ ,, રતિલાલ નરસીદાસ મહેતા
૧૦૧ ,, હંસરાજ દામજી
૧૦૧ ,, એક સદગૃહસ્થ.
૧૦૧ ,, એન. સી. શાહ
૧૦૧ ,, કલ્યાણજી કાનજી
૧૦૧ ,, રવજી વીજપાળ ગાલા
૧૦૧ ,, જનાર્દન ભટ્ટ (વૈદ્યકીય રાહત)
૧૦૧ ,, કાંતાબેન કસ્તુરચંદ ઝવેરી
૧૦૧ ,, નીરુબેન એસ. શાહ
૧૦૧ ,, અરુણ કે. મન્સીફ
૧૦૧ ,, લખમસી નેણસી
૧૦૧ ,, મહેશ કે. શાહ
૧૦૧ ,, લલિતચંદ્ર લ. ધ્રુવ
૧૦૧ ,, બિહારીભાઈ બી. મહેતા
૧૦૧ ,, મંગળાબહેન રતિલાલ ઝાટકિયા
૧૦૧ ,, રબર ગુડઝ ટ્રેડિંગ કું.
૧૦૦ ,,, કોપાબહેન ર. મહેતા
૫૧ ,, પ્રવીણભાઈ ગંગળદાસ
૫૧ પ્રો. રમણલાલ ચી. શાહ
૫૧ શ્રી કિશન ગોરડીઆ
૫૧ ,, દેવકુંવરબેન જેસંગ રંભિયા (વૈદ્યકીય રાહત)
૫૧ શ્રી શાંતિલાલ શાહ (સંગીતકાર)
૫૧ ,, રવજી ખીમજી છેડા
૫૧ ,, રમણલાલ લાલભાઈ લાકડા-વાળા
૫૧ ,, પોપટલાલ મેઘજી
૫૧ ,, ધીરજલાલ એમ. દોશી
૫૧ ,, એક સદગૃહસ્થ
૫૧ ,, વિદ્યાબહેન દલાલ
૫૧ ,, રાજેન્દ્ર અમૃતલાલ
૫૧ ,, લીનાબેન શેઠ
૫૧ ,, ધીરજલાલ એમ. દોશી
૫૧ ,, ઈન્દુબહેન શાહ
૫૧ ,, સુવર્ણબેન દલાલ
૫૧ ,, રજનીકાંત એલ. વોરા
૫૧ ,, આણંદજી ગોવીંદજી
૫૧ ,, પ્રવીણચંદ્ર હેમચંદ કાપડિયા
૫૧ ,, રમણીકલાલ પ્રભુદાસ શાહ
૫૧ ,, નેમચંદ નાથાલાલ શાહ
૫૧ ,, ચુનીલાલ વ. ડગલી
૫૧ શ્રી અંબાલાલ ચતુરભાઈના સ્મરણાર્થે–તેમના કુટુંબીજનો તરફથી
૫૧ ,, નંદલાલ છગનલાલ (વા.પુ.).
૫૧ એક સદગૃહસ્થ
૫૧ ,, દેવચંદ ઘેલાભાઈ
૫૧ ,, ભાવના નૌતમલાલ શાહ
૫૧ ,, એચ. દીપચંદ એન્ડ કું.
૫૧ ,, અમીચંદ રસિકલાલ શાહ
૪૧ ,, ભારત ટ્રેડિંગ કું.
૩૧ ,, રાયચંદ એન્ડ સન્સ
૩૧ ,, કાંતિલાલ ચંદુલાલ મોદી
૩૧ ,, ગુણવંતીબેન ચોકસી
૩૧ ,, જમનાદાસ જે. શાહ
૨૮ ,, અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૨૫ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫ ,, ખેતસી માલસી સાવલા
૨૫ ,, ગાંગજી વેલજી શાહ
૨૫ ,, વી. કે. છાપીઆ
૨૫ એક સદગૃહસ્થ
૨૫ શ્રી એમ. નંદલાલ એન્ડ કું.
૨૫ ,, કેશવલાલભાઈ વીરાણી
૨૫ ,, પોપટલાલ પ્રેમજી દેઢીઆ
૨૫ ,, શિવલાલ કે. મહેતા
૨૫ ,, મનસુખલાલ સી. શાહ
૨૫ એક સદગૃહસ્થ
૨૫ ,, દામજી શામજી
૨૫ ,, આઈ. બી. મહેતા
૨૫ ,, ઝવેરબહેન નથુભાઈ પારેખ
૨૫ ,, કાન્તિલાલ નથુભાઈ પારેખ
૨૫ વેણીબહેન વિનયચંદ કાપડિયા
૨૫ ,, રામજી બ્રધર્સ .
૨૫ ,, ગુણવંતીબેન ઝવેરી
૨૫ ,, ઈન્દુલાલ બી. મહેતા
૨૫ ,, મીનાબહેન પ્રકાશભાઈ ગાંધી
૨૫ ,, રમણીકલાલ વાડીલાલની કું.
૨૧ ,, શાંતિલાલ અમરચંદ ઝવેરી
૨૧ ,, અરવિંદલાલ પ્રભુદાસ શેઠ
૨૧ ,, ઈન્દ્રવદન મહેતા
૨૧ ,, જયંતિલાલ ચુનીલાલ શાહ
૨૧ ,, પ્રવીણચંદ્ર કેશરીચંદ
૧૪૭ ,, એકવીસથી નીચેની રકમો

૩,૧૫૮-૪૫ ઝોળીમાં આવ્યા

---

૧૬,૯૯૮-૪૫

તા. ક. જે નામની સામે કાઉંસમાં (વા. પુ.) લખેલ છે તે રકમો વાચનાલય–પુસ્તકાલયને ભેટ મળેલ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. by south 54
Licence No. : 37

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૨

મુંબઇ, ૧૬ ઓકટોબર ૧૯૭૪ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ધર્મ અને વ્યવહાર

આચાર્ય કૃપલાણીએ ગાંધીજી વિશે 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના તા. ૨૯ સપ્ટેમ્બર ૧૯૭૪ના અંકમાં એક લેખ લખ્યો છે. તેમાં તેમણે એમ કહ્યું છે કે ગાંધીજી સંત નહિ પણ રાજકારણી પુરુષ હતા. ગાંધીજીને ધર્મનો કાંઈ ખ્યાલ ન હતો. માત્ર વ્યવહારમાં આચરી શકાય એવી સામાજિક નીતિનું તેમણે આચરણ કર્યું છે. એક બુદ્ધિશાળી રાજદ્વારી પુરુષ તરીકે ગાંધીજી એમ જાણતા હતા કે રાજકારણમાં સફળતા મેળવવી હોય તો નીતિ, સત્ય અને પ્રામાણિકતા આચરવાં જોઈએ. આ વાત બીજા કોઈ પણ વ્યવસાયને–ડૉક્ટર, વેપારી કે વકીલને પણ લાગુ પડે છે. ગાંધીજીએ રાજકારણને આધ્યાત્મિકતા આપી નથી, માત્ર નીતિમય બનાવવા પ્રયત્ન કર્યો હતો. અહિંસા વિષે પણ એવું જ કહેવાય. કોઈ પણ દીર્ઘદૃષ્ટિવાળી રાજદ્વારી વ્યકિત સમજી શકે અ વી વાત હતી કે ભારત જેવી નિઃશસ્ત્ર પ્રજાએ સ્વતંત્રતા મેળવવી હોય તો અહિંસક માર્ગે જ મેળવી શકે. આવી નીતિ જ વ્યવહારુ અને અસરકારક નીવડે. તેમાં પણ આધ્યાત્મિકતાની વાત ન હતી. રાજદ્વારી દીર્ઘદૃષ્ટિ હતી. કૃપલાણી કહે છે, આધ્યાત્મિક જીવન અને રાજકારણ સાથે રહી શકે નહિ.

One can not therefore run away from the fact that real spiritual life is not compatible with political life.

Whether right or wrong, Gandhiji had no conception of religion, only that of moral conduct which can be practised in the busy haunts of humanity.

આચાર્ય કૃપલાણી ધર્મ અને નીતિ વચ્ચે પાયાનો ભેદ જુએ છે. ધર્મ આધ્યાત્મિકતા માટે છે. નીતિ વ્યવહાર માટે છે. આચાર્યના કહેવા પ્રમાણે સંતપુરુષની વાણી રહસ્યમય અને ગૂઢ હોય છે, જે સામાન્ય માણસ સરળતાથી સમજી ન શકે. સંતપુરુષ ત્રિગુણાત્મક પ્રકૃતિથી પર હોય છે. તેને મન સારાનરસાનો ભેદ નથી હોતો. રાજદ્વારી વ્યકિતની પ્રકૃતિ રાજસી હોય છે. તેનામાં અહમ્ હોય છે. ભૂલ થાય તો બીજાનો દોષ કાઢે છે. પોતાનો દોષ જોતો જ નથી. સફળતા મેળવવા સિદ્ધાંતોને કોરે મૂકવા તૈયાર હોય છે. આધ્યાત્મિકતાથી સ્વતંત્રતા મળતી હોત તો ભારતને સદીઓ પહેલાં સ્વતંત્રતા મળી જાત. ભારતમાં સંતપુરુષો ઘણા થયા છે. પણ સ્વતંત્રતા મળી નહિ, કારણ કે રાજકારણ અને આધ્યાત્મિકતા ભિન્ન વસ્તુઓ છે.

Gandhiji refered to himself as a politician and not as a saint. It therefore produces confusion if the political character of his leadership is mixed up with saintliness which he may have desired for himself but which he had not achieved.

આચાર્ય કૃપલાણીના મતે વિનોબા, આચાર્યની વ્યાખ્યાના સંત છે. તેમની વાણી ગૂઢ અને રહસ્યમય હોય છે. સંત હોવાથી રાજકારણમાં તે કાંઈ સમજતા નથી.

The great gulf that seperates the saint from the politician has, in Vinoba, come to the surface in connection with the student's satyagraha led by Jayprakash in Bihar. what has been the result? Confusion in Sarvodaya Camp.

The Sarvodaya Workers have therefore to choose between the two or they will do injustice to one or the other, most probably to both.

આવાં બધાં આશ્ચર્યજનક અને ખોટાં વિધાનો આચાર્ય કૃપલાણીને શા માટે કરવાં પડ્યાં?

કારણ કે બિહારના આંદોલનને તેમણે ટેકો આપવો છે. તે આંદોલન સાચા ગાંધીમાર્ગે છે એમ બતાવવું છે. જયપ્રકાશ ગાંધીમાર્ગ બરાબર સમજે છે. વિનોબા સમજતા નથી. માટે વિનોબા સંત છે. ગાંધી રાજદ્વારી પુરુષ હતા. જયપ્રકાશ એવા જ રાજદ્વારી પુરુષ છે. વિનોબાએ છેવટ સર્વોદય કાર્યકર્તાઓના બહુમતી નિર્ણયને માન્ય રાખી, જેની ઈચ્છા હોય તેને આ આંદોલનમાં ભાગ લેવાની છૂટ આપી તે બતાવે છે કે વિનોબા હજી પાકા સંત નથી. સંતપુરુષ બહુમતીની પરવા ન કરે. સિંહની પેઠે એકલો વિચરે.

આ આંદોલનનું સમર્થન કરવા આવી બધી ભ્રમજાળ ઊભી કરવી પડી. હા, કારણ કે તેના સમર્થન માટે ગાંધીના નામનો ઉપયોગ કરવો છે. તેમ કરતાં ગાંધીને ઉતારી પાડવા પડે તેની ચિંતા નહિ. વિનોબાને સંત કહી અદ્ધર ચડાવી દેવા પડે, તેની પણ ચિંતા નહિ.

ગાંધીને મન ધર્મ અને નીતિ વચ્ચે ભેદ ન હતો. આધ્યાત્મિક જીવન અને વ્યાવહારિક જીવન વચ્ચે ભેદ ન હતો, સળંગસૂત્રતા હતી. તેને વિકૃત રીતે રજૂ કરી, ગાંધીને સંત નહિ પણ બુદ્ધિશાળી અને દીર્ઘદૃષ્ટિવાળા માત્ર એક રાજદ્વારી પુરુષ તરીકે રજૂ કરવા પડ્યા.

અલબત્ત, ગાંધીજી કહેતા કે પોતે સંત નથી, મહાત્મા નથી. એ તેમની નમ્રતા હતી. ગાંધીજી કહેતા કે અહિંસા અને સત્ય કોઈ દૂરના આદર્શ, વ્યકિતગત મોક્ષ માટેનાં જ સાધન નહિ પણ વ્યવહારની બધી પ્રવૃત્તિમાં કામયાબ નીવડે એવાં સાધન છે. ગાંધીજી કહેતા કે પોતે કોઈ હવાઈ કિલ્લા બાંધતા નથી. ધરતી ઉપર તેમના પગ સ્થિર છે. આ બધી હકીકતોને વિકૃત રીતે રજૂ કરી, ગાંધીના મુખેથી એમ કહેવડાવ્યું છે કે ગાંધી સંત નહિ પણ રાજદ્વારી પુરુષ હતા, આધ્યાત્મિક ભોમના યાત્રી નહિ પણ સફળતા માટે સામાજિક નીતિને આચરતા હોશિયાર માણસ હતા. એ

ભૂલી જવાય છે કે ગાંધીએ કહ્યું હતું કે તેમની દરેક પ્રવૃત્તિ મોક્ષ માટે છે, આત્મદર્શન માટે છે, ઈશ્વરસાક્ષાત્કાર માટે છે; પછી રાજકારણ હોય, સામાજિક કે આર્થિક પ્રવૃત્તિ હોય. ગાંધીને મન એવા કોઈ ભેદ ન હતા. ગાંધીએ કહ્યું હતું કે અહિંસા કે સત્યને ભોગે તેમને સ્વરાજ પણ નથી જોઈતું. પણ તે સાથે દઢપણે માનતા કે અહિંસા અને સત્યના આચરણથી સ્વરાજ મળે. હિંસા કે અસત્યથી સ્વરાજ મળે તો પણ તે સાચું સ્વરાજ નહિ હોય.

એ વાત ખરી છે કે ભારતમાં સંતપુરુષ વિશે એવી એક માન્યતા છે કે તેને સંસારની પ્રવૃત્તિઓ સાથે કોઈ સંબંધ નથી હોતો. તે પોતાના આત્મકલ્યાણની સાધનામાં જ નિમગ્ન હોય છે. એવી પણ એક માન્યતા છે કે સંસારની પ્રવૃત્તિઓ રાગદ્વેષની જનેતા છે, તેથી આત્મકલ્યાણની બાધક છે. આત્મકલ્યાણ ઈચ્છતી વ્યક્તિએ સંસારત્યાગ કરવો એ જ માર્ગ છે. એવી પણ એક માન્યતા છે કે સંસાર અનાદિ અને અનંત ચાલ્યા કરવાનો છે. તે છે તેવો જ રહેવાનો છે. તેમાં કાંઈ સુધારો કરી શકાય તેમ નથી. તેમાં સુધારો કરવા પ્રયત્ન કરવો એટલે કોલસાથી હાથ કાળા કરવા જેવું છે. સંસાર કાજળની કોટડી છે. તેનાથી દૂર રહેવું એ જ આધ્યાત્મિક સાધનાનો માર્ગ છે.

આચાર્ય કૃપલાણી આવા સંતની કલ્પના કરી, ગાંધી સંત ન હતા તેમ કહે છે. એ ખરું છે કે ગાંધી આવા સંત ન હતા; વિનોબા પણ આવા સંત નથી.

સ્વામી વિવેકાનંદે સંન્યાસીની ભાવનામાં એક પાયાનો ફેર કર્યો. સંન્યાસ સાથે સેવા જોડી. પણ એ સેવા રોગીની દવા કરવા જેવી છે, માંદાની માવજત છે; પાયાની ક્રાન્તિ નથી, રોગિષ્ટ સમાજને નિરોગી બનાવવાની પ્રક્રિયા નથી. તેમાં કરુણા છે, પણ સમાજની સમૂળી નવરચના નથી. ગાંધી એવી ક્રાન્તિ ઝંખતા હતા. સમાજની નવરચના કરવી હતી. આલ્બર્ટ સ્વાઈત્ઝરે ગાંધી વિષે યોગ્ય કહ્યું છે:

Never before has any Indian taken as much interest in concrete realities as has Gandhi. Others were for the most part contented to demand a charitable attitude to the poor. But he — and in this his thought is just like that of a modern European—wants to change the economic conditions that are at the root of poverty.

ગાંધીને મન અહિંસા અને સત્ય, ધર્મ અને નીતિ બન્ને છે. આધ્યાત્મિક સાધના માટે એ જેટલાં જરૂરી છે તેટલાં જ સદ્‌વ્યવહાર માટે અને સ્વસ્થ-નિરોગી સમાજ માટે જરૂરી છે. અહિંસા અને સત્યનું આચરણ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં થઈ શકે છે અને થવું જોઈએ એ ગાંધીની માન્યતા હતી. ગાંધીની નમ્રતા એટલી હતી કે પોતે શૂન્ય થઈ જવા તૈયાર હતા. તેમની અહિંસા એવી હતી કે અનિષ્ટનો પ્રતિકાર કરવો પણ અનિષ્ટ આચરનાર પ્રત્યે પણ પ્રેમ કરવો. આ આદર્શને ગાંધી કેટલે દરજ્જે પહોંચી શકયા અને આ આદર્શનું આચરણ વ્યાવહારિક જીવનમાં કેટલે દરજ્જે શક્ય છે તેની ચર્ચામાં અહીં ન ઊતરું પણ ગાંધીનો આ જ પ્રયત્ન હતો અને તે શક્ય છે એવી દઢ શ્રદ્ધા હતી તે હકીકતનો ઈનકાર કરીએ તો ગાંધીને સમજ્યા નથી એમ કહેવું પડે. ગાંધી ગીતાના અનાસક્ત કર્મયોગમાં પૂર્ણપણે માનતા અને જીવનમાં ઉતારવાનો તેમનો ભગીરથ પ્રયત્ન હતો. સાંસારિક પ્રવૃત્તિઓ કરતા છતાં, રાગદ્વેષ રહિત થવાય કે નહિ તે વિષે મતભેદ હોઈ શકે. પણ ગાંધીની શ્રદ્ધા હતી કે તે માર્ગે મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.

હું આશા રાખું છું કે જયપ્રકાશ પોતે પણ આચાર્ય કૃપલાણીની આવી વિચારણાનો સ્વીકાર નહિ કરે.

૭-૧૦-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## પ્રકીર્ણ નોંધ

### બ્રિટિશ પાર્લામેન્ટની ચૂંટણી

બ્રિટનની અત્યંત રસાકસીભરી ચૂંટણીનાં પરિણામો આવી ગયાં. મજૂર પક્ષ પાતળી બહુમતીથી સત્તા ઉપર આવે છે. મજૂર પક્ષને, વિરોધ પક્ષોના બધા સભ્યો કરતાં, ત્રણ બેઠકો વધારે મળી છે. મજૂર પક્ષને ૬૨૫માંથી ૩૧૯ બેઠકો મળી છે. કન્ઝર્વેટિવને ૨૩૬, લિબરલ ૧૩ અને બીજા પક્ષોને ૧૭. એક રીતે જોઈએ તો બહુ મોટો ફેર નથી પડયો. ફેબ્રુઆરીમાં લેબરને જેટલી બેઠક મળી હતી તેના કરતાં ૨૦ વધારે મળી છે. તે વખતે ૩૭ ટકા મત મળ્યા હતા, અત્યારે ૪૦ ટકા. કન્ઝર્વેટિવને ફેબ્રુઆરી કરતાં ૨૨ બેઠકો ઓછી મળી, અને બે ટકા મતદાન ઓછું. લિબરલ પક્ષ સારી સંખ્યામાં આવવાની આશા રાખતો હતો. તેને બદલે ફેબ્રુઆરી કરતાં પણ ઓછી બેઠક અને ઓછું મતદાન મળ્યાં. સ્કોટલેન્ડ અને વેલ્સ જુદી ધારાસભાઓ માગે છે. તે માગણીઓને ટેકો આપતા સભ્યો ચૂંટાયા. બેઠક અને મતદાનની સંખ્યામાં ફેરફાર બહુ મોટો ન હોવા છતાં, પરિણામમાં ઘણો ફેર પડશે. પ્રજા સમક્ષ મુખ્ય પ્રશ્નો હતા, ફુગાવો, વધતી બેરોજગારી, ઘટતું ઉત્પાદન, આર્થિક આંધી અને યુરોપિયન મજિયારી બજારમાં બ્રિટને દાખલ થવું કે નહિ. મજૂર પક્ષ અને કન્ઝર્વેટિવ પક્ષ, બન્ને તરફથી આ સવાલો હલ કરવાની યોજનાઓ પ્રજા સમક્ષ હતી. બન્ને યોજનાઓમાં મોટું અંતર છે. મજૂર પક્ષ સમાજવાદ તરફ આગળ વધે છે. કન્ઝર્વેટિવ પક્ષ, ખાનગી સાહસને ઉત્તેજન આપવામાં માને છે. પ્રજાએ આ કટોકટીમાં મજૂર પક્ષમાં વિશ્વાસ મૂકયો છે. ૧૯૪૫માં આવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. બીજા વિશ્વયુદ્ધને અંતે બ્રિટન બધી રીતે ભાંગી પડયું હતું. ચર્ચિલ યુદ્ધના વિજેતા હતા છતાં ચૂંટણીમાં ચર્ચિલ હારી ગયા અને મજૂર પક્ષને સુકાન સોંપાયું. પરિણામે એટલીએ હિંમતપૂર્વક બ્રિટિશ સામ્રાજ્યનું વિસર્જન કર્યું અને બ્રિટનના ઘણા બોજાઓ હળવા કર્યા. જાગ્રત પ્રજા હોય ત્યારે કટોકટી, આંધી કે મોટી આફત પ્રજા સમક્ષ હોય તો પણ શાન્તિથી પ્રજાનો અવાજ અસરકારક કેમ બનાવી શકાય છે તેનું ઉદાહરણ આ ચૂંટણી પૂરું પાડે છે. ત્રણ જ અઠવાડિયાનો ચૂંટણી પ્રચાર. તેટલા સમયમાં ઉમેદવારોની પસંદગી થઈ જાય અને ચૂંટણીતંત્ર સક્રિય થઈ જાય. હકીકતમાં લગભગ બધું તૈયાર જ હોય. સંસદીય લોકશાહીને કામયાબ બનાવવી હોય તો કેમ થાય તેના ઘણા બોધપાઠ આ ચૂંટણી આપે છે. They know the rules of the game and they play it well. આ ચૂંટણીની અસર માત્ર બ્રિટન ઉપર નહિ પણ યુરોપ ઉપર અને દુનિયા ઉપર પડશે. ચૂંટણી-પ્રચાર દરમ્યાન પરસ્પર પ્રહારો ખૂબ કરવા છતાં, મર્યાદા ઓળંગી ન હતી. મજૂર પક્ષને પ્રમાણમાં પાતળી બહુમતી મળી છે એટલે તેનો ઉદ્દામ કાર્યક્રમ કેટલો અમલમાં મૂકે છે તે જોવાનું રહેશે. તેમાં પણ મર્યાદા સાચવે છે.

### ખેદજનક બનાવ

ભગવાન મહાવીરનો ૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ, જૈન ધર્મ અને જૈન સમાજ માટે અપૂર્વ અવસર છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનો એક સાધુવર્ગ અને તેમનો શ્રાવકવર્ગ, ધર્મ અને શાસ્ત્રને નામે આ મહોત્સવનો વિરોધ કરે છે. ખૂબ પ્રચાર કરે છે અને લાખો રૂપિયા ખરચ્યા છે. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ અર્પવાનો અને તેમનો ઉપદેશ, દેશ અને દુનિયામાં વ્યાપક રીતે જાણ કરવાનો તેમ જ વર્તમાન જીવનની સમસ્યાઓમાં તે ઉપદેશ કેટલો ઉપકારક છે તે બતાવ-

વાનો છે. જૈન સમાજ એક જ એવો સમાજ હશે કે જેના તીર્થંકર દેવને દેશ અને દુનિયા વંદન કરવા તૈયાર થઈ છે ત્યારે તેનો જ કેટલોક સાધુ અને શ્રાવકવર્ગ આ પ્રસંગને આવકારવાને બદલે વિરોધ કરે.

આ વિરોધ માત્ર ગુજરાતમાં અને મુંબઈમાં જ છે અને તે પણ મુખ્યત્વે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના એક વર્ગ તરફથી. બીજા ત્રણ ફિરકાઓ, તેના મુનિઓ અને શ્રાવકો આ ધન્ય પ્રસંગને આવકારે છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના કેટલાક આચાર્યોનું પણ સમર્થન છે. તેમના આગેવાનો રાષ્ટ્રીય સમિતિ અને દરેક રાજ્ય સમિતિના સભ્યો છે. શ્રી કસ્તુરભાઈ લાલભાઈ બધા જૈનોની સમિતિના પ્રમુખ છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદ ગાર્ડી અને આગેવાનો પણ સભ્ય છે. છતાં એવું ભ્રામક વાતાવરણ ઊભું કર્યું છે કે જાણે સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ અને સારો જૈન સમાજ આ મહોત્સવની વિરુદ્ધ હોય.

આટલા બધા વિરોધી પ્રચાર છતાં, તેની અસર નહિવત્ થઈ છે. ત્યારે વિરોધીઓ હવે ઝનૂને ચડયા છે. વિચારમાં અને વાણીમાં હિંસા ભરી હતી તે હવે વર્તનમાં લાવે છે.

તા. ૧૨, ૧૩ ઓક્ટોબરે શેઠ કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખસ્થાને ઈન્દોરમાં અખિલ ભારતીય કાર્યકર્તા સંમેલન થયું. દેશનાં દરેક રાજ્યમાંથી કેરળથી પંજાબ અને બંગાળથી ગુજરાત સુધીના, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આવ્યા હતા. ઈન્દોરનો સ્થાનિક જૈન સમાજ-ચારે ફિરકાના - એક સંપે સંગઠિત છે અને તેમણે આ સંમેલનનું આયોજન કર્યું હતું. શ્રી રાજકુમાર સ્વાગત સમિતિના પ્રમુખ હતા. આ સંમેલનનો વિરોધ કરવા અમદાવાદથી કેટલાક માણસો આવ્યા. શેઠ કસ્તુરભાઈ રતલામ સ્ટેશને આવ્યા ત્યારે આ માણસો તેમને ઘેરી વળ્યા. પછી આ માણસો ઈન્દોર આવ્યા. સ્થાનિક જૈન સમાજ ખૂબ સંગઠિત હતો એટલે બે દિવસ સંમેલન સુંદર રીતે થયું. દરેક રાજ્યના પ્રતિનિધિઓએ પોતાનાં રાજ્યોમાં મહોત્સવ માટે શું કાર્યક્રમ નક્કી થયો છે તેની રૂપરેખા રજૂ કરી. જૈન સમાજનો કેટલો ઉત્સાહ છે તે જોવા મળ્યું. જાહેર સભામાં ૩-૪ હજાર ભાઈ-બહેનોની હાજરી હતી. અમદાવાદથી વિરોધ કરવા આવ્યા હતા તે ભાઈઓએ સૂત્રો પોકાર્યાં.

આ બનાવથી ખેદ અને દુઃખ થાય છે. જૈન સમાજને અને જૈન ધર્મને કેટલી મોટી હાનિ થાય છે તેની કલ્પના કરતાં વેદના થાય છે. દેશમાં હાંસીપાત્ર બનીએ છીએ. જૈન સંસ્કૃતિના રક્ષક હોવાનો દાવો કરનારા આટલા ઝનૂની બને, અહિંસાનું નામ લેવાવાળા હિંસક તોફાનો માટે માણસો મોકલે તેનો જૈન સમાજે ગંભીરપણે વિચાર કરવો જોઈએ. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના મુનિગણ અને આગેવાન ભાઈઓને મારી વિનતિ છે કે હવે મૌન સેવવું યોગ્ય નથી. આવા બનાવને વખોડવા એ તેમની ફરજ છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનું હીણું દેખાશે, અન્ય સંપ્રદાયો સાથે અંતર વધશે. જ્યારે એકતાનું વાતાવરણ સર્જવા પ્રયત્ન થાય છે, ત્યારે આવાં વિઘાતક તત્ત્વોનો બધી સમજદાર વ્યક્તિઓ અને મુનિઓએ વિરોધ કરવો જોઈએ. આ મહોત્સવ જેને માન્ય ન હોય તેઓ તેમાં ભાગ ન લે, તેમની રીતે ઊજવે એ સમજી શકાય, પણ અન્ય સંપ્રદાયો અને સમુદાયને તેમ કરવામાં વિઘ્નો નાખવાં તે અક્ષમ્ય છે. ભગવાન મહાવીરનો એ માર્ગ નથી.

**કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરફારો**

લાંબા વખતથી જેની રાહ જોવાતી હતી અને જેને વિષે ઘણી અફવાઓ આવતી હતી તે કેન્દ્રીય પ્રધાનમંડળના ફેરફારો થોડા દિવસ પહેલાં જાહેર થયા. ફેરફારો ઘણા થયા છે છતાં કોઈ નવી પ્રભાવશાળી વ્યક્તિ દાખલ થઈ હોય તેમ નથી. એક રીતે જોતાં એમ લાગે કે ખુરશીઓની ફેરબદલી થઈ છે. છતાં તેમાં હેતુ હોય છે. પ્રધાનમંડળના ફેરફારોનો મુખ્ય હેતુ પ્રધાનમંડળને વધારે કાર્યક્ષમ અને એકરાગી બનાવવું એ હોવો જોઈએ. પણ આ હેતુ ઉપરાંત બીજાં કેટલાંય કારણો અને બળો તેમાં કામ કરે છે. છેવટ તો રાજકીય મંડળ છે અને સત્તાની તાણાતાણી રહે જ. વધારે વગદાર અને સત્તાવાળું ખાતું લેવા દરેક ઈંતેજાર હોય. આગેવાન વ્યક્તિઓનાં ખાતાઓની ફેરબદલી કરવી સહેલી નથી. વડા પ્રધાનનો જેટલો પ્રભાવ અને હિંમત તેના ઉપર આધાર રાખે છે. ઈન્દિરા ગાંધી આ શેતરંજની રમતમાં કુશળ છે. ચવ્હાણને નાણા ખાતામાંથી વિદેશ ખાતામાં મૂક્યા, સ્વર્ણસિંહને વિદેશ ખાતામાંથી સંરક્ષણમાં, જગજીવનરામને સંરક્ષણમાંથી કૃષિ ખાતામાં, સુબ્રહ્મણ્યમને પોલાદ ખાતામાંથી નાણા ખાતામાં અને પાઈને ઉદ્યોગ ખાતું સોંપાયું, ઉમાશંકર દીક્ષિત પાસેથી ગૃહ ખાતું લઈ બ્રહ્માનંદ રેડ્ડીને સોંપ્યું અને દીક્ષિત પાસે અત્યારે કોઈ ખાતું નથી. આ બધાં અગત્યનાં ખાતાઓ છે અને તે દરેકમાં ફેરફાર કર્યા તેના પ્રત્યાઘાતો સારા-નબળા રહ્યા છે. છેવટ તો નીવડે વખાણ. સ્વર્ણસિંહ વિદેશ ખાતામાં ઘણા સફળ થયા હતા છતાં કેમ બદલ્યા? ચવ્હાણ નાણા ખાતામાં સફળ થયા ન હતા અને બદલવાની જરૂર હતી છતાં વિદેશ ખાતામાં સફળ થશે એવી ખાતરી નથી. દીક્ષિત ઈન્દિરા ગાંધીના વિશ્વાસુ માણસ લેખાય છે. ગૃહ ખાતા જેવું અગત્યનું ખાતું તેમની પાસેથી લઈ લીધું; જો કે ગૃહ ખાતાને માટે તે યોગ્ય વ્યક્તિ હતા તેમ ન કહેવાય. બ્રહ્માનંદ રેડ્ડી કુશળ અને બાહોશ વહીવટકર્તા છે. સુબ્રહ્મણ્યમ નાણામંત્રી તરીકે ચવ્હાણ કરતાં કદાચ વધારે સફળ થશે. જગજીવનરામ સૌથી પીઢ અને અનુભવી છે. ઈન્દિરા ગાંધીને કોઈ હરીફ નથી છતાં કોઈને હરીફ ગણવા હોય તો જગજીવનરામ ગણાય. લશ્કર તેમના હાથમાં ન રહે એવો કોઈ હેતુ હશે? જો કે અત્યારના સંજોગોમાં કૃષિખાતું ઘણું અગત્યનું છે; અને એવું કારણ આપીને જ જગજીવનરામ જે કૃષિ ખાતું લેવા રાજી ન હતા, તેમને આ ખાતું સોંપ્યું છે. આવા મોટા ફેરફારો થવાના હોય ત્યારે દરેક પ્રધાનનો જીવ ઊંચો રહે. પોતે રહેશે કે નહિ અથવા કયા ખાતામાં એવી વિમાસણ છેલ્લી ઘડી સુધી રહે. શ્રી બરુઆને કોંગ્રેસપ્રમુખ બનાવ્યા તેમાં પણ ઉદ્દામવાદીઓને રાજી રાખવાનો હેતુ છે. કોંગ્રેસ-પ્રમુખ તરીકે શ્રી શંકરદયાળ શર્મા નિષ્ફળ ગયા હતા. પણ કોઈને કાઢી શકાય નહિ એટલે મંત્રીમંડળમાં લીધા. કેટલાક કાઢવા જેવા હતા તેમને કાઢી નથી શકયા. ગુજરાતનું કોઈ નથી, મુસ્લિમ કોઈ નથી તે ઉપરથી લાગે છે કે હજી કેટલાક ફેરફારો થશે. એલ. એન. મિશ્રાને છૂટા કરી શકાયા હોત તો સારું થાત. એવું કમલાપતિ ત્રિપાઠીનું. પણ પ્રજાને આવા ફેરફારોમાં બહુ રસ નથી. અંતે તો પરિણામ ઉપર આધાર રાખે છે.

૧૪-૧૦-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## સંયુક્ત રાષ્ટ્રસંઘ : સફળતા-નિષ્ફળતા

આગામી તા. ૨૩ ઑક્ટોબર બુધવારનો દિવસ 'સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થા દિન' તરીકે આખા દેશમાં ઉજવવામાં આવનાર છે. તેના અનુસંધાનમાં 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના ઉપક્રમે એ જ દિવસે સાંજે ૬-૧૫ વાગ્યે સંઘના 'શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ'માં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે શ્રી રામુ પંડિત 'સંયુક્ત રાષ્ટ્રસંસ્થા : સફળતા - નિષ્ફળતા' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# સીમા વિનાનું વિશ્વ

[ ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'સીમા વિનાનું વિશ્વ' એ વિશે શ્રી રામુ પંડિતે આપેલા વ્યાખ્યાનનો સાર અહીં પ્રગટ કરાયો છે. ]

"હું વધુ પડતો નાટકીય બનવા નથી ઈચ્છતો, પરંતુ સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી તરીકે મારી પાસે જે વિશાળ માહિતી ઉપલબ્ધ છે એ ઉપરથી હું એવા તારણ ઉપર આવ્યો છું કે સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યો પાસે હવે માત્ર દસ જ વર્ષ બાકી રહ્યાં છે. ત્યાં સુધીમાં એમણે એમના જૂના ઝઘડા ભૂલી જઈ વિશ્વ-ભાગીદારીની ભાવના જગાવવી પડશે કે જેના વડે શસ્ત્રનિયંત્રણ લાદી શકાય, વાતાવરણનું પ્રદૂષણ અટકાવી શકાય, વસ્તીવૃદ્ધિનો ધડાકો નિવારી શકાય અને વિકાસના પ્રયત્નને વેગ આપી શકાય. આવો વિશ્વ-સહયોગ આવતા દસકામાં સિદ્ધ નહીં થાય તો મને ભય છે કે જે સમસ્યાઓનો નિર્દેશ મેં કર્યો છે એ એટલી બધી ભયંકર ને જટિલ બનશે કે એમને પછી અંકુશમાં આણવાનું કાર્ય ગજાબહારનું બનશે." ( ઊ થાં - ૧૯૬૯ )

દેશની અંદરના સીમાડા તો ભૂંસાયા નથી ત્યાં દુનિયાના સીમાડા ભૂંસવાની વાત થાય તો પ્રશ્નો જાગે જ. છતાં સ્થાનિક ઝઘડા તો વિશ્વના સીમાડા ભૂંસાશે ત્યારેય એક યા બીજા પ્રકારે ટકી રહેવાના છે; અને છતાં વિશ્વ – સહકાર ભણીની કૂચ વણથંભી રહેવાની છે. આજે તો મુંબઈમાં છીંક આવે તો ન્યુયોર્કમાં શરદી થાય છે ! વિશ્વ નાનકડું બનતું જાય છે. એકબીજા વિશેનું જ્ઞાન પણ આજે વધતું જાય છે.

સંદેશસંચારમાં એક પ્રકારની ક્રાંતિ થઈ રહી છે. એમાં ઝડપ આવી છે. વિચારવિનિમય પણ સુંદર રીતે ઝડપી બન્યો છે. સંગીત અને સાંસ્કૃતિક આદાન – પ્રદાનની યે તકો ખૂબ વધી છે. અન્ય દેશોની સમસ્યાઓમાં આપણે ઓતપ્રોત થઈ જઈએ છીએ, કારણ કે સંદેશવ્યવહારે વિશ્વને નજીક આણ્યું છે. પ્રજાને અજ્ઞાન રાખવાની શક્યતા જ રહી નથી. વિશ્વના પ્રવાહો સાથે આપણે ઓતપ્રોત થઈ રહ્યા છીએ.

આર્થિક સંબંધોમાં ક્રાંતિ આવી રહી છે. આજે પણ સૌ જેટલા દેશો આર્થિક રીતે પછાત છે. એમની માથાદીઠ આવક ખૂબ ઓછી છે. વસ્તીવૃદ્ધિ નિરંકુશ હોવાને કારણે આ આવક ઘટતી જ જાય છે. આથી સમૃદ્ધ સમૃદ્ધિમાં આળોટે છે ને ગરીબોની ગરીબાઈમાં બહુ ઓછો ઘટાડો થયો છે. પણ એ વિશે સમૃદ્ધો બેચેન છે. એમને થાય છે કે આ અંગે કશુંક નહીં થાય તો પોતાની સમૃદ્ધિ ટકી નહીં શકે.

૧૯૮૦-૮૫ સુધીમાં કોઈ જાદુઈ લાકડી વડે દુનિયા પરનાં કુટુંબની સંખ્યા બે બાળકો પૂરતી જ મર્યાદિત કરી શકીએ તો પણ આવતાં ૭૦ વર્ષ સુધી વસ્તીમાં વૃદ્ધિ થયા જ કરશે ને ૨૦૭૦ની સાલ સુધીમાં એ ૫૧૦ કરોડે પહોંચશે; અને ૨૦૫૦ સુધીમાં ૬૫૦ કરોડે પહોંચીને જ એ સ્થિર થશે ! ત્યારે પણ એ આજની વિશ્વવસ્તી કરતાં બમણી હશે.

આવતાં ૨૦ વર્ષમાં ખનિજ તેલની તંગી જન્મશે ને વિકસિત દેશો પણ બળતણની તંગી અનુભવશે. પરિણામે આજનાં અમુક ગરીબ આરબ રાષ્ટ્રો ૨૦ વર્ષમાં સમૃદ્ધ બની ગયાં હશે. "આવ ભાઈ હરખા, આપણે બે સરખા" આવી કાંઈક સ્થિતિ આર્થિક ક્ષેત્રે ઊભી થતી જાય છે.

આ આંધળી દોટ અંગે ચર્ચા-વિચારણા કરવા ઈટાલીના એક વિદ્વાને વિશ્વના ૭૫ જેટલા વિદ્વાનો-નિષ્ણાતોને બે દિવસ માટે રોમમાં એકત્ર કર્યા હતા. 'Club of Rome' ને નામે પ્રખ્યાત થયેલી આ ગોષ્ઠિનું તારણ "Limits of Growth" નામની ટચૂકડી પુસ્તિકામાં આપ્યું છે.

એનાં મુખ્ય ચાર તારણો હતાં: ( ૧) અન્ન ઉત્પાદન વધારવા માટે જરૂરી જમીનનો પુરવઠો સ્થિર છે; (૨) વાતાવરણનું પ્રદૂષણ ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદનની સાથે વધે છે; ( ૩) કુદરતી સાધનોનો પુરવઠો મર્યાદિત છે ને એ ખૂબ ઝડપથી તળિયે પહોંચતો જાય છે; (૪) વધુ ઉત્પાદન વધુ મૂડીરોકાણ માગી લે છે. વધારાનું મૂડીરોકાણ કુદરતી સાધનોનું વધુ શોષણ માગી લે છે, જેને પરિણામે વાતાવરણનું પ્રદૂષણ વધે છે.

ટૂંકમાં, મીણબત્તી બંને છેડે સળગતી રાખીને દુનિયા ભલે વધુ અજવાળું મેળવે, પણ અંતે તો વિશ્વના દેશોએ કુદરતી સંપત્તિનો વિનાશ નોતરવા માંડ્યો છે.

વિશ્વને નાદારીમાંથી ઉગારવું હોય તો એ ગોષ્ઠિના આ ઉપાયો જોઈએ: (૧) ૧૮૭૫ સુધીમાં વિશ્વનો જન્મદર ઘટાડીને મૃત્યુદર જેટલો એટલે કે બે ટકા સુધી પહોંચાડવો જોઈએ; (૨) ૧૯૯૦ પછી ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાનો વિચાર માંડી વાળવો; (૩) ઔદ્યોગિક ઉત્પાદનસામગ્રીને માત્ર પાંચ વર્ષમાં (૧૯૭૦-૧૯૭૫માં) ૩/૪ જેટલી ઘટાડવી જોઈએ; ( ૪) આ પાંચ વર્ષના ગાળામાં વાતાવરણનું પ્રદૂષણ પણ ૩/૪ ઘટાડવું જોઈએ.

પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે સમૃદ્ધ દેશો તો જાણે ઠીક, પણ પછાત દેશોએ પણ આ નાદારીમાંથી બચવાના ઉપાયો અજમાવવા?

વાતાવરણમાંના પ્રદૂષણે ખળભળાટ મચાવ્યો છે. આના અનેક દાખલા સાંભળીએ છીએ, અનુભવીએ છીએ. કુદરતથી વિમુખ બનેલી જીવનપદ્ધતિ થઈ ગઈ છે. આ જટિલ સમસ્યા છે. હવે કુદરત ભણી પાછા વળવાની વૃત્તિ ફરી જાગૃત થતી જાય છે.

આજે યંત્રવિદ્યા ( ટેકનોલોજી ) માટે જબરું ગાંડપણ છે. આનો વિવેકભર્યો ઉપયોગ કરવો જોઈએ, નહીં તો એમાંથી માનવસંહાર સંભવી શકે છે. આ યંત્રવિદ્યાએ આપણા જીવન ઉપર ખૂબ ક્રાંતિકારી અસર કરી છે. છેલ્લાં ૩૦ વર્ષમાં એણે હરણફાળ ભરી છે.

રાજકારણના ક્ષેત્રની જ વાત કરીએ તો ત્યાં આમપ્રજામાં Ideology કરતાં વાસ્તવિકતાલક્ષી નીતિ માટેની માગ ઊઠી છે. એમને હવે પરિણામલક્ષી રાજકારણ જોઈએ છે. છેલ્લા દસકાથી વળી સભાનપણે બંને મહાસત્તાઓ પોતાની મર્યાદાઓ સમજીને અરસપરસ સહકાર ઈચ્છે છે. ઠંડું યુદ્ધ પણ શમી ગયું છે.

લોકશાહી સમાજની મર્યાદાને, વૉટરગેટ કૌભાંડ અને આપણાં દેશનાંય કેટલાંક કૌભાંડોએ પ્રયત્નપૂર્વક બંધ રાખવામાં આવેલાં અનેક વૉટરગેટોએ છતી કરી છે. સામ્યવાદી સમાજની મર્યાદાને સોલ્ઝેનિત્સીન ને બોરીસ પાસ્તરનાક જેવાઓએ "ગુલાગ આર્ચિપેલેગો" અને "ડૉ. ઝિવાગો" દ્વારા છતી કરી છે.

હિટલરનો નાઝીવાદ ઘણો ભૂંડો હતો. પણ લોકશાહીમાં ને સામ્યવાદી સમાજમાં મર્યાદિત લોકશાહી પ્રવર્તે છે.

માનવી દુઃખી છે, સંતપ્ત છે, સાહિત્ય ને કલાક્ષેત્રે કલાકાર રઘવાયો ફરે છે. એમાં ક્યાંય ઉલ્લાસ નથી, સંતોષ નથી. જેટલું પછાત દેશ વિશે એ સાચું છે એટલું જ સમૃદ્ધ દેશ વિષેય. આથી માત્ર આર્થિક સમૃદ્ધિ સમાજને સુખી બનાવતી નથી.

માનવીનો આત્મા ગમે તે સંજોગોમાં પણ કચડી શકાતો નથી. એ ક્યારેક તો પ્રજ્વળી ઊઠે છે.

Women's Lib ના છાંટા આ દેશમાં પણ પડી રહ્યા છે. નવાં યુગબળો પરિવર્તનશીલ સમાજ સ્વીકારશે નહીં તો કૃત્રિમ વ્યવસ્થા ઊભી થશે.

પરસ્પરાવલંબન વધતું જાય છે ને એ ક્યારેય ઘટવાનું નથી, કારણ કે સમસ્યાઓ માત્ર એક રાષ્ટ્રને રંજાડતી નથી, અનેક રાષ્ટ્રોને સ્પર્શે છે.

ખનિજ તેલની કટોકટી, આંતરરાષ્ટ્રીય નાણાંની કટોકટી, વેપારમાં અસમતુલા, અનાજની ખાધ, કથળતું જતું વાતાવરણ, વસ્તીવૃદ્ધિનો ધડાકો, ઘટતાં જતાં કુદરતી સાધનો, વીજળીની ખેંચ,

અને સામી બાજુ ગાંજા-ચરસનો કેફ વધતો જાય છે. વિશ્વ એક મોટું ગામડું બનતું જાય છે એની સાબિતી તાજેતરની આવી આર્થિક સમસ્યાઓ પૂરી પાડે છે.

આધુનિક સમાજની એક પણ સમસ્યા એવી નથી કે જે માત્ર એક રાષ્ટ્ર કે એક સરકાર પોતાની મેળે હલ કરી શકે.

ઉત્પાદનનાં સાધનો વધુ ને વધુ પ્રમાણમાં Multinational Corporations ના હાથમાં જતાં જાય છે. વિશ્વદૃષ્ટિવાળા વહીવટકારો વધતા જાય છે. આવાં કોર્પોરેશનનાં અંદાજપત્ર ભારતના અંદાજપત્ર કરતાં પણ મોટાં હોય છે.

જૂની દૃષ્ટિએ વિશ્વની સમસ્યાઓ વિચારવાનો યુગ હવે આથમી ગયો છે. કારણ કે પરસ્પરાવલંબી દુનિયામાં કોઈ અલગ અલગ નાશ પામતું નથી, સૌ સાથે જ નાશ પામે છે.

વિશ્વને ગરીબ અને તવંગર એમ બે ભાગમાં વહેંચવા આપણે ટેવાયેલા છીએ, પરંતુ આવું વિભાગીકરણ પરસ્પરાવલંબી વિશ્વનું ગતિતંત્ર સમજવામાં ઉપયોગી નથી. એક રાષ્ટ્રની ગરીબી બીજાને સ્પર્શે જ છે. આજે નવું વિશ્વ-અર્થતંત્ર ઊભું થતું જાય છે. નવા ઉદ્યોગો, વેપારની નવી ક્ષિતિજો અને નવું યંત્રજ્ઞાન આવ્યાં છે.

આર્થિક સાધનોની વહેંચણી હજુય આસમાન છે ને આ આસમાનતા ઝટ ઘટવાની નથી. પરંતુ માત્ર રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ પ્રગતિ માટેનો માપદંડ નથી; કારણ કે કેટલાક આરબ દેશોની માથાદીઠ આવક અમેરિકા કરતાં વધારે હોવા છતાં દરેક નાગરિક સાચે જ એટલો આબાદ છે ક્યાં ?

શસ્ત્રસરંજામની હરીફાઈમાં કંઈક રુકાવટ આવી છે. વિકસતા અને વિકસેલા દેશો વચ્ચેની ખાઈ પૂરવી જોઈએ એવી સભાનતા પ્રગટવા માંડી છે.

વિશ્વ સાથે કદમ મિલાવવાની તમન્ના આપણને છે, પણ ભારતની પ્રગતિમાં અવરોધક બળોય છે.

મનાર મિરડલે કહ્યું હતું તેમ વાસ્તવિક પ્રગતિ માટે જનતાના જીવનસ્તર, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં સુધારા કરવા જોઈશે. પ્રગતિ દિલ્હી કે એનાં જેવાં શહેરોમાં જોવા મળે ખરી પણ વિશાળ ગ્રામીણ વિસ્તારમાં ક્યાં છે ?

આપણે કડક આત્મનિરીક્ષક નથી અને આપણી શક્તિઓ વિશે પૂરતા સભાન નથી. યુવાનોનું આ રાષ્ટ્ર હોવા છતાં દરેક ક્ષેત્રે નવી દૃષ્ટિ, નવું જોમ આપવાવાળા યુવાનોને બદલે વૃદ્ધોની બોલબાલા છે.

ભૂલો કર્યા વિના કોઈ રાષ્ટ્ર ઊંચું આવ્યું નથી. યુવાનોને ભૂલ કરવાની તક મળવી જોઈએ. એમનો આદર્શવાદ દુનિયાની સીમાઓ ભૂંસવામાં સહાય કરશે.

સીમા વિનાના વિશ્વભણી આપણે દોરાઈ રહ્યા છીએ. પણ સીમા એકાએક ભૂંસાવાની નથી. માત્ર માનવો એકબીજાને વધુ સમજે એ દિશામાં પુરુષાર્થ જરૂરી છે.

ટેકનોલોજી, કુદરતી સાધનો ને માનવ-જરૂરિયાતો એ ત્રણેય વચ્ચે સુમેળ સાધવો પડશે. ઔદ્યોગિક વિકાસ સિદ્ધ કરવા માટે પંખીઓનો કિલ્લોલ, ખળખળ વહેતાં ઝરણાંનો આનંદ, ફૂલોનો પમરાટ ને પ્રફુલ્લ કુદરતનો માનવીએ ભોગ આપવો પડે તો જીવન જીવવામાં શું મઝા ?

આથી જ યંત્રને આપણે નાથવું પડશે. પરિવર્તન વિચારપૂર્વક કરવું પડશે. પરિવર્તન ઉપર પણ અંકુશ રાખવો પડશે. નહીં તો આપણે એક એવી વિશ્વરચના કરી ચૂક્યા હોઈશું કે જેને માટે સમસ્ત માનવજાત પસ્તાશે.

સીમા વિનાનું વિશ્વ એટલે ભૌગોલિક સીમાથી મુક્ત એવું વિશ્વ નહીં, પણ એકબીજાના સહકારથી આગળ વધતું વિશ્વ. માતાને બાળક માંદું પડે ને ચિંતા થાય એવી જ ચિંતા એક દેશની સમસ્યાઓથી બીજા દેશને થાય એવી વિશ્વરચના ભણી આપણે આગળ ધપી રહ્યા છીએ.

આ કૂચ ધીમી છે, પણ વણથંભી છે. રામુ પંડિત

# આધુનિક આહાર-વિહારથી આરોગ્યનો સત્યાનાશ

અમેરિકા જેવા ઉચ્ચ જીવનધોરણને ભારત દેશ આંબી શક્યો નથી, પરંતુ આરોગ્ય બગાડીને પછી દવા ઉપર અઢળક ખર્ચ કરવામાં મુંબઈ, કલકત્તા અને દિલ્હીનો સમૃદ્ધ વર્ગ અમેરિકાની સાથે બરોબરી કરી શક્યો છે. અમેરિકામાં દર વર્ષે બીમારી પાછળ રૂા. ૨૪,૦૦૦ કરોડનો ખર્ચ થાય છે. ભારતમાં દવા પાછળ દરેક વ્યક્તિનો માથાદીઠ વાર્ષિક ખર્ચ માંડ રૂા. ૬ જેટલો છે અને ભારતના દવાના નિર્માતાઓ હવે ઈચ્છે છે કે આ ખર્ચ વધે !

પરંતુ અમેરિકાના લોકો દવા અને ડૉક્ટરી સારવાર પાછળ આટલાં બધાં નાણાં કેમ ખર્ચે છે તેનું રહસ્ય આપણે જાણીશું તો કદાચ આધુનિકતાનો આંચળો ઓઢીને જે કૃત્રિમ આહાર ખાવાને રવાડે આપણે ચડ્યા છીએ તે છોડી દઈશું. આહાર એ તો શરીરને પોષણ આપવા માટે લેવાય છે. ગરીબ લોકોને પૂરતાં પોષક તત્ત્વો મળતાં નથી, કારણ કે તેમને પૂરતા પ્રમાણમાં ખોરાક મળતો નથી. એક આશ્ચર્યની વાત એ જોવા મળી છે કે સમૃદ્ધ લોકોનાં બાળકો પણ અપૂરતાં પોષક તત્ત્વોથી પીડાય છે ! આ સમૃદ્ધ બાળકો ગલત પ્રકારનો આહાર ખાતાં હોય છે. અમેરિકા અને મુંબઈના સમૃદ્ધ લત્તામાં કેન્ડી, આઈસ્ક્રીમ, કોકાકોલા અને બીજાં પીણાં વેચતી રેસ્ટોરાં અને દુકાનો ઉપર લોકોનો સતત ધસારો રહે છે. બાળક નાનપણથી જ જાણે સાકરિયા દાંત લઈને આવ્યો હોય તેમ તેને ગળ્યો ન હોય તેવો પદાર્થ ભાવતો જ નથી. ખૂબ જ ગળ્યા અને ચરબીવાળા પદાર્થમાં કેલરી ઘણી હોય છે અને ચરબી ખૂબ હોય છે, પરંતુ તેમાં પોષક તત્ત્વો હોતાં નથી. મોટે ભાગે સમૃદ્ધ લોકો અક્કરાંતિયા બનીને ખાતા હોય છે. ભૂખ ન લાગી હોય તો બિયરથી કે ટૉનિકથી ભૂખ લગાડીને ત્રણથી ચાર વખત ભોજન આરોગતા હોય છે.

ઉપરની કક્ષાના લોકોથી તદ્દન ઊલટા પ્રકારની ટેવવાળા લોકો પણ શહેરોમાં છે. લાખ્ખો વેપારીઓ અને યુવાન કર્મચારીઓ સવારે ઉતાવળે ઉતાવળે ચા-કૉફી અને ટોસ્ટનો નાસ્તો લઈને કે બેત્રણ કોળિયા દાળભાત ખાઈને ટ્રેન પકડવા દોડે છે. આમ જમવાનો વખતે પૂરું જમતા નથી અને વચ્ચે વચ્ચે ભૂખ લાગે કે ન લાગે ત્યારે નાસ્તા અને ચાથી પેટને ભરે છે. રાત્રે પોંચા ફરીને પેટભરીને વાળુ કરે છે. અંગ્રેજીમાં જેને ડિનર કહેવામાં આવે છે તે ડિનર જ માણસના સ્વાસ્થ્ય માટે ઘણું જ ડિયર (મોંઘું) પુરવાર થાય છે. રાતને સમયે જ્યારે માણસને કેલરીની બિલકુલ જરૂર હોતી નથી ત્યારે જ તે ઊંચી કેલરીવાળો ખોરાક પેટમાં ખડકે છે.

આનું પરિણામ શું આવે છે ? ખોટા આહાર સાથે સંકળાયેલા રોગો ઊભા થાય છે. હૃદયરોગ, ડાયાબિટીસ, મેદ, કિડની, લિવર, ગૉલબ્લેડરના રોગો, એનિમિયા વગેરે પ્રકારના જાતજાતના રોગો થાય છે. નાનાં બાળકોના દાંત બાર થી તેર વર્ષની ઉમરે જ પડવા લાગે છે. ખાસ કરીને ખાંડ અને રિફાઈન કરેલા ઘઉંના આટાનાં ખાદ્યોનો વપરાશ બહુજ વધી ગયો છે. દરેક અમેરિકન વરસની સરેરાશ ૧૨૦ રતલ ખાંડ ખાય છે. મુંબઈના ઘણા ધનપતિનાં બેરાંછોકરાં પણ માથાદીઠ વરસે ૯૦ રતલ ખાંડ ખાઈ જાય છે. અગર તો એમ કહી શકાય કે દરેક ૩૫ મિનિટે પૈસાપાત્ર લોકો બે ચમચી ખાંડ ખાય છે ! એક રતલ ખાંડમાં ૧૮૦૦ કેલરી જેટલી શક્તિ હોય છે અને રતીભાર જેટલાં પોષક તત્ત્વો ખાંડમાં હોતાં નથી.

ખાંડના આટલા બધા આહારને કારણે અમેરિકાની ૯૮ ટકા વસતિ તો ૨૫ વર્ષની વયે દાંતના સડાનો ભોગ બને છે. એ લોકો દાંતના ડૉક્ટરો ઉપર જ દર વર્ષે ૪૦ અબજ રૂપિયા ખર્ચે છે. ૨ કરોડ જેટલા અમેરિકનોએ પુખ્ત વયમાં જ તેમના આડધા દાંત ગુમાવ્યા હોય છે. ૫૦ લાખ લોકોને દર વર્ષે ડાયાબિટીસનો રોગ ઝડપી લે છે.

આહારની ભૂલો કર્યા પછી અમેરિકન લોકો સાવ નકામી પિલ્સ, પાવડરો, કસરતની સ્કીમવાળી બુકલેટો, પેટ ફૂલે નહિ તે માટેના

પટ્ટાઓ, સીનાબાંધ, હેલ્થ ક્લબ અને બીજી ફેશનેબલ બીબંતો ઉપર કરોડો રૂપિયા ખર્ચે છે પણ તેમને ધારેલું ફળ મળતું નથી પણ નવા નવા રોગો અને તકલીફો મળે છે.

હાઈપરટેન્શિયા (રક્ત શર્કરાનું કમીપણું) નામનો રોગ હમણાં હમણાં સમૃદ્ધ લોકોના શરીરમાં ઘૂસી ગયો છે. અમેરિકાના ડૉ. જે. એમ. ઓલ્ડામ્સને કહ્યું છે કે આ રોગ પેદા કરવામાં બાર સારા ભાગે ભજવ્યો છે. બચેનો, હતાશા, ધબકારો વધવો, ભય, આતુરતા અને બેભાન બની જવું વગેરે લક્ષણો રક્ત શર્કરાના કમીપણાને કારણે આવે છે. જેટલો બાર્ડાનો આહાર વધુ એટલું રક્ત શર્કરા ઓછી થાય છે. રક્ત શર્કરા એ બાર્ડ અને સાકરથી તદ્દન નિરાળી વસ્તુ છે અને આપણા શરીરનું પાચનતંત્ર કુદરતી આહારમાંથી રક્ત શર્કરા મેળવી લે છે. જેટલો પ્રોટીન ખાઈએ છીએ તેમાંથી રક્ત શર્કરા પેદા થાય છે. પણ આપણે જે બાર્ડ ખાઈએ છીએ તેમાં રક્ત શર્કરાનો નાશ કરે છે. રક્ત શર્કરા આપણામાં જે શક્તિ આવે છે તે શક્તિ બાર્ડથી નષ્ટ થાય છે.

[illegible] આહાર આદરણીય [illegible] થયો છે. [illegible] બાર્ડ [illegible] ટીમમેટ [illegible] ખાંડ [illegible] ખાંડ [illegible] ગોળ [illegible] ખાંડ [illegible] ખાંડ [illegible] ખાંડ

# ☆ एकोऽहं बहुस्याम् ☆

ચૈતન્ય તત્ત્વ અણુએ અણુમાં વ્યાપક છે એવું પરંપરાથી સ્વીકારાતું આવ્યું છે, પણ એ અંગે ગંભીર વિચારણા બહુ ઓછા માણસો કરે છે. આવો પ્રશ્ન માણસ સમક્ષ આવે છે ત્યારે ચૈતન્યની સર્વવ્યાપકતા વિશે તે વિચારવા માંડે છે, પણ એના મનમાં સ્પષ્ટ ચિત્ર ઉપસ્થિત થતું નથી. એના વિશે વિચારતાં માણસ વધુ ગૂંચવાય એવું બન્યું છે. આ ગૂંચવાડાનું અનુસંધાન છેક ઉપનિષદકાળ સુધી લઈ જઈ શકાય તેમ છે. "છાંદોગ્ય ઉપનિષદ"માં ઉદ્દાલક અરુણી અને તેના પુત્ર શ્વેતકેતુ વચ્ચે આ અંગે એક સુંદર સંવાદ થાય છે.

ઉદ્દાલક અરુણી એ યુગના સમર્થ ઋષિ હતા. એમણે પ્રચલિત પ્રથા મુજબ શ્વેતકેતુને બ્રહ્મવિદ્યાના જ્ઞાન માટે અન્ય ઋષિ પાસે બાર વર્ષ માટે મોકલેલો. તે મુજબ બાર વર્ષ ગુરુને ત્યાં અભ્યાસ કરી જ્ઞાનની ખુમારી સાથે શ્વેતકેતુ પિતાના આશ્રમે પાછો ફર્યો.

શ્વેતકેતુ પરિપૂર્ણ અભ્યાસ કરી આવ્યો તેથી પિતાજી ખૂબ રાજી થયા. તેમણે પુત્રને પોતાની પાસે બેસાડયો અને શરીરે હાથ ફેરવી તેના ખબરઅંતર પૂછયા અને ગુરુના આશ્રમની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી. અભ્યાસ વિશે પૂછયું ત્યારે પિતાને શ્વેતકેતુના મુખ ઉપર તે જબરી સિદ્ધિ હાંસલ કરીને આવ્યો હોય તેવા ભાવનો અણસારો જોવા મળ્યો. પોતે પ્રાપ્ત કરેલ બ્રહ્મવિદ્યા વિશે તેણે પિતાને વિગતે વાત કરી અને કશું ભણવાનું બાકી નથી રહ્યું તે પણ જણાવી દીધું. પુત્રને જ્ઞાનનો થોડો ઘમંડ છે એવું લાગતાં ઉદ્દાલક મુનિને થયું કે શ્વેતકેતુને બ્રહ્મવિદ્યા વિશે પ્રશ્ન કરું તો એ કેટલા પાણીમાં છે તેનો ખ્યાલ આવી જશે તેમણે શ્વેતકેતુના ખભા ઉપર હાથ મૂકી પૂછયું : 'બેટા શ્વેતકેતુ, તું તારા ગુરુ પાસેથી ઉત્તમ કોટિનો અભ્યાસ કરી આવ્યો લાગે છે. તું મને એ કહે કે એવી કઈ વસ્તુ છે કે જેનું શ્રવણ ન કર્યું હોય તે શ્રવણ કરેલું થાય, ન વિચાર્યું હોય તે વિચારેલું થાય અને જે અજ્ઞાત હોય તે જ્ઞાત થાય ?'

પિતાનો પ્રશ્ન સાંભળી શ્વેતકેતુ વિચારમાં પડી ગયો. તેણે આ બાબતની ગુરુ સાથે કયારેય ચર્ચા કરી નહોતી. પોતે પિતા આગળ અવિવેક કર્યો તેનો તેને ભારે ક્ષોભ થયો. તે પિતાનાં ચરણોમાં નમી પડયો અને બોલ્યો : 'ભગવન, એ કયો ઉપદેશ છે ?'

ઉદ્દાલકને થયું કે પુત્રને મિથ્યા ગૌરવનો ખ્યાલ આવી ગયો છે. એટલે પુત્રની મૂંઝવણ દૂર કરવા પ્રશ્નનો ઉત્તર આપવાનું ઉચિત ધાર્યું. તેમણે કહ્યું : 'હે સોમ્ય, માટીના એક પિંડનું જ્ઞાન થતાં માટીમાંથી બનતી તમામ વસ્તુઓનો ખ્યાલ આવી જાય છે. માટીમાંથી બનેલી વસ્તુઓ (ઘડો, લોટો, માટલી, તાવડી)નાં નામ જુદાં જુદાં હોય છે, પણ એ આખરે તો માટી જ છે. તેમ જ હે સોમ્ય, સોનાની લગડીનું જ્ઞાન થયે સોનામાંથી બનતી તમામ વસ્તુઓ (વીંટી, એરિંગ, બંગડી, અછોડો)નાં નામ અલગ અલગ હોવા છતાં આખરે તો તે સુવર્ણ છે એમ ઓળખી શકાય છે. એવી રીતે લોહધાતુ વિશે કહી શકાય. નખ કાપવાની નરણીની ધાતુનું જ્ઞાન થતાં લોહમાંથી બનેલ (ચપ્પુ, છરી, સોય, સાણસી, કાતર ઈત્યાદિ) વસ્તુઓ આખરે લોહ જ છે તેનો ખ્યાલ આવે છે. તેનું જ તે ઉપદેશનું છે.

ચૈતન્ય તત્ત્વ એક છે અને સર્વત્ર એ જ વિલસી રહ્યું છે છતાં એ જુદાં જુદાં નામે ઓળખાય છે. એટલે આપણા મનમાં ગૂંચવાડો થાય છે એવું નિર્દેશન ઉદ્દાલક મુનિ ઉપર્યુક્ત કથનમાં કરે છે, પણ શ્વેતકેતુને તે બરાબર સ્પષ્ટ થતું નથી. ગુરુએ બાર વર્ષ સુધીમાં આ પ્રકારનું શિક્ષણ ન આપ્યું એના વસવસાથી એ ઘેરાઈ ગયો છે. એટલે પિતાની વાત સમજવાને બદલે પિતા સમક્ષ ગુરુનો જ દોષ કાઢે છે. જો પોતાનો દોષ કાઢે તો પિતા કદાચ ફરીથી અભ્યાસ કરવા મોકલે એવો એને ભય લાગે. એટલે પોતે કાચો છે એવું તે કબૂલ કરતો નથી, અને કહે છે: 'મારા ગુરુને એ બાબતનું જ્ઞાન જ નહોતું. જો એમને આ બાબત વિદિત હોત તો તેઓ મને કેમ ન કહેત ? ગમે તેમ, પિતાજી તમે મને એ બાબતનો ખ્યાલ આપો.'

ઉદ્દાલકને થાય છે કે શ્વેતકેતુ જ્ઞાન પામવા ઉત્કંઠ થયો છે. આજુબાજુનું વાતાવરણ શાંત અને ગંભીર છે. માત્ર બાજુમાંથી વહેતાં ઝરણાંનો ખળખળ પણ મધુર નિનાદ આવી રહ્યો છે. આવા પ્રસન્નગંભીર વાતાવરણમાં ઉદ્દાલક બોલવાનું શરૂ કરે છે. કહે છે : 'હે સોમ્ય, શરૂઆતમાં આ (સત્) એક અને અદ્વિતીય હતું. કેટલાક કહે છે કે શરૂઆતમાં માત્ર અ-સત્ હતું. બીજું કશું નહીં, અને અ-સત્માંથી સત્ ઉત્પન્ન થયું. પણ હે શ્વેતકેતુ, એ કેવી રીતે બને ? અ-સત્માંથી સત્ કેવી રીતે ઉદ્ભવી શકે ? હકીકતે તો કશું જ સર્જાયું નહોતું ત્યારે એકમાત્ર સત્ જ અસ્તિત્વ ધરાવતું હતું, માત્ર એક અને અદ્વિતીય. એ સતે એક સંકલ્પ કર્યો: હું બહુરૂપ થાઉં, વિકસું. તેણે તેજ ઉત્પન્ન કર્યું. પછી તેજે સંકલ્પ કર્યો: હું બહુરૂપ થાઉં, વિકસું. પછી તેણે જળ ઉત્પન્ન કર્યું. એટલે માણસ જ્યારે ખૂબ દુ:ખી થાય છે કે ગરમીથી તેને પ્રસ્વેદ થાય છે ત્યારે પેલા તેજમાંથી જળ બહાર નીકળે છે. પછી જળે સંકલ્પ કર્યો: હું બહુરૂપ થાઉં, વિકસું. તેણે અન્ન ઉત્પન્ન કર્યું. એટલે જ્યાં જ્યાં વરસાદ પડે છે, ત્યાં ખૂબ ધાન્ય પાકે છે. ખરેખર જળમાંથી જ ખાવા માટેનું અન્ન ઉત્પન્ન થાય છે.

એક જ ચૈતન્ય સર્વત્ર કેમ વ્યાપક છે તે દર્શાવવા તેઓ શ્વેતકેતુને અનેક દૃષ્ટાંતો આપે છે. તે બધાં દૃષ્ટાંતો કહેવાનો લોભ જતો કરી માત્ર બે દૃષ્ટાંતો જ રજૂ કરું છું.

શ્વેતકેતુને વિશ્વમાત્રમાં સ્ફુરણ કરી રહેલા સત્ને સમજવું છે, એટલે એ પિતાની ચર્ચામાં ઊંડો રસ લઈ રહ્યો છે, અને બરાબર જાગૃત બની ગયા છે. એટલે ઓ સત્ની વ્યાપક હસ્તી વિશે પિતાજીને પ્રશ્ન કરે છે. પુત્રની જિજ્ઞાસાવૃત્તિ જાગૃત થઈ છે જાણી તેઓ ખૂબ પ્રસન્નતા અનુભવે છે.

તેઓ શ્વેતકેતુને કહે છે કે બેટા, સામે વડનું તોતિંગ વૃક્ષ ખડું છે, અને તેની નીચે અનેક ટેટાઓ પડેલા છે. એમાંથી એક ટેટો લઈ આવ. શ્વેતકેતુ દોડતો જઈ વડનો ટેટો લઈ આવે છે અને પિતાજીના હાથમાં મૂકે છે. ઉદ્દાલક કહે છે, લે, આ ટેટો તારી પાસે જ રાખ અને હું કહું તેમ કર.

ટેટાના બે ભાગ કરી નાખ.
લો, આ મેં બે ભાગ કરી દીધા.
એમાં તને શું દેખાય છે ?
ઝીણાં ઝીણાં અસંખ્ય બીજ.
એમાંથી એક બી કાઢ અને તેને પથ્થર વતી તોડ.
લો, મેં એક બીને તોડયું.
હવે તને શું દેખાય છે ?
કેમ, કશું જ નહીં, બિલકુલ, કંઈ જ નહીં.

અરે પ્રિય પુત્ર, આ વિશાળ વટવૃક્ષ તદ્દન એમ ને એમ તો ઉત્પન્ન થાય નહીં. ભલે તને નરી આંખે બીજમાં રહેલું સૂક્ષ્મ તત્ત્વ દેખાતું ન હોય, પણ એમાંથી આ વિશાળ વૃક્ષ ઉત્પન્ન થયું છે. તું આ વૃક્ષનું અસ્તિત્વ જોઈ શકે છે. આ બીમાં એ જ સત્ છે, એ જ

અદૃશ્ય લાગતું સૂક્ષ્મ તત્ત્વ છે; એ સર્વવ્યાપક છે, અને એને લીધે બધું ટકી રહ્યું છે. તું શ્રદ્ધા રાખ. તમામ અસ્તિત્વનું કારણભૂત એ મહાન સત્ છે. હે શ્વેતકેતુ, તું પણ એ સત્ છે.

પિતાની વાત સાંભળી શ્વેતકેતુ ઊંડા વિચારમાં પડી ગયો. એને સત્ની પરમ સત્તાનો ખ્યાલ તો આવી ગયો, પણ હવે તે ઉતાવળો થવા માગતો નહોતો. પોતાને બધું સમજાઈ ગયું છે એવું કહેવાની હવે તેનામાં હિંમત નહોતી. એટલે તે પિતાજીને કહે છે: 'હજી આ બાબત ફરીથી સમજાવો તો સારું'

શ્વેતકેતુની આંખોમાં આનંદનો ચમકારો જોઈ ઉદ્દાલક મુનિએ પ્રસન્નતા અનુભવી. તેમણે શ્વેતકેતુને કહ્યું: 'બેટા, પાણી ભરીને લોટો અને મીઠાનો ગાંગડો લઈ આવ.' શ્વેતકેતુ ઝૂંપડીમાંથી પાણી અને મીઠું લઈ હાજર થયો. પિતાએ કહ્યું કે 'હાથમાં રાખેલું મીઠું લોટાના પાણીમાં નાખી દે અને ઝૂંપડીમાં એક બાજુ મૂકી રાખ. નિદ્રાનો સમય થઈ ગયો છે એટલે વધુ વાત કાલે પ્રાતઃકાળે કરીશું.'

બીજે દિવસે શ્વેતકેતુ વહેલો ઊઠી ગયો. પ્રાતઃકર્મમાંથી પરવાર્યા પછી શ્વેતકેતુ પિતા પાસે ગયો અને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પિતા સમજી ગયા કે ગઈ કાલે અધૂરી મૂકેલી વાત એ જાણવા ઈચ્છે છે, એટલે તેમણે આગલી રાતે આપેલો જળનો લોટો મગાવ્યો. પછી કહ્યું: 'તેં ગઈ કાલે આ જળમાં મીઠું નાખ્યું હતું તે મને પાછું આપ.' શ્વેતકેતુએ લોટામાં હાથ નાખ્યો, પણ મીઠું પાણીમાં પૂરેપૂરું ઓગળી ગયું હતું. પાણીમાં એક પણ કરચ દેખાતી નહોતી. એટલે તેણે કહ્યું: 'પિતાજી મીઠું તો પાણીમાં તદ્દન ઓગળી ગયું છે.' 'કંઈ વાંધો નહીં, હવે એક કામ કર', પિતાએ કહ્યું: 'લોટામાંનું પાણી હથેળીમાં લઈ ચાખી જો, કેવું લાગે છે?' શ્વેતકેતુએ તે ચાખ્યું અને કહ્યું: : 'ખારું.' 'તેમાંથી થોડું પાણી ઢોળી નાખી ફરી ચાખ.' તેનો સ્વાદ પણ ખારો હતો. લોટાના તળિયે રહેલા પાણીનો સ્વાદ પણ ખારો હતો.

ઉદ્દાલકે કહ્યું: 'બેટા, મીઠું દેખાતું નથી, છતાં તે જળમાં બધે વ્યાપક છે તેમ સત્ દેખાતું નથી છતાં તે આણુએ આણુમાં વ્યાપક છે. જે એને પામવાનો પુરુષાર્થ કરે છે તેને તેની હયાતીનો અનુભવ થાય છે'

આટલું બોલી ઉદ્દાલક મુનિ શાંત થઈ ગયા. ઝૂંપડીની આજુબાજુ ઊગેલા ઘાસના લીલાછમ અંકુરો, શ્યામ આકાશમાં ઊડી રહેલી ધવલ પંખીઓની કતારો, ગાયોનાં ભાંભરવાનો મીઠો અવાજ, બાજુની ઝૂંપડીમાંથી આવતો ઘમ્મરવલોણાનો મધુર રવ, આસપાસ ચારો ચરતાં હરણોની આંખોમાં દેખાતી ચમક અને પોતાની અંદરથી ઊભરાઈ રહેલો આનંદ - આ બધામાં શ્વેતકેતુને ચૈતન્યની લીલાની અપૂર્વ ઝાંખી થઈ. તે આંખો વીંચી પિતા સમક્ષ બેસી રહ્યો. કેટલો કાળ પસાર થયો તેનો તેને ખ્યાલ ન રહ્યો. જ્યારે આંખો ખોલી ત્યારે સારીય સૃષ્ટિ પ્રકાશથી ઝળહળી રહી હતી.

**કાંતિલાલ કાલાણી**

## સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોના ૫૦૦ ના લક્ષ્યાંકને પહોંચીવળવા માટેની ઝુંબેશ ચાલી રહી છે તે તરફ સંઘના સક્રિય સભ્યોનું ધ્યાન દોરવા રજા લઈએ છીએ. દરેક સક્રિય સભ્ય પાંચ પાંચ સભ્યો બનાવી આપે તો આ કામ ઘણું સહેલું બની જાય. ફક્ત આ વાત દૃઢપણે મન પર લેવાની જ આવશ્યકતા છે. તો તેમ કરવા આથી વિનંતિ કરીએ છીએ. અથવા તો પોતાના સ્નેહીઓ કે મિત્રોને ફોનદ્વારા આજીવન **સભ્ય** થવાને લગતી ભલામણ કરીને તેમનાં નામ - સરનામાં અને ફોન - નંબર કાર્યાલયને લખી જણાવવા વિનંતિ છે. એટલે બાકીનું કામ કાર્યાલયદ્વારા પૂરું કરવામાં આવે.

આગાઉ ૩૫૦ આજીવન સભ્યોનાં નામો પ્રગટ થઈ ગયાં છે. ત્યાર બાદ આજીવન સભ્ય થવા માટે પ્રવેશપત્રો અમને મળ્યાં છે. એટલે એકંદર સંખ્યા ૩૬૫ થાય છે. લક્ષ્યાંકને પહોંચીવળવામાં હજુ ૧૩૫ નામો ખૂટે છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## ☆ ભાષાનું દાન ☆

ભારતમાં આવીને મારે ગુજરાતમાં કામ કરવાનું રહેશે એ ખબર પડી, ત્યારથી મેં ગુજરાતી શીખીને જ આવવાનો સંકલ્પ કર્યો. એ વખતે હું મદ્રાસમાં ગણિતની ડિગ્રી માટે અભ્યાસ કરતો હતો. એમાં આખો વ્યવહાર તો અંગ્રેજીમાં ચાલતો, અને બધા અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓ પણ શુદ્ધ અંગ્રેજી બોલતા. ભવિષ્યમાં મારે ગુજરાતમાં આવીને કૉલેજમાં ગણિત ભણાવવાનું હતું, અને કૉલેજમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી બનશે એની કલ્પના પણ એ કાળે નહોતી, માટે મારું આખું કાર્ય અંગ્રેજીમાં જ ચાલશે એમ હું એ વખતે માનતો હતો. તો પણ મેં એ પણ જોયું કે એ મદ્રાસના વિદ્યાર્થીઓ અંગ્રેજી સારી રીતે જાણતા હોવા છતાં વર્ગમાંથી બહાર આવે કે તરત આખોય વ્યવહાર પોતાની મધુર તામિલ ભાષામાં કરે. એટલે મને થયું કે, ગુજરાતમાં પણ ગણિત તો ભલે અંગ્રેજીમાં ભણાવીશું, પણ કેળવણીનું જે સાચું કામ વ્યક્તિગત સંપર્ક અને માર્ગદર્શન અને મિત્રતા દ્વારા થાય એ માટે માતૃભાષા જ જોઈએ. અને ત્યારથી મેં નિશ્ચય કર્યો કે ગુજરાતમાં જઈશ તો ગુજરાતી શીખીને જ જઈશ. એ નિર્ણય લેવાની પ્રેરણા આપવા, અને ત્યાર પછી એનો અમલ કરવા માટે પણ શક્તિ આપવા બદલ, મેં પ્રભુનો ઘણીવાર આભાર માન્યો છે.

ભાષાઓ શીખવાનો મને ઠીક અનુભવ હતો. નાનપણથી એ સંસ્કારો હતા. છોકરાઓ નાની ઉંમરે ભાષાઓનો અભ્યાસ શરૂ કરે, એ મારા પિતાશ્રીનો આગ્રહ હતો; એટલે હું પાંચ વર્ષનો થયો ત્યારે સ્પેનના અમારા શહેરમાં ચાલતી એક જર્મન શાળામાં મને મૂક્યો, અને ઘેર એક શિક્ષિકાને બોલાવીને ફ્રેન્ચની શરૂઆત પણ કરાવી. એ રીતે ભાષાઓ માટે મારામાં પ્રેમ અને રસ હતા જ; પણ આ નવી ભાષા શીખવામાં હવે જુદો પડકાર હતો. એક તો ઉંમર ઠીક વધી હતી. ભાષાઓ જેમ વહેલી શીખાય તેમ સહેલી પડે, અને અમુક ઉંમર પછી નવી ભાષા બરાબર શીખી ન શકાય, એ હકીકત છે. બીજી બધી ભાષાઓ હું નાનપણમાં શીખ્યો હતો. પણ ગુજરાતીની પહેલી બાળપોથી મારા હાથમાં આવી ત્યારે મારું ઓગણત્રીસમું વર્ષ ચાલતું હતું. ને હજી બીજી મુશ્કેલી ભાષાના જુદાપણાની હતી. યુરોપની ભાષાઓ તો જુદી જુદી, પણ એકબીજીને મળતી આવે. ઘણા શબ્દો સરખા નીવડે, અને લિપિ પણ સરખી હોય; જ્યારે ગુજરાતી ભાષા તો સાવ જુદી, ભાગ્યે જ કોઈ પરિચિત શબ્દ કે ધાતુ આવે, અને લિપિ પણ એવી આગવી કે એક અક્ષર પણ ન ઉકેલાય. દિવસો સુધી એકએક અક્ષર ઓળખીને જુદો પાડીને, ભૂલો કરીને, ધીરજની કસોટી કરીને વાંચવું પડતું – એ તપ હજી યાદ છે.

મારી શીખવાની રીત લખતા રહેવાની હોય છે: ફક્ત ભાષામાં નહિ, કોઈ પણ વિષયમાં: એટલે એક બાજુ વ્યાકરણ અને શબ્દકોશ રાખું અને બીજી બાજુ કાગળ અને પેન રાખું, અને વાંચવાનું, લખવાનું, ભૂલો કરવાની, તાળો મેળવવાનો, છેકી નાખવાનું, ફાડી લેવાનું અને ફરીથી શરૂ કરવાનું–એવો કાર્યક્રમ ચાલે. એ રીતે હું ઠીક પાયાના સિદ્ધાંતો અને નિયમો શીખ્યો, અને શબ્દોનો અને રૂઢિપ્રયોગોનો પરિચય કેળવવા લાગ્યો. પણ ભાષા તો બોલવાની જ ચીજ છે, એટલે એ જીભ ઉપર આવે ત્યારે જ ખરી. અને બોલવા માટે બીજાઓનો સહકાર જોઈએ અને યોગ્ય વાતાવરણ જોઈએ. એની શોધમાં હું વિદ્યાનગર ગયો.

મારો વિચાર સરળ હતો: એક વર્ષ સુધી હોસ્ટેલમાં રૂમ લઈને વિદ્યાર્થીઓની વચ્ચે રહેવું. આખું જીવન એમની સાથે અને

એમની જેમ ગાળવું, અને કૉલેજમાં ગુજરાતીના વર્ગોમાં હાજર રહીને શીખતા રહેવું. કોઈ ડિગ્રી લેવાની વાત નહોતી, અને વિશેષ અભ્યાસ કરવાનો પણ વિચાર નહોતો. ફક્ત પરિચય, રોજનો મહાવરો, ચારે અને બાનુફેલાયેલ ગુજરાતીનું શુદ્ધ વાતાવરણ જોઈતાં હતાં. એ યોજના લઈને હું નમ્રભાવે અને કોઈની ઓળખાણ લીધા વગર વિદ્યાનગર ગયો. એમાં ક્રી ભાઈકાકાને મળવાની સૂચના મળી, એટલે હું એમને આંબાની નીચે મળવા ગયો. એ વખતે હું ગુજરાતીમાં બોલી શકતો નહોતો એટલે અંગ્રેજીમાં બોલવું પડ્યું. એમણે તરત મારી યોજના વધાવી અને પૂરી સગવડ કરી આપી. સામાન્ય વિદ્યાર્થીની જેમ ફી ભરીને વિદ્યાનગરનાં શિક્ષણ અને વાતાવરણ અને બધી સુવિધાઓનો બને તેટલો લાભ લેવાની મને છૂટ હતી. એમનો આભાર માનીને હું એ સુંદર તકનો પૂરો ઉપયોગ કરવા તૈયાર થયો.

જૂનમાં કૉલેજ ખૂલી ત્યારે બીજા વિદ્યાર્થીઓની જેમ હું હોસ્ટેલમાં રહેવા ગયો. શરૂઆતમાં સંકોચ ઠીક નડ્યો. વિદ્યાર્થીઓ મારી તરફ સ્વાભાવિક કુતૂહલથી જોતા: આ કોણ? પણ મારી પાસે આવવાનું કોઈ સાહસ કરતો નહોતો. હું કોઈને ઓળખતો તો નહોતો. ગુજરાતીમાં બહુ થોડું અને ભાંગ્યુંતૂટ્યું જ બોલી શકતો: અને હોસ્ટેલમાં પહેલેથી જ એક પણ અંગ્રેજી શબ્દ ન બોલવાની મારી પ્રતિજ્ઞા હતી. એટલે પહેલા સંપર્કો કષ્ટમય બન્યા. જમવા માટે ક્યાં જવાનું હતું એ કોઈને પૂછ્યું. એ મને પોતાની સાથે મેસમાં લઈ ગયો. જમ્યા: પાટલે બેસીને જમવાનો એ મારો પહેલો પ્રસંગ હતો, અને મારા પગ લાંબા ને પાટલો નાનો, એટલે સારી એવી યોગસાધના કરવી પડી. જમ્યા પછી ચાર-પાંચ છોકરાઓ સાથે ફરવા જતા હતા એમની જોડે હું ગયો. તેઓ ખુલ્લા મેદાન ઉપર બેઠા. એમની સાથે હું બેઠો. કલાકેક સુધી એમની વાતચીત ચાલી હશે. ને આખા કલાકમાં એમનો એક પણ શબ્દ હું સમજી શક્યો નહિ. મારું મૂંગું અસ્તિત્વ એમણે શાંતિથી સહન કર્યું. પછી ઊઠ્યા અને ગયા. હું પણ મારી રૂમમાં ગયો. કામ ગમે તેમ પણ ચાલુ તો થઈ ચૂક્યું હતું.

કૉલેજમાં ગુજરાતીના વર્ગો શરૂ થયા તે હું નિયમિત ભરવા લાગ્યો. એકમાં મુનશીની 'પાટણની પ્રભુતા' અને બીજામાં રમણલાલ દેસાઈની 'કોકિલા' નવલકથાઓ ચાલતી હતી. ઘણો રસ પડ્યો. તે સિવાય ગુજરાતી સાહિત્યના ઈતિહાસ અને વિવેચનના વર્ગોમાં હું જતો. ધીરે ધીરે કાન કેળવાઈ જતા, વધુ ને વધુ સમજ પડતી જતી. બોલવામાં હજી કષ્ટ હતું અને લખવાનો મારો નિત્ય યજ્ઞ તો ચાલુ જ હતો.

વિદ્યાર્થીઓની સાથે પણ હું વધારે ફરતો થયો. વિદ્યાર્થીઓની એક ક્લબમાં હું જોડાયો. જમવાનું ગમે તેવું આપતા (અને હિસાબ ગમે તેવો રાખતા), પણ ક્લબને નિમિત્તે મળવાનું થતું અને ચર્ચાઓમાં ભાગ લેવાતો હતો, એ ફાયદો હતો. કૉલેજની ચૂંટણીઓ પણ થઈ, અને એ પ્રસંગે સંપર્કો વધ્યા. બધા ઉમેદવારો મતની ઉઘરાણીએ મળવા આવ્યા. વાતચીતનો એક સરળ વિષય મળ્યો. તે દરમિયાન મારા વિશેનાં વિદ્યાર્થીઓનાં કુતૂહલ અને વહેમ શમી ગયાં હતાં. અને હું ફક્ત ગુજરાતી ભાષા શીખવા આવ્યો હતો એની ખાતરી થઈ ત્યારે બધા મદદ કરવા તૈયાર થયા. કોઈ મને રૂઢિપ્રયોગનો અર્થ સમજાવે, કોઈ કહેવત કહે, કોઈ પત્રો શરૂ કરવાની અને પૂરા કરવાની રીત બતાવે, કોઈ શબ્દકોશમાં ન મળે એવી ગાળનો મર્મ સમજાવે ... હોસ્ટેલમાં હવે જેટલા વિદ્યાર્થીઓ હતા એટલા મારા શિક્ષકો થયા એમ કહું તોય ચાલે.

એ રીતે બોલવાનું, સાંભળવાનું, વાંચવાનું અને લખવાનું સાથે ચાલતાં. હોસ્ટેલમાં પણ મારા સમયનો મોટો ભાગ લખવામાં જ જતો. વાતાવરણની હવે મદદ અને હૂંફ હતાં. પણ રોમાં લખવાની મૂળ મજૂરી તો ચાલુ જ હતી. બોલવાની કે વાંચવાની લાલચમાં જો કલમ ભુલાય તો નુકસાન થાય એ હું જાણતો હતો, એટલે રોજ સવારે સૌથી પ્રથમ હું ત્રણ કલાક સુધી લખતો, અને પછી જ બીજાં કામો કરતો. મને અનુભવ હતો કે જો લખવાનું કામ સૌથી પહેલું ન કરીએ તો એ કોઈ ને કોઈ બહાને પાછળ ઠેલાતું જાય અને છેવટે ભુલાઈ જાય.

આખા વર્ષમાં મેં બીજું કોઈ કામ ન કર્યું. ભાષાનો એકધારો અભ્યાસ લૂખો હોય છે. માટે વચ્ચે જો બીજી પ્રવૃત્તિઓ આદવા દઈએ તો એ અભ્યાસ દબાઈ જશે, એનું પૂરું જોખમ છે. ગણિતમાં મને અત્યંત રસ છે, અને એ વર્ષે તો હું મદ્રાસથી ગણિતનો ખાસો અભ્યાસ કરીને આવ્યો હતો. એટલે એની વૃત્તિ તેજ હતી. તોય વિદ્યાનગરના મારા એ આખા વર્ષ દરમિયાન મેં ગણિતનો એક અક્ષર પણ વાંચ્યો નહિ. ભાષા અથવા તો કોઈ પણ વિષય ફાવી જાય ત્યારે જરૂર એ આનુકૂળતા પ્રમાણે લેવાય કે મુકાય, બીજા વિષયોની સાથે ચાલે કે ઠીક સમય સુધી પણ રહેવા દેવાય, પરંતુ એ ભાષા કે વિષય શીખતી વખતે શિસ્ત જોઈએ અને એકાગ્રતા જોઈએ. વિદ્યાનગરમાં મને એકાગ્રતાને માટે ઉત્તમ તક મળી.

વર્ષ પસાર થઈ ગયું: પરીક્ષાઓ નજીક આવી. કૉલેજ મેગેઝિન માટે લેખો મગાવાયા. એમાં મેં એક લેખ મોકલ્યો: 'કોકિલા' નવલકથાનું વિવેચન. એ મારો સૌથી પહેલો છાપેલો ગુજરાતી લેખ હતો! અને જે શાંતિથી હું આવ્યો હતો એ શાંતિથી એક દિવસ મિત્રોનો, અધ્યાપકોનો અને મંડળના અધિકારીઓનો આભાર માનીને મેં વિદ્યાનગરની વિદાય લીધી.

આજે પાછળ જોતાં સ્પષ્ટ દેખાય છે કે એ વર્ષે મારા જીવનની દિશા બદલી આપી. જો હું વિદ્યાનગર ગયો ન હોત તો મારા જીવનમાં ફક્ત ગણિત જ આવત. (એ વિકલ્પને હું ખોટો નથી કહેતો, પણ જુદું જ જીવન થાત). પરંતુ ગણિતની સાથે ભાષા આવી, એટલે આત્મીયતા આવી, હૂંફ આવી, સંપર્ક આવ્યો – હા, ગુજરાતીમાં જ ગણિત ભણાવવાનો લહાવો પણ આવ્યો, અને છેવટે લેખો અને પુસ્તકો લખવાનો ધંધો પણ આવ્યો.

ભાષાનું દાન મને વિદ્યાનગરે આપ્યું. એ ઉપકાર હું કદી નહિ ભૂલું.

**ફાધર વાલેસ**

('વિદ્યાનગર' માસિકમાંથી ટૂંકાવીને: જુલાઈ ૧૯૭૪)

## આજ....

'આજ'નો વિચાર કરી તેને જ સરસ રીતે જીવી લો! કારણ કે 'આજ'ની દેખાતી નાનકડી યાત્રાના હાર્દમાં સર્વોત્તમ જીવનનો રહસ્યો છુપાયેલાં છે.

'આજ' ની સંકીર્ણ ગતિરીતિમાં અનેક વિવિધતાઓ અને આકાર લેતું આપણું અસ્તિત્વ છે.

નાની એવી 'આજ'માં પ્રગતિનો પમરાટ, સૌંદર્યની ખુશી અને ગૌરવની ઝલક છે.

ગઈ કાલ સ્વપ્ન બની જાય છે; આવતી કાલ મૃગજળ જેવી નરી ભ્રમણા છે.

પરંતુ ... હા! સુંદર રીતે જિવાયેલી 'આજ' તો ઘણું ઘણું છે.

અને પછી તો કાળમાં વિલય પામતી આ બધી સરસ 'આજ' ગઈ કાલ બનીને પણ ભરીભરી જ રહે છે.

અને આવતી કાલ આશાનું ગાન છેડે છે. માટે જ તો 'આજ' ભણી જોવાની વાત ખૂબીની સરસ વાત છે.

અંગ્રેજી પરથી

અનુ: **શારદાબહેન બાબુભાઈ શાહ**

# બિહાર આંદોલન – એક પત્ર

મુ. ચીમનભાઈ,

'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા અંકમાં 'બિહાર આંદોલન' વિષે આપે નીચેનાં વિધાનો કર્યાં:

'જયપ્રકાશનું આંદોલન અહિંસા, સત્ય અને સંયમની દિશાથી ઘણું દૂર છે.'

'ખૂબ વિચાર કરતાં પણ મને આ આંદોલન પ્રજાને માટે હિતકારી લાગતું નથી.'

તમારા પ્રમાણિક મતભેદ માટે કોઈને વાંધો ન જ હોઈ શકે, પરંતુ જરા વિસ્તારથી સમજાવશો કે કઈ રીતે આ આંદોલન 'અહિંસા, સત્ય અને સંયમથી ઘણું દૂર છે?' જો જયપ્રકાશજીનો આ આંદોલન પર પ્રભાવ ન હોત તો? તો શું હિંસાનાં તાંડવ ખેલાયાં ન હોત? લાંચરુશવત, મોંઘવારી, ભ્રષ્ટાચાર તથા ખુરશી માટેની ખેંચતાણથી તંગ આવેલી બિહારની પ્રજાનો ક્રોધ અને ગુસ્સો મર્યાદા ન ઓળંગ્યો હોત? સંઘર્ષ સમિતિના વિદ્યાર્થીઓ, યુવાનો કાબૂમાં રહેતે ખરા? અને જો પરેશાન યુવાનો તથા પ્રજા કંઈ અવળો માર્ગ લે તો પાછા આપના જેવા મુરબ્બીઓ એ 'ઘેલછા' પર ટીકા કરતે.

ખેર! એક સવાલ પૂછું? આપને લાગે છે કે અહિંસા, અસહકાર અને સત્યાગ્રહથી આ સત્તાશોખીન કૉંગ્રેસવાળાઓને હટાવી શકાય? જે શસ્ત્ર પરદેશી રાજ આગળ ચાલ્યું તે શસ્ત્રની મહત્તા સમજવામાં 'આપણા જ રાજકર્તાઓ' ઊણા કેમ ઊતરે છે?

'બિહાર બંધ' ના ત્રણ દિવસના કાર્યક્રમને જે આટલો સુંદર સહકાર પ્રજાએ એકે અવાજે આપ્યો અને સાફ સાફ જણાવ્યું કે 'અમને આ સરકાર ન ખપે' 'અમને આ વિધાનસભા ન ખપે - તેને બરખાસ્ત કરો' તો પછી કઈ પ્રતિષ્ઠા ઈન્દિરાજીને આડે આવે છે? કે પછી તમે પણ 'ઓલ ઈન્ડિયા રેડીઓ' અને શંકરદયાળ શર્માના પ્રવચનો પર આધાર રાખી એમ માનો છો કે આ પ્રજાનું આંદોલન નથી?

સત્તાધારી પક્ષને હઠાવવાના પ્રમાણિક મતભેદની આપ વાત કરો છો તો જણાવશો કે સરકાર બદલવી હોય તો પ્રજાએ શું કરવું? એક વાર ચૂંટ્યા એટલે પાંચ વર્ષ સુધી મૂંગા મૂંગા બધું જ સહન કરવું? કે પછી ગુજરાતને માર્ગે જવા સિવાય કાંઈ જ રસ્તો જ નથી? મારી તો માન્યતા હવે મક્કમ થતી જાય છે–બેશક આઝાદી પછીનાં ૨૭ વર્ષના અનુભવને આધારે કે અહિંસા, સત્ય, અસહકારથી થયેલા કોઈ જ આંદોલનો આ સરકારે સ્વીકાર્યાં નથી. આ સરકારે જ્યારે હિંસા ખેલાઈ છે, ઘેરાવ થયા છે, ભાંગફોડ થઈ છે અને પાટા, ટેલિફોન સાથે મરણિયા જંગ ખેલાયા છે ત્યારે જ 'સમજણ' બતાવી છે.

**અમર જરીવાલા**

**નોંધ:**

શ્રી જરીવાલાના પત્રના મુદ્દાઓનો જવાબ સંક્ષેપમાં આપું છું. આ મુદ્દાઓ વિષે મેં અગાઉ વિગતથી લખ્યું છે.

આ આંદોલન અહિંસા, સત્ય અને સંયમથી ઘણું દૂર છે તેનો જવાબ શ્રી જરીવાલાએ પોતે જ આપ્યો છે. તેમણે લખ્યું છે કે ૨૭ વર્ષના અનુભવે તેમની માન્યતા મક્કમ થતી જાય છે કે, અહિંસા, સત્ય, અસહકારથી થયેલ કોઈ જ આંદોલન આ સરકારે સ્વીકાર્યાં નથી. જ્યારે હિંસા ખેલાઈ છે, ઘેરાવ થયા છે, ભાંગફોડ થઈ છે અને પાટા, ટેલિફોન સાથે મરણિયા જંગ ખેલાયા છે ત્યારે જ 'સમજણ' બતાવી છે. આ આંદોલન પણ આવા પ્રકારનું જ છે અને તેમાં ભાગ લેનારાઓ શ્રી જરીવાલા જેવી જ માન્યતાના છે, પછી આ આંદોલન અહિંસા, સત્ય અને સંયમને સ્વીકારે છે એવું શ્રી જરીવાલા કયા આધારે કહેશે? શ્રી જયપ્રકાશે હિંસાને કાબૂમાં રાખી છે એમ કહેવું હોય તો ભલે કહે. ચિનગારી ચાંપ્યા પછી આગ કયાં સુધી કાબૂમાં રહેશે તે કોણ કહી શકે?

હકીકતમાં, વિચારમાં હિંસા ભરી હશે તો વાણી અને વર્તનમાં આવવાની જ. ગાંધીની અહિંસા એટલે વિચાર, વાણી અને વર્તનની અહિંસા. ગાંધીની અહિંસા એટલે અનિષ્ટનો પ્રતિકાર પણ અનિષ્ટના કર્તા પ્રત્યે પ્રેમ. જયપ્રકાશે પ્રમાણિકપણે સ્પષ્ટ કહ્યું છે કે આવી અહિંસા તેઓ સ્વીકારતા નથી. તેમનું આંદોલન શાન્તિમય રહે એટલો જ તેમનો પ્રયત્ન છે. અહિંસા કોઈ દિવસ સફળ થવાની હોય તો ગાંધીની અહિંસા જ સફળ થાય. બીજી બધી હિંસા છે. વ્યાવહારિક માર્ગ તરીકે વર્તનમાં સીધી હિંસા કાબૂમાં રાખીએ તે જુદી વાત છે. બિહારના ત્રણ દિવસના આંદોલનમાં ભાંગફોડ થઈ, ૧૫ નાં મૃત્યુ થયાં, ઘણા ઘાયલ થયા, જયપ્રકાશે કહ્યું કે તેમને સંતોષ છે કે આંદોલન એકંદરે શાન્તિમય રહ્યું છે અને હિંસા થઈ તેનો દોષ સરકારનો છે. સરકારી હિંસા પ્રતિહિંસા હતી કે મૂળભૂત તેનો વિવાદ નિરર્થક છે.

શ્રી જરીવાલાએ બીજો મુદ્દો એ કહ્યો છે કે સરકારને બદલવી હોય તો શું કરવું? જો લોકશાહી સ્વીકારતા હોઈએ તો ચૂંટણીમાં સત્તાધારી પક્ષને હરાવવો એ માર્ગ છે. પ્રજાનો સાથ છે એમ માનતા હોઈએ તો આ માર્ગ અશક્ય નથી. લોકસભાની ચૂંટણી ૧૫ મહિના પછી જ આવે છે. કદાચ વહેલી પણ થાય. શાસક પક્ષને હરાવવાની અત્યારથી તૈયારી કરવી જોઈએ. જયપ્રકાશ કોઈ રાજકીય પક્ષ સ્વીકારતા નથી. લોકોએ પસંદ કરેલા સારા પ્રતિનિધિઓ આવવા જોઈએ એવી તેમની માન્યતા છે. એને માટે ઘણી તૈયારી કરવી પડે. વિદેશી સરકારને હટાવવા ચૂંટણીનો માર્ગ ન હતો તેથી લડત અનિવાર્ય હતી. પુખ્ત વયમતાધિકાર હોય ત્યાં પણ આંદોલનથી સરકાર બદલવી હોય તો લોકશાહી રહી ક્યાં? બિહાર વિધાનસભાનું વિસર્જન અને મંત્રીમંડળને બરખાસ્ત કર્યા પછી પણ જયપ્રકાશને મતે ફરી ચૂંટણી જ કરવી છે. એ ચૂંટણીમાં પણ અમુક વર્ગને મનપસંદ સભ્યો ન ચૂંટાય તો શું ફરી આંદોલન કરવું? ગુજરાતમાં ત્રણ-ચાર મહિના પછી ચૂંટણી થશે. ચૂંટાયેલા ધારાસભ્યો સામે ફરીથી આંદોલન થાય?

બિહાર ધારાસભાનું વિસર્જન થાય તો રાષ્ટ્રપતિ શાસન આવશે. ગુજરાતમાં તેમ થયું. પ્રજાને શું લાભ થયો? બિહારમાં બે કરોડ માણસો પૂર અને દુષ્કાળના સંકટમાં સપડાયા છે. તેમને કાંઈ મદદ પહોંચવાને બદલે, રાજ્યની બધી શક્તિ આંદોલનનો સામનો કરવામાં જ ખરચાય છે. પરિણામે પ્રજાની હાડમારી અને યાતનાઓ વધે છે.

કોઈ પણ રાજ્યમાં કે કેન્દ્રમાં આંદોલન થાય એટલે સરકારે ખસી જવું? પરિણામે સ્થિર શાસન રહે કે અરાજકતા? પ્રજા પ્રત્યે સરકારની શું ફરજ છે? બિહારમાં વિધાનસભા કે મંત્રીમંડળ જશે તો આંદોલનના કારણ કરતાં, કૉંગ્રેસના અંદરોઅંદરના મતભેદને કારણે જવું પડશે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો સામે અસંતોષનાં ઘણાં અને સાચાં કારણો છે. દુનિયાના લગભગ બધા દેશોમાં આવી પરિસ્થિતિ છે. જ્યાં લોકશાહી નથી ત્યાં બળવો કરવો પડે છે. લોકશાહીમાં ચૂંટણી પદ્ધતિમાં ખામીઓ હોય તે સુધારવી પડે. લોકશાહીમાં પણ કોઈ ખાસ અનિષ્ટ માટે આંદોલન થાય. પણ સરકારને જ હટાવવા આંદોલન થાય એ લોકશાહી માટે જ ભયરૂપ છે.

જયપ્રકાશ પાસે કોઈ ચોક્કસ નીતિ નથી, કોઈ ચોક્કસ કાર્યક્રમ નથી. તેમને ટેકો આપનાર પક્ષોનો શંભુમેળો છે. જયપ્રકાશ પોતે કોઈ જવાબદારી લેવા ઈચ્છતા નથી. તેને પોતાનો ગુણ માને છે કે તેમને સત્તા જોઈતી નથી.

આ આંદોલન ઘણા પાયાના મુદ્દા ઊભા કરે છે. વર્તમાન પરિસ્થિતિ અસહ્ય છે. પણ આ આંદોલન તેનો સાચો માર્ગ છે એવી પ્રતીતિ થતી નથી. આ આંદોલનથી લોકશાહી દૃઢ થાય કે ખતરામાં મુકાશે; પ્રજાને લાભ થાય કે હાનિ થાય એ ખરેખર વિચારણીય છે.

૯-૧૦-'૭૪ **ચીમનલાલ ચકુભાઈ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ નવેમ્બર ૧૯૭૪ શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## * ભગવાન મહાવીર નિર્વાણ-મહોત્સવ *

તારીખ ૧૩ નવેમ્બર, ૧૯૭૪, દીપાવલિને દિને, ભગવાન મહાવીરને નિર્વાણ પામ્યાને ૨૫૦૦ વર્ષ થાય છે. રાષ્ટ્રીય સ્તરે આ અપૂર્વ અવસરની ઉજવણી થાય છે.

શ્રમણ સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. પણ જૈન ધર્મ એને ચતુર્વિધ સંઘનું વર્તમાન સ્વરૂપ ભગવાન મહાવીરે જે ઘડ્યું, તે ૨૫૦૦ વર્ષથી લગભગ અખંડ જળવાઈ રહ્યું છે.

ધર્મનાં બે સ્વરૂપ છે, સનાતન અને સાંપ્રદાયિક. સનાતન સ્વરૂપ છે તેના મૂળભૂત સિદ્ધાંતો. સાંપ્રદાયિક સ્વરૂપ Established Church-ને હોય છે તેના ધર્મગુરુઓ, ધર્મશાસ્ત્રો, મંદિરો, પૂજાવિધિ, ક્રિયાકાંડો વગેરે. સનાતન સિદ્ધાંતો જોઈએ તો બધા ધર્મોમાં લગભગ એકતા જણાશે. સાંપ્રદાયિક સ્વરૂપ ધર્મોને અને તેના અનુયાયીઓને એકબીજાથી જુદા પાડે છે. સાંપ્રદાયિક ધર્મમાં મતાગ્રહ અને ઝનૂન પ્રવેશે છે, ગચ્છવાડાઓ થાય છે. કાળક્રમે, સાંપ્રદાયિક સ્વરૂપ શાશ્વત સ્વરૂપને ઢાંકી દે છે, વિકૃત કરે છે. બધા ધર્મોમાં આમ બન્યું છે, જૈન ધર્મ તેમાં અપવાદ નથી.

મનુષ્ય બુદ્ધિમાન પ્રાણી છે. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિથી મનુષ્યની વિશેષતા એ છે કે તે પોતાના વિષે વિચાર કરી શકે છે, અંતર્મુખ થઈ શકે છે. મનુષ્યને સ્મૃતિ છે તેથી ભૂતકાળનો વિચાર કરે છે. અનેક સદીઓના અનુભવોનો તે વારસદાર છે. અનુભવથી શીખે છે, ઘડાય છે. મનુષ્યને બુદ્ધિ છે તેથી વર્તમાનનો વિચાર કરે છે. મનુષ્યને કલ્પના છે તેથી ભવિષ્યનો વિચાર કરે છે. તેનામાં જિજ્ઞાસા છે તેથી ખોજ કરે છે, અંતર અને બાહ્ય સૃષ્ટિની.

આ જિજ્ઞાસા મનુષ્યને જાણવા પ્રેરે છે કે હું કોણ છું, મારી ગતિ શું છે, મારો અંત શું છે? વિશેષ જાણવા પ્રેરે છે કે આ જગત શું છે, કોઈએ રચ્યું છે, તેનો અંત છે, તેમાં મારું સ્થાન શું છે? જ્ઞાનની આ જિજ્ઞાસા સાથે સુખની અને શાન્તિની અભિલાષા છે. તે કેમ પ્રાપ્ત થાય તેની શોધ કરે છે. તેને ચારે તરફ દુઃખનો અનુભવ થાય છે. શા માટે આ દુઃખ છે? તેમાંથી મુક્તિ છે? મુક્તિનો માર્ગ છે? સાચું અને સ્થાયી સુખ અને શાન્તિ શેમાં છે?

હજારો વર્ષથી મનુષ્ય આ પ્રશ્નો પૂછતો આવ્યો છે. જ્ઞાની અને અનુભવી વ્યક્તિઓએ માર્ગદર્શન આપ્યું છે, પણ તે ખોજ હજી અધૂરી છે, ચાલુ છે. કારણ કે દરેક વ્યક્તિએ પોતે તે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. કોઈનું આખું કામ લાગતું નથી. પોતાના અનુભવથી તે મેળવવાનું છે. તેની સાધના સહેલી નથી, દીર્ઘકાળની છે.

જે મહાપુરુષોએ માર્ગદર્શન આપ્યું છે તેમાં મહાવીર એક હતા. માણસનો અંતરના આ બધા સવાલોનું સમાધાન થાય એવું જ્ઞાન-દર્શન મહાવીરે આપ્યું છે.

જાણવું એક વસ્તુ છે, અનુભવવું બીજી વસ્તુ છે. શ્રવણ, વાચન, મનનથી કેટલુંક જાણી શકીએ, પણ સ્વાનુભવ વિના તેનું પૂર્ણસ્વરૂપ સમજાય નહિ, સમજ્યા વિના આચરણમાં ઊતરે નહિ.

જૈન ધર્મ બુદ્ધિગમ્ય છે, અનુભવગમ્ય છે. તેમાં એવાં ગૂઢ રહસ્યો નથી કે વ્યક્તિ વિચાર કરે તો ગ્રહણ કરી ન શકે.

મહાવીરના ધર્મનો મુખ્ય સિદ્ધાંત એ છે કે દરેક આત્મા પોતાના સુખદુઃખનો કર્તા છે, વિકર્તા છે, ભોક્તા છે. બાહ્ય સંજોગો નિમિત્ત બને પણ વ્યક્તિ પોતે સ્વાધીન છે, પરાધીન નથી. માણસ પોતાની પ્રકૃતિથી સુખદુઃખ ભોગવે છે, બીજાને પણ સુખી-દુઃખી કરે છે. અનંત દેખાતા બાહ્ય વિશ્વ કરતાં પણ માણસની અંતરસૃષ્ટિ વધારે અગાધ છે. આ ભીતરના જગતને સમજવા અંતર્મુખતા કેળવવી પડે. તેમાં લીન થતા શીખવું પડે. બહારની દુનિયા માણસના મનનો કબજો લે છે. તેનાથી મન ભરાઈ જાય છે. પોતાની જાતનો વિચાર કરવાનો અવકાશ રહેતો નથી. તેથી અંતરશક્તિનો પરિચય થતો નથી. બહારની શક્તિ ઉપર આધાર રાખતા થઈએ છીએ. મહાવીરે કહ્યું, આત્મા પોતે પોતાનો મિત્ર છે, પોતાનો શત્રુ છે. બહિર્મુખ દૃષ્ટિને કારણે માણસ બહારનો મિત્ર અને શત્રુને પ્રધાનતા આપે છે.

આ અંતરનો મિત્ર કોણ છે, અંતરનો શત્રુ કોણ છે?

મહાવીરે કહ્યું, અંતરનો મિત્ર શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમય આત્મા છે, જેની અનંત શક્તિ છે. અંતરના શત્રુ છે રાગ-દ્વેષ, કષાયો, વાસનાઓ, કામનાઓ, જેનાથી આત્મા ઘેરાયેલો છે, પરાધીન છે.

આત્માની સ્વાધીનતાનો બીજી રીતે વિચાર કરીએ તો તેમાં જણાશે કર્મનો સિદ્ધાંત. જૈન ધર્મે આ સિદ્ધાંતનું ઊંડું અવગાહન કર્યું છે. સરળ રીતે કહેવું હોય તો, માણસ વાવે તેવું લણે, કરે તેવું ભોગવે. આ સાથે સંકળાયેલ છે, આત્માની નિત્યતા અને પુનર્જન્મ. આપણે જેને નસીબ કે પ્રારબ્ધ માની બેસીએ છીએ તે પૂર્વજન્મનાં સંચિત કર્મ છે. તે પણ સ્વોપાર્જિત છે, ભોગવવાં પડે છે. પણ આત્મા તેથી પરાધીન થતો નથી એટલું જ નહિ પણ પુરુષાર્થથી પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરી શકે છે અને નવાં બંધાતાં રોકી શકે છે. પ્રારબ્ધ અને પુરુષાર્થમાં વિરોધ નથી.

આ ઉપરથી જણાશે કે સાચું સુખ સ્વાધીનતામાં છે, પરાધીનતા દુઃખ છે. આ પરાધીનતા એટલે બાહ્ય બંધન નહિ પણ અંતરનું બંધન. 'પરાધીન સપને સુખ નાહિ' એવું તુલસીદાસે કહ્યું ત્યારે કોઈ બાહ્ય બંધનનો વિચાર નહોતા કરતા. માણસ પોતાની વાસનાઓ અને કષાયોનો ગુલામ બને તે ખરી પરાધીનતા છે. જેલમાં બેઠો હોય તો પણ સ્વાધીન હોય, મહેલમાં પણ પરાધીન હોય. સાચું સુખ અંતરનું સુખ છે. બાહ્ય સાધનો અને પરપદાર્થો ઉપર આધાર રાખવો તે પરાધીનતા છે. અંતરની પરાધીનતામાંથી મુક્ત થવું તે વિકટ છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, આ બધા કષાયો અતિ પ્રબળ છે. માણસના મનને જોરથી ખેંચી જાય છે.

પ્રમાદથી માણસ પરાધીન થાય છે. સતત જાગ્રત હોય તો મુક્તિનું સુખ અનુભવે છે. સાચો વિજય રાગદ્વેષ ઉપરનો વિજય છે. અંતરના અરિને-રિપુને-હણવા, ત્યારે અરિહંત થવાય છે.

મહાવીરનો આ ઉપદેશ જૈન ધર્મની વિશેષતા છે એમ નથી, આ ઉપદેશ ભારતીય સંસ્કૃતિનું પ્રધાન લક્ષણ છે. ભારતના ત્રણ ધર્મો, વૈદિક, બૌદ્ધ અને જૈન, તેમની વચ્ચે તત્ત્વજ્ઞાનની બાબતમાં મતભેદ છે; દ્વૈત, અદ્વૈત, વગેરે. પણ આચારધર્મની એકતા અને સળંગસૂત્રતા છે. સાધનામાર્ગમાં ભિન્નતા છે. કોઈ એક તત્ત્વ ઉપર, તો કોઈ બીજા તત્ત્વ ઉપર ભાર મૂકે છે. રાગદ્વેષ ઉપર વિજય મેળવવો, સાચી રીતે સ્વાધીન થવું, તેમાં બધા એકમત છે. સ્વાધીનતાના અવરોધો છે, તેને દૂર કરવાના માર્ગો ભિન્નપણે આપનાવ્યા છે.

મહાવીરે અહિંસા અને તપને પ્રધાનતા આપી છે, બુદ્ધે તૃષ્ણાત્યાગ અને કરુણાને, વૈદિક ધર્મ - ગીતાએ, અનાસક્તિ અને કર્મયોગને. મહાવીરે અહિંસાને પ્રધાનતા આપી તેનાં બે કારણો જણાય છે, અને તેમાં મહાવીરના ઉપદેશની વિશેષતા છે.

જૈન દર્શન માને છે કે જીવો અનંત છે. સકલ વિશ્વ જીવ-સભર છે. જૈન દર્શનની પાયાની માન્યતા છે કે સર્વ જીવો, કીડી અને કીટકથી માંડી મનુષ્ય સુધી, સત્તાએ સમાન છે, વિકસમાં ભિન્નતા છે. સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ - મિત્તીમે સવ્વ ભૂએસુ- એ ધર્મ છે. કોઈ જીવને દુઃખ થાય એવો વિચાર, વાણી કે વર્તન પાપ છે. વળી સર્વ જીવ સુખ ઈચ્છે છે, કોઈને દુઃખ ગમતું નથી. તેથી અહિંસા પરમ ધર્મ છે. અહિંસામાંથી અપરિગ્રહ, સંયમ આપો-આપ પરિણમે છે. અમર્યાદ પરિગ્રહ અને અસંયમ, દુઃખ અને વિષમતાનાં કારણો છે. જીવનમાં સમતા અને સમન્વય, પોતાને અને બીજાને સુખકારી છે.

અહિંસા માત્ર વર્તનમાં નહિ પણ વાણીમાં અને વિચારમાં પણ હોય તો જ સાચી અહિંસા પ્રકટે. અનેકાન્તદૃષ્ટિ મહાવીરની જગતને દેન છે.

આવો ધર્મ માત્ર સાધુ કે સંન્યાસી જ આચરી શકે તેમ નથી. ગૃહસ્થ પોતાની મર્યાદામાં રહી આચરી શકે છે, આચરવો જોઈએ. ગૃહસ્થધર્મ સમાજને સ્વસ્થ અને સમતોલ બનાવે છે, સામાજિક સંઘર્ષ ટાળે છે અને બહુજન હિતમાં પરિણમે છે. લોકશાહીનો પાયો સમાનતા અને સર્વ પ્રત્યે આદર હોય તો આ ધર્મના આચરણથી સાચી લોકશાહીની સ્થાપના થાય. સ્વેચ્છાએ સ્વીકારેલ પરિગ્રહપરિમાણ સામાજિક અને આર્થિક વિષમતાઓ ટાળે અને સાચા સમાજવાદને સ્થાપે. બધાં ક્ષેત્રોમાં આચરણમાં હિંસાની મર્યાદા સ્વીકારીએ તો સામાજિક, રાજકીય અને આંતર-રાષ્ટ્રીય શાન્તિ અનુભવીએ.

મહાવીરે પ્રરૂપેલ ધર્મનાં આ શાશ્વત મૂલ્યો સાચા સુખ અને શાન્તિનો માર્ગ છે. નાન્યઃ પન્થાઃ

૨૭-૧૦-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## "નવું વર્ષ તો કહેવાશે!"

શનિવાર, તા૦ ૩૦-૧૧-'૭૪ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે "નવું વર્ષ તો કહેવાશે" એ વિષય ઉપર શ્રી હરિભાઈ કોઠારીનું નૂતન વર્ષનું જાહેર મંગળ પ્રવચન યોજવામાં આવ્યું છે.

# પ્રકીર્ણ નોંધ

**સમાન્તર સરકાર**

શ્રી જયપ્રકાશ નારાયણ બિહાર આંદોલનને વેગ આપવા વ્યાપક બનાવે છે. પહેલાં જાહેર કર્યું હતું કે ૪ નવેમ્બર પહેલાં બિહાર ધારાસભા અને મંત્રીમંડળનું વિસર્જન કરવામાં નહિ આવે તો સમાન્તર સરકારની રચના કરવામાં આવશે. હવે આ મુદત ૩ ડિસેમ્બરની કરી છે. સરકારને એક મહિનાની નોટિસ આપશે. પછી નવી ધારાસભા રચશે, તેનું મંત્રીમંડળ થશે અને તે "સરકાર" રાજ્ય કરશે, કરવેરા ઉઘરાવશે. આ મંત્રીમંડળ ખુલ્લા મેદાનમાં બેસી રાજ ચલાવશે. નવી ધારાસભાની રચના સંબંધે પહેલાં એમ કહ્યું હતું કે વર્તમાન ધારાસભામાંથી જે સભ્યો રાજીનામાં આપશે તે આપોઆપ નવી ધારાસભાના સભ્ય બનશે. આનો અર્થ એમ થાય કે વર્તમાન ધારાસભાના સભ્યો લાયક નથી, કેટલાય ભ્રષ્ટાચારી છે, પણ રાજીનામું આપે તો લાયક બની જાય, શુદ્ધ લેખાય. પછી વળી કાંઈક બીજો વિચાર આવ્યો લાગે છે અને હવે કહ્યું છે કે લાયકાતની ચકાસણી કરવામાં આવશે. પંચાયતોના મુખિયાઓ, સરકારી નોકરો, પોલીસ, બધાને ચેતવણી આપવામાં આવી છે કે તેમનું વર્તન પ્રજાના આંદોલનવિરોધી રહેશે તો નવી સરકાર તેમનો હિસાબ લેશે. જે ધારાસભ્યો રાજીનામાં નહિ આપે તેમને ઘેરાવ ઘાલવા અને બીજાં દબાણ લાવવાનું થશે. સમાન્તર સરકાર રચવી એ ખુલ્લો બળવો છે. જયપ્રકાશે કહ્યું કે સત્ય કહેવું બળવો હોય તો અમને બળવાખોર ગણજો, પણ આ સરકાર જવી જોઈએ. વિશેષમાં "નોટિસ" આપી છે કે બિહાર ધારાસભા અને મંત્રીમંડળનું વિસર્જન કરવામાં નહિ આવે તો, આંદોલનનો મોરચો દિલ્હી બનશે. ઈન્દિરા ગાંધીને જયપ્રકાશ નારાયણે વખતોવખત ગંભીર ચેતવણી આપી છે કે તેમની માગણી સ્વીકારવામાં નહિ આવે તો ઈન્દિરા ગાંધીને હટાવવાં પડશે અને તેમણે જવું પડશે.

બિહાર કૉંગ્રેસના આંતરિક વિખવાદો પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. મુખ્ય મંત્રી ગફુરની સામે આરોપ થાય છે કે તેઓ પોતાની સત્તા જાળવી રાખવા જયપ્રકાશના આંદોલનને આડકતરી રીતે ટેકો આપી રહ્યા છે. બિહાર કૉંગ્રેસનાં વિરોધી જૂથો વચ્ચે પરસ્પર આશ્ચર્યજનક આક્ષેપો થાય છે. આવી વ્યક્તિઓ રાજ્ય ચલાવવાને લાયક કેવી રીતે ગણાય? લલિતનારાયણ મિશ્રાની ઝેરી અસર બિહારના રાજકારણને ઘેરી વળી છે. ઈન્દિરા ગાંધી પણ તે અટકાવવા અસમર્થ જણાય છે. નવા કૉંગ્રેસપ્રમુખ બરુઆ ૨૮ ઑક્ટોબરે પટના જવાના છે. ભાંગી પડેલી કૉંગ્રેસને સજીવન કરવા પ્રયત્ન કરશે. આ બધા પ્રયત્નો ક્ષણિક હશે તેમ લાગે છે. સડો ઘણો ઊંડો છે. બિહાર ધારાસભા અને મંત્રીમંડળનું વિસર્જન કરવું કદાચ અનિવાર્ય બને. આમ કરતાં આંદોલનને સફળતા મળી છે એવી છાપ પડે અને તેના પડઘા બીજાં રાજ્યોમાં પડે એ જોખમ છતાં, બિહાર કૉંગ્રેસના મૃતદેહનો ભાર ક્યાં સુધી વહેવો? કદાચ તેથી વધારે નુકસાન થશે. સડેલું કાપી નાખવું હિતાવહ થાય.

પણ અત્યારે કેન્દ્ર સરકાર અને કૉંગ્રેસ બીજા મિજાજમાં છે. જયપ્રકાશના આંદોલન સામે પ્રતિઆંદોલન કરવાનો નિર્ણય કર્યો છે. તેમાં સામ્યવાદીઓનો પૂરો સાથ છે. સામ્યવાદીઓ વધારે લાભ ઉઠાવશે એમ જણાય છે. જયપ્રકાશના આંદોલનની સફળતા કરતાં કૉંગ્રેસની નિષ્ફળતા આ પરિસ્થિતિ માટે વધારે જવાબદાર છે. કૉંગ્રેસ સંગઠિત હોત તો આંદોલન આટલું પણ અસરકારક ન થાત. જયપ્રકાશ આ બરાબર સમજે છે તેથી આંદોલનને વધારે વ્યાપક બનાવે છે. રાજસ્થાન, પંજાબ, દિલ્હી વગેરે સ્થળોએ તેમણે પ્રચાર

શરૂ કર્યો છે. સમાન્તર સરકાર કંઈ બને નહિ અને ચાલે નહિ તે જયપ્રકાશ સારી રીતે સમજે છે. પણ અરાજકતા ઊભી કરી શકાય. કૉંગ્રેસ અને સામ્યવાદીઓ પ્રતિઆંદોલનને માર્ગે રહેશે તો તોફાનો થવાનો સંભવ વધારે છે. આવા પ્રતિઆંદોલનને સફળ કરવું હોય બિહાર કૉંગ્રેસમાં ઘણી સાફસૂફી કરવી પડે. તે માટે કૉંગ્રેસની તૈયારી કે શકિત હોય તેમ અત્યારે જણાતું નથી. તો બિહાર ધારાસભા અને મંત્રીમંડળનું વિસર્જન કરવું પ્રજાના હિતમાં વધારે લેખાશે. બિહારના આંદોલનનું કારણ જતાં તે ઠંડું પડશે. બીજાં રાજ્યોમાં આંદોલન શરૂ થાય તે પહેલાં કૉંગ્રેસે પોતાનું ઘર સાફ કરી, સાવચેતીનાં પગલાં લેવાં વધારે યોગ્ય થશે.

## ચૂંટણીખર્ચ

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક ચુકાદો આપ્યો છે કે કોઈ રાજકીય પક્ષ કે બીજી વ્યકિત, કોઈ ઉમેદવાર માટે ચૂંટણીમાં ખર્ચ કરે તો તેવું ખર્ચ ઉમેદવારે કરેલ લેખાય અને તેમ થતાં, ખર્ચની મર્યાદાનું ઉલ્લંઘન થાય તો તેવી ચૂંટણી રદ ગણાય. પ્રજાકીય પ્રતિનિધિત્વ ધારો–પીપલ્સ રિપ્રેઝેન્ટેશન એકટ-ની કલમનો સુપ્રીમ કોર્ટે કરેલ આ અર્થ નવો છે. આ કલમ વર્ષોથી છે અને રાજકીય પક્ષ કે બીજી વ્યકિતએ કરેલ ખર્ચને ઉમેદવારના ખર્ચ તરીકે આજ સુધી લેખવામાં આવ્યું નથી. આ અર્થઘટન સાચું ગણીએ અથવા કાયદાના ભાવને અનુરૂપ છે એમ ગણીએ તો પણ પહેલી વખત આવું અર્થઘટન થયું છે. આવું હોવું જોઈએ એમ માનીએ તો કાયદાને વધારે સ્પષ્ટ કરવો જોઈએ, જેથી ઉમેદવાર પોતાની પરિસ્થિતિ બરાબર સમજે અને તે પ્રમાણે વર્તે. છેલ્લી ચૂંટણીઓ થઈ તે અત્યાર સુધી કાયદાનું જે અર્થઘટન થયું છે તેના આધારે થઈ છે. નવું ધોરણ સ્વીકારવું હોય તો તે બાબત વિચાર કરી કાયદામાં ફેરફાર કરવો વધારે યોગ્ય ગણાય અને તેવું નવું ધોરણ હવે પછી થતી ચૂંટણીઓને લાગુ પાડી શકાય. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પછી સરકારને તુરત વટહુકમ બહાર પાડી સ્પષ્ટતા કરવી પડી કે રાજકીય પક્ષોએ કે બીજી કોઈ વ્યકિતએ ઉમેદવાર માટે કરેલ ખર્ચ ઉમેદવારના ખર્ચમાં લેખાશે નહિ. આ વટહુકમની ટીકા થઈ છે. સરકારની દાનત બૂરી છે અને સુપ્રીમ કોર્ટનો અનાદર કર્યો છે એવા આક્ષેપો થયા છે. હકીકતમાં તેમ નથી. કાયદાના આ જ મુદ્દા ઉપર ચૂંટણીઓને પડકારતી ૧૮૦ અરજીઓ કોર્ટો સમક્ષ અત્યારે પડી છે. બધા પક્ષના ઉમેદવારો અંગે છે, જો કે શાસક પક્ષના ઉમેદવારો તેમાં વધારે હશે. આ ચુકાદો વરિષ્ઠ કોર્ટનો હોઈ, આ બધી ચૂંટણીઓ રદ થાય. તેમ થાય તો જે માન્યતા ઉપર ચૂંટણીઓ લડવામાં આવી હતી તેનો આધાર ન રહેતાં ઉમેદવારોને અન્યાય થાય. તે માટે સરકારને આ વટહુકમ બહાર પાડવો પડયો છે. ભવિષ્યમાં શું ધોરણ સ્વીકારવું તે પ્રશ્ન અલગ છે. વર્તમાન કાયદો ઘડવામાં સંસદનો ભાવ શો હતો અને આજ સુધી તેનો અર્થ કેવી રીતે કરવામાં આવ્યો તે વાત લક્ષમાં લઈ યથાવત્ સ્થિતિ જાળવી રાખવા આ વટહુકમ બહાર પાડવો પડયો છે. કેટલીય વખત એવું બને છે કે કોર્ટો કાયદાનો એક અર્થ કરે તે કાં તો બરાબર ન હોય અથવા કાયદાની અસ્પષ્ટતાને કારણે સંસદ કે ધારાસભાના ભાવથી વિપરીત અર્થ થઈ જાય, ત્યારે સ્પષ્ટતા કરવી પડે.

સરકારે હવે જાહેર કર્યું છે કે સર્વપક્ષીય પરિષદ સરકાર બોલાવવા ઈચ્છે છે અને ચૂંટણી ધારાઓમાં અને ચૂંટણીખર્ચ સંબંધે શું ફેરફારો કરવા તે વિચારવામાં આવશે. એ સુવિદિત હકીકત છે કે દરેક ઉમેદવાર અને રાજકીય પક્ષ, કાયદાએ બાંધેલ મર્યાદા કરતાં ઘણો વધારે ખર્ચ કરે છે. બધા રાજકીય પક્ષો આ મર્યાદા વધારવા માગણી કરે છે. ચૂંટણીના મોટા ખરચા ભ્રષ્ટાચારનું કારણ બને છે. બધા રાજકીય પક્ષોને આ હકીકત લાગુ પડે છે, શાસક પક્ષને વધારે, પછી તે કોઈ પણ પક્ષ હોય. અત્યારે બહાર પાડેલ વટહુકમ થઈ ગયેલ ચૂંટણીના રક્ષણ માટે છે. હવે પછીની ચૂંટણી માટે નવું ધોરણ નક્કી કરી, સ્વચ્છ અને ન્યાયી ચૂંટણી થાય તેવો પ્રબંધ બધા રાજકીય પક્ષોએ મળી કરવો જોઈએ.

## ગુજરાતનું રાજકારણ

ગુજરાત વિધાનસભાનું વિસર્જન થતાં ગુજરાતમાં કૉંગ્રેસ શાસક પક્ષ છિન્નભિન્ન થઈ ગયો. તેને સજીવન કરવાના પ્રયત્નો હજુ સફળ થયા છે તેમ ન કહેવાય. કૉંગ્રેસ એવી વ્યકિતની શોધમાં છે કે જેની હજી કંઈક પ્રતિષ્ઠા રહી હોય અને પક્ષોથી પર હોય. એવો એક પ્રયત્ન હમણાં થયો, પણ પીછેહઠ કરવી પડી.ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાઘવજી લેઉઆને ગુજરાત કૉંગ્રેસનું સુકાન સોંપ્યું, પણ તેમાંથી વિવાદ જાગ્યો. વિધાનસભાના અધ્યક્ષ કોઈ એક રાજકીય પક્ષની આગેવાની ન લે એવી પ્રણાલિકા છે. તે નિષ્પક્ષ હોવા જોઈએ, રહેવા જોઈએ. શ્રી લેઉઆએ કૉંગ્રેસની આગેવાની સ્વીકારી આ પ્રણાલિકાનો ભંગ કર્યો છે તેવો જોરદાર આક્ષેપ, ખાસ કરી સંસ્થા કૉંગ્રેસ તરફથી થયો. સરદારની જન્મશતાબ્દી ઊજવાય છે, તેમાં વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી લેઉઆ, કાર્યાધ્યક્ષ છે. શાસક પક્ષના આગેવાન થયા એટલે સંસ્થા કૉંગ્રેસના આગેવાનોએ સરદાર જયન્તીનો બહિષ્કાર જાહેર કર્યો. શ્રી લેઉઆએ બચાવ કરવા પ્રયત્ન કર્યો. વિધાનસભાના અધ્યક્ષ તરીકે, બંધારણ મુજબ, તેઓ રાજીનામું આપી શકતા નથી. વિધાનસભાનું વિસર્જન થયું છે એટલે અધ્યક્ષ તરીકે કોઈ કામગીરી બજાવવાની નથી અને નવી વિધાનસભાની રચના થતાં તુરત તેઓ રાજીનામું આપશે. તેથી તેમનાં બે પદ વચ્ચે કોઈ વિરોધ થવાનો સંભવ નથી. પણ આ બચાવથી સંતોષ થયો નહિ. અંતે ગુજરાત કૉંગ્રેસની આગેવાની તેમણે છોડી છે. આ પગલું વાજબી છે અને સારું કર્યું.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ફેબ્રુઆરીમાં થવા સંભવ છે, થવી જરૂરી છે. રાષ્ટ્રપતિ શાસન લાંબો વખત ચલાવવું ન જોઈએ. દુષ્કાળની સ્થિતિ કાંઈક હળવી થઈ છે. ચૂંટણી લંબાવવાનું કોઈ કારણ નથી. શાસક પક્ષની આંતરિક મુસીબતો ગમે તેટલી હોય તેથી ચૂંટણી ઠેલી ન શકાય. શ્રી ચીમનભાઈ પટેલે તેમનો પક્ષ રચ્યો છે. સંસ્થા કૉંગ્રેસના ગુજરાતના સર્વોચ્ચ નેતા શ્રી મોરારજીભાઈ અને ચીમનભાઈ પટેલ વચ્ચે કાંઈ વાટાઘાટો થતી હોય તેવી વાત બહાર આવી છે. સંસ્થા કૉંગ્રેસના બીજા આગેવાનો તેથી સકારણ ચોંકયા છે. શ્રી સિતેન્દ્ર દેસાઈ, બ્રહ્માનંદ રેડ્ડીને મળ્યા તે સૂચક લેખાય છે. સંસ્થા કૉંગ્રેસ અને શાસક કૉંગ્રેસ એક થાય અથવા સંસ્થા કૉંગ્રેસના સન્નિષ્ઠ કાર્યકરો શાસક કૉંગ્રેસમાં જોડાય તે ગુજરાતના હિતમાં છે. શાસક કૉંગ્રેસમાં અનિષ્ટ તત્ત્વો દાખલ થયાં છે, જેનાં પરિણામો ગુજરાતની પ્રજાએ ભોગવવાં પડયાં છે. શાસક કૉંગ્રેસને હરાવવાના મોહમાં શ્રી મોરારજીભાઈ, શ્રી ચીમનભાઈ પટેલ સાથે કાંઈ સમજૂતી કરે તે ઘણું અયોગ્ય અને અહિતકારી પગલું થશે. સંસ્થા કૉંગ્રેસના આગેવાનોએ દીર્ઘ વિચાર કરી, ગુજરાતના હિતમાં નિર્ણય લેવો ઘણો જરૂરી છે. ગુજરાતની પ્રજાને સ્થિર અને સ્વચ્છ શાસન મળે એમ અંતઃકરણપૂર્વક ઈચ્છીએ.

ચીમનલાલ ચકુભાઈ

# આજે મહાવીર હોત તો...

જૈન માન્યતા અનુસાર તીર્થંકર સ્વયં પ્રતિબોધી હોય છે, એટલે કે સ્વયંપ્રેરણાથી સાધનામય જીવન માટે દીક્ષિત થાય છે તથા તીર્થનું પ્રવર્તન કરે છે એમ કહેવામાં આવે છે. આ કારણે જ તીર્થંકરો માટે 'સયં સંબુદ્ધાણમ્', 'તીર્થરાણમ્' એવા પ્રયોગો કરવામાં આવે છે. આ પરંપરા અનુસાર ભગવાન મહાવીરે પણ સ્વયંપ્રેરણાથી સાધનામય જીવનનો પ્રારંભ કર્યો. એમણે પોતે જ પોતાનો માર્ગ નિશ્ચિત કર્યો. જેઓ એક ચીલા પર ચાલે છે, બીજાએ બતાવેલા માર્ગે ચાલે છે એમનામાં મૌલિકતા નથી હોતી એ સર્વવિદિત તથ્ય છે. જે વીર છે એ પોતે જ પોતાનો માર્ગ નિશ્ચિત કરે છે. હિન્દીના એક કવિએ કહ્યું હતું કે–

**લીક લીક ગાડી ચલે, લીક હી ચલે કપૂત,**
**લીક છોડ તીનોં ચલે, શાયર, સિંહ, સપૂત.**

ભગવાન મહાવીર પોતાના સમયમાં એક મહાન ક્રાંતિકારી મહાપુરુષ હતા. એમનામાં તાત્કાલીન સામાજિક વ્યવસ્થા પ્રત્યે અસંતોષ હતો. આમાં પરિવર્તન લાવવાનો એમણે સંદેશ આપ્યો. એક યુવાન મહાપુરુષના હૃદયમાં તત્કાલીન સામાજિક વિષમતા અને આર્થિક વિષમતા પ્રત્યે વિદ્રોહની ભાવના જાગી રહી હતી. ઉર્દૂના એક કવિએ કહ્યું હતું એ ભગવાન મહાવીરની માનસિક સ્થિતિને એક રીતે બરાબર વ્યકત કરે છે:

**કામ હૈ મેરા બગાવત, નામ હૈ મેરા શવાબ,**
**મેરા નારા ઈન્કલાબો, ઈન્કલાબો, ઈન્કલાબ.**

તાત્પર્ય એ છે કે એ સમયે ધર્મના નામ પર કેવળ રૂઢિઓનો શોરબકોર જ હસ્તી ધરાવતો હતો. ધર્મના મૂળ રહસ્યને લોકો ભૂલી રહ્યા હતા તથા ધર્મોપદેશકો જન્મના–જાતિના સિદ્ધાન્તનું નિરૂપણ કરીને એક વિશિષ્ટ વર્ગની વ્યકિતઓને ઉચ્ચ ગણવાનું (પછી ભલે એમનાં કર્મો નીચ હોય) તથા એમની સાથે જ વ્યવહાર કરવાનું કહેતા હતા. સ્ત્રી અને શૂદ્રોને નીચ માનીને ધાર્મિક ગ્રંથો વાંચવાનો એમને અધિકાર નથી એમ પણ કહેવામાં આવતું હતું. દાસ-પ્રથા પણ મોજૂદ હતી. દાર્શનિકો વચ્ચે વાદવિવાદ થતો હતો તથા માનવજાતની શકિતનો દુર્વ્યય થતો હતો. આ બધા પ્રત્યે મહાવીરનું યુવાન મન વિદ્રોહથી ભરાઈ ગયું. એમણે લગભગ બાર વર્ષ સાધનામાં વિતાવ્યાં અને સત્યનો સાક્ષાત્કાર કર્યો. એમને સત્યની અનુભૂતિ થઈ. પરન્તુ આટલા લાંબા સમય સુધી એમણે મૌન પાળ્યું કે જેથી કરીને એમને વિચાર કરવા માટે પૂરતો સમય મળે. કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી એમણે ધર્મનો ઉપદેશ આપ્યો તથા એમને સત્યનો જે સાક્ષાત્કાર થયો હતો એને જગતના કલ્યાણ માટે પ્રકાશમાં મૂકયો.

એમણે દાર્શનિક વિવાદ વિશે મનન - ચિંતન કર્યું તથા સત્ય અનન્તમુખી છે એવો અનુભવ કર્યો. પ્રત્યેક દાર્શનિક વિચારસરણી સ્વયં પોતાને જ સત્ય માને છે અને બીજી વિચારધારાને મિથ્યા ગણાવે છે. આ બરાબર નથી. આંશિક સત્ય બધામાં છે અને એટલા માટે એમણે અનેકાન્ત વિચારપદ્ધતિના એક અનોખા સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું. ભગવાન મહાવીરના અનુયાયીઓમાં સચેલક - અચેલકના પ્રશ્ન પર ભાગલા પડી ગયા એ દુર્ભાગ્યની વાત છે. આથી બે સંપ્રદાયો થઈ ગયા. સ્વનામધન્ય મહાન આચાર્ય શ્રુત કેવલી ભદ્રબાહુ પછી આ ભાગલા એટલી હદ સુધી પડી ગયા કે આ ૨૫૦૦ વર્ષના લાંબા સમયગાળામાં અનેકાન્તના સમર્થ હિમાયતી એવા ઘણા જૈનાચાર્યો થઈ ગયા છતાં ય આ ખાઈ પૂરી શકાઈ નહિ. અનેકાન્તના જે સિદ્ધાન્તે એક પ્રાચીન આચાર્યને જગદ્‌ગુરુની ઉપાધિ આપાવી અને જેને સંપૂર્ણ જગતવ્યવહાર શાંતિપૂર્વક ચલાવવામાં સમર્થ ગણાવવામાં આવ્યો હતો એ અનેકાન્તના સિદ્ધાન્તનો ભગવાન મહાવીરના ઉપાસકોએ ઉપેક્ષા કરી. સાચું તો કદાચ એ છે કે અનેકાન્ત વિચારપદ્ધતિથી જૈન સમાજ કેવળ દ્રવ્યાનુયોગ સુધી જ પ્રકાશ પ્રાપ્ત કરી શકયો. આચારપદ્ધતિ (ચરણાનુયોગ) નો તેઓ પ્રયોગ કરી શકયા નહિ. હકીકતમાં તો જૈન સમાજમાં પણ પહેલાંની માફક ધર્મના મૂળ તત્ત્વને સ્થાને રૂઢિઓનું જોર વધી ગયું છે. ધર્મના નામે રૂઢિઓને પોષવામાં આપણા પુરાતનપંથીઓનો (એ સાધુ સાધ્વીઓ પણ હોઈ શકે) વધુ હાથ છે. તેઓ એમાં જ પોતાની સુરક્ષા થશે એમ માને છે. સ્થાનકવાસી સાધુ શ્રાવક સમુદાયને 'ધર્મ-લાભ' કહેતા અચકાય છે તથા દેરાવાસી સાધુ 'દયા પાળો' એમ કહેતાં અચકાય છે. એ સાચું છે કે એમને કદાચ મિથ્યાવાદી થવાનો ભય છે અથવા પોતાના અનુયાયીઓમાં અપ્રતિષ્ઠિત થવાનો ભય છે, પણ શાબ્દિક દૃષ્ટિએ આમાં કોઈ ફરક નથી. આપણે એ પણ જોઈએ છીએ કે દિગમ્બર જૈન મુનિઓ સંબંધમાં 'દિગમ્બરી મુદ્રા' અથવા તો 'દિગમ્બરી દીક્ષા' એવા શબ્દો જોડયા વિના સમાજના એક વર્ગને સંતોષ થતો નથી. કોઈ વાર આપણને એવી વૃત્તિનો આભાસ પણ થાય છે કે અચેલક સચેલકને ઊતરતી કક્ષાના સાધુ માને છે અને કદાચ સચેલક અચેલકને પણ આ જ રીતે નિમ્ન કોટિના સાધુ માને છે. આપણને દિગમ્બરત્વ તથા શ્વેતામ્બરત્વની વિશેષ ચિન્તા છે, કિન્તુ જૈનત્વ કે નિર્ગ્રંથત્વની ખાસ ચિન્તા નથી. ભગવાન મહાવીરે ઈશ્વર કર્તૃત્વવાદનો ઈનકાર કર્યો એ જ કર્તૃત્વવાદનાં દર્શન તીર્થંકર ભગવાનની આપણી સ્તુતિઓ તથા સ્તોત્રોમાં થાય છે. વધુ તો શું પણ તીર્થંકરોની સ્તુતિમાં પણ આપણે આપણા સ્વાર્થની પૂર્તિ માટેની પ્રાર્થના જ કરતા હોઈએ છીએ. મંદિરોમાં (વિશેષ કરીને શ્વેતામ્બર મંદિરો) તીર્થંકરોની મૂર્તિને સોના - ચાંદીના વરખ લગાડીને સુશોભિત કરવામાં આવે છે. જે તીર્થંકરો દીક્ષિત થયા પછી આભૂષણો નહોતા પહેરતા તથા કોઈ મૂલ્યવાન પદાર્થ પણ રાખતા નહોતા અને સર્વથા નિર્ગ્રંથ રહ્યા હતા એમની પ્રતિમૂર્તિ (મૂર્તિ)ને આ રીતે સુશોભિત કરવામાં આવે એ કોઈ પણ દૃષ્ટિએ ઉચિત નથી. શ્વેતામ્બર તથા દિગમ્બર મંદિરોમાં પર્યુષણ પર્વના વિશેષ પ્રસંગે તીર્થંકરોની મૂર્તિને પહેલી માળા કોણે પહેરાવે તથા અમુક અમુક પ્રકારનાં સુકૃત્ય કરવાના અધિકારની બોલી કરવામાં આવે છે. એ જ રીતે કેટલેક સ્થળે સ્થાનકવાસી મુનિની દીક્ષાના સમયે કે એમના સ્વર્ગવાસ સમયે જુદી જુદી વસ્તુઓની બોલી કરીને ધન એકઠું કરવાની પ્રથા આજકાલ જોર પકડી રહી છે. આ રીતે બોલી દ્વારા ધન એકઠું કરીને સામાજિક અને ધાર્મિક બાબતોમાં એનો ઉપયોગ કરવામાં આવે છે એ સાચું, પણ આ જાતની પ્રથાએ ધાર્મિક ક્ષેત્રને પણ અર્થપ્રાધાન્ય આપ્યું છે અને ભાવનાનું કોઈ મહત્ત્વ નથી રહ્યું એમ સહેજે થાય છે. કોઈ સંપત્તિની દૃષ્ટિએ દરિદ્ર પણ ભાવનાની દૃષ્ટિએ ધનવાન-સંપન્ન હોય એવાનો આ પ્રકારની ધાર્મિક ક્રિયામાં કોઈ ઉપયોગ નથી. ત્યારે આપણા ધર્મગ્રંથો તો પોકારી પોકારીને કહે છે કે ભાવના મહત્ત્વની વસ્તુ છે, અર્થસંગ્રહ પરિગ્રહ છે, પાપ છે તથા નરકનું કારણ છે. ભગવાન મહાવીરનો અનુયાયી એવો આપણો સમાજ ધાર્મિક દૃષ્ટિએ દિગમ્બર અને શ્વેતામ્બરના ભેદોમાં સપડાયેલો છે ત્યારે એમાં પણ ઉપસંપ્રદાયો ઓછા નથી. આ સંપ્રદાયોમાં પણ જાતિ–ઉપજાતિની

દૃષ્ટિએ ઊંચ-નીચની ભાવના રહેલી છે. આ પ્રકારની વિકૃતિઓની યાદી ઘણી લાંબી થઈ શકે તેમ છે. હકીકત એ છે કે ભગવાન મહાવીરને કૈવલ્યજ્ઞાન થયું એ પહેલાં આપણો દેશ જેવી સામાજિક અને આર્થિક વિષમતાની સ્થિતિમાં હતો એથી યે ખરાબ સ્થિતિ અત્યારે આપણે એની કરી દીધી છે—એ પણ પાછું ધાર્મિકતાના બહાને કે ધાર્મિકતાના નામે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક દંભને આપણે મૂળ સાચો ધર્મ માની લીધો છે અને રૂઢિઓને ધર્મનું નામ આપીને ધાર્મિક હોવાનો દાવો કરી રહ્યા છીએ.

જૈન સમાજના સમસ્ત સંપ્રદાય-ઉપસંપ્રદાયમાં 'ણમુક્કાર મંત્ર' (નમસ્કાર મંત્ર)ને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે અને એના પ્રત્યે પૂજ્યભાવ રાખવામાં આવે છે. એના અંતિમ પદ 'ણમોલોએ સવ્વ સાહૂણં'માં આપણા પૂજ્ય ગણધરોએ જે ઉદારતાનો સમાવેશ કર્યો છે એ દૃષ્ટિએ તો જૈન સમાજ પાસે એવી અપેક્ષા રાખવી અનુચિત ન ગણાય કે એ એક અત્યંત ઉદાર તથા સમસ્ત વિશ્વને ઉજાળનાર બની રહે. આ જ કારણે જૈન ધર્મ વિશ્વધર્મ બની શકે તેમ છે, પણ એ સત્ય સિદ્ધ થઈ શક્યું નથી એનો ખેદ સાથે સ્વીકાર કરવો પડે છે. આપણા પૂજ્ય ગણધરોએ બંદર પ્રકારે સિદ્ધિ મળી શકે એમ કહ્યું છે—પછી એ તીર્થ (જૈન સંઘ) હોય કે અન્ય તીર્થોનો હોય, એ ગૃહસ્થ હોય કે સાધુ હોય, ગમે તે હોય. આ બધાને મુક્તિ મળી શકે છે. એમાં શરત માત્ર એટલી જ કે એ શુદ્ધાત્મા હોવો જોઈએ તથા એણે કર્મમળને હઠાવીને શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરી લીધું હોવું જોઈએ. ભેદવિજ્ઞાન દ્વારા સ્વ-પરનું રહસ્ય જાણીને પોતાના નિજ સ્વરૂપમાં એ રમણ કરતો હોય અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો મહાન આત્મા પોતાના (એથી ઊલટું જિન) સ્વરૂપમાં સ્થિર થઈ ગયો હોય. એ મુક્તિગામી હોઈ શકે છે. એથી ઊલટું એક સંપ્રદાયના સાધુને બીજા સંપ્રદાયના સાધુ હૃદયપૂર્વક સાધક માનતા નથી, કેટલીક વાર એને અસંયમી માને છે. તાત્પર્ય એ છે કે આજે જૈન સમાજની એક વ્યક્તિ (પછી તે સાધુ હોય કે ગૃહસ્થ) એટલી બધી વિકૃતિઓનો શિકાર બની છે કે જેને લીધે એને ગુણ, કર્મ અનુસાર જૈન કહેવામાં સંકોચ થાય છે. આ કારણે મારો એવો દૃઢ વિશ્વાસ છે કે જો આજે ભગવાન મહાવીર આ વિશ્વમાં હોત અને ૨૫૦૦ વર્ષ પહેલાં એમણે આપેલો ઉપદેશ આપત તો આપણે એમને મહાવીર તરીકે સ્વીકારત નહિ અથવા તો આપણે એમના અનુયાયી છીએ એ હકીકતનો ઈનકાર કરત. બંને રીતે પરિણામ એક જ આવ્યું હોત.

એટલે ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવના શુભ પ્રસંગે જૈન સમાજ કોઈ ઐતિહાસિક ઉદાર નિર્ણય કરીને પોતાનું સાર્વભૌમત્વ સિદ્ધ કરી શકે તો એ ભગવાન મહાવીરનાં ચરણોમાં પવિત્ર શ્રદ્ધાંજલિરૂપ બનશે.

સૌભાગ્યમલજી જૈન

## સંઘ સમાચાર

### સંઘના આજીવન સભ્યો

ગતાંકમાં સંઘના આજીવન સભ્યો ઉદય થયાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ ૧૦ નવાં પ્રવેશપત્રો અમને મળ્યાં છે, એટલે આજીવન સભ્યોની સંખ્યા ૩૭૫ની થાય છે. આપણા લક્ષ્યાંકને પહોંચવામાં હજુ ૧૨૫ ની સંખ્યા ખૂટે છે. દરેક સભ્ય એક એક આજીવન સભ્ય મેળવી આપે એવી આથી વિનતિ કરવામાં આવે છે.

### કાર્યવાહક સમિતિ

સંઘની કાર્યવાહક સમિતિમાં શ્રી ગુણવંતલાલ મગનલાલ ઝવેરીનો સમિતિના સભ્ય તરીકે ઉમેરો કરવામાં આવ્યો છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ☆ આધ્યાત્મિકતા ☆

આધ્યાત્મિક શબ્દ બહુ વપરાય છે. આધ્યાત્મિકતાને નામે યોગ, ધ્યાન, ભક્તિ વગેરે ઘણા પ્રયોગો ચાલે છે. વ્યાખ્યાનો, શિબિરો વગેરે પણ થાય છે. લોકોમાં તેની ઉત્કંઠા છે. પશ્ચિમમાં આ માટે ગુરુઓનો રાફડો ફાટ્યો છે. કેટલાકે સારી જમાવટ કરી છે. માણસનું જીવન વર્તમાનમાં બહુ વ્યસ્ત છે. તેમાંથી સુખ અને શાન્તિનો કોઈ માર્ગ મળતો હોય તો તેને માટે દોડાદોડી કરે છે. આપણે ત્યાં પણ કેટલીક કુશળ વ્યક્તિઓએ ઘણા લોકોને આકર્ષ્યા છે. આધ્યાત્મનું નામ પડે એટલે લોકો દોડે છે. પ્રવચનો સાંભળવાનું લગભગ વ્યસન થઈ જાય તેવું લાગે. ભાગવત્ કથાઓ હોય, ગીતાનાં પ્રવચનો હોય, શંકરાચાર્યના કોઈ ગ્રન્થ ઉપર વ્યાખ્યાનો હોય, આધ્યાત્મનું નામ આવે એટલે આકર્ષણ થાય. એમ લાગે કે તેનું ઘેન ચડે છે. કદાચ બીજું કાંઈ ન કરવું હોય તો તેને માટે આત્મસંતોષ લેવાનો આ એક માર્ગ હશે. ભારતીય સંસ્કૃતિ કે જૈન સંસ્કૃતિનું નામ લેવું, આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોના પ્રચારનું કહેવું અને લોકો આકર્ષાશે. એ પણ દેખાશે કે આમાં દેખીતી રીતે પ્રમાણમાં સુખી, ખાસ કરી પૈસેટકે, એવા માણસો વધારે જોડાય છે. સંસ્કારી કહીએ, Sophisticated, એવો એક વર્ગ આવી આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા તત્પર થયો છે. આ વર્ગને દેહકષ્ટ પડે કે સામાજિક સેવાનાં કાર્યોમાં જોડાવું પડે તેના કરતાં સરળતાથી આધ્યાત્મિકતા મળતી હોય તો વધારે આકર્ષણ છે. કાંઈ ત્યાગ કર્યા વિના આધ્યાત્મિકતાનો માર્ગ બતાવનાર વ્યક્તિઓ આવા વર્ગને વધારે આવકારપાત્ર થઈ પડે છે.

આધ્યાત્મિકતા શું છે? અનુભવી અને જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે આત્મા પોતે પોતાનો શત્રુ છે અને મિત્ર છે. બહારનાં કારણો તેના સુખદુઃખનાં નિમિત્તો બને છે. પણ મોટે ભાગે માણસ પોતાની પ્રકૃતિથી સુખ-દુઃખ પ્રાપ્ત કરે છે અને બીજાને સુખી અથવા દુઃખી કરે છે. આ પ્રકૃતિ એટલે વ્યક્તિના રાગ અને દ્વેષ, તેના કષાયો, કામનાઓ અને વાસનાઓ. આ કષાયો મુખ્યત્વે છે, કામ, ક્રોધ, મદ, મોહ અને લોભ. તે અતિ પ્રબળ હોય છે. મનુષ્યની અનિચ્છા છતાં તેને ખેંચી જાય છે. પરિગ્રહમોહ અને ઈન્દ્રિય સુખોપભોગની લાલસા માણસના મનને વિક્ષુબ્ધ અને ચંચળ બનાવે છે, તેની બુદ્ધિને ભ્રમિત કરે છે. આધ્યાત્મિકતા એટલે રાગ-દ્વેષ ઓછા કરવા, વાસનાઓ ઉપર અંકુશ રાખવો, કાબૂ મેળવવો. આટલું થાય તો ચિત્તની અને બુદ્ધિની સ્થિરતા થાય. ધ્યાન, યોગ કે ભક્તિ તેમાં સહાયભૂત થાય, પણ યમનિયમનું પાલન અને સંયમ ન હોય, પરિગ્રહમોહ અને સુખોપભોગની અભિલાષા ઓછાં ન થાય તો આવાં ધ્યાન, યોગ, તપ કે ભક્તિ સફળ થતાં નથી. વ્યાખ્યાનો, પ્રવચનો, વાચન માર્ગદર્શક થાય છે, પણ આચરણ ન હોય તો મિથ્યા છે. આ સાધના કઠિન છે. સતત હોવી જોઈએ. આત્મસંતોષ લઈએ એટલી સહેલી નથી. તેમાં ત્યાગ અને વૈરાગ્યભાવ અનિવાર્ય છે. સુખશીલ — અને સુંવાળા જીવનને અનુકૂળ નથી. દેહની આળપંપાળ ઓછી ન થાય તો આધ્યાત્મિક ગુણનો વિકાસ થતો નથી.

સ્વાર્થભાવ ઘટવો જોઈએ. માણસ મોટે ભાગે Selfcentred—સ્વલક્ષી—છે. બીજાનાં સુખ-દુઃખની પરવા કરતો નથી. આવો સ્વાર્થભાવ ઓછો કરવાનો સરળ માર્ગ કાંઈક સેવાનું કાર્ય કરવું, બીજાનાં સુખદુઃખના સાથી બનવું, અહંભાવ ઘટાડવા સાચી નમ્રતા કેળવવી.

આધ્યાત્મિકતાને નામે અત્યારે જે ચાલી રહ્યું છે તે ભ્રમજાળ છે, તેમાં સાચી સાધના નથી.

ચીમનલાલ ચકુભાઈ

(ઋતંભરા વિશ્વવિદ્યાપીઠના સુવેનીરમાંથી સાભાર)

# સંયુક્ત રાષ્ટ્રસંઘ : સફળ કે નિષ્ફળ ?

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે તા. ૨૩–૧૦–'૭૪ના રોજ "સંયુક્ત રાષ્ટ્રસંઘ સફળ કે નિષ્ફળ" એ વિષય ઉપર શ્રી રામુ પંડિતનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું તેની નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી]

આજે સંયુક્ત રાષ્ટ્રસંઘનો ૨૯મો જન્મદિન એનાં ૧૩૫ સભ્યરાષ્ટ્રો દુનિયાભરમાં ઊજવશે. ૧૯૪૫થી આજ સુધી રાષ્ટ્રસંઘે કરેલી કામગીરીની કડક આલોચના થશે. કોઈ એને બિરદાવશે તો કોઈ એના મૃત્યુની આગાહી કરશે; પણ એના વિના દુનિયાની દશા કેવી બૂરી હોત એવો વિચાર કદાચ બહુ ઓછાને આવશે. સંયુક્ત રાષ્ટ્રસંઘે એટલી બધી અપેક્ષા લોકોમાં જગાડી છે ને એ પાર પાડવા માટેની એની શક્તિ એટલી બધી મર્યાદિત છે કે એના સ્થાપકો અને સંચાલકોની માનવસહજ નબળાઈઓ ઘણી વાર લક્ષમાં લેવાતી નથી.

સંયુક્ત રાષ્ટ્રસંઘ એ કાચનું ઘર છે. એની એક પણ પ્રવૃત્તિ ખાનગી નથી ને ખાનગી રહી શકે એવી નથી. એના એકેએક પગલાની કડક આલોચના થાય છે, ને એને છીંક આવે તો દુનિયાના અનેક દેશોને શરદી થાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘને મૂલવવાના માપદંડ દરેક દેશના જુદા છે. આથી એ જે ભૂલો કરે છે તે પહાડ જેવી દેખાય છે ને એની પ્રખર સિદ્ધિ ઢંકાઈ જાય છે.

એની વ્યાસપીઠ પરથી દુનિયાના અનેક શાણા રાજનીતિજ્ઞોએ ભાવિ સમાજનાં સ્વપ્નો ઉકેર્યાં છે, તો કોઈએ પોતાના જોડા કાઢીને ટેબલ પર પછાડ્યા છે. આદર્શવાદ ને ચાલાકી, સંસ્કારિતા અને નફ્ફટાઈ, બંનેના સાક્ષી બનવાનું રાષ્ટ્રસંઘને નસીબે આવ્યું છે.

વિશ્વયુદ્ધથી કંટાળીને નવો આદર્શ સમાજ સ્થાપવાના આરમાનો સાથે જ્યારે એની સ્થાપના થઈ ત્યારે સેવેલી અપેક્ષાઓ પાર પડી નથી. આજે સંયુક્ત રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠા અને લાગવગ ખૂબ ઓસરી ગયાં છે. નક્કર કામ કરતાં ચર્ચા, આક્ષેપો ને દલીલબાજીનો અખાડો ત્યાં સ્થપાયો છે. દુનિયાની મહાસત્તાઓ પણ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા સમસ્યાઓનો ઉકેલ શોધવાને બદલે આગવો ચોકો જમાવે છે, નિર્ણયનો દોર પોતાના હાથમાં રાખે છે ને ધાર્યું ન થાય તો 'વીટો'નો ઉપયોગ કરી ન્યાયી નિર્ણય કે પગલાં લેવાતાં અટકાવે છે.

રાષ્ટ્રસંઘના સભ્યો રશિયામાં સાહિત્યકારો, કલાકારો, પત્રકારો, વૈજ્ઞાનિકો, બૌદ્ધિકો વગેરે ઉપર લાદવામાં આવતા અંકુશોની ટીકા કરે તો રશિયન સત્તાધીશો અકળાય છે ને અમેરિકનોને એવો ભય સતાવ્યા કરે છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ ઉપર પછાત અને લોકશાહીવિરોધી રાષ્ટ્રોએ આધિપત્ય જમાવી દીધું છે. આવાં રાષ્ટ્રોની રાષ્ટ્રસંઘમાં બહુમતી છે એ વાત સાચી, પણ એમની 'લાગવગ' ત્યાં ચોકી છે, કારણ કે માત્ર સાદી બહુમતીથી લેવાતા નિર્ણયો અમલી બની શકતા નથી. 'વાતાવરણનું પ્રદૂષણ' કે 'ત્રાસવાદ' જેવી સમસ્યાઓ માટે રાષ્ટ્રસંઘનું સૌજન્ય સ્વીકારાય છે ખરું, પણ નિઃશસ્ત્રીકરણ, સંરક્ષણ કરારો, આર્થિક સહાય વગેરે બાબતમાં બે સત્તાજૂથો અંદરોઅંદર સમજૂતી કરી લે છે. રાષ્ટ્રસંઘના મહામંત્રી કર્ટ વોલ્ડહાઈમે સાચું જ કહ્યું છે કે સત્તાની સમતુલાનું રાજકારણ વિશ્વના મધ્યમ ને નાના કદનાં રાષ્ટ્રોના હિતની અવગણના કરવાનું ચાલુ રાખશે તો વીસમી સદીની બાકીની પા સદીમાં સ્થિર વિશ્વસમાજ સ્થાપવાનું મુશ્કેલ બનશે.

ઊંડીને આંખે વળગે એવી વિશ્વસમસ્યા છે આર્થિક અસમાનતાની. વિશ્વની નાનકડી લઘુમતી પ્રજા સમૃદ્ધિમાં આળોટે છે ને ૧૦૦ કરતાં વધુ દેશોમાં વસતા કરોડો માનવો ગરીબાઈમાં રહેંસાઈ રહ્યા છે. આર્થિક સમૃદ્ધિ પાછળની આંધળી દોટને કારણે અમુક દેશોની વાર્ષિક વિકાસવૃદ્ધિ એમની વસતિવૃદ્ધિ કરતાં ચાર–પાંચગણી વધારે છે. આથી એમનું જીવનધોરણ ખૂબ ઝડપથી ઊંચું જતું જાય છે; જ્યારે ગરીબ રાષ્ટ્રોનો આર્થિક વિકાસ ગોકળગાયની ગતિએ આગળ વધે છે ને વસતિ સસલાની ઝડપે.

સમૃદ્ધ અને ગરીબ દેશોની વિકાસની ગતિ વચ્ચેની ખાઈ પૂરવા માટે ગયો દસકો વિકાસના દસકા તરીકે જાહેર કરવામાં આવેલો ને સમૃદ્ધ રાષ્ટ્રો પોતાની રાષ્ટ્રીય આવકનો માત્ર ૧ ટકો વિકસતાં રાષ્ટ્રોના આર્થિક વિકાસ માટે ફાળવે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવેલી; પરન્તુ એ અપેક્ષા પાર ન પડી. આથી ચાલુ દસકાને બીજા વિકાસ દસકા તરીકે જાહેર કરવામાં આવ્યો છે; પરન્તુ ખનિજ તેલની તંગીને પરિણામે જન્મેલી આર્થિક કટોકટીને કારણે દરેક સમૃદ્ધ રાષ્ટ્ર પોતાનું ઘર ટાઢું કરવામાં અટવાયું છે ને ગરીબ રાષ્ટ્રોની હાલાકી વધતી જ જાય છે. રૂઝવેલ્ટે આજથી ત્રીસ વર્ષ પહેલાં કહેલું કે માત્ર એક નાનકડા ટાપુ ઉપર પણ ગરીબી પ્રવર્તતી હશે તો સર્વત્ર પ્રવર્તતી સમૃદ્ધિ માટે એ ખતરારૂપ નીવડશે. આ આગાહી સાચી પડતી જતી લાગે છે.

તાજેતરમાં જ વિશ્વબૅન્કના પ્રમુખ રૉબર્ટ મેકનામારાએ કહ્યું છે કે સમૃદ્ધ દેશોએ પોતાના અત્યંત સમૃદ્ધ નીવડી ચૂકેલા જીવનધોરણ ઉપર થોડો અંકુશ મૂકીને પણ વિકસતા દેશોની હાલાકી ઓછી કરવામાં સક્રિય ભાગ ભજવવો પડશે. સમૃદ્ધ દેશોના નાગરિકો ગરીબ દેશોના નાગરિકો કરતાં ખોરાકમાં ૪૦ ટકા વધુ કેલરી મેળવે છે. એમનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ ચારગણું વધારે છે, આયુષ્યમર્યાદા ૫૦ ટકા વધારે છે, ને બાળમરણનું પ્રમાણ ૯૦ ટકા ઓછું છે. આથી સમૃદ્ધ દેશો જીવનધોરણ થોડું ઘટાડે તો બહુ બહુ તો એમને થોડી આગવડ ભોગવવી પડે. પણ ગરીબ દેશોનું જીવનધોરણ છે એ કરતાં નીચું જાય તો એ તો મૃત્યુના મોંમાં જઈને જ પડે.

આ કઠોર વાસ્તવિકતા વિષે સમૃદ્ધ દેશો બેચેન તો છે જ. એ દેશો કાંઈ કરવું જોઈએ એમ પણ માને છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં થતી ચર્ચા કાંઈક નક્કર કાર્યક્રમ ઘડવા માટેની ભૂમિકા પણ પૂરી પાડે છે; પરન્તુ ગરીબ રાષ્ટ્રો પોતાની ગરીબાઈ દૂર કરવા વિધેયાત્મક પગલાં લેવાને બદલે માત્ર સમૃદ્ધોને દોષ દેવામાં જ વ્યસ્ત રહે છે. ભૂતકાળના સંસ્થાનવાદના ભૂતને ઢંઢોળ્યા કરવાથી ભાવિ સુધરવાનું નથી. પુરુષાર્થ વગર પ્રગતિ થવાની નથી એ હકીકત વિકસતા દેશોએ પણ સમજવા–સ્વીકારવાની જરૂર છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ ભલે જાદુઈ પરિણામ ન આણી શક્યું હોય; પરન્તુ ઊકળતી તપેલી પરના ઢાંકણાને સમયસર ખોરવવાનું કામ આંગળાં દઝાડીને પણ એણે ધીરજપૂર્વક કર્યું છે ને બે–ત્રણ પ્રસંગે દુનિયાને વિશ્વયુદ્ધ ભણી ધસી જતી બચાવી છે. એની માનવતાવાદી પ્રવૃત્તિને એટલી પ્રસિદ્ધિ નથી મળતી, જેટલી એની રાજકીય પ્રવૃત્તિઓને મળે છે. અંશતઃ નિઃશસ્ત્રીકરણ સિદ્ધ કરવામાં, કુદરતી આપત્તિને ટાણે કમનસીબ માનવોને સહાય પહોંચાડવામાં, અન્નની તંગી ઉદ્‌ભવે ત્યારે અનાજ વહેંચવામાં, માનવહક્કો વિષે જાગૃતિ ફેલાવવામાં, રંગભેદ ભૂંસવા અંગે લોકમત કેળવવામાં ને માનવ–માનવ વચ્ચે ભાઈચારો વધારવામાં સંયુક્ત રાષ્ટ્રસંઘે મોટો ફાળો આપ્યો છે.

વિશ્વમાં વાતાવરણનું પ્રદૂષણ વધતું જાય છે ને ઉપલબ્ધ સાધનોના પ્રમાણમાં વસતિ ખૂબ ઝડપથી વધતી જાય છે ત્યારે ગંભીર કટોકટી ઉદ્‌ભવવાનો સંભવ છે. આ કટોકટીના ઉકેલની ચાવી વિશ્વસહકારમાં છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશ્વસહકારનું પ્રતીક છે. ઠંડું યુદ્ધ સાવ ઠંડું પડ્યું છે ને સહકાર ને તટસ્થતાની ભાવના વધતી જાય છે ત્યારે તો વિશ્વસંઘે વધુ મહત્ત્વનો ભાગ ભજવવાની તકો ઝડપતા રહેવું પડશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે શું સિદ્ધ ન કર્યું એની ચર્ચા કરવાને બદલે એનું અસ્તિત્વ ન હોત તો દુનિયા કેવી છિન્નભિન્ન હોત, અસ્થિર ને અજંપાવાળી હોત એ આપણે કેમ વિચારતા નથી ? સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવતાવાદને જિવાડ્યો છે, એની માવજત કરી છે. ભૌગોલિક સીમાઓ ભલે ન ભૂંસાય; પણ માનવોનાં હૃદય ઉપર બાઝેલાં જાળાં દૂર થાય તો પણ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના વિશ્વ માટે સાર્થક નીવડી ગણાશે. આપણે આનંદે ઊજવીએ એનો સ્થાપનાદિન, એનો જન્મદિન.

રામુ પંડિત

# સંત જ્ઞાનેશ્વર અને જ્ઞાનેશ્વરી

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'સંત જ્ઞાનેશ્વર અને જ્ઞાનેશ્વરી' વિશે મૃણાલિની દેસાઈએ આપેલા વ્યાખ્યાનનો સાર]

એકાદ હજાર પહેલાંની વાત છે. ત્યારે મરાઠી ભાષાનું અસ્તિત્વ ઢંગધડા વગરનું હતું. ત્યારે મહારાષ્ટ્રમાં યાદવ રાજાઓનું રાજ્ય હતું. સમૃદ્ધિ ઠીક ઠીક હતી. સાથે ધાર્મિક ભાવનાઓમાં જડતા વ્યાપી ગઈ હતી. પરિણામે કર્મકાંડનું મહત્ત્વ વધવા પામ્યું હતું. સમાજ ચાતુર્વર્ણમાં રચોપચ્યો હતો ને જ્ઞાનસાધનાને કોઈ અવકાશ રહ્યો ન હતો.

આનંદી ગામના સોનપીપળ લેહળ એક કન્યા બેસતી. બાજુની ઈન્દ્રાણી નદીમાં સ્નાન કરતી અને ગામમાં પધારેલા સાધુની પૂજા કરતી. એક સાધુ મહાત્મા ઓ નાનેરી કન્યાની પ્રવૃત્તિઓ નીરખી પ્રસન્ન થયા. કન્યા એમને પગે લાગી ત્યારે એમણે સહજ આશીર્વાદ આપ્યો – પુત્ર ભવ. એ કન્યકા નાદાન હતી. એ હસી. સાધુને મર્યાદા છોડાઈ, સહજ શરમ જતી લાગી એથી નવાઈ થઈ. કેમ કે આ હસવું એમને વિચિત્ર લાગ્યું. એથી આમ કરવાનું કારણ પૂછતાં એ કન્યાએ કહ્યું કે તમારો આશીર્વાદ કેમ કરી ફળશે? મને તો બધાં કહે છે કે 'એ' તો ગયા છે, પાછા આવવાના નથી. 'રો' તો સંન્યાસી થઈ ગયા છે.

સાધુએ તપાસ આદરી. પૂછા કરી તો ખબર ચડી કે તે– વિઠ્ઠલ પંત – પોતાના શિષ્ય છે. મહાત્માએ એમને પરિસ્થિતિ સમજાવી અને ગૃહસ્થી ધર્મ બજાવવા માટે આજ્ઞા આપી. આમ રુકમણિનો સંસાર થયો. એમને ચાર બાળકો થયાં.

એમનાં મન પવિત્ર હતાં અને નિવૃત્તિ હોવાથી સંતોષ હતો. એથી પહેલા સંતાનનું નામ રાખ્યું નિવૃત્તિ. નિવૃત્તિ દ્વારા જ્ઞાનસાધના લાધે અને એથી બીજા સંતાનનું નામ રાખ્યું જ્ઞાનદેવ. જ્ઞાન મેળવ્યા પછી ઉપર ને ઉપર સોપાન ચડતા જવાય છે. એની યાદમાં ત્રીજા સંતાનનું નામ રાખ્યું સોપાન. ત્રીજી પુત્રી હતી. આમ એક પછી એક સોપાન મેળવતા જઈ છેવટે મુકત થવાય છે. એથી એનું નામ મુકતાબાઈ. પરિણામે વિઠ્ઠલ પંત અને રુકમણિને મનમાં સંતોષની વૃત્તિ નિર્માણ થઈ. મન ભર્યુંભર્યું થઈ ગયું હતું. એમણે બંનેએ સંન્યસ્ત લેવાનું વિચાર્યું હતું, પણ બાળકોને જનોઈ આપવાની બાકી હતી.

બ્રાહ્મણ મંડળોમાં ધર્મગ્રંથો પર અહંકારના પથ્થરો પડેલા હતા. એથી બીજું એ કંઈ જોઈ શકતા નહીં. સંન્યાસીમાંથી ગૃહસ્થી વિઠ્ઠલ પંત થયા હતા એ એમનાંથી સહેવાયું ન જ હતું. કહે: તમે જે કંઈ કર્યું છે તે ચારેય વર્ણમાં ચાંડાળનું કામ કર્યું છે. તમને વળી વર્ણ કેવો? જનોઈ બાળકોને આપવી છે તો એ માટે તમારે દેહાંત દંડની શિક્ષા ભોગવવી જ પડશે. દંપતી એ દંડ માટે તૈયાર જ હતાં. પરિણામે ઈન્દ્રાણીમાં તેમણે પડતું મૂકયું અને દેહાંત સ્વીકાર્યો.

એ પછી એ સંન્યાસીનાં બાળકો ભિક્ષા માગીને પોષણ કરતાં. ન્યાતબહાર હોવાથી લોકો ભિક્ષા આપતા ડરતા, કેમકે એમ કરવા જતાં પાપ લાગે! તેથી ચપટી પણ મળે તો મળે, નહીં તો ભૂખ્યાં પૂઈ રહેતાં. ભૂખ - તરસથી એમની આંતરડી કકળતી.

એક વખત જ્ઞાનદેવને કોઈકે લોટ આપ્યો. પણ ત્યાં એકાદ બ્રાહ્મણને એની ખબર પડી તો એણે એ લોટ ધૂળભેગો કરી નાખ્યો. 'રોટલા ખાવા છે, તો લો ખાવ' કહીને એ તો ચાલી ગયો. આ તરફ જ્ઞાનદેવને ક્રોધ સાથે દુઃખ પણ હતું જ. એ ખૂબ રિસાયા. પોતાની ઝૂંપડીમાં જઈને ઝાંપી બંધ કરી દીધી. સંતાપ કરતા હતા. થોડી વારે નિવૃત્તિ અને સોપાન આવ્યા. મુકતાબાઈ આવી. પણ જ્ઞાનદેવે ઝાંપી ન ખોલી. ત્યાં જ મુકતાબાઈએ આર્દ્ર દિલે ગાયું: "યોગી પાવન મનાંચા..." ઝાંપીને ગાલ ધરી એ ગાતાં જ રહ્યાં...

"તાકી ઉઘડા જ્ઞાનેશ્વરા" જ્ઞાનેશ્વરની ખોરડીનું તો શું, એના મનનું બારણું ખુલ્લી ગયું.

ત્યાંથી ચારેય પૈઠણ ગયાં. જનોઈ લેવાની વાત કરી અને માત - પિતાએ વહોરેલી શિક્ષાની વાત કરી તોય બ્રાહ્મણ કહે કે તમને તેનો અધિકાર નથી જ. રોવામાં ત્યાં એક વકરેલો પાડો આવ્યો. બ્રાહ્મણ કહે: "તું કહે છે કે તારામાંય શું, બધામાં બ્રહ્મ છે તો આ પાડામાંય શું બ્રહ્મ છે કે?" જ્ઞાનેશ્વરે હા કહી. "તે બતાવ, એમાં બ્રહ્મ કયાં છે?"

જ્ઞાનદેવ એ વકરેલા પાડા પાસે ગયા. એને પ્રેમથી સ્પર્શ કર્યો. એ શાંત થયો અને ભાંભર્યો. પછી કહ્યું, આમાં હવે તમને ઓંકાર સંભળાતો નથી કે? બ્રાહ્મણ ભોંઠો જરૂર પડયો, પણ અહંકાર ગયો ન હોવાથી એ ત્યાંથી ચાલી ગયો. બસ, ત્યારથી એ પાડો ચારેય ભાઈ–બહેનો સાથે રહેવા લાગ્યો.

ત્યાંથી ચારેય નાસિક ગયાં. નાથ સંપ્રદાયના એક ગુરુએ ચારેય છોકરાંને જોયાં. તેમણે નિવૃત્તિનાથને ગુરુમંત્ર આપ્યો. નિવૃત્તિનાથે ગુરુમંત્ર જ્ઞાનદેવ અને સોપાનને આપ્યો. એમણે અધ્યયન શરૂ કર્યું.

અહમદનગર પાસેના નેવાસા ગામના એક ઉજજડ મંદિરમાંના સભામંડપમાં એમણે ધ્યાન આદર્યું છે. જ્ઞાનદેવ એક કાળી શિલાને અઢેલીને બેઠા હતા.

ત્યાં જ બેઠા જ્ઞાનદેવના મુખમાંથી જ પ્રથમ શબ્દ નીકળી પડયો – "ૐ નમોજી આદ્યા....."

આંતરસૂઝથી કવિતા અને તત્ત્વજ્ઞાન એક રસરૂપે જન્મે છે. એમાં સરળતા અને સનાતન તત્ત્વ હોવાથી એ સામાન્ય જન સુધી પહોંચી શકે છે. આ મીઠી, શુદ્ધ અને તેજોમય વાણી જોઈ ત્યાં મંદિરમાં ગામલોકની ઠઠ જમતી. એમાં બ્રાહ્મણ હતા. ઢેડ, ચમાર જેવા લોકવરણની પ્રજા પણ આવીને બેસતી. જ્ઞાનદેવ પોતાની ભાષામાં બોલતા અને એ સાંભળતાં ગ્રામપ્રજાને પોતાનાં અસ્મિતાના ભાવનું દર્શન એમાં થતું ગયું. સુંદર વિષય હતો એથી શ્રોતાઓ ડોલતા જતા અને તન્મય થઈ રસ માણતા હતા. ગીતાનો વિષય પોતાની જ ભાષામાં જ્ઞાનદેવે રજૂ કર્યો હતો. અને પછી જ્ઞાનની જ્યોતિ પ્રકટે છે.

"માઝા મરાઠી ચ બોલ....." એમાં અમૃતનો ઘટ રહેલો છે. મારો શ્વાસોશ્વાસ ચાલુ રહેશે ત્યાં સુધી, યુગયુગ સુધી પ્રબંધો રચાય એટલું સાહિત્ય હશે અને છતાં જ્ઞાનદેવની ભાષામાં આડંબર નથી. ઈશ્વરને કહે છે કે તમે મારા ધણી છો, તમારો તો હું હમાલ છું.

જ્ઞાનેશ્વરીમાં જ્ઞાનની જડતા નથી, પણ એમાં ભાવુકતા છે. સુંદર વર્ણન કર્યું છે. [એમાં જીવંત તત્ત્વ ભર્યું છે. કુંડલિની જાગૃત અવસ્થા અંગે લખતાં "નાગનું બાળક કંકુમાં નાહ્યું છે" એવું કહી સમજાવવાનું રાખ્યું છે. એક સુંદર ઉપમા છે. આત્મા ને દેહ અભિનવ હોવા છતાં એ જુદા છે અને એ આપણને જચે એ રીતે એમણે સમજાવ્યું છે. ફૂલ અને પરિમલ જુદાં હોવા છતાં એક છે. સાકર અને ભૂકી એક છે છતાં જુદાં છે. આ સમજી શકાય એવાં દૃષ્ટાંતો છે. એના જ્ઞાનથી પરિપકવ થવાય છે. કડવા લીમડાની લીંબોળી મીઠી હોય છે. એ રીતે, સાધનામાં મીઠાશ કેળવાય છે.

શ્રોતાગણમાંથી એક વૃદ્ધ બ્રાહ્મણ ઊભા થઈ જ્ઞાનદેવને કહે છે કે આ વાણીને ઓળે જવા ન દેવાય. હું એ લખીશ. તમે બોલતા જજો. એમણે શબ્દો વેરાવા ન દીધા. એક અપૂર્વ ઉત્સવ જમ્યો છે. આમ, જ્ઞાનેશ્વરી લખાઈ રહી છે. પ્રાર્થનામાં જ્ઞાનદેવ માગે છે કે

આ યજ્ઞ આરંભ કરેલો એમાં ભોગ તો મારા અંદરના વિકારોનો આખ્યો છે. અંદરના વિકારો બાળી નાખ્યા છે. વૈરની આહુતિ આપી છે.

જ્ઞાનદેવે આ વખતે કયાંય સંસાર વિશે એકેય કડવો શબ્દ કહ્યો નથી. જે જે મંગળ છે, શુભ છે, બસ, એનું જ વર્ણન કર્યું છે અને એમાં ભારોભાર તત્ત્વજ્ઞાન ભર્યું છે.

જ્ઞાનદેવ સજ્જનોનો સહવાસ માગે છે. ચંદ્રમાને લાંછન ન હોય એવા કલ્પવૃક્ષોનાં અરણ્યો વધતાં જાય છે, રત્નચિંતામણિને શોધવા જવી ન પડે, ત્યાં સજ્જનો હોય એવા સજ્જનોના સહવાસની જ્ઞાનદેવ માગણી કરે છે. મનનું વાંકાપણું, દુષ્ટપણું નાશ પામો, આ જગત શાંત થાય અને સર્વત્ર શાંતિ થાય એવું એ માગે છે.

પછી જ્ઞાનેશ્વરીનું ગાન કરતા જ્ઞાનદેવ ભારત ભ્રમણકરે છે. બ્રાહ્મણોના અહંકારનાં પડળો ખસી જાય છે. અનેક પ્રકારના લોકો એમના મેળામાં આવતા જાય છે, જાણે કે ભક્તિનો વેલો જ ઊગી ન નીકળ્યો હોય.

ફરતા ફરતા એ પંઢરી આવે છે. નદીને પેલે પાર એક કાગડો છે. એ મને કશુંક શકુન કહે છે: 'તું હવે ઊડી જા, હવે જ્ઞાનદેવ, તારું કામ પૂરું થયું છે.'

જ્ઞાનદેવ કંઈ કેટલાય લોકોના ગુરુ જ માત્ર નહીં, ગુરુ માહૂલિ થયા છે. નખથી શિખ સુધી જ્ઞાનદેવ મા બની ગયા છે. સમાજ એમને છોડવા તૈયાર નથી. જ્ઞાનદેવ નિવૃત્તિનાથને પગે પડી કહે છે કે હવે મને રજા આપો અને બધાં આનંદી આવ્યાં.

સોનપીપળ પાસે એમનો જન્મસંભવ થયો હતો ત્યાં ત્રણ દિવસ સુધી ભજનકીર્તન કર્યાં. અને પછી એક ગુફામાં નિવૃત્તિનાથ એક હાથ ઝાલીને જ્ઞાનદેવને સમાધિ માટે લઈ જાય છે. જાણકારો કહે છે કે એમનો બીજો હાથ પંઢરીથી આવેલો વિઠોબાએ પકડયો હતો. જ્ઞાનદેવે ગુફામાં સમાધિ લીધી. ગુફામાંથી ઓમકારનો મંત્ર સર્વત્ર પ્રસરી ગયો.

એ વાતને પાંચસો વર્ષ થયાં પછી પૈઠણમાં એકનાથને સ્વપ્નું આવ્યું કે પીપળાનું મૂળિયું વીંટાઈ ગયું છે. એકનાથને સમજાયું. જ્ઞાનેશ્વરીના પાઠ વિસરાઈ રહ્યા હતા. એકનાથે એના શુદ્ધ પાઠ કર્યા. એની આમ જાગૃતિ થતી રહી. એમણે જ્ઞાનેશ્વરીના બધા અંકો એકત્ર કર્યા અને કામ આગળ ચલાવ્યું.

આનંદીમાં પથ્થરની ચાખડીઓ છે. પંઢરપુરમાં આષાઢી એકાદશીએ આજે સવા લાખ ઉપરાંત લોકો ત્યાં જાય છે. વારકરીઓને લોકો પગે લાગે છે. એમનું સૌ સ્વાગત કરે છે. આ વારકરીઓ દૂરદૂરથી પૈદલ આવે છે અને નિયમ પાળવાના શપથ લે છે.

આષાઢી એકાદશીએ ભક્તો ત્યાં નાચતા હોય, મસ્ત અંધારું ય હોય ત્યારે મંદિરમાંના વિઠ્ઠલ બહાર આવીને નાચી લે છે અને પછી પોઢી જાય છે. આવું કહેવાય છે એમાં કંઈક સત્ય પણ હશે ને?

**મૃણાલિની દેસાઈ**

## વાણીનો સંયમ

કોઈ શું કરે છે યા નથી કરતું એની વાતો કરવી એ ખોટું છે.

આવી વાતોને સાંભળવી એ ખોટું છે.

આવી વાતો સાચી છે કે નહિ એની તપાસ કરવી એ ખોટું છે.

આ આખી યે વસ્તુ પોતાનો સમય બગાડવા માટેની ને પોતાની ચેતનાને નીચી કરવાની બહુ જ ખરાબ રીત છે.

**શ્રી માતાજી**

# 'પ્રબુદ્ધ જીવન'ની પત્રચર્ચા

## સ્વેચ્છાએ નિવૃત્તિ

**મુરબ્બી શ્રી ચીમનભાઈ,**

તા. ૧ ઑક્ટોબરના 'પ્ર. જીવન'માં 'સ્વેચ્છાએ નિવૃત્તિ' એ લેખ વાંચીને ઘણો જ આનંદ થયો.

આ વિચાર ભારતના રાજકારણક્ષેત્રે પણ આકાર લે તે માટે ૧૯૫૮માં શ્રી જયપ્રકાશ નારાયણે સ્વ. શ્રી જવાહરલાલ નહેરુને પત્ર લખેલો કે શ્રી નહેરુએ વડા પ્રધાનપદનો ત્યાગ કરીને સંસ્થાના કામમાં સમય આપવો. એ પત્રવ્યવહાર વખતે હું શ્રી જયપ્રકાશજી સાથે કામ કરતો હતો. શ્રી નહેરુએ તે વખતના બધા જ રાજ્યોના પ્રધાનોને પોતાની નિવૃત્તિ માટેની ઈચ્છા પ્રગટ કરેલી અને બધાના વિચારો જાણવા માગેલા. એટલે તરત જ ચારે તરફથી 'તમે નિવૃત્ત ન થાવ - દેશને આ ક્ષણે તમારી અત્યંત જરૂરત છે' એવી બધાની ઈચ્છાઓ જાહેર રીતે કૉંગ્રેસ અધિવેશન સમયે પ્રગટ થયેલી. પછી ૧૦ વર્ષની નિવૃત્તિનો સવાલ આવ્યો. પરંતુ કોઈ પણ નેતાએ સ્વેચ્છાએ એમ ન કહ્યું કે, '૧૦ વર્ષથી સત્તા પર છીએ તો હવે નિવૃત્ત થઈએ, કોણ જાણે કેમ પણ ભારતના ઈતિહાસના અગત્યના સમયે એક સારા અને આપનાવવા જેવા વિચારને, ભારતીય સંસ્કૃતિવાળી ધરતીમાં જ, કોઈએ ન આપનાવ્યો. સત્તાના ક્ષેત્રમાં ૧૦ વર્ષ નહીં, પરંતુ ૧૫ અને ૨૦ - ૨૦ વર્ષથી જેઓએ પોતાની જાતને સ્થાપી દીધી છે તેઓ લોકશાહીની ક્રૂર મશ્કરી જ કરી રહ્યા છે તેમ લાગે છે. સેવાના ક્ષેત્રમાં પણ આવું જ છે. ગુજરાતના ભયાનક દુષ્કાળમાં પણ જૂના જ લોકો બધાં જ સ્થાનો પર બેસીને દુષ્કાળનિવારણનું કામ કરવા માગે છે, અને નવા કોઈ જ લોકોનો ઉપયોગ જ કરવા માગતા નથી. શ્રી રવિશંકર મહારાજ પણ તેમાં અપવાદ નથી.

આ લેખ ઉપર વાચકોના વિચારો પ્રગટ કરો એમ ઈચ્છું.

**સૂર્યકાન્ત પરીખ**

## નૈતિકતા માટે પારિતોષિકો

**તંત્રીશ્રી, 'પ્રબુદ્ધ જીવન,'**

ગુજરાતના રાજકારણમાં વિદ્યાર્થીઓએ જે ઈતિહાસ રચ્યો એવો જ સારો કે ખરાબ ઈતિહાસ હવે બિહારમાં રચાશે. રાજકારણમાં ભ્રષ્ટાચાર ન હોય એવું સૌ કોઈ ઈચ્છે છે, પરંતુ રાજકારણ સિવાયનાં ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર અને અનૈતિકતા કયાં ઓછાં છે? આજે ગુજરાતમાં વિદ્યાર્થીઓએ જે આંદોલન કર્યું એને પરિણામે રાષ્ટ્રપતિ શાસન આવ્યું. એ પરિણામ સુભગ ગણાય ખરું? આટલા સમય પછી પણ નિઃસ્વાર્થ – સેવાપરાયણી અને પ્રામાણિક ભાવિ નેતાઓનાં નામો બહાર આવ્યાં ખરાં? જનતાની નાડ પારખનારા અને જનતાએ ચૂંટી કાઢેલા એવા પ્રતિનિધિઓ ભવિષ્યને માટે દેખાય છે ખરા? પ્રામાણિક પ્રતિનિધિનું પ્રમાણપત્ર શું અને એ કોણ આપશે?

આ સિવાય નવનિર્માણ આંદોલનનાં ચાર આગેવાનો–સર્વશ્રી મનીષી જાની, મુકેશ પટેલ, અશોક ધ્રુવાલા અને કુ. સોનલ દેસાઈને આ વર્ષનાં છોટુભાઈ પુરાણી પારિતોષિકો આપવામાં આવ્યાં છે. એમ કહેવાય છે કે લોકજીવનનાં નૈતિક મૂલ્યોની રખેવાળી માટે આ ચાર જણને પારિતોષિકો આપવાનું ઠરાવાયું છે. પ્રશ્ન થાય છે કે ગુજરાતમાં જે આંદોલન ભ્રષ્ટાચાર સામે થયું, મોંઘવારી સામે થયું, એમાં અનેકના જાનમાલને હાનિ પહોંચી છે, એટલું જ નહિ, વિદ્યાર્થીઓએ કૉલેજો અને યુનિવર્સિટીઓને પણ ભયંકર નુકસાન પહોંચાડયું છે, પરીક્ષા અંગે એમનું ચલણ રહ્યું છે; અને પરિણામે શિક્ષણ અને કેળવણીની જાણે મશ્કરી જ થઈ છે.

તો, આ શું લોકજીવનનાં નૈતિક મૂલ્યોની રખેવાળી કહેવાય?

આપનો અભિપ્રાય આ પારિતોષિક સંદર્ભમાં મળે ખરો? આંદોલનના આગેવાનો નૈતિકતાના પારિતોષિકના અધિકારી કહેવાય ખરા?

**ચીમનલાલ જે. શાહ**

# ચોખાના પાંચ દાણા

જૈનોના એક ધર્મગ્રંથમાં ધના શેઠની એક બોધદાયી વાર્તા છે. ધના શેઠ રાયગઢ શહેરના એક પ્રતિષ્ઠિત વેપારી હતા. ભદ્રા કરીને તેમની પત્ની હતી અને આ પત્નીથી તેમને ચાર પુત્રોની પ્રાપ્તિ થયેલી, જેમનાં નામ પણ તેઓએ પોતાના નામ સાથે બંધ બેસે એવાં પાડેલાં. ધનપાલ, ધનદેવ, ધનગર્વ અને ધનરક્ષક. આ ચારે પુત્રોને ધના શેઠે યોગ્ય સમયે પરણાવેલા હતા અને ઉજ્ઝેયા, ભોગવૈયા, રક્ષવૈયા અને રોહિણિયા એ એમની પત્નીઓ હતી. ધના શેઠની ઉંમર થઈ હતી અને એવામાં પોતાના વ્યવસાયને અંગે તેઓને લાંબો સમય રાયગઢની બહાર જવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેમને વિચાર આવ્યો કે હવે ચાર પુત્ર-વધૂઓમાંથી કોઈએ ઘરસંસારનો ભાર ઉપાડી લેવો જોઈએ; અને તેથી એ કાર્યભાર કોને શિરે નાખવો એ વિષે તેઓ ચિંતાગ્રસ્ત બન્યા તથા આ ચિંતાના નિવારણ અર્થે વિચાર કરતાં કરતાં તેઓએ તેમની પરીક્ષાનો એક પ્રયોગ કરવાનું નક્કી કર્યું. પ્રવાસે જતા પહેલાં તેઓએ પોતાની ચારેય પુત્રવધૂઓને બોલાવીને દરેકને ચોખાના પાંચ પાંચ અક્ષત (ભાંગ્યા વગરના આખા) દાણા આપ્યા તથા કહ્યું કે "આ દાણા સાચવી રાખજો અને હું માગું ત્યારે પાછા આપજો."

એ પછી ધના શેઠ પ્રવાસે ગયા અને દરમિયાનમાં ચારે પુત્રવધૂઓએ પોતાપોતાની મતિ અનુસાર, તેઓએ સાચવવા આપેલા પાંચ ચોખાના આખા દાણાની વાત પાછળનો ભેદ ઉકેલવા મથામણ કરી. ઉજ્ઝેયાને થયું કે ચોખાના પાંચ દાણા સસરાએ માગે ત્યારે પાછા આપવાના કહ્યા છે તો આપણા ઘરમાં ચોખાની ક્યાં ખોટ છે? ગૂણીઓની ગૂણીઓ ભરેલી છે. માગે ત્યારે એમાંથી ચોખાના પાંચ દાણા નહિ મળે? માગે ત્યારે તરત જ પાંચ દાણા આપવામાં શી મુશ્કેલી નડવાની છે એમ ગણીને તેણે તો પાંચે દાણા ચકલીને ચણ નાખતી હોય તેમ હાથ ઊંચા કરીને વેરી નાખ્યા.

ભોગવૈયાને પણ કંઈક આવો વિચાર આવ્યો. પણ તેણે તો પોતાના નામ પ્રમાણે ચોખાના પાંચ દાણાને વેરી નાખવાને બદલે પોતાના મોંમાં જ મૂકી દીધા. આવશે અને પાંચ દાણા માગશે ત્યારે ક્યાં પાછા નહિ આપી શકાય? ઘરમાં ચોખાની ક્યાં ખોટ છે?

રક્ષવૈયાને થયું કે સસરાએ ચોખાના આ પાંચ દાણા આપ્યા છે તેમાં જરૂર કંઈક રહસ્ય છે. આ રહસ્યનો ભેદ પામવાની તો મારી શક્તિ નથી, પણ કાંઈ નહિ તો તેઓએ જે દાણા મને સાચવવા આપ્યા છે તેને રત્નની જેમ સાચવી તો રાખું જ. એમ વિચારી તેણે રત્નની એક નાનકડી ડબીમાં સસરાએ આપેલા ચોખાના પાંચ દાણા મૂક્યા અને ડબીને સફેદ ધોયેલા વસ્ત્રમાં બાંધી લઈને રાતદિન પોતાની પાસે જ રાખવા માંડી તથા રાત્રે સૂએ ત્યારેય ડબીને ઓશીકા નીચે રાખીને સૂએ.

પણ ચોથી પુત્રવધૂ રોહિણિયા ધના શેઠના આ કાર્ય પાછળના હેતુનો મર્મ પામી ગઈ. તેણે તો પોતાના માણસોને બોલાવ્યા તથા સારી જમીન જોઈને તેમાં એ પાંચ દાણા વાવવાને જણાવ્યું. પાંચ દાણાના કોંટા ફૂટ્યા તથા ભાતના રોપા ઊગ્યા અને યથાકાળે તેમાં ડુંડીઓ બેઠી તથા પાક થયો. પાંચ દાણામાંથી જેટલો પાક થયો એ બધાય દાણા તેણે ફરી વવડાવ્યા અને એમાંથી જે પાક થયો તેના બધાય દાણા ફરી વવડાવ્યા...અને એમ ધના શેઠના ચોખાના પાંચ દાણાના એણે પાંચ પાક લીધા.

પાંચમે વર્ષે ધના શેઠ પાછા ફર્યા અને ચારેય પુત્રવધૂઓ પાસેથી પોતે આપેલા ચોખાના પાંચ દાણા પાછા માગ્યા.

ઉજ્ઝેયાને થયું કે એમાં તે શી મોટી વિસાત છે! તેણે તો તરત જ ઘરમાં જઈ ચોખાની ગૂણીમાંથી સારા મજાના જોઈને પાંચ દાણા કાઢી લીધા અને ધના શેઠ સમક્ષ મૂકી દીધા એટલે ધના શેઠે પૂછ્યું: આ એના એ જ દાણા છે, જે મેં તમને આપ્યા હતા? કે બીજા લાવ્યાં છો? ઉજ્ઝેયાએ પહેલાં તો કહી નાખ્યું કે એના એ જ ચોખા છે. વળી ચોખાના દાણા તો બધાય સરખા—એમાં જૂના કયા અને નવા કયા એ જોવાનું શું હોય? પણ ધના શેઠ પામી ગયા તથા ઉજ્ઝેયાની પાસે આખરે વાત કઢાવી, કે તેણે તો દાણા વેરી નાખ્યા હતા અને કોઠીમાંથી હમણાં જ બીજા દાણા લઈ આવી હતી. ભોગવૈયાને પણ પોતે અસલ દાણા ખાઈ ગયાનું કહેવું પડ્યું. ધના શેઠ ઉજ્ઝેયા પર ખૂબ નારાજ થયા તથા તેને ઘરમાં વાળવા—ઝૂડવાનું, સાફસફાઈનું અને એવું કનિષ્ઠ પ્રકારનું કામ સોંપ્યું. ભોગવૈયાને તેઓએ ઘરમાં રાંધવા—ચીંધવાનું તથા અનાજની સાફસૂફી અને પીરસવાનું કામ સોંપ્યું.

રક્ષવૈયાએ તો ધના શેઠે ચોખાના દાણા પાછા માગ્યા ત્યારે સફેદ વસ્ત્રમાં બાંધેલી રત્નની ડબી તેમની સમક્ષ રજૂ કરી દીધી, જેમાં તેણે અસલના પાંચ દાણા સાચવી રાખ્યા હતા. ધના શેઠે પૂછ્યું કે એના એ દાણા છે? તો રક્ષવૈયાએ જવાબ આપ્યો કે એના એ જ છે તો. જીવની જેમ આજ પાંચ વર્ષથી તેને સાચવતી આવી છું. ધના શેઠ તેના પર પ્રસન્ન થયા તથા તેને ઘરના દરદાગીના અને સાધનસંપત્તિની સાચવણીનું કામ સોંપ્યું.

જ્યારે ધના શેઠે રોહિણિયા પાસે ચોખાના પાંચ દાણા પાછા માગ્યા ત્યારે રોહિણિયાએ તો કહ્યું કે એ પાછા લાવવા માટે તો ગાડાંનાં ગાડાં જોઈશે તથા માણસો જોઈશે. અને પછી ગાડાં ભરીને તેણે ઘરના આંગણામાં ચોખા ઠાલવ્યા. પાંચ વર્ષમાં ચોખાના પાંચ દાણામાંથી નીપજેલા આ ધાન્ય સમુચ્ચયને જોઈને ધના શેઠ ખૂબ જ પ્રસન્ન થયા તથા કુટુંબપરિવાર અને સગાંસ્નેહીઓને બોલાવીને તે બધાંની વચ્ચે ઘરના કારભારનો તમામ બોજો તેને સુપરત કર્યો.

ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં પણ આવા જ પ્રકારની કથા જુદાં જુદાં સ્વરૂપોમાં મળી આવે છે. એમાં એક કથા એવી છે કે એક અમીર પરદેશને પ્રવાસે જાય છે ત્યારે પોતાના અનુચરોને બોલાવી તેઓ દરેકને સોનાનો સિક્કો આપે છે તથા એ મૂડીથી વેપાર કરવાનું જણાવે છે. અમીર પોતાના પરાક્રમથી દૂરના કોઈ દેશનો રાજા બને છે તથા ઘણે વર્ષે પોતાના વતનમાં પાછો ફરે છે ત્યારે પોતાના અનુચરો પાસે પોતે આપેલી મૂડીનો હિસાબ માગે છે. એક અનુચર કહે છે કે મેં એકમાંથી દસ સિક્કા બનાવ્યા છે. અમીર તેને દસ ગામ આપે છે. બીજો અનુચર કહે છે કે મેં પાંચ સિક્કા બનાવ્યા. તેને અમીર પાંચ ગામ આપે છે. ત્રીજા અનુચરે સફેદ કપડામાં બાંધેલો સોનાનો અસલ સિક્કો અમીર આગળ મૂક્યો ત્યારે અમીર તેના પર ખૂબ ગુસ્સે થયો તથા કહ્યું કે કોઈ સાહુકારને ત્યાં તેં વ્યાજે મૂક્યો હોત તો પણ તેમાં આટલા વર્ષમાં કાંઈ ને કાંઈ વધારો થયો હોત અને આમ કહી તેના હાથમાંથી સિક્કો લઈ લે છે.

ચોખાના પાંચ દાણાની આ કથા તથા બાઈબલમાં એને મળતી આવતી કથાઓનું એક પાશ્ચાત્ય જર્મન સંશોધનકારે એવું તારતમ્ય કાઢ્યું છે કે બન્ને કથાઓમાં જે એક મૂળભૂત ફરક છે તે પ્રજાકીય વિચારસરણીનો છે. ધના શેઠ ઉજ્ઝેયા અને ભોગવૈયા પર ગુસ્સે થાય છે, કારણ કે તેઓએ આપેલી મતા વેડફી નાખી હતી. રોહિણિયા પર તેઓ ખૂબ પ્રસન્ન છે, કારણ કે તેણે ચોખાના એકમાંથી અનેક દાણા ઉગાડ્યા. પણ રક્ષવૈયાએ ચોખાના દાણા જીવની જેમ જાળવી રાખ્યા તેથી તેના પર તેઓ નારાજ થયા નથી. તેઓએ તેની રક્ષાવૃત્તિની પણ કદર કરીને ઘરની સંપત્તિની રક્ષાનો ભાર તેના પર મૂક્યો. પણ બાઈબલની કથામાં તો અસલ મતા સાચવી રાખનાર અનુચર પર અમીર ગુસ્સે થાય છે તથા મતા તેની પાસેથી ઝૂંટવી લે છે, કારણ કે તેને વ્યાજે મૂકી તેમાં તેણે વધારો ન કર્યો. ધના શેઠની કથાનો આ બોધપાઠ છે.

વાચકોને એક વિચાર આવશે કે પાંચ દાણામાંથી પાંચ વર્ષમાં ગાડાનાં ગાડાં ભરાય તેટલા ચોખા નીપજાવી શકાય? આ એક સાદી ગણતરીની બીના છે. ચોખાના દાણાના એક રોપમાંથી સો દાણા ચોખા નીપજે એમ ગણીએ તો પણ પાંચ વર્ષમાં પાંચ દાણાના ૫૦૦,૦૦,૦૦,૦૦,૦૦ દાણા થાય. એક કિલોગ્રામ ચોખામાં વીસ હજાર દાણા લેખે ગણતાં પાંચ વર્ષમાં આમ ૨૫૦૦ ટન અગર પચાસ હજાર ગૂણીનો પાક લઈ શકાય.

મોહનલાલ ગાંધી

(80)



# સર્વોદય, માંસાહાર અને મહાવીર નિર્વાણ શતાબ્દી

[સર્વ સેવા સંઘના બંધારણમાં સુધારો કરવા માટે નિમાયેલ ઉપસમિતિના સભ્યો તા. ૨૯-૯-'૭૪ ને દિને વિનોબાજીને મળ્યા. સર્વ સેવા સંઘ દીર્ઘકાળ ટકે એવી સંસ્થા બનાવવી હોય તો તેને આધ્યાત્મિક આધાર હોવો જોઈએ તે હકીકત લક્ષમાં લઈ વિનોબાજીએ કહ્યું: "સત્ય, અહિંસા, અપરિગ્રહ તમે રાખ્યું છે તે ઠીક જ છે. તેમાં સંયમ પણ જોડી દો. સંયમનો અર્થ માનસિક સંયમ. તેમાં બ્રહ્મચર્ય પણ વ્યાપક અર્થમાં આવી જાય છે. ગૃહસ્થધર્મનો સમાવેશ થવા છતાં સંયમની અપેક્ષા રહે છે."

સંસ્થાને આધ્યાત્મિક આધાર આપવા માટે બીજાં કયાં મૂલ્યો દાખલ કરવ જોઈએ એવા પ્રશ્નના જવાબમાં વિનોબાજીએ કહ્યું, માંસાહાર, એટલે કે માછલી, ઈંડાં, વગેરે બધાથી મુકિત. તે વિશે તેમણે જે કહ્યું તે અહીં આપવામાં આવે છે. – વિનોબાજી ભગવાન મહાવીર અને નિર્વાણ શતાબ્દીનો કેટલો વિચાર કરે છે તે પણ આ લખાણ ઉપરથી દેખાશે.].

સર્વ સેવા સંઘના બંધારણમાં સુધારો કરવા માટે નિમાયેલ ઉપસમિતિના સભ્યો તા. ૨૯ મી સપ્ટેમ્બરે વિનોબાજીને મળ્યા. એમનો રિપોર્ટ જોઈને વિનોબાજીએ સૂચવેલ કેટલીક વાતો:

(શાંતિસૈનિકના પ્રતિજ્ઞાપત્ર બાબત) મને એ જાણ નહોતી કે પક્ષવાળા પણ આમાં આવી શકે છે. મારો એવો નિશ્ચિત મત છે કે શાંતિસૈનિક હોય કે લોકસેવક હોય કે સંઘનો સભ્ય હોય, તે દરેક પક્ષમુકત જ હોવો જોઈએ.

સત્ય, અહિંસા, અપરિગ્રહ તમે રાખ્યું છે, તે ઠીક જ છે. તેમાં "સંયમ" પણ જોડી દો. સંયમનો અર્થ માનસિક સંયમ. તેમાં બ્રહ્મચર્ય પણ વ્યાપક અર્થમાં આવી જાય છે. ગૃહસ્થધર્મનો સમાવેશ થવા છતાં સંયમની અપેક્ષા રહે છે.

મેં કહ્યું છે, 'જાતિ, વર્ગ, પંથ, ભાષા, પક્ષ, પ્રાંત, એ બધાનો અસ્ત એટલે સર્વોદય.' જાતિ, વર્ગ, પંથનો ઉલ્લેખ આમાં તમે કર્યો છે, પણ ભાષા, પક્ષ, પ્રાંતનોય ઉલ્લેખ કરવો જોઈએ. આજકાલ ભાષાના આધારે પણ ઝઘડા થાય છે.

સર્વોદયવાળા પોતાની સંસ્થા વિશે શું વિચારે છે? હજાર વરસ ટકનારી સંસ્થા, સો વરસ ટકનારી કે પચીસ વરસ ટકનારી?

પ્રશ્ન: સ્થાયી હજારો વરસ ટકનારી સંસ્થા હોય તો તેના માટે આધ્યાત્મિક આધાર જોઈએ. સર્વસંમતિ, સર્વાનુમતિ આધ્યાત્મિક મૂલ્યરૂપે આપણે દાખલ કર્યા છે, તેમ બીજાં કયાં મૂલ્ય આ હેતુસર દાખલ કરવાં જોઈએ?

વિનોબા: શું તમારી એવી હિંમત છે – મહાવીરની સંવત્સરીના સ્મરણમાં બોલી રહ્યો છું – કે તમારા જેટલા સેવકો છે તે બધા માંસાહારથી, એટલે કે માછલી, ઈંડાં વગેરે બધાંથી મુકત થઈ જાય? આગળ જતાં હવે માંસાહાર ચાલવાનો નથી. તમારી વસ્તી વધી રહી છે. ધારો કે એક માંસાહારી બળદને ખાશે. એટલે કે બળદ ખેતરનું અનાજ ખાશે, અને આપણે બળદને ખાઈશું. ખેતરનું અનાજ ખાવાને બદલે અનાજ ઉગાડનારને ખાઈશું! તો એક માણસના આહાર માટે ચાર એકર જમીન જોઈશે. પણ જો દૂધના આહાર પર રહીશું, તો બે એકર જમીન જોઈશે અને અનાજ ઉપર રહીશું, તો એક એકર. દિવસે દિવસે જમીન ઓછી પડતી જવાની. માટે જો સમાજે જીવતા રહેવું હશે, તો માંસાહાર છોડવો જ પડશે.

આધ્યાત્મિક દૃષ્ટિની વાત અલગ છે. પરંતુ કેવળ જીવવાની દૃષ્ટિએ, એટલે કે શારીરિક રીતે જીવવા માટે પણ માંસાહાર છોડવો જ છૂટકો છે. આમ, આજે માંસાહારત્યાગની વાત પાછળ ડબલ એન્જિન લાગી ગયાં છે, તેની પાછળ બેવડું જોર લાગ્યું છે. એક તો આધ્યાત્મિક અને બીજું, જીવન ટકાવી રાખવાની દૃષ્ટિએ. તો માંસાહાર છોડવાની હિંમત જો તમે કરી શકો, તો તમને આધ્યાત્મિક આધાર મળી જશે. સત્ય, અહિંસા, સંયમ વગેરે તો છે જ. તે ઉપરાંત એક નિશ્ચિત વસ્તુ – માંસાહાર પરિત્યાગ!

હું તમને આનો વ્યાવહારિક લાભ બતાવું. આનાથી હિંદુસ્તાનના વૈષ્ણવ, શૈવ, કબીરપંથી, જૈન, જેમણે બધાએ માંસાહાર છોડયો છે, તે બધાની સેવા તમને મળશે, ઉપવાસ-દાન લાખો મળશે.

આજે હિંદુસ્તાનમાં પપ કરોડ લોકો છે. તેમાંથી પાંચ કરોડે માંસાહાર છોડયો હશે. ગુજરાત આખું – આદિવાસીઓ અને બિન-હિંદુઓને બાદ કરતાં – માંસમુકત છે. ગુજરાતમાં અઢી કરોડ લોકો છે. તેમાંથી બે કરોડ માંસમુકત હશે. પછી રાજસ્થાન, મહારાષ્ટ્રના બ્રાહ્મણ, દક્ષિણના લિંગાયત, જૈન વગેરે બધા છે જ. તો આમ લગભગ પાંચ કરોડ લોકો માંસ નથી ખાતા. બાકીના જે લોકો માંસ ખાય છે તેમાંથી યે ઘણા લોકો રોજ નથી ખાતા. મહિનામાં એકાદ વાર કે પંદર દિવસે એકાદ વાર ખાય છે. એ રીતે જોતાં પપ કરોડમાંથી વ્યાવહારિક દૃષ્ટિએ ન ખાનારા ૨૦ કરોડ છે. લગ્ન વગેરે પ્રસંગે કે ખાસ ભોજન સમારંભ વખતે ખાતા હશે. બાકી, સામાન્ય રીતે રોજ નથી ખાતા. મળતું જ નથી. બહુ મોંઘું પડે છે. તેથી સર્વ સેવા સંઘ જો પોતાના બધા સેવકો માટે આ માંસાહારમુકિતની વાત સ્વીકારી શકે, તો આધ્યાત્મિક આધાર સારો મળશે, અને મહાવીરના આશીર્વાદ મળશે.

ખ્રિસ્તી લોકો માંસાહારી હોય છે તે તમે જાણો જ છો. સેંટ પોલ કહે છે – 'આહાર ઈશ્વર-પ્રાપ્તિનું સાધન નથી. આહાર લેવાથી આપણી ઉન્નતિ અને ન લેવાથી અવનતિ થવાની છે એવું નથી. તેથી મારો આહાર જો મારા ભાઈને આપત્તિજનક લાગતો હોય તો હું આજીવન માંસાહાર નહિ કરું, કે જેથી મારા ભાઈને હું દુઃખી ન કરું.'

ધારો કે હું ખ્રિસ્તી છું, તમે હિંદુ છો. મારો માંસાહાર તમને ગમતો નથી, તો હું માંસ ન ખાઈ શકું. કયાં સુધી નહિ? "વ્હાઈલ ધ વર્લ્ડ સ્ટેન્ડઝ." મતલબ કે કાયમને માટે. હું તો મરવાનો જ છું. પણ મારો ગ્રંથ રહેશે. "ખ્રિસ્તધર્મસાર" માં મેં આને શિર્ષક આપ્યું છે "શિષ્ટાચાર: નિરામિષમ્", અર્થાત નિરામિષ રહેવું શિષ્ટાચાર છે.

પ્રશ્ન: આપણા બધા લોકો કદાચ આનો સ્વીકાર નહિ કરે.

વિનોબા: એ તો હું જાણું છું. આને લીધે તમારામાંથી કેટલાક જશે. તો સારું છે. સફાઈ થઈ જશે અને નવા આવશે. મારો ખ્યાલ છે, વૈષ્ણવ, લિંગાયત ઘણા આવશે. એમ જેટલા જશે તેની પૂર્તિ થશે અને જશે તેઓ પણ વિચારશે કે રહી જવું કે માંસાહારને પકડી રાખવો? બર્નાર્ડ શૉએ કહેલું કે હું મારા પેટને પ્રાણીઓનું કબ્રસ્તાન બનાવવા નથી માંગતો. તેઓ માંસ નહોતા ખાતા.

હું તો ત્યાં સુધી તૈયાર છું કે તમે ઠરાવ કરો કે મહાવીર-નિર્વાણની શતાબ્દી છે, તો એક વરસ અમે માંસ નહિ ખાઈએ એમ નક્કી કરીએ તો આવતા વરસે ન ખાવું સહેલું થશે. જેમ કે હમણાં તમે કહ્યું કે કેટલાક પ્રાંતોએ એક વરસ માટે શિકારની બંધી કરી છે. શિકારનું તો એવું છે કે એક વરસ બંધ કર્યો તો આવતા વરસે બેવડો થઈ શકે છે. પરંતુ કોઈએ જો એક વરસ માંસાહાર છોડયો, તો એને પૂછી શકાય કે એક વરસ છોડયો તો હવે ચાલુ શું કામ નથી રાખતા? વિનોબા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. by south 54
Licence No.: 37

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ નવેમ્બર ૧૯૭૪ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## વીતેલું વર્ષ

વિક્રમની ૨૦૩૦ ની સાલ પૂરી થઈ. સુખદ સંભારણા મૂકી જતી નથી. રાજકીય અને આર્થિક વિટંબણાઓ ઘેરી વળી છે. અસંતોષ અને સંઘર્ષ તીવ્ર બન્યા છે. ચારે તરફ નિરાશા છે. આવી પરિસ્થિતિ માટે ઉપરઉપરના કારણો શોધવા કરતા પાયાના કારણો વિચારીએ તો તેનાં નિવારણનો કાંઈક ઉપાય સૂઝે.

આપણે એવા સમયમાં છીએ કે જ્યારે રાજ્યની સત્તાઓ અને જવાબદારીઓ વ્યાપક અને વિશાળ છે અને હજી કદાચ વધતી રહેશે. જીવનના દરેક ક્ષેત્રમાં અને ખાસ કરી આર્થિક બાબતોમાં રાજ્યની દરમ્યાનગીરી અસરકારક અને અંતિમ છે. એક માન્યતા એવી છે કે ઓછામાં ઓછું શાસન કરે તે રાજ્યતંત્ર સારું, આમાં સમાજ સ્વયંનિયમિત હોય છે. અત્યારે એથી વિપરીત સ્થિતિ છે. તેથી રાજ્યકર્તાઓ કુશળ, પ્રમાણિક અને સેવાભાવી હોય તો સમાજ સુખી અને આબાદ થાય. આપણી રાજ્યપદ્ધતિ લોકશાહી છે, પણ તે સંસદીય લોકશાહી એટલે પ્રતિનિધિઓ મારફત છે. તેનું અનિવાર્ય અંગ ચૂંટણી છે. આ પ્રતિનિધિઓ – રાજ્યદ્વારી વ્યક્તિઓ પ્રત્યે ઉગ્ર અસંતોષ છે. તેથી રાજ્યતંત્ર પ્રત્યે વિરોધ છે. પ્રજાની બધી હાડમારીઓ માટે તેમને જવાબદાર ગણવાની વૃત્તિ છે, ઘણે દરજ્જે તેઓ જવાબદાર છે જ. આ પરિણામ માટે વ્યક્તિઓ તેમ જ પદ્ધતિ (Individuals and the System) બન્ને કારણભૂત છે. વ્યક્તિઓ બદલવી અથવા પદ્ધતિ બદલવી અથવા બન્ને બદલવાં.

આવા પ્રકારની પ્રતિનિધિત્વવાળી લોકશાહીમાંથી લોકોનો વિશ્વાસ મોટેભાગે ઊઠી ગયો છે. પણ બીજા કોઈ પ્રકારની રાજ્ય પદ્ધતિ-તેથી વધારે સારી–સૂઝતી નથી. બ્રિટીશ ન્યાયપદ્ધતિ વિનાશક રીતે ખર્ચાળ અને વિલંબકારી હોવા છતાં તેનો કોઈ વિકલ્પ સૂઝતો નથી, તેમ આ પ્રકારની બ્રિટિશ સંસદીય લોકશાહીનો વિકલ્પ પણ સૂઝતો નથી, અને ઘણાં દેશોમાં તેનું અનુકરણ થયું છે. વિનોબાએ, કાંઈક ગાંધીજીના વિચારોને આધારે ગ્રામસ્વરાજની કલ્પના કરી છે, તેનાથી આપણે ઘણાં દૂર છીએ. જયપ્રકાશ ધારાસભાઓ અને લોકસભાનું વિસર્જન માગે છે ત્યારે પણ, વર્તમાન બંધારણ અને ચૂંટણીપદ્ધતિના ઢાંચામાં રહીને, ફરી ચૂંટણીઓ જ વિચારે છે.

પદ્ધતિ આમૂલ બદલી ન શકીએ તો પણ તેના અનિષ્ટો ઓછા કરવા ઘણા ફેરફાર થઈ શકે છે અને કરવા જોઈએ. લાયક ઉમેદવારોની પસંદગી, ચૂંટણીના અમર્યાદ ખર્ચ અને તેને કારણે વ્યાપક ભ્રષ્ટાચાર ઉપર અંકુશો, ચૂંટણી મુક્ત, સ્વરછ અને ન્યાયી થાય તેનો પ્રબંધ, વગેરે ઘણું થઈ શકે છે. આ દિશામાં વિચારવા અને તેને માટે તાત્કાલિક યોગ્ય પગલાં લેવાને બદલે અત્યારે મોટો સંઘર્ષ ચાલુ છે. આ માટે બધા રાજકીય પક્ષોએ વર્તનનું ચોક્કસ ધોરણ સ્વીકારવું પડે અને કાયદાઓમાં ફેરફારો કરવા પડે. પણ બધા રાજકીય પક્ષોને પોતાનો સ્વાર્થ છે. આવા જરૂરી ફેરફારો કરવા રાજકીય પક્ષોને ફરજ પાડવી અને લોકજાગૃતિ લાવવી તે ખરું કામ છે. અત્યારનો સંઘર્ષ રાજકીય છે, પાયાના ફેરફારનો નથી. બધી વિધાનસભાઓ અને લોકસભાને વિસર્જન કરાવીએ, વર્તમાન શાસક પક્ષને હરાવીએ તો પણ આ પાયાના પ્રશ્નો હલ ન કરીએ ત્યાં સુધી પ્રજાહીતની દિશામાં પ્રગતિ નહિ થાય. ચૂંટણી પદ્ધતિમાં યોગ્ય ફેરફારો કરવા સર્વપક્ષીય પરિષદ બોલાવવાનું સરકારે જાહેર કર્યું છે. આમાં કેટલી સાચી દાનત છે તે કહેવું મુશ્કેલ છે, પણ તે તકનો પૂરો લાભ લેવો જરૂરી છે. યોગ્ય ઉમેદવારોની પસંદગી અને ચૂંટણી, મુખ્યત્વે લોકશક્તિ ઉપર આધાર રાખે છે.

વર્તમાન પરિસ્થિતિનું બીજું મુખ્ય કારણ જુદા જુદા વર્ગોના આર્થિક હિતોનો સંઘર્ષ. આમાં સ્પષ્ટ વિચારસરણી અને આર્થિક નીતિ અનિવાર્ય છે. બધા સમાજવાદી હોવાનો દાવો કરે છે. જયપ્રકાશ નારાયણે કોઈ આર્થિક કાર્યક્રમ જાહેર કર્યો નથી. તેઓ પુરા સમાજવાદી છે તેમ આપણે જાણીએ છીએ, પણ તેના અમલ માટેનો આર્થિક કાર્યક્રમ જાહેર કરે તો અત્યારે જે પક્ષો અને બીજા બળોનો તેમને ટેકો છે તે કદાચ ન રહે. તેથી કાર્યક્રમ જાહેર કર્યો નહિ હોય. અથવા કોઈ સ્પષ્ટ કાર્યક્રમ તેમને છે કે નહિ તે ખબર નથી. કોંગ્રેસે રાજકીય લડત આપી ત્યારે પણ સમાજની કઈ રીતે નવરચના કરવી છે તેની સ્પષ્ટ રૂપરેખા પ્રજા સમક્ષ મૂકી હતી. સ્થાપિત હિતોને દૂર કરવા સિવાય છૂટકો નથી. તેમાં રહેલ સંઘર્ષ અનિવાર્ય છે.

પણ સરકાર બધું કરશે અથવા કરી શકશે એમ માનીએ તો ભીંત ભૂલીશું. બધી વિષમતાઓ અને અસમાનતાઓ માટે સરકારને જ જવાબદાર ગણી અને તેને માથે જ દોષ ઢોળવાનું વિચારી કોઈ વ્યકિત પોતાની જવાબદારીમાંથી છૂટી શકતી નથી. મોંઘવારી, સંગ્રહખોરી, નફાખોરી, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને ગરીબાઈ માટે માત્ર સરકાર જ જવાબદાર છે અને તે દૂર કરવાની સરકારની જ ફરજ છે એવું માનવાની ભૂલ કોઈ નહિ કરે. દરેક વર્ગ અને વ્યકિત તેને માટે જવાબદાર છે અને તેની ફરજ છે. આપણા સ્વાર્થ અને લોભમાં આપણે રચ્યાપચ્યા છીએ. મોટા ખેડૂતો, વેપારી, ઉદ્યોગપતિ, બુદ્ધિજીવી બધા લૂંટવામાં પડયા છે. પ્રજાનો બધો રોષ માત્ર રાજદ્વારી વ્યકિતઓ પ્રત્યે જ વાળીશું તો રોગનું સાચું નિદાન કે ઉપાય નહિ થાય. લોકનાયકો કે આગેવાનો પ્રજાના આ બધા વર્ગોને કડવું કહેવાની હિમત નહિ કરે અને જરૂર પડયે તેમની સામે લડવાની તૈયારી ન કરે તો શાસનમાં ગમે તેટલી બદલી કરીએ છતાં શુભ પરિણામ નહિ આવે. સ્થાપિત હીતોના આ વર્ગો ચાલાક છે. તેમના હાથ લાંબા છે. પ્રજાને અવળે માર્ગે દોરવા અને પોતાના દોષો બીજાના માથે ઢોળવામાં કુશળ છે. ડગલે ને પગલે તેનો અનુભવ થાય છે. આ બધા વર્ગો સ્વેરછાએ પોતાના સ્વાર્થ અને લોભની મર્યાદા બાંધે તેટલો જાગૃત લોકમત કેળવવો એ આગેવાનોની ફરજ છે. બહાના આપીને છટકવા ન દેવાં જોઈએ. આવો માનસપલટો માત્ર કાયદાથી થઈ શકે તેમ નથી.

૧૦-૧૧-૭૪ ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

**મિસા અને કોર્ટો**

દાણચોરીના આરોપસર મીસા નીચે ઘણી ધરપકડો થઈ છે તેમાંના કેટલાયને કોર્ટોએ છોડી દીધા છે. આ પરિણામ થોડુંક આશ્ચર્યજનક છે. મીસા ઘણો કડક કાયદો લેખાય છે. તેમાં એવો પ્રબંધ છે કે સરકારને એમ લાગે કે કોઈ વ્યકિત દેશના રક્ષણ, વિદેશી સત્તાઓ સાથેના સંબંધો અથવા દેશની સુરક્ષા, જીવન જરૂરિયાતોનો પુરવઠો જાળવવો, વિગેરેને બાધ આવે એવું કાંઈ વર્તન કરે તેમ છે, તો તેમ કરતાં રોકવા સરકાર તેની અટકાયત કરી શકે છે. ત્યાર પછી તે વ્યકિતને અટકાયતના કારણો જણાવવા જોઈએ. તે કારણો સામે આ વ્યકિત પોતાનું નિવેદન આપી શકે છે. આ કાયદામાં સલાહકાર સમિતિ રચવાનો પ્રબંધ છે. તેના સભ્યો હાઈકોર્ટ જજ હોય અથવા થવાને પાત્ર હોય એવી વ્યકિતઓ હોવી જોઈએ. અને હાઈકોર્ટ જજ હોય અથવા થઈ ગયા હોય તેવી વ્યકિત તેના પ્રમુખપદે નિયુકત થાય. અટકાયત પછી ૩૦ દિવસમાં સરકારે સલાહકાર સમિતિને તેની જાણ કરવી અને કારણો જણાવવા. સલાહકાર સમિતિ તે વિષે ઘટતી તપાસ કરી દસ દિવસમાં અટકાયત કરવાની જરૂર છે કે નહિ તે વિષે સલાહ આપે અને સરકારે આ સલાહ માન્ય રાખવી જોઈએ. જો સલાહ પડે તો આવી રીતે એક વરસ સુધી અટકાયતમાં રાખી શકાય.

દાણચોરીને આ કાયદો લાગુ પડતો ન હતો. તેમાં સુધારો કરી લાગુ કર્યો. એટલો ફેર કે દાણચોરી માટે પકડાયેલ વ્યકિતને એક વરસ સુધી અટકાયતમાં રાખવા સલાહકાર સમિતિના અભિપ્રાયની જરૂર ન રહે, પણ નવ મહિનાની અંદર સલાહકાર સમિતિને જાણ કરવી જોઈએ અને એક વરસથી વધારે અટકાયત કરવી હોય તો સલાહકાર સમિતિનો અભિપ્રાય હોય તો જ થઈ શકે અને તેવો અભિપ્રાય મળે તો બે વરસ અટકાયત રાખી શકે.

આ કાયદાની ભૂમિકા એ છે કે, આવા અટકાયતી સામે કોર્ટમાં સામાન્ય ધારા મુજબ ગુન્હો પુરવાર થઈ શકે એવા પુરાવા નથી પણ સરકારની માહિતી મુજબ સરકારને ગુનાની ખાતરી છે અને એવા ગુન્હાઓ રોકવા આ વ્યકિતની અટકાયતની જરૂર છે. પણ તેનો દુરૂપયોગ ન થાય તે માટે હાઈકોર્ટ જજની કોટિની વ્યકિતઓની સલાહકાર સમિતિની સલાહ લેવી અને તે મુજબ વર્તવું ફરજિયાત છે. કોર્ટમાં કેસ ચલાવવાનો કોઈ પ્રશ્ન નથી. સલાહકાર સમિતિ ઘટતી તપાસ કરી સલાહ આપે.

વ્યકિતની સ્વતંત્રતા ઘણી કીમતી વસ્તુ છે. તેનું પૂરું જતન કરવાની ફરજ છે. પણ એવા ગુન્હાઓ હોય કે જે સામાન્ય કાયદા મુજબ કોર્ટમાં પુરવાર ન થઈ શકે છતાં એ ગુન્હો એટલો ગંભીર હોય કે એવી વ્યકિતને સ્વતંત્ર રહેવા દેવી સમાજહિતમાં નથી. તે માટે, કેટલીક સલામતીના પ્રબંધ સાથે આ કાયદો સરકારને સત્તા આપે છે.

કોર્ટોએ અટકાયતીઓને છોડી મૂકયા તેમાં કાયદો બિનબંધારણીય છે એમ નથી ઠરાવ્યું, પણ અટકાયતના જે કારણો આપ્યા છે તે અસ્પષ્ટ છે. (vague-without particulars) અને તેમાં જણાવેલ બનાવો કે હકીકતો જૂની – ભૂતકાળની (stale) છે અને નજીકના સમયની નથી; તેથી એ હકીકતો સાચી હોય તો પણ તે વ્યકિત એવું વર્તન ચાલુ રાખશે તેમ માનવાને કારણ નથી, એવી દલીલને આધારે છોડી મૂકયા છે.

મીસાના કાયદાની મૂળભૂમિકા જોતાં આ ચૂકાદો કાંઈક આશ્ચર્યજનક છે. બાકી વિગતો સહિત પુરાવાઓ હોય તો મીસાના કાયદાનો ઉપયોગ કરવાની જરૂર નથી. આ કાયદાનો દુરૂપયોગ થવાનો પૂરો સંભવ છે એ હકીકત હોવા છતાં દાણચોરીનું અનિષ્ટ અને તેની જાળ એટલી વ્યાપક અને ભયંકર છે કે સરકારને આ કાયદાનો ઉપયોગ કરવો પડયો. સામાન્ય રીતે ન્યાય મળતા બહુ વખત લાગે છે. પણ આ કિસ્સાઓમાં તો તત્કાળ ચૂકાદાઓ મળ્યા છે. અલબત્ત ન્યાય ઝડપથી મળે તે આવકારપાત્ર છે. અત્યારે તો હાઈકોર્ટના આ ચૂકાદાઓ સ્વીકારવા રહ્યા. સરકારને બીજો કોઈક ઉપાય કરવો જ પડશે. તે વિષે ગંભીર વિચારણા ચાલે છે એમ જાહેર થયું છે.

આ લખ્યા પછી, રાષ્ટ્રપતિએ બંધારણની કલમ ૩૫૯ નીચે હુકમ બહાર પાડી અટકાયતીઓનો કોર્ટમાં દાદ માગવાના અધિકાર ઉપર અંકુશ મૂકયો છે. આ ઘણું કડક અને જોખમી પગલું છે, છતાં કદાચ અનિવાર્ય છે. તેની મુદત છ મહિનાની જ છે.

**આગામી ચૂંટણીઓ**

ગુજરાતમાં ચૂંટણી ચાર મહિના પછી થશે એમ જણાય છે. બીજા કેટલાક રાજ્યોમાં અને લોકસભાની ચૂંટણીઓ ૧૯૭૬ ના ફેબ્રુઆરી - માર્ચમાં થશે. ગુજરાતમાં લાયક ઉમેદવારોની પસંદગી અને ચૂંટણી થાય તે માટે શ્રી ઉમાશંકર જોષી, શ્રી ઈશ્વર પેટલીકર, શ્રી ભોગીલાલ ગાંધી વિગેરે ભાઈઓએ પ્રચારકાર્ય શરૂ કર્યું છે તે આવકારપાત્ર છે. બિહારમાં ૪થી નવેમ્બરના મોરચા અને ઘેરાવ પછી શ્રી જયપ્રકાશ નારાયણે જાહેર કર્યું છે કે, બિહાર વિધાનસભા અને મંત્રીમંડળનું વિસર્જન કરાવવાની તેમને ઉતાવળ નથી. ચૂંટણીમાં લડી લેશે. તે સાથે આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. બીજી નવેમ્બરે વડાપ્રધાન અને શ્રી જયપ્રકાશ નારાયણની મુલાકાત થઈ, પણ બન્ને પોતાના વલણમાં મક્કમ રહ્યા. આ મુલાકાત ઉતાવળમાં ગોઠવાઈ કે તેને માટે કાંઈ ભૂમિકા તૈયાર કરવામાં આવી હતી તે જણાયું નથી. ૪ થી નવેમ્બરના મોરચા અને ઘેરાવમાં સરકારે બધા બળનો ઉપયોગ કરી તેને નિષ્ફળ બનાવવા પ્રયત્ન કર્યો. બસો અને ટ્રેનો અટકાવી અને પટણાને લગભગ ઘેરો ઘાલ્યો. છતાં એમ કહેવું જોઈએ કે બન્ને પક્ષે સંયમથી કામ થયું. શ્રી. જયપ્રકાશના વલણમાં કાંઈ ફેર પડયો છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. ૨૫-૨૬ નવેમ્બરે દિલ્હીમાં વિરોધ પક્ષોની સભા બોલાવી છે. કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ આ આંદોલનનો સામનો કરવા મક્કમ જણાય છે. ગાંધીજી પછી આવું મોટું જનઆંદોલન જયપ્રકાશ નારાયણ જ કરી શકે. લોકોના અસંતોષના કારણો દૂર કરવાનો પ્રયત્ન નહિ થાય તો આંદોલન બળથી દબાવી દેવાથી અસંતોષ વધશે જ. આ સંઘર્ષ પ્રજાના હિતમાં નથી એ જાણતા છતાં લોકો અસહાય કે નિરૂપાય થઈ વર્તમાન પરિસ્થિતિ નિભાવી લે તેવી આશા રાખવી વ્યર્થ છે. જયપ્રકાશ પણ એમ માનતા થયા લાગે છે કે, આંદોલન ચાલુ રાખવું હોય તો પણ લાંબો સમય ચાલશે અને તાત્કાલિક પરિણામની આશા ન રખાય. ચૂંટણીમાં લડી લઈશું એવું તેમણે કહ્યું તે વ્યાજબી છે અને તેને માટેની તૈયારી અત્યારથી થાય તે આવકારદાયક થશે. ઘણું કરવાનું રહે છે. બંધ, મોરચા, ઘેરાવ વિગેરેની મર્યાદા હોય છે. અમદાવાદમાં વડા પ્રધાનની મુલાકાત ઉપર શ્રી. રવિશંકર મહારાજના આશીર્વાદથી બંધની હાકલ આપવામાં આવી પણ કાંઈ સાથ ન મળ્યો. ગુજરાતમાં શ્રી ઉમાશંકર જોષી વિગેરે ભાઈઓએ રચનાત્મક વલણ લીધું છે તેને જોર આપવું જોઈએ. પાંચ દસ સારા માણસો મોકલીયે તેથી સંતોષ લેવો ન જોઈએ. વિધાનસભાનું સ્વરૂપ બદલાવું જોઈએ.

૧૧-૧૧-૭૪ ચીમનલાલ ચકુભાઈ

## "નવું વર્ષ તો કહેવાશે!"

શનિવાર તા. ૩૦-૧૧-૭૪ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે 'નવું વર્ષ તો કહેવાશે!" એ વિષય ઉપર શ્રી હરિભાઈ કોઠારીનું નૂતન વર્ષનું જાહેર મંગળ પ્રવચન યોજવામાં આવ્યું છે.

# * અપૂર્વ અને ભવ્ય મહોત્સવ *

ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવની ઉજવણી સમસ્ત દેશમાં દીપાવલિના દિને શરૂ થઈ. દરેક રાજ્યમાં રાજ્યસ્તરે અને કેન્દ્રમાં કેન્દ્રીય સ્તરે મોટા પાયા ઉપર આયોજન થયું. મન્દિરો અને ઉપાશ્રયોમાં અપૂર્વ ઉત્સાહથી જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજાના સમારંભો થયા. રાજ્યોમાં અને દિલ્હીમાં ભવ્ય વરઘોડા અને સભાઓ થઈ. ધ્વજ, પ્રતિક, ચાંદીના સિક્કાઓ અને બીજા સ્મારકો લાખોની સંખ્યામાં લોકોએ લીધા. આકાશવાણી અને ટેલિવિઝન ઉપર સંખ્યાબંધ કાર્યક્રમો દરરોજ પ્રસારિત થયા. ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશ સંબંધે ઘણું સાહિત્ય પ્રકટ થયું છે અને હજી થઈ રહ્યું છે. કાયમી સ્મારકો અને લોકકલ્યાણના કાર્યો વિવિધ પ્રકારના દેશભરમાં થાય છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંપૂર્ણ સહકારને કારણે આયોજન વ્યાપક થઈ શકયું. આ લખું છું ત્યારે હજી દરેક રાજ્યમાંથી સમાચારો આવી રહ્યા છે. તેનો વિસ્તૃત અહેવાલ જૈન જગતના ડિસેમ્બરના વિશેષ અંકમાં આપવામાં આવશે.

ગુજરાત અને મુંબઈમાં બે વર્ષથી એક વર્ગે વિરોધનો વંટોળ ચડાવ્યો હતો, તેની કાંઈ અસર નથી થઈ તે બાબતની પ્રતીતિ થઈ. શુક્રવાર ૧૫ મી તારીખે મુંબઈમાં કોઈ દિવસ ન નીકળ્યો હોય તેવો અભૂતપૂર્વ વરઘોડો ભાતબજારથી શરૂ થઈ ઓવલના મેદાન સુધી આવ્યો. જેમાં હજારોની સંખ્યામાં ભાઈ બહેનોએ ભાગ લીધો અને સાધુ-સાધ્વીઓની ઉપસ્થિતિ હતી. મેદાનમાં મુખ્યમંત્રી પ્રમુખપદે અને રાજ્યપાલ અતિથિવિશેષ તરીકે હાજર હતા. અદ્‌ભૂત દશ્ય હતું. લગભગ ૪૦ હજાર ભાઈ બહેનોની હાજરી હતી. વિદ્વાન વકતાઓએ ભગવાન મહાવીરને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી. મુંબઈ લેજીસ્લેટીવ કાઉન્સિલના ચેરમેન શ્રી પાગે, મુંબઈના શેરીફ શ્રી કાન્તિકુમાર પોદાર, જસ્ટીસ જી. એન. વૈદ્ય, નવભારત ટાઈમ્સના તંત્રી શ્રી મહાવીર અધિકારી અને ઈલ્સ્ટ્રેટેડ વીકલીના તંત્રી શ્રી ખુશવંતસિંગ અને મુખ્યમંત્રી શ્રી વસંતરાવ નાયક તથા રાજ્યપાલ શ્રી અલીયાવર જંગે, ભગવાન મહાવીરના સિદ્ધાંતો જગતના કલ્યાણ માટે વર્તમાન સમયમાં કેટલાં જરૂરી અને ઉપયુકત છે તે બતાવ્યું. સુશોભિત મંડપમાં ૪૦ હજારની માનવમેદની મંત્રમુગ્ધ શાન્તિથી ભાવભીની બની.

આચાર્ય રામચંદ્રસૂરિનો વિરોધ પરાકાષ્ટાએ પહોંચ્યો. પોતે ડોળીમાં બેસી, ૫૦-૬૦ સાધુ સાધ્વીઓ અને ૧૦૦૦-૧૨૦૦ ભાઈબહેનો સહિત મેદાન સુધી આવ્યા. મંડપની બહાર પોલીસે તેમને રોકયા. લગભગ એક કલાક સુધી બેઠા. પછી તેમના વતી એક ભાઈ મંડપમાં આવી મુખ્યમંત્રીને એક નિવેદન આપી ગયા અને ત્યારબાદ તેમણે વિદાય લીધી. કોઈ વ્યકિતને પોતાનું અહં, અને તેમાંથી જન્મતો દુરાગ્રહ કેટલી હદે લઈ જાય છે તે જોવા મળ્યું. એક આચાર્ય સામાન્ય ચળવળ કરનાર પેઠે મંડપ સુધી આવે તે કેટલું અનુચિત છે તે પણ તેમને સમજાયું નહિ. વિશ્વાસપાત્ર રીતે જાણવા મળ્યું છે કે તેમના અનુયાયીઓમાં સમજદાર ભાઈઓએ આવા પગલાનો સખત વિરોધ કર્યો. પણ આચાર્યશ્રી માન્યા નહિ અને છેવટ આવા અનુયાયીઓને પણ તેમની સાથે જોડાવું પડયું. સદ્‌ભાગ્યે બધું શાન્તિથી પતી ગયું અને કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બની. કાંઈ વિપરીત થયું હોતે તો જૈનસમાજ કેટલો હાંસીપાત્ર થાત અને કેટલી કફોડી સ્થિતિમાં મૂકાત, તેની કલ્પના કરતા દિલ ધ્રૂજી ઊઠે છે. આચાર્યશ્રી તરફથી સુપ્રત કરેલ નિવેદનનો પ્રધાનસૂર એ હતો કે બિનસામ્પ્રદાયિક રાજ્યે આવો મહોત્સવ કરવો ન જોઈએ. રાજ્યપાલ શ્રી અલિયાવર જંગે આ મુદાનો સ્પષ્ટ જવાબ આપ્યો. તેમનું પ્રવચન એ રીતે જ શરૂ કર્યું અને કહ્યું કે, બીનસામ્પ્રદાયિક રાજ્ય એટલે ધર્મહીન નથી. બધા મહાપુરૂષો પ્રત્યે રાજ્યને પૂરો આદર છે. માનવસમાજનું જેણે કલ્યાણ કર્યું છે તેમનું બહુમાન કરવું એ રાજ્યનો ધર્મ છે. ભગવાન મહાવીરની વાણી અને તેમનું જીવન સંક્ષેપમાં આપતા ફોલ્ડર તૈયાર કર્યા હતા, તેનો નિર્દેશ કરી રાજ્યપાલે કહ્યું કે, આ ઉપદેશ સનાતન સત્ય છે અને તેને જીવનમાં ઉતારીએ તો સુખ અને શાન્તિ થાય. કોઈ સમાજ માત્ર કાયદાથી ચાલી શકતો નથી. આ ઉપદેશનું આચરણ થાય તો સરકારને મીસા જેવા કાયદાનો ઉપયોગ કરવો ન પડે.

આ બનાવની ઉજળી બાજુ હૃદયને પ્રફુલ્લિત કરે છે. આ એક નાના વર્ગને બાદ કરતાં સમસ્ત જૈનસમાજના ચારે ફિરકાઓએ એક અવાજે સાથે મળી સુંદર કામ કર્યું અને હજારો ભાઈબહેનોના હૃદય આનંદવિભોર થયા. જૈનસમાજની એકતા માટે આ પ્રસંગ આશીર્વાદરૂપ બન્યો છે. હવે તે એકતાને દઢ બનાવવી આપણા સૌની ફરજ છે.

આ મહોત્સવ એક વર્ષ સુધી ચાલવાનો છે. અનેક કાર્યક્રમો દરેક રાજ્યમાં યોજાશે. મુંબઈમાં પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમમાં જૈન ચિત્રકળા અને સાહિત્ય તથા ભગવાન મહાવીરના જીવનપ્રસંગોનું સુંદર પ્રદર્શન યોજાયું છે. તે પ્રદર્શન મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય શહેરોમાં લઈ જવામાં આવશે. સાધુ-સાધ્વી સંમેલન કરવું છે. પરિસંવાદો, શાખા અને કૉલેજોમાં પ્રવચનો અને વકતૃત્વ અને લેખનસ્પર્ધાઓ, આકાશવાણી અને ટેલિવિઝન ઉપર કાર્યક્રમો, કેન્દ્ર સરકારે તૈયાર કરેલ તીર્થોની ડોકયુમેન્ટરી ફિલ્મ એવા અનેકવિધ આયોજન થયા છે અને થશે. જૈનસમાજ માટે આ મહાપવિત્ર પાવનકારી પ્રસંગ છે. તેને દરેક રીતે ઉજવળ બનાવીએ.

૧૬-૧૧-૭૪ ચીમનલાલ ચકુભાઈ

## "આ ઘરને લાગી આગ...."

પ્રકાશ્યું હતું પરમપિતા પરમગુરુ પ્રભુ 'વીરે:
"પરાસ્ત કરી નહીં શકે કદી કો' લગી રે
અનેકાંતે શોભતા ભવ્ય જિન - મત - 'શૈર' ને,
અનેક' ને 'એકે' શમાવતા દિવ્યદિલેરને!
પણ ... અંદરના જ ભેદોથી એ ચાળણી જેમ ચળાઈ જશે,
ને યુગો સુધી મહિમા જ એનો રાખ તળે દટાઈ, દબાઈ જશે!'
– આર્ષવચન બની રહ્યાં આ સત્ય, પ્રભુ વીરનાં,
અનેકાનેક મત, પંથ, ગચ્છ, વાડા બન્યાં ગંભીરના.
અનેકને શમાવતો 'અનેકાંત' સ્વયં એકાંતે બંધાયો,
અનેકને જે સાંધતો પોતે જ તે રે! ના સંધાયો ...!!
... અને છિન્ન થયું શાસન પ્રભુનું મત-પંથના દઢ રાગથી,
આ ઘરને લાગી આગ, ઘર તણા જ ચિરાગથી ...!

–પ્રા. પ્રતાપકુમાર. જ. ટોલિયા

## સંઘના આજીવન સભ્યો

ગતાંકમાં સંઘના આજીવન સભ્યો ૩૭૫ થયાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ૧૮ નવાં પ્રવેશપત્રો અમને મળ્યાં છે. એટલે આજીવન સભ્યોની સંખ્યા ૩૯૩ ની થાય છે. આપણા લક્ષ્યાંકને પહોંચવામાં હજુ ૧૦૭ ની સંખ્યા ખૂટે છે. આ વાત દરેક સભ્ય લક્ષ્ય ઉપર લે એવી આગ્રહભરી વિનંતિ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# સર્વોદય—એક મૂલ્યાંકન

સર્વોદય શબ્દ, હું જાણું જાણું છું ત્યાં સુધી ગાંધીજીએ સૌ પ્રથમ વાપર્યો. રસ્કિનના પુસ્તક, 'અન્ટુ ધિસ લાસ્ટ' નો સાર ગુજરાતીમાં આફ્રિકામાં ઈન્ડિયન ઓપિનિયનના વાચકો માટે આપ્યો ત્યારે "સર્વોદય" એવું નામ આપ્યું. ઈંગ્લેન્ડમાં અને પશ્ચિમમાં ૧૯ મી સદીમાં જે અર્થશાસ્ત્ર સ્વીકારવામાં આવ્યું હતું તે મુજબ વધારે માણસનું (મેજોરિટીનું) સુખ થાય એમ કરવું. સુખ એટલે ભૌતિક સુખ - જીવનધોરણ - અને આર્થિક પ્રગતિ. તેમ કરતાં થોડાને દુઃખ આપવું પડે તેમાં હરકત નહિ; તેમ જ તેમાં કોઈ નૈતિક ધોરણ હોવું જોઈએ એવો આગ્રહ ન હતો. રસ્કિને બતાવ્યું કે આ અર્થશાસ્ત્ર ખોટું છે, બધાને હાનિકારક છે. નીતિનિયમોની અવગણના થાય તેમાં સાચું સુખ હોય જ નહિ. 'અન્ટુ ધિસ લાસ્ટ' શબ્દ બાઈબલનો છે. ક્રાઈસ્ટે કહ્યું છે કે, ઈશ્વરના દરબારમાં બધા સરખા છે. તેનો દાખલો આપ્યો છે. એક ગૃહસ્થ પોતાના ખેતર માટે મજૂરો મેળવવા સવારમાં બહાર નીકળ્યો. રોજનો એક રૂપિયો (આપણો શબ્દ વાપરું છું) મજૂરીનો નક્કી કરી, મળ્યા તેટલા મજૂરોને ખેતરે મોકલ્યા. બપોરે વળી બજારમાં ગયો તો મજૂરી શોધતા બીજા ઊભા હતા. તેમને કહ્યું: જાવ ખેતરમાં, વ્યાજબી મજૂરી આપીશ. વળી વળતે પહોર બજારમાં ગયો તો બીજા મજૂરી શોધતા ઊભા હતા. તેમને પણ તેમ જ કહ્યું. છેક સાંજે ગયો તો વળી કેટલાક ઊભા હતા. પૂછ્યું; કેમ ઊભા છો? જવાબ મળ્યો: કોઈ મજૂરી મળી નથી. તેમને કહ્યું; 'તમે પણ જાવ.'

દિવસ આથમ્યે, મજૂરી ચૂકવવાનો વખત આવ્યો ત્યારે પોતાના માણસને કહ્યું: બધાને બોલાવી મજૂરી આપી દો. છેલ્લા આવ્યા છે તેમને પહેલાં આપજો અને તેમને પણ એક રૂપિયો આપજો. પહેલા આવ્યા હતા તે કચવાયા; અમે આખો દિવસ તડકામાં મજૂરી કરી છે તેને એક રૂપિયો અને એક કલાક કામ કર્યું છે તેને પણ એક રૂપિયો? ઘરધણીએ કહ્યું: જુઓ ભાઈ, તમારી સાથે એક રૂપિયો નક્કી કર્યો હતો. તમને ઓછું નથી આપતો - બીજાને વધારે આપું તેમાં તમારું શું જાય છે? હું મારા પૈસાથી બધાને સરખા ગણું તેમાં તમને શું ફરિયાદ છે? ઈશ્વરના દરબારમાં બધા સરખા છે.

અર્થશાસ્ત્ર પ્રમાણે આ મૂર્ખાઈ કહેવાય—ઉત્પાદન પ્રમાણે મજૂરી આપવી જોઈએ. અર્થશાસ્ત્રનું કામ વધુમાં વધુ પૈસો મેળવવાનું અને ઓછામાં ઓછી કીંમતે ઉત્પાદન વધારવાનું છે. રસ્કિને કહ્યું: માનવતાવિહોણું અર્થશાસ્ત્ર પાયામાંથી ખોટું છે. સૌનું કલ્યાણ થાય તે સારું અર્થશાસ્ત્ર. ગાંધીજીએ રસ્કિનના પુસ્તકનો સારાંશ કાઢ્યો કે થોડા માણસોના હાથમાં પૈસો એકઠો થાય તો તેઓ આળસુ થાય છે ને મોજમજા કરે છે. બીજાને વધારે મજૂરી કરવી પડે છે અને તેમનું શોષણ થાય છે. જેમ ઉંદર-બિલાડી વચ્ચે સદાય આબનાવ રહે છે તેમ પૈસાદાર અને ગરીબ, શેઠ અને મજૂર વચ્ચે ભેદભાવ જાગે છે, અને માણસ, માણસ મટી જાનવરની સ્થિતિએ પહોંચે છે.

સૌનું કલ્યાણ થાય તેવા અર્થશાસ્ત્રને ગાંધીજીએ 'સર્વોદય' નામ આપ્યું. દેશને રાજકીય સ્વતંત્રતા અપાવવા ગાંધીજી લડ્યા, પણ બધો સમય સ્વરાજ મેળવવામાં ગયો. સર્વોદયના વિચારો આપ્યા, પણ પાયો નાખી ચણતર કરવાનો વખત ન મળ્યો.

તે કામ વિનોબાએ શરૂ કર્યું. તેલંગણમાં ભૂમિહીનો, સામ્યવાદીઓની આગેવાની નીચે ભૂમિ મેળવવા હિંસક માર્ગે ચડ્યા હતા, વિનોબાએ ભૂદાનનો માર્ગ બતાવ્યો. વધારે હોય તે સ્વેચ્છાએ, નથી તેને આપે. વાત સાવ સાદી છે, પણ વર્તન કઠણ છે. બાર વરસ વિનોબા આખો દેશ ઘૂમી વળ્યા - સેંકડો, હજારો સેવાભાવી, આદર્શવાદી કાર્યકર્તાઓ આકર્ષાયા. ભૂદાનની વિચારધારા વહી, તેના ભાષ્યકારો પણ મળી રહ્યા. ભૂદાનમાંથી ગ્રામદાન, પ્રખંડ દાન, જિલ્લાદાન, રાજ્યદાન, સંપત્તિદાન અને છેવટ જીવનદાન સુધી શિખરો ચડ્યા. તેમાંથી ગ્રામસભા, ગ્રામકોશ વગેરે વિચારો સ્ફૂર્યા. લોકશક્તિ જાગ્રત કરવાની ભાવના બની. ગ્રામસ્વરાજ તેનું ધ્યેય હતું, ઘણું કામ થયું. સારું કામ થયું. ભૂદાન-સાહિત્યનો ઘોધ વહ્યો.

ગાંધીજીમાં વિચાર અને વ્યવસ્થા બન્ને હતાં. ગાંધીજી પોતે વાસ્તવવાદી આદર્શવાદી (પ્રેક્ટીકલ આઈડિયાલિસ્ટ) હતા. જે વિચાર આવ્યો તેનો અમલ કરવાની યોજના તુરત કરે અને અનુભવે પ્રયોગો ચાલુ રહે. વિનોબાજી મોટેભાગે વિચારક છે. અદ્‌ભૂત વિચાર-શક્તિ અને ભાષાપ્રભુત્વ છે. પણ વ્યવસ્થાનું કામ બીજાએ કરવાનું હતું. જયપ્રકાશ ભૂદાનમાં દાખલ થયા અને તે માટે જીવનદાન કર્યું ત્યારે એવી આશા હતી કે ગાંધી—નહેરુ અને સરદારની ત્રિપુટી પેઠે, વિનોબા - જયપ્રકાશની જોડી આ કામને વધારે સફળ બનાવશે. વિનોબા જ્ઞાની છે અને તેમનામાં સંન્યાસવૃત્તિ છે, હવે સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો છે, અને ક્ષેત્રસંન્યાસ લીધો છે. વિચારધારા હજી વહેતી છે. જયપ્રકાશ આ કામમાં જ રહેશે અને સહરસામાં બેસી યુદ્ધનાધોરણે કામે લાગશે એમ જાહેરાત કરી હતી. આદર્શ અને ભાવનાની ઉચ્ચ ભૂમિકા ઉપર જનસમુદાયને દીર્ઘકાળ ટકાવવો એ લોઢાના ચણા ચાવવાના છે. એવા કામમાં ઝમક નથી, દટાઈ જવાનું છે. સર્વોદયના કાર્યકર્તાઓ પણ કેટલાક થાકયા હતા. થોડા ખરેખર દટાયા અને સુંદર કામ કર્યું. પણ સંઘર્ષ વિના લડત જેવું લાગે નહિ. ગરીબાઈ સામેની આ ભીષણ લડત ઠંડી તાકાત માગે છે. કામ ટાઢું પડતું ગયું. વિનોબા નિસ્પૃહ છે. હવે વિચાર - શક્તિ ફેલાવવા ઉપર લક્ષ છે, તે પણ મર્યાદિત. ગહનતા એટલી જ છે. જયપ્રકાશ અને બીજા કાર્યકર્તાઓ કામને આગળ વધારશે એમ આશા હતી. પણ જયપ્રકાશે હવે જુદો જ માર્ગ લીધો. સંઘર્ષ વિના તેમને ચેન નથી. એમ માને છે કે આવેશ વિના કામમાં વેગ ન આવે. રાજકારણનો જીવ છે. સંઘર્ષ વિનાનો સમન્વય, તેમની કલ્પના બહાર છે. વિનોબા અનાસકત ભાવે જોયા કરે છે. સર્વોદયના કાર્યકર્તાઓ જયપ્રકાશના આંદોલનમાં આકર્ષાયા ત્યારે છેવટે જોડાવાની છૂટ આપી, પણ શરત કરી કે અહિંસા, સત્ય અને સંયમ જાળવવા. જયપ્રકાશનું આંદોલન આ શરત કેટલી પાળશે તે જોવાનું—આવા આંદોલનને સર્વોદય સાથે સીધો સંબંધ નથી. આકર્ષક ભાષામાં તેનો બચાવ ભલે થાય, પણ ચૂંટણીને સ્થાને હાલ સંઘર્ષનું વલણ છે. વિનોબા સ્થિતપ્રજ્ઞાભાવે નિહાળે છે. જયપ્રકાશ સર્વોદય આંદોલનને દઢ કરવાને બદલે બીજી દિશામાં ખેંચી ગયા.

સર્વોદય આંદોલન નિષ્ફળ ગયું તેમ કહેવું મોટી ભૂલ છે. તેમાં નિષ્ફળતા છે જ નહિ. ધાર્યા જેટલું સફળ ન થયું એમ કહેવાય. થયું તેટલું પુણ્ય. સર્વોદયનો પાયો માણસની સ્વૈચ્છિક ત્યાગવૃત્તિ છે. માણસ પોતાના લોભને મર્યાદા બાંધવા કેટલો તૈયાર છે તે મુખ્ય પ્રશ્ન છે. ગાંધીજીએ ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત બતાવ્યો હતો તે સર્વોદયનું હાર્દ છે. ગાંધીજી પણ છેવટ એ નિર્ણય ઉપર આવ્યા હતા કે ટ્રસ્ટીશિપને સફળ બનાવવા કાંઈક કાયદાનું બંધન મૂકવું પડશે. માણસ સ્વેચ્છાએ આચરવાનું ન આચરે તો શું કરવું? ગાંધીજીએ સત્યાગ્રહ અને અસહકારનો માર્ગ બતાવ્યો હતો. પણ અંતે માણસ માણસાઈથી વર્તશે એ ક્રાન્તિ સર્વોદયનું મૂળ છે. અને એવી માણસાઈ જાગ્રત કરવી, તેને માટેનું વાતાવરણ ઉત્પન્ન કરવું, અન્યથા વર્તવાનો અવકાશ ન રહે તેવી સામાજિક આર્થિક વ્યવસ્થા કરવી એ સર્વોદય આંદોલનનું કામ છે. ગ્રામ-સ્વરાજમૂલક ક્રાન્તિના ઉદ્દેશ નજીક કયાંય પહોંચ્યાં નથી. બુદ્ધ મહાવીર કે ક્રાઈસ્ટ, ટોલ્સ્ટોય, રસ્કિન, ગાંધી અને વિનોબા ઉર્ધ્વ સાચો રાહ બતાવતા રહ્યા છે. થોડો વખત મોટો સમુદાય અને લાંબો સમય થોડા માણસો આચરે છે; વળી દુનિયા હતી ત્યાં આવી જાય છે, કદાચ પાછળ જાય છે. ઘડિયાળના લોલક પેઠે, આઘું-પાછું થયા જ કરે છે. પણ 'નાન્યઃ પન્થા:' બીજો કોઈ માર્ગ નથી.

[નવનીતમાંથી સાભાર] ચીમનલાલ ચકુભાઈ

# ☆ પર્યુષણ વ્યાખ્યાનમાળા ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગુરુવાર, તા૦ ૧૨ મી સપ્ટેમ્બરથી શુક્રવાર તા. ૨૦ મી સપ્ટેમ્બર સુધી તેમ નવ દિવસ ભારતીય વિદ્યાભવનમાં વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. એકંદરે આખી વ્યાખ્યાનમાળા ઘણી જ સરસ રીતે યોજાઈ હતી. બધા જ વ્યાખ્યાતાઓએ પોતપોતાના વિષયને ઘણી સારી રીતે ન્યાય આપ્યો હતો. ભક્તિ-સંગીત પછી રોજ બે વ્યાખ્યાનો રાખવામાં આવ્યાં હતાં. બધા જ વક્તાઓ સમયસર ઉપસ્થિત રહેતા, એથી આખો કાર્યક્રમ નિયત ક્રમ પ્રમાણે પાર પડ્યો હતો. શ્રોતાઓની હાજરી કોઈ કોઈ વખત એટલી બધી વધી જતી કે બેસવાની જગ્યા મળતી જ નહિ. યુવક સંઘ દ્વારા યોજાતી વ્યાખ્યાનમાળાની આકર્ષકતા અને સફળતાનું એ નિર્દેષક છે.

પ્રથમ દિવસે પહેલું વ્યાખ્યાન શ્રીમતી મૃણાલિની દેસાઈનું 'સંતજ્ઞાનેશ્વર અને જ્ઞાનેશ્વરી' એ વિષય પર હતું. શ્રીમતી મૃણાલિની દેસાઈએ મધુર અને ભાવવાહી ભાષામાં પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. તેમણે જ્ઞાનેશ્વરના સમયની ધાર્મિક જડતાનો ખ્યાલ આપી, જ્ઞાનેશ્વરને થયેલા વિવિધ સામાજિક અન્યાયોનો ઉલ્લેખ કર્યો હતો. જ્ઞાનેશ્વરીની પંકિતઓ, જ્ઞાનદેવને ક્યારે અને કેવી રીતે સ્ફુરી તે પ્રસંગ વર્ણવી, તેમણે, જ્ઞાનેશ્વરે મરાઠીમાં ભગવતગીતા કેવી રસિક રીતે ઉતારી છે અને એમાં જ્ઞાન અને કવિતાનો કેવો સમન્વય થયો છે અને તેમાં કેવું તત્ત્વજ્ઞાન રહ્યું છે, તે દર્શાવ્યું હતું.

પ્રથમ દિવસે બીજું વ્યાખ્યાન પ્રો. જયેન્દ્ર ત્રિવેદીનું 'સંત કબીર' ઉપર હતું. વ્યાખ્યાતાએ કબીરના જન્મ વિષે પ્રવર્તતી દંતકથાઓનો પરિચય કરાવી કબીર ઉપર નાથપંથ, સૂફીવાદ અને વૈષ્ણવ-ભકિતસંપ્રદાયનો કેવો પ્રભાવ પડ્યો છે તે બતાવ્યું હતું. બાહ્યાચારના આડંબરનો વિરોધ કરનાર કબીર, ઈશ્વર, નિરંજન અને નિરાકાર છે એમ માને છે. કબીરની વાણીમાં યોગ અને ભકિત એ બન્નેનો સમન્વય છે એ વ્યાખ્યાતાએ કબીરની પુષ્કળ પંકિતઓ સચોટ રીતે ટાંકીને દર્શાવ્યું હતું.

બીજે દિવસે પ્રથમ વ્યાખ્યાન 'અલ્પજીવનમાંથી મહાજીવન તરફ' એ વિષય પર શ્રી જમુભાઈ દાણીનું હતું. તેમણે વર્તમાન જીવનની અશાંતિ કેટલી પ્રવર્તે છે અને તેનાં મૂળ કેટલાં ઊંડા રહેલાં છે તે દર્શાવી, માનવીને માયામાં બાંધનાર ઈન્દ્રિયોનો ઉપભોગ કેટલું અલ્પ-સુખ આપે છે તે સમજાવ્યું હતું. સ્વ-સ્વરૂપના આનંદમાં લીન થવા માટે આરાધના, સાધના અને આચાર પર તેમણે ભાર મૂક્યો હતો.

તે દિવસે બીજું વ્યાખ્યાન શ્રીમતી વસુબહેન ભટ્ટનું "માતા આનંદમયી" તે વિષય પર હતું. પોતાને માતા આનંદમયીનાં દર્શન પ્રથમ કયારે થયાં અને માતાથી પોતે કેવી રીતે પ્રભાવિત થયાં તે બતાવી એમણે માતા આનંદમયીના ગૃહસ્થજીવનનો પરિચય કરાવી કેવા સંજોગોમાં નિર્મલાસુંદરી માતા આનંદમયી બને છે તેનો ખ્યાલ આપ્યો હતો. માનો બે કપડાંનો પરિગ્રહ, માની યાદશકિત, માનો વાણી ઉપર સંયમ, માની સમાધિઅવસ્થામાંની પ્રાર્થના, માની મનોવૃત્તિ વગેરેનો પરિચય કરાવી અંતરશુદ્ધિ ઉપર મા કેટલો ભાર મૂકે છે તે વિવિધ પ્રસંગોનો ઉલ્લેખ કરીને સમજાવ્યું હતું.

ત્રીજે દિવસે 'ઉપનિષદો' તે વિષય ઉપર શ્રી નર્મદાશંકર શાસ્ત્રીનું વ્યાખ્યાન હતું. "ઉપનિષદો'માં કર્મ, ઉપાસના અને જ્ઞાનના વિષયની કેવી છણાવટ કરવામાં આવી છે તે બતાવી બ્રહ્મનું સ્વરૂપ કેવું છે તે બાળક ભૃગુની કથા દ્વારા ઋષિએ સમજાવ્યું હતું અને સાધના માટે તથા વાસના ઉપર વિજય મેળવવા માટે દાન, દમન, અને દયાની કેટલી આવશ્યકતા છે તે દર્શાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યખ્યાન 'અનેકાંતવાદ' વિષે પ્રા. તારાબેન શાહનું હતું. એમણે ભિન્ન ભિન્ન ઉદાહરણ આપી અનેકાંતનું પારિભાષિક સ્વરૂપ સમજાવી, અનેકાંતવાદ જીવનમાં સાચી રીતે ઉતારવા માટે ભગવાન મહાવીરે જે ચાર શરતો કહી છે તે સમજાવી હતી અને કુટુંબથી માંડીને વિશ્વ સુધી સંવાદ અને શાંતિ સ્થાપવા માટે અનેકાંતવાદ કેવી મહત્ત્વની શકિત ધરાવે છે તેનો ખ્યાલ આપ્યો હતો.

ચોથે દિવસે પ્રથમ વ્યાખ્યાન 'ગણધરવાદ' વિષે મારું પોતાનું હતું. ગણ, ગણધર અને ગણધરવાદ તે શબ્દો સમજાવી, જુદા જુદા તીર્થંકરોના ગણ અને ગણધરો વિશે માહિતી આપી. ભગવાન મહાવીર, ઈન્દ્રભૂતિ, ગૌતમ અને બીજા દસ વેદપંડિતો સાથે જીવ, કર્મ, પાપ, પુણ્ય સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે વિષય પર શાસ્ત્રાર્થ કરી વેદનાં જ પદો દ્વારા તેમને કેવી રીતે સમજાવે છે અને તેમનાં હૃદય જીતી લે છે તે મેં દર્શાવ્યું હતું.

તે દિવસે બીજું વ્યાખ્યાન 'મારી વિહારયાત્રા' એ વિષય પર ફાધર વાલેસનું હતું. ફાધર વાલેસે છેલ્લાક કેટલાક મહિનાઓથી જુદે જુદે ઘરે થોડા થોડા દિવસ રહેવનો જે એક પ્રયોગ આરંભ્યો છે તેની પ્રેરણા અને અંતરસ્ફુરણા પોતાને કેવી રીતે થઈ તે બતાવી, વિહારયાત્રામાં વિવિધ કુટુંબમાં રહેવાના પોતાના કેવા કેવા અનુભવો થતાં જાય છે તેનો ખ્યાલ આપ્યો હતો. તેમની નિખાલસ અને નિર્મળ વાણી તેમના નિખાલસ અને નિર્મળ અંતઃકરણની દ્યોતક હતી. વિહારયાત્રાદ્વારા ફાધર વાલેસ પોતાના સાધુ જીવનની કેવી ઉચ્ચતાએ પહોંચ્યા છે તેની પ્રતીતિ તેમના વકતવ્યથી થતી હતી.

પાંચમે દિવસે પ્રથમ વ્યાખ્યાન "મારે ગીત અનોખું એક ગાવું છે" તે વિષય પર પ્રો. હરીભાઈ કોઠારીનું હતું. એમણે વિવિધ પ્રસંગો ટાંકીને જીવનમાં, જડતા, વિસંવાદ, દંભ વગેરે કેવાં રહેલાં છે તે બતાવી જીવનમાં સમજદારી, જાગૃતિ, ઊંડાણ વગેરે લાવવા માટે લશ્કરની શિસ્ત અને મંદિરનો ભાવ એ બન્નેના સમન્વયની કેટલી આવશ્યકતા છે તે સમજાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન 'સંઘર્ષ અને સમન્વય' તે વિષય ઉપર આચાર્ય શ્રી યશવંત શુકલનું હતું. તેમણે અણુઓ અનંતની સંખ્યામાં હોવા છતાં તેમની વચ્ચે પરસ્પર કેવી રીતે સહકાર છે તે બતાવી આખા વિશ્વમાં વ્યવસ્થા કેવી રીતે રહેલી છે તે સમજાવ્યું હતું. જગતમાં માણસને હમેશાં પરસ્પરવિરોધી અનુભવ થયા કરે છે. એમાંથી સંઘર્ષ કેવી રીતે જન્મે છે, સંઘર્ષની મુદ્રા કેવી રીતે બદલાય છે અને સંઘર્ષો અને એ વિરોધોમાંથી સંવાદ અને સમન્વય તરફ કેવી રીતે ગતિ કરી શકાય છે તે સરસ રીતે સમજાવ્યું હતું.

છઠે દિવસે પ્રથમ વ્યખ્યાન 'સીમા વિનાનું વિશ્વ" તે વિષય પર પ્રો. રામુભાઈ પંડિતનું હતું. વિશ્વ કેટલું નાનકડું બનતું જાય છે તથા વિશ્વની સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક, ક્ષેત્રની કેટલી પ્રગતિ થઈ છે અને કેવા પ્રશ્નો ઊભા થતા જાય છે, તેનું આંકડા આપીને પૃથક્કરણ કરી બતાવ્યું હતું. બળતણ, તેલ, અનાજ, વધતી જતી વસ્તી, દૂષિત વાતાવરણ, કુદરતી સંપત્તિનો નાશ વગેરે વિશ્વની મોટી સમસ્યાઓ ઉકેલવા માટે, દેશ દેશ વચ્ચે પરસ્પર સહકારની કેટલી આવશ્યકતા છે તેના પર તેમણે ભાર મૂક્યો હતો.

તે દિવસે બીજું વ્યાખ્યાન "વર્તમાન પરિસ્થિતિમાં લોકશાહી" તે વિષય પર શ્રી ગોવિંદરાવ દેશપાંડેનું હતું. બીજા વિશ્વયુદ્ધ પછીની રાજકીય પરિસ્થિતિ વિષેનું વિશ્લેષણ કરીને, રશિયા, અમેરિકા આરબ દેશો વગેરેનાં પરસ્પર સંબંધો અને યુદ્ધની પરિસ્થિતિ અને તંગદિલીનો ચિતાર આપીને, અમેરિકામાં અને ભારતમાં લોકશાહી અને લોકતંત્રની બાબતમાં કેટલો વિસંવાદ પ્રવર્તે છે તેનું તેમણે પૃથક્કરણ કરી બતાવ્યું હતું.

સાતમે દિવસે પ્રથમ વ્યાખ્યાન પ્રો. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું હતું. "ધર્મ અને સાહિત્યકાર" એમનો વિષય હતો. એમણે નરસિંહ, મીરાં, અખો, રવીન્દ્રનાથ વગેરે કવિઓની પંકિતઓ ટાંકીને સંતો આપણી કલ્પનાને ઉત્તેજીને અધ્યાત્મિક અવકાશયાત્રાનો કેવો અનુભવ કરાવે છે તે સમજાવ્યું હતું.

તે દિવસે બીજું વ્યાખ્યાન શ્રી પુરુષોત્તમ માવળંકરનું હતું. વિષય હતો, "જાહેર જીવનનાં કથળતાં ધોરણો," ભારતમાં જાહેર જીવનમાં રાજકારણના માણસોનું વર્ચસ્વ કેટલું બધું વધી ગયું છે તે અને તેનાં કેવાં માઠાં પરિણામો આવ્યાં છે તે એમણે સમજાવ્યું. જાહેર જીવનમાં પ્રાદેશિક સંકુચિતતા અને ભ્રષ્ટાચાર કેટલા વધી ગયાં છે, અને માત્ર રાજકારણમાં જ નહીં, વહીવટીતંત્ર, શિક્ષણક્ષેત્ર, વેપાર, રમતગમત અને ખુદ ન્યાયના ક્ષેત્રમાં પણ એ કેટલાં વ્યાપી ગયા છે તે બતાવીને, સાચા ધોરણો કેવાં હોવા જોઈએ અને તે કેવી રીતે સ્થાપી શકાય તે એમણે અત્યંત ભારપૂર્વક સમજાવ્યું હતું.

આઠમે દિવસે "સંત તુલસીદાસનું જીવન દર્શન" તે વિષય પર શ્રી રોહિત મહેતાનું વ્યાખ્યાન શ્રીમતી શ્રીદેવીનાં સંગીત સાથે રાખવામાં આવ્યું હતું. શ્રી રોહિત મહેતાએ, સંતોના વારસાએ આપણી સંસ્કૃતિને કેવી રીતે ટકાવી રાખી છે તે સમજાવી લોકમાનસ પર સંત તુલસીદાસનો પ્રભાવ કેવો પડયો છે તે બતાવ્યું હતું. સંત તુલસીદાસની પંકિતઓ ટાંકીને એમણે દર્શાવ્યું હતું કે ભકિત એ ચેતનાની સ્થિતિ છે અને મનુષ્યની ચેતના સંવેદનશીલ હોય તો જ ભગવાનની વિભૂતિનું દર્શન થઈ શકે છે, સાકારમાં નિરાકારનું દર્શન થઈ શકે છે.

નવમે દિવસે પ્રારંભમાં શ્રી કાંતિલાલ પાટણવાળાના સંગીતનો કાર્યક્રમ હતો. ત્યાર પછી આપણા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહે 'ભગવાન મહાવીર" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. એમણે આરંભમાં 'વેદ સંસ્કૃતિ' અને 'શ્રમણ સંસ્કૃતિ'ની એકબીજા ઉપર કેવી અને કેટલી અસર થઈ છે તે બતાવ્યું હતું. આચારક્ષેત્રે બન્ને વચ્ચે કેટલી એકતા છે અને દાર્શનિક ક્ષેત્રે બન્ને વચ્ચે કેટલી ભિન્નતા છે તેના પર તેમણે પ્રકાશ પાડયો હતો. એમણે ભગવાન મહાવીરના કેટલાક જીવન-પ્રસંગોનું રહસ્ય સમજાવી, ભગવાન મહાવીરે સ્થાપેલ ચતુર્વિધ સંઘ અને ઉપદેશેલા આચારધર્મનો પરિચય કરાવી , "હું કોણ; આ જગત તે શું છે, દુ:ખ શા માટે છે, અને એમાંથી મુકિત કઈ રીતે મળે?" એ ત્રણે પ્રશ્નો અધ્યાત્મજ્ઞાન તરફ કેવી રીતે લઈ જાય છે તે સમજાવ્યું હતું અને કહ્યું હતું, જૈન ધર્મની મહત્તા એટલા માટે છે કે એ જેમ બુદ્ધિગમ્ય છે તેમ અનુભવગમ્ય પણ છે.

આ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા એક સુંદર વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ યોજાઈ, જેના સંસ્કાર શ્રોતાઓના ચિત્ત પર લાંબા સમય સુધી રહે એવા છે.

રમણલાલ ચી. શાહ

# હિંસા-અહિંસાનો વિવેક આજના સંદર્ભમાં

જૈન સંસ્કૃતિ અને જૈન દર્શનનો મૂળ આધાર અહિંસા છે. જૈન ચેતનમાંથી અહિંસાને જરાપણ આઘીતઘી ફેરફાર કરવામાં આવે તો ઘણી મોટી ભિન્નતા આવી જશે. એક રીતે જોઈએ તો જૈન ચિંતનની ગરિમા અને એના મહિમાનો આધાર સવિશેષ અહિંસા પર છે. એ સાથે ઘણા સમયથી પ્રબુદ્ધ જનતાના દિલ અને દિમાગમાં અહિંસા અને જૈનધર્મ પરસ્પરના પર્યાય જેવા બની ગયા છે. આ કારણે જ જૈનધર્મનું નામ લેતાં જ અહિંસા યાદ આવી જાય છે અને અહિંસાનું નામ લેતાં જ એકદમ જૈનધર્મનું સ્મરણ થઈ જાય છે.

અહિંસા મહાન છે, પણ આ મહત્ત્વ વસ્તુત: અહિંસાના વિવેકમાં રહેલું છે. વિવેક જ અહિંસા અને હિંસાનું સમુચિત વિશ્લેષણ કરે છે. વિવેકનો અભાવ હોય તો અહિંસા હિંસાનું રૂપ લઈ લે છે, અને વિવેકના સદ્‌ભાવમાં હિંસા પણ અહિંસાની મર્યાદામાં આવી જાય છે. પ્રશ્ન કેવળ અહિંસા કે હિંસાનો નથી પણ એ બંનેના વિવેક કે અવિવેકનો છે... જૈનદર્શન વિવેકહિન, અબોધ મિથ્યાદ્રષ્ટિ વ્યકિતની અહિંસાને પણ હિંસા જ માને છે અને એના સત્યને પણ અસત્ય ગણે છે. આમ કેમ? આનું કારણ એ છે કે, એ અહિંસા આદિ ચરિત્રની આધારભૂમિ જ્ઞાનને માને છે. - ખાલી જ્ઞાન પણ નહિ, સમ્યગ્‌જ્ઞાનના અભાવમાં, વિવેકજ્યોતિના અપ્રકાશમાં અહિંસા આદિ સમગ્ર ચારિત્ર અચારિત્ર છે. અચારિત્ર જ નહિ, કુચારિત્ર છે. 'કુ' એટલે કુત્સિત, દુષિત, ગન્દુ ચારિત્ર.

અહિંસા વિશેનું ચિન્તન જ્યાં સુધી સમ્યગ્‌જ્ઞાનના પ્રકાશમાં ગતિશીલ રહ્યું, ત્યાં સુધી એ જૈનધર્મને ગરિમા પ્રદાન કરતું રહ્યું, એને યશસ્વી બનાવતું રહ્યું અને જ્યારથી અજ્ઞાનની શ્યામછાયા પડી છે ત્યારથી એ સુક્ષ્મ ચિંતનના ક્ષેત્રથી ખસીને સ્થૂલચિંતનના ક્ષેત્રમાં આવ્યું છે. જૈન અહિંસાનું સમગ્ર રૂપ વિકૃત થઈ ગયું છે. એક પ્રકારે એ એક એવી લાચારરૂપદ સ્થિતિએ પહોંચી ગઈ છે કે એની વાત કરવા જેવું નથી. મારી વાત કેટલાકને ખરાબ લાગશે, પણ મારે કહેવું જોઈએ કે જૈનધર્મનો હ્રાસ જ અહિંસાના ખોટા ચિન્તનને લીધે થયો છે. દાર્શનિક ચિન્તનના અભાવને લીધે અહિંસાનો સ્થૂળ આચાર સ્થિર થઈ ગયો છે. બિલકુલ ગતિહીન, મતિહીન. આજે આપણે અહિંસાના નામ પર અહિંસાને નહિ, અહિંસાના શબને માથે ઉઠાવીને ફરી રહ્યા છીએ અને આ પ્રાણહીન મૃત અહિંસા હિંસા જ છે, બીજું કંઈ જ નહિ.

આજે અહિંસાના ખોટા સૂત્રોને પરિણામે જૈનધર્મ વિરાટ જનજીવનથી દૂર થતો થતો કેવળ એક નાનાશા વેપારી વર્ગ પૂરતો મર્યાદિત થઈ ગયો છે. આજે વેપારમાં કેટલું ઠૂઠ અને ફરેબ ચાલે છે! કેટલું ચોરબજાર અને શોષણ થાય છે! આ બધું થવા છતાં યે આજના કેટલાક મર્યાદાહીન શોષક વેપારીઓ જૈન છે અને આવતા દિવસોમાં તેઓ હિંસા - અહિંસાની બેધારી વાતો કર્યા જ કરે છે - ધર્મની દુહાઈ આપ્યા કરે છે. એની ધૂંધળી નજરોમાં કિસાન, કુંભાર, લુહાર બધા હિંસક છે. તેઓ જ માત્ર અહિંસક છે. એટલા માટે કે આ લોકો બધું જ કરી શકે છે કેવળ હિંસા નથી કરી શકતા, હિંસા એટલે કે પ્રત્યક્ષ રીતે તેઓ કોઈનું ગળું કાપીને હત્યા નથી કરતા.

* * *

ઉગ્ર ક્રિયાપાત્ર સાધુઓ ગૃહસ્થોને પોતાનું પ્રવચન સાંભળવાની પ્રેરણા શા માટે આપે છે? ગૃહસ્થના માર્ગમાં આવતાં - જતાં અને વાહન વગેરેનો ઉપયોગ કરતાં કેટલી હિંસા થાય છે, કેટલો અસંયમ થાય છે - આનું પાપ ગૃહસ્થની સાથે પ્રેરકને પણ નહિ લાગે? તમે કહેશો કે તેઓ પોતાની પ્રેરણાથી આવે છે. હું પૂછું છું કે સાધુ પ્રવચન સાંભળાવે નહિ તો તેઓ આવશે? પછી તો વાંસ પણ નહિ રહે અને વાંસળી પણ નહિ વાગે. પ્રવચન નહિ થાય, ગૃહસ્થ આવશે પણ નહિ અને આવવાના - જવાના માર્ગે કીડી - મકોડા મરશે નહિ, હિંસા નહિ થાય. ઉકત હિંસા પછી અહિંસાના ઉપદેશનો લાભ તો મળે જ છે ને, એ ઉત્તર તમારા મતને અનુકૂળ નથી. થોડુંક સ્પષ્ટતાથી તો કહો કે એ શું છે, કઈ રીતે છે?

હજારો લોકો રેલગાડી, મોટર, બસ આદિ હિંસાકારી સાધનો

દ્વારા આવે છે. ભોજનપાન વગેરેનો વિકટ આરંભ–સમારંભ પણ થાય છે. આજની સમસ્યાના ઉકેલ માટે ભોજનસમારંભમાં અમુક સાંખ્યામાં જ લોકોને આમંત્રવાના રાજ્યના કાયદાની અવહેલના કરીને રાજ્ય વિરુદ્ધ અને રાષ્ટ્ર વિરુદ્ધ કાર્ય પણ થાય છે. આ પાપ શા માટે કરવામાં આવે છે, આ પાપકાંડમાં તથાકથિત ઉગ્ર-નામધારી સાધુઓ કેમ શા માટે સામેલ થાય છે? દર્શનાર્થીઓની ભીડ કેમ થાય છે? એમને અહીંતહીં આવતા - જતા અને ભોજન યોજતા કેમ રોકવામાં આવતા નથી? વેરાગીને જંગલમાં ચૂપચાપ દીક્ષા શા માટે આપવામાં આવતી નથી? ધર્મના નામ પર, કથની અને કરણીમાં, કેટલીબધી અસંગતિ ચાલી રહી છે?

શ્રમણ ભગવાન મહાવીરની પચ્ચીસોમી નિર્વાણ શતાબ્દીના પુણ્યપ્રસંગે કેટલીક યોજનાઓ કરવામાં આવી છે. આ યોજનાઓમાં શિક્ષણ, ચિકિત્સા વગેરેની કલ્યાણભાવનાઓ છે, વૃદ્ધ તથા અસહાય આદિને માટે ધર્મ સાધનાની સાથે યથોચિત સેવાસુશ્રૂષા વગેરેની વ્યવસ્થા છે. સાધના અને સત્સંગની ભવ્ય યોજના છે. ભારતીય ધર્મ અને દર્શનના તુલનાત્મક અધ્યયનની સાથે જૈન દર્શનનું ઉચ્ચ સ્તરે અધ્યયન - અધ્યાપનનો નિર્મળ કાર્યક્રમ પણ છે, દેશ–વિદેશમાં અહિંસાના પ્રચાર - પ્રસારનો પ્રયત્ન છે, શરાબ આદિ દુર્વ્યસનોના નિરાકરણ માટેનો કાર્યક્રમ છે. હું પૂછું છું કે, કાર્યક્રમોમાં એવો કયો પાપાચાર છે કે જેને માટે હાહાકાર મચાવવામાં આવે છે? દોષદર્શનની દૃષ્ટિ જ્યારે મર્યાદા ઓળંગી જાય છે ત્યારે એને સારું પણ ખરાબ દેખાય છે, ગુણ પણ દોષ જ લાગે છે. આ વૈચારિક ભ્રાંતિનો કમળો થયો હોય ને પીળું જ દેખે એવો રોગ છે. વિવેકભ્રષ્ટ લોકોનો આવી રીતે જ શતમુખ વિનિપાત થાય છે.

કેટલાક મહાનુભાવો જનકલ્યાણની યોજનાઓનો વિરોધ કરવા માટે તથાકથિત આચાર્યો તથા ઉગ્રપંથી કહેવાતા સાધુઓને લાંબી-ચોડી અપીલો કરે છે. આ તથાકથિત આચાર્યો અને સાધુઓ પૈસા આપીને પોતાના નામે પુસ્તકો લખાવે છે, અને છપાવે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ અનેક સંસ્થાઓ ચલાવે છે. અખબારો વગેરે પ્રગટ કરાવે છે. જીવનરક્ષા માટે હિંસાપ્રધાન ડાકતરી ચિકિત્સાનો પ્રયોગ કરે છે. દીક્ષા આદિના હિંસામૂલક ઉત્સવોમાં ભાગ લે છે. અહિંસાના નામે પોકાર કરનારા આ મહાનુભાવોની દૃષ્ટિએ આ બધા સાધુ જ નથી! નિર્વાણ શતાબ્દીની શુભ સંકલ્પયુકત જનકલ્યાણની યોજનાઓના વિરોધમાં અપીલ કરતાં પહેલાં તથાકથિત સાધુઓના નામોલ્લેખ કરીને એમને 'અસાધુ'–આ ધર્માભિમાની અહિંસાપ્રેમી સજ્જનોએ જાહેર કરવા જોઈએ. એ પછી એમણે જે કરવું હોય તે કરે. ત્યારે જ લોકોને એમની સત્યતા અને પ્રમાણિકતાનો ખ્યાલ આવશે. નહિ તો આજના લોકો એટલા ભોળા નથી કે એમને ધર્મ અને ધર્મધ્વંસના જૂના સૂત્રોથી બુદ્ધુ બનાવી શકાય. થોડાક અનાથ લોકો સિવાય બાકીની પ્રબુદ્ધ જનતા આ બધી ચાલબાજી-ઓને બરાબર સમજે છે.

અહિંસાના નામે અર્થહીન સૂત્રો પોકારવાથી કંઈ વળવાનું નથી. હિંસા અને અહિંસાના મૂલગ્રાહી ધર્મને સમજવો પડશે. હિંસા થાય તો પણ કેટલીક વાર એ હિંસા ગણાતી નથી. કઈ રીતે આમ નથી થતું એ વિશે જરા શાંત મગજે ચિન્તન કરવું જોઈએ, સમજવું જોઈએ અને વિચારવું જોઈએ. હિંસા-અહિંસાનું એક સૂક્ષ્મ ગણિત છે અને એ વ્યકિતગત મનોભાવ પર આધાર રાખે છે. એનું મૂળ દ્વેષમાં, ઘૃણામાં અને વેરમાં છે. અનેક કર્મ એવા છે કે જેમાં સ્થૂળરૂપે ગૃહસ્થથી જ નહિ પણ સાધુઓથી પણ હિંસા થાય છે. પણ એ વાસ્તવિક હિંસાની કક્ષામાં આવે છે કે નહિ એ તટસ્થ દૃષ્ટિએ જોવું અને પારખવું જોઈએ. આચાર્ય ઉમાસ્વાતિએ કહ્યું છે: 'પ્રમત્તયોગાત્' પ્રાણવ્યપરોપણું હિંસા - રાગદ્વેષાદિના પ્રમત્ત યોગથી થતું પ્રાણવ્યપરોપણ જ હિંસા છે, કેવળ પ્રાણવ્યપરોપણ હિંસા નથી. જરા ઊંડા ઉતરીએ તો પ્રાણવ્યપ-રોપણ નહિ, પણ કેવળ રાગદ્વેષાદિ રૂપ પ્રમત યોગ જ હિંસા છે. આ વિવેચન માટે આગમોના શબ્દોને ઉપર ઉપરથી જોવાથી કંઈ ખ્યાલ નહિ આવે. અહિંસા અને હિંસાની વચ્ચેના ભેદને સમજવો હશે, એને એના ખરા અર્થમાં જાણવું - સમજવું હશે તો પ્રાચીન જૈન દર્શનશાસ્ત્રોનાં ચિન્તન, મનન અને ગંભીરપણે એનું અવગાહન કરવું પડશે. જૈન ઈતિહાસની પુરાતન ગાથાઓનું મુક્ત મને અધ્યયન કરવું પડશે. મનોવિશ્લેષણના આધારે અંતરવૃતિઓનું મંથન કરવું પડશે. એ બધાનું અધ્યયન, ચિન્તન - મનન કર્યા વિના અહિંસાના નામે કંઈ પણ કહેવું એ પ્રલાપમાત્ર છે, બીજું કંઈ નહિ.

## * કોલાહલમાં શાંતિ *

કોલાહલ અને ઉતાવળ વચ્ચે
શુબ્ધ થયા વિના ગતિ કરો
અને નીરવતામાં કેવી શાંતિ હશે તેનું સ્મરણ કરો.
શક્ય હોય ત્યાં સુધી સૌ સાથે સારા સંબંધો રાખો,
કોઈનેય શરણે ગયા વિના
તમારું સત્ય ઋજુતાથી અને સ્પષ્ટપણે પ્રગટ કરો,
સૌની વાત સાંભળો – મંદબુદ્ધિ અને અજ્ઞાનીઓની પણ;
એમને પણ કંઈ કહેવાનું છે.
વાચાળ અને આક્રમક માણસોને ટાળો,
તેઓ આત્માને સંત્રસ્ત કરે છે.
બીજા સાથે સરખામણી કરવાથી
તમે મિથ્યાચારી અને કટુ બનશો;
કારણ, હમેશાં તમારા કરતાં મોટા અને નાના માણસો હોવાના.
તમારાં કર્તુત્વો તેમ જ યોજનાઓની મજા માણો.
તમારા જીવનકાર્યમાં રસ લેવાનું ચાલુ રાખો, ભલે એ મામુલી હોય,
સતત પલટાતી દેવગતિમાં એ જ સાચો પરિગ્રહ છે.
રોજ-બ-રોજની પ્રવૃત્તિઓમાં સાવચેતી રાખો;
કારણ, જગત નર્યા પ્રપંચથી ભરેલું છે.
પણ એથી તમને જગતમાંના જે કંઈ સદ્‌ગુણ હોય
તે પ્રત્યે અંધ થવાની જરૂર નથી.
ઘણા માણસો ઉચ્ચ આદર્શો માટે મથે છે;
અને સર્વત્ર જીવન વીરતાથી ભરપૂર છે.
તમારામાં અસ્ત રહો. ખાસ કરીને મમતાનો ડોળ કરશો નહીં,
અને પ્રેમને વકતાથી ન જોતા, નરી શુષ્કતા
અને નિર્ભ્રાન્તિ વચ્ચે પ્રેમ તૃણસમ સનાતન છે.
ભલા થઈ સમયની સલાહ સ્વીકારો.
યૌવનનાં પ્રાપ્તાધનોનું ગરવાઈથી નૈવેદ્ય ધરી દો.
આકસ્મિક સંકટમાં રક્ષણ મેળવવા આત્મબળને પોષો.
કલ્પનાઓથી જાતને દુઃખી ન કરો.
ઘણી ભીતિઓ થાક અને એકલતામાંથી ઉદ્‌ભવતી હોય છે.
નરવી શિસ્તને અતિક્રમી જાત સાથે કોમળ બનો.
વૃક્ષો અને તારલા જેટલાં વિશ્વનાં સંતાન છે
તેટલા તમે પણ છો.
અહીં રહેવાનો તમને હક છે.
તમારા મનમાં આ સ્પષ્ટ હોય કે ન હોય,
વિશ્વ જેટલું ઊઘડવું જોઈએ તેટલું નિઃશંક ઊઘડી રહ્યું છે.
ભગવાન સાથે સુલેહ કરી લો.
એના વિશે તમારો ગમે તે ખ્યાલ હોય;
તમારો ગમે તેટલો શ્રમ અને આકાંક્ષાઓ હોય
જીવનની કોલાહલભરી સંકુલતામાં તમારા આત્મા
સાથે પણ સુલેહ કરો.
બધા ડોળ, વેઠ અને સ્વપ્નભંગો છતાં,
આ જગત સુંદર છે.
સાવધ રહો.
સુખી થવા મથામણ કરો.

—અમેરિકાના બાલ્ટિમોર શહેર ખાતેના પુરાણા સેન્ટ પોલ દેવળમાંથી
લખાયા સાલ : ઈ. સ. ૧૬૯૨.

[ કવિતામાંથી સાભાર ] અનુ. : કાન્તિલાલ કાલાણી

---

નિર્વાણ મહોત્સવ જગન્નાથનો રથ છે. અને એ અહીંતહીંના કેટલાક નગણ્ય દંભીગ્રસ્ત અપવાદોને બાદ કરતાં યોગ્ય દિશામાં ગતિ કરી રહ્યો છે, આગળ વધી રહ્યો છે. લોક સમક્ષ અનેક ભવ્ય યોજનાઓ આવી રહી છે. એના વિશે કેટલેક ઠેકાણે કામ પણ થઈ રહ્યું છે. આશા હતી એના કરતાં વધુ લોકોનો સહકાર મળી રહ્યો છે. હવે આની ગતિને કોણ રોકી શકે તેમ છે?

('વલ્લભ સંદેશ' માંથી ટૂંકાવીને) ઉપાધ્યાય અમરમુનિ

# ધર્મ અને સાહિત્યકાર

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે 'ધર્મ અને સાહિત્યકાર' એ વિશે આપેલા વ્યાખ્યાનનો સાર ]

ધર્મ એ માનવીના અંતઃસ્થલમાં પડેલી વૃતિ છે. ત્યાં સુધી પહોંચીએ ત્યારે જીવનની દૃષ્ટિ બદલાઈ જાય છે. ત્યારે જગત જુદી જ દૃષ્ટિએ દેખાય છે.

ધર્મ વ્યક્તિગત વસ્તુ છે. અને છતાં યે તે સમષ્ટિગત છે. આમ ધર્મનું આંતરિક મૂલ્ય છે અને વળી તેનું વ્યક્તિગત મૂલ્ય પણ છે.

માનવી કેવળણી પામેલો ત્યારે કહેવાય કે જ્યારે તે સ્વમાન જાળવીને ગુજરાન ચલાવી શકે છે અને જગતનો ઉત્તમ નાગરિક બની શકે. આમાં એને આધ્યાત્મિક મૂલ્યો છે એનું એને ભાન થવું જોઈએ. આવું સી. ઈ. એમ. જોડે કહ્યું છે.

આજે આધ્યાત્મિક મૂલ્યોની વાત કરવી એ કદાચ નવાઈ લાગે એવું છે. પરંતુ તે માનવજીવન માટે શ્રદ્ધા પ્રેરે એવી બાબત છે.

જેમ આજે અવકાશ યાત્રાઓ થતી હોય છે એમ તે અંદરની એક અવકાશયાત્રા જ છે. પરિણામે ઊંડે ઊંડે બીજું વિશ્વ જોવા મળે છે.

કોઈએ રવિન્દ્રનાથ ટાગોરને પૂછ્યું: ધર્મ શું છે;? નાટક ચાલતું હોય અને પડદો ખેંચવા માટે દોરી ખેંચવાની જ આપણી જવાબદારી છે. નેતા કે અભિનેતા આપણને કોણ બનાવે? આપણે તો નાના માણસો છીએ. આમ પડદો ખેંચીને પાછળનું રહસ્યમય જે જગત છે એ જોવા પામીએ છીએ.

ક્રાંતદર્શી, તત્ત્વદર્શી આવું પડદા ઊંચકવાનું કામ કરે છે. અને એની પાછળનું જગત આપણને લાધે છે. આવું લખનારાઓ કહે છે: એ બધાં સંત છે, સાહિત્યકાર નહીં. તો નરસિંહ, અખો વગેરેએ આ કામ કર્યું છે. મર્મને જાણનારા હોવાથી આ લોકો મરમિયાં કહેવાયા. મૂળમાં ઉપનિષદનું તત્વજ્ઞાન એમની નસોમાં વહે છે. મીરાંને મન રામ-કૃષ્ણની ભક્તિમાં કોઈ તફાવત નથી. એણે તો બસ ભક્તિ જ કર્યે રાખી.

અંતરના માર્ગે જવા મુશ્કેલી જરૂર પડે છે. એ પથગામીને ભોગવવું પણ પડે છે. ભગત અને જગતને મેળ જ ખાતો નથી. આ એક વાસ્તવિકતા છે.

સંત કબીરમાં પણ આવું જોવા મળે છે. "પાણીમેં મીન પિયાસી, મુઝે દેખત આવે હાંસી."માં તટસ્થ દૃષ્ટિનો અનુભવ પામવા મળે છે. આમાં માનવસમાજ માટેની વાત કરાઈ છે. આવો સરસ માનવજન્મ મળ્યો છે છતાં જે ચોતરફ છે તેનાથી સંતોષ થતો નથી, તૃષ્ણા છૂપાતી નથી અને છિપાતી નથી. મન વધુ ને વધુ ઝંખતું રહે છે.

જ્યારે સંતને અનંત તરફનો, અસીમ તરફનો વિસ્તારનો અનુભવ કરવો ગમે છે.

મદારી, નાગને ડોલાવી, ટપલી મારીને જેમ સુવાડી દે છે એમ આપણા આત્માને સુવાડી દેતા હોઈએ છીએ.

"રાજા તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર-"આ જ ભાવગીત જોઈએ તો એમાં અંદરના મોરલાની વાત છે. કવિને કંઈક કહેવું છે એથી તો રૂપકદ્વારા સમગ્ર આત્માને અમૃત જડી જાય એ રીતે કહી જાય છે.

વેદની ઋચાઓ પણ કવિની બાની છે. એમાં રૂપને માર્ગે અરૂપને ખોળવાની વાત છે. રવીન્દ્રનાથ ટાગોરે પણ એવું જ કહ્યું છે.

સાહિત્યકારે વાત કરવા માટે કલ્પના અને રૂપકોનો ઉપયોગ કર્યો છે એ મહત્વનું છે. "હું હસતો રમતો હારમાં પડ્યો" (અખો) આ આત્મા માટે તદ્ન જ સ્વાભાવિક છે તે સહજ છે. માયાને સમજી લેવી જોઈએ. પરંતુ એ યુદ્ધ છે, માટે "હું ઘણું ઝૂઝ્યો, ઘણું લડ્યો." (સુન્દરમ), અંતરના પુરુષને જીતવા માટે નિશ્ચય કર્યો કે, માથું કાપીને એના ચરણમાં મુક્યું. પછી માનવતાનો જયજયકાર કર્યો. માથું મુક્વું એટલે શું? શીર કાપીને મૂક્વાની વાત પણ માથામાંના અહંકારનો નાશ કરીને એ ઈશ્વરને ચરણે ધરવાની એમાં વાત છે.

મીરાં કહે છે, "ચિતડું ચોરાણું". પોતાની ખુમારીને એ સુંદર રીતે રજુ કરે છે. "ભરી બજારે હાથી ચાલ્યો જાય." "રવાન ભસે એમાં હાથીને શું થાય રાણા?" સંસારીઓ શું કહેશે એનું શું મહત્વ? આત્માને પંથે જનારા તો આગળને આગળ જવાના જ. પરમતત્ત્વ મેળવવા માટે આગે જનારાઓ માટેનું રૂપક અહીં મૂકાયું છે.

ભાષા એ બુદ્ધિની પ્રવૃતિ છે. જ્યાં બુદ્ધિ પહોંચી શકતી નથી ત્યાં જે અનુભવ છે તે શબ્દાતીત છે. જ્યાં વાણી અટકી જાય છે ત્યાં તેનો અનેરો અનુભવ થાય છે. તો ત્યારે શું કરવું? સાહિત્યકારોએ જુદી શકિત પ્રગટાવી અવળવાણીનો ઉપયોગ કર્યો.

"તરણા હેઠે ડુંગર ..." આ એક દૃષ્ટાંત. આપણને જે મહાન લાગે છે એ તો તરણું છે. એની પાછળ હકીકતે કયોય વિશાળતા છે. આમાં માયાવાદની વાત છે. નરસિંહે પણ આવું જ કહ્યું છે. એણે ચૈતન્ય અગ્નિ જગાડવાની વાત કહી છે. ઉપનિષદમાં પણ આવું જ કહેવાયું છે.

આજે આખું સાહિત્ય વિષાદયોગમાંથી પસાર થઈ રહ્યું છે. એને કૃષ્ણ મળવો જોઈએ. કૃષ્ણ મળશે ત્યારે તે પણ એમાંથી બહાર નીકળી જઈ શકશે.

"જાગ અગ્નિ, જાગ અગ્નિ, જાગ અગ્નિ, જાગ હૈ" સ્વરૂપનું અનુસંધાન કરવું જોઈશે. ઉપરનું આવરણ દૂર થાય ત્યારે સત્યરૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ પ્રાપ્ત થાય. કારણકે સૃષ્ટિના આનંદો ક્ષણિક છે. આપણે કહીએ છીએ ને કે "નવું છે તે નવ દિવસ માટે" અને તેથી નવું નવું મેળવવાની ઝંખના આપણે રાખીએ છીએ. તેથી અનંતનો આનંદ મેળવવા તાલાવેલી રાખવી જોઈએ.

અખો જ કહે છે ને કે એક માણસને સ્વપ્ન આવ્યું છે, પણ એ ગૂંગા માનવીને એ વ્યકત કરવા જીભ નથી તો તે વ્યકત કેમ કરવું? એ રીતે જ્ઞાનીને લાધેલું જ્ઞાન વ્યકત કેમ કરવું? અનલપંખી આકાશમાં ઊડયા કરે છે. એ ત્યાં સળગી જાય અને પછી એમાંથી નવું પંખી જન્મે છે. આપણાં બહુ નહીં જાણીતા કવિ બુટિયાએ આવું કહેતાં કહ્યું કે, અદ્‌ભૂત જ્ઞાની આશા - નિરાશાથી પર થઈને આત્માનો ખેલ ખેલ્યા કરે છે.

માણસજીવનની છાયા ભલે સૃષ્ટિ પર પડે. પણ જ્ઞાનીઓ તો ઉપર વિચરે છે, પેલા પંખીની પેઠે, અને પછી એ અંતરના મોતી લઈ આવે છે, મરજીવા થઈને, અંતરમાં ડૂબકી મારીને. આમાં અંતરની યાત્રાની વાત કહેવાઈ છે.

"હું તારા ગાન ગાઉં ...
પીહું પીહું ટહૂકતાં બપૈયાની જેમ ..."

સુન્દરમ અહીં કહે છે કે, બપૈયાની ઝંખનાની હું તારા ગાન ગાવાની ઝંખના રાખું છું. આ કાવ્ય અદ્‌ભુત છે. સુન્દરમ્ કવિ છે અને તેને શબ્દ મળ્યો છે અને તે ગીત આપે છે. છતાં એમણે ગીતદ્વારા બધું કહી દીધું છે. સમુદ્રની પેઠે એ જ્ઞાન છલકાવવાની વાત એ કહી દે છે.

માનવદેહ મળવો એ એક મોટી ઘટના છે. એ ચૈતન્ય છે, એ માટી નથી. ચૈતના અંદર છે. એનો અનુભવ લેવાનો છે. ચૈતન્ય આમે ય પ્રાણીમાત્રને મળે છે. આવો અનુભવ મળ્યા પછી એ સૃષ્ટિને જૂદી જ રીતે જોતો થાય છે. આત્મારૂપે એ અન્યને જોતો થાય છે. ઘરેણાના ઘાટને એ જોતો નથી. પણ અંદર રહેલા સોનાને એ જુએ છે, અંદરના આત્મતત્વને જુએ છે. અને અહીં વ્યકિતધર્મમાંથી સમષ્ટિધર્મ પ્રગટે છે, શરૂ થાય છે.

કેટલાક કામો એવા છે કે, જે માત્ર અંતરથી જ થાય છે, એને બુદ્ધિદ્વારા સમજાવી ન શકાય. એ (irrational) - અતાર્કિક-છે. શ્રીરામ, સીતા માટે કહે છે ને કે સીતા તો મારું બીજું જ

દિલ છે. છતાં એ બીજી જ ક્ષણે લક્ષ્મણને, સગર્ભા સીતાને વનમાં મુકીઆવવાનો આદેશ આપે છે. અહીં વ્યક્તિધર્મ મટીને સમષ્ટિ-ધર્મ દેખાય છે.

મહાભારતમાં યુધિષ્ઠિર 'નરો વા કુજરો વા" કહે છે. આ બુદ્ધિની બહારનું તત્ત્વ છે. આ અંદરની વાત છે.

ગીતામાં છે તેમ અર્જુન બહાર છે અને કૃષ્ણ અંદર છે. માણસે પળે પળે નિર્ણયો લેવાના છે. માનવી કહે આણે આવો નિર્ણય કેમ લીધો? પણ અંતરના અવાજે, પર થઈને એણે નિર્ણયો લેવાના છે.

વાલ્મીકિએ કયાંય કહ્યું નથી કે રામની જેમ વર્તજો ને રાવણની જેમ નહીં વર્તતા. પણ એણે આની સૂચના જરૂર કરી છે, આ ધર્મ છે.

આજે છાપામાં ખૂન, છેડતી, દંભ, ભ્રષ્ટાચાર વગેરેના સમાચારો પ્રસિદ્ધ થાય છે. મારે મન માનવ–સમાજની આ મોટામાં મોટી અસ્વિલતા છે. આખું જગત મરૂભૂમિ બનવા પામ્યું છે એ જોઈને ટી. એલ. ઈલિયટે (Waste land) લખેલું. બાહ્યાચારનો એક આભાસ એને દેખાય છે અને તેણે આ કાવ્યમાં એ બધું ચીતરી દીધું. કવિની અંતરયાત્રા એમાં દેખાય છે, આગળ ધપતી, વધતી.

આપણે ત્યાં સાહિત્ય સર્જાય છે. જાણે કે, કયાંય તેના અસર થતી જ નથી. અંદર કશું સ્પર્શતું નથી. આ સમજાય છે. એથી આ એક પ્રકારે તો વિષાદયોગ છે.

જેમ યાત્રા આગળ લંબાય, એમનો અનુભવ થતો જાય અને પછી એમાંથી આગે વધતાં પોતાની ભૂમિ પોતાને લાધે છે. મીરાં કહે છે: "સામળો, રૂપાળો મારો ..." આમાં અનુભવની વાણી છે. એ જેટલી સરળ છે, એટલું એમાં ઊંડાણ છે. વર્ષોથી એ વાણી કંઠોપકંઠ ચાલતી આવી છે. છતાં પરિભાષા સાથે ય સંતોની વાણીમાં અંદરની, અંતરના અનુભવની વાત એમાં જરૂર રહેવા પામી છે. એથી તો એ આપણાં અંતસ્તલને સ્પર્શે છે.

આ આપણો વારસો છે. પણ પ્રજા આથી વિમુખ થતી જાય છે. આખ્યાનકાર ધર્મની વાત કરતાં આજે સિનેમાની લાઈનમાં ઊભો થઈ ગયો છે.

આજના સાહિત્યકાર પાસે એવી અપેક્ષા રાખીએ કે અનંતની યાત્રા સુધી લઈ જાય અને આપણે એવા દિવસની રાહ જોઈએ.

**અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

# મારું અસ્તિત્વ

આકાશની અનંતતા અને સાગરની ગહનતાથી હું અજ્ઞાન નથી. જીવરૂપે સર્વસ્થળે મારું અસ્તિત્વ છે જ!

જડમાં હું ભલે અસ્તિત્વ ન ધરાવતો હોઉં પણ જડ મારા સ્પર્શથી ચેતનાવસ્થા અનુભવે છે, ચેતન એ મારા જીવનનો કોઈ કાળે ન બુઝાતો દીપ છે! ચેતન અને હું: બંનેનું અસ્તિત્વ એક જ છે!

જગતના કોઈ પણ માનવીય અગમ્ય ભાવો એ મારા જીવનનું આગવું લક્ષણ છે. બુદ્ધિમાં ન ઊતરે એવા ચમત્કારો લક્ષણો અસ્તિત્વમાં છે એવો કોઈ આકાશી દેવોના અગમ્ય પ્રચાર સાથે સહમત થવાનું હું ઉચિત સમજતો નથી. હું પ્રખર બુદ્ધિત્વથી આ જીવન અને જગતને સમજી શકયો છું.

પ્રત્યેક જીવો પાસે જીવવાની વિવિધતા છે–હું બુદ્ધિપ્રધાન માનવી છું. મારામાંની વાણીદ્વારા હું સમૃદ્ધ છું. દૃષ્ટિ સર્વ જીવોને ઉપલબ્ધ છે. રાંચળના, લાલિત્ય, મનવાંચ્છના, આશા વિવિધ ગુણાવગુણો સર્વ જીવોમાં છે–મારામાં ય છે.

આ જગતના સુખો કે દુઃખોથી હું વંચિત છું એવું તો કેમ કહી શકું? પાર્થિવ અને અપાર્થિવ સંબંધોના તાણાવાણામાં હું પરોવાયેલો છું, છતાં હું સર્વકાળે, અવગુણમાંથી મારી જાતને અલિપ્ત રાખી શકું છું!

ઉચ્ચ ઈશ્વરીય શાશ્વત ગુણો એ દેવોમાં જ હોય એવી એવી કપોળકલ્પિત વાતોને મારા જેવો બુદ્ધિજીવી કઈ રીતે સમજે!

મારા જીવનમાં, મારા હૃદયના એક એક ધબકારમાં-શ્વાસમાં પ્રાચીન અને અર્વાચીન જીવન છે. હજારો લાખો વર્ષો પૂર્વે હું હતો, આજે પણ હું છું જ–ભવિષ્યમાં પણ હું જ હોવાનો!

હું છું એટલે જ કાળ છે-પ્રાચીન કાળ ભૂતકાળ અને વર્તમના કાળ? કાળ: મારું મૃત્યુ છે-તેમ મારો મોક્ષ પણ કાળ જ છે અને મારું જીવન પણ કાળ છે. કાળના અને મારા અસ્તિત્વના એક્યભાવે જીવાતી પળ એ જ સત્યમય જીવન છે.

મારા અસ્તિત્વ સાથે કાળનું અસ્તિત્વ નિર્ધારાયું છે.

કાળ એ જ હું છું. પણ સારાય વિશ્વમાં જેના પ્રધાન્યનું અસ્તિત્વ છે, તે પ્રકૃતિનું એક પાસુ પણ હું છું – મારા દ્વારા પ્રકૃતિ પ્રાણવાન છે. પ્રકૃતિની એ શકિત મારા વશમાં નથી એ હું જાણું છું–પણ એના અસ્તિત્વની શકિતનું પ્રમાણ મારા સિવાય બીજું કોણ હોઈ શકે?

તડકો અને છાંયો: પ્રકાશ અને અંધકારના પ્રાણરૂપ સૂર્યદેવ કાળથી મારા અર્ઘ્યને સ્વીકારતા આવ્યા છે! એણે મારા અસ્તિત્વની નોંધ લીધી છે, એમના સમર્પણથી હું ધન્યતા અનુભવું છું: સમય અને સૂર્ય વચ્ચેની ગતિ એ મારું જીવન છે.

સાગરના એક એક બિંદુમાં મારા અસ્તિત્વનો પ્રાણ ધબકે છે: સારા ય સ્થળ-જળથી અલિપ્ત સંસારના ઐક્યની એ ધરી છે. એમના કાળોના અસ્તિત્વ સાથે હું જોડાયેલો છું.

નદીઓના કલ કલ વહેતા વારિમાં સંગીતમાં હું કાળોથી મારા અંતરનું મધુર સંગીત સાંભળતો આવ્યો છું. મારા સુકાંઈ ગયેલાં કંઠની તૃષાનું એ અમૃત છે. હું જ એની મધુરતાનો જ્ઞાતા છું. હું સરિતાને વંદ્ય ગણતો આવ્યો છું.

સાંજની મનોહરતા મારા જીવનની સુખની પળો છે, પણ એ સાંજ મારે માટે, મારા અસ્તિત્વ માટે છે, તેમ એના અસ્તિત્વની રોજ હું નોંધ લઈ, એની મનોહરતાના કાળોથી ગીત ગાઉં છું એ સાંજ કેમ વિસરી શકે?

રાતનો અંધકાર મારા કોલાહલમય જીવનનો વિરામ છે: એમનો આશીર્વાદ જ મારા જીવનનું સુખનું પાસુ છે.

પવનના સૂસવાટાઓ કયારેક શીતળતા, કયારેક ઉષ્ણતા અર્પે છે. એના આ કર્મમાં મારા જીવનની ગતિ છે. પણ એ મને કયારેક અસહ્ય પણ લાગે છે! પણ એમનામાંથી સુખનો–સંગીતનો આલાપ પણ સાંભળું છું.

વરસતો વરસાદ એ મારા સ્વપ્નનું ખાસ પાસુ છે. કયારેક એમના અતિરેકથી હું દુઃખ અનુભવું છું, પણ એ મારા સુખ, શાંતિ અને જીવનનો પ્રણેતા છે. હું કાળોથી, ગદ્ય, અને પદ્યમાં એમના વંદ્યગુણોને લલકારતો આવ્યો છું...

ફૂલોની મહેક તો મારા જીવનની પળેપળને શણગારી છે. મેં દેવોની જેમ એને ચરણોમાં નહીં, મસ્તકે સ્થાન આપ્યું છે. ફૂલો સમજે છે, કે પથ્થરના દેવોના ચરણો કરતાં મારા જેવા એની મહેક અને મધુરતાને વધુ સમજી શકે છે!

હું સારી રીતે જાણું છું કે મારા કરતાં કોઈ મહાશકિત અસ્તિત્વ ધરાવે છે. કંઈક મહાસ્વરૂપો પાસે હું વામણો દેખાઉં છું પરંતુ જેમ હું આ ભાવો અનુભવું છું ત્યારે મને એ વિચાર આવે છે, કે ધૂળના નાના કણ જેવી કીડી કે પછી એનાથી સહેજ મોટા કદનું અસ્તિત્વ ધરાવતી મંકોડી એની તીણી નજરે મારા કદને જોતી હશે ત્યારે મારા જેવો જ ભાવ અનુભવતી હશેને?

મહાશકિતઓના પ્રણેતા સર્વ કહે છે, 'હું દેવ છું' હું પણ પ્રાચીનકાળથી આજપર્યંત સત્યં, શિવં, સુંદરમનો પ્રણેતા રહ્યો છું. હું પણ દેવ છું.

આ સમસ્ત દેવો અને ઈશ્વર પાસે, કોઈ અભિમાની ભાવથી નહીં, વંદ્યભાવે પ્રાચીનથી અર્વાચીન કાળ દરમિયાન કેન્દ્રભાવે રહ્યો છું-તમામ સર્વશકિતને નમ્રભાવે સ્વીકારી હું પણ એ શકિતનો અંશ બની ગયો છું. એ સર્વમાન્ય શકિત મારા જીવન અને મૃત્યુની ધરી છે, એ સત્ય સ્વીકાર્ય છે, પણ સમસ્ત સંસારમાં મારા જ અસ્તિત્વથી એ શકિતનું અસ્તિત્વ ટક્યું છે! સંસારના ખૂણે ખૂણે જળ-સ્થળે મેં એ મહાશકિતને આરાધીને એમના અસ્તિત્વનું નિર્માણ કર્યું છે, એ કાર્ય તો આ સંસારનો દેવ જ કરી શકે એટલું સત્ય સર્વ દેવોએ સ્વીકારવું જ રહ્યું!

હું મારા જીવનના સર્વકાળ અસ્તિત્વમાં, મારા કરતાં પણ કોઈ મહાશકિત છે, એનો સ્વીકાર કરતો આવ્યો છું, આજે ય કરું છું-પ્રાર્થું છું દેવભાવે... !

**–ગુણવંત ભટ્ટ**

# લોકવાદ બનામ ફાસીવાદ

બિહારમાં શ્રી જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળના વ્યાપક જનઆંદોલને દેશની રાજકીય ક્ષિતિજ પર કેટલાક નવાં અભિગમો પ્રસારિત કર્યા છે.

સ્વરાજ્ય અને લોકશાહી સાથે સત્યાગ્રહ અને આંદોલનો કેટલે અંશે સુસંગત છે તેની ચર્ચા અત્યારે તો અપ્રસ્તુત લાગે છે, પરન્તુ એક કાળે તેનું સ્થાન નથી એવું પ્રતિપાદન કેટલાક ગાંધીનિષ્ઠ વિચારકોએ જોરશોરથી કર્યું હતું. પારડીમાં સ્વ. શ્રી ઈશ્વરભાઈ દેસાઈની આગેવાની હેઠળ ત્યાંના ભૂમિહીનોએ ધાસિયા આંદોલન કર્યું ત્યારે સ્વ. મગનભાઈ દેસાઈએ આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. સત્યાગ્રહ કરી શકાય તેવા શ્રી વિનોબાજીના વિધાનને પણ તેઓએ પડકાર્યું હતું. જે ગાંધીપરસ્તો સત્તા પર અધિષ્ઠિ હતા—દાખલા તરીકે સ્વ. ઠાકોરભાઈ દેસાઈએ આવું આંદોલન અહિંસક રહી શકે નહીં, તેવો પ્રતિવાદ કરી કેટલાક વિચારવમળો ઊભા કર્યા હતા.

આઝાદીના સત્તાવીશ વર્ષના અનુભવ પછી આવો હક પ્રજાને છે જ, એટલું જ નહિ, તેનું આચરણ નહીં થાય તો લોકશાહી નિ:સત્ત્વ અને પોલી રહેશે તેવી પ્રતીતિ સૌને થવા માંડી છે.

લોકશાહીમાં અભિપ્રેત ન્યાય, સમાનતા, સમતા વગેરે ભાવનાને જનતાભિમુખ કરવી હોય તો આવી જનજાગૃતિ માટે પ્રેરક અને પોષક એવી લડતો માટે સભાન પ્રજાએ સદાય તૈયાર રહેવું જોઈએ. તેમ નહિ થાય તો લોકશાહીને નામે શાસક પક્ષો અને સરકાર સર્વે સત્તા હાથ ધરવા જ પ્રયાસ કરશે. લોકશાહીના પોતે જ મોટા સંરક્ષકો છે, અને બંધારણ દ્વારા ચૂંટાઈને આવતા હોવાથી લોકશાહીના એ એકલા જ પ્રતિપાળો છે, તેમના આવા દાવાને વાજબી કારણોસર પડકારનારા તમામ લોકશાહીના દુશ્મનો છે; પ્રતિક્રાંતિકારીઓ છે; તેવી ઉંઘાસો હોંકશે; પ્રજામાં આ વિચાર અને નીતિરીતિઓનો આદર નહીં થાય તો પાછા લોકશાહીને નામે આંદોલનને કચડવા, દબાવવા પ્રયત્નશીલ થશે. પોતાને સરકાર ચલાવવાનો જાણે અબાધિત પરવાનો મળ્યો છે તેમ ગણીને પોતાની બિનલોકશાહી રીતરસમોને વાજબી ઠેરવવા મથશે. આંદોલનમાં જો થોડી હિંસા થાય તો તે માફ ન કરી શકાય. અહિંસાના પોતે પ્રખર પુરસ્કર્તા છે તેમ માનીને આવા બનાવોનો પ્રગટ તિરસ્કાર કરશે, આંદોલનના નેતાઓને વખોડશે. પરન્તુ પોતાના રાજ્યમાં પોલીસ અને લશ્કર દ્વારા જે પ્રગટ અપ્રગટ બેફામ હિંસા આચરાય છે તેને એ ક્ષમ્ય લેખશે. કારણ કે રાજ્યતંત્રમાં આવી હિંસા અભિપ્રેત અને અનિવાર્ય છે, તેમ માનીને, કહીને.

આ બન્ને અભિગમોનો પ્રબળ વેગ આજે બિહાર અને અન્યત્ર દૃષ્ટિગોચર થઈ રહ્યો છે. શ્રી જયપ્રકાશજીના આંદોલનમાં થોડીક વિચારની અસ્પષ્ટતા હશે, વિધાનસભાનું વિસર્જન જ થાય તેથી વર્તમાન સમસ્યા હલ થવાની નથી. જે નવા રાજકીય વિકલ્પો ગાંધીવિનોબાના રાહે ઊભા કરવાના પ્રયાસો થાય છે તે તરંગી, અવાસ્તવિક અને અવ્યવહારુ લાગતા હશે. પરંતુ બુનિયાદી સવાલ એટલો જ છે કે પ્રજાના મોટા વર્ગે જો સંસદ, વિધાનસભાના મતદારો જે મત પાત્ર વસતિના ૩૦ ટકાથી વિશેષ નથી, તેના ઉપથી ૪૦ કટા મત મેળવીને જે પક્ષ સત્તાનાં સૂત્રો હાંસલ કરે છે તે બહુમતીના નામે બોલી શકે કે કેમ તે એક મહત્ત્વનો સવાલ છે. અને તેનો સંતોષકારક જવાબ કોઈ આપતું નથી) સરકારમાંથી, તેની શક્તિમાંથી શ્રદ્ધા ગુમાવી હોય, આઝાદ લોકશાહી સમાજવાદમાં અવિચ્છિન્ન કહી શકાય તેવા કાર્યક્રમના અમલનો અભાવ તેને દેખાતો હોય, કોઈ જુદી જ દિશામાં સરકારની નીતિઓનું પ્રસ્થાન દૃષ્ટિગોચર થતું હોય તો પ્રજા તેવી સરકારની વાપસી માટે આંદોલનનો આશ્રય લઈ શકે છે અને લેવો જોઈએ. તેમ ન કરે તો તે લોકશાહીનું નામ પૂરતું છદ્મવેશી માળખું કાયમ રહેતું હોય છતાંય બધા અધિકારો તે ગુમાવી બેસે. આટલું બિહાર લડતમાં અવશ્ય પ્રતિપાદિત થયું છે. શ્રી જયપ્રકાશ નારાયણને પ્રજાને સચેત કરવા, અને લોકશાહીના રક્ષણ અર્થે તત્પર કરવા માટે તો અવશ્ય અભિનંદન આપવાં જોઈએ.

સરકારને, પોતાને સર્વસત્તાધીશ લેખતી સરકારનો ખરો ડર જ છે. તેને સત્તાના ચાલી જવા કરતાં, સત્તાના પોતે સેવેલા આ ખ્યાલો નષ્ટ થઈ જવાનો ભારે ભય છે. સરકાર અને શાસન પ્રજાના ઉત્કર્ષનું એક-એકમાત્ર નહીં—સાધન છે, માધ્યમ છે તેમ એ બધા કહે છે ખરા, લોકશક્તિ વગર લોકશાહી ટકતી નથી તેવું જાહેરમાં અવારનવાર ઉચ્ચારે છે પણ ખરા પરન્તુ આ શક્તિનો તેને અંદરખાનેથી ભય છે અને તેથી આવા આંદોલનોને, લડતને એક યા બીજા નામ પાડી વગોવે, વખોડે છે અને તેમાં નાકામયાબ થતાં તેને દબાવવા—કચડવા પ્રવૃત્ત બને છે.

સર્વસત્તાધીશતા અને સરમુખત્યારશાહી—ફાસીવાદ—વચ્ચેનું અંતર ઘણું નાનું છે. એક જ રીતિના એ પૃથક નામધારી અંશો છે; એ એકબીજાના ઉપબીજ છે અને તેમાં જ તેમની પરિણતિ છે. લોકજાગૃતિ ન હોય તો સર્વસત્તાધીશ વલણીઓને લોકશાહી રીતરસમોની બાહ્ય જાળવણી ખાસ કઠતી નથી, તેના ડોળ ચાલુ રહે છે, પરંતુ જ્યાં આવા અધિકારોના પડકારની, પ્રતિકારની વાતો થાય છે, ત્યાં પેલો અંચળો બાજુએ મૂકતાં આ બળો અચકાતાં નથી. પોતે કહે તે જ ખરું, અને તેનું જ પાલન થવું જોઈએ એવું સમીકરણ તે રચે છે. મૂલ્યો, સિદ્ધાંત, વિચારોનો સ્રોત વ્યક્તિ છે અને તે જ કહે તેને સ્વીકારીને સહુએ ચાલવું જોઈએ એવો મત પ્રચલિત કરાય છે. સરમુખત્યારશાહી અને સામ્યવાદી અને ફાસીવાદી પક્ષોમાં સમાન વલણ હોય તો તે આ કે, વ્યક્તિ—મહામંત્રી, પ્રમુખ જ સર્વેસર્વા છે. થિસીસને નામે તેના વિચારોને, કાર્યોને બહાલી મળે છે; રાજ્યનો, રાષ્ટ્રનો એ સ્વીકૃત સિદ્ધાંત બને છે. તેને ખોટા કહેનારા અથવા તો તેને પડકાર કરનારા રાષ્ટ્રવિરોધી અને ગદ્દાર કહેવાય છે.

આવું જ કાંઈ આ દેશમાં પ્રતીત થઈ રહ્યું છે. શ્રી જયપ્રકાશ નારાયણ અને તેમના સાથીઓ સામે જે પ્રકારના શાબ્દિક હુમલાઓ થઈ રહ્યા છે, તેમના આંદોલનને કચડવા જે નીતિરીતિઓનો આશ્રય લેવાઈ રહ્યો છે, માત્ર બિહારમાં જ નહિ, સમસ્ત દેશમાં જુદા જુદા રૂપમાં નીતિઓમાં આ વલણનો જે પ્રકારનો પ્રતિઘોષ પડી રહ્યો છે, તે જોતાં સત્તા સાચવવા અને તેને પોતાને માટે દૃઢ કરવા માટે છેક છેવટની કક્ષા—ફાસીવાદ સુધી જવાનું આ વલણ ખરેખર ખતરનાક છે.

શ્રી જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળના આંદોલનનાં વલણો કરતાં શાસનનો અભિગમ વર્તમાન સંજોગોમાં વધારે જોખમકારક છે. લોકશાહીને વાસ્તવિક પડકાર શ્રી જયપ્રકાશના બિહાર આંદોલન તરફથી નથી ઊભો થયો; આ આંદોલન તરફનો શાસક પક્ષોના એક જૂથના વલણમાંથી થયો છે. સામ્યવાદતરફી આ જૂથના વલણથી ઈતિહાસ જાણનારાઓને નવાઈ નહિ થવી જોઈએ. જર્મનીમાં હિટલરનો વિજય થયો, કારણકે ત્યાંના સામ્યવાદીઓ સોશ્યલ ડેમોક્રેટ્સ—સમાજવાદીઓને પસંદ કરતા નહોતા; નાઝીઓ કરતાં આ સમાજવાદીઓ તેમને વધારે પ્રત્યાઘાતીઓ લાગ્યા હતા. ચૂંટણીમાં તે તટસ્થ રહ્યા અને હિટલરનો પક્ષ વિજયી બન્યો. તેણે લોકશાહીને નિર્બળ કરી નાંખી. સામ્યવાદી પક્ષ અને તેના ગોચર—અગોચર હમદર્દોના વર્તમાન વલણનું પગેરું શોધવું આમ મુશ્કેલ નથી.

જે દેશોમાં સામ્યવાદ અને/અથવા ફાસીવાદનો ઉદય થયો છે, ત્યાં લોકો નિષ્ક્રિય રહ્યા છે, વગરલડતે તેનું આગમન થવા દીધું છે. ૧૯૩૯ માં રૂપેને લોકલડતદ્વારા આવાં બળોનો પ્રતીકાર કર્યો હતો. પરંતુ તે કામયાબ ન બની શકયું. તેના મૂળમાં અત્યારે ન ઊતરીએ, પરંતુ એવી સ્થિતિનું નિર્માણ ન થવા દેવું હોય, પ્રજા આસહાય અને મૂક બનીને પોતાના અધિકારોનો બેરહમ ભોગ લેવા દે તેવું બરદાસ્ત ન કરવું હોય તો, જે. પી. ની લડત સફળ થાય તેવું લોકશાહીના તમામ ચાહકોએ કરવું જ રહ્યું.

['નિરીક્ષક' માંથી સાભાર]

—નિરુ દેસાઈ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ્ મેન પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંવત્સર
વર્ષ ૩૬ : અંક : ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧ ડિસેમ્બર ૧૯૭૪ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## એક સમસ્યા

ઈન્દોરથી 'તીર્થંકર' નામે માસિક નીકળે છે. તેના તંત્રી ડૉ૦ નેમીચન્દ્ર જૈન વિદ્વાન છે. મહાવીર નિર્વાણ મહોત્સવના ઉપલક્ષમાં તેના નવેમ્બરના અંકમાં સંપાદકીય લેખમાં તેઓ લખે છે :

"નિર્વાણ શતાબ્દીના આ પ્રાંજલ–સ્વચ્છ વર્ષમાં કેટલીક અસંગતિઓ છોડવાની જરૂર છે. જુલુસ, સમારોહ, પરિચર્યા પરિસંવાદ, ભાષણ, વાદવિવાદ, કવિ સંમેલન બધું કરો, થવા દો, પણ આ બધાથી પર જે મહાવીર છે તેનો પણ જયઘોષ થાય, તેમ કરજો. અન્યથા, એમ ન બને કે મહાવીર અંગૂઠીમાં, પ્રિન્ટિંગ કાર્ડમાં કે કેલેન્ડરમાં, પુસ્તકોના આકર્ષક પુંઠાઓમાં, કાર-સ્કૂટરના લેબલોમાં, અખબારોની જાહેર ખબરોમાં, આકાશવાણીની ઘોષણાઓમાં, ટેલિવિઝનના દશ્યોમાં કે નિર્વાણના લાડુઓમાં માત્ર સીમિત રહી જાય.

"શું એ અસંભવ છે કે સારો જૈન સમાજ અને તેના કર્ણધારો, આ વર્ષમાં સંકલ્પ કરે કે અમારી કથની-કરણી (વાણી અને વર્તન)માં એકતા રહેશે? શું એ સંભવ છે કે આવા સંકલ્પની જાહેરાત કર્યા વિના, એ પ્રમાણે વર્ષ દરમિયાન વર્તન કરે?

"જૈન જ્યારે એમ કહેશે કે મારે શૂળી પર ચડવું પડે તો ખુશી થશે પણ ચોરી નહિ કરું, ગોશાલકોની વચ્ચે હોવા છતાં ભેળસેળનો ધંધો નહિ કરું, રણની રેતીમાં બાંધી ધખાવે તો પણ અસત્યના રસ્તે નહિ જાઉં, ઝેરનો પ્યાલો પીવો પડે તો પણ સંકલ્પથી હઠીશ નહિ, ત્યારે મૂળભૂત ક્રાન્તિ થશે."

આ લખાણ ખૂબ ભાવનાથી લખ્યું છે, તેમાં સત્ય છે. મુંબઈની મિટીંગમાં ગવર્નરે કહ્યું હતું કે મહાવીરના ઉપદેશનું આચરણ થાય તો સરકારને મિસાનો ઉપયોગ કરવો ન પડે.

મહાપુરુષો અને ધર્મપ્રવર્તકોના ઉપદેશને આપણે આવકારીએ છીએ, તેની પ્રશંસા કરીએ છીએ, જયન્તીઓ પ્રસંગે આ ઉપદેશનું આચરણ કરવું જોઈએ એવું ભારપૂર્વક કહીએ છીએ, છતાં આપણે જાણીએ છીએ કે આ બધું મોટે ભાગે કથનીમાં રહે છે, કરણીમાં પરિણમતું નથી. બધા ધર્મો માટે આ હકીકત છે. બધા વર્ગો માટે આ સ્થિતિ છે. માણસના જીવનની આ મોટી સમસ્યા છે. ધર્મ અને વ્યવહાર વચ્ચે આ મોટું અંતર કેમ?

માણસના જીવનની એ કરુણતા છે કે ધર્મ જાણતો હોવા છતાં તેનું આચરણ કરી શકતો નથી. દુર્યોધને કહ્યું હતું કે ધર્મ જાણું છું છતાં તેમાં પ્રવૃત્તિ કરવી નથી; અધર્મ જાણું છું છતાં તેમાંથી નિવૃત્તિ લેવી નથી. સોક્રેટીસે કહ્યું હતું કે સત્ય ખરેખર જાણતા હોઈએ તો અન્યથા વર્તન થાય જ નહિ. સત્ય જાણતા હોવાનો ભ્રમ સેવીએ છીએ, ખરી રીતે જાણતા નથી હોતા. દુર્યોધનના કથનમાં અને સોક્રેટીસના કથનમાં, બન્નેમાં સત્યનો અંશ છે. કદાચ માણસના જીવનનો એ શાપ છે કે આ આંતરિક યુદ્ધ સદા તેને રહે છે.

કેટલાક એમ માને છે કે વ્યવહારમાં ધર્મનું આચરણ શક્ય નથી સંસારમાં હોઈએ અને તેની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહીએ ત્યારે ધર્મને ભૂલી જવો જોઈએ. રેલવેના સમાન્તર પાટા પેઠે ધર્મ અને વ્યવહાર સદા જુદા રહે, ક્યાંય ભેગા થાય નહિ.

આચાર્ય કૃપાલાણીએ કહ્યું હતું કે, રાજકીય જીવન અને આધ્યાત્મિક જીવન બન્ને સાથે શક્ય નથી. પણ તેમણે ધર્મ અને નીતિ વચ્ચે ભેદ પાડયો છે. નીતિ, એટલે સામાજિક નીતિ, social virtue તેનું આચરણ વ્યવહારમાં શક્ય છે, આવશ્યક છે. તે સિવાય કોઈ સમાજ ટકી ન શકે.

ગાંધીજીએ રાજકીય અને આધ્યાત્મિક જીવનની એકરૂપતા બતાવી અને તે પ્રમાણે જીવ્યા. પણ તે કરી શક્યા, કારણકે તેમણે બ્રહ્મચર્ય અને સંપૂર્ણ અપરિગ્રહ સ્વીકાર્યા હતા. આ બે વ્રતો આદર્યા ન હોત તો રાજકીય પ્રવૃત્તિને આધ્યાત્મિક જીવનની સાધના બનાવી ન શક્યા હોત. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આચર્યા હોય તો અહિંસા અને સત્યનું આચરણ સરળ થઈ પડે છે, અસ્તેય અપરિગ્રહમાં આવી જાય છે.

હમણાં દિલ્હીમાં વિશ્વધર્મ પરિષદ થઈ. તેનું ઉદ્‌ઘાટન ઉપરાષ્ટ્રપતિ શ્રી જત્તીએ કર્યું. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન અતિથિવિશેષ હતા. બધાએ ધર્મનો મહિમા ગાયો. કોઈ એમ પૂછી શકે કે આ રાજદ્વારી કાવાદાવામાં ડૂબેલ વ્યકિતઓ શું જોઈને ધર્મનું નામ લેતા હશે? આવો દંભ શા માટે?

આ સંમેલનનું આયોજન મુનિ સુશીલકુમારે કર્યું હતું. એમ પણ પૂછી શકાય કે મુનિશ્રીએ શા માટે આવી વ્યકિતઓને ધર્મ-સંમેલનમાં આમંત્રણ આપ્યું?

આચાર્ય તુલસી અણુવ્રત આંદોલનના પ્રણેતા છે. તેમના સંમેલનોમાં ઘણી રાજદ્વારી વ્યકિતઓને આમંત્રે છે. થોડા દિવસ પહેલા જ યુવક સંમેલન કર્યું તેમાં વડા પ્રધાનને નોતર્યા. વડા પ્રધાને જાહેર કર્યું કે આ નિર્વાણ વર્ષને સંયમ વર્ષ માનવું યોગ્ય થશે.

નિર્વાણ મહોત્સવનો વિરોધ કરવાવાળાની એક દલીલ એ છે કે તેમાં આવી રાજદ્વારી વ્યકિતઓને આમંત્રી તેનું સરકારીકરણ કર્યું છે. ધાર્મિક મહોત્સવમાં તેમ થવું ન જોઈએ.

આ વિરોધ કરવાવાળાઓ દાણચોરો કે ભ્રષ્ટાચારીઓ પાસેથી ધન લઈ મંદિરો બંધાવે અથવા બીજી ધાર્મિક પ્રવૃત્તિઓ કરાવે તેનો તેમને વાંધો નથી.

આ બધું કોઈની ટીકા કરવાની દૃષ્ટિએ હું લખતો નથી, પણ ધર્મ અને વ્યવહારની સમસ્યાઓ કેટલી ગહન છે તે બતાવવા પૂરતું લખ્યું છું.

મુંબઈ મહોત્સવ સમારંભ થયો ત્યારે મુખ્ય મંત્રી પ્રમુખસ્થાને હતા. શ્રી ખુશવંતસિંગે માગણી કરી કે આ વર્ષમાં શિકારબંધી કરવી.

મુખ્ય મંત્રી પોતે શિકારી છે, છતાં તેમણે આ માગણીનો સ્વીકાર કર્યો. મુખ્ય મંત્રીને આ મહોત્સવમાંથી વંચિત રાખ્યા હોત તો આવી માગણી કરી શકાત અથવા તેનો સ્વીકાર થાત?

આ બધાનો વિચાર કરીએ ત્યારે એમ જણાશે કે માણસમાં રહેલા શુભઅશુભના દ્વંદ્વ, ધર્મ અને વ્યવહારના દ્વંદ્વના પ્રતીક છે. માણસ, પોતાની અનેક નિર્બળતાઓ અથવા સંજોગોને કારણે ધર્મનું આચરણ પૂરી રીતે કરી શકતો નથી. છતાં વત્તેઓછે અંશે આચરણ કરે જ છે, કરવાની ભાવના સેવે છે. વ્યવહારમાં ધર્મનું આચરણ પૂરી રીતે શક્ય નથી, તો સંપૂર્ણ અશક્ય પણ નથી. સામાન્ય માણસ પરંપરાગત જીવન જીવે છે, જાગ્રત માણસ મનોમંથન અનુભવે, કાંઈક દંભી દેખાય છતાં બે ડગલા આગળ જવા પ્રયત્ન કરતો રહે. માણસની ભાવના હોય, ધર્મ પ્રત્યેની અભિરુચિ હોય, તો વ્યવહારમાં પણ સંયમ અને મર્યાદા જાળવે અને તેમાં આગળ વધવા પ્રયત્ન કરે. આનું નામ ગ્રહસ્થધર્મ છે. સો ટકા થઈ શકતું નથી માટે ૧૦ ટકા થાય તે-પણ ન કરવું અથવા તેની ઉપેક્ષા કરવી તેમાં ધર્મના મર્મની સમજણનો અભાવ છે. એક જ શરત છે : માણસમાં નમ્રતા હોવી જોઈએ. પોતાની નિર્બળતાનું ભાન હોય તો અભિમાન ટળે.

મારો અલ્પ અનુભવ કહું તો જાહેર લખતા અથવા બોલતા મને ખૂબ સંકોચ થાય છે. 'પ્રબુદ્ધ જીવન' માટે લખવું પડે છે, ત્યારે પણ માત્ર પ્રકટ ચિન્તનરૂપે લખું છું. એક રીતે કહીએ તો પત્રકાર એટલે દુનિયાનો કાજી. પોતાની જાતને ડહાપણનો ભંડાર માને અને બધા વિષયોમાં અભિપ્રાયો અને સલાહ આપવાનો દાવો કરે. આવી સ્થિતિમાંથી બચવાનો મારો પ્રત્યન છે. તેનું એક શુભ પરિણામ આવ્યું છે. ખૂબ વિચારવું પડે છે, કેટલીક વખત મન ચકડોળે ચડે છે. મનોમંથન ઘણું વધી પડે છે, તેની વ્યથા પણ અનુભવું છું, તેનો આનંદ પણ અનુભવું છું. કોઈ વખત બધું મિથ્યા લાગે છે, ખોટો વલોપાત લાગે છે. શાને માટે આ બધી જંજાળ એમ થાય છે. ઘણા સમાધાનો અને બાંધછોડો કરવા પડે છે, ઘણું સહન કરવું પડે છે. પણ તેમાંથી ક્યાં છુટાય તેવું છે? તેની શુદ્ધિ કરવી એ જ માર્ગ છે. વ્યવહાર અને ધર્મને કાંઈક આવા સંદર્ભમાં હું જોઉં છું. તેમ કરતાં કાંઈક નિર્લેપતા અનુભવું છું.

૨૫–૧૧–૭૪ – ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## મિસા અને દાણચોરી

દાણચોરી માટે પકડાનલ કેટલીક વ્યક્તિઓને કોર્ટોએ છોડી મૂકી તેથી આકળાઈ, રાષ્ટ્રપતિએ હુકમ બહાર પાડયો કે દાણચોરી માટે પકડાયેલ વ્યક્તિ કેટલાક મૂળભૂત અધિકારોને આધારે તેમની અટકાયતને કોર્ટમાં પડકારી શકશે નહિ. એમ માનવામાં આવતું હતું કે આ હુકમ પછી દાણચોરો સામે સરકાર કડક હાથે કામ લઈ શકશે. થોડા જ દિવસમાં કોર્ટોએ આ ભ્રમ ભાંગી નાખ્યો. દિલ્હી હાઈકોર્ટે હમણાં ચુકાદો આપ્યો છે કે રાષ્ટ્રપતિના આ હુકમથી માત્ર મૂળભૂત હક્કોને આધારે અટકાયતને પડકારી ન શકાય, પણ અન્ય કારણોથી અટકાયત ગેરકાયદેસર હોય તો તેને પડકારવામાં રાષ્ટ્રપતિનો હુકમ આડે આવતો નથી. અટકાયત મિસાના કાયદા પ્રમાણે ન હોય અથવા તો ખોટી દાનતથી કરેલ હોય તો કોર્ટ તેને રદ કરી શકે છે. મિસાના કાયદા પ્રમાણે સરકારે અટકાયતીને તેની ધરપકડ માટેના કારણો આપવાં પડે છે. કોર્ટોએ ઠરાવ્યું છે કે આ કારણો અસ્પષ્ટ અથવા અસંબદ્ધ હોય અથવા દૂરના ભૂતકાળનાં વાસી થઈ ગયેલાં હોય તો એવાં કારણોસર અટકાયત થઈ શકતી નથી. આ મુદ્દા ઉપર જ અટકાયતીઓ છૂટયા છે. રાષ્ટ્રપતિના હુકમથી આ મુદ્દાને આંચ આવતી નથી. આ અર્થઘટન બરાબર છે કે નહિ તે તો મામલો સુપ્રીમ કોર્ટે જાય તો છેવટનો નિર્ણય થાય. પણ અત્યારે તો રાષ્ટ્રપતિનો હુકમ ધાર્યું પરિણામ લાવી શકવા અસમર્થ નીવડયો છે.

સરકાર ખરેખર કફોડી સ્થિતિમાં મુકાઈ છે. તેમાં કોર્ટોનો દોષ છે એમ નહિ કહેવાય. દોષ કોઈનો ગણવો હોય તો સરકારના કાયદાના સલાહકારોનો. દાણચોરીનું અનિષ્ટ ભયંકર છે તો નિર્વિવાદ છે. તેને ડામવા સખત પગલાં અને તાત્કાલિક પગલાંની જરૂરિયાત વિષે મતભેદને અવકાશ નથી. સામાન્ય ગુનાઓ પેઠે કેસ ચલાવવામાં આવે તો વર્ષો વીતી જાય અને પૂરતા પુરાવાઓ પણ ન મળે. સરકાર સામે એક આરોપ છે–અને તે વાજબી છે– કે સરકારને આ બધી જાણ હતી તો પણ યોગ્ય સમયે પગલાં ન લીધાં. વિશેષમાં એવો આરોપ છે–અને તે પણ વાજબી છે–કે આ કૌભાંડમાં ઉચ્ચ સ્થાને બેઠેલ અનેક રાજદ્વારી વ્યક્તિઓ અને ઉચ્ચ અમલદારો સંડોવાયેલ છે તેમની સામે પગલાં ન લેવાય ત્યાં સુધી પ્રજાને સંતોષ નહિ થાય. સરકારની દાનત વિષે પ્રજાને વિશ્વાસ નથી. આવા ગુનેગારોના મૂળભૂત હક્કો છીનવી લેવાય છે અથવા ન્યાયની કોર્ટોથી તેમને વંચિત રાખવામાં આવે છે તેવી ટીકામાં બહુ વજૂદ નથી. હકીકતમાં સરકાર બીજા ગુનેગારોનો ઢાંકપિછોડો કરે છે તે ગંભીર બાબત છે. સરકારે કંઈક જલદ ઉપાયો લીધા વિના છૂટકો જ નથી. નવો કાયદો કરવાનું વિચારી રહ્યા છે. પણ સરકારની પાયાની નીતિ બદલાવી જોઈએ અને જે કોઈ ગુનેગાર હોય તેને નસિયત થવી જોઈએ. દેશના અર્થતંત્રને છિન્નભિન્ન કરવાવાળી આવી પરિસ્થિતિ હવે નિભાવી શકાય નહિ.

## આરબ–ઈઝરાઈલનો ફરી ગંભીર મામલો

ઈજિપ્ત અને ઈઝરાઈલ વચ્ચે યુદ્ધવિરામ થયા બાદ, ઈઝરાઈલ અને સીરિયા વચ્ચે યુદ્ધ ચાલુ રહ્યું. ત્યાં પણ છેવટ યુદ્ધવિરામ કરાવ્યો અને સંયુકત રાષ્ટ્ર સંઘનાં દળોએ સરહદે શાન્તિ જાળવવા ચોકિયાત મૂક્યા તેની મુદત ૩૦મી નવેમ્બરે પૂરી થાય છે. પરિસ્થિતિ હવે તંગ બની છે. આ ચોકિયાત દળો ચાલુ રહેવાની મુદત સીરિયા લંબાવવા સંમત નહિ થાય એવી ભીતિ છે. બન્ને પક્ષો યુદ્ધની તૈયારી થઈ રહી છે. બીજી મહત્ત્વની બાબત પેલેસ્ટાઈનની છે. જોરડન નદીની પશ્ચિમ સરહદ અને ઈઝરાઈલ વચ્ચે પેલેસ્ટાઈનના આરબો જુદા રાજ્યની માગણી કરે છે. પેલેસ્ટાઈનના ગેરીલાઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓ ઘણા સમયથી કરી રહ્યા છે. પેલેસ્ટાઈન મુકિતદળના આગેવાન યાસર અરાફતને બીજા આરબ રાજ્યોનો ટેકો મળ્યો છે. હમણાં રબાતમાં આરબ રાજ્યોની પરિષદ મળી તેમાં પેલેસ્ટાઈન મુકિતદળનો સ્વીકાર થયો છે. જોરડનના રાજા હુસેનના વિરોધ છતાં, પેલેસ્ટાઈન આરબો વતી તેના મુકિતદળને પ્રતિનિધિત્વ મળ્યું છે. યાસર અરાફતને સંયુકત રાષ્ટ્રસંઘમાં આવકાર મળ્યો છે અને મુકિતદળના પ્રતિનિધિને રાષ્ટ્રસંઘમાં નિરીક્ષકનું સ્થાન મળ્યું છે. પેલેસ્ટાઈન ગેરીલાઓના અત્યાચારોને કારણે ઈઝરાઈલ તેના મુકિતદળ સાથે કોઈ વાટાઘાટ કરવા તૈયાર નથી. અમેરિકાએ ઈઝરાઈલને અને રશિયાએ સીરિયાને પુષ્કળ શસ્ત્ર–સરંજામ પૂરા પાડયા છે. ઈઝરાઈલની આર્થિક સ્થિતિ કટોકટીભરી હોવા છતાં, ઈઝરાઈલ લડવાની તૈયારી કરી રહ્યું છે. ઈજિપ્તના પ્રમુખ સાદતનું વલણ કાંઈક સમાધાનકારી છે, પણ છેવટ આરબ રાજ્યોની વિરુદ્ધ જઈ શકશે નહિ. આરબ રાજ્યોએ તેલાસ્ત્ર અજમાવીને એકતા સાધી છે તેને કારણે અમેરિકા અને યુરોપ ભારે મુસીબતમાં મુકાયાં છે. ડૉ. કિસિન્જરે તેમની મુત્સદ્દીગીરી ફરી અજમાવી જોઈ, પણ બહુ સફળતા મળી નથી. રશિયા અને અમેરિકા વચ્ચે સમજૂતીનું

વલણ રહ્યું છે, છતાં મધ્યપૂર્વના મામલામાં કયારે અથડામણમાં આવે તે કહેવાય નહિ. આ લખાય છે ત્યારે પ્રેસિડન્ટ ફોર્ડ અને બ્રેઝનેવ વચ્ચે મંત્રણાઓ ચાલે છે. અમેરિકા ઈઝરાઈલને અને રશિયા સીરિયાને કેટલું દબાવી શકે છે તે ઉપર આધાર છે. છેવટ અમેરિકા ઈઝરાઈલને, દક્ષિણ વિયેટનામ પેઠે, પડતું મૂકી શકે તેમ નથી. અમેરિકન યહૂદીઓનો ઈઝરાઈલને મોટો ટેકો છે. છતાં, મધ્યપૂર્વમાં ફરી યુદ્ધ થાય તે અમેરિકા અથવા રશિયા કોઈને પોસાય તેમ નથી. ઈજિપ્ત–ઈઝરાઈલ વચ્ચે સમજૂતી કદાચ થઈ શકે. ઈજિપ્તનો કબજે કરેલ પ્રદેશ–સિનાઈ–છોડવા ઈઝરાઈલ તૈયાર થાય, પણ સીરિયાનો કેટલોક પ્રદેશ–ગોલન ટેકરીઓ–છોડવા ઈઝરાઈલ તૈયાર નથી. પણ ૨૫ વર્ષથી સળગતા આ પ્રદેશને શાંત કર્યે જ છૂટકો છે. ઈઝરાઈલ અને આરબોએ પરસ્પરને સહન કરવા જ પડશે. આરબોએ ઈઝરાઈલનો સ્વીકાર કરવો પડશે અને ઈઝરાઈલે ૧૯૬૭ પછી કબજે કરેલ પ્રદેશો ઈજિપ્ત અને સીરિયાને પાછા સોંપવા પડશે.

**દસ્તાવેજી ફિલ્મનો વિરોધ**

ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયાએ કેટલાંક વર્ષો પહેલાં જૈન તીર્થોની દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરી હતી. તે એટલી સુંદર થઈ હતી કે તેને ઈન્ટરનેશનલ પારિતોષિક મળ્યું હતું. લગભગ ૨૦ મિનિટ ચાલે એટલી ફિલ્મ છે અને દેશભરમાં તે બતાવવામાં આવી હતી. આ નિર્વાણ મહોત્સવ વર્ષ માટે તે ફિલ્મમાં થોડા સુધારાવધારા કરી, ફરી બધે બતાવવાનો કાર્યક્રમ કર્યો છે. અમદાવાદમાં સિનેમાઓમાં ન્યૂઝરીલ તરીકે તે ફિલ્મ બતાવવી શરૂ કરી તે સામે મુનિ ચન્દ્રશેખરે વિરોધ કર્યો અને ઉપવાસ આદર્યા. તેમના વિરોધનાં કારણો ચોક્કસ જાણ્યાં નથી, પણ તેમાં ભગવાનની પ્રતિમાનો ફોટો આવે છે અને તેથી અશાતના થાય એવા કારણે વિરોધ કર્યો એમ સાંભળ્યું છે. રાણકપુર, દેલવાડા આદિ મંદિરોનાં ચિત્રો તેમાં આવે છે અને આણંદજી કલ્યાણજી પેઢીએ તે ચિત્રો લેવા દીધાં તેથી તે પેઢી અને તેના પ્રમુખ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સામે પણ વિરોધ થયો. ઉપવાસ ૩/૪ દિવસ ચાલ્યા પછી શ્રી કસ્તુરભાઈની વિનંતિથી મુનિશ્રીએ પારણાં કર્યાં. શ્રી કસ્તુરભાઈએ એવું આશ્વાસન આપ્યું કહેવાય છે કે ૧૧મી ડિસેમ્બર સુધીમાં દેશમાં આ ફિલ્મ બતાવવી બંધ થાય તે માટે તેઓ પોતાની લાગવગ વાપરી પ્રયત્ન કરશે.

આ વિરોધ સર્વથા અર્થહીન અને પાયા વિનાનો છે તે ભાગ્યે જ કહેવાની જરૂર હોય. અશાતનાના ખોટા ખ્યાલો મુનિશ્રીના ગમે તેવા હોય તે કારણે આવી સુંદર ફિલ્મનું પ્રદર્શન ન થાય તે બિલકુલ અયોગ્ય છે. હજી કદાચ સ્થાનકવાસી કે તેરાપંથી સંપ્રદાય કોઈ વાંધો લે, પણ મૂર્તિપૂજક સમાજને વાંધો હોવાનું કોઈ કારણ નથી. જૈન કલા અને સ્થાપત્યનાં આટલાં બધાં પ્રદર્શનો થાય છે, ચિત્રસંપુટો પ્રકટ થાય છે તેમ આ દસ્તાવેજી ફિલ્મ મારફત જૈન સ્થાપત્ય અને કલાનો વારસો દેશ અને દુનિયાને જાણવા જેવો છે, બતાવવા જેવો છે. આ વારસો જૈન સમાજનો જ નથી, ભારતવર્ષનો છે. કોઈ એક કે વિશેષ મુનિની ધૂનથી દેશને આવા વારસાની જાણથી વંચિત રાખી ન શકાય.

મુનિ ચન્દ્રશેખરે નિર્વાણ મહોત્સવ સામે બે વર્ષથી વિરોધનો વંટોળ જગાવ્યો છે. તેમાં નિષ્ફળતા મળી અને દેશભરમાં ખૂબ ઉત્સાહથી આ મહોત્સવ ઊજવાઈ રહ્યો છે ત્યારે છેવટ આવી રીતે તરણાને પકડી, કોઈક આત્મસંતોષ મેળવવાનો પ્રયત્ન કર્યો છે. એવા વિરોધને કોઈ ઉત્તેજન આપી ન શકાય.

શ્રમણવર્ગ પ્રત્યે સકારણ જૈન સમાજને આદર છે. તે આદરનો સદુપયોગ કરવો શ્રમણોનો ધર્મ છે. તેનો સદુપયોગ થાય તો સમાજનું કેટલું કલ્યાણ થાય અને દુરુપયોગ થાય તો કેટલી હાનિ થાય એ બન્ને પ્રકારના અનુભવો આ પ્રસંગે થયા છે. સમાજનો આ આદર ટકાવી રાખવો હોય તો શ્રમણોએ યુગને ઓળખવો પડશે. અપવાદો બાદ કરતાં મોટા ભાગના શ્રમણવર્ગનો આ મહોત્સવને ટેકો મળ્યો છે તે સમાજનું સદ્‌ભાગ્ય છે.

**જયપ્રકાશના આંદોલન વિષે શાસકપક્ષમાં મતભેદ**

જયપ્રકાશે જાહેર કર્યું હતું કે આંદોલનનો મોરચો હવે દિલ્હી બનશે. તે પ્રમાણે તેઓ દિલ્હી પહોંચ્યા છે અને વિવિધ પક્ષોના આગેવાનો સાથે મંત્રણાઓ શરૂ કરી છે. શાસકપક્ષના આગેવાન અને વર્કિંગ કમિટીના સભ્ય ચન્દ્રશેખર, જયપ્રકાશના અનુરાગી છે અને જયપ્રકાશ સાથે કૉંગ્રેસે સમાધાન કરવું જોઈએ તેના આગ્રહી છે. દિલ્હીમાં તેમને ત્યાં જયપ્રકાશને નિરાંતવાણું આપ્યું અને લગભગ ૫૦ કૉંગ્રેસના પાર્લામેન્ટના સભ્યોને પણ બોલાવ્યા. જયપ્રકાશે ઘણું કડક વલણ લીધું અને ઈન્દિરા ગાંધી તથા કૉંગ્રેસ-પ્રમુખની ઝાટકણી કાઢી. કૉંગ્રેસપ્રમુખ બરુઆને ઈન્દિરા ગાંધીના હજૂરિયા તરીકે બિરદાવી તેમની મજાક ઉડાવી. કૉંગ્રેસી સભ્યો આ બધું સાંભળી રહ્યા અને મૌન રહ્યા તે વાતનો ઊંડો પ્રત્યાઘાત પડયો અને લગભગ ૧૩૦ બીજા સભ્યોએ આવા વલણનો સખત વિરોધ કર્યો. નિવેદનો અને પ્રતિનિવેદનો થયાં. ૧૯૬૯માં કૉંગ્રેસમાં ભંગાણ પડયું એવું જાણે વાતાવરણ હોય તેમ કહેવાય છે. જયપ્રકાશની ભાષામાં કટુતા અને તીવ્રતા વધતાં રહ્યાં છે. હવે પાર્લામેન્ટને દસ લાખ માણસોનો ઘેરો ઘાલવો એવી જાહેરાત કરી છે. ઈન્દિરા ગાંધી બંધારણને નેવે મૂકશે, લોકશાહી ખતમ કરશે અને સરમુખત્યાર બનશે એમ પણ કહ્યું છે. બીજે પક્ષે એમ કહેવાય છે કે જયપ્રકાશ સમતુલા ગુમાવી બેઠા છે અને બેફામ અને બિનજવાબદાર ઉશ્કેરણી કરી રહ્યા છે. આમ સંઘર્ષ વધતો જાય છે. આ બધી બાબતો વિષે ગંભીર વિચારણા કરવા કૉંગ્રેસના આગેવાનો નરોરા (ઉત્તર પ્રદેશ)માં ભેગા થયા છે અને ખાનગી મંત્રણાઓ ચાલે છે. કામરાજ અને જયપ્રકાશની મુલાકાત થઈ. કામરાજને જયપ્રકાશનું વલણ અક્કડ જણાયું છે. આ આંદોલનના મુખ્ય મુદ્દાઓ વિષે તાજેતરમાં જનસંઘના પ્રમુખ શ્રી અડવાણીએ વિનોબાજીની મુલાકાત લીધી તેનો સત્તાવાર અહેવાલ સર્વોદય તરફથી મળ્યો છે, જે મનનીય હોઈ આ અંકમાં અન્યત્ર આપ્યો છે.

૨૪–૧૧–'૭૪ ચીમનલાલ ચકુભાઈ

# 'બિહારમાં પક્ષમુકત સરકાર અને સરકારમુકત ગામ બને'

[ગઈ તા. ૪ નવેમ્બર ૧૯૭૪ના રોજ પવનાર (વર્ધા)માં અખિલ ભારતીય જનસંઘના પ્રમુખ શ્રી અડવાણી અને વિનોબાજીની વચ્ચે થયેલા વાર્તાલાપનો અહેવાલ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.–તંત્રી.]

અડવાણી: આજકાલ રાજકીય ભ્રષ્ટાચાર વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે. હું પોતે ચૂંટણીસુધારા અંગે એક પ્રકારે અભિયાન કરતો રહ્યો છું. આ વિષયો પરત્વેના આપના વિચારો જણાવશો તો આભારી થઈશ.

વિનોબા: શંકરાચાર્યે એક કથા લખી છે. એનું શીર્ષક છે, કો દશમ:? દસ યાત્રી પદયાત્રાએ નીકળ્યા. જંગલમાર્ગે જઈ રહ્યા હતા ત્યારે ચાલતાં ચાલતાં આગળપાછળ થઈ ગયા. થોડાક કલાક પછી બધા ભેગા થયા ત્યારે બધા આવી ગયા કે નહિ એની ગણતરી કરવા લાગ્યા. એકે ગણ્યા, બીજાએ ગણ્યા, પણ સંખ્યા નવની જ થઈ. દસ જણે સર્વસંમતિથી ઠરાવ કર્યો કે આપણે નવ છીએ. આમ કેમ બન્યું? કારણ એ કે

દરેક ગણનારે પોતાને ગણ્યો જ નહિ. આ રીતે ભ્રષ્ટાચારની ગણતરીમાં આપણે આપણને છોડીને બીજાથી જ પ્રારંભ કરીએ છીએ. એટલા માટે દરેક વ્યક્તિએ પ્રથમ પોતાની આસપાસ જે ભ્રષ્ટાચાર ચાલે છે એને દૂર કરવો જોઈએ. ત્યારે દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે.

ચૂંટણી સંબંધમાં દરેક પક્ષ એમાં ભ્રષ્ટાચાર ન થાય એમ ઈચ્છે છે. તો પછી બધા લોકો ઈન્દિરાજીની સાથેબેસીને આ બાબતમાં વિચાર કરે. આ માટે ઈન્દિરાજી તૈયાર થશે એવી મને આશા છે. જર્મનીમાં ચૂંટણીમાં બધા પક્ષોનો ખર્ચ સરકાર આપે છે. આપણા દેશ માટે આમ કરીએ તો એ અનુકૂળ થાય કે કેમ એનો વિચાર કરવો જોઈએ. પણ આપણો દેશ આમ તો નામમાત્ર 'દેશ' છે. અસલમાં તો એ એક 'પેટાખંડ' છે. આપણે ત્યાં પંદર વિકસિત ભાષા છે. આ બધું ધ્યાનમાં લઈને વિચાર કરવો જોઈએ. ચૂંટણીમાં સુધારો કરવા તો બધા જ ચાહે છે પણ કેવા સુધારા કરવા એ બધાએ મળીને નક્કી કરવું જોઈએ.

અડવાણી: હમણાં ઈન્દિરાજીએ બધા પક્ષો મળીને આ બાબતમાં વાતચીત કરે એમ કહ્યું. પણ આમ તો સંસદની એક સર્વપક્ષીય સમિતિ રચવામાં આવી હતી. એનો અહેવાલ ૧૯૭૨માં સુપરત કરવામાં આવ્યો હતો. પણ બાર વર્ષ થઈ ગયા એના વિષે કશું કરવામાં આવ્યું નથી. આ કારણે જ અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે, અને એવી ધારણા ઊભી થઈ છે કે આ આંદોલનને કારણે સાથે મળીને વાત કરવાનું કહેવામાં આવે છે.

વિનોબા: ઠીક છે. આંદોલનને લીધે એમ થયું હશે. એક પરિસ્થિતિ ઊભી થાય એના પરિણામસ્વરૂપ કંઈક થતું પણ હોય. એ ગમે તે હોય, ઈન્દિરાજી એને ટાળશે નહિ.

અડવાણી: એમણે ચૂંટણીસુધાર માટે સાથે મળીને વાત કરવાનું કહ્યું છે એને હું તો આવકાર આપું છું, પણ સંસદીય સમિતિના અહેવાલમાં જે બાબતો પરત્વે બધા પક્ષો સહમત હતા એનો પહેલાં અમલ કરવામાં આવે અને પછી બાકીના વિષયો પર ચર્ચા કરવામાં આવે એ શું યોગ્ય નથી?

વિનોબા: આવો આગ્રહ નહિ રાખવો જોઈએ. જે થઈ ગયું તે થઈ ગયું. જૂની વાતોને ભૂલીને નવેસરથી વિચારવું જોઈએ.

અડવાણી: આર્થિક ક્ષેત્રે એમ નથી લાગતું કે જ્યાં સુધી નાના અને ગૃહઉદ્યોગો માટે નિશ્ચિત ક્ષેત્ર રક્ષિત બનાવવામાં નહિ આવે ત્યાંસુધી મોટા ઉદ્યોગોની સ્પર્ધામાં એ ટકી શકશે નહિ અને દેશની આર્થિક વ્યવસ્થા સુધારવા માટેનું એક મુખ્ય સાધન પંગુ બની રહેશે?

વિનોબા: તમારું કહેવું સાવ સાચું છે. નાના ઉદ્યોગો, ગૃહઉદ્યોગો ગામડામાં ચાલવા જોઈએ. આ ઉદ્યોગોને બરાબર રક્ષણ મળવું જોઈએ. કાપડ ગામડામાં બને તો ગામડાં કાપડમાં સ્વાવલંબી બને, ગામના ઝઘડા અદાલતમાં ન જાય, ગામમાં શરાબ ન હોય – આ રીતે ગામ પૂરેપૂરાં પોતાનાં સાધનોથી ચાલે અને જ્યાં જરૂર હોય ત્યાં શહેરોની મદદ લેવામાં આવે એવું થવું જોઈએ.

અડવાણી: અમારું હંમેશાં એવું મંતવ્ય રહ્યું છે કે શહેરો માટેની બધી ઉપભોકતા વસ્તુઓ છે તે બધી નાના ઉદ્યોગો દ્વારા બને અને ટુથપેસ્ટ, સાબુ જેવી રોજની જરૂરિયાતો ઉત્પન્ન કરતાં વિદેશી મલ્ટીનેશનલ કોર્પોરેશનોને આ ક્ષેત્રમાંથી દૂર કરવાં જોઈએ. આ દૃષ્ટિકોણ બરાબર છે?

વિનોબા: બિલકુલ બરાબર છે. મેં કહ્યું હતું કે ગામોમાં ગોબર છે, તો ગોબરગેસ દ્વારા ઉર્જા (એનર્જી)નું નિર્માણ થઈ શકે છે. આજે આરબોએ જે 'તેલાસ્ત્ર' છોડ્યું છે એનો એક જવાબ ગોબરગેસ પ્લાન્ટ પણ હોઈ શકે છે. આ રીતે આપણે જેટલા નાના ઉદ્યોગો ઊભા કરી શકીએ એટલા કરવા જોઈએ. શહેરવાળાં આવશ્યક નાનાં યંત્રો પૂરા પાડી શકે છે. એ સિવાય શહેરોની ઘણી ચીજો ગામવાળા બનાવી આપી શકે છે.

મેં એવી માગણી પણ કરી હતી કે ગામેગામ અનાજ પેદા થાય છેઅને સરકાર પૈસામાં કર લે છે એટલે કિસાનોએ સસ્તાભાવે વેપારીઓને અનાજ વેચવું પડે છે. પછી વેપારીઓ અનાજ મોંઘું કરીને વેચેછે. મેં સૂચવ્યું હતું કે સરકારને મહેસુલ પેટે પૈસા આપવાને બદલે અનાજ જ આપવું જોઈએ. આખું ગામ મળીને સરકારને અનાજનો છઠ્ઠો હિસ્સો આપવાનું નક્કી કરી શકે છે. છઠ્ઠા હિસ્સાના લોકો શહેરોમાં રહે છે તો અનાજનો છઠ્ઠો હિસ્સો એમને આપવામાં આવે. સરકાર પાસે આથી બફર સ્ટોક પણ રહેશે. પછી સરકાર પોતાના નોકરોને પગારનો એક હિસ્સો અનાજના રૂપમાં પણ આપી શકે છે. હમણાં રેલવે કામદારોની હડતાલ પડી હતી તેમની પણ એ માગ હતી. પણ સરકારના માણસો કહે છે કે આમ કરવાથી ઘણો મોટો સ્ટોક રાખવો પડશે, એનું રક્ષણ કરવું પડશે, ભારે ઝમેલો થશે. આવી ધમાલમાં અમે શા માટે પડીએ? મેં કહ્યું કે તમે રાજ્ય કરવાનું સ્વીકાર્યું છે ત્યારે તમે આ બોજાનો પણ સ્વીકાર કર્યો છે. સાંભળ્યું છે કે ચીનમાં આ રીતે અનાજના રૂપમાં કર લેવામાં આવે છે.

અડવાણી: આ બાબતમાં તમારી દૃષ્ટિ હંમેશાં સાફ રહી છે. ગાંધીજીએ પણ આના પર ભાર મૂક્યો હતો. અત્યારના રાજ્યકર્તાઓ એનો સ્વીકાર કેમ નથી કરતા એ મને સમજાતું નથી. આર્થિક ક્ષેત્રનું અમારું દૃષ્ટિબિંદુ અમારા ભૂતપૂર્વ અધ્યક્ષ દીનદયાળ ઉપાધ્યાયે સ્પષ્ટ કર્યું હતું. એનું તમારા વિચારો સાથે સારું એવું સામ્ય છે. સરકાર તમારા આગ્રહને વશ થઈને આનો સ્વીકાર કરે એવી સંભાવના કેટલી?

વિનોબા: તમે બધા બરાબર ટેકો આપશો તો સરકાર એનો સ્વીકાર કરશે.

અડવાણી: અમે તો ટેકો આપીએ જ છીએ.

વિનોબા: ઈન્દિરાજી અહીં આવ્યા ત્યારે અનાજના રૂપમાં કર લેવાની વાત મેં એમની સમક્ષ કરી હતી. એ પછી ગિરિજી (ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ) આવ્યા ત્યારે પણ આ વાત રજૂ કરી હતી. એમને આ વાત ગમી હતી. એમણે ઈન્દિરાજી સાથે પણ આ વિશે વાત કરી હતી. ઈન્દિરાજી બીજી વાર આવ્યાં ત્યારે એમણે કહ્યું હતું કે હું આ બાબતમાં પ્રદેશ સરકારોને લખીશ; આ સ્ટેટ સબજેક્ટ છે. થોડા દિવસ પહેલાં સાંભળ્યું કે બિહારની અને મધ્યપ્રદેશની સરકાર આ બાબત વિચારી રહી છે.

અડવાણી: બિહારનું આંદોલન કેવું સ્વરૂપ ધારણ કરશે? તમને એમાં શું સંભવ લાગે છે?

વિનોબા: ચૂંટણી ૧૯૭૬માં થવાની છે. હવે દોઢ વર્ષ બાકી છે. એમ ધારી લઈએ કે ત્યાંની સરકાર દૂર કરવામાં આવે તો પણ ચૂંટણી કરતાં વર્ષ-દોઢ વર્ષ તો લાગી જશે. એટલા માટે આ લોકો પોતાની તાકાત જનતા સારા લોકોને ચૂંટી કાઢે એવું કરવામાં લગાડે એમ હું માનું છું, કેમકે હવે સમય ઘણો ઓછો છે.

અડવાણી: ચૂંટણીમાં સારા લોકો ચૂંટાય એવી ઈચ્છા બધાના મનમાં રહે છે પણ એનું વ્યાવહારિક સ્વરૂપ કેવું હશે? અને સરકાર પોતાને ન્યાયાલયથી પર સમજે, ન્યાયાલયના નિર્ણયને ખતમ કરે એવા અધ્યાદેશ બહાર પાડે તો જનતાની પાસે અસહયોગ આંદોલન સિવાય બીજું કયું હથિયાર રહે છે?

વિનોબા: આપણી પાસે ઘણું મોટું હથિયાર છે. આ અમે તો વર્ષો પહેલાં બતાવેલું છે. ખાસ કરીને બિહારમાં ગ્રામદાની ગામ છે, ભલે એ નામમાત્રનાં હોય, ત્યાં ગ્રામસભા બને અને ગામ પોતાના તરફથી સારા માણસને, સર્વાનુમતિથી ઊભા કરે. ગામમાં સારું કોણ છે, ખરાબ કોણ છે એ ગામવાળા બધા જાણતા હોય છે. કોઈ ગામ જાણી જોઈને ખરાબ માણસોને ચૂંટશે નહિ. સર્વાનુમતિથી ખરાબ માણસ ચૂંટી શકાશે નહિ. આ રીતે ગામના લોકો પોતાના માણસને ચૂંટે. આજે ગામના લોકોમાં જુદા જુદા પક્ષના માણસો ફૂટ પાડે છે. એમના મત વહેંચાઈ જાય છે. ગામોમાં પાંચ હિસ્સા – પાંચ અષ્ટાંશ મતો છે અને શહેરોમાં એક હિસ્સાના એક અષ્ટાંશ મત છે. આ માટે ગામવાળા એક થાય.

અને પોતાની તાકાત ઊભી કરે. કમમાં કમ બિહારમાં તો આટલું થાય જ, આની-અસર સમગ્ર ભારત પર પડશે.

અડવાણી: બિહારનું આંદોલન કઈ દિશામાં જશે? કેવું રૂપ લેશે? બધાની નજર એના પર જ મંડાયેલી છે.

વિનોબા: ગામ ગામના લોકો પોતાના માણસને સર્વાનુમતે ચૂંટે એવા બાબાના વિચારની જયપ્રકાશને તો ખબર જ છે. જો એમને આ વિચાર વ્યવહારુ લાગશે તો તેઓ બિહારમાં આ કામ ઉપાડશે. જો વ્યવહારુ નહિ લાગે તો નહિ કરે. પણ હું માનું છું કે બિહારમાં આ કામ થઈ શકે તેમ છે, મોટા ભાગના મત ગામડાના છે પણ ગામની તાકાત જામતી નથી. શહેરોની તાકાત જામે છે અને મતો ખરીદી પણ શકાય છે. મેં આ લોકોને એક મંત્ર આપ્યો હતો: 'પક્ષમુકત સરકાર અને સરકાર મુકત ગામ.'

અડવાણી: બિહારની પરિસ્થિતિમાં, કે જ્યાં જાતિવાદ બહુ પ્રબળ છે ત્યાં સર્વસંમત ચૂંટણી થવાને બદલે જાતિગત આધારે દબાણ આવશે એવી દહેશત નથી રહેતી? આજે આવા દબાણને પક્ષો જ અમુક અંશે ઓછું કરી શકે છે. એ સાથે કેટલાક પક્ષો આ દબાણોનો લાભ પણ ઊઠાવે છે– કાલે કયાંક જનતાને પ્રભાવિત કરવાનું આ જ એક મુખ્ય કારણ બની જાય નહિ.

વિનોબા: બિહારમાં જાતિપ્રથા છે. પરંતુ જ્યાં ગ્રામદાની ગામો થયા છે, ભલે નામમાત્રનાં હોય, જ્યાં બધાએ ગ્રામદાનને સ્વીકાર્યું છે અને ગ્રામસભાને અધિકાર આપ્યો છે ત્યાં એવું પણ બન્યું છે કે ગ્રામસભા સરકારને ગામનું મહેસુલ એક સાથે ભરે, એટલા માટે ગ્રામસભામાં વીશ વર્ષની ઉપરના બધા લોકો એટલે ગ્રામસભાના બધા સભ્યો મળીને સર્વસંમતિથી પોતાનો પ્રતિનિધિ ચૂંટે, એવું બની શકે છે.

અડવાણી: આ પહેલાં જનસંઘના કોઈ હોદ્દેદાર તમને મળ્યા હતા?

વિનોબા: દીનદયાળ ઉપાધ્યાયજી મળ્યા હતા. (હસીને) મારી જાતિવાળા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જનસંઘમાં ઘણા છે. તમે સમજ્યા મારી જાતિ કઈ છે? હું બ્રહ્મચારી છું. એ મારી જાતિ છે.

અડવાણી: અમારા પક્ષના ભૂતપૂર્વ પ્રમુખ બાજપેજી અવિવાહિત છે, હું નથી. અમારા પંચિય મંત્રી અવિવાહિત છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બધા પ્રચારકો અવિવાહિત હોય છે– આગળ માટે માર્ગદર્શન અને આશીર્વાદ માગું છું.

વિનોબા: મારી પાસે અનેક પક્ષવાળા આવે છે–એના નેતાઓ અને સામાન્ય કાર્યકર્તાઓ પણ. એમની સાથે વાતચીત થાય છે એમાં કેટલાક પ્રશ્નો વિશે એકમત થાય છે. (હસીને) પછી દૂર જાય છે અને મતભેદ શરૂ થાય છે. અહીંના વાતાવરણમાં કદાચ એકમત થઈ જતો હશે. અત્યારની વાતચીતમાં જે બાબતો વિશે આપણી વચ્ચે મતૈક્ય થયું એના પર તમે બરાબર 'આડી' રહેજો– તો જ તમે અડવાણી સાચા. વચ્ચે વચ્ચે મળતા રહેજો.

## મગજ ઉપરની તાણ

લંડનમાં તાજેતરમાં 'રોયલ સોસાયટી ઓફ હેલ્થ' નામની સંસ્થાએ એક પરિસંવાદ યોજ્યો હતો. આધુનિક માનવ માનસિક તાણમાં જીવી રહ્યો છે અને તેનાથી તે પોતાનાં મન અને શરીર ઉપર જે આફત નોતરી રહ્યો છે તેની ચર્ચા થઈ હતી. ત્યારે ગ્લાસગો યુનિવર્સિટીના પ્રોફેસર ગોર્ડન સ્ટુઅર્ટે એક બહુ રસપ્રદ વાત કહી હતી. માણસના મગજ ઉપર કોઈ બોજો આવી જાય કે માનસિક તંગ અવસ્થા આવી જાય ત્યારે આ અવસ્થા ઘણી વખત માનવી માટે લાભપ્રદ પણ હોય છે પ્રોફેસરે આ વિચિત્ર વાતને પ્રતિપાદિત કરવા દાખલા પણ આપ્યા હતા. દા.ત. આપણે કોઈ હોડીમાં બેઠા હોઈએ અને તે તોફાનમાં સપડાય ત્યારે માનવીના મગજ ઉપર જે તાણ આવે છે તે સર્જનાત્મક હોય છે. ત્યારે તેની છૂપાયેલી શકિતઓ બહાર આવે છે. આફતથી ભાગવા કે આફત સામે લડવાનો તેનો જુસ્સો પુરબહારમાં ખીલે છે. પરંતુ બીજા એક પ્રકારની માનસિક તાણ પણ છે. કંટાળાભરેલી સ્થિતિમાં કયાંય ફસાઈ પડવું, વિમાનનું અપહરણ થયું હોય ત્યારે ઉતારુ તરીકે લાચાર બનીને મુકત થવાની રાહ જોવી, વચ્ચે ટ્રેન અટકી જવી, લિફ્ટમાં સપડાઈ જવું વગેરે સ્થિતિમાં જે માનસિક તાણ પેદા થાય તે માનવીને ખોખરો કરી નાખે છે.

મગજ ઉપરની તાણ અંગેની વિશદ છણાવટ તો મોસ્કોના ડૉ. ઈવાન ખોરોલે કરી છે. જગતભરમાં લાખો લોકો માનસિક તાણના જૂના રોગી બનવા લાગ્યા છે. આ તાણની ઘાતક અસરો વિશે આપણે હજી જાગ્રત નથી.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી જ માનસિક તાણનાં ગંભીર લક્ષણો આપણને જોવા મળ્યાં હતાં. ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાંથી માનસિક થાકની ફરિયાદ કરનારા ઘણા બુદ્ધિજીવીઓ મળી આવતા હતા. અમેરિકાનો જ દાખલો લઈએ. ત્યાં દર વર્ષે સવા લાખ અમેરિકનોને માનસિક ગમગીનીને કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે. બીજા બે લાખ અમેરિકનો દવાખાનામાં સારવાર લે છે. ૪૦ થી ૮૦ લાખ અમેરિકનો તો માનસિક ચિકિત્સકોના દાદરા ઘસે છે! દર વર્ષે ૫૦,૦૦૦ અમેરિકનો આપઘાત કરે છે, તેમાંથી અડધોઅડધ હતપ્રભ અગર તો ગમગીનીથી ઘવાયેલા હોય છે.

લગભગ આવી જ સ્થિતિ પશ્ચિમ જર્મની, ફ્રાન્સ અને જાપાનની પણ છે. આ સ્થિતિ શું કામ છે તેનું વિશ્લેષણ પણ ડૉ. ખોરોલે સુંદર રીતે કર્યું છે.

યુનેસ્કોના એક અભ્યાસ પ્રમાણે પ્રતિભાસંપન્ન અને બુદ્ધિમાન લોકોમાંથી ૯૦ ટકા અત્યારે કોઈ ને કોઈ સંશોધનની પ્રવૃત્તિમાં પડયા છે. વિજ્ઞાન જેટલું આગળ વધ્યું છે તેવી જ રીતે કદાચ આપણું મગજ પણ ઘણું વિકસિત બન્યું હશે. શું એમ પણ ન કહી શકાય કે વિજ્ઞાનના વ્યવસાયમાં વધુ ને વધુ માણસો પડયા એટલે આપણે આટલી પ્રગતિ કરી શકયા છીએ?

આ પ્રશ્નનો ગમે તે જવાબ આપીએ, પણ એક વાત ચોક્કસ છે કે માનવીનું મગજ એટલી હદે વિકસ્યું છે અને એટલો બધો બોજ ઉપાડી રહ્યું છે કે કદાચ તે ફાટી પડે. તેનાં કારણો દેખીતાં છે:

* શ્રેકડાબંધ જ્ઞાનથી માણસને પોતાનું મગજ ભરવું પડે છે. સ્મરણશકિત ઉપર જબરો બોજ છે.

* રોજિંદા જીવનની દોડધામ વધી છે. મગજ પણ તેજગતિએ દોડીને સંયોગો સાથે કદમ મિલાવે છે.

* રાજકીય, નૈતિક, ટેકનિકલ અને બીજા પરિવર્તનને કારણે માનવના મગજે તે ફેરફારો સાથે તાલ લેવો પડે છે. માનવીના સમગ્ર શરીરની રચના બાહ્ય સંયોગો સાથે મેળ લેવાની તાકાત જરૂર ધરાવે છે, પણ તે તાકાતની પણ મર્યાદા છે.

* માનવીના સંબંધો અગર કહો કે લફરાં વધી પડયાં છે. વ્યકિત કે જૂથ સાથેના સંબંધ વખતે તે લોકોના મિજાજનો ખ્યાલ રાખવો પડે છે. આ પ્રકારના જટિલ સંબંધોને કારણે મગજ ઉપર વધારાની તાણ આવે છે.

* શિક્ષણ અને તાલીમનો ગાળો વધ્યો છે. ૪૦ વર્ષની વયે પણ નવી નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવો પડે છે. ૪૫ વર્ષે ઘણા વિજ્ઞાનીઓ નવી તાલીમ લેવા જાય છે. એક જમાનામાં ગ્રેટ બ્રિટનમાં વિલિયમ પીટ માત્ર ૨૨ વર્ષની વયે વડા પ્રધાન બન્યા હતા. ભારતમાં કે બીજા ઘણા દેશોમાં પળિયાં આવે ત્યારે આવું પદ મળે છે. એક ગણતરી મુજબ એક બુદ્ધિશાળી માણસ તેના જીવનનો ત્રીજો ભાગ કેળવણીમાં વાપરે છે. આ શિક્ષણમાં તે સતત માનસિક તાણ હેઠળ રહે છે. એ પણ નોંધવું જોઈએ કે બાળક હજી ઘણું નાનું હોય ત્યાં જ ઘણા દેશોમાં તે નિશાળે જતું થઈ જાય છે.

ઉપરની સૂચિ ઘણી લાંબી થાય. માનસિક તાણનો કોઈ પાર નથી તેવા દાખલા અનેક છે. ૨૦ મી સદીમાં શ્રેકબંધ માહિતી મગજમાં ખડકવી પડે છે. અગાઉના જમાનામાં ત્રણચાર પેઢીમાં જે જ્ઞાન મેળવાતું તે આપણે ત્રણચાર વર્ષમાં મેળવવા કોશિશ કરીએ છીએ. આનાથી જબરો ઉલ્કાપાત થતો નથી. કારણકે માનવીનું મગજ ઘણી અનામત શકિતના સ્રોત ધરાવે છે.

આ બધું છતાં આપણે મગજને વધુ તાણથી ત્રસ્ત ન કરવું જોઈએ. ઘડિયાળના લોલકની માફક માણસના શરીરની ક્રિયાની

એક ઘટમાળ હોય છે. દા.ત. જ્યારે હૃદયના ધબકારા વધુ પડતી ઝડપે થાય છે ત્યારે હૃદયનું સંકોચન (સિસ્ટોલ) ઓછું થાય છે. આ સિદ્ધાંત માનવીના માનસ અને લાગણીતંત્રને લાગુ પડે છે, કારણકે મન અને લાગણીતંત્ર શરીરરચનાના એક ભાગ જ છે. માણસના મનની પ્રવૃત્તિની આ હોલકક્રિયાને પૂરી રીતે સમજવી જોઈએ.

આપણે કોઈ વ્યકિત ઝળકી જાય ત્યારે કહીએ છીએ કે "આજે તો તે કમાલ કરતો હતો," "આજે તે સોળેકળાએ ખીલ્યો હતો." આનો અર્થ એમ ઘટાવી શકાય કે માનવીનાં શરીર અને મનની સ્થિતિ ત્યારે સર્વોત્તમ કક્ષાની હતી. પરંતુ ઉપર આપણે હોલકની વાત કહી તે હોલકના નિયમ મુજબ માનવીના લાગણીતંત્રને પણ ઊંચે - નીચે જવું પડે છે. માનવીએ ખ્યાલ રાખવો જોઈએ કે મગજના હોલકને નીચે આવવાનો ગાળો આવે ત્યારે મગજને થકવી નાખવું ન જોઈએ, અગર તો તેને કૃત્રિમ રીતે ઉત્તેજિત કે કાર્યરત રાખવું ન જોઈએ.

આના ઉપરથી ફલિત થાય છે કે હવે તબીબોએ મગજના આરોગ્ય માટેના નિયમો ઘડતું એક નવું વિજ્ઞાન વિકસાવવા માંડ્યું છે તે જરૂરી છે.

મગજના આરોગ્યની વાત તો શાળામાં જ શીખવવી જોઈએ. આધુનિક સમાજમાં બુદ્ધિજીવીએ એકસાથે ઘણા જટિલ પ્રશ્નોને ઉપાડવા પડે છે. કોમ્પ્યુટર અનેક પ્રશ્નો એકીસાથે ઉપાડી શકે છે, પણ માનવીનું મન એ કાંઈ યંત્ર નથી. આપણું મગજ તો એક સમયે એક જ પ્રશ્નને હાથ ધરી શકે છે. મનોવૈજ્ઞાનિક અને બાયોકેમિકલ સંશોધનોદ્વારા માલૂમ પડ્યું છે કે જ્યારે ઘણી સમસ્યાઓ એકીસાથે સુલઝાવવાનું હાથ ધરાય છે ત્યારે મગજ ઉપર તાણ આવે છે એટલું જ નહિ પણ મગજના બંધારણમાં પણ કેટલાક લાક્ષણિક ફેરફારો થાય છે.

આનો અર્થ એ થયો કે બચપણથી જ મગજને યોગ્ય પ્રકારે કાર્યાન્વિત રાખીને તેના બોજને સરખા પ્રમાણમાં વહેંચીને મગજ કેમ કુશળતાપૂર્વક કામ કરી શકે તેની તાલીમ લેવી જોઈએ. આખા દિવસના કામને યોગ્ય રીતે વિભાજિત કરીને સૌથી વધુ મહત્ત્વની સમસ્યા હોય તેને પ્રથમ ઉકેલવી જોઈએ. અર્થહીન માહિતી અને ક્ષુલ્લક બાબતોની પ્રત્યે લાપરવા રહેવું જોઈએ, જેથી કરીને વધુ પડતી જટિલ સમસ્યા આવી પડનારી હોય તેને વશમાં લેવાની તાકાત બચી રહે.

બાયોકેમિકલ અર્થાત્ જીવ-રસાયણશાસ્ત્રમાં જે તાજેતરનાં સંશોધન થયાં છે તે બતાવી આપે છે કે માનસિક ક્રામમાં ચોક્કસ પ્રકારનાં રસાયણો જરૂરી બને છે. આનો અર્થ એમ થયો કે જ્ઞાનતંતુ ઉપર બોજ આવે ત્યારે મગજ ઉપર સીધી રીતે ઈલાજ કરીને તે બોજથી મુકત થઈ શકાય છે. માનવીના મગજની રાસાયણિક સમતુલાને માનસિક તાણ અસમતોલ બનાવે છે. એટલે કે કેટલાંક હાનિકારક તત્ત્વો વધે છે અને આવશ્યક તત્ત્વો ઓછાં થાય છે. કેટલાંક ઔષધોદ્વારા આ તત્ત્વોને સમતોલ રાખી શકાય છે. દા.ત. ગ્લુકોઝ, ગ્લુટેમિક એસિડ, ગામા - એમિનો-બ્યુટ્રિક એસિડ, ગામા-હાઈડ્રોક્સી બુટિરેક એસિડ વગેરે પ્રકારનાં રસાયણો કુદરતી રીતે જ મળેલાં છે. જો આ રાસાયણિક તત્ત્વોના ચોક્કસ ડોઝ અપાય તો મગજની પ્રવૃત્તિને અંકુશમાં લઈને મગજને તંદુરસ્ત રાખી શકાય છે.

ડૉ. ખોરોલે એમ પણ કહ્યું છે કે ઉપર લખ્યાં તેવાં ઔષધો સિવાયનો અભિગમ પણ મગજની તંદુરસ્તીને જાળવી શકે છે. એટલે કે યોગ, જપ, પ્રાર્થના અને બીજાં આધ્યાત્મિક સાધનો અજમાવવાની શકયતાને પણ ડૉ. ખોરોલ આડકતરી રીતે નકારતા નથી.

**કાંતિ ભટ્ટ**

('યુનેસ્કો ફીચર્સ'માં ડૉ. ઈવાન ખોરોલના લેખ ઉપરથી)

# મારી વિહારયાત્રા

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ફાધર વાલેસે આપેલું વ્યાખ્યાન અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.]

ગયા વર્ષે હું આપની પાસે આવ્યો હતો. ત્યારે વિદાય લેતી વખતે મેં આપ સૌની પાસેથી એ આશીર્વાદ માગ્યો હતો કે આવતે વર્ષે ફરીથી આપની પાસે આવવાનું થાય તો હું આપની સમક્ષ મૂકી શકું એવું કંઈક લઈને—એટલે કે વર્ષ દરમિયાન અનુભવીને—આવું. આપનો આશીર્વાદ ફળ્યો છે, અને આભારની લાગણી સાથે એનો અહેવાલ આપની આગળ રજૂ કરવા આવ્યો છું.

છેલ્લા દસ મહિનાથી મારું સ્થાયી રહેઠાણ છોડીને અમદાવાદ શહેરમાં ઘેરઘેર વિહાર કરતા રહેવાનું મેં વ્રત લીધું છે. મારું કામ તો હતું તે જ રહે છે: કૉલેજમાં ગણિત ભણાવવાનું અને છાપાંઓ ને માસિકોમાં લેખો લખવાનું. પણ રહેવા માટે શહેરના કોટ વિસ્તારની પોળોમાં મધ્યમ વર્ગનાં કુટુંબો પાસેથી આતિથ્યની ભિક્ષા માગીને ફરું છું.

એની પાછળની પહેલી ભાવના તો આત્મત્યાગની છે. મેં જૈન સાધુઓને વિહાર કરતા અનેકવાર જોયા છે, અને પ્રેરણા મળી છે કે એમના અદ્‌ભુત ત્યાગનું થોડું અનુકરણ પણ આપણે કરી શકીએ તો કેવું સારું! "સાધુ ચલતા ભલા." અપરિગ્રહના વ્રતનું રક્ષણ વિહાર જ કરે છે. સતત ફરતા રહેવાનું, પછી મિલકત શાની ને પરિગ્રહ શાનો! અમે ફાધરો પણ આજીવન વ્રત લઈએ છીએ: આજ્ઞાપાલન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. પણ અમે પોતે કબૂલ કરીએ છીએ કે અમારે ત્યાં આજ્ઞાપાલન અને બ્રહ્મચર્ય જેવાં પળાય છે તેવો અપરિગ્રહ પળાતો નથી. મજાકમાં ને આત્મટીકામાં એટલે સુધી કહીએ છીએ કે અપરિગ્રહની બાબતમાં વ્રત તો અમે લઈએ છીએ, પણ તે પાળે છે બીજા. એ પરિસ્થિતિ મને ખૂંચતી હતી. સુંવાળો બ્રહ્મચારી નહિ શોભે. ત્યાગ હશે તો જ સાધના ફળશે. એ ખાતરી વર્ષોથી મનમાં હતી, માટે પ્રસંગ આવ્યો ત્યારે એ દિશામાં કંઈક કરવાની તક હર્ષથી વધાવી લીધી. ભગવાન દત્તાત્રેયનો ઉપદેશ હતો: "મધુકર પાસેથી હું શીખ્યો કે મધુકર જેમ કમલના પરિમલમાં મુગ્ધ બની એમાં જ ગુંજારવ કરે છે અને કમલ બિડાતાં સંધ્યાકાળે કેદ થાય છે. કઠિન કાષ્ઠ કોરનાર આ કોમળ બંધ છેદી શકતો નથી અને ગૂંગળાઈ મરે છે અગર તો હાથીનો ભક્ષ બને છે, તેમ યોગીએ એક જ ગૃહસ્થ કુટુંબમાં આસકિત રાખી એનું આતિથ્ય માણ્યા ન કરવું, પણ ભ્રમર જેમ પુષ્પોનો પરિમલ ગ્રહણ કરે છે તેમ ઘરઘરમાંથી સૌજન્ય, આતિથ્ય વગેરેનો સારાસાર ગ્રહણ કરવો અને વિશ્વને અનુભવનું અમૃત પાવું." મારે હાથીનો ભક્ષ થવું નથી એટલે ઘેરઘેર ફરવાનું રહ્યું.

બીજી ભાવના લોકસંપર્કની હતી. મારાં લખાણોથી મને ઘણા લોકોનો પરિચય થયો છે, ઘણાને મારો પણ થયો છે. હવે દૂરથી સલાહ ને ઉપદેશ આપવાં સહેલાં છે પણ વ્યર્થ જ છે. લોકો મને કહે છે: "તમે અમારામાંના એક બની ગયા છો." પણ મને ભાન રહ્યા કરે છે કે હજી ઘણું અંતર છે. હું નવરંગપુરામાં, બંગલામાં, પૂરી સગવડોની વચ્ચે રહું, અને મારા વાચકો શેરીઓમાં ને પોળોમાં સંકડાશમાં ને અગવડમાં રહે એ બરાબર નથી. જેમને માટે હું લખું છું, કામ કરું છું, જીવું છું એમની વચ્ચે ને એમની જેમ હું રહી શકું તો જ એ લખાણો સાચાં ગણાય. કેટલાક લોકો ભોળપણે એમ માને છે કે નવાં પુસ્તકો ને લેખો લખવા માટે મસાલો મળે એ જાતનો અભ્યાસ ને તપાસ કરવા માટે હું પોળોમાં રહેવા ગયો છું. પણ એ સાચું નથી. નવાં લખાણોના વિષયો શોધવા હું ગયો નથી, પણ જૂનાં લખાણો સાચાં પડે એટલા માટે ગયો છું. હા, ગયા પછી લખવાના અનેક રસિક વિષયો મળ્યા છે એ વધારાનો લાભ થયો. પણ એ મારો મૂળ હેતુ નથી.

એ બે ભાવનાઓ મારી વિહારયાત્રાના મૂળમાં છે. પણ પૂરું સત્ય

બોલવું હોય તો મારે નિખાલસતાથી (ને કદાચ અંગત વાત કહેવા માટે માફી માગીને) કબૂલ કરવું પડશે કે એ યોજના મેં વિચારી કાઢી નહોતી પણ બીજે ક્યાંકથી આવી હતી. ઈશ્વરપ્રેરણાથી આવી હતી. ચાર વર્ષ પહેલાં હું એક સાધનાશિબિર ભરવા ગયો હતો. ત્રીસ દિવસ સુધી મૌન ને ધ્યાનની સાધના કરવાની હતી. શિબિરનો એકવીસમો દિવસ હતો. હું ધ્યાનમાં બેઠો હતો, ને મનમાં ને વાતાવરણમાં સંપૂર્ણ શાંતિ હતી. એમાં માનસચક્ષુની આગળ એકાએક નીચેના શબ્દો આવ્યા: "તારું આજનું રહેઠાણ તું છોડી દે. સામાન્ય લોકોની પાસે જઈને એમને ત્યાં મહેમાન તરીકે રહે. જ્યાં તને રાખે ત્યાં રહે અને ઘેરઘેર ફરતો રહે." કોઈ અવાજ નહોતો કે દૃશ્ય નહોતું, પણ એ સ્પષ્ટ ને ચોક્કસ શબ્દો મનમાં કોતરાયા, કોઈનું ફરમાન હોય એવો ભાવ થયો, અને સાથેસાથે એવો અલૌકિક આનંદ દિલમાં ઓચિંતો રેડાયો કે ક્યાં બેઠા છીએ એનું ભાન પણ ન રહ્યું. એ જાતના વિચારો મારા મનમાં તો ન હતા. એટલે થોડો વિસ્મય તો લાગ્યો. તોય એ આદેશ એવા જોર અને અધિકાર સાથે મારા મનમાં આવ્યો હતો કે તે જ ક્ષણથી મને ખાતરી થઈ કે મારે માટે આ પ્રભુની ઈચ્છા છે. એક જ્ઞાની ગુરુને મેં પછી આખી વાત કહી ત્યારે એમણે પણ એમાં પ્રભુની આજ્ઞા જોઈ. મેં બીજા કોઈને વાત કરી નહિ, અને ઉતાવળ કર્યા વગર સંજોગોની રાહ જોવાનું નક્કી કર્યું. આગળ જતાં બે વખત અણધારી રીતે આના જેવા બીજા બે અનુભવો થયા. છેવટે ચાર વર્ષ પછી મેં મારા ઉપરીઓને વાત કરી.

મારે ઉપરીઓની આજ્ઞામાં રહીને જીવવાનું છે અને સાથીદારોનો સહકાર લઈને કામ કરવાનું છે, એટલે બધાની આગળ વાત મૂકી. વાત નવી અને અમારી પરંપરાથી કંઈક જુદી હોવા છતાં સૌને એ ગમી. પ્રયોગ તરીકે અને મારા સ્વાસ્થ્યમાં કે કામમાં વાંધો ન આવે એ શરતે આશીર્વાદ આપ્યો. મારો પોતાનો આગ્રહ હમેશાં એ રહ્યો છે કે મારું કામ એ મારા એકલાનું નહિ પણ મારા સમૂહનું કામ છે. ભલે એ કામ માૅલિક અને વ્યક્તિગત હોય, પણ સમૂહનો ટેકો અને હૂંફ અને સમર્થન જોઈએ. મારો સમૂહ તો કૉલેજમાં કામ કરનારા ફાધરોનો છે. એમણે મને કહ્યું: "તમે આ વિહાર કરવા જાઓ છો એ હવે તમારી મેળે નથી જતા: અમે તમને મોકલીએ છીએ. તમારું કામ અમારા સૌનું કામ છે. સમૂહમાં સાથીદારો અને ઉપરીઓ દ્વારા પ્રભુ તમને બળ અને માર્ગદર્શન આપતા રહેશે." એ આજ્ઞા મેં સહર્ષ માથે ચડાવી.

હજી બીજે ઠેકાણે મારે વાત કરવાની હતી: મારે ઘેર. ને એમાં એક યાદગાર ઘટના બની. મને થોડી ચિંતા હતી કે મારાં બાને આ વાત તો ગમવાની નથી. દીકરો રખડેલ સાધુરામ બને એ કંઈ માને ગમે? વળી એ જાણતાં હતાં કે મને શાંતિમય, નિયમિત અને સગવડભર્યું જીવન ફાવે છે. એ જ વાતાવરણમાં હું ઊછર્યો હતો, પછી અસ્થિર જીવન કેમ ફાવે? બાના આશીર્વાદ વગર હું પણ એ કામ ન કરું, અને એ આશીર્વાદ મેળવવામાં હવે વિઘ્ન આવી શકે એમ હતું. એટલે મેં પ્રભુને પ્રાર્થના કરી: "થોડા સમય પછી બા મને મળવા ભારતમાં આવવાનાં છે. તો એ વખતે હું એને એવી રીતે આ વાત કરું કે તે એ દિલથી સ્વીકારે એવી કૃપા કરો." પછી એમના આવવાની રાહ જોવા બેઠો. એમાં એક દિવસ બાનો પત્ર આવ્યો, અને હજી મેં કે બીજા કોઈએ એને આ વાતની સૂચના પણ કરી ન હતી, એટલે એ પત્ર વાંચતાં મને ખૂબ નવાઈ લાગી. પત્રમાં લખ્યું હતું: "કેટલાક દિવસથી મને એક વિશિષ્ટ અનુભવ થયા કરે છે. જ્યારે જ્યારે પ્રાર્થના કરવા બેસું ત્યારે તું યાદ આવે છે, અને સાથેસાથે એ તીવ્ર લાગણી થાય છે કે તું ત્યાં છે એ સારું છે. સાચું કહું તો હજી સુધી આટલાં વર્ષોમાં પણ હું સમજી શકી નહોતી કે તું ભારતમાં કેમ ગયો હતો. પણ હવે એકદમ ખાતરી થઈ છે કે તારું સ્થાન એ જ છે અને તારે હજુ હવે ત્યાં કોઈ વિશેષ કામ કરવાનું છે. એ વિચાર રોજ પ્રાર્થનામાં આવે છે ત્યારે હર્ષનાં આંસુ પણ આવે અને આખો દિવસ એનું ભાન અને આનંદ રહે. કેટલાય દિવસથી એમ ચાલે છે, એટલે છેલ્લે થયું કે તને લખી જણાવું. તારું એ હવે પછીનું કામ શું છે એ હું જાણતી નથી, પણ તારા માટે એ પ્રભુની ઈચ્છા છે એ ચોક્કસ જાણજે, અને એ માટે અત્યારથી મારો આશીર્વાદ પણ છે." એ પત્ર વાંચીને હું તો આભો જ બની ગયો. પ્રભુની એવી પ્રત્યક્ષ કામગીરી અનેક વખત જોઈ હોવા છતાં ફરીથી એનો પ્રસંગ આવે ત્યારે સ્તબ્ધ થઈ જવાય. મેં પ્રભુને પ્રાર્થના કરી હતી કે આ સમાચાર માટે બાને તૈયાર કરે, પણ એણે આખું કામ માથે લીધું અને જાણે પોતે જ જઈને બાને સમાચાર આપ્યા અને આનંદ સાથે સ્વીકારાવ્યા. ખરેખર આપણી માતાઓને માટે પ્રભુને વિશેષ પ્રેમ હોય એમ લાગે છે.

હવે મારી આ નવી જીવનશૈલીના લાભ ગણાવી આપું.

લોકોને ઘેરઘેર જીવતા અતિથિધર્મના ઉત્કૃષ્ટ સ્વરૂપનાં દર્શન અને અનુભવ મને થયાં છે એ પહેલો મોટો લાભ છે. દરેક ઘરમાં બે જ દિવસ રહીશ એ નિર્ણય સાથે મેં પ્રયોગ શરૂ કર્યો હતો. મારા જેવા મહેમાનથી નાના ઘરમાં સૌને અગવડ પડે જ એનું ભાન મને હતું, એટલે લોકોને ઓછી તકલીફ આપવા મેં બે દિવસની મર્યાદા બાંધી હતી. પણ લોકોના આગ્રહની આગળ મારે નમતું મૂકવું પડ્યું, અને હાલ દરેક ઘરમાં બે દિવસ નહિ પણ બે અઠવાડિયાં થાય છે. હું કહેવત જાણું છું: "પહેલે દહાડે પરોણો, બીજે દહાડે પાઈ, ત્રીજે દહાડે રહે એની અક્કલ ગઈ." એ ન્યાયે મારી અક્કલ ક્યારની ગઈ ચૂકી છે!

કયે ઘેર જવું એની ચિંતા હું કરતો નથી અને એવાં સરનામાંઓની યાદી રાખતો પણ નથી. જેને ઘેર હું હોઉં એ મારા યજમાનની પાસેથી હું બે ઉપકાર માગું છું: તે મને પોતાને ઘેર થોડા દિવસ રાખે, અને ત્યાર પછી પોતે એવા બીજા કોઈ ઘરમાં મને પહોંચાડે. શરત એટલી જ કે એ ઘર કોઈ પોળમાં હોય: સોસાયટીઓના બંગલાઓમાં હું જતો નથી.

બીજો મોટો લાભ લોકોનું કૌટુંબિક જીવન નજરે જોવાનો છે. ઘરની સ્ત્રીઓનું રોજનું કામ જોઈને તો માન જ ઉત્પન્ન થાય. કોઈ વાર આત્મીય વાતચીતમાં હૃદયનાં દર્શન થતાં કૃતાર્થ થવાય. સવારે ઘેરઘેર થતી ભગવાનની પ્રાર્થનાસેવા જોઈને આનંદ અનુભવાય.

એક પ્રસંગ કહું. એક ઘેર હું હતો. એમાં એક નાનું રૂપાળું બાળક હતું. મને જે ઓરડામાં ગોઠવણ કરી આપી હતી એમાં એનું ઘોડિયું પણ હતું. હું લખવા બેઠો હોઉં એમાં દાદીમા બાળકને લઈને આવે, સુવાડે, હીંચકો નાખે, અને મારી પરવા કર્યા વગર ભક્તિની ભાષામાં એને સૂઈ જવા માટે સમજાવતાં જાય: "હે મારા કનૈયા, મારા રણછોડ, મારા નંદકિશોર! નિરાંતે ઊંઘી જા. તારી ગાયો બધી ગોકુળમાં પાછી ગઈ છે, અને ગોપીઓ પણ પોતપોતાને ઘેર છે. તારી મુરલી હું સાચવીશ, તારું મોરનું પીછું હું રાખીશ, પણ તું હવે જલદી ઊંઘી જા, મારા કનૈયા!" બાળકનું નામ તો જુદું હતું, પણ દાદીમાને મન એ સાક્ષાત્ કૃષ્ણ હતા. એનું હાલરડું ભજન હતું, બાળકની સેવા ભગવાનની પૂજા હતી. હું કંઈ બોલ્યો નહિ, પણ ઉત્કૃષ્ટ ભક્તિનો એ સહજ નમૂનો જોઈને ધન્ય થયો.

એક વિશેષ લાભ આ પ્રયોગમાં હું એ સમજું છું કે ભેદ અને પૂર્વગ્રહ અને અંતર મિટાવવા એ મદદરૂપ બની શકે. દુનિયામાં રંગભેદ અને જાતિભેદ અને ધર્મભેદ અને પ્રાંતભેદને લીધે જેટલું દુઃખ થયું છે એટલું બીજી કોઈ વાતથી થયું નથી. અને

આપણા સુધરેલા ને પ્રગતિશીલ જમાનામાં એ બધા ભેદ ઓછા થવાને બદલે તીવ્ર બનતા જાય છે. માટે એ ભેદ મટાડવા જે કંઈક કરી શકીએ એ સાચી સેવા કહેવાય. અને પૂર્વગ્રહ મટાડવાનો રસ્તો એક જ છે: વ્યક્તિગત સંપર્ક. સંપર્કનો યજ્ઞ માનવતાનો યજ્ઞ છે. હવે જે લોકોની પાસે હું ઘેરઘેર રહું છું એ બધા જાણે છે કે હું એક પરદેશી ખ્રિસ્તી પાદરી છું, તોય મને કુટુંબના સભ્ય તરીકે જ રાખે છે, હું એમને આનો પૂરો યશ આપું છું. મારે એમનો પ્રેમ જ પામવાનો રહ્યો.

* * *

આ પ્રયોગ શરૂ કરતી વખતે મારા મનમાં એક અગત્યની બાબતમાં શંકા હતી એ મેં નિખાલસતાથી મારા ઉપરીઓ અને સાથીદારોને જણાવી. લેખનકાર્યને હું મારા કામનો અગત્યનો ભાગ સમજું છું. વીસ પુસ્તકો છપાયાં છે, ને બીજા પ્રેસમાં છે—ને બીજાં મનમાં છે. હવે લેખનકાર્ય માટે અત્યાર સુધી તો મારે એકાંત, શાંતિ, સગવડ જોઈતાં હતાં. પોળમાં તે મળવાનાં નથી. તો મારું લેખનકાર્ય અટકી જાય તો? એ મારે માટે એક સાચો અને ભારે પ્રશ્નાર્થ હતો. મેં મારા ઉપરીઓને એટલું જ કહ્યું કે, "પ્રભુ મને આ જાતના જીવન માટે બોલાવે છે, એની મને ખાતરી છે, એટલે વિશ્વાસ પણ છે કે મારું લેખનકાર્ય એ નવા સંજોગોમાં આગળ ચાલે એ માટે એ રસ્તો કાઢશે. વધારે હું ન કહી શકું." એ શ્રદ્ધા સાથે હું ગયો, અને જ્યાં જે કોઈ સગવડ મળે એ લઈને હું ઘેર ઘેર લખવા લાગ્યો. પોળજીવનનો મારો પહેલો મહિનો પૂરો થયો ત્યારે મેં એમાં થયેલા લેખનકાર્યનો હિસાબ કાઢ્યો. મારી પહેલાંની સામાન્ય ગતિ આઠવાડિયામાં બે લેખો લખવાની હતી, તો પોળના આ પહેલાં ચાર આઠવાડિયાંમાં સોળ લેખો લખાયા હતા! મેં એનો અહેવાલ મારા ઉપરીને આપ્યો, અને ઉમેર્યું: આ નવી જીવનશૈલીથી મારા લેખનકાર્યને આંચ આવવાની નથી એવો હું આમાં ભગવાનનો સંકેત જોઉં છું.

કષ્ટ તો પડે છે એની ના નથી. હું તો ખાનગી ચોરડીમાં બંધ બારણે જીવનારો જીવ હતો, અને પોળનાં મકાનોમાં તો ખાનગી ઓરડી પણ નથી અને બંધ બારણું પણ નથી. એક ખૂણામાં બેસીને કામ કરવાનું, પછી ઘરનાં ને બહારનાં છોકરાંઓ આવે, જાય, દોડે, રમે; ઘર આંગણે તો કીડાંગણ હોય, અને 'વિવિધ ભારતી'ની પ્રસાદી પણ ચાલુ હોય. પણ મારું લખવાનું પણ ચાલુ હોય. એક વાર ઘરનો એક નાનો છોકરો હું લખતો હતો ત્યાં આવીને ઠીક સમય સુધી જોઈ રહ્યો, અને છેવટે પોતાની બાની પાસે જઈને આશ્ચર્યની સાથે પરિસ્થિતિનો અહેવાલ સંભળાવ્યો: "ફાધર મેડે બેઠા બેઠા લખ્યા જ કરે છે, અને કોઈ પણ પુસ્તકમાં જોયા વગર મોઢેથી લખે છે!" મને સતત લખતા જોઈને લોકો વિસ્મય પામે છે, અને સાથે સાથે રાહત પણ અનુભવે છે કે ઘેર મને સાથ આપવાની જરૂર નથી, મારે માટે કોઈ કાર્યક્રમ વિચારી રાખવાની જરૂર નથી. મારા સૌથી પહેલા યજમાને પહેલા ચોવીસ કલાક મારું બારીક નિરીક્ષણ કર્યા પછી મને કહ્યું: "મેં તમારું કામ જોયું છે, અને એ પણ જોયું છે કે તમને સાચવવાની ને તમારી ચિંતા કરવાની કોઈ જરૂર નથી, માટે મારે ઘેર તમને ફાવે ત્યાં સુધી રહી શકો." એ પ્રમાણપત્ર પામીને મને ખૂબ સંતોષ થયો.

લોકોનો આટલો પ્રેમ છતાં મને ભાન તો રહ્યા કરે છે કે આખરે હું ભિખારી છું, અને એનો સૂક્ષ્મ ડંખ રહે છે. એકાદ વખત એવું બન્યું છે કે એક ઘેર રહેવાનો સમય પૂરો થયો હોય, બીજે દિવસે ત્યાંથી નીકળવાનું હોય, અને હજી જવા માટે બીજું ઘર મળ્યું ન હોય. છેવટે મળી જ જાય, પણ થોડી અસ્વસ્થતા તો રહે. લોકો એટલા પ્રેમથી રાખે કે કોઈ ખોટ વર્તાવા દેતા નથી, પણ યાદ તો રહે છે કે આખરે આ ઓશિયાળું જીવન છે. હાલ તો પૂરતાં આમંત્રણો મળતાં પણ નથી, શોધવાં પડે છે. મારો સ્વભાવ ટેકીલો છે, અને કોઈની પાસેની ઉપકાર માગવા ગમતા નથી. તોય હવે ઉપકારવશ થઈને જીવવાનું છે. જીવનની લીલા છે.

વિશેષ કસોટી થઈ હતી ગુજરાત આંદોલનના દિવસોમાં. મારી વિહારયાત્રાને માંડ બે મહિના થયા હતા એમાં એ શરૂ થયું. અમદાવાદમાં સૌથી પહેલી દુકાન લૂંટી એ મેં નજરે જોઈ. અશ્રુવાયુનો પ્રસાદ અનેકવાર ખાધો. પથ્થરમારાની વરસે પણ ત્રણ-ચાર વખત સપડાયો. પણ સંતોષ એ વાતનો રહ્યો કે શહેરની કસોટી થતી હતી ત્યારે હું શહેરમાં જ હતો. દુઃખ વેઠવાથી આત્મીયતા બંધાય છે.

મારી ખરી લાચારી એ છે કે લોકો મારે માટે આટલું બધું કરે છે તેના બદલામાં હું એમને કશું આપી શકતો નથી. કેટલાક લોકોની એ અપેક્ષા હોય છે કે હું બીજું કંઈ નહિ તો કોઈ બોધ આપું, ઘરના યુવાનોને નીતિપાઠ સમજાવું, કુટુંબના પ્રશ્નોની એમની સાથે ચર્ચા કરું. પણ કુટુંબના અંગત પ્રશ્નોમાં હું માથું મારતો નથી અને યુવાનોને ઉપદેશ આપવામાં પણ માનતો નથી. ખરો ઉપદેશ તો જીવન જ છે. મારું નિયમિત જીવન જોઈને કેટલાક ઘરમાં યુવાનો વહેલા ઊઠતા થયા છે અને રીતસર વાંચતા થયા છે એમ કૃતાર્થ માબાપે કોઈક વાર કહ્યું છે. હશે. પણ મારા મનમાં એ વાત તો સ્પષ્ટ છે. અને બધાને પણ એ સ્પષ્ટ કહું છું કે હું કોઈને પણ સુધારવા માટે કોઈને ઘેર જતો નથી: મારી જાતને જ સુધારવા માટે જાઉં છું.

લોકોને માટે એક જ વાત હું કરી શકું છું, અને એ દિલથી કરું છું, ભગવાનની પ્રાર્થના. હું જે કોઈ પણ ઘેર હોઉં એમાં સવારે પરવારીને પહેલો કલાક પ્રાર્થનાનો, અને રાત્રે સૂઈ જતાં પહેલાં દિવસનો છેલ્લો કલાક પણ પ્રાર્થનાનો રાખું છું. હમણાં હું એક ઘરમાં હતો એમાં પહેલે દિવસે ઘરની એક નાની છોકરીએ મને પૂછ્યું: "સવારે તમે આંખો બંધ કરીને નીચે બેઠા હતા એમાં શું કરતા હતા?" મેં જવાબ આપ્યો: "તું એક સારી અને ડાહી અને સુખી છોકરી બને એ માટે હું પ્રભુને પ્રાર્થના કરતો હતો." મારી પ્રાર્થનાનો મોટો ભાગ હું જે ઘેર હોઉં એ કુટુંબના બધાં સભ્યોને માટે એકએક કરીને અને નામ દઈને ભગવાનને પ્રાર્થના કરવામાં જાય છે. પછી ઘેરથી વિદાય થતાં એમને સહજ ભાવે પણ કહું છું: "તમે મારા માટે આટલું બધું કર્યું, આટલા દિવસ મને રાખ્યો, રોજ બે ટંકે જમાડ્યો, મારાં કપડાં ધોઈ આપ્યાં, મારી સાઈકલ રોજ લૂછી આપી, ઘરની સૌથી સારી જગ્યા મને આપી... એનો બદલો હું તો ન આપી શકું, પણ મેં પ્રભુને પ્રાર્થના કરી છે કે બદલો એ જ તમને આપે. તમારા આતિથ્યનું બિલ મેં ભગવાનને ચડાવ્યું છે. એ ચૂકવશે. ભગવાનને નામે તમે મને આવકાર્યો, તો ભગવાન એનો બદલો આપશે." શ્રદ્ધા છે કે પ્રભુ લાજ રાખશે.

ઘણા લોકો હજી માનતા નથી કે મારી આ વિહારયાત્રા કાયમ માટે છે. મને પૂછે છે: "તમે કયાં સુધી આ પ્રયોગ કરવાના છો?" જવાબ આપું છું: "પ્રભુની કૃપા હશે અને લોકોનો સહકાર હશે તો જિંદગી સુધી આ રીતે વિહાર કરતા રહેવાનો સંકલ્પ છે."

આજે મને એવો જ આશીર્વાદ આપજો.

**ફાધર વાલેસ**

# ઉર્જાની અછતનો આખરી ઉપાય : સૂર્યશક્તિ

સ્વ. સી. વી. રામને એક વેળા કહ્યું હતું કે આપણે જ્યારે ખનીજ કોલસો બાળીને એમાંથી જોઈતી શક્તિ ઉત્પન્ન કરી લઈએ છીએ ત્યારે વાસ્તવમાં તો આપણે કરોડો વર્ષ પહેલાં સૂર્યે પૃથ્વી પર મોકલેલી શક્તિના સંગ્રહાયેલા અંશનો જ ઉપયોગ કરીએ છીએ. ભારતના આ અજોડ વિજ્ઞાનીના કહેવાનું તાત્પર્ય એ હતું કે સૂર્યપ્રકાશમાંથી પોષણ પામીને કરોડો વરસો પહેલાં આ પૃથ્વી પર વનસ્પતિનાં વિશાળ જંગલો વિકસ્યાં હતાં અને એ પછી પૃથ્વીના પડમાં થયેલી ઊથલપાથલોમાં એ જંગલો દબાઈ જતાં, એ જંગલો દબાણ તથા પૃથ્વીની અંદરની ગરમીને કારણે ખનીજ કોલસામાં ફેરવાઈ ગયાં હતાં. એથી જ એ કોલસો સળગાવીએ અને એમાંથી ગરમી કે અન્ય પ્રકારની શક્તિ પ્રાપ્ત કરીએ એટલે વાસ્તવમાં તો આપણે કરોડો વરસ પહેલાં સૂર્યે પૃથ્વી પર ફેંકેલી શક્તિનો જ ઉપયોગ કરી રહ્યા છીએ એમ કહેવાય.

અને સૂર્ય જેમ કરોડો વર્ષ પહેલાં પૃથ્વી પર શક્તિપાત કરતો હતો તેમ આજે પણ કર્યા જ કરે છે. અને આજે વિજ્ઞાનીઓને આ શક્તિપાત વિષે જ્યારે વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું છે ત્યારે તેઓ સૂર્ય પરથી આવતી આ શક્તિનો કેમ ઉપયોગ કરવો તે અંગે વિવિધ પ્રકારની વિચારણા કરી રહ્યા છે. આજે જ્યારે તેલ કટોકટીએ દુનિયાભરમાં શક્તિની – ઉર્જાની કટોકટી ઉત્પન્ન કરી છે ત્યારે આ વિચારણા સવિશેષ અગત્ય ધારણ કરી રહે છે.

આ સૂર્યશક્તિની વિચારણા કરતી વખતે સૌથી પહેલાં તો, સૂર્ય દર વરસે, પૃથ્વી પર કેટલી શક્તિ ફેંકે છે તે જાણવું જરૂરી બની રહે છે આપણું તારાપુરનું અણુવિદ્યુત્‌મથક પૂર્ણ કળાએ કામ કરતું હોય છે ત્યારે એમાં ઉત્પન્ન થતી ૪૦૦ મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરનારાં ૧૬ કરોડ ૭૫ લાખ કારખાનાંઓમાં જેટલી વીજળી દર વરસે ઉત્પન્ન થાય તેટલી શક્તિ સૂર્ય આપણી પૃથ્વી પર દર વરસે વરસાવે છે અને સૂર્યમાંથી આવતી આ બધી શક્તિનો ધોધ માનવજાતને લાગેવળગે છે ત્યાં સુધી તો અનંતકાળ સુધી વહ્યા કરવાનો છે. સૂર્ય છેલ્લાં પાંચ અબજ વર્ષથી પ્રકાશે છે છતાં જે દ્રવ્ય–હાઈડ્રોજનની અણુપ્રક્રિયા દ્વારા એ આ બધી શક્તિ ઉત્પન્ન કરે છે તે દ્રવ્યના એની પાસેના જથ્થામાં માંડ એકાદ ટકાનો ઘટાડો થયો છે. હવે પછી એ પાંચ થી સાત અબજ વર્ષ સુધી પ્રકાશતો રહેવાની ગણતરી છે, અને હું નથી માનતો કે માનવજાત એટલાં બધાં વર્ષો સુધી પૃથ્વી પર ટકી રહે એટલે જ મેં કહ્યું છે કે માનવજાતને લાગેવળગે છે ત્યાં સુધી તો સૂર્યશક્તિનો સ્રોત અનંતકાળ સુધી વહ્યા કરવાનો છે.

અલબત્ત, મારે અત્રે એ જણાવી દેવું જોઈએ કે સૂર્ય પરથી કલ્પનાતીત શક્તિનો જે સ્રોત પૃથ્વી તરફ વહે છે તેમાંથી ૪૦–૫૦ ટકા જેટલી શક્તિ તો વાતાવરણના ઉપરના ભાગમાં જ ચૂસાઈ જાય છે અને બાકી રહેલી ૫૫–૬૦ ટકા જેટલી શક્તિ ગરમી અને પ્રકાશના સ્વરૂપે પૃથ્વી પર પડે છે. સાથોસાથ મારે એ પણ જણાવી દેવું જોઈએ કે વાતાવરણના ઉપરના ભાગમાં રહી જતી સૂર્યની શક્તિ કેવળ વેડફાઈ જતી નથી. એ શક્તિની પ્રક્રિયામાંથી હવાનું હલનચલન ઉત્પન્ન થાય છે, એમાંથી પવન ઉત્પન્ન થાય છે અને એ પવન દરિયામાં મોટા તરંગો પણ ઉત્પન્ન કરે છે. આજે જ્યારે આપણે કારમી ઉર્જા કટોકટીમાં સંડોવાયા છીએ ત્યારે, આ બધા પ્રકારની શક્તિનો ઉપયોગ કરવાની વિચારણા, મેં આગળ કહ્યું તેમ વિજ્ઞાનીઓ કરી રહ્યા છે.

પવન વડે ચાલતી પવનચક્કીઓની વાત તો જાણીતી છે. એ રીતે આપણે પરાપૂર્વથી પવનની એટલે કે આડકતરી રીતે સૂર્યની શક્તિનો ઉપયોગ કરતા આવ્યા છીએ. અત્યારે દરિયાના તરંગોમાંથી શક્તિ ઉત્પન્ન કરવાની દિશામાં મોટા પાયા પર સંશોધન થઈ રહ્યું છે અને આવા તરંગો વડે ચાલતાં વિદ્યુતોત્પાદક યંત્રો આવતાં દસેક વર્ષમાં યુરોપને કિનારે તરતાં થઈ જશે એમ કહેવાય છે. આ તરંગશક્તિ અંગે ચાલતા સંશોધનની વાત રોમાંચક છે, પરન્તુ એ કહેવાનો અત્રે અવકાશ નથી. આના સંદર્ભમાં મારે માત્ર એટલું જ કહેવું જરૂરી લાગે છે કે જેમ તરંગશક્તિરૂપે દેખા દેતી સૂર્યશક્તિ અંગે આજે સંશોધન ચાલી રહ્યું છે તેમ જ ગાજવીજને વખતે વીજળીના ઝબકારાઓને સ્વરૂપે વ્યક્ત થતી સૂર્યશક્તિના ઉપયોગ અંગે પણ સંશોધન ચાલી રહ્યું છે. પૃથ્વી પર ગરમી પડે, એનાથી બાષ્પિભવન થાય, એનાં વાદળો બંધાય અને એમાં વીજળી ઝબકે એ પણ સૂર્યશક્તિનો જ પ્રતાપ છે એ તો સ્પષ્ટ છે. વીજળીના ઝબકારાઓમાં દર વરસે ૧૦ કરોડ હોર્સપાવર જેટલી શક્તિ વેડફાય છે એવો અંદાજ છે. વિજ્ઞાનીઓને આ દુર્વ્યય કઠે છે, પરંતુ હજી એમને આ શક્તિના ઉપયોગની ચાવી જડી નથી.

આપણે આગળ જોયું કે સૂર્યમાંથી વરસતી શક્તિના પ૧ થી ૬૦ ટકા જ ક્રેક પૃથ્વીના પડ સુધી પહોંચે છે. વળી, આ પૃથ્વીના પડનાં ૭૦ ટકા વિસ્તાર ઉપર તો પાણી પથરાયેલું છે અને જમીનનો વિસ્તાર તો માત્ર ત્રીસ જ ટકા છે. એટલે પૃથ્વી પર વરસતી સૂર્યશક્તિનો માત્ર ત્રીજો ભાગ જ જમીનના વિસ્તાર પર વરસે છે. આપણે જો એમ ધારી લઈએ કે સૂર્યમાંથી પૃથ્વીના પડ પર વરસતી સૂર્યશક્તિ ૩૨૦૦ એકમો જેટલી છે તો એમ કહી શકાય કે આમાંથી ૯૦૦ એકમ જેટલી શક્તિ જમીનના પોપડા પર પડે છે અને બાકીની શક્તિ મહાસાગરોના જલભંડારો પર પડે છે. આ બાકીની શક્તિમાંથી ૧૦૦૦ એકમ જેટલી શક્તિ મહાસાગરોના જલના બાષ્પિભવન માટે વપરાય છે.

બાષ્પિભવનથી થતી વરાળનાં વાદળાં બંધાય અને એ વાદળાં વરસે એમાંથી નદીઓ, જલાશયો અને ભૂગર્ભ જલભંડારોમાં પાણીનો સંચય થાય. અત્રે એક રસપ્રદ વસ્તુનો ઉલ્લેખ કરવો જરૂરી બને છે અને તે એ કે માનવીઓએ નદીઓ પર બંધો બાંધીને નદીનાં પાણી વડે જલવિદ્યુત્‌ પણ ઉત્પન્ન કરવા માંડી છે, અને એ રીતે જોઈએ તો જલવિદ્યુત્‌ પણ આડકતરી રીતે સૂર્યશક્તિનો જ એક ભાગ છે. પરન્તુ માનવીની કમનસીબી એ છે કે બાષ્પિભવન માટે વપરાતી ૧૦૦૦ એકમ જેટલી સૂર્યશક્તિમાંથી માત્ર બે દશાંશ એકમ જેટલી સૂર્યશક્તિનો જ એ, જલવિદ્યુત્‌ વગેરે સ્વરૂપે ઉપયોગ કરી શકે છે. આ પ્રમાણમાં ગણનાપાત્ર વધારો થવાનો સંભવ પણ નથી, કારણ કે જલવિદ્યુત્‌ ઉત્પન્ન કરવા માટેની પ્રક્રિયા વિવિધ પ્રકારનાં તત્ત્વો પર આધાર રાખે છે.

એટલે હવે સૂર્યમાંથી જો શક્તિ મેળવવી હોય તો આપણે જમીનના પડ પર જે ૯૦૦ એકમ જેટલી શક્તિ વરસે છે તેના ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ એમ વિજ્ઞાનીઓને લાગવા માંડ્યું છે. આ શક્તિ લગભગ સર્વાંશે ગરમીના સ્વરૂપમાં જ હોય છે અને આ શક્તિના ઉપયોગને લગતા બધા પ્રયત્નો આ ગરમીને કેન્દ્રિત કરીને એનાથી વરાળી યંત્રો ચલાવવાની દિશામાં અથવા તો કેન્દ્રિત ગરમી વડે રાંધવાનાં સાધનો ચલાવવામાં કે વિશિષ્ટ પ્રકારની ભઠ્ઠી ચલાવવામાં થયા છે. આવી ભઠ્ઠીઓ માં ૪૦૦૦ અંશ સેન્ટિગ્રેડ જેટલી ગરમી પેદા કરી શકાય છે. વળી, આવી ભઠ્ઠી હવામાનને દૂષિત કરતી નથી અને કોઈ પણ ધાતુનું અત્યંત શુદ્ધ પ્રવાહી સ્વરૂપ એ આપી શકે છે. ફ્રાંસમાં અને બીજાં ઘણાં યુરોપીય શહેરોમાં આવી ભઠ્ઠીઓનો ઉપયોગ થવા માંડ્યો છે. અત્રે એ જણાવી

દેવાની જરૂર છે કે આ રીતે સૂર્યની ગરમીને કેન્દ્રિત કરવાની તરકીબ પહેલવહેલી શોધનારો સાઈરેકયુઝનો વિજ્ઞાની આર્કિમિડિઝ હતો. એણે સાઈરેકયુઝના બંદરને ઘેરો ઘાલનારાં રોમન વહાણોના કપડાના શઢને ષટ્કોણી અંતર્ગોળ અરીસા વડે કેન્દ્રિત કરાયેલાં સૂર્યનાં કિરણો દ્વારા બાળી મૂક્યાં હતાં. આ બનાવ ઈ.સ. પૂર્વે ૨૧૫માં બન્યો હતો. એ સમયથી આજ સુધી, સૂર્યની ગરમીરૂપે પ્રાપ્ત થતી શક્તિના ઉપયોગ વિષે માનવીએ વિચાર કર્યો છે, અને હવે એવું લાગે છે કે આ વિચારણા વધારે ઘનિષ્ટ રૂપ ધારણ કરી રહી છે. અલબત્ત, ઈતિહાસમાં એક સમય એવો પણ હતો કે જ્યારે આવી ઘનિષ્ટ વિચારણા કરનાર ફ્રેન્ચ વિજ્ઞાની લેવોઈઝીએને ફાંસીએ ચડાવવામાં આવ્યો હતો. આજે સ્થિતિ એટલી બદલાઈ છે કે સૂર્યની ગરમીના ઉપયોગ માટે થતા સંશોધનને સર્વ ઠેકાણેથી પ્રોત્સાહન મળી રહ્યાં છે.

સૂર્યની ગરમીનો આજે રાંધવામાં ઘણે ઠેકાણે ઉપયોગ થઈ રહ્યો છે. ભારતની નેશનલ ફિઝિકલ લેબોરેટરીના વિજ્ઞાની શ્રી એમ. એસ. ધાઈએ પણ એક એવો સૂર્યચૂલો બનાવ્યો છે જેનો વહેલી સવારે અને મોડી સાંજે પણ ઉપયોગ થઈ શકે એમ છે. આ સૂર્યચૂલાની કિંમત લગભગ દોઢસો રૂપિયા જેટલી છે. આવા સૂર્યચૂલાઓ ઈઝરાયેલમાં ઘણા વપરાય છે. હકીકતમાં તો વિષુવવૃત્તની ઉત્તરે ૪૦ અંશ તથા દક્ષિણે ૪૦ અંશ સુધીના પટ્ટામાં આવા ચૂલાઓ ઉત્તમ કામ આપે એમ છે અને બળતણના પ્રશ્નના ઉકેલમાં સહાયભૂત થાય એમ છે. ભારતમાં જો આવા ચૂલાઓનો ઉપયોગ વધે તો છાણાં વગેરે સારા ખાતર તરીકે ઉપયોગમાં આવે એવી વસ્તુઓનો બળતણ તરીકેનો ઉપયોગ ઘટે. વનસમૃદ્ધિ પણ નષ્ટ થતી ઓછી થાય. સૂર્યચૂલામાં સૂર્યશક્તિનો જે ઉપયોગ થાય છે તે ઉપરાંત હજી હમણાં જ રાજસ્થાનમાં એક સંશોધન કેન્દ્રે, સૂર્યશક્તિથી ચાલતો પંપ શોધી કાઢ્યો છે. સૂર્ય જ્યારે પ્રકાશતો ન હોય ત્યારે કૂવામાંથી પાણી ખેંચાઈને ટાંકીમાં ભરાય છે અને સૂર્ય પ્રકાશવા માંડે ત્યારે એ ટાંકીમાંથી બહાર ફેંકાય છે. આ પંપ હજી પ્રાયોગિક દશામાં છે અને એમાં સુધારોવધારો થતાં એ નાના ખેડૂતો માટે તો આશીર્વાદ સમાન થઈ પડે એમ છે. બળતણના કશાય ખર્ચ વિના પાણી મળ્યા કરે એવી એની વ્યવસ્થા છે. અલબત્ત, આ શોધ તુમારી ઈન્દ્રજાળમાં અટવાઈ ન જાય એવું તો આપણે ઈચ્છવું જ રહ્યું. સૂર્યની ગરમીના ઉપયોગની વાત તો ઘણી લાંબી છે. એનાથી દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાનું યંત્ર ચલાવી શકાય એમ છે, તો બીજું બધું ઘણું કરી શકાય એમ છે. આ ટૂંકા વાર્તાલાપમાં એનું વર્ણન શક્ય નથી.

પરન્તુ સૂર્યની શક્તિને વિદ્યુત્‌શક્તિમાં ફેરવવા અંગેની જે શોધખોળ હમણાં થઈ રહી છે તેની તો વાત છેલ્લે કરવી જ જોઈએ. પૃથ્વીના પડનો ચોથો ભાગ સિલિકોન નામના તત્ત્વનો બનેલો છે અને આ તત્ત્વના મણિના પાતળા પલીતાની એક બાજુને બોરોન નામના તત્ત્વનો ઢોળ ચડાવવામાં આવે અને પછી એ પલીતા પર સૂર્યપ્રકાશ ફેંકવામાં આવે તો એ સૂર્યશક્તિનું સીધું વિદ્યુત્‌પ્રવાહમાં રૂપાંતર થાય છે એવું શોધી કાઢવામાં આવ્યું છે. આવા સંખ્યાબંધ પલીતાઓને જોડીને એક બેટરી પણ બનાવવામાં આવે છે અને અવકાશયાનોમાં હવે આવી જ બેટરીઓ વપરાય છે. સૂર્યપ્રકાશ પડે કે આપોઆપ વિદ્યુત્‌પ્રવાહ ઉત્પન્ન થાય અને એ રીતે એ બેટરી નિરંતર ચાલ્યા જ કરે. આવી બેટરીથી મોટર ચલાવવાનો પ્રયોગ પણ સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો; પરન્તુ અત્યારે આવી બેટરીઓની કિંમત એટલી મોંઘી પડે છે કે અવકાશયાનો અને બીજી એવી અગત્યની દિશાઓ સિવાય એનો ઉપયોગ થવાની શક્યતા કલ્પી શકાતી નથી. પરન્તુ જો આ બેટરીની કિંમત ઘણી ઓછી કરી શકાય તો ઘરની છત પર આવી બેટરીઓ ગોઠવીને ઘરમાલિક પોતાને જોઈતી બધી વીજળી સૂર્યમાંથી મેળવી લે એવું પણ બની શકે. વિજ્ઞાનીઓ આ શક્યતાનો ઈનકાર કરતા નથી. આ બેટરીનું વિજ્ઞાન અટપટું છે એટલે એમાં ઊતરવાનો અર્થ નથી.

છેલ્લે, સૂર્યશક્તિ દ્વારા ઉત્પન્ન થતી વરાળ વડે ઈલેક્ટ્રિક જનરેટર ચલાવવાની વાતનો ઉલ્લેખ કરીને મારો આ વાર્તાલાપ પૂરો કરીશ. વિજ્ઞાનીઓની ગણતરી એવી છે કે ૧૦૦૦ મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરે એવા મથક માટે ૪૦ ચોરસ કિલોમીટર જેટલા વિસ્તારમાં, ગરમીને કેન્દ્રિત કરનારા લેન્સ–દર્પણ વગેરે મૂકવાં પડે, વિશિષ્ટ પ્રકારની નળીઓની રચના કરવી પડે અને એ બધાં માટે ચાર અબજ રૂપિયાનો ખર્ચ થાય. આ ખર્ચ વિજ્ઞાનીઓને અત્યારે ઘણો વધારે પડતો લાગે છે. પરન્તુ મને તો ખાતરી છે કે એક સમયે આવો ખર્ચ કરવા વિજ્ઞાનીઓ તૈયાર થશે જ. દુનિયાનું અત્યારનું તેલ, કોલસા વગેરે જેવું જે પ્રણાલિકાગત બળતણ છે તેને ખાતર વગેરે જેવા બીજા ઉપયોગમાં લઈને સૂર્યશક્તિ વડે જોઈતી વીજળી ઉત્પન્ન કરવાની દિશામાં વિચાર થવો જ જોઈએ. અત્યારે અણુશક્તિ દ્વારા જોઈતી વીજળી ઉત્પન્ન કરવાની દિશામાં વિચારણા થઈ રહી છે એ તો બધાને ખબર હશે જ.

આપણા પ્રાચીનો તત્સ વિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહી ધીયો યોનઃ પ્રચોદયાત એ મંત્ર વડે સવિતાની–સૂર્યનારાયણની પ્રાર્થના કરતા અને આજે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ રહી છે જ્યારે એ સવિતા જ આપણને ઘેરી રહેલી ઉર્જા કટોકટી–શક્તિ અંગેની કટોકટીમાંથી ઉગારી શકે એમ છે.

**મનુભાઈ મહેતા**

( આકાશવાણી પર આપેલો વાર્તાલાપ સુધારાવધારા સાથે )

## સ્વાગતમ્

( આછાંદસ )

આવો!
તમે વળી આમારે ઘેર કયાંથી?
પ્રભાતનાં કુમળાં રશ્મિઓથી તમારું
સ્વાગત કરું,
તનીમધુર સુગંધથી તમારું
હૈયું ભરું ...
આવો! આવો!
બેસો તો ખરાં!
ચા પીશો કે કોફી?
(અરે, પણ ગોલો,
દૂધ તો એક જ બાટલી મળ્યું છે ...
એમાંથી પાંચ છોકરાં ને બાંદા
બાપાને
આપતાં વધે તો ...)
કંઈ નહીં, જરા લીંબુનું શરબત
કરાવું ...
અરે, સાંભળે છે કે?
બે ગ્લાસ લીંબુનું શરબત –
શું શું? કહ્યું?

રેશનની ખાંડ
દશમી તારીખે જ પૂરી થઈ ગઈ!
વારું, પણ 'બ્લેક કોફી' તો ચાલશે ને?
સાંભળ! તું જરા સ્ટવ પેટવ
હું 'બ્લેક કોફી' કરી દઈશ ...
પેટવ્યો કે સ્ટવ?
અરે, સાંભળતી નથી?
શું કહ્યું, બચુ?
મમ્મી નથી!
મમ્મી કેરોસીન લેવાની
લાઈનમાં ગઈ?
અરે અરે પણ
તમેય કયાં ચાલ્યાં?
હમણાં એ આવશે
ત્યાં સુધી આપણે
કલ્પનાનો હિચકો ખાતાં
પ્રેરણાભર્યા
તરંગોનું પાન
તો કરીએ!
આવો ને ...!...

– ગીતા પરીખ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. By south 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૬ : અંક : ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ૧૬ ડિસેમ્બર ૧૯૭૪ સોમવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૨૨
છૂટક નકલ ૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ સંસ્થા-સંચાલન ☆

ઘણા લોકો મને વારંવાર પૂછે છે કે આટલી બધી સંસ્થાઓનું સંચાલન પ્રમાણમાં સફળતાપૂર્વક અને તે સાથે બીજી અનેક પ્રવૃત્તિઓ તથા મારો વ્યવસાય, જે નાનો નથી, એ બધું કરવાનો મને સમય કેવી રીતે મળે છે? 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સ્વીકાર્યું ત્યારથી લખાણ પણ ઠીક ઠીક કરવું પડે છે. તે માટે વાચન પણ વધ્યું છે. મારી શારીરિક સ્થિતિ બહુ સારી નથી. મોટે ભાગે ઘર અને ઑફિસ સિવાય બહુ આવજા કરી શકતો નથી.

આ બાબત મારો અનુભવ લખું છું તે કોઈ આત્મપ્રશંસા માટે નહિ, પણ જે વાત મને વખતોવખત પૂછવામાં આવે છે તેનો કાંઈક ખુલાસો કરવાના ઈરાદે લખું છું.

આપણામાં કહેવત છે કે જે માણસ બહુ કામમાં હોય તે વધારે કામ કરી શકે. મુખ્ય વાત એ છે કે શું કરવું છે અને તે કેવી રીતે કરી શકાય તેનો સ્પષ્ટ ખ્યાલ હોય તો વિચારમાં વખત જતો નથી અને કામમાં ઝડપ આવે છે. મોટા ભાગના માણસોને પોતે શું કરવું છે અને તે કેવી રીતે થાય, આ બન્ને બાબતોમાં ચોક્કસ નિર્ણયો હોતા નથી એટલે વધારે સમય વિચારમાં જ જાય છે. પછી તો કામ કામને શીખવે છે, અને અનુભવ વધે તેમ કામની કળા હસ્તગત થતાં કુશળતા આવે છે. મારા વિચારોમાં સ્પષ્ટતા છે, નિર્ણયોમાં મક્કમતા છે અને પરિસ્થિતિને અનુકૂળ ફેરફાર ઝડપથી કરી શકું છું.

સંસ્થાઓને લાગેવળગે છે ત્યાં સુધી મારું સદ્‌ભાગ્ય છે કે દરેક સંસ્થામાં યોગ્ય સાથીઓ મળી રહ્યા છે અથવા મારી સાથે કામ કરી તૈયાર થયા છે. બીજાઓ પાસેથી કામ લેવાની આવડત જોઈએ. હું પોતે બધું કરીશ એવો આગ્રહ ન રાખવો. સાથીઓ પ્રત્યે આદર રાખવો, જેથી તેમને આપણા પ્રત્યે આદર થાય. સમાન ભાવે વર્તતા હોઈએ ત્યાં પણ વિનાસંકોચ આપણું માર્ગદર્શન સ્વીકારે અને તેમાં નાનપ ન લાગે એટલું જ નહિ પણ ગૌરવ માને એવી ભાવના પેદા થવી જોઈએ. મારી સાથે કામ કરવામાં સાથી કાર્યકરો ગૌરવ અને આનંદ અનુભવે છે. દરેક વાતમાં તાત્કાલિક સ્પષ્ટ નિર્ણય અને માર્ગદર્શન આપી શકીએ તો સાથીઓને મૂંઝવણ થતી નથી અને કામ કરવામાં સરળતા રહે છે.

જે કામ થાય તેનો યશ સાથીઓને આપવો. બધો યશ પોતે લેવાનો પ્રયત્ન ન કરવો. સાથીએ ભૂલ કરી હોય તો ખાનગીમાં બોલાવી ચેતવણી અથવા ઠપકો આપવો, પણ જાહેરમાં તેની જવાબદારી પોતે સ્વીકારી સાથીનો બચાવ અથવા રક્ષણ કરવું. સાથીમાં પૂરો વિશ્વાસ મૂકવો અને કામમાં છૂટ આપવી. પૂરી દેખરેખ રાખવા છતાં તેને સ્વતંત્રતા લાગવી જોઈએ. તેનામાં સ્વયંસ્ફુરણા હોય તેને ઉત્તેજન આપવું. દરેકને તેની શક્તિ પ્રમાણે કામ સોંપવું અને તેની મર્યાદા ઓળંગવા ન દેવી. જુદા જુદા સાથીઓ વચ્ચે મતભેદ, ઈર્ષા કે હરીફાઈ થાય ત્યાં દરેકને તેના સ્થાને રાખવો.

સંસ્થાના સંચાલનમાં પ્રામાણિકતાનો પૂરો આગ્રહ રાખવો. લાખો રૂપિયાના ફંડફાળા મેં કર્યા છે. દાન આપનારને ખાતરી હોવી જોઈએ કે તેનું દાન ઊગી નીકળશે, અનેકગણું થશે. કોઈ સાથી વિશ્વાસનો દુરુપયોગ કરે અથવા વિશ્વાસને પાત્ર ન હોય તો તેને ક્ષણ પણ નિભાવવો નહિ; પણ આ ત્યારે બને કે જો પોતાનું વર્તન નિર્મળ અને સ્વચ્છ હોય. પોતાને કાંઈ જ છુપાવવાનું ન હોય, કોઈ ખોટો લાભ ઉઠાવ્યો ન હોય, કયાંય પક્ષાપાત કર્યો ન હોય, માત્ર સંસ્થાના હિતમાં જ નિર્ણયો કર્યા હોય તો કોઈનો ડર રાખવાની જરૂર ન રહે. પ્રશંસા કે કીર્તિનો મોહ ન રાખવો. આપોઆપ આવી મળે છે, આપણે ઈચ્છીએ કે લાયકાત હોય તેના કરતાં પણ વિશેષ, જો નમ્રતા હોય, નિરાભિમાનતા હોય.

કોઈ સંસ્થાના રોજેરોજના વહીવટમાં હું માથું નથી મારતો. જેને સોંપ્યું હોય તેની જવાબદારી. મને પૂરો માહિતગાર રાખવો પડે. અગત્યની બાબતોમાં મારી સંમતિ વિના કાંઈ ન થઈ શકે. પણ આવા નિર્ણયો સાથીઓ સાથે ચર્ચાવિચારણા કરીને લેવાય. જે સંસ્થાઓના સંચાલનની મારી જવાબદારી છે ત્યાં ભાગ્યે જ વિરોધનું વાતાવરણ હોય છે. મતભેદો હોય છે. મુક્ત વિચારવિનિમય કરી નિર્ણય થાય છે. મોટે ભાગે અંતિમ નિર્ણય મારે કરવાનો રહે છે. બધાના વિચારો જાણી નિર્ણય કરું છું અને તેનાં કારણો વિગતથી સમજાવું છું. કેટલીક વખત એવું બને છે કે હું કારણો આપું તેનો જવાબ આપી ન શકે પણ મનમાં વસવસો રહે કે બરાબર નથી. તો મારી પાસે આવી ફરી સમજી લે અથવા મારામાં વિશ્વાસ રાખી સ્વીકારે. હું પણ સંજોગો પ્રમાણે બાંધછોડ અને સમાધાન કરું. પણ મુખ્ય મુદ્દાઓમાં મને ખાતરી ન થાય તો, નમતું ન મૂકું.

જ્યાં મારાથી સક્રિય કામ ન થાય ત્યાં નામની ખાતર અધિકારપદે અથવા કાર્યવાહક મંડળમાં રહેતો નથી. હું જ્યાં અધિકારપદે હોઉં ત્યાં મોટે ભાગે કામની જવાબદારી સ્વીકારું છું. સ્પષ્ટ વિચારો અને મક્કમ નિર્ણયોને કારણે કામનો બોજો મારે માથે આવી પડે છે. તેથી મારાથી બની શકે તેટલું જ માથે લઉં છું. મહત્ત્વાકાંક્ષી યોજનાઓ કે મોટી મોટી વાતોથી દૂર રહું છું. જેટલું બની શકે તેવું હોય તેનાથી ઓછું કહેવું અને વધારે કરી બતાવવું.

પ્રવૃત્તિથી હું ઉદાસીન છું. નવું નવું કરવાની વૃત્તિ નથી, પણ માથે આવી પડે તે સાંગોપાંગ પાર ઉતારવાનો આગ્રહ રાખું છું. જવાબદારીના ભાનથી દબાઈ જતો નથી. મન મુક્ત રહે છે. થાય તેટલો બધો પુરુષાર્થ કરવો છતાં ધાર્યું પરિણામ ન આવે તો લેશમાત્ર નિરાશા થતી નથી. કેટલીક વખત ચિંતા રહે છે, તો પણ સદ્‌ભાગ્યે છેવટ બધું સારી રીતે પાર ઊતરી જાય છે.

મારામાં મોટપ કે નાનપની કોઈ ગ્રન્થિ નથી. બધા સાથે સમાન ભાવે કામ કરી શકું છું. મારી મર્યાદાઓનું અને શક્તિનું પૂરું ભાન છે. વિવેક અને નમ્રતા હોય તો કામમાં ખૂબ સરળતા રહે છે. બધું સહજપણે થતું હોય તેમ લાગે.

જે સંસ્થાઓના સંચાલનની જવાબદારી લીધી છે તે બધી નાણાકીય દૃષ્ટિએ અને કાર્યકર્તાઓથી સમૃદ્ધ છે. હું ન હોઉં તો મારી ઊણપ કયાંય સાલે નહિ એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાનો મારો પ્રયત્ન સદા રહે છે.

કોઈ સંસ્થા સાથે મનને બાંધ્યું નથી. કોઈમાંથી છૂટા થતાં લેશમાત્ર સંકોચ થાય તેમ નથી. હકીકતમાં હવે, ક્રમશ: છૂટા થવાનું વિચારી રહ્યો છું.

સંસ્થાઓના કાર્યને મારા વિકાસનું સાધન માન્યું છે. તેમાં કયાંય રુકાવટ થાય, મમત્વથી, સ્વાર્થથી, કીર્તિના મોહથી, કે અન્ય કોઈ કારણે, તો ક્ષણમાત્રમાં તે છોડી દઉં એટલી તૈયારી છે. જ્યારે એમ લાગે કે સાથીઓનો આદર રહ્યો નથી અથવા હોકાને આણગમો થયો છે ત્યારે પોતાના માર્ગે ચાલી નીકળતાં જરા પણ સંકોચ થવો ન જોઈએ. અંતર એટલું ભરેલું હોય કે આવી બાહ્ય ઉપાધિઓ તેને બાંધી ન શકે.

મનને એ વાતનો આનંદ છે કે યત્કિંચિત પરમાર્થનું કાર્ય થઈ શક્યું છે. તેથી વિશેષ કોઈ આશા રાખી નથી. કોઈ દિવસ નિરાશા થઈ નથી. મનની સ્થિરતા અને સ્વસ્થતા એ જ અંતે ચિત્તની શાન્તિ અને પ્રસન્નતાનો પાયો છે.

૧૧-૧૨-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### પરવાના પ્રકરણ

પરવાના પ્રકરણે અભૂતપૂર્વ પરિસ્થિતિ ઊભી કરી છે. સરકારની ભૂલોની પરંપરાથી સરકારે પોતાને માટે વિષમ સ્થિતિ સર્જી. અંતે ડહાપણ વાપરી નમતું મૂક્યું અને પાર્લામેંટની પ્રતિષ્ઠા ધૂળમાં મળતી અટકી ગઈ. વિરોધ પક્ષોએ આ પ્રસંગનો સકારણ પૂરો લાભ લીધો. ચાર અઠવાડિયાં પાર્લામેંટમાં બીજું કામ જ થઈ શક્યું નહિ. દેકારો બોલાવ્યો અને સરકાર ઉપર તડાપીટ પડી. ગઈ બેઠકમાં આ પ્રશ્ન ઊપડયો ત્યારે ગૃહમંત્રી શ્રી ઉમાશંકર દીક્ષિતે ખાતરી આપી હતી કે સી. બી. આઈ.નો અહેવાલ આવી જાય પછી પાર્લામેંટને વિશ્વાસમાં લેવામાં આવશે. કોઈ પણ કારણે સરકારને આ બાંયધરીમાંથી છૂટવું હતું એટલે ઉતાવળથી તુલમોહન સામે કેસ કરી નાખ્યો અને પછી બહાનું કાઢયું કે હવે મામલો કોર્ટ સમક્ષ હોવાથી સી. બી. આઈ.નો રિપોર્ટ પાર્લામેંટમાં રજૂ કરી ન શકાય. આ બચાવ લૂલો હતો. પછી બીજું બહાનું કાઢયું કે સી. બી. આઈ.નો રિપોર્ટ પાર્લામેંટમાં કોઈ દિવસ રજૂ થતો નથી અને તેમ કરવાથી ખોટો દાખલો બેસાડાય. ખાતરી આપતાં પહેલાં આ વાતનો વિચાર કરવો જોઈતો હતો. પાર્લામેંટના ૨૦ સભ્યો સામે આક્ષેપો હતા તેથી પાર્લામેંટને તેની તપાસ કરવાનો અધિકાર છે. શરૂઆતથી જ સી. બી. આઈ.ની તપાસને બદલે પાર્લામેંટની કમિટીને તપાસ સોંપી હોત– જે વિરોધ પક્ષોની માગણી હતી– તો આ બધી ભાંજગડ ન થાત. દરેક તબક્કે એવી છાપ રહી કે સરકાર કોઈનો બચાવ કરવા માગે છે અથવા ઢાંકપિછોડો કરવા ઈચ્છે છે. ખાસ કરી એલ. એન. મિશ્રા સામે ગંભીર આક્ષેપો છે અને મિશ્રાની આબરૂ, બિહાર રાજકારણને અંગે અને અન્યથા, ખરડાયેલી છે. પોતાની સામેના આક્ષેપોનો મિશ્રે ઈનકાર કર્યો છે, પણ તેથી પ્રતીતિ થતી નથી. નિકસનની પેઠે ધીમે ધીમે વધુ હકીકતો બહાર આવતી જાય છે તેમ તેમ શંકાઓ વધતી જાય છે. ૨૦ સભ્યોની ખોટી સહીઓ હોય તે અતિ ગંભીર બાબત છે. આ પરવાના પ્રકરણ વર્ષોથી ચાલતું હતું અને છેવટ બિહારના સભ્યોને પોંડિચેરીમાં શું એવો રસ પડયો કે ત્યાંના વેપારીઓને ન્યાય અપાવવાની લગની લાગી? તુલમોહનનો ભૂતકાળ ભાતીગળ છે. અંગ્રેજી આવડતું નથી એમ કહી, અંગ્રેજીમાં નિવેદન આપ્યું છે અને સહી કરી છે. સરકારે કોર્ટમાં કેસ કરતા પહેલાં વિરોધ પક્ષોને અને પાર્લામેંટને વિશ્વાસમાં લેવાં જોઈતાં હતાં. કેસ તો વર્ષો સુધી ચાલે અને કેવી રીતે ચલાવે છે તે ઉપર પરિણામનો આધાર રહે. સી. બી. આઈ. નો રિપોર્ટ ન જ બતાવવો એવું મક્કમ વલણ લીધા પછી, માત્ર રિપોર્ટ જ નહિ પણ તેને લગતા બધા કાગળો બતાવવાની તૈયારી બતાવવી પડી તેમાં સરકારની હાર છે. અલબત્ત, આ દરખાસ્તથી સરકાર એમ કહી શકે કે તેને કાંઈ છુપાવવાનું નથી અને તેટલે દરજ્જે સરકારની દાનત સાફ હોવાનો દાવો કરી શકે. અહેવાલો અને બીજા કાગળો તપાસ્યા પછી શું નીકળે છે તે જોવાનું રહે છે. ગુપ્તતાના સોગંદ ઉપર કાગળો બતાવાશે, પણ એ તો માત્ર વટ જાળવવાનું ઓઠું છે. ૧૫-૨૦ વ્યક્તિઓ કાગળો જુએ પછી શું ખાનગી રહે? મોરારજીભાઈએ સ્પષ્ટ કહ્યું છે કે કાગળો તપાસ્યા પછી કોઈ સામે વધારે પગલાં લેવાની જરૂર જણાશે તો તે સૂચવવાની વિરોધ પક્ષોને છૂટ રહેશે. સરકારે મૌન સેવ્યું છે. અલબત્ત, સત્યાગ્રહની ધમકી યોગ્ય ન હતી. સત્યાગ્રહ એટલે પાર્લામેંટનું બધું કામ થંભાવી દેવું. ઘોર નિરાશા અને અસહાયતામાંથી જન્મેલ આ પગલું હતું. પણ વિરોધ પક્ષો માટે મરણિયા થયા સિવાય માર્ગ ન હતો. સારું થયું કે સરકારને સદ્‌બુદ્ધિ સૂઝી અને આવી હાંસીપાત્ર પરિસ્થિતિમાંથી સૌ કોઈ બચી ગયા.

પણ આ પ્રકરણ ગંભીર છે અને સાચો તાગ મેળવવો જોઈએ.

### જાપાનનું વૉટરગેટ

જાપાનના વડા પ્રધાન ટનાકા સામે છેતરપિંડી કરી કરોડો રૂપિયા પ્રાપ્ત કરવાના ગંભીર આરોપો થયા. બહુ સસ્તા ભાવે જમીનો લઈ, સરકારને ઊંચા ભાવે વેચી, એક જ સોદામાં ૧૨ કરોડ રૂપિયા મેળવ્યા, પક્ષમાં મતો ખરીદવા લાખો રૂપિયા વેર્યા, ઈન્કમ-ટેક્સના ખોટાં રિટર્ન ભર્યાં, ભ્રષ્ટાચારના એવા ઘણા આરોપો તેમની સામે થયા. ટનાકા સામાન્ય સ્થિતિમાંથી ઊંચે આવેલ વ્યક્તિ છે. તેના પ્રત્યે પ્રજામાં માન ન હતું. છેવટ રાજીનામું આપવું પડયું. નિકસનની પેઠે વાત લંબાવવા ન દીધી. નોંધપાત્ર હકીકત એ છે કે અમેરિકા પેઠે આ કિસ્સામાં પણ, એક વર્તમાનપત્રે આ ભાંડો ફોડવાની નીડર આગેવાની લીધી, જે જાપાનમાં ભાગ્યે જ બને છે. અમેરિકા અને જાપાન– બન્ને દેશોમાં રાજકારણમાં વ્યાપક ભ્રષ્ટાચાર હોવા છતાં, પ્રજાની આંતરિક તાકાત એટલી છે કે તેને ઉઘાડો પાડી શકે છે, આંચકો સહન કરી શકે છે અને ભ્રષ્ટાચારી વ્યક્તિઓને સ્થાને બીજાઓની નિયુક્તિ કરી, કટોકટીને પાર કરી શકે છે.

### શ્રી વાજપેયીનું લોકસભામાંથી રાજીનામું

લોકસભામાં કાંઈ ઉપયોગી કાર્ય થઈ શકતું નથી અને સમયનો દુર્વ્યય થાય છે એમ જણાવી શ્રી વાજપેયીએ લોકસભામાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે અને તે માટે તેમના પક્ષની મંજૂરી માગી છે. વાજપેયી જનસંઘના અગ્રગણ્ય આગેવાન છે અને લોકસભામાં તેમની ગેરહાજરીથી જનસંઘને ખોટ પડે. વળી વાજપેયી પ્રથમ કોટિના વક્તા અને અનુભવી પાર્લામેન્ટેરિયન છે તેથી લોકસભાને પણ ખોટ પડે. શ્રી વાજપેયીનો આ નિર્ણય ગંભીર વિચારણા માગે છે. સંસદીય લોકશાહી નિષ્ફળ જાય છે એવું અનુમાન આ ઉપરથી તારવી શકાય. પાર્લામેંટ અને રાજ્ય ધારાસભાઓમાં વર્તમાનમાં જે સ્થિતિ પ્રવર્તે છે તે ખરેખર શોચનીય છે. આવી લોકશાહી આપણા દેશને અનુકૂળ છે કે નહિ તેવો પ્રશ્ન

થાય. સંસદીય લોકશાહીમાંથી દુનિયાના ઘણા દેશોમાં લોકોનો વિશ્વાસ ઊઠતો જાય છે. શાંતિમય માર્ગે, પરસ્પર વિચારવિનિમયથી, પ્રજાના રાજકીય, આર્થિક અને સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય એ શ્રદ્ધા હવે ઓછી થતી જાય છે. પરિણામે લોકો હિંસક અથવા બીજા પ્રકારના સંઘર્ષને માર્ગે વળે છે. આપણા દેશમાં, આ પરિસ્થિતિ સર્જવામાં, છેલ્લા કેટલાક સમયથી શ્રી જયપ્રકાશના આંદોલને અગત્યનો ભાગ ભજવ્યો છે. શ્રી જયપ્રકાશ ભારપૂર્વક કહે છે કે તેમનું આંદોલન લોકશાહીને બચાવવા માટે છે. પણ જે પ્રકારની લોકશાહી તેમની કલ્પનામાં છે તેવી લોકશાહીમાં કોઈ રાજકીય પક્ષ માનતો નથી, તેને વ્યવહારુ ગણતો નથી. જે રાજકીય પક્ષો તેમના આંદોલનને ટેકો આપે છે તે પક્ષો પણ શ્રી જયપ્રકાશની કલ્પનાની લોકશાહીમાં માનતા નથી. આ આંદોલન મહદ્ અંશે આંધી ચડાવવામાં સફળ થયું છે. જયપ્રકાશ તેને વિસ્તારવા પ્રયત્નશીલ છે. હવે ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ઓરિસા વગેરે રાજ્યોમાં શરૂઆત કરી છે. પાર્લામેંટ સામે પણ આવું આંદોલન કરવું એવી જાહેરાત કરી છે. ધારાસભાઓ અને પાર્લામેંટમાં ધાંધલધમાલ સિવાય કાંઈ કામ થઈ શકતું નથી. આર્થિક કટોકટી છે ત્યારે સરકારનો મોટા ભાગનો સમય આ આંદોલનનો સામનો કરવામાં જાય છે. વિધાનસભાઓ કે પાર્લામેંટના વિસર્જન પછી શું તેનો કોઈ જવાબ નથી. અરાજકતા તરફ ઘસડાઈએ છીએ એવો સવાલ થાય. વિરોધ પક્ષો વેરવિખેર છે અને એક થવાનો કોઈ સંભવ નથી. આ પરિસ્થિતિ માટે શાસક પક્ષ ઓછો જવાબદાર નથી. મોટી બહુમતીથી બેપરવાઈ આવી. શાસક પક્ષના આંતરિક મતભેદોએ તે પક્ષને છિન્નભિન્ન કર્યો છે. વધારે ચિંતાનો વિષય આ પક્ષમાં અનિષ્ટ તત્ત્વો દાખલ થયાં છે તે છે. આ બધાનો લાભ સામ્યવાદી પક્ષને મળે છે. કૉંગ્રેસમાં સી. પી. આઈ.નો પગપેસારો વધતો જાય છે. જયપ્રકાશ પણ માર્ક્સવાદી સામ્યવાદી પક્ષની સહાય લેવા તૈયાર છે. સામ્યવાદના કટ્ટર વિરોધી હોવા છતાં, આ આંદોલન સામ્યવાદી પક્ષને લાભદાયી થતું જાય છે તે તરફ દુર્લક્ષ થાય છે. આર્થિક કટોકટી ઘેરી બનતી જાય છે તેમ રાજકીય અસ્થિરતા વધતી જાય છે. શ્રી વાજપેયીના નિર્ણયથી બધા રાજકીય પક્ષો કાંઈક વિચાર કરતા થાય તો તે નિર્ણય આવકારપાત્ર લેખાશે. આ નિર્ણયને રાજકીય ચાલબાજી કહીને હસી કાઢવા જેવો નથી.

સંભવ છે કે શ્રી વાજપેયી, બિહાર આંદોલનને વધારે વેગ આપવા બહાર નીકળતા હોય. આ આંદોલનને જનસંઘનો સૌથી વધારે ટેકો છે અને જનસંઘ તેમાંથી સૌથી વધારે લાભ ઉઠાવવા ઈચ્છે છે. જનસંઘ આ આંદોલનને દેશવ્યાપી બનાવવા ઈચ્છે છે. વાજપેયી જેવી શક્તિશાળી વ્યક્તિ આંદોલનને વધારે વેગવાન બનાવી શકે.

૧૧-૧૨-'૭૪ ચીમનલાલ ચકુભાઈ

## વધુ ઊંચું કર્તવ્ય

મેં આખો દિવસ બેસીને સંપૂર્ણ પ્રાર્થના-પુસ્તકનું પારાયણ કરવાનું નક્કી કર્યું હતું. સાંજે પારાયણ પૂરું થવામાં જ હતું ત્યાં ગુરુજીએ એક શિષ્ય દ્વારા મને બોલાવ્યો. મેં વિનયથી કહ્યું કે જઈને ગુરુજીને કહે, પારાયણ થોડુંક જ બાકી છે; એ પૂરું થતાં તરત જ આવી જઈશ. શિષ્ય ગયો અને તરત પાછા આવીને કહ્યું કે તરત જ બોલાવે છે. હું ગયો, તો ગુરુજીએ પૂછ્યું : "પહેલી વાર બોલાવ્યો ત્યારે કેમ ન આવ્યો ?" મેં કારણ દર્શાવ્યું. તેમણે કહ્યું : "મેં તને એક ગરીબ માણસ માટે થોડા પૈસાની વ્યવસ્થા કરવા બોલાવ્યો હતો. પ્રાર્થનાઓ તો ફરિશ્તા પણ વાંચી શકે છે, પણ અકિંચનોને મદદ તો માનવી જ કરી શકે છે. સેવા પ્રાર્થનાથી વધુ ઊંચું કર્તવ્ય છે, કારણ ફરિશ્તા સેવા નથી કરી શકતા."

— એક હસીદી ધર્મગુરુ

# પ્રસન્નતાને છોડવે ઊગે સ્મિતનું પુષ્પ

મુસાફરી કરતી વખતે ક્યારેક ગામડાના ડોસાબાપા મળી જાય છે. પાકેલી ખારેક જેવું ગરવું ઘડપણ ઘડીભર ચાલુ ગાડીએ થંભી જાય છે. એમના ચહેરાને ભરી દેતું કરચલિયાળું સ્મિત બોખું હોવા છતાં કેવું ભર્યુંભર્યું લાગે છે! એમની આંખે વળેલી છાજલી રસ્તો જુએ છે તે સાથે રસ્તાને છેવાડે ઊભેલું બોર્ડ પણ જુએ છે. બોર્ડ પર લખ્યું છે : Dead End.

સ્મિતની પણ એક આગવી લિપિ હોય છે. સ્મિત ઘણું બધું કહી દે છે. બાળકોને પણ આ લિપિ ઉકેલતાં આવડતું હોય છે. સ્મિત ચૌદ કેરેટનું છે કે ચોવીશ કેરેટનું તે સામા માણસને સમજાઈ જાય છે. એર હોસ્ટેસનું સ્મિત ફ્લેગ સ્ટેશન પર નહીં થોભતા રાજધાની એક્સપ્રેસની માફક પસાર થઈ જતું હોય છે. સેલ્સમેનનું સ્મિત સોડાવોટરના ઊભરા જેવું લાગ્યા કરે છે. મોંઘવારીના જમાનામાં કોઈ મુંબઈગરો મહેમાનને આવકારે ત્યારે સ્મિતના નેપથ્યે અટવાતા છાના વિષાદની ઝાંય ફૂટી નીકળે છે. ઝુલ્ફાંમાંથી ચળાઈ ચળાઈને આંખની પાંપણો પર ઝીલવાઈ રહેતું નવોઢાનું સ્મિત સ્વાતિ નક્ષત્રના વરસાદ જેવું હોય છે. સંતનું સ્મિત હરદ્વાર પાસે વહેતી રમ્યઘોષા ગંગા જેવું હોય જેમાં સ્નાન કરવાનું ને ડૂબકી મારવાનું ગમે. ખલપાત્રનું સ્મિત જાસાચિઠ્ઠી બની રહે છે. બચુભાઈને ટ્યૂશન આપવા માટે ઘરે આવતા શિક્ષકનું સ્મિત એટલે જાણે ભોજન પહેલાંનો મુખવાસ.

સ્મિત અને હાસ્ય વચ્ચે થોડોક તફાવત છે. સ્મિત અંતરંગના સ્થાયીભાવનું ચહેરા પર થતું રેખાંકન છે. હાસ્ય હંગામી છે. સ્મિત એક પ્રવાહ છે, જ્યારે હાસ્ય મોજું છે. અંગ્રેજીમાં કહે છે: Have a friend for a smile and a smile for a friend. ગીતાએ પ્રસન્નતાને (પ્રસાદ) ભારે મહત્ત્વ આપ્યું છે. અંતરંગમાં રહેલી પ્રસન્નતા મંદિર પરની ધજાની માફક આપણા ચહેરા પર સ્મિત બનીને ફરકતી રહે છે. સ્મિત એટલે શાંતિની વાચાળતા (eloquence of silence).

સ્મિતનો જબરો દુકાળ પડયો છે. જે દિવસે બાળકોને હસીને આવકારવાનું શક્ય ન હોય તે દિવસે શિક્ષકે રજા લેવી જોઈએ. અમારા એક શિક્ષકને હસતા કદી જોયા નથી. એમના વર્ગમાં બેઠા હોઈએ ત્યારે જાણે કબ્રસ્તાનમાં બેઠા હોઈએ એવું લાગે. જ્યોતીન્દ્ર દવેનો પાઠ ભણાવતી વખતે પણ તેઓ ગંભીર રહેલા. અમે સૌ મણિભાઈ નભુભાઈ દ્વિવેદીનો પાઠ ભણ્યા તે વખતે હતા તેટલા જ ગંભીર બની ગયેલા.

થોડા જ મહિનાઓ પહેલાં એક કૉલેજમાં પ્રાધ્યાપકોના ઈન્ટરવ્યુ લેવા જવાનું થયું. એક ભાઈ ધુવડ જેવો ગંભીર ચહેરો લઈ દાખલ થયા. એમનું ગાંભીર્ય એટલું ચેપી હતું કે અમે સૌ ઘડીભર ચૂપ થઈ ગયા. થોડીક શાંત ક્ષણો પછી મેં પૂછ્યું : તમે ક્યા વિષય પર પીએચ. ડી. કરવા વિચારો છો? એમણે ખૂબ ઠાવકાઈથી જણાવ્યું: "ગુજરાતી સાહિત્યમાં હાસ્યરસ."

વિનોબા ઘણી વાર કહે છે કે એક ગણું ખાવ, બે ગણું પાણી પીઓ, ત્રણ ગણી હવા લો અને ચાર ગણું હસો. સરકારે હજી હાસ્ય પર કર નથી નાખ્યો એ કૃપા છે. ભરચક રસ્તા પર કોઈ ટ્રાફિક સર્કલમાં સાક્ષીભાવે ઊભા રહી આવતા-જતાં લોકોને નીરખવાનો પ્રયોગ કરવા જેવો છે. કોઈ ઉદ્વિગ્ન ચહેરે ચાલી રહ્યું છે. કોઈ એકલુંએકલું બબડી રહ્યું છે. કોઈકને જબરી ઉતાવળ જણાય છે. બહુ ઓછા ચહેરા સ્વસ્થ જણાશે. આપણા મનનું એરિયલ ઘણું બધું ઝીલતું જ રહે છે. કોઈક વાર એકસાથે બેત્રણ સ્ટેશનો સાથે પકડતા રેડિયોનું બેસૂરાપણું આપણે અનુભવીએ છીએ. આવા ક્લબલાટનો ભોગ બને છે પ્રસન્નતા અને પ્રસન્નતા સાથે જ વિદાય થાય છે આપણું સ્મિત. સ્મિતનું પુષ્પ પ્રસન્નતાને છોડવે પાંગરતું હોય છે. આપણી તાણ આ છોડવાને રોજ કાતરતી રહે છે. સ્મિતમાં અસ્તિત્વનો સ્વીકાર છે અને માનવ્યનું અભિવાદન છે.

સહજ સ્મિત ચોખ્ખા ઘીની માફક દોહ્યલું બનતું જાય છે. માણસ હવે હસવા માટે જબરો પ્રયત્ન કરતો રહે છે. ખોટકાઈ ગયેલી મોટરને હેન્ડલ મારીને ચાલુ કરવા મથતા ડ્રાઈવરનાં આ ફાંફાં છે.

ડૉ૦ ગુણવંત શાહ

# વર્તમાન પરિસ્થિતિમાં લોકશાહી

[ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ગોવિંદરાવ દેશપાંડેએ 'વર્તમાન પરિસ્થિતિમાં લોકશાહી' એ વિશે આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં આપ્યો છે.]

"વીસમી સદીમાં કશુંક બહુ જ મોટું જીવનમાં બની રહ્યું છે, અને કશુંક બહુ જ મોટું ખતમ થઈ રહ્યું છે." અમેરિકાના ડેમોક્રેટિક સેનેટર માઈકેલ હેરિંગ્ટન "એક્સિડેન્ટલ સેન્ચુરી"માં આવું કહ્યું છે. આવું બીજું પુસ્તક "વર્લ્ડ ડાઈમેન્શનલ મેન" છે.

આ અને આવાં બીજાં પુસ્તકોમાં લોકશાહી અંગેના બધા પ્રશ્નો અને સમસ્યાઓનો વિચાર છેડાયો છે, પરંતુ આજથી જ પૂર્વના દેશોએ આ સમસ્યાઓનો વિચાર કરવો જ પડશે. કોઈ પણ રાષ્ટ્ર ક્યાંય સીમિત નથી. યંત્રતંત્રથી ઉત્પાદન વધ્યું છે અને તેનો ફેલાવો જગતભરમાં ફેલાતો રહે છે.

આ વેગનો, ઝડપનો યુગ છે. એથી ૧૯૬૮માં અમેરિકામાં ટેકનોલોજી પેદા થઈ, તો ૧૯૭૮માં તે ભારત અને અન્યત્ર પહોંચશે જ, એવું ગણિત હવે નહીં ચાલે. કદાચ એ પહેલાંય એ પહોંચી જશે. સંભવ છે કે વાસ્તવિકતામાં એ ન પહોંચી હોય, તોય ભાવનામાં તો એ પહોંચી જ ગઈ હોય છે.

દુનિયાની સ્થિતિ પર દૃષ્ટિ કરવા જેવી છે. છેલ્લા વિશ્વયુદ્ધની ત્રણ દેણગી છે: (૧) સંયુક્ત રાષ્ટ્રસંઘ, (૨) આણ્વિક શક્તિ, અને (૩) ટેકનોલોજી. બંને મહાસત્તાઓ વચ્ચેની ભાવનાઓમાં અધિનાયક સત્તાને કારણે રાજકારણમાં ફેરફાર થયો જ છે, અને એક પ્રકારે વિષમ પરિસ્થિતિ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં થઈ છે.

લશ્કરી સત્તા માટે જે શોધખોળ થઈ છે તેનો ટેકનોલોજીને ક્ષેત્રે ભારે ઉપયોગ થયો છે.

રશિયામાં શાસનયુકત સત્તા પેદા થઈ છે. રાજનૈતિક તત્ત્વ અને શૈક્ષણિક તત્ત્વ વચ્ચે અંતર ખૂબ ઘટયું. મદદ કરવાની વિચારધારા ન રહી. Standardized માનવી બનાવવાની જ વૃત્તિ રહી. માનવી ભિન્ન વિચારવાળો ન બને એ રાજકારણે ત્યાં જોયું. જો કે પરિણામે એથી ત્યાં ઉત્પાદન ખૂબ વધ્યું.

રશિયાને અનુશાસન લાવવા માટે શૈતાની તત્ત્વોનો અમલ કરવો પડયો. અમેરિકાના સમાજ પર આની અસર પડી એમ કહી નહીં શકાય. અમેરિકી વિચારવાનોએ યુનિવર્સિટીના Campus (પ્રાંગણ)માં આણ્વિક શિક્ષણ અપાય છે તે સામે ફરિયાદ કરી. આ માટે શિસ્તની જરૂરિયાત છે. આમ અમેરિકામાં શિક્ષણ, શિક્ષણશાસ્ત્રીઓ પાસેથી લશ્કરીઓના હાથમાં ગયું.

પહેલાં ત્યાં શિસ્ત કમ હતી અને તત્ત્વ વધું હતું. પણ હવે ત્યાં તત્ત્વ ઘટયું છે અને શિસ્ત વધી ગઈ છે, આથી પરિણામે લોકતંત્રમાં જે સ્વયંસ્ફૂર્તિ જોઈએ તે ત્યાં કયારની ખતમ થઈ ગઈ. રાજકારણની આ પદ્ધતિની અસર યુરોપ પર પણ પડી, કેમકે યુરોપ અમેરિકા પર નિર્ભર રહ્યું છે. આમ અમેરિકામાં જે દુષ્પરિણામ હતું એય યુરોપને ભોગવવું પડયું. તેમણે અન્ન માગ્યું તો તેમને શસ્ત્રો આપવામાં આવ્યાં હતાં.

અમેરિકામાં લોકતંત્ર લોકથી વિમુખ થઈ ગયું છે. ત્યાં હવે દેખાવની લોકશાહી રહી છે. આમ સામાન્ય જીવનમાં પણ લોકતંત્ર ત્યાં રહ્યું નથી. આમાં ટેકનોલોજીએ ખૂબ ફાળો આપ્યો છે.

યંત્રના વિકાસ સાથે માનવી વિચારતો થયો કે મારું સ્થાન ક્યાં છે? એને એક પ્રકારની અનિશ્ચિતતા થવા લાગી. આની અસર મન પર થઈ હોવાનું ત્યાં અનુભવાય છે.

વધુ ઉત્પાદન માટે કાચો માલ જોઈએ. કાચો માલ પૃથ્વી પરથી જ આવે છે. માટે વધુ ને વધુ શોષણ થતું જ રહેવાનું. ૧૯૬૯માં ઈટાલીના પાટનગર રોમમાં એક ગોષ્ટિ યોજાઈ હતી. એણે "Limits of Growth" નામની પુસ્તિકા પ્રકાશિત કરી છે. એમાં આનો સુંદર ઉલ્લેખ થયો છે.

હેન્રી ફૉર્ડે એક નવું કારખાનું શરૂ કર્યું ત્યારની વાત છે. ઘણા મહેમાનો આવેલા. એમાં એમના કારખાનામાંના કામદારોના મંડળના નાયક પણ હતા. હેન્રી ફૉર્ડે ગૌરવપૂર્વક આખું કારખાનું ફરીને બતાવ્યું અને કામદારનેતાને કહ્યું: "બોલો, આમાં તમારું કામદાર મંડળ ક્યાં છે?" આખું કારખાનું ઑટોમેટિક જ હતું. તરત જ ફૉર્ડને જવાબ મળ્યો: "તમારા ઘરાકો ક્યાં છે?"

હકીકત છે કે જેમ જેમ ટેકનોલોજી વધતી જાય છે તેમ તેમ માનવીની જરૂરિયાત કળ-કારખાનામાં ઓછી થાય છે. માનવી વધુ ને વધુ બેકાર થતા જાય છે તેમ તેમ તેમની વેચાણશકિત ઘટતી જાય છે.

અમેરિકામાં હમણાં એક સૂત્ર ચાલે છે: "Human use of human hands"—માનવીય હાથનો માનવી માટે ઉપયોગ. આ સંકટભર્યો પ્રશ્ન છે. વિચારોની સીમા રહી નથી. દુષ્ટ વિચારો માટે કદાચ સીમા હતી જ નહીં. સુવિચાર માટે તો સીમા રહેતી નથી, પણ એને વાર લાગે છે.

અને આની અસર ભારત પર પડયા વગર રહેવાની નથી. અમેરિકાના જીવનની વાતો વિશે વિચાર કર્યા વગર રહેવાય જ નહીં.

અમેરિકી જીવનમાં ભ્રષ્ટાચાર છે, એ જાણીતું છે. ઉપરને સ્તરે ભ્રષ્ટાચાર હોય તો તે નીચેના સ્તરે આવવાનો જ. આમ એ ઓતપ્રોત જ છે, આની સાથે દંભ વિપુલ માત્રામાં ભર્યોપડયો છે. ત્યાં હસવાનું છે, પણ તેય કૃત્રિમપણે. ત્યાં અવ્યવસ્થા પણ આવી છે અને અનિશ્ચિતતા ય આવી છે. આને tension—તાણ કહીએ છીએ.

ત્યાં બાળક જન્મતાની સાથે bore થવાનું શીખે છે. જ્યારે યુવાની દરમિયાન તાણ વર્તાય છે. અમેરિકાના જીવનમાં આમ એક યુદ્ધ જેવી પરિસ્થિતિ બની રહી છે. એ જીવનમાં નૈસર્ગિકતા જોવા મળતી નથી. ત્યાં કાનૂનો છે, પણ ખાનગી ક્ષેત્રમાંના ઉત્પાદકોને ઉપયોગમાં આવે એવા કાયદાઓ બનાવાતા હોય છે.

ટેકનોલોજીની શોધ માનવીય ઉપયોગ માટે થઈ હતી. જ્યારે આજે માનવીનું સંચાલન ટેકનોલોજી કરે છે. આમ આ એક ખતરનાક ચિત્ર છે.

આજે લોકતંત્ર રહ્યું નથી પણ દળતંત્ર બની ગયું છે. ત્યાંનો મતદાર મતદાન ન કરવા જવા વિચારતો થયો છે. એ અમેરિકા છોડી ભારત, આફ્રિકા તરફ પણ ભાગી જવા લાગ્યો છે.

અમેરિકાનો યુવાન યુદ્ધથી દૂર રહેવા બીમાર પડે છે. જ્યારે આપણા જેવા ગરીબ દેશમાં જીવન જીવવા માટે ગરીબ—ભિખારીઓ અંગફોડ કરે છે! આથી લોકશાહી પર ખતરો વધે છે.

માનવી સામાન્યપણે સહચર્ય શોધતો હોય છે, પણ અમેરિકાનો માનવી આવા સહચર્યમાંથી ભાગે છે. એ સદા Lonely—એકાકી-થઈ ગયો છે. વળી એ Vacant brain—ખાલીખમ—મગજ પણ અનુભવે છે. પારિવારિક મૂલ્યોની ઊર્મિલતા ત્યાં ખતમ થયેલી અનુભવાય છે. આવા "Lost souls" ભારતભણી આવી રહ્યા છે. આની જાગૃતિ જ્યારે ત્યાં આવશે ત્યારે ત્યાં લોકશાહી શરૂ થઈ કહેવાશે.

આ પરિસ્થિતિ એશિયા- આફ્રિકામાં વત્તાઓછા ફેરફાર સાથે જોવા મળશે. આફ્રિકામાં આધુનિકતાની કમી છે. નૈસર્ગિક જીવનની, સંપત્તિની વિપુલતા સ્વાભાવિકપણે ત્યાં છે. આ બંનેનું સંધાણ કેમ કરવું?

એશિયામાં નૈસર્ગિક જીવન કદાચ વધારે નથી. માનવીની વિપુલતા અહીં છે જ. ઘરઆંગણે જોઈએ તો બ્રહ્મદેશ, પાકિસ્તાન, તેમજ અગ્નિ એશિયામાં પણ તે જોવા મળે છે.

દક્ષિણ કોરિયામાં અખબારનવેશોનો પીછો પોલીસ કરતી જ

હોય છે, અને ત્યાં કહેવાતું લોકતંત્ર છે. જાપાનમાં યુવાનોનો પોકાર લોકતંત્ર માટે સતત ચાલુ રહ્યો જ છે. હા, લોકશાહી છે, પણ શબ્દમાં જ. એનો આત્મા, એનું તત્ત્વ ક્યાંય જોવા મળે નહીં.

ભારતમાં શું જોવા મળે છે? ભારતની સમસ્યાઓને દૂર કરવી હોય તો કહેવાતું લોકતંત્ર ઘટાડવું પડશે. લશ્કરને નામે, અનુશાસનને નામે અધિક ને અધિક ગુલામી આવતી જાય છે. આઝાદીને નામે વધુ ને વધુ સ્વાતંત્ર્ય જોખમમાં આવે છે.

એક સમારંભમાં એક લશ્કરી અફસર સાથે થયેલી વાતચીતમાં એણે કહેલું કે ગાંધીવાળો માણસ અમારો દુશ્મન છે...તો આની વચ્ચે સંઘર્ષ ચાલે જ છે.

બિહારમાં જે કંઈ થઈ રહ્યું છે એનું નામ લોકશાહી કહી શકાય? લોકશાહીમાં લઘુમતી માટે સંરક્ષણ કરવાથી વધુ ને વધુ લોકશાહીનું વજન વધે છે.

જમશેદપુરમાં લોકશાહીના દોષ બતાવવા માટે લેખો લખનાર સંપાદકને પોતાના જીવનનો ભોગ આપવો પડ્યો. ભારતીય લોકશાહીના એક રક્ષકનો એમાં જાન ગયો.

ભારતીય લોકશાહી ક્યાં છે? આ પ્રશ્ન છે. ભારતીય જીવનમાં જે ઘટનાઓ આજે બની રહી છે તે રગતપીત જેવી છે. આ ઘટનાઓ દ્વારા લોકશાહીનો હ્રાસ થતો રહે છે.

અસંગઠિત દળો આપણે ત્યાં અઢળક છે. કદાચ ગણી ન શકાય એટલાં છે. એમાં અસંગઠિત હોવું એની ઘૃણા જ દેખાતી નથી.

ભારતમાં લોકમતની ખૂબ આવશ્યકતા છે, પણ એ ક્યાંય દેખાતો નથી. અહીં There are masses run by demagogues-ભાષણિયાઓથી દોરવાતી રહેતી પ્રજા જોવા મળે છે.

આનો ઈલાજ શો? આજના લોકતંત્રને વધુ વિકસિત કરવું જોઈએ. એને વધુ ને વધુ લોકાભિમુખ કરવું જોઈશે. આનો એક પ્રયોગ બિહારમાં ચાલે છે. ત્યાં માત્ર અસંતોષની ભડક જ નથી, એ આંદોલનમાં લોકતંત્ર અભિમુખ પ્રજાને લઈ જવાની પાકી ઝંખના છે. એમાં આશાનું એક કિરણ જોઈ શકાય છે.

રાજકીય પક્ષોની કોઈકે વ્યાખ્યા કરી છે: Associations of men for the sole purpose to capture power and never to return. (માત્ર સત્તા કબજે કરવા માટે અને તેની પાછી સોંપણી ન કરવા માટે કેટલાક લોકોનું જૂથ.)

તો આવા રાજકીય પક્ષો પર જ આધારિત બન્યા વગર લોકોએ રાજકારણ પ્રતિ વધુ ને વધુ અભિમુખ થવું જોઈશે.

ગોવિંદરાવ દેશપાંડે

# થાક અને તેનું નિવારણ

એકવાર એક મિત્રદંપતીને હું મળવા ગયો. ૧૬ વર્ષનો તેમનો તંદુરસ્ત પુત્ર જમવાના ટેબલ પર લાંબા પગ કરીને નિરાંતે બેઠો હતો. તેને તેની માએ ટેબલ પરથી પ્લેટ ઉઠાવી રસોડામાં લઈ જવા કહ્યું. "અરે! હું તો એવો થાકી ગયો છું ને!" છોકરાએ શરીર મરડી કંટાળીને જવાબ આપ્યો. પાંચ મિનિટ પછી મેં જોયું તો એ બહાર મેદાનમાં ઉત્સાહપૂર્વક ક્રિકેટ ખેલવા લાગી ગયો હતો. સમય ક્યાં જઈ રહ્યો છે તેનું તેને ભાન પણ નહોતું.

થોડી વાર પહેલાં જ પ્લેટ ઉઠાવતાં થાકી જનાર છોકરાની આ રીત પર વડીલ તરીકે આપણને કદાચ નારાજી પ્રગટે કે હસવું આવે, પરંતુ આપણામાંના અનેક લોકો આ પ્રકારનું વર્તન બતાવે છે. 'બહુ થાકી જવાય છે' એ આજની વ્યાપક ફરિયાદ છે. સાંખ્યાબંધ લોકો જૂના હઠીલા રોગ જેવી આ ફરિયાદના ભોગ બનેલા આપણને જોવા મળે છે, જેમનું શારીરિક સ્વાસ્થ્ય બીજી રીતે તો બરાબર હોય છે છતાંય તેમને થાક જણાયા કરે છે.

પગારીમાંથી ઊઠતાંવેંત થાકની બૂમ પાડનાર લોકોનો પણ એક વર્ગ છે, જે પોતાનું રોજિંદું કામ પૂરા દિલથી કરી શકતો નથી. 'કામ તો ઘણું કરવાનું છે, પરંતુ એવી નબળાઈ લાગે છે કે આજ ઘેર રહી આરામ જ કરી લઉં" એમ કહી તેઓ કામને ટાળતા જ હોય છે. થાકની બાબતમાં એક ડૉક્ટર તરીકે હું એમ કહીશ કે કામનું કોઈ કામ કર્યું હોય કે માંદગી જેવું કારણ હોય તો જ આપણને થાક લાગે છે; બાકી અવારનવાર થાક લાગવાની ફરિયાદ કરવી એ એક નબળા માનસિક વલણ સિવાય બીજું કશું જ નથી; કહો કે એક પ્રકારનો કંટાળો છે. પ્રગતિશીલ ગણાતી આજની સંસ્કૃતિએ આવી સુસ્ત પ્રજાને જન્મ આપ્યો છે. મનને પ્રસન્નતા આપે એવું કંઈક આપણને જોઈએ છે, પરંતુ એમાંય આપણને શૂન્યતા ભાસે છે. કોઈ સત્સંગગૃહમાં કંઈ કાર્યક્રમ નિહાળતાં આપણે કંટાળીને ઘણીવાર એ પૂરો થાય એ પહેલાં જ ભાગી જઈએ છીએ. આપણે શું જોઈ રહ્યા છીએ એ વિષે પણ ઘણીવાર સભાન હોતા નથી. છાપાં-પુસ્તકો વાંચતાં પણ આપણી આવી જ દશા હોય છે. વિષય સાથે રસપૂર્વકનું તાદાત્મ્ય આપણે સાધી શકતા નથી.

'ખૂબ થાક લાગ્યો છે,' એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે ખરેખર તો જે કામ આપણે કરી રહ્યા હોઈએ છીએ તેનાથી કંટાળી ગયા હોઈએ છીએ. જીવન જીવવાની આપણી રીત હકીકતમાં આપણને થકવી નાખતી હોય છે.

થાકની બૂમ પાડતો ૪૫ વર્ષની વયનો એક શ્રીમંત માણસ મારી પાસે આવ્યો. તેની શારીરિક તપાસમાં કશું જ વાંધાજનક મને જણાયું નહિ, છતાંય તેને સવારથી બસ થાક જણાયા કરતો. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેણે સરસ ધંધો જમાવીને પછી તે સારા નફાથી બીજાને વેચ્યો હતો અને હવે કેવળ ધંધાકીય સલાહકાર તરીકે કામ કરી નક્કી આવક મેળવતો હતો. તેના અંગત જીવનમાં પણ કોઈ સમસ્યા નહોતી, છતાંય જિંદગીથી જાણે તે થાકી ગયો હતો.

'તમને રસ પડે એવો બીજો ધંધો કરો કે?' તેની આંખો ચમકી, મોં પર ઉત્સાહ ફરી વળ્યો અને નવા ધંધા અંગેના પોતાના વિચારો મને જણાવ્યા. છ મહિના બાદ તેનો ફોન આવ્યો: "મેં નવો ધંધો શરૂ કર્યો છે અને ખૂબ મહેનત કરી શકું છું. બધું સરસ ચાલે છે." "તો તો તમને થાક ખૂબ લાગતો હશે." મેં ટકોર કરી. "જરા પણ નહીં ને! થાક કેવો?" નવરા પડવાનો જે થાક એમને વળગ્યો હતો તે નવો ધંધો શરૂ કરવાની મારી દરખાસ્તને અમલમાં મૂકવાથી ક્યાંય ઊડી ગયો હતો તે હું સ્પષ્ટ જોઈ શક્યો.

આવી જ રીતે થાકની ફરિયાદ કરતો એક હિસાબનીશ મારી પાસે આવ્યો. મેં તેને રોજિંદા કામ ઉપરાંત કોઈ શોખનો વિષય હાથ ધરવાનું સૂચવ્યું ત્યારે નિરાશાથી તેણે જવાબ આપ્યો, "મને તો ઘણી ઘણી બાબતોમાં રસ છે. વિવિધ ભાષાઓ શીખવી મને ખૂબ ગમે છે; રમતગમતનો પણ એટલો જ શોખ છે. પહોંચી ન શકું એટલા રસના વિષયો મારી પાસે છે, પણ સમય મળે ત્યારે ને?"

"વાહ! આટલો બધો શોખ હોય એ તો ઘણું કહેવાય! પણ એક વાત પૂછું? આમાંની એક પણ પ્રવૃત્તિ માટે સમય ફાજલ પાડવાનો તમે કદી પ્રયત્ન કર્યો છે ખરો?" તેણે કબૂલ કર્યું કે વિચારોના ઘોડા દોડાવવા સિવાય એક પણ પ્રવૃત્તિ માટે જરા જેટલી પણ તસ્દી તેણે લીધી નહોતી.

આજે અનેક લોકો પોતાની પ્રગતિ માટે ફાંફાં મારી શિક્ષણના વિવિધ વર્ગોમાં જોડાય છે, રમતગમતમાં ભાગ લે છે, વાચન-લેખનના ખાસ વર્ગો ભરે છે, સામૂહિક ચર્ચાવિચારણામાં દોરી જાય છે; પરંતુ ધારીએ તેટલું બધું સહેલું નથી હોતું. શીખનાર પોતે કંઈક નવું શીખી રહ્યો છે એમ ઘણીવાર જાતને મનાવતો હોય છે અને તેની પાછળની મહેનતને ટાળતો હોય છે. સરવાળે થાક આવીને ઊભો રહે છે.

જેના તરફ ખરી ધગશ ન જાગતી હોય એવી કોઈ પ્રવૃત્તિ પાછળ ન પડો. રમવા કરતાં ચાલવું ગમતું હોય તો એ કરો. કોઈ ભાષા શીખવાનો કંટાળો આવતો હોય કે સંગીત-ચિત્ર જેવી કલા પ્રત્યે આકર્ષણ જ ન જાગતું હોય તો તેની પાછળ ખોટી દોટ ન મૂકો. મન વગર કરાતા કામમાંથી કંટાળો અને થાક ઊપજે છે. બહેતર છે કે એવા વિષયોને ખોટી રીતે હાથમાં જ ન લો.

હવે આ વિષયની બીજી બાજુ તપાસીએ. મોટી પેઢી ચલાવતા મારી ઓળખાણના એક માણસની વાત કરું. તમને એમ થશે કે આટલી જવાબદારીવાળા માણસને ફુરસદ સરખી પણ નહિ મળતી હોય; પરંતુ પોતાનાં રોજિંદા કામ ઉપરાંત આ માણસ પોતાના વિષયને લગતાં પુસ્તકો નિયમિત વાંચે છે, તેમજ રમતગમત માટે પણ સમય કાઢે છે. થાક, બોજો કે કંટાળા જેવી વાત તેની પાસે સાંભળવા પણ મળતી નથી. પોતાના સમયની યોગ્ય રીતે ગોઠવણી કરી શોખના વિષયો પાછળ મહેનત કરવાની તેમ જ વધારાના કામને પહોંચી વળવાની તેની પાસે સહજ સૂઝ અને શકિત છે.

એકવાર કોઈ ફંડ ઉઘરાવવાના કામમાં તેને આગ્રહ ભાગ ભજવવાનું આવ્યું. વધારાની આ ફરજને સારી રીતે બજાવવા તેણે પેઢીનું કામ એટલા સમય પૂરતું બીજાને સોંપ્યું અને બંને કામ સારી રીતે થાય તેની યોગ્ય વ્યવસ્થા કરી. આખરે દિવસ પાસે મુકરર કલાકો છે. વધારાના કામ માટે વધુ સમય પેદા થઈ શકતો નથી. સમયની યોગ્ય માવજત કામ પ્રમાણે આપણે જ કરવાની રહે છે.

કહેવાનું એ કે આવા ઉત્સાહી લોકો હાથમાં લીધેલા કામમાં પોતાની જાત રેડી શકે છે. સમય સાથે તેઓ એટલી સરસ રીતે ગોઠવાઈ ગયા હોય છે કે હવે શું કરવું એ વિચાર કરવાનો તેમની પાસે ખાલી ગાળો જ હોતો નથી. તેમની પાસે વધુ શારીરિક શકિત હોય છે એવું નથી; પરંતુ સમય સાથે કામ પાડવાની તેઓ સ્વાભાવિક કુશળતા ધરાવતા હોય છે.

થાકની સતત ફરિયાદ તમને રહેતી હોય તો આટલું કરજો:

(૧) શારીરિક તપાસ દ્વારા સ્વાસ્થ્ય અંગેની તમને તકલીફ નથી તેની ખાતરી કરાવી લો.

(૨) સવારથી સાંજ સુધીના ગાળા પર દૃષ્ટિપાત કરી તમારો સમય તમે કેવી રીતે પસાર કરો છો તેનો વિચાર કરો. તમે જે કરવા ઈચ્છતા હો તેની નોંધ લો, પરંતુ એકસામટું બધું ન આદરો. કક્ષામાં તમને રસ નથી જાગતો એવું લાગે તો તેનાં કારણો શોધો. માનો કે તમને સંગીત ખૂબ ગમે છે, પરંતુ તેનું શાસ્ત્ર જાણના ન હોવાથી કંઈ કરી શકતા નથી ને સંકોચ અનુભવો છો. એક વાત ખાસ યાદ રાખો કે માણસ મરે ત્યાં સુધી કંઈ પણ શીખવા માટે વૃદ્ધ થતો નથી.

(૩) ઓછાંને પચાવી ન શકનાર તેનો ત્યાગ કરે એ ઈષ્ટ છે. પોતાની જાતમાં ખોટી રીતે અટવાઈ-ભરાઈને અનેક લોકો વિના-કારણે તંગદિલી ને થાક નોતરે છે.

(૪) તમારા કામકાજને એ રીતે ગોઠવો કે ભાવિ કાર્યક્રમ અંગે પણ તમે નિરાંતે વિચાર કરી શકો. આખો દિવસ એક જ પ્રકારનું કામ કરનાર લોકોએ સાંજના કંઈ ગમ્મત પડે તેવી પ્રવૃત્તિ ગોઠવવી જોઈએ. આપણને ગમતી બાબતની પ્રતીક્ષાનો પણ એક આનંદ હોય છે.

(૫) વધુ પડતો આરામ કરવાની વૃત્તિને હાંકી કાઢો. થાક અને કંટાળો દર્શાવી અનેક લોકો સમય પહેલાં સૂઈ જાય છે. શરીર નરમ હોય ત્યારે અલગ વાત છે; બાકી વધુ સૂઈ રહેવાથી થાક ચાલી જાય છે એ માન્યતા ભૂલભરેલી છે.

(૬) પોતાની જાતને જ પ્રાધાન્ય ન આપતાં બધામાં રસ લેતા શીખો. પ્રસન્ન તંદુરસ્ત જીવન જીવવાનાં આ બધાં પગથિયાં છે.

અનુ.: શારદાબેન બાબુભાઈ શાહ

મૂળ અંગ્રેજી : ડૉ. હૅરી જૉહનસન

# અમૃતત્વની સાધના

જન્મ-મરણની આ અનંત સૃષ્ટિમાં એવી કઈ સોનેરી વેળા હતી કે જ્યારે આપણા હૃદયાકાશમાં- 'યેનાહં નામૃતા સ્યાં કિમહિ તેન કુર્યા– જેનાથી હું અમૃત્વ ન પામી શકું તેને હું શું કરું?' એવી અપૂર્વ અભિલાષા ઉદય પામી, અને તે ઉત્કટ સાધના દ્વારા આપણે તેને પ્રાપ્ત કરીને કોણ જાણે, કેટલાય જુગથી જીવન જીવતા ચાલ્યા જઈએ છીએ, એ પ્રશ્નનો ઉત્તર આજનો માનવ-પ્રાપ્ત ઈતિહાસ પણ આપી શકે તેમ નથી. અલબત્ત, વેદ આપણા સૌથી પ્રાચીન ગ્રન્થો છે, તેમાં અમરપુત્ર તરીકે આપણો ઉલ્લેખ છે, એટલે એ સમયે આપણી સાધના સિદ્ધ થઈ ચૂકી હતી, તપસ્યાનું વરદાન પણ પામી ચૂકયા હતા યાજ્ઞવલ્કય- મૈત્રેયી-સંવાદમાં, અમરત્વની પ્રાપ્તિ માટે સાધનારૂપે ભૌતિક સુખોના ત્યાગનો ધ્વનિ સ્પષ્ટ છે, જેનું કેન્દ્રબિંદુ ઉપરોકત મંત્ર છે.

આપણે ભૌતિક જીવનની ઉન્નતિના શિખરે પહોંચીને પણ તેને સર્વોપરી માનીને આપણું જીવન તે માટે જ છે એમ માન્યું નહીં. આપણે સ્પષ્ટ જોયું કે, મનુષ્યજીવન માટે આ પશુજીવનથી પણ ઉચ્ચ એવો એક મહાન ઉદ્દેશ છે, જે ઉદ્દેશ આ ભૌતિક જીવનના ઉચ્ચતમ સ્તરને પાર કર્યા વિના પામી શકાતો નથી. ભૌતિક-નશ્વર જીવનના આધારે ભલે મનુષ્ય ગમે તેટલો ઉન્નત હોય, છતાં સર્વદા જીવિત રહેવાની અભિલાષા તો મૂર્ખના સ્વપ્ન-પ્રદેશ જેવી નિરર્થક છે. આ પરમ સ્વાભાવિક તત્ત્વને જાણીને આપણે ભૌતિક ઉત્કર્ષને સર્વસ્વ ન ગણ્યું, કે તેમાં લિપ્ત ન થયા. આપણું લક્ષ્ય તો તેનાથી પણ ઉચ્ચ અને ભવ્ય હતું. એથી કોઈ પણ પ્રલોભન આપણને ડગાવી શકયું નહિ. આપણે એ તમામ પ્રલોભનો અને વિઘ્નોને પદલિત કરતાં, ક્ચરતાં, શ્રદ્ધાભર્યા હૃદયમાં એ જ મંત્રને ધારણ કરતાં આપણા પંથ પર આગળ વધતા ગયા અને કૃતકૃત્ય થયા.

આપણી આ સાધનાનું ફળ એવું કયું અમૃત છે કે જેને પ્રાપ્ત કરી આપણે અનંત કાળથી જીવિત છીએ?-તે છે આપણો અભિજાત ધર્મ, સંસારનો એકમાત્ર માનવધર્મ - જે વિશ્વમાનવને બધા સંઘર્ષોથી બચાવી અમૃતજીવન પ્રાપ્ત કરાવવાની ક્ષમતા ધરાવે છે. આપણા પૂર્વજોએ સંસારની સમસ્ત વિવિધતાઓથી સભર, આ વિશાળ દેશના અનેક નિવાસીઓની ચિત્રવિચિત્ર રુચિ, પ્રકૃતિ અને બુદ્ધિને કારણે વિવિધ ભાવોથી યુકત, જીવનનાં સમસ્ત અંગોનું સૂક્ષ્મ અધ્યયન કરી જેને જન્મ આપ્યો–તે આજે સારાયે વિશ્વમાં હિન્દુ ધર્મને નામે વિખ્યાત છે. આજે પાશ્ચાત્ય દેશોમાં પણ, જ્યાં ધર્મ પ્રત્યે વિદ્રોહી વાતાવરણ છે, ત્યાં આ મહાન તત્ત્વોએ ભલભલા ચિંતકોનું ધ્યાન પોતા ભણી આકર્ષિત કર્યું છે.

પ્રશ્ન થાય છે કે માનવજીવન માટે તેમાં આટલું બધું આકર્ષણ કેમ છે? કારણ દીવા જેવું છે. આપણા આર્ષદ્રષ્ટા ઋષિ-મહર્ષિઓએ આ ધર્મનાં આધારભૂત શાસ્ત્રોનું નિર્માણ કંઈ સર્વસાધારણનાં મંતવ્યો પર નહોતું કર્યું, પરંતુ જીવનનાં મૂળભૂત તત્ત્વોનો ગહન વિચાર અને સૂક્ષ્મ દર્શન કરીને તે સંકલિત કર્યું હતું. એ કારણે જ એનું નામ 'દર્શન' પડયું છે. માનવજીવનના સમસ્ત કાર્યકલાપ તેની અંતઃપ્રકૃતિની ત્રિવિધ ચેતનાના પરિણામરૂપે થાય છે. કર્મ કરવું, જ્ઞાન મેળવવું અને ભકિત પર પ્રેમભાવના જગાડવી એ તેના ત્રણે માર્ગો છે. આ ત્રિપથગાને નિર્મળ અને શુદ્ધ રાખવાના ઉદ્દેશથી સનાતન વેદોને ત્રણ ભાગમાં વિભકત કરી ઋષિઓએ પોતાના અપૂર્વ આધ્યાત્મિક જ્ઞાનૈશ્વર્યનો પરિચય આપ્યો છે. માનવની અંતઃપ્રકૃતિની ત્રણેય પ્રવૃત્તિ સાથે સંબંધિત વેદોને કર્મ, જ્ઞાન અને ઉપાસનાના ત્રણ કાંડો હિન્દુધર્મના આધારભૂત છે. આ ઉદાર

ધર્મ સાધનાના પ્રકારનો આગ્રહ કરતો નથી. એટલે કોઈ ખાસ વિધિનું પાલન અથવા કોઈ નિશ્ચિત બૌદ્ધિક વિશ્વાસ સુધી સીમિત નથી પણ જીવનવ્યાપ્ત અનુભૂતિ છે. માનવજીવનના દૃઢ પાયા પર સ્થિત હોવાથી તે- 'વિશ્વતો મુખમ્' છે. દેશકાળ અબાધિત સંસારના પ્રત્યેક ભાગના નિવાસીઓનાં હૃદય, આત્મા અને મસ્તકને સર્વ સ્થિતિમાં સંપૂર્ણ સંતોષ આપવાની ક્ષમતા તે ધરાવે છે. અહીં એક વાત સ્પષ્ટ કરી દઉં કે સનાતન ધર્મ કોઈ સંપ્રદાય નથી, પણ અનેક સંપ્રદાયોનો જનક-પિતા છે; અને તે પિતાની જેમ પોતામાંથી આવિર્ભાવ પામેલા તમામ સંપ્રદાયોને સમાન ભાવે પરિપોષે છે, કે જે સંપ્રદાયો કોઈ ખાસ સમયની જરૂરિયાતોની પૂર્તિ માટે, તથા ભિન્ન ભિન્ન રુચિ, પ્રકૃતિ અને બુદ્ધિ સાથે અનુકૂળ સાધન-ધારાઓરૂપે આમાંથી જીવન પામીને પ્રવાહિત થયા છે.

માનવજીવનની કર્મ, જ્ઞાન તથા ભાવરૂપી ત્રિધારા સૂતાં-જાગતાં અવિરત પ્રવાહિત થતી રહે છે. સનાતન ધર્મ સત્કર્મ અને અસત્કર્મનું વિવેચન કરી તેનું પૃથક્કરણ કરે છે, સત્યજ્ઞાન અને મિથ્યાજ્ઞાનનો અનુભવ કરાવે છે અને સ્પર્શ જ્યારે મનુષ્યબુદ્ધિની અજ્ઞતાથી પરાભૂત થાય છે ત્યારે એના આત્માને સ્પર્શ કરી પવિત્ર અને કુત્સિત પ્રેમની વિષયતાનો અનુભવ કરાવે છે. પરિણામે માનવ-જીવનની પ્રત્યેક સ્થિતિમાં શું ગ્રહણ કરવું અને શું ત્યાગવું તે સમ-જાવે છે. એક જ વાકયમાં કહીએ તો, આ મહાન ધર્મનું આત્મ-તત્ત્વ તો કેવળ માનવજીવનની કર્મવૃત્તિઓ, જ્ઞાનવૃત્તિઓ અને ભાવવૃત્તિઓને સુનિયંત્રિત કરી તેને અમૃત જીવનમાં લીન કરે છે. આ યોગ્યતાના બળે જ વેદોએ સપ્તસાગરથી આવૃત્ત આ વિશાળ ભૂમંડળના સર્વ પુત્રોને-જેમાં આદિવાસી, અનેક અર્ધ-સભ્ય અને અસભ્ય જાતિઓ તેમ જ સુસંસ્કૃત દ્રાવિડ અને વૈદિક ધર્મ પણ સમ્મિલિત છે. એ બધાને એકસૂત્રે બાંધીને આર્યના નામથી એક જ માતાના પુત્રરૂપે સિદ્ધ કરી જગત સામે પોતાનું સર્વ-ગ્રાહી રૂપ પ્રગટ કર્યું. આ તત્ત્વની ઝાંખી પામતા એક પાશ્ચાત્ય ઈતિહાસકાર નિસેન્ટ સ્મિથે પોતાના પુસ્તક 'ઑક્સફર્ડ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા'માં લખ્યું છે કે, "આજે જ્યારે સમસ્ત જગત જાતિય, સાંસ્કૃતિક અને ધાર્મિક ભ્રાંતિઓથી ભરપૂર છે, એવા સમયે આપ-ણને આત્મઘાતી સંઘર્ષમાંથી સનાતન ધર્મ જ બચાવી શકશે." આ સત્યને આપણે તેના સ્વરૂપમાં ઓળખીએ: "ભારતવર્ષમાં સ્ત્રી-પુરુષો ભિન્ન ભિન્ન વર્ણનાં વસે છે અને ભિન્ન ભિન્ન દેવોની પૂજા કરતા વિવિધ કર્મ કરે છે. આ ઉપરથી સનાતન ધર્મની પ્રતિષ્ઠા કરી, જેના તેજોમય સ્વરૂપમાં બધાં વિરોધી તત્ત્વો સમાઈ ગયાં અને પોતાના આ મહાન કાર્યમાં કૃતકૃત્ય થયા પછી આપણા પૂર્વજોએ ઘોષણા કરી કે- 'तं वर्ष भारते नाम भारतीय संतति : જ્યાં ભારતીય સંતતિ છે તે દેશ ભારત' એ ઘોષણાને સેતુબંધ રામેશ્વરથી હિમાલય સુધીના બધા ભારતનિવાસીઓએ પોતાના ગૌરવ તરીકે સ્વીકારી એની વિરુદ્ધ કોઈએ વિરોધ કર્યો નહિ, કારણ કે એ એક શકિતશાળી સમાજની ધીરગંભીર ઉદ્‌ઘોષણા હતી, દુર્બળ કંઠનો અવાજ નહોતો. આવા મહાન ધર્મના કેન્દ્ર ઉપર ભારત-માતાના પુત્રોએ પોતાના જીવનનાં બધાં પાસાંઓને સુનિયંત્રિત કરી સૈકડો નહિ પણ હજારો વર્ષ સુધી અતિસન્માનપૂર્ણ અને તેજોમય જીવન વિતાવ્યું અને લગભગ હજાર વર્ષથી પરદેશીઓ દ્વારા અકાંત થવા છતાં, પરાજય પર પરાજયની પછાટો ખાવા છતાં પણ ઉન્નત મસ્તકે ઊભાં છે. આતતાયીઓ સામે આપણે કદી પણ ઝૂકયા નથી. આ મહાન ધર્મ દ્વારા માત્ર ભારતમાં જ અસંગત તત્ત્વોનું સમીકરણ નથી થયું પણ સમયે સમયે શક, હૂણ, તથા કુશાન વગેરે જે જાતિઓ અહીં આક્રમણ કરીને આવી તે દરેકને આપણે અપનાવી લીધી છે.

હા, આજ આ કડવું સત્ય પણ કેમ ભુલાય કે સૈકાઓથી પરદેશી શાસનને લઈ આપણે ઘણા નિર્બળ અને દરિદ્ર બની ગયા છીએ. આપણી આકૃતિ, આપણું શરીર, મલિન અને જીર્ણશીર્ણ થઈ ગયાં છે. બાહ્ય સ્વરૂપમાં અનેક વિકૃતિઓ આવી છે છતાં આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ તેમ છીએ કે, જો આપણે પોતે આપણા જીવનમાંથી આ અમૃત્વ ધર્મને ભૂલીશું નહીં, મતલબ કે આત્મઘાત કરીશું નહીં, તો આપણા અસ્તિત્વને કોઈ મિટાવી શકશે નહીં. અંગ-વિચ્છેદ ભૌતિક શરીરને અસર કરી શકશે, પણ આપણું જીવન તો એથીય પર છે-'अयं नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे-દેહ હણાતાં આત્મા હણાતો નથી, કારણ કે તે અજન્મા, નિત્ય, શાશ્વત અને અનાદિ છે'. શ્રદ્ધા રાખજો કે, આ આપણી આત્મશ્રદ્ધા નથી, અટલ સત્ય છે. જ્યારે જગતની કોઈ પણ પ્રજા ભૌતિક ઉત્કર્ષની મર્યાદા ઓળખી લઈ અમરત્વની પ્રાપ્તિ માટે વ્યાકુળ બનશે ત્યારે આપણી પાસેથી દીક્ષા ગ્રહણ કરશે.

**અનવર આગેવાન**

# * ઈશ્વર અને બર્ટ્રાન્ડ રસેલ *

ન્યુયોર્ક શહેરની સિટી કૉલેજમાં બર્ટ્રાન્ડ રસેલ પ્રાધ્યાપક હતા. ત્યારે તેમણે ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા ઉઠાવી એટલે તેમને કૉલે-જના સંચાલકોએ શિક્ષક તરીકે 'અનફિટ' જાહેર કર્યા હતા અને કૉલેજમાંથી છૂટા કર્યા હતા. ઈશ્વર વિશે શંકા ઉઠાવનારા બર્ટ્રાન્ડ રસેલના લેખો જેમાં આવે તે મેગેઝિનોનો પણ ઘણા લોકો બહિષ્કાર કરતા હતા. પરંતુ તે પછી ઘણાં વર્ષે અમેરિકાના 'લૂક' (Look) નામના મેગેઝિનના પ્રતિનિધિ કાર્લી ઓ રોસ્ટને બર્ટ્રાન્ડ રસેલની મુલાકાત લીધી.

રસેલ નાસ્તિક નહોતા. પોતાને તે 'એગ્નોસ્ટિક' (Agnostic) તરીકે ઓળખાવતા હતા. 'લૂક' મેગેઝિનને એગ્નોસ્ટિસિઝમ વિશે વાચકોના મનમાં સ્પષ્ટતા કરવી હતી. અંગ્રેજીમાં એગ્નોસ્ટિકનો શબ્દકોશનો અર્થ આમ થાય છે:

"Agnostic is one who holds that nothing is known or likely to be known of the existence of a God or of anything beyond material phenomena'. એગ્નોસ્ટિક એ શબ્દ ગ્રીક ભાષાના agnostos (theos) ઉપરથી આવ્યો છે. એગ્નોસ્ટોસ એટલે અજ્ઞાત. આ શબ્દ થોડો સંસ્કૃ-તને પણ મળતો આવે છે. પણ એગ્નોસ્ટિક એટલે નાસ્તિક નહિ. રસેલ એક એગ્નોસ્ટિક તરીકે એટલું માનતા કે ઈશ્વરના અસ્તિત્વ વિશે હજી સુધી જગત અજ્ઞાત છે અને બનતા સુધી જગત અજ્ઞાત રહેશે. ભૌતિક ઘટનાને અતિક્રમીને તેનાથી આગળ કંઈ જાણવાનું અશકય છે તેમ રસેલને લાગતું હતું.

રસેલને નાનપણથી જ ટેવ હતી કે તેને કોઈ વસ્તુ પ્રતિપાદિત કરવામાં ન આવે ત્યાં સુધી તે કોઈ વાતને માનતા નહિ. એમનો આ અભિગમ ઈશ્વરના અસ્તિત્વની શંકા ઉઠાવવા સુધી પહોંચી ગયો.

એમ છતાંય પોતે નાસ્તિક નથી તો પછી ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા કેમ ઉઠાવે છે તેની સ્પષ્ટતા કરવા 'લૂક' મેગેઝિનના પ્રતિ-નિધિ કાર્લી રોસ્ટને તેમને કેટલાક પ્રશ્નો પૂછયા. એ પ્રશ્નો અને જવાબો અહીં આકારશ: ટાંકવામાં આવ્યા છે:

**રોસ્ટેન**: તમે નાસ્તિક (એથેઇસ્ટ) છો કે અનિશ્વરવાદી (એગ્નો-સ્ટિક) છો?

**રસેલ**: ચાલબત્તા, હું એગ્નોસ્ટિક છું. નાસ્તિક લોકો તો ખ્રિસ્તી-ધર્મીઓ જેવા છે. એટલે આ નાસ્તિકો અને ખ્રિસ્તીઓ બન્ને એમ માને છે કે ઈશ્વર છે કે નહિ તે વાત તેઓ જાણે છે. ખ્રિસ્તીઓ દાવો કરે છે કે ઈશ્વરનું અસ્તિત્વ છે.

નાસ્તિકો કહે છે કે ઈશ્વર નથી. ત્યારે એગ્નોસ્ટિક માત્ર એટલું જાણે છે કે કોઈ સુપ્રીમ-બીઈંગ અથવા દિવ્ય શક્તિનું અસ્તિત્વ છે તેની હા કે ના પાડવા જેટલા પુરાવાઓ તેની પાસે નથી. એટલે હું માનું છું કે ઈશ્વરનું અસ્તિત્વ એ બહુ અશક્ય વાત ન હોય છતાં ઈશ્વરનું અસ્તિત્વ અસંભાવ્ય છે. ખરેખર અસંભવિત છે.

**રોસ્ટેન :** તો પછી તમે આ પ્રકૃતિનાં સૌંદર્ય અને સમતુલાનો કઈ રીતે ખુલાસો કરશો?

**રસેલ :** એક કાદવના જંતુમાં હું બહુ સૌંદર્ય જોઈ શકતો નથી. 'સુંદર' પ્રકૃતિનાં ઘણાં પ્રાણીઓ ઘાતકી છે અને દયા વગર એકબીજા ઉપર હુમલો કરે છે. તમારા સમરાગી સ્વર્ગના તારાઓ ધડાકા સાથે તૂટી પડે છે અને તેમની આસપાસનાં તત્ત્વોનો નાશ કરે છે. ખરેખર સૌંદર્ય એ તો વ્યક્તિગત વાત છે. સૌંદર્ય તમારી દૃષ્ટિમાં રહેલું છે...તમે બીજો પ્રશ્ન પૂછો.

**રોસ્ટેન :** માનો કે ઈશ્વર છે. એક સર્વોપરી શક્તિ છે. તો પછી તમે ઈશ્વરથી કે તેના ચુકાદાથી ડરો ખરા કે?

**રસેલ :** જો ખરેખર કોઈ સર્વોપરી શક્તિ હોય– જો કે મને તો તેમાં સંશય છે–અને માનો કે તેવી શક્તિ હોય તો મારા સંશયશીલ સ્વભાવથી તે નારાજ થાય તેવો દંભી સ્વભાવ તેનો ન જ હોય. હવે આ પ્રકારનો મારો મત તમે અમેરિકન મેગેઝિનમાં છાપશો? અમેરિકન લોકો તો ઈશ્વરથી બહુ ડરે છે.(અને ઈશ્વર નારાજ થાય તેવાં જ કામો કરે છે.)

**રોસ્ટેન :** હું ખાતરી આપું છું કે ઈશ્વર વિશેનાં તમારાં કોઈ પણ મંતવ્યો અમે છાપીશું જ.

**રસેલ :** તો પછી તમે વધુ પ્રશ્નો પૂછો.

**રોસ્ટેન :** માનવીને આત્મા છે તે વાતને પણ તમે સ્વીકારતા નથી?

**રસેલ :** આત્મા એટલે તમે શું કહેવા માગો છો? ચોક્કસ કે અરપષ્ટ સવાલનો ચોક્કસ કે સ્પષ્ટ ઉત્તર તમે મેળવી ન શકો.

**રોસ્ટેન :** મને શંકા છે કે જ્યારે સામાન્ય માનવી જે આત્મા વિષે વાત કરે છે તે આત્મા વિષે તમે ન કહી શકો તે માન્યામાં આવે તેવી વાત નથી.

**રસેલ :** હં... હું માનું છું કે કોઈ બિનભૌતિક સત્ત્વને માટે આત્મા શબ્દ વપરાય છે. માનવીના ભૌતિક શરીર સાથે કામચલાઉ રીતે સંકળાયેલી આ ચીજને લોકો આત્મા કહે છે. જે લોકો અમરત્વમાં માને છે તેઓ એમ કહે છે કે શરીરને છોડયા પછી પણ આત્મા એક યા બીજા સ્વરૂપે ભવિષ્યમાં અનંતકાળ સુધી પ્રગટ થાય છે. જો કે હું આવું કંઈ માનતો નથી. પણ તેથી તમે નહિ માનતા કે હું ભૌતિકવાદી (મટીરિયાલિસ્ટ) છું. હું શરીરની વાસ્તવિકતા વિષે જેટલો સંશયી છું એટલો જ...

**રોસ્ટેન :** તો પછી તમે મન અને પદાર્થ વચ્ચેનો કોઈ ભેદ પરખાવી શકો છો?

**રસેલ :** અરે ભાઈ, તમારો એ પ્રશ્ન તો આપણને આધિભૌતિકવાદની ઉપાધિમાં ઘસડી જાય તેવો છે. મારી દૃષ્ટિએ 'મન' અને 'પદાર્થ' (માઈન્ડ એન્ડ મેટર) એ બન્ને પ્રતીક માત્ર છે અને તે ફિલસૂફીની માથાફોડ કરતી વખતે શબ્દોરૂપે વપરાય છે.

**રોસ્ટેન :** તમે માનો છો કે પદાર્થનું અસ્તિત્વ છે?

**રસેલ :** મન કે પદાર્થના 'અસ્તિત્વ' વિષે શંકા ઉઠાવવાનાં ઘણાં જ કારણો છે.

**રોસ્ટેન :** તો તેનો અર્થ એમ થયો કે ભવિષ્ય અથવા તો પુનર્જન્મ વિષે તમે માનતા નથી. મરણ પછી કાંઈ જ નથી તેમ જ તમે માનો છો?

**રસેલ :** મને ચોટ કરી જાય તેવો મરણોત્તર સ્થિતિનો કોઈ પુરાવો મળ્યો નથી. અધ્યાત્મવાદીઓ, ગુઢતત્ત્વવાદીઓ, સંશોધકો વગેરે ઘણાં ફાંફાં મારીને આ વાત પુરવાર કરવા મથ્યા છે, પણ મને કાંઈ તથ્ય મળ્યું નથી. જો કે હું પુરાવા મળે તો વાત માનવા તૈયાર છું. કોઈ પ્રતિભાસંપન્ન વ્યક્તિ તરફથી માન્યામાં આવે તેવી 'ડેટા' પૂરી પાડવામાં આવે તો હું કાળજીપૂર્વક મરણોત્તર સ્થિતિ અંગેનો અભ્યાસ કરું. (જો કે રસેલના ધ્વનિનો વળાંક કહેતો હતો કે આવી કોઈ 'ડેટા' તેમની પાસે કોઈ રજૂ કરી શકે તેમ નથી તેવો તેને દૃઢ વિશ્વાસ છે.)

મિ. રોસ્ટેન, તમને ખબર છે? એગ્નોસ્ટિસિઝમની ઘણા લોકોને ગતાગમ નથી. ઘણા તે શબ્દથી મૂંઝાઈ જાય છે.

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે એક શાંતિચાહક તરીકે મેં યુદ્ધ-વિરોધી દેખાવો કર્યા ત્યારે મને જેલમાં પૂરવામાં આવ્યો.. ત્યાં વોર્ડરે મને પૂછયું, "તમારો ધર્મ કયો છે?"

મેં કહ્યું, 'એગ્નોસ્ટિક.' ત્યારે તે બાઘાની જેમ જોઈ રહ્યો અને પછી એ બુઢ્ઢો વોર્ડર બબડયો "હા, સાહેબ, ઘણી જાતના ધર્મો છે, એમ એગ્નોસ્ટિક એ પણ એક ધર્મ હશે. અંતે તો તમામ ધર્મો ઈશ્વર તરફ જ લઈ જવાના રસ્તા છે ને? અને એ બધા ધર્મો એક જ ઈશ્વરને ભજે છે ને?"

(આમ કહીને રસેલ હસ્યા.)

**રોસ્ટેન:** કેટલાક ધર્માત્માઓ ચમત્કારો કરે છે તે વિષે તમે શું માનો છો?

**રસેલ :** માય ડિયર બોય, શ્રદ્ધાને કારણે ખરેખર ચમત્કાર થાય. તેનાથી રોગો પણ સારા થાય. કેટલાક લોકોના રોગ સારા થાય પણ તેનાથી કોઈ 'ચમત્કારિક' વાત પુરવાર થતી નથી.

**રોસ્ટેન :** એક એગ્નોસ્ટિકને મન જીવનનો શો અર્થ છે?

**રસેલ :** "જીવનના અર્થ"નો તમે શું અર્થ કરો છો? (રસેલે સામો પ્રશ્ન પૂછયો) હું નથી માનતો કે જીવનને વળી કોઈ અર્થ હોય. એ તો માત્ર ઘટના છે. સ્ત્રી અને પુરુષોને પોતપોતાનાં લક્ષ્ય અને હેતુ હોય છે, નવી નવી ઉમેદો હોય છે. એગ્નોસ્ટિસિઝમમાં એવું કાંઈ નથી કે તેમાં માનનારે પોતાની ઉમેદો કે મહત્ત્વાકાંક્ષાઓનો ત્યાગ કરવો પડે.

**રોસ્ટેન :** આપને છેલ્લો પ્રશ્ન પૂછું છું. ધારો કે આ ફાની દુનિયા છોડીને તમે સ્વર્ગમાં ગયા અને ઈશ્વર સામે ઊભા રહ્યા. તો તમે શું વિચારશો?

**રસેલ :** હું એમ માનીશ કે મને સ્વપ્ન આવ્યું છે (!)

**રોસ્ટેન :** પણ માનો કે એ સ્વપ્ન નથી. એમ માની જ લો કે તમે ઈશ્વર સામે ખડા છો. તો તમે તેને શું કહેશો?

**રસેલ :** તો કદાચ હું ઈશ્વરને કહીશ, "અરે સાહેબ, તમે મને તમારા અસ્તિત્વ વિષે કેમ જરા વધુ સારા પુરાવા ન આપ્યા!"

**કાંતિ ભટ્ટ**

("સેટરડે રિવ્યુ"માંના શ્રી લીઓ રોસ્ટેનના લેખના આધારે)

## આપણું મન, આપણું ઘર

વાર્તા છે કે જ્યારે હઝરત મોહમ્મદ સ્વર્ગ જોવા માટે ગયા, તો ત્યાં તેમને થોડી ઊંચાઈ પર બનેલા કેટલાક મોટા મોટા મહેલ દેખાયા. તેમની સુંદરતા સામે આખા સ્વર્ગની સુંદરતા ઝાંખી પડી જતી હતી. મોહમ્મદે તેમને સ્વર્ગ દેખાડતા દેવદૂતને પૂછયું: "આય જિબ્રાઈલ, આ મહેલ કયા લોકો માટે બનાવવામાં આવ્યા છે?" જિબ્રાઈલે જવાબ આપ્યો: "જે લોકો પોતાના ક્રોધને કાબૂમાં રાખે છે અને પોતાનું અપમાન કરનારને પણ ક્ષમા આપવાનું જાણે છે, તેવા લોકો માટે."

સાચે જ શાંત અને દ્વેષરહિત મન એક ભવ્ય મહેલ છે, જ્યારે આવેશ અને હિંસાથી પૂર્ણ મન વિશે એવું ન કહી શકાય. આપણું મન આપણું ઘર છે. આપણે ઈચ્છીએ તો તેને સૂરીલા લયબદ્ધ સંગીતથી ભરેલું, સ્વચ્છ, શાંત, સુંદર મહેલસમું બનાવી શકીએ છીએ. અથવા તેને કટુ શબ્દો અને કર્કશ ચીસોથી ભરેલી અંધારી ભયાનક ગુફા પણ બનાવી શકીએ છીએ. **શ્રી માતાજી**

# સત્યની પ્રતીતિના બે રૂપ

**[ઉપાધ્યાય કવિ અમર મુનિ, વિદ્વાન નિર્ભીક ચિન્તક છે. શાસ્ત્રોને નામે લોકોને ભ્રમમાં નાખવામાં આવે છે ત્યારે શાસ્ત્રોની મર્યાદા બનાવવાને લગતો તેમનો આ લેખ મનનીય છે. – તંત્રી]**

સત્યની પ્રતિતિના બે રૂપ છે. એક છે શ્રુત અને બીજું છે દૃષ્ટ. શ્રુતનો અર્થ છે – સાંભળેલું. કોઈ ગુરુ મારફત શાસ્ત્રવચનો દ્વારા સત્યની જે ઉપલબ્ધિ થાય છે એ શ્રુત સત્ય છે, એને પરોક્ષ સત્ય પણ કહેવામાં આવે છે. આ પ્રકારનું સત્ય, સત્યનો સંકેત માત્ર છે. શબ્દોના માધ્યમદ્વારા વસ્તુસ્થિતિનો એક ધુંધળો અર્થ કરી લઈએ છીએ, એનો સ્પષ્ટ સાક્ષાત્કાર નહિ, અને જ્યાં સુધી સત્યનો સ્પષ્ટ સાક્ષાત્કાર, જેને દર્શનની ભાષામાં દૃષ્ટ એટલે અનુભૂત સત્ય કહેવામાં આવે છે, એ ન થાય ત્યાં સુધી સત્યનો યથાર્થ બોધ એની નિશ્ચિત મંજીલ સુધી પહોંચી શકતો નથી. સત્યના યથાર્થ બોધની જિજ્ઞાસા શ્રુત સત્યથી શાન્ત નથી થતી, એ તો સ્વયં દ્વારા સાક્ષાત દૃષ્ટ અને અનુભૂત સત્યથી જ થાય છે

* * *

બાહ્યજગતની અપેક્ષાએ અન્તર્જગતનો તત્ત્વબોધ તો શબ્દોની જાળમાં વિશેષ ગૂંચવાઈ જાય છે. અંદરનું જગત એટલું બધું સુક્ષ્મ, રહસ્યમય છે કે ત્યાં તો શબ્દની સ્થિતિ તો શું, ગતિ પણ નથી હોતી. વૈદિક મહર્ષિ એ સંબંધમાં કહે છે – 'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'. અર્થાત્ ત્યાંથી મન અને વાણી કંઈ મેળવ્યા વિના, જરાય જાણકારી પ્રાપ્ત કર્યા વિના, નિષ્ફળ થઈને જ પાછાં આવે છે. તીર્થંકર મહાવીરે પણ કહ્યું હતું–'સવ્વે સરા નિયટ્ટંતિ'– ત્યાંથી સઘળા સ્વર પાછા આવે છે. 'તક્કા તત્થ ન વિજ્જઈ'-ત્યાં તર્ક પણ પહોંચી શકતો નથી. 'ઉવમાણુ વિજ્જઇ' - એને માટે કોઈ ઉપમા પણ નથી. 'ઉરુવી સત્તા' - એ એક અરૂપ સત્તા છે. 'આપયસ્સ પયંણુત્થિ' આપદનું કોઈ પદ નથી હોતું, દશ્યચિન્હ નથી હોતું. આ કથનથી સ્પષ્ટ થાય છે કે એ અનિર્વચનીય પરમતત્ત્વરૂપ પરમ ચૈતન્યના દ્વાર ખોલવા માટે શબ્દોના ધક્કા કેટલા દુર્બળ છે, અર્થહીન છે.

મહાવીરનું દર્શન એવું છે કે જ્યાં સુધી શ્રુત જ્ઞાન છે, અને એ શાબ્દિક શ્રુત જ્ઞાનના આધારે ચર્ચા થાય છે ત્યાં સુધી કૈવલ્ય રૂપ પૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. આ સિદ્ધાંત ઘણો અદભુત છે; સત્ય સંબંધે સાંભળ્યું તો ઘણું હોય છે પણ સાંભળવાથી માધુર્યાનુભૂતિ કોને થઈ છે? માધુર્યાનુભૂતિ એટલે આનંદાનુભૂતિ. કૈવલ્ય માટે શ્રુતથી આગળ દૃષ્ટની યાત્રા કરવી પડશે. પરોક્ષમાંથી પ્રત્યક્ષમાં ઉતરવું પડશે. શબ્દના જંગલને પાર કરવું પડશે, તો સત્યની નગરી સુધી પહોંચી શકાશે. એટલા માટે જ આચાર્ય શંકરે કહ્યું હતું - 'શબ્દજાલં મહારણ્યં, ચિત્ત - ભ્રમણ કારણમ્'-ચિત્તને ભ્રાન્ત બનાવીને અહીં તહીં ભટકવાવાળી શબ્દજાળ ભયાનક જંગલ છે. વસ્તુતઃ આવશ્યકતાથી વધારે પ્રમાણમાં રહેતી શાસ્ત્રવાસના સત્યનો યથાર્થ પરિબોધ થવા દેતી નથી. શાસ્ત્રપ્રતિબદ્ધતા મત, પંથ કે સંપ્રદાય આદિદ્વારા આરોપિત સત્યોનો બોધ કરાવી શકે છે, પરન્તુ મત - પંથોથી પર મૂળ સત્યનો પરિબોધ કરાવી શકતી નથી. કૈવલ્યરૂપ પ્રત્યક્ષ બોધ શ્રુત પરોક્ષજ્ઞાનથી એટલું દૂર છે કે એટલી દૂરતાને જાણવા માટે સ્વયં શાસ્ત્રોને પણ અનન્તતા સિવાય બીજો કોઈ શબ્દ મળ્યો નહિ. આ પરથી પરોક્ષ અને પ્રત્યક્ષમાં કેટલું અંતર છે એ સમજી શકાય છે. મહાવીરના દર્શનમાં પ્રત્યક્ષ સ્વ-સાપેક્ષ છે અને પરોક્ષ પરસાપેક્ષ. સ્વ-સાપેક્ષનો અર્થ છે – 'મન અને ઈન્દ્રિય આદિ બાહ્ય સાધનોથી નિરપેક્ષ સર્વથા સ્વતંત્ર સ્વ-સંવેદન.' મહાવીરનું મહાભિનિષ્ક્રમણ આ જ પરનિરપેક્ષ સ્વ-સંવેદન માટે હતું. સાડાબાર વર્ષની સુદીર્ઘ સાધનાના ફળસ્વરૂપ તેઓ પરોક્ષ શ્રુતની નિમ્નસ્તરીય સીમાથી આગળ વધીને સર્વાત્મના પ્રત્યક્ષ સ્વ-સંવેદનની, કૈવલ્યની સર્વોચ્ચ ભૂમિકા પર પહોંચ્યા, જ્યાંથી જિન બન્યા 'જીન' થવાનો આ જ એક માર્ગ છે જેના પર મહાવીર ચાલ્યા હતા.

આજે ધર્મના નામે ચાલી રહેલા સંપ્રદાયોમાં જે દ્વંદ્વ છે, સંઘર્ષ છે, આનું એક માત્ર કારણ ભદ્ર લોકોને શાસ્ત્રોના નામ પર મૂર્ખ બનાવવામાં આવે છે. વેદોના નામે પ્રાચીન કાળથી બ્રાહ્મણ પરંપરા લોકોના મનમાં ભ્રાંતિ ઊભી કરે છે અને આગમોના નામે શ્રમણ - પરંપરા પણ એમજ કરે છે. જે ગુરુને જે કંઈ મનમાં આવે એને સિદ્ધ કરવા માટે શાસ્ત્રોની દુહાઈ આપવામાં આવે છે, એ જ શાસ્ત્ર છે, એમાં મૂર્તિપૂજાનું વિધાન પણ છે, નિષેધ પણ છે, સ્ત્રી જાતિનું અપમાન પણ છે, સંમાન પણ છે. બે શ્રાવણ હોવાથી બીજા શ્રાવણનું પર્યુષણ પર્વ પણ છે, બીજા ભાદરવાનું પણ છે. ઉદય કાલની પંચમી આદિ પર્વતિથિ પણ છે અને અસ્ત કાલ પણ છે. કોઈ દીનહીનની ધનાદિથી સેવા કરવામાં પુણ્ય પણ છે અને આ સેવામાં પાપ પણ છે. કોઈ મરતા પ્રાણીની રક્ષામાં પુણ્ય પણ છે, ધર્મ છે અને આ જ રક્ષામાં પાપ તથા અધર્મ પણ છે. એક સંપ્રદાયની દૃષ્ટિએ આપણો અમુક ક્રિયાકાંડ શાસ્ત્ર અનુસાર શ્રેષ્ઠ છે, વિહિત છે. તો એ જ ક્રિયાકાંડ બીજા સંપ્રદાયની દૃષ્ટિએ એ જ શાસ્ત્ર અનુસાર નિષ્કૃષ્ટ છે; નિષિધ છે. શાસ્ત્રને ભાનુમતિના પટારા બનાવી દેવાયા છે જે કંઈ જોઈએ તે શાસ્ત્રોમાં મળી શકે છે. ટીકાની દૃષ્ટિએ એક જ વાક્યના કંઈ ને કંઈ અર્થ કરવામાં આવે છે. આને પરિણામે જ મૂળથી જ વૈદિક પરંપરાના અનુયાયીઓ પોતાનાં શાસ્ત્રો અનુસાર પરસ્પર વિરુદ્ધ આસ્તિક પણ છે, નાસ્તિક પણ છે. શૈવ, વૈષ્ણવ આદિમાં એક બીજા પ્રત્યે એટલો કલહ અને વિગ્રહ છે કે એ વિશે પુછવા જેવું નથી. શાસ્ત્રના મોહે જૈન પરંપરાની પણ ખરાબ હાલત કરી છે. ભગવાન મહાવીરની વાણીની દુહાઈ આપીને દિગમ્બર - શ્વેતામ્બરોને જૈન નથી માનતા અને શ્વેતામ્બરો દિગમ્બરોને જૈન નથી માનતા. સ્થાનકવાસી, તેરાપંથી, પણ આ જ ભૂમિકા પર ઊભા છે. તેઓ પોતાના સિવાય બીજા કોઈને જૈન માનવા તૈયાર નથી. પોતાના સિવાય બીજા જૈન નથી, જૈનાભાસ છે – એમ- આ બધા પોતાના શાસ્ત્રો અનુસાર એમની દૃષ્ટિએ માને છે. એ રીતે અત્યારે જનગણના આંકડામાં એક પણ જૈન, સ્વયં જૈનોની દૃષ્ટિએ નથી. શ્વેતામ્બર સ્થાનકવાસી અને તેરાપંથીના તો શાસ્ત્રો પણ એક જ છે. પણ એ એક જ શાસ્ત્રો અનુસાર તેઓ એકબીજાને મિથ્યાદૃષ્ટિ જાહેર કરી રહ્યા છે. આજે યુગ અનુસાર ધર્મગુરુઓદ્વારા એકતાના સૂત્રો જે ઉચ્ચારાઈ રહ્યા છે, એ મહદ અંશે મંચ પરથી બોલવા માટે છે. આ સૂત્રોની નીચે ઘણા મોટા પ્રમાણમાં અસત્ય અને દંભ છુપાયેલાં છે. વાત જરા કડવી છે પણ એ કેટલી સત્ય છે એ એકાન્તમાં બેસી વિચારવાથી જાણી શકાય છે. મહાવીર અને મહાવીરના તત્ત્વબોધને સમજવા માટે આ દંભને તોડવો જ પડશે અને જ્યારે ગુરુનો શાસ્ત્રજ્ઞતાના નામ પર થતો સર્વ–સત્તાનો દાવો તૂટશે ત્યારે આ દંભ પણ તૂટશે. આજે જાણે કે દરેક ગુરુની પાસે મહાવીરની વાણી સીધી પહોંચે છે. શાસ્ત્રના માધ્યમ દ્વારા મહાવીરનું સત્ય કેવળ એમને જ સંભળાય છે, બીજા કોઈને નહિ. ધર્મગુરુઓએ શાસ્ત્રોના નામે સત્યના મૂળ રહસ્યને જેટલું ગુંચવ્યું છે એટલું સરળ બનાવ્યું નથી. એક જ ધર્મના પરસ્પર વિરોધી સંપ્રદાય અને ઉપ-સંપ્રદાય આ જ ગુંચવાડાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

શ્રમણપરંપરાના મહાન અનુભવી સંત કબીરની પાસે કાશીના પંડિત વિચારચર્ચા માટે ગયા ત્યારે પોતાની સાથે શાસ્ત્રો-ગ્રંથોથી ભરેલી અનેક ગાડીઓ પણ લઈ ગયા. કબીરે એ જોઈને કહ્યું: 'ભાઈ, આ શું છે?' પંડિતે કહ્યું: 'આ શાસ્ત્રો છે. ચર્ચામાં પ્રમાણ રજૂ કરવા માટે લાવ્યા છીએ.' કબીરે હસીને કહ્યું: 'ભાઈ, મારો અનુભવનો માર્ગ તો એટલો સૂક્ષ્મ છે કે એમાં માન્યતાઓની વાતોનો એક દાણો પણ ટકી શકે તેમ નથી. તો ત્યાં આટલા લાંબાચોડા

ભારે શાસ્ત્રો ક્યાં ઊભા રહેશે? પંડિત આપણું ગાડું ચાલશે કેમ? 'તૂ કહતા કાગજ કીલીખી, મેં કહેતા આંખન કી દેખી.' પંડિતો પાસે આનો કોઈ જવાબ હતો? એને જવા દો. આજના શાસ્ત્ર પંડિતોની પાસે એનો જવાબ છે? તીર્થંકર મહાવીરે જવાબ આપ્યો હતો: 'સત્ય શબ્દોમાં નથી, અનુભવમાં છે.' પરન્તુ ખેદ તો એ વાતનો છે કે મહાવીરના આ ઉત્તરને બીજા તો ઠીક પણ સ્વયં જૈન પણ કેટલો સમજે છે?

હું એમ કહેવા માગતો નથી કે શાસ્ત્રનું પ્રયોજન નથી કે એનો ઉપયોગ નથી. પ્રારંભિક ભૂમિકા માટે એની મહત્ત્વપૂર્ણ જરૂર છે પણ ત્યાં આવીને અટકી જવું કે બીજાને અટકાવી રાખવા એ બરાબર નથી. ગુરુ અમુક હદ સુધી ભલે અન્ધ શિષ્યને શાસ્ત્રોની વાત સંભળાવે, માર્ગ બતાવ્યા કરે પણ હમેશ માટે એ આમ ન કરી શકે. જીવનભર શિષ્યને અંધ રાખવો અને એનો હાથ પકડીને ફર્યા કરવું એ ગુરુનું કઈ જાતનું ગુરુત્વ છે? ગુરુ એ છે જે શબ્દ નહિ પણ આંખ આપે છે. 'નમોત્થુણં' સૂત્રમાં એટલા માટે તીર્થંકરોને 'ચક્ખુદયાણં' અર્થાત આંખથી જોવા વાળા કહ્યા છે. ગુરુ શિષ્યને આંખ આપે છે, એની અંદરની આંખ પરના જાળાને ઉતારી દે છે અને પછી કહે છે કે હવે તું જે કંઈ છે તે તારી પોતાની આંખથી જો, તારા પોતાના વિવેકથી નિર્ણય કર કે સત્ય શું છે, અસત્ય શું છે, હિત શું છે, અહિત શું છે, માર્ગ ક્યો છે, અપમાર્ગ ક્યો છે. જ્યાં સુધી તું પોતે તારી આંખથી નહિ જુએ, તારા પોતાના વિવેકથી નિર્ણય નહિ કરે, ત્યાં સુધી તારી ભ્રાંતિ દૂર નહિ થાય, સમસ્યાઓનું સમાધાન નહિ થાય. શાસ્ત્રના નામે હજારો સીધા-ઊલટા શાસ્ત્ર છે. દરેક પરંપરા પાસે શાસ્ત્રોનો ઢગલો છે જે પરસ્પર એકબીજા સાથે ટકરાય છે, એના શાસ્ત્રત્વનો યથોચિત નિર્ણય તારે પોતે સ્વયંના વિવેકથી કરવો પડશે. પશુને ડંડાથી જ્યાં હાંકીએ ત્યાં એ જશે એવું તો નથી. અને આ હાંકવાવાળા પણ બેચાર નહિ, હજારો છે, લાખો છે. સાધક બિચારો કોના કોના ડંડાનો માર ખાય.

શાસ્ત્રોનો અમુક અંશ જ ત્રિકાલિક સત્ય હોય છે. અધિક અંશ તો દેશ, કાળ અને તત્કાલિન વ્યકિત તેમજ સમાજની પરિસ્થિતિઓના આધારે રચાયેલો હોય છે. એ એક પ્રકારે વ્યાવહારિક સત્ય હોય છે. એટલે દેશ કાળ અનુસાર એમાં પરિવર્તન થાય છે. આધ્યાત્મિક ભાવ વીતરાગત્વ, સમત્વ છે, એ જ શાસ્ત્રોનું નવનીત છે. એટલે ભૂગોળ, ખગોળ, તથા સાંપ્રદાયિક સ્થૂલ ક્રિયાકાંડ આદિ પર શાસ્ત્રીય સત્યતાનો આગ્રહ રાખવાને બદલે વીતરાગભાવ, સમભાવ પર જ લક્ષ્ય રાખવું જોઈએ. આ એક એવું લક્ષ્ય છે જેના પર કોઈ વિવાદ કે સંઘર્ષ થવા માટે અવકાશ નથી. આના આધારે જ વિભિન્ન રૂપોમાં વિખરાયેલી ધર્મપરંપરાઓમાં એકત્વ સ્થાપી શકાશે. ધ્યાન રાખો, આ વીતરાગત્વ અને સમત્વ પણ શાસ્ત્રીય શબ્દોમાં જ ન રહે, એ અનુભૂતિમાં ઉતરવું જોઈએ. અનુભૂતિની ગહરાઈમાં ઊતર્યા વિના એ માત્ર જીભ પરનું પોપટિયું રટણ થશે, બીજું કંઈ નહિ, જેને માટે કહેવામાં આવે છે: 'લાખ તોતે કો પઢાયા ફિરભી હૈવાં હી રહા.'

**ઉપાધ્યાય અમરમુનિ**

# યુગ ધ્રુજી રહ્યો છે....

દિશાઓ બદલાતી નથી, પ્રકૃતિમાં ય કોઈ પરિવર્તન નથી: રોજ પૂર્વ દિશા ઝળહળે છે, પશ્ચિમ દિશા પૂર્વને અર્ઘ્ય આપે છે હજુ વીજળી આકાશે પ્રકાશે છે, મેઘધારા ગગનમાંથી વરસે છે– જે હજારો અને લાખો વર્ષો પૂર્વે જ્યાંથી વરસતી હતી. રોજ ફૂલ ખિલે છે, સાગર ઘૂઘવે છે, નદીઓ અને ઝરણાં વહે છે, પર્વતો ઉન્નત થઈને ઊભા છે, અરણ્યના અગમ્ય ગીતો હજુ ય પવનમાં લહેરાય છે...

પ્રકૃતિના પ્રાણ હજુ એવા જ ધબકે છે, એમાં કોઈ કાળે પરિવર્તન આવ્યું નથી– આ જગતમાં પરિવર્તન આવ્યું હોય તો એ માત્ર માણસમાં આવ્યું છે!

માણસની ગતિમાં પ્રકૃતિએ કોઈ મંદતા આણી નથી– માત્ર માણસની બદલાઈ ગયેલી દૃષ્ટિ અને જીવનકાળમાં અકલ્પ્ય પરિવર્તને માણસ સામે આવો આભાસ ખડો કરી દીધો છે!

નીતિમત્તાની નિર્બળતાએ, શ્રદ્ધાશકિતના અભાવે અને મનની શિથિલતાએ આજે માણસને પામર જેવો બનાવી દીધો છે!

કાળની ગતિના પરિભ્રમણમાં પરિવર્તન લાવવાના માણસના નિરર્થક પ્રયાસોનું પરિણામ એ માત્ર આજનું પરિણામ નથી; આજ પૂર્વે પણ આવા પરિણામો આવ્યા હતા...

અને એટલે જ હવે, સત્ય ખાતર મરી ખુટવાનું સહેલું બની ગયું છે.

અસત્ય અને અતિ આલભ્ય, ભ્રષ્ટ અને ભૌતિક સુખોની પરંપરામાં જીવવાનું હવે સહેલું થઈ ગયું છે...

બુદ્ધિવાનોએ માનવતાની આણ માટે ઘડેલા કાનૂનો હવે દ્રવ્ય-વિક્રયી બન્યા છે, એ કાનૂનોને પરાસ્ત કરવા, સત્ય અને ન્યાયને વટલાવવા માટે તમારે માત્ર શ્રીમંત જ હોવું જરૂરી છે

કાળા ડગલાઓના ગજવામાં કાયદાને અને ન્યાયને બેભાન કરવાની "ક્લોરોફોર્મ"ની શીશીઓ ભરેલી પહેલી જ હોય છે!

મંદિરના પગથિયે બેસી, ઈશ્વર પાસે ફરિયાદ કરવાનું હવે માંડી વાળજો–આ યુગનો પામર માનવી હવે પોતાની જાતને "ભગવાન" કહેવરાવતો થઈ ગયો છે!

મંદિરોના પૂજારીઓ હવે ઈશ્વર કરતા વધુ પૂજવા માંડ્યા છે: હવે તમે ઈશ્વર કરતાં માનવીઓમાં–એવા માનવીઓમાં જેની પાસે સત્તા અને સંપત્તિ હોય–શ્રદ્ધા રાખજો, કારણ કે હવે જગત ઉપર ભગવાન કરતાં ઈન્સાનોનું ગજું વધી ગયું છે.

હું તમને હજારો સદીઓથી કહેતો આવ્યો છું કે પ્રસાદ-ભોગ એ ઈશ્વરનો નહીં, પૂજારીઓ અને ભૂખાળવા માનવીઓનો ખોરાક છે–આટ આટલી સદીઓથી તમે મારા સ્વરને રુંધતા આવ્યા છો–આ અપાર યાતના હું હજી પણ ભોગવી રહ્યો છું:

જો એક મંદિરના ભગવાનને તમે ભૂખ્યો રાખવાનો નિર્ણય કરો તો હજારો ભૂખે ટળવળતાં ગરીબોને તમે જમાડી શકો!

આવી દૃષ્ટિ નથી સૂઝતી કારણ કે, માણસ જ માણસનો હવે શત્રુ બની ગયો છે...

સત્યના હિમાલયમાં હવે દવ લાગી ગયો છે–સળગી ગયેલાં સત્યની રખ્યામાંથી આજના 'ભગવાનો'ના મહાલયો ચણાવા માંડ્યા છે!

હવે આ જગત ઉપર મહા-પ્રલયનો જન્મ થઈ ગયો છે!

ધર્મના હવે છેલ્લાં શ્વાસ ઘૂંટાઈ રહ્યાં છે!

જ્યારે સ્વયં મૃત્યુ જ ટળવળતું લાગે ત્યારે સમજજો કે હવે જગત અગ્નિશિખાની ટોચ ઉપર જીવી રહ્યું છે!

હવે માણસના દૂષિત શ્વાસોથી ફેફસાં ગંધાઈ ઊઠ્યાં છે!

આ યુગના વિનાશક પરિબળો હવે 'સત્ય' જેવા લાગવા માંડ્યા છે!

માણસ આજે 'ભગવાન' ને નહિ, શૈતાનને પૂજે છે-ભજે છે એ આજનું આમૂલ પરિવર્તન છે!

આજના યુગનો સભ્ય માનવી જો એમ સમજતો હોય કે પથ્થર યુગના અને મૃગચર્મ પહેરનારા સત્ય નહોતા સમજતા તો એનો જવાબ એ છે, કે એ સત્ય સમજતા હતા જ અને અસત્ય પણ નહોતા આચારતા.

આજના માણસનું મોટામાં મોટું ભયસ્થાન કયું છે? એવું જો કોઈ મને પૂછે તો હું આત્મ સ્વરે કહી શકું છું કે આજના માણસ માટે મોટામાં મોટું ભયસ્થાન મૃત્યુ નહિ માણસ છે!

સત્ય તો એ છે, કે માણસ માણસને હણીને બળવાન બની શકયો છે, માણસ માણસને લૂંટીને સંપત્તિવાન બની શકયો છે, જો તમે આ યુગના માનવી હો તો તમારે આ સત્યને સ્વીકારવું પડશે!

સત્વહીન ગરીબીમાં સબડતા માનવીઓના ન્યાય ઝંખતા આત્માઓના આક્રંદથી સત્યના પિરામિડોના પાયાઓ હચમચી ઊઠ્યા છે– આ સત્યના પિરામિડો નીચે યુગ ધ્રૂજી રહ્યો છે કંપી રહ્યો છે!

એટલું સમજી લેજો કે, સત્યની વાણીને કોઈ કાળ નથી, પણ કોઈપણ કાળનો શ્વાસ વાણી છે: દેહ અને આકાર વિનાના કાળની ગતિમાં જો સત્ય ભીંસાતું હોય તો, સમજી લેજો કે સ્વયં ઈશ્વરને આક્રંદ કરવાનો સમય આવી ગયો છે!

–ગુણવંત ભટ્ટ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧